॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

श्रीभक्तिधर्मात्मजहरिकृष्णभगवते नमः ॥ श्रीस्वामिनारायणाय नमः ॥

॥ श्रीहरिलीलाकल्पतरुः ॥

विषयानुक्रमणिका

॥ तृतीयस्कंधः ॥

તૃતીય સ્કંધ સમાપ્ત



ચતુર્થ સ્કંધ

ચતુર્થ સ્કંધ સમાપ્ત





પંચમ સ્કંધ

પંચમ સ્કંધ સમાપ્ત.





શ્રી હરિકૃષ્ણ પરમાત્મને નમઃ

શ્રી હરિલીલાકલ્પતરુ માહાત્મ્ય



અધ્યાય ૧ લો

શ્રી શુકાનંદમુનિ કહે છે : ગુરુ પદની પ્રાપ્તિ થયા પછી, રથ ઉપર બેઠેલા અને પોતાના શિષ્ય મુકુંદાનંદ વર્ણિ, મુક્તાનંદ સાધુ તથા મયારામ ભટ્ટ વગેરે ગૃહસ્થો, પોતાના અનુયાયીઓ સહિત ધર્મનંદન શ્રીહરિએ ફણેણી ગામથી પ્રયાણ કર્યું. (૧) ફણેણી ગામના સમગ્ર હરિભક્તો શ્રીહરિને વળાવવા, અશ્રુ સહિત શ્રીહરિની પાછળ ગયા. (૨) જેમનાં ચિત્ત પોતાના વિષે અત્યંત સ્નેહવાળાં છે એવા અને દૂર સુધી પોતાની પાછળ આવેલા હરિભક્તોને, મધુર અને રમણીય વચનોથી પ્રભુ શ્રીહરિએ પાછા જવા કહ્યું. (૩) પછી શ્રીહરિને છોડીને પોતાના પુર પ્રત્યે પાછા જવા ન ઈચ્છતા અને શ્રીહરિનો વિયોગ સહન ન કરી શકતા ભગવાનના તે ભક્તો, આંખોમાં અશ્રુ સહિત શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિની આજ્ઞાથી પાછા વળ્યાં. (૪)

ધર્મ સંસ્થાપનની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત અને પોતાના ભક્તોને સુખ આપનારા શ્રીહરિ, માર્ગમાં ચાલતા ધોરાજી નગરમાં પધાર્યા. (૫) ધોરાજીના નિવાસી, શ્રીહરિના ભક્તો શ્રીહરિને આવતા સાંભળીને, દાવાનળથી તપાયમાન થયેલા હાથીઓ જળાશય પ્રત્યે જેમ જાય છે, તેમ શ્રીહરિની સન્મુખ ગયા. (૬) તે ભક્તોએ દૂરથી શ્રીહરિને જોઈને આનંદથી સાષ્ટાંગ પ્રણામ કર્યા, પછી શ્રીહરિએ દર્શનથી, કર ચેષ્ટાથી, મંદ હાસ્યથી, ભ્રકુટિ વિલાસથી અને મધુર વાણીથી તે ભક્તોની યથાયોગ્ય સંભાવના કરી. (૭) આનંદ પામેલા તે ભક્તોની સાથે શ્રીહરિએ રાજમાર્ગમાં પ્રવેશ કર્યો. તે વખતે આશ્ચર્યપૂર્વક શ્રીહરિના દર્શન કરતા ધોરાજીના જનો પુષ્પોથી શ્રીહરિને વધાવતા હતા. (૮)

પછી ભક્તવત્સલ પ્રભુ શ્રીહરિએ પોતાના ભક્ત વિપ્ર માધવજીના ભુવનમાં નિવાસ કર્યો. (૯) વિપ્ર માધવજીભાઈ તથા શ્રીહરિના ચરણના આશ્રયવાળા બીજા ભક્તો, સંત પાર્ષદોએ સહિત શ્રીહરિની વસ્ત્રો તથા અન્ન જળ વગેરે પદાર્થો વડે પ્રીતિપૂર્વક સેવા કરતા હતા. (૧૦) અત્યંત સ્નેહવાળા ભક્તો ચંદન

પુષ્પના હાર વગેરે નાના પ્રકારના ઉપચારોથી, શ્રીહરિની પૂજા કરતા હતા. (૧૧) તે ભક્તો, સાકર, નાળિયેર, દ્રાક્ષ, દાડમ, અમૃત ફળ વગેરે ફળો તથા પેંડા, બરફી શ્રીહરિને અર્પણ કરતા હતા. (૧૨)

તે ભક્તો નાના પ્રકારના વાજિંત્રોના મધુર ઘોષથી તેમની આરતી ઉતારતા હતા. પછી (અહો! આ ભગવાન ક્યાં અને પામરજનો આપણે ક્યાં ? છતાં પણ આપણા ઉપર અનુગ્રહ કરીને આપણે કરેલી પૂજા ગ્રહણ કરે છે.) એવા આશ્ચર્ય યુક્ત અંતઃકરણવાળા, નિર્નિમેષ દૃષ્ટિથી શ્રીહરિના દર્શન કરતા હતા. (૧૩) સ્ફટિક મણિના જેવા જેના સુંદર વસ્ત્રો ચળકે છે અને શ્યામ કમળના જેવી કાંતિવાળું શોભાના એક ધામરૂપ શરીર છે જેમનું એવા (૧૪) મંદ હાસ્ય સહિત મુખની મહા શોભાથી, ચંદ્રમાનો તિરસ્કાર કરનારા, સૂક્ષ્મ પાંપણો જેમને છે એવા અને ભમરીની માફક વિલાસ કરતી આંખની બે કીકી જેમને છે એવા (૧૫) દાડમના બીજ જેવા અને સુંદર મોગરાની કળી જેવા દાંતો વડે શોભતા, પ્રવાલ અને પાકાં ઘીલોડાં તથા કુંકુમના જેવા લાલ બંને ઓષ્ઠ જેમને છે એવા. (૧૬)

પોપટની ચાંચ તથા દીપની શિખા અને તિલના પુષ્પ જેવી સુશોભિત નાસિકા જેમને છે એવા, કામદેવના ધનુષ્યની જેવી શોભાવાળી વાંકી અને કાળી ભ્રકુટિથી મનોહર, (૧૭) સુંદર અને વિશાળ પુષ્પના જેવા કોમળ ભાલમાં ગોળ અને સુશોભિત કુંકુમનો ચાંદલો જેને વિષે છે એવા, કેસરથી કરાયેલા ઉર્ધ્વ પુંડ્રથી શોભતા. (૧૮) શરદ પૂર્ણિમાના ચંદ્ર જેવી કાંતિ જેમાં છે એવા, શ્વેત પુષ્પમય રમણીય, એથી જ દર્શનીય એવા બે ગુચ્છો બંને કર્ણમાં ધારણ કરતા (૧૯) વાંકડિયા કાળા કેશથી શોભતા મસ્તકથી મનોહર એવા, અને જાનુ પર્યંત લાંબા અને શોભાયમાન પુષ્ટ બે બાહુવાળા, (૨૦)

એવા શ્રીહરિએ તે ભક્તોને પોતાના દર્શનથી સુખી કર્યા. પછી તે ભક્તોને વળાવીને ઈશ્વર શ્રીહરિ ભાડેરપુર ગયા. (૨૧)

ત્યાંના ભક્તજનો પણ, પોતાના પુરમાં પધારતા શ્રીહરિને સાંભળીને, ઉત્સાહથી શ્રીહરિની સન્મુખ જતા હતા. પછી તેમણે પ્રીતિપૂર્વક પોતાના પુરમાં શ્રીહરિને સત્કારપૂર્વક પધરાવ્યા. એટલે શ્રીહરિ તે પુરમાં રહ્યા. (૨૨) તે ભક્તોએ અતિ સુંદર ચંદન, પુષ્પના તોરા, હાર, નૈવેદ્ય તથા આરતી વગેરે સમગ્ર ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૨૩)

જેમનાં દર્શન પ્રીતિકર છે તે શ્રીહરિએ, પોતાના દર્શનથી તથા ત્રિવિધ તાપ હરતી વાતોથી સર્વે ભક્તોને સુખી કર્યા. (૨૪) સર્વ થકી અધિક એવી પોતાના શરીરની શોભાથી પોતાના દર્શન કરનારા શરીરધારીઓનો પરમાનંદ વિસ્તારતા. (૨૫) ઈન્દ્ર નીલમણિના સમાન કાંતિવાળું શરીર જેમનું છે એવા, ચંદ્રની માફક ગૌર વર્ણવાળા, શ્રેષ્ઠવસ્ત્રો ધારણ કરનારા, મધુર મંદ હાસ્યથી સુશોભિત પ્રફુલ્લિત પદ્મના સમાન શ્રેષ્ઠ મુખવાળા, (૨૬) વિશાલ અને નીલ શોભાયમાન જે વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન જેમને છે એવા, વિવિધ પ્રકારના સુગંધી પુષ્પોની માળા તથા ગુચ્છ, બાજુબંધ વગેરેથી શોભાયમાન (૨૭) શ્રીહરિને તે ભક્તોએ વળાવ્યા અને શ્રીહરિ માણાવદર પધાર્યા. પોતાના પુરમાં આવતા શ્રીહરિને સાંભળીને માણાવદરના ભક્તજનો શ્રીહરિની સન્મુખ ગયા. (૨૮)

ભક્તોએ પ્રાર્થના કરેલા દયાનિધિ શ્રીહરિ પોતાના ભક્તજનોની પ્રસન્નતા માટે માણાવદરમાં રહ્યા. પછી તે ભક્તોએ વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૨૯) ભક્તોની સભામાં રેશમી ઓછાડથી યુક્ત, અતિ દેદિપ્યમાન ઊંચા સિંહાસનમાં શ્રીહરિ અત્યંત શોભતા હતા. (૩૦) શ્વેતપાઘમાં શોભતા પુષ્પના તોરાથી સુશોભિત, વનમાળાના હારની પંક્તિઓથી શોભતા સુંદર વક્ષઃસ્થળથી મનોહર (૩૧) સમગ્ર લોકના લાવણ્યને જેણે જીતી લીધું છે તેવી શોભાથી યુક્ત અને મહાકાંતિ તથા સૌંદર્યથી સુશોભિત અવયવોથી અત્યંત શોભતા. (૩૨) શ્રીહરિ માણાવદરના ભક્તજનોની પૂજા અંગીકાર કરીને માણાવદરથી નીકળી પોતાના શિષ્યો સહિત માર્ગમાં ચાલતા પીપલાણા ગામમાં આવ્યા. (૩૩)

સામા આવેલા પીપલાણાના ભક્તોએ શ્રીહરિનો સત્કાર કર્યો. એ રીતે શ્રીહરિ પીપલાણા ગામમાં રહ્યા. પછી તે ભક્તોએ શ્રીહરિની ચંદનાદિવડે પૂજા કરી. (૩૪) પોતાની અત્યંત શોભાથી કોટિ કામદેવના ગર્વને નાશ કરનારા શ્રીહરિ પીપલાણા ગામમાં સ્નેહી ભક્તોને અત્યંત આનંદ આપતા હતા. (૩૫) ચળકતા, નખરૂપી મણિઓની પંક્તિથી શોભિત આંગળીઓ જાણે કમળો હોય ને શું ? એમ જેને છે એવા, તે અતિશય લાલિમાયુક્ત જેમના ચરણ કમળના તળીયામાં, લગારેક શામ શોભાયુક્ત રેખાઓથી વિરાજીત, (૩૬) મંદ મંદ હસતા સ્ફુરાયમાન દાંતની કાંતિથી તિરસ્કૃત કર્યો છે ચંદ્રમા જેણે એવા, અમૃત સમાન વાક્યોથી પોતાના સમગ્ર આશ્રિત જનોને તૃપ્ત કરનારા. (૩૭)

શ્રીહરિને પીપલાણાના ભક્તોએ આદરપૂર્વક વળાવ્યા. શ્રીહરિ ત્યાંથી અગત્રાઈ ગામ પધાર્યા. ત્યાંના ભક્તો શ્રીહરિની સન્મુખ તત્કાળ આવ્યા. (૩૮) તે ભક્તોએ પોતાના ગામમાં સન્માનપૂર્વક શ્રીહરિને લઈ જઈને, તેમને પોતાના ગામમાં નિવાસ ઠરાવીને, વિવિધ પ્રકારના પૂજાના રમણીય ઉપહારોથી ભક્તિપૂર્વક શ્રીહરિની પૂજા કરી. (૩૯) કામદેવને પણ આનંદ ઉત્પન્ન કરનાર અતિ સુંદર અવયવોથી પોતાના આશ્રિત જનોને હર્ષ ઉપજાવનાર શ્રીહરિના, તે ભક્તો પ્રસન્ન થઈને નિર્નિમેષ નેત્રોથી દર્શન કરતા હતા. (૪૦)

નીલ, પીળા, લાલ, લીલા તથા ધોળા રંગના સુંદર પુષ્પોના હારથી દર્શનીય, વિવિધ પ્રકારના વર્ણોવાળા કમળોથી ઉત્પન્ન થયેલી યમુનાના હૃદયની શોભાને ધારણ કરતા. (૪૧) ધોળી પાઘમાં વિવિધ પ્રકારના પુષ્પોના તોરાઓ તથા મોતીના સમૂહોથી વ્યાપ્ત એવા નાના વર્ણના મણિની શોભા ધારણ કરનારા (૪૨) ભક્તોને પોતાના દર્શનનું સુખ આપીને પોતાને વિષે આસક્તિ પામેલું છે મન જેમનું એવા, પોતાના અનુયાયી ભક્તોએ સત્કાર કરેલા, ભક્ત વત્સલ શ્રીહરિએ અગત્રાઈ ગામથી પ્રયાણ કર્યું. (૪૩)

અગત્રાઈ ગામથી શ્રીહરિ કાલવાણી ગામ પ્રત્યે ગયા, કાલવાણી ગામના ભક્તો, શ્રીહરિ પોતાના ગામ પ્રત્યે પધારે છે તે સાંભળીને, અત્યંત આનંદ પામ્યા અને શ્રીહરિની સન્મુખ ગયા. (૪૪) શ્રીહરિમાં આસક્ત મનવાળા પ્રફુલ્લિત છે નેત્રો જેમનાં એવા ભક્તોએ શ્રીહરિના દર્શન કરીને તથા નમસ્કાર કરીને પ્રીતિપૂર્વક શ્રીહરિને પ્રાર્થના કરી. અને કાલવાણી ગામમાં નિવાસ કરાવ્યો. (૪૫) પછી ભક્તોએ શ્રીહરિની, નાના પ્રકારના ઉપચારોથી પૂજા કરી. શ્રીહરિને વિવિધ પ્રકારના ઉપહારો પ્રીતિથી અર્પણ કર્યા. (૪૬)

હે રાજન્ ! નેત્રોને આનંદ આપનારા શ્રીહરિના દર્શન કરનારા તે ભક્તો, પોતાના દેહ તથા ગેહને સંભારતા ન હતા. (૪૭) મેઘની માફક શ્યામ શરીરમાં ધારણ કરેલ શ્વેત વસ્ત્રોથી ચંદ્રના કિરણોથી વ્યાપ્ત નીલમણિના સ્થાનને તિરસ્કાર કરતા, (૪૮)

સર્વ તાપને શાંતિ કરનારું મંદ હાસ્ય જાણે અમૃત સમાન મધુર રસ રેલાવતું હોય તેવા, દર્શનીયમુખથી અતિ મનોહર (૪૯) લલાટમાં સુંદર કુમકુમનો ચાંદલો જેમાં છે એવી સુગંધીમાન ચંદનની સુંદર પત્રના જેવી લતાથી શોભાયમાન, (૫૦) દયાથી કોમળ અને પ્રેમથી ભરેલા એવા, શોભાયાન નેત્રોથી જેણે પોતાના આશ્રિતો તરફ દૃષ્ટિ કરી છે એવા, સુંદર મંદ હાસ્યની શોભાથી ભક્તોના હૃદયમાં પ્રવેશ કરતા (૫૧) હાથની ચેષ્ટાથી પોતાના ભક્તોના મનને હરતા અને પોતાના ભક્તોએ આપેલા હાથમાં રાખેલા પુષ્પના ગુચ્છને સુંઘતા (૫૨) એવા અધીશ્વર શ્રીહરિએ પોતાના આશ્રિતોને પોતાના દર્શનનો આનંદ આપીને સમગ્ર ભક્તોનો સત્કાર સ્વીકારી, કાલવાણી ગામથી પ્રયાણ કર્યું. (૫૩)

હે રાજન્ ! શ્રીહરિ કોઈ ગામમાં એક દિવસ, કોઈ ગામમાં બે દિવસ, કોઈ ગામમાં ત્રણ દિવસ એમ વસતા પોતાના ભક્તોને પોત પોતાના ધર્મમાં દૃઢ કરતા હતા. (૫૪) પૃથ્વીમાં ધર્મ સ્થાપન કરવા માટે વિચરતા ઉદાર શ્રી ધર્મના પુત્ર શ્રીહરિ, રત્નાકરને કાંઠે રહેલા સુંદર માંગરોળ બંદર પ્રત્યે પધાર્યા.

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતિયસ્કંધમાં ધોરાજી આદિ પુરમાં વિચરણનિરૂપણનું પ્રાચીનન્યાયાચાર્ય, વેદાંતતીર્થ, સાંખ્યયોગવારિધિ, પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત ગુજરાતી ભાષાંતરનો પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી માંગરોળ બંદરના નિવાસી હરિભક્તો શ્રીહરિ પોતાના પુરમાં પધાર્યા છે તે સાંભળીને, તે સર્વે ભેગા થઈને શ્રીહરિની સન્મુખ જવા માટે હર્ષ પૂર્વક તૈયાર થયા. (૧) રામાનંદ મુનિનો યોગ પામેલા તે ભક્તો રામાનંદ મુનિના સ્વરૂપને યથાર્થ જાણનારા, અને શ્રીહરિમાં ગુણ બુદ્ધિવાળા, સત્સંગી જનો પ્રિયજનને છે એવા વજદીન નામના માંગરોળ પુરના અધિપતિને (રાજાને) પોતાના ઈષ્ટ શ્રીહરિ પોતાના પુર પ્રત્યે પધારે છે, તે જણાવતા હતા. (૨-૩)

શ્રીહરિનો પ્રતાપ લોકો પાસેથી સાંભળીને, શ્રીહરિનું અતિ ગૌરવ જાણનારા રાજાએ શ્રીહરિની સન્મુખ ચતુરંગિણી સેના મોકલી. (૪) પછી રાજાના અમાત્ય શણગારેલા હાથીઓએ સહિત, ઘોડા ઉપર મૂકેલા નગારાં તથા વાજીંત્રનો ઘોષ સહિત (૫) આયુધો તથા ધજાઓ, છત્ર, ચામર આદિ વિવિધ પ્રકારના ઉપકરણોથી શોભાયમાન રાજાની સેના શ્રીહરિના સત્કાર માટે ગઈ. (૬)

સેનાના અગ્રભાગે પ્રથમ સૂર્ય કિરણોના પ્રકાશથી પ્રકાશિત કાંતિવાળી લાંબી બંધૂકોને ધારણ કરનારા યોદ્ધાઓના સમુદાયો હતા. (૭) પછી હે મહિપતે ! નાના પ્રકારના વાજિંત્રો, ઢોલ, દુંદુભી, તાસક, મંજીરા, પડઘમ, નગારાં, રણશિંગુ, મૃદંગ, શરણાઈઓ તથા મુરચંગ દેવડી (ડમરુ કરતાં મોટું મૃદંગના જેવું વાદ્ય) નરઘાં જેવા 'મર્દલ' અને 'દદુર' (દક્ષિણમાં 'ડક') નામના વાજિંત્રો વગાડતા સર્વે જનો નીકળ્યા. (૮-૯)

પછી શ્રેષ્ઠ લગામ પલાણ વગેરેથી શોભાયમાન ઘોડાઓ ઉપર આરુઢ થયેલા ઘોડેસવારો નીકળ્યા. (૧૦) વિવિધ પ્રકારની ગતિથી (આસ્કંદિત, ધૌરિતક, રેચિત, વલગીત, પ્લુત વગેરે ગતિ પ્રકાર) માર્ગમાં સુંદર રીતે ચાલતા ઘોડાઓ નૃત્ય કરતા નટોની માફક જનોને વિસ્મય પમાડતા હતા. (૧૧) વળી દિગ્‌ગજોના ઉત્કર્ષનો તિરસ્કાર કરતા હોય ને શું ? એવા ગજેન્દ્રો વિચિત્ર ઝુલોવાળા વિચિત્ર શબ્દો કરતા, બાંધેલા ઘંટના શબ્દોથી શોભતા નીકળ્યા. (૧૨) ગંડસ્થળોમાંથી સ્રવતા મદની સુગંધી લેવા બંને ગંડસ્થળોમાં ભમતા ભમરાઓ જેમને છે એવા, વિચિત્ર પ્રકારના શોભતા વસ્ત્રોથી પ્રકાશમાન અને અત્યંત ઊંચા, મેઘની માફક શ્યામ વર્ણવાળા ઉન્નત હાથીઓ, ઊંચા પર્વતોની જેવા શોભતા હતા. (૧૩)

ત્યારબાદ રેશમી ગુચ્છાઓ વડે શોભતી અતિ રમણીય પાલખીઓ સુંદર ગતિવાળા ચાર મનુષ્યોએ ઉપાડેલી નીકળી. (૧૪) સમ્યક્ પ્રકારે શોભતી ઘુઘરીઓના ધ્વનિથી રમણીય વિચિત્ર વર્ણવાળા માફાવાળા, સુંદર ઘોડાઓ જોડેલા સુવર્ણ કળશોથી પ્રકાશિત રથો નીકળ્યા. (૧૫) સૂર્યના કિરણોથી પ્રકાશિત ભાલારૂપી મોજાઓ જાણે ઉછળતા હોય, ફરકતાં ચામરો જાણે ફીણના સમુદાયો હોય તેવી શોભાએ યુક્ત તે સૈન્ય જાણે બીજો સમુદ્ર હોય ને શું ? એમ શોભતું હતું. (૧૬)

તે સમયે મેઘની જેવા ગંભીર અને ઊંચા, દુદુંભિના નાદ સાંભળીને અત્યાનંદ પામતા તે ધ્વનિને મેઘનો ધ્વનિ જાણી આનંદમાં મયૂરો નૃત્ય કરતા હતા. (૧૭) પુરુષોત્તમ શ્રી ધર્મપુત્ર શ્રીહરિના આગમનથી હર્ષ પામેલો સમુદ્ર તે પુરની સમીપમાં જાણે વાજિંત્ર વગાડતો હોય ને શું ? એમ ગર્જના કરતો હતો. (૧૮)

તે સમયે શ્રીહરિના આશ્રિત જનો શ્રેષ્ઠ ભેટો લઈને, મૃદંગે સહિત ઝાંઝ વગેરે વાજિંત્રો વગાડતા ઊંચા સ્વરથી હર્ષપૂર્વક શ્રીહરિના પદોનું ગાન કરતા, શ્રીહરિની સન્મુખ ગયા. (૧૯) કેટલાક ભક્તો તાલીઓ વગાડતા હર્ષપૂર્વક લક્ષ્મીપતિ માધવના પદો ગાતા, કેટલાક ઊંચા સ્વરથી જયઘોષ કરતા, શ્રીહરિની સન્મુખ ગયા. (૨૦) સમગ્ર ભક્તો સૈન્યની સાથે પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની સન્મુખ પહોંચીને, શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી ધાર્મિક શ્રીહરિ વિવિધ પ્રકારના વૃક્ષોવાળું સ્થાન જોઈને રથ ઉપરથી ઉતર્યા. (૨૧)

શ્રીહરિ ચળકતાં કોમળ ગાદલાં ઉપર બંને બાજુ તથા પાછળ તકિયા ગોઠવેલા છે તેવા સિંહાસનમાં બિરાજ્યા. શ્રીહરિની ચોતરફ ત્યાગીઓ તથા સત્સંગીઓ હર્ષપૂર્વક શ્રીહરિના દર્શન કરતા બેઠા. (૨૨) તે સમયે પોતાના સેવકો સાથે રાજાના મંત્રીએ પરમેશ્વર શ્રીહરિને નમસ્કાર કર્યા. શ્રીહરિએ તેમનું સન્માન કર્યું પછી શ્રીહરિએ નિર્દેશ કરેલા સ્થાનમાં બેસીને તેણે 'હે હરે ! તમો આ પુર પ્રત્યે આવીને અમને પવિત્ર કરો.' એમ કહ્યું. (૨૩) એટલે શ્રીહરિ તરત જ ઊઠ્યા અને નગરમાં જવા માટે તૈયાર થયા. ત્યારે

ભક્તજનોએ પ્રેરણા કરેલા મંત્રી આ પ્રમાણે શ્રીહરિને કહેલા લાગ્યા. ''હે હરે ! અમારા ઉપર કૃપા કરીને મહામૂલ્યવાળા વસ્ત્રો તથા આભૂષણો તમો ધારણ કરવા યોગ્ય છો.' (૨૪)

'રાજાના મંત્રીએ તેમ જ પોતાના આશ્રિત જનોએ પ્રાર્થના કરી તેથી દયાળુ શ્રીહરિએ વસ્ત્રો તથા આભૂષણો ધારણ કરીશું' એમ કહ્યું. તે સમયે પુરના જનો શ્રીહરિને પહેરવા માટે મહામૂલ્યવાળા વસ્ત્રો તથા આભૂષણો ભક્તિપૂર્વક લાવ્યા. (૨૫)

શ્રીહરિમાં પ્રીતિવાળા તે ભક્તો પણ મહામૂલ્યવાળા રેશમી વસ્ત્રો તથા વિવિધ પ્રકારના મણિજડિત દેદીપ્યમાન સોનાના અલંકારો શ્રીહરિને ધારણ કરવા માટે લાવ્યા. (૨૬)

હે રાજન્ ! તે ભક્તોએ શ્રીહરિના કટિ ભાગમાં લાલ રંગનો સોનેરી બુટ્ટાદાર તેજસ્વી સોનાના તારથી બનાવેલી નાડી જેમાં છે એવો અતિ રમણીય સુરવાળ ધારણ કરાવ્યો. (૨૭)

મોતી અને મણિના તોરાની પંક્તિવાળું લાલ વર્ણનું, જેના બંને પાલવ સોનાના તારથી ગુંથેલા છે તે પાલવના ચળકતા જે ઉત્તમ તોરા તેનાથી પ્રકાશિત છે. મધ્યમ ભાગ જેનો એવો મંડિલ શ્રીહરિના મસ્તકમાં ધારણ કરાવ્યો. (૨૮) અતિ ઉત્તમ સોનેરી બુટ્ટાદાર, બાલ સૂર્યના સમાન તેજસ્વી, ઉત્તમ અંગરખું શ્રીહરિના શરીરે ધારણ કરાવ્યું. સોનાના સૂત્રવાળો લાલ મહામૂલ્યવાળો સોનેરી લાલ ફેંટો શ્રીહરિના કટિ પ્રદેશમાં ધારણ કરાવ્યો. (૨૯) તે ભક્તો એ શુદ્ધ સુવર્ણના તારથી ચળકતા પાલવથી સુશોભિત કસુંબી રંગથી રંગેલો બહુ મૂલ્યવાળો ખેસ શ્રીહરિના બંને ખભા પર ધારણ કરાવ્યો. (૩૦)

જડેલા મણિથી સ્ફુરાયમાન સોનાના મહામૂલ્યવાળા ઝાંઝરો ભક્તોએ શ્રીહરિના ચરણકમળમાં ધારણ કરાવ્યા. રત્નજડિત શુદ્ધ સોનાનો મોટો કંદોરો શ્રીહરિના કટિ પ્રદેશમાં ધારણ કરાવ્યો. (૩૧) મણિની શ્રેષ્ઠ કાંતિ જેમાં છે એવી સોનાની ઉત્તમ વીંટીઓ તે ભક્તોએ શ્રીહરિના હાથની આંગળીઓમાં ધારણ કરાવી. મહામૂલ્યવાળા સોનાના સુંદર કડાં શ્રીહરિના બંને હાથમાં ધારણ કરાવ્યા. (૩૨) પ્રકાશમાન મણિની કાંતિથી શોભતા સુવર્ણમય શ્રેષ્ઠ બાજુબંધો શ્રીહરિના બંને બાહુ યુગલમાં તે ભક્તોએ ધારણ કરાવ્યા. (૩૩) ભક્તોએ શ્રીહરિના કંઠમાં લલિત નાભિસુધી લાંબી કંઠી તથા નાના પ્રકારના શુદ્ધ સોનાના હાર, તેમજ જાણે તારાઓ શોભતા હોય તેવી શુદ્ધ મોતીની માળા ધારણ કરાવી. (૩૪) તે ભક્તોએ શ્રીહરિના વિશાળ લલાટમાં સુંદર કુકુંમનો ગોળ ચાંદલો કરી પુષ્પોના સુંદર હાર, બાજુબંધ, સુંદર તોરા, કંકણો ધારણ કરાવ્યા. (૩૫)

પછી રાજાના અમાત્ય તથા ભક્ત જનોએ, સોનેરી ઝુલવાળા સોનાની અંબાડીથી અતિ રમણીય ગજેન્દ્ર ઉપર દર્શનીય શ્રી સ્વામિનારાયણને પ્રેમપૂર્વક બેસાડ્યા. (૩૬) રાજાના અમાત્ય શ્રીહરિના પાછલા ભાગમાં બેઠા અને રત્નજડિત સુવર્ણની દાંડીવાળો ચામર પોતાના હાથમાં ગ્રહણ કરીને, પવિત્ર કીર્તિવાળા શ્રી સ્વામિનારાયણ ઉપર ચમર ઢોળવા લાગ્યા. (વીંજવા લાગ્યા.) (૩૭)

હે નૃપ ! શ્રીહરિની આજ્ઞા સ્વીકારીને મુનીંદ્ર મુક્તાનંદ બીજા હાથી ઉપર બેઠા. પછી ત્રીજા હાથી ઉપર શાંત મૂર્તિ સ્વરૂપાનંદ મુનિ બેઠા. (૩૮) મહાત્મા વ્યાપકાનંદ મુનિ ચોથા હાથી ઉપર બેઠા. પછી

પાંચમા હાથી ઉપર સાધુ શ્રેષ્ઠ રામદાસ શ્રીહરિની આજ્ઞાથી બેઠા. (૩૯) છઠ્ઠા ગજરાજ ઉપર નૈષ્ઠિકેન્દ્ર મુકુંદાનંદ વર્ણિ બેઠા. સાતમા હાથી ઉપર શ્રીહરિની આજ્ઞા પરાયણ દેવાનંદ સંન્યાસી બેઠા. (૪૦)

આઠમા હાથી ઉપર બુદ્ધિ મયારા બ્રાહ્મણ બેઠા. પોતાના ભક્તો તથા રાજાની સેનાએ સહિત વિચિત્ર વાદ્યોના ઘોષથી દિશાઓ ગાજવા લાગી. વળી તમંચા, બંધૂકો વગેરે આગ્નેય યંત્રોરૂપી આયુધોના દીર્ઘ શબ્દોથી તથા વાજિંત્રો એ સહિત માંગલીક પદ્યોના ગીતના ધ્વનિ સાથે કોટિ કામદેવના ગર્વને નાશ કરનારું છે શરીર સૌંદર્ય જેમનું એવા શ્રીહરિએ રમણીય માંગરોળ પુરમાં પ્રવેશ કર્યો. (૪૧-૪૨)

વાળીને સાફ કરેલા તથા પાણીના છંટકાવો કરેલાં છે નાના માર્ગો તથા રાજ માર્ગો તેમજ બજારો તથા ચોકના આંગણાઓ જેને વિષે એવું, પથરાયેલા પુષ્પોથી શોભાયમાન તથા વૈદિક બ્રાહ્મણોએ ઉચ્ચારણ કરેલાં વેદના ધ્વનિઓથી મનોહર (૪૩) ઘાટા મેઘમાં ઉત્પન્ન થયેલા ઈન્દ્ર ધનુષ્યની માફક અધિક શોભતાં તોરણોની લક્ષ્મીથી સંશોભાયમાન ગૃહનાં દ્વારો જેને વિષે છે એવું, જાળીયાથી શોભાયમાન એવું, લાંબી પંક્તિઓ જેમને છે એવી અતિ ઊંચી હવેલીઓથી યુક્ત, દુકાનોની પંક્તિઓથી રમણીય (૪૪) સમ્યક્ પ્રકારે શોભતા પુરના દરવાજાઓથી શોભાયમાન, ચારેય તરફથી અતિ ઊંચા મનોહર કિલ્લાઓ જેને છે એવું, સુંદર હાટોમાં રહેલી અનેક પ્રકારની વેચવાની વસ્તુઓથી તથા હવેલીઓમાં યોગ્ય એવાં શ્રેષ્ઠ ઉદ્યાનોથી રમણીય. (૪૫)

અને અગાશીઓ, ચોકો, સભાસ્થાનો, તેમજ હવેલીઓ એ બધા કપૂર જેવા ઉજ્જવળ શોભતા, મેડીઓ તથા સુંદર ઓટલીઓમાં રહેલા નાના પ્રકારના પક્ષીગણોના કલરવથી ગુંજતા (૪૬) એવા તે નગરમાં પ્રવેશ પામેલા શ્રેષ્ઠ જનોએ દર્શન કરવા ઈચ્છેલા શ્રીહરિના દર્શન માટે સમસ્ત કાર્યો ત્યાગ કરીને, પુરના જનો તત્કાળ રાજમાર્ગમાં આવ્યા. (૪૭)

પુરજનોના નેત્રોને આનંદ આપનારા, પૂર્ણકામ, વિપત્તિઓને નિવૃત્તિ પમાડનારા શ્રીહરિના દર્શન કરીને દાવાનળથી બળેલા હાથીઓ ગંગાનદીના હૃદ-(તળાવ)ને પામીને જેમ શાંતિ પામે, તેમ સંસારરૂપી અતિતીક્ષ્ણ અગ્નિથી સંતપ્ત થયેલા, અત્યંત શાંતિ પામ્યા. (૪૮) શ્રીહરિના સૌંદર્યમાં જેમના ચિત્ત અત્યંત આસક્ત થયાં છે એવા, અત્યંત આશ્ચર્ય પામેલા તે સર્વે ભક્તજનોએ, સૌંદર્ય, ગુણ, વિભૂતિ તથા ઐશ્વર્યાદિના સમુદ્ર, મનોવ્યથાને પ્રશમન કરનાર છે દર્શન જેમના એવા શ્રીહરિને પ્રણામ કર્યાં. (૪૯) હે નરેન્દ્ર ! તે વખતે પોતાના ઘર કામનો ત્યાગ કરીને સ્ત્રીઓ અગાસીઓ ઉપર ચઢીને ગજેન્દ્ર ઉપર શોભતી સોનાની અંબાડીમાં વિરાજમાન શ્રીહરિનાં દર્શન કરીને મહા આનંદ પામી. (૫૦) શ્રીહરિમાં અત્યંત આસક્ત સ્ત્રીઓ શ્રીહરિને ડાંગરની ધાણીથી તેમજ સુંદર પુષ્પોથી વધાવતી હતી. હે સખીઓ ! આ સાક્ષાત્ શ્રીહરિ છે, એમ બોલીને પ્રીતિપૂર્વક પરસ્પર શ્રીહરિના ગુણાદિનું ગાન કરતી હતી. (૫૧) આત્યંતિક પ્રલયમાં પણ પોતાના દિવ્ય અક્ષર ધામમાં, અક્ષર સંજ્ઞાવાળા મુક્તોએ સેવાયેલા જે પ્રભુ, પુરાણ મૂર્તિ, અધીશ રહે છે તે જ આ શ્રીહરિ છે. તેથી હે સખીઓ ! એમના સારી રીતે દર્શન કરો. (૫૨)

હે સખીઓ ! પરમેશ્વરની ઉપાસનામાં ઉત્સાહયુક્ત શુદ્ધ ચિત્તવાળા, જીતેન્દ્રિયો નિયમમાં છે

પ્રાણ જેમના એવા યોગિવર્યો, પૃથ્વીમાં જેમનું રૂપ જુએ છે તે જ આ શ્રીહરિ આપણાં મનને પવિત્ર કરો. (૫૩) ઉપનિષદોએ તથા વેદશાસ્ત્રને જાણનારા, શેષાદિએ ગાન કરી છે કીર્તિ જેમની એવા, અને જે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરતાં છતાં પણ જે નિર્લેપ છે, તે જ આ છે, માટે એમના દર્શન કરો. (૫૪) હે વનિતાઓ ! જ્યારે જગતમાં અધર્મ વૃદ્ધિ પામે છે તથા શાંતિ કરનારો ધર્મ નાશ પામે છે, ત્યારે આ અવતારો ધારણ કરે છે. સર્વના નિયંતા એમના દર્શન કરો. (૫૫) આ પ્રકારે પુરના સ્ત્રી સમુદાયે ગાન કરી છે કીર્તિ જેમની એવા દયાર્દ્ર દૃષ્ટિથી સ્ત્રીઓના તીવ્ર તાપને શમાવવા, દયાસાગર શ્રીહરિએ, તે સ્ત્રીઓના સંસાર સાગરનો ભય વિનાશ કર્યો. (૫૬)

આ પ્રમાણે પ્રાણીઓનો મોક્ષ કરવામાં એક દીક્ષાવાળા, ધર્મના પુત્ર, સર્વના સ્વામી, શ્રીહરિ સમગ્ર પુરવાસી જનોને પોતાના દર્શન આપીને, તે પુરમાં લોકોની ભીડ હોવાથી, પુરની બહાર રાજાએ રચાવેલા પચ મંડપો તથા આંબલી, વડ વગેરે વૃક્ષો વડે રમણીય બગીચામાં, વાવની સમીપમાં પોતાના ભક્તોની સાથે ઉતર્યા. (૫૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં તૃતીયસ્કંધમાં માંગરોળ બંદર પુરાધીશ કૃત શ્રીહરિ સન્માનાદિ વર્ણન નિરૂપણનું પ્રાચીન ન્યાયાચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્યયોગવારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત ગુજરાતી ભાષાંતરનો બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! માંગરોળપુરમાં કૃષ્ણ દત્ત વગેરે બ્રાહ્મણો તથા રામાઆદિ સ્ત્રીઓ શ્રીહરિને સેવતી હતી. (૧) શ્રીહરિના ચરણ કમળનો આશ્રય પામેલા ધનાઢ્ય વણિકો, શ્રીહરિના દર્શનમાં ઉત્કંઠાવાળા છે, મન જેમનાં એવા, હંમેશા પ્રીતિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૨) તે વણિકોમાં ગોવર્ધનભાઈ, દામોદર, રામચંદ્ર, સૂરચંદ્ર, કેવળરામ, માવજી વસન, નથુભાઈ, હીરજી દેવકર્ણ-અક્ષય નામના- તથા કુરજી, રતનજી, હરિશરણ તેમજ મૂલચંદ્ર વગેરે સમગ્ર વણિકો શ્રીહરિના ઉપાસકો, શ્રીહરિની સેવા કરતા હતા. (૩-૪-૫)

પછી વણિક જાતિની સ્ત્રીઓ હરિકુમારી, જાહ્નવી, ભામિની, મીઠ્ઠી, અમૃતા, નાની, જૂઠ્ઠી વગેરે શ્રીહરિને સેવતી હતી. (૬)

પછી ક્ષત્રિયો મંછારામ, રૂપસિંહ, શ્રીહરિના દર્શનમાં ઉત્કંઠાવાળું છે ચિત્ત જેમનું એવા ઉન્માદસિંહ ગાવલસિંહ, વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. પછી ક્ષત્રિય સ્ત્રીઓ રાજકુમારી વગેરે પણ શ્રીહરિને સેવતી હતી. (૭-૮)

શૂદ્ર આનંદજી, માનજી, મૌનજી, ગોવિંદ, ધનજી, નાગજી, ગોકુળ, મધુ, ત્રિકમ વગેરે હર્ષપૂર્વક

શ્રીહરિની પરિચર્યા કરતા હતા. તેમજ રાજની, કેસરા, ભાનુ વગેરે સ્ત્રીઓ શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૯-૧૦)

પછી ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ, પૃથ્વી ઉપરથી ઘણા સમયથી નષ્ટ પામેલા વાવ, કૂવા, તળાવો વગેરેનું પૂર્તકર્મ પોતાના પરાક્રમથી પ્રવર્તાવવા ઈચ્છતા હતા. (૧૧) તેથી શ્રીહરિ પોતાના નિવાસની સમીપમાં આવેલી પુરાતની મોટી મીઠા જલવાળી વાવ ખોદાવતા હતા. તે વાવના ઉત્સર્ગ કર્મનું વિધાન શાસ્ત્ર પ્રમાણે પોતે કરાવતા હતા. (૧૨) રાજા તથા પુરજનોને આશ્ચર્ય પમાડે તેવી રીતે શ્રી સ્વામિનારાયણ પૂર્તકર્મ વિધિનો મહોત્સવ કરાવતા હતા. (૧૩) તે પૂર્તકર્મમાં શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને સુંદર ભોજન જમાડી તૃપ્ત કર્યા. પવિત્ર હવિષ્યાન્નથી અગ્નિમુખવાળા ઈન્દ્રાદિ દેવતાઓને પણ તૃપ્ત કર્યા. (૧૪)

પૂર્તવિધિમાં જ્યારે શ્રીહરિ વિષ્ણુની પૂજા વિધિ કરવા આસન ઉપર બિરાજ્યા તે વખતે હે રાજન્! ત્યાં એક મોટું આશ્ચર્ય થયું. (૧૫) દેવતાનું પૂજન કરનાર શ્રીહરિના દર્શન કરતા મયારામ વગેરે બ્રાહ્મણો ઈશ્વર શ્રીહરિને ચતુર્ભુજ સ્વરૂપે જોઈ રહ્યા હતા. (૧૬) જેના દર્શનથી અત્યંત આનંદ અનુભવાય છે એતા અને ચતુર્ભુજ સ્વરૂપે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરતા, નવીન મેઘની કાંતિ સમાન કાંતિવાળા. (૧૭) પ્રકાશમાન મણિગણોથી વ્યાપ્ત, સુવર્ણમય મુગટથી શોભતા, પિતાંબર ધારી, શોભાયમાન કૌસ્તુભમણી ને ધારણ કરનારા વનમાળી. (૧૮) સુવર્ણના પાત્રમાં પૂજનની સામગ્રી ધારણ કરતાં, પ્રકાશમાન વસ્ત્રો તથા દિવ્ય આભૂષણોથી યુક્ત, લક્ષ્મીજીએ સેવેલા (૧૯) વિશ્વકસેન આદિક પોતાના દિવ્ય પાર્ષદોએ સેવેલા, શ્રી વત્સાંક ચિહ્નથી શોભાયમાન વક્ષઃસ્થળવાળા, વિવિધ પ્રકારના ભૂષણોવાળા. (૨૦)

(આ પ્રકારે તે મયારામ વગેરે બ્રાહ્મણોએ શ્રીહરિના વિષ્ણુરૂપે દર્શન કર્યા અને પછી કૃષ્ણરૂપે દર્શન કરે છે. અખિલેશ્વર શ્રીહરિનાં બ્રાહ્મણોએ શ્રી વિષ્ણુરૂપે દર્શન કર્યા અને તત્કાળ તે સ્વરૂપને શ્રીકૃષ્ણરૂપે જોવા લાગ્યા. આ દર્શનીય સ્વરૂપમાં અતિ આસક્તિવાળા તેઓ તેમના ચિત્તમાં અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૧)

પદ્મ પરાગ જેવા પીળાં વસ્ત્રો અને નાના પ્રકારના અલંકારોથી શોભતા, કપાળમાં ચાંદલા સહિત, મયૂર પીંછની પંક્તિથી ઉત્કૃષ્ટ શોભાવાળો મુગટ ધારણ કરનારા (૨૨) પોતાના દિવ્ય પાર્ષદો શ્રીદામા તથા નંદાદિથી સેવાએલા, પોતાના મુખારવિંદમાં લુબ્ધ છે જેમની દૃષ્ટિ એવા રાધા-લક્ષ્મીએ સેવેલા (૨૩) કમળ સમાન બંને હાથમાં બંસી ગ્રહણ કરી ઓષ્ઠ પલ્લવ ઉપર મૂકીને સ્વર માધુર્ય રેલાવતો સુલલિત નાદ કરતા. (૨૪) શ્રી ધર્મના પુત્ર શ્રી હરિને દિવ્ય મહા તેજમાં, દિવ્ય સિંહાસનમાં, તેજોમય આકૃતિવાળા બેઠેલા તે બ્રાહ્મણોએ જોયા. (૨૫) ચંચળ અને મધુર નયન કટાક્ષથી શોભતા, અતિ દર્શનીય, પ્રફુલ્લિત કમળના પત્રો જેવા નેત્રવાળા, અત્યંત શોભાયમાન વાંકી અને ચંચળ ભ્રકુટિવાળા. (૨૬)

મંદ હાસ્યથી ચળકતી દંત પંક્તિની કાંતિતી દીપતા હારોની પંક્તિથી શોભાયમાન, અત્યંત સ્ફુરાયમાન કાંતિવાળી મોતીની માળા કંઠમાં ધારણ કરનારા. (૨૭) સુંદર કબાટના જેવા વિસ્તૃત અને શોભતા વક્ષઃસ્થળમાં સુગંધી યુક્ત વિવિધ પ્રકારના પુષ્પના હારો ધારણ કરતા. (૨૮) દિવ્ય અને અત્યંત પ્રસરતા તેજ સમુદાયના મંડળથી શોભાયમાન, પોતાના મહાસૌંદર્યથી જેમણે અગણિત કામદેવોને લજ્જિત કર્યા

છે એવા (૨૯) વીજળી સમાન અત્યંત ચળકતાં મહામૂલ્યવાળાં વસ્ત્રો ધારણ કરનારા, મોતીઓના તોરાઓ જેમાં છે એવી લાલ પાઘડી ધારણ કરનારા. (૩૦)

જેમના દર્શન મહાઆનંદ આપનારા છે એવા, લાવણ્યાદિ ગુણોના સ્થાનભૂત દિવ્ય અને અનુપમ અવયવોથી દેદીપ્યમાન (૩૧) કલંકવાળા ચંદ્રની સાથે જેમના મુખની ઉપમા આપી શકાય તેવી નથી એવા, અને ગુલાબથી પણ અત્યંત શોભાયમાન હાથ-પગના તળીયાની શોભા જેમને છે એવા. (૩૨) નખની પંક્તિઓના સ્ફુરાયમાન તેજથી લજ્જિત કર્યો છે ચંદ્ર જેમણે એવા, અને સૂક્ષ્મ વેઢાથી અત્યંત શોભતી કોમળ આંગળીઓથી શોભતા. (૩૩) પ્રવાલો તથા હિંગળોકની લાલીમા જેવી બંને ઓષ્ઠની સુંદર લાલીમાંથી શોભતા પંક્તિ બદ્ધ સૂક્ષ્મ દાંતોની કાંતિથી જેમણે મોતીની કાંતિ જીતી છે. (૩૪)

એક એક અવયવોના અતિ મહાન શોભારૂપી મહાસમુદ્રના તરંગોથી કોટિ બ્રહ્માંડોના સૌંદર્યને તિરસ્કાર કરનારા (૩૫) મંદ હાસ્યથી શોભતા સ્ફુરાયમાન દાંતની કાંતિથી પરવાળા ઉપર પ્રકાશી રહેલા સ્ફટિકમણિની શોભાને તિરસ્કાર કરનારા (૩૬) પોતાની શ્યામ ભ્રકુટિરૂપી ધનુષ્યથી, કામદેવને ઉત્પન્ન થયેલા ગર્વનો નાશ કર્યો છે અને એ રીતે ધ્યાન કરનારા પોતાના ભક્તોના સમગ્ર શત્રુઓનો જેમણે નાશ કર્યો છે એવા (૩૭) કારુણ્યરૂપી અમૃત ઝરતું મધુર દર્શન છે જેમનું એવા, મૃગના નેત્રો સમાન વિશાળ અને લક્ષ્મીના સ્થાનભૂત નેત્રોવાળા (૩૮)

પોતાની નાસિકાની શોભાથી પોપટની ચાંચની શોભાનો તિરસ્કાર કરનારા, વિશાળ ભાલ પ્રદેશમાં શોભાયમાન કેસરનું તિલક જેમને છે એવા (૩૯) જેમનું દીપતું કપોળ યુગલ સ્ફુરાયમાન દર્પણની માફક શોભે છે અને બંને કાન મોતીઓના ગુચ્છોથી મનોહર દેખાય છે. (૪૦)

રત્નજડિત સોનાનાં નૂપુર, સુંદર કંદોરો તથા વેઢ વીંટીઓ જેમણે ધારણ કરી છે એવા, સુવર્ણના કંકણ હાથમાં ધારણ કર્યા છે, તેમજ રત્નજડિત સુવર્ણના બાજુબંધ ધારણ કરેલા (૪૧) શંખની શોભાને ઉલ્લંઘન કરનારા સર્વ આભૂષણોના ભૂષણરૂપ, કંઠમાં અતિ તેજસ્વી, સુંદર, નાભિ સુધી લાંબી કંઠી જેમણે ધારણ કરી છે. (૪૨) તિરસ્કૃત કરી છે, સર્પરાજની શોભા જેમણે એવા, બંને હસ્તોથી અલંકૃત સુવર્ણ મણિ અને સાચા મોતીઓના વિવિધ પ્રકારના હારથી વિરાજીત (૪૩) વિવિધ પ્રકારના મણિ તથા સુવર્ણથી નિર્માણ કરેલા કુંડલોથી શોભતા પોતાના હસ્ત કમળમાં શોભાયમાન હંસની પાંખ સમાન ઉજળો રૂમાલ છે એવા શ્રીહરિને મહા તેજના સમૂહમાં વૈદિક બ્રાહ્મણો જોતા હતા. (૪૪)

તે બ્રાહ્મણો શ્રીહરિકૃષ્ણ ભગવાનની ડાબી બાજુએ પ્રશાંતમૂર્તિ, દિવ્ય શરદ ઋતુના ચંદ્રની માફક શ્વેત કાંતિવાળા ધર્મને જોતા હતા. (૪૫) (તે ધર્મદેવ) આઠ નેત્રોવાળા, ચારમુખ, ચાર પગ, ચાર હાથ જેમને છે એવા, પોતાના સુંદર બે હાથ ભગવાન સન્મુખ જોડીને ઊભા છે એવા (૪૬) પોતાના એક હાથમાં સુવર્ણનું પાત્ર પૂજન સામગ્રીથી ભરેલું ધારણ કરતા, બીજા હાથમાં ધર્મશાસ્ત્ર ધારણ કરતા, (૪૭) શોભતા વસ્ત્રવાળા વિવિધાલંકારોથી અલંકૃત, વિવિધ પ્રકારના મણિઓથી પ્રકાશમાન, સુવર્ણ મુગટ મસ્તકમાં ધારણ કરતા તે બ્રાહ્મણોએ ધર્મદેવને જોયા. (૪૮)

તે બ્રાહ્મણોએ શ્રીહરિના જમણા ભાગમાં બે હસ્તવાળાં, ગૌર શરીરવાળાં, સુંદર અલંકારોથી અલંકૃત ધર્મના પત્ની ભક્તિદેવીને જોયાં. (૪૯) નાના પ્રકારનાં પૂજન દ્રવ્યોથી યુક્ત સુવર્ણ પાત્રને એક હાથમાં ધારણ કરતાં, બીજા હાથમાં સુંદર પુષ્પોની માળા ધારણ કરેલા જોયા. (૫૦)

તે બ્રાહ્મણોએ શ્રીહરિની ચારેય તરફ અક્ષર સંજ્ઞાવાળા અંજલિ જોડીને શ્રીહરિના દર્શન કરતા દિવ્ય શરીરવાળા અસંખ્ય મુક્તોને જોયા. (૫૧)

તે બ્રાહ્મણોએ, જેમણે કેવળ પોતાની ઈચ્છાથી નરદેહ ધારણ કર્યો છે એવા અવતારી શ્રીહરિને, તેમની ઈચ્છાથી જુદા જુદા સ્વરૂપે (વૈકુંઠનાથના સ્વરૂપે તથા શ્રીકૃષ્ણના સ્વરૂપે તથા અક્ષર ધામમાં રહેલા સર્વ અવતારના કારણ સર્વોપરી પોતાની દિવ્ય મૂર્તિ સ્વરૂપે) આશ્ચર્યરૂપે જોયા. (૫૨) સમગ્ર બ્રાહ્મણો આ પ્રમાણે શ્રીહરિને બે ઘડી સુધી જોઈને, આશ્ચર્યયુક્ત થઈને ભગવાનના સર્વ અવતારોના એક કારણ આ પ્રત્યક્ષ પુરુષોત્તમને માનતા હતા. (૫૩)

પછી તે સર્વે બ્રાહ્મણોએ, શ્રીહરિ પૂજન માટે જેવી રીતે બિરાજ્યા હતા તેવા, તેમને જોયા અને તેમને અભિવંદન કરીને, પૂર્તકર્મની વિધિ સમાપ્ત કરી, શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૫૪)

શ્રીહરિના સ્વરૂપનું દૃઢ જ્ઞાન યથાર્થ પામેલા, કર્યો છે વેદ ઘોષ જેમણે એવા બ્રાહ્મણો, ષોડશોપચારથી તે તે મંત્રોના ઉચ્ચારણપૂર્વક શ્રીહરિની મહાપૂજા કરતા હતા. (૫૫) સમગ્ર બ્રાહ્મણો આ પ્રમાણે શ્રીહરિનો આશ્રય કરીને, તેમની શુભ આજ્ઞામાં રહીને, બીજા દેવોની (શિવાદિ દેવોની) ઉપાસનાનો તત્કાળ ત્યાગ કરીને, મન, વાણી અને શરીરથી (અનન્ય ભાવથી) શ્રીહરિની ઉપાસના કરતા હતા. (૫૬)

આ પ્રકારે શ્રીહરિએ તે બ્રાહ્મણોને, પોતાના પુરુષોત્તમ સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે, પોતાનું પર સ્વરૂપ બતાવ્યું. પોતાનો અનુપમ પ્રતાપ વિસ્તારવા માટે માંગરોળ પત્તનમાં વસંત પર્યંત શ્રીહરિએ નિવાસ કર્યો. (૫૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં માંગરોળ પુરમાં પૂર્તકર્મ મહોત્સવાદિ કથન નિરૂપણનું પ્રાચીન ન્યાયાચાર્ય વેદાંત તીર્થ, સાંખ્યયોગવારિધિ, પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત ગુજરાતી ભાષાંતરનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! માંગરોળમાં રામાનંદ મુનિનો શિષ્ય, રામાનંદ મુનિની કૃપાથી સિદ્ધ થયેલો, અતિ ગર્વિષ્ઠ મેઘજીત વણિક હતો. (૧) જે મેઘજીત, શ્રીહરિ લોજમાં આવ્યા પહેલાં, પોતાના ગુરુ રામાનંદ મુનિની સેવા કરતો હતો અને શ્રીહરિ અધીશ્વર છે તે જાણતો ન હતો. (શ્રીહરિ આવ્યા પહેલાં રામાનંદ મુનિની અત્યંત પ્રીતિથી સેવા કરતો હતો. શ્રીહરિ આવ્યા

પછી રામાનંદ મુનિ અને શ્રીહરિ સત્સંગમાં ફરતા તેથી મેઘજીતને તેમનો પ્રસંગ ઓછો હોવાથી, શ્રીહરિનો મહિમા જાણતો ન હતો.) (૨) પોતાના ગુરુની કૃપાથી સમાધિદ્વારા સ્વતંત્રપણું પામેલો, પોતાના દેહનો ત્યાગ કરવો, શ્રીહરિના ધામમાં જવું તથા ત્યાંથી પાછું આવવું, તે સ્વતંત્ર રીતે કરી શકતો હતો. (૩)

હે રાજન્ ! ઉદ્ધવના અવતાર પોતાના ગુરુ રામાનંદ મુનિ તિરોધાન થયા પછી મેઘજીત, રામાનંદ મુનિના સર્વ શિષ્યોથી પોતાને જ શ્રેષ્ઠ માનતો હતો. (૪) મેઘજીત હજારો ગાઉ દૂર રહેલા લોકોએ કરેલી વાતો સાંભળતો (દૂર શ્રવણ નામની સિદ્ધિ) તેમ જ પોતાની ઈચ્છા થાય તે સમયે દૂર રહેલી વસ્તુને જોતો હતો. (દૂર દર્શન નામની સિદ્ધિ) (૫) મેઘજીત અત્યંત દૂર રહેલા પદાર્થને પોતાના હાથથી ગ્રહણ કરી શકતો હતો. (કામરૂપ સિદ્ધિ) આકાશ ગમન કરી શકતો હતો. (સંકલ્પ સિદ્ધિ) (તેમ જ મનોજવા સિદ્ધિ પણ પામ્યો હતો.) (૬)

મેઘજીત અંતર્ધાન થઈ શકતો હતો તેમ જ પરકાયા પ્રવેશ પણ કરી શકતો તથા સર્વ ભૂતળમાં તેમ જ પાતાળમાં જતો હતો. (અપ્રતિહત ગતિ-પરકાય પ્રવેશ-વગેરે સિદ્ધિઓ) (૭) મેઘજીત સ્વર્ગાદિ સર્વ લોકોમાં શિવ, બ્રહ્મા, ઈન્દ્ર, સૂર્યાદિ સ્થાનોમાં પણ જવા આવવા માટે સમર્થ હતો. (આ પણ અપ્રતિહત ગતિ નામની સિદ્ધિ છે.) (૮) મેઘજીતને સર્વ બ્રહ્માંડ તેમ ગોલક પણ અગમ્ય સ્થાન નહોતું. આ પ્રકારે સર્વ દુર્લભ આવરણોથી તે રહિત હતો. (૯)

(આ બધી ગુણાત્મક સિદ્ધિઓ છે હવે અષ્ટ સિદ્ધિઓ કહે છે)

બીજા જનોને પ્રાપ્ત ન થઈ શકે એવી અણિમાદિક બીજી આઠ સિદ્ધિઓ છે, તે સર્વે સિદ્ધિઓ તે પામ્યો હતો. (૧૦) મેઘજીત પોતાના તથા બીજાના પ્રાણનો નિરોધ કરવા સમર્થ હતો. તેમ જ બીજાના મનની ગતિ રોકવા માટે પણ અત્યંત શક્તિમાન હતો. (૧૧) જેનું બળ તથા ઐશ્વર્ય હણાયું નથી તેમજ મનુષ્યો, અસુરો તથા દેવોએ પણ જેમના યશની સ્તુતિ કરી છે તેથી જે અત્યંત ગર્વિષ્ઠ થયો હતો. (૧૨) પોતાના સિદ્ધપણાને પ્રસિદ્ધ કરતો મેઘજીત શ્રીહરિના તત્ત્વને ન જાણતો હોવાથી, શ્રીહરિનું તથા તેમના આશ્રિતોનું પણ અપમાન કરતો હતો. (૧૩)

શ્રી શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! પછી મેઘજીતનું હિત ઈચ્છનારા દયાળુ મુક્તાનંદસ્વામી તથા અન્ય સંતોએ એક વખત મેઘજીતને બોલાવીને કહ્યું. (૧૪) હે મેઘજીત! તમો આ શ્રીહરિને સાક્ષાત્ અવતારી જાણો. રામાનંદ મુનિએ તેમની ધર્મધુરા આદરપૂર્વક તેમને સોંપી છે અને પોતાના પદે સ્થાપન કરેલ છે એમ જાણો. (જો તમો જ તેમનાથી મોટા હો તો સ્વામીએ તમોને જ તેમના પદ ઉપર કેમ સ્થાપન ન કર્યા ?) (૧૫) હે ભક્ત ! તમો અતર્ક્ય ગુણ ઐશ્વર્ય - પ્રતાપવાળા આ શ્રીહરિની પાસે તમારી સિદ્ધિઓનો વ્યર્થ ગર્વ ન કરશો. (૧૬) હે ભક્ત ! તમો માનનો ત્યાગ કરીને તમારું કલ્યાણ કરવા માટે, વિશ્વોત્પત્તિ આદિકના એક કારણ, સમગ્રના આધાર, આ શ્રીહરિનો આશ્રય કરો. (૧૭)

આ રીતે તેનો ઉત્કર્ષ થાય તેવા મુક્તાનંદ વગેરે સંતોના વચન સાંભળીને, સિદ્ધપણાના અભિમાનવાળો મદોધ્ધત મેઘજીત મુક્તાનંદ વગેરે મુનિઓને કહેવા લાગ્યો. (૧૮)

સાધુ માર્ગને અનુસરતા રામાનંદ સ્વામીના શિષ્યો ! અહો સંતો ! તમારી બુદ્ધિ આ પ્રકારે વિપરીત કેમ થઈ ? (૧૯) ભગવાન શ્રીકૃષ્ણ સર્વ પ્રકારે આપણા ઈષ્ટદેવ છે. તે તો એક જ છે. આ પ્રકારે ગુરુના અનુગ્રહથી હું જાણું છું. (૨૦) હે મુનિસત્તમો ! હું તો એમને ભગવાન નહિ માનું. તમારી માફક મારી બુદ્ધિ વ્યભિચારી નથી થઈ. (૨૧) રામાનંદ મુનિના તિરોધાન પછી તો હું એકલો જ રામાનંદના સર્વ શિષ્યોમાં સર્વ પ્રકારે શ્રેષ્ઠ છું. (૨૨)

તમો રામાનંદ સ્વામીના આશ્રિત છો પરંતુ તમારી મતિ વિપરીત થઈ છે તેથી હે મુનિવરો! હવે મારે દેહ રાખવો નથી. (૨૩) હું આજથી ચોથા દિવસે સમાધિ દ્વારા દેહનો ત્યાગ કરીશ. તમો બધા મારું સિદ્ધપણું જોશો. (૨૪) માટે તમો મને સાધારણ માણસ ન જાણશો. જો આ નારાયણ મુનિ સાક્ષાત ભગવાન હોય તો મારી ગતિને રોકે. (૨૫)

સત્ય અને હિત કરનારાં વચન કહેનારા સાધુઓનુ આ પ્રમાણે અપમાન કરીને, તેમજ આવી રીતે પ્રતિજ્ઞા કરીને, માનથી નષ્ટ બુદ્ધિવાળો મેઘજીત પોતાને ઘેર ગયો. (૨૬)

પછી મેઘજીત પોતાના સિદ્ધપણાને જાણનારા પુરના જનોને, હે પુરજનો ! ચોથા દિવસે ચોથા મુહૂર્તમાં હું મારા શરીરનો નિશ્ચય ત્યાગ કરીશ, એમ કહેતો હતો. (૨૭)

પછી ચોથા દિવસના ચોથા મુહૂર્તમાં વણિક મેઘજીત પદ્માસનવાળીને યોગીરાજની માફક સમાધિ કરતો હતો. (૨૮) યોગથી દેહત્યાગ કરવા રૂપ મોટું આશ્ચર્ય જોવાની ઈચ્છાવાળા પુરના જનો, તથા તેમના સંબંધીજનો તત્કાળ ત્યાં આવ્યા. (૨૯) પછી હે રાજન્ ! મેઘજીત મૂલાધારથી (ગુદાસ્થાનમાં રહેલા એ નામના ચક્રથકી) પોતાના પ્રાણને ખેંચીને લીંગ સ્થાનમાં રહેલા સ્વાધિષ્ઠાન ચક્ર પ્રત્યે પ્રાણને ઊંચા ખેંચ્યા. પછી સ્વાધિસ્થાન ચક્રથી નાભિસ્થાનમાં રહેલા મણિપૂરક ચક્ર પ્રત્યે પ્રાણને લઈ ગયો. (૩૦) પછી નેત્રો અતિ સ્થિર કરીને મેઘજીત પોતાના પ્રાણને મણિપૂરકચક્રથી ખેંચીને હૃદયમાં રહેલા અનાહત ચક્ર પ્રત્યે લઈ ગયો. પછી પોતાના પ્રાણને ભ્રકુટિના મધ્યભાગમાં રહેલા આજ્ઞાચક્ર પ્રત્યે લઈ ગયો. (૩૧) પછી મેઘજીત ધીમે ધીમે પ્રાણોને બ્રહ્મરંધ્ર પ્રત્યે ઊંચે લઈ ગયો. તેથી તેના નાડીના બંધ શિથિલ થઈ ગયા. (૩૨)

તે સમયે અંતર્યામી શ્રીહરિએ મેઘજીતને અતિ ગર્વિષ્ટ જાણીને મેઘજીતના ગર્વનો નાશ કરવા, તત્કાળ તેની આરંભ કરેલી બ્રહ્મરંધ્ર ભેદવાની જે ગતિ તેને રોકી. (૩૩) એટલે મેઘજીત પોતાના બ્રહ્મરંધ્રને ભેદી ન શક્યો અને અત્યંત પ્રયત્ન કર્યો તો પણ પોતાના પ્રાણને ઊંચે લઈ જવા માટે સમર્થ થયો નહિં. (૩૪) અત્યંત મોહ પામેલો મેઘજીત બ્રહ્મરંધ્ર ભેદીને ઊંચે ભગવાનના ધામના માર્ગમાં જવા શક્તિમાન થયો નહિ. તેમ જ નીચે સર્વે ચક્રોમાં આવવા માટે પણ શક્તિમાન થયો નહિ. ત્રિશંકુ રાજાના જેવી ગતિ પામીને મેઘજીત અતિ દુઃખી થયો. (૩૫)

અત્યંત દુઃખી થયેલો તે મેઘજીત હવે શ્રી સ્વામિનારાયણ ભગવાન વિના રક્ષણ કરનારા બીજા કોઈ નથી એમ જાણીને, તે સમયે શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યો. (૩૬)

તેની પ્રાર્થના સાંભળીને શ્રીહરિની ઈચ્છાથી મેઘજીત તત્કાળ અતિ વિસ્તારવાળું દિવ્ય તેજ જોવા લાગ્યો. (૩૭) તેના મધ્યભાગમાં સુંદર મણિમય, સુવર્ણના સિંહાસનમાં બેઠેલા, ચળકતાં દિવ્ય ભૂષણો તથા વસ્ત્રો જેમને છે એવા શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યો. (૩૮) મેઘજીતે શ્રીહરિની આગળ હાથ જોડીને રહેલા શ્રીકૃષ્ણને જોયા. તેમ જ પોતાના ગુરુ રામાનંદ મુનિને પણ હાથ જોડીને ઊભેલા જોયા. (૩૯)

પછી અવતારી, સુંદર આકૃતિવાળા શ્રીહરિના દિવ્ય તેજમાં જ મેઘજીત, શ્રીકૃષ્ણને તથા રામાનંદ ગુરુને, સૂર્યના તેજમાં તારાઓ જેમ લીન થાય છે તેમ લીન થયેલા જ્યાં જુએ છે તેટલામાં તેના સંબંધીજનો તેને ચેષ્ટારહિત જોઈને, તેના પ્રાણ નીકળી ગયા છે એમ માની, ભ્રાંતચિત્ત થઈ ગયા. (૪૦-૪૨) કેટલાક સમાધિવાળા યોગી, દેહના ત્યાગની રીત જાણનારા જનો મેઘજીતને યોગી જાણીને, તેમના તાળવાનો સ્પર્શ કરતા હતા. તેમનો તાળું પ્રદેશ શ્વાસ લેતો જાણીને તે જીવતો છે એમ માનવા લાગ્યા. (૪૩)

તે સર્વે વિવેકીજનો પણ મેઘજીતે શ્રીહરિનો અપરાધ કર્યો છે એમ જાણીને, બ્રહ્મરંધ્રને તે ભેદી નથી શક્યો એટલે દેહત્યાગ ન કરી શકવાથી દુઃખી થયેલા મેઘજીતના દુઃખની નિવૃત્તિ માટે પરમેશ્વર શ્રીહરિને ચરણે ગયા. (૪૪)

હે રાજન્ પછી તે સર્વે વિનયપૂર્વક હાથ જોડીને શ્રીહરિનો પ્રતાપ જોયો હોવાથી શ્રીહરિને આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. (૪૫)

હે પ્રભો ! હે નારાયણ મુને ! પ્રાણની ગતિ જેની રોકાયેલી છે એવા મેઘજીતની રક્ષા હે કરુણાનિધિ! તમો કરો. (૪૬) તમારો મહિમા યથાર્થપણે નહિ જાણનારા, માનથી વ્યાપ્ત ચિત્તવાળા, અજ્ઞાની, આ મેઘજીતના અપરાધને હે પરમેશ્વર ! તમો ક્ષમા કરો. (૪૭)

આવી રીતે તે સંબંધી જનોનું પ્રાર્થના વચન સાંભળીને, પુરુષોત્તમ શ્રીહરિએ (હે મહીપતે !) 'મેઘજીતને અહીં લાવો' આવી રીતે તેમને કહ્યું. (૪૮)

સર્વ પ્રકારે સમર્થ તે નારાયણ મુનિનું વચન સાંભળીને, પ્રસન્ન મનવાળા સર્વે જનો મેઘજીતને શ્રીહરિ પાસે લાવવા માટે ગયા. (૪૯) પછી મેઘજીતના બધા જ સંબંધી જનો મૃતપ્રાય થયેલા તે મેઘજીતને ઊંચકીને શ્રીહરિ પાસે લાવ્યા અને સર્વેશ્વર શ્રીહરિની આગળ તેને મૂક્યો. (૫૦) તે સમયે તે આશ્ચર્ય જોવા આવેલા હજારો પુરના જનો તેને જીવવાની વાટ જોતા ત્યાં જ ઊભા રહ્યાં. (૫૧)

પછી અવતારી અચ્યુત, શરણ્ય પ્રભુ સ્વયં શ્રીહરિએ, દયાથી કોમળ ચિત્તવાળા તેની દૃષ્ટિની સાથે પોતાની દૃષ્ટિ મેળવી. (૫૨) શ્રીહરિએ કરુણામય કોમળ દૃષ્ટિથી મેઘજીત પ્રત્યે જોયું. તેથી તત્કાળ તેના પ્રાણ તેના સ્થાનમાં આવી ગયા. એટલે શરીર અસ્વસ્થ હોવા છતાં તે ઊભો થયો અને ધર્મના પુત્ર શ્રીહરિને વારંવાર દંડવત્ પ્રણામ કરવા લાગ્યો. (૫૩) શ્રીહરિનું ઐશ્વર્ય જેણે સમાધિમાં જોયું છે એવો તે મેઘજીત, શ્રીહરિએ મહા આપત્તિથી મૂકાયેલો નિર્મદ થઈને, શ્રીહરિને પ્રણામ કરતા નિવૃત્તિ પામ્યો નહિ. (૫૪)

એ મોટું આશ્ચર્ય જોઈને વિસ્મય પામેલા સર્વેજનો, મરેલા આ મેઘજીતને શ્રી નારાયણમુનિએ જીવતો કર્યો તેથી આ ભગવાન છે એમ કહેવા લાગ્યા. (૫૫) હે રાજન્ ! કરુણાર્દ્ર ભગવાન, પૃથ્વી

ઉપર પડીને સાષ્ટાંગ પ્રણામ કરતા મેઘજીતને, 'હવે દંડવત્ કરશો નહિ' એમ કહ્યું. (૫૬)

લજ્જાથી નીચા મુખવાળો મેઘજીત સર્વ બ્રહ્મચારીઓ તથા મુક્તાનંદાદિ મુનિઓના સમૂહને તથા સર્વ હરિભક્તોને પ્રેમપૂર્વક યથાયોગ્ય પ્રણામ કરવા લાગ્યો. (૫૭) પછી અતિ નીચું મુખ રાખીને, વ્યર્થ ગયો છે સમગ્ર શ્રમ જેનો એવા, મેઘજીત બંને હાથ જોડી અશ્રુસહિત આદરપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યો. (૫૮)

હે ભગવન્ ! હે પ્રણતૈક બન્ધો ! હે નારાયણ ! હે પુણ્યદર્શન ! સર્વથી અધિક અપાર તમારું માહાત્મ્ય ન જાણવાથી મેં મહા અપરાધ કર્યો છે તેને ક્ષમા કરો. (૫૯) શરણ્ય અને દયાસાગર મહા સમર્થ ! તમારા દાસનો હું દાસ છું. આજથી જ સર્વ આપત્તિઓનો જે નાશ કરી શકે છે એવા તમો, તમારી આજ્ઞામાં હું નિરંતર રહીશ. (૬૦) પહેલાં હું મારા ગુરુ પાસેથી શ્રીકૃષ્ણને જ સર્વ અવતારના કારણ, સર્વેશ્વર, ઉદાર કીર્તિવાળા, અભિષ્ટ દેવ જાણતો હતો. તેથી પર હું કોઈને જાણતો નહતો. (૬૧)

હે મહાત્મન્ ! તે કૃષ્ણ મારા ગુરુની સાથે તમારી દિવ્ય મૂર્તિમાં લીન પામ્યા. વડવાનળના પ્રકાશ આગળ દીવાનો પ્રકાશ જેમ લીન પામે છે તેવી રીતે થયું. વળી એક જ ક્ષણમાં બંને પાછા પહેલાંની માફક તમારાથી જુદા મેં જોયા. (૬૨) તેથી હું તમોને કૃષ્ણ થકી પણ પર, દિવ્ય શક્તિવાળા, અવતારી, જાણું છું. તમો કટાક્ષ માત્રથી અનેક બ્રહ્માંડના કર્તા છો અને તમારા સમગ્ર આશ્રિતોની પીડાને હરનારા છો. (૬૩) હે નારાયણ મુને ! નાનું મચ્છરીયું જેમ આકાશનો પાર પામવાને ઈચ્છે, જેમ અતિ તુચ્છ ખદ્યોત સૂર્યને પરાભવ પમાડવા માટે ઈચ્છે. (૬૪)

તેમ અજ્ઞાની હું અક્ષર પુરુષાદિ વિભૂતિઓના મુગટોના અગ્ર ભાગો તમારી પાદપીઠનો સ્પર્શ કરી ઘસાઈ ગયા છે એવા સર્વેજનોને અજેય, પુરુષોત્તમ તમોને, જીતવાને ઈચ્છતો હતો. તેથી હું અતિ મંદ છું. (૬૫) તમારા અતિ મહાન અવતાર શ્રીકૃષ્ણનો દાસ અને ઉદ્ધવના અવતારભૂત રામાનંદ મુનિનો શિષ્ય મને જાણીને, કૃપાથી મારું તમોએ રક્ષણ કર્યું છે. (૬૬)

હે અખિલેશ ! જેમના રોમના છિદ્રોમાંથી કરોડો બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે એવા, અતિ પરાક્રમશાળી, તમારી આગળ આ લોકમાં, મહાગજની આગળ જેમ કીડી હોય તેની માફક હું કોણ માત્ર ? (૬૭) તેથી હે શરણાગત ! મનુષ્યોના શરણ્ય ! સર્વેજનોની પીડા હરનારો છે અવતાર જેનો એવા તમો, મારો અપરાધ ક્ષમા કરીને મારું રક્ષણ કરો. તમારા દાસ એવા મને તમો આજ્ઞા આપો. (૬૮)

દયાર્દ્ર ચિત્તવાળા શ્રીહરિ તેનું આ પ્રકારનું વચન સાંભળીને, મેઘજીતને, હે 'મેઘજીત ! તમો મારી આજ્ઞાથી મારે વિષે પ્રીતિ કરનારી મારા સ્વરૂપની વાતો લોકોને કરો.' એમ કહેતા હતા. (૬૯) 'જેમ તમો કહો છો તે પ્રમાણે કરીશ.' એમ કહીને મેઘજીતે પછી શ્રેષ્ટ ઉપચારોથી શ્રીહરિની તથા તેમના વર્ણિઓ તથા સંતોની પૂજા કરી. પછી વિનય યુક્ત, અતિ હર્ષ પામેલો મેઘજીત, શ્રી હરિના દર્શન કરતો તે સભામાં બેઠો. (૭૦)

ભક્તોની સભામાં બેઠેલા શ્રીહરિ, તે મેઘજીત તથા મેઘજીતને આશ્રેલા જનોને કલ્યાણકારી

શિક્ષા કરવા ઇચ્છતા હોવાથી, સારી રીતે બતાવ્યો છે. પોતાનો અદ્‌ભુત દિવ્યભાવ જેમને એવા, મેઘજીત પ્રત્યે કરુણાથી આ પ્રમાણે સુધા સમાન વચન કહ્યું. (૭૧)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં તૃતિયસ્કંધમાં મેઘજીતનો ગર્વ ટાળ્યો તે નિરૂપણનું પ્રાચીન ન્યાયાચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્યયોગવારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત ગુજરાતી ભાષાંતરનો ચોથો અધ્યાય સંપૂર્ણ.



અધ્યાય ૫ મો

શ્રી નારાયણ મુનિ કહે છે :- હે મેઘજીત ! જે દિવ્ય ગુણ ઐશ્વર્યાદિવાળા મારા એકાંતિક ભક્તો છે તે તો ક્યારેય પણ માન કરતા નથી. (૧) મારા એકાંતિક ભક્તો જેમ જેમ મારી ઉપાસનાથી ઉત્પન્ન થયેલા ઉત્તમ ગુણો વડે મહત્વ પામ્યા છે તેમ તેમ, ફળવાળા કેળ વગેરે વૃક્ષોની માફક અતિશય નમ્ર થાય છે. (૨) તે ભક્તો મારા માહાત્મ્યને જાણનારા, મારા સમગ્ર ભક્તોને પણ માન આપે છે, અને મારા અચલદાસપણાને પામેલા છે, તે મને અત્યંત પ્રિય છે. (૩) જે ભક્તો મારી ઉપાસનાથી ધર્માદિ ગુણો પામીને, અથવા લગારેક ઐશ્વર્ય પામીને સકલ દુઃખના સ્થાનરૂપ માન પામે છે. (૪) તે માનીઓમાં મારી પ્રીતિ તથા મારા સંતોની પ્રીતિ થતી નથી. જેમ નિર્માની ભક્તોમાં મહાગુણો આવે છે તેમ માની ભક્તોમાં આવતા નથી. (૫)

જેમ સાકરે યુક્ત દૂધમાં સર્પની લાળ પડી હોય તો તે દૂધને દૂષણ પમાડે છે તેમ, માન સમગ્ર ગુણોને દૂષણ પમાડે છે. (૬) એકાંતિક ભાવથી ભગવાનની ઉપાસનાવાળા પૂજ્ય, સર્વના મિત્ર, સાધુઓમાં પણ, સમગ્ર દોષના સ્થાનભૂત માન વેર કરાવે છે જ. (૭) તેથી પોતાનું હિત ઈચ્છનારા ભક્તો ભગવાનના એકાંતિક ઉપાસનાવાળા નિર્માની ભક્તોના પ્રસંગથી, પોતાના શ્રેયમાં વિઘ્ન કરનારા માનનો દૂરથી ત્યાગ કરે છે. (૮) હે તાત ! અલ્પગુણવાળા તમારે પણ મોક્ષમાર્ગમાંથી પાડી નાખે તેવું માન સર્વ પ્રકારે તમારા હિતને માટે ગ્રહણ કરવું નહિ. (૯)

હે મેઘજીત ! તમો તો મારા અવતાર કૃષ્ણની ઉપાસનાના બળથી જ અલ્પ ઐશ્વર્ય પામ્યા અને સાથે ઉદ્ધતપણું પણ પામ્યા છો. (૧૦) હે મેઘજીત ! તમે તો આ એક જ બ્રહ્માંડ પ્રત્યે સમાધિમાં જાવ છો. મારા અક્ષર નામના મુક્તો તો અનેક બ્રહ્માંડોમાં પણ જાય છે. (૧૧) તમે તો કોઈ એક પ્રાણીના નાડી પ્રાણનો નિરોધ કરો છો, જ્યારે મારા અક્ષરમુક્તો તો અસંખ્ય દેહીઓના નાડી પ્રાણનો નિરોધ કરવા સમર્થ છે. (૧૨) તમે તો અણિમાદિ ઐશ્વર્યોમાં આસક્તિવાળા છો. અક્ષર મુક્તો તો મારી મૂર્તિ વિના પોતાને પ્રાપ્ત થયેલી સિદ્ધિઓની પણ ક્યારેય સ્પૃહા કરતા નથી. (૧૩)

મારા વૈકુંઠધામના મુક્તો કરોડ સૂર્યના જેવી કાંતિવાળા છે. તેમનાથી મારા ગોલોકવાસી મુક્તો

કોટી ગણા કાંતિવાળા છે. (૧૪) અને તેમનાથી (ગોલોક ધામના મુક્તો થકી) પણ મારા અક્ષર ધામના મુક્તોમાં તો તે અલૌકિક તેજ કરોડ કરોડ ઘણું અધિક છે. તેમજ તેઓ સદા આનંદમય જ છે. (૧૫) મારી મૂર્તિમાં આસક્ત અસંખ્ય અક્ષર મુક્તોનું તે તેજ અક્ષર ધામના અલ્પ દેશમાં લીન થાય છે. (૧૬) અક્ષર ધામનું તે સમગ્ર તેજ મારા એક રોમના અગ્ર ભાગમાં લીન કરવા હું સમર્થ છું. (૧૭) સર્વોત્તમ દિવ્ય ગુણ, ઐશ્વર્ય, આનંદ વગેરેથી મુક્ત તથા અક્ષર એ સર્વેપણે હંમેશા મારી આજ્ઞામાં વર્તે છે. (૧૮) સર્વે ઈશ્વરોએ સહિત લોકોને ભય આપનારો કાલ પણ મારા ભયથી હંમેશા સાવધાન થઈને મારી આજ્ઞામાં વર્તે છે. (૧૯)

હે મેઘજીત ! મૂલ પ્રકૃતિ તથા મૂલ પુરુષ પણ મારી બીકથી મારી આજ્ઞા પાળવામાં તત્પર રહી અનેક પ્રધાન પુરુષની ઉત્પત્તિ કરે છે. (૨૦)

મારા ધ્યાનથી મદાત્મકપણાને પામેલા અનિરુદ્ધ, અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ મારા ભયથી મારી આજ્ઞા પાળીને કરે છે. (૨૧)

મારા વચન પાળવામાં તત્પર પ્રદ્યુમ્ન, મારી આજ્ઞાથી, અસંખ્ય બ્રહ્માંડોની સ્થિતિ કરે છે. મારા ભયથી સંકર્ષણ તે બ્રહ્માંડોનો સમય સમય પ્રમાણે સંહાર કરે છે. (૨૨)

તેવી રીતે પ્રધાન પુરુષો એક એક આ બ્રહ્માંડ મારી આજ્ઞાથી ઉત્પન્ન કરે છે. મારી બીકથી, હંમેશા મારી આજ્ઞામાં વર્તે છે. (૨૩)

સદા મારી આજ્ઞા ઉલ્લંઘન નહિ કરતા મારી આજ્ઞામાં વર્તતા તત્ત્વો મારા ભયથી વૈરાજો ઉત્પન્ન કરે છે. (બ્રહ્માંડો પ્રત્યે જુદા જુદા વૈરાજ જાણવા.) (૨૪) વૈરાજો એ બ્રહ્માંડોનું, મારી આજ્ઞાથી, મારા ભયથી, હંમેશા પાલન કરે છે. (૨૫) બ્રહ્માઓ જગત સર્ગમાં મેં પ્રેરણા કર્યા પ્રમાણે વર્તે છે. વિષ્ણુઓ જગતના પોષણમાં મારી પ્રેરણા મુજબ વર્તે છે. તે બંને મારા ભયથી મારી આજ્ઞામાં રહ્યા છે. (૨૬)

વિશ્વસંહારમાં મેં આજ્ઞા કરેલા શંકરો મારા ભયથી નહિ ઉલ્લંઘન કરવા યોગ મારી આજ્ઞામાં નિરંતર રહે છે. (૨૭)

આ પવન મારા ભયથી હંમેશા વાય છે. સૂર્ય ચંદ્ર પણ મારા ભયથી હંમેશા ઉદયઅસ્ત થાય છે. (૨૮) મારા ભયથી અગ્નિ બળે છે, મારા ભયથી ઈન્દ્ર જળ વરસાવે છે. મૃત્યુ હંમેશા મારા ભયથી ડરીને મારી આજ્ઞા પ્રમાણે સર્વ ઠેકાણે જાય છે. (૨૯)

સર્વ તારાઓનું આ મંડળ મારી આજ્ઞામાં હંમેશા રહ્યું છે અને મારી બીકથી આધાર વિના અંતરિક્ષમાં રહે છે. (૩૦) મારી ઈચ્છાથી આધાર વિનાના આકાશમાં જળ રહેલું છે. તેવા જળમાં વીજળી સ્ફુરાયમાન થાય છે અને મેઘની ગર્જના થાય છે. (૩૧)

આ પ્રકારના અનેક મારાં મહા આશ્ચર્યો છે તે અક્ષર મુક્તો તથા ઉપનિષદોના સમૂહોએ ગાન કરવા યોગ્ય છે. (૩૨) તે મહાઆશ્ચર્યો મેં તમોને સંક્ષેપથી ઐશ્વર્યો કહ્યા છે. મારા ઐશ્વર્યોનો પાર,

જેમ પક્ષીઓ આકાશનો પાર નથી પામતા, તેમ કોઈ પણ પામતું નથી. (૩૩)

અમૃત નિધિનું જળ જેટલી જરૂર હોય તેટલું પાન કરીને તે જનો જેમ સુખ પામે છે તેમ, બુદ્ધિશાળી પુરુષો મારાં ઐશ્વર્યો પોતાની બુદ્ધિ પ્રમાણે જાણીને આનંદ પામે છે. (૩૪) મારાં અસાધારણ ઐશ્વર્ય તથા ગુણો અનંત હોવાથી, સર્વજ્ઞ હું ઈશ્વર પણ તેના અંતને પામતો નથી. (૩૫)

હે મેઘજીત ! તેથી તમો મને અક્ષરાતીત અવતારી જાણો. સર્વભૂતોના અંતર્યામી, પુરાણ પુરુષોત્તમ જાણો. (૩૬) હે મેઘજીત ! મારા થકી કોઈ અધિક નથી. તે અક્ષરાદિ સર્વે મારાથી ઐશ્વર્યનો લેશ પામ્યા છે. માટે જ મારે આધિન છે. (૩૭)

હે મેઘજીત ! હું અનંત કોટિ બ્રહ્માંડમાં રહેલા જીવ સમુદાયોના નાડી પ્રાણનો નિરોધ સંકલ્પ માત્રથી કરવા માટે સમર્થ છું. એમ મને તમો જાણો. (૩૮)

હે મેઘજીત ! તમારું અતિશય અભિમાન ટાળવા માટે સમાધિમાં તમારી ગતિનો ઊંચે તથા નીચે જવા પ્રતિરોધ સર્વ પ્રકારે તમારા હિતને માટે જ મેં કર્યો છે. (૩૯)

હે સૌમ્ય ! તમો હવે લોકોને મારા અવતારી સ્વરૂપનું સર્વોત્તમ જ્ઞાન કહો. તેથી હું પ્રસન્ન થઈશ. (૪૦)

હે રાજન્ ! અમૃતથી પણ અતિ શ્રેષ્ઠ શ્રીહરિના શ્રીમુખની વાણી સાંભળીને, આનંદ પામેલા મેઘજીત તથા અત્યંત આનંદિત હૃદયવાળા સભામાં બેઠેલા જનો, (આ પ્રકારે શ્રીહરિનાં ચરિત્ર જોનારા) નિગ્રહાનુગ્રહ સમર્થ શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૪૧)

તે સર્વે જનો શ્રીહરિને સર્વોત્તમ, અવતારી અનાદિ સિદ્ધ સર્વાધિપતિ, પુરુષોત્તમ જાણીને શ્રીહરિની આજ્ઞાથી પોત પોતાના સ્થાનમાં ગયા. પછી શ્રીહરિ પણ પોતાના નિવાસ સ્થાનમાં ગયા. (૪૨)

આવો શ્રીહરિનો મહા પ્રતાપ પૃથ્વીના તળમાં વ્યાપ્યો. તે સમયે શુભ પ્રભાસ તીર્થમાં વિધિ પ્રમાણે યાત્રા કરવા માટે ઘણા દેશોથી આવેલા ઘણા સંપ્રદાયના જનો, શ્રીહરિનો પ્રતાપ સાંભળીને, આશ્ચર્ય પામીને ધર્મપુત્ર શ્રીહરિના દર્શન માટે માંગરોળ પત્તનમાં આવ્યા. (૪૩)

તે યાત્રિકો જુદા જુદા મતવાળા માંગરોળના નિવાસી જુદા જુદા સંતોને આશ્રેલા જનોને પૂછતા હતા. (અમોએ પ્રભાસમાં સાંભળેલું શ્રી સ્વામિનારાયણનું વૃત્તાંત સત્ય છે કે અસત્ય છે એમ પૂછતા હતા.) તે જનો દેશાંતરથી આવેલા જનોને શ્રીહરિનું અનુપમ ઐશ્વર્ય કહેવા લાગ્યા. પછી તે યાત્રિકો તે સાંભળીને વિસ્મય પામ્યા અને નાગરિકોની સાથે શ્રીહરિની સમીપમાં આવ્યા. પછી શ્રીહરિએ તેમને પોતાના વિવિધ ઐશ્વર્યો બતાવ્યાં. (૪૪)

આ પ્રકારે શુકાનંદમુનિએ કરેલી અમૃત તુલ્ય, મહા આશ્ચર્ય યુક્ત, અતિ સુંદર, અર્થ ગૌરવવાળી, તથા ગાંભીર્યથી પૂર્ણ એવી વાણી, નિર્મળ બુદ્ધિવાળા માનસિંહ રાજા સાંભળીને અનુપમ આનંદ પામ્યા અને જ્ઞાનના સ્થાન ભૂત મુનિવર શ્રી શુકાનંદમુનિને પ્રીતિપૂર્વક પૂછવા લાગ્યા. (૪૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિનું અસાધારણ માહાત્મ્ય કથન નિરૂપણનું પ્રાચીન ન્યાયાચાર્ય વેદાંત તીર્થ સાંખ્યયોગવારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત ગુજરાતી ભાષાંતરનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

માનસિંહ રાજા પૂછે છે :- હે બ્રહ્મન્ ! શ્રીહરિએ કયા કયા દેશમાં રહેલા કયા કયા મતોના આશ્રિતોને તથા કયા કયા, જનોને શું શું ઐશ્વર્ય બતાવ્યું તે, (૧) હે મહામુને ! શ્રીહરિનું ચરિત્ર સાંભળવાની મારામનમાં ઈચ્છા છે માટે કરુણા કરીને તમો એ શ્રીહરિનું ચરિત્ર મને કહો. (૨) અવતારી શ્રીહરિ પોતાના આશ્રિતોની જડતાને હરનારા, તેમનું સર્વદા સાનિધ્ય પામેલા તથા તેમનો અનુગ્રહ પામેલા. (૩) સમગ્ર વેદશાસ્ત્રોના સૂક્ષ્મ અભિપ્રાયને જાણનારા, ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળને જાણનારા, તમારાથી કંઈ પણ અજ્ઞાત નથી. (૪)

તેથી હે સન્મતે ! હે જ્ઞાનનિધે ! જાણવા માટે ઈચ્છતો તમારે શરણે આવેલો, તમારે વિશે અનુરાગવાળો, એવા શ્રદ્ધાવાળા, મને મારા પ્રશ્નનો ઉત્તર કહો. (૫) તમારા મુખ ચંદ્રથી નીકળતું ભગવાન શ્રી સહજાનંદ સ્વામીની સુંદર લીલાની કથારૂપી અમૃત, તેનું પાન કરવાથી અતિ સુખી થયેલો હું તૃપ્તિ પામતો નથી. (૬) અમંગળ સંપાદન કરનારી બીજી કથાઓથી શું થાય ? ભગવાનના સંબંધ વિનાની બીજી કથા વાર્તાના શ્રવણથી ચિત્ત મલીન થાય છે તેમજ દેહીઓના આયુષ્યનો વૃથા વ્યય થાય છે. (૭)

શ્રીહરિએ કૃપાથી આપેલું મનુષ્ય શરીર પામીને જે જનો, શ્રીહરિની કથા સાંભળતા નથી, તેમનું જીવન મિથ્યા છે. (૮) જે જેનો શ્રદ્ધાથી હરિલીલારૂપી અમૃતને સાક્ષાત્ પીએ છે. તે જનો સર્વ પાપથી મુક્ત થઈને શ્રીહરિનું સર્વોત્તમ ધામ પામે છે. (૯) સમગ્ર કથાઓના સારરૂપ, ત્રિવિધ તાપો નાશ કરનારી, શ્રી સ્વામિનારાયણની જે કથારૂપી સુધાનું તમો અમોને પાન કરાવો. (૧૦)

આ પ્રકારે શ્રીહરિના સુંદર માંગલિક લીલા ચરિત્રો સાંભળવા માટે ઈચ્છતા તે રાજાએ શ્રીશુકાનંદમુનિને પૂછ્યું, તેથી શ્રી હરિના ચરિત્રો કહેવાની ઈચ્છાથી, શ્રીહરિની સ્મૃતિ કરીને શુકાનંદમુનિ તેમના સ્વરૂપમાં મુહુર્ત પર્યંત આસક્ત ચિત્તવાળા થયા. પછી તેમાંથી જાગ્રત થઈને રાજાને કહેવા લાગ્યા. (૧૧-૧૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તમો સારો પ્રશ્ન પૂછ્યો. તમારો પ્રશ્ન સર્વ જીવોનં હિત કરનારો અને એકાંતિક ભક્તોને પરમ પ્રિય છે. (૧૩) હે રાજન્ ! અવતારી શ્રીહરિનાં અનંત ઐશ્વર્ય છે. તેમના તે ચરિત્રોનો અંત વેદો અક્ષર મુક્તો તથા શેષાદિક પણ પામતા નથી. (૧૪) કોઈ પુરુષ ઘણા સમયે પણ જળના બિંદુઓને ગણી શકે તથા પૃથ્વીના રજકણોને પણ ગણી શકે, પરંતુ શ્રીહરિના અનંત ઐશ્વર્ય કહેવા માટે કોઈ સમર્થ થતા નથી. (૧૫) મોટા તિમિંગિલ વગેરે મહા સમુદ્રનો પાર કદાપિ પામતા નથી.

તેવી રીતે શ્રીહરિના ઐશ્વર્યોનો પાર કોઈ પણ પામતું નથી. (૧૬) જેમ પક્ષીઓ આકાશનો પાર પામતા નથી તેવી રીતે હે રાજન્ ! શ્રીહરિના ઐશ્વર્યાનો પાર કોઈપણ નથી પામી શકતું. (૧૭) શ્રીહરિના ઐશ્વર્યો અનંત છે, તો પણ બુદ્ધિશાળી સર્વ આદર પૂર્વક જેમ હોય તેમ વર્ણન કરે છે. (૧૮)

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિનાં ઐશ્વર્યો અનંત છે અને તર્કમાં આવી શકે તેમ પણ નથી. તેથી મારી બુદ્ધિ પ્રમાણે શ્રીહરિના જે ઐશ્વર્ય કહું છું તે તમો સાંભળો. (૧૯)

એક સમયે જુદા જુદા દેશોથી હજારો હજાર મનુષ્યો ઉત્તમ પ્રભાસ તીર્થમાં યાત્રા કરવા આવતા હતા. (૨૦) તેઓ કયા કયા દેશમાંથી આવેલા તે તમને કહું છું. કાશી   પ્રાંતના નિવાસી તથા મિથિલા પ્રાંતના નિવાસીજનો, ગોડ દેશ તથા પ્રયાગ પ્રાંતના નિવાસી જનો મથુરા, બંગદેશ, વૃંદાવન, અવંતીનગરી તથા શૂરસેન દેશના તેમજ હસ્તિનાપુર, કાશ્મીર, હરિદ્વાર તથા પુષ્કર પ્રાંતના તેમજ કુરુક્ષેત્ર, સુંદર સિદ્ધપુર, મરુદેશ, પાંચાલદેશ, તેમજ સોરઠ, કચ્છ, સિંધુ, સૌરાષ્ટ્ર, તથા સેતુબંધ તથા વેંકટાદ્રિ પ્રદેશ તેમજ શ્રીરંગદેશ, કાંચીપુર, દંડકારણ્ય, વિંધ્યાચલ તથા મલયાચલ દેશ, તાપી નદીના કાંઠા ઉપર રહેલા તથા નર્મદા તીરના તથા ગુજરાત દેશના જુદા જુદા મત પંથને આશ્રેલા જન સમુદાયો પ્રભાસમાં આવ્યા. (૨૧-૨૭) વિવિધ મતના આશ્રિત જનોમાં કેટલાક મધ્વ સંપ્રદાયના હતા. કેટલાક નિંબાર્ક મતના, કેટલાક વલ્લભાચાર્ય મતના તેમજ રામાનુજાચાર્યના મતના તથા રામાનંદના મતના પણ હતા. (૨૮) શિવમતમાં રહેલા કેટલાક સૂર્યની ઉપાસનાવાળા તથા શક્તિની ઉપાસનાવાળા, કેટલાક ગણપતિની ઉપાસનાવાળા, કેટલાક શંકરાચાર્યના મતના, કેટલાક વાણી મતના આશ્રીતો (૨૯) કેટલાક અગ્નિની ઉપાસનાવાળા, કેટલાક ઈન્દ્રના મતના, કેટલાક કાળ મતને આશરેલા તથા કેટલાક વૈરાજ મતને આશરેલા હતા. (૩૦)

તે મધ્વાદિ મતના સર્વે જનો પ્રભાસમાં, ધર્મનંદન શ્રીહરિનો પૃથ્વીમાં વ્યાપેલા મંગળમય આશ્ચર્ય કરનારો પ્રતાપ સાંભળતા હતા. (૩૧) પછી વિસ્મય પામેલા તે સર્વજનો પોતાનું શ્રેય કરવાની ઈચ્છાથી શ્રીહરિનો પ્રતાપ જોવા માટે માંગરોળ પત્તન પ્રત્યે તત્કાળ આવ્યા. (૩૨) પછી તે યાત્રિકો જુદા જુદા મતોને આશરેલા પુરના જનોને બોલાવીને જાણવાની ઇચ્છાથી આદરપૂર્વક તેમને પૂછતા હતા. (૩૩)

હે પૌર જનો ! સ્વામિનારાયણ ભગવાન લોકોને સમાધિ કરાવે છે. એમ અમોને લોકોએ કહ્યું છે. (૩૪) હે બુદ્ધિશાળીઓ ! તે સત્ય છે કે ખોટું છે કે કેવળ દંભ છે ? આવું તેમનું વચન સાંભળીને, યાંત્રિક જનોને તે પુરના જનો હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૩૫) હે યાત્રિકો ! સ્વામિનારાણનો મહાન્, સર્વોત્તમ, અતિપ્રસિદ્ધ પ્રતાપ અમોએ જોયો છે. (૩૬) આ સ્વામિનારાયણ કેવળ દર્શન માત્રથી જ ઘણાં દેહ ધારીઓને તત્કાળ સમાધિ કરાવે છે. અને પાછા સમાધિમાંથી ઉઠાડે છે. (૩૭) સ્વામિનારાયણને કંઈ પણ કાર્ય અસાદ્ય નથી જ. સર્વોત્તમ પરમેશ્વરને જણાવનારા તેમના ગુણ હોવાથી અમોને તે ઈશ્વર જણાય છે. (૩૮)

પુરજનોનું આ વચન સાંભળીને, યાત્રિકો આશ્ચર્ય પામ્યા, અને પરમેશ્વર શ્રી સ્વામિનારાયણના દર્શનની ઇચ્છાવાળા બની ઉત્સાહપૂર્વક પુરજનો પ્રત્યે કહેવા લાગ્યા. (૩૯)

એમ જો હોય તો શ્રી સ્વામિનારાયણના દર્શન માટે અમારે જવું જ જોઈએ. એ જો ભગવાન હોય તો અમોને અમારા ઈષ્ટદેવ જરૂર બતાવશે. (૪૦)

હે રાજન્ ! તે સર્વે યાત્રિકજનો એમ નિશ્ચય કરીને, ભેગા થઈને તેમના દર્શનમાં ઉત્સાહિત ચિત્તવાળા બની, તત્કાળ તેમની સમીપ ગયા. (૪૧) જે સ્થળે યાત્રિકો જઈ રહ્યા છે. ત્યાં પુરના જનો, સન્યાસીઓ, બીજા વીતરાગીઓ, વર્ણિઓ, અતીતો, વગેરે ઘણા જનો પણ આવ્યા. (૪૨) પોતાના ભક્તોની સભામાં શ્રેષ્ઠ સિંહાસનમાં બેઠેલા સર્વાતિશાયી શોભાથી યુક્ત, શ્રી મન્મોહર મૂર્તિ, ધારણ કર્યા છે ધોળાં વસ્ત્રો જેમણે, સુંદર મંદ હાસ્યથી આનંદિત અને શોભાયમાન મુખવાળા, પુષ્પના નાના પ્રકારના હાર ધારણ કરનારા, પુષ્પના તોરા ધારણ કરનારા, કરુણામય નેત્રકમળવાળા, શ્રી સ્વામિનારાયણના તે સર્વે જનોએ દર્શન કર્યા તથા તેમને નમસ્કાર કર્યા. સમગ્ર જગતના એક નાથ, ગુણોથી અતિ મહાન એવા શ્રી સ્વામિનારાયણે તેમનો સત્કાર કર્યો. તે પછી તે સભામાં બેઠા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં નાના મતવાદિનું આગમન કથન નિરૂપણનો છઠ્ઠા અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! શ્રીહરિના પ્રભાવથી પરાભવ થયા છે સમગ્ર તેજ જેમના એવા, યાત્રિકજનો, સર્વ જનોના ઈશ્વરો જે બ્રહ્માદિ, તેમના ઈશ્વરો પ્રદ્યુમ્નાદિ, તેમના ઈશ્વર શ્રીહરિને કહેવા લાગ્યા. (૧)

હે પ્રભો ! આ લોકો તમોને સાક્ષાત ભગવાન કહે છે. તેથી પરમેશ્વર ! તમારે માટે, કાંઈ પણ અશક્ય નથી. (૨) હે દયાનિધે ! હે સ્વામિન્ ! તમો અમો સર્વેને આરા ઈષ્ટદેવના પ્રત્યક્ષ દર્શન કરાવો. (૩)

હે ભૂપતે ! આ પ્રકારે યાત્રિકોની પ્રાર્થના સાંભળીને ધર્મના પુત્ર શ્રી પુરુષોત્તમ શ્રીહરિ, તેમનું શ્રેય કરવાની ઈચ્છાથી આ પ્રમાણે ચિંતવન કરતા હતા. (૪) જ્યારે મારા યોગૈશ્વર્યથી હું આ લોકોને તેમના ઈષ્ટદેવના દર્શન કરાવું ત્યારે તેઓ મને સર્વ થકી અધિક પરમેશ્વર જાણશે. (૫) તેથી મને અવતારી પુરુષોત્તમ જાણીને ધર્માભાસી ઢોંગી ગુરુઓનો ત્યાગ કરીને મારી ભક્તિ હંમેશા કરશે. (૬) મારું ઐશ્વર્ય જો હું એમને ન બતાવું તો તેમના કર્મોથી સંસારરૂપી સમુદ્રમાં ભમતા તેમનું સર્વોત્તમ કલ્યાણ કેમ થશે ? (૭) સર્વજનોના એક સ્વામી શ્રીહરિ આ પ્રકારે ચિંતવન કરીને તેમને સર્વને સ્વસ્તિકાસને બેસાડીને, પોતાના દર્શન માત્રથી જ તત્કાળ સમાધિ કરાવતા હતા. (૮) જેમની દૃષ્ટિથી જ તે સર્વજનોની નાડીઓ સંકોચ પામી ગઈ, તથા પ્રાણ લીન થઈ ગયા છે એવા બની તે સર્વે પોતપોતાના અંતરમાં પોતપોતાના

ઈષ્ટ દેવના દર્શન કરવા લાગ્યા. (૯)

તેમાં વલ્લભ સંપ્રદાય તથા નિંબાર્ક તથા મધ્વ સંપ્રદાયના હતા. એ ત્રણ મતવાળા શ્રીકૃષ્ણના દર્શન કરતા હતા. (૧૦) ગોપ તથા ગોપીઓના ગણોથી સેવાયેલા, શોભાયમાન વૃંદાવનમાં રહેનારા અને મુરલી વગાડતા, તથા બાળ લીલાથી અત્યંત શોભતા. (૧૧) સૂર્યના તેજમાં તારાઓ જેમ લીન થાય તેમ શ્રીહરિના તેજમાં લીન થયેલા શ્રીકૃષ્ણને તે ત્રણેય મતના અનુયાયીઓ જોતા હતા. પછી બીજી જ ક્ષણે શ્રીકૃષ્ણને શ્રીહરિથી જુદા પણ જોતા હતા. (૧૨)

રામાનુજના આશ્રિતો ગરુડ તથા વિશ્વકસેન તથા સુનંદાદિ પાર્ષદોએ સહિત લક્ષ્મીનારાયણના દર્શન કરતા હતા. (૧૩) પછી ક્ષણ માત્રમાં પ્રભુ શ્રીહરિના તેજમાં લક્ષ્મીનારાયણને લીન થયેલા, રામાનુજના આશ્રિતજનો જોતા હતા. (૧૪) રામાનંદ મતના આશ્રિતો સીતા તથા હનુમાન અને લક્ષ્મણ સહિત દિવ્ય સિંહાસનમાં બેઠેલા શ્રીરામચંદ્રજીને જોતા હતા. (૧૫) પછી સર્વેના નિયામક શ્રીહરિના તેજમાં શ્રીરામને લીન થયેલા જોયા. પછી રામાનંદ મતના આશ્રિત જનો શ્રીહરિથી જુદા રહેલા શ્રીરામને પૂર્વની માફક જોતા હતા. (૧૬)

શંકરાચાર્યના મતના હતા તે બ્રહ્મજ્યોતિ જ (અક્ષર બ્રહ્માખ્ય કેવળ તેજ) જોતા હતા. તે બ્રહ્મજ્યોત શ્રીહરિના તેજમાં લીન થયેલું જોતા હતા. પછી શ્રીહરિના પ્રકાશથી જુદું બ્રહ્મ તેજ જોતા હતા. (૧૭) શિવના આશ્રિતો હતા તે પાર્વતી તથા પ્રમથાદિગણે સહિત શંકરને જોતા હતા. તે શંકરને પણ શ્રીહરિના તેજમાં લીન થયેલા જોતા હતા. પછી ફરી શંકરને જુદા સ્વરૂપે રહેલા જોતા હતા. (૧૮) સૂર્યની ઉપાસનાવાળા સાક્ષાત સૂર્યને જોતા હતા તેમજ ગણપતિના ઉપાસકો ગણપતિને તથા ઈન્દ્રના ઉપાસકો ઈન્દ્રને જોતા હતા. (૧૯)

જે અગ્નિ મતમાં રહેલા તે પોતાના અંતરમાં પોતાના ઈષ્ટદેવ અગ્નિને જોવા લાગ્યા. વૈરાજના મતના આશ્રિતો વૈરાજને જોતા હતા. (૨૦) વાણીમતના આશ્રિતો હતા તે પોતાના અંતરમાં સરસ્વતીને જોતા હતા. તેમ જ સર્વે શક્તિ પંથીઓ પોતાની દેવી શક્તિને જોતા હતા. (૨૧)

હે રાજન્ ! પછી કાળ મતાશ્રિતો સર્વે લોકોને ભયંકર એવા પોતાના ઈષ્ટદેવ કાળને હર્ષપૂર્વક જોતા હતા. (૨૨) હે રાજન્ ! પછી સૌરાદિ કાળ મતાંત, સર્વે જનો શ્રીહરિના તેજમાં લીન થયેલા પોત પોતાના ઈષ્ટ દેવોને જોતા હતા. શ્રીહરિની ઇચ્છાથી શ્રીહરિ થકી જુદા રહેલા પણ જોતા હતા. (૨૩)

આ પ્રકારે તે સર્વે ઈષ્ટદેવને તેમના ઐશ્વર્યયુક્ત જોઈને વિવિધ પ્રકારના મતમાં રહેલા જનો અત્યંત પ્રસન્ન થયા, અને પૂર્ણકામ થયા. (૨૪) પછી જાણે મરેલા હોયને શું ? એમ અચેતન પડેલા, અંતરમાં પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરતાં સર્વ યાત્રિકાદિ જનોને, શ્રીહરિ કેવળ દૃષ્ટિમાત્રથી જ સમાધિથી તત્કાળ ઉઠાડતા હતા. (૨૫)

સર્વે યાત્રિકાદિ જનો શ્રીહરિનું સર્વોત્તમ ઐશ્વર્ય જોઈને અતિ વિસ્મય પામ્યા, અને શ્રી સ્વામિનારાયણ ભગવાનને સર્વાન્તર્યામી જાણીને તેઓ સ્વયં મનુષ્યદેહધારી પ્રત્યક્ષ અવતારી છે એમ જાણતા હતા.

(૨૬) સમાધિમાં તેમણે શ્રીહરિનો દિવ્ય ભાવ જોયો તેથી તે સર્વજનો પોતપોતાના મતનો તથા ગુરુઓનો ત્યાગ કરીને શ્રીહરિનો દૃઢ આશ્રય કરતા હતા. (૨૭)

તે આશ્ચર્ય જોઈને માંગરોળના નિવાસીજનો, બીજા હજારો જનો, શ્રીહરિનો દૃઢ આશ્રય કરીને પ્રીતિપૂર્વક શ્રીહરિને હંમેશા ભજતા હતા. (૨૮) હે રાજન્ ! મુક્તાનંદ તથા મુકુંદાનંદ વગેરે રામાનંદ મુનિના મુખ્ય શિષ્યો પણ શ્રીહરિનું આશ્ચર્યજનક ઐશ્વર્ય જોઈને, પોતાના સ્વામી, શ્રીહરિને સર્વ અવતારોના કારણ જાણતા હતા. શ્રીહરિની આજ્ઞામાં રહેતા મુક્તાનંદાદિ શ્રીહરિને દરરોજ હર્ષપૂર્વક ભજતા હતા. (૨૯-૩૦) પછી તે સર્વે મતવાદીઓ કૃતાર્થ થઈને હર્ષથી રોમાંચિત થયેલા નેત્રોમાં હર્ષાશ્રુ સાથે શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૩૧)

મતવાદીઓ કહે છે કે હે પ્રભો ! અસંખ્ય શરીરધારીઓની તત્ત્વથી આત્યંતિકી મુક્તિ કરવા માટે પૃથ્વીમાં પ્રાદુર્ભૂય હે ભગવાન્ ! અસંખ્ય જનોને સાધનો વિના પણ તમો કેવળ તમારી દૃષ્ટિથી જ કરુણાથી તત્કાળ સમાધિ કરાવો છો. (૩૨) હે પરમેશ્વર ! તમોએ અમોને તમારા પ્રતાપથી હમણાં જેવું તમારું ઐશ્વર્ય બતાવ્યું તેવું આ લોકમાં તમારા અવતારોએ પણ બતાવ્યું નથી. માટે હે ભૂમન્! તમો અમોને સર્વોપરી જણાઓ છો. (૩૩)

હે શ્રીહરે ! તમો જ સમગ્ર અવતારોના એક કારણ તેથી જ સર્વ કારણના કારણ અખિલ પ્રાણીઓના નિયંતા, ઉપનિષદોએ તથા અક્ષરાદિ મુક્તોએ તેમજ શેષાદિકોએ તમારા મહિમાનું જે વર્ણન કર્યું છે એવા આનંદપ્રદ, સદ્‌ગુણોના નિધિ, સ્વતંત્ર છો. (૩૪) જેમ ચક્ર વર્તી રાજા, રાજાના પદ પર રહીને સ્વતંત્રપણે પોતાનું પરાક્રમ વિસ્તારે છે, તેમ તમો ગુરુ રામાનંદ સ્વામીના સ્થાનમાં અધિષ્ઠાન થઈને આલોકમાં જન સમુદાયને તમારું ઐશ્વર્ય સમાધિમાં બતાવો છો. (૩૫)

હે ઈશ્વરોના ઈશ્વર ! તમારું દિવ્ય ધામ, અપાર કારુણ્ય, વાત્સલ્ય, સત્ય, શૌચાદિ ગુણો તથા વિભૂતિ, અણિમાદિ ઐશ્વર્યો, અનવધિકાતિશય "આનંદ" એવા ગુણોની આગળ જેમ સમુદ્ર આગળ કૂવા, વાવ, તળાવ વગેરેનું જળ અલ્પ છે, તેમ બીજાના વૈભવ, ગુણ વગેરે અત્યંત અલ્પ છે. (૩૬) હે અવતારિન્! હે આર્તિહારિન્ ! આ પૃથ્વીમાં તમો પ્રગટ થયા છો. તે સમયમાં જેમણે જન્મ ધર્યો છે તેવા અમો, વિધિ વગેરેએ, ઈચ્છેલું છે દર્શન જેમનું એવા પુરુષોત્તમ ! તમારી પ્રાપ્તિથી અમો ધન્ય છીએ. (૩૭)

હે પ્રભો ! હે હરે ! ઘણું પુણ્ય કર્યું છે એવી આ પૃથ્વી પણ હંમેશા ધન્ય છે, શ્રીહરિનું શરણ પામેલા તમારા સર્વ ભક્તો પણ ધન્ય છે. (૩૮) હે હરે ! ભક્તવત્સલતાથી ભરપૂર, સર્વ સૌંદર્યના સ્થાનભૂત, તમારું શરીર અણિમાદિક ઐશ્વર્યો, નિરવધિકાતિશય પ્રતાપ, શોભા, સંપત્યાદિ રૂપલક્ષ્મી, તેમ જ અક્ષરધામ, પાર્ષદો તથા તમારાં સ્વાભાવિક ગુણો તમારા સંબંધનું નિર્ગુણ સુખ, વસ્ત્રાલંકારાદિ વગેરે અનુપમ છે, તેથી શ્રુતિસમૂહો તમોને અદ્વિતીય કહે છે. આ પ્રમાણે મુનિગણો કહે છે. (૩૯) હે પ્રભો ! ઈશ્વરોના પણ ઈશ્વર ! તમારી સ્તુતિ કરવા માટે અલ્પમતિવાળા અમો કેમ સમર્થ થઈએ? અર્થાત્ ન જ થઈએ. તેથી મહા ગુણસાગર, સમગ્ર પીડાઓને હરનારું છે. દર્શન જેમનું એવા તમોને

અમો વંદન કરીએ છીએ. અમો બધા જે તમારા દાસ છીએ તેમનું તમો સંસારથી રક્ષણ કરો. (૪૦)

હર્ષ પામેલા સર્વયાત્રિકજનો આ પ્રકારે શ્રીહરિની સ્તુતિ કરીને, પછી વિવિધ પ્રકારના મહામૂલ્યવાળા વસ્ત્રો, આભૂષણો તથા પૂજાને ઉચિત ઉપહારો વડે પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની વિધિ પ્રમાણે પૂજા કરીને, વાજિંત્રોના ઘોષ સાથે, આરતી કરતા હતા. (૪૧) પછી પ્રેમથી આર્દ્રચિત્તવાળા તે સમગ્રજનો, પમેશ્વર પ્રણતાર્તીહારિ શ્રીહરિને, સાષ્ટાંગ પ્રણામ કરીને શ્રીહરિની આજ્ઞાથી પોતાના નિવાસસ્થાનમાં ગયા. તે સર્વે પોતાના ધર્મમાં રહીને શ્રીહરિની ઉપાસના કરતા હતા. (૪૨)

તે વખતે શ્રીસ્વામિનારાયણ અખિલેશ્વર સાક્ષાત્ ભગવાન છે. પરમેશ્વરપણાના સર્વ દિવ્ય ગુણોથી સંપન્ન છે અને પુરના ઘણા જનો તથા યાત્રિકોને તત્કાળ સમાધિ કરાવી તેમના ઈષ્ટદેવના દર્શન કરાવીને તે સર્વને પોતાના સમાશ્રિત કરે છે, આ પ્રકારનો માંગરોળ બંદરમાં ઉદઘોષ થયો. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિ પ્રદર્શિત સકળ મતવાદીના ઈષ્ટદેવાદિ નિરૂપણનો સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી હજારો હજાર પુરના જનો શ્રાવક વણિકો, શ્રીહરિનો આશ્રય કરવાની ઈચ્છાવાળા ત્યાં શ્રીહરિની સમીપમાં આવ્યા. (૧) પછી તે શ્રાવકો ભક્તની સભા મધ્યે શ્રેષ્ઠ આસનમાં, વસંત કાળમાં ધારવા યોગ્ય વસ્ત્ર ધારણ કરીને બેઠેલા શ્રીહરિને જોઈને, આનંદ પામ્યા. (૨)

પછી હે મહીપતે ! તે શ્રાવકો તથા શ્રીહરિએ સન્માન કરેલા સમગ્ર સંતો સભામાં રહીને પ્રીતિપૂર્વક શ્રીહરિને પ્રણામ કરીને કહેવા લાગ્યા. (૩)

હે પ્રભો ! નાના પ્રકારના દેશોમાંથી આવેલા યાત્રિકો તથા પુરના નિવાસીજનોને તમોએ તેમના ઈષ્ટદેવના દર્શન કરાવ્યા. (૪) પુરના જનો તમોને ભગવાન કહે છે. તેથી હે પ્રભો ! તમોને કાંઈ દુષ્કર નથી જ. (૪)

હે સ્વામિન્ ! અમારા તીર્થંકરોને જોવાની ઈચ્છાવાળા અમો સર્વે મળીને આ સ્થાનમાં તમારી સમીપ આવ્યા છીએ. તેથી હે પ્રભો ! અમોને તે બતાવો. (૬) હે હરે ! અમોને જ્યારે અમારા તીર્થંકર બતાવશો ત્યારે અમો સર્વે તમારી દાસભાવે ઉપાસના કરીશું. (૭)

આ પ્રકારે શ્રાવકોનું વચન સાંભળીને, સર્વજ્ઞ પુરુષોત્તમ તેમને સર્વેને ધ્યાન મુદ્રાથી બેસાડીને તેમના પ્રત્યે કૃપાદૃષ્ટિથી જોતા હતા. (૮) શ્રીહરિની દૃષ્ટિ માત્રથી જ લીન થયા છે. નાડી પ્રાણ જેમના એવા સર્વે શ્રાવકો, અત્યંત વિસ્મય પામીને પોતપોતાના ગ્રંથોમાં સાંભળ્યા છે લક્ષણ જેમનાં એવા ઋષભદેવ

મુખ્ય છે. જેમને એવા તીર્થંકરોને જોતા હતા. (૯-૧૦)

સંપ્રાપ્ત થઈ છે સમાધિ જેમને એવા શ્રાવકો પૂર્વે થયેલા ચોવીસ સંખ્યાવાળા, કેવળ જ્ઞાની, પ્રભૃતિ, તેજ પ્રકારે તેટલા ચોવીસ સંખ્યાવાળા ભવિષ્યમાં થનારા, પદ્મનાભાદિ, સમગ્ર તીર્થંકરોને તેમજ વર્તમાન કાળમાં વર્તતા ઋષભાદિને જોતા હતા. (૧૧)

(तथा चोक्तं हैमकोशे, ''उत्सर्पिण्यामतीतायां चतुर्विंशतिरर्हताम् । केवलो ज्ञान निर्वाणः सागरोऽथ महायशाः ॥१॥ विमलः सर्वानुभूतिः श्रीधरो दत्ततीर्थकृत् । दामोदरः सुतेजाश्च स्वामर्यर्थो मुनिसुव्रतः ॥२॥ सुमतिः शिवरातिश्चैवास्तोद्योऽथ निमीश्वरः । अनिलो यशोधराख्यः कृतार्थोऽथ जिनेश्वर ॥३॥ शुद्धमतिः शिवकरः स्यन्दनश्चाथ संप्रतिः ॥ भावन्यां तु पद्मनाभः शूरदेवः सुपार्श्वकः ॥४॥ स्वयंप्रभश्च सर्वानुभूतिर्देवश्रुतोदयौ ॥ पेटोलः पोहिलश्चापि शतकीर्तिश्च सुव्रतः ॥५॥ अममो निष्कपायश्च निष्पुलाकोऽथ निर्भ्रमः । चित्रगुप्तिः समाधिश्च संवरश्च यशोधरः ॥६॥ विजयो मल्लदेवश्चानन्तवीर्यश्च भद्रकृत् ॥ एतस्यामवसर्पिण्यामृषभोजितसंभवौ ॥७॥ अभिनन्दनः सुमतिस्ततः पद्मप्रभाभिधः । सुपार्श्वश्चन्द्रप्रभश्च सुविधिश्चाथशीतलः ॥८॥ श्रेयांसो वासुपूज्यश्च विमलोऽनन्ततीर्थकृत् ॥ धर्मः शान्ति कुन्थुरराषाण्मल्लिर्मुनिसुव्रतः । निमिर्नेमिः पार्श्ववीरचतुर्विंशतिरर्हतामिति । एतेषां मातापितृ-वंश-वाहन-नामान्तरादिकं हैमकोशात् सविस्तरं बोध्यम् । ग्रन्थगौरवभयान्न लिख्यते ॥११॥)

તે શ્રાવકો ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલીન સર્વ તીર્થંકરોને જોઈને પ્રસન્ન થયા અને સમાધિમાં ત્રણ પહોર સુધી રહ્યા. (૧૨)

તે શ્રાવકો અચેતન થવાથી મરણ પામ્યા છે એમ પુરમાં ઉદ્‌ઘોષ થયો. તે વખતે તેમના સંબંધીઓ ભય પામીને તત્કાળ ત્યાં આવ્યા. (૧૩) તે મરેલાની માફક જમીન ઉપર પડેલા ચેષ્ટા વિનાના સંબંધી જનોને જોઈને, તેમના નેત્રમાંથી આંસુ નીકળવા લાગ્યા. એવા તે 'હે શ્રીહરે ! અમારા સંબંધી જનોને જીવાડો' આ પ્રકારે શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. (૧૪)

પછી નિરવધિકાતિશય ઐશ્વર્યના અધિપતિ શ્રીહરિ કૃપાદૃષ્ટિથી તેમને સમાધિમાંથી ઉઠાડતા હતા. પછી તે જનો વિસ્મયથી વ્યાકુળ થઈને ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૧૫) પછી સમાધિમાંથી ઊઠેલા જનો ઉત્સાહથી પરમેશ્વર આ શ્રીહરિએ અમોને સર્વ તીર્થંકરો બતાવ્યા છે. આવી રીતે સંબંધિ જનોને કહેવા લાગ્યા. (૧૬)

પછી તે શ્રાવકો સ્વામિનારાયણને પરમેશ્વર જાણીને પોતાના ગુરુ તથા પોતાના નાસ્તિક કર્મ પ્રધાન મતનો ત્યાગ કરીને, કલ્યાણ માટે હર્ષપૂર્વક શ્રી સ્વામિનારાયણનો આશ્રય કરતા હતા. (૧૭)

આ પ્રકારે શ્રીહરિનો દૃઢ આશ્રય તે હજારો હજાર જનો કરીને સર્વદા શ્રીહરિની ધર્મે સહિત ભક્તિ કરતા હતા. (૧૮)

હે મહિપતે ! માંગરોળ પત્તનના વજદીન રાજાના સાળા કાજી સાહેબે શ્રીહરિનું આ મહાઐશ્વર્ય સાંભળ્યું. (૧૯) પછી (સ્વામિનારાયણ પોત પોતાના ઈષ્ટ દેવના દર્શન કરાવે છે, એવું મહાઆશ્ચર્ય

સાંભળ્યા પછી) બહેનના પતિએ પ્રેરણા કરવાથી તે કાજી યવનોથી વીંટાયેલા શ્રીહરિની સમીપ આવીને શ્રીસ્વામિનારાયણને પ્રણામ કરીને કહેવા લાગ્યો. (૨૦)

હે હરે ! તમો લોકોને તેમના ઈષ્ટદેવનાં દર્શન કરાવો છો. માટે અમોને અમારા ઈષ્ટદેવતા રૂપ પેગમ્બરોને તમો બતાવો. (૨૧) હે સ્વામિન્ ! અમોને અમારા ઈષ્ટદેવનાં દર્શન તમો કરાવશો એટલે અમો સર્વે તમારા સેવકો થઈશું. તેમનું આવું વચન સાંભળીને, શ્રીસ્વામિનારાયણ ભગવાને કાજી વગેરે યવનોને બેસાડીને 'મારા તરફ જુઓ' આવી રીતે કહ્યું. (૨૨)

પછી હે મહીપતે ! તે કાજી વગેરે સ્વામિનારાયણ ભગવાન સન્મુખ જોતા હતા. તેવામાં જ તેમના નાડી પ્રાણ સંકોચ પામ્યા અને તેઓ તત્કાળ સમાધિ પામ્યા. (૨૩) પછી કાજી વગેરે યવનો પોતપોતાના ઈષ્ટદેવો મહમદ આદિને, કુરાન ગ્રંથમાં જેવા વર્ણવ્યા હતા તેવા, જોતા હતા. પછી પોતાના હૃદયમાં મહા આનંદ પામ્યા. (૨૪)

પછી શ્રીહરિએ જેમના તરફ દૃષ્ટિ કરી છે એવા કાજી વગેરે સમાધિથી ઊઠીને સમાધિમાં પોતે જોયેલું પરસ્પર કહેવા લાગ્યા. (૨૫) પછી કાજી વગેરે હૃદયમાં સહજાનંદ શ્રીસ્વામિનારાયણને ભગવાન જાણીને, તેમનો દૃઢ આશ્રય કરીને, તેમની આજ્ઞામાં રહેવા લાગ્યા. (૨૬) વજદીન રાજાએ પણ આ મહાશ્ચર્ય સાંભળીને, દૃઢ નિશ્ચયપૂર્વક શ્રી સ્વામિનારાયણના પરમેશ્વરપણાનો નિશ્ચય કર્યો અને શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરીને હંમેશા તેમની અનન્ય ભક્તિ કરવા લાગ્યા. (૨૭)

માંગરોળ પુરમાં જે જે જન શ્રીહરિના દર્શન કરતા હતા તેમને આ અદ્ભુત સમાધિ થતી હતી. એટલે શ્રીહરિને ભગવાન જાણીને તેમનો આશ્રય કરતા હતા. (૨૮)

પોતાના ભક્તજનોથી વીંટાયેલા રાજમાર્ગમાં જતા શ્રીહરિને પુરના જનો પોતાનું કામકાજ કરતા કરતા પણ જો દર્શન કરતા તો (૨૯) સમાધિ પામીને કાષ્ઠની પ્રતિમાઓની માફક સ્થિર થઈ જતા. હે રાજન્ ! પુરના જનો પોતાના હાથમાં વેચવા માટે લીધેલાં ખજૂર, ખારેક, દ્રાક્ષ વગેરે વસ્તુઓ સાથે સ્થિર થઈ જતા અને કાંઈ ક્રિયા કરી શકતા નહીં. (૩૦)

કેટલાક પુરના જનો તો શ્રીહરિને કામણગારા જાણીને બારણા બંધ કરીને પોતાના ઘરમાં સંતાઈ જતા. (૩૧) તો પણ શ્રીહરિની લાવણ્યભરી મનોહર આકૃતિથી તેમનું મન શ્રીહરિ પ્રત્યે ખેંચાઈ જતું અને મનની પીડાને નાશ કરનારાં જેમનાં દર્શન છે એવા શ્રીહરિને જાળીયામાંથી પણ લગારેક જોઈને પણ તેમની મૂર્તિમાં તેમના પ્રાણ ઈન્દ્રિયો ચોંટી જતા. અને તત્કાળ સમાધિ પામતા. (૩૨-૩૩)

લોકો મદ્ય, માંસાદિકનું ભક્ષણ, ચોરી, વ્યભિચાર, વગેરે અધર્મનો શ્રીહરિના પ્રતાપથી તત્કાળ ત્યાગ કરતા હતા. (૩૪) તેમના હજારો હજાર આશ્રિતો, ગૃહસ્થો તથા સમગ્ર ત્યાગીઓ તે સર્વે જનો શાસ્ત્રામાં કહ્યા પ્રમાણે સ્વધર્મનું પાલન કરતા હતા. (૩૫)

સધવા તથા વિધવા સ્ત્રીઓ શ્રીહરિના પ્રતાપથી શાસ્ત્ર પ્રમાણે સદા પોતપોતાનો સદ્ધર્મ પાલન

કરતી હતી. (૩૬) શ્રીહરિના પ્રતાપથી સર્વે શ્રીહરિના આશ્રિતો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભક્તિએ યુક્ત હતા. (૩૭)

આ પ્રમાણે શરીરધારીઓના હિતને માટે જ પોતાનો સર્વોત્તમ પ્રતાપ વિસ્તારતા દૂરંત વીર્યવાળા શ્રીહરિએ અસદ્ ગુરુઓમાં રહેલા અધર્મ સર્ગને પોતાના પ્રતાપથી ઉખેડી નાખ્યો. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિએ કરાવેલ શ્રાવકા ઈષ્ટદેવ દર્શનાદિ નિરૂપણનો આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એટલામાં મોટું આશ્ચર્ય થયું. તે હું તમોને કહું છું. તે તમો સ્વસ્થ ચિત્તથી સાંભળો. (૧) હે નૃપ ! પૂર્વ દિશામાં મંકિરામ (મગ્નીરામ) નામે અભિચાર કર્મમાં આસક્તિવાળો અને 'અતીત' નામના લોકોનો અગ્રેસર હતો. (૨)

એ દુષ્ટ, મહાકાળી દેવીનો ઉપાસક હતો અને મંત્ર, યંત્ર, તંત્રાદિકમાં કુશળ હતો, મદ્ય, માંસ, મદિરાદિના અર્પણથી પ્રસન્ન થયેલી દેવી તેને હંમેશા પોતાના દર્શન આપતી હતી. (૩) ભૂત, ભૈરવ, વીર, ડાકીની, શાકિની, કૃત્યાદિને જેણે ઉપાસના કરીને વશ કરેલા છે અને તે નિરંતર જેની આજ્ઞામાં વર્તે છે. (૪) શત્રુના સમુદાયોથી કદાપિ પરાભવ નહીં પામેલો, જેનું પુરુષાતન લોકોમાં પ્રસિદ્ધ છે, તેને રાજા વગેરે દેવીના ભક્તો માન આપતા હતા અને તેનો આશ્રય કરી રહ્યા હતા. (૫)

બે ભ્રકુટિની વચ્ચેના ભાગમાં સિંદૂરની આડ કરતો તથા રાતા ચંદનની કપાળમાં પત્રલતા (આડ્ય) કરતો. (૬) જેના અગ્રભાગમાં સિંદૂરનો લેપ કરેલો છે તે અતિ ભયંકર, ત્રિશૂલ ધારણ કરતો, નિર્દય લોકોને કાળની જેવો ભયંકર (૭) સર્પની માફક બીક પમાડતો, અત્યંત લાંબી જટા ધારણ કરતો, તાડની માફક ઊંચા શરીરવાળો, સુરાપાન કરવાથી જેની કાજળ ઘેરી આંખો લાલ થઈ ગઈ છે. (૮)

એક સમયે ઘણા શિષ્યોથી વીંટાયેલો મંકિરામ પૃથ્વીમાં ફરતો ફરતો લોકોને ઠગીને તેમની પાસેથી ધન, વસ્ત્રાદિ પડાવી લેતો હતો. (૯) ફરતાં ફરતાં મંકિરામ સૌરાષ્ટ્ર દેશમાં આવ્યો અહીં શ્રીસ્વામિનારાયણ ભગવાન લોકોને સમાધિ કરાવે છે એવો તેમનો વિસ્મયકારક, લોકોએ ગાન કરેલો, સર્વોત્તમ પ્રતાપ સાંભળ્યો. શ્રી હરિનો તે પ્રતાપ સહન ન કરી શકવાથી તે મનમાં બળવા લાગ્યો. (૧૦-૧૧)

પોતાના શિષ્યોને તથા બીજાઓને તે ઈર્ષ્યાથી કહેવા લાગ્યો. હે શિષ્યો ! હે જનો (સ્વામિનારાયણનો પરાભવ મારે કરવો જ.) (૧૨) હે લોકો ! આ પૃથ્વીમાં મારા સિવાય અતિશય પરાક્રમી બીજો સિદ્ધ કોણ છે ? દેવીના પ્રતાપથી મને જીતવા કોઈ સમર્થ નથી. (૧૩)

આસુરભાવવાળા તેના શિષ્યો, તથા ત્યાં ભેગા થયેલા દૈત્યાંશ ગુરુઓ તેનું આ વચન સાંભળીને

તે મંકિરામને કહેવા લાગ્યા. (૧૪)

હે વીર ! તમોને જીતવા માટે ત્રિદશેશ્વર, ઈન્દ્ર વગેરે કોઈ પણ સમર્થ નથી તથા અસુરેન્દ્રો પણ સમર્થ નથી. તો મનુષ્યોની વાત જ શી કહેવી ? (૧૫) ઈષ્ટદેવના બળથી અતિશય સામર્થ્યવાળા તમો આ પૃથ્વીમાં અનુપમ છો. તેથી સ્વામિનારાયણને પરાભવ પમાડવા તમે તૈયાર થાઓ. (૧૬) હે સિદ્ધવર્ય ! આ સ્વામિનારાયણે ઈન્દ્રજાળની વિદ્યાથી સમગ્ર વિશ્વને વશ કર્યું છે. તેથી અમો અત્યંત દુઃખ પામીએ છીએ. (૧૭)

તે સર્વે દુષ્ટોએ આ પ્રકારે પ્રોત્સાહન આપવાથી, દુષ્ટ મંકિરામે તેમને કહ્યું. હે લોક ગુરુઓ! સ્વામિનારાયણને હું જીતીશ જ. આ પ્રમાણે તેણે તે સમયે પ્રતિજ્ઞા કરી. (૧૮)

પછી મંકિરામ તે ગુરુઓ તથા ઘણા શિષ્યો સાથે માંગરોળ પત્તનમાં શ્રીહરિને જીતવાની ઈચ્છાથી આવ્યો. (૧૯) પછી મદોદ્ધત તે મંકિરામે અતિતવીતરાગી ગુરુઓ તથા તેના શિષ્યો સાથે માંગરોળ પુરથી બહાર, વૃક્ષોની ઘટાવાળા એકાંત સ્થળમાં, નિવાસ કર્યો. (૨૦) સ્વામિનારાયણનો પ્રતાપ સાંભળવાથી જેને ક્રોધ ઉત્પન્ન થયો છે, એવો તે અગ્નિની જ્વાળાની જેમ અત્યંત બળતો હતો. (૨૧)

પછી દુર્મદ મંકિરામ બધી સામગ્રી એકઠી કરીને ભૈરવાદિ સર્વ નીચ દેવોને પ્રસન્ન કરવા માટે હોમ કરવા લાગ્યો. (૨૨) પછી હે મહિપતે ! તે હોમથી પ્રસન્ન થયેલા ભૈરવાદિ જ્યાં તેણે હોમ કર્યો હતો ત્યાં આવીને મંકિરામને પૂછવા લાગ્યા કે અમારે શું કરવું ? (૨૩)

પછી પોતાના કાર્યની સિદ્ધિ થઈ છે એમ જાણીને, બળવાન મંકિરામે તેમને કહ્યું હે દેવો! તમો સ્વામિનારાયણને તત્કાળ પરાભવ પમાડો. (૨૪)

પછી અતિ ભયંકર આકૃતિવાળા તે ભૈરવાદિ દેવો તેની આજ્ઞાથી રાત્રે શ્રીહરિની સમીપમાં ગયા. હે રાજન્ ! તે શ્રીહરિને જોઈને તેમના પ્રતાપથી બીક પામીને દૂરથી જ નાસી ગયા. (૨૫)

પછી ભૈરવાદિ તે ક્ષુદ્ર દેવતાઓ મંકિરામની પાસે જઈને ગર્વિષ્ઠ મંકિરામને કહેવા લાગ્યા હે શકતાગ્રગણ્ય ! અમો શ્રી સ્વામિનારાયણની આગળ જ્યારે ગયા ત્યારે અમારા શરીર બળવા લાગ્યા. તેથી ત્યાં ઉભા રહેવા અમો શક્તિમાન નથી. (૨૬)

દાનવોમાં શ્રેષ્ઠ મંકિરામ તેમનું આ વચન સાંભળીને શોકથી પીડા પામ્યો. તેમને હણવાની ઈચ્છાથી પોતાની ઈષ્ટ દેવીની ફરી આરાધના કરવા લાગ્યો. (૨૭)

પછી જેણે આયુધો ઉગામ્યા છે તે આઠ હાથ વાળી મહાકાળીદેવીએ ત્યાં તેને દર્શન આપ્યાં. (૨૮) જેનું વિકરાળ મુખ ગુફા જેવું છે, જેની ભ્રકુટિ ક્રૂર છે, નેત્રો લાલ બળતા અંગારાની જેવા છે, તેવી છૂટા કેશવાળી, (૨૯) હે રાજન્ ! તે દેવી હવે મારે શું કરવું ? એમ મંકિરામને પૂછવા લાગી. તે વખતે અતિદુષ્ટમતિ મંકિરામે તે દેવીને કહ્યું. (૩૦)

હે આર્યે ! મેં સર્વ શૂરવીર ભૈરવ વગેરેને મોકલ્યા પણ તેમનો તત્કાળ પરાભવ થયો. માટે

મારા દ્વેષિ તે સ્વામિનારાયણને તમો હણી નાખો. (૩૧)

મંકિરામે આ પ્રમાણે આજ્ઞા આપી એટલે તેને વશ થયેલી વિકરાળ આકૃતિવાળી, ક્રોધથી લાલ નેત્રોવાળી તે દેવી, સ્વામિનારાયણની સમીપમાં ગઈ. (૩૨) પછી સ્વામિનારાયણ ભગવાન પાસે ગયેલી તે મહાકાળીદેવીએ દૂરથી જ તેમને જોયા. એટલે તેના અંગો અત્યંત બળવા લાગ્યા. (૩૩)

તેમનાથી દૂર હોવા છતાં પણ તે ત્યાં ઊભી રહેવા સમર્થ ન થઈ અને શ્રી સ્વામિનારાયણના ભયથી તેનું શરીર કંપવા લાગ્યું. તેથી તે ચી, ચી, ચી, શબ્દ કરતી અગ્નિથી બળેલી સર્પિણીની જેમ ત્યાંથી દોડી ગઈ. (૩૪) પોતાનો પ્રયત્ન નિષ્ફળ ગયો છે એવી તે દેવી પોતાનું આરાધન કરનાર મંકિરામની પાસે ગઈ, અને ક્રોધથી જેનો હોઠ ધ્રુજે છે એવી મંકિરામ પ્રત્યે કહેવા લાગી. (૩૫)

હે નીચ ! હે મંદભાગ્ય ! હે દુષ્ટાત્મન્ ! ગરુડની પાસે જેમ સર્પિણી જાય અને તેની જે ગતિ થાય તેવી રીતે મને સ્વામિનારાયણની પાસે મરવા માટે કેમ મોકલી ? (૩૬) તે મહાપ્રતાપશાળી અજેય શ્રીહરિને દૂરથી જોઈને મારા અંગો અત્યંત બળવા લાગ્યા. અને કંપથી હું પીડા પામી છું. (૩૭)

તે કાળના કાળની પાસે રહેવા માટે હું સમર્થ નથી. મારું મન તેમના ભયથી પીડા પામ્યું છે. એટલે હું અહીં આવી છું. (૩૮) હે મૂઢ ! જેને મારવા તેં મને પ્રેરણા કરી તે અસંખ્ય કોટિ બ્રહ્માંડોના અધીશ્વર, કાળ માયાદિના નિયંતા, સ્વયં ભગવાન છે. (૩૯) આ ભગવાન જે દાસ છે, તેમના પણ દાસ, તેમની દાસીઓની હું તો સેવિકા છું. તેથી તે મારાથી કેમ જીતાય ? (૪૦)

મંકિરામ કાળીદેવીનું આ વચન સાંભળીને, સ્વામિનારાયણ પોતે ભગવાન છે, એમ નિશ્ચય કરીને વિસ્મય પામીને દેવીને કહેવા લાગ્યો. (૪૧)

હે દેવી ! મેં પહેલાં તો તમોને સર્વ દેવોના અધિષ્ઠાત્રિ જાણ્યા હતા. (માર્કંડેય પુરાણમાં સપ્તશતી પાઠના શ્રવણથી) સ્વામિનારાયણને ભગવાન તો હમણાં જાણ્યા જેથી તેમનો તમોને પણ ભય છે. (૪૨)

એટલે તમો પરાધિન હોવાથી શરણે આવેલાનું રક્ષણ કરવા કેવી રીતે સમર્થ થાઓ ? જેમ સર્પે ગળેલો માણસ બીજાની રક્ષા કરવા માટે સમર્થ થતો નથી તેમ (૪૩) સર્વથી પર પરમેશ્વર તેમનાથી અત્યંત બીક પામેલી અતિ તુચ્છ, જેમ સિંહની બીકથી ત્રાસ પામેલી મૃગલીના આશ્રયથી કોઈ કામ સરતું નથી, તેમ તારા આશ્રયથી શું સુખ થાય ? (૪૪)

હું તારી ઉપાસના આટલા દિવસથી કરતો હતો. તે હે કપટી ! અતિ નીચ ! પરમેશ્વરની પાસે તું કાંઈ પણ કરી શકતી નથી. એવું તેં મને કેમ ન કહ્યું ? (૪૫) તેથી તું કૃતઘ્ની છે અને તારો હું હવે ત્યાગ કરું છું. માટે મારાથી દૂર જા, તારું મુખ જોવું મને ગમતું નથી, મારે તારું કાંઈ કામ નથી. (૪૬)

સકળ વિશ્વના એક નિયંતા, પોતાના આશ્રિતોની સંસૃતિના બંધનને નાશ કરનારા, તેમનો ત્યાગ કરીને તારી જે ઉપાસના કરે છે, તે જનો તો કલ્પવૃક્ષનો ત્યાગ કરીને વિષવલ્લીને સેવે છે. (૪૭) મારા જેટલા દિવસો તારી સેવામાં ગયા. તેટલા દિવસો, વાંઝણી ગાયની સેવા કરનારના દિવસો જેમ વ્યર્થ જાય

છે, તેમ વિફળ જ ગયા. (૪૮) તેથી સર્વ નિયંતા, અનાદિ સિદ્ધ, ભગવાનનો આશ્રય હવે હું કરીશ. તમે તમારા સ્થાનમાં જાઓ. (જેમ મને લોભાવ્યો તેમ બીજાને તારે લોભ પમાડવો નહીં.) (૪૯)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! મંકિરામે દેવીને આ પ્રમાણે કહ્યું, તેથી તેનું મુખ કરમાઈ ગયું અને આ અનાદરથી ક્ષોભ પામી, પોતાના સ્થાનમાં ચાલી ગઈ. (૫૦) આ પ્રમાણે મંકિરામે દેવીનો તિરસ્કાર કર્યો તે અંતર્યામીપણે કરુણાસિંધુ શ્રીહરિએ જાણ્યું. પોતાના સ્વરૂપની ઓળખાણ મંકિરામને થઈ તેથી તેને વિષે તેમને પ્રીતિ થઈ. (૫૧)

દુષ્ટોનો પણ પોતાના પ્રતાપથી ઉદ્ધાર કરવાની ઈચ્છાવાળા શ્રીહરિની ઈચ્છાથી, હે રાજન્ ! મંકિરામ પોતાના આસનમાં બેઠો હતો ત્યાં તેને તત્કાળ સમાધિ થઈ. (૫૨) મંકિરામે સમાધિમાં કરોડો કરોડ સૂર્યના સમાન તેજસ્વી, પ્રત્યક્ષ, કિશોર અવસ્થાવાળા, દિવ્યાકૃતિ, ધર્મના પુત્ર શ્રીહરિને જોયા. (૫૩)

પછી શ્રીહરિને ચારેય ચરફ અક્ષરસંજ્ઞાવાળા દિવ્ય, અપ્રાકૃત, મહા જ્યોતિથી યુક્ત ઘણા મુક્તોને જોયા. (૫૪) તેમના દર્શનથી ઘણો હર્ષ તથા આશ્ચર્ય પામેલો, શ્રીહરિના દર્શનથી જેના પાપનો સમૂહ નાશ પામ્યો છે, એવા મંકિરામે આંખમાં અશ્રુ સાથે ધ્યાનમાં દર્શાએલા શ્રીહરિને નમસ્કાર કર્યા. (૫૫)

પછી હાથ જોડીને મંકિરામ નમ્રતાપૂર્વક શ્રીહરિને હે પ્રભો ! અહો તમો સાક્ષાત ભગવાન છો, એમ મેં જાણ્યું, આ પ્રમાણે કહેવા લાગ્યો. (૫૬) હે સ્વામિન્, હે દયાસાગર ! હું અતિ પાપિષ્ઠ છું છતાં મારો અપરાધ ન ગણતાં તમોએ મને તમારું દિવ્ય રૂપ બતાવ્યું છે. (૫૭) હે સ્વામિન્! અધમ જનોએ તથા દેવોએ પણ ત્યાગ કરેલો અતિશય અસાધુ એવો હું, તમારી કૃપાથી હમણાં સંસારસાગરથી ઉગરી ગયો છું. (૫૮) તેથી હે અર્તિહન્ ! તમારું પવિત્ર અધમોદ્ધારક નામ તમોએ સાર્થક કર્યું છે, તે નામ પૃથ્વીમાં જનો ગાશે. (૫૯)

હે ભગવન્ ! તમારી કૃપાનું વર્ણન કરવા માટે શેષાદિ પણ સમર્થ નથી. મારા જેવા મંદબુદ્ધિ તે કૃપાનુ વર્ણન કરવા સમર્થ ક્યાંથી થાય ? (૬૦) જે જનો નમસ્કાર કરે છે તેમના ક્લેશને હરનારા પ્રભુ શ્રીહરિ, મંકિરામનું આવું વચન સાંભળીને હે રાજન્ ! તેને પોતાનું દિવ્ય સુખ આપીને, ત્યાંથી તત્કાળ તિરોધાન થઈ ગયા. (૬૧)

પછી મંકિરામે, શ્રીહરિને અંતર્વૃત્તિથી ચિંતનીય જાણીને, પ્રત્યક્ષ શ્રીહરિનું શરણું લેવા માટે ઉત્સાહથી શ્રીહરિને સંભારીને તે રાત્રી કાઢી. (૬૨) પછી મંકિરામ પ્રાતઃકાળમાં ઊઠીને સ્નાન કરીને, શ્રીહરિની પાસે ગયો. ત્યાં પુરુષોત્તમ શ્રીહરિને સ્નેહથી સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યો. (૬૩) મંકિરામ બંને હાથ જોડીને, રોમાંચિત ગાત્રથી, અશ્રુથી ગદ્ગદ્ બનેલી વાણીથી, સર્વેના નિયામક શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યો. (૬૪)

તમને જે જનો વંદન કરે છે, તેમને તમારા ચરણ કમળ કલ્પવૃક્ષ સમાન છે એવા મોટા દેવોએ વંદન કરવા યોગ્ય, અસંખ્ય બ્રહ્માંડોના અધિપતિ, દૂરંત એવી માયાના જે સત્વાદિ ગુણો તેનો ચોવીસ તત્ત્વાત્મક સર્ગ તેણે રહિત તમોને હું વંદન કરું છું. (૬૫) હે પ્રભો ! પાંચ મહાપાપ કરનારો દુષ્ટ આશયવાળો, કૌલ માર્ગરૂપી કુમાર્ગમાં મુખ્ય જે હું, તે મારો નિરવધિકાતિશય કરુણાવાળા શ્રીપુરુષોત્તમ!

તમોએ પાપરૂપી મહાસાગરમાંથી ઉદ્ધાર કર્યો છે. (૬૬) (હે સ્વામિન્ ! સોએસો પ્રાયશ્ચિત્તોથી પણ હું પવિત્ર ન થાઉં તેવો હું, તે મને તમોએ પવિત્ર કર્યો એ ચરિત્ર અનન્ય સાધ્ય છે.) કુસંગથી પામેલા અશુભ માર્ગના યોગથી, વૈદિક સન્માર્ગથી હું પડી ગયો હતો, જેથી મારું આયુષ્ય નિષ્ફળ ગયું હતું. તેવો હું, અતિનિંદ્ય કાર્યો, માંસ, મદિરાનું પાન કરનારો, તે મને હે ભૂમન્ ! તમોએ પવિત્ર કર્યો છે, તમારા વિના બીજો કોણ મને પવિત્ર કરે ? (૬૭) હે પ્રભો ! કરુણાસાગર તમારા ઉપકારનો પ્રતિકાર કરવા માટે કોણ સમર્થ થાય ? તેથી તમારા જે સૌશીલ્ય ગુણથી જ મારો પ્રત્યુપકાર થાઓ. (૬૮)

સર્વ અવતારના એક કારણ સર્વ લોકોના જે ઈશ્વરો તેના પણ ઈશ્વર તમારો ત્યાગ કરીને આલોકમાં જે જનો બીજાની ઉપાસના કરે છે. તે જનો, નાવનો ત્યાગ કરીને સમુદ્ર તરવા માટે પત્થરના નાવનો આશ્રય કરે છે. (૬૯) હે ભૂમન્ ! હે પરમાત્મન્ ! આજથી હું તમારા દાસનો જે દાસ તેનો દાસ છું. અતિ પાપના કારણભૂત, સમગ્ર દુઃખોના મૂળભૂત, પાપોના સમૂહથી સેવાયેલા એવા પાષંડ માર્ગથી મારું રક્ષણ કરો. (૭૦)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પોતાના પાપથી ભય પામેલા મંકિરામને કરુણાસાગર શ્રીહરિ કહેવા લાગ્યા, હે મંકિરામ ! તમો બીક રાખશો નહીં. તમે તમારા સર્વ પાપથી મુક્ત થઈને મારા દિવ્ય અક્ષરધામને પામશો. (૭૧)

શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલો મંકિરામ શ્રીહરિને કહેવા લાગ્યો, હે સ્વામિન્! તમારા શરણે આવેલા મને તમારી સમીપ હંમેશા રાખો. તેની આવી વાણી સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિ મંકિરામને કહેવા લાગ્યા. (૭૨)

હે મંકિરામ ! તમો વિકૃતવેશનો ત્યાગ કરી, મારી ઉત્તમ દીક્ષા ગ્રહણ કરો. આવું શ્રીહરિનું વચન સાંભળીને, પ્રસન્ન થયેલા મંકિરામે પોતાનો અતિનિંદ્ય મત તથા ગુરુ તેનો તત્કાળ સર્વ પ્રકારે ત્યાગ કર્યો. (૭૩) પછી મંકિરામે શ્રીહરિ પાસે મુક્તિ કરનારી વૈષ્ણવી દીક્ષા હર્ષપૂર્વક ગ્રહણ કરી અને અદ્વૈતાનંદ નામ ધારણ કરી સાધુ થયા. પછી પોતે પુરુષોત્તમની સમીપ રહીને તેમનું ભજન કરવા લાગ્યા. (૭૪)

તેના શિષ્યો તથા અન્ય જનો પણ શ્રીહરિનો અનુપમ પ્રતાપ જોઈને, શ્રીહરિનો જ આશ્રય કરીને, અતિ મહાન શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાના નિવાસસ્થાનમાં ગયા. (૭૫)

અવતારી પરમેશ્વર સુવિખ્યાત પ્રતાપવાળા ધર્મપુત્ર શ્રીહરિએ, આ પ્રમાણે આલોકમાં પોતાના પ્રતાપથી બીજા ગુરુઓને જીતીને અતિ મોટા ગુરુઓને પણ પોતાના આશ્રિત સાધુઓ કર્યા. (૭૬)

અસુર જનોએ (સ્વામિનારાયણનો પરાભવ કરવા) પ્રેરણા કરેલા મંકિરામે જ સ્વામિનારાયણની મહા દીક્ષા ગ્રહણ કરી, તેથી તે અસુરોના અંતર બળી ગયા. તે અસુર ગુરુઓ પોતાનાં માથા કૂટતા તેમના પ્રયત્નો વ્યર્થ ગયા એટલે પોતપોતાના સ્થાનમાં ગયા. (૭૭)

સમગ્ર શોભાના સ્થાનભૂત, અખિલ મુનિઓના પતિ, અવિતર્ક્ય છે ઘણી શક્તિઓ જેમની એવા, અનેક બ્રહ્માંડના કર્તા, જેમણે મનુષ્ય શરીર ધારણ કર્યું છે એવા, ધર્મના પુત્ર, મુક્તોએ તથા ઉપનિષદોએ

ગાન કરી છે કીર્તિ જેમની એવા, અને દિવ્ય અને અચિંત્ય છે, મૂર્તિ જેની એવા સ્વામિનારાયણના નામના શ્રવણ માત્રથી પાપને નાશ કરનારું શ્રીહરિનું દિવ્ય ઐશ્વર્ય આ પ્રમાણે સંક્ષપ્તિમાં મેં તમોને કહ્યું. (૭૮)

પવિત્ર કરનારું, અનુપમ ઐશ્વર્ય યુક્ત શ્રીહરિનું એ ચરિત્ર જે પુરુષ ભક્તિપૂર્વક સાંભળશે અને કહેશે, તે પુરુષનો સમગ્ર ભ્રમ (સ્વામિનારાયણ ભગવાન છે કે નથી) નાશ પામશે. (જુદા જુદા અનેક મતો બધા સત્ય છે. એવો ભ્રમ તત્કાળ નાશ પામશે.) આ ચરિત્રના શ્રોતા તથા વક્તા મુક્તિ આપનારું શ્રી સ્વામિનારાયણનું જ્ઞાન પામશે અને સર્વ કારણના કારણ શ્રીહરિમાં તેમને સ્નેહ થશે. (૭૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં મંકિરામ પરાજ્યાદિ નિરૂપણનો નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! કોઈ માસની ચૌદશ તિથિએ સાયંકાળે શ્રીકૃષ્ણની આરતી થયા પછી, શ્રીકૃષ્ણના નામ સંકીર્તન કરીને, (૧) સુંદર રેશમી ગાદલું કોમળ ઓછાડે સહિત, પાછળ તથા આજુબાજુ તકિયા સહિત, તેવા ઉત્તમ આસનમાં પુરુષોત્તમ ધર્મના પુત્ર, સ્વયં શ્રીહરિ, પોતાના નિવાસ સ્થાનમાંથી આવીને, બિરાજ્યા. ધારણ કર્યાં છે શ્વેત વસ્ત્ર જેમણે, સજળ મેઘના જેવી શરીરની કાંતિવાળા, (૨-૩)

પુષ્પના હારથી શોભાયમાન છે. વક્ષઃસ્થળ જેમનું, ઉત્તમ પાઘ તેમાં મોતીઓના રચેલા તથા પુષ્પોના રચેલા તોરાઓ ધારણ કરતા. (૪) શોભાયમાન કેસર ચંદનનું ઉર્ધ્વપુંડ્ર તિલક કુંકુમના ચાંદલા યુક્ત, તેથી અત્યંત શોભાયમાન, મંદ હાસ્યથી પ્રકાશિત ઉત્તમ મુખથી ઉત્તમ પુરુષની પ્રતીતિ કરાવતા, દયાર્દ્ર દૃષ્ટિથી પોતાના સર્વ આશ્રિતોને જોનારા. (૫) પોતાના સૌંદર્યમાં આસક્તિવાળા એવા, નિર્નિમેષ લોચનોથી પોતાના ભક્ત સમુદાયો જેમના આદરપૂર્વક દર્શન કરે છે. તેવા મનોહર મૂર્તિ જેની છે એવા. (૬)

પછી સભામાં બેઠેલા બુદ્ધિમાન્ મયારામ વિપ્ર એકદમ ઊભા થઈને બંને હાથમાં પંચાંગ લઈને तिथिं वारं च नक्षत्रं योगं करणमेव च । पञ्चाङ्गं शृणुयान्नित्यं गङ्गास्नानफलं भवेत् ॥'' જોતા હતા. (૭) પછી હે વિપેન્દ્ર ! શું જુઓ છો ? એ પ્રમાણે બ્રાહ્મણને શ્રીહરિ પૂછવા લાગ્યા. તે મયારામ ભટ્ટ શ્રીહરિનું આ વચન સાંભળીને સાધુજનોના એકનાથ શ્રીહરિને કહેવા લાગ્યા. (૮)

હે સ્વામિન્ હે જગદ્ગુરો ! આ પંચાંગમાં મેં અમાવાસ્યા તિથિ જોઈ. આવતા સોમવારે સોમવતી અમાસ છે. આ પર્વનું માહાત્મ્ય વ્રતખંડમાં ઘણું છે. (૯) હે હરે ! સોમવારે સહિત અમાવાસ્ય તિથિમાં ગંગા વગેરે સર્વ તીર્થો સમુદ્રના જળમાં આવે છે. તેથી આ તિથિમાં સમુદ્ર સ્નાનનું ફળ અધિક છે. अस्यां स्नानं प्रकुर्वन्ति समुद्रे ये नरा भुवि । न तेषां पुनरावृत्तिः सत्यं सत्यं हि भारत ॥ (૧૦)

મયારામ ભટ્ટનું આવું વચન સાંભળીને, મનુષ્ય નાટ્ય કરતા પથ્ય, સત્ય અને પ્રિય ભાષી શ્રીહરિએ વિપેન્દ્રને આ પ્રમાણે કહ્યું. (૧૧)

હે વિપ્ર ! જો એમ હોય તો આપણે સર્વે સમુદ્ર સ્નાન માટે જઈશું. આવું શ્રીહરિનું વચન સાંભળીને મયારામ બ્રાહ્મણ અતિ આનંદ પામ્યા. (૧૨) પછી હે રાજન્ ! સ્વયં શ્રીહરિએ અનેક દેશોમાંથી આવેલા પોતાના તમામ એકાંતિક ત્યાગી, ગૃહી સેવકજનોને આવતી કાલે પ્રાતઃકાળમાં સ્નાન કરવા માટે સમુદ્ર પ્રત્યે જવા માટે આજ્ઞા કરી. (૧૩)

પછી કાળમાયાદિના નિયંતા શ્રી સ્વામિનારાયણ સાક્ષાત્ પોતાના ગુણ, વિભૂતિ, ચરિત્ર ઐશ્વર્યાદિની વાતો, જે સાંભળવાથી પોતાને વિષે પરમેશ્વરપણાની દૃઢ નિષ્ઠા સૌને થાય, તેવી ભગવાન સંબંધી વાતો કરીને. પોતાના આશ્રિતોને પોત પોતાના નિવાસસ્થાન પ્રત્યે જવા માટે આજ્ઞા કરી, પોતે શયન કરવા, યોગનિદ્રાની સેવા સ્વીકાર કરવા માટે, પોતાના નિવાસસ્થામાં પાર્ષદોએ સહિત પધાર્યા. (૧૪) પોતાના પાર્ષદોએ ભક્તિપૂર્વક સેવા કરાયેલા પ્રભુ શ્રીહરિ, અત્યંત કોમળ ગાદલાએ સહિત તેમ જ ઓછાડ તથા ઓશીકા ગાલ મશૂરીયાંએ યુક્ત શય્યામાં પોઢી ગયા. (૧૫) પછી હે રાજન્ ! ભક્તિ ધર્માત્મજ શ્રીહરિએ પોતાની સેવા કરવા માટે વાટ જોતી યોગનિદ્રાને કેવળ કરુણાથી અંગીકાર કરી. (૧૬)

શ્રીહરિ પ્રાતઃકાળનું ગાન કરતા કુકડાઓનો ધ્વનિ સાંભળીને, તત્કાળ યોગનિદ્રાનો ત્યાગ કરીને, પ્રકૃતિથી પર સ્વસ્વરૂપનું ચિંતવન કરવા લાગ્યા. (૧૭) પછી શ્રીહરિ શૌચવિધિ કરીને ડાબો હાથ દશવાર તથા ડાબો અને જમણો બંને હાથ ભેગા કરીને સાતવાર મૃતિકાથી ધોઈ હાથ પગની શુદ્ધિ કરીને પછી દંતધાવન કરીને, તથા સ્નાન કરીને, પોતાનો સર્વ નિત્યવિધિ યથા શાસ્ત્ર પોતાના આચરણથી પ્રવર્તાવવા માટે કરતા હતા. (૧૮)

પછી શ્રીહરિ સ્નાન કરવા માટે સમુદ્ર પ્રત્યે જવા તૈયાર થયા અને પોતાના સેવકોને મોકલીને સર્વ પાર્ષદોને તથા ઘોડેસવાર તથા સાધુ, વર્ણિ તથા હરિભક્તજનોને તત્કાળ તૈયાર કર્યા. (૧૯) પછી પાર્ષદો સજ્જ થયા (બંધૂક, ઢાલ, તલવાર, વગેરે લઈને) તેમજ ઘોડે સવારો પલાણ મજબૂત બાંધીને પોતપોતાના ઘોડાઓને શણગારવા લાગ્યા. (૨૦)

તે સમયે શ્રીહરિના સેવક નાન્ન ભક્ત, મનના વેગથી પણ અધિક વેગવાળો, ઘોડાઓમાં રાજાની જેવા, શ્રીહરિના અતિ શ્રેષ્ઠ ઘોડા ઉપર સુવર્ણનું પલાણ દૃઢ રીતે બાંધતા હતા. (૨૧) સુંદર શુદ્ધ સુવર્ણ તારના બનાવેલા વસ્ત્રથી શ્રીહરિના ઘોડાનું મુખ નાન્ન ભક્ત શોભાડતા હતા. ઘોડાના મસ્તક ઉપર સોનાનો બનાવેલો મોર મૂકતા હતા. (૨૨)

શ્રેષ્ટ નીલ મણિ, વૈદૂર્યમણિ તથા પ્રવાલ મણિ વગેરેથી યુક્ત કંઠમાલા ઘોડાને ધારણ કરાવતા હતા. નાન્ન ભક્તે ગળાના આભૂષણો પણ ધારણ કરાવ્યાં. (૨૩) નાન્ન ભક્તે ઘોડાને બીજા અનેક પ્રકારના આભૂષણો ધારણ કરાવ્યાં. ઘોડાના મુખમાં અતિ દેદીપ્યમાન સુવર્ણની સુંદર લગામ ધારણ કરાવી. (૨૪) તે નાન્ન ભક્તે ઘોડાના આગલા બંને સુંદર પગમાં સુવર્ણના ઝાંઝર ધારણ કરાવ્યાં. (૨૫)

પછી સેવક નાન્ન ભક્ત, અનેક પ્રકારના અલંકારોથી સુશોભિત કરેલા ઉત્તમ અશ્વને, શ્રીહરિની સમીપ, બેસવા માટે લઈ આવ્યા. (૨૬)

હે રાજન્ ! ધર્મપુત્ર શ્રીહરિએ શ્વેત વસ્ત્રો ધારણ કરીને સોનેરી પાલવવાળો ઝીણા તારનો બનાવેલો ઘાટો ઘણા મૂલ્યવાળો. (૨૭) કર્પૂર અને ચંદ્રમાના જેવો સફેદ, અત્યંત શોભતો ફેંટો, મસ્તક ઉપર ધારણ કર્યો. તેમાં અતિ શ્રેષ્ઠ પુષ્પના તોરા ધારણ કર્યા. (૨૮) સોનેરી તારના પાલવવાળા વસ્ત્રથી કેડ્ય બાંધી તથા સોનેરી તારના બંને પાલવો જેને છે એવું ઓઢવાનું વસ્ત્ર ધારણ કર્યું. (૨૯)

શ્રીહરિએ આ પ્રમાણે સુગંધીમાન પુષ્પના બાજુબંધ, તોરા, ગજરા વગેરેથી અત્યંત શોભતા પોતાના હાથમાં બરફ જેવો ઉજળો રુમાલ ધારણ કર્યો. (૩૦) શોભાયમાન શ્રીહરિ કર્પૂરના પુંજ જેવા શ્વેત, અતિ સુંદર અને ચંચળ ચાલ જેની છે એવા ઉત્તમ સફેદ ઘોડા ઉપર ચંચળતાથી કૂદીને બિરાજ્યા. (૩૧)

હે રાજન્ ! ઘણા સત્સંગિઓ શ્રીહરિના પદો ગાતા અત્યંત ઉત્સાહયુક્ત ચિત્તવાળા શ્રીહરિની આગળ ચાલતા હતા. (૩૨) આગળ ચાલતા હરિભક્તોની પાછળ સમગ્ર મુક્તાનંદાદિ સાધુઓ ચાલતા હતા. તેમની પછવાડે મુકુંદાનંદ વગેરે વર્ણિઓ ચાલતા હતા. (૩૩)તે વર્ણિઓની પાછળ શસ્ત્રધારી પાર્ષદો ચાલતા હતા. હે રાજન્ ! પછવાડે શ્રીહરિનો અશ્વરત્ન ચાલતો હતો. (૩૪) તેની પાછળ વાયુના વેગવાળા ઉત્તમ ઘોડાઓ ઉપર બેઠેલા સૂર્યના કિરણોની માફક ચળકતા ભાલાઓ હાથમાં જેમને છે એવા ઘોડે સવારો ધીરે ધીરે ચાલતા હતા. (૩૫)

ઋગ્વાદિ વેદોએ નિરંતર જેના પરાક્રમનું ગાન કર્યું છે એવા આ શ્રીહરિકૃષ્ણ ભગવાન, રત્નાકર નામના સમુદ્રમાં સોમવતી અમાસને દિવસે સ્નાન કરવા માટે જ્યારે નીકળ્યા તે સમયે આકાશમાં શ્રીહરિના દર્શન માટે બ્રહ્માદિ દેવતાઓ પોત પોતાના વિમાનોમાં બેસીને આવ્યા. (૩૬) ભગવાનની એકાંતિક ભાવથી ઉપાસનાવાળા સાધુઓના પતિ શ્રીહરિનો અશ્વેન્દ્ર, જોનારાના મનને આનંદ કરાવનારો, (ઉતાવળથી ચાલનારો) ચંચળ, સુંદર પાદવિન્યાસો જેના છે એવો, તે સમયે રસ્તામાં જાણે નૃત્ય કલા જાણનારો નટરાજ હોયને શું ? એવી ચાલની ગતિથી શોભતો હતો. (૩૭) કંઠમાં પહેરેલો સુંદર દેવમણિ શોભાયમાન ચંદ્રમાના તેજ સમાન તેના અત્યંત પ્રસરતા કેસર કિરણોથી તે ઘોડો અત્યંત શોભતો હતો. (૩૮)

શ્રીહરિ બિરાજ્યા છે તે અશ્વેન્દ્ર, જેની નાસિકા અતિ ચંચળ છે તેનાથી (વેગથી ચાલવાથી નાસિકા ફુલે છે તેથી) પોતાની રમણીય વેગમાન ગતિ શ્રીહરિને કહેવા માટે જાણે તત્પર થયો, પરંતુ મહાપુરુષો પાસે પોતે પોતાની સ્તુતિ પોતાના મુખે કરે તે ઉચિત નથી. તેમ નિશ્ચય કરીને કહેવા માટે ઉત્કંઠાવાળો હતો, છતાં પણ કહ્યું નહિ. (૩૯)

વળી એ અશ્વ બીજા કોઈની પણ અપેક્ષા રાખ્યા વિના, અનેક બ્રહ્માંડના આધાર શ્રીહરિને તેમના ઈષ્ટ સ્થાને લઈ જતો હતો, તે કારણે જ જાણે પોતાની તુલના નહિ કરી શકતા સૂર્યના ઘોડાઓના બળને દાંતના કિરણોના બહાને જાણે અંતઃકરણમાં હસી રહ્યાં હોય એમ લાગતું હતું. કારણ કે સૂર્યના ઘોડા તો પોતાના સ્વામી સૂર્યને તેના ઈચ્છિત સ્થાને લઈ જતા હતા, ત્યારે પોતાના સારથીની અપેક્ષા રાખતા

હતા, અને એ રીતે તેમને સારથીની અપેક્ષા રહેતી હતી. જ્યારે આ શ્રીહરિના અશ્વે તો તેમનો પરાભવ કર્યો હતો. તેથી તેમને અંતઃકરણમાં સંતાપ થવાથી તેમના લોહીની કાંતિ બળી ગઈ હતી. એટલે તેમનો રંગ પણ નીલવર્ણો થઈ ગયો હતો. જ્યારે શ્રીહરિનો અશ્વ તો ઉજ્જવળ કાંતિ ધરાવતો હતો અને તેથી તે કદાચ સૂર્યના ઘોડાઓને અંતરમાં હસતો હોય એમ લાગતું હતું. વળી મહાપુરુષની સમક્ષ ખડખડાટ હસવું એ અયોગ્ય ગણાય છે તેથી એ અશ્વ શ્રીહરિની મર્યાદા જાળવતો હોય તેમ પોતાના અંતરમાં જ ગુપ્તપણે હસતો હોય એમ જણાતું હતું. (૪૦)

એ અશ્વની બંને બાજુ કાનની પાછળ ચંદ્રની કાંતિ જેવી ઉજ્જવળ બે સફેદ ચમરીઓ બાંધી હતી અને તે બંને અતિશય હાલતી હતી. એ ચિહ્નથી જાણે તે અશ્વ સર્વ અશ્વોનો રાજા છે. એવું મહારાજા પણું જાણે ધારણ કરે છે, કેમ કે પોતે જ ફક્ત શ્રીહરિને વહન કરી રહ્યો હતો તેથી સર્વ ઘોડાઓમાં તે શ્રેષ્ઠ પદ ભોગવતો હોવાથી સર્વ ઘોડાઓને પોતે રાજાધિરાજ છે એમ જાહેર કરતો હોય તેમ શોભી રહ્યો હતો. (૪૧)

શ્રી હરિકૃષ્ણ ભગવાનના સંબંધથી પ્રાપ્ત કર્યા છે રૂપ, શૌર્ય, સત્વાદિ ગુણ જેણે એવો અશ્વેન્દ્ર ગરુડ જે સર્પોને રોજ ખાઈ જાય છે, તેમજ વાયુ જે મલિન સ્થાનમાં ગતિ કરે છે, તેમજ મન જે વાસનાત્મક છે, તેથી તે ત્રણેની ગતિ ભલે વેગવંત હોય છતાં દોષ યુક્ત છે. તેથી તે ત્રણેને લજ્જા પમાડતો હતો. (૪૨) અવતારી શ્રીહરિનો યોગ જેને નથી એવા ઈન્દ્રના ધણી કીર્તિવાળા ઉચૈશ્રવાને પણ જાણે હસતો ન હોય શું એમ શોભતો હતો, (પોતાને પુરુષોત્તમનો સંબંધ નથી તો પણ ઉચ્ચૈશ્રવા નામ ધારણ કરવાનો આનંદ છે એમ વિચારીને તેને હસે છે.) (૪૩)

આ પ્રમાણે શોભાવાળા શ્વેત ઘોડા ઉપર બેઠેલા શ્રીહરિ, નીલપીત, રક્ત વગેરે ધાતુઓથી સભર બની શોભતા હિમાચલના શિખરમાં વિદ્યુતે સહિત નવીન મેઘની માફક શોભતા હતા. (૪૪) જેમણે ચતુરાઈથી સુંદર લગામ ગ્રહણ કરી છે એવા સ્વભાવ સુંદર શ્રીહરિ, તે સમયે પોતાના આશ્રિત જનોના ચિત્તને હરનારી કરકમળની કિરણો પ્રસારતી હથેળીઓમાં સુવર્ણ તારની બનાવેલી ચોતરફ કિરણો પ્રસારતી અતિસુંદર લગામ જાણે સંધ્યાયુક્ત લાલ આકાશમાં કે શ્યામ મેઘમાં જેમ વીજળી શોભે છે તેમ શોભતી હતી. (૪૫) મણિ જડિત સોનાના દંડથી શોભતાં ચંદ્રમાની માફક સફેદ શ્રેષ્ઠ બે ચામરો શ્રીહરિના મનોહર બંને પડખાઓમાં પોતાના બે ભક્તો વીંઝતા હતા. (૪૬)

મણિ જડિત જે સુવર્ણદંડ તેનાથી શોભાયમાન અતિ સુંદર સુવર્ણ તારના વસ્ત્રથી બનાવેલું છત્ર પોતાની સેવામાં રહેલા ભક્તે શ્રીહરિના મસ્તક ઉપર ધારણ કરેલું સૂર્યમંડળની જેમ શોભતું હતું. (૪૭) પોતાના હાથમાં સોનાની છડી ધારણ કરતા, છડીદારો કુબેરજી વગેરે શ્રોતાજનોને આનંદ ઉપજાવે તે પ્રમાણે અત્યંત આનંદપૂર્વક ઊંચા સ્વરથી છડી પોકારતા શ્રીહરિની આગળ ચાલતા હતા. (૪૮)

સૂર્યના કિરણોના સંબંધથી ચળકતા ભાલા જેમને છે એવા, ઉર્ધ્વગતિ કરતા વેગવાળા જે ઘોડાઓ તેથી શોભતા હતા. (૪૯) સુવર્ણ છત્રની કાન્તિથી વ્યાપ્ત શ્રીહરિનું મુખ, પીળા કમળના પરાગથી વ્યાપ્ત

યમુના નદીના જળની માફક શોભતું હતું. (૫૦)

શ્રીહરિનો રૂમાલ શ્વેત છે છતાં પણ લાલ ઓષ્ઠથી લાલ બનેલો નવીન વિદ્રુમ સમુદાયમાં પડેલો સ્ફુરાયમાન શ્રેષ્ઠ મોતીઓનો સમુદાય જેમ શોભે તેમ શોભતો હતો. (૫૧) સ્વભાવ સુંદર અને વેદો અને સમગ્ર શાસ્ત્રોની ઉત્પત્તિના સ્થાન ભૂત (**तथा च श्रुतिः अस्य महतो भूतस्य निःश्वसितं यदृग्वेदः**) સ્વભાવ વાંકી ભ્રકુટિઓની ચપળતાથી શોભતું મિતહાસ્યના વિલાસવાળું, શ્રીહરિનું મુખ કમળ શરદ ઋતુના ચંદ્રને તિરસ્કૃત કરે છે. (૫૨)

અતિ સુંદર ચપળ કીકીઓ છે જેમાં એવું સુંદર શ્રીહરિનું નેત્ર યુગલ, બે ચંચળ ભમરાઓએ જેના મધ્યભાગમાં આશ્રય કર્યો છે એવા નૂતન પ્રફુલ્લિત પદ્મનો તિરસ્કાર કરે છે. (૫૩) મનોહર આકૃતિવાળા શ્રીહરિને જોઈને શરીરધારીઓ અત્યંત સુખ પામતા હતા. દાવાનળથી તપાયમાન થયેલા હરણાઓ મેઘની વૃષ્ટિથી જેમ શાંતિ પામે છે. (૫૩)

ચિત્ત હરણ કરનારી મૂર્તિવાળા તે સમયની શોભાવાળા શ્રીહરિને જોઈને સર્વે જનો અત્યંત સુખ પામતા હતા. દાવાગ્નિથી પરિતપ્ત એ હરિણો મેઘની વર્ષાથી જેમ શાંતિ પામે તેમ શાંતિ પામતા હતા. (૫૪) સર્વોત્તમ આનંદ કરનારું છે. દર્શન જેમનું એવા, અક્ષર મૂર્તિ (જેને ક્ષરણ ભાવ નથી તેવા) શ્રીહરિને જોઈને લોક સમૂહો, ભૂખ્યા જનો અમૃતનું પાન કરતા જેમ તૃપ્તિ ન પામે તેમ, તૃપ્તિ ન પામ્યા. (૫૫) આવી રીતે કોટી કામદેવોના ગર્વને શમન કરનારી, વસ્ત્રાલંકારાદિને વિભૂષિત કરનારી અંગ લક્ષ્મીને ધારણ કરતા શ્રીહરિ, મંગળના સ્થાનભૂત, વેગવાળા ઘોડાઓની પંક્તિમાં વિજય પામનાર એવા જનોએ આશ્ચર્યથી જોયેલા પ્રસિદ્ધ, શ્રીહરિના સંબંધથી અતિ શોભતા અશ્વરાજને સમુદ્રની સમીપમાં દોડાવતા અને તે સમયે જેમના પાઘમાં રહેલા ચંદ્રના કિરણો સમાન પુષ્પના તોરાઓ ઉછળી રહ્યા હતા એવા શ્રીહરિ પોતાના આશ્રિતજનો સાથે સમુદ્રની સમીપમાં ગયા. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિકૃત સમુદ્રગમન નિરૂપણનો દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી જેનું સ્વચ્છ જળ ઉછળે છે એવો સમુદ્ર, સ્નાન કરવા આવતા અક્ષરના સમગ્ર મુક્તો તથા બ્રહ્માદિક ઈશ્વરોને વંદનીય એવા શ્રીહરિને ચંદ્રમાને જોઈને જેમ હર્ષ પામે તેમ, હર્ષ પામીને (શ્રીહરિને સત્કારવા) પાંચ ધનૂષ (વીસ હાથ) દૂર સામો ગયો. (૧) જળનિધિ પયોધરની માફક (વાદળાની માફક) ગંભીરધ્વનિથી તેવા જ શબ્દો કરતો હતો. જેથી જાણે શ્રીહરિના દર્શનથી તેને અત્યંત આનંદ થતો હોય તેમ જાણે વાજિંત્રના ઘોષ કરતો હોય ને શું ? એમ શોભતો હતો. (૨)

હે સર્વ લોકો ! અહીં મારી સમીપે આવેલા ક્ષર અને અક્ષરથી ઉત્તમ શ્રીહરિને જોવા માટે તત્કાળ આવો. આ પ્રકારે તે સમયે સમુદ્ર પોતાના મહાન મોજાના ધ્વનિથી લોકોને જાણે બોલાવતો હોય ને શું ? એમ જણાતો હતો. (૩) સમુદ્ર મનોહર તરંગોરૂપી ઉછળતા હાથ વડે મોતીના સમૂહને પાથરીને તે સફેદ રેતીથી પથરાયેલા તીરને શોભા આપી રહ્યો હતો. (૪)

જેમનું ઐશ્વર્ય તથા ગુણ અગાધ છે અને જેમનું ગાંભીર્ય અમૃત તુલ્ય, અસાધારણ કે અનુપમ છે એવા શ્રીહરિનાં દર્શન કરી તે સમુદ્ર, પોતે જો કે અગાધ છે, અતિશય ઊંડો અને ગંભીર છે, છતાં જાણે છીંછરો હોય, તેમ શ્રીહરિના દર્શનથી થયેલા આનંદને અતિશય ઉછળતા મોજાઓથી જાણે નૃત્ય કરતો હોય તેમ જણાતું હતું. (૫)

વારિધિ પોતાના તરંગોરૂપી હાથમાં ગ્રહણ કરેલા શ્રેષ્ઠ મોતીઓ, નવ રત્નો તથા પંચ રત્નો, છીપરૂપી પાત્રમાં લઈ જાણે અર્ઘ્ય લઈને શ્રીહરિકૃષ્ણ ભગવાનની સન્મુખ ઘણા હર્ષથી ફીણ ઉછાળતો હોય ને શું ? એમ જણાતો હતો. ''**आपः क्षीरं कुशाग्राणि दध्यक्षत तिलास्तथा । यवाः सिद्धार्थकाश्चेति हयर्घोऽष्टांग प्रकीर्त्तितः**'' ॥ (૬) પરપોટાઓવાળા ફીણની પંક્તિના તરંગોથી વિશેષ શોભતો સમુદ્ર, શ્રીહરિ પ્રત્યે અભિગમ કરતો, જળ સર્પોની કાંચળીઓરૂપી નિર્મળ અંગરખાથી શોભતો હોય ને શું? એમ શોભતો હતો. (૭) ફીણથી શોભતો રત્નાકર જાણે ચંચળ તરંગોરૂપી હાથમાં બિંદુઓ રૂપી પુષ્પો લઈને શ્રીહરિને વધાવતો, શરદ ઋતુના અતિ નિર્મળ તારાઓના સમુદાયથી યુક્ત હિમકણો વર્ષાવતા આકાશની જેમ શોભતો હતો. (૮) એ સમુદ્રની સમીપે રહેલા રાજહંસો જાણે સમુદ્રના ફીણના પુંજ જેવા લોકોને દેખાતા હતા. એવા ભ્રમમાં પડેલા લોકો જ્યારે તેમનું વાંકુ મુખ અને લાલ પગ જોતા ત્યારે તેઓ રાજહંસો છે અને શ્રીહરિના દર્શન કરતા ચિત્રની માફક સ્થિર થઈ ગયા હોય તેમ સ્પષ્ટ જાણવા લાગ્યા. (૯)

ધર્મપુત્ર શ્રીહરિ, સમુદ્રની આવી શોભા આદરપૂર્વક જોઈને, પોતાના અશ્વરાજ ઉપરથી ઉતરી, એક વસ્ત્ર પહેરી, સમુદ્રના જળમાં પોતાના આશ્રિત મુનિઓની સાથે સ્નાન કરવા માટે ગયા. (૧૦) તેમની સાથે જળમાં જળક્રીડા કરતા ભક્તોને શ્રીહરિ જળની અંજલીઓથી વારંવાર ભીના કરતા અને તેથી અત્યંત પ્રસન્ન થયેલા તે ભક્તો પણ, શ્રીહરિને પાણીની અંજલીથી સ્નાન કરાવતા પરસ્પર લીલા કરતા સ્નાન કરતા હતા. (૧૧) પોતાના બે પુષ્ટ ભુજ દંડોથી શ્રીહરિ જળમાં પ્રહાર કરતા તેથી જાણે તે જળમાંથી મૃદંગના જેવો ધીર ગંભીર ધ્વનિ સાંભળી, આનંદ પામેલા શ્રીહરિ, પોતાના સમગ્ર ભક્તજનોને આનંદ આપતા જળમાં સુંદર જળક્રીડા પોતાના ભક્તોને જીવન પર્યંત સ્મૃતિ રહે તે માટે કરતા હતા. (૧૨) તે સમયે સમુદ્ર, સુંદર સારસ, ચક્રવાક, રાજહંસો, શ્વેતાંગવાળા હંસો તથા બતકો, કલહંસો વગેરે સુંદર પક્ષીઓના મધુર શબ્દો વડે તથા મૃદંગની માફક ગંભીર જળના ધ્વનિ રૂપી વાદ્યો વડે જાણે આનંદપૂર્વક મનોહર ગાન કરતો હોય તેમ અત્યંત શોભતો હતો. (૧૩) તરંગરૂપી હાથમાં ગ્રહણ કરેલાં છીપ રૂપી રૂપાના પાત્રમાં દેદીપ્યમાન, મનોહારિ મોતી તથા વિદ્રુમ મણિ લઈને સમુદ્ર પોતાના જામાતૃ

જે નારાયણ શ્રીહરિને રત્ને સહિત અર્ધ્ય વિધિ જાણે કરતા હતા,. (૧૪)

શ્રીહરિ સમુદ્રમાં સ્નાન કરીને પોતાના પાર્ષદ ભીમા ભક્તનો હાથ પકડીને સમુદ્રને કાંઠે પધાર્યા. પછી બીજા રત્નજીત સેવકે કોમળ અને સૂક્ષ્મ વસ્ત્રથી શ્રીહરિનું અંગ લૂછ્યું. (૧૫) પછી ધીર, ધર્મના પુત્ર શ્રીહરિ, ઉજ્જવલ અને મનોહર વસ્ત્રો પહેરીને, સમુદ્રકાંઠાના શ્રેષ્ઠ પ્રદેશમાં પોતાના ભક્તોએ બનાવેલા રેતીના સિંહાસન ઉપર વસ્ત્ર પાથરીને બિરાજ્યા. (૧૬)

પછી પ્રતિભાશાળી મયારામ વિપ્રે શ્રીહરિના સુંદર વિશાળ ભાલમાં કેસરે યુક્ત ચંદનની મનોહર અર્ચા (વેલના આકારે ચંદનની આડ્ય) કરી. (૧૭) મયારામ બ્રાહ્મણે તેના મધ્ય ભાગમાં ગોળ કુંકુમનો સુંદર ચાદલો કર્યો. વળી શ્રીહરિના કંઠમાં પુષ્પોના નાના પ્રકારના હાર ધારણ કરાવ્યા. (૧૮) પછી સર્વે બ્રહ્મચારીઓ તથા સર્વે સાધુજનો શ્રીહરિની આગળ બેઠા. શ્રીહરિની સાથે સ્નાન કરવા આવેલા જે સત્સંગીઓ મનોહર મૂર્તિ શ્રીહરિના દર્શન કરીને પ્રફુલ્લિત થઈ યથાયોગ્ય બેઠા. (૧૯) પ્રસન્ન થયેલા શ્રીહરિના સર્વે આશ્રિતજનો પોતાના આશ્રિતોનું સંસારનું દુઃખ નિવૃત્ત કરનારા, શોભાયુક્ત શ્રીસ્વામિનારાયણ ભગવાનને ઉત્તમ પુષ્પોના શ્રેષ્ઠ તોરા મુગટ, કર્ણના ગુચ્છો, હાર, બાજુબંધો વગેરેથી પૂજા કરતા હતા. (૨૦)

તે સમયમાં એક આશ્ચર્ય થયું. હે રાજન્ ! તે આશ્ચર્ય હું તમોને કહું છું. તે સ્વસ્થ મનથી તમો સાંભળો. (૨૧) સમુદ્રની વચ્ચે એકદમ બે રમણીય વિમાનો નિકળ્યાં. તે દૃશ્ય શ્રીહરિની ઈચ્છાથી જેમને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી તેવા મુક્તાનંદાદિ મુનિ જોતા હતા. (૨૨) હે સભ્યો ! પૂર્વે ક્યારેય નહીં જોયેલા રાજાના ભુવન સમાન બે વિમાનો મધ્ય સમુદ્રમાંથી હમણાં જ નિકળ્યાં. એમ મુક્તાનંદ વગેરે વિસ્મય પામીને પરસ્પર કહેતા હતા. (૨૩)

હે રાજન્ ! તે મુક્તાનંદ મુનિ વગેરે પરસ્પર આ પ્રમાણે બોલતા હતા. તે સમયે બંને વિમાનો સમુદ્રના મધ્યમાંથી કાંઠા ઉપર આવીને ઊભા રહ્યાં. (૨૪) પછી પોતાના શરીરની કાંતિથી દિશાઓને પ્રકાશ કરતા સેવકોએ સહિત બે દેવતાઓ તે બંને વિમાનોમાંથી ઉતરીને શ્રીહરિકૃષ્ણ ભગવાનની સમીપમાં સવિનય આવ્યા. (૨૫)

પછી તે બંને દેવો અનુચરો સહિત, પુરુષોત્તમ શ્રીહરિને સર્વજનો જુએ તેમ પ્રણામ કરીને, પોતાના વિમાનમાંથી રત્નજડિત સોનાનું સિંહાસન શ્રીહરિની સમીપ લાવીને તેમાં સત્પુરુષોના પતિ શ્રીહરિને પ્રાર્થના કરીને બેસાડતા હતા. પછી તે બંને દેવો શ્રીહરિની પૂજા અતિ આનંદથી શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૨૬-૨૭)

તે બંને દેવો પ્રથમ સર્વ તીર્થોના સ્થાનભૂત શિવ અને બ્રહ્માએ નમસ્કાર કરેલાં શ્રીહરિના બંને ચરણ કમળોને ઝારીમાં લાવેલા જળથી પ્રક્ષાલન કરીને અતિ પવિત્ર શ્રીહરિનું ચરણોદક પોતાના મસ્તક ઉપર ધારણ કરતા હતા. (૨૮) પછી બંને દેવોએ શ્રીહરિના અતિ સુંદર ભાલમાં સુગંધીમાન ચંદનનો લેપ કર્યો. તેના મધ્યમાં સુંદર કુંકુમનો ચાંદલો કર્યો. (૨૯)

હે રાજન્ ! તે બંનેમાં પ્રથમ વરુણે મહામૂલ્યવાળાં ચળકતાં સોનેરી તાર યુક્ત રેશમી વસ્ત્રો શ્રીહરિને આનંદ પૂર્વક પહેરાવ્યાં. (૩૦) વરુણે સુંદર સોનેરી તારવાળો સુરવાળ શ્રીહરિની કેડ્યમાં ધારણ કરાવ્યો. શ્રીહરિના મસ્તક ઉપર સૂર્યના જેવી પ્રકાશવાળી સુવર્ણની બહુમૂલ્યવાળી પાઘ ધારણ કરાવી. (૩૧) વરુણે તે પાઘમાં વિવિધ પ્રકારના હિરા તથા સુવર્ણ મોતીઓ, તથા રત્નોથી નિર્માણ કરેલા તોરાઓ, મોટા મોતીના હાર તથા સુવર્ણના આભરણો ધારણ કરાવ્યાં. (૩૨)

વરુણે દેદીપ્યાન મહામૂલ્યવાળો સોનેરી સુંદર જામો ધારણ કરાવ્યો. તેમ જ સોનેરી ખેસ ધારણ કરાવ્યો. (૩૩) વરુણે શ્રીહરિના કંઠમાં નાના પ્રકારના મણિવાળી ચળકતી સોનાના દોરાઓથી ગૂંથેલી બહુ મૂલ્યવાળી સુંદર નાભી સુધી લાંબી કંઠી પહેરાવી. (૩૪)

પછી વરુણની આજ્ઞાથી આનંદથી પૂર્ણ અંતઃકરણવાળા સમુદ્રે શ્રીહરિના મનોહર શરીરમાં બહુ મૂલ્યવાળાં ભૂષણો, કડાં, નુપૂર, બાજુબંધ, સાંકળા, હાર વગેરે ધારણ કરાવ્યા. (૩૫) સમુદ્રે શ્રીહરિના બંને ચરણોમાં રત્નજડિત નુપૂર ધારણ કરાવ્યા. શ્રીહરિની કેડ્યમાં મણિજડિત સોનાનો કંદોરો ધારણ કરાવ્યો. (૩૬) સમુદ્રે પરમેશ્વર શ્રીહરિના બંને હાથમાં સુવર્ણના કંકણો (પાંચી) ધારણ કરાવ્યા. સર્વે આંગળીઓમાં રત્નજડિત સુવર્ણની વીંટીઓ (વેઢ) ધારણ કરાવી. (૩૭) સમુદ્રે શ્રીહરિના બંને હાથમાં શ્રેષ્ઠ મણિઓથી પ્રકાશવાળાં સોનાના બાજુબંધો ધારણ કરાવ્યા, શ્રીહરિના બંને કર્ણોમાં રત્નજડિત સુવર્ણના કુંડળો ધારણ કરાવ્યા. (૩૮) સમુદ્રે પોતામાં ઉત્પન્ન થયેલા મહામૂલ્યવાળાં મણિથી ગૂંથેલી મનોહર માળા શ્રીહરિના કંઠમાં ધારણ કરાવી. (૩૯)

સમુદ્રે શ્રીહરિના કંઠમાં મોતીનો હાર તથા સોનાની સેરોથી ગૂંથેલા હાર તથા મહામૂલ્યવાળાં કંઠના આભૂષણો ધારણ કરાવ્યાં. (૪૦) પછી વરુણ અને સમુદ્ર રત્નજડિત સુવર્ણ પાત્રમાં કપૂર મૂકીને નમ્રતાપૂર્વક હર્ષથી, શ્રીહરિની આરતી કરવા લાગ્યા. (૪૧) શ્રીહરિના દર્શનથી જેમના મનમાં ઘણો જ આનંદ થયો. છે એવા વરુણ તથા સમુદ્ર બ્રહ્માદિના અધીશ્વર શ્રીહરિને પ્રીતિથી સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૪૨) ક્યારેય નહીં જોયેલા તેજસ્વી પૂજા વિધાનમાં અતિનિપૂણ, શંભુની માફક સફેદ અંગવાળા વરુણ અને સમુદ્ર બંનેને જોઈને, દિવ્યદષ્ટિવાળા મુક્તાનંદમુનિ વગેરે આશ્ચર્ય પામ્યા. (૪૩) પછી હે રાજન્ ! દિવ્યદષ્ટિવાળા મુક્તાનંદાદિ શ્રીહરિને પૂછવા લાગ્યા, હે સ્વામિન્ ! તમારી આદરપૂર્વક પૂજા કરવાવાળા આ બંને કોણ છે ? (૪૪)

નર નાટ્યધારી શ્રીહરિ જાણે ન જાણતા હોય ને શું ? તેમ 'હે દેવો ! તમારા બંનેનું સ્વરૂપ મુક્તાનંદાદિ મુનિ જાણવાને ઇચ્છે છે તે તેમને યથાર્થ કહો, એ પ્રમાણે તે દેવોને કહેતા હતા. (૪૫) તે બંને દેવો શ્રીહરિનું વચન સાંભળીને કહેવા લાગ્યા. હે હરે ! અવતારી તમો સર્વજ્ઞ છો. છતાં પણ મનુષ્યાનુકરણથી આવી રીતે અમોને કહો છો. (૪૬) તો પણ હે કૃપાનિધે ! તમારી આજ્ઞાથી અમો બંને કહીએ છીએ. એમ શ્રીહરિને કહીને મુનિ પ્રત્યે કહે છે. હે મુનિઓ ! હું વરુણ છું, આ સાગર છે. દૂર ઊભેલો આ બધો અમારો પરિવાર છે. (૪૭)

હે મુનિઓ ! અક્ષરાદિ તેમજ ઈશ્વરોના પણ ઈશ્વર, રામકૃષ્ણાદિ સમગ્ર અવતારોના કારણ, અનંત શક્તિ તથા ઐશ્વર્યના સ્વામી, આ શ્રીહરિનાં દર્શન માટે અમો બંને અહીં આવ્યા છીએ. વળી અમો બંને આ શ્રીહરિના આજ્ઞાકારી સેવકો છીએ. એમ તમો જાણો. (૪૮) મુક્તાનંદાદિ મુનિઓ આવી રીતે પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય જણાવનારું વરુણ અને સમુદ્રનુ વચન સાંભળીને, પરમાશ્ચર્ય તથા આનંદ પામ્યા. (૪૯)

પછી વરુણ અને સાગર બંને હાથ જોડીને પરમાત્મા ધર્મ પુત્ર શ્રીહરિની સ્તુતિ અનુક્રમે કરવા લાગ્યા. (૫૦)

વરુણદેવ સ્તુતિ કરે છે :- હે કરુણા સાગર ! હે સકળ ઈશ્વરોના પણ ઈશ્વર ! સકળ અવતારોના એક કારણ તેથી જ શ્રીપુરુષોત્તમ ! તમારા પવિત્ર દર્શનથી મારો આ જન્મ સફળ થયો છે. જે જનો તમારી આવી અલૌકિક મુર્તિના દર્શન કરશે. તે જનો નિશ્ચય સંસારસાગરના ભયથી મુક્ત થશે જ. તો તમારા ચરણની સેવા પરાયણ જનો સંસારના ભયથી મુકાશે તેમાં શું આશ્ચર્ય છે ? (૫૧) તમારી આજ્ઞાથી આ વિચિત્ર સૃષ્ટિનું નિર્માણ કરતી માયા પણ દુર્વિજ્ઞેય છે. દેવો, દૈત્યો, મનુષ્યોનો પતિ જે વિશ્વને જીતનારો ઈન્દ્ર, હિરણ્યકશિપુ, તથા વેન વગેરે અધીશોને મોહ પમાડવામાં અતિ સમર્થ, પોતાના કાર્યે સહિત મૂળ પ્રકૃતિ, તમારા ચરણકમળનો આશ્રય કરનારા જનોને પરાભવ કરતી નથી. માટે હે દિવ્યાત્મન્ ! હે ભગવન્ ! ગુણનિધિ અવતારી તમોને હું વારંવાર નમસ્કાર કરું છું. (૫૨)

સમુદ્ર સ્તુતિ કરે છે. :- હે આનંદથી પૂર્ણ ! અનેકવિધ રત્નો ધરનારો હું તમારી પ્રાપ્તિથી જ આ મહાનિધિ પામ્યો છું. હે ભૂમન્ ! હે ભગવન્ ! તમારાથી જ સમગ્ર ઐશ્વર્ય જેને પ્રાપ્ત થયું છે. એવો હું ગુણોના સમુદ્રરૂપી તમારી પૂજા શું કરું ? (૫૩) હે હરે ! પુરુષોત્તમ ! (યદ્યપિ-પુરુષોત્તમ શબ્દ અવતારી પરમેશ્વર વાચક જ છે. તેમના અવતારોમાં પણ પુરાણમાં આ શબ્દનો પ્રયોગ કરેલો છે, તો પણ તે ઔપચારિક પ્રયોગ છે. તેથી અહીં તે શબ્દ અવતારી પરજ જાણવો.) પ્રલય ન થાય ત્યાં સુધી તમારે તમારી મર્યાદા ન મૂકવી, એવી તમારી આજ્ઞા તમારા ભયથી હું હંમેશા પાલન કરું છું. વળી આપ તો પ્રત્યક્ષ પરમેશ્વર છો, સર્વાધીશ છો. છતાં મને તમારો સેવક જાણીને જ અહીં મને દર્શન દેવા તમો પધાર્યા છો. (૫૪)

હે હરે ! અરાપ જ્ઞાનવાળા કામ ક્રોધાદિ દોષ રહિત અંતઃકરણવાળા મુનિઓને પણ તમારું અતર્ક્ય રુપ સર્વકાળ ધ્યાન કરવા યોગ્ય છે. નિર્દોષ મૂર્તિવાળા, તમારી દયા વિના તમારું સ્વરૂપ અલ્પ બુદ્ધિવાળા મારા જેવા જનોને આલોકમાં પ્રત્યક્ષ કેમ થાય ? (૫૫) હે આર્ત બંધો ! તમારી માયાએ રચેલા કામના સુખમાં સ્વભાવથી આસક્તિ પામેલા વિપરીત જ્ઞાનરૂપી અંધકારથી નષ્ટ થયા છે. મને મારા આત્મ સ્વરૂપનું જ્ઞાન થયું છે. પરંતુ સુકૃતકારી તમારું શરણ હું પામ્યો છું તેથી હે પરમેશ્વર ! તમો દુસ્તરકાળના ભયથી મારું શરણ કરો. (૫૬)

શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ધર્મનંદન અવતારી સર્વજ્ઞ શ્રીહરિ, તે બંનેએ પૂર્વોક્ત

રીતથી સ્તુતિ કરી. તેથી તેમને અભયદાન આપતા હતા. (૫૭)

પછી પ્રસન્ન મનવાળા બંને પ્રીતિપૂર્વક હાથ જોડીને અચ્યુત શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫૮) અહો ! કેવી રીતે તમારો મહિમા કહેવા અમે શક્તિમાન થઈ એ ? હે હરે ! હે અવતારી ! આપે સાધુઓના ધર્મની મર્યાદા જે પ્રકારે સ્ત્રી, ધન ત્યાગ વગેરે પ્રબંધ કરીને રચી છે, તેવી મર્યાદા રામકૃષ્ણાદિક અવતારોએ નથી કરી. (૫૯) હે શ્રીહરે ! તેથી તમારા સાધુઓની આગળ સ્ત્રીઓએ ઊભા રહેવું તે યોગ્ય નથી. તમારી આજ્ઞા વિના અમારી પત્નીઓને તેથી જ અમે દર્શન માટે લાવ્યા નથી, પરંતુ તેમને વિમાનોમાં જ બેસાડી છે. (૬૦)

તેથી હે સ્વામિન્ ! તમારી આજ્ઞા હોય તો અમારી સ્ત્રીઓ હે સર્વ નિયંતા ! અવતારી ! સંસૃતિનું દુઃખ નિવારણ કરતાં તમારું દર્શન કરે. (૬૧) તમારા ચરણ કમળના સ્પર્શ વિના એ સ્ત્રીઓનું આત્યંતિક કલ્યાણ કેમ થાય ? હે સર્વાવતારૈક કારણ ! હે દિવ્યૈશ્વર્યાદિ સમુદ્ર ! તેનો યોગ્ય ઉત્તર અમોને કહો. (૬૨)

પૂર્ણકામ, માયાકૃત સ્વરૂપના પરાભવથી રહિત શ્રીહરિ, તેમનું આવું વચન સાંભળીને, સત્પુરુષોની સભામાંથી તત્કાળ ઊઠીને જે સ્થાનમાં સ્ત્રીઓ હતી ત્યાં ગયા. (૬૩)

પછી તે સ્ત્રીઓએ અવતારી શ્રીહરિને સ્નેહયુક્ત વિનયપૂર્વક પંચાગ પ્રણામ કર્યા. (૬૪) પછી સ્ત્રીઓએ નાના પ્રકારના ઉપચારો જે ચંદન-પુષ્પનાહાર તથા વસ્ત્ર આભૂષણો વગેરેથી ઉપહારોથી શ્રીહરિને પૂજીને પોતાના સ્વામીની આજ્ઞાથી શ્રીહરિને વિવિધ પ્રકારના રત્નો અર્પણ કર્યાં. (૬૫)

પછી વરુણ તથા સાગર સહસ્ર સાધનોથી દુષ્પ્રાપ્ય પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિના દર્શન કરી તત્કાળ અંતર્ધાન થયા. (૬૬) પછી દાનેશ્વરી ધર્મપુત્ર શ્રીહરિએ સર્વ રત્નો મયારામાદિ બ્રાહ્મણોને આપ્યાં. (૬૭) દયાનિધ શ્રીહરિ, મેઘના જળ જેમ આવે તેમ ત્યાં આવેલા બીજા પુરવાસી બ્રાહ્મણોને દાન આપતા હતા. (૬૮) પછી સોનેરી વસ્ત્રોવાળા શ્રેષ્ઠ ઘોડા ઉપર બેસીને, પોતાના આશ્રિતજન ઘોડેસવારો સાથે પોતાના પાછળ આવતા જનસમુદાય સાથે પોતાના નિવાસ સ્થાનમાં ગયા. (૬૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રી ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિનું પૂજન કર્યું તે નિરૂપણનો અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! નિર્નિમેષ દૃષ્ટિથી શ્રીહરિના દર્શન કરતા ત્યાગી તથા ગૃહસ્થોની દરરોજ માંગરોળમાં રમણીય સભા થતી હતી. (૧) સભાની મધ્યમાં કોમળ ગાદલા તથા કોમળ તકિયા યુક્ત શ્રેષ્ઠ આસનમાં શ્રીહરિ બિરાજતા. (૨)

હે ભૂપતે ! શ્રીહરિને શ્વેત વસ્ત્રોની સદા રુચિ હતી. તેથી તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતાં.

(૩) છતાં પણ શ્રીહરિ પોતાના ભક્તોએ સમર્પણ કરેલાં સોનેરી વસ્ત્રો કોઈ દિવસ પહેરતા; વળી કોઈ દિવસ રાતા તથા પીળા વસ્ત્રો પણ ભક્તની પ્રીતિ માટે ધારણ કરતા હતા. (૪)

સ્વાભાવિક અનુપમ દિવ્યાનંદ મહાસાગર શ્રીહરિને રમ્ય વસ્ત્ર તથા અલંકારોમાં રુચિ ન હતી. (૫) તો પણ શ્રીહરિ ક્યારેક ભક્તોએ અર્પણ કરેલા અલંકારો, ભક્તોના આત્યંતિક મોક્ષ માટે, ધારણ કરતા, તેમજ નાના પ્રકારના ભોજન પણ જમતા હતા. (૬)

માંગરોળ બંદરના શ્રીહરિના આશ્રિતજનો તથા દેશાંતરથી આવેલા સત્સંગિજનો કેસર, ચંદન, સુગંધીમાન પુષ્પના હાર, વગેરેથી હંમેશા શ્રીહરિનું પૂજન અર્ચન કરતા. (૭) હે રાજન્ ! ભક્તો પેંડા, બરફી, વગેરે સ્વાદિષ્ટ ખાદ્ય વસ્તુઓનું સત્કારપૂર્વક સ્નેહથી શ્રીહરિને ભોજન કરાવતા. (૮)

તે સભામાં એક સમયે હજારો જનોને સદા દુર્લભ, કોટિ સાધનોથી પણ અપ્રાપ્ય સમાધિ શ્રીહરિના દર્શન માત્રથી જ સભામાં બેઠેલા ભક્તોને થઈ. (૯) ગોવર્ધન વગેરે શ્રીહરિના ભક્તોને સાધન વિના પણ શ્રીહરિની કૃપાથી અષ્ટાવરણ રહિત અચળ સમાધિ થઈ. (૧૦)

તેઓ બધા અષ્ટાવરણથી પર દિવ્ય અક્ષર ધામમાં શ્રીહરિની દિવ્ય મૂર્તિ સમાધિમાં જોતા હતા. (૧૧) માંગરોળ પુરમાં ઘરઘર પ્રત્યે તથા માર્ગમાં પણ પુરજનો શ્રીહરિના આશ્ચર્યકારી પ્રતાપની વાતો કરતા હતા. (૧૨) શ્રીહરિ પણ પોતાનું અનુપમ ઐશ્વર્ય બતાવીને, હજારો જનોને પોતાના આશ્રિત કરીને માંગરોળ બંદરથી જવા માટે તૈયાર થયા. (૧૩)

તેથી ત્યાંના રાજા વજદીને તથા પુરવાસી ભક્તોએ વિનયપૂર્વક શ્રીહરિને અત્યંત પ્રાર્થના કરી તેથી શ્રીહરિ તે સર્વેજનોનું પ્રિય કરવાની ઈચ્છાથી પોતાનો પ્રતાપ વિસ્તારતા માંગરોળ પત્તનમાં દયા કરીને ચાતુર્માસ પર્યંત રહ્યા. (૧૪-૧૫) એ પ્રકારે શ્રીહરિનો દિવ્ય આશ્ચર્યકારી પ્રતાપ, વૃદ્ધોએ પણ કદી નહીં સાંભળેલો અને દિવ્ય પુરુષોને પણ આશ્ચર્યકારી, સર્વ ભૂતળમાં વ્યાપી ગયો. (૧૬)

દુર્વાસાના શાપથી મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થયેલા મરિચ્યાદિ મુનિઓ શ્રીહરિનો પ્રતાપ સાંભળતા હતા તેથી પરમેશ્વરના દર્શન માટે તેમની ઈચ્છા અત્યંત તીવ્ર બની. (૧૭) પછી ત્રણે વર્ણમાં ઉત્પન્ન થયેલા તે ઋષિઓ ટોળે ટોળાં મળી માંગરોળ પુરમાં આવ્યા. હે રાજન્ ! પરમેશ્વર શ્રીહરિએ ઋષિઓને માન આપીને તથા સાંત્વન આપીને તેમને, પોતાની પાસે નિવાસ કરાવ્યો. (૧૮) સર્વે ઋષિઓ શ્રીહરિનો પ્રતાપ જોઈને તેમ જ વારંવાર સાંભળીને, શ્રીહરિને પરમેશ્વર જાણીને, તેમની પાસેથી દીક્ષા લેતા હતા. (૧૯)

પછી શ્રીહરિએ માંગરોળ પુરમાં જન્માષ્ટમીનો મોટો ઉત્સવ કરવા ઈચ્છા કરી. તેથી હે નૃપ ! પોતાના સર્વે ભક્તો ને દૂતો મોકલીને માંગરોળમાં બોલાવ્યા. (૨૦) ત્યાગી તથા ગૃહસ્થો સર્વે ભક્તો ભેગા મળીને માંગરોળ પુરમાં આવ્યા. સ્વયં શ્રીહરિએ યથાયોગ્ય તેમનું સન્માન કર્યું. (૨૧)

હે રાજેન્દ્ર ! સર્વ વિધિને જાણનારા સ્વયં શ્રીહરિ પુરુષોત્તમ જન્માષ્ટમીને દિવસે પ્રાતઃકાળમાં ઊઠીને સમગ્ર વિધિ કરતા હતા. (૨૨) હે રાજન્ ! શ્રીહરિ રમણીય વસ્ત્રો તથા પુષ્પના હાર, મોતીની

માળાઓ તથા કેળના સ્થંભોથી અત્યંત શોભાયમાન મંડપ પ્રીતિપૂર્વક કરાવતા હતા. (૨૩) શ્રીહરિએ મંડપમાં મધ્યરાત્રીએ (શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે) ઉપચારો તથા ઉપહારો વડે તેમ જ નાના વાદ્યોના ગીતોથી શ્રીકૃષ્ણનું પૂજન શાસ્ત્ર પ્રમાણે કર્યું. (૨૪) મૃદંગ, ઝાંઝ વગેરે વાદ્યો વગાડતા મુનિસમૂહો આદરપૂર્વક વિવિધ પ્રકારનાં કૃષ્ણનાં પદોનું ગાન કરતા હતા. (૨૫)

શ્રી હરિએ બાળકૃષ્ણની પ્રતિમાને પારણામાં પધરાવી અને હર્ષપૂર્વક તેમને હિંચોળતા પોતાના ભક્ત જનોની સાથે શ્રીકૃષ્ણના કથા કિર્તનોથી જાગ્રણ કર્યું. ધર્મનંદન શ્રીહરિ રાત્રિનો ત્રીજો પહોર વ્યતિત થયો ત્યારે સભામાં શ્રેષ્ઠ સિંહાસનમાં બિરાજ્યા. (૨૬-૨૭) પછી ત્યાગીઓ મુકુંદાનંદ વગેરે વર્ણીઓ, મુક્તાનંદ વગેરે સાધુઓ, પુરના જનો તથા ભક્તજનો નિર્નિમેષ દૃષ્ટિથી શ્રીહરિના દર્શન કરતા; તેમ જ સ્ત્રીઓ પણ નિર્નિમેષ દૃષ્ટિથી શ્રીહરિના મુખકમળના દર્શન કરતી હતી. (૨૮)

પછી કરુણાનિધિ શ્રીહરિની ઈચ્છાથી જ સર્વજનો શ્રીહરિના આ પ્રમાણે દર્શન કરતા હતા. (૨૯) શ્રીહરિના મનોહર એક એક અંગમાંથી કોટી કોટી સૂર્યનું તેજ નીકળે છે. સુંદર પીતાંબર ધારણ કર્યું છે, મેઘની જેવા શ્યામ મયુરના ચંદ્રકવાળાં પીંછાથી રમણીય મુગટ ધારણ કર્યો છે. (૩૦)

સુંદર કૌસ્તુભ મણિ કંઠમાં ધારણ કર્યો છે. તેમજ રત્નજડિત સુવર્ણનો કંદોરો પહેરેલો છે; સુવર્ણ અને રત્નજડિત મીનાકારથી શોભતાં બે કુંડળો સુંદર બે કાનોમાં ધારણ કર્યાં છે. (૩૧) સુવર્ણના કંકણો બંને હાથમાં ધારણ કર્યાં છે. રત્નજડિત સુવર્ણના બાજુબંધ તેમજ સોનાના સ્વચ્છ મણિજડિત ઝાંઝરો બંને ચરણોમાં ધારણ કર્યાં છે, અને વૈજયન્તી માળા કંઠમાં ધારણ કરી છે. (૩૨)

સુંદર ચંદનથી ચર્ચિત છે અંગો જેમના એવા, શોભાયમાન કિશોરાવસ્થાવાળા, સ્વભાવ સુંદર, વાંકી ભ્રકુટિવાળા, કામદેવને મોહ પમાડનારા, ચંચળ અને અતિ કરુણાથી કોમળ દૃષ્ટિવાળા, (૩૩) કરોડો દિવ્ય અક્ષર મુક્તોએ તથા રાધિકા, લક્ષ્મી વગેરે ભક્તોએ જેમને વંદના કરી છે એવા અત્યંત હર્ષપૂર્વક ચંદન પુષ્પાદિ ઉપચારોથી પૂજાયેલા. (૩૪) ઓષ્ઠ રૂપી લલિત બિંબમાં બે હાથમાં પકડેલી વાંસળીને અતિ સુંદર રીતે વગાડતા, મંદ હાસ્ય સહિત શોભતા, નટવરના જેવા વેશવાળા. (૩૫)

આ પ્રકારે બંને નેત્રોને આનંદ કરનારું છે રૂપ જેમનું એવા શ્રીહરિ, વાસુદેવ, શ્રીકૃષ્ણ રૂપને જોઈને તે ભક્તો અત્યંત આનંદ પામ્યા. તેમાં કેટલાક ભક્તોને નિર્નિમેષ દૃષ્ટિથી દર્શન કરતા તત્કાળ સમાધિ થઈ. (૩૬) આ પ્રકારે સમાધિમાં ભગવાનના દર્શનથી આનંદ પામેલા દેહનું ભાન ગુમાવી બેઠેલા ભક્તો, બે ઘડી પર્યંત સમાધિ સ્થિતિમાં રહ્યા. પછી શ્રીહરિની ઈચ્છાથી જગતના એકનાથ શ્રીહરિને પૂર્વની માફક બિરાજેલા જોયા. (૩૭)

પછી તે ભક્તો નારાયણ મુનિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા અને શ્રીહરિ સાક્ષાત્ સર્વ અવતારોના કારણ છે, એમ પરસ્પર કહેતા હતા. (૩૮)

હે રાજન્ ! સભામાં જે ઉદ્ધવ સંપ્રદાયના ઋષિ ગણો હતા, જે પુરના નિવાસી હતા તે સર્વે, પ્રીતિપૂર્વક શ્રીહરિનો જ આશ્રય કરતા હતા. (૩૯) હે મહીપતે ! આ પ્રમાણે બનેલું આશ્ચર્ય જોઈને પ્રસન્ન થયેલા

તે ભક્તો હાથ જોડીને હે શ્રીહરે ! અમો તમારા છીએ. એમ શ્રીહરિને કહેવા લાગ્યા. (૪૦)

પછી હે રાજેન્દ્ર ! શ્રીહરિ સર્વે સાધુઓ, બ્રાહ્મણો તથા બીજાઓને જમાડવા માટે જુદા જુદા પાક કરાવતા હતા. (૪૧) આ પ્રકારે પોતાનું સર્વોત્તમ દિવ્ય અનુપમ ઐશ્વર્ય આશ્રિતોને બતાવવા દયાળુ શ્રીહરિને સેવવાની આશાવાળી યોગનિદ્રા, શ્રીહરિની સેવાનો અવકાશ તે રાત્રિએ પામી નહીં. (૪૨)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રીભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં જન્માષ્ટમી ઉત્સવમાં શ્રીહરિ પ્રદર્શિત પોતાના દિવ્ય સ્વરૂપનું નિરૂપણ નામે બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે રાજન્ ! પ્રાતઃકાળમાં શ્રીહરિ શૌચવિધિ કરતા હતા. તે સમયે હમીરજીત શ્રીહરિના હાથ ધોવા માટે માટી લાવતા હતા. (૧) હર્ષે સહિત શ્રીહરિની સદા સેવા પરાયણ મુકુંદનંદ વર્ણીરાટ્ અત્યંત હર્ષથી શ્રીહરિના બંને હાથ તથા પગ ધોવડાવતા હતા. (૨) પછી મોટા માનજીત પ્રીતિપૂર્વક શ્રીહરિને દાતણ આપતા હતા. શ્રીહરિ બાજોઠ ઉપર બેસીને દંડ ધાવન કરતા હતા. (૩) તે સમયે આનંદ પામેલા સંતો, વર્ણીઓ, પાર્ષદો, સત્સંગિજનો તથા બીજાજનો પ્રીતિપૂર્વક પુરુષોત્તમ શ્રીહરિના દર્શન કરતા હતા. (૪)

પછી મુકુંદાનંદ વર્ણીંદ્ર શુદ્ધ ઉના જળથી અત્તર તેલ વગેરે ચોળી શ્રીહરિને આદરપૂર્વક સ્નાન કરાવતા હતા. (૫) પછી વર્ણીન્દ્રે શ્રીહરિને પહેરવા માટે પીતાંબર તથા ઓઢવા માટે બીજું વસ્ત્ર હર્ષપૂર્વક અર્પણ કર્યું. (૬) શિવરામ બ્રાહ્મણ તત્કાળ બંને પાદુકા લાવ્યા. પછી હે રાજન્ ! શ્રીહરિ તે બંને પાદુકાઓ પહેરીને પૂજા સ્થાને પધાર્યા. (૭) આનંદાનંદ વર્ણીએ દર્ભનું સુંદર આસન પાથર્યું. તે ઉપર મૃગચર્મ અને તે ઉપર વસ્ત્ર પાથરી સુંદર કોમળ આસન પાટલા ઉપર તૈયાર કર્યું, શ્રીહરિ તે ઉપર બેસીને નિત્ય વિધિ કરતા હતા. (૮)

પછી ગોપાળાનંદ વર્ણીન્દ્ર માંજેલા પુજાના પાત્રો તથા માંજેલો, ગરણાથી ગાળીને જળ ભરેલો, કળશીયો લાવ્યા. (૯) વાસુદેવાનંદ વર્ણી ચંદન તુલસીપત્રો હર્ષ પૂર્વક શ્રીહરિને આપતા હતા. (૧૦) હે રાજન્ ! વાસુદેવાનંદવર્ણી શ્રીહરિને સમગ્ર પૂજાની સામગ્રી આપતા હતા. આ પ્રકારે તે સર્વે હર્ષપૂર્વક યથાયોગ્ય શ્રીહરિની સેવા કરતા હતા. (૧૧)

પછી બુદ્ધિમાન મુકુંદાનંદ વર્ણીંદ્ર પવિત્ર થઈને, આદરપૂર્વક શ્રીહરિને માટે દૂધમાં સમગ્ર પાક કરતા હતા. (૧૨) તે સમયે મુકુંદાનંદમાં પ્રીતિવાળા વૈકુંઠાનંદ વર્ણીરાજ મુકુંદાનંદ વર્ણીને શુદ્ધ અન્ન પ્રીતિપૂર્વક શ્રીહરિને જમાડવા માટે આપતા હતા. (૧૩) તે વૈકુંઠાનંદ વર્ણી શ્રીહરિ માટે પાક કરવા

દરરોજ જળનાં પાત્રો માંજીને તથા ગરણાથી ગાળીને સ્વચ્છ પાણી લાવતા હતા. જયાનંદ વર્ણી શ્રીહરિના વસ્ત્રો ધોતા હતા. (૧૪)

મુકુંદાનંદ વર્ણીરાજ દૂધની (દૂધથી ઘઉંનો લોટ બાંધીને) પૂરીઓ કરતા હતા. વળી સાકરનો શીરો પણ દૂધમાં જ પાણીનો સ્પર્શ કર્યા સિવાય બનાવતા હતા. (૧૫) મુકુંદાનંદ વર્ણી સુંદર મોતીચૂર લાડુ તથા જળના સ્પર્શ રહિત દૂધપાક તથા રાયતાં કરતા હતા. તેમજ મરી, જીરૂ નાંખેલા ઘણાં પ્રકારના શાક ઘીમાં બનાવતા હતા; પરંતુ તેમાં મીઠું નાખતાં નહોતાં. (મીઠું નાખ્યા પછી રસોઈ અજીઠી બને તેવી માન્યતા હોવાથી) (૧૬-૧૭)

આવી રીતે વિવિધ પ્રકારના પાક કરીને દાળ તથા ભાતના પાત્રોમાં ગાળેલું જળ નાખ્યું. અને પછી તે પાત્રો ચૂલા ઉપર મૂક્યાં. (૧૮) પાણીથી ભરેલાં તે બંને પાત્રો ચૂલા ઉપર મૂકી નીચે અગ્નિ સળગાવ્યો. તે બંને પાત્રોનું પાણી ઉકળવા લાગ્યું. ત્યારે તેમાં એક પાત્રમાં ધોયેલા ચોખા દૂરથી નાખતા હતા. (૧૯) મુકુંદાનંદ વર્ણી બીજા પાત્રમાં ધોયેલી ઉત્તમ પીળા રંગની દાળ દૂરથી નાંખીને પછી તેને સ્પર્શ કરતા ન હતા. (૨૦)

પછી વર્ણીરાટ્ મુકુંદાનંદ સોનાના થાળમાં સુંદર ફુલેલી પુરી-શીરો-અતિ સુંદર મોતીચૂરના લાડુ યુક્ત ઉત્તમ દૂધપાક સોનાના વાટકામાં મૂકતા હતા. (૨૨) મુકુંદાનંદ વર્ણી ઘી અને સાકર મિશ્રિત કરેલાં કેળાં એક પાત્રમાં હર્ષપૂર્વક મૂકતા હતા. (૨૩)

તેમજ વર્ણી મુકુંદાનંદે સાકર અને એલચી યુક્ત ઊનું કરેલું દૂધ બીજા વાટકામાં મૂક્યું. વળી સાકરવાળું દહીં પણ મૂક્યું. (૨૪) તે વર્ણીએ સાકર નાખેલું માખણ એક વાટકામાં મૂક્યું. બીજી નાની નાની વાટકીઓમાં વિવિધ પ્રકારના રાયતાં તથા અથાણાં મૂક્યાં. (૨૫) મહા બુદ્ધિશાળી મુકુંદાનંદ વર્ણી રસોડામાં પાટલા ઉપર નાના પ્રકારના ભોજનના થાળ મૂકતા હતા. (૨૬)

પછી પોતાના ભક્તજનોના સમૂહ પ્રીતિપૂર્વક દર્શન કરે છે તે દયાસાગર શ્રીહરિ પૂજા વિધિ કરીને પાકશાળામાં પધાર્યા. (૨૭)

પછી શ્રીહરિએ પાટલા ઉપર બેસીને, ભાત ચઢી ગયો છે કે નહીં એ જોઈને, ચઢીગયેલો જાણીને, રૂપાની સુંદર કડછીમાં ઘી અને લવિંગનો વઘાર કરીને પોતાના હાથમાં સાણસી ઝાલીને ચૂલાથી ભાતના પાત્રને નીચે ઉતાર્યું. (૨૮-૨૯) પછી શ્રીહરિ તે કડછીથી દાળ ચડી ગઈ છે કે નહીં તે જોઈને, ચડી ગઈ છે તે જાણીને, મુકુંદાનંદ વર્ણીને પૂછ્યું. (૩૦)

હે વર્ણી સત્તમ ! આ દાળમાં મારે કેટલું મીઠું નાંખવું એમ જાણે ન જાણતા હોયને શું ! એવા મનુષ્ય ભાવથી વર્ણીને હસતા હસતા પૂછતા હતા. (૩૧) પછી હે રાજન્ ! સત્પતિ શ્રીહરિએ વર્ણીએ આપેલું મીઠું તથા હળદર દાળમાં નાખ્યા. (૩૨)

પછી દાળમાં કડછી હલાવીને સ્વયં શ્રીહરિએ, વર્ણીએ આપેલો આંબલીનો રસ પણ તેમાં નાખ્યો. (૩૩) પછી શ્રીહરિએ વર્ણીએ આપેલો ગરમ મસાલો દાળમાં નાંખીને તેમાં કળછી ફેરવીને

દાળ સારી બનાવી. (૩૪) પછી શ્રીહરિએ બ્રહ્મચારીને પૂછીને સાણસીથી દાળનું પાત્ર ધીમે રહીને ચૂલા ઉપરથી નીચે ઊતાર્યું (૩૫)

પછી શ્રીહરિએ કડછી વડે દાળના પાત્રમાંથી દાળ કાઢીને દાળથી રૂપાની વાટકી પૂરી. (૩૬) પછી શ્રીહરિએ તે વાટકીને થાળમાં મૂકીને સુગંધીવાળો ઉત્તમ ભાત કડછીથી પાત્રમાં કાઢીને થાળમાં મૂક્યો. પછી રાયતામાં તથા શાકમાં મુકુંદાનંદ વર્ણીએ આપેલું મીઠું ઉતાવળથી (હાથની ચપળતાથી) નાખ્યું. (૩૯) મનુષ્ય ભાવ બતાવતા શ્રીહરિ પોતાના દેશમાં બ્રાહ્મણોનો સદાચાર બતાવતા આવી રીતે પાક કરતા હતા. (૪૦) શ્રીહરિ નૈષ્ઠિક વ્રત સ્વીકારીને મુમુક્ષુઓને ભક્તિનું પ્રકર્ષપણે શિક્ષણ આપવા માટે પોતાની પૂજામાં રાખેલા બાળમુકુંદ અને શાળગ્રામને પ્રીતિપૂર્વક સર્વ ભોજનો નિવેદન કરતા હતા. (પચીસ માળા ફેરવતા સુધી ધ્યાન મુદ્રાથી વિષ્ણુને જમાડતા હતા.) (૪૧)

પછી શ્રીહરિ બ્રાહ્મણો, સાધુઓ, વર્ણીઓ, પાર્ષદો તથા સત્સંગીઓએ ભોજન કર્યું કે નહિ તેમ પોતાના સેવક પાર્ષદ રત્નજીને પૂછતા હતા. (૪૨) હે સ્વામિન્ ! સાધુ વગેરે સર્વે પુરના તથા બીજા સર્વ સત્સંગીઓએ ભોજન કર્યું છે. એવી રીતે પાર્ષદે શ્રીહરિને કહ્યું. (૪૩)

એટલે પાટલા ઉપર બેસીને અપોશન વિધિ કરીને, પોતાના ભક્તજનો જેમના મુખકમળના દર્શન કરે છે, એવા ધર્મનંદન શ્રીહરિ, જમવા લાગ્યા. (૪૪) નારાયણાનંદ નામના વર્ણી સોનાના કળશમાં ગાળેલું જળ લાવ્યા. તે શ્રીહરિ પવાલાથી પીતા હતા. (૪૫) શ્રીહરિ સ્વાનંદ પૂર્ણ છે, છતાં પણ મુકુંદાનંદ વર્ણીએ પોતાની આંગળીથી દૂરથી બતાવેલું ભોજન ભક્તોના આનંદ માટે જમતા હતા. (૪૬) દયાનિધિ શ્રીહરિ, ગ્રાસે ગ્રાસે પાણી પીતા જમતા હતા. જમવાની ચતુરાઈ જોઈને તેમના આશ્રિતો તેમની પ્રશંસા કરતા હતા. (૪૭) શ્રીહરિ શીરો, સુંદર પુરીઓ, દૂધપાક, તથા મોતીચૂર લાડુ વગેરે રાયતાં, દાળ શાક, અથાણાંની સાથે જમતા હતા. (૪૮) તે બાદ સત્પતિ ધર્મપુત્ર દાળ, ભાત જમતા હતા. પછી અતિ સુંદર દૂધની સાથે ભાત મિશ્રિત કરી જમતાં હતા. (૪૯)

પછી શ્રીહરિ દૂધની સાથે ભાત જમતા હતા. તે રીતે શ્રીહરિ પોતાના ઓષ્ઠમાં ચોટેલો દૂધની રેખાથી અત્યંત શોભતા હતા. (૫૦) આ પ્રકારે શ્રીહરિ જમીને તૃપ્ત થયા એટલે વર્ણીએ સોનાના પાત્રમાં આપેલું ચંદન તથા જળ તેનાથી હાથ, મુખ, ધોતા હતા. (૫૧)

પછી શ્રીહરિએ પોતાની પ્રસાદી ભોજનનો શ્રેષ્ઠ થાળ મુક્તાનંદ વગેરે મુખ્ય મુનિઓને અપાવ્યો. (૫૨) પછી મુકુંદાનંદ બ્રહ્મચારી શ્રીહરિને જાયફળ, એલાઈચી, સોપારી વગેરેથી યુક્ત પાન બીડી મુખવાસ માટે આપતા હતા. (નિષ્કુળાનંદ તથા નિર્ગુણાનંદે શુદ્ધ કરેલા નાગરવેલીના પાનની બનાવેલી પાનબીડી તેમની પાસેથી લઈને આપી.) (૫૩)

પછી શ્રીહરિ શ્વેત વસ્ત્રો ધારણ કરીને સભામાં આવીને સભા મધ્યે પોતાના ઉત્તમ સિંહાસનમાં બિરાજ્યા. (૫૪) તે સમયે હજારો ભક્તો કેસર યુક્ત ચંદન તેમજ સુગંધી પુષ્પના હાર તથા અન્ય ઉપચારો વડે શ્રીહરિને પ્રીતિપૂર્વક પૂજતા હતા. (૫૫)

શ્રીહરિએ તે ઉત્સવમાં પુરના હજારો બ્રાહ્મણો તથા બીજા અન્નાર્થીઓ તથા સર્વ ત્યાગીઓ તથા ગૃહસ્થોને ભોજનથી તૃપ્ત કર્યા. (૫૬)

તે દિવસે સભામાં શ્રીહરિએ પોતાના આશ્રિતોને નારાયણ ગીતા (સત્સંગીજીવનમાં વિસ્તારથી આપી છે) કરુણાથી કહેવા લાગ્યા. (૫૭) પુરુષોત્તમ શ્રીહરિ પોતાના ભક્તોને પોતપોતાના વર્ણાશ્રમ પ્રમાણે કહેલા ધર્મ, શાસ્ત્ર પ્રમાણે જુદા જુદા કહેતા હતા. (૫૮) શ્રીહરિ, જ્ઞાન, વૈરાગ્ય તથા શ્રીહરિના માહાત્મ્યની વાર્તા, પંડિતોને આશ્ચર્ય કરનારી વેદ શાસ્ત્રાનુસાર કરતા હતા. (૫૯)

હે રાજન્ ! પછી વિવિધ પ્રકારના દેશથી આવેલા સર્વે સત્સંગીઓ શ્રીહરિની આજ્ઞાથી પોત પોતાના દેશો પ્રત્યે ગયા. (૬૦) પોતાના ભક્ત સમૂહોને સુખ કરવાના સ્વભાવવાળા, સંસાર તપને શમન કરનારી છે શ્રવણ લીલા જેમની એવા, અત્યંત મહાપ્રતાપશાળી, ધર્માત્મજ શ્રીહરિએ શ્રીકૃષ્ણની જન્માષ્ટમીમાં આવી રીતે મહોત્સવ કર્યો. (૬૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંદમાં, શ્રીહરિની ભોજન લીલા નિરૂપણનો તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ માંગરોળ બંદરમાં અન્ન ક્ષેત્ર કરાવતા હતા. જે અન્ન ક્ષેત્રમાં આવેલા વટેમાર્ગુઓ અન્ન મેળવી નિરંતર સુખ પામતા હતા. (૧) હે રાજન્! ભક્તોના સમૂહોને સુખ આપનારા શ્રીહરિ, તે પુરમાં તે ભક્તોને સુખ આપીને ત્યાંથી પ્રયાણ કરવા તૈયાર થયા. (૨) પછી શ્રીહરિની આજ્ઞાથી સાથે ફરનારા સંતો, વર્ણીઓ તથા પાર્ષદો વગેરે તત્કાળ તૈયાર થયા. (૩)

પછી રાજા વજદીન, દિવ્યેશ્વર્યના મહાસાગર સર્વેસ્વર શ્રીહરિને, સેનાની સાથે વળાવવા માટે આવ્યા. (૪) રાજાએ શ્રીહરિને નમસ્કાર કરીને, પ્રીતિપૂર્વક ઘણી પ્રાર્થના કરે અને મનોહર શિબિકામાં શ્રીહરિને બેસાડ્યા. (૫)

પોતાનો વિયોગ નહીં સહન કરતા પોતાના પુરના ભક્તોએ તથા બીજા પુરના જનોએ ગીત વાજિંત્રના ધ્વનિ સાથે શ્રીહરિને વળાવ્યા. પોતાના સાધુઓ, વર્ણીઓ, અસવારો, પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ, માંગરોળપુરથી પ્રયાણ કરતા હતા. (૬-૭) શ્રીહરિ શિબિકામાં બેસીને દૂર સુધી પોતાની પછવાડે આવતા રાજા વગેરે ભક્તજનોને પાછા વાળીને, પોતાના આશ્રિત જનોની સાથે કાલવાણી ગામે પધાર્યા. (૮) પછી શ્રીહરિ પોતાના ગામ પ્રત્યે પધારે છે તે સાંભળીને, અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિના આશ્રિત ભક્તજનો ગીત વાદ્યો વગાડતા તત્કાળ સન્મુખ ગયા. (૯) હાથમાં ભેટો લઈને તે સર્વે ભક્તો દૂરથી

શ્રીહરિને જોઈને, ચંદ્રને જોઈને સમુદ્ર જેમ આનંદ પામે તેમ, અત્યંત આનંદ પામ્યા. (૧૦)

પછી તે ભક્તો પોતાના અભિષ્ટ શ્રીહરિને હર્ષથી સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. શ્રીહરિને ભેટો સમર્પણ કરીને ફરી તેમને નમસ્કાર કરતા હતા. (૧૧) તે ભક્તો શ્રીહરિના કંઠમાં પુષ્પના હાર તથા તોરાઓ અર્પણ કરતા હતા. પછી શ્રીહરિની પ્રાર્થના કરીને પોતાના ગામમાં લઈ ગયા. (૧૨)

વાજિંત્રોના ધ્વનિ તથા ગીત સાંભળીને ત્યાંના જનો સર્વ ક્રિયાઓનો ત્યાગ કરીને એકઠા થઈ હર્ષપૂર્વક શ્રીહરિના દર્શન માટે સન્મુખ જતા હતા. (૧૩) તે જનો શિબિકામાં બેઠેલા શ્રીહરિને જોઈને. વનના અગ્નિથી પરિતપ્ત થયેલા મૃગલાઓ મેઘની વર્ષાથી જેમ શાંતિ પામે તેમ શાંતિ પામ્યા. (૧૪)

પછી શ્રીહરિએ કાલવાણી ગામમાં જીવન શર્મા બ્રાહ્મણ ભક્તના વિશાળ રમણીય ભુવનમાં નિવાસ કર્યો. (૧૫) શ્રીહરિએ પોતાની સમીપ રહેલા વર્ણીઓ, સાધુઓ, તથા બીજા જનોને યથાયોગ્ય પોતાના ભક્તોના ઘરમાં નિવાસ કરાવ્યો. (૧૬)

પછી મુકુંદાનંદ વર્ણીરાટ્ પવિત્ર થઈને સુંદર દૂધની પુરીઓ તથા સાકરનો શીરો કરતા હતા. (૧૭) વર્ણીએ કારેલા તથા ભીંડાના શાકો કર્યા. તેટલામાં શ્રીહરિએ સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કર્યો. (૧૮) પછી સ્વયં શ્રીહરિએ મગની દાળ તથા ચોખાની ખીચડી તથા કઢી કરી. વર્ણીએ આપેલું મીઠું જુદા જુદા શાકમાં નાખ્યું. (૧૯)

પછી અચ્યુત ધર્મનંદન શ્રીહરિ, પ્રીતિપૂર્વક ભોજન વિષ્ણુ ભગવાનને નિવેદન કરીને, સુંદર પાટલા ઉપર બેસીને જમતા હતા. (૨૦) પ્રિયદર્શન શ્રીહરિ નારાયણનંદ વર્ણીએ આણેલું સુવર્ણ પાત્રમાં રહેલું મીઠું જળ પીતા પીતા જમતા હતા. (૨૧) પ્રભુ શ્રીહરિ શીરો, સુંદર પુરીઓ, શાક તથા કઢી નાના પ્રકારના અથાણાં સારી રીતે જમતા હતા. (૨૨) શ્રીહરિ તાજા ઘીથી યુક્ત ખીચડી જમ્યા. પછી અત્યંત તૃપ્તિ પામી હાથ, મુખ ધોતા હતા. (૨૩)

પછી શ્રીહરિ મુકુંદાનંદ બ્રહ્મચારીએ આપેલો મુખવાસ જમ્યા. અને સફેદ વસ્ત્ર પહેરીને સભામાં આવી પોતાના શ્રેષ્ઠ આસન ઉપર બિરાજ્યા. (૨૪)

હે રાજન્ ! તેમનો આશ્રય પામેલા સર્વે સાધુઓ, વર્ણીઓ વગેરે જુદી જુદી રસોઈ કરીને જમતા હતા. (૨૫) પછી તે શ્રીહરિમાં આસક્તિ પામ્યા છે. ચિત્ત જેમનાં એવા કાલવાણી ગામમાં ભક્તો, સુગંધીમાન ચંદન, પુષ્પના હાર, બાજુબંધ, તથા તોરાઓ વડે શ્રીહરિને પૂજતા હતા. (૨૬) હે ભૂપતે ! તે ભક્તજનો મેઘની ગર્જનાથી મયૂરો જેમ નૃત્ય કરે તેમ શ્રીહરિના દર્શનથી ઘણો આનંદ પામ્યા. (૨૭)

શ્રીહરિના દર્શનમાં જેમના મનની આસક્તિ છે એવા કાલવાણી ગામના સમગ્ર ભક્તો, તે સમયે પોતાના ઘરના કામ તથા પોતાના દેહને પણ ભૂલી ગયા હતા. (૨૮) આ પ્રમાણે ત્યાંના સમગ્ર ભક્તો આદરપૂર્વક પોતાના પ્રાણપ્રિય શ્રીહરિનું સર્વદા સેવન કરતા હતા. (૨૯)

રઘુનાથ, આંબો, ભીમો, મેઘજીત, લક્ષ્મણ, યાદવ, જયરામ, જેષ્ટારામ વગેરે બ્રાહ્મણો ભક્તિપૂર્વક

શ્રીહરિને સેવતા હતા. (૩૦) પોતાની સાથે રાત્રિદિવસ નિવાસ કરીને રહેનારા સંત, વર્ણી તથા પાર્ષદોએ સહિત શ્રીહરિની વૈશ્ય ભક્તો પણ સેવા કરતા હતા. તે ભક્તોમાં મુખ્ય પર્વતભાઈ હતા. તેમજ રાજાભાઈ, જીવરાજ, હદો તથા જેઠાભાઈ (બે) તથા ઘેલાશા નામના પ્રસિદ્ધ વણિક, તેમજ મૂળજી, વસ્તો ખોડો, નૃસિંહ, જેઠાભાઈ તથા જૂઠાભાઈ (બંને ભાઈઓ) આંબો તથા માધવ (બે) કૃષ્ણ, કેશવ, લક્ષ્મણ, વિશરામ, માંડો વગેરે ઘણાં ભક્તજનો આદરપૂર્વક શ્રીહરિને સેવતા હતા. (૩૧-૩૨-૩૩) હે રાજન્ ! મઘા, કુલ્લા, જીવી, હિરા, તેજી, ઝવેર વગેરે સ્ત્રીઓ પરમાત્મા શ્રીહરિને સેવતી હતી. (૩૪)

તે ભક્તોએ યથા યોગ્ય આદરપૂર્વક હર્ષથી દરરોજ સેવેલા શ્રીહરિ તે ભકતોને સુખ આપતા કાલવાણી ગામમાં બે માસ સુધી રહ્યા. (૩૫) કાલવાણી ગામમાં હંમેશા સભા થતી હતી. સભામાં સુંદર સિંહાસનમાં શ્રીહરિ પોતાના હજારો ભક્તોથી વીંટાઈને બેસતા હતા. (૩૬) પછી શ્રીહરિ સાધુઓની પાસે યોગ શાસ્ત્રની કથા કરતા હતા. પોતાના ભક્તોને યોગકળા પણ શિખવાડતા હતા. (૩૭) કાલવાણી ગામના નિવાસી હજારો ભક્તજનો તથા બીજા જનો, પરમેશ્વર શ્રીહરિની દયાથી સમાધિ નિષ્ઠ થયા તથા યોગકળાના જાણનારા પણ થયા. (૩૮)

હે મહીપતે ! અનુક્રમથી યોગના અંગો સિદ્ધ કરીને, ઘણા કાળ અભ્યાસ કરીને, યોગીઓ જેમ સિદ્ધ થાય છે. (૩૯) તેમજ તે સમગ્ર ભક્તો સાધન વિના પણ સત્પતિ શ્રીહરિની દયાથી તત્કાળ યોગવિદ્યાના સિદ્ધ થયા. (૪૦) પ્રાણ નિરોધ, પ્રાણની ધારણા, તેમજ પોતાના દેહનો ત્યાગ કરવો તે કેટલાક ભક્તો સ્વતંત્ર રીતે કરવા લાગ્યા. બાળકો પણ યોગકળામાં સ્વતંત્રપણું પામ્યા. (૪૧) સ્વતંત્ર શ્રીહરિ જ્યારે હજારો જનોને સમાધિ કરાવતા ત્યારે તે બધા વિસ્મય પામતા હતા. (૪૨)

કાલવાણી ગામમાં સમાધિ અવસ્થામાં ગયેલા હજારો હજાર સ્ત્રી પુરુષોની જુદી જુદી પંક્તિઓ ગોઠવી રાખતા હતા. (૪૩) તે સમાધિવાળા જનોમાં કેટલાક જનોએ સિદ્ધાસન, કેટલાક સ્વસ્તિકાસન, કેટલાક પદ્માસન, તેમ જ કેટલાક શબાસનમાં રહેલા હતા. (૪૪) હે ભૂપતે ! સમાધિવાળા જનોમાં કેટલાક વીરાસન, કેટલાક ભદ્રાસન, કેટલાક યોગાસનમાં રહેલા હતા. (૪૫)

તે જનોમાં કેટલાક સમાધિમાં પાતાળ જોતા હતા. તેવી રીતે કેટલાક ભૂગોળના સંસ્થાનો જોતા હતા. (૪૬) કેટલાક જનો લોકાલોક પર્વતની બહારના સ્થાનો પણ જોતા હતા. કેટલાક ત્રિલોકીમાં દેવો તથા દૈત્યોનાં સ્થાનો જોતા હતાં. (૪૭)

હે ભૂપતે ! કેટલાક ખગોળના સંસ્થાનો જોતા હતા. ઐશ્વર્ય યુક્ત મહામાયા તથા મહાપુરુષના લોકને પણ જોતા હતા. (૪૮) કેટલાક ઐશ્વર્યે સહિત અનિરુદ્ધનું સ્થાન પણ જોતા હતા. કેટલાક ઐશ્વર્યે સહિત પ્રદ્યુમ્ન તથા સંકર્ષણના લોકને જોતા હતા. (૪૯) કેટલાક પ્રધાનમાયા તથા પ્રધાન પુરુષ, અનંત પ્રધાનપુરુષના અનંત લોકને પણ જોતા હતા. તેમ જ ત્યાં રહેલા વિચિત્ર ઐશ્વર્ય પણ જોતા હતા. (૫૦)

કેટલાક ચોવીસ તત્ત્વના લોકને પણ જોતા હતા. તે તે લોકમાં જે જે ઐશ્વર્યો હતાં, તે સર્વે ઐશ્વર્યો પણ જોતા હતા. (૫૧) અસંખ્ય ભુવનોમાં રહેલા બ્રહ્મા, વિષ્ણુ અને શિવની ઉત્પત્યાદિ ક્રિયાને

પણ સમાધિમાં કેટલાક જોતા હતા. (૫૨)

હે રાજન્ ! કેટલાક દેવો, અસુરો તથા મનુષ્યોની જે ક્રિયાઓ થાય છે, તે સર્વ તેમની ક્રિયા જોતા હતા. (૫૩) કેટલાક સમગ્ર બ્રહ્માંડની રચના જોતા હતા. કેટલાક વૈરાજ પુરુષને તથા તેમનું ઐશ્વર્ય પણ જોતા હતા. (૫૪) કેટલાક ભક્તો નિરન્ન મુક્તે સહિત શ્વેતદ્વીપ નિવાસી વાસુદેવને સમાધિમાં જોતા હતા. (૫૫) તથા કેટલાક અવ્યાકૃત ધામમાં રહેલી રમા વગેરે શક્તિઓ તથા પાર્ષદોએ સહિત ભૂમાને જોતા હતા. (૫૬)

કેટલાક બદરીકાશ્રમવાસી સિદ્ધ એવા તનુ ઋષિ આદિ સમૂહો સાથે અદ્‌ભુત દર્શનવાળા નરનારાયણને જોતા હતા. (૫૭) કેટલાક ક્ષીર સાગરમાં શેષરૂપ શય્યામાં સૂતેલા અને તેથી જ આશ્ચર્ય પમાડનારા લક્ષ્મી યુક્ત યોગેશ્વર નામના શ્રીહરિને જોતા હતા. (૫૮)

સૂર્યમંડળમાં શોભતા હિરણ્યમય પુરુષ વેદત્રયી-રૂપ પ્રાણીઓની દષ્ટિના ઈશ્વરને કેટલાક જોતા હતા. (૫૯) કેટલાક અગ્નિમંડળમાં યજ્ઞપુરુષને જોતા હતા. કેટલાક ત્રિલોકીમાં રહેલા શ્રીહરિના ધામને જોતા હતા. (૬૦) કેટલાક વૈકુંઠમાં નંદ સુનંદાદિક પાર્ષદો તથા લક્ષ્મી યુક્ત શ્રીહરિને તથા દિવ્ય વૈભવને જોતા હતા, (૬૧) કેટલાક ગોલોક ધામમાં શ્રીદામાદિ પોતાના પાર્ષદો અને રાધિકાએ સહિત શ્રીકૃષ્ણને તેમજ તેમના ઐશ્વર્યને જોતા હતા. (૬૨)

કેટલાક ગોલોકના મધ્ય ભાગમાં રહેલા અક્ષરધામમાં અક્ષરાદિ મુક્તોના સમૂહોએ સેવેલા કાન્તિમાન પુરુષોત્તમને જોતા હતા. (૬૩) તેમજ અક્ષરાદિ મુક્તોએ ગાન કરેલો શ્રી પુરુષોત્તમનો સર્વોત્તમ દિવ્ય અને આશ્ચર્યકારી વૈભવ જોતા હતા. (૬૪) જાણે તે સર્વે ભક્તો કાષ્ઠ કે પાષાણની પ્રતિમા હોય ને શું ? એમ જડવત્ બની ગયા હતા. (૬૫)

ઈશ શ્રીહરિ તે સમાધિ પામેલાઓમાંના કેટલાકને એક પ્રહરના અંતે ઊઠાડતા હતા. (૬૬) વળી કેટલાક આશ્રિતોને શ્રીહરિ બે દિવસ પછી પણ ઊઠાડતા હતા. સમાધિમાં પરમાનંદની આસક્તિવાળા કેટલાક જનોને પંદર દિવસ પછી પણ શ્રીહરિ ઊઠાડતા હતા. (૬૭)

શ્રીહરિ કેટલાક સમાધિવાળા જનોને શબ્દ માત્રથી (તેના નામ માત્ર બોલવાથી) ઊઠાડતા હતા. કેટલાકને કેવળ દષ્ટિ માત્રથી, કેટલાકને સંકલ્પ માત્રથી ઊઠાડતા હતા. (૬૯) જે કોઈ સમાધિ અવસ્થા પામેલા ભક્તો સમાધિમાં પ્રાપ્ત થયેલા આનંદમાં આસક્તિવાળા હોવાથી શ્રીહરિના બોલાવ્યા છતાં પણ પોતાના શરીરમાં આવતા ન હતા. (૭૦)

મહા યોગેશ્વરેશ્વર પ્રભુ શ્રીહરિ તાદાત્મ્ય યોગથી (તેના આત્માની સાથે પોતાના આત્માને સંલગ્ન કરવા રૂપ યોગૈશ્વર્યથી) બળપૂર્વક પણ તેવા ભક્તોને તત્કાળ દેહમાં લાવતા હતા. (૭૧) હે નૃપતે ! શ્રીહરિને ભજતા જે જે ભક્તો સમાધિમાંથી જાગ્રત થતા તે ભક્તો સમાધિમાં પોતે જે જોયું હતું તે સર્વે સભામાં બેઠેલા ભક્તોને કહેતા હતા. (૭૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના તૃતીય સ્કંધમાં, શ્રીહરિએ નાનાવિધિ યોગકળાનું ઐશ્વર્ય બતાવ્યું તે વર્ણનનો ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- તે સમાધિમાંથી ઊઠેલા ભક્તોમાંથી કેટલાક પાતાળલોક આવો છે એમ વાતો કરતા હતા. હે રાજન્ કેટલાક જનો ભૂગોળની વાતો પણ કરતા હતા. (૧) કેટલાક જનો લોકાલોક પર્વતની બહારના સ્થાનોની વાતો પણ કહેવા લાગ્યા. દેવતાઓ તથા દૈત્યો કે જે ત્રિલોકીમાં રહેલા છે, તેમના સ્થાનોની વાતો પણ કહેવા લાગ્યા. (૨) કેટલાક જનો ખગોળની અદ્‌ભુત વાતો કરતા હતા. બીજા કેટલાક ઐશ્વર્ય સહિત મહામાયા તથા મહાપુરુષનો લોક તેમજ તેમના ઐશ્વર્યની વાતો કરતા હતા. (૩)

કેટલાક જનો અનિરુદ્ધના લોકની વાતો કરતા હતા. હે રાજન્ ! ત્યાંના ઐશ્વર્યની પણ બધી જ વાતો કરતા હતા. (૪) કેટલાક જનો પ્રદ્યુમ્નના લોકની અને તેના ઐશ્વર્યની વાતો કરતા હતા. કેટલાક સંકર્ષણના સ્થાન તથા ઐશ્વર્યની વાત કહેતા હતા. (૫) કેટલાક અનેક સંખ્યાવાળા પ્રધાન પુરુષોના લોકોની તથા ઐશ્વર્યની વાતો કરતા હતા. (૬)

હે મહીપતે ! કેટલાક ચોવીસ તત્ત્વોના લોકની તથા ત્યાંના ઐશ્વર્યની વાતો કહેતા હતા. (૭) કેટલાક અનેક કોટિ બ્રહ્માંડમાં જે બ્રહ્મા, વિષ્ણુ તથા શિવની ઉત્પત્તિ વગેરે સર્વે ક્રિયાઓ તથા ત્યાંનું ઐશ્વર્ય કહેતા હતા. (૮) દેવતાઓ, દૈત્યો તથા નરો એ આદિક જેમાં છે એવા મહરાદિક લોકમાં રહેનારા જનોની તે તે લોકમાં જે જે આશ્ચર્યકારી ક્રિયા થાય છે, તે સમગ્ર ક્રિયા કહેતા હતા. (અહીં આ લોકો આવું કરે છે. આવી રીતે વર્તે છે, અહીંથી ત્યાં જાય છે, આલોકમાંથી આલોકમાં આવે છે, આ આને પરાભવ પમાડે છે. આ પરાભૂત થઈ જાય છે. આલોકમાં આવા ભોગ ભોગવે છે. વગેરે સર્વે કહેતા હતા.) (૯)

કેટલાક બ્રહ્માંડની રચના અનુક્રમથી કહેતા હતા. (શ્રીમદ્ ભાગવતમાં કહેલા ક્રમ પ્રમાણે) તથા કેટલાક પોતે પોતાના દેહની જોયેલી રચના કહેતા હતા. (યાજ્ઞવલ્ક્યે કહેલી રીતથી) (૧૦)

કેટલાક વૈરાજ પુરુષ તથા તેમના ઐશ્વર્યની સૌને વિસ્મયકારી વાતો કહેતા હતા. (૧૧) કેટલાક જનો નિરન્નમુક્તોને ઉપાસનીય જે વાસુદેવના નિવાસ ભૂત શ્વેત દ્વીપની સુંદર વાર્તા કરતા હતા. (૧૨) કેટલાક જનો પાર્ષદો તથા લક્ષ્મી વગેરે શક્તિઓથી યુક્ત ભૂમાપુરુષ તથા ત્યાંના વૈભવની વાતો કરતા હતા. (૧૩)

હે રાજન્ ! કેટલાક જનો નર નારાયણના નિવાસ ભૂત બદરીકાશ્રમની વાર્તા શ્રોતાજનોને આશ્ચર્ય કરનારી સભામાં કહેતા હતા. (૧૪)

ક્ષીર સાગરમાં લક્ષ્મીથી યુક્ત પોતે જોયેલા શેષશાયી યોગેશ્વર ભગવાનની કેટલાક વાતો કરતા હતા. (૧૫) કેટલાક જનો આ પ્રત્યક્ષ દેખાતા સૂર્યમંડળમાં હિરણ્યમય પુરુષની ભક્તોને આનંદ આપનારી વાર્તા પણ કરતા હતા. (૧૬) અગ્નિ મંડળમાં શોભતા શ્રી યજ્ઞપુરુષની વાતો પણ કેટલાક કહેતા હતા. કેટલાક ત્રિલોકીમાં રહેલા શ્રીહરિના ધામની વાતો પણ કરતા હતા. (૧૭)

કેટલાક વૈકુંઠ ધામ તેના પાર્ષદો તેમજ આશ્ચર્યથી યુક્ત લક્ષ્મીનારાયણની વાતો પણ કરતા હતા. (૧૮) કેટલાક ગોલોક ધામ તથા શ્રીકૃષ્ણ અને તેમનું ઐશ્વર્ય તથા મનોહર રાધિકા તથા પાર્ષદોની વાતો હર્ષથી કહેતા હતા.(૧૯)

કેટલાક જનો શ્રોતાજનોને આનંદ ઉપજાવે તેવી અક્ષરધામની વાતો કહેતા હતા. અક્ષરધામમાં શોભાયમાન મણિથી દેદીપ્યમાન સુવર્ણના દિવ્ય સિંહાસનમાં બેઠેલા અક્ષરધામના મુક્તોથી વીંટાયેલા અવતારી શ્રીહરિ નામના શ્રીહરિકૃષ્ણ ધર્મ પુત્રની વાતો પણ કેટલાક કરતા હતા. (૨૦-૨૧) ત્યાંનું સર્વોત્તમ દિવ્ય મહા આશ્ચર્યમય શુભ ઐશ્વર્ય યથાશાસ્ત્ર કહેતા હતા. (૨૨)

સમાધિમાં જોયેલા નાના પ્રકારના લોક તથા તેની વાતો સમાધિમાંથી જાગ્રત થયેલા ભક્તો પાસેથી સાંભળીને નારાયણ મુનિ તે તે પ્રકારના યોગવાળા ભક્તોની પકવતા તથા અપકવતાનો નિર્ણય કરતા હતા. (૨૩) તેમાં જેને જેને એ યોગ ધારણા અપક્વ હતી તેની અપક્વ ધારણાને ફરીથી શ્રીહરિ પક્વ કરાવતા હતા. (૨૪)

શ્રીહરિ કેટલાક ભક્તોને નાડીમાં પ્રવેશ થયેલા પ્રાણવાયુનો સંકોચ તથા વિકાસ સ્વતંત્રપણે કેમ કરવો તે શિખવાડતા હતા. (૨૫) વળી કેટલાક ભક્તોને સમગ્ર અંગમાંથી પ્રાણ ખેંચીને એક નેત્રમાં પ્રાણ ધારણા (પ્રાણ તથા જીવની ધારણા) કરવાનું શ્રીહરિ શિખવાડતા હતા. આંગળીના એક અંગમાં પ્રાણ તથા આત્માનું ધારણ શિખવાડતા હતા. (૨૬)

તે પ્રકારની ધારણા સિદ્ધ થવાથી તે સમાધિવાળા જનોના દેહ બળે તથા કાપે તોપણ તેને વ્યથા ન થાય. (૨૭)

શ્રીહરિ કેટલાક ભક્ત જનોને કૃપાથી ડાબા તથા જમણા બેમાંથી એક નેત્રની વૃત્તિ પ્રતિલોમ કરીને એ પ્રતિલોમ વૃત્તિ કરેલા નેત્રમાં અંતવૃત્તિથી ધારણા તેમજ બીજા નેત્રને નિર્નિમેષ કરી બાહ્ય વૃત્તિથી ધારણા, આ બે નેત્રોની આ પ્રકારથી વિપરીત ભાવથી (એક નેત્રની અંતર્વૃત્તિ અને બીજા નેત્રની બાહ્યવૃત્તિ, એ વિપરીત ભાવના) ધારણ કરાવવા રુપ અક્ષિયોગ શિખવાડતા હતા. (૨૮-૨૯) શ્રીહરિ કેટલાક ભક્તજનોને બંને નેત્રોની વૃત્તિ પ્રતિલોમ કરાવીને પ્રતિલોમ કરેલું તે અક્ષિયુગલ સ્વાન્તર સન્મુખ કરાવીને, નાડીમાં રહેલા પ્રાણનું આકર્ષણ કરવાનું શિખવાડતા હતા. (૩૦) શ્રીહરિ કેટલાક ભક્તોને બંને નેત્રો નિર્નિમેષ રાખી બાહ્ય વૃત્તિથી જ નાડીઓમાં રહેલા પ્રાણનું સમાકર્ષણ શિખવાડતા હતા. (૩૧)

શ્રીહરિ પોતાના આશ્રિત જનોને છ ચક્રોમાંથી (આધારાદિચક્રોમાં) કોઈ પણ એક ચક્રમાં પ્રાણને રોકીને વિચિત્ર નાદનું શ્રવણ કરાવતા હતા. (૩૨) પ્રભુ શ્રીહરિ છ ચક્રોમાંથી એક ચક્રમાં કેટલાક ભક્તોના પ્રાણ રોકીને, પ્રણવનો નાદ ગણાવતા હતા. અને સમાધિમાંથી ઊઠાડેલા તે પુરુષો પાસે તે પ્રણવ અને તેની સંખ્યા કહેવડાવતા હતા. (છ ચક્રો-મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધિ અને આજ્ઞા ચક્ર मूलाधारं गुदे विद्यात् स्वाधिष्ठानं तु लिङ्गके । मणिपूरं नाभिदेशे हृदये स्यादनाहतम् ॥ विशुद्धिचक्रं कण्ठस्थमाज्ञाचक्रं भ्रुवोर्मुखे । पद चक्राणि गुरोर्ज्ञात्वा, चक्रातीतं परं व्रजेत् ॥ मूलाधारे गणपतिः स्वाधिष्ठाने चतुर्मुखः । मणिपूरे स्वयं विष्णुः शिवश्चानाहते स्थितः ॥ जीवो विशुद्धिचक्रेऽस्ति हंसात्माऽऽज्ञाख्यचक्रे । उपासनीयाश्चक्रेषु देवा एव क्रमेण ते ॥ (મૂલાધાર ચક્ર ચાર પાંખડીનું સ્વાધિષ્ઠાન છ પાંખડીનું છે. મણિપૂરક દશ પાંખડીનું તથા બાર પાંખડીનું અનાહત છે. સોળ પાંખડીનું વિશુદ્ધ ચક્ર છે આજ્ઞા ચક્ર બે પાંખડીનું છે, એવા છ ચક્રો છે. સર્વક્રમથી આધાર ચક્રમાં (૬૦૦) છસો સ્વાધિષ્ઠાન ચક્રમાં છ હજાર (૬૦૦૦) મણિપૂરક ચક્રમાં છ હજાર (૬૦૦૦) અનાહત ચક્રમાં છ હજાર (૬૦૦૦) વિશુદ્ધિ ચક્રમાં સહસ્ર (૧૦૦૦) આજ્ઞાચક્રમાં હજાર (૧૦૦૦) યોગના પારંગત મુનિઓએ જપની સંખ્યા કહેલી છે.)

આ પ્રકારે હે રાજન્ ! મનની પીડાની નિવૃત્તિ કરનાર શ્રીહરિ, પોતાના આશ્રિત જનોને યોગની નાનાવિધ યુક્તિઓ હંમેશા સમ્યક્ શિખવાડતા, પોતાના અનુપમ દિવ્ય પ્રતાપથી અસંખ્ય ભક્તોને હજારો સાધનોથી પણ અશક્ય એ પ્રકારની સમાધિ કરાવીને, પોતાનું અવતારી પણું પ્રગટ કરતા હતા, શ્રીહરિ સ્વતંત્ર હોવા છતાં પણ ભક્તોને આધિન થઈ ત્યાં વસતા હતા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં, સમાધિ દર્શનનું ઐશ્વર્યાદિ નિરૂપણનો પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! કાલવાણી ગામમાં કેટલાક ભક્તો શ્રીહરિની દયાથી દુર્લભ સમાધિ પ્રાપ્ત થવાથી આ પ્રમાણે જોતા હતા. (૧)

તે ભક્તો નાભિના મધ્ય ભાગમાં રહેલા ચાર આંગળ વિસ્તારવાળા દેહધારણના હેતુરૂપ અંડના સમાન આકૃતિ જેની છે એવા કંદને જોતા હતા. (૨) જે નાભિકંદમાં પ્રાણે સહિત પુણ્ય પાપથી પ્રેરાએલા આત્મા, પોતાની લાળથી કરેલી જાળમાં (પાંજરામાં) કરોળીયો ભમે છે, તેમ ભમતો તેને પણ કેટલાક ભક્તો સમાધિમાં જુએ છે. (૩) હે રાજન્ ! તે ભક્તો નાભિકંદની ચારેય બાજુએ રહેલી દુર્જય એવી સર્પિણીને સમાન કુંડલીની શક્તિ જોતા હતા. (૪)

જે કુંડલની આઠ વળવાળી. બ્રહ્મરંધ્રના મુખને સદા રોકીને જીવના શુદ્ધ સ્વરૂપના જ્ઞાનને આવરણ કરતી સૂતેલી છે. (હઠ પ્રદીપિકામાં ''कुटिलाङ्गी कुण्डलिनी भुजङ्गी शक्तिरीश्वरी । कुण्डल्यरुन्धती चेति शब्दाः पर्यायवाचकाः ॥१॥ उद्घाटयेत् कपाटं तु यथा कुञ्चिकया हठात् । कुण्डलिन्या तथा योगी मोक्षद्वारं विभेदयेत् ॥२॥ (૫)

તે ભક્તો નાભિકંદમાં ઉત્પન્ન થયેલી અને દેહના સર્વ ભાગમાં પ્રસરેલી બોંતેરહજાર નાડીઓ જોતા હતા. (૬)

હૃદયના સ્થાનમાંથી કદંબના પુષ્પના કેસરની માફક ચારેય તરફ નીકળેલી, હિત અહિત કરવાના કારણથી હિતાહિત સંજ્ઞાવાળી, બોંતેર હજાર નાડીઓ છે. બીજી ત્રણ નાડીઓ છે. તેમાં ઈંડા-પિંગલા નામની બે નાડીઓ ડાબે તથા જમણે પડખે હૃદયમાં વિપર્યયથી રહેલી છે. નાસિકાના રંધ્રમાં સંબંદ્ધ પ્રાણાપાના સ્થાનવાળી, તથા સુષુમ્ણા નામની ત્રીજી નાડી, દંડની માફક બ્રહ્મ રંધ્રથી નીકળેલી નાડીના મધ્યમાં ચંદ્રની કાંતિ સમાન મંડળમાં આત્મા, જેમ વાયુ વિનાના સ્થાનમાં દીપ સ્થિર રહે છે, તેમ પ્રકાશમાન રહે છે. એવો આત્મા જાણવો. તેના સાક્ષાત્કારથી આ સંસારમાં ફરીને આવવાનું રહેતું નથી. અને અમૃતપદ પમાય છે. એમ હૃદયમાંથી નાડીઓનું પ્રસરણ કહ્યું છે.

અહીં તો નાભિ કંદથી इति तत् कथमि तिचेत् તે કહીએ છીએ. મતભેદોથી દોષ નથી. तथा च पातंजले सूत्रम् ''नाभिचक्रे कायव्यूहज्ञानम्'' । પાતંજલ યોગ શાસ્ત્રની ટીકામાં તેનો અર્થ આ પ્રમાણે છે. શરીરના મધ્યમાં રહેલું નાભિ સંજ્ઞાવાળું સોળ આરોનું ચક્ર છે. તે ચક્રમાં કૃત સંયમ યોગિને શરીરગત આ વ્યૂહ (વિશિષ્ટ રસ, મળ, ધાતુ નાડી આદિનું અવસ્થાન છે.) તેનું જ્ઞાન થાય છે. કારણ કે આ નાભિ ચક્ર શરીરની વચ્ચે રહેલ છે, અને સર્વ તરફ પ્રસરેલી નાડીનું મૂળરૂપ છે. આથી તેમાં જે યોગી ધારણા કરતો હોય તેને શરીરની સમગ્ર રચના તથા સ્થિતિનું બરાબર જ્ઞાન થાય છે.

સત્સંગિજીવનના પાંચમા પ્રકરણના એકસઠમા અધ્યાયમાં (યોગોપદેશ) જણાવ્યું છે કે, અંડાકૃતિમાં ચાર આંગળ પરિમિત કંદમાં દેહની સ્થિતિના કારણરૂપ નાભિચક્ર છે. તે ચક્રમાં જીવ ભમે છે. એની વ્યાખ્યામાં શુકાનંદમુનિએ हृदये जीववज्जीवे (હૃદયમાં જીવની માફક) એટલે કે જીવ હૃદયમાં રહ્યો છે, એમ કહ્યું છે. અહીં નાભિ ચક્રમાં જીવ રહ્યો છે એમ કહ્યું છે. બંને વાક્યો એક જ લેખકના હોવા છતાં વિરોધ કેમ છે ? પરંતુ શુકમુનિ કહે છે કે, એવો સંશય કરશો નહીં. કારણ કે સાંખ્ય તથા વેદાંતના મતમાં જીવની હૃદયમાં સ્થિતિ કહી છે યોગ અને આયુર્વેદના મતમાં જીવની નાભિચક્રમાં સ્થિતિ કહી છે. બંને મતો ગ્રહણ કરી શુકમુનિએ તે પ્રમાણે જીવની સ્થિતિ બે પ્રકારે દર્શાવી છે. માટે તેમાં વિરોધ નથી.

હે ભૂપતે તે નાડીઓમાં મુખ્ય કંદના મધ્યથી જેની ઉત્પત્તિ છે. અને મસ્તક જે બ્રહ્મરંધ્ર તેમાં રહેલી ઉર્ધ્વગતિ (જે મહર્લોકથી આરંભીને અક્ષરધામ પર્યંત ઉર્ધ્વગતિ) આપનારી સુષુમ્ણા નાડી છે. (૭) મહાતેજોમય, પિંડબ્રહ્માંડમાં વિસ્તારવાળી, યોગિઓને પણ ન દેખી શકાય તેવી, તે સુષુમ્ણા નાડીને

શ્રીહરિની કૃપાથી તે ભક્તો જોતા હતા. (૮)

હે રાજન્ ! ઈડા, પિંગલા, વારુણી, સરસ્વતી, યશસ્વિની તેવી મુખ્ય તેર નાડીઓ છે. (૯) તે ભક્તો તે નાડીઓને યથાસ્થાન જોતા હતા. શ્રીહરિના આશ્રિતો ઈડા આદિ નાડીઓના સમ્યગ આશ્રયે રહેલી દેહમાં વિસ્તાર પામેલી, વિવિધ પ્રકારની બીજી સર્વે નાડીઓ જોતા હતા. તે યોગોપદેશમાં કહ્યું છે. સુષુમ્ણા, પિંગલા, ઈડા, વારુણી, સરસ્વતી, યશસ્વિની, હસ્તી જીહ્વા, પૂષા, વિશ્વોદરા, કુહૂ, અલંબુવા, ગાંધારી, શંખિની, મયસ્વિતી વગેરે મુખ્ય ત્રણ નાડીઓ છે. એ નાડીઓમાં મુખ્ય કંદના ભાગથી ઉત્પન્ન થયેલી અને ઊર્ધ્વ ગતિ આપનારી સુષુમ્ણા નાડી છે. (૧૦)

કેટલાક ભક્તો વારુણી નાડીથી વરુણ લોકમાં જતા હતા. કેટલાક ભક્તો સરસ્વતી નાડીથી અગ્નિ લોકમાં જતા હતા. (૧૧) હે રાજન્ ! કેટલાક ભક્તો ઈડા નાડીથી ચંદ્રલોકમાં જતા હતા. કેટલાક પિંગલા નાડીથી સૂર્યના સ્થાનમાં જતા હતા. (૧૨) કેટલાક ભક્તો સુષુમ્ણા નાડી દ્વારા શિશુમાર ચક્રમાં રહેલા વૈશ્વાનર સુધી જઈ ત્યાંથી ઉપરના લોકમાં પણ જતા હતા. (૧૩) સર્વ નાડીઓના માર્ગથી શ્રીહરિના અનેક ઉપાસકો યોગિરાજની જેમ વિવિધ લોક પ્રત્યે જતા હતા. (૧૪)

શ્રીહરિ કેટલાક ભક્તોને જમણા નેત્રમાં સૂર્યની ધારણા અને ડાબા નેત્રમાં ચંદ્રની ધારણા શિખવાડતા હતા. (૧૫) જેમ આકાશમાં સૂર્ય ચંદ્ર બંને રહેલાં છે, તેવી રીતે ધર્મપુત્ર શ્રીહરિની કરુણાથી બંને નેત્રોમાં રહેલા સૂર્ય ચંદ્રને ભક્તો જોતા હતા. (૧૬) હે નૃપ ! તે સમયે તેમના જમણા તથા ડાબા બંને નેત્રોમાં અનુક્રમે સૂર્ય તથા ચંદ્રની ધારણા કરનાર ભક્તોને તે ધારણાથી તેમનું જમણું નેત્ર તપાયમાન થતું. અને ડાબું નેત્ર અત્યંત શીતળ થતું. (૧૭)

તે વખતે શ્રીહરિ તે ભક્તો પાસે ડાબા નેત્રમાં સૂર્યની ધારણા કરાવતા હતા, અને જમણા નેત્રમાં ચંદ્રની ધારણા કરાવતા હતા. (૧૮) પછી તે ભક્તો હૃદયાકાશમાં અંતર્વૃત્તિ કરીને મૂર્તિમાન સૂર્ય ચંદ્રમાને પ્રત્યક્ષ પોતાના નેત્રોમાં જોતા હતા. (૧૯) હે રાજન્ ! પછી તે ભક્તો દેહથી જુદા પોતાના સૂક્ષ્મ મહાસુખમય આત્માને તેજથી સ્ફુરાયમાન આત્મ ધારણાથી જોતા હતા. (૨૦)

પછી તે ભક્તો પોતાના હૃદયમાં ઘટીયંત્રની માફક ભમતું લિંગ દેહ, સ્થિર ચિત્તવાળા યોગીંદ્રોની જેમ જોતા હતા. (૨૧) વળી તે ભક્તો શ્રીહરિનું વિશ્વરૂપ જોતા હતા. તેમ જ તેમાં રહેલા ચૌદ લોકને પણ જોતા હતા. (૨૨) તે ભક્તો અણિમાદિ દુર્લભ સિદ્ધિઓ પણ જોતા હતા. વળી અણિમાદિથી ભિન્ન બીજી સિદ્ધિઓ પણ જોતા હતા. છતાં તે ભક્તો તે સિદ્ધિઓમાં લગારપણ આસક્ત થતા નહીં. (૨૩) સિદ્ધિઓને જોનારા કેટલાક ભક્તો તો ક્રિયા શક્તિથી રહિત કેવળ મહત્તત્ત્વમય શરીરવાળા શ્રીહરિમાં પોતાના મનને નિર્વિષયી કરી, અચળ ધારણ કરી અણિમા નામની સિદ્ધિને જોતા હતા. (૨૪)

કેટલાક ભક્તો મહત્તત્વમય શરીરવાળા શ્રીહરિમાં પોતાના નિર્વિષયી મનને જોડીને મહિમા નામની સિદ્ધિને જોતા હતા. (જે સિદ્ધિથી આકાશ, વાયુ, તેજ, જળ, અને પૃથ્વી એ પંચ ભૂતોને જુદા જુદા અનુક્રમે જોઈ, તેના અંતને પામવાનો પ્રકાર જોતા હતા.) (૨૫) કેટલાક ભક્તો સર્વભૂતોના પરમાણુમય

શ્રીહરિમાં પોતાના ચિત્તને સ્થિર કરી, તેમાં જોડી, શ્રીહરિના તે પરમાણુમય સ્વરૂપનું ધ્યાન કરતા, લઘિમા નામની સિદ્ધિને જોતા હતા. (૨૬) કેટલાક ભક્તો અહંકારમય શરીરધારી શ્રીહરિના સ્વરૂપમાં મનને તન્મય કરી ધારણ કરતા ''પ્રાપ્તિ'' સંજ્ઞાવાળી સિદ્ધિને જોતા હતા. (૨૭)

કેટલાક ભક્તો ક્રિયાશક્તિ પ્રધાન મહત્તત્વ શરીરમય શ્રીહરિમાં મનની ધારણા કરી, 'પ્રાકશ્ય' નામની સિદ્ધિને જોતા હતા. (૨૮) કેટલાક ભક્તો, સર્વ વ્યાપક, અધીશ્વર, કાળશારીરિક શ્રીહરિમાં મન સ્થિર કરી 'ઇશિતા' નામની સિદ્ધિને જોતા હતા. (ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞને શક્તિની પ્રેરણા કરનાર સિદ્ધિને ઈશિતા કહેવાય છે.) (૨૯)

(પ્રથમ ક્રિયા શક્તિ રહિત મહત્તત્ત્વમય શરીરવાળા શ્રીહરિની ઉપાસનાથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ જણાવી છે, પછી ક્રિયા શક્તિ પ્રધાન મહત્તત્ત્વમય શરીરવાળા શ્રીહરિની ઉપાસનાથી 'પ્રાકાશ્ય' સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. આ ઉપરથી એમ સમજવાનું કે ક્રિયાશક્તિ રહિત અને ક્રિયાશક્તિ પ્રધાન શ્રીહરિના જુદા જુદા સ્વરૂપોની ધારણા અથવા ઉપાસનાથી જુદી જુદી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.)

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાથી રહિત તુરીય સંજ્ઞાધારી પરિશુદ્ધ જીવાત્મા સ્વરૂપ શરીરવાળા ભગવાન, શબ્દ વાચ્ય (જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ એ છ ગુણથી પૂર્ણ) શ્રીહરિમાં પોતાના મનની ધારણા કરતા 'વશિતા નામની સિદ્ધિ જોતા હતા. (૩૦)

કેટલાક ભક્તો નિર્ગુણ છતાં કલ્યાણકારી ગુણોએ યુક્ત બ્રહ્મસ્વરૂપ શ્રીહરિમાં સ્થિર મનને જોડીને, તત્કાળ 'કામાવસાયિતા' નામની સિદ્ધિને જોતા હતા. (સર્વકામ પરિપૂર્ણ થાય છે. તે પરમાનંદની પ્રાપ્તિ આ ધારણાથી થાય છે.) (૩૧)

કેટલાક ભક્તો શ્વેત દ્વીપના ઈશ્વર ધર્મનું સ્થાપન કરનારા શ્રીહરિમાં પોતાના મનની ધારણા કરી, 'અનુર્મિ' નામની સિદ્ધિને જોતા હતા. (૩૨) કેટલાક ભક્તો આકાશની માફક નિર્મળ સર્વ વ્યાપક પ્રાણ શરીરધારી શ્રીહરિમાં ચિત્તને સ્થિર કરીને, 'દૂર શ્રવણ' નામની સિદ્ધિને જોતા હતા. (૩૩) કેટલાક ભક્તો ચક્ષુ આદિ ઈન્દ્રિયોના અધિષ્ઠાતા, સૂર્યમાં ચક્ષુ ઈન્દ્રિયને જોડીને, તેવી રીતે પોતાના ચક્ષુમાં સૂર્યને જોડી, બંનેના સંયોગથી, શ્રીહરિનું ધ્યાન કરતા 'દૂર દર્શન નામની સિદ્ધિને જોતા હતા. (૩૪)

કેટલાક ભક્તો શ્રીહરિમાં પોતાનું મન જોડીને તેમજ પોતાના પ્રાણવાયુ સહિત દેહને શ્રીહરિમાં જોડીને, શ્રીહરિના પ્રતાપથી જ ''મનો જવા'' (મનના જેવો વેગ પ્રાપ્ત થવો તે) નામની સિદ્ધિને જોતા હતા. (૩૫) કેટલાક ભક્તો શ્રીહરિના સ્વરૂપમાં મન જોડીને શ્રીહરિના પ્રભાવથી, બીજાને દુર્લભા 'કામ રૂપાલિધા' સિદ્ધિને જોતા હતા. (૩૬) કેટલાક ભક્તો બીજાના શરીરમાં પોતાનો આત્મા રહ્યો છે. તેવો ભાવ ધારણ કરીને, 'પરકાય પ્રવેશ' નામની સિદ્ધિને શ્રીહરિના પ્રતાપથી પ્રાપ્ત કરતા હતા. (૩૭) શ્રીહરિમાં પ્રીતિવાળા શ્રીહરિના આશ્રિત કેટલાક ભક્તો, શ્રીહરિના ધ્યાનના પ્રતાપથી ''સ્વચ્છંદ મૃત્યુ'' સંજ્ઞાવાળી સિદ્ધિને જોતા હતા. (જેને પોતાનો દેહ ત્યાગ કરવો હોય તે મૂલાધારને દબાવીને પ્રાણને ઊંચે લઈ જઈ હૃદય, કંઠ, મસ્તકમાં પ્રાણને લાવીને ભેદેલા કપાળરંધ્રથી બ્રહ્મ પ્રત્યે પ્રાણ લઈ જઈ, પોતાની ઇચ્છાથી શરીરનો ત્યાગ કરે.) (૩૮)

કેટલાક ભક્તો શુદ્ધ સત્ત્વગુણના આશ્રયરૂપ, પ્રતાપી શ્રીહરિનું ધ્યાન કરીને તત્કાળ 'ક્રીડાનું દર્શન' સિદ્ધિને જોતા હતા. (જે સિદ્ધિથી હરકોઈ સ્થળે પોતે ક્રીડા કરી શકે અથવા દેવાદિની થતી ક્રિડાને પોતે જોઈ શકે) (૩૯) કેટલાક ભક્ત જનો સત્ય સંકલ્પ શ્રીહરિમાં અતિ નિર્મળ મનને જોડીને, શ્રીહરિની ઈચ્છાથી ''સત્ય સંકલ્પ'' નામની સિદ્ધિને જોતા હતા. (૪૦)

સર્વ નિયંતા, સ્વતંત્ર, વ્યાપક શ્રીહરિના વશિત્વાદિ ભાવને પામેલા કેટલાક ભક્તો 'અપ્રતિહતાજ્ઞા' નામની (સર્વને આજ્ઞા કરવાની શક્તિ જેનાથી મેળવી શકાય છે.) દુર્લભ સિદ્ધિને જોતા હતા. (૪૧) શ્રીહરિની ભક્તિથી જેમનું ચિત્ત શુદ્ધ થયું છે તેવા ધારણા કરવામાં પ્રવીણ ભક્તો, શ્રીહરિના સામર્થ્યથી 'ત્રિકાલજ્ઞત્વ'ની સંજ્ઞાવાળી સિદ્ધિ પ્રાપ્ત કરતા હતા. (૪૨) કેટલાક ભક્તો માયાના ત્રણ ગુણ રહિત થઈ સાક્ષીરૂપે વર્તતા ચૈતન્ય વપુ ધારી શ્રીહરિનું ધ્યાન કરતા 'અદ્વન્દ્વ' નામની સિદ્ધિને જોતા હતા. (૪૩)

કેટલાક ભક્તો સર્વના સાક્ષી, પ્રાણીઓના હૃદયમાં અંતર્યામી સ્વરૂપે રહેલા આત્મ સ્વરૂપ અર્થાત આત્મા જેવા દિવ્ય પ્રેમના સ્થાનભૂત શ્રીહરિનું ચિંતવન કરતા 'પરચિત્તાદ્યભિજ્ઞતા' (પારકાનું ચિત્ત જાણી શકાય તે) નામની સિદ્ધિને જોતા હતા. (૪૪) શ્રીહરિના ધ્યાનથી શાંત ચિત્તવાળા યોગ મૂર્તિ જેવા કેટલાક ભક્તો ''અગ્ન્યાદિ પ્રતિસ્તભંન'' (અગ્નિ આદિને સ્થંભાવનારી) કરનારી સિદ્ધિ જોતા હતા. (૪૫)

કેટલાક ભક્તો શ્રીવત્સ, અસ્ત્ર આદિકથી શોભતી શ્રીહરિની વિભૂતિઓનું ચિંતવન કરતા 'અપરાજીતા' (જેની પ્રાપ્તિથી કદી પરાજય ન થાય) તે સિદ્ધિ જોઈને શ્રીહરિની ઈચ્છાથી તે સમાધિમાંથી જાગ્રત થઈને, પોતાના હૃદયમાં જેવા શ્રીહરિને જોયા હતા તેવા પોતાના આશ્રિતોનું હિત કરનારા શ્રીહરિને મણિજડિત સુવર્ણના શોભાયમાન સિંહાસનમાં બિરાજેલા જોતા હતા. (૪૭) તે ભગવાનના એક એક અંગમાંથી નીકળતા દિવ્ય તેજના પુંજમાં વિરાજમાન, રમણીયતાના પયોનિધિ, શાંત, દિવ્ય ગુણોના સ્થાન ભૂત એવા (૪૮) હે રાજન્ ! આ પ્રકારે અનેક જનો શુક, નારદાદિએ પ્રાપ્ત કરેલી સિદ્ધદશાને શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રયથી પામી તે પ્રકારે આવરણોથી રહિત થયા. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્રશ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિએ નાનાવિધ ધારણા કરાવી તેના નિરૂપણનો સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! કાલવાણી ગામમાં અવતારી શ્રીહરિએ પોતાના ભક્તોને બીજું જે આશ્ચર્ય બતાવ્યું તે હું તમોને કહું છું, તે તમો સાંભળો. (૧)

કેટલાક ભક્તો સમાધિ થવાથી ગુદામાં આધારાખ્ય ચક્ર જોતા હતા, તે ચક્રમાં ઉગતા સૂર્યના સમાન વર્ણવાળું ચાર પાંખડીનું કમળ જોતા હતા. (૨) તે સમાધિવાળા ભક્તો ચાર પાંખડીના પદ્મમાં

ચાર સુંદર રમણીય હસ્તોથી પાશ, અંકુશ, વર અને પરશુને ધારણ કરતા લાંબા ઉદરવાળા ગણેશને જોતા હતા. (૩)

કેટલાક ભક્તો લિંગમાં સ્વાધિન ચક્ર જોતા હતા. તે ચક્રમાં ષટપત્રોએ યુક્ત કમળ જોતા હતા. (૪) તે સમાધિવાળા ભક્તો ષડ્દલ ચક્રસ્થ પદ્મમાં ચાર મુખવાળા સ્ફટિકની રમણીય માળા તથા પુસ્તક ધારણ કરતા શોભાયમાન બ્રહ્માને જોતા હતા. (૫) વામ ભાગે સદા રહેતા સાવિત્રીથી યુક્ત સુંદર શોભાવાળું જે હંસનું વાહન, તેણે સહિત લોકોની સૃષ્ટિ કરવામાં વિચક્ષણ બ્રહ્માને જોતા હતા. (૬)

કેટલાક નાભિમાં રહેલું "મણિપૂરક" ચક્ર તેને જોતા હતા. તે ચક્રમાં દશપત્રથી શોભતું કમળ જોતા હતા. (૭) તે ભક્તો દશપત્રના કમળમાં શાન્તાકાર, અત્યંત તેજવાળા, દિવ્ય, દર્શનીય, મનોહર, ઈન્દ્ર, નીલમણિની માફક શ્યામ વિષ્ણુને જોતા હતા. વામ ભાગમાં રહેલાં શ્રી લક્ષ્મીથી યુક્ત અને વિશ્વનું પાલન કરનારા શંખ, ચક્ર ગદા અને પદ્મને ચાર હસ્તમાં ધારણ કરતા વિષ્ણુને જોતા હતા. (૯)

કેટલાક ભક્તો પોતાના હૃદયમાં અનાહત ચક્રને જોતા હતા. તે ચક્રમાં હંસની માફક ધોળું બાર પાંખડીનું સુંદર પદ્મ જોતા હતા. (૧૦) સમાધિવાળા જનો તે દ્વાદશ દલ કમળમાં નંદીશ્વર યુક્ત ત્રિનેત્રી સ્ફટિકના જેવી કાન્તિવાળા, વિશ્વના સંહાર કરનારા રુદ્રને જોતા હતા. (૧૧) પોતાને ડાબે પડખે રહેલા પાર્વતીથી યુક્ત અને પાર્વતિજીએ પૂજેલા, ચારહાથમાં વર, પરશુ, ચાપ અને ત્રિશૂલ ધારણ કરતા. શિવજીને જોતા હતા. (૧૨)

કેટલાક ભક્તો કંઠ સ્થાનમાં રહેલું વિશુદ્ધિ સંજ્ઞાવાળું ચક્ર જોતા હતા. તે વિશુદ્ધિ ચક્રમાં દીવા જેવા વર્ણવાળું સોળ પત્રોવાળું પદ્મ જોતા હતા. (૧૩) સમાધિવાળા ભક્તો તે પદ્મમાં વિદ્યા શક્તિથી યુક્ત વિશ્વના કારણ, અભક્તોને અગોચર તથા સોળ શક્તિથી યુક્ત ઈશ્વર વૈરાજને જોતા હતા. (૧૪)

કેટલાક ભક્તો બંને ભ્રકુટિના મધ્ય ભાગમાં આજ્ઞા ચક્રને જોતા હતા. તે ચક્રમાં ચંદ્ર વર્ણવાળા દ્વિદલ કમળ જોતા હતા. (૧૫) તે ભક્તો તે પદ્મમાં દિવ્ય તેજોમય આકૃતિવાળા, પ્રસન્ન મુખવાળા, શાંત, દર્શનીય પરમાત્માને જોતા હતા. (૧૬)

હે રાજન્ ! આ પ્રકારે ધર્મના પુત્ર શ્રીહરિ પોતાનું સર્વાવતારીપણું જીવોને જણાવવા, પોતાના ઐશ્વર્યો બતાવતા હતા. (૧૭) અવતારી સ્વયં શ્રીહરિ ઘણા કાળથી વિનાશ પામેલો, ક્લેશને નાશ કરનારો યોગ આ પૃથ્વીમાં પ્રવર્તાવતા હતા. (૧૮) શ્રીહરિ નાના પ્રકારની સર્વ યોગકળાઓ જે સિદ્ધ કરવી ઘણી દુર્લભ છે તે ઘણાં ભક્તોને સાધન વિના પણ સિદ્ધ કરાવતા હતા. (૧૯)

હે ભૂપતે ! શ્રીહરિના મહિમાથી સંસિદ્ધ યોગવાળા, તે ભક્તો તત્કાળ બીજાના શરીરમાં પ્રવેશ કરીને તેમના હૃદયના સંકલ્પો જાણતા હતા. (૨૦) તે ભક્તો બીજાના શરીરમાં પ્રવેશ કરીને તેમના પ્રાણને રોકી, શ્રીહરિ જેમ સર્વ ધામો બતાવતા હતા તેમ, તે ભક્તો પણ અનન્યજનોને શ્રીહરિનાં ધામો બતાવતા હતા. (૨૧)

કોઈ પણ શ્રીહરિના ભક્ત પુરુષ હોય તે શ્રીહરિની આજ્ઞાથી બીજાને સમાધિ કરાવતો હતો. તેમ જ સમાધિમાંથી ઊઠાવતો હતો. (૨૨) હે ભગવાન ! નાના પ્રકારના ઐશ્વર્યવાળા ધર્મનંદન શ્રીહરિ કાળે કરીને નષ્ટ થયેલી સર્વ યોગકળાઓ કૃપાથી આ પ્રમાણે પૃથ્વી ઉપર પ્રવર્તાવતા હતા. (૨૩) હે મહિપતે ! દરેક ગામમાં તેમ જ દરેક પુરોમાં, દરેક ઘરમાં, મનોહર વિસ્મયકારી આ યોગ કળાની વાતો થતી હતી. (૨૪) હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ ભક્તોને પમાડેલી યોગની યુક્તિઓ મેં તમોને સંક્ષિપ્તમાં કહી છે. (૨૫) હે ભૂપતે ! અવતારી શ્રીહરિના યોગૈશ્વર્યો અનંત છે. જેથી તેને વિસ્તારથી કહેવા માટે કોઈ સમર્થ નથી. (૨૬) આ પ્રકારે પોતાનું અવતારીપણું વિસ્તારતા પોતાના હજારો જનોને પોતાના પ્રતાપથી યોગીન્દ્રગતિને પમાડતા, અક્ષરધામના અધિપતિ શ્રીહરિ સર્વોત્કર્ષપણે વર્તે છે. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રી ભક્તિશાસ્ત્રના તૃતીય સંકધમાં ગણેશાદિ દર્શન નિરૂપણનો સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! શ્રીહરિએ વૈશ્ય વર્ણમાં ઉત્પન્ન થયેલા પોતાના એકાંતિક ભક્ત પર્વતભાઈને પોતાનું ઐશ્વર્ય બતાવ્યું. (૧) જે સાંભળવાથી સંસાર સમુદ્રને તત્કાળ તરી જવાય છે. તેવું પવિત્ર શ્રીહરિનું આ ઐશ્વર્ય તમોને હું સંક્ષિપ્તમાં કહું છું. તે તમો સ્વસ્થ મનથી સાંભળો. (૨)

પર્વતભાઈ શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. શ્રી હરિની એકાંતિકી ભક્તિ સદા કરતા હતા. (૩) ધન, ધામ, ધરા, સ્ત્રી, પુત્ર, ગાય, બળદ, ભેંસ તથા પોતાના દેહમાં પણ સદા આસક્તિ રહિત, પ્રકૃતિજન્ય સર્વ વૈભવોને મિથ્યા જાણતા, શ્રીહરિના ધ્યાનમાં અંતરાયરૂપ સમગ્ર વાસનાથી રહિત મન જેમનું છે એવા સાવધાન થઈને શ્રીહરિની આજ્ઞામાં વર્તતા. (૪-૫) પોતાના આત્માને દેહ થકી ભિન્ન જાણતા, મહાત્માએ માનવા યોગ્ય, શ્રીહરિને આધીન કર્યું છે. દેહ, ગેહ, ધનાદિ જેમણે એવા. (૬)

જે આત્મનિવેદનમાં અંબરીષ રાજાની સમાન હતા. શ્રીહરિને સર્વસ્વ અર્પણ કરવામાં બળી રાજાના સમાન હતા. (૭) શ્રીહરિના ધ્યાનના આગ્રહમાં પ્રહલાદ જેવા અને ભગવાનના સ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં જનક રાજા જેવા હતા. (૮) પરોપકારીપણામાં શિબિ રાજા સમાન અને ધર્મ નિષ્ઠામાં યુધિષ્ઠિર રાજા સમાન હતા. (૯) જે પર્વત ભક્ત શ્રીહરિના દાસ ભાવમાં ઉદ્ધવજીની ઉપમા આપવા યોગ્ય હતા, શ્રીહરિની ચરણરજને માથે ધારણ કરવામાં અક્રૂરજીની તુલ્ય હતા. (૧૦)

હે રાજન્ ! અત્યંત પ્રેમથી શ્રીહરિકૃષ્ણનું ધ્યાન કરતા તે ભક્તના મનમાં એક વખત આવો સંકલ્પ થયો. (૧૧) શ્રીહરિ પ્રહલાદનું જે રૂપથી રક્ષણ કર્યું, તે નૃસિંહરૂપ કેવું હશે ? આ પ્રકારે પર્વત

ભક્ત ચિંતવન કરવા લાગ્યા. (૧૨) તે વખતે તે ભક્ત શ્રી સહજાનંદની શોભાયમાન મૂર્તિ જોવા લાગ્યા. તે મૂર્તિની ચારેય બાજુ અતિ સુંદર શ્વેત વર્ણવાળું તેજ જોતા હતા. (૧૩) સર્વ ઠેકાણે પ્રસરતું, ઘાટું સર્વ તેજ થકી અતિશય, જોનારા જનોને પરમ આનંદ આપનારું, શાંતિના સ્થાનભૂત. (૧૪) પર્વત ભક્ત તે તેજમાં મત્સ્ય, કચ્છ, વારાહ, નૃસિંહ, પરશુરામ, વામન, યજ્ઞ કપિલ, દત્તાત્રેય, હયગ્રીવ, નારદ, સનકાદિ, કુમાર, ઋષભ, પૃથુ, વ્યાસ, હંસ, ધન્વંતરી, કલ્કિ, બુદ્ધ, વાસુદેવ, હરિ, નરનારાયણ, તથા વૈરાજ પુરુષ તેને જોતા હતા. (૧૫-૧૭)

રામકૃષ્ણાદિ જે અવતારો પૂર્વે થયા હતા. તે સર્વે અતિ તેજોમય અવતારોને પર્વત ભક્ત પ્રત્યક્ષ જોતા હતા. (૧૮) પર્વત ભક્ત શ્રેષ્ઠ આકૃતિવાળા, દિવ્ય, લોકોત્તર શોભાથી યુક્ત, તે અવતારોને જોઈને પરમાનંદ પામ્યા અને સર્વે અવતારોની સ્તુતિ કરવા લાગ્યા. (૧૯)

હે ભૂપતે ! પછી પર્વત ભક્ત અવતારી શ્રીહરિ પ્રત્યક્ષ સ્વામિનારાયણના તેજ પુંજમાં તે સર્વે અવતારોને લીન થતા જોતા હતા. (૨૦) પછી તે ભક્ત ક્ષણાંતરમાં શ્રીસ્વામિનારાયણથી જુદા અને શ્રીસ્વામિનારાયણના દર્શન કરતા, પ્રિય છે દર્શન જેમનુ એવા, સમગ્ર અવતારોને પ્રત્યક્ષ જોતા હતા. (૨૧) પછી તે ભક્ત ચિત્ અને અચિત્ પ્રકૃતિથી અતિવિલક્ષણ સર્વાવતારોના એક કારણ, અખિલેશ્વર, શ્રીહરિનું ધ્યાન કરતા પોતાના અંતઃકરણમાં તથા બહાર પોતાના નેત્રમાં જોતા હતા. (૨૨)

હે રાજેન્દ્ર ! ભગવદ્‌ભક્તોત્તમ પર્વત ભક્ત, મનુષ્યને જેમ પોતાના દેહની વિસ્મૃતિ થતી નથી તેમ, શ્રીહરિની મૂર્તિનું ક્યારેય પણ વિસ્મરણ કરતા ન હતા. (૨૩) જેમ આલોકમાં ચિંતમણી જે મનુષ્યને પ્રાપ્ત થાય છે. તે મનુષ્યને ધન પ્રાપ્તિના સર્વ મનોરથો સિદ્ધ થાય છે. (૨૪) તેવી રીતે સર્વદા શ્રીહરિની મૂર્તિને ચિંતવતા ભક્તને આલોકમાં તથા પરલોકમાં સર્વ પ્રકારે કાંઈ પણ અપ્રાપ્ય નથી. (૨૫) તો પણ પર્વત ભક્ત પ્રભુ વિના બીજું કંઈ પણ પોતાના અંતઃકરણમાં ઈચ્છતા ન હતા. ચિંતામણીનો ત્યાગ કરીને કયો ડાહ્યો માણસ કાચને ઈચ્છે ? (૨૬)

ભક્તપ્રવર પર્વતભાઈ શ્રીહરિના પ્રતાપથી સમાધિવડે દિવ્ય શ્વેતદ્વીપમાં જતા હતા. ક્યારેય નરનારાયણના આશ્રમમાં પણ જતા હતા. (૨૭) શ્રીહરિના ચરણ કમળના સુગંધમાં લુબ્ધ મનવાળા તે ભક્ત, સમગ્ર બ્રહ્માંડમાં આવરણ રહિત થઈ જતા હતા. (૨૮) તે પર્વત ભક્ત સમાધિમાં આશ્ચર્યકારી વૈકુંઠધામ, ગોલોકધામ, સર્વોત્તમ, દિવ્ય, પ્રકાશમાન અક્ષરધામ પ્રત્યે પણ જતા હતા. (૨૯) આ પ્રકારે સમગ્ર લોકમાં પણ જેની ગતિ રોકાયેલી નથી એવા પર્વત ભક્ત, પરમેશ્વર શ્રીહરિનું ચિંતવન કરતા પરમ સુખ પામ્યા હતા. (૩૦)

હે મહીપતે ! પર્વત ભક્તે એક વખત સભામાં અતિ સુંદર આસનમાં બેઠેલા શ્રીહરિને નમસ્કાર કરીને વિનયપૂર્વક આ પ્રકારે પૂછ્યું. (૩૨)

હે સ્વામિન્ ! ચિંતનીય, શરણે આવેલાની પીડાને હરનારું તમારું ધ્યાન કરતાં મેં નૃસિંહ રૂપને જોવાનો સંકલ્પ કર્યો હતો. (૩૨) તો પણ હે દયાનિધે ! હે ભૂમન્ ! તમોએ મને સર્વે અવતારો બતાવ્યા.

તેનું શું કારણ છે ? (૩૩) તે સર્વે અવતારોને તમારા તેજમાં લીન થયેલા અને પછી તમારાથી જુદા એ પ્રમાણે મેં આશ્ચર્ય યુક્ત જોયું. (૩૪)

તેથી તમોને કેવા પ્રકારના જાણવા, એ જાણવાને ઈચ્છતા મને તમારા દાસને, તમે કૃપા કરીને કહો. (૩૫) ઉત્તમ ભક્તવર્ય પર્વતભાઈએ આ પ્રકારે શ્રીહરિને જિજ્ઞાસાથી પૂછ્યું, તેથી સભ્યોને અત્યંત આનંદ આપતા. શ્રીહરિ પ્રીતિપૂર્વક તે ભક્તને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૬)

હે મહીપતે ! મારા એકાંતિક ભક્ત ! તમારા મનમાં જ્યારે નૃસિંહરૂપ જોવાનો સંકલ્પ થયો. (૩૭) ત્યારે તો તમારે બીજા અવતારો જોવાનો પણ સંકલ્પ થાય, તેથી સર્વે અવતારો તમોને મેં બતાવ્યા. (૩૮) હે ભક્ત ! તમોએ એકી સાથે સર્વે આશ્ચર્યકારી અવતારો જોયા. તે સર્વે અવતારોના કારણ અને (હું અનદિ હોવાથી મારું કારણ કોઈ નહીં તેથી) કારણે રહિત મને તમો અવતારી જ જાણો. (૩૯)

ક્ષર અને અક્ષર (મુક્તો)ના સમૂહોથી પર, સર્વેશ્વરોના ઈશ્વર, સર્વાધાર, સ્વયં આધારે રહિત, સર્વજ્ઞ, પુરુષોત્તમ (૪૦) હે ભક્તવર્ય ! આ પૃથ્વી મારી આજ્ઞાથી સ્થિર રહે છે. મારી બીકથી જ સર્વ પ્રાણીઓનું નિરંતર પોષણ કરે છે. (૪૧) પાળ વિનાનો સમુદ્ર પણ મારી બાંધેલી મર્યાદાને મારા ભયથી ઉલ્લંઘન કરતો નથી. વાયુ મારા ભયથી વાય છે. (૪૨) મારા ભયથી અંતરિક્ષમાં તારાઓનું મંડળ સ્થિર રહ્યું છે. મારી ઈચ્છાથી આધાર વિનાનું જળ પણ આકાશમાં સ્થિર રહ્યું છે. (૪૩) આકાશમાં રહેલા જળમાં ગર્જનાઓ ઉત્પન્ન થાય છે. તેમાં વીજળીઓ સ્ફુરાયમાન થાય છે. અગ્નિ મારા ભયથી જ બાળે છે, ઈન્દ્ર મારા ભયથી જ વર્ષે છે. (૪૪) મૃત્યુ મારા ભયથી જ સર્વદા સર્વકાળે સર્વ લોકોમાં જાય છે. સર્વે બ્રહ્માદિક દેવતાઓ મારા ભયથી મારા વચનમાં રહે છે. (૪૫)

હે ભક્ત ! મારા ભયથી ચોવીસ તત્ત્વો, મૂળપ્રકૃતિ, મૂળપુરુષ, કાળ તથા અક્ષર સંજ્ઞાવાળા મુક્તો, એ સર્વે મારી આજ્ઞામાં રહે છે. (૪૬) મારી ઈચ્છાથી વીર્યાત્મક જળના બિંદુથી મનુષ્ય શરીર, હાથ, પગ, આંખો, કાન, આદિક અંગે સહિત ઉત્પન્ન થાય છે. (૪૭) હે સન્મતે ! એ આદિક જે આશ્ચર્યો આજે થાય છે, તે પૂર્વે થઈ ગયાં છે અને આગળ થશે તે સર્વે આશ્ચર્યોના કારણ તમો મને જાણો. (૪૮)

હે નૃપ ! પર્વત ભક્ત આ પ્રકારે શ્રીહરિનું રમણીય વચન સાંભળીને, શ્રીહરિને પોતાના અંતઃકરણમાં અવતારી જાણીને આનંદિત હૃદયવાળા થયા. તેવી રીતે સભામાં બેઠેલા બીજા સમગ્ર જનો પણ આનંદ પામ્યા. (૪૯) હે નૃપ ! પછી પર્વત વગેરે ગૃહસ્થો શ્રીહરિનું, વિવિધ પ્રકારના ભૂષણો તથા અંબરો વગેરે તેમજ શ્રેષ્ઠ મલયાગર ચંદન સુંદર પુષ્પોના હાર વગેરેથી, વિધિ પ્રમાણે પૂજન કરતા હતા. તેમજ શ્રીહરિના આશ્રિત સમગ્ર સાધુઓનું પણ પૂજન કરતા હતા. (૫૦)

હે રાજન્ ! શ્રીહરિ આ પ્રકારે પોતાનું અનુપમ દિવ્ય ઐશ્વર્ય પોતાના આશ્રિત પર્વત ભક્તને બતાવીને સર્વ અવતારોનું પોતે કારણ છે, અને સર્વ અવતારોથી ભિન્ન એવું પોતાનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિ સર્વથી પૃથક, સમ્યક્ પ્રકારે સર્વને સમજાવતા હતા. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રી ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં પર્વતભાઈને કહેલા હરિના ઐશ્વર્યાદિનું નિરૂપણ નામે અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી મૂળજીત નામના ભક્તને શ્રીહરિએ સમાધિમાં પોતાનું આશ્ચર્યકારી સર્વોત્તમ ઐશ્વર્ય બતાવ્યું. તે તમોને હું કહું છું. (૧)

મૂળજીત પૂર્વ જન્મમાં બુદ્ધિમાન વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણ હતો. વેદમાં કહેલા પોતાના ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળો હતો. (૨) તપ, શમ, દમ, ત્યાગ, શ્રદ્ધા, સ્વાધ્યાય, સંયમ, શીલ, વિનય, આસ્તિકતા આદિ ગુણોથી યુક્ત, (૩) આદરપૂર્વક નારાયણ ભગવાનને વિષે હંમેશા પરાભક્તિ કરતા વિષ્ણુશર્મા, સર્વ જીવના હિત કરનારા સત્પુરુષોનો પ્રસંગ કરતા હતા. (૪)

મહાન પુરુષોના સમાગમની અતિ તૃષ્ણાવાળા ઉત્તમ બ્રાહ્મણ વિષ્ણુશર્મા એક સમયે, પૃથ્વી ઉપર ફરતા ફરતા અંગીરા મુનિના શુભ આશ્રમમાં આવ્યા. (અંગિરા મુનિ પરમ ભાગવત ભક્ત હતા. તેમજ ભગવાનનું જ્ઞાન આપવામાં પણ કુશળ હતા. ભાગવતના છઠ્ઠા સ્કંધમાં ચિત્ર કેતુના આખ્યાનથી વિસ્તાર જાણવો) (૫) પછી વિષ્ણુશર્મા, સર્વોત્કૃષ્ટ તપસ્વી મહર્ષિ અંગિરા મુનિને હોમ કરતા જોઈને, તેમને નમન કર્યા સિવાય તેમની સમીપમાં લગારેક દૂર બેઠા. (૬) તેથી અંગિરા મુનિએ પોતાનું અપમાન થયું છે તેમ માની, ક્રોધાવિષ્ટ થઈને, મુમુક્ષુ વિષ્ણુ શર્માને તત્કાળ આ પ્રમાણે શાપ આપ્યો. (૭)

હે વિષ્ણુશર્મન્ ! સત્કુળમાં જન્મ તથા સર્વ વિદ્યાઓના અધ્યયનના મદથી તું ઉદ્ધત થયો છું. તેથી મારું અપમાન કરનાર તમે વૈશ્ય યોનિમાં જન્મ પામીને ઘણું દુઃખ ભોગવો. (૮)

વિષ્ણુશર્મા આ પ્રકારે વજ્રપાત સમાન તેમની વાણી સાંભળીને, તેમને આપેલા શાપનું ફળ જન્માંતરમાં છે. એમ માનીને, અંગિરા મુનિને નમસ્કાર કરીને, આ પ્રમાણે કહેવા લાગ્યા. (૯)

હે મુને ! હોમ કરનારને વંદનનો નિષેધ છે. તેથી તમોને મેં નમસ્કાર કર્યા નથી. માટે તમારે ક્ષમા જ આપવી જોઈએ. स्मृत्यन्तरे ''समित् ..... जपं होमं प्रकुर्वाणं नाभिवन्देत वै द्विजम्'' એવું શાસ્ત્ર વિધાન છે) (૧૦)

હે રાજન્ ! ન્યાય યુક્ત અને મનોહર વચનોથી વિષ્ણુશર્માએ પ્રાર્થના કરવાથી અંગિરા મુનિનો ક્રોધ શાંત થયો. (૧૧) અંગિરા મુનિ પોતાનું અપમાન થયું છે તેવી ભ્રાંતિનો ત્યાગ કરીને વિષ્ણુશર્મા બ્રાહ્મણ ઉપર અનુગ્રહ કરીને વિષ્ણુશર્માને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. (૧૨)

હે વિષ્ણુશર્મા ! મારો શાપ નિવારણ થઈ શકે તેવો નથી. માટે તમો પૃથ્વીમાં જન્મ પામશો તો પણ તમારે તે જન્મમાં અવતારી શ્રીહરિની પ્રાપ્તિ થશે. (૧૩) તમો તે અવતારી ભગવાનની કૃપાથી

સમાધિ પામીને ઘણી શાંતિ પામશો. દેહના અંતમાં અવતારી ભગવાનના પરમ ધામને પામશો. (૧૪)

વિષ્ણુશર્મા અંગિરા મુનિનું આ પ્રકારનું વચન સાંભળીને તેમના પ્રત્યે હર્ષથી આ પ્રમાણે વચન બોલ્યો. હે મુને ! સર્વ જીવના એક સુહૃદ. તમારે વિષે વિકાર છે જ નહિ. (૧૫) તો પણ મારા પૂર્વજન્મના પાપરૂપ કર્મથી જ મને શાપ થયો છે તેમ હે સન્મતે ! હું મારા ચિત્તમાં જાણું છું. (૧૬) હે મહર્ષે! તમારો શાપ પણ મારા ઉપર અનુગ્રહ રૂપ જ છે. હે પૂજનીય ! તેથી મારું સર્વોત્તમ શ્રેય થશે. (૧૭)

તપોનિધિ અંગિરામુનિ વિષ્ણુશર્માનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયા, પછી વિષ્ણુશર્મા અંગિરા મુનિને નમસ્કાર કરીને પોતાના સ્થાન પ્રત્યે ગયા. (૧૮) વિષ્ણુશર્મા સામો શાપ આપવા સમર્થ હોવા છતાં પણ અંગિરા મુનિને શાપ આપ્યો નહિ, કારણ કે તેઓ અત્યંત ક્ષમાવાળા, ધીર અને નિર્માની હતા. (૧૯)

પછી હે રાજન્ ! અપ્રિય એવા વૈશ્ય કુળમાં ઉત્પન્ન થઈને, વિષ્ણુશર્મા ભૂતળમાં મૂળજીત નામથી પ્રસિદ્ધ થયા. (૨૦) તે મૂળજીત પૂર્વાભ્યાસના બળથી બાળપણથી જ પ્રભુ શ્રીહરિની ભક્તિ કરતા હતા. તથા ભગવાનના ભક્તોનો સમાગમ કરતા હતા. (૨૧) મુમુક્ષુ મૂળજીત શ્રી હરિની પ્રત્યક્ષ પ્રાપ્તિની ઉત્કંઠાવાળા હોવાથી, તેમની પ્રાપ્તિ માટે નિરંતર અત્યંત પ્રયાસ કરતા હતા. (૨૨) એટલામાં સર્વનિયંતા અવતારી શ્રીહરિકૃષ્ણનો ભૂતળમાં વ્યાપેલા પવિત્ર પ્રતાપ તેમણે સાંભળ્યો. (૨૩)

પોતાના હિતમાં ઉદ્યમવાળા મુમુક્ષુ, વિચક્ષણ, મૂળજીત શ્રીહરિ કાલવાણીમાં છે તેમ જાણીને હે રાજન્ ! ત્યાં ગયા. (૨૪) શ્રી હરિના પ્રતાપથી સિદ્ધ દશા પામેલા હજારો જનોને, જોઈને શ્રીહરિને તેઓ પ્રત્યક્ષ પરમેશ્વર માનવા લાગ્યા. (૨૫) પછી મૂળજીતે સર્વોત્તમ ઐશ્વર્ય તથા સદ્‌ગુણોના મહાસાગર શ્રીહરિનો અતિદૃઢ આશ્રય કર્યો. (૨૬)

ત્યારબાદ મૂળજીતને શ્રીહરિની કૃપાથી સમાધિ થવા લાગી. જેમાં તેઓ શ્વેતદ્વીપ તથા બદરીવન પ્રત્યે જતા હતા. (૨૭) વળી શ્રીહરિના પ્રતાપથી વૈકુંઠ, ગોલોક તથા સર્વોત્કૃષ્ટ અક્ષરધામને વિશે પણ મૂળજીત જતા હતા. તેમજ સમગ્ર બ્રહ્માંડોમાં પણ જતા હતા. (૨૮)

અવ્યાહત ગતિ-જે ગતિની સિદ્ધોએ પણ સ્તુતિ કરી છે તે પામેલા મૂળજીત એક વખત અક્ષરધામ પ્રત્યે જતા વચ્ચે કૈલાસમાં ગયા. (૨૯) પછી મૂળજીત કૈલાસમાં રહેલા શિવના સર્વ ગણોને જોઈને તેમનું હિત કરવા માટે પોતે આ પ્રમાણે તેમને ઉપદેશ કરવા લાગ્યા. (૩૦)

હે શિવગણો ! તમો ધીરજવાળા છો એટલે શાન્તિના આધારભૂત દયાસાગર શરણ્ય ભગવાનને સદા ભજો. (૩૧) મારું કહેલું સ્વીકાર કરીને ભગવાનનું ભજન કરશો તો તમો પરમ સુખ પામશો. અને સંસારથી મુક્ત થઈને શ્રીહરિનું ધામ પામશો. (૩૨) ગુણ છે પ્રધાન જેમને એવા આ શંકરની ઉપાસનાથી તમો સંસ્કૃતિથી મુક્તિ કેવી રીતે પામશો ? (૩૩)

તેમનું આવું વચન સાંભળીને, વિસ્મય પામેલા તે ગણો, શંકર પાસે જઈને તે હકીકત કહેવા લાગ્યા. તેમનું તે વચન સાંભળીને શિવ પોતાના ગણોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૪)

તે મૂળજીત મનુષ્ય હોવા છતાં પણ દેવેન્દ્રોએ પણ વંદનીય એવા તમોને આ પ્રમાણે કેમ કહે? એમ કહ્યું એટલે શિવ ક્રોધાયમાન થયા અને મૂળજીત ભક્તની સમીપે આવ્યા. (૩૫) હે મૂઢ ! દેવતાઓએ પૂજવા યોગ્ય મારા ગણોનો અનાદર કરીને, મારા પ્રતાપથી બળવાન મારા ગણોને તેં આ પ્રમાણે કેમ કહ્યું ? (૩૬) હે મૂઢ ! સમગ્ર વિશ્વનો પ્રલય કરનાર મને જાણે કે નથી જાણતો ? માન મત્સરથી યુક્ત તારી ગતિ હું હવે રોકીશ ? (૩૭)

મૂળજીત, શંકરનું આવું વચન સાંભળીને, પરમેશ્વર સ્વામિનારાયણનું હૃદયમાં ધ્યાન કરીને, અત્યંત ક્રોધાયમાન, દુર્જય શિવજી પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૮)

હે શિવ ! શ્રી પુરુષોત્તમે આપેલી મારી ગતિને રોકવા માટે કોઈ સમર્થ છે નહિ. મને કાળનો ભય નથી તો તમારો ભય ન હોય તેમાં શું કહેવું ? (૩૯) બીજાઓનું વચન સહન ન કરી શકતા શંકર મૂળજીતનું આવું વચન સાંભળીને, ક્રોધથી કંપતા ભયંકર ભ્રકુટિને ઊંચી કરીને, મૂળજીતને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૦)

હે દુર્મતે ! જેમ હાથી અલ્પ મચ્છરીયાનો નાશ કરી નાખે તેમ હું તત્કાળ તારું મર્દન કરી નાખીશ. માટે વૃથા ગર્વ ન કરીશ. (૪૧) આ પ્રમાણે પરસ્પર વિવાદ કરતા શિવ અને મૂળજીત બંને મર્મભેદી વાક્યબાણોથી એકબીજાને પ્રહાર કરવા લાગ્યા. હે રાજન્ ! એવી રીતે તીક્ષ્ણ યુદ્ધ થયું. (૪૨)

પરસ્પર જીતવાની ઈચ્છાવાળા તે વજ્ર મુષ્ટિઓથી ઉન્મત્ત બંને જાણે મહા મલ્લો હોયને શું? એમ તે સમયે પરસ્પર પ્રહાર કરતા હતા. (૪૩) હે રાજન્ ! બંનેની મુષ્ટિના પરસ્પર ઘાતથી જે નાદ ઉત્પન્ન થયો તે વજ્રપાતના શબ્દ સમાન જનોને ત્રાસ આપનારો થયો. (૪૪) સંગ્રામમાં મદોન્મત્ત, મહાસામર્થ્યવાળા, પરસ્પર યુદ્ધ કરતા પ્રમત્ત હાથીઓ જેમ નિવૃત્તિ પામતા નથી તેમ, આ યુદ્ધથી તેઓ નિવૃત્તિ પામ્યા નહીં. (૪૫) મૂળજીત શંકરની જટાજૂટને બંને હાથથી પકડીને શ્રીહરિના ધ્યાનના બળથી તત્કાળ ખેંચતા હતા. (૪૬) પછી દંડના આઘાતથી સર્પ જેમ અત્યંત ક્રોધ પામે તેમ, શંકર મૂળજીતના હાથમાંથી પોતાની જટાજૂટને અત્યંય બળ કરીને કાઢતા હતા. (૪૭) ઉદ્ધત મૂળજીતને જીતવો અશક્ય છે એમ જાણીને તેને હણવા માટે શંકરે તત્કાળ પોતાનું રૂપ અત્યંત મોટું અને ભયંકર કર્યું. (૪૮)

હે રાજન્ ! મૂળજીતે તે સમયે પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણને સંભારીને, શિવના સ્વરૂપથી બમણું પોતાનું રૂપ કર્યું. (૪૯) અત્યંત ભયંકર, દીર્ઘ આકારવાળા, પરસ્પર બાહુઓથી એક બીજાને હણતા બંનેને જોઈને દેવતાઓ તથા દૈત્યો વિસ્મય પામ્યા. (૫૦)

પછી ક્રોધથી વ્યાપ્ત શંકરે, શસ્ત્ર વગરના મૂળજીતને હણવા માટે, ખટ્વાંગ નામનું આયુધ ફેંક્યું. (શસ્ત્ર વિનાનાએ શસ્ત્ર વિના જ યુદ્ધ કરવું. એ ન્યાયથી યુદ્ધ કરવું જોઈએ એ મર્યાદાને કેમ ઉલ્લંઘન કરી ? એમ કહેતા હોય તો કહીએ છીએ. ક્રોધથી આંધળા માણસો શું નથી કરતા ?) (૫૧) હે મહીપતે ! મૂળજીતે તો વેગથી આવતા તે ખટ્વાંગને યોગબળથી જ અંતર્હિત કરી દીધું. (૫૨)

પછી શંકરે અતિ ભયંકર ત્રિશૂલ તથા પરશુ ફેંક્યા. ત્યારે તે બંને શંકરના અતિ તીક્ષ્ણ આયુધોને

મૂળજીતે અંતર્હિત કરી દીધાં. (૫૩) પછી ક્રોધથી આકુળ વ્યાકુળ મનવાળા શંકર જેમ મેઘના વાદળો પર્વત ઉપર જળ વર્ષા કરે છે તેમ પિનાક ધનુષ્યથી વારંવાર બાણ છોડતા હતા. (૫૪) મૂળજીત શિવના પિનાકને તથા બાણોને અંતર્હિત કરવા લાગ્યા. તેથી શંકરે જગતને નાશ કરનારું પાશુપતાસ્ત્ર મૂળજીતને હણવા માટે ફેંક્યું. (૫૫)

મૂળજીતે પાશુપતાસ્ત્ર પણ અંતર્હિત કર્યું. આ પ્રકારે જેમ અર્જુનના બધા અસ્ત્રોને શંકરે અંતર્હિત કરી દીધાં હતાં, તેમ શિવજીએ પ્રેરેલાં સર્વ અસ્ત્રો મૂળજીતે અંતર્હિત કર્યાં. (૫૬) તે મૂળજીતનું આવું પરાક્રમ જોઈને સમગ્ર દેવો, શિવના ગણો, તેની પ્રશંસા કરતા હતા. (૫૭) પછી મૂળજીત, તત્કાળ શિવ તરફ દોડીને યુક્તિથી પોતાના બંને હાથ વડે, જેમ અર્જુને શિવજીને યુદ્ધમાં પકડ્યા હતા. તેમ શિવજીના બંને પગ પકડીને, મસ્તક ઉપર ભમાવીને પૃથ્વીમાં જ્યાં ફેંકે છે તે જ સમયે શંકર હસીને મૂળજીત પ્રત્યે નિર્ભય બની આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. (૫૮-૫૯)

હે વીરવર્ય ! હે મહાબાહો ! તમો વીર્ય અને બળથી યુક્ત છો. માટે હે મહીપતે ! તમો અર્જુનની સમાન છો, એમ હું જાણું છું. (૬૦) હે મૂળજીત ! લોકમાં રણાંગણમાં તમારા જેવા સમોવડીયા મલ્લ હું જોતો નથી. કારણ કે સમગ્ર જગતનો સંહાર કરનાર મારાથી તમો લગાર પણ ડરતા નથી. (૬૧) હે મૂળજીત ! હમણાં પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામેલા સાધુજનોના એકનાથ, અદ્વિતીય, અવતારી, શ્રીહરિના તમો આશ્રિત છો કે શું ? (૬૨) તેમના આશ્રિત વિના ત્રિલોકીમાં બીજો મને જીતવા સમર્થ ન થાય, માટે ધર્મ પુત્રના આશ્રિત જે હોય તે જનો મારે માટે પણ અજેય થાય છે. બીજા જનો અજેય નથી. (૬૩)

શંકરની આવી વાણી સાંભળીને, મૂળજીતે કહ્યું, હે શંભો ! તમો મને સ્વામિનારાયણનો દાસ જાણો. (૬૪) મૂળજીતનું આવું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન મનવાળા શિવ, મૂળજીતને શ્રીહરિનો દાસ જાણીને, હર્ષથી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૬૫)

અહો સન્મતે ! હે મૂળજીત ! તમોએ મનુષ્ય જન્મનું સાફલ્ય કર્યું છે. માટે તમોને ધન્ય છે. કારણ કે સર્વેશ, સર્વજ્ઞ, પુરુષોત્તમને તમો પામ્યા છો. (૬૬) હે મૂળજીત ! અવતારી શ્રીહરિ ક્ષર અક્ષરાદિના નિયામક છે. એમની કૃપાથી મેં પણ તેમના દર્શન કર્યાં છે. (૬૭) એમનો જે આશ્રય કરનારા દેહધારીઓ, તેમનો કાળ માયા વગેરેથી ભય નાશ પામે છે. અને તેમની આત્યંતિકી ગતિ થાય છે. (૬૮) હે મૂળજીત! ત્યાગ કર્યો છે ભોગ જેણે એવો જટાધર હું, નિત્ય એ સ્વામિનારાયણનું ધ્યાન ધરું છું. એમના ભયથી હંમેશા એમની શુભ આજ્ઞામાં રહ્યો છું. (૬૯) એ શ્રીહરિની પ્રસન્નતાના પાત્રભૂત અને એમનાથી જ તમોને જે આ મહાબળ પ્રાપ્ત થયું છે તો તમોને જીતવા માટે કોણ સમર્થ થાય ? કાળનાકાળ આ શ્રીહરિનો હું તેથી આશ્રિત છું. (૭૦) હું શ્રીહરિનો આશ્રિત છું પરંતુ મેં જે તમારા પ્રત્યે મર્મ ભેદી વાક્ય કહ્યાં છે તો તમે મને ક્ષમા કરશો. અને મારી સાથે તમો મિત્રભાવ રાખશો. (૭૧)

તત્ત્વવિદોમાં શ્રેષ્ઠ શંકર આવા પ્રકારનું યોગ્ય વચન મૂળજીત પ્રત્યે કહીને, તેને શ્રીહરિના આશ્રિત જાણીને વિવિધ પ્રકારની પૂજાવિધીથી મૂળજીતને પ્રીતિપૂર્વક પૂજતા હતા. (૭૨)

હે ભૂપતે ! પછી પ્રસન્ન થયેલા મૂળજીત શિવજીને નમીને તેમની આજ્ઞા લઈને, સમાધિ દ્વારા દિવ્ય અક્ષરધામ પ્રત્યે ગયા. (૭૩) મૂળજી તે આ લોકમાં જે પ્રમાણે શ્રીહરિને જોયા હતા, તેવી રીતે અક્ષર ધામમાં સુવર્ણમય અને નાના પ્રકારના મણિજડિત સિંહાસનમાં બિરાજેલા ધર્મનંદનને જોતા હતા. (૭૪) કોટાનકોટિ અક્ષર મુક્તો અતિ પ્રેમથી જેમનાં દર્શન કરે છે, જેમણે દિવ્ય વસ્ત્રો ધારણ કર્યાં છે, અને જેમની મૂર્તિ પણ દિવ્ય ભૂષણ અને આભૂષણ રૂપ છે. (૭૫)

પછી મૂળજીત શ્રીહરિના સંકલ્પથી સમાધિમાંથી જાગ્રત થઈને પ્રસન્ન થયેલા શ્રી સહજાનંદના દર્શન કરતા હતા. (૭૬) પછી પ્રભુ શ્રીહરિ પ્રસન્ન મુખવાળા મૂળજીતને જોઈને, હે સૌમ્ય ! તમો હાલમાં અપૂર્વ રીતે પ્રસન્ન થયેલા છો, એમ મને જણાય છે. (૭૭) તમોએ સમાધિમાં નિશ્ચય કંઈક અપૂર્વ જોયું છે. હે ભક્તવર્ય ! તમો તે, સર્વે અમને કહો. (૭૮)

આ પ્રકારે શ્રીહરિનું વચનામૃત સાંભળીને, અત્યંત ઉત્સાહમનાળા તે ભક્ત હે હરે ! તમો સર્વજ્ઞ છો, માટે સમગ્ર જાણો છો, એમ શ્રીહરિને કહેવા લાગ્યા. (૭૯) તથાપિ તમારી આજ્ઞાથી હું કહું છું. એમ શ્રીહરિને કહીને શિવની સાથે જે સંગ્રામ યુદ્ધ થયું હતું તે વૃત્તાંત કહ્યું. (૮૦) મૂળજીત સર્વ સભ્યો સાંભળે તેમ અનુક્રમે સર્વે પ્રસંગો કહેતા હતા. સંગ્રામ થયા પછી શિવજીએ જે કહ્યું હતું ત પણ કહેતા હતા. (૮૧)

હે રાજન્ ! તેમણે કહેલું વૃત્તાંત સાંભળીને સભામાં બેઠેલા સર્વ સભ્યો શ્રીહરિનું શરણ સ્વીકારીને પોત પોતાના હૃદયમાં અતિશય આશ્ચર્ય પામીને આનંદ સમુદ્રમાં નિમગ્ન અંતઃકરણવાળા થયા. (૮૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં મૂળજીતે શિવજીનો પરાજય કર્યો તે નિરૂપણનો ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી મૂળજીત, શ્રી ધર્મદેવના પુત્ર, દયાસાગર, શ્રી પુરુષોત્તમ સહજાનંદ શ્રીહરિને પ્રણામ કરીને, આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧)

હે પ્રભો ! હે કરુણાસિંધો ! શંકર મારી સાથે યુદ્ધ કરીને પરાભવ પામ્યા. પછી પ્રસન્ન થઈને મને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨) હે મૂળજીત ! તમો અવતારી શ્રી સ્વામિનારાયણ શ્રીહરિને પામેલા છો માટે ધન્ય છો. આ પ્રમાણે હે પ્રભો ! શંકરે કહ્યું.

પીડા નાશ કરનાર હે સત્પતે ! તે શંકરનું વચન સાંભળીને મને અવતારો અને અવતારીપણાનું જ્ઞાન નહીં હોવાથી એવો સંશય થયો. (૪) હે સ્વામિન્ ! અવતાર તથા અવતારી તે બંનેનું હું એકત્વ જાણું છું, જેમ વેશ અને અને વેશનો ધારણ કરનારો એક છે. વેશ ધારણ કરનાર એક છે છતાં વેશ

અનંત છે. તેમ અવતારોનું અને અવતારીનું એકત્વ હું જાણું છું. (૫)

હે પ્રભો અવતાર અવતારીનું તેવું એકપણું છે કે તે બંનેનું ભિન્નપણું છે કે શું ? આવો મારો સંશય છે, હે ભૂમન્ ! તમો મારા સંશયનો નાશ કરો. (૬)

હે રાજન્ ! જીજ્ઞાસુ મૂળજીતે આ પ્રકારે કહ્યું તે સાંભળીને શ્રીહરિ આશ્ચર્યજનક અને મધુર વચન મૂળજીત પ્રત્યે કહેવા લાગ્યા. (૭)

હે ધીમન્ ! અવતાર અને અવતારી બંનેનું ઐક્ય નથી. પરંતુ તારાઓ અને ચંદ્રમા એ બંનેમાં જેમ ભેદ છે તેમ અવતાર અવતારીમાં વાસ્તવિક ભેદ છે. (૮) હે નિષ્પાપ ! અવતાર અવતારીના ભેદ જ્ઞાનની સિદ્ધિ માટે હું જેમ કહું તે પ્રમાણે કરશો તો તમોને અવતાર અવતારીના ભેદનું સ્પષ્ટ જ્ઞાન થશે. (૯)

હે સન્મતે ! મૂળજીત ! તમો જુદા જુદા એક એક અવતારનું નામ લઈને તમારા મનમાં તેનું ઉચ્ચારણ કરીને સંકલ્પ કરો. (૧૦) હે સત્પતે ! હે ભગવન્ ! જો તમો અવતારી હો તો તમારા પ્રતાપથી મારાં અનેક રૂપો થાઓ. (૧૧) હે પ્રભો ! વારાહાદિ અવતારોની સમગ્ર મૂર્તિઓનું મંગલકારી દર્શન એક સાથે મને થાઓ. (૧૨) વૈકુંઠાદિ મુખ્ય ધામોનાં દર્શન તથા સર્વ ધામોમાં લક્ષ્મીનારાયણાદિ મૂર્તિઓનાં દર્શન મને એકી સાથે થાઓ. (૧૩)

આ પ્રકારે મૂળજીત, પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણની, સુધાના પણ સારભૂત સ્વાદ જેનો છે એવી, આજ્ઞા સાંભળીને, મહા આનંદ પામ્યા. (૧૪) પછી બુદ્ધિમાન મૂળજીત પોતાના મનમાં આવો સંકલ્પ કરતા હતા. હે શ્રીકૃષ્ણ ભગવાન ! જો તમો અવતારી હો તો તમારા પ્રતાપથી મારા અનેક રૂપો થાવ. તેમજ અવતારોની મૂર્તિઓના એકી સાથે મને દર્શન થાઓ. (૧૫-૧૬) વૈકુંઠાદિ ભગવાનના મુખ્ય ધામના દર્શન અને તેમાં રહેલી દિવ્ય મૂર્તિઓનાં દર્શન એક સાથે મને થાઓ. (૧૭)

પછી પૂર્વોક્ત રીતથી શ્રીકૃષ્ણમાં અવતારીત્વનો સંકલ્પ કર્યો પણ જ્યારે પોતે અનેક રૂપે ન થયા ત્યારે મૂળજીત દત્ત, ઋષભ તથા કપિલના નામ ઉચ્ચારણ કરીને તથા વામનનું નામ ઉચ્ચારણ કરીને પૂર્વની માફક સંકલ્પ કરવા લાગ્યા. (૧૮)

મૂળજીત વૈન્ય, હંસ, નૃસિંહ, વ્યાસાદિ કલ્યાણકારી અવતારોના જુદા જુદા નામ ઉચ્ચારણ કરીને (૧૯) પૂર્વની માફક જેમ હોય તેમ સંકલ્પ કરવા લાગ્યા. તો પણ પોતાના સંકલ્પ પ્રમાણે તેના સહુરૂપ એકી સાથે ન જ થયાં. (૨૦)

મૂળજીતને અવતારોનું એકી સાથે દર્શન પણ ન થયું તથા વૈકુંઠ આદિ ભગવદ્ધામોનાં તથા તેમાં રહેલી મૂર્તિઓનાં દર્શન પણ ન થયાં. (૨૧)

પછી મૂળજીત દયાસાગર પોતાના ઈષ્ટ દેવતા શ્રી હરિકૃષ્ણ ભગવાનને આ પ્રમાણે કહેવા લાગ્યો. હે સ્વામિન્ ! જેમ તમોએ કહ્યું તે પ્રમાણે મેં સંકલ્પ કર્યો. (૨૨) તો પણ હે પ્રભો ! મારાં

અનેક રૂપો એકી સાથે ન થયા. અવતારોની સર્વે મૂર્તિઓનાં પણ દર્શન ન થયાં (૨૩) ભગવાનના વૈકુંઠાદિ મુખ્ય ધામનાં પણ મને એકી સાથે દર્શન ન થયાં તથા મહાપ્રતાપશાળી દિવ્ય મૂર્તિઓનાં દર્શન પણ ન થયાં. (૨૪) આ પ્રકારનું મૂળજીતનું વાક્ય સાંભળીને શ્રીહરિ, પોતાનું સર્વોપરીપણે વર્તતું અવતારીપણું જણાવવા, મંદહાસ્ય પૂર્વક મૂળજીતને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૫)

હે ભક્ત વર્ય ! હે મહાબુદ્ધે ! મારે વિષે અનન્ય પ્રીતિમાન તમો મને સંભારીને મારું શુભનામ ઉચ્ચારીને આ પ્રમાણે સંકલ્પ કરો. (૨૬) આ સહજાનંદ પોતે જો અનુપમ હોય, (અનન્ય સમ) વારાહાદિ સકળ અવતારોના કારણ જો હોય, અને સર્વ કારણોના કારણ હોય, તો મારાં એકી સાથે ઘણાં રૂપો થાઓ. વારાહાદિ મૂર્તિઓનાં મને એકી સાથે દર્શન થાઓ. તેમજ ભગવાનના વૈકુંઠાદિ મુખ્ય ધામોના યુગપત (એકી સાથે) દર્શન તથા દિવ્ય મૂર્તિઓનાં યુગપત દર્શન મને થાઓ. (૨૭, ૨૮, ૨૯) આ પ્રકારે સંકલ્પ માત્રથી જો તમારું ઇચ્છિત થાય તો મને તમારે સર્વ અવતારોનું કારણ જાણવોજ. (૩૦)

શ્રીહરિનું આ પ્રકારનું વચન સાંભળીને મૂળજીતે શ્રીહરિના કહ્યા પ્રમાણે સંકલ્પ કર્યો કે તરત જ મૂળજીત તત્કાળ સમાધિ અવસ્થા પામ્યા. પછી હે રાજન્ ! મૂળજીતના એકી સાથે ઘણાં રૂપો થયાં. (૩૧) પછી મૂળજીતે સમગ્ર અવતારો યુગપત જોયા. તથા ભગવાનના વૈકુંઠાદિ સર્વે શોભાયમાન ધામો જોયાં. (૩૨) મૂળજીતે વૈકુંઠાદિ ધામોમાં રહેલા લક્ષ્મીનારાયણાદિ દિવ્ય મૂર્તિઓનાં એકીસાથે દર્શન કર્યા. (૩૩) તેથી મૂળજીત આશ્ચર્ય પામ્યા. વળી તેના અનેકરૂપો થયા તેથી લક્ષ્મીનારાયણાદિ મૂર્તિઓનું તથા વારાહાદિક અવતારોનું નાના પ્રકારના ઉપચારોથી તેણે એકી સાથે પૂજન કર્યું. (૩૪) અનુપમ, અનન્ય સદૃશ, અચ્યુત શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીને મૂળજીત સર્વ અવતારોના કારણ, સર્વ ઈશ્વરોના ઈશ્વર, એ પ્રમાણે જાણવા લાગ્યા. (૩૫)

પછી શ્રીહરિએ દૃષ્ટિ માત્રથી તેને સમાધિમાંથી જાગ્રત કર્યો. એટલે મૂળજીતે પોતે જે મહાશ્ચર્ય જોયું હતું, તે હર્ષપૂર્વક સભામાં કહેવા લાગ્યા. (૩૬) તેમનું વૃત્તાંત સાંભળીને સભામાં બેઠેલા શ્રીહરિના આશ્રિતો અત્યંત પ્રસન્ન થયા. અને અવતારોના એક કારણ શ્રીહરિને સર્વોપરી જાણવા લાગ્યા. (૩૭)

પછી હે મહીપતે ! શ્રીહરિકૃષ્ણ મૂળજીત તરફ કરુણારસ ભરપૂર કટાક્ષોથી જોઈને તેને કરુણામૃત ભરપૂર વચનો કહેવા લાગ્યા. (૩૮) આ પ્રકારે (એક પ્રકારથી) અવતાર અવતારીનો ભેદ તમોને કહ્યો. તે બંનેનો (અવતાર અવતારીનો) બીજા પ્રકારથી ભેદ તમોને હવે હું કહું છું. (૩૯)

અવતારી સ્વરૂપ જે સ્વતંત્ર રીતે કરી શકે તે બીજા સમગ્ર અવતારોથી યથાર્થપણે કરી ન શકાય. (૪૦) પ્રસિદ્ધ અવતારી સ્વરૂપ તો, સર્વાવતારોએ સમગ્રપણે જે કાર્ય કરવાનું હોય, તે સ્વતંત્રપણે તત્કાળ કરે. માટે સ્વયં અવતારી સર્વોપરી જાણવા. (૪૧) સર્વ અવતારો, કાળ, માયાદિના નિયંતા, પ્રભુ, અવતારી, પુરુષોત્તમ પાસેથી દિવ્ય ઐશ્વર્ય તથા ગુણો પામે છે. (એમાં સ્વાભાવિક નથી) (૪૨)

સ્વયં અવતારી તો અવતારોને જે અસાધ્ય હોય તે તેમની કર્તું શક્તિ કરે તથા જે કાર્ય કરવાથી મહાન અનર્થ થાય તેવા પ્રકારનું કાર્ય પોતાની અકર્તું શક્તિથી ન થવા દે તથા કોઈથી પણ જે અશક્ય

હોય તે કાર્ય સ્વાભાવિકપણે - સહજ રીતે - કરીને સર્વેને આશ્ચર્ય ચકિત કરવા સમર્થ છે. માટે જ અવતારની માફક અવતારી કોઈ પણ અવતાર થકી કાંઈ પણ ઐશ્વર્ય નથી જ પામતા. (૪૩) તે અવતારી સ્વતઃસિદ્ધ, અનવધિકાતિશય આશ્ચર્યકારી શુભ ગુણ ઐશ્વર્યાદિથી સેવાયેલા સર્વોપરી વર્તે છે. (૪૪)

સમગ્ર શ્રુતિઓ તથા શાસ્ત્રોના સારરૂપ સુધારસને તિરસ્કૃત કરનારું શ્રીહરિનું આ પ્રકારનું વચનરૂપી અમૃત સર્વે શ્રીહરિના ભક્તો પોતાના કર્ણરૂપી પડિયાઓથી પાન કરીને અધીશ્વર શ્રીહરિને આત્મતંત્ર, સર્વાવતારના એક કારણ, જાણતા હતા. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં અવતાર અવતારી ભેદ નિરૂપણ નામે વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી અવતારી શ્રીહરિએ મુક્તાનંદ નામના મુનિને પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું. તે ઐશ્વર્ય તમોને હું કહું છું. (૧)

સત્ય, પ્રિય અને પથ્ય વચનવાળા ધીર મુક્તાનંદ મુનિ બાળપણથી આરંભીને હંમેશા શ્રીહરિની ઉત્તમ ભક્તિ પોતાના ધર્મસહિત કરતા હતા. (૨) શાંત, ક્ષમાયુક્ત, સર્વ જીવ ઉપર ઉપકાર કરનારા, માન તથા મત્સર રહિત, બીજાને યથાયોગ્ય માન આપનારા. (૩) આત્મા અનાત્માના વિવેકવાળા, વૈરાગ્યના સ્થાનભૂત, અતિવિચક્ષણ, સર્વના મિત્ર હોવાથી અજાતશત્રુ, સમગ્ર પ્રાણીઓએ જેમના દર્શન માટે સદા પ્રાર્થના કરી છે એવા. (૪)

કોમળ અંતઃકરણવાળા, દયાનિધિ, પવિત્ર, સર્વ શરીરિઓના મિત્ર, અહિંસા અને બ્રહ્મચર્યયુક્ત, તેમજ સ્વાધ્યાય અને સંયમશીલ, (૫) તપ, શમ, દમ, યુક્ત હંમેશા સત્પુરુષોના પ્રસંગમાં અતિઆસક્ત, તપમાં રુચિવાળા, અંતઃશત્રુઓથી અક્ષુભિત હોવાથી શુદ્ધ આત્માવાળા, સર્વે વ્યસનોથી રહિત. (૬)

સાધુ સ્વભાવની જ્યાં વાત થતી હોય ત્યાં પંડિતો સદા સાધુ ગુણોના અવધિભૂત જેમની ઉપમા આપે છે. (આવા પ્રસંગોમાં આ શું મુક્તાનંદ સ્વામીના સમાન છે ? આ પ્રકારે જેને પંડિતો ઉપમા આપે છે.) (૭) હે રાજન્ ! આ પ્રકારે શ્રેષ્ઠ ગુણોથી યુક્ત, સજ્જનોને માનનીય, શુદ્ધ માનસવાળા, તે મુક્તાનંદ મુનિને એક સમયે વિચાર થયો. (૮) આ શ્રીહરિના પ્રતાપથી હજારો અપરિમિત પ્રાણીઓ યમ નિયમાદિ અષ્ટાંગ યોગ વિના પણ તત્કાળ સમાધિ અવસ્થા પામે છે. (૯) પ્રભુ શ્રીહરિના પ્રતાપથી અનેક બાળકો તથા પવિત્રતાથી રહિત ઘણી સ્ત્રીઓ પણ સમાધિ પામે છે. ''अनृतं साहसं माया मूर्खत्वमतिलोभिता । अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभावजाः'' માટે સ્ત્રીઓને અપવિત્રપણું સ્વભાવિક છે. (૧૦) તે સમાધિમાં સમાધિવાળા જનો સત્પતિ, કરુણાનિધિ, શ્રીહરિના વૈકુંઠાદિ ધામમાં

જે ઐશ્વર્યો છે તેને જુએ છે. (૧૧)

આ પ્રકારે આ શ્રીહરિ, સમાધિમાં આનંદમય પોતાની મૂર્તિના દર્શનનું સુખ સર્વેને આપે છે. પરંતુ મને તો ક્યારેય પણ એ ઐશ્વર્ય બતાવતા નથી. (૧૨) સર્વ જીવના હિત કરનારા છે છતાં પણ વ્યાપક આ સ્વામી મને કયા કારણથી સમાધિ નથી કરાવતા ? (૧૩) તેથી પોતાના આત્માને અકૃતાર્થ માનતા, ખિન્ન મનવાળા મુક્તાનંદ મુનિ, ચિત્તમાં આ પ્રકારે ચિંતવન કરતા એક વખત સ્નાન કરીને એકાંતમાં બેઠા. (૧૪)

પછી મુક્તાનંદ મુનિ શ્રીહરિની માનસી કરવા માટે આરંભ કરતા હતા. તેટલામાં શ્રીહરિની ઈચ્છાથી રામાનંદ મુનિ ત્યાં પ્રત્યક્ષ આવ્યા. (૧૫) પછી મુક્તાનંદ, પોતાને અત્યંત પ્રિય, શાન્તાકાર રામાનંદ મુનિને જોઈને, હાથ જોડીને હર્ષપૂર્વક તેમને પ્રણામ કરીને, પોતાના આસનમાં બેસાડતા હતા. (૧૬)

પછી મુક્તાનંદ કહેવા લાગ્યા : હે સ્વામિન્ ! મેં ઘણા કાળથી મનના તાપને નિવારણ કરનારું તમારું દર્શન ઈચ્છયું હતું, તે તમોએ મને આપ્યું. (૧૭)

મુનિઓને પ્રિય પ્રિયભાષી શ્રી રામાનંદ મુનિ મુક્તાનંદ મુનિનું વચન સાંભળીને પ્રસન્ન થઈને પોતાના શિષ્યોમાં અગ્રેસર મુક્તાનંદને આ પ્રકારે કહેવા લાગ્યા. (૧૮)

હે તાત ! તમારા ચિત્તમાં સર્વ પ્રકારે શાંતિ વર્તે છે ? મ્લાન મુખથી (કરમાઈ ગયેલા મુખથી) તમો મને કાંતિ વર્જિત કેમ લાગો છો ? (૧૯)

પછી બુદ્ધિમાન મુક્તાનંદે શ્રીરામાનંદ મુનિને પોતાને થયેલી અશાંતિનું કારણ કહ્યું તેમની અશાંતિ સાંભળીને મહાબુદ્ધિશાળી રામાનંદ સ્વામી મુક્તાનંદ પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૦)

આ સ્વામિનારાયણના અવતારીપણાના નિશ્ચય વિના હે સન્મતે ! તમારા ચિત્તમાં અશાંતિ છે. તે તમે જાણો. (૨૧) તેથી તમો એમને દિવ્ય ઐશ્વર્ય ગુણો તથા અક્ષર મુક્તોથી સેવાયેલા અવતારી, અનન્ય છે ઉપમા જેમની એવા જાણો. (૨૨) ક્ષર અને અક્ષરથી પર આ પ્રત્યક્ષ પુરુષોત્તમ, પહેલા આ બ્રહ્માંડમાં પ્રાદુર્ભાવ નથી પામ્યા. પરંતુ હમણાં જ આવિર્ભાવ પામ્યા છે. (૨૩)

સૂર્યના કિરણોવાળા જાળીયામાં જેમ અગણિત પરમાણુઓ ઊડે છે તેમ જેના રોમ કૂપમાં અસંખ્ય બ્રહ્માંડો ઊડે છે. તે અક્ષર (૨૪) જેનું ધામ છે. તેજ આ શ્રીહરિ મનવાણીને અગોચર સર્વ અવતારોના કારણ છે. તો પણ તેવા પ્રકારના અભિમાને રહિત, (નિરંજન) (૨૫) કોઈ એમનાથી પર નથી. આ સર્વથી પર છે. અક્ષર ભાવને પામેલા મુક્તોએ પણ ઉપાસના કરવા યોગ્ય છે, માટે જે સર્વેશ્વર છે. (૨૬) એમના ભયથી તેમની આજ્ઞા બ્રહ્મા, વિષ્ણુ, શિવ વગેરે ઈશ્વરો તથા સર્વ તત્ત્વો નિરંતર પાળે છે. (૨૭)

હે મુને ! મૂળપ્રકૃતિ, મૂળપુરુષ તથા પ્રધાન પુરુષ, એમના ભયથી હંમેશા એમની આજ્ઞામાં વર્તે છે. (૨૮) એમના ભયથી કાળ, અક્ષર, પુરુષ તથા અક્ષર મુક્તો પણ હંમેશા એમની આજ્ઞામાં

વર્તે છે. (૨૯) હે સન્મતે ! આ સંકલ્પ માત્રથી અસંખ્ય બ્રહ્માંડો પોતે જ સ્રજે છે. પાલન કરે છે અને સંહાર કરે છે. (૩૦) આ શ્રીહરિ સર્વના સાક્ષી, સ્વતંત્ર, સર્વજીવોએ કરેલા કર્મોનું અંતર્યામીપણે ફળ આપનારા છે. તો પણ નિર્દોષ, સત્ય એ આદિ આનંદ આપનારા ગુણો તથા ઐશ્વર્યના સમુદ્ર છે. (૩૧) સર્વ ઈશ્વરોના નિયંતા છે તેથી જ તેમને તમો સર્વોપરી જાણો. વળી હું તમારો ગુરુ છું છતાં પણ અવતારી એવા આ સ્વરૂપથી જ ઐશ્વર્ય પામ્યો છું. (૩૨) પરાત્પર અવતારી પોતે જ આ પ્રત્યક્ષ શ્રીહરિ મને શિષ્ય ભાવથી અનુસરતા મારી અનુવૃત્તિ સાચવતા હતા. (૩૩) તેથી તેમની સેવાનો અવકાશ મને પ્રાપ્ત ન થયો. પરંતુ તેમની સેવા કરવાની મને ઘણી જ ઈચ્છા થાય છે (૩૪) નિખિલેશ આ શ્રીહરિની સેવા અતિ દુર્લભ છે. તેથી તમો હંમેશા તેમની અનુવૃત્તિ સાચવી તેમની સેવા કરો. (૩૫) તેમનું વચન સાંભળીને મુક્તાનંદે કહ્યું તમો જેમ કહો છો તેમ કરીશું. પછી પ્રસન્ન થઈને રામાનંદ તિરોધાન થઈ ગયા. (૩૬)

પછી મુક્તાનંદ શ્રીહરિની માનસી પૂજા કરીને શ્રીસહજાનંદના દર્શન માટે સભામાં આવ્યા. (૩૭) પછી હર્ષિત વદનવાળા મુક્તાનંદ મુનિ, પરમેશ્વર શ્રીહરિને નમસ્કાર કરીને, તે સભામાં બેસીને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિના સ્થિર નેત્રથી દર્શન કરવા લાગ્યા. (૩૮)

દયાસાગર, સર્વજ્ઞ, પ્રિયભાષી, શ્રીહરિ અતિ પ્રસન્ન મુખવાળા મુક્તાનંદ મુનિને જોઈને મંદહાસ્ય કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૯) હે મુને ! તમો પૂર્વે નહીં જોયેલા તેવા પ્રસન્ન જણાઓ છો. તેથી તમોએ કાંઈક આશ્ચર્ય જોયું છે. તે આશ્ચર્ય અમોને કહો. (૪૦) હે મહીપતે ! આ પ્રકારે શ્રીહરિએ કહ્યું, તેથી આનંદ પામેલા મુક્તાનંદ મુનિ બુદ્ધિમાન રામાનંદ સ્વામીએ પોતાના પ્રત્યે જે વચન કહ્યાં હતાં. તે શ્રીહરિને કહેવા લાગ્યા. (૪૧)

મુક્તાનંદ મુનિનું વચન સાંભળીને સભામાં બેઠેલા સમગ્રજનો પરમ આનંદ પામ્યા. પરમેશ્વર શ્રીહરિ તો મંદ મંદ હસતા પ્રીતિપૂર્વક મુનિને જોતા હતા. (૪૨)

હે રાજન્ ! તેજ સમયે (શ્રીહરિ મુક્તાનંદ સ્વામી પ્રત્યે જુએ છે ત્યારે) મુક્તાનંદ મુનિને શ્રીહરિની ઈચ્છાથી સમાધિ પ્રાપ્ત થઈ. તે સમાધિમાં શ્રીહરિનું સર્વોત્તમ દિવ્ય અક્ષર ધામ તેઓ જોતા હતા. (૪૩) અક્ષર ધામમાં નાના પ્રકારના દિવ્ય મણિઓથી શોભતા સુવર્ણના સિંહાસનમાં બેઠેલા શ્રીહરિને સ્વયં મુક્તાનંદ મુનિએ જેવા પ્રત્યક્ષ દીઠા હતા તેવા જોયા. (૪૪) આકૃતિ તથા સૌંદર્ય, માધુર્ય, લાવણ્યાદિના અચળ સ્થાન ભૂત, કરોડો કામદેવના મદને હરનારા, દિવ્યાનંદના મહાસાગર, (૪૫) જાનુ પર્યંત લાંબા લક્ષ્મીના સ્થાનભૂત દિવ્ય ભૂજ યુગલ જેમને છે એવા, દિવ્ય અને અતિ શોભાયમાન ચરણકમળ યુગલની શોભા જેને છે એવા. (૪૬)

અપ્રતિમ, અમાયિક, અપાર સૌંદર્યવાળાં, યથાયોગ્ય, અત્યંત મંગળકારી, એવા સર્વ અંગોથી વિરાજમાન (૪૭) દિવ્ય, સુંદર, વસ્ત્રો ધારણ કરનારા, શોભાયમાન દિવ્ય ભૂષણોને ભૂષિત કરનારા, અતિસુંદર અંગોવાળા, અસંખ્ય અક્ષર મુક્તોએ સેવેલા, (૪૮) આવા પ્રકારના પરમેશ્વરને જોઈને આનંદિત

થયેલા મુક્તાનંદ મુનિ શ્રીહરિની ઈચ્છાથી જાગૃત થયા. (૪૯)

પછી મુક્તાનંદ મુનિ પોતાના ઈષ્ટદેવ ધર્મનંદન શ્રીહરિને પ્રણામ કરીને ઉત્સાહ પૂર્વક પોતે સમાધિમાં જોયેલું સર્વ આશ્ચર્ય કહેવા લાગ્યા. (૫૦) તે આશ્ચર્ય સાંભળીને વિસ્મય પામેલા સભામાં બેઠેલા સર્વેજનો અતિશય હર્ષ પામ્યા. સત્પતિ શ્રી હરિતો મુક્તાનંદ મુનિને જોતા મંદ મંદ હસતા હતા. (૫૧) પછી મુક્તાનંદ મુનિ સ્વાભાવિક અનવધિકાતિશય આનંદમૂર્તિ, પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને પ્રત્યક્ષ અંતરમાં તેમજ બહાર જોતા પરમ આનંદ પામ્યા. (૫૨)

હે ધરણીપતે ! મુક્તાનંદ મુનિ તેમના પ્રતાપથી સમાધિમાં સમગ્ર લોકોમાં (ચૌદ ભુવનોમાં પણ) તથા વૈકુંઠાદિક ધામોમાં ગયા. (૫૩)

પછી તો મુક્તાનંદ મુનિ પણ શ્રીહરિની આજ્ઞાથી બીજાજનોને પણ સમાધિ કરાવતા હતા. હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિના પ્રતાપથી મુક્તાનંદ મુનિ સિદ્ધ દશા પામ્યા. (૫૪) આવી રીતે પરમાત્મા શ્રીહરિ મુક્તાનંદ મુનિને પોતાનું અનન્ય સિદ્ધ ઐશ્વર્ય પ્રદર્શન કરીને હે રાજન્ ! અનન્ય તુલ્ય (અનુપમ) પોતાનુ અવતારીપણું મુક્તાનંદ મુનિને બતાવતા હતા. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં મુક્તાનંદ મુનિને શ્રીહરિએ પોતાનું અવતારીપણું બતાવ્યું તે નિરૂપણનો એકવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બીજા પણ વ્યાપકાનંદ તથા પ્રભાનંદ આદિક સાધુઓ શ્રીહરિના પ્રતાપથી સમાધિસ્થિતિ પામ્યા હતા. (૧) હે ભૂપતે ! વ્યાપકાનંદ આદિક મુનિઓ સમાધિ પ્રાપ્ત થવાથી સમગ્ર આવરણોથી રહિત થઈને સર્વ લોકમાં સ્વતંત્રપણે ગતિ કરતા હતા. (૨) સમગ્ર મુનિઓ વૈકુંઠાદિ દિવ્ય શ્રીહરિના ધામોમાં સ્વામિનારાયણના પ્રતાપથી જ ગતિ કરતા હતા. (૩)

વ્યાપકાનંદાદિ સાધુઓ પણ શ્રીહરિની આજ્ઞાથી અન્ય જનોને પણ સમાધિ કરાવતા હતા. વળી તેમના દેહમાં પણ પ્રવેશ કરીને પોતાની યોગ શક્તિથી તેમના મનના સંકલ્પો જાણતા હતા. (૪) વ્યાપકાનંદ વગેરે સાધુઓ શ્રીહરિના પ્રતાપથી યોગની સર્વ કળામાં પ્રવીણ થયા અને સિદ્ધ દશાને પામીને અક્ષરનો તુલ્ય ભાવ પામ્યા. (સર્વના અંતરમાં રહેલા અક્ષર જેમ નિર્લેપ છે. તેવી રીતે એ પણ નિર્લેપ થયા.) (૫)

પ્રાણીઓનું અજ્ઞાનરૂપી ઘાટું અંધારું બ્રહ્માંડની અંદર રહેલા ગાઢાંધકારનો જે સૂર્ય વડે નાશ કરાય છે. તે સૂર્યથી પણ ન ભેદી શકાય એવું અજ્ઞાન જેના પ્રતાપથી નાશ થાય છે. (૬) શ્રીહરિના પ્રભાવથી પાપ કર્મ પરાયણ દૈત્યાંશ ગુરુઓ, ગરુડથી સર્પો જેમ બીક પામીને નાસી જાય છે; તેમ તત્કાળ

નાસી જાય છે. (૭)

જેમ સૂર્ય, ચંદ્રથી પ્રફુલ્લિત થતા કમળોને સંકોચિત કરે છે, તેમ આલોકમાં દુષ્ટ કૌલમતવાળા દુર્જનોને શ્રીહરિ અથવા તેમનો પ્રતાપ સંકુતિત કરે છે. જેમ સૂર્યથી કમળો પ્રફુલિત થાય છે. તેમ શ્રીહરિના પ્રતાપથી સર્વ સજ્જનો પ્રફુલિત થાય છે. (૮) જેમ વાયુથી રુનો ઢગલો ઊડે તેમ આ લોકમાં કોઈથી પણ ન નિવારી શકાય એવા શ્રીહરિથી અધર્મનો સમુદાય નાશ પામી ગયો. (૯) જેના શ્રવણ માત્રથી દુઃખથી પણ નાશ પામે એવા જન સમૂહોના કળિના દોષો સૂર્યોદય થવાથી જેમ અંધકાર વિલીન થઈ જાય છે. તેમ વિલીન થઈ જતા હતા. (૧૦) હે રાજન્ ! જેના આશ્રયથી હજારો જનો, દત્ત કપિલાદી અવતારોના સમાન ઐશ્વર્ય જેમનાં છે એવા, બ્રહ્મરૂપ મહાબુદ્ધિશાળી થતા હતા. (૧૧)

હે મહિપતે ! દયાસિંધુ અવતારી શ્રીહરિનું માહાત્મ્ય અપાર હોવાથી તે યથાર્થપણે કહેવા માટે કોઈ સમર્થ થાય ? અર્થાત્ કોઈપણ ન થાય. (૧૨) હે રાજન્ ! તેમની કૃપાથી સાધન સંપત્તિ વિના આ લોકમાં હજારો ભક્તો અષ્ટાંગ સંસાધનથી પ્રાપ્ય સંપ્રજ્ઞાત સમાધિરૂપ પામ્યા હતા. (૧૩) હે રાજન્! તેમના ભક્તો વિના બીજાજનો કોઈ પણ કાળે યોગ સિદ્ધિને પામ્યા નથી. તેથી આ શ્રીહરિની સર્વોત્તમ દયાનું શું વર્ણન કરું ? (૧૪)

જે જે સ્થાનમાં શ્રીહરિ જતા તે તે સ્થાનમાં જન સમુદાયો શ્રીહરિનાં દર્શન માત્રથી જ તત્કાળ સમાધિ પામી જતા. (૧૫) તે જનો સમાધિમાં અક્ષર ધામમાં શ્રીહરિની મૂર્તિને જોતા હતા. તે મૂર્તિને જોઈને મહાઆનંદ પામીને ચિત્રમાં ચિતરેલા હોયને શું ? એમ થઈ જતા હતા. (૧૬) આ પ્રમાણે પોતાના પ્રતાપથી જ નિર્ગુણ સ્થિતિ પામેલા જનોને શ્રીહરિ, પોતાની દૃષ્ટિમાત્રથી સમાધિથી ઊઠાડતા હતા. (૧૭) પછી મહાશ્ચર્ય પામેલા હજારો જનો પણ પ્રત્યક્ષ શ્રીહરિને પરમેશ્વર જાણીને આશ્રય કરીને હંમેશા ભજતા હતા. (૧૮) આસુરી જનો તો ઈન્દ્રજાળની વિદ્યાથી આ સ્વામિનારાયણ અમોને ભરમાવે છે એમ જાણીને તેમને જોઈને દૂરથી નાસી જતા હતા. (૧૯) તે આસુરીજનો જ્યાં જ્યાં જતા હતા ત્યાં ત્યાં જનોએ કહેલો શ્રીહરિનો પ્રતાપ સાંભળીને, અતિશય બળતા હતા. (૨૦) આવો પ્રતાપ વિસ્તારીને શ્રીહરિ સંસારમાં વારંવાર ભ્રમણ કરતાં અસંખ્ય પ્રાણીઓનું આત્યંતિક કલ્યાણ કરતા હતા. (૨૧)

હે રાજન્ ! ઉપનિષદના સમૂહોએ ગાન કરી છે, સત્કીર્તિ જેમની એવા શ્રીહરિનો યશ આ બ્રહ્માંડ ઉલ્લંઘીને સર્વત્ર અક્ષરધામમાં પણ વ્યાપી ગયો. (૨૨) શ્રીહરિનો એ યશ, સત્કીર્તિ, સમગ્ર વિશ્વને પાવન કરનારી, સંસારરૂપી સમુદ્રની નૌકા સમાન, વિશ્વના ભૂષણરૂપ, અને સમગ્ર આકાશ પણ જાણે તે સત્કીર્તિરૂપ સ્ત્રીના કાનનું જાણે આભૂષણ હોય તેવું દેખાય છે. અર્થાત્ તે સત્કીર્તિ આકાશમાં પણ સર્વત્ર વ્યાપી ગઈ છે. (૨૩) હે રાજન્ ! ધર્મના પુત્ર શ્રીહરિએ કરુણાથી જીવોને સમાધિમાં જે પ્રકારે પોતાના ઐશ્વર્યો બતાવ્યાં છે. તે ઐશ્વર્યોનો પાર બુદ્ધિમાન બ્રહ્માદિક દેવતાઓ, અક્ષરમુક્તો તથા સ્વયં હજાર મુખવાળા શેષ તથા ઉપનિષદો પણ પામતા નથી. તો બીજા અલ્પ બુદ્ધિવાળા જનો પાર ક્યાંથી પામે ? (૨૪)

હે રાજન્ ! શ્રીહરિના દિવ્ય ઐશ્વર્યો ઘણાં છે. પરંતુ તેમાંથી તમોને મેં અતિ પરમૈશ્વર્યો સ્પષ્ટપણે પરંતુ થોડા જ કહ્યાં છે. આ ઐશ્વર્યોનું શ્રવણ કરનારા મનુષ્યોને તત્કાળ સંસારમાંથી મુક્તિ કરનારાં સુમંગળ છે. તમારે હંમેશા તેનું ચિત્તમાં ચિંતવન કરવું. (૨૫)

આ પ્રકારે સમગ્ર ભક્તોને આનંદ આપતા, દિશાઓમાં વ્યાપ્ત છે. પવિત્ર કીર્તિ જેમની એવા પરમેશ્વર, શ્રીધર્મ ભક્તિના પુત્ર, શ્રી હરિકૃષ્ણ હે રાજન્ ! કૃપાથી કાલવાણી ગામમાં બે માસ પર્યંત નિવાસ કરીને રહ્યા. (૨૬) આ લોકમાં આવી રીતે શ્રીહરિનું ચરિત્ર જે ભક્ત સાંભળશે તથા કહેશે, તે ભક્ત અતિશય મહિમાએ યુક્ત શ્રીહરિના સ્વરૂપ સંબંધી યથાર્થજ્ઞાન પામશે. તથા શ્રીહરિના સર્વોપરી સ્વરૂપનું પણ જ્ઞાન પામશે. (૨૭)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રીભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિના પ્રતાપ નિરૂપણનો બાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી કાલવાણીથી બીજે ગામ જવાની ઈચ્છાથી શ્રીહરિ તૈયાર થયા. તે વખતે સમગ્ર સંતો, વર્ણીઓ પણ તૈયાર થયા. (૧) તેવી રીતે ઘોડે સવારો તથા પાર્ષદો પણ તૈયાર થયા. એટલામાં આખા ગામથી નારાયણ બ્રાહ્મણ (૨) તથા પીપલાણા ગામથી નરસિંહ શર્મા બંને ભક્ત જનો હે ભૂપતે ! શ્રીહરિની સમીપ આવ્યા. (૩) શ્રીહરિના બંને એકાંતિક બ્રાહ્મણ ભક્તો શ્રીહરિને પોતપોતાના ગામમાં લઈ જવા માટે અત્યંત પ્રાર્થના કરવા લાગ્યા. (૪)

પહેલાં શ્રીહરિને હું જ મારા ગામ પ્રત્યે લઈ જઈશ. એમ નારાયણ શર્મા કહેતા હતા. તેવી રીતે હું જ મારા ગામમાં લઈ જઈશ. એમ નૃસિંહ ભક્ત પણ કહેવા લાગ્યા. આ પ્રકારે અન્યોઅન્ય આગ્રહ કરતા હતા. (૫)

શ્રીહરિ આવી રીતે તે બંનેનો આગ્રહ જોઈને પોતાના એકાંતિક સાધુ રામદાસ તથા મુકુંદાનંદ વગેરે બીજા સાધુઓને એકાંતમાં પૂછતા હતા. (૬) હે સાધુઓમાં અગ્રેસરો ! એ બંને બ્રાહ્મણો પોતપોતાના ગામમાં મને લઈ જવા માટે એકી વખતે પ્રાર્થના કરે છે. તેથી આપણે પહેલા કયા ગામમાં જવું તે કહો ? (૭) એ બંને બ્રાહ્મણો બંને ગામમાં મને લઈ જવા માટે ઈચ્છે છે. હે સંતો ! એકરૂપથી હું બે ગામમાં કેવી રીતે જઈ શકું ? (૮)

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિનું વચન સાંભળીને શ્રીહરિનો અભિપ્રાય જાણનારા રામદાસ વગેરે સંતો હાથ જોડીને અચ્યુત શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૯)

હે પ્રભો ! એ બંને તમારા એકાંતિક ભક્તો છે. તેથી હે હરે ! આપે તે બંને બ્રાહ્મણોનો મનોરથ

સત્ય કરવો. (૧૦) હે હરે ! તમારા અવતાર શ્રીકૃષ્ણે ગોપીઓની સાથે રાસલીલા નિમિત્તે અનેક રૂપો ધારણ કર્યા હતાં. તો અવતારી તમોને શું દુષ્કર છે ? (૧૧) સમગ્ર યોગ શક્તિવાળા સત્પતિ અસંખ્ય રૂપ ધરનારા, અવતારી તમારે બે રૂપ ધરવામાં શું પ્રયાસ પડશે ? (અર્થાત્ એ કામમાં તમારે કાંઈપણ પ્રયાસ નથી.) (૧૨) તેથી હે હરે ! તમારા ભક્તોની આપત્તિઓનો નાશ કરનારા સત્ય સંકલ્પવાળા તમારે એ બંનેનું ઈચ્છિત એકી સાથે પૂર્ણ કરવું. (૧૩)

આ પ્રકારે સંત રામદાસ વગેરે સાધુઓનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા દયાસાગર શ્રીહરિ, મંદમંદ હસતા બંને બ્રાહ્મણોને બોલાવીને આ પ્રમાણે બોલ્યા, (૧૪) હે દ્વિજોત્તમો રહેવા માટે ઘર વગેરેની અનુકૂળતા માટે તમો તમારા ગામમાં આગળ જાઓ. અમો તમારી પછવાડે આવીએ છીએ. (જો કે પોતપોતાના ગામમાં જવા માટે એકી સાથે બંનેને કહ્યું છે તો પણ એક એકને બોલાવીને એક એક પ્રત્યે કહ્યું છે એમ જાણવું) (૧૫) આ પ્રકારે શ્રીહરિનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા બંને બ્રાહ્મણો, શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિના આતિથ્ય માટે ચોખા, દાળ, સુંદર લોટ, ઘી, સાકર, લાકડાં, પાત્ર, પતરાવળાં, પડિયા તથા મસાલા વગેરે સામગ્રીઓ તૈયાર કરવા માટે પોતપોતાના ગામમાં ગયા. (૧૬)

પછી શ્રીહરિ શિબિકામાં બેસીને પ્રેમાશ્રુથી ભરપૂર નેત્રવાળા પર્વત આદિ ભક્તોને વળાવીને કાલવાણી ગામથી ચાલ્યા. (૧૭) શ્રીહરિની સાથે સર્વ વર્ણીઓ, સાધુઓ, ઘોડેસવારો તથા પાર્ષદો શ્રીહરિમાં અનુરક્ત મનવાળા, ચાલવા લાગ્યા. (૧૮) દૂર સુધી પોતાની પાછળ વળાવવા આવતા જનો, જે પોતાના વિયોગથી પીડાતુર થયા હતા. અને તેથી રડતા હતા; તે સર્વે ભક્તોને, શ્રીહરિ પાછા વાળીને ચાલવા લાગ્યા. (૧૯) હે રાજન્ ! પછી ઈશ્વર શ્રીહરિ સાધુઓનું વચન સત્ય કરવા માટે તથા બંને ભક્તોનું પ્રિય કરવા માટે, પોતે બે રૂપે થયા. (૨૦) શ્રીહરિ જેમ પોતાના સંતો રામદાસ, મુક્તાનંદાદિ સાધુઓ તથા પાર્ષદો ભગુજી, રત્નજીત વગેરે મુકુંદાનંદાદિ બ્રહ્મચારીઓ તથા ઘોડેસવારો હિંમતસિંહાદિ તથા બીજા ભક્તો ન જાણે તેવી રીતે બે રુપવાળાં થયાં. (૨૧) પોતાના એકાંતિક ભક્તો છે. વહાલા જેમને એવા શ્રીહરિ, પોતાની સાથે જેટલા હતા તેટલી સંખ્યાવાળા મુકુંદાનંદ વગેરે વર્ણીઓ, મુક્તાનંદાદિ સાધુઓ, હેમંતસિંહાદિ ઘોડેસવારો, ભગુજી, રત્નજીત વગેરે પાર્ષદો તથા પોતાની સાથે ચાલતા બીજા પાર્ષદોએ યુક્ત આખા તથા પીપલાણા ગામમાં ગયા. (૨૨)

શ્રીહરિએ આગળ મોકલેલા શ્રીહરિના આશ્રિત બંને બ્રાહ્મણો પોતાના જુદા જુદા ગ્રામ પ્રત્યે જઈને શ્રીહરિ પોતાના ગામમાં પધારશે તે લોકોને કહેતા હતા. (૨૩) પછી બંને ગામના નિવાસી શ્રીહરિના આશ્રિત ભક્તો પ્રસન્ન થઈને અચ્યુત શ્રીહરિનું સન્માન કરવા ગીત વાદ્યોનો ઘોષ કરતા સામા ગયા. (૨૪) પોત પોતાના ગામમાં આવતા શ્રીહરિને બંને ગામના નિવાસી હરિજનો દૂરથી જોઈને સ્નેહાશ્રુથી યુક્ત નેત્રોવાળા થઈ, પોતાના ઇષ્ટદેવ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૨૫)

પછી શ્રીહરિએ, તે તે ગામના નિવાસી પ્રફુલ્લિત નેત્રોવાળા ભક્તજનો સાથે, પોતાના તેટલા આશ્રિતોની સાથે બંને ગામમાં એકી સાથે પ્રવેશ કર્યો. (૨૬) શ્રીહરિ બંને ગામોમાં પોતાને યોગ્ય નિવાસ

કર્યો. તેમજ પોતાના એક આશ્રયવાળા સાધુ વગેરેને યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૨૭)

હે રાજન્ ! પછી શ્રીહરિ બંને ગામોમાં યથાયોગ્ય પાક કરાવીને વિષ્ણુને નિવેદન કરીને, નાના પ્રકારના સ્વાદુ ભોજનો એકી સાથે જમતા હતા. તેમના આશ્રિતો બીજા સાધુ વગેરે પણ ભોજનો જમતા હતા. (૨૮-૨૯) હે રાજન્ ! પોતાના તેટલા જ સાધુ સાથે શ્રીહરિ બંને ગામોની સભામાં ઉત્તમ આસન ઉપર બિરાજ્યા. (૩૦) પછી બંને ગામના નિવાસી ભક્તો સુગંધી પુષ્પના હાર તથા ચંદનથી શ્રીહરિને પૂજતા હતા. (૩૧) તેવી રીતે બંને ગામની ભક્તિવાળી સર્વે સ્ત્રીઓ પણ શ્રીહરિને વિવિધ પ્રકારના ઉપચારો વડે પૂજતી હતી. (૩૨)

પછી હે રાજન્ ! બીજા ગામથી કેટલાક જનો આખા ગામમાં આવ્યા. આખા ગામમાં પોતાના આશ્રિત જનોની સાથે સભામાં બેઠેલા પરમેશ્વર શ્રીહરિને તેમણે જોયા. (૩૩) તે જનો પોતાના કામ માટે આખા ગામથી પીપલાણા ગામમાં ગયા પણ આખા ગામની માફક જ ભક્તની સભામાં બેઠેલા શ્રીહરિને તેઓ ત્યાં જોતા હતા. (૩૪) હે રાજન્ ! પછી મહાશ્ચર્ય પામેલા તે જનો, શ્રીહરિની અલૌકિક યોગશક્તિ જોઈને, તે વખતે પરસ્પર આ પ્રમાણે બોલવા લાગ્યા. (૩૫)

આશ્ચર્ય મૂર્તિ શ્રીહરિને અમે આખા ગામમાં જોયા છે. વળી આ પીપલાણા ગામમાં પણ જેમ આખા ગામમાં સભામાં બેઠેલા શ્રીહરિને જોયા છે તેવા જ અમે જોઈએ છીએ એ આશ્ચર્ય છે. (૩૬) તે ગામથી પ્રયાણ કર્યા વિના આશ્રિતોની સાથે અમારી પહેલાં આ ગામમાં શ્રીહરિ પોતે ક્યારે આવ્યા? (૩૭) આ શ્રીહરિની કોઈ વિદ્યાથી જ અમોને આવી રીતે દેખાય છે કે શું ? અથવા અમોને સ્વપ્ન છે કે શું ? અથવા બુદ્ધિમાં મોહ થયો છે કે શું ? આ પ્રત્યક્ષ શ્રીહરિનું દર્શન સત્ય છે કે શું ?

આ પ્રમાણે વિવાદ કરતા જનોમાં કેટલાક જનો હે વિચક્ષણો ! આપણે એ નિર્ણય કરવા માટે ફરીથી આખા ગામ પ્રત્યે જવું, એ પ્રમાણે કહેતા હતા. (૩૯) જ્યારે એમને ત્યાં જોઈએ ત્યારે તો આ સત્ય જ છે, એમ કહીને સર્વે ફરીથી આખા ગામમાં આવ્યા. (૪૦)

આખા ગામમાં પણ પોતાના ભક્તોની સભામાં સુંદર આસનમાં બેઠેલા પોતાના જનોને આનંદ આપનારા શ્રીહરિને પૂર્વની માફક તે જનો વિસ્મયપૂર્વક જોવા લાગ્યા. (૪૧) તે જનો ફરીથી પીપલાણામાં આવીને પૂર્વની માફક મહા શોભાવાળા, શાન્તાકાર શ્રીહરિને સભામાં જોવા લાગ્યા. (૪૨) પછી તે સમગ્ર જનો શ્રીહરિને પ્રત્યક્ષ પરમેશ્વર જાણીને, શ્રીહરિનો આશ્રય કરીને, પોતાના ધર્મમાં રહીને શ્રીહરિને દરરોજ ભજતા હતા. (૪૩) આ પ્રમાણે બંને ગામોમાં પોતાના ભક્તોને આનંદ આપતા શ્રીહરિ આશ્રિતોએ સહિત દશ દિવસ સુધી પ્રીતિપૂર્વક નિવાસ કરીને રહ્યા. (૪૪)

નારાયણ, ગોવિંદ, રામજીત, કુમારજીત, મૂળજીત, ઈન્દ્રજીત વગેરે આખા ગામના બ્રાહ્મણો શ્રીહરિના ચરણ કમળના આશ્રિત પરમભક્તિથી સર્વદા શ્રીહરિને સેવતા હતા. (૪૫-૪૬)

હે રાજન્ ! મીઠી, લાડીની, રૂક્ષ્મિમી, જીવી, લાડુ, શ્યામા વગેરે આખા ગામની શ્રીહરિની ભક્ત સ્ત્રીઓ ગાઢ અનુરાગથી હંમેશા શ્રીહરિને સેવતી હતી. (૪૭)

નરસિંહ, કલ્યાણ, ક્લો, રઘુ, પરમાનંદ વગેરે શ્રીહરિના આશ્રિત પોતાના ધર્મમાં રહીને (૪૮) શ્રીહરિને વિષે અતિશય પ્રીતિવાળા, નિષ્પાપ, પીપલાણા ગામના તે સર્વે બ્રાહ્મણો શ્રીહરિને સેવતા હતા. (૪૯) ફીતાભાઈ વગેરે ક્ષત્રિયો તથા રાઘવ સોની, ઉદાભાઈ, રામ વગેરે વૈશ્ય ભક્તો, પ્રીતિથી શ્રીહરિની સેવા કરતા હતા. (૫૦)

પોતાના ધર્મમાં પ્રીતિવાળી લક્ષ્મી તથા કુમારી વગેરે યથાયોગ્ય શ્રીહરિની સેવા કરતી હતી. (૫૧) બંને ગામોમાં રહેલા ભક્તો શ્રીહરિના પ્રતાપથી યોગીંદ્રોએ પણ દુર્લભ સમાધિ અવસ્થા તત્કાળ પામ્યા. (૫૨) શ્રીહરિની દયાથી આખા તથા પીપલાણા બંને ગામના નિવાસીઓને તથા પૂર્વે કહેલી સ્ત્રીઓને પણ સાધન સંપત્તિ વિના સમાધિમાં સ્વતંત્રપણું પામ્યા હતા. (૫૩)

બંને ગામમાં વસતા અને બેરૂપ ધારણ કર્યાં છે. જેમણે એવા પરમ ઐશ્વર્યવાળા શ્રીહરિએ, ઓજસ્વતી (ઓજત) નદીના કાંઠે નિવાસ કરવા માટે ઈચ્છા કરી. (૫૪)

પછી ભક્તોને બોલાવીને શ્રીહરિ આ પ્રમાણે તેમને કહેવા લાગ્યા. હે ભક્તો ! આ સ્થળમાં સંકડાશ હોવાથી અહીં રહેવાની મારી રુચિ નથી. માટે ઓજસ્વતીના કાંઠે રહેવાની ઈચ્છા છે. (૫૫)

પછી તે ભક્તો 'બહુ સારું' એમ કહીને વડ આદિ વૃક્ષોથી યુક્ત રમણીય ઓજસ્વતીના કાંઠે જમીન સાફ કરાવતા હતા. (૫૬) જમીન સાફ કર્યા પછી ભૂમિ ઉપર રાજાને યોગ્ય ઘર તથા ઉત્તમ સભામંડપની રચના કરતા હતા. (૫૭) શ્રીહરિની કોઈ અલૌકિક યોગ શક્તિથી મોહ પામેલા બંને ગામના તે ભક્તો, પરસ્પર મળીને, શ્રીહરિને રહેવા માટે મંડપની રચના કરતા છતાં પણ શ્રીહરિ બંને ગામોમાં બેરૂપ ધારણ કરી રહ્યા હતા, તે ચરિત્ર જાણતા ન હતા. (૫૮) રાસક્રીડામાં શ્રીકૃષ્ણની લીલા ગોપીકા, તથા ગોકુળમાં ગોપો તથા દ્વારિકામાં શ્રીકૃષ્ણના અંગના રુક્ષ્મણી વગેરે સ્ત્રીઓ, જેમ કૃષ્ણનું તે અલૌકિક ચરિત્ર જાણતા ન હતા તેમ, આ ભક્તો શ્રીહરિનું ચરિત્ર જાણતા ન હતા. (૫૯)

હે રાજન્ ! પછી પ્રભુ શ્રીહરિ જેમ પોતાના ભક્તો ન જાણે તેવા પોતાના યોગૈશ્વર્યથી એક રૂપ થયા. (૬૦) પછી શ્રીહરિએ પોતાની સાથે પોતાના. આશ્રિતોએ નિર્માણ કરેલા સુંદર પટમંડપોથી શોભાયમાન ઓજસ્વતી નદીના કાંઠે પોતાના ઉતારામાં નિવાસ કર્યો. (૬૧)

પછી આખા ગામના નિવાસી ભક્તો, પીપલાણા ગામના ભક્તો પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. અમારા ગામમાં ભગવાન શ્રીહરિએ અમોને તો ઘણું સુખ આપ્યુ. (૬૨) ત્યારે પીપલાણા ગામના ભક્તો આખા ગામના ભક્તોને આ પ્રમાણે કહેવા લાગ્યા. શ્રીહરિએ અમારા ગામમાં અમોને ઘણાં દિવસ સુખ આપ્યું. (૬૩) આ પ્રમાણે પરસ્પર કહીને બંને ગામના ભક્તોએ અતિઆનંદિત થઈને, સકળૈશ્વર્યવાળા શ્રીહરિએ પ્રીતિને વશ થઈ બેરૂપ ધર્યાં એમ નિશ્ચય કર્યો. (૬૪)

પછી બંને ગામના નિવાસી ભક્તો શ્રીહરિને એકરૂપે જોઈને આશ્ચર્ય પામીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૬૫) અમારા બંને ગામમાં ઘણાં દિવસ સુધી દર્શનીય આ શ્રીહરિને અમોએ બેરૂપથી જોયા એ આશ્ચર્ય છે. (૬૬) આ શ્રીહરિનું બેરૂપમાંથી એકરૂપ થવું તે અતકર્ય હતું. અમો તથા બીજાઓ

પણ તે ન જાણી શક્યા. (૬૭) આ શ્રીહરિએ આવું ઐશ્વર્ય અમને દયા કરીને બતાવ્યું. આવી રીતે તે ભક્તો શ્રીહરિને સાક્ષાત્ પુરુષોત્તમ જાણતા હતા. (૬૮) પછી પ્રસન્ન મનવાળા બુદ્ધિશાળી મુક્તાનંદાદિ હાથ જોડીને શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૬૯)

હે હરે ! તમોએ કૃપાથી બંને ગામોના ભક્તોની સર્વ ઈચ્છા પૂર્ણ કરી. હે પ્રભો ! તમારે તો શું દુ:સાધ્ય છે ? અર્થાત્ સર્વસાધ્ય જ છે. (૭૦) આવું સંતોનું વચન સાંભળીને, સાધુઓ છે પ્રિય જેમને એવા ધર્મનંદન ભગવાન કૃપાજન્ય કોમળ દૃષ્ટિથી સર્વ પ્રત્યે જોઈને મંદ મંદ હસતા હતા. (૭૧)

પછી શ્રીહરિએ ઓજસ્વતી તીરે કાર્તિક સુદી પૂર્ણિમાને દિવસે ઉત્સવ કર્યો. તે ઉત્સવમાં આખા તથા પીપલાણા ગામના ભક્તો તથા દેશાંતરના ભક્તજનો શ્રીહરિને વસ્ત્રો તથા આભૂષણો તથા ધનના સમુદાય વડે પૂજતા હતા. (૭૨) તે શ્રીહરિને નારાયણ બ્રાહ્મણે ઘણું ધન આપ્યું તથા નરસિંહ બ્રાહ્મણે શ્રીહરિની આગળ હર્ષ પૂર્વક ધનનો ઢગલો કર્યો. (૭૩)

હે રાજન્ ! પછી દાનેશ્વરી, આપ્ત કામ શ્રીહરિએ, તે ધનના સમુદાયથી ઓજસ્વતીના વિસ્તારવાળા તથા શોભાયમાન તીર ઉપર સર્વોત્તમ વિષ્ણુયાગ કરવા માટે સમ્યક્ પ્રકારે ઈચ્છા કરી. (૭૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં આખા તથા પીપલાણામાં શ્રીહરિનું એકી સાથે ગમન નિરૂપણનો ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિએ પોતાની સમીપમાં રહેલા, પંડિતોમાં ઉત્તમ મયારામ બ્રાહ્મણને, વિષ્ણુયાગનું મુહૂર્ત પૂછ્યુ. (૧) શાસ્ત્રવિદોમાં શ્રેષ્ઠ મયારામ બ્રાહ્મણ પંચાંગ જોઈને, પ્રણત ક્લેશહારી શ્રીહરિને, મુહૂર્ત કહેવા લાગ્યા. (૨) પછી શ્રીહરિએ પોતાના સેવકો દ્વારા, શ્રૌત, સ્માર્ત ક્રિયામાં ચતુર વેદ શાસ્ત્રાદિને જાણનારા બ્રાહ્મણોને પોતાની પાસે બોલાવ્યા. (૩)

હે રાજન્ ! શ્રીહરિએ દેશાંતરથી બોલાવેલા હજારો બ્રાહ્મણો શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિએ તેમને યથાયોગ્ય ઉતારા અપાવ્યા. (૪) પછી શ્રી હરિએ કંકુ છાંટીને મંગળ પત્રિકાઓ દૂતો દ્વારા જુદા જુદા દેશોમાં મોકલી પોતાના ભક્તોને બોલાવ્યા. (૫) સ્ત્રી, બાળકો, વૃદ્ધો વગેરે હજારો ભક્તો, પોતાના ઈષ્ટ શ્રીહરિ તથા યજ્ઞ મહોત્સવના દર્શન માટે ત્યાં આવ્યા. (૬) હે રાજન્ ! તે ભક્તો જેમ નિર્ધનો ધનનો રાશિ જોઈને આનંદ પામે તેમ શ્રીહરિને જોઈને મહાનંદ પામ્યા. અને આદરપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૭) પછી સ્વયં નારાયણ મુનિ તેમને ઉતારા અપાવવા તેમજ બીજી યથાયોગ્ય તેમની સંભાવના કરતા હતા. (૮)

પરદેશથી આવેલા જનોના નિવાસથી ઓજસ્વતી નદીના બંને તટો હરિભક્તોએ કરેલા હરિના પદોના ગાનથી અત્યંત શોભતા હતા. (૯)

પછી શ્રીહરિએ ભક્તોને બોલાવીને કહ્યું હે ભક્તો ! મેં જે જે કાર્ય જેમને સોંપ્યું છે તેમણે તે કાર્ય આદરપૂર્વક સંપાદન કરવું. (૧૦)

પછી શ્રીહરિ પીપલાણા ગામની સમીપમાં વડ, પીપરો, આમલી વગેરે વૃક્ષોથી વ્યાપ્ત નદીના કાંઠે યજ્ઞ માટે પૃથ્વીનું શોધન કરાવતા હતા. (૧૧) તેવી નદીના તટમાં ધર્મ પ્રવર્તક ધર્મનંદન શ્રીહરિએ વેદવિશારદ દ્વિજેન્દ્રો પાસે સ્વસ્તિ વાંચન કરાવ્યું. (૧૨) પછી શ્રીહરિએ ત્યાં ચંદન, પુષ્પ, અક્ષત વગેરે ઉપચારો વડે શાસ્ત્ર પ્રમાણે કૂર્મ તથા શેષની પૂજા કરી. (૧૩)

પછી શ્રીહરિ નાના પ્રકારના ઉપચારોથી પૂજા કરાવતા હતા. તન શુદ્ધિ જોઈને શાસ્ત્ર પ્રમાણે યજ્ઞ મંડપની સિદ્ધિ માટે પૂર્વ મંગળ કરાવતા હતા. (૧૪) પછી શ્રીહરિએ એક હાથ ઊંચી મંડપની ભૂમિ કરાવી. તેમાં અઢાર હાથનો લાંબો પહોળો મંડપ કરાવ્યો. (૧૫) ચાર દિશાઓમાં બે હાથને આઠ આંગળ પહોળા શોભાયમાન ચાર દ્વારો યુક્ત મનોહર. (૧૬) ફળોના ભારથી વિશેષ નમતી કેળના સ્તંભોથી અતિ દેદિપ્ય, એવા શ્રેષ્ઠ સ્તંભોથી શોભતો આમ્ર પલ્લોથી વીંટાયેલો. (૧૭)

સુંદર, નાના પ્રકારના પુષ્પો, લીંબુ આદિ ફળો તથા વિવિધ પ્રકારના બહુ મૂલ્યવાળાં વસ્ત્રોથી વીંટાયેલો તેથી જ શોભતો (૧૮) દરેક દ્વારમાં શોભાયમાન વિચિત્ર વર્ણવાળા તોરણો વડે તેમજ વિચિત્ર પ્રકારના વર્ણોથી રમણીય એવા ઉલ્લોચથી અતિ અલંકૃત (૧૯) દશ હાથ લાંબા વિતિત્ર, શોભાયમાન, ચાંદીની ઘુઘરીઓથી શોભતા ધ્વજ વડે જેનો મધ્ય ભાગ શોભે છે. એવો, (૨૦)

ચંદન પુષ્પોથી યુક્ત અનુક્રમથી મૂકેલી વિવિધ પ્રકારની પતાકાઓ તથા તેવી રીતની ધ્વજાઓથી યુક્ત. (૨૧) હે રાજન્ ! પૃથ્વીમાં વૈદિક ધર્મની પ્રવૃત્તિ માટે ધર્મનું આચરણ કરતા નરનાટ્ય ધરનારા શ્રીહરિએ આ પ્રમાણે બીજો મંડપ કરાવ્યો. (૨૨)

દુરાગ્રહ પરાયણ શાક્તોએ પૃથ્વીમાં વારંવાર જે યોનિકુંડોનું પ્રવર્તન કર્યું તેનું શ્રીહરિએ વેદ શાસ્ત્રના પ્રમાણથી ખંડન કરીને, ત્યાં આવેલા સર્વ વિવાદિ વિપ્રોને પોતાના પ્રતાપથી જીતીને, (૨૪) નિર્યોનિક નવકુંડો શાસ્ત્ર પ્રમાણે વિધિને જાણનારા વેદજ્ઞ બ્રાહ્મણો પાસે કરાવ્યા. (૨૫)

ત્યારબાદ શ્રીહરિએ ઋગાદિદેવો તથા શિક્ષા, કલ્પ, વ્યાકરણ વગેરે વેદાંગોમાં પારંગત, યજ્ઞ કર્મના વિધાનને જાણનારા, સદાચાર અને વેદાભ્યાસની સંપત્તિથી કાંતિવાળા બ્રાહ્મણોની વરણી કરી. (૨૬) શ્રીહરિએ તે વૃત્ત બ્રાહ્મણોને દરેકને પહેરવાના ધોતીયાં, ઓઢવાના બે વસ્ત્રો તથા રમણીય આસન યથા યોગ્ય અપાવ્યાં. (૨૭) શ્રીહરિએ સુંદર આચમની લલિતગોમુખી તથા પવાલાએ સહિત અતિ સુંદર કળશીયા પણ અપાવ્યા. (૨૮)

શ્રીહરિએ નાના પ્રકારના પવિત્ર ઉપચારોથી બ્રાહ્મણો પાસે શાસ્ત્ર પ્રમાણે વિષ્ણુ પૂજન કરાવ્યું.

(૨૯) વળી પ્રભુ શ્રીહરિએ કેટલાક વિધિજ્ઞ બ્રાહ્મણો પાસે વૈષ્ણવી ગાયત્રી ''ॐनारायणाय विद्महे वासुदेवाय धीमहि । तन्नो विष्णुः प्रचोदयात्'' એ ચોવીસ અક્ષરવાળી નારદે કહેલી વિષ્ણુ ગાયત્રીના જાપ કરાવ્યા. કેટલાક બ્રાહ્મણો પાસે 'ॐ नमो भगवते वासुदेवाय' એ બાર અક્ષરના મંત્રનો જપ કરાવતા હતા. (૩૦)

શ્રીહરિ કેટલાક વિદ્વાન બ્રાહ્મણો પાસે વિષ્ણનો છ અક્ષરનો ''ॐ विष्णवे नमः'' નારાયણ કવચમાં ઉપદેશ કરેલો છે. તથા કેટલાક બ્રાહ્મણો પાસે ''ॐ नमोनारायणाय'' એ અષ્ટાક્ષર મંત્રનો તથા કેટલાક બ્રાહ્મણો પાસે વિષ્ણુ સૂક્ત ''अतौ देवा अवन्तु नः'' ઈત્યાદિ જપ કરાવતા હતા. (૩૧) શ્રીહરિ કેટલાક બ્રાહ્મણો પાસે લક્ષ્મી સૂક્ત ''ॐ हिरण्यवर्मा हरिणीम्'' ઈત્યાદિ જાપ કરાવતા હતા. કેટલાકની પાસે સર્વ અભદ્રને નાશ કરનારો શ્રી विष्णुनामसहस्त्रનો જપ કરાવતા હતા. (૩૨) શ્રીહરિ કેટલાક બ્રાહ્મણો પાસે ''नारायणकवच'' ના જાપ કરાવતા હતા. તથા કેટલાક બ્રાહ્મણો પાસે ''श्रीमद्भगवद्गीता''ના પાઠ કરાવતા હતા. (૩૩)

શ્રીહરિ કેટલાક બ્રાહ્મણો પાસે સુકૃતને ઉત્પન્ન કરનાર ''श्रीमद्भागवत पुराण''ના પાઠ કરાવતા હતા. (૩૪) શ્રીહરિ કેટલાક બ્રાહ્મણો પાસે ''વાસુદેવ માહાત્મ્ય'' નો પાઠ કરાવતા હતા. કેટલાકની પાસે कठवल्ली, मुंडक ઉપનિષદના પાઠ કરાવતા હતા. (૩૫)

શ્રીહરિએ સમગ્ર વેદોમાં ઉત્તમ પોતાના સામવેદનું વિધિપૂર્વક પારાયણ કેટલાક બ્રાહ્મણો પાસે કરાવ્યું. (૩૬) પછી શ્રીહરિએ શાસ્ત્ર પ્રમાણે હોમ તથા પૂર્ણાહુતિ કરાવી અને હજારો બ્રાહ્મણોને સુંદર ભોજનોથી તૃપ્ત કર્યા. (૩૭)

હે રાજન્ ! દાનમાં અત્યંત શૂરવીર શ્રીહરિએ બ્રાહ્મણોને લાખ સુવર્ણ મુદ્રાઓ આપી. વૃત્તિને માટે ભૂમિ પણ આપી. (૩૮) શ્રીહરિએ અધ્વર્યુ બ્રાહ્મણને હજાર સુવર્ણ મુદ્રા આપી. અને હજાર ગાયો આપી. તથા હોતાને લાખ રુપ્ય મુદ્રાઓ (રૂપીયા) આપ્યા. (૩૯) શ્રીહરિએ ઉગ્દાતા બ્રાહ્મણોને બહુમૂલ્યવાળાં વસ્ત્રો તથા હજારો રૂપ્ય મુદ્રાઓ પ્રીતિપૂર્વક આપી. (૪૦)

શ્રીહરિએ તે યાગમાં જપને માટે વરેલા બ્રાહ્મણોને તથા બીજા બ્રાહ્મણોને યથાયોગ્ય યથેચ્છિત ધન, વસ્ત્રો, અલંકારો આપ્યાં. (૪૧) શ્રીહરિએ આવેલા સો એ સો બ્રાહ્મણોને પુષ્કળ દૂધવાળી તથા વસ્ત્ર અલંકારોથી અલંકૃત કરેલી ગાયો શાસ્ત્રવિધિ પ્રમાણે આપી. (૪૨) વળી શ્રીહરિ રથો છે મુખ્ય જેમાં એવા વિવિધ પ્રકારના વાહનો બ્રાહ્મણોને આપ્યાં. તેમજ સોનાની મુદ્રાઓ આપી. (૪૩)

શ્રીહરિએ સો એ સો બ્રાહ્મણોને કન્યાદાન માટે ઘણું દ્રવ્ય આપ્યું. તેમજ બ્રાહ્મણના પુત્રોને ઉપનયન માટે ઘણું દ્રવ્ય આપ્યું. (૪૪)

હે રાજન્ ! પછી શ્રીહરિએ દક્ષિણાઓ વડે અત્યંત સંતોષ પમાડેલા ઋત્વિગાદિ બ્રાહ્મણો, હર્ષિત થઈને પોતપોતાના દેશ પ્રત્યે ગયા. (૪૫) વેદોક્ત ધર્મ, અસુરો તથા ગુરુઓ તથા રાજાઓએ લુપ્ત કરી નાંખેલો વિષ્ણુયાગાદિ યજ્ઞાસ્વરણ રૂપ વેદોક્ત ધર્મના, વિષ્ણુ યાગાદિના આચરણ વડે, રક્ષણ કરનારા

(ધર્મધુરંધર પદનું વહન કરનારા) દિવ્ય, આશ્ચર્ય કરનારા અને મનુષ્યોમાં અસંભવિત ચરિત્રો જેમના છે એવા શ્રીહરિએ, પૃથ્વીમાં આ રીતે ધર્મનું સ્થાપન (પોતાના અવતારના પ્રયોજનની સંસિદ્ધિ આ રીતે કરતા હતા.) કરતા ભગવાન શ્રીહરિ, સૌરાષ્ટ્ર દેશના સમગ્ર બ્રાહ્મણોને તથા આવેલા અનેક દેશના બ્રાહ્મણોને છ માસ પર્યંત દરરોજ ઘીવાળા ઉત્તમ ભોજનોથી તૃપ્ત કરતા હતા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં ઓજસ્વતી તીરે શ્રીહરિકૃષ્ણ વિષ્ણુયાગ મહોત્સવ વર્ણન નામે ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સવારમાં વિષ્ણુયાગ કરનાર શ્રીહરિ, મુનીંદ્રો તથા વર્ણીઓ તથા બીજા ગૃહસ્થો સાથે, સ્નાન કરવા માટે ઓજસ્વતી નદી પ્રત્યે ગયા. (૧)

મૃદંગના જેવો જેનો ગંભીર નાદ છે. ચપળ તરંગના સમુદાયથી જે શોભે છે અને શ્રીહરિના આગમન સમયે પક્ષીઓના મધુર નિનાદોથી જાણે શ્રીહરિને બોલાવતી હોય ને શું ? એવી ઓજસ્વતી નદી શોભતી હતી. (૨) શ્રીહરિના પધારવાથી જેને અત્યંત હર્ષ ઉત્પન્ન થયો છે અને પોતાના ચંચળ તરંગો રૂપી હાથથી શ્રીહરિને બોલાવવા રૂપ ચેષ્ટા જેણે કરી છે એવી ઓજસ્વતી નદી, નાના પ્રકારના પ્રફુલ્લિત કમળોથી રોમાંચિત હોયને શું ? એમ અત્યંત શોભતી હતી (૩) જેણે કમલિનીના વિસ્તૃત પત્રો રૂપી વસ્ત્રો ધારણ કર્યાં છે, પ્રફુલ્લિત કમળો રૂપી નેત્રો વડે શ્રીહરિના જાણે દર્શન કરતી, પાણીમાં ઉતન્ન થતા મનોહર વમળો રૂપી સુંદર નાભિવાળી, અને જેના શોભાયમાન મુખ ઉપર ફીણ રૂપી હાસ્ય પ્રસરી રહ્યું છે; (૪)

તેમાં રહેલા ઊંડા ધરા રૂપી દીર્ઘ લલાટથી શોભતી, અને સુંદર શેવાળ રૂપી કેશપાશથી અલંકૃત, ચારેય તરફ શબ્દ કરનારા જે સારસ પક્ષીઓના કલરવથી જાણે તે નદીના નુપૂર ઝંકાર કરે છે એવી, કુંજન (અવ્યક્ત મધુર શબ્દ) કરતા ઉજ્જવલ હંસો રૂપી કંદોરો જેણે ધારણ કર્યો છે એવી (૫) અહીંથી ત્યાં ગમન કરતા, મીન મગર વગેરેનાં વૃંદોથી રમણીય, સુધા સમાન સ્વાદિષ્ટ વિશુદ્ધ જળ જેનું છે એવી, બતક, સારસ, ચક્રવાક, હંસ વગેરે પક્ષીઓના સુંદર શબ્દોથી ગુંજન કરતી. (૬) અતિ ઊંચા પાષાણો સાથે જેનું જળ અથડાય છે અને તેથી ઉત્પન્ન થતા મધુર ઘોષથી જાણે વાદ્યનો ધ્વનિ થતો હોય તેવી શોભતી, સુંદર રેતીની પંક્તિઓથી સફેદ વાલુકાથી તે નદીના કિનારા અત્યંત શોભી રહ્યા હતા. (૭) કદમ્બ, ચંપો, તમાલ પત્ર, આંબા, અશોક, કરંજ, પીપળા, વડ, વગેરે કાંઠા ઉપર ઉગેલા નાના પ્રકારના વૃક્ષોથી દેદીપ્યમાન જણાતી (૮) મલિનતાથી રહિત, મોતીના જેવો જેનો સ્વચ્છ જળ પ્રવાહ છે. એવી કોઈક કોઈક ભાગમાં કુમુદ સમૂહોના અત્યંત શુભ કોશકળીયો વડે અતિ પ્રકાશતી, (૯)

જે ઓજસ્વતી નદીમાં સાધુઓ તથા બીજા ભક્તોની સાથે શ્રીહરિ વારંવાર સ્નાન વિધિ કરતા હતા. માટે અતિ પવિત્ર નીર જેનું છે એવી, મુક્તિ આપનારી, તે ઓજસ્વતી નદીને બીજી નદી સમાન કેમ કહેવાય ? (૧૦)

શ્રીહરિના સંબંધથી જનોના પાપના સમૂહનો નાશ કરવામાં અતિશય સમર્થ બનેલી તે નદીનું તેથી જ 'ઓજસ્વતી' અર્થાત્ 'ઓજસવાળી બળ-પ્રભાવ કે તેજવાળી-એ પ્રકારનું નામ પૃથ્વીમાં પ્રસિદ્ધ પામ્યું છે. (૧૧) એ નદીમાં જ્યારે શ્રીહરિ સ્નાન કરી રહ્યા હતા ત્યારે તેમની સાથે સ્નાન કરતા મુનિઓ તથા ભક્તોના મુખ અત્યંત પ્રફુલ્લિત બન્યા હતા અને તેઓ શ્રીહરિ સન્મુખ જોઈ રહ્યા હતા. તે સમયે શ્રીહરિ પોતાની અનન્ય દિવ્ય મૂર્તિથી તે નદીને અત્યંત શોભાયમાન કરી રહી હતી. (૧૨) સ્નાન કરી લીધા પછી આગળ ચાલનાર પોતાના પાર્ષદનો હાથ પકડીને શ્રીહરિ નદીના કાંઠા ઉપર પધાર્યા અને ધોએલાં મનોહર વસ્ત્રો પોતાના અંગ ઉપર ધારણ કર્યાં. (૧૩) પછી શ્રીહરિએ પોતાના સ્થાનમાં આવીને પોતાનો નિત્ય વિધિ કર્યો. ત્યારબાદ વિવિધ પ્રકારના અમૃત તુલ્ય ભોજન શ્રીવિષ્ણુને નિવેદન કરીને શ્રીહરિ જમ્યા. (૧૪)

હે રાજન્ ! પછી શ્રીહરિ, આશ્રિત જનોના એકનાથ, ચળકતાં શ્વેત વસ્ત્રો પહેરીને પોતાના સ્થાનથી સભા મંડપમાં આવી શોભાયમાન સુંદર સિંહાસનમાં બિરાજ્યા. (૧૫)

મુનિઓ તથા તેમના બીજા ભક્તો તથા ગૃહસ્થજનો પણ જમીને તત્કાળ સભામાં આવીને યથાયોગ્ય બેઠા. સ્ત્રીઓ સભામાં દૂર જુદી બેઠી. (૧૬) પછી હજારો ભક્તો કુંકુમ, ચંદન, પુષ્પના હાર તથા વસ્ત્રાભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિને હર્ષપૂર્વક પૂજતા હતા. (૧૭) સમગ્ર સ્ત્રી ભક્તોએ પણ અતિશય પ્રેમથી, વિવિધ પ્રકારના રમણીય ઉપચારોથી, શ્રીહરિની પૂજા કરી. (૧૮)

તે સમયે ગુપ્ત પ્રયાગ નામના ક્ષેત્રની સમીપના ગામ નિવાસી (લોઢવા) ''લાખુબા'' નામે પ્રસિદ્ધ, પવિત્ર વૃત્તવાળાં ચારણ જ્ઞાતિના સ્ત્રીને પોતાની પૂજા કરીને પોતાની સમીપમાં ઊભા રહેલા જોઈને, (૧૯) શ્રીહરિએ પોતાની સમીપમાં ઊભેલાં દ્વિજોત્તમ મયારામને કહ્યું. હે આર્ય ! હું જ્યારે ગુપ્ત પ્રયાગતીર્થમાં નિવાસ કરતો હતો ત્યારે (૨૦) આ સ્ત્રીએ બહુ શ્રદ્ધા પૂર્વક પોતાના પુત્ર પાસે મારી સદા પરિચર્યા કરાવી છે. (૨૧)

બ્રાહ્મણ શ્રેષ્ઠ મયારામે, આ પ્રકારનું શ્રીહરિનું વચન સાંભળીને, શ્રીહરિ પ્રત્યે કહ્યું. હે હરે! સાધુ જનોના પાલક ! આપ ભગવાનની આ સ્ત્રીએ સેવા કરાવી છે. (૨૨) તેથી તેણે મનુષ્ય દેહ પામી તે દેહને સાર્થક કર્યું છે. હે દુઃખ હરનાર ભગવાન ! પુણ્યનો સંચય કરનારી આ ભક્ત સ્ત્રીના ભાગ્યનું હું શું વર્ણન કરું ? (૨૩) આ પ્રકારે મયારામ વિપ્રે કહ્યું તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ જુઈના પુષ્પની માળા પોતાના કંઠમાંથી ઉતારીને ભાગ્યવતી લાખુબાને આપી. (૨૪)

પછી શ્રીહરિ લાખુબા પ્રત્યે કહેવા લાગ્યા. હે ભદ્રે ! હમણાં તું મને જે સ્વરૂપે જુએ છે. તે જ સ્વરૂપે હંમેશા તું મારું ધ્યાન કરજે. તેથી તું થોડા જ સમયમાં મને પામીશ. (૨૫)

શ્રીહરિનું આવું વચન સાંભળીને, તેમનું કૃતજ્ઞપણું કહેતી તે સ્ત્રી, શ્રીહરિને ફરીથી પ્રણામ કરીને શ્રીહરિમાં ગાઢ સ્નેહવાળી થઈ. (૨૬)

પછી શ્રીહરિએ સર્વ ભક્તોને પોતપોતાના દેશમાં જવા આજ્ઞા આપી. એટલે તે ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાના દેશ પ્રત્યે સુખેથી ગયા. (૨૭)

આ પ્રકારે ધર્મપુત્ર શ્રીહરિએ પોતાના આશ્રિતોમાં આનંદ પ્રસરાવતા હે રાજન્ ! ત્યાં જેઠ સુદી દશમને દિવસે ગંગાના અવતરણ નિમિત્તે ઉત્સવ કર્યો. (૨૮) પછી શ્રીહરિએ પોતાના રોઝા ઘોડા ઉપર બેસીને આશ્રિતોની સાથે ત્યાંથી પ્રયાણ કર્યું. તે સમયે બંને ગામના નિવાસી ભક્તો તેમને વિદાય દેવા પાછળ આવતા હતા. (૨૯) પોતાની પાછળ આવતા સ્વાશ્રિત નૃસિંહાદિને પાછા વાળીને હે રાજન્! શ્રીહરિ મેઘપુર ગામ પ્રત્યે પધાર્યા. (૩૦)

મેઘપુરના નિવાસી શ્રીહરિના આશ્રિત ભક્તો પોતાના ગામ પ્રત્યે આવતા સાંભળીને જેમ પ્રાણ તરફ દેહ આવે છે, તેમ તત્કાળ વાજિંત્રોની સાથે શ્રીહરિની સન્મુખ ગયા. (૩૧) ઘોડાઓની પંક્તિથી વિશેષ શોભતા, ઘોડા ઉપર બેઠેલા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિના દર્શન કરી તે ભક્તો હર્ષથી સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૩૨) પછી તે ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરીને તેમને યથાયોગ્ય નિવાસમાં પ્રીતિથી નિવાસ કરાવ્યો તેમજ સાધુ વગેરેને પણ યથાયોગ્ય વાસ કરાવ્યો. (૩૩)

પછી મેઘપુર ગામમાં શ્રીહરિ સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરીને, વિવિધ પ્રકારના ભોજનો, વિષ્ણુને નિવેદન કરીને, પોતે જમ્યા. (૩૪) ત્યારબાદ શ્રીહરિ વસ્ત્રો પહેરીને સભામાં પધાર્યા અને ત્યાં સુંદર ગાદલાથી બિછાવેલા આસન ઉપર બિરાજ્યા. (૩૫) શ્રીહરિના આશ્રિત સર્વે સહચરો જમીને તત્કાળ તે દિવ્ય સભામાં આવીને યથાયોગ્ય બેઠા. (૩૬)

પછી ત્યાંના સમગ્ર ભક્તોએ શ્રીહરિની કુંકુમ, અક્ષત, ચંદન, પુષ્પોના હાર વહેરેથી આનંદપૂર્વક પૂજા કરી. (૩૭) હે નૃપ ! પછી શ્રીહરિમાં ભક્તિવાળી સ્ત્રીઓએ વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજા અતિ પ્રેમથી કરી. (૩૮)

તે ભક્તોમાં જેઠા, રવજીત, ભાનુજીત, વગેરે બ્રાહ્મણો સમયે સમયે યથાયોગ્ય ભક્તિ પૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૩૯) નારાયણ, જીવો તથા રામજી વગેરે સોની ભક્તો નાના પ્રકારના વસ્ત્ર ભૂષણોથી ભક્તિપૂર્વક શ્રીહરિવને સેવતા હતા. (૪૦) અમરસિંહ નામના ભાટ તેમના પુત્ર રણછોડ, નંદ તથા કૃષ્ણ એ ભક્તો ભક્તિપૂર્વક હંમેશા શ્રીહરિની સેવા કરતા હતા. (૪૧)

લાડકી, વલ્લી, ઝવેરબા આદિક સ્ત્રીઓ ધર્મમાં દઢ મહાભાગ્યશાળી, શ્રીહરિની યથા યોગ્ય નિરંતર સેવા કરતી હતી. (૪૨)

તે મેઘપુરમાં હે રાજર્ષે ! અવતારી શ્રીહરિની કૃપાથી જ આ ભક્તો નાના પ્રકારની યોગ કળામાં નિપૂણ બન્યા હતા. (૪૩)

તે મેઘપુરમાં ઋણની ચિંતાથી પીડા પામેલા રવજીત નામના વિપ્રને જોઈને, શ્રીહરિએ દયાથી તેને ઘણું દ્રવ્ય આપીને ઋણથી મુક્ત કર્યો. (૪૫) હે રાજન્ ! આ પ્રકારે કરુણાસાગર બ્રહ્મણ્ય, ધર્મપ્રિય શ્રીહરિએ ઘણાં બ્રાહ્મણોને ઋણની આપત્તિથી મૂકાવ્યા. (૪૬) એટલું જ નહીં પરંતુ અસુરાંશ જનોએ ત્યાં ઉત્પન્ન કરેલા ઉપદ્રવને શ્રીહરિએ પોતાના પ્રતાપથી નિવારણ કર્યો. (૪૭)

આ પ્રકારે પોતાનો અત્યંત દિવ્ય આશ્ચર્યકારી મહાપ્રતાપ વિસ્તારતા, પોતાના ભક્તોને સુખ આપતા, સ્વતંત્ર શ્રીહરિ હે રાજન્ ! મેઘપુરમાં બે માસ નિવાસ કરીને રહ્યા. (૪૮)

શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંદમાં મેઘપુરના ભક્તોએ કરેલુ શ્રીહરિનું પૂજનાદિ કર્યું તે નિરૂપણ નામે પચ્ચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

પછી શ્રેષ્ઠ અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિએ, વર્ણીઓ, સાધુઓ, પાર્ષદો, તથા ઘોડેસવારો સાથે મેઘપુરથી પ્રયાણ કર્યું. (૧) મેઘપુરના નિવાસી, પોતાને વિષે અત્યંત પ્રેમવાળા સમગ્ર ભક્તોએ, શ્રીહરિને વિદાય આપી. શ્રીહરિ પોતાના ભક્ત જનોની સાથે માણાવદર નગરમાં ગયા. (૨)

માણાવદરના શ્રીહરિના આશ્રિત ભક્તજનો, પોતાને ગામ શ્રીહરિ પધારે છે તે સાંભળીને, એકઠા થઈને ઉત્સાહથી શ્રીહરિની સન્મુખ જવા માટે તૈયાર થયા. (૩)

હે ભૂપતે ! તે વખતે મયારામ વિપ્રે જઈને પ્રહર્ષિત મુખવાળા પુરાધિપતિ રાજાને શ્રીહરિનું પોતાના પુરમાં આગમન કહ્યું. (૪) શ્રીહરિનું પોતાના પુરમાં આગમન થયું તે પહેલાં તે રાજા સાધુ પુરુષોએ પોતાના આગળ વર્ણન કરેલા શ્રીહરિના ગુણ પ્રતાપ વગેરે સાંભળીને, શ્રીહરિને વિષે આસક્ત મનવાળા થયા હતા. તેથી તે સમયે તેમણે મયારામને આ પ્રકારે કહ્યું હતું. (૫)

હે વિપ્ર ! પવિત્ર દર્શનવાળાં તમારા ગુરુ જ્યારે અહીં આવે ત્યારે તમારે મને ''અમારા ગુરુ આવે છે.'' એમ કહેવું. હું શ્રીહરિની સન્મુખ જરૂર આવીશ. (૬) તેથી તે રાજા, મયારામ બ્રાહ્મણ પાસેથી શ્રીહરિ પોતાના પુરમાં પધારે છે તે સાંભળીને, અલંકૃત કરેલા હાથી, રથ, ઘોડા, પાર્ષદોએ સહિત પોતાની સેના તથા વિવિધ પ્રકારના વાદ્યોની સાથે હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. તેમજ મયારામ વગેરે ભક્તો પણ હર્ષથી શ્રીહરિની સન્મુખ ગયા. (૮)

પછી તે ભક્તો ઘોડેસવારોના મંડળ મધ્યે શોભાયમાન અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિના દૂરથી દર્શન કરીને, સાષ્ટાંગ પ્રણામ કરીને વંદન કરવા લાગ્યા. (૯)

શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતરીને, વૃક્ષોની છાયાવાળા સ્થાનમાં સુંદર આસનમાં પોતાના આશ્રિતોથી

વીંટાયેલા બિરાજ્યા. (૧૦) હે રાજન્ ! પછી પોતાના કારભારી વગેરે સાથે પુરપતિએ, શ્રીહરિની સમીપ આવીને શ્રીહરિને નમસ્કાર કર્યાં. (૧૧) પછી સર્વે ભક્તજનોએ અચ્યુત શ્રીહરિને નાના પ્રકારના ફુલોના બાજુબંધ, તોરા, હાર, વગેરે ધારણ કરાવ્યા. (૧૨) પુરપતિએ માળી પાસે કરાવેલા ગુલાબના હાર તથા કલગી વગેરે પુરપતિની આજ્ઞાથી મયારામે શ્રીહરિને અર્પણ કર્યાં. (૧૩)

પછી પુરપતિ તથા મયારામ વગેરેએ શ્રીહરિને પ્રાર્થના કરી અને સોનાની અંબાડીથી શોભતો, અલંકૃત કરેલા, વિચિત્ર વર્ણોવાળી શોભાયમાન રમણીય ઝૂલથી શોભતા સુંદર હાથી ઉપર હે મહીપતે! સર્વ નિયંતા શ્રીહરિકૃષ્ણને બેસાડતા હતા. (૧૪-૧૫) પછી તે હાથી ઉપર ધોળાં અમૂલ્ય વસ્ત્રો ધારણ કરનાર, નાના પ્રકારના પુણ્યમય હારોથી યુક્ત શ્રીહરિ, ઈન્દ્રના ધનુષ્યે સહિત મેઘ જેમ શોભે તેમ અત્યંત શોભતા હતા. (૧૬)

શ્રીહરિની પાછળ હાથી ઉપર રહેલા મયારામ બ્રાહ્મણ, રત્નના દંડવાળું ચમ્મર ગ્રહણ કરીને શ્રીહરિની ઉપર ઢોળતા હતા. (૧૭) હરિના પદો ગાતા, પ્રીતિયુક્ત છે, ચિત્ત જેમનાં એવા તે ભક્તો, નાના પ્રકારના વાદ્યના ઘોષ સાથે અચ્યુત શ્રીહરિને પુરમાં લઈ ગયા. (૧૮)

શણગારેલા હાથી ઉપર બિરાજેલા, રાજમાર્ગમાં સૈન્યે સહિત તેમજ રાજાએ સહિત આવેલા શ્રીહરિના દર્શન માટે હજારો પુરનિવાસીઓ પોતાના કાર્યો પડતા મૂકીને આવ્યા હતા. તે પુરના જનો મનને આનંદ ઉપજાવતા શ્રીહરિના દર્શન કરીને પણ તૃપ્તિ ન પામ્યા. (૧૯-૨૦) સર્વ તાપનો નાશ કરનાર છે દર્શન જેમનું એવા શ્રીહરિના દર્શન કરીને, જેમ વનના અગ્નિથી જેના શરીર બળે છે એવા વનના પ્રાણીઓને મેઘની વર્ષાથી શાંતિ થાય, તેમ પૌરજનો પણ ત્રિવિધ તાપથી રહિત થયા. (૨૧)

શ્રીહરિ કેટલાક પુરજનો પ્રત્યે મંદ હાસ્યપૂર્વક દૃષ્ટિ કરતા, કેટલાકને હાથની સંજ્ઞાથી યથાયોગ્ય આદર આપી રહ્યા હતા. (૨૨) તે પુરમાં સ્ત્રીઓ તો શ્રીહરિના દર્શનની ઈચ્છાથી પોતાના ઘરના છાપરા ઉપર બેસીને, દર્શન કરનાર જનોને આનંદ આપનારા શ્રીહરિના દર્શન કરી, પ્રીતિથી તેમને પુષ્પોથી વધાવતી હતી. (૨૩) આ પ્રકારે પુરના નિવાસીજનોને પોતાના દર્શન આપીને શ્રીહરિ પોતાને અનુકૂળ રાજાના મનોહર બગીચામાં આશ્રિતોએ સહિત રહ્યા. (૨૪) શ્રીહરિ તે બગીચામાં સભામંડપના મધ્યમાં, અતિ સુંદર કોમળ ઓછાડ સહિત બિછાવેલા આસન ઉપર બિરાજ્યા. (૨૫) તે સભામાં શ્રીહરિના સહચારી સાધુ વગેરે જનો બેઠા, પછી રાજા તથા અન્ય ભક્તો પોતપોતાની યોગ્યતા પ્રમાણે મર્યાદાનું ઉલ્લંઘન ન થાય તેમ આદરયુક્ત દર્શન કરવા બેઠા. (૨૬)

પછી રાજા, શ્રીહરિને પ્રણામ કરીને, પોતાના ભુવનમાં ગયા. પુરના ભક્તજનો સાધુપુરુષોની સેવા જે અન્ન, શાક, પાન, જળ વગેરે લાવવા માટે ગયા. ઈશ્વર શ્રીહરિ જે ભુવનમાં પોતાનું આસન કરેલું છે ત્યાં પધાર્યા. (૨૭) શ્રીહરિના નિવાસસ્થાનમાં પણ શ્રીહરિના દર્શન કરવા માટે હજારો પુરવાસીજનો આવ્યા. ઈશ્વર શ્રીહરિ તે ભુવનમાં પુરજનોને પોતાના દર્શન આપીને પછી સ્નાન કરવા ઊઠ્યા. (૨૮)

હે રાજન્ ! શ્રીહરિ સ્નાન તથા નિત્ય વિધિ કરીને નાના પ્રકારના ભોજનો વિષ્ણુને નિવેદન કરીને

જમ્યા. (૨૯) શ્રીહરિની સાથેના સર્વે વર્ણીઓ પણ જમતા હતા. ભોજન કર્યા પછી શ્રીહરિ સાધુઓને, ઘોડેસવારોને તથા પાર્ષદોને લાડુ પીરસીને જમાડતા હતા. (૩૦)

ત્યારબાદ ઉત્તમ સભામંડપમાં રમણીય સભા થઈ. તે સભામાં કોમળ ઓછાડે સહિત બિછાવેલા આસનમાં શ્રીહરિ પોતાના ભુવનમાંથી આવીને બિરાજ્યા. (૩૧) બ્રહ્મચારી તથા સાધુ વગેરે સર્વે, જેઓ અવતારી શ્રીહરિ ભગવાનની સાથે રહેતા હતા. તેઓ પણ બધા તે સભામાં બેઠા. (૩૨)

પછી માણાવદર પુરના નિવાસી ભક્તજનો શ્રીહરિને કુંકુમ, ચંદન, તથા વિવિધ પ્રકારના પુષ્પોના હાર વગેરે ઉપચારોથી પૂજતા હતા. (૩૩) તેમજ શ્રીહરિની ઉપાસના કરનારી ત્યાંની સ્ત્રીઓએ નાના પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૩૪) મયારામ બ્રાહ્મણ તથા ધર્મ મર્યાદામાં અચળ સ્થિતિવાળા મયારામના ભાઈ ગોવિંદરામ તથા જેઠો, જીવન, જાદવ, મેઘો, નારાયણ, રઘુનાથ તથા અંબારામ વગેરે બ્રાહ્મણો હંમેશા શ્રીહરિની સેવા કરતા હતા. (૩૫, ૩૬)

દેવજી વણિક તથા ભાનુ, જશુ આદિક વણિકો, જીવો, આંબો, શામજી, કેશવ, લક્ષ્મણ વગેરે વૈશ્ય ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૩૭) નાગજીત, ભીમ, કલ્યાણ, ક્ષેમજીત, મેઘજીત, રાઘવ, તથા નીતિમાં વિદુરની ઉપમા આપવા યોગ્ય હંસરાજ, નરસિંહ, સવજીત, જેરામ, મૂળજી, માવજી, કુરજી, નાથજી, વસ્તો, કાનજી તથા અર્જુન વગેરે શ્રીહરિના ચરણ કમળના આશ્રિત ભક્તો, સમય સમય પ્રમાણે યથાયોગ્ય શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૪૦) આલો તથા યમો વગેરે શૂદ્રો હર્ષ પૂર્વક શ્રીહરિની યથાયોગ્ય સેવા નિરંતર કરતા હતા. (૪૧) ગંગા, મઘા, રાધા, મીઠી, રત્ના, વગેરે સ્ત્રીઓ દરરોજ શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતી હતી. (૪૨)

હે ભૂપતે ! ધર્મપ્રિય મયારામ બ્રાહ્મણે શ્રીહરિને પૂછ્યું તેથી સભામાં શ્રીહરિ આ પ્રમાણે વાતો કરતા હતા. (૪૩) અધર્મ સર્ગની તથા ધર્મ સર્ગની ઉત્પત્તિ, લક્ષણ તથા સંજ્ઞા વગેરેથી યુક્ત અનુક્રમે શ્રીહરિ તે સમજાવતા હતા. (૪૪)

અતિ બળવાન ધર્મ વંશનો આશ્રય કરવાથી અધર્મ સર્ગના જયનો ઉપાય શ્રીહરિ બતાવતા હતા. (૪૫) મનુષ્યને કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરનારા લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન એ અંતઃશત્રુઓ જ છે. (૪૬) પછી શ્રીહરિ પુરાણોમાં કહેલાં રમણીય આખ્યાનો કહી, લોભ, કામ, રસાસ્વાદ વગેરેથી પરાભવ પામેલા વશિષ્ઠ આદિ ઋષિઓના દૃષ્ટાંતો વિસ્તાર પૂર્વક કહેતા હતા. (૪૭) હે રાજન્ ! સત્સંગિજીવન ગ્રંથમાં આખ્યાનો વિસ્તારથી કહ્યાં છે તેથી આ ગ્રંથમાં તે સંક્ષિપ્ત જ કહ્યાં છે. (૪૮)

અમૃતના સાર જેવા રસવાળી, વિચિત્ર અર્થવાળી, મનોહર, વેદ શાસ્ત્રાનુસાર ઉપદેશની વાતો શ્રીહરિએ અહીં કરી હતી. આવી રીતે પોતાના ભક્તોને સુખ આપતા. શ્રીહરિ તે પુરમાં રહેતા હતા. (૪૯)

શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિનું માણાવદર શહેરમાં આગમન તે નિરૂપણનો છવ્વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! તે માણાવદરમાં દયાસિંધુ, સત્પતિ નારાયણ મુનિ શ્રાવણવદી કૃષ્ણાષ્ટમીની તિથિએ મહોત્સવ કરવા ઇચ્છતા હતા. (૧) તેથી હે રાજન્ ! મંગળ પત્રિકાઓ મોકલીને શ્રીહરિએ જુદા જુદા દેશમાંથી ભક્તોને બોલાવ્યા, જે હર્ષપૂર્વક માણાવદર પુરમાં આવ્યા. (૨)

જુદા જુદા દેશમાંથી હજારો હજારની સંખ્યામાં આવેલા ભક્તો પોતાના ઇષ્ટદેવ શ્રીહરિને હર્ષાશ્રુ સહિત સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૩) તે ભક્તો સર્વ નિયામક શ્રીહરિના દર્શન કરીને, દિવ્ય ચિંતામણીને જોઈને દરિદ્રો જેમ આનંદ પામે તેમ, પરમાનંદ પામ્યા. (૪)

નારાયણ મુનિ પોતાના ભક્તોને હાથની સંજ્ઞાથી તથા મંદ હાસ્યપૂર્વક દૃષ્ટિથી, મધુર શબ્દથી સારી રીતે, સંભાવના કરતા હતા. (૫) પછી સર્વે ત્યાગી જનો તથા ગૃહસ્થ ભક્તો, સભામંડપમાં મધ્ય ભાગમાં રહેલા ઊંચા શ્રેષ્ઠ આસનમાં બિરાજેલા શ્રીહરિના પ્રીતિપૂર્વક દર્શન કરીને જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે મૃદંગ, કાંસા વગેરે વાદ્યો સાથે શ્રીહરિના પદોનું ગાન કરતા હતા.

બીજા ભક્તો સાથે તાલી વગાડીને અમંગળ નાશ કરતા. શ્રીહરિના પદોનું આદરપૂર્વક ઊંચા સ્વરથી ગાન કરતા હતા. (૮) તેવી રીતે સ્ત્રીઓ પુરુષોથી દૂર યથાયોગ્ય રહીને હે રાજન્ ! ભક્તિપૂર્વક હરિપદો ગાતી હતી. (૯) તે બધા ભક્તોએ તે દિવસે ઉપવાસ કર્યો હતો અને શ્રીહરિની સાથે રાત્રિએ જાગરણ કરતા હર્ષપૂર્વક શ્રીહરિના પદો ગાતા હતા. (૧૦)

નરનાટ્ય ધારણ કરનાર શ્રીહરિએ પછી મધ્ય રાત્રિએ વિધિવત્ શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. ત્યારબાદ ભક્તોની સાથે સાધુજનોની પૂજા કરી. પોતાના ભક્ત પાર્ષદોએ આપેલા ચંદન પુષ્પના હાર વગેરેથી સાધુઓની પૂજા કરી. (૧૧) પછી શ્રીહરિ સભામંડપમાં યોજેલા સર્વોત્તમ આસન ઉપર બિરાજ્યા એટલે તે ભક્તો શ્રીહરિના દર્શન કરતા હર્ષપૂર્વક શ્રીહરિના પદોનું ગાન કરતા હતા. (૧૨) લોકોત્તર શોભા યુક્ત એવા મહાન કટિતટ ઉપર ઘાટું મહામૂલ્યવાળું, અતિ ચળકતું, પીતાંબર ધારણ કરનારા શ્રીહરિ આશ્રિત જનોથી વીંટાયેલા તારા ગણોથી વીંટાયેલો પરિપૂર્ણ ચંદ્રમા જેમ શોભે તેમ, મહા સભામાં શોભતા હતા. (૧૩)

અતિ સુંદર કસુંબી અંગરખું તથા શોભાયમાન કસુંબી ખેસ ધારણ કરતા શ્રીહરિ શોભતા હતા. શ્રીહરિના ખેસના છેડાનો ભાગ સોનેરી પાલવોથી રમણીય દેખાતો હતો. વળી તેમાં પડેલી કરચલી રૂપ તરંગોથી તે અતિ શોભાયમાન લાગતો હતો. (૧૪) ઉજ્જવળ, સોનેરી, મનોહર, મોતીઓ તથા મણીન્દ્રમય તારાઓની પંક્તિઓથી યુક્ત, શ્રેષ્ઠ રત્ન જડિત સુવર્ણમય ભૂષણોથી શોભાયમાન, સૂર્યના સમાન પ્રકાશવાળું મુગટાકારનું સોનેરી મંડિલ (મોળીયું) શ્રીહરિએ ધારણ કર્યું હતું. (૧૫) પોતાના કંઠમાં સુંદર કૌસ્તુભમણી જેમણે ધારણ કર્યો છે. અને સુંદર મોતીની માળા ધારણ કરી છે, વળી જેમની અતિ પ્રકાશમાન માળાથી સમગ્રસભા જેણે ઉજ્જવલ કરી છે તેવી માળા શ્રીહરિ ધારણ કરતા હતા. મોતી તથા મણીંદ્રમય ગુચ્છો પણ શ્રીહરિએ ધારણ કર્યા હતા. (૧૬)

વિવિધ પ્રકારના સુગંધિ પુષ્પોના ઉત્તમ હારની પંક્તિથી પ્રકાશિત, અદ્‌ભુત દિવ્ય મૂર્તિ જેમની છે એવા, જાનુ પર્યંત લાંબા અને શોભાયમાન કોમળ બંને હાથ જેમના છે એવા, શોભાયમાન નવીન મેઘની માફક દેદીપ્યમાન, સુંદર અંગવાળા, (૧૭) લક્ષ્મીના ધામરૂપ પુષ્ટ અને પુષ્પના જેવા અત્યંત કોમળ ખભા જેમના છે એવા, અને નાસિકાની અતિ સુંદરતાથી તિરસ્કૃત કરી છે, પોપટની ચાંચ જેણે એવા, કૃપારસથી પૂર્ણ તથા રમણીય સુંદર લાલ રેખાથી વિશેષ પ્રકાશથી અતિસૂક્ષ્મ પાંપણોએ જીત્યા છે, બંને કમળો જેમણે એવા નેત્રોવાળા. (૧૮) લગારેક વાંકી અને શ્યામ, કામદેવના ધનુષ્યની માફક આચરણ કરનારી વાંકી ભ્રકુટિઓના મંડળથી અત્યંત દર્શનીય, પુષ્પોની માફક અતિ કોમળ, વિશાળ અને શોભાયમાન લલાટ જેમનું છે એવા અને રમણીય ઓષ્ઠોથી જીત્યાં છે અશોક, આમ્રપલ્લવો તથા પક્વબિંબ જેમને એવા (૧૯)

શોભાયમાન મંદ હાસ્યના વિલાસથી શોભતા મુખની કાંતિથી જીત્યો છે શરદઋતુનો પૂર્ણ ચંદ્રમા જેમણે એવા, શ્રીવત્સના ચિહ્નથી બે ભુજાઓ વચ્ચેનો મધ્યભાગ શોભતો હતો, અને તેની વચ્ચે અતિસુંદર અને અતિશુભ અર્ધચંદ્રનું ચિહ્ન શોભી રહ્યું હતું. (૨૦) અત્યંત શોભાયમાન ઉદરમાં અતિ સુંદર ત્રિવળીનું ચિહ્ન જેમને છે એવા, ઉત્તમનાભિ ગંભીર ઊંડા જળાશય સમાન ફળના જેવી જેમને છે એવા, અત્યંત દર્શનીય પોતાના હાથની ચેષ્ટાથી જ આત્મીયજનોના મનને હરણ કરનારા, અત્યંત શાંત (૨૧)

સૂર્ય કિરણોની માફક પીળાં વસ્ત્રથી અત્યંત શોભાયમાન કટીભાગથી શોભતા, પોતાના એકાંતિક સાધુઓ પ્રત્યે પ્રીતિયુક્ત કટાક્ષપૂર્વક દૃષ્ટિ કરતા, નખરૂપી પ્રકાશમાન ચંદ્રમાની પંક્તિથી શોભતા અતિ કોમળ બંને ચરણ કમળ જેમના છે એવા. (૨૨) એ પ્રકારની અદ્‌ભુત શોભાથી યુક્ત શ્રીહરિના દર્શન કરતા તેમના આશ્રિત ભક્તોને શ્રીહરિની ઈચ્છાથી તત્કાળ સમાધિ સ્થિતિ પ્રાપ્ત થઈ. (૨૩)

સમાધિમાં કેટલાક જનો શિવજી સાથે હિમાચલને જોતા હતા. પોતાના પ્રથમાદિ ગણો તથા પાર્વતીએ સેવેલા શિવજી, જે તેમની જટાથી સુંદર ગુંથણીની છટાથી, સુંદર રીતે શોભતા હતા. તે શિવજીના દર્શન કરતા હતા. (૨૪)

તે સમાધિમાં કેટલાક જનો દેવો તથા ગંધર્વોએ જેમની સ્તુતિ કરી છે, અને દેવોએ સેવેલા ઈન્દ્રને જોતા હતા. તેમ જ ઈન્દ્રના સર્વ વૈભવોને પણ જોતા હતા. (૨૫) કેટલાક તેજોમંડળમાં સૂર્યનારાયણને તેમના ઋષિ સમૂહો તથા વાલખિલ્ય મુનિનો સ્તુતિ કરતા હતા તે પ્રમાણે જોતા હતા. (૨૬) કેટલાક જનો સમાધિમાં અગ્નિ મંડળની વચ્ચે શોભતા મહાપ્રભાથી યુક્ત યજ્ઞપુરુષના દર્શન કરતા હતા. તેઓ સ્રુક અને સ્રુવાદિ યજ્ઞના સાધનોથી યુક્ત હતા. (૨૭)

કેટલાક ભક્તો નરનારાયણનો આશ્રમ જોતા હતા. તે આશ્રમમાં તનુ આદિક ઋષિગણોએ સહિત નર તથા નારાયણ બંનેને જોતા હતા. (૨૮) કેટલાક સમાધિવાળા ભક્તો ક્ષીરસાગરમાં શેષ પર્યંક ઉપર શયન કરનારા, પોતાના પાર્ષદોથી સેવાયેલા, અતિપ્રકાશમાન યોગેશ્વર નામના ભગવાનને જોતા હતા. (૨૯) કેટલાક ભક્તો પ્રકાશમાન શ્વેતદ્વિપ જોતા હતા. તેમાં નિરન્ન મુક્તોએ સેવેલા શ્રી વાસુદેવને

જોતા હતા. (૩૦)

કેટલાક અવ્યાકૃત નામનું શોભાયમાન ધામ જોતા હતા. તે ધામમાં ભૂમાપુરુષ તથા તેમના વૈભવો, પાર્ષદો વગેરેને જોતા હતા. (૩૧) કેટલાક ભક્તો વૈરાજ પુરુષનો રમણીય લોક જોતા હતા. તેમાં વૈરાજ પુરુષને તેના ઐશ્વર્ય તથા સર્વ પાર્ષદોથી યુક્ત જોતા હતા. (૩૨)

કેટલાક પ્રકાશમાન દિવ્ય વૈકુંઠધામ જોતા હતા. તે ધામમાં પોતાના પાર્ષદોથી સેવેલા શ્રી લક્ષ્મીનારાયણને જોતા હતા. (૩૩) શંખ, ચક્ર, ગદા, પદ્મ ને ચાર ભુજામાં ધારણ કરતા, પીતાંબરધારી, મણિજડિત શુદ્ધ સુવર્ણનો મુગટ તથા વિવિધ પ્રકારના ભૂષણો ધારણ કરનારા (૩૪) દેવેશ્વરોને દુર્લભ પરમાશ્ચર્યકારક ત્યાંનું જે સમગ્ર ઐશ્વર્ય તેને સમાધિ વાળા ભક્તો જોતા હતા. (૩૫)

કેટલાક ભક્તો અલૌકિક, દિવ્ય, સુખમય, ગોપ તથા ગોપીઓએ યુક્ત પ્રકાશમાન સનાતન ગોલોક જોતા હતા. (૩૬) તે ગોલોકમાં વિવિધઅલંકારોથી અલંકૃત મણિજડિત સુવર્ણ મુગટ યુક્ત, પીતાંબરધારી શ્રીકૃષ્ણને જોતા હતા. (૩૭) અધિક શોભાએ યુક્ત વાંસળીમાંથી સપ્ત સ્વરોનો સુંદર નાદ સંભળાવતા શ્રી દામા તથા નંદાદિ પોતાના સમગ્ર પાર્ષદોએ સેવેલા (૩૮)

વળી લલિતા આદિ સ્ત્રીઓ પ્રીતિથી શ્રી રાધિકાજીની સેવા કરતા હતા, તે રાધિકાજીએ અમૂલ્ય વસ્ત્રો તથા ચળકતા મણિજડિત સુવર્ણ વિભૂષણો ધારણ કર્યા હતાં. એવા જે શ્રી રાધિકાજી તેમણે સેવેલા શ્રીકૃષ્ણના દર્શન કરતા હતા. (૩૯) તે ભક્તો, ગોલોકમાં રહેલું ઐશ્વર્ય, મનોહર રાસમંડપો, શતશ્રૃંગ પર્વત તથા વિરજા નદી વગેરે જોતા હતા. (૪૦)

કેટલાક સમાધિવાળા મુક્તો મહા તેજોમય દિવ્ય અક્ષર ધામમાં પોતાના ઈષ્ટને જેમ પૃથ્વી ઉપર જુએ છે તેવા શ્રીહરિને જોતા હતા. (૪૧) વળી અહીં જે જે સંતો, ભક્તો તથા સ્ત્રી ભક્તોને તેમણે જેવા જોયા હતા તેવા જ તેમને દર્શન થયા. વળી અક્ષર સંજ્ઞાવાળા અસંખ્ય મુક્તોએ સેવેલા. (૪૨) ભક્તિ, ધર્મ તથા રાધા, લક્ષ્મી તેમ જ છ પ્રકારનું દિવ્ય ઐશ્વર્ય તથા વેદ તેમ જ વિમળ આદિ શક્તિઓથી સેવાયેલા. (૪૩) અત્યંત દિવ્ય વસ્ત્રો જેમને છે એવાં ચળકતાં વિવિધ પ્રકારના છે મણિજડિત ભૂષણો જેમને છે એવા, તેમજ અનન્ય રૂપ, સૌંદર્ય, મધુરતા વગેરેથી યુક્ત (૪૪) દિવ્ય આનંદ, રૂપ ગુણો, ઔદાર્ય 'વાત્સલ્યના' મહાસાગર હતા. અક્ષર ધામમાં તેમનું મહા અદ્‌ભુત, અનુપમ ઐશ્વર્ય પણ તે ભક્તો સમાધિમાં જોતા હતા. (૪૫) સમાધિસ્થ તે ભક્તો પત્થર તથા કાષ્ઠની ઉપમા આપવા યોગ્ય હોવાથી, તે સ્થિર અંગોવાળા ભક્તોને જોઈ, શ્રીહરિ મહામતિમાન મયારામ બ્રાહ્મણ પ્રત્યે અમૃત તુલ્ય સુંદર વચન બોલ્યા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં માણાવદરમાં જન્માષ્ટમી ઉત્સવ નિરૂપણ નામે સત્તાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે દ્વિજ ! એ સમાધિવાળા ભક્તો કયા કયા લોક પ્રત્યે ગયા છે તેમજ કોનું કોનું દર્શન કરે છે ? તે મને કહો. (૧)

મયારામ શ્રીહરિનું આવું વચન સાંભળીને શ્રીહરિને કહેવા લાગ્યા. હે હરે ! તમો તો સર્વજ્ઞ છો. તેથી સમાધિવાળાએ જોયેલું બધું તમે જાણો છો. હું તો કાંઈ પણ જાણતો જ નથી. (૨) તેથી સમાધિમાં રહેલા એમને ઊઠાડીને જ હે દયાનિધે ! હે સત્પતે ! એમણે સમાધિમાં જે આશ્ચર્ય જોયું હોય તે અમોને તમો પૂછો. (૩)

મયારામ બ્રાહ્મણનું આ વચન સાંભળીને પોતાનો દિવ્યભાવ તેમને જણાવતા શ્રીહરિ હર્ષપૂર્વક તેમને કહેવા લાગ્યા. (૪)

હે સન્મતે ! સમાધિ સ્થિતિમાં ગયેલા તે ભક્તો આવરણ રહિત થઈને કૈલાસમાં શંકરને જુએ છે. (૫) તમોને તથા આ સર્વે ભક્તોને જાણવાની જો ઈચ્છા હોય તો જેને સમાધિ થાય છે. તેવા ભક્તને મોકલીને એમને ઊઠાડીને આપણે તે પૂછીએ. (૬)

આ પ્રકારે કહીને શ્રીહરિ યોગી જેવા ગોવિંદરામ ભટ - મયારામના ભાઈને કહેવા લાગ્યા. (૭) હે વિપ્રસત્તમ્ ! તમો સમાધિ કરીને તત્કાળ સમાધિસ્થ આ જનોની પાસે જઈને દૂર દૂર કૈલાસમાં ગયેલા જનોને ઊઠાડીને આ સભામાં લાવો. (૮)

ગોવિંદરામ ભક્ત શ્રીહરિની આજ્ઞાથી તત્કાળ સમાધિમાં જઈને તે ભક્તોને શોધતા-શોધતા કૈલાસ પર્વત પ્રત્યે ગયા. (૯) કૈલાસમાં ગોવિંદરામ વિપ્રે, પ્રથમાદિક ગણોથી વીંટાઈને સભામાં બેસીને, શ્રી હરિના જ સંબંધની વાર્તા કરતા શંકરને જોયા. (૧૦)

ગોવિંદરામ શિવજી પાસેથી શ્રીહરિના યશની ગાથા સાંભળતા તે ભક્તોને જોઈને શ્રીહરિ તમોને બોલાવે છે. એમ તેમને કહેવા લાગ્યા. (૧૧) ગોવિંદરામનું એવું વચન સાંભળ્યા પછી તે ભક્તો તત્કાળ સમાધિથી બહાર આવીને પ્રીતિથી શ્રીહરિને અભિવંદન કરીને સભામાં બેઠા. (૧૨)

પછી શ્રીહરિ તે ભક્તોને કહેવા લાગ્યા. હે ઉત્તમ ભક્તો ! તમો બધા સમાધિમાં કયા સ્થાન પ્રત્યે ગયા ? જ્યાં તમે ગયા હો અને તે સ્થાનમાં જે જોયું હોય તેમ જ (૧૩) હે ભક્તો ! તે સ્થાનમાંથી તમો સર્વને અહીં કોણ લાવ્યું ? તે સર્વે કહો. શ્રીહરિનું આ વચન સાંભળીને તે ભક્તો હર્ષપૂર્વક હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૪)

હે સ્વામિન્ ! અમો તમારી કૃપાથી સમાધિમાં રમણીય કૈલાસ પર્વત પ્રત્યે ગયા હતા. ત્યાં શંકરના દર્શન કર્યાં હતાં. (૧૫) શંકર પોતાના ગણોની સાથે સભામાં વ્યાઘ્રચર્મના આસન ઉપર બેસીને, તમારા અવતારીપણાની મંગળમય વાતો કરતા હતા. (૧૬) હે હરે ! સમગ્ર પીડા નાશ કરનારી તે વાતો અમે સાંભળતા હતા. તેટલામાં તમોએ પ્રેરણા કરેલા આ ગોવિંદરામ બ્રાહ્મણ ત્યાં આવ્યા. (૧૭)

પછી એમણે અમોને કહ્યું જે હે ભક્તો ! તમોને શ્રીહરિ બોલાવે છે. તે સાંભળીને અમે અહીં આવ્યા. (૧૮) જે પ્રમાણે શ્રીહરિએ પહેલા કહ્યુ હતું તે જ પ્રમાણે તે ભક્તોએ તેવી જ વાત સભામાં કહી, તે સાંભળીને હે રાજન્ ! તે સભામાં બેઠેલા સર્વે આશ્ચર્ય પામ્યા. (૧૯)

આશ્ચર્ય પામેલા મયારામે શ્રીહરિને પૂછ્યું હે હરે ! સમાધિમાં રહેલા આ ભક્તો કયા સ્થાનમાં ગયા છે ? (૨૦) હે હરે ! હું એ જાણવા માટે ઇચ્છું છું. તેમનું વચન સાંભળીને, શ્રીહરિએ કહ્યું હે વિપ્ર! આ ભક્તો તો સમાધિમાં અવ્યાકૃત ધામમાં ગયા છે. (૨૧) હે રાજન્ ! પછી શ્રીહરિએ પહેલા જેમ ગોવિંદરામ વિપ્રને મોકલ્યા હતા તેમ હવે પોતાના આશ્રિત લક્ષ્મણ ભક્તને મોકલીને તેના દ્વારા તે ભક્તોને અહીં બોલાવીને મંદ હાસ્યપૂર્વક તેમને પૂછતા હતા. (૨૨) હે ભક્તો ! આ સમાધિમાં તમે શું આશ્ચર્ય જોયું ? શ્રીહરિનું એ વચન સાંભળીને તે ભક્તો શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૩)

હે પ્રભો ! અમે મહા અદ્‌ભુત અવ્યાકૃત ધામ જોયું. ચારે તરફ સ્ફુરાયમાન ક્રાન્તિવાળા ભૂમા પુરુષને અવ્યાકૃત ધામમાં અમે જોયા. (૨૪) સુંદર સુવર્ણમય મણિજડિત સિંહાસનમાં બેઠેલા, મહા વૈભવોથી સંપન્ન, પોતાના પાર્ષદોએ સેવેલા, (૨૫) ભૂમા પુરુષ તમારા અવતારી પણાની શુભ વાર્તા કરતા હતા. હે પ્રભો ! અમે એ શ્રવણ કરતા હતા. (૨૬) તેટલામાં તમોએ મોકલાવેલા આ લક્ષ્મણ ભક્તે ત્યાં આવીને હે ભક્તો ! તમો સર્વેને શ્રીહરિએ બોલાવ્યા છે એમ કહ્યું. એટલે અમે અહીં આવ્યા. (૨૭)

પછી વળી મયારામે સત્પુરુષોના પતિ શ્રીહરિને પૂછ્યું, હે ભગવન્ ! સમાધિમાં રહેલા આ જનો કયા સ્થાનમાં ગયા છે ? અને ત્યાં શું જોવે છે ? (૨૮)

હે દ્વિજ ! આ ભક્તો સમાધિમાં શ્વેતદ્વિપ પ્રત્યે ગયા છે. સર્વ જગતના એક આધાર વાસુદેવના તે ભક્તો પ્રીતિપૂર્વક દર્શન કરે છે. આ પ્રકારે શ્રીહરિ મયારામને કહેતા હતા. (૨૯)

અચ્યુત શ્રીહરિએ મયારામ બ્રાહ્મણને આ પ્રમાણે કહીને તે ભક્તોને બોલાવવા માટે સમાધિવાળા પોતાના શ્યામા ભક્તને પ્રેરણા કરી. (૩૦) પછી શ્યામા ભક્ત સમાધિ કરીને શ્વેતદ્વીપમાં જઈને પછી શ્વેતદ્વીપમાં ગયેલા ભક્તોને શ્રીહરિ પાસે લાવ્યા. પછી પ્રભુ શ્રીહરિએ તે ભક્તોને આ પ્રમાણે પૂછ્યું. (૩૧)

હે ભક્તો ! સમાધિમાં તમોએ શું જોયું ? શ્રીહરિનો આ પ્રશ્ન સાંભળીને નમસ્કાર કરતા તે ભક્તો શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૨) હે હરે ! સમાધિમાં અમે મનોહર શ્વેતદ્વીપ જોયો. ત્યાં રત્નસિંહાસનમાં બેઠેલા શ્રીવાસુદેવના દર્શન કર્યા. (૩૩) અતિ તેજસ્વી શ્વેતવસ્ત્રો તથા વિભૂષણો જેમને છે એવા શ્રીવાસુદેવ નિરન્ન મુક્તોએ સહિત સભામાં તમારા અવતારી સ્વરૂપની વાતો કરતા હતા. (૩૪)

હે અનન્તૈશ્વર્યના સમુદ્ર ! જે લોકો આપના સ્વરૂપને નથી જાણતા તેઓ આપને અવતારી તો કહે જ છે. પરંતુ તમોને મત્સ્ય, કચ્છાદિક સર્વ અવતારોની સમાન કહે છે. પણ તમારા સર્વોપરી સ્વરૂપને જાણતા નથી. (૩૫) હે હરે ! એ શ્વેતદ્વીપ પતિ વાસુદેવ ભગવાન તો તમોને જ સર્વના કારણ, સર્વના આશ્રય હોવા છતાં પોતે અનાશ્રય સાક્ષાત્ અવતારીજ કહે છે. (૩૬) હે હરે ! તમોએ જ અમોને સમાધિ દ્વારા શ્વેતદ્વીપમાં મોકલીને અમો જે તમારો અલ્પ મહિમા જાણીએ છીએ તેમના ઉપર મોટો

અનુગ્રહ કર્યો છે. (૩૭)

તમોએ અમોને સમાધિદ્વારા ત્યાં ન મોકલ્યા હોત તો અમોને તમારા અવતારીપણાનું જ્ઞાન કેવી રીતે થાત ? સર્વથા અનુપમેય અને અતકર્ય મહાપ્રતાપશાળી (૩૮) અમે તે શ્વેતદ્વીપમાં (શ્રી વાસુદેવના શ્રીમુખ) આપના વિજ્ઞાનની વાતો આદરયુક્ત શ્રવણ કરતા હતા. તેટલામાં અમોને, હે સંસારની પીડાને નાશ કરનારા ! તમોએ પ્રેરણા કરેલા (અમને બોલાવવા માટે મોકલેલા) શ્યામાભક્ત અહીં લાવ્યા. (૩૯) તેમનું આવું વચન સાંભળીને મયારામ ફરીને અચ્યુત શ્રીહરિને પૂછવા લાગ્યા. હે વિભો! આ સમાધિમાં રહેલા ભક્તો કયા સ્થાનમાં ગયા છે ? (૪૦)

પછી શ્રીહરિએ મયારામ બ્રાહ્મણને કહ્યું, હે મહામતે ! યોગિઓએ ઇચ્છેલી સમાધિમાં એ ભક્તો વૈરાજ પુરુષના લોકને જુએ છે. (૪૧) શ્રીહરિ મયારામ વિપ્રને આ પ્રમાણે કહીને તે ભક્તોને બોલાવવા માટે સહજ સ્વાભાવિક સ્થિતિને પામેલા કલ્યાણજી ભક્તને પ્રેરણા કરી. (૪૨)

કલ્યાણ ભક્ત સમાધિ કરીને શ્રીહરિની આજ્ઞાથી વૈરાજ નારાયણના લોકમાં જઈને તે સર્વેને તત્કાળ શ્રીહરિની સમીપમાં લઈ ગયા. (૪૩) હે ભક્તસત્તમો આ સમાધિમાં તમોએ જે જોયું હોય તે કહો, આવી રીતે શ્રીહરિએ પ્રીતિપૂર્વક તે ભક્તોને કહ્યું. (૪૪)

શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી તે ભક્તોએ શ્રીહરિને હર્ષથી કહ્યું. હે ઈશ ! અમોએ વૈરાજ પુરુષનો લોક જોયો. (૪૫) તે લોકમાં સભામાં ઊચ્ચ આસન ઉપર બેઠેલા વેદો તથા મહર્ષિઓએ પ્રીતિથી સેવેલા વૈરાજ પુરુષના અમે દર્શન કર્યા. (૪૬) તે લોકમાં વૈરાજ પુરુષ પણ હે સ્વામિન્ ! તમારા અવતારીપણાની વાતો કરતા હતા. શ્રેષ્ઠ અને આશ્ચર્ય કરનારી તે વાર્તા અમો સાંભળતા હતા. (૪૭) હે સત્પતે ! એ વાતો અમો એકાગ્ર મનથી સાંભળતા હતા તેવામાં તમોએ પ્રેરેલા આ ભક્ત અમોને તમારી સમીપમાં લાગ્યા. (૪૮)

હે રાજન્ ! પછી મયારામે શ્રીહરિકૃષ્ણને પૂછ્યું, હે હરે ! સમાધિમાં ગયેલા આ ભક્તો કયા ગામમાં ગયા છે. તે મને કહો. (૪૯)

પછી શ્રીહરિએ, પ્રિય મયારામને કહ્યું, હે સન્મતે ! એ ભક્તો સમાધિમાં વૈકુંઠ ધામ જુએ છે. (૫૦) શ્રીહરિએ તે બ્રાહ્મણને આ પ્રમાણે કહીને તે ભક્તોને બોલાવવા માટે સમાધિ નિષ્ઠ મૂળજીત ભક્તને પ્રેરણા કરી. (૫૧) શ્રીહરિનો આશ્રિત મૂળજીત ભક્ત શ્રીહરિની આજ્ઞાથી તત્કાળ સમાધિમાં જઈને વૈકુંઠ ધામમાં ગયા. અને તે ભક્તોને શ્રીહરિની સમીપમાં લાવ્યા. (૫૨)

પછી શ્રીહરિએ તે ભક્તોને કહ્યું, હે ભક્તો ! સમાધિમાં જે આશ્ચર્ય તમોએ જોયું હોય તો તે તમો અમોને કહો. (૫૩)

પછી તે ભક્તોએ શ્રીહરિને કહ્યું કે, હે પ્રભો ! તમારી કૃપાથી અમોએ વૈકુંઠ ધામ દીઠું. (૫૪) સુંદર રત્નોથી જડેલા અદ્ભુત સુવર્ણના સિંહાસનમાં બેઠેલા સ્વયં લક્ષ્મીનારાયણના અમોએ દર્શન કર્યા.

(૫૫) શંખ, ચક્ર, ગદા, પદ્મ સુંદર ચાર હાથમાં જેમણે ધારણ કર્યાં છે. અને નાના પ્રકારના મણિજડિત સુવર્ણનો ચળકતો મુગટ જેમણે ધારણ કર્યો છે. અને તેથી શોભાયમાન. (૫૬)

પીતાંબરીધારી શ્રીમાન વિષ્વક્ સેનાદિ પાર્ષદોએ તથા મહા ઐશ્વર્યોથી યુક્ત, દિવ્ય પ્રકાશિત વિગ્રહવાળા, (૫૭) લક્ષ્મીનારાયણ પણ પોતાના ધામમાં તમારા અવતારી પણાની વાર્તા કરતા હતા. હે સત્પતે ! તમારા અવતારીપણાની તેમની વાતો અમો તમારી પ્રસન્નતાથી સાંભળતા હતા. (૫૮) આ વાતો સાંભળવામાં હે દયાનિધે ! અમો સર્વે આસક્ત હતા, તેટલામાં તમોએ મોકલેલા મૂળજીત ભક્ત અમોને તમારી સમીપે લાવ્યા. (૫૯)

સમાધિવાળા ભક્તોએ કહેલી આ વાતો સાંભળીને સભામાં બેઠેલા શ્રીહરિના આશ્રિત જનો શ્રીહરિને સર્વોપરી જાણીને પરમાનંદ પામ્યા. (૬૦)

હે રાજન્ ! આ પ્રકારે સમાધિ અવસ્થા પામેલા બીજા સર્વે ભક્તોને પણ ભિન્ન ભિન્ન સમાધિમાંથી તત્કાળ જાગ્રત કર્યા. (૬૧) પછી શ્રીહરિ તે ભક્તો કે જેમણે તેમની મૂર્તિમાં પોતાનું મન જોડ્યું છે. તેમની પાસે સમાધિમાં નાના પ્રકારના ભગવાનના જુદા જુદા જોયેલા ધામોની વિવિધ પ્રકારની વાર્તા કરાવતા હતા. (૬૨) તેમણે કહેલી આ વાર્તા સાંભળતા, શ્રીહરિના દર્શનમાં ઉત્સાહિત ચિત્તવાળા, શ્રીહરિના આશ્રિત ભક્તોની શ્રીકૃષ્ણાષ્ટમીની રાત્રિ પણ ક્ષણ માત્રમાં વીતી ગઈ. (૬૩)

મનુષ્ય નાટ્યને ધારણ કરનારા શ્રીહરિ સવારમાં શૌચવિધિ કરીને, ઉત્તમ બાજોઠ ઉપર બેસીને, દંત ધાવન કરતા હતા. (૬૪) પછી મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું શ્રીહરિએ હે મહીપતે ! પોતાનો સર્વ નિત્ય વિધિ સ્વવેદ - શાખાનુસારી કલ્પમાં કહ્યા પ્રમાણે કર્યો. (૬૫) પછી પ્રભુ પરમેશ્વર શ્રીહરિ રમણીય શ્વેત વસ્ત્રો પહેરીને સભામાં પધાર્યા અને મહા મૂલ્યવાળા ઊંચા આસન ઉપર બિરાજ્યા. (૬૬)

હે રાજન્ ! દાનેશ્વરી શ્રીહરિ હજારો બ્રાહ્મણોને પુષ્કળ ઘીથી યુક્ત નાના પ્રકારના ભોજનોથી તૃપ્ત કરતા હતા. (૬૭) તેજ પ્રમાણે સર્વ વર્ણીઓ, સાધુઓ, ઘોડેસવારો, પાર્ષદો તથા માણાવદરમાં દેશાંતરથી આવેલા પોતાના ભક્તો, પુરના નિવાસીજનો તથા પોતાના ભક્તજનોને ત્યાં આવેલા મહેમાનો વગેરેને ભોજન જમાડી તૃપ્ત કરતા હતા. (૬૮) હે રાજન્ ! ઉદાર ભગવાન તે ઉત્સવમાં આવેલા હજારો ભક્તોને નાના પ્રકારના ભોજનોથી તૃપ્ત કરતા હતા. (૬૯)

પોતાને વિષે અતિ આસક્તિવાળા મુકુંદાનંદ વર્ણીએ પછી શ્રીહરિને સ્નાન કરાવ્યું. શ્રીહરિએ નિત્ય વિધિ કરીને તેમ જ પાઠ કરીને વિષ્ણુને નિવેદન કરીને પારણા કર્યા. (૭૦)

ભક્તોને આનંદ આપનારા શ્રીમાન્ સ્વયં શ્રીહરિ મુખવાસ લઈને, વસ્ત્રો પહેરીને પોતાના ઉતારામાંથી આવીને સભામાં પોતાના ઉત્તમ આસનમાં બિરાજ્યા. (૭૧) હે રાજન્ ! તે સભામાં શ્રીહરિના દર્શનમાં આસક્ત ચિત્તવાળા ત્યાગીઓ તથા ગૃહસ્થો યથાયોગ્ય બેઠા હતા. (૭૨)

પછી સર્વે ભક્તોએ કુંકુમ, ચંદન, ધન, વસ્ત્રો, આભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન

કર્યું. (૭૩) શ્રીહરિમાં ભક્તિવાળી સર્વે સ્ત્રીઓ પણ વિવિધ પ્રકારના ચંદન, પુષ્પાદિ ઉપચારો વડે શ્રીહરિની પૂજા કરતી હતી. (૭૪)

પૂર્ણકામ શ્રીહરિએ ત્યાર પછી ધનવસ્ત્રાદિ જે પૂજામાં અર્પણ કરાયેલું હતું તે સર્વ હે રાજન્! મયારામાદિ બ્રાહ્મણોને વહેંચી આપ્યું. (૭૫) હે જગતપતે ! તે મણીભદ્રપુરમાં શ્રીહરિએ બ્રાહ્મણ બાળકોને ઉપવીત અપાવવા માટે બ્રાહ્મણોને પુષ્કળ ધન આપ્યું. (૭૬) ઉદાર દયાસિંધુ શ્રીહરિએ ઘણાં બ્રાહ્મણોને કન્યાઓના વિવાહ કરાવવા માટે યથેષ્ટ તેમની ઈચ્છાથી અધિક ધન આપ્યું. (૭૭)

હે ભૂપતે ! શ્રી અવતારી પુરુષોત્તમ શ્રીહરિએ આ પ્રકારે માણાવદરમાં સુંદર મહોત્સવ કરીને પોતાના જનોને અત્યંત આનંદ પમાડીને સર્વ ભક્ત સમૂહોને પોત પોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપી. પછી તે ભક્તો અચ્યુત શ્રીહરિને નમસ્કાર કરીને પોત પોતાના દેશ પ્રત્યે ગયા. (૭૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતિય સ્કંધમાં અનેક ધામ તથા દેવોએ શ્રીહરિના અવતારીપણાનું વર્ણન કર્યું. તે નિરૂપણનો અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે મહોત્સવમાં ભાડેરપુરથી આવેલા વ્યાઘ્રજીત વગેરે ત્રણ રાજકુમારો શ્રીહરિને પોતાના પુરમાં લઈ જવા માટે પ્રાર્થના કરતા હતા. (૧) પછી શ્રીહરિ તે રાજપુત્રોનું હિત કરવા માટે અશ્વ ઉપર બેસીને વર્ણીઓ, સાધુઓ, ઘોડેસવારો, તથા પાર્ષદોએ સહિત માણાવદરથી નીકળ્યા. (૨)

પછી હે નૃપ ! વિનયયુક્ત રાજા પોતાની સેના સાથે શ્રીહરિને વળાવવા ગયા. (૩) શ્રીહરિના ત્યાંના સમગ્ર આશ્રિત ભક્તો મયારામ વગેરે શ્રીહરિનો વિરહ સહન ન કરી શકવાથી આંખમાં અશ્રુ સાથે શ્રીહરિની પાછળ ગયા. (૪) દૂર સુધી પોતાની પાછળ આવતા રાજાને તથા ભક્તોને પાછા વાળીને શ્રીહરિ ભાદરવા વદી છઠે (કપિલા છઠ) ભાડેરપુર પધાર્યા. (૫)

ભાડેરપુરના નિવાસી ભક્તો, શ્રીહરિ પોતાના પુરમાં પધારે છે. તે સાંભળીને ઉત્સાહથી વિવિધ પ્રકારના વાજિંત્રોનો ઘોષ કરતા સન્મુખ ગયા. (૬) ઘોડેસવારોના મંડળના મધ્યે ઘોડા ઉપર બિરાજેલા શ્રીહરિના દૂરથી દર્શન કરીને તે ભક્તો આંખમાં હર્ષાશ્રુ સાથે શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૭) મંગળ વાદ્યોનો ઘોષ સર્વ દિશામાં પ્રવર્તી ગયો. એ રીતે શ્રીહરિએ ભાડેરપુરમાં પોતાના ભક્તોએ સહિત પ્રવેશ કર્યો. (૮)

તે સમયે પોત પોતાના સર્વ કામનો ત્યાગ કરીને શ્રીહરિના દર્શન કરવા માટે આવેલા પુરના

પુરુષો તથા સ્ત્રીઓ શ્રીહરિને પુષ્પોથી વધાવતા હતા. (૯) આવી રીતે પુરવાસીઓએ શ્રીહરિનું સન્માન કર્યું. અને શ્રીહરિએ રાજગઢ પાસેના ભુવનમાં, જેની આગળ મોટો વિસ્તૃત ચોક છે ત્યાં, ત્રીજા માળમાં પોતાના આશ્રિતો સાથે નિવાસ કર્યો. (૧૦)

પછી શ્રીહરિ સ્નાન તથા પોતાનો નિત્ય વિધિ કરીને હે રાજન્ ! નાના પ્રકારના ભોજનો શ્રી વિષ્ણુને નિવેદન કરીને જમ્યા. (૧૧) વર્ણીઓએ પણ યથાયોગ્ય પાક કરીને ભોજન કર્યું. શ્રીહરિ સાધુઓ, પાર્ષદો તથા ઘોડેસવારોને પીરસીને જમાડતા હતા. (તેમને શ્રીહરિના હાથની પ્રસાદીની ઈચ્છા હોવાથી શ્રીહરિએ પોતે પીરસીને તેમને જમાડ્યા.) (૧૨)

ત્યારબાદ મોટા ચોકમાં, વિચિત્ર વર્ણવાળા ઉલ્લોચો જેમાં શોભે છે તેવા અતિ મનોહર ઉત્તમ સભા મંડપમાં (૧૩) કોમળ ઓછાડ પાથરેલા સુંદર ઊંચા આસનમાં શ્રીહરિ બિરાજ્યા. (૧૪) પછી ત્યાગીઓ તથા ગૃહસ્થો તેમજ ભાડેરપુરના ભક્તજનો શ્રીહરિના આશ્રિતો તે સભામાં યથાયોગ્ય બેઠા. (૧૫)

સમાન અને ઉત્તમ અંગો તથા જાનુ પર્યંત પુષ્ટ અને દેદીપ્યમાન બંને ભુજાઓ જેમને છે એવા શ્રીહરિ, ભક્તોના નેત્ર રૂપી કમળોને સૂર્ય સમાન પ્રકાશમાન દેખાતા અત્યંત શોભતા હતા. (૧૬) બે સુંદર કોમળ પાંપણોથી શોભતા નેત્રો જાણે કૃપા અમૃત વરસાવતા હોય, મંદ હાસ્યથી શોભતું મુખ કમળ જાણે શરદ ઋતુના ચંદ્રનો તિરસ્કાર કરતું હોય. (૧૭) કુંમકુમથી પણ શ્રેષ્ઠ લાલાશથી શોભતા બંને ઓષ્ઠ જાણે પાકેલું બિંબીફળ (ઘીલોડું), વિદ્રુમ તથા અશોક તથા આમ્રાદિ નવપલ્લવોની રતાશનો જાણે તિરસ્કાર કરતા હતા. મોગરાની કળીથી પણ રમણીય દંત પંક્તિ જેમને છે એવા તલના પુષ્પ જેવી શોભાયમાન નાસિકા જેમને છે એવા. (૧૮)

ભક્તોનું મંગલ કરનાર શ્યામ, શોભાયમાન વાંકી કામના બાણ જેવી બંને ભ્રકુટિથી મનોહર દેખાતા, વિસ્તૃત, પહોળું અને ઊંચુ દેદીપ્યમાન પુષ્પ જેવા કોમળ, સુંદર લલાટવાળા (૧૯) ત્રણ રેખાએ યુક્ત અતિ મનોહર જે કંઠ તેનાથી શોભતા, નવાંકુરોથી પણ અત્યંત કોમળ ખભા જેમને છે, શોભાયમાન વિશાળ ઉપડતું વક્ષઃસ્થળ જેમને છે એવા, સ્વાભાવિક ત્રિવલીથી સુંદર દેખાતા ઉદરથી શોભતા (૨૦) મંગળકારી ઊંડી શોભાયમાન નાભિ જેમને છે એવા, નેત્રોને આનંદ આપે તેવું રૂપ જેમનું છે એવા સોળ ચિહ્નો સ્વસ્તિ, જવ, જાંબુ, ધ્વજ, અંકુશ, કમળ, અષ્ટકોણ, વજ્ર, ઉર્ધરેખાએ નવ ચિહ્નો જમણા ચરણમાં; તથા ડાબા ચરણમાં-મીન-ત્રિકોણ-વ્યોમ-ગોપદ કલશ-અર્ધચંદ્ર-ધનુષ્ય સહિત ચરણ કમળના લાલ તાળીઓની શોભા જેમને છે એવા, કોમળ આંગળીઓરૂપી પલ્લવો જેમને છે એવા ચરણકમળવાળા. (૨૧)

કરોડો કામદેવના ગર્વને હરનારા, સર્વ લોકની સુંદરતાને જેણે પરાભવ પમાડી છે એવા, પ્રકાશમાન મુનિઓએ ચિંતવન કરવા યોગ્ય, સમગ્ર અવયવોથી અત્યંત શોભાયમાન (૨૨)

વિશાળ ઉત્તમ લલાટમાં રમણીય કેસર ચંદનથી કરેલું ઉર્ધ્વપુંડ્ર તિલક તથા તેના મધ્યમાં સુંદર ગોળ કુંમકુંમનો ચાંદલો જેમાં છે એવા તિલકથી શોભતા હાથની મંગળકારી ચેષ્ટા કરનારા (૨૩) તુલસીના કાષ્ઠની ઝીણા મણકાવાળી બેવડી કંઠી શોભાયમાન કંઠમાં ધારણ કરનારા, જમણા હાથમાં સુંદર મણકાવાળી

તુલસીની જપ માલા ધારણ કરનારા. (૨૪) લક્ષ્મીના નિધિરૂપ. માખણના જેવા કોમળ, મુલાયમ નવીન મેઘના જેવો જેમનો વર્ણ છે એવા, શ્વેતવસ્ત્રો ધારણ કરતા. (૨૫)

પુષ્પના સુંદર તોરાની પંક્તિથી શોભાયમાન, ઉજ્જવલ મંડીલ ધારણ કરનારા, પોતાના ભક્તોએ અર્પણ કરેલા અતિ રમણીય નાના પ્રકારના પુષ્પોના હારથી અત્યંત શોભતા. (૨૬) અપાર કરુણામય દ્રષ્ટિથી અમૃત વરસાવતા, પોતાના સ્વરૂપમાં અત્યંત આસક્ત મનવાળા અને પોતાના સુંદર મુખારવિંદની તરફ જેમના નેત્રો સ્થિર થયાં છે તેવા પોતાના ભક્તોને જોતા (૨૭) અતિ સુગંધિવાળા પુષ્પોના બંને ગુચ્છોથી જેમના બંને કાન શોભે છે એવા, મંદ હાસ્યથી પ્રસરતી ઉજ્જવલ દાંતની કાંતિવડે શોભાયમાન ઓષ્ઠથી શોભતા. (૨૮)

શોભારૂપ લક્ષ્મી, જ્યારે કમળમાં જાય છે ત્યારે અમૃત તુલ્ય આનંદ આપનારી ચંદ્રની શોભા નથી પામતી. વળી તે લક્ષ્મી જ્યારે ચંદ્રમાં જાય છે, ત્યારે કમળના સુગંધપણાના ગુણને નથી પામતી, પરંતુ જેના અનુપમ વદનને પામી કમળ તથા ચંદ્રનો વિશિષ્ટ આનંદ તે પ્રાપ્ત કરે છે તે ઉભયના ગુણો (કમળ તથા ચંદ્રના) શ્રીહરિના મુખારવિંદમાં છે. (૨૯) જેના દર્શન કરવામાં આસક્તિવાળા ભક્તો પાંપણોથી બંધ થતી દ્રષ્ટિ સહન કરી શકતા ન હતા અને એકવાર દર્શન કરીને શરીરધારી ભક્તો ઘણા શાંતિ પામે છે. (૩૦)

આ પ્રકારે અતિશય શોભા ધારણ કરતા શ્રીહરિની, સમગ્ર ભક્તજનો કુંમકુંમ, ચંદન, પુષ્પના હાર તોરા, બાજુબંધ, વગેરે ઉપચારોથી પૂજા કરતા હતા. (૩૧) ભક્ત સ્ત્રીઓ પણ ધર્મપુત્ર શ્રીહરિની પૂજા વિવિધ પ્રકારના ઉપચારોથી પ્રીતિપૂર્વક કરતી હતી. (૩૨)

હે ત્યાગીઓ ! તથા હે ગૃહસ્થો ! તમારા હિતને માટે જ તમારે મારું વચન હંમેશા પાલન કરવું. (૩૩) મન, વાણી અને દેહથી કલ્યાણ પરાયણ તમારે કોઈ પણ પ્રાણીનો દ્રોહ ન કરવો. (૩૪)

તમારું કલ્યાણ ઈચ્છતા તમારે મન, વચન કે કર્મથી કોઈ પણ પ્રાણીનો ક્યારેય પણ દ્રોહ ન કરવો. (૩૫) યજ્ઞ નિમિત્તે પણ દેવતાને પ્રસન્ન કરવા હિંસા તો ન જ કરવી તો અન્ય 'આહાર' નિમિત્તે તો હિંસા કેમ કરાય ? 'સૌત્રામણી' નામના યજ્ઞમાં પણ કોઈ કાળે મદિરા પીવાનો આગ્રહ ન રખાય તો બીજા કારણે મદિરાનું પાન કેમ કરાય ? અર્થાત્ ન જ કરાય. (૩૬)

જે દેવીને કે દેવને મદિરા, માંસ આદિનું નૈવેદ્ય થતું હોય અને જેની પાસે પશુ હિંસા થતી હોય, તે દેવી તથા દેવને મારા આશ્રિત ભક્તોએ આપત્તિના કાળ વિના કદી ન જ માનવા. (૩૭) તેમ જ તેવા દેવ દેવીના મંત્રો તથા વ્રતો પણ કરવા નહિ; વળી કુલાણવિ આદિ નાસ્તિકોના ગ્રંથો પણ કદી ભણવા નહિ. (૩૮)

જે મનુષ્યો પૃથ્વી ઉપર દુષ્ટ અવૈદિક માર્ગને અનુસરે છે તેમનો પ્રસંગ મારા આશ્રિતોએ આપતકાળ વિના ન જ કરવો. (૩૯) આ જે મેં નિષેધ કર્યો છે તેનું જે લોકો આચરણ કરશે તેઓ પોતાના કલ્યાણનો નાશ કરનારા થશે. એટલું જ નહિ પરંતુ તે દુષ્ટજનના વંશનો પણ નાશ થશે તેમજ તેમની પ્રતિષ્ઠાનો,

રાજ્યનો તથા સંપત્તિનો પણ નાશ થશે. (૪૦-૪૨) વળી તેમનો કોઈ પણ પુરુષાર્થ પણ કદી સિદ્ધ થશે નહિ અને મૃત્યુ પછી પણ તે દુષ્ટ બુદ્ધિ લોકો ભયંકર નરકમાં જ જશે. (૪૩)

હે રાજન્ ! આ પ્રમાણે ધર્મધુરંધર શ્રીહરિએ વેદશાસ્ત્રોનાં ઘણાં પ્રમાણો આપીને દુરાચાર તથા અધર્મને મૂળ સાથે ઉખેડી નાખ્યો. (૪૪) શ્રીહરિએ તે વાર્તા વિસ્તારથી કહી તેનું શ્રવણ કરી વ્યાઘ્રજીત રાજા તથા તે ભાડેરપુરના હરિભક્તો, ત્યાગીઓ તથા સર્વ ગૃહસ્થોએ શ્રીહરિના તે વચન મસ્તક ઉપર ચઢાવ્યા અને શ્રીહરિને હર્ષપૂર્વક પ્રણામ કર્યા. (૪૫-૪૬)

હે રાજન્ ! આ વિષયનો વિસ્તાર સત્સંગિજીવન ગ્રંથમાં કરવામાં આવ્યો છે તેથી અહીં તે વાર્તા મેં તમોને સંક્ષિપ્તમાં જ કહી છે. (૪૭)

ભાડેરપુરમાં શ્રીહરિએ આ ઉપદેશ વચનો કહ્યાં તે વચનો તે સમયે નવાનગર શહેરમાંથી કેટલાક શક્તિપંથી બ્રાહ્મણો પોતાના કામ પ્રસંગે ભાડેરપુર આવ્યા હતા, તેમણે તે ઉપદેશ વચનો સાંભળ્યા અને ક્રોધથી સળગી ઊઠ્યા, પરંતુ શ્રીહરિના પ્રતાપથી તેમના તેજ નાશ પામ્યા હતા. તેથી તેઓ કાંઈ પ્રત્યુત્તર આપી શક્યા નહિ. પરંતુ અંતરમાં વૈરાગ્નિથી બળતા તે ત્યાંથી પોત પોતાના સ્થાન પ્રત્યે ગયા. (૪૮-૪૯)

હે રાજન્ ! શ્રીહરિ તો એ પ્રમાણે શાસ્ત્રાનુસાર નાના પ્રકારના અર્થવાળી મનોહર ઉપદેશ વાર્તા હંમેશા ત્યાં કરતા ત્યાં રહ્યા હતા. (૫૦)

એ ભાડેરપુરમાં શિવરામ તથા દેવદાસ વગેરે બ્રાહ્મણો હંમેશા હર્ષથી શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૫૧) ત્યાંના રાજાનો પુત્ર વ્યાઘ્રજીત અત્યંત બુદ્ધિશાળી હતો. તે તેમજ બીજા મૂળજી, દેશજી તથા અખો વગેરે ક્ષત્રિયો સજ્જનોના પાલકને શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરી રહ્યા હતા. તેમજ જીવણ તથા વંકુ નામના શૂદ્રો અને બીજા ગોકુલદાસ વગેરે શ્રીહરિના ચરણ આશ્રિત ભક્તો હંમેશા હર્ષથી શ્રીહરિની યથાયોગ્ય સેવા કરી રહ્યા હતા. (૫૪)

હે રાજન્ ! વાત્સલ્ય તેમજ સૌશિલ્યના સમુદ્રરૂપ પોતાના ભક્તજનોની આ પ્રમાણે સેવા અંગીકાર કરતા દિવ્ય ચરિત્રવાળા, સ્વતંત્ર, ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિએ ભાડેરપુરમાં અન્નકૂટોત્સવ કર્યો. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાતલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં ભાડેરપુર કૌલમત ખંડન નિરૂપણ નામે ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૯)



અધ્યાય ૩૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ભાડેરપુરમાં કરેલા અન્નકૂટના મહોત્સવમાં જુદા જુદા દેશમાંથી આવેલા ભક્તો શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાના દેશ પ્રત્યે ગયા. (૧)

હે મહીપતે ! તેટલામાં મૂલેલૂ ગામથી શ્રીહરિનાં દર્શન કરવા માટે ભાડેરપુરમાં આવેલા શ્રીહરિના

શબલ આદિ ભક્તો, તેમજ કાલાવડથી આવેલા કેશલ તથા જાદવ આદિક ભક્તો, શ્રીહરિ ત્યાંથી ભુજનગર પધારવાના છે. તે જાણીને, ભુજ જતાં માર્ગમાં પોતાના ગામો આવે છે એટલે હે રાજન્ ! પ્રીતિપૂર્વક શ્રીહરિને કહેતા હતા. (૨-૩-૪)

હે પ્રભો ! અમારા ગામ ભુજનગર જતાં રસ્તામાં આવે છે તેથી કૃપા કરીને આપ ત્યાં પધારો અને અમો તમારા દીન આશ્રિતોને પવિત્ર કરો. (૫) હે સ્વામિન્ ! તમારું ફરીથી આવવાનું દુર્લભ છે. તેથી આપ આ સમયે જ પધારો. (૬)

આવી પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ તેમને કહ્યું, હે ઉત્તમ ભક્તો ! તમારાં ગામ રસ્તામાં આવે છે, તેથી હું તમારા બંને ગામોમાં આવીશ. તમો આગળથી જાઓ. તેથી તે હરિભક્તો અત્યંત પ્રસન્ન થઈને, અચ્યુત શ્રીહરિને નમસ્કાર કરીને, પોત પોતાના ગામ પ્રત્યે ચાલ્યા. (૭-૮) હે રાજન્ ! સ્વયં શ્રીહરિ ત્યાર પછી ચાલવા માટે તૈયાર થયા. વર્ણીઓ, સંતો, ઘોડેસવારો તથા પાર્ષદો સૌ તૈયાર થયા. (૯)

પોતાના આશ્રિત સંતોની સાથે ભાડેરપુરના ભક્તો પાસે વિદાય માગીને શ્રીહરિ અશ્વ ઉપર બેસીને નીકળ્યા. (૧૦) શ્રીહરિ દૂર સુધી પોતાની પાછળ આવતા પોતાના આશ્રિતોને પાછા વાળીને પોતાના ભક્તોનું પ્રિય કરવાની ઈચ્છાથી મૂલેલું ગામ પ્રત્યે ગયા. (૧૧)

મૂલેલા ગામના ભક્તોએ મુનિઓ સાથે પધારેલા શ્રીહરિનો સત્કાર કર્યો અને શ્રીહરિ ત્યાં જમ્યા અને એક રાત્રી ત્યાં રહ્યા. (૧૨)

પછી પોતાના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ મુક્તાનંદાદિ પોતાના અનુયાયીઓની સાથે અસ્વ ઉપર બેસીને મૂલેલા ગામથી નીકળ્યા. (૧૩) શ્રીહરિ પોતાની પાછળ વળાવવા આવતા સર્વ ભક્તોને પાછા વાળીને પોતાના આશ્રિત મુક્તાનંદ વગેરેની સાથે કાલાવડ ગામમાં પધાર્યા. (૧૪)

શ્રીહરિની તેમના સેવકો સાથે આદરપૂર્વક સેવા અહીંના ભક્તોએ કરી. શ્રીહરિ અહીં રાત્રી રહીને મોડા ગામ પધાર્યા. (૧૫)

શ્રીહરિના ત્યાંના આશ્રિત ભક્તો, શ્રીહરિ પધારે છે તે સાંભળીને, વિવિધ પ્રકારના વાદ્યોના ઘોષ સાથે ઉત્સાહથી શ્રીહરિ સન્મુખ ગયા. (૧૬) અશ્વ ઉપર બિરાજેલા ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિને દૂરથી જોઈને તે ભક્તો હર્ષાશ્રુથી ભરેલા નેત્રથી પોતાના ઈષ્ટદેવને સાષ્ટાંગ વંદન કરતા હતા. (૧૭) પછી મોડા ગામના ભક્તોએ પ્રાર્થના કરીને શ્રીહરિને તથા સંતોને અતિ વિસ્તારવાળા યોગ્ય ઉતારામાં વાસ કરાવ્યો. (૧૮)

તે ક્ષત્રિય કુલોત્પન્ન દાજી તથા બાપુભાઈ, રણમલ્લજીત, કુલજીત, માનજીત વગેરે તે ગામના ભક્તો શ્રીહરિની પ્રીતિપૂર્વક સેવા કરતા હતા. (૧૯) વળી સૂજા, જીવા વગેરે સ્ત્રીઓ પણ ભક્તિપૂર્વક યથાયોગ્ય ભગવાન શ્રીહરિની સેવા કરતી હતી. (૨૦) જલો વગેરે શૂદ્ર ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. તેમજ પાલની આદિ સ્ત્રીઓ પણ યથાયોગ્ય શ્રીહરિની સેવા કરતી હતી. (૨૧)

પછી મુકુંદાનંદ વર્ણીએ પ્રીતિપૂર્વક શ્રીહરિને સ્નાન કરાવ્યું. મનુષ્યાવતાર ધર્યો હોવાથી શ્રીહરિ પોતાનો નિત્ય વિધિ કરતા હતા. (૨૨) પછી ભક્ત વત્સલ શ્રીહરિ વિવિધ પ્રકારના ભોજનો વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. તે સમયે ભક્ત સમૂહ શ્રીહરિના દર્શન કરતો હતો. (૨૩) જમ્યા પછી અચ્યુત શ્રીહરિએ બંને હાથ તથા મુખ ધોઈને મુકુંદાનંદ બ્રહ્મચારીએ આપેલો સુંદર મુખવાસ ગ્રહણ કર્યો. (૨૪)

ત્યારબાદ શ્રીહરિ વસ્ત્રો ધારણ કરીને સભા મંડપના મધ્યમાં કોમળ ગાદલાથી બિછાવેલા ઊંચા સિંહાસનમાં બિરાજ્યા, પછી તે સભામાં શ્રીહરિના આશ્રિત ત્યાગી તથા ગૃહસ્થ ભક્તો યથાયોગ્ય બેઠા. (૨૫-૨૬) ત્યાંના સર્વે ભક્તોએ પુષ્પોના હાર તથા કંકુ, ચંદન વગેરે ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. (૨૭) પછી ભક્તિવાળી સ્ત્રીઓએ નાના પ્રકારના શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિની પ્રીતિપૂર્વક પૂજા કરી. (૨૮)

પોતાના ભક્તજનોના સમૂહ સાથે શ્રેષ્ઠ આસનમાં સભામાં બિરાજતા, જનોના લોચનોને લોભાવતા, અનુપમ શોભા સાગર શ્રીહરિ વિરાજતા હતા. (૨૯) અતસી પુષ્પના જેવી કાંતિવાળા, શ્વેત નવીન વસ્ત્રો વડે સુશોભિત મૂર્તિવાળા. કમળપત્રોની સુંદરતાને જીતી છે તેવા નેત્રવાળા, મંદહાસ્યથી શોભાયમાન મુખવાળા (૩૦) સુશોભિત કોમળ, અતિ રમણીય અને સુંદર સોળ સ્વસ્તિકાદિ ચિહ્નોથી યુક્ત, પોતાના ચરણ કમળના બંને તળીયાની ઉત્તમકાંતિથી ગુલાબની કાંતિનો તિરસ્કાર કરતા. (૩૧) વિલાસ કરતા નખરૂપી ચંદ્રમા તેમની કાંતિથી ચળકતા બંને હાથ તથા બંને ચરણોથી શોભાયમાન તિરસ્કૃત કરી છે. દીપની શિખા, પોપટની ચાંચ તથા તિલનું પુષ્પ જેણે એવી ઉત્તમ નાસિકાથી શોભતા. (૩૨)

પોતાના નિર્મળ મુખની શોભાથી કલંકવાળા ચંદ્રને લજ્જા પમાડતા, મંદહાસ્યરૂપી અમૃત રસથી સિંચન કરાયેલા સ્ફુરાયમાન બંને ઓષ્ઠોની કાંતિથી અત્યંત શોભાયમાન (૩૩) ધનુષ્યની સુંદરતાથી કામદેવનો ઉદય પામેલા મદનો વાંકી શુભ ભ્રકુટીથી જાણે નાશ કર્યો હોય ને શું ? વિશાળ અને શ્યામ ભાલથી અતિ સુંદર, (૩૪)

પોતાની ચંચળ દૃષ્ટિની શોભાથી ખંજન પક્ષી તથા મીનની ચપળતાને જીતતા હોય ને શું ? શંખની માફક ત્રણ રેખા યુક્ત સુંદર કંઠ જેનો છે એવા, અને બંને કાનના કુંડળની શોભાથી શોભતા. (૩૫) પોતાના ભક્તોના સમુદાયોએ અર્પણ કરેલા સુગંધિવાળા પુષ્પોના હાર, જેની આસપાસ ભમરાઓનો સમૂહ ગુંજારવ કરે છે તેનાથી શોભતા, (૩૬) વિવિધ પ્રકારના ઉત્તમ પુષ્પોના બનાવેલ સુંદર તોરા, કંકણો, અંગદોથી અત્યંત શોભાયમાન, ગુલાબના શોભાયમાન ગુચ્છો બંને કાનમાં ધારણ કરતા, (૩૭)

પોતાના સુંદર ભાલમાં કેસર યુક્ત ચંદનની શ્રેષ્ઠ અર્ચાથી (પત્રલેખાની માફક) શોભતા, તે અર્ચાના મધ્યભાગમાં ઉર્ધ્વપુંડ્ર તિલક, તેના મધ્ય ભાગમાં સરખો ગોળ કુંકુમનો ચાંદલો, તેવી સુંદર ચંદની અર્ચાની સ્વાભાવિક શોભાવાળા, રમણીય, હાથમાં ગુલાબના પુષ્પના શ્રેષ્ઠ ગુચ્છને ધારણ કરતા, આશ્રિત ભક્તોના સમ્યક્ આનંદ માટે અતિ સુગંધિમાન ગુચ્છને વારંવાર સુંઘતા. (૩૮-૩૯)

કરુણારૂપી અમૃત દૃષ્ટિથી સર્વ બાજુએ પોતાના ભક્તજનોને જોઈને, ભક્તોના હૃદયમાં રહેલા

પરિતાપનું સમગ્રપણે નિવારણ કરી શાંતિ પમાડતા (૪૦) આ પ્રમાણે આશ્ચર્યકારી સુંદરતા મહાસમુદ્ર શ્રીહરિ, પોતાનું દર્શન આપીને સંસારરૂપી દાવાનળની જ્વાળાઓથી તપ્ત થયેલા જીવાત્માઓના તાપને શમાવતા, સુખ વિસ્તારતા, અમૃતના જેવો રસ જેનો છે એવી શુભ ઉપદેશ વાતો કરતા મોડા ગામમાં રહ્યા. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રની તૃતીય સ્કંધમાં શ્રીહરિ મૂલાલનાદિ ગ્રામ વિચરણ વર્ણન નામે ત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૦)



અધ્યાય ૩૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી મોડા ગામની સમીપના ગામમાં નિવાસ કરતા શ્રીહરિના ભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે મોડા ગામમાં આવ્યા. (૧) ત્રિવિધ તાપને નિવૃત્તિ કરનારું, શરણ્ય, જેમના દર્શનથી સુકૃત થાય છે. એવા શ્રીહરિને, જોઈને, ચંદ્રને જોઈને ચકોર પક્ષી જેમ આનંદ પામે તેમ તે ભક્તો અતિ આનંદ પામ્યા. (૨) તે ભક્તો મહા અમૂલ્ય વસ્ત્રો, અલંકારો, પુષ્પના હાર, કુંકુમ, અગર ચંદન, કસ્તુરી વગેરે પૂજા યોગ્ય ઉપચારોથી શ્રીહરિને પૂજતા હતા. (૩)

મોડા ગામમાં બીજા ગામથી આવેલી શ્રીહરિને વિષે ભક્તિવાળી સ્ત્રીઓ વિવિધ રમણીય ઉપચારોથી હર્ષ પૂર્વક શ્રીહરિની પૂજા કરતી હતી. (૪) તે ભક્તજનો તેમની અનુકૂળતા પ્રમાણે મોડા ગામમાં રહી શ્રીહરિના દર્શન કર્યા પછી શ્રીહરિને પ્રણામ કરીને તેમની આજ્ઞાથી સર્વે પોત પોતાના ગામ પ્રત્યે ગયા. (૫)

પછી શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બેસીને વર્ણીઓ, સાધુગણો, પાર્ષદો તથા ઘોડેસવારો સહિત મોડા ગામથી નીકળ્યા. તે વખતે ત્યાંના ભક્તો શ્રીહરિને વળાવવા પાછળ ગયા. (૬) માર્ગમાં પોતાની પાછળ આવતા આંખોમાં આંસુવાળા ભક્તોને, પાછા વાળીને શ્રીહરિ અલૈયા ગામ પ્રત્યે ગયા. (૭)

અલૈયા ગામના નિવાસી શ્રીહરિના ઉપાસક ભક્તો, શ્રીહરિને આવતા સાંભળીને વિવિધ વાદ્યોનો ઘોષ કરીને અત્યંત આનંદ પૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૮) અલૈયા ગામના ભક્તો શ્રીહરિને દૂરથી જોઈને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. ત્યારબાદ શ્રીહરિની પ્રાર્થના કરીને શ્રીહરિને તથા તેમના આશ્રિતોને યોગ્ય નિવાસમાં નિવાસ કરાવ્યો. (૯) અલૈયા ગામમાં મનોજીત, કૂલજીત આદિ ક્ષત્રિય ભક્તો તથા આંજાભાઈ, ગોબર, વગેરે સોની ભક્તો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૧૦) સુથાર ભક્તો નારાયણ, નાનજી, મૂળજી, વીરજી, વાસ્તુ, રામજી લધો વગેરે શ્રીહરિને હંમેશા હર્ષથી સેવતા હતા. લાડુ વગેરે સ્ત્રીઓ પણ યથા યોગ્ય સેવા કરતી હતી. (૧૧-૧૨)

હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરીને શ્રીવિષ્ણુને નિવેદન કરી નાના પ્રકારના ભોજન જમતા હતા. (૧૩) હે રાજન્ ! સર્વે વર્ણીઓ, સાધુઓ, ઘોડેસવારો તથા પાર્ષદો પણ

સુંદર ભોજન જમતા હતા. (૧૪)

ત્યારબાદ શ્રીહરિ સભામાં અતિકોમળ ગાદલાવાળા ઊંચા શ્રેષ્ઠ આસનમાં બિરાજ્યા. (૧૫) તેમની સાથે ફરતા વર્ણીઓ તથા સાધુઓ, પાર્ષદો વગેરે સમગ્ર ભક્તો પણ સભામાં યથાયોગ્ય બેઠાં. (૧૬) તે સમયે અલૈયા ગામના ભક્તોએ શ્રીહરિનું સન્માનપૂર્વક મનોહર સર્વે ઉપચારોથી પૂજન કર્યું. (૧૭) ત્યાંની સમગ્ર સ્ત્રીઓએ વિવિધ પ્રકારના ઉપચારોથી ભક્તપતિ શ્રીહરિની પૂજા આદરપૂર્વક કરી. (૧૮)

શ્રીહરિ અલૈયા ગામમાં નિવાસ કરીને, સમગ્ર ભક્તજનોને સુખ આપીને ત્યાંથી પોતાના આશ્રિતોની સાથે ચાલ્યા અને શેખપાટ ગામમાં પધાર્યા. (૧૯) શ્રીહરિના આશ્રિત શેખપાટ ગામના ભક્તો શ્રીહરિ પધારે છે. તે સાંભળીને, વાજિંત્રોના ઘોષ સાથે હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૨૦) તે ભક્તોએ શ્રીહરિને દૂરથી જોઈને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને શ્રીહરિની પ્રાર્થના કરીને તેમના તથા તેમના આશ્રિત ભક્તોને સુંદર નિવાસ સ્થાનમાં વાસ કરાવ્યો. (૨૧)

હે રાજન્ ! નર નાટ્યધારી શ્રીહરિ સ્નાનવિધિ કરીને વિષ્ણુને ભોજન નિવેદન કરીને પોતે જમ્યા. (૨૨) પછી ત્યાગીઓ તથા ગૃહસ્થો ભોજન જમ્યા. ત્યારબાદ ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તોની સભા યોગ્ય, સુંદર, વિસ્તૃત મંડપમાં થઈ. (૨૩) તેના મધ્ય ભાગમાં ફીણ જેવા કોમળ ગાદલાંવાળા, સુંદર ઊંચા સિંહાસનમાં શ્રીહરિ બિરાજ્યા. (૨૪)

પછી ત્યાંના સર્વે ભક્તોએ પુષ્પના હાર તથા કુંકુમ, ચંદન વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૨૫) શ્રીહરિની ઉપાસના કરનારી સર્વે સ્ત્રીઓએ પણ અતિ ઉત્તમ ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિની પૂજા કરી. (૨૬)

આ પ્રકારે શેખપાટ ગામમાં ભક્તજનોની પૂજાને નિત્ય અંગીકાર કરતા કરુણામય શ્રીહરિ પોતાના ભક્તોને સુખ આપતા હતા. (૨૭) બ્રાહ્મણ ભક્તો જાદવજી, વલ્લભ, વગેરે શ્રીહરિની સેવા નિરંતર કરતા હતા. (૨૮) ક્ષત્રિય ભક્તો રાઘવ, ભાઈલાલ, દાજીભાઈ વગેરે તતા સુથાર ભક્તો રામ, લાલજી વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. (૨૯) શેખપાટમાં લાલજી સુતાર, તેમના માતુશ્રી લાડુ તથા પુત્ર રામજીની સેવા સમય સમય પ્રમાણે હર્ષપૂર્વક શ્રીહરિની સેવા દાસની માફક કરતા હતા. (૩૦)

હે રાજન્ ! આ પ્રકારે પોતાને વિષે આસક્તિવાળા પોતાના ભક્તજનોએ હંમેશા સેવેલા પૂર્ણકામ શ્રીહરિ તેમનું પ્રિય કરવા માટે કેટલાક દિવસો ત્યાં રહ્યા. (૩૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિનું અલૈયા વગેરે ગામોમાં વિચરણ એ નામે એકત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૧)



અધ્યાય ૩૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! નવાનગરમાં નિવાસ કરતા બ્રાહ્મણોનું વૃત્તાંત હું તમોને કહું છું. (૧)

હે ભૂપતે ! પહેલાં ભાડેરપુરમાં જે શાકત મતના આશ્રિત બ્રાહ્મણોએ સભામાં શ્રીહરિએ કહેલી વાર્તા સાંભળેલી હતી. (૨) તે બ્રાહ્મણો નવાનગરમાં જઈને શક્તિપંથના પંક્તિ બ્રાહ્મણોને તથા પુરના બીજા જનોને આ પ્રમાણે કહેતા હતા. (૩)

હે વિપ્રો ! સ્વામિનારાયણ, શાસ્ત્રમાં કહેલા શાક્ત મતને અત્યંત ઉખેડી નાખે છે. તેમજ દેવીને નમસ્કાર તથા નવરાત્રિ આદિમાં પૂજન વગેરેનો નિષેધ કરે છે. (૪) અમો કોઈ કામ માટે ભાડેરપુર ગયા હતા. ત્યાં હે દ્વિજો ! સ્વામિનારાયણના મુખથી જ શાક્ત મતનું ખંડન અમે સાંભળ્યું છે. (૫)

આવી રીતે કૌલ મતના વિદ્વાન બ્રાહ્મણો તથા કૌલમતના બીજા જનો પોતાના મતના આ બ્રાહ્મણોનું વચન સાંભળીને, હે રાજન્ ! તે સર્વે માનથી ભરેલા તે બ્રાહ્મણોને કહેવા લાગ્યા. (૬)

હે વિપેન્દ્રો ! આવી રીતે સ્વામિનારાયણ આપણા મતનું ખંડન કરે છે. તો તેમને રાજા દ્વારા અહીં બોલાવીને અમે સમગ્ર વિદ્વાનો શાસ્ત્રાર્થ કરી તેને જીતીશું. (૭) આ પ્રકારે કહીને કૌલજનો રાજા પાસે જઈને નીતિશાસ્ત્ર વિશારદ રાજાને કહેવા લાગ્યા. (૮)

હે રાજન્ ! આ ભૂતળમાં વિચરતા સ્વામિનારાયણ પોતાના પંડિત સાધુઓ સાથે કૌલમાર્ગનું ખંડન કરે છે. અમારા પંથને ઉખેડી નાંખવા માટે જ પ્રગટ થયા હોય તેમ જણાય છે. (૯) હાલમાં તે શેખપાટ ગામમાં આવેલા છે એમ સાંભળ્યું છે. માટે હે રાજન્ ! નરેન્દ્ર શીરોમણી ! તમે સ્વામિનારાયણને અહીં બોલાવો. (૧૦) હે રાજન્ ! હે મહામતે ! અમો તેમની સાથે પ્રતિવાદ (શાસ્ત્રાર્થ) કરીશું. તમોએ પાલન કરેલા અમારું, પંડિતોનું પાંડિત્ય તમારે જોવું. (૧૧)

હે રાજન્ ! સ્વામિનારાયણનો મત સત્ય છે કે અસત્ય તે સૂર્યનારાયણના પ્રતાપ જેવા પ્રતાપી તથા રુડી બુદ્ધિવાળા તમારે જોવું. તમારા જેવા બુદ્ધિશાળી જ્યારે અમારી પરીક્ષા નહિ કરે ત્યારે બીજો કોણ કરશે ? (૧૨) આ લોકમાં શાસ્ત્રના હૃદયને તમારા જેવા જાણનારા બીજા નથી. સત્ અસત્નો વિવેક તમે જાણો છો. માટે તેમનો અમે અમારો પરસ્પર શાસ્ત્રાર્થ તમો કરાવો. (૧૩)

પંડિતોની આવી વાણી સાંભળીને રાજા તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે વિપેન્દ્રો ! દૂત મોકલીને સ્વામિનારાયણને અહીં બોલાવીએ. (૧૪) તે સમયે પૂર્વે શ્રીહરિને જેણે જોએલા છે અને શ્રીહરિનો પ્રતાપ જાણનારા સભામાં બેઠેલા બુદ્ધિમાન ગજાનન, હાથીભાઈ નામના રાજાના કારભારી રાજાને કહેવા લાગ્યા. (૧૫)

હે રાજન્ ! સ્વામિનારાયણને મેં પ્રત્યક્ષ જોયા છે. તેમના હજારો ત્યાગી શિષ્યો પણ છે. (૧૬) હે રાજન્ ! તેમના ગૃહસ્થ શિષ્યો પણ અસંખ્ય છે. તે પોત પોતાના ધર્મમાં રહીને હંમેશા પરસ્પર શ્રીહરિને

ભજે છે. (૧૭) હે રાજન્ સ્વામિનારાયણ પોતાના પ્રતાપથી જ પૃથ્વી ઉપરથી અધર્મનો ઉચ્છેદ કરી, વાદિ વિદ્વાનોને જીતી, ધર્મનું જ સ્થાપન કરે છે. (૧૮) તેથી મહાપ્રતાપી રાજાઓ પણ પોતાની ચતુરંગી સેનાને લઈ અનેક વાજિંત્રોનો ઘોષ કરી તેમની સન્મુખ પગપાળા તેમનો સત્કાર કરવા જાય છે. (૧૯) હે રાજન્! તે રાજાઓ શણગારેલા હાથી ઉપરથી શ્રીસ્વામિનારાયણને બેસાડીને અથવા શિબિકામાં બેસાડીને પોતાના પુર પ્રત્યે લઈ જાય છે. (૨૦) તે રાજાઓ મહા અમૂલ્ય વસ્ત્ર અલંકારોથી શ્રીહરિની પૂજા કરે છે. માટે તમારે જો તેમને અહીં લાવવા હોય તો અત્યંત સન્માનપૂર્વક લાવવા. (૨૧) એમ નહીં કરીએ તો જગત પ્રસિદ્ધ રાજાઓના ગુણોથી અલંકૃત તમોને બીજા રાજાઓ વિવેકહીન કહેશે. (૨૨)

મહાબુદ્ધિશાળી તે રાજાએ આ પ્રકારે પોતાના અમાત્યે કહેલું વચન સાંભળીને કહ્યું હે મંત્રી! આ પુરમાં શ્રીહરિને લાવવા માટે તમારે જવું. (૨૩)

તે રાજાએ આ પ્રમાણે કહીને સુવર્ણ વર્ણના સુંદર અક્ષરોવાળો પત્ર લખાવીને પછી બીડીને તે પત્ર આપીને ફરીથી તેમના પ્રત્યે કહ્યું. (૨૪)

હે મંત્રી ! સ્વામિનારાયણ આ નગરથી ત્રણ ગાઉ દૂર જ્યારે આવે ત્યારે તત્કાળ દૂત મોકલીને મને સૂચના આપવી. (૨૫) તેમનું આગમન સાંભળીને અતિ મહાન સૈન્યની સાથે જ હે સન્મતે ! હું જ તત્કાળ સ્વામિનારાયણની સન્મુખ આવીશ. (૨૬)

આ પ્રકારે રાજાની આજ્ઞાથી થોડા સેવકોની સાથે મંત્રી ધર્મપુત્ર શ્રીહરિને બોલાવવા માટે ઘોડા ઉપર બેસીને હર્ષથી ગયા. (૨૭) રાજાના મંત્રી ગજાનને, શેખપાટમાં જઈને તે ગામની સભામાં બિરાજમાન શ્રીહરિની અભિવંદના કરી શ્રીહરિએ તેમનું યોગ્ય સન્માન કરી સભામાં બેસાર્યા. (૨૮) પછી રાજમંત્રીએ શ્રીહરિને રાજાનો સંદેશો કહ્યો. અને શ્રીહરિને સુવર્ણના અક્ષરે લખેલો પત્ર આપ્યો. (૨૯)

શુકાનંદમુનિ કહે છે કે :- હે રાજન્ ! શ્રીહરિએ પત્ર લઈને મારી પાસે વંચાવ્યો. પછી મુક્તાનંદ સ્વામી વગેરે સાધુઓને કહેવા લાગ્યા. (૩૦) હે સાધુઓ ! આપણને નવાનગરના રાજાએ બહુ વિનયથી બોલાવ્યા છે. માટે આપણે નવાનગરમાં જવું કે નહીં ? એમ શ્રીહરિએ પૂછ્યુ. ત્યારે શ્રીહરિનું આ પ્રકારે વાક્ય સાંભળીને સંતો શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૧)

હે સ્વામિન્ ! આ વિચક્ષણ રાજા જ્યારે કારભારીને મોકલીને પ્રીતિપૂર્વક આપણને સર્વેને બોલાવે છે; ત્યારે તો હે સત્પતે ! આપણે ત્યાં જવું જોઈએ. આ પ્રમાણે અમોને જણાય છે. (૩૨-૩૩)

સ્વયં શ્રીહરિ આ પ્રકારે મુક્તાનંદાદિ સાધુઓનું વચન સાંભળીને કહેવા લાગ્યા. હે સંતો ! તમે તૈયાર થાઓ. બીજા વર્ણીઓ તથા પાર્ષદો પણ તૈયાર થાઓ. (૩૪)

શ્રીહરિની આજ્ઞાથી બધા તૈયાર થયા. પછી શ્રીહરિ તૈયાર થઈને પોતાના સુંદર રોઝા ઘોડા ઉપર બિરાજ્યા (૩૫) પોતાના ભક્તોએ વાદ્યો સહિત વળાવેલા શ્રીહરિ, બ્રહ્મચારીઓ, સાધુઓ પાર્ષદો તથા ઘોડેસવારોથી વીંટાઈને શેખપાટ ગામથી ચાલ્યા. (૩૬) અશ્રુસહિત નેત્રોવાળા પોતાની પાછળ

આવતા ભક્તોને શ્રીહરિએ પાછા વાળ્યા. ત્યારબાદ રસ્તામાં મંત્રી સાથે અતિ પ્રિય વાતો કરતા શ્રીહરિ ચાલતા હતા. (૩૭) જ્યારે નવાનગર ત્રણ ગાઉ દૂર રહ્યું, ત્યારે મંત્રીએ શ્રીહરિને વિનયપૂર્વક કહ્યું. (૩૮) હે પ્રભો ! તમારે અહીં રહેવું, હું સર્વ કાર્ય જાણનાર રાજાને તમારું આગમન અનુચર મોકલીને જણાવું છું. (૩૯)

શ્રીહરિ મંત્રીનું આવું વચન સાંભળીને રસ્તાની બાજુમાં આવેલા બગીચામાં અશ્વ ઉપરથી ઉતરીને, પોતાના ભક્તોની સાથે બિરાજ્યા. (૪૦) રાજાનો મંત્રી રાજાને પોતાનો દૂત મોકલીને કહેવરાવતા હતા કે હે રાજન્ ! શ્રીહરિનું આગમન થયું છે. (૪૧)

તે દરમિયાન મુકુંદાનંદ વર્ણીએ ધર્મના પુત્ર શ્રીહરિને સ્નાન કરાવ્યુ. હે રાજન્ શાસ્ત્ર પ્રમાણે શ્રીહરિ પોતાનો નિત્ય વિધિ કરતા હતા. (૪૨) પછી મુકુંદાનંદ બ્રહ્મચારીએ શ્રીહરિને પેંડા, બરફી, મગદળ, સુખડી, ઉત્તમ પુંઆ, વગેરે જમાડ્યા. (૪૩) પછી શ્રીહરિએ હાથ મુખ ધોઈને, મીઠા જળનું પાન કર્યું. ત્યારબાદ પાર્ષદોએ જેમની સેવા કરી છે તે શ્રીહરિ પાથરેલા કોમળ આસન ઉપર બિરાજ્યા. (૪૪) શ્રીહરિના આશ્રિતો સર્વેએ પણ સ્નાન કરીને તેમ જ અહ્નિક ક્રિયા કરીને હે રાજન્ ! ટીમણ કર્યાં. (૪૫) પછી બ્રહ્મચારીઓ, સંતો, ઘોડેસવારો તથા પાર્ષદો તત્કાળ આવીને શ્રીહરિને નમસ્કાર કરીને યથા યોગ્ય બેઠા. (૪૬)

ગોળ તકિયાને ઉઠીંગણ દઈને આસન ઉપર બિરાજેલા શ્રીહરિને મંત્રીએ પ્રણામ કર્યા. પછી હર્ષપૂર્વક શ્રીહરિની સમીપમાં બેઠા. (૪૭) તેટલી વારમાં દૂત દ્વારા શ્રીહરિનું આગમન સાંભળીને શણગારેલા હાથી, શિબિકા, રથ વગેરે રમણીય વાહનો, ઘોડેસવારો તથા પાયદળ લઈને ભૂપતિ આવ્યા. પોતાની સેના, ઘોડા, હાથીઓ તથા નગારાં વગેરેના શબ્દોની સાથે વિચિત્ર વાદ્યોનો ઘોષ કરતા, તેમ જ સોનાની છડી ધારણ કરનાર તથા છત્ર ચામર ધારણ કરનારાઓને લઈને તે રાજા અધીશ્વર-શ્રીહરિ સન્મુખ આવ્યા. તેમ જ પુરના સર્વે ભક્તો પણ સન્મુખ આવ્યા. તાપથી તપેલા હાથીઓ ગંગાનદીના ધરા પ્રત્યે જેમ જાય તેમ તે સર્વે ગયા. (૪૮-૫૧)

શ્રીહરિના આશ્રિત ભક્તો એ રાજાની પહેલાં આવી ગયા. તેમણે શ્રીહરિને પ્રણામ કર્યા. અને રાજા સૈન્ય સાથે પધારે છે તે હર્ષ પૂર્વક કહ્યું. (૫૨) પછી પોરના ભક્તોએ કંસુબી રંગના સોનેરી વસ્ત્રો તથા સોનેરી મંડીલ શ્રીહરિને ધારણ કરાવ્યાં. (૫૩)

તે ભક્તોએ વિવિધ પ્રકારના અલંકારો પણ શ્રીહરિને ધારણ કરાવ્યા. તેમ જ પાઘમાં શીરપેચ, ભૂષણ તથા સુંદર તોરાઓ પણ ધારણ કરાવ્યા. (૫૪) પછી ભક્તોએ શ્રીહરિને ગુલાબ તથા મોગરાના ફુલો, તેમજ ચમેલી, ચંપો વગેરે પુષ્પોના હારો, બાજુબંધો, તોરાઓ, વગેરે ધારણ કરાવ્યા. (૫૫) તેટલામાં વાદ્યોના ઘોષ સાથે પોતાની મોટી ચતુરંગિણી સેનાએ યુક્ત રાજા ત્યાં આવ્યા. (૫૬) પછી રાજા પોતાના વાહનથી ઉતરીને કારભારીઓ સાથે તે સુંદર સભામાં આવીને અતિ પ્રભાવશાળી દિવ્ય શ્રીહરિને નમસ્કાર કર્યા. શ્રી હરિએ તેમનું યોગ્ય સન્માન કર્યું અને હર્ષથી તેમને સભામાં બેસાડ્યા. (૫૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિનું નવાનગરમાં આગમન નિરૂપણ નામે બત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૨)



અધ્યાય ૩૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી તે રાજાએ શ્રીહરિની પ્રાર્થના કરીને સોનાની અંબાડીથી અતિ રમણીય દેખાતા વિવિધ પ્રકારના અલંકારોથી અલંકૃત, ગજેન્દ્ર ઉપર શ્રીહરિને બેસાડ્યા. (હાથીના અલંકારો : શોભાયમાન બંને બાજુઓના પાટીઆં, સૂર્યમુખી કલ્કીઓએ સહિત હાથીના કંઠમાં ઘુઘરમાળા, પગમાં નુપૂર, હાથીના બંને કાનની પાછળ બે ચામરો તથા સોનેરી ઝુલ વગેરેથી શણગારેલો એમ જાણવું.) (૧) પછી રત્નજડિત સુવર્ણનો દંડ તથા ચામર હાથમાં લઈને મહાપુણ્યશાળી તે રાજા શ્રીહરિની પાછળ હાથી ઉપર બેસીને જન્મમરણની પીડાને હરનાર શ્રીહરિ ઉપર ચામર ઢોળતા હતા. (૨)

તે સમયે સાધુગણો તથા વર્ણીઓ સર્વે બીજા હાથીઓ ઉપર બેઠા. મયારામ ભટ્ટ વગેરે શ્રીહરિના કેટલાક ભક્તો શિબિકા, રથ, એવા ઉત્તમ શોભાયમાન વાહનોમાં બેઠા. (૩) પુરના સમગ્રજનોને દર્શનીય છે એક માત્ર સ્વરૂપ જેમનું તે કરુણા દૃષ્ટિવાળા, સૌંદર્યના નિધિરૂપ અંગવાળા શ્રીહરિ, રાજાની સેના તથા પોતાના મુનિ વગેરે સાથે ચાલ્યા. (૪)

ઊંચા સ્વરથી છડી પોકારતા શ્રીહરિની આગળ ચાલતા હતા. જય ઘોષ કરતા ઘોડેસવારો છડીદારોની આગળ ચાલતા હતા. (૫) હાથીઓના સમુદાયમાં ચાલતા મહાદ્વીપેન્દ્ર, ઉપર અત્યંત શોભતા શ્રીહરિએ નગરમાં પ્રવેશ કર્યો, તે સમયે શરણાઈઓ, રણશિંગા, ઢોલ, નગારાં, ઝાંઝ, મૃદંગ વગેરે વાદ્યોનો સુંદર ધ્વનિ ત્યાં થતો હતો. (તે નગરમાં રાજમાર્ગો, બજારો તથા ચોક વાળીને સ્વચ્છ કર્યા હતાં. તે ઉપર જળના છંટકાવથી તે માર્ગો શોભાયમાન દીસતા હતા. તે રાજમાર્ગો, બજારો તથા ચોખંડીઓ, પંક્તિબદ્ધ એક સરખી ઊંચી હવેલીઓ તથા પંક્તિબદ્ધ બજારોની દુકાનોથી પણ શોભતા હતા.) (૬-૭)

ઊંચા મનોહર કોટથી વીંટાયેલું, વર્ષાઋતુમાં દેખાતા ઈન્દ્ર ધનુષ્યની ઉપમા આપવા યોગ્ય, દરવાજાઓથી શોભતું, ગૃહોને યોગ્ય, બગીચાઓની શોભાથી યુક્ત, દેવતાઓના સુંદર મંદિરોથી શોભતું (૮) પુરની સેનાને રહેવાના સ્થાનો, કોઠા તથા ઉજ્વળ અગાશીઓ તથા સભાસ્થાનો, મેડીઓ વગેરેની શોભાથી યુક્ત પંક્તિબદ્ધ બજારોમાં વેચવાની હારબદ્ધ ગોઠવેલી વસ્તુઓથી શોભતું, અતિ સુંદર તોરણોથી દેદીપ્યમાન. (૯)

રમણીય વસ્ત્રોથી બનાવેલા ધ્વજોની પંક્તિઓને લઈને સૂર્યનો તાપ જેમાં પ્રવેશ કરી શકતો નથી. જે સ્વર્ગની ઉપમા આપવા યોગ્ય છે. જ્યાં દેવ મંદિરોમાં કર્ણને પ્રિય લાગે તેવા વાજિંત્રો વાગી રહ્યા હતા, તેમજ પ્રાર્થના ગીતો ગવાતાં હતાં. (૧૦)

આવી શોભાથી યુક્ત તે નગરમાં શ્રીહરિએ પ્રવેશ કર્યો ત્યારે તે અધિક શોભાવાળું દીસતું હતું. મંગળરૂપ, દિવ્ય મૂર્તિ, સકળ જગત પ્રસિદ્ધ શ્રીહરિએ જ્યારે તે નગરમાં પ્રવેશ કર્યો ત્યારે તેમના દર્શન માટે ઘરના તમામ કામકાજનો જેમણે ત્યાગ કરી દીધો છે એવા પુરવાસીઓના સમૂહો, તે સમયે ત્યાં તત્કાળ આવતા હતા. (૧૧) હે રાજન્ ! શ્રીહરિનાં દર્શન માટે રાજમાર્ગમાં લોકોની મેદની એવી સખત હતી કે લોકો એક બીજા ઉપર પડતા હતા. તેથી જાણે સમુદ્ર મર્યાદાનું ઉલ્લંઘન કરતો હોય તેમ જણાતું હતું. (૧૨)

પુરના કેટલાક જનો તથા પુરની કેટલીક સ્ત્રીઓ હવેલીઓના બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા તથા સાતમા માળની જાળીઓ તથા અગાશીઓમાં બેસીને દર્શન કરતી હતી. સ્નેહાર્દ્ર અંતઃકરણ યુક્ત સ્ત્રીઓ તથા પુરુષો અત્યંત હર્ષપૂર્વક સોના, રૂપા, જુઈ, મોગરા વગેરે ફુલોથી શ્રીહરિને વધાવતા હતા. (૧૩)

મેઘના ધ્વનિની ગર્જનાની, જેમ નાના પ્રકારના સુંદર માંગલિક વાદ્યોના ઘોષ સમગ્ર શબ્દોને ઢાંકી દેતા હતા. તેથી લોકો એકબીજાની વાણી સાંભળી શકતા ન હતા. (૧૪) આધ્યાત્મ, આધિભૂત અને આધિદૈવ એ ત્રિવિધ તાપનું જેમના દર્શનથી નાશ થઈ જાય છે એવા, વળી કરોડો, કામદેવનો ગર્વ જેમના રૂપથી નાશ થાય છે, એવા, શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કરીને ચકોર પક્ષી પૂર્ણ ચંદ્રમાને જોઈને જેમ આનંદ પામે તેમ તે સર્વે સર્વોત્કૃષ્ટ શાંતિ પામ્યા. (૧૫) હે રાજન્ ! સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા પ્રાણી સમુદાયોના ઉદ્ધારમાં નૌકારૂપ, જનોનો ઉદ્ધાર કરવામાં અતિ નિપુણ એવા, શ્રીહરિએ પોતાના દર્શન પુરના જનોને કેવળ કૃપાથી જ આપ્યાં. (૧૬)

પુરની બહાર છતાં સમીપમાં, રાજાના મનોહર બગીચામાં, વિશાળ ઊંચી હવેલીઓથી અત્યંત શોભાયમાન પોતાના આશ્રિતો સાથે શ્રીહરિએ નિવાસ કર્યો. (૧૭) શુદ્ધ સુવર્ણના સ્તંભોથી શોભાયમાન, વિવિધ પ્રકારની કાચની હાંડીઓ તથા જુમરોથી યુક્ત, મોતીના તોરણોથી શોભતા, વિસ્તૃત સભાસ્થાનમાં (૧૮) બહુ મૂલ્યવાળા કોમળ ઓછાડ બિછાવેલ જેના ઉપર તકિયા તથા ઓશીકાઓ બિછાવેલા છે તેવા ઊંચા મનોહર આસન ઉપર હે રાજન્ ! શ્રીહરિ વિરાજમાન થયા. પછી ત્યાગીજનો પણ યથા યોગ્ય સભામાં બેઠા. (૧૯)

સભામાં રાજા વગેરે પણ યથા યોગ્ય બેઠા. તેમજ શ્રીહરિના આશ્રિત ગૃહસ્થો તથા બીજા જનો પણ બેઠા. પછી સમગ્રજનો રમણીય રૂપવાળા શ્રીહરિના દર્શન અતૃપ્ત નયને કરવા લાગ્યા. (૨૦)

અર્થ ગૌરવવાળી અત્યંત મધુર, સુધારસનો તિરસ્કાર કરનારી, વેદો તથા શાસ્ત્રોના અર્થને અનુસરનારી, અજ્ઞાનને નાશ કરનારી, વિદ્વાનોને પણ આશ્ચર્ય કરનારી, કલ્યાણકારી વાતો તે સભામાં શ્રીહરિ કરવા લાગ્યા. (૨૧) શ્રીહરિએ લોક કલ્યાણ માટે કહેલી શાસ્ત્ર પ્રમાણવાતો સાંભળીને, અત્યંત આનંદ પામેલા રાજા, શ્રીહરિને પ્રણામ કરીને તેમ જ તેમની સ્તુતિ કરીને, શ્રીહરિની આજ્ઞાથી સૈન્યથી વીંટાયેલા પોતાના મહેલમાં પધાર્યા. (૨૨)

પછી રાજા પોતાના સેવકો પાસે રસોઈ માટે લોટ, ચોખા, દાળ, તાજું ઘી, સાકર વગેરે તમામ સામગ્રી તથા શાક તેમ જ રસોઈના વાસણો વગેરે મોકલાવતા હતા. (૨૩)

હે રાજન્ ! પછી નરનાટ્યધારી ધર્મપુત્ર શ્રીહરિને મુકુંદાનંદ વર્ણીએ સ્નાન કરાવ્યું. ત્યારબાદ સંધ્યા વંદન કરીને, અમૃત સમ ભોજન વિષ્ણુને નિવેદન કરીને, શ્રીહરિ જમવા લાગ્યા. (૨૪) જમ્યા પછી મુખ તથા બંને હાથ ધોઈને, ઉત્તમ મુખવાસ લઈને શ્રીહરિ પોતાને યોગ્ય વસ્ત્રો ધારણ કરીને હે રાજન્ ! પોતાના ઉતારેથી આવીને સભામાં પોતાના સિંહાસનમાં બિરાજ્યા. (૨૫) તેટલામાં શ્રીહરિના સમગ્ર આશ્રિત ત્યાગીજનો તથા શ્રીહરિની સાથે આવેલા ભક્તજનો રસોઈ કરીને જમ્યા. પછી સભામાં આવીને યથાયોગ્ય બેઠા. (૨૬)

સંધ્યા સમયે આરતી થયા પછી શ્રી હરિના દિવ્ય નામોનું ઉચ્ચારણ કરીને, ધર્મના પુત્ર શ્રીહરિ સભામાં પોતાના આસન ઉપર સૌથી પહેલાં બિરાજી ગયા. ત્યારબાદ ભક્તો બેઠા. (૨૭) અત્યંત ભક્તિવાળા, નિર્નિમેષ દૃષ્ટિ જેમની છે એવા શ્રીહરિ, સભામાં બેઠેલા પોતાના સમગ્ર આશ્રિતોને દર્શન આપતા, સભામાં બેઠેલા ભક્તોને અત્યંત આનંદ આપતા સંસારની આપત્તિઓને નાશ કરનારી વાતો કરવા લાગ્યા. (૨૮)

પછી પરમેશ્વર શ્રી ધર્માત્મજ શ્રીહરિએ રસ્તામાં ચાલવાથી ભક્તોને થાક લાગ્યો હશે તે જાણીને તેમને સર્વેને સુવાની આજ્ઞા કરી. પછી શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા અને પોતાની સેવાનો અવસર પામેલી મંગળકારી યોગનિદ્રાને શ્રીહરિએ અંગીકાર કરી. (૨૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં, શ્રીહરિએ નવાનગરમાં પ્રવેશ કર્યો તેની શોભાનું વર્ણન નામે તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૩)



અધ્યાય ૩૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- બ્રાહ્મમુહૂર્તમાં યોગનિદ્રાનો ત્યાગ કરીને શ્રીહરિ પોતાના અનન્ય અને સદા આનંદમય સ્વરૂપનું ચિંતવન કરતા હતા. (૧) ત્યારબાદ શ્રીહરિને તેમના પાર્ષદોએ જળપાત્ર તથા પાદુકા આપ્યા. હે રાજન્ ! શ્રીહરિએ શૌચ વિધિ કરીને હાથ, પગ ધોઈ, મુખ પ્રક્ષાલન કરીને દંત ધાવન કર્યું. (૨) સેવામાં સદા પ્રીતિવાળા મુકુંદાનંદ વર્ણીએ સુગંધિમાન સ્વચ્છ જળથી શ્રીહરિને સ્નાન કરાવ્યું. (૩)

પછી શ્રીહરિએ રૂમાલથી પોતાના અંગો લૂછી મુકુંદાનંદ વર્ણીન્દ્રે આપેલું પીતાંબર ધારણ કર્યું. (૪) વર્ણીએ આપેલું પીતાંબર ધારણ કરીને, શ્રીહરિ બંને પાદુકાઓ પહેરીને, પોતાને યોગ્ય શુદ્ધ પૂજા સ્થાનમાં પધાર્યા. (૫) પછી શ્રીહરિએ દર્ભના આસન ઉપર પાથરેલા મૃગચર્મ અને તે ઉપર પાથરેલા

રમણીય વસ્ત્રની શોભાયુક્ત આસનમાં બિરાજી પોતાનો સર્વ નિત્યવિધિ કર્યો. (૬)

પછી વિવિધ પ્રકારના ભોજનો વિષ્ણુને નિવેદન કરી શ્રીહરિ પોતાના ભક્તોને દર્શન દેતા જમતા હતા. (૭) ત્યારબાદ શ્રીહરિએ મુકુંદાનંદ બ્રહ્મચારીએ સુવર્ણ પાત્રમાં લાવેલા જળથી હાથ તથા મુખ ધોઈને મુખવાસ ગ્રહણ કર્યો. (૮)

હે મહીપતે ! તેટલામાં શ્રીહરિના આશ્રિત સર્વે ત્યાગીઓ તથા ગૃહસ્થો જુદી જુદી રસોઈ કરીને ભોજન કરતા હતા. (૯) પછી પાર્ષદોમાં ઉત્તમ રત્નજીત પાર્ષદે શ્રીહરિને અલંકાર ધારણ કરાવ્યા, તેથી અધિક શોભતા શ્રીહરિ સભામાં રહેલા પોતાના ઊંચા આસનમાં બિરાજ્યા. (૧૦) ત્યારબાદ શ્રીહરિના સંતો તથા ગૃહસ્થો પણ શ્રીહરિના દર્શન કરવામાં પ્રીતિવાળા યથાયોગ્ય બેઠા. (૧૧) તેટલામાં રાજા પોતાના અમાત્ય વગેરે તથા પોતાનું સૈન્ય પુરના જનો, પંડિતો વગેરેથી વીંટાયેલા ત્યાં આવ્યા. (૧૨)

પછી રાજા સભામાં આવ્યા. શ્રીહરિને પ્રણામ કરીને તે સભામાં પ્રીતિપૂર્વક બેઠા. (૧૩) પછી રાજાના મંત્રી તથા સમગ્ર પંડિતો વગેરેને શ્રીહરિને સન્માનપૂર્વક સભામાં પોતપોતાની યોગ્યતા પ્રમાણે બેસાડ્યા. (૧૪)

તે સમયે તે સભામાં શાસ્ત્રાભ્યાસ પરાયણ, મદોદ્ધત કૌલમતના બ્રાહ્મણો અતિ મત્સરપૂર્વક હે રાજન્ ! અચ્યુત શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૫) હે ગુરુરાજ ! તમોએ આ અમારો મત અપ્રમાણ છે એમ કહ્યું છે. એવું અમોએ સાંભળ્યું છે. તેમ કહેવું એ તમારા જેવા અતિ મોટા પુરુષને યોગ્ય નથી. (૧૬) વેદ, શાસ્ત્ર, પુરાણને જાણનારા (**मधु वाता ऋतायते** વેદ વચન છે, તેમાં મધુપાન કરવાનું કહ્યું છે. વળી **पीत्वा पीत्वा पुनः पीत्वा** ઇત્યાદિ શાસ્ત્ર વચનો પ્રમાણે પણ મદ્યપાન કરવાનુ કહ્યું છે. ''**तिष्ठ तिष्ठ क्षणं मूढ मधु यावत् पिबाम्यहम्**''એમ માર્કંડેય પુરાણમાં મધુપાન વિહિત છે.) પ્રસિદ્ધ છે. કીર્તિ જેમની એવા સત્પુરુષોને માનનીય તમો અમારા મતનું હંમેશા ખંડન શા માટે કરો છો ? (૧૭)

હે વિદ્વન્ ! સર્વમતમાં અમારો મત શ્રેષ્ઠ છે. તેથી મોક્ષની ઇચ્છાવાળાઓને અમારો મત ગ્રહણ કરવા યોગ્ય છે. તે સર્વ પ્રકારની ઇચ્છિત સિદ્ધિઓ આપનારો છે. (૧૮) યોગી હોય તે ભોગી બની શકતો નથી. ભોગી હોય તે યોગી બની શકતો નથી. અમારો કૌલમત તો યોગ અને ભોગ બંને અર્થોને પ્રતિપાદન કરનારો છે. માટે સર્વથી અધિક માનેલો છે. (૧૯) કાશીનગરી સમાન આ શહેરમાં શાસ્ત્રને જાણનારા અજેય વિદ્વાનો છે. તેમાં રાજાના જનોએ માનેલા અમો મુખ્ય છીએ. (૨૦) આવું તેમનું વચન સાંભળીને અવતારી શ્રીહરિ તેમને ઉત્તર આપવા જાય છે ત્યાં શ્રીહરિને રાજા કહેવા લાગ્યા. (૨૧)

હે સ્વામિન્ ! તમો તો સાક્ષાત ઈશ્વર છો, તેથી તમારી સાથે શાસ્ત્રાર્થ કરવા માટે આ બ્રાહ્મણો યોગ્ય નથી. તેથી તેમની સાથે તમારા વિદ્વાન સંતો ભલે શાસ્ત્રાર્થ કરે. (૨૨) આ પ્રમાણે રાજાનું વચન સાંભળીને તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે વિદ્વાનોમાં શ્રેષ્ઠ, સંતોમાં અગ્રેસર મુક્તાનંદ મુનિને શ્રીહરિએ પ્રેરણા કરી. (૨૩)

શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ મુનિએ હે રાજન્ ! પ્રતિવાદના આગ્રહવાળા પ્રતિવાદીઓને વેદશાસ્ત્રોના પ્રમાણોથી તત્કાળ જીતી લીધા. (૨૪) પરાજયથી જેમનાં મુખ સંકોચાઈ ગયાં છે તેવા કૌલમતના પંડિતો શરમથી નત મસ્તક બની તર્કબુદ્ધિ જેમની નાશ થઈ છે. તેવા બની, શાસ્ત્રાર્થ કરવા માટે શક્તિમાન થયા નહીં. (૨૫)

પછી અદ્વૈત પ્રતિપાદન કરનારા બીજા વિદ્વાન બ્રાહ્મણો અન્ય વિદ્વાનોને જીતવાથી અભિમાની બનેલા વિદ્વાનોનો પરાભવ કરવા માટે શ્રીહરિએ ગોપાળાનંદ મુનિવરને પ્રેરણા કરી. ગોપાળાનંદમુનિ પ્રખર ઉપદેષ્ટા તેમજ વેદો તથા વેદાંગોનો પાર પામેલા હતા. હે રાજન્ ! ગોપાળાનંદ મુનિ અદ્વૈતવાદી પંડિતોએ જે જે પ્રશ્નો કર્યા તેના પ્રત્યુત્તરો વેદશાસ્ત્રના પ્રમાણોથી કરતા હતા. (૨૬-૨૮) તેથી ગર્વ રહિત થયેલા, મ્લાન મુખવાળા અદ્વૈતવાદી પંડિતો પોતાના પ્રયત્નો નિષ્ફળ થયા છે તે જાણી મૌન બની સભામાં બેસી રહ્યા. (૨૯)

પછી ગોસ્વામી મતને આશરેલા શાસ્ત્રને જાણનારા (તેમના મતમાં શ્રીમદ્‌ભાગવતની ટીકા સુબોધિની-ટીપણી તથા વિદ્વન્મંડન કલ્લોલ વગેરે ગ્રંથોને જાણનારા) વિદ્વાન બ્રાહ્મણોને જીતવા માટે શ્રીહરિએ સત્પુરુષોમાં શ્રેષ્ઠ પ્રાજ્ઞ નિત્યાનંદ મુનિને પ્રેરણા કરી. (૩૧) જે નિત્યાનંદ મુનિ વેદશાસ્ત્રના તત્ત્વને જાણનારા, શાસ્ત્રાર્થમાં પ્રગલ્ભવાણીવાળા વિદ્વાનોને જીતવામાં અતિ પ્રસિદ્ધ અને બૃહસ્પતિ જેવા વક્તા હતા. (૩૨)

નિત્યાનંદ મુનિ વેદશાસ્ત્રના પ્રમાણોવાળા વાગ્બાણો વડે, જેન રઘુપતિ રામચંદ્રજી, રાવણ, કુંભકર્ણ, ઈન્દ્રજીત વગેરે યોદ્ધાઓને બાણોવડે વીંધી પરાભવ કરતા હતા, તેમ સર્વે વાદ કરનારાઓને જીતતા હતા. (૩૨) પછી પરાભવ પામેલા તે પંડિતો જેમનું સર્વ પરાક્રમ નષ્ટ પામ્યું છે એવા બની જેમ કુમુદ દિવસે સંકોચ પામે તેમ સંકોચ પામી ગયા. (૩૩)

પછી શ્રીહરિએ પાશુપત મતને આશરેલા વિદ્વાન બ્રાહ્મણોને જીતવા માટે શાસ્ત્રને જાણનારા બ્રહ્માનંદને પ્રેરણા કરી. (૩૪) જેની ઉક્તિઓ ખંડિત નથી એવા મહામુનિ, ધર્મશાળી, બ્રહ્માનંદ પણ વેદ તથા શાસ્ત્રના પ્રમાણોથી બીજાઓને દુર્જય એવા સમગ્ર પંડિતોને જીતતા હતા. (૩૫) તેથી વિભ્રાંત ચિત્તવાળા પંડિતો કાંઈ પણ બોલી શક્યા નહીં અને કાષ્ઠની પ્રતિમા સમ જડ બની તે સભામાં બેસી રહ્યા. (૩૬)

શ્રીહરિની પ્રેરણાથી મુક્તાનંદાદિ સંતો જે જુદા જુદા શાસ્ત્રમાં વિશારદ હતા તેમણે વિવિધ પ્રકારના મતના આશ્રયવાળા પંડિતોને શ્રીહરિના પ્રતાપથી જીતી લીધા. (૩૭) રૂડી બુદ્ધિવાળા મુક્તાનંદાદિ સાધુઓએ આવી રીતે સર્વ વિદ્વાનોને વેદ શાસ્ત્રના પ્રમાણોથી જીતીને હે રાજન્ ! સર્વ મતોમાં શ્રેષ્ઠ, સજ્જનોને પ્રિય વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન કર્યું. (૩૮-૩૯)

આ પ્રકારે શ્રીહરિના સાધુઓનો ઉત્કર્ષ જોઈને નરેશ્વર તથા કારભારી તેમ જ સભામાં બેઠેલા સભાજનો હર્ષ પામ્યા. (૪૦) મહા આશ્ચર્ય પામેલા રાજા શ્રીહરિનો પ્રતાપ જાણીને તેમના સાધુઓએ પંડિતોનો પરાજય કર્યો તેમાં કેવળ સ્વામિનારાયણનો જ પ્રતાપ કારણભૂત છે. એમ જાણીને ઊંચા સ્વરથી 'જય સ્વામિનારાયણ' આ પ્રમાણે બોલ્યા. (૪૧)

પછી અમાત્ય પણ તેવી રીતે 'જય સ્વામિનારાયણ' (સ્વામિનારાયણ ભગવાનની જય) બોલ્યા. તેમ જ સભાજનો જેમના મુખ તથા નેત્ર પ્રફુલ્લિત છે. તે શ્રીહરિના આશ્રિત ત્યાગી તથા ગૃહસ્થો સર્વે ઊંચા સ્વરથી 'સ્વામિનારાયણની જય' આ પ્રમાણે બોલ્યા. (૪૨)

પછી પ્રસન્ન થયેલા રાજાએ શ્રીહરિનું પૂજન કરવા માટે વિવિધ પ્રકારના ઉપચારો પોતાના અમાત્યો પાસે મંગાવ્યા. (૪૩) રમણીય સુવર્ણમય, મહા અમૂલ્ય ચળકતાં વસ્ત્રો તથા સુવર્ણના કંકણ, બાજુબંધ, રત્નજડિત સુવર્ણની વીંટીઓ તથા ચળકતા મણિજડિત સુવર્ણના હાર, અતિ સુંદર સાચા મોતીઓની મોટી માળાઓ, કર્ણના ગુચ્છો, મોતીઓ, તથા રત્ન જડેલાં વિચિત્ર શિરપેચ વગેરે ભૂષણો, મણિજડિત સુવર્ણના બીજાં ભૂષણો તથા કસ્તુરી, કુંકુમ, અક્ષત, પુષ્પના હાર, ધૂપ વગેરે સર્વ ઉપચારોથી રાજા શ્રીહરિને પૂજતા હતા. (૪૪-૪૭)

ગુલાબજળ તથા અતિ સુગંધિમાન અત્તર શ્રીહરિને ચર્ચીને રાજાએ શ્રીહરિની આગળ સુવર્ણના મોટા થાળમાં રૂપિયાનો ઢગલો કર્યો. (૪૮) તેવી રીતે રાજાએ શ્રીહરિની આગળ સોનાની મુદ્રાઓ રૂપાના મોટા થાળમાં મોટો ઢગલો કરીને પ્રીતિપૂર્વક મહાનીરાજ કરી. (૪૯)

આ પ્રમાણે શ્રીહરિની પૂજા કરીને રાજા સભામાં બેઠા. પછી અમાત્યો પાસે સાધુઓની પૂજા કરાવી. (૫૦) ત્યારબાદ શ્રીહરિના આશ્રિત હરિશર્મા બ્રાહ્મણ, હરિકૃષ્ણ તથા બહેચર શર્મા વગેરે બ્રાહ્મણો પણ કુંકુમ, અગર ચંદન, કસ્તુરી પુષ્પની માળાઓ તથા વિવિધોપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૫૨) પછી શ્રીહરિના ઉપાસક ગજાદિ, બ્રાહ્મણોની માફકજ વિવિધ પ્રકારના પૂજા દ્રવ્યોથી શ્રીહરિનું પૂજન હર્ષ પૂર્વક કરતા હતા. (૫૩) ત્યારબાદ ઉકા, જયરામ, ઉદ્ધવ, ડાહ્યા ભક્ત, જીવા ભક્ત વગેરે વૈશ્યો શ્રીહરિનું પૂજન કરતા હતા. (૫૪)

હે રાજન્ ! દયાનિધિ શ્રીહરિએ કરમાઈ ગયેલા મુખવાળા પંડિત બ્રાહ્મણોને રાજા પાસે દક્ષિણા અપાવી અને તેમનો સત્કાર કરાવ્યો. પૂર્ણકામ, નિસ્પૃહ શ્રીહરિએ રાજાએ અર્પણ કરેલું સર્વ દ્રવ્ય તે બ્રાહ્મણોને અર્પણ કરી દીધું. (૫૫-૫૬) પછી શ્રીહરિએ તે પંડિત બ્રાહ્મણોની પ્રશંસા કરી રાજાને કહ્યું, હે રાજન્ ! તમારા પુરમાં આ સારા પંડિતો છે. (૫૭)

હે મહીપતે ! અમારા મુનિઓએ જ્યારે એ પંડિતોના પ્રશ્નોનો વેદશાસ્ત્રના પ્રમાણોથી યથાર્થ ઉત્તર કર્યો ત્યારે ન્યાયયુક્ત તે સાધુઓના પ્રમાણ વચનો પંડિતોમાં શ્રેષ્ઠ આ વિદ્વાનોએ માન્ય કર્યાં. માટે આ પંડિતો શાસ્ત્ર પ્રતિપાદિત સિદ્ધાંતોને તથા શાસ્ત્રની રીતને જાણે છે. (૫૮-૫૯) હે રાજન્ ! જે પંડિતો પોતાના વાક્યનું સ્થાપન કરવા માટે દુરાગ્રહ કરે છે, વેદશાસ્ત્રના પ્રમાણોની ઉક્તિઓને માનતા નથી, તે પંડિતો નથી. પરંતુ વિતંડાવાદી છે. (૬૦)

આ પંડિતો તો પ્રમાણ યુક્ત ન્યાયના વચનો સાંભળી દુરાગ્રહ કરતા નથી. માટે આ પંડિતો યોગ્ય છે. (૬૧)

આ પ્રકારે કહીને પરાભવથી વ્યથા પામેલા તે પંડિતોને શ્રીહરિએ, દયાથી શાંત કર્યા. શ્રીહરિ વિનયપૂર્વક તે રાજાને ફરી કહેવા લાગ્યા. (૬૨) હે રાજન્ ! આ ભક્તજનો અમારી સેવા માટે સમગ્ર સામગ્રીઓ તૈયાર કરીને મને પોતાના ગામમાં લઈ જવા માટે માંડવીપુરથી આવ્યા છે. (૬૩)

તે સમયે તે ભક્તો પણ કહેવા લાગ્યા, હે હરે ! અમારી સામગ્રી લોટ વગેરે વેચી દેવો પડશે. માટે હે સત્પતે ! અમારા પુરમાં પધારો. (૬૪)

આવી રીતે માંડવીપુરના હરિભક્તોના વચન સાંભળીને હે રાજન્ ! ભક્ત વત્સલ શ્રીહરિએ અમે હવે જઈશું આવી રીતે રાજાને કહ્યું. (૬૫)

પછી નિપુણ રાજાએ શ્રીહરિને કહ્યું હે હરે ! આ પુરમાં નિવાસ કરીને તમો મારા વંશ પરિવારને તથા પુરના જનોને પવિત્ર કરો. (૬૬) રાજ્યના મદથી આંધળા રાજાઓને તમારી પ્રાપ્તિ તો અતિ દુર્લભ છે. માટે હે પ્રભો ! દયા કરીને અહીં તમો લાંબા સમય સમય સુધી વાસ કરો. (૬૭) આ પ્રકારે આગ્રહ કરતા વિનયવાળા રાજાને હે રાજન્ ! શ્રીહરિએ કહ્યું, અમે હવે રહીશું નહીં. (૬૮)

પછી વિચક્ષણ રાજાએ શ્રીહરિની ઈચ્છા જાણીને તત્કાળ કારભારીઓ પાસે પોતાનું સૈન્ય, પૂર્વની માફક, તૈયાર કરાવ્યું. (૬૯) હે રાજન્ ! પછી શ્રીહરિ તૈયાર થયા. સાધુઓ, વર્ણીઓ, ઘોડેસવારો તથા પાર્ષદો પણ તત્કાળ તૈયાર થયા. (૭૦) પછી રાજાએ પ્રાર્થના કરીને શ્રીહરિને અંબાડીએ યુક્ત શણગારેલા રમણીય હાથી ઉપર બેસાડ્યા. (૭૧)

પછી રાજા રત્નજડિત સુવર્ણ દંડવાળું રમણીય ચામર હાથમાં ગ્રહણ કરીને હર્ષપૂર્વક તે હાથી ઉપર શ્રીહરિની પાછળના ભાગમાં બેઠા. (૭૨) વિવિધ પ્રકારના વાદ્યોના ઘોષ કરતા રાજાના સૈન્ય સાથે, રાજા જેમને ચામર વીંઝે છે તે શ્રીહરિ, રાજમાર્ગથી જતા હતા. (૭૩) હે રાજન્ ! તે સમયે શ્રીહરિની આગળ પ્રીતિપૂર્વક છડીદારો છડીના શબ્દો બોલતા ચાલતા હતા. (૭૪) તેમની આગળ ઘોડેસવારો ચાલતા હતા. તેમની આગળ શ્રીહરિના પાર્ષદો તથા તેમની આગળ સમગ્ર વર્ણીઓ ચાલતા હતા. તેમની આગળ હર્ષ પામેલો સંતો ચાલતા હતા. (૭૫)

હે મહીપતે ! ત્યાંના ભક્તજનો શ્રીહરિનો વિયોગ સહન ન કરી શકવાથી આંખમાં અશ્રુ સાથે શ્રીહરિને વળાવવા માટે ચાલતા હતા. (૭૬) રાજમાર્ગમાં પુરજનોએ શ્રીહરિના આગમન સમયે જેમ શ્રીહરિને પુષ્પોથી વધાવ્યા હતા. તેમ વધાવતા દર્શનીય શ્રીહરિ રાજા સહિત પુરમાંથી બહાર નીકળ્યા. (૭૭)

પુરથી બહાર શ્રીહરિએ એક ગાઉ દૂર જઈને હાથી ઉપરથી ઉતરીને પોતાના અશ્વ ઉપર બેઠા. (૭૮) પછી ભગવાન શ્રીહરિ અતિ રમણીય વચનોથી રાજાને સમ્યક્ પ્રકારે પ્રસન્ન કરતા કહેવા લાગ્યા. હે રાજન્ ! પ્રજાનું પાલન કરતાં હંમેશા ધર્મે યુક્ત શ્રીહરિની ભક્તિ કરો. તમે તમારા પુર પ્રત્યે જાઓ. એમ રાજાને તથા ભક્તોને કહીને તે સર્વેને પાછા વાળીને પોતાના ઘોડેસવારો મુનિઓ, વર્ણીઓ, પાર્ષદોની સાથે પુરથી ચાલ્યા. (૭૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં મુક્તાનંદાદિ મુનિ દ્વારા એ શ્રીહરિએ મતવાદીઓનો પરાજય કરાવ્યો. તે નિરૂપણનો ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૪)



અધ્યાય ૩૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ નવાનગરથી થોડે દૂર ગયા ત્યાં નદી આવી. ત્યાંથી તેમણે મુક્તાનંદાદિ સાધુઓને આગળ મોકલ્યા. (૧) માંડવીપુરના નિવાસી ભક્તજનોને પણ સાધુઓ સાથે જવા માટે આજ્ઞા કરી. (હે ભક્તો ! આ સાધુોની સાથે તમે આગળ જાઓ. હું તો સ્નાન કરીને થતા નિત્ય વિધિ કરીને પછીથી આવું છું.) પછી શ્રીહરિ વર્ણીઓ, પાર્ષદો, ઘોડેસવારોની સાથે નદીમાં સ્નાન કરવા માટે રોકાયા. (૨)

શ્રીહરિ, શૌચવિધિ કરીને તથા સ્નાન કરીને, નદીને કાંઠે પાર્ષદે પાથરેલા સુંદર આસન ઉપર બિરાજ્યા. (૩) તે વખતે હે રાજન્ ! દ્વારિકામાં નીમાયેલા બ્રાહ્મણ અધિકારીએ પ્રેરણા કરવાથી એક બ્રાહ્મણ તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યો. (૪)

ગુજરાતના રાજાના કારભારી ધર્મનિષ્ઠાવાળા, સત્ય પ્રતિજ્ઞાવાળા તથા જેમને પંડિતો પ્રિય છે. એવા દક્ષિણી બ્રાહ્મણો હતા. (૫) શ્રીહરિના આશ્રિત માણાવદરના નિવાસી એક પુરાણી બ્રાહ્મણની સમીપમાં તે વસતા હતા. અને ભાગવત પુરાણાદિની કથા સાંભળતા હતા. (૬) તે પુરાણી ભક્ત કથા પ્રસંગોમાં તે અધિકારીને પ્રત્યક્ષ ભગવાનના લક્ષણ તથા શ્રીહરિનો સર્વોત્તમ દિવ્ય પ્રતાપ તથા ગુણો કહેતા હતા. (૭)

દ્વારિકામાં અધિકાર પદને પામેલા આ મુમુક્ષુ દક્ષિણી બ્રાહ્મણ, તે પુરાણી પાસેથી શ્રીહરિના ગુણો તથા પ્રતાપ જાણીને, શ્રીહરિમાં આસક્તિવાળા થયા અને શ્રીહરિના દર્શન કરવા ઈચ્છતા હતા. (૮) તે અધિકારી બ્રાહ્મણને પુરાણી ભક્તે શ્રીહરિ નવાનગરમાં પધાર્યા છે તે કહ્યું એટલે શ્રીહરિનું આગમન સાંભળીને જ તેમના દર્શનની ઈચ્છાવાળા હોવાથી, તે અત્યંત પ્રસન્ન થયા. (૯)

તે અધિકારી બ્રાહ્મણે શ્રીહરિને પોતાના પુરમાં લઈ જવા માટે તે પુરાણી બ્રાહ્મણને મોકલ્યા. તે બ્રાહ્મણ નવા નગરમાં ગયા અને ત્યાંના ભક્તોને પૂછીને ત્યાંથી ચાલ્યા અને શ્રીહરિને નદીકાંઠે ભેગા થયા. (૧૦) પછી તે પુરાણી બ્રાહ્મણ શ્રીહરિને પ્રણામ કરીને તેમને પત્ર આપીને, હે મહીપતે ! દ્વારિકા પ્રાન્તના અધિકારી આ દક્ષિણી બ્રાહ્મણનો દઢભાવ તથા ધર્મિષ્ઠપણું શ્રીહરિને કહેતા હતા. (૧૧)

શ્રીહરિ પત્ર વાંચીને તેમનો શુભાશય જાણીને વર્ણીઓ તથા પાર્ષદોને મળીને પોતે વિચાર કરવા લાગ્યા. (૧૨) હે પાર્ષદો ! હે વર્ણીઓ ! આપણે દ્વારિકાપુરીમાં જવાનું છે. માટે તમે સર્વે તત્કાળ તૈયાર થાઓ. (૧૩) જે મુનિઓ માંડવીનગરમાં આગળ ગયા છે. તે તો સર્વે ત્યાં મુમુક્ષુઓને ભગવાની

વાર્તા કરતા ત્યાં જ રહેશે. (૧૪) માંડવી નગરના નિવાસી ભક્તો અહીં સાધુઓને આવવા નહીં દે. માટે તે સાધુઓ આપણી વાટ જોતા ત્યાં જ રહેશે. (૧૫)

તેમની સાથે આવો વિચાર કરીને શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બેસીને વર્ણીઓ તથા ઘોડેસવારોથી વીંટાઈને દ્વારિકાપુરી જતા હતા. (૧૬) હે મહીપતે ! શ્રીહરિ ભક્તોને આનંદ આપતા માર્ગમાં બે રાત્રિ રહીને, ત્રીજે દિવસે પોતાના આશ્રિતોની સાથે દ્વારિકાની સમીપે પધાર્યા. (૧૭)

અધિકારીએ શ્રીહરિને બોલાવવા મોકલેલા પુરાણી વિપ્રે ત્યાંથી પહેલાં જઈને, પ્રસન્ન થઈને તે અધિકારીને શ્રીહરિના આગમનની ખબર કહી. (૧૮) પછી અત્યંત આનંદ પામેલા તે અધિકારી બ્રાહ્મણ રાજ્ય સેના સાથે વિવિધ પ્રકારના વાદ્યોનો ઘોષ કરતા શ્રીહરિની સન્મુખ ગયા. (૧૯)

તે કારભારીએ શ્રીહરિના દર્શન કર્યા અને તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી આદરપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરીને શ્રીહરિને સુવર્ણના કળશોવાળી શિબિકામાં બેસાડ્યા. (૨૦) તે અતિ શોભાયમાન નરયાનમાં પોતાના દર્શન કરનારા, જનોના ચિત્તને ચોરનારા, શ્રીહરિએ પ્રયાણ કર્યું. તેમની આગળ ઘોડેસવારો ચાલતા હતા. તેમની આગળ બ્રહ્મચારીઓ અને તેમની આગળ પાર્ષદો ચાલતા હતા. (૨૧) તેમની આગળ તથા શ્રીહરિની પાછળ સૈન્ય ચાલતું હતું. તે સમયે વિચિત્ર વાદ્યોના મહા ધ્વનિ દિશાઓમાં વ્યાપી ગયો. (૨૨)

અતિશય સૌંદર્યના પયોનિધિ, સ્વાશ્રિત જનો તથા સેનાથી વીંટાયેલા અતિ દર્શનીય શ્રીહરિ, વિવિધ વાદ્યોના ઘોષ સાથે દ્વારિકાપુરીમાં પધાર્યા. (૨૩)

જે દ્વારિકા મનોહર હાટોની પંક્તિઓથી તથા સાતમાળની શ્રેષ્ઠ હવેલીઓની પંક્તિઓથી શોભતી હતી. તેમ જ રાજમાર્ગો, શેરીઓ તથા ચોકોથી તેમ જ શ્રીકૃષ્ણના શ્રેષ્ઠ મંદિરોથી અત્યંત શોભતી હતી. (૨૪) ચંચળ તરંગો રૂપી હાથથી જાણે સમુદ્રે અભિનયનું ચાતુર્ય શીખવાડ્યું હોય ને ! વળી ઊંચા ઘરોના અગ્ર ભાગમાં શોભતી અને વાયુના વેગથી ચંચળતાથી ફરકતી ધ્વજાઓ રૂપી હાથ વડે જાણે નૃત્ય કરતી હોય ને શું ? એવી દ્વારિકાનગરી શોભે છે. (૨૫)

સમુદ્ર પોતાના જળમાં રહેલા હાથી જેવા પ્રાણીઓ પાસે દ્વારિકાનો કિલ્લો (શત્રુના નગરનો કિલ્લો ભેદી દિગ્વિજય કરવા પ્રેરાયેલા રાજાઓ કિલ્લાના દરવાજા બંધ કરેલા જોઈને અંદર પેસવા માટે અશક્ત હોવાથી, અંદર પ્રવેશ કરવા માટે પોતાના હાથી પાસે કિલ્લાનું દ્વાર ભેદાવે છે તેમ આ સમુદ્ર પણ) ભેદવા પ્રયત્ન કરતો હોય, અને પોતાના તરંગોરૂપી હાથના પ્રહારથી કિલ્લો ભેદવા માટે સમર્થ નહીં થતા પોતાના વિસ્તારેલા ફીણોથી જાણે હસતો હોયને શું ? એમ શોભે છે. (૨૬)

શરદ ઋતુઓનાં વાદળાના જેવી તે કિલ્લાની અત્યંત શ્વેત ભીંતો સમુદ્રના ઉછળતા મોટા તરંગોના સમૂહોથી છંટાયેલી હોવાથી જાણે આ ભીંત નથી પણ ફીણની પંક્તિ છે, એમ જનોને ભ્રાંતિ કરાવતી હોયને શું ? એમ અત્યંત શોભતી હતી. (૨૭)

અતિ રમણીય હવેલીઓના ઊંચા જાળીયામાંથી નીકળતા સુગંધિમાન ધૂપોના સુંદર ધૂમોથી ત્યાં રહેતા મયૂરોને જાણે મેઘની ભ્રાંતિ થતી હોય તેવી જે દ્વારિકાનગરી તે નિરંતર શોભે છે. (૨૮) જે પુરીમાં, રાત્રિમાં ચંદ્રના કિરણોથી સ્ફુરાયમાન શ્રેષ્ઠ દેવ મંદિરોના શોભાયમાન સુવર્ણના કળશોની ટોચો (અગ્રભાગ) જાણે સુવર્ણના કમળની કળીઓ હોય તેવી શંકા ઉત્પન્ન કરે છે. (૨૯)

આવી શોભાયમાન દ્વારિકાનગરીમાં મન તથા નેત્રોના આનંદને વધારનારા શ્રીહરિને પધારેલા જોઈને, હર્ષ પામેલા દ્વારિકાવાસીઓ જનો વિસ્મય પામ્યા અને શ્રીહરિને પુષ્પોથી વધાવવા લાગ્યા. (૩૦) પછી શ્રીહરિ, ભગવાનની મૂર્તિના દર્શન કરવા તથા ભગવાનનું ભજન કરવું તે રીતને પ્રવર્તાવવા દ્વારિકેશ્વરના મંદિરમાં પધાર્યા. ત્યાં યથા વિધિ શ્રીદ્વારિકેશ્વરના દર્શન કર્યા. (૩૧)

શ્રીહરિએ શ્રી દ્વારિકેશ્વર ભગવાનની મૂર્તિ આગળ હજારો રૂપ્ય મુદ્રાઓ અર્પણ કરી. તેમજ અમૂલ્ય વસ્ત્રો, મણિજડિત વિવિધ પ્રકારના સુવર્ણના ભૂષણો, અર્પણ કર્યા. (૩૨) શ્રીહરિએ તે મંદિરના સેવકોને ઘણી દક્ષિણા આપી. શ્રીહરિની ઉદારતા જોઈને કારભારી વગેરે વિસ્મય પામ્યા. (૩૩)

હે રાજન્ ! અધિકારીએ શ્રીહરિને ઉત્તમ ફળ, પુષ્પવાળાં વૃક્ષોથી વ્યાપ્ત પોતાના શ્રેષ્ઠ વિશાળ ભુવનમાં નિવાસ કરાવ્યો. (૩૪) પછી સચિવે પ્રીતિપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરીને, પોતાના સ્થાનમાં જઈને, શ્રીહરિ માટે પોતાના સેવકો દ્વારા વિવિધ પ્રકારની રસોઈની સામગ્રી મોકલાવી. (૩૫) શ્રીહરિએ તે બગીચામાં પોતાના આશ્રિતો સાથે નિવાસ કર્યો. નરનાટ્યધારી શ્રીહરિ સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૩૬)

હે ભૂપતે ! પછી અખિલેશ્વર ધર્મપુત્ર શ્રીહરિ, વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ સુધાસમ ભોજનો વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૩૭) હે મહીપતે ! સર્વે પાર્ષદો, ઘોડેસવારો તથા વર્ણીઓ પણ રસોઈ કરીને યથા યોગ્ય જમતા હતા. (૩૮)

સભા માટેના ઉત્તમ મંડપમાં, અતિ કોમળ ઓછાડથી બિછાવેલ કોમલ ગોળ અને લાંબા સુશોભિત તકિયાથી શોભતા શ્રેષ્ઠ આસન ઉપર શ્રીહરિ બિરાજ્યા. (૩૯) મેઘના સમૂહની જેમ શરીરમાં ધારણ કરેલા સફેદ ચળકતાં સુંદર વસ્ત્રો વડે પ્રફુલ્લિત જાણે, ધોળા કમળોના સમૂહથી યમુના નદીનો ધરો શોભે તેમ શ્રીહરિ અત્યંત શોભતા હતા. (૪૦)

બંને નેત્રોની શોભાથી જેમણે કમળના પાંદડાની શોભા જીતી લીધી છે એવા કરુણામય, ચપળ, સુંદર નેત્રો જેમને છે. મંદ હાસ્યના વિલાસથી શોભાયમાન જે મુખ તેનાથી લજ્જિત કર્યો છે પૂર્ણ ચંદ્ર જેણે એવા (૪૧) અતિ મનોહર મસ્તકનું સફેદ મોળીયું તેમાં સુગંધિમાન પુષ્પોના તોરાની પંક્તિને ધારણ કરતા, પુષ્પોના હારોની વિશેષ પંક્તિઓથી અત્યંત શોભાયમાન, સમગ્ર તાપનું નિવારણ કરનાર છે દર્શન જેમનું એવા. (૪૨)

અસંખ્ય કામદેવોના લાવણ્યને તિરસ્કૃત કરનારા, સમગ્ર અવયવોથી અત્યંત સમલંકૃત, દેવેન્દ્રો તથા મુનિઓ તથા નરેશ્વરો જેમના ચરણ કમળ મૂકવા યોગ્ય આસનને સદા નમસ્કાર કરે છે. તેવા

(૪૩) સુંદર કેસર ચંદનનું કરેલું ઉર્ધ્વપુંડ્ર તિલક તેમાં સુંદર ગોળ કુંકુમનો ચાંદલો ધારણ કરતા. અનન્ય, અતિપાવન ગુણગણોથી સંસેવિત છે. ચરણકમળ જેમના એવા. (૪૪)

સમગ્ર સંશયોને ભેદવામાં પટુતા જેમની છે એવા, સભામાં પોતાના મુખારવિંદ તરફ જ જેમના નેત્રો ખેંચાયેલા છે એવા, પોતાના આશ્રિતોથી વીંટાયેલા જાણે તારા સમુદાયોથી વીંટયેલો પૂર્ણિમાનો ચંદ્ર જેમ શોભે તેમ અત્યંત શોભતા હતા. (૪૫)

તે સમયે હે રાજન્, સભામાં પોતાના સેવકો તથા પોતાના સંબંધિઓ તથા અન્ય જનોથી વીંટાયેલા સચિવ, શ્રીહરિના દર્શન કરવાની ઈચ્છાથી ત્યાં આવ્યા. (૪૬) પછી સચિવે શ્રીહરિને પ્રીતિપૂર્વક પ્રણામ કર્યા અને સર્વ પીડા નાશ કરનાર શ્રીહરિને ફળો તથા નાળિયેર ભેટ આપ્યા. શ્રીહરિએ તેમનો યોગ્ય સત્કાર કર્યો અને સભામાં બેસાડ્યા. (૪૭) સચિવની સાથે આવેલા જનો શ્રીહરિને નમસ્કાર કરીને સભામાં યથા યોગ્ય બેઠા. (૪૮) તે સમયે વિવિધ પ્રકારના શાસ્ત્રોનું સેવન કરનારા, દ્વારિકાપુરના વિદ્વાનો, વેદપુરાણને જાણનારા, ઘણા ગર્વવાળા બ્રાહ્મણો સભામાં આવ્યા. (૪૯) જુદા જુદા મતોને આશ્રેલા, અતિદુર્જેય, શાસ્ત્રાર્થમાં પ્રવીણ, પોતપોતાના શિષ્યગણોથી વીંટાયેલા (૫૦) તે સર્વે વિદ્વાન જનોનો શ્રીહરિએ સત્કાર કર્યો. જગતના નિયામક, સર્વેને આશ્ચર્ય કરનારું છે પરાક્રમ જેમનું એવા શ્રીહરિને તેમણે પ્રણામ કર્યા, અને સભામાં બેઠા. (૫૧)

પછી મત્સરવાળા તે વિદ્વાનો અધીશ્વર શ્રીહરિને જીતવાની ઈચ્છાથી હે રાજન્ ! જુદા જુદા પ્રશ્નો પૂછતા હતા. (૫૨) તે પ્રશ્નોમાં વેદશાસ્ત્રોના પ્રમાણોથી પંડિતોને નાના પ્રકારના બાધ શ્રીહરિ બતાવતા હતા. (૫૩) તે સમયે શ્રીહરિના દિવ્ય પ્રતાપથી તે પંડિતોનો ગર્વ નષ્ટ થઈ ગયો અને જેમ કરોળીયાઓ પોતાની લાળ રૂપી જાળમાં બંધાઈ જાય છે. તેમ પોતાના જ પ્રશ્નોમાં તે સર્વે બંધાઈ ગયા. (૫૪)

આશ્ચર્ય પામીને તે પંડિતો જાણે ભ્રાંત હોય ને શું ? મૂક હોયને શું ? એમ કાંઈ પણ બોલવાને સમર્થ થયા નહીં. (૫૫) પછી તેમણે પૂછેલા સર્વે પ્રશ્નોના જુદા જુદા ઉત્તર વેદશાસ્ત્રના પ્રમાણથી શ્રીહરિએ કર્યા. (૫૬)

આવી રીતે શ્રીહરિની સુમધુરવાણી સભાજનોને તથા મંત્રીને આનંદ પમાડતી હતી. તે વાણી ગંગાના પ્રવાહ જેવી, કૌલ, શુષ્ક વેદાંત આદિ દુષ્ટ મતરૂપી રજકણોના સમુદાયને શાંત કરનારી, તાપરૂપી પાપનો ધ્વંસ કરનારી, અમૃતની મધુરતાથી પણ અતિ મધુરતાવાળી, જીવોના અનાદિ અજ્ઞાનરૂપી અંધકારને ભેદી નાખવામાં ચતુર, વિદ્વાનોને આનંદ, ઉપજાવનારી સકળ, ધામોમાં પ્રસિદ્ધિ પામેલી શ્રીહરિની વિશદતારૂપી, (શ્રીહરિની વાણીના પ્રયોગોનાં આ બધાં વિશેષણો છે.) (૫૭)

શ્રીહરિની વાણીરૂપી અમૃતની વૃષ્ટિ, પંડિતોના સંશયરૂપી દાવાનળને અત્યંત નાશ કરતી હતી. પૃથ્વીના તળ ઉપરથી ઉખેડી નાખ્યાં છે, વાદીઓના કાંટાઓ જેમણે એવી, તથા દુર્જનોરૂપી વરસાદ ન આવવાથી જેમ પૃથ્વી શોષણ પામે છે તેમ શોષાયેલી, શ્રેયરૂપી અમૃત વલ્લિકાને સિંચન કરનારી; (૫૮)

હંમેશા શુભ વચનરૂપી અમૃત ધારાઓ વરસાવતા શ્રીહરિની પાસે વિસ્મય પામેલા વિદ્વાનો

પ્રતિવાદ કરવા માટે સમર્થ ન થયા. આવી રીતે વિવિધ શાસ્ત્રોને જાણનારા, વિદ્વાનોથી પણ દુર્જય તે સર્વે પ્રતિવાદીઓને શાસ્ત્ર પ્રમાણોથી અને પોતાના પ્રતાપથી શ્રીહરિએ જીતી લીધા (૫૯)

પછી વિચક્ષણ મંત્રીવર્ય પ્રસન્ન થઈને શ્રીહરિનું પૂજન કરવા માટે પોતાના જનોની પાસે ઉપચારો મંગાવતા હતા. (૬૦) સોનેરી તારથી અતિ કાંતિમાન અમુલ્ય વસ્ત્રો તથા સુવર્ણના વિવિધ પ્રકારના ભૂષણો પુષ્પના હાર, કુમકુમ, અગર ચંદન, કસ્તુરી, ધૂપ વગેરે ઉપચારોથી અતિ હર્ષપૂર્વક મંત્રી શ્રીહરિની પૂજા કરતા હતા. (૬૧-૬૨)

પછી વિવિધ વાદ્યો વગડાવીને મંત્રીએ વિધિવત્ પ્રેમપૂર્વક શ્રીહરિની મહા આરતી કરી. (૬૩) મંત્રીએ શ્રીહરિની આગળ રૂપ્ય મુદ્રાઓનો ઢગલો કર્યો. પછી શ્રીહરિને નમસ્કાર કરીને તેમ જ તેમની સ્તુતિ કરીને તે સભામાં બેઠા. (૬૪)

પોતે પૂર્ણકામ હોવાથી શ્રીહરિએ મંત્રીને સમર્પિત કરેલું સર્વ ધન તે પંડિતોને આપ્યું. (૬૫) પંડિતોને પોતાના પરાભવથી જે ગ્લાની ઉત્પન્ન થઈ હતી. તે શ્રીહરિએ તેમને પુષ્કળ ધનના દાનથી નાશ કરીને અને પ્રિય ભાષણથી તેમની પ્રશંસા કરી. (૬૬)

પછી મંત્રી ધર્મપુત્ર શ્રીહરિને પ્રણામ કરીને પોતાના ઘર પ્રત્યે ગયા. તે પંડિતો તથા સભ્યો શ્રીહરિની અત્યંત પ્રશંસા કરતા પોતપોતાને ઘેર ગયા. (૬૭)

શ્રીહરિ પણ સભામાં સુંદર ઉપદેશ વાતો કરીને પોતાના સ્થાનમાં પધાર્યા. કોમળ ઓછાડે સહિત ઉત્તમ શય્યામાં પોતાના ભક્તોએ જેમની સેવા કરી છે તે શ્રીહરિએ યોગ નિદ્રા અંગીકાર કરી. (૬૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિએ દ્વારિકામાં પ્રવેશ કર્યો તે નિરૂપણનો પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૫)



અધ્યાય ૩૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સમગ્ર પાર્ષદો પણ નિદ્રાધીન થયા. શ્રીહરિ રાત્રિના છેલ્લા પહોરમાં (બ્રાહ્મ મુહૂર્તમાં) યોગ નિદ્રાનો ત્યાગ કરતા હતા. (૧)

તે સમયે સત્યભામા, તથા રૂક્ષ્મિણી તેમજ અર્જુન, સાત્યકિ અને ઉદ્ધવની સાથે શ્રીકૃષ્ણ શ્રીહરિની સમીપે આવ્યા. (૨) શંખ, ચક્ર, ગદા, પદ્મથી જેમની ચાર ભુજાઓ શોભે છે એવા વિજળી જેવા પીળા પીતાંબરધારી, વર્ષા ઋતુના મેઘ જેવી કાંતિવાળા. (૩)

પરિવારે સહિત શ્રીકૃષ્ણને જોઈને મનુષ્ય નાટ્ય કરતા ભગવાન શ્રીહરિ સર્વજ્ઞ છે છતાં પણ ન જાણતા હોય ને શું ? એમ પૂછતા હતા. (૪) રાત્રિમાં પરિવાર સાથે મારી સમીપે તમે કોણ આવ્યા છો ? શ્રીહરિનું એવું વચન સાંભળીને હે ભૂપતે ! શ્રીકૃષ્ણ શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૫) હે હરે ! આ રૂક્ષ્મણી, આ

સત્યભામા, આ બંને અર્જુન અને ઉદ્ધવ, અને આ સાત્યકિ સાથે હું કૃષ્ણ છું. (૬)

હે પ્રભો ! સર્વજ્ઞ, સ્વતંત્ર, સમગ્ર ઈશ્વરના અવતારી તમો સર્વ જાણો છો. તો પણ આવી રીતે મનુષ્ય નાટ્ય કરો છો. (૭) મારી આજ્ઞા ઉલ્લંઘન કરવાથી જેમની સન્મતિ નષ્ટ થઈ ગઈ છે અને જે ધનના લોભી છે, જે વિષયાસક્ત, નિર્દય અને દુર્બળ જનોને પીડનારા છે. તેવા લોકોથી વસેલા આ સ્થાનમાં હે વિભો ! મને રુચતું નથી. મને તો નિષ્કામી વ્રતવાળા જનોની સેવા રુચે છે. (૮-૯) વળી આ લોકમાં અવતારી તમારા મહાપ્રતાપથી જ તમારા ત્યાગીઓ નૈષ્ઠિક વ્રત પાલન કરે છે. (૧૦)

તેવી રીતે પૃથ્વીમાં તમારો આશ્રય પામેલા કરોડો ગૃહસ્થો-પુરુષો તથા સ્ત્રીઓ યથા યોગ્ય બ્રહ્મચર્ય પાલન કરે છે. (૧૧) જેમ તમારા આશ્રિતો ધર્મનું પાલન કરે છે તેવું ધર્મ પાલન (બ્રહ્મચર્ય વ્રત), વિપરીત જ્ઞાનરૂપી અંધકારના આવરણવાળા અતિક્રૂર, કામ, ક્રોધ, લોભ, સંવાદ, માનથી ઘેરાયેલા કોઈપણ દેહધારી પાલન કરતા નથી. (૧૨) અવતારી એવા તમારા સુંદર સ્થાનમાં નિવાસ કરવા માટે હે ભૂમન્! મને અત્યંત ઈચ્છા છે. (૧૩)

આ પ્રકારનું પોતાના હૃદયાન્તર્ગત અભિપ્રાયોને અનુસરનારું શ્રીકૃષ્ણનું વચન સાંભળીને, શ્રીહરિ મંદ હાસ્યયુક્ત હર્ષપૂર્વક મધુર વચન કહેવા લાગ્યા. (૧૪)

મારા સર્વાવતારોમાં મુખ્ય, મને અતિપ્રિય, તમારા નિવાસની અનુકૂળતા, હું થોડા સમયમાં જ કરીશ. (૧૫) સત્યવ્રતપણાથી પ્રસિદ્ધ શ્રીહરિનું આવું વચન સાંભળીને, તુષ્ટ માનસવાળા શ્રીકૃષ્ણ પરિવારે સહિત તત્કાળ અંતર્ધાન થયા. (૧૬)

પછી હે રાજન્ ! ધર્મપુત્ર શ્રીહરિએ પ્રભાતમાં શૌચવિધિ તથા સ્નાન કરીને મનુષ્ય ભાવને અનુસરીને શાસ્ત્ર પ્રમાણે પોતાનો નિત્ય વિધિ કર્યો. (૧૭) પછી શ્રીહરિ પોતાના ચરણમાં આસક્ત વર્ણી વગેરે પોતાના ભક્તો સાથે શ્રીકૃષ્ણનાં બધા જ મંદિરોમાં પધાર્યા અને ભગવાનની અર્ચાના દર્શન હર્ષપૂર્વક કર્યા. (૧૮) ત્યારબાદ શ્રીહરિ, વર્ણી વગેરે પોતાના ભક્તો સાથે, પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા. અહીં સ્નાન તથા નિત્ય વિધિ કરીને શ્રી વિષ્ણુને શ્રેષ્ઠ ભોજન નિવેદન કરીને, તે અમૃત તુલ્ય ભોજન શ્રીહરિ જમતા હતા. (૧૯)

પછી સભામંડપના મધ્ય ભાગમાં રમ્ય સિંહાસનમાં શ્રીહરિ બિરાજ્યા. શ્રીહરિની આગળ વર્ણીઓ બેઠા. પછી ઘોડે સવારો તથા પાર્ષદો યથાયોગ્ય બેઠા. (૨૦) તેવામાં પોતાના સેવકોથી વીંટાયેલા મંત્રી શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા. શ્રીહરિએ તેમનો સત્કાર કર્યો. પછી તે મંત્રી શ્રીહરિને પ્રણામ કરીને ત્યાં બેઠા. (૨૧)

પૌરજનો તથા બીજા વિદ્વાનજનો પણ શ્રીહરિના દર્શન કરવા ત્યાં આવ્યા. અતિમહાન શ્રીહરિએ તેમનો સર્વેનો સત્કાર કર્યો. પછી તે સર્વે જનો ત્યાં યથાયોગ્ય બેઠા. (૨૨) પુરના હજારો હજાર જનો શ્રીહરિના દર્શન કરતા સૌંદર્ય માધુર્યના સમુદ્ર, સર્વ નિયંતા શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા થઈ પંક્તિબદ્ધ ત્યાં ઊભા રહ્યા. (૨૩)

દયાળુ શ્રીહરિ કૃપાદૃષ્ટિથી સમગ્ર સભાસદો તરફ દૃષ્ટિ કરીને સુધાથી પણ અતિ મધુર મનોહર, શાસ્ત્રજ્ઞોએ પણ સાંભળવા યોગ્ય વાતો કરવા લાગ્યા. (૨૪) હે જનો ! અત્યંત દુર્લભ મનુષ્યદેહ કેવળ ધર્માચરણ માટે જ છે. માટે આ લોકમાં મનુષ્ય શરીર પામીને લોકોએ નિરંતર ધર્મપરિપાલન કરવું તે જ યોગ્ય છે. (૨૫)

તે ધર્મનું દરેકે દરેક સ્થાન કે સ્થિતિમાં પાલન કરવું. તેમાં પણ તીર્થોમાં તો ધર્મનું વિશેષ પાલન કરવું. ધર્મનું લોકોએ જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે આચરણ કર્યું હોય તો તે યથોક્ત ફળને આપનારું છે. તીર્થોમાં ધર્મનું આચરણ કર્યું હોય તો તેનું હજાર ગણું અધિક ફળ પ્રાપ્ત થાય છે. (૨૬) જેમને લોભ, કામ, ક્રોધ, રસ, આદિક છે તેઓ તીર્થોમાં પણ ધર્મનો ત્યાગ કરીને અધર્મનું આચરણ કરે છે. તે કારણથી તેઓ વિપત્તિ પામે છે અને પરિણામે તેમનો અધર્મ પણ હજાર ગણો વૃદ્ધિ પામે છે. (૨૭)

તીર્થોમાં કરેલું પાપરૂપ કર્મ ક્યારેય પણ નાશ પામતું નથી. એવી રીતે મુનિ પ્રવર્યોએ જ હે સભ્યો! તીર્થ ધર્મો સ્મૃતિમાં લખીને કહ્યું છે. (૨૮) જેના પાદ, પાણી, રસના, શિશ્ન તથા મન નિયમમાં છે, તેમ જ તપ પણ શુભ હોય છે. અને વિદ્યા પણ શુભ હોય છે, તે જ પુરુષ તીર્થનું ફળ પામે છે. (૨૯)

જે સર્વ પ્રકારે ક્રોધ રહિત, સત્યવાદી, બ્રહ્મચર્યયુક્ત, દોષરહિત અને સર્વ જનોમાં આત્મસદૃશ બુદ્ધિવાળો હોય (પોતાને જેવું દુઃખ થાય છે તેવું સર્વ પ્રાણીઓને પણ થાય છે એમ માનતો હોય) તે પુરુષને જ તીર્થનું ફળ પ્રાપ્ત થાય છે. (૩૦) જે જન અહીં કામ, ક્રોધ, લોભ તેમને જીતીને તીર્થમાં જાય છે, તે પુરુષને તીર્થાટન કરવાથી આ લોકમાં સર્વ પદાર્થ સુલભ થાય છે. (૩૧)

પાપ કર્મનું આચરણ કરનારો, સંશય યુક્ત ચિત્તવાળો, નાસ્તિક, અમુક કારણ પરત્વે જ ધર્મમાં નિષ્ઠા ધરાવનારો, શ્રદ્ધા રહિત, એ પાંચ જણ ક્યારેય પણ તીર્થનું ફળ પામતા નથી. (૩૨) અન્ય ઠેકાણે જે પાપ કર્યું હોય તે પાપ તો તીર્થમાં નાશ પામે છે. જે પાપ તીર્થનાં થાય તે પાપ તો વજ્રલેપ થાય છે (૩૩) આ લોકમાં તીર્થમાં કરેલા પાતકોની શુદ્ધિ હજાર પ્રાયશ્ચિત્તથી પણ થતી નથી; માટે સુજ્ઞજનોએ શાસ્ત્રમાં કહેલા સમગ્ર નિયમોએ સહિત તીર્થમાં રહેવું. (૩૪) જે પ્રાણધારીએ પોતાના ધર્મોનું પરિપાલન કરીને તીર્થોમાં જઈને વસે છે તે પ્રાણીઓ તો આ લોકમાં યશ તથા અંતે મહાસુખ પામે છે. (૩૫) જે જનો તીર્થોમાં નિવાસ કરીને દુરાચારમાં આસક્તિવાળા થાય છે, તે શાસ્ત્ર મર્યાદા લોપવાથી આ લોકમાં અપકીર્તિ પામે છે અને અંતે અતિ કષ્ટમય નરકના કુંડોમાં જાય છે. (૩૬)

તેથી આ લોકમાં તીર્થ યાત્રા કરનારા જનોએ તો પ્રયત્ન પૂર્વક નિયમોએ યુક્ત રહેવું, તીર્થ યાત્રા ધર્મથી કરવી, એમ ન કરે તો કરેલી તીર્થયાત્રા વિફળ થાય. (૩૭)

શ્રીહરિએ કહેલી શાસ્ત્રના સાર રૂપ વાતો સાંભળીને, તે મંત્રી તથા વિદ્વાન જનો તથા સમગ્ર સભાજનો, અતિ આનંદ પામ્યા અને શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૩૮) પછી પ્રભુ શ્રીહરિને ત્યાંથી જવાની ઈચ્છા થઈ એટલે તત્કાળ તૈયાર થયા. વર્ણીઓ ઘોડેસવારો તથા પાર્ષદો શ્રીહરિની આજ્ઞા થવાથી તરત જ તૈયાર થયા. (૩૯)

પછી મંત્રીએ તત્કાળ નરયાન મંગાવી તેમાં પૂર્વની માફક શ્રીહરિને બેસાડીને પોતાના સૈન્યને લઈને વાદ્યોના ઘોષથી સમગ્ર દિશાઓ ગજાવી મૂકી. એવી રીતે શ્રીહરિને વિદાયગીરી આપી. (૪૦) સર્વ નિયંતા શ્રીહરિએ દ્વારિકા નગરથી થોડેક દૂર જઈને, તે મંત્રીને પાછા વાળ્યા અને પોતે પોતાના અશ્વ ઉપર બેસીને પોતાના આશ્રિતો તથા ઘોડેસવારોથી વીંટાઈને ચાલ્યા. (૪૧)

પછી ધર્માત્મજ શ્રીહરિ, પોતાના અનુયાયી આશ્રિતોની સાથે સમુદ્રની ખાડી, નૌકામાં બેસીને ઉતર્યા. આરાવણમાં આવીને પછી તીર્થવાસીઓએ સેવેલી ગોમતી પ્રત્યે આવ્યા. (૪૨) પછી ઉદાર શ્રીહરિએ, ગોમતીમાં પોતાના આત્મીય જનોની સાથે સ્નાન વિધિ કરીને, બ્રાહ્મણોને દાન આપ્યાં, તેમ જ હજારો બ્રાહ્મણોને મનોહર ભોજન વડે તૃપ્ત કર્યાં. (૪૩)

ત્યારબાદ શ્રીહરિ સુંદર અશ્વ ઉપર બેસીને, શુદ્ધ સ્વભાવવાળા પોતાના આશ્રિતજનો સાથે ચાલ્યા. હે રાજન્ ! માર્ગમાં બે રાત્રિ રહીને પોતાના જનોની સાથે માંડવીપુર પધાર્યા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિએ તીર્થ વિધિ કેમ કરવો તેનું નિરૂપણ કર્યું એ નામે છત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૬)



અધ્યાય ૩૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી માંડવીપુરના નિવાસી ભક્તો તથા સાધુઓ (જે નવાનગરથી શ્રીહરિની આજ્ઞાથી પહેલા ગયા હતા તે) મુક્તાનંદાદિ શ્રીહરિને આવતા સાંભળીને ગીત વાજીંત્રોના ઘોષ સાથે તત્કાળ હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૧) એ સર્વે જનો, ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિને દૂરથી જોઈને, હે રાજન્ ! પોતાના પ્રાણ પ્રિય શ્રીહરિને હર્ષપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૨) તે વખતે શ્રીહરિસ્વરૂપમાં જ કેવળ આસક્તિવાળા જનોને ચંદ્રને જોવાથી ચકોર પક્ષીઓ જેમ આનંદ પામે તેમ શ્રીહરિના દર્શનથી આનંદ થયો. (૩)

શ્રીહરિરૂપી સૂર્યના દર્શનથી જેમનાં મુખ તથા નેત્રરૂપી કમળની પંક્તિઓ પ્રફુલ્લિત થઈ છે એવા તે જનો શ્રીહરિને વિવિધ પ્રકારના પુષ્પના હાર તથા ફળફુલ વગેરે પ્રીતિથી અર્પણ કરતા હતા. (૪) પછી શ્રીહરિની સમ્યક્ પ્રાર્થના કરીને તંબુઓ તથા રાવટીઓથી શોભાયમાન સરોવરના કાંઠે રચેલા નિવાસમાં વાસ કરાવતા હતા. (૫) શ્રીહરિની આજ્ઞાથી અગાઉથી આવેલા મુનિ વ્રજો, શ્રીહરિના દર્શનની વાટ જોતા સરોવરના કાંઠે જ્યાં રહ્યા હતા ત્યાં જ શ્રીહરિએ તેમની સાથે નિવાસ કર્યો. (૬)

તે પુરમાં ટોપણ પ્રેષ્ઠ, તથા દેવશી વગેરે ક્ષત્રિઓ આદરપૂર્વક હર્ષથી સમયે સમયે શ્રીહરિની સેવા કરતા હતા. (૭) મેઘાભાઈ, લાલભાઈ રાઘવજીભાઈ, ચાંપશી, સુંદરજી તથા બીજા વૈશ્યો સેવા કરવા યોગ્ય પોતાના ઈષ્ટદેવ દયાનિધિ શ્રીહિની પરમ પ્રીતિથી યથાયોગ્ય સેવા કરતા હતા. (૮-૯)

તેમજ વિશરામ વગેરે શૂદ્રો તથા મેઘા વગેરે સ્ત્રીઓ પણ હંમેશા યથા યોગ્ય શ્રીહરિની પરિચર્યા કરતી હતી. (૧૦) શ્રીહરિ શૌચ વિધિ કરીને સરોવરમાં પોતાના તમામ ત્યાગીઓ તથા ગૃહસ્થોની સાથે સ્નાન કરતા હતા. (૧૧) હે રાજન્ ! પછી નરનાટ્યધારી શ્રીહરિ નિત્ય વિધિ કરીને વિવિધ પ્રકારનાં ભોજનો વિષ્ણુને નિવેદન કરીને જમ્યા. (૧૨) પછી હે ભૂપતે ! શ્રીહરિએ મુખ તથા હાથ ધોઈને મુકુન્દાનંદ વર્ણીએ આપેલો રમણીય મુખવાસ ગ્રહણ કર્યો. (૧૩)

પછી શ્રીહરિ વસ્ત્રો ધારણ કરીને સભામંડપના મધ્યમાં કોમળ ઓછાડ, બિછાવેલ શ્રેષ્ઠ આસનમાં બિરાજ્યા. (૧૪) તેટલા સમયમાં હે રાજન્ ! વર્ણીઓ, સંતો, પાર્ષદો, તથા ઘોડેસવારો જુદી જુદી રસોઈ કરીને જમતા હતા. (૧૫)

હે ભૂપતે ! તે સર્વે ભોજન બાદ તત્કાળ સભામાં આવ્યા અને શ્રીહરિના દર્શનમાં આસક્ત મનવાળા હોવાથી યથાયોગ્ય સભામાં બેઠા. (૬) શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા પુરના ભક્તો પણ સભામાં ત્યાં આવ્યા. તે રમણીય સભામાં તે ભક્તો યથા યોગ્ય બેઠા. (૧૭) ત્યારબાદ તે ભક્તો શ્રીહરિની કુંકુમ, અગર ચંદન, કસ્તુરી, પુષ્પના હાર, તોરા, બાજુબંધો વગેરે વિવિધોપચારોથી પૂજા કરતા હતા. (૧૮) મહાઅમૂલ્ય વસ્ત્રો, અલંકારો તથા વિવિધ પ્રકારના શ્રેષ્ઠ નૈવેદ્યોથી શ્રીહરિને પૂજીને વાજિંત્રોનો ઘોષ કરીને પછી તે ભક્તો શ્રીહરિની આરતી કરતા હતા. (૧૯) તે સર્વે સ્ત્રી ભક્તો પણ બહુ પ્રકારના ઉપચારોથી, ઘણા ભાવથી, શ્રીહરિની પૂજા કરતી હતી. (૨૦)

હે રાજન્ ! શ્રીહરિનાં દર્શન કરવા માટે પુરના જનો આવ્યા અને તેઓ શ્રીહરિના દર્શન કરીને પરમ આશ્ચર્ય પામ્યા. (૨૧) પછી શ્રીહરિના મુખારવિંદ તરફ જેમના નેત્રો સ્થિર થયા છે. તે ભક્તોને આનંદ આપતા શ્રીહરિ, અમૃતના સ્વાદને પણ તિરસ્કાર કરનારી મધુર વાતો કરતા હતા. (૨૨)

હે ભક્તો ! અક્ષરથી પર, મનવાણીને અગોચર, સર્વાન્તર્યામી; પરબ્રહ્મ, સર્વજ્ઞ, પુરુષોત્તમ, દિવ્ય બ્રહ્મપુરમાં દિવ્ય વિગ્રહવાળા પાર્ષદોએ સેવેલા તથા રાધા લક્ષ્મીએ ભક્તિપૂર્વક નાના પ્રકારના દિવ્ય ઉપચારોથી સેવેલા (૨૩-૨૪) સર્વ શક્તિઓના ઈશ્વર, વિવિધ અનંત વૈભવવાળા, દિવ્ય આનંદ, ગુણ, ઐશ્વર્ય, સૌંદર્યાદિના મહોદધિ (૨૫)

દિવ્ય અક્ષરધામમાં વસતા સત્, ચિત્ અને આનંદમય, વિગ્રહવાળા, ભૂષણોને ભૂષિત કરનાર એવા દિવ્ય અવયવોએ યુક્ત. (૨૬) માયાકૃત અંજને રહિત, હંમેશા સર્વ પ્રકારે ત્યાગ કરવા યોગ્ય માયિક ભાવથી સદા રહિત, અખિલેશ્વર, સ્વતંત્ર, ચિત્ અને અચિત્‌ના નિયંતા, ભક્તવત્સલ (૨૭) તેજ ભગવાન આ બ્રહ્માંડમાં પૃથ્વી ઉપર જીવોના કલ્યાણ માટે દિવ્ય મનુષ્યદેહ ધારણ કરી દયાથી જ આવિર્ભાવ પામ્યા છે. (૨૮) ત્યારે મોક્ષને ઇચ્છનારા જનોએ તેમની ભક્તિ કરવી તેનાથી જ મુક્તિ થાય આવો શાસ્ત્રનો સિદ્ધાંત છે. (૨૯) તેથી મુમુક્ષુઓએ લક્ષ્મીના પતિ આ પ્રત્યક્ષ પુરુષોત્તમની સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ કરવી. (૩૦)

પ્રગટ ભગવાનની ઉપાસના વિના કેવળ શુષ્ક જ્ઞાનથી મનુષ્યોની ક્યારેય પણ મુક્તિ થતી નથી.

જેમ નપુંસક પુરુષથી પ્રજા ઉત્પન્ન થતી નથી તેમ (૩૧) પ્રગટ ભગવાનની ભક્તિ વિના આત્મજ્ઞાન તો સફળ થતું નથી. માટે આત્મજ્ઞાનીઓએ પણ શ્રી પુરુષોત્તમની ભક્તિ કરવી. (૩૨) વૈરાગ્ય યુક્ત જ્ઞાનને ભક્તિનું અંગ કહ્યું છે માટે ભક્તિ વિના જ્ઞાન સર્વ પ્રકારે શોભતું નથી.

ભક્તિ વિના જ્ઞાન વૃદ્ધિ પામતું નથી. દેશકાળાદિકના વિષમપણાથી જેમ વાયુતી દીપની શિખા નાશ પામે છે, તેમ જ્ઞાન પણ નાશ પામે છે. (૩૪) તેથી સર્વ થકી પર અક્ષર તેનાથી પણ પર સાક્ષાત્ શ્રીહરિની મનુષ્યોએ દૃઢ ભક્તિ કરવી. તે ભક્તિથી તત્કાળ મુક્તિ થાય. (૩૫)

શ્રીહરિએ આ પ્રમાણે શાસ્ત્ર પ્રમાણોથી કહેલી સુંદર વાણી સાંભળીને, પુરજનોમાં જે દૈવી જીવો હતા તેઓએ તો શ્રીહરિની મધુર વાણી હૃદયમાં હર્ષપૂર્વક ધારણ કરી લીધી. (૩૬)

માંડવીપુરમાં શુષ્ક જ્ઞાની ગુરુઓના શિષ્યો પોતાના મતનું ખંડન થવાથી ક્રોધ યુક્ત થયા. પરંતુ શ્રીહરિના પ્રતાપથી બોલવા સમર્થ થયા નહીં. એટલે હે રાજન્ ! શ્રીહરિના નિવાસ સ્થાનથી નીકળી પોતપોતાને ઘેર ગયા. (૩૭-૩૮) તે સમગ્ર શુષ્ક જ્ઞાનીજનો અત્યંત વિસ્મય પામ્યા હોવાથી પોતપોતાના ગુરુઓને શ્રીહરિનો દિવ્ય પ્રતાપ કહેવા લાગ્યા. (૩૯) વેદાંત શાસ્ત્ર જાણનારા તે શુષ્ક જ્ઞાનીઓ પોતાના શિષ્યોની વાણી સાંભળીને મત્સર તથા ક્રોધ યુક્ત થઈને, પોતાના આશ્રિતોને કહેવા લાગ્યા. (૪૦) હે શિષ્યો ! જેણે આવી વાતો કરી છે તેમના યથાર્થ જ્ઞાન નથી. તેમણે અદ્વૈત મત આશ્રયવાળા ગ્રંથો જોયા નથી. (૪૧) મુમુક્ષુઓએ હવેથી તેમની વાતો ન સાંભળવી. તેમની સમીપમાં જવું નહીં. કારણ કે તે પુરુષ તો માંત્રિક છે. (૪૨)

અતિસુખાત્મક જ્ઞાન ક્યાં ને ગુણાત્મિકા ભક્તિ ક્યાં ? જ્ઞાન હોય તો સર્વ પ્રકારના કર્મો કરીને પણ નૈષ્કર્મ્ય તથા પૂર્ણ પણું થાય છે. (૪૩) અમે કાલે સભામાં આવીને વેદાંત શાસ્ત્રના વચનોથી એમને તત્કાળ જીતીશું. પછી એ પલાયન થઈ જશે. (૪૪) સર્વ શાસ્ત્રમાંથી શ્રેષ્ઠ વેદાંતશાસ્ત્રને જાણનારા અમો, જેમણે ઘણા પ્રતિવાદીઓ જીત્યા છે, તે અમોને તે કેવી રીતે જીતશે ? (૪૫)

તે ગુરુઓએ આ પ્રકારે કહ્યું છતાં પણ જેમણે શ્રીહરિના પ્રતાપ જોયો છે, તે જનોએ તો પોતાના ગુરુઓના વચનોની અવજ્ઞા કરી અને શ્રીહરિને જ મોટા માનવા લાગ્યા. (૪૬)

પછી તે શુષ્ક જ્ઞાની ગુરુઓએ પોતાના ગ્રંથોનો રાત્રે વારંવાર અભ્યાસ કર્યો અને પ્રાતઃકાળમાં ભેગા થઈને શિષ્યોએ સહિત સભામાં આવીને શાન્તમૂર્તિ શ્રીહરિને સ્પષ્ટપણે કહેવા લાગ્યા.

હે સ્વામિનારાયણ ! તમોએ ગઈકાલે અમારા શિષ્યોને ભક્તિની વાતોથી શા માટે ભમાવ્યા? અંગિ વિનાના કેવળ અંગથી ક્યારેય કાર્ય થાય જ નહીં. (૪૮) ભક્તિ, શાસ્ત્ર સંમત જ્ઞાનનું અંગ છે. ભક્તિનું અંગ જ્ઞાન નથી એવો સિદ્ધાંત છે, તે તમો જાણો. (भक्त्या मामभिजानाति भक्त्या गम्योऽहमित्यादि વાક્યોથી ભક્તિ જ્ઞાનનું અંગ છે. એમ પ્રતિપાદન કર્યું છે.) (૪૯)

આવી રીતે વિવાદ કરતા અતિ ક્રોધથી આકુળ વ્યાકુળ થયેલા તેમને સર્વજ્ઞ શ્રીહરિ ન્યાય યુક્ત

વચનો કહેવા લાગ્યા. (૫૦)

હે પંડિતો ! તમોએ ભક્તિ તે જ્ઞાનનું અંગ છે એમ કહ્યું તે ઘટતું નથી. જ્ઞાનને જ ભક્તિનું અંગ કહ્યું છે. ''ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्'' ॥ ઈત્યાદિમાં જ્ઞાન એ ભક્તિનું અંગ છે એમ સ્પષ્ટ થાય છે. (૫૧) સચ્ચિદાનંદરૂપ આત્માને દેહાદિથી પૃથક જાણીને, શ્રીહરિને તો એ આત્માથી પણ પર જીવના નિયામક જાણીને, (૫૨)

હંમેશા બ્રહ્માત્મરૂપથી શ્રીહરિની દૃઢ ભક્તિ પોતાના કલ્યાણને માટે કરવી. એ પ્રકારે વેદોક્ત સિદ્ધાંત છે. (૫૩) આત્માના જ્ઞાનને જો કે મુક્તિનું શ્રેષ્ઠ સાધન કહ્યું છે. પરંતુ એ જ્ઞાન જો ભક્તિ વિનાનું હોય તો તે કેવળ જ્ઞાનથી જ મુક્તિનો અર્થ સિદ્ધ થતો નથી. (૫૪) શુકાદિ જે બ્રહ્મનિષ્ઠ, મોટા યોગીઓ, તેઓ પાપ રહિત આત્મારામ શાંત યોગીન્દ્રો છે. છતાં તે શ્રીહરિની હંમેશાં ભક્તિ કરે છે. (૫૫) શ્વેતદ્વિપ, બદ્રીકાશ્રમના નિવાસી તથા વૈકુંઠાદિ ધામમાં રહેલા શુદ્ધ અંતઃકરણવાળા તે સર્વે મુક્તો પણ, પરમ પ્રેમ યુક્ત થઈને નાના પ્રકારના દિવ્ય ઉપચારો વડે શ્રીહરિને જ નિત્ય સેવે છે. (૫૬-૫૭) આ પ્રકારે સચ્છાસ્ત્રમાં સદાચાર પરંપરા પ્રસિદ્ધ છે. તેથી બ્રહ્મ નિષ્ઠોએ પણ પ્રભુ શ્રીહરિની ભક્તિ કરવી. (૫૮)

સર્વેશ શ્રીહરિ પુરુષોત્તમ પરમાત્માને ગોપીઓ રાધા, રમા, આદિક પણ નિરંતર ભજે છે. (૫૯) તેથી ભક્તિએ રહિત કેવળ શુષ્ક જ્ઞાનને તો શાસ્ત્રોમાં નિંદિત તથા નિષ્ફળ કહ્યું છે. (૬૦) માટે મોક્ષાર્થીઓએ તથા મુક્તોએ સર્વદા પરબ્રહ્મની બ્રહ્માત્મ ભાવથી ભક્તિ કરવી. આ મત વેદાદિ સંમત છે. (૬૧)

આ પ્રમાણે શ્રીહરિ, હજારો હજાર શ્રુતિ વચનો તથા હજારો સ્મૃતિ વચનો કહીને પછી મધુર વાણીથી કહેવા લાગ્યા. (૬૨) જો મારા વચનમાં તમોને કાંઈ સંશય હોય તો મને ફરીથી પૂછો. આવું શ્રીહરિનું વચન સાંભળીને તે વાદીજનો પોતાના હૃદયમાં વિસ્મય પામ્યા. (૬૩)

તે સમયે શ્રીહરિ પણ વાદીઓ પ્રત્યે ધારાયુક્ત પ્રમાણ ગર્ભ વચનો (વેદોએ સ્તુતિ કરેલી તે વાણીથી) અત્યંત શોભતા હતા. એ વાણી નૃત્ય કરતા શંકરના ચંચળ મસ્તક પરની મુગટની ટોચ ઉપર ઘોષ કરતી સ્વર્ગ ગંગા સમાન અને જાણે તે સ્વર્ગ ગંગામાં અમૃતનું પુર આવ્યું હોય તેવી અત્યંત દીપી રહી હતી. (૬૪) વળી શ્રીહરિની વાણી, અત્યંત રમણીય શ્લોકો જેમાં છે એવી, તથા સુધાથી પણ અધિક સ્વાદયુક્ત રસવાળી, અને વાદીઓના વાદરૂપી વજ્રોથી અભેદ્ય એવી, તે બ્રહ્મવિદ્યારૂપ વાણી (બ્રહ્મભૂત મુનિઓએ પણ ઉપાસના કરવા યોગ્ય) જીવોના અનાદિ અજ્ઞાન રૂપ રોગને નિવૃત્ત કરનારી હતી. (૬૫) અદ્વૈત વાદીઓનુ ંચાપલ્યપણું જે મનોહર વાણીથી નાશ થયું છે, તેમજ અભ્યુદયના ઉત્તમ મંત્રરૂપ વિદ્વાનોનો શ્રીહરિએ જય કર્યો હતો. તે વિજય સૂચક નાદતુલ્ય, અને વેદરૂપી ઉત્તમ કલ્પવૃક્ષની સુગંધ જેવી અતિ સુંદર તે શ્રીહરિની વાણી હતી. (૬૬) શ્રીહરિની તે વાણીરૂપ વેલ મોટા મોટા મુનિઓના ચિત્તરૂપી વૃક્ષોપર ચઢી શોભતી હતી. વળી તે વેલમાં જાણે અમૃત તુલ્ય ફળો શોભી રહ્યાં હતાં. તેની આસપાસ ઉત્તમ વેદોના ઉપનિષદ રૂપ ક્યારાઓ જાણે રચાઈ ગયા હતા. ઉત્તમ કવિઓના સુંદર વચનરૂપ

જળ જાણે તે ક્યારાઓમાં સીંચાઈ રહ્યું હતું અને આત્મા પરમાત્મારૂપી જ્ઞાન પુષ્પોએ વેલોમાં જાણે મહેંકી રહ્યા હતા. (૬૭)

આ પ્રકારે વેદ, શાસ્ત્ર, તંત્રોના ઘણાં પ્રબળ પ્રમાણોથી યુક્ત, પવિત્ર શ્રોતા પુરુષોને પ્રિય, જનતાના અજ્ઞાનરૂપી દુર્વાર્ય તાપને જેણે શાંતિ આપી છે એવી, અપાર અને નિર્બાધ જ્ઞાન જેનાથી થાય છે, એવી, રસથી જીતી છે સુધા જેણે એવી, શ્રીહરિની વાણી સાંભળીને, પ્રતિ ભાષણ કરવા માટે તે વાદીઓ અસમર્થ થયા અને નિર્માની બની શ્રીહરિનું વચન સત્ય માનવા લાગ્યા. (૬૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં જ્ઞાન અને ભક્તિના અંગોનું ભાવનિરૂપણ નામે સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૭)



અધ્યાય ૩૮ મો

શ્રી શુકાનંદમુનિ કરે છે :- શ્રીહરિના મુખ કમળનું દર્શન કરતા તે વિદ્વાનો હે મહીપતે! શ્રીહરિના શરીરમાંથી નીકળતું દિવ્ય તેજ જોતા હતા. (૧) (તે તેજ કેવું દીઠું ?) સર્વ દિશાઓમાં વ્યાપવું, મહા શાંતિ આપનારું, શુભ અનેક જન્મોના પાપ તથા ત્રિવિધ તાપને શાંતિ પમાડનારું મહાશ્ચર્યોના સ્થાનરૂપ (૨) એક બ્રહ્માંડના એક સૂર્યની સમગ્ર કાંતિને ઢાંકી દેનારું, (કારણ કે તે તેજ કરોડો કરોડો સૂર્ય સમાન છે) પવિત્ર દર્શનીય, એવું તે તેજ હતું. (૩) પછી શ્રીહરિની ઈચ્છાથી તે વિદ્વજનો, તેજો મંડળના મધ્ય ભાગમાં શ્રેષ્ઠ રત્નજડિત સુવર્ણ સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિને જોતા હતા. (૪) દિવ્ય, અચિન્ત્ય, અનવધિકાતિશય, એવા આશ્ચર્યજનક રૂપ, સૌંદર્ય, માધુર્ય, લાવણ્ય, વિનયાદિ ગુણો જેમને છે એવા ગુણોથી વિરાજમાન (૫) દર્શન કરનારા જનોના પરમ આનંદને વિસ્તારતા, પ્રિય દર્શનવાળા, શાંત અને અત્યંત દિવ્ય આકાર જેનો છે એવા મનોહર, દર્શનીય (૬) મંદ સ્મિતરૂપી સુધાથી શોભાયમાન પૂર્ણચંદ્રથી શ્રેષ્ઠ મુખ છે જેમનું એવા, કૃપામૃતરૂપ રસ સ્ત્રવતા, ભીના નેત્રવાળા (૭) અનેક લોકોનું લાવણ્ય તથા કોટી કામદેવની શોભાને પોતાની શોભાથી તિરસ્કાર કરનારા (૮) વીજળીના જેવા પીળા વસ્ત્રવાળા, નવીન મેઘના જેવી કાંતિવાળા, મણિજડિત સુવર્ણના મકરાકાર કુંડળવાળા (૯) બંને કુંડળોથી સુંદર ચપળતાથી શોભાયમાન છે. કપોળ યુગલ જેમનું એવા, સુંદર મણિઓની પંક્તિથી અધિક શોભાવાળા સુવર્ણ મુગટથી શોભતા. (૧૦)

શોભાયમાન રત્ન જડેલા સુવર્ણના ઝાંઝર, કંદોરો, કંકણ તથા વીંટીઓ જેમને છે એવા, ચળકતા મણીંદ્રોથી જડેલા સુવર્ણના બાજુબંધોથી પ્રકાશમાન એવા (૧૧) વિવિધ પ્રકારના મણિજડિત સુવર્ણના અતિ પ્રકાશમાન હાર તથા રમણીય મોતીની માળા વક્ષઃસ્થળમાં ધારણ કરતા. (૧૨) રમણીય, પ્રકાશમાન, કૌસ્તુભ મહામણિ અને વૈજયંતીમાળા ધારણ કરી છે. અને જે શ્રીવત્સના ચિહ્ન યુક્ત છે. (૧૩)

જેમણે શોભાયમાન કેસરનું ઉર્ધ્વપુંડ્ર તિલક કુંકુમના ચાંદલા સહિત ધારણ કર્યું છે. જે દયાથી પૂર્ણ, દેદીપ્યમાન, ચંચળ નેત્રોવાળા છે. (૧૪) પૂજાના ઉપચારના પાત્રો હાથમાં લઈને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ હર્ષથી જેમની સેવા કરે છે. તેમ જ વૈરાજ પુરુષાદી પણ સદા જેમની સેવા કરી રહ્યા છે તેવા (૧૫) શ્વેતદ્વીપવાસી મુક્તો તથા બદરીકાશ્રમવાસી મુક્તોએ ઘણા પ્રકારના ઉપચારોથી ભક્તિપૂર્વક જેમનું પૂજન કર્યું છે. (૧૬)

વૈકુંઠાદિક ધામના મુક્તોએ પણ અતિ ભક્તિપૂર્વક દિવ્ય વિવિધોપચારોથી જેમની પૂજા કરી છે તે અધીશ્વર (૧૭) રાધા, રમા આદિ શક્તિઓએ નાના પ્રકારની પૂજા સામગ્રીઓથી જેમની સેવા કરી છે. મૂર્તિમાન વેદો તથા બ્રહ્મસ્વરૂપ હજારો હજાર મુક્તો જેમની સ્તુતિ કરે છે. (૧૮) હે નૃપ ! તે વિદ્વાનજનો આવી રીતે શ્રીહરિના દર્શન કરીને મહાઆશ્ચર્ય પામતા, શ્રીહરિને પરમાત્મા, સર્વેના ઈશ જાણતા હતા. (૧૯)

પછી તે સર્વે ભક્તોને શ્રીહરિની ઈચ્છાથી શ્રીહરિના પૂર્વ સ્વરૂપનાં દર્શન થયાં. એટલે શ્રીહરિને પ્રણામ કરીને પ્રીતિપૂર્વક તેમનો દૃઢ આશ્રય કરતા હતા. (૨૦)

શુષ્ક વેદાંતી ગુરુઓ ઊંચો હાથ કરીને ઊંચા સ્વરથી સભામાં રહેલા પોતાના આશ્રિતો પ્રત્યે કહેવા લાગ્યા. અમે હવે નિસંશય થયા છીએ અને પરમેશ્વર સ્વામિનારાયણના શિષ્યો થયા છીએ. (૨૧) હે મુમુક્ષુઓ ! તમે સર્વે અમે તમને ઉપદેશેલા મતનો ત્યાગ કરો. અને શરણાગત પ્રતિપાલક આ સ્વામિનારાયણ શ્રીહરિનો આશ્રય કરો. (૨૨)

શુષ્ક વેદાંતી ગુરુઓએ આ પ્રમાણે કહ્યું તેથી તેમના સર્વે શિષ્યોએ અતિ પ્રસન્ન થઈને શ્રીહરિનો આશ્રય કર્યો ને સ્પષ્ટતાપૂર્વક ઊંચા સ્વરે જય સ્વામિનારાયણ બોલ્યા. (૨૩) હે રાજન્ ! પછી સમગ્ર વિદ્વાનો જેમના મન સંતુષ્ટ થયા છે તે સર્વે, સર્વાધિપતિ પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૨૪)

વિદ્વાનો સ્તુતિ કરે છે :- હે સ્વામિનારાયણ ! તમારી કૃપાથી અમો આપની વાણીરૂપ પવિત્ર નદીમાં પ્રવેશ કરીને (તેનો શ્રેષ્ઠ સાર સમજી લઈને) પરમ શાંતિ પામ્યા છીએ, તેથી અમે તમોને વંદન કરીએ છીએ. આપની વાણીરૂપી નદી (વેદ શાસ્ત્રોના અનેક પ્રમાણોરૂપી કમળોથી યુક્ત છે. મોક્ષદાયી જ્ઞાનની તે નદીમાં છોળો ઉછળી રહી છે. તે નદી સંશયોરૂપી વૃક્ષોને ભેદનારી, માધુર્યાદિ ગુણરૂપી કિનારાવાળી જ્ઞાનરૂપી જળથી ભરેલી, નૈષ્ઠિકત્વાદિ શુદ્ધિવાળા મુનીંદ્રોરૂપી હંસ સમુદાયોથી સેવાયેલી, આધ્યાત્મિકાદિ ત્રણ તાપને નાશ કરનારી છે. (એવી આપની વાણીરૂપી નદી છે.) (૨૫)

હે સ્વામિનારાયણ ભગવાન ! દંભી જ્ઞાની જે અનેક લોકોને ઠગી રહ્યા છે, જે અનેક પ્રકારના ભોગોમાં આસક્ત છે, જેમના મન અનેક પ્રકારના વાદ તથા કુતર્કોથી ક્લેશ પામી ગયા છે, એવા મોહરૂપી અંધકારથી છવાયેલા અજ્ઞાનીઓ અદ્વૈત મતનો આશ્રય કરી રહ્યા છે અને લોકોના ગુરુ બની બેઠા છે. તેમણે અમને સન્માર્ગથી ભ્રષ્ટ કર્યા છે. હે ભગવન્ ! તમોએ અમને કરુણાથી સંસાર સાગરથી ઉદ્ધાર્યા છે. (૨૬)

હે ભગવન્ ! અમોએ હમણાં તે જ સમુદાયમાં તમારા દર્શન કર્યા છે. બ્રહ્માદિ દેવતાઓ તેમજ બ્રહ્મની સાથે એકત્વ ભાવને પામેલા મુક્તો તથા રાધા, લક્ષ્મી આદિ શક્તિઓ આદરપૂર્વક વિવિધ પ્રકારના ઉપચારોથી સદા તમારું પૂજન કરી રહ્યા છે. તે પણ અમોએ જોયું. (૨૭) હે સ્વામિન્ ! નિર્ગુણ ભાવને પામેલા મહા મુક્તોને પણ ઉપાસના કરવા યોગ્ય, અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, લય આદિક રચનાને લીલાથી કરનારા, શ્રુતિ શિરોએ ગાયો છે મહિમા જેમનો એવા, સર્વે અધિશ્વરોના એક જ સ્વામી, સર્વજ્ઞ અક્ષર પર પુરુષોત્તમ, તમો અવતારી છો. એમ અમો જાણીએ છીએ. (૨૮)

હે હરે ! આ લોકમાં સંસાર સમુદ્રમાં નૌકાતુલ્ય તમારી ઉત્તમ ભક્તિનો ત્યાગ કરીને શુષ્ક કૈવલ્ય જ્ઞાન પામવા માટે જે મનુષ્યો સતત વૃથા પ્રયત્ન કરે છે, તે ભાગ્ય રહિત છે, અને પુષ્કળ દૂધ આપનારી ગાયોનો ત્યાગ કરીને વંધ્યા ગાયને જે સેવે છે, તેવા તે છે. તેવા મનુષ્યો ક્યારેય પણ સર્વ સુખથી અધિક આપનું સુખ પામતા જ નથી. (૨૯)

હે પ્રભો ! વેદ શાસ્ત્રોના જ્ઞાનના આટાટોપથી જેમણે સમગ્ર જનોને ઠગ્યા છે એવા અમો, જીવ અને ઈશ્વરની એકતા પ્રતિપાદન કરતા વચનોના સેવનરૂપી ભોજનથી મૂર્છિત થયા છીએ. અમે કામાદિ દાવાનળની જ્વાળાઓથી આકુળ વ્યાકુળ ચિત્તવાળા છીએ. છતાં પણ તમોએ કરુણાથી શુભ વચનામૃતોના સિંચનથી, અમોને જીવિત કર્યા છે. અહો ! આ આશ્ચર્ય છે ! અમો તમારા આશ્રિત છીએ. અમારું તમો વારંવાર રક્ષણ કરો. (૩૦)

તે વિદ્વાનો આવી રીતે સુખનિધિ શ્રીહરિની સ્તુતિ કરીને વિનયપૂર્વક વિવિધોપચારોથી શ્રીહરિની પૂજા કરીને અને આનંદપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરીને, શ્રીહરિની આજ્ઞાથી પોત પોતાને ઘેર ગયા. શ્રીહરિની સાથે રહેતા ભક્તો પણ પોતપોતાના નિવાસસ્થાનમાં ગયા. (૩૧) પછી શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં જઈને અત્યંત કોમળ શય્યામાં બિરાજ્યા, પાર્ષદો શ્રીહરિની સેવામાં પ્રવૃત્ત થયા. એટલે હે નરપતે ! સેવામાં ઉત્સાહવાળી યોગનિદ્રાને શ્રીહરિએ અંગીકાર કરી. (૩૨)

હે નૃપ ! પછી મનુષ્ય નાટ્યધારી પરમાત્મા નારાયણ શ્રીહરિ બ્રાહ્મ મુહૂર્તમાં યોગ નિદ્રાનો ત્યાગ કરીને પ્રભાતમાં શૌચ વિધિ તથા સ્નાન કરી, પોતાનો નિત્ય વિધિ કરતા હતા. (૩૩)

હે રાજન્ ! પછી શ્રીહરિ અતિ સુંદર ભોજનો શ્રીવિષ્ણુને નિવેદન કરીને સારી રીતે જમ્યા. ત્યારબાદ સુંદર મુખવાસ લઈને વસ્ત્રો ધારણ કરીને મહાસભામાં બિરાજ્યા. (૩૪) તેટલામાં વર્ણીઓ. મુનિઓ, સમગ્ર ઘોડે સવારો તથા પાર્ષદો જુદી જુદી રસોઈ યથા યોગ્ય કરીને પછી જમીને સભામાં આવી યથા યોગ્ય બેઠા. પૌરવાસી જનો, પોતાના ભક્ત સમુદાયો તેમજ બીજા વિદ્વાનો પણ સભામાં યથા યોગ્ય બેઠા. (૩૫)

પછી અખિલેશ્વરેશ શ્રીહરિ પોતાના જનોને આનંદ આપવા વેદશાસ્ત્રના અર્થથી પૂર્ણ, ધર્માદિજ્ઞાન વિષયવાળી, અમૃતથી અતિ સારવાળી, વાતો કરતા હતા. રૂડી બુદ્ધિવાળા જનો પણ શ્રીહરિના દર્શન કરતા તે વાતો સાંભળતા હતા. (૩૬) હે રાજન્ ! તેટલામાં ભુજંગપુરથી (ભુજનગર) પીડા નાશ કરનાર

શ્રીહરિનું શરણું પામેલા, બુદ્ધિશાળી, સમગ્ર સુજનોએ અતિમાનનીય, સુંદરજીત નામના ભુજંગપુરના રાજાના કારભારી શ્રીહરિની સમીપે આવ્યા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિચરિત શ્રીહરિકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિએ ઐશ્વર્યનું દર્શન કરાવી વિદ્વાનોને પોતાના આશ્રિત કર્યા તે નિરૂપણનો આડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૮)



અધ્યાય ૩૯ મો

શ્રી માનસિંહ રાજા શુકાનંદમુનિને પૂછે છે :- હે મુનિવર્ય ! રાજાના અમાત્ય સુંદરજીત રાજાની પ્રેરણાથી ત્યાં આવ્યા કે પોતે જાતે આવ્યા ? એ જાણવાની મારી ઈચ્છા છે તે મને કહો ? (૧)

શુકમુનિ કહે છે :- હે રાજેન્દ્ર ! એ કથા સાંભળવાને ઈચ્છતા બુદ્ધિશાળી શ્રદ્ધાવાળા તમોને હું કહું છું. તમો એકાગ્ર ચિત્તથી સાંભળો. (૨) ભુજંગપુરના રાજા ધર્મનિષ્ઠ, રામાનંદ સ્વામીના પ્રસંગથી ઉદ્ધવ સંપ્રદાય વિષે ગુણભાવવાળા હતા. (૩) હે મહીપતે ! તે રાજાના સુંદરજીત અમાત્ય હતા. તેઓ સુતાર જ્ઞાતિના શ્રીહરિના મહા બુદ્ધિશાળી ભક્ત હતા. (૪) રાજાને, પોતાના તે અમાત્ય પાસેથી અતિ પ્રેમપૂર્વક શ્રીહરિનું ગુણગાન સાંભળીને, તેમજ માંડવીપુરથી આવેલા બ્રાહ્મણો પાસેથી પણ શ્રીહરિનો પ્રતાપ સાંભળીને, શ્રીહરિના દર્શનની ઈચ્છા થઈ. (૫) પછી દયાનિધિ શ્રીહરિને પૂછવા માટે જતા સુંદરજીત રાજાની આજ્ઞા લેવા માટે તૈયાર થઈને, રાજાની પાસે ગયા. (૬) નરેશ્વરે પોતાના અમાત્યને તૈયાર થયેલા જોઈને પૂછ્યું, હે મંત્રિન્ ! ક્યાં જાઓ છો ? પછી તે વિચક્ષણ મંત્રી રાજાને કહેવા લાગ્યા. (૭)

હે રાજન્ ! માંડવીનગરમાં આવેલા સ્વામિનારાયણ અમારા ગુરુ છે. તેમના દર્શન કરવા માટે હું જાઉં છું. અને તમારી આજ્ઞા લેવા માટે અહીં આવ્યો છું. (૮)

તે મંત્રીનું વચન સાંભળીને શ્રીસ્વામિનારાયણના દર્શનમાં ઉત્સાહિત મનવાળા, સર્વ કાર્યોની વિધિમાં ચતુર રાજાએ સન્મતિવાળા સુંદરજીતને કહ્યું. (૯) હે સૌમ્ય ! ગુણો તથા ઐશ્વર્ય પ્રતાપવાળા સ્વામિનારાયણ તમારા ગુરુ પ્રત્યક્ષ ભગવાન છે. એમ પૃથ્વી ઉપર પ્રસિદ્ધ છે. (૧૦)

નવાનગરના રાજાએ સ્વામિનારાયણને યથાયોગ્ય સન્માનેલા છે. જેથી વેદ-શાસ્ત્રાર્થનું તત્ત્વ જાણનારા મહાત્માઓને પણ તેઓ માન્યજ છે. (૧૧) તેથી હે ધીમન્ ! મારે તેમનાં દર્શનની ઈચ્છા છે. તમો તેમના દર્શન કરવા જાઓ છો તેથી તમોને જોઈને મને ઘણો આનંદ થાય છે. (૧૨) તમો મારો તેમના ઉપરનો વિજ્ઞપ્તિપત્ર, ઉત્તમ રથ તેમજ યથાયોગ્ય સેવકવર્ગ લઈને જાઓ. સ્વામિનારાયણને તમો અત્રે જરૂર લાવશો. (૧૩) સેવકોને મોકલીને સ્વામિનારાણને અહીં બોલાવવાનું મેં પહેલેથી જ મારા ચિત્તમાં નક્કી કર્યું છે. (૧૪) પરંતુ જ્યારે તમો જાઓ છો, ત્યારે તમોને હું પ્રેરણા કરું છું. માટે તમો મારાવતી

ઘણી પ્રાર્થના કરીને આ પુરમાં પ્રભુ સ્વામિનારાયણને લાવો. (૧૫)

ભુજંગનગરના રાજાએ સુંદરજીતને આ પ્રમાણે કહ્યું પછી સુવર્ણાક્ષરથી પત્ર લખાવીને અને બીડીને હે રાજન્ ! તે પત્ર પોતાના અમાત્ય સુંદરજીતને આપ્યો. (૧૬) પછી રાજાએ આજ્ઞા આપેલા તેથી જ હર્ષ પામેલા સુંદરજીત ભક્ત સેવકજનો તેમજ રથ વગેરે લઈને માંડવીપુરમાં ગયા. (૧૭)

સુંદરજીત ભક્ત માંડવીપુરમાં આવ્યા અને શ્રીહરિના દૂરથી દર્શન કર્યા. પછી તે શ્રીહરિ જેઓ સભામાં પોતાના સિંહાસનમાં બિરાજેલા છે, તેમને સજળ નેત્રે સાષ્ટાંગ નમસ્કાર કર્યા. (૧૮) પછી શ્રીહરિના ચરણારવિંદનો સ્પર્શ કરીને ફરીથી શ્રીહરિને નમસ્કાર કરીને તેમને રાજાનો પત્ર આપ્યો તથા તેમના વતી પ્રાર્થના કરી કહ્યું. (૧૯)

શ્રીહરિએ સુંદરજીતનો સત્કાર કર્યો અને સભામાં બેસાડ્યા. હે ભૂપતે પછી ધીર શ્રીહરિએ રાજાનો પત્ર વંચાવ્યો. (૨૦) કાર્યમાં ચતુર શ્રીહરિએ મુક્તાનંદાદિ સજ્જનોની સાથે વિચાર કરીને પોતાના આશ્રિત સુંદરજીત ભક્તને આ પ્રમાણે કહ્યું. (૨૧) હે ભક્ત તમો આગળ જાઓ. અમો સર્વે આ દેશના અમારા ભક્તોના ગામોમાં ફરતા ફરતા થોડા દિવસોમાં આવીશું. (૨૨)

શ્રીહરિ આવી રીતે સુંદરજીત ભક્તને કહીને તે સમયે તૈયાર થયા. વર્ણીઓ, સાધુઓ તથા પાર્ષદો પણ તૈયાર થયા. (૨૩) પછી ઘોડે સવારોથી વીંટાયેલા શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા. ગીત વાજિંત્રોના ઘોષથી પોતાના ભક્ત સમુદાયોએ શ્રીહરિને વળાવ્યા એટલે શ્રીહરિએ ત્યાંથી પ્રયાણ કર્યું. (૨૪) દૂર સુધી પોતાની પાછળ આવતા, આંખોમાંથી અશ્રુ સરતા, ભક્તોને પાછા વાળીને, તેમજ પોતાની પાછળ આવતા સુંદરજીત ભક્તને પણ પાછા વાળીને શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. (૨૫)

પછી હે રાજન્ ! સુંદરજીતે બે સેવકોને આ પ્રમાણે કહ્યું. હે સેવકો ! મારી આજ્ઞાથી તમારે બંનેએ શ્રીહરિની સાથે જ રહેવું. (૨૬) હે ભૃત્યો ! આ શ્રીહરિ જ્યારે આપણા નગરની સમીપે આવે ત્યારે બંનેએ આગળ આવીને રાજાને શ્રીહરિનું આગમન કહેવું. (૨૭)

આવી રીતે કહીને બંને સેવકોને શ્રીહરિની સાથે રાખીને સુંદરજીત પોતાના પુરમાં આવ્યા અને રાજાને શ્રીહરિનું વૃત્તાંત કહ્યું. (૨૮)

પછી હે રાજન્ ! પોતાના આશ્રિતોની સાથે શ્રીહરિ માર્ગમાં ચાલતા પોતાના ભક્તો જ્યાં વસે છે તે ''ડોણ્ય'' ગામમાં પધાર્યા. (૨૯) તે ગામના નિવાસી ભક્તો શ્રીહરિને આવતા સાંભળીને વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની સન્મુખ ગયા. (૩૦) ઘોડેસવારોની મધ્યમાં રહેલા અશ્વને વારાકી (ચપલ) નામની ગતિથી ચલાવતા જેમની તોફાની લટો ઉછળે છે એવા (૩૧) સર્વ નિયંતા પોતાના ઈષ્ટ દેવ શ્રીહરિના દૂરથી જ દર્શન કરીને તે સર્વે ભક્તો પ્રેમાશ્રુથી પૂર્ણ છે નેત્રો જેમનાં એવા હર્ષથી શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૩૨) હે રાજન્ ! પ્રસન્ન છે ચિત્ત જેમના એવા ભક્તો શ્રીહરિની પ્રાર્થના કરીને શ્રીહરિને યોગ્ય સુંદર વિસ્તારવાળા નિવાસસ્થાનમાં વાસ કરાવતા હતા. (૩૩)

ડોણ્ય ગામમાં ખાંભા, જીવો તથા માપલભાઈ વગેરે સુથાર ભક્તો તથા જાનંતી વગેરે સ્ત્રીઓ શ્રીહરિની સેવા કરતી હતી. (૩૪) તે ભક્તો સુંદર ચંદન, કુંકુમ, પુષ્પના હાર વગેરે ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા. (૩૫) પોતાને વિષે આસક્તિવાળા પોતાના ભક્તોને સુખ આપતા ભક્તવત્સલ શ્રીહરિ કરુણાથી 'ડોણ્ય' ગામમાં પાંચ દિવસ રહ્યા. (૩૬)

તે ગામમાં મહાસભામાં રમણીય સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિ ભક્તોને આનંદ આપતા ધર્મ, જ્ઞાનાદિ વાતો કરતા હતા. (૩૭) તે ભક્તોને પોતાનામાં અનન્ય ભક્તિને કરાવતા શ્રીહરિ, પોતાના મનુષ્ય નાટ્યના ભાવનો ભ્રમ હરનારી વાતો કરતા હતા. (૩૮) ત્યાર બાદ પોતાના સર્વે ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ ગીત ગાતા વાદ્યોના ઘોષ સહિત પોતાના આશ્રિતોની સાથે ત્યાંથી નીકળ્યા. (૩૯) ઘોડેસવારોના સમૂહોથી વીંટાયેલા ઉત્તમ અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, પોતાના આશ્રિતો સાથે કાળાતળાવ નામના ગામમાં પધાર્યા. (૪૦)

ત્યાનાં ભક્તો શ્રીહરિને આવતા સાંભળીને ભેગા થઈને વાદ્ય ઘોષોની સાથે શ્રીહરિના પદો ગાતા હર્ષથી શ્રીહરિ સન્મુખ ગયા. (૪૧) પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને ઘોડેસવારોની વચ્ચે દૂરથી જોઈને, આનંદ પામીને, તે ભક્તો શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. આશ્રિતોએ સહિત ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિની પ્રાર્થના કરીને અતિ સુંદર નિવાસમાં તેમને વાસ કરાવ્યો. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સંકધમાં શ્રીહરિનું 'ડોણ્ય' ગ્રામ ગમન નિરૂપમ નામે ઓગણચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૯)



અધ્યાય ૪૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી કાળાતળાવમાં ભીમજી, રવજી, હરમ તથા મનજી વગેરે સુથાર જ્ઞાતિના ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૧) તે ગામમાં અંજુ નામના સ્ત્રી તથા જેઠી વગેરે સ્ત્રીઓ ભક્તિપૂર્વક યથાયોગ્ય શ્રીહરિનું સેવન કરતી હતી. (૨)

શ્રીહરિ સ્નાન કરીને પોતે સર્વ નિત્યવિધિ કરતા હતા. મનુષ્ય નાટ્ય ધારણ કરતા શ્રીહરિ જનસમુદાયની શિક્ષાને અર્થે જ નિત્યવિધિ કરતા હતા. (૩) તેટલામાં મકુંદાનંદ વર્ણીંદ્ર પવિત્ર થઈને શ્રીહરિ માટે દૂધમાં ઉત્તમ શુદ્ધ રસોઈ બનાવતા હતા. (૪) શ્રીહરિ સ્વયં દાળ તથા ભાત બનાવતા હતા. શાક વગેરેમાં મીઠું નાખતા હતા. ત્યારબાદ તે સુંદર ભોજન વિષ્ણુને નિવેદન કરતા હતા. (૫)

હે રાજન્ ! સાધુપ્રિય પ્રભુ શ્રીહરિ વિવિધ પ્રકારનાં ભોજન જમ્યા. પછી તૃપ્ત થઈને હાથ તથા મુખ ધોયા. (૬) ત્યારબાદ હે ભૂપતે ! વર્ણીએ સોપારી, જાવંત્રી લવિંગ, એલાયચી યુક્ત નાગર વેલીના પાનની બીડી શ્રીહરિને આપી તે શ્રીહરિ જમ્યા. (૭) પછી શ્રીહરિ વસ્ત્રો ધારણ કરીને સભામંડપમાં

બિછાવેલા કોમળ ગાદલા યુક્ત પોતાના સિંહાસનમાં બિરાજ્યા. (૮)

તેટલામાં બ્રહ્મચારીઓ, સંતો, પાર્ષદો, ઘોડેસવારો જમીને સભામાં આવીને બેઠા. બીજા ભક્તો પણ બેઠા. (૯) પછી ભક્તો શ્રીહરિની ચંદન, કેસર, કસ્તુરી, કુંકુમ વગેરે ઉપચારોથી પૂજા કરતા હતા. (૧૦) શ્રીહરિમાં અત્યંત પ્રેમવાળી સ્ત્રીઓ પણ સત્પુરુષોના પતિ શ્રીહરિની પૂજા અનેક પ્રકારના શ્રેષ્ઠ પૂજા દ્રવ્યોથી હર્ષથી કરતી હતી. (૧૧)

કાળાતળાવમાં શ્રીહરિએ, સંસારના પાશને નાશ કરનારી, વેદ, શાસ્ત્રમાં કહેલા ધર્મ, જ્ઞાનાદિ વિષયો પર ઉપદેશની કથા કરતાં કહ્યું. (૧૨) સ્ત્રીપુરુષોને પરસ્પર જે અત્યંત પ્રીતિ હોય તે પ્રીતિ મહા દુઃખ પમાડનારી છે. એટલું જ નહીં પરંતુ જેમ મનુષ્યને દોરડાથી બાંધે તેમ અતિ બંધન કરનારી છે. (૧૩) વળી સ્ત્રીપુરુષ વચ્ચે જે મિથુની ભાવ છે તે બંધન કરાવનારી ગ્રંથીનો નાશ તો સાધુ પુરુષોથી સંપ્રાપ્ત થયેલા જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત ભગવાનની ભક્તિથી જ થાય છે. (૧૪)

શ્રીહરિએ કહેલી અમૃતથી પણ અતિ ઉત્તમ રસવાળી વાતો સંતુષ્ટ મનથી તે ભક્તજનો મસ્તક ઉપર ધારણ કરતા હતા. (૧૫)

શ્રીહરિ કરુણાપૂર્વક કાળાતળાવમાં કેટલાક દિવસો રહ્યા. પછી વાદ્યોના ઘોષ સાથે ભક્તોએ શ્રીહરિને વળાવ્યા એટલે પોતાના ભક્તોની સાથે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. (૧૬) સ્વયં શ્રીહરિ પોતાના અશ્વરાજ ઉપર બિરાજ્યા. વર્ણીઓ, સંતો, ઘોડેસવારો, પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ પોતાના આશ્રિતો જ્યાં વસે તે તેરા ગામમાં (તીરપુર) પધાર્યા. (૧૭)

પછી તેરા ગામના નિવાસી શ્રીહરિચરણ કમળના આશ્રિતો, શ્રીહરિ પોતાના ગામમાં પધારે છે તે સાંભળીને, ત્યાંના રાજા તથા રાજાના સૈન્ય સાથે ગીત વાજિંત્રોના ઘોષ કરતા પ્રભુ શ્રીહરિની સન્મુખ ગયા, રાજા તથા તે ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને પછી પ્રાર્થના કરીને પુરમાં લઈ ગયા. (૧૮-૧૯) પછી તે ભક્તો, શ્રીહરિને યોગ્ય રમણીય નિવાસમાં ભક્તોની સાથે, આદરપૂર્વક નિવાસ કરાવતા હતા. (૨૦) તેરા ગામમાં ડોસા ભક્ત, નાગજીત, ગોપ, માવજી, નાંધો, સંઘજીત વગેરે સુથારો શ્રીહરિની સેવા કરતા હતા. (૨૧) વળી પ્રેમબાઈ તથા બીજી માની વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતી હતી. (૨૨) શ્રીહરિ સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કરતા હતા. ત્યારબાદ નાના પ્રકારના ભોજનો વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૨૩) પછી શ્રીહરિ સુંદર મુખવાસ ગ્રહણ કરીને તથા વસ્ત્ર ધારણ કરીને સભામાં રમણીય સિંહાસનમાં બિરાજ્યા. (૨૪) તેટલી વારમાં સમગ્ર વર્ણીઓ, સાધુઓ, ઘોડેસવારો, તથા પાર્ષદો ભોજન કરીને સભામાં આવીને યથાયોગ્ય બેઠા. (૨૫) ત્યારબાદ તેરા ગામના નિવાસી ભક્તો વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. તેવી રીતે સ્ત્રીઓ શ્રીહરિની હર્ષથી પૂજા કરતી હતી. (૨૬)

ત્યાં શ્રીહરિ નિરંતર ધર્મનું પોષણ કરનારી અર્થ ગંભીર વાતો કૃપા કરીને કરતા હતા. (૨૭) આ પ્રકારે ભક્ત વત્સલ ધર્મનંદન શ્રીહરિ, ભક્તજનોને સુખ આપતા ત્યાં સાત દિવસ રહ્યા. (૨૮)

હે રાજન્ ! પછી સૈન્ય સહિત રાજા તથા ત્યાંના ભક્તોએ શ્રીહરિ તથા તેમના ભક્તોને વળાવ્યા. તે સમયે અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે નીકળ્યા. તે જાણે સિંધુ સાગરનો સંગમ થયો તેવું દૃશ્ય થયું. (૨૯)

શ્રીહરિ ત્યાં નારાયણસર નામના તીર્થ પ્રત્યે પધાર્યા. (તે તીર્થનું વર્ણન કરે છે) તપોનિષ્ઠ જનોને અત્યંત પ્રિય, પુરાણ, ઈતિહાસ તથા લોકમાં પ્રસિદ્ધ સિદ્ધોએ સદા સેવેલું (૩૦) મોટા પુરુષોના મન જેવું સ્વચ્છ જળવાળું, કુમુદ તથા કમળ તેમજ લાલ કમળની પંક્તિઓથી શોભાયમાન અત્યંત પવિત્ર તે તીર્થ છે. (૩૧) ફળ તથા પુષ્પના ભારતી નમ્ર, વિવિધ પ્રકારના વૃક્ષોથી અત્યંત શોભાયમાન, વાયુથી ચંચળ બનેલા પલ્લવો જાણે શ્રીહરિને બોલાવતા હોય ને મને અર્પણ કરેલા પાપના સમુદાયોનો તમે નાશ કરી મને પવિત્ર કરો. એવી રીતે જાણે શ્રીહરિને બોલાવતું હોય ને શું ? એમ જણાતું હતું. (૩૨)

ક્રૌંચ, સારસ, હંસ, ચક્રવાક તથા મયૂરો તેમજ જળમાં રહેનારા પક્ષીઓના તથા અન્ય પક્ષીઓના મધુર સ્વરથી અવતારી સમર્થ શ્રીહરિને હે સ્વામિન્ ! પાપી જનોએ તેમના પાપથી દૂષણ પમાડેલા તમો સ્નાન કરીને મને પવિત્ર કરો. એમ સૂચન કરતું હોય ને શું ? (૩૩-૩૪)

નારાયણસરમાં તીર્થ વિધિ કરતા નરનાટક ધર્તા ધર્મના પુત્ર શ્રીહરિ, પોતાના સહચર ભક્તોની સાથે ત્યાં પાંચ દિવસ રહ્યા. (૩૫) તે તીર્થમાં મનોહર વિષ્ણુની મૂર્તિનાં દર્શન તથા પૂજન કરીને શ્રીહરિ ઘણાં બ્રાહ્મણોને જમાડતા હતા. (૩૬) અતિ ઉદાર મનવાળા પ્રત્યક્ષ ભગવાન નરનાટ્યની શોભા વૃદ્ધિ પમાડવાના હેતુથી બ્રાહ્મણોના હિતકારી બ્રાહ્મણોને દાન આપતા હતા. (૩૭)

શ્રીહરિ ત્યાં સભામાં તીર્થાટનનો વિધિ તથા ધર્મ સમજાવતા સર્વવિત્ પ્રભુ નારાયણસર તીર્થની પ્રશંસા કરતા હતા. (૩૮) જેમ પૂર્વે પ્રચેતાઓએ નારાયણસરના કિનારે શિવ દર્શન કર્યું હતું તેમ જ એ સ્થળે તેઓએ મહા તપ કર્યું હતું અને સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. (૩૯)

વળી એ સ્થળે પૂર્વે દક્ષના પુત્રોએ તપ કર્યું હતું અને દેવર્ષિ નારદે તેમને કૂટ વચનો ભ્રમણા ઉપજાવે તેવાં કહ્યાં હતાં. જેથી તેઓએ બધાએ નિવૃત્તિ ધર્મનો આશ્રય કર્યો હતો. તે બધી કથા શ્રીહરિ શાસ્ત્રાનુસાર એ સભામાં કહેતા હતા. (૪૦-૪૧) વળી શ્રીહરિ વ્યભિચાર વગેરે દોષોનું મહાપાપ સમજાવી તીર્થોમાં રહેલા દુરાચરણનો પોતાના પ્રતાપથી નાશ કરતા હતા. (૪૨)

નારાયણ સર તીર્થમાં અનીશ્વરમતના (નાસ્તિક) કેટલાક પ્રતિવાદીઓને શ્રીહરિએ શાસ્ત્ર પ્રમાણોથી જીતી લીધા અને સેશ્વર મતનું (આસ્તિક) સ્થાપન કર્યું. (૪૩) આ રીતે પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન કરી અને અધર્મનું મૂળ ઉખેડીને પરાક્રમશાળી શ્રીહરિ નારાયણ સરથી પોતાના ભક્તો સાથે નીકળ્યા અને સમુદ્રના કાંઠા ઉપર આવેલો કોટીશ્વર શિવના સ્થાને પધાર્યા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિનું કાળાતળાવ સમુદ્ર સંગમન નિરૂપણ નામે ચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૦)



અધ્યાય ૪૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- માનવ નાટ્યધારી શ્રીહરિ કોટીશ્વર શિવના દર્શન કરીને તે સ્થાનથી ચાલી નીકળ્યા અને પોતાના ભક્તોની સાથે માનકુવા ગામની નજીક પધાર્યા. (૧) ત્યાંના ભક્તો અચ્યુત શ્રીહરિ પધારે છે તે સાંભળીને ગીત વાદ્યોના ઘોષ સાથે અત્યંત આનંદપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૨) ઘોડેસવારોથી વીંટાયેલા અશ્વ ઉપર બિરાજેલ પોતાના પ્રાણ પ્રિય શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને તે ભક્તો શ્રીહરિને સાષ્ટાંગ વંદના કરતા હતા. (૩)

પછી ભક્તો પુષ્પના હાર, બાજુબંધ, તોરાઓ શ્રીહરિને ધારણ કરાવીને, શ્રીહરિની પ્રાર્થના કરી આદરપૂર્વક શ્રીહરિને પોતાના ગામમાં લઈ ગયા. (૪) તે ભક્તો શ્રીહરિને સુંદર યોગ્ય આવાસમાં તેમની આજ્ઞામાં તત્પર ભક્ત સમુદાયની સાથે વાસ કરાવતા હતા. (૫)

માનકૂવામાં પ્રયાગજીત, શ્યામો, કેશવજી, નાગજી તથા બીજા બ્રાહ્મણો શ્રીહરિની સેવા કરતા હતા. (૬) પ્રેમજી, લાખો વિશ્રામ, કૃષ્ણજી તથા મૂળજી વગેરે વૈશ્યો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૭) તેજો, ઉકો, શ્યામજી, નાથજી વગેરે શ્રીહરિના ચરણાશ્રિત સુથારો પણ શ્રીહરિ પ્રભુની હંમેશા પ્રીતિપૂર્વક સેવા કરતા હતા. (૮) કમો, અંદજા વગેરે ક્ષત્રિય ભક્તો પણ શ્રીહરિની હંમેશા ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૯)

હે રાજન્ ! મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું અને પછી શ્રીહરિ પોતાનો સર્વ નિત્ય વિધિ કરતા હતા. (૧૦) ધર્મના પુત્ર શ્રીહરિ ત્યારબાદ વિવિધ ભોજનો વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. જમી રહ્યા બાદ હે રાજન્ ! શ્રીહરિ બંને હાથ તથા મુખ ધોતા હતા. (૧૧)

પછી શ્રીહરિ મુખવાસ લઈને વસ્ત્ર પહેરીને સભામાં પોતાના અતિ સુંદર આસન ઉપર બિરાજ્યા. (૧૨) શોભાયમાન શ્વેતવસ્ત્રો જેમને છે એવા મંદ હાસ્યથી અધિક જેમનું મુખ શોભે છે એવા, પોતાના શરીરની અનુપમ શોભાથી અનંત કામદેવના સૌંદર્યને તિરસ્કાર કરનારા. (૧૩) દયારૂપી સુધાથી આર્દ્ર છે બંને નેત્રો જેમનાં એવાં, મંદ હાસ્યની કાંતિથી શોભાયમાન છે, અધરોષ્ઠ જેના એવા, પ્રસન્ન શ્રીહરિ, પોતાના ભક્તજન સમુદાયને કૃપાદૃષ્ટિથી નિહાળતા હતા. (૧૪)

તેવામાં સાધુઓ, વર્ણીઓ, ઘોડેસવારો તથા પાર્ષદો ભોજન કરીને સભામાં આવીને બેઠા. તેમ જ પુરના ભક્તો પણ સભામાં બેઠા. (૧૫)

પછી ચંદન, કંકુ, પુષ્પના હાર વગેરે વિવિધ ઉપચારોથી ભક્તોએ શ્રીહરિની પૂજા કરી. (૧૬) શ્રીહરિમાં ભક્તિવાળી સ્ત્રીઓ પણ રમણીય ઉપચારો વડે ઈષ્ટદેવ શ્રીહરિની શુભ પૂજા આદરપૂર્વક કરતી હતી. (૧૭) આ પ્રકારે પોતાના ભક્તોએ નિરંતર સેવેલા શ્રીહરિ પોતાના ભક્તોને સુખ આપવા માટે કેટલાક દિવસો સુધી માનકૂવામાં રહ્યા. (૧૮) તે ગામમાં શ્રીહરિ દેહ તથા ઘર કુટુંબ વગેરેની આસક્તિ નાશ કરનારી તથા ભગવાનમાં પ્રીતિ વધારનારી ઉપદેશ વાતો દરરોજ સભામાં કરતા હતા. (૧૯)

પછી હે રાજન્ ! ભુજનગર જવા માટે ધર્મનંદન શ્રીહરિ સવારમાં નિત્ય વિધિ કરીને તથા (વિષ્ણુને નિવેદન કરીને) ભોજન જમ્યા. (૨૦) શ્રીહરિની આજ્ઞા પાલન કરનારા વર્ણીઓ, મુનિઓ, પાર્ષદો તથા ઘોડેસવારો પણ જમ્યા. (૨૧) હે રાજન્ ! સર્વ કાર્યમાં વિચક્ષણ શ્રીહરિ તૈયાર થયા. પછી ત્યાંથી નીકળવાની તૈયારી કરી. શ્રીહરિના સહચર વર્ણી વગેરે પણ તૈયાર થયા. (૨૨) શ્રીહરિને ગીત તથા વાદ્યોના ઘોષ સાથે ભક્તોએ વળાવ્યા. અશ્વ ઉપર બેસીને શ્રીહરિએ પોતાના આશ્રિતોની સાથે ત્યાંથી પ્રયાણ કર્યું. (૨૩)

તે ગામથી લગારેક દૂર જઈને શ્રીહરિએ વળાવવા આવતા ભક્તોને પાછા વાળ્યા અને પોતાના સહવાસી જનોની સાથે આગળ ચાલ્યા. (૨૪) શ્રીહરિએ પાછા વાળેલા ઘણાં ભક્તો શ્રીહરિની પરમ શોભાના દર્શન કરવા ઈચ્છતા શ્રીહરિની સાથે આવ્યા. (૨૫) તેમની સાથે શ્રીહરિ માર્ગમાં ચાલતા હાસ્ય વિનોદના વચનોથી પોતાના ભક્તોને હસાવતા ભુજનગરથી બે ગાઉ દૂર વાડીમાં પધાર્યા. (૨૬)

રાજાના બે સેવકો (જે રાજાના અમાત્ય સુંદરજીતે શ્રીહરિની સાથે રાખેલા હતા તે બંને) શ્રીહરિને પૂછીને, રાજાને શ્રી હરિનું આગમન અમૃત તુલ્ય શબ્દોમાં કહેવા માટે આગળ ગયા. (૨૭) રાજા પણ શ્રીહરિને પોતાના પુર પ્રત્યે આવતા સાંભળીને પોતાની સેનાને તૈયાર કરાવતા હતા. તેટલામાં શ્રીહરિ પોતાના સહચર વર્ણી વગેરે સાથે વાડીમાં આવ્યા. (૨૮)

તે બગીચામાં સુંદર આસન ઉપર શ્રીહરિ બિરાજ્યા. પછી તેમણે નિત્ય વિધિ કર્યો. કામ્ય કર્મ તત્કાળ કરતા ધર્મપુત્ર શ્રીહરિના તે વખતે પાર્ષદો દર્શન કરતા હતા. (૨૯) પછી પાર્ષદો, વર્ણીઓ, સંતો, ઘોડેસવારો તથા ભક્તો શ્રીહરિના દર્શન કરતા અત્યંત વિસ્મય પામીને ત્યાં બેઠા. (૩૦)

તેટલામાં અલંકૃત કરેલા હાથીઓ, ઘોડેસવારો, પાયદળ તથા રથાદિયુક્ત સેના વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિ સન્મુખ આવ્યા. (૩૧) તેવી રીતે શ્રીહરિના ઉપાસક, રાજાના મંત્રી, મહા બુદ્ધિશાળી, સુંદરજીત તેમ જ ત્યાંના હજારો ભક્તો હર્ષપૂર્વક ભેગા થઈને શ્રીહરિની સન્મુખ ગયા. (૩૨) તે સર્વે દૂરથી સભામાં વિરાજમાન શ્રીહરિના દર્શન કરીને તથા તેમને નમસ્કાર કરીને તેમની સમીપમાં આવ્યા. પછી શ્રીહરિને પુષ્પોના ગુંથેલા હાર વગેરે અર્પણ કર્યા. (૩૩) શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા સર્વે ભક્તો સભામાં બેઠા. શ્રીહરિની શોભાના દર્શન કરતા શ્રીહરિના સ્વરૂપમાં આસક્ત થયા. (૩૪)

રાજા પોતાના વાહન ઉપરથી ઉતર્યા એટલે શ્રીહરિએ તેમનો સત્કાર કર્યો. પછી શ્રીહરિને પ્રણામ કરીને રાજા સભામાં બેઠા. (૩૫) તે જ પ્રમાણે રાજાના કારભારી સુંદરજીતે શ્રીહરિને પ્રણામ કર્યાં. શ્રીહરિએ તેમનો પણ સત્કાર કર્યો. પછી તે સભામાં બેઠા. તેમના બીજા કારભારી વગેરેનો પણ શ્રીહરિએ સત્કાર કર્યો અને સભામાં બેસાડ્યા. (૩૬)

હે પ્રભો ! તમો અમારા નગરમાં પધારો, તમારા દર્શન આપીને પુરના જનોને પાલન કરો. આવી રીતે શ્રીહરિને રાજાએ પ્રાર્થના કરી. (૩૭) ત્યારબાદ રાજાએ અતિ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિને અમૂલ્ય રમણીય વસ્ત્રો તથા આભૂષણો ધારણ કરાવ્યાં. (૩૮) રાજાએ મહામૂલ્યવાળો કસુંબી

રંગનો રમણીય રેશમની નાડીવાળો સોનેરી સુરવાળ શ્રીહરિને ધારણ કરાવ્યો. (૩૯)

કસુંબી રંગનું સોનેરી મોળીયું ધારણ કરાવ્યું. તેમાં મનોહર મોતી તથા મણિ જડિત સોનેરી તોરાઓ ધારણ કરાવ્યા. (૪૦) રાજાએ કસુંબી રંગનુ સોનેરી અંગરખું શ્રીહરિને ધારણ કરાવ્યું. કેડ્યમાં કસુંબી રંગનો સોનેરી પટકો તથા કસુંબી રંગનો સોનેરી ખેસ ધારણ કરાવ્યો. (૪૧) રાજાએ રત્ન જડિત સુવર્ણના નુપૂર તથા કંદોરો, કડાં, વીંટીઓ, બાજુબંધ તથા કુંડળો શ્રીહરિને ધારણ કરાવ્યાં. (૪૨) સુવર્ણની તેમજ મણિ તથા મોતીઓની માળાઓ, વિવિધ પ્રકારના હાર વગેરે શ્રીહરિના કંઠમાં રાજાએ ધારણ કરાવ્યા. રત્નજડિત સોનાનો ગળપટ્ટો કંઠમાં ધારણ કરાવ્યો. (૪૩)

પછી તે રાજાએ શ્રીહરિના લલાટમાં કુંકુંમનો ચાંદલો કર્યો. પુષ્પોના હાર તથા તોરા વગેરે ધારણ કરાવીને શ્રીહરિને નમસ્કાર કર્યા. (૪૪)

પછી રાજાએ મુનિ વગેરેને યથા યોગ્ય વિવિધ પ્રકારના વાહનોમાં બેસાડીને શ્રીહરિને ઉત્તમ હાથી ઉપર બેસવા માટે પ્રાર્થના કરી. (૪૫) સોનાની અંબાડીવાળા હાથીઓના મંડળોમાં શોભતા ગજરાજ ઉપર શ્રીહરિ ભગવાન બિરાજ્યા. (૪૬) પછી રાજા પોતાના હાથમાં સુવર્ણ દંડયુક્ત ચળકતું રત્નોવાળું ચામર લઈને તે હાથી ઉપર શ્રીહરિની પાછળ બેસીને શ્રીહરિને ચામર વીંજવા લાગ્યા. (૪૭)

શ્રોતાઓને પ્રિય નાના પ્રકારના વાજિંત્રોના મહાઘોષ સાંભળતા ભગવાન શ્રીહરિ ગજરાજ ઉપર વિરાજમાન થઈને ચાલ્યા. (૪૮) ગજેન્દ્ર ઉપર બિરાજેલા શ્રીહરિની પાછળ ઉત્સાહ વાળા ઘોડેસવાર ચાલતા હતા. શ્રીહરિની આગળ મંગળ વચન બોલતા સોનાની છડી ધારણ કરનારા છડીદારો ચાલતા હતા. (૪૯) તેમની આગળ વિવિધ પ્રકારના શસ્ત્રોને ધારણ કરનારા શ્રીહરિ પાર્ષદો ચાલતા હતા. રાજાનું સૈન્ય યોગ્ય વ્યવસ્થા પ્રમાણે ચાલતું હતું. (૫૦)

પોતાના ઈષ્ટદેવની શોભાના દર્શનથી અત્યંત પ્રસન્ન થયેલા ભક્તો, શ્રીહરિના આશ્રિત જનો, મૃદંગ, ઝાંઝર વગેરે સાથે ઊંચા સ્વરથી કીર્તનો ગાતા ચાલતા હતા. (૫૧) (પછી કવિરાજોની પંક્તિ રૂપી મુગટોના અલંકાર ભૂત શ્રી પ્રગટ પુરુષોત્તમના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય પોતાના પિતા શ્રીહરિ ભુજનગરમાં પ્રવેશ સમયમાં શ્રીહરિની શોભાને સંભારતા, શ્રીહરિની કૃપાથી નયન પથમાં પ્રાપ્ત થયેલી શોભાને, શ્લોકોને ગૂંથતા થકા ચાલતા વૃત્તાંતને સ્મરણ કરી ઉત્સાહથી દિવ્ય શોભાને પણ જોતા થકા પ્રાકૃત શોભાની સાથે વર્ણન કરે છે.)

પછી શ્રીહરિના દર્શનની ઈચ્છાથી આકાશમાં આવેલા દેવેન્દ્રોએ અતિ સુગંધીમાન પુષ્પોથી શ્રીહરિને વધાવ્યા. એ રીતે શ્રીહરિએ ભુજપુરમાં પ્રવેશ કર્યો. (૫૨) ચારેય તરફ પુષ્પો તથા ફળોવાળા વૃક્ષોથી પરિપૂર્ણ બગીચાઓથી યુક્ત ભુજનગર હતું. વળી વિવિધ પ્રકારના કમળોથી પંક્તિઓથી શોભાયમાન, જળકુકડા આદિ પક્ષીએના કલરવથી શોભતા સરોવરથી યુક્ત; (૫૩) શત્રુઓ નગરમાં પ્રવેશ ન કરી શકે તેથી ચારેય તરફ ઊંડી ખાઈવાળું રાજાના ઉત્તમ મહેલોથી અતિ શોભાયમાન, ઈન્દ્ર ધનુષ્યની માફક કલાત્મક પ્રવેશ દ્વારો જેમાં છે અને જે કૈલાસની ઉપમા આપવા યોગ્ય કિલ્લાઓથી વીંટાયેલું છે (૫૪)

સ્વસ્છ અને જળથી છંટકાવ કરેલા રાજમાર્ગો, તેમજ બજારોના નાના નાના ઉપમાર્ગોથી શોભતું, વિવિધ તોરણોથી અલંકૃત કરેલા રમણીય ગૃહોની પંક્તિથી શોભતું. (૫૫) જે પુરના ભુવનોના જાળીયામાંથી નીકળતા શ્રેષ્ઠ ધૂપથી ઉત્પન્ન થતા ધૂમના સમુદાયને જોઈને ટોડલા તથા છજા ઉપર બેઠેલા મયૂરો જાણે આ મેઘના વાદળો છે એવી ભ્રાંતિથી તે નગરીમાં વારંવાર નૃત્ય કરે છે. (૫૬) ચાંદીના તથા સુવર્ણના શ્રેષ્ઠ શિખરો ઉપર રહેલા કળશોથી શોભાયમાન, અતિ સુંદર ધ્વજાઓથી યુક્ત દેવમંદિરોથી શોભતું; (૫૭)

સુંદર અને ઉજ્જવળ અગાશીઓ તથા મેડીઓ, સ્ફટિક મણિઓની બેત્રણ માળની હવેલીઓ તથા શોભાયમાન જાળીયાં, તેમજ શોભાયમાન રંગીત સ્તંભોથી યુક્ત ભુવનોથી વિભૂષિત, (૫૮) સુંદર હાટોની પંક્તિમાં રહેલી વિવિધ પ્રકારની શ્રેષ્ઠ વેચવાની વસ્તુઓથી શોભાયમાન, ચારે તરફ ફરતી સુંદર ધ્વજાઓએ જાણે તડકાને આચ્છાદિત કરી દીધો હોય તેવા ઘરોથી શોભાયમાન. (૫૯)

સભાસ્થાનેથી અત્યંત સમલંકૃત, ઉત્તમ બ્રાહ્મણોના વેદોચ્ચારણન ઘોષથી ગાજતી આ પ્રકારની લક્ષ્મી યુક્ત શોભાથી શોભતા નગરમાં શ્રીહરિએ પ્રવેશ કર્યો. તે સમયે શ્રીહરિના દર્શન કરવા માટે નગરવાસીજનો પોતાની સર્વ ક્રિયાનો ત્યાગ કરી રાજમાર્ગમાં આવ્યા. (૬૦-૬૧)

તે સમયે કેટલાક લોકો દુકાનો ઉપર બેઠા હતા, કેટલાક અગાશીઓ ઉપર, મેડીઓ ઉપર તેમ જ ગોખ વગેરે સ્થાનોમાં શ્રીહરિના દર્શન કરવા બેઠેલા પુરના જનોના લોચનોને લોભાવનારી છે, આકૃતિ જેમની એવા શ્રીહરિનાં તેઓ સર્વ આદરપૂર્વક દર્શન કરતા હતા. (૬૨) હાથીઓ, ઘોડા, રથ, શિબિકાઓ, વગેરેથી વ્યાપ્ત રાજમાર્ગ ઉપર શ્રીહરિનાં દર્શન કરીને, દાવાગ્નિથી પરિતપ્ત થયેલા વનમાં નિવાસવાળા પ્રાણીઓ ધનની વૃષ્ટિથી જેમ શાંતિ પામે તેમ, ભુજનગરીના જનો અત્યંત શાંતિ પામ્યા. (૬૩)

ગજરાજ ઉપર વિરાજમાન રાજાના સૈન્યથી વીંટાયેલા શ્રીહરિના દર્શન કરીને, શ્રીહરિના સૌંદર્યથી મુગ્ધ બનેલા નેત્રોને પાછા વાળવા માટે લોકો સમર્થ થયા નહીં. (૬૪) તે સમયે શ્રીહરિનાં દર્શન માટે ઉત્સાહવાળી સ્ત્રીઓ પોતાના ભુવનો ઉપર ચઢી હતી. સમગ્ર પીડાને નાશ કરનારા ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિના દર્શન કરીને, શ્રીહરિની મૂર્તિને તે સ્ત્રીઓ પોતાના અંતઃકરણમાં ધારણ કરતી હતી. (૬૫) શ્રીહરિના દર્શનથી જેમનાં તાપના સમૂહ શાંત થયા છે તે સ્ત્રીઓ પ્રસન્ન વદને મહાશોભાવાળા ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિને સુંદર વિવિધ પ્રકારના શ્વેત પુષ્પો વડે વધાવતી હતી. (૬૬) શ્રીહરિના રૂપમાં આસક્ત છે ચિત્ત જેમનાં એવી સ્ત્રીઓ પછી પરસ્પર આમ કહેવા લાગીઃ હે વનિતાઓ ! મહા પ્રલયમાં પણ જે બ્રહ્મપુર ધામમાં રહે છે. (૬૭)

તે જ આ બ્રહ્માંડોના કારણ બીજાના આધારની અપેક્ષાએ રહિત પુરુષોત્તમ છે. સંસારમાંથી અસંખ્ય પ્રાણીઓની મુક્તિ કરવા માટે મનુષ્યાકૃતિ ધારણ કરીને તેઓ આ લોકમાં પધાર્યા છે. (૬૮) હે સંગનાઓ ! ત્રિવિધ તાપને નિવારણ કરનાર, મંગળકારી, નેત્રોને આનંદ આપનારું, ચારેય તરફ ફેલાયેલું આ શ્રીહરિના દિવ્ય દેહમાંથી નીકળતું મહાન તેજ તમે જુઓ. (૬૯) હે વનિતાઓ! રમણીયતાના સ્થાન ભૂત આ શ્રીહરિ આપણા મનને આકર્ષે છે. પ્રણત જનોની પીડાને નાશ કરનારા સમગ્ર ઈશ્વરોએ

જેના ચરણ કમળમાં નમસ્કાર કર્યા છે તેવા આ શ્રીહરિ છે. (૭૦) હે સ્ત્રીઓ ! આ શ્રીહરિની સાથે રહેનારા જનોએ કેવું મોટું પુણ્ય કર્યું હશે ? જેથી મંદ હાસ્યરૂપી સુધારસવાળા તેમના મુખારવિંદના તે જનો હંમેશા આદરપૂર્વક દર્શન કરે છે. (પાન કરે છે) (૭૧)

હે રાજન્ ! એ પ્રમાણે તે શહેરની સ્ત્રીઓને સમુદાય તે ભગવાનના યશની સ્તુતિ કરી રહ્યો હતો. તેઓને પોતાના દર્શન દઈ શ્રીહરિએ તેમને સંસાર સમુદ્રમાંથી તારી દીધી. (૭૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- રાજાના અમાત્ય અને શ્રીહરિના ભક્ત સુંદરજીત અતિ વિસ્તારવાળા સુંદર રાજમહેલ જેવા સભાસ્થાનો જેમાં છે એવા પોતાના ભુવનમાં ભક્તવત્સલ શ્રીહરિને પોતાના વર્ણી વગેરે સહચર જનોની સાથે નિવાસ કરાવ્યો. તે સભાસ્થાનમાં ગોઠવેલા સિંહાસનમાં શ્રીહરિ બિરાજ્યા. (૭૩-૭૪) શ્રીહરિની આરતી થયા પછી પોતાના આશ્રિતજનોની સાથે નામસંકીર્તન કરીને, શ્રીહરિએ ધર્મસંબંધી ઉપદેશ વાતો કરી. (૭૫) તે વાતો સાંભળીને શ્રીહરિના આશ્રિતો, ત્યાગીઓ, ગૃહસ્થો, તથા રાજા તે સર્વે શ્રોતાઓ તથા અન્યજનો પણ વિસ્મય પામ્યા. (૭૬)

પછી શ્રીહરિની આજ્ઞાથી રાજા શ્રીહરિને પ્રણામ કરીને, શ્રીહરિની પ્રશંસા કરતા પોતાની સેના સાથે પોતાના સ્થાનમાં ગયા. (૭૭) તેવી રીતે પુરના ભક્તો પણ શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાના સ્થાનમાં ગયા. કેટલાક ભક્તો શ્રીહરિની સેવા કરવા માટે ત્યાં રહ્યા. (૭૮)

હે મહીપતે ! તેમની માફક શ્રીહરિએ આજ્ઞા કરેલા શ્રીહરિમાં આસક્તિવાળા વર્ણીઓ, ઘોડેસવારો, પાર્ષદો, સંતો, પોતપોતના સ્થાનમાં ગયા. (૭૯)

પછી મનુષ્ય નાટ્યધારી શ્રીહરિ સંધ્યાવિધિ કરીને મુકુંદાનંદ વર્ણીએ દૂધમાં શુદ્ધ કરેલી રસોઈ તથા (૮૦) જાયફળ, એલાયચી સહિત ગરમ દૂધ, વિષ્ણુને નિવેદન કરીને હે ભૂપતે ! જમ્યા. (૮૧) પછી પ્રભુ શ્રીહરિએ બંને હસ્ત તથા મુખકમળ જળથી ધોઈને, વર્ણીએ આપેલો ઉત્તમ મુખવાસ ગ્રહણ કર્યો. (૮૨)

ત્યારબાદ કોમળ શય્યામાં શ્રીહરિ પોઢી ગયા. પોતાના ચરણ કમળમાં આસક્ત ઉત્તમ પાર્ષદોએ સેવેલા શ્રીહરિ, પોતાની પવિત્ર સેવા કરવા માટે રાહ જોતી યોગનિદ્રાને કેવળ કૃપાથી જ હે રાજન્ ! અંગીકાર કરતા હતા. (૮૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિનુ ભુજંગપુરાગમનાદિ નિરૂપણ નામે એકતાલીસમો અધ્યાય સંપર્ણ. (૪૧)



અધ્યાય ૪૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ધરણીપતે ! ધર્મનંદન શ્રીહરિએ બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને શૌચ વિધિ કરીને દંત ધાવન કર્યું. (૧) શ્રીહરિની સેવામાં વિચક્ષણ મુકુંદાનંદ વર્ણિરાજે પછી શુદ્ધ જળવડે શ્રીહરિને વિધિ પ્રમાણે સ્નાન કરાવ્યું. (૨) સ્નાન કર્યા બાદ શ્રીહરિએ પોતાના અંગો લૂછીને વર્ણીએ આપેલું પીતાંબર ધારણ કર્યું. (૩) શ્રીહરિ તેવું બીજું વસ્ત્ર પોતાના શરીરે ઓઢીને, ચાખડીઓ પહેરીને, પૂજાના સ્થાનમાં પધાર્યા. (૪) નરનાટ્યધારી શ્રીહરિએ ત્યારબાદ ઉત્તમ બાજોઠ ઉપર બેસીને પોતાનો સર્વ નિત્ય વિધિ કર્યો. (૫)

મુકુંદાનંદ વર્ણિરાજ તેટલામાં પવિત્ર થઈને શ્રીહરિને માટે દૂધમાં વિવિધ પ્રકારનાં ભોજનો કરતા હતા. (૬) પછી વર્ણિરાજે દાળભાત કરવા માટે ચૂલા ઉપર તપેલીઓમાં જળ ઉનું કરવા મૂક્યું. તે જ્યારે ઉનું થયું ત્યારે દાળ ભાત તે જળથી ધોઈને જુદા જુદા પાત્રોમાં નાંખ્યા. (૭) સર્વવિધિ જાણનારા વર્ણિએ ત્યારબાદ ચૂલા ઉપર રહેલા પાત્રોને સ્પર્શ ન કર્યો, પછી નિત્ય વિધિ કરીને શ્રીહરિ રસોડામાં પધાર્યા. (૮) શ્રીહરિએ, અતિસુંદર પાટલા ઉપર બેસીને દાળ ચોખા ચઢી ગયા છે તે જોઈને દાળ ભાતનાં પાત્રો નીચે ઉતાર્યાં. પછી શ્રીહરિએ વર્ણિએ આપેલું મીઠું શાક દાળમાં નાખ્યાં. ત્યારબાદ વિવિધ પ્રકારનાં ભોજનો વિષ્ણુને નિવેદન કર્યાં. (૯,૧૦)

હે રાજન્ ! પછી ધર્મપુત્ર શ્રીહરિ રમણીય આસનમાં બેસી વારંવાર જળપાન કરતા વિવિધ પ્રકારનાં ભોજનો જમવા લાગ્યા. (૧૧) પછી શ્રીહરિ સુંદર ભાત દાળ સાથે તેમજ દૂધ સાકરની તથા દહીં સાકરની સાથે ભાત જમ્યા. (૧૨) શ્રીહરિ તૃપ્ત થઈને હાથ તથા મુખ ધોઈને બ્રહ્મચારીએ આપેલો શ્રેષ્ઠ મુખવાસ જમ્યા. (૧૩)

ત્યારબાદ વસ્ત્રો પહેરીને શ્રીહરિ સભાના મધ્ય ભાગમાં કોમળ ગાદલાં બિછાવેલ પોતાના સિંહાસનમાં બિરાજ્યા. (૧૪) તેટલામાં સમગ્ર સંતો, વર્ણિઓ, ઘોડેસવારો તથા પાર્ષદો જમીને સભામાં આવીને યથા યોગ્ય બેઠા. (૧૫) શ્રીહરિના ચરણ કમળના આશ્રયવાળા પુરના નિવાસીઓ પણ તે દિવસે આવીને સભામાં યથા યોગ્ય બેઠા. (૧૬)

પછી સુંદરજીત આદિ મુખ્ય ભક્તોએ પુષ્પના તોરા, હાર, બાજુબંધ, ગજરા વગેરેથી તથા કુંકુમ, ચંદન, કેસર વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું. (૧૭) મહા અમૂલ્ય વસ્ત્રો, આભૂષણો તથા બીજા ઉપચારો વડે શ્રીહરિનું પૂજન કરીને વાજિંત્રોના ઘોષ કરીને શ્રીહરિની મહા આરતી કરી. (૧૮) સમગ્ર ભક્તો પ્રસન્ન ચિત્તે આ પ્રકારે વિભુ શ્રીહરિની પૂજા કરીને શ્રીહરિને અભિવાદન કરીને સભામાં બેઠા. (૧૯) શ્રીહરિમાં ભક્તિવાળી સ્ત્રીઓએ પણ વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિની પૂજા પરમ આદરથી કરી. (૨૦)

પાપ તથા ત્રિવિધ તાપના ઓઘને નાશ કરનારાં છે દર્શન જેમનાં એવા, અતિક્રૂર યમના દૂતોને દંડ દેવામાં નિપુણ (પોતાના આશ્રિતોને યમના દંડ થકી નિવૃત્તિ પમાડનારા) મંગળકારી છે દીક્ષા જેમની

એવા, પોતાને વિષે આસક્તિવાળા ભક્તજનોને સુખને આપનારી છે શિક્ષા જેમની એવા, ધર્મપુત્ર શ્રીહરિ સભામાં અતિ શોભતા હતા. (૨૧) પોતાના સ્થાન ભૂત અક્ષરધામમાં અક્ષર મુક્તોએ સેવ્યા છે બંને ચરણ કમળ જેનાં એવા, રમણીય, પૃથ્વીમાં મનુષ્ય નાટ્યધારી સત્ય શૌચાદિ દિવ્ય ગુણોવાળા, સ્વયંમૂર્તિ, સ્વસ્તિક, ધ્વજ, કમળ, જવ, જાંબુ, અંકુશ, અષ્ટકોણ, વજ્ર, ઉર્ધ્વરેખા એ નવ ચિહ્નોથી જેમના જમણા ચરણનું તળ શોભે છે; વળી વ્યોમ, ધનુષ્ય, કળશ, મીમ, ત્રિકોણ, ગોપદ, અર્ધચંદ્ર એ સાત શોભાયમાન ચિહ્નોથી ડાબા ચરણ તળની લક્ષ્મી જેને છે એવા. (૨૩)

વંદના કરતા દેવેન્દ્રો તથા રાજાઓના વિવિધ પ્રકારના મણિઓ જડેલા સુવર્ણના મુગટોથી જેમના ચરણ કમળનું આસન રંગાયેલું છે એવા, તે દિવ્યમૂર્તિના લેશ માત્ર પણ ધ્યાનથી પાપ તથા પીડાના સમુદાયનો નાશ થઈ જાય છે એવા; (૨૪) શ્રીહરિના ઉપડતા લાલ નખરૂપી ચંદ્રમાઓથી કાંતિથી પોતાના જનોના હૃદયગત અનાદિ અજ્ઞાનરૂપ અંધકારનો સમૂહ જેણે નાશ કરી નાંખ્યો છે એવા કોમળ આંગળીઓથી શોભાયમાન બંને ચરણોની શોભાથી તિરસ્કૃત કરી છે શ્રેષ્ઠ કમળની શોભા જેણે એવા; (૨૫)

નવપલ્લવોથી અતિશય કોમળપણું જેને છે એવી જંઘા, ઢીંચણ અને સાથળોથી શોભાયમાન એવી કટિથી શોભતા તથા ઊંડી અને ભ્રમરવાળી, શુભ, ઉત્તમ, ગોળ નાભિથી શોભાયમાન ત્રિવળીવાળું ઉદર જેમનું એવા; (૨૬) શાંત છે સુગંધ જેનો એવા વિચિત્ર પ્રકારનાં પુષ્પોના ઉત્તમ હારોથી જેમનું વક્ષ:સ્થળ શોભે છે એવા, સૂત્રે રહિત મનોહર હારનું ચિહ્ન ધરાવતા અતિ શ્રેષ્ઠ શ્રીવત્સના ચિહ્નથી જેમના વક્ષ:સ્થળની શોભા સર્વોત્તમ બની છે એવા; (૨૭)

ઈન્દ્ર નીલમણિના સમાન કાંતિ જેમની છે એવા, તેજસ્વી શ્રેષ્ઠ બે સ્તનોથી શોભતા, સત્પુરુષુઓ પૂજેલા, નખરૂપી ચંદ્રમાઓની કાંતિથી શોભે છે, બંને હસ્તો જેમનાં એવા, દિવ્ય કૌસ્તુભમણિને અલંકૃત કરનારો છે કંઠ જેમનો એવા; (૨૮) મોગરાના પુષ્પ જેવી દંતોની પંક્તિથી શોભતા, પાકાં બીમ્બફળ (પાકાં ઘીલોડા) જેવા અતિ સુંદર બંને ઓષ્ઠો જેમને શોભે છે એવા, સુંદર અને અતિ ચપળ આંખની બંને કીકીઓ જેમને છે એવા, સૂક્ષ્મ પાપણોની પંક્તિથી અતિ શોભતાં બંને નેત્રોવાળા; (૨૯)

અત્યંત પ્રસન્નતા જેમાં છે એવી કરુણાપૂર્ણ દૃષ્ટિથી પોતાના આશ્રિતોના પરિતાપને નાશ કરતા, પોપટની ચાંચથી પણ શ્રેષ્ઠ ઉજ્જવલ નાસિકા જેમની છે એવા શોભાયમાન નીલમણિની માફક ભ્રકુટી મંડળથી શોભતા; (૩૦)

મંદ હાસ્ય સહિત જે મુખ તેનાથી અતિ તિરસ્કૃત કરી છે શરદ પૂર્ણિમાના ચંદ્રની શોભા જેણે એવા, જમણા ગંડ સ્થળમાં સ્થાન જેનું છે અને નાસિકાની પાસે રહેલા કાળા તિલના ચિહ્નને ધારણ કરતા; (૩૧) ઉત્તમ એવા ડાબા કાનની અંદર વચ્ચે શ્યામ શોભાયમાન મનોહર બિંદુ રહેલું છે, તેથી શ્રીહરિ દર્શન કરનારાના મનને આકર્ષે તેવા સુંદર જણાય છે. લલાટની વચ્ચે કેસરનું ઉર્ધ્વ તિલક કુંકુમના ચાંદલાથી શોભતું જેમણે ધારણ કર્યું છે એવા; (૩૨) શ્રીહરિ ઉત્તમ વિશાળ લલાટમાં અત્યંત શોભાયમાન, દર્શન કરનારાજનોને કલ્યાણ કરનારી એવી વાંકી ત્રણ રેખાઓ ધારણ કરતા, શ્વેત ચળકતા શ્રેષ્ઠ વસ્ત્રો

ધારણ કરતા, શ્વેત રૂમાલથી જેમના કરકમળ શોભે છે એવા. (૩૩)

અત્યંત શ્વેત રમણીય મોળીયામાં સુંદર પુષ્પમય તોરાઓની પંક્તિની સુગંધના અતિશયથી ચારે તરફ ભમતા મધુકરોના ગુંજનથી ગુંજતા સુંદર પુષ્પમય તોરાઓની પંક્તિને ધારણ કરતા. (૩૪) હે રાજન્ ! આ પ્રકારે હંમેશા પોતાના દર્શન આપવાથી આશ્રિત જનોને સુખ આપતા અચ્યુચત શ્રીહરિ, પોતાના આશ્રિત જનોની સાથે ભુજનગરમાં રહેતા હતા. (૩૫)

ત્યાં વલ્લભજી, હરિરામ, નરસિંહ તથા તેમના પુત્ર ભાનુજીત તથા વલ્લભ વગેરે સર્વે બ્રાહ્મણો (૩૬) તથા ગણપતરામ નામના પ્રસિદ્ધ બ્રાહ્મણ તથા પ્રયાગજીત વગેરે ઘણાં બ્રાહ્મણો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૩૭)

સૂર્યા, લહરી, લક્ષ્મી, નાની, જ્યેષ્ઠા, પ્રભા, ભવાની આદિક સ્ત્રીઓ હંમેશા શ્રીહરિની સેવા કરતી હતી. (૩૮) નાગજીત, તેના બે પુત્રો હીરજીત અને સુંદરજી તથા હરજી, ધનજી, બીજા જીવરામ, રાઘવ, (આ રાઘવજી એ સુંદરજીના પુત્ર જેને પરણાવવા માટે શ્રીહરિ ગયા હતા.) જીવરામનો વચેટ પુત્ર નારાયણ જીવરામનો અનુજ પ્રાગજીત તથા ભવાનજી (જીવરામના કાકાનો પુત્ર) હિરજીનો મોટો પુત્ર રણછોડ તથા બીજા કુરજી વગેરે ભક્તો હતા. (૪૦) દેવરામ વગેરે શ્રીહરિના બીજા ઘણા ભક્તો, સુથારો, સર્વે હંમેશા ધર્મના પુત્ર શ્રીહરિની ભક્તિથી સેવા કરતા હતા. (૪૧)

સજ્જા, અમરી, પુજી, હારા, યમુના વગેરે સ્ત્રીઓ પોતાની યોગ્યતા પ્રમાણે શ્રીહરિની ભક્તિપૂર્વક સર્વદા સેવા કરતી હતી. (૪૨) ભોજ, શિવરામ, વુકો, હરિજીવન, અલ્લયો વલ્લભ, નથ્થુ, ભગવાન, મુરારિ, ડોસાભાઈ, મનજી, રત્નસિંહ વગેરે સોની ભક્તો પણ હંમેશા શ્રીહરિની સેવા કરતા હતા. (૪૩,૪૪) માલા, ગોમતી, લાધી, મૌની વગેરે સ્ત્રીઓ દરરોજ યથા યોગ્ય શ્રીહરિની સેવા કરતી હતી. (૪૫) લીલાધર, રાજગુરુ, મૂલજી, જીવરામ વગેરે બીજા ભક્તો પણ સત્પતિ શ્રીહરિની સેવા કરતા હતા. (૪૬)

ડોસાભાઈ તથા અભય વગેરે ક્ષત્રિયો પણ શ્રીહરિની સેવા કરતા હતા. જેઠા તથા ગંગાદિક સ્ત્રીઓ પણ શ્રીહરિની પ્રેમથી સેવા કરતી હતી. (૪૭) શ્યામજી, મૂળજી તથા બુદ્ધિમાન ગંગારામ, રામજી, હરિભાઈ, કલ્યાણ, એ આદિક શ્રીહરિના આશ્રિત મલ્લ ભક્તો પણ હંમેશા હર્ષપૂર્વક શ્રીહરિની પરિચર્યા કરતા હતા. તેમજ દેવી, જેઠાદિ સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતી હતી. (૪૮-૪૯) શ્રીહરિના દર્શન કરનારા ભક્તોની તીવ્ર તાપને શમન કરનારી ભવ રોગનો નાશ કરનારી શ્રીહરિની મધુરતાથી ભરપૂર ઉપદેશ વાણી જેની મધુરતાએ સુધાનો પણ તીરસ્કાર કર્યો છે તે વાણી, તે ભક્તો સદા સાંભળતા હતા. પરંતુ પોતાના વ્યવહારનું કાર્ય કરતા નહોતા. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિ મૂર્તિ શોભાદિ નિરૂપણ નામે બેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૨)



અધ્યાય ૪૩ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ભુજનગરમાં શ્રીહરિ વિષે એકાંતિક ભક્તિવાળા સુંદરજી સાવધાન થઈને હર્ષથી શ્રીહરિની સેવા ઘણા પ્રકારે કરતા હતા. (૧) સુંદરજીના પુંજી નામના પત્ની દાસીગણોથી યુક્ત છે છતાં પણ સમય સમય પ્રમાણે શ્રીહરિની સેવા તો પોતે જ હર્ષપૂર્વક કરતા હતા. (૨) શ્રીહરિ માટે સુંદર ડાંગર પુંજી પોતે પ્રીતિથી ખાંડતા હતા. તેમજ શ્રીહરિની રસોઈ માટે શોધેલા અણિ શુદ્ધ ચોખા પણ મોકલતા હતા. (૩)

પુંજી તેવી રીતે સુંદર ઘઉંનો લોટ ચાળીને શુદ્ધ કરીને તથા દાળ વગેરે સામગ્રી હંમેશા શ્રીહરિ માટે મોકલાવતા હતાં. (૪) પોતાના ઘરમાં શાક, પાકેલાં ફળો દાડમ, કેરી, વગેરે સર્વ પ્રકારે ઉત્તમ વસ્તુઓ, નોકરો જે જે લાવે તે તે વસ્તુઓ, શ્રીહરિને અર્પણ કરતાં હતાં. (૫)

તે પુંજીબા શ્રીહરિ માટે કૂવામાંથી જળ પોતે સીંચીને લાવતાં હતાં. આ પ્રકારે દાસીની માફક હંમેશા શ્રીહરિની સેવા કરતા હતા. (૬) તેવી રીતે હીરજીના પત્ની અમરી પણ દરરોજ શ્રીહરિની પુણ્યમય દુર્લભ સેવા આદરપૂર્વક કરતાં હતાં. (૭).

હે રાજન્ ! તે રાજાના એકંદર આઠ મંત્રીઓ હતા. તેમાંના જગજીવન નામના બ્રાહ્મણ અમાત્યની પત્ની પ્રભા હતી. (૮) પતિવ્રતા પ્રભાએ પણ સુંદરજીતના પત્ની પુંજીબાના પ્રસંગથી શ્રીહરિનો આશ્રય કર્યો હતો અને હંમેશા શ્રીહરિની ભક્તિ કરતાં હતાં. (૯) જેમ સુંદરજીનાં પત્ની પુંજીબા શ્રીહરિની પરિચર્યા કરતા હતા. તેવી રીતે પ્રભા પણ ભક્તિપૂર્વક નિરંતર શ્રીહરિની સેવા કરતા હતા. (૧૦) શ્રીહરિથી વિમુખ, કુળ, રૂપ, યૌવન, ધન વિદ્યા વગેરેના પ્રભાવથી ઉન્મત્ત થયેલા પોતાના સ્વામીથી પીડા પામેલા તે પ્રભા એક વખત અશ્રુ ભરપૂર નેત્રથી શ્રીહરિને દૂરથી પોતાનુ દુઃખ કહેતાં હતાં. (૧૧)

હે હરે ! સુંદરજીની ભાર્યાના પ્રસંગથી હું હંમેશા ધર્મમાં રહીને સંસૃતિને નાશ કરનારી આપની ભક્તિ કરું છું. (૧૨) હે સ્વામિન્ ! વિષયાસક્ત ચિત્તવાળા, અધર્મમાં વર્તનારા મારા પતિની ઇચ્છાનું આપે આજથી ચાર પાંચ દિવસ પહેલાં ખંડન કર્યું છે. તેથી હું આપનું ભજન કરું છું તે મારા પતિને રુચતું નથી. (૧૩)

હે પ્રભો ! તેથી મને હંમેશા પીડા પમાડે છે. જેમ ગર્વિષ્ટ રાવણ પોતાની સ્રી મંદોદરીને દુઃખ દેતો હતો તેમ મને તે દુઃખ દે છે, (૧૪)

વાઘથી જેમ મૃગલી ત્રાસે છે, તેમ ક્રૂર એવા મારા પતિના ત્રાસથી તમારા શરણે આવેલી મને દયાના પાત્રભૂત હે સાક્ષાત્ પુરુષોત્તમ ! આપ બચાવો, મારું રક્ષણ કરો. (૧૫)

દીન, આંખમાં અશ્રુવાળી જગજીવનની સ્રી પ્રભાના આવા વચન સાંભળીને પ્રભુ દયાનિધિ શ્રીહરિ મંદ હાસ્ય સહિત તેને આવી રીતે કહેવા લાગ્યા. (૧૬)

હે ભગવદ્‌ભક્તે ! તમારા જેવી ભક્ત સ્ત્રીનો દ્રોહ કરનાર તમારા પતિને થોડા જ દિવસોમાં

તેમના પાપના ફળની પ્રાપ્તિ થશે. (૧૭) હે શુચિવ્રતે ! તેથી ચિંતાનો ત્યાગ કરીને તમો સંતાપ રહિત થાઓ. શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થઈને શ્રીહરિને નમસ્કાર કરી તે સ્ત્રી પોતાના સ્થાનમાં ગઈ. (૧૮) હે રાજન્ ! ચૈત્ર સુદી નવમી તિથિએ સુંદર બુદ્ધિવાળા સુંદરજી ભક્ત શ્રીહરિના જન્મ નિમિત્તે ત્યાં મોટો ઉત્સવ કરવા ઇચ્છા કરતા હતા. (૧૯) ઉદાર બુદ્ધિવાળા, ઉત્સવના વિધિને જાણનારા સુંદરજી ભક્ત, પુરના નિવાસી ગંગારામ વગેરે સમગ્ર ભક્તોને બોલાવીને તે ભક્તોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૦)

હે ભક્તો ! રામનવમી સમીપમાં આવે છે. શ્રીહરિ આ પુરમાં છે. તેથી તે તિથિએ આપણે સર્વે મળીને મોટો ઉત્સવ કરવો. (૨૧) આ તિથિએ આપણા ઇષ્ટદેવ પ્રત્યક્ષ શ્રીહરિનો પ્રાદુર્ભાવ થયો હતો. માટે આ તિથિએ આપણે ઉત્સવ જરૂર કરવો. (૨૨) હે ભક્તો ! આ મહોત્સવમાં જેટલા ધનનો ખર્ચ થશે તેટલો બધો ખર્ચ હું આપીશ. (૨૩) તમારે બધાએ તો રાત્રિ દિવસ ઉત્સવમાં પ્રેમપૂર્વક સાવધાનપણાથી દેહથી જે બને તે સેવા કરવી. (૨૪)

સુંદરજીનું આવું વચન સાંભળીને તે ગંગારામાદિક ભક્તો પ્રસન્ન થયા અને બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ સુંદરજી ભક્તને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૫)

અહો ! હે ધીમન્ ! હે સુંદરજી ! તમોએ સારો નિશ્ચય કર્યો છે. આ નિશ્ચય અમો સર્વે ભક્તોને અત્યંત રુચિકર છે. (૨૬) આ શહેરમાં શ્રીસ્વામિનારાયણ મહા પ્રભુનો રામનવમીના શુભ દિવસે ફરી યોગ તો અત્યંત દુર્લભ જ છે. તેથી આવો મહાન અવસર પ્રાપ્ત થયો છે. માટે આપણે સર્વેએ આ તિથિએ નિશ્ચય મહોત્સવ કરવો. (૨૮) હે સુંદરજી ! આપ વિવિધ પ્રકારના દેશના નિવાસી ભક્તોને આ મહોત્સવમાં બોલાવો. અમો યથા યોગ્ય તેમની સેવા કરશું. (૨૯)

સુંદરજી વગેરે સર્વે ભક્તો આવો નિશ્ચય કરીને પ્રસન્ન ચિત્તથી શ્રીહરિ પાસે ગયા. (૩૦) અતિ કોમળ ગાદલાના બિછાનાથી યુક્ત મનોહર મંચ ઉપર બિરાજેલા પોતાના ભક્તજનોથી વીંટાયેલા શ્રીહરિને નમસ્કાર કરીને, તે ભક્તો આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૧)

હે પ્રભો ! આ પુરમાં જ રામનવમીનો મહોત્સવ આપે કરવો એવો અમારો મનોરથ છે. માટે આપ કૃપા કરી એ મનોરથ પૂર્ણ કરો. (૩૨) આપનો દુર્લભ યોગ ફરી આવા અવસરે તો ન જ થાય. માટે મહોત્સવ કરીને તમારા આશ્રિત અમોને આ પુરમાં સુખી કરો. (૩૩) આ મહોત્સવમાં જુદા જુદા દેશના નિવાસી બીજા ભક્તો પણ, હે અખિલેશ્વર ! જન્મ મરણના પ્રવાહને નિવૃત્તિ પમાડનારા, આપના દર્શન કરશે. (૩૪) હે સ્વામિન્ ! આ મહોત્સવમાં જેટલો ખર્ચ થશે તેટલું દ્રવ્ય સુંદરજી અતિ આનંદપૂર્વક આપશે. (૩૫)

જીવોનો આત્યંતિક મોક્ષ કરનારાં છે દર્શન જેમના એવા, કરુણાના સાગર શ્રીહરિ તે ભક્તોનું આવું વચન સાંભળીને મુનિઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદાદિની સાથે વિચાર કરવા લાગ્યા. (૩૬) શ્રીહરિએ સાધુઓ તથા પુરવાસી ભક્તોની મરજી જાણીને, ભાવી મહોત્સવ કરવા માટે પ્રીતિપૂર્વક પુરના જનોને

તે મહોત્સવ માટે યોગ્ય સામગ્રી લાવવાની આજ્ઞા આપી. (૩૭)

આ પ્રમાણે શ્રીહરિની આજ્ઞા આપીને હૃદયમાં આનંદ જેમને છે એવા સમગ્ર ભક્તો મહોત્સવને યોગ્ય વિવિધ પ્રકારની સર્વે સામગ્રીઓ લાવવા લાગ્યા. (૩૮) સોનેરી વસ્ત્રોના ઉલ્લોચથી શણગારેલો સુવર્ણના કળશવાળો તથા વિવિધ પ્રકારના રંગોથી રમણીય મહા મોટો મંડપ તે ભક્તો બાંધવા લાગ્યા. (૩૯) વિવિધ પ્રકારના વર્ણોવાળી ધ્વજાઓ જેમાં છે તથા કેળના સ્તંભોથી દીપતો નાના રંગોથી રંગેલો, ચાર દ્વારવાળો સુંદર તોરણોથી શોભાયમાન મંડપ તે ભક્તોએ બાંધ્યો. (૪૦) ત્યારબાદ તે ભક્તો જુદા જુદા દેશોમાંથી ભક્તોને બોલાવવા માટે કુંકુમ છાંટીને સુંદર મંગલ પત્રિકાઓ તે તે દેશોમાં મોકલવા લાગ્યા. (૪૧) પછી વિવિધ દેશના નિવાસી જે ભક્તો છે તે ભુજનગરમાં મોટો મહોત્સવ થશે તે જાણીને સાક્ષાત્ ભગવાનના જ દર્શનની ઉત્કંઠાથી આવ્યા. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં ભુજંગપુરે રામનવમી મહોત્સવારંભ નિરૂપણ નામે તેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૩)



અધ્યાય ૪૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી પોતાના ઈષ્ટદેવ અચ્યુત શ્રીહરિના દર્શન કરીને તેમને સાષ્ટાંગ પ્રણામ કરીને દેશાંતરથી આવેલા ભક્તો, જેમ ધનને પ્રાપ્ત કરીને નિર્ધનજનો આનંદ પામે છે તેમ આનંદ પામ્યા. (૧) તે સર્વે શ્રીહરિના દર્શનથી, જેમ ચકોર ચંદ્રને જોઈને શાંતિ પામે છે તેમ, અત્યંત શાંતિ પામ્યા. (૨) હે રાજન્ ! તે ભક્તો નેત્રરૂપી ભમરાઓથી શ્રીહરિના મુખરૂપી કમળના રસનું પાન કરતા હતા. પરંતુ જેમ સાધારણ મનુષ્યો અમૃતનું પાન કરતા તૃપ્તિ પામે તેમ આ ભક્તો તો તૃપ્તિ પામતા જ ન હતા. (૩)

પરમેશ્વર શ્રીહરિ તે સર્વેને, ઉત્સવમાં બહારથી આવેલા ભક્તો માટે પુરના ભક્તોને કહીને, ઉતારા વગેરે અપાવવાની યથોચિત સંભાવના કરતા હતા. (૪) ઈશ્વરોના પણ ઈશ્વર, રમણીય, રૂપ, માધુર્ય, લાવણ્ય, દયાદિના સમુદ્રરૂપ શ્રીહરિના દર્શન કરતા તે ભક્તો પોતાના દેહગેહાદિને ભૂલી ગયા હતા. (૫) સમગ્ર પીડાઓને નાશ કરનારું છે જેમનું દર્શન એવા બ્રહ્માદિ દેવેશ્વરોએ ઈચ્છેલું છે દર્શન જેમનું એવા, શ્રી પુરુષોત્તમ શ્રીહરિને દર્શન કરનારા જનોના અસાધારણ ભાગ્યનું હું શું વર્ણન કરું ? (૬)

અષ્ટમીને દિવસે આવેલા ઘણાં ભક્તજનોને સુંદરજી ભક્ત તથા ગંગારામ વગેરે ભક્તજનો પાસે શ્રીહરિ સંભાવના કરાવતા હતા. એ પ્રમાણે રાત્રિના પાછલા યામમાં સુંદરજી આદિક ભક્તજનોને તથા સાધુ આદિક પોતાના સહચર ભક્તોને પોતપોતાના ઉતારામાં જવા માટે આજ્ઞા આપીને, શ્રીહરિ પોતાની શય્યામાં આવીને શુભ યોગ નિદ્રાને ગ્રહણ કરી. (૭) હે રાજન્ ! શ્રીહરિ બ્રાહ્મમુહૂર્તમાં યોગ

નિદ્રાનો ત્યાગ કરીને સચ્ચિદાનંદાદિ ધર્મે સહિત પોતાના સનાતન સ્વરૂપનું ચિંતવન કરતા હતા. (૮)

પછી નવમીના પ્રાતઃકાળમાં વર્ણિ મુકુંદાનંદ બ્રહ્મચારીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. મનુષ્ય નાટ્યને શોભાડતા શ્રીહરિ શાસ્ત્ર પ્રમાણે પોતાનો સર્વે નિત્ય વિધિ કરતા હતા. (૯) પછી પ્રભુ શ્રીહરિ વસ્ત્ર પરિધાન કરીને પોતાના ઉતારાથી આવીને દૂધના ફીણ જેવા શ્વેત અને કોમળ ગાદલાઓથી બિછાવેલ ઊંચા સિંહાસનમાં સભાના મધ્ય ભાગમાં બિરાજમાન થયા. પછી ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો સભામાં આવ્યા. (૧૦-૧૧) હે મહિપતે ! શ્રીહરિના દર્શનની ઈચ્છામાં આકુળ વ્યાકુળ છે મન જેમનું એવા તે સર્વે હર્ષથી પ્રણામ કરીને સભામાં યથાયોગ્ય બેઠા. (૧૨)

તે સભામાં ગૃહસ્થભક્તો શ્રીહરિના નિર્નિમેષ દૃષ્ટિથી દર્શન કરતા હતા. અને એ રીતે નાડી પ્રાણ સ્થિર કરીને તત્કાળ સમાધિ અવસ્થાને પામ્યા. (૧૩) કેટલાક ભક્તો સમાધિમાં સર્વ આવરણોએ સહિત આશ્ચર્યજનક દર્શનવાળું ભગવાનનું બ્રહ્મપુર ધામ જોતા હતા. (૧૪)

હે ભૂપતે ! ગ્રીષ્મ ઋતુમાં એકીસાથે ઉદય પામેલા કરોડો કરોડ સૂર્યની કાંતિ જે અક્ષરધામના એક અતિ નાના પ્રદેશમાં લીન થઈ જાય છે તેવું અક્ષરધામ છે. સચ્ચિદાનંદ સ્વરૂપવાળું સર્વ ધામોમાં ઉત્તમ પ્રશાંત તથા પરમ શોભાથી તે યુક્ત છે. (૧૫-૧૬) વળી શોક રહિત, અમૃત, દિવ્ય વિશુદ્ધ, પરમપદ, અંતરહિત, શુભ્ર, પરમ વ્યોમ, પાવન વગેરે શબ્દોથી તે ધામનું વર્ણન કર્યું છે. (૧૭) એવા ગુણોથી યુક્ત, સર્વાશ્ચર્યના સ્થાન ભૂત, જેનું અસંખ્ય કલ્પો સુધી વર્ણન કરીએ તો પણ વર્ણન થઈ શકતું નથી. (૧૮) તે અક્ષરધામના મધ્ય ભાગમાં વિવિધ પ્રકારના દિવ્ય મણિઓની કાંતિથી પ્રકાશિત સુવર્ણ સિંહાસનમાં, પોતાના ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ ભગવાનના સમાધિસ્થ ભક્તો દર્શન કરતા હતા. (૧૯) દિવ્ય, અત્યંત તેજોમય આકૃતિ જેમની છે એવા, આશ્ચર્યકારી, પ્રફુલ્લિત નીલ કમળના જેવી શ્યામ શોભાના સ્થાન ભૂત છે શરીર જેમનું એવા, (૨૦) રમણીય, દિવ્ય, સમગ્ર અવયવો જેમના અત્યંત કોમળ છે એવા, ફુલેલા લાલ કમળના જેવા શોભાયમાન છે હસ્ત તથા ચરણના તળ જેમના એવા. (૨૧)

કૃપારૂપી અમૃત રસથી આર્દ્ર એવા નેત્રોવડે અતિ તિરસ્કૃત કરી છે. કમળની શોભા જેમણે એવા, જેમનાં સુંદર બંને કપોળ છે, જેમની શોભાયમાન નાસિકા છે, જેમના સુંદર શોભાવાળા બંને કર્ણો છે, અત્યંત શોભતી બંને ભ્રકુટીઓ જેમની છે એવા, મોગરાની કળીઓના જેવી સુશોભિત દંત પંક્તિથી શોભતા, મંદ હાસ્યથી અધિક શોભતા, બંને ઓષ્ઠોની શોભાથી તિરસ્કૃત કર્યા છે વિદ્રુમ મણિઓ જેમણે એવા (૨૨-૨૩) અનુપમ એવી મંદ હાસ્યથી પ્રકાશિત મુખની લક્ષ્મીથી શરદઋતુમાં ઉદય પામેલા પૂર્ણ ચંદ્રમા તથા કમળને તિરસ્કાર કરનારા (૨૪)

અનેક સૂર્યોના પ્રકાશ જેવો છે પ્રકાશ જેમનો એવા, બંને કુંડળોથી વિભૂષિત તથા સુંદર, શ્યામ, સુંવાળા અને વાંકા કેશથી શોભાયમાન એવા. (૨૫)

બાલ સૂર્યના સમાન શોભાવાળા દિવ્ય કૌસ્તુભ મણિથી શોભતા એવા, સુવર્ણ મોતીઓ તથા મણીમય સુંદર હાર ધારણ કરતા, (૨૬) શંખની માફક ત્રિરેખા યુક્ત શુભડોક જેમની છે એવા, પુષ્ટ

અને જાનુ પર્યંત લાંબા છે બે હાથ જેમના એવા, સુવર્ણના કંકણો તથા બાજુબંધ, સુવર્ણ નિર્મિત તેમજ રત્નજડિત વીંટીઓ તથા ઉદય પામતા કરોડો સૂર્યના પ્રકાશ સમાન બીજા ભૂષણોથી શોભાયમાન, વિશાળ અને શોભાયમાન વનમાળાથી શોભતું વક્ષઃસ્થળ જેમનું છે એવા. (૨૭-૨૮)

બાલ સૂર્યના સમાન શોભાયમાન પીતાંબર જેમને છે એવા, અનેક પ્રકારા શોભાયમાન રત્નો જેમાં છે એવા, સ્ફુરાયમાન ઝાંઝર જેમને છે એવા (૨૯) નિર્મળ ચંદ્રમા સમાન શોભતા જે નખોની પંક્તિઓથી વિભૂષિત, કોટી કામદેવોનું સૌંદર્ય તથા લાવણ્ય જેમને છે એવા શ્રીહરિ રૂપના મહાસાગર છે. (૩૦) તે શ્રીહરિના અંગો દિવ્ય ચંદનથી લોપાયમાન છે. અતિ સુંદર બંને હાથમાં વરમુદ્રા અને અભયમુદ્રાને ધારણ કરતા હતા. એવા દિવ્ય સદ્‌ગુણોના ભૂષણરૂપ શ્રીહરિના દર્શન ભક્તો કરતા હતા. (૩૧)

વળી તે ભક્તો અક્ષરધામમાં નાના અલંકારોથી અલંકૃત એવા સુવર્ણ સમાન કાંતિવાળા, લીલા વર્ણવાળાં, સુવર્ણના પુષ્પો તથા રજતના પુષ્પોની માળાઓ છે જેમને તથા પુષ્પોની માળા ધારણ કરેલા લક્ષ્મી દેવીના પણ દર્શન કરતા હતા. (૩૨) હે નૃપ ! તે ભક્તો દિવ્યાલંકારયુક્ત, દિવ્ય ચંદન પુષ્પોની માળાઓ તથા શણગારોને ઉચિત વસ્તુઓ બંને હાથમાં જેમને છે એવા રાધિકાના પણ દર્શન કરતા હતા. (૩૩) શ્રી, ભૂ, કીર્તિ, ઈલા, કાંતિ, વિદ્યા, વિમલા, તથા ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, યોગા, પહ્વી, સત્યા, ઈશાના, અનુગ્રહા, હલાદિની, કરુણા, તુષ્ટિ, યોગ, ભક્તિ, તપ, સાંખ્ય, વૈરાગ્ય, આ પ્રકારે શાસ્ત્રમાં કહેલી શક્તિઓ છે. એ આદિક અક્ષરાધિપતિ શ્રીહરિની અસંખ્ય શક્તિઓ તે ભક્તો જોતા હતા. (આ શક્તિ પ્રપંચ, બૃહદ બ્રહ્મસંહિતામાં વિસ્તારપૂર્વક આપ્યો છે) (૩૪-૩૫-૩૬)

તે સમાધિવાળા ભક્તો તે ધામમાં દિવ્ય મૂર્તિવાળા ભક્તિ તથા દિવ્યરૂપવાળા દેદીપ્યમાન દિવ્ય વસ્ત્રાલંકારોથી શોભતા ધર્મને પણ જોતા હતા. (૩૭) તે સમાધિવાળા ભક્તો દિવ્ય દેહવાળા મહા જ્યોતિથી વિંટાયેલી છે અવયવોની શોભા જેમની એવા કોટાનકોટિ અક્ષરસંજ્ઞાવાળા જ્ઞાનાદિ ઐશ્વર્યોએ સહિત સમગ્ર દિવ્ય વૈભવ, ઐશ્વર્ય, વિભૂતિ આદિકને પણ જોતા હતા.(૩૮-૩૯)

કેટલાક દિવ્ય શોભાયમાન ગોલોકધામ પણ જોતા હતા. તે ગોલોકમાં વિવિધ પ્રકારના મણિસ્તંભોથી યુક્ત સભા મંડપો જોતા હતા. (૪૦) સમાધિવાળા ભક્તો રત્નજડિત પગથિયા વડે શોભાયમાન વિરજા નદીને જોતા હતા. તેમાં શત શૃંગ નામનો ઉત્તમ પર્વત તથા ઐશ્વર્યાદિ જોતા હતા. (૪૧) વળી તે ભક્તો ત્યાં દિવ્ય રાધા તથા ગોપ ગોપી ગણોથી યુક્ત શ્રીકૃષ્ણને પણ જોતા હતા. (૪૨)

વિવિધ પ્રકારના મણિગણોથી વ્યાપ્ત, સુવર્ણ ભૂષણોને ધારણ કરનાર, મનોહર, તેજસ્વી અંગ જેમના છે એવા, પીતાંબરધારી (૪૩-૪૪) હે રાજન્ ! કેટલાક સમાધિવાળા ભક્તો વૈકુંઠ ધામમાં વિષ્વકસેનાદિ પાર્ષદો તથા લક્ષ્મીએ સેવેલા નારાયણને જોતા હતા. (૪૫)

કેટલાક ભક્તો અતિ શોભાએ યુક્ત આવ્યાકૃત ધામમાં નાગેંદ્રરૂપી પર્યંકમાં સૂતેલા આઠભૂજાવાળા ભૂમા પુરુષને જોતા હતા. (૪૬) અનેક પ્રકારના રત્નોથી જડિત સુવર્ણ ભૂષણો વડે શોભતા, પીતાંબરધારી, શાંત-લક્ષ્મી તથા પાર્ષદોથી સેવાયેલા (૪૭) તે ભક્તો ત્યાંના ઐશ્વર્યને આશ્ચર્ય પામીને જોતા હતા.

કેટલાક ભક્તો રમણીય, કાંતિમાન શ્વેતદ્વીપને પણ જોતા હતા. (૪૮)

તે ભક્તો તે ધામમાં નિરન્ન મુક્તોના સમુદાયોએ પાંચવાર નાના પ્રકારના ઉપચારો વડે પ્રીતિપૂર્વક સેવેલા મહાપુરુષને જોતા હતા. (૪૯)

કેટલાક ભક્તો ક્ષીર સાગરમાં શેષશય્યામાં સૂતેલા અને લક્ષ્મી તથા પાર્ષદોથી સેવાયેલા યોગેશ નામના ભગવાનને જોતા હતા. (૫૦) (જેટલા ભગવાનના અવતારો છે તેમની સ્ત્રીઓ જેટલી છે તેમની લક્ષ્મી સંજ્ઞા છે એમ જાણવું.) **''अवतारा भगवतो यावन्तः स्युस्तदङ्गनाः । यावत्यस्तास्तु बोद्धव्या लक्ष्मीसंज्ञा विशांपते ॥'' इति पाद्मोत्तरखण्डे ।**

કેટલાક બીજા ભક્તો અગ્નિ મંડળમાં સ્રુક્ સ્રુવાદિથી યુક્ત નારાયણ જોતા હતા. કેટલાક સૂર્ય બિંબમાં હિરણ્યમય પુરુષને જોતા હતા. (૫૧) કેટલાક ભક્તો વિશાલાની નીચે તનુ ઋષિ વગેરે સિદ્ધ વૃંદોથી સેવાયેલા નરનારાયણ પ્રભુને જોતા હતા. (૫૨)

લીન થઈ ગયા છે નાડી પ્રાણ જેમના એવા સમાધિવાળા કેટલાક ભક્તો પોતાના આત્મામાં તેજના સમુદાયથી વીંટાયેલા છે અંગો જેમના એવા અચ્યુત પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને જોતા હતા. (૫૩) કેટલાક ભક્તો બે પ્રકારની વૃત્તિ કરીને (પોતાના નેત્ર તથા અંતઃકણની વૃત્તિના બે વિભાગ કરીને) નેત્રોના આનંદને વધારનારા પુરુષોત્તમ શ્રીહરિને પોતાના અંતઃકરણમાં (આત્મામાં) જોતા હતા. તેમજ અંતઃકરણથી બહાર પણ પ્રત્યક્ષ જોતા હતા. (૫૪) આ પ્રકારે તે ભક્તો અક્ષરાદિ સર્વ ધામોને જુદા જુદા જોઈને, તે તે ધામોમાં તે ધામની દિવ્ય મૂર્તિઓ તથા દિવ્ય પાર્ષદોને જોઈને. (૫૫) નાના પ્રકારના દિવ્ય અદ્‌ભુત ઐશ્વર્ય જોઈને સમાધિમાં પરમ આનંદ પામ્યા. (૫૬)

હે રાજન્ ! ધર્મપુત્ર શ્રીહરિના દર્શન માત્રથી સર્વે ભક્તો સમાધિમાંથી જાગ્રત થયા. (૫૭) પછી તે ભક્તો એ સમાધિમાં જે જે ધામ, ઐશ્વર્ય વગેરે જોયું તે સર્વે હર્ષપૂર્વક સભામાં કહેવા લાગ્યા.(૫૮) હે રાજન્ સભામાં રહેલા સમગ્ર ભક્તો તથા બીજા જનો પણ તે સાંભળીને વિસ્મય પામ્યા અને અત્યંત આનંદ પામ્યા. (૫૯)

તે ભક્તોને સમાધિમાં જેમણે પોતાનું ઐશ્વર્ય બતાવ્યું છે તે ધર્મ પુત્ર શ્રીહરિને સર્વ કારણના કારણ, પરમમુક્તોએ હંમેશા ઉપાસનીય બ્રહ્મપુરાદિ દિવ્ય ધામોમાં સ્વામી, સર્વ અવતારોનો પ્રાદુર્ભાવ જેમના થકી છે એવા જાણીને સર્વે હાથ જોડીને ગદ્‌ગદ્ વાણીથી ભક્તિપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૬૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં રામનવમી મહોત્સવમાં શ્રીહરિએ ઐશ્વર્ય પ્રદર્શિત કર્યું તે નિરૂપણનો ચુંમાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૪)



અધ્યાય ૪૫ મો

ભક્તો સ્તુતિ કરે છે : હે હરે ! તમારા સુંદર બ્રહ્મપુર વગેરે પરમ શોભાવાળા ધામોમાં વિશેષપણાથી શોભાયમાન તે તે ધામોની સુંદર દિવ્ય પોતાની મૂર્તિઓ તથા તે તે ધામોમાં રહેલા દિવ્ય - પાર્ષદ ગણ તથા ઐશ્વર્યોને કરુણાથી ભક્તોએ સમાધિ દ્વારા વારંવાર બતાવો છો તેથી તમો આલોકમાં સર્વોત્કૃષ્ટપણે વર્તો છો. (૧) હે હરે ! સર્વજ્ઞ ''**यः सर्वज्ञः सर्ववित्** એ શ્રુતિથી પ્રતિપાદિત એવા પુરુષોત્તમ ''**यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः । अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥**'' શ્રીમદ્‌ભગવદ્‌ગીતાએ પુરુષોત્તમપણાથી પ્રતિપાલન કરેલા છે. ચિદ્ અને અચિદ્‌ના આધાર ''**सन्मूलाः सौम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः**'' ઈત્યાદિ શ્રુતિઓથી ચૈતન્ય અને જડના આમ એક આધાર છે. પોતાના જ એક આશ્રયવાળા ''**आत्माधारोऽखिलाश्रयः**'' ઈત્યાદિ શ્રીમદ્ ભાગવતના વાક્યોથી આત્માશ્રયપણાથી કહ્યા છે તે તે ધામમાં રહેલા દિવ્ય પાર્ષદોના સમૂહો તથા ઐશ્વર્યાદિથી યુક્ત તમો પોતેજ આ લોકમાં શરીરધારીઓના આત્યાંતિક કલ્યાણ કરવા માટેજ પ્રાદુર્ભાવ પામ્યા છો. પોતાના આશ્રિત જનોમાં માયા તથા કાળના ભયને મૂળમાંથી ઉખેડી નાંખતા એવા તમો અત્યંત શોભાયમાન દીસો છો. (૨)

અસંખ્ય બ્રહ્માંડોના કોટી ઈશ્વરો દિવ્ય, અનાદિ મનોહર એવી આકૃતિવાળા સર્વથી અધિક બળ જેમનું છે એવા તમારી આજ્ઞાને સદા ધારણ કરે ''**भीषाऽस्माद् वातः पवते भीषोदेति सूर्यः**'' ઈત્યાદિ શ્રુતિઓ પ્રમાણે છે માટે દિવ્ય ઐશ્વર્યો દયા વગેરે સદ્‌ગુણોના ગણોના સમુદ્ર અવતારી તમો જ હે ભગવના ! સર્વોપરી વર્તો છો. (૩) હે શ્રીહરે ! પૃથ્વીમાં જન સમુદાયોને તમોએ વિવિધ પ્રકારનું આશ્ચર્યકારી ઐશ્વર્ય સર્વ પ્રકારે બતાવ્યું છે. તે ઐશ્વર્ય પહેલાં બીજા અવતારોએ આ લોકમાં પોતાના ભક્તોને પણ બતાવ્યું નથી. માટે તમારા આશ્રિત અમો તમોને અક્ષર થકી પર સમગ્રના અધીશ્વર જાણીએ છીએ. (૪) અગણિત કલ્યાણ ગુણોના એક આધાર, પાપના સમૂહોનો નાશ કરનાર છે દિવ્ય નામ જેનું એવા, અનંત, વીર્યવાન, ઘણા બળવાળાઓમાં પ્રકૃષ્ટ સામર્થ્યવાળા, એવા પ્રકારના તમો આશ્રિતોના મનોરથો પૂર્ણ કરનારા છો. (૫) ભગવાનના ભક્ત વિદ્વાનોએ વેદોના ઉત્તમાંગો જે ઉપનિષદોથી જાણવા ન ઈચ્છેલા તમો જ અદ્વિતીય પરબ્રહ્મ છો. તમારી માયાથી અતિ મોહ પામેલા બ્રહ્માદિ ઈશ્વરોથી પણ તમો અતર્ક્ય છો. (૬)

હે શ્રી હરે ! તમો પ્રાણીઓની અંદર રહેલા છો છતાં પણ પ્રાણીઓની અંદર રહેલા વિકારોથી રહિત છો. કારણ કે જડ અને ચેતનના નિયંતા, અચ્યુત અનાદિ વિશુદ્ધ બોધવાળા, સર્વાધાર, પોતાના પોતેજ આધાર એવા તમો સ્વતંત્ર છો. (૭) જ્યાં માયા-પુરુષ નથી, જ્યાં કાળ નથી (જેની આગળ પુરુષ, કાળ વગેરેની શક્તિનું સામર્થ્ય નથી) તમારા સમાન કાંઈ નથી. **न तत्समश्चाभ्यधिकश्च दृश्यते** એ શ્રુતિથી જડ અને ચૈતન્ય તમારા શરીર છે અને તમો તેના શરીરી છો. એવા પ્રત્યક્ષ તે તમો, અચિંત્ય લીલાવાળા, દયાળુ સ્વભાવવાળા છો. (૮)

તમારા રૂપ, ગુણ-વિભૂતિઓ, નામો, તેની ઉપમા કોઈને આપી શકાય તેમ નથી અથવા તમો આટલા પ્રમાણવાળા છો એમ બ્રહ્માદિ દેવો તથા સિદ્ધો, મુનિઓ પણ જાણવા માટે સમર્થ થતાં નથી. તો બીજા તો કેવી રીતે જાણી શકે ? અર્થાત્ ન જ જાણી શકે ("नाहं न यूयं यदृतां गतिं विदुर्न वामदेवः किमुतापरे हरेः" એમ ભાગવતમાં કહ્યું છે.) (૯) હે હરે ! તમારી શક્તિઓ જે સર્જન, પાલન, વિનાશાત્મિકા, બ્રહ્મા-વિષ્ણુ અને શંકરમાં પ્રવેશ કરીને બ્રહ્માંડોની ઉત્પત્તિ-સ્થિતિ અને લય કરે છે. (વિષ્ણુપુરાણમાં-यस्याज्ञया जगत्सर्वं ब्रह्मा सृजति सुव्रत । हरिश्च पालको रुद्रो नाशकः स हि मोक्षदः" એ પ્રમાણે વાક્ય છે. આજ્ઞારૂપી પણ શક્તિ છે) શ્રી, ભૂમિ, લીલા આદિક નાના પ્રકારની શક્તિઓએ સેવ્યા છે. ચરણકમળ જેમના એવા હે ભૂમન ! તમો છો. (૧૦)

ઐશ્વર્ય, વિદ્યા, સુભગપણું શૌય, પ્રાગલ્ભ્ય, સૌશિલ્ય, દયા, આદિક જેમને છે એવા ગુણોના સમુદ્ર (ઐશ્વર્યો અણિમાદિક । વિદ્યા "यो वेत्ति युगपत् सर्वं प्रत्यक्षेण सदा स्वतः" એ પ્રકારે જ્ઞાન, સુભગત્વ, સૌંદર્ય, શૌર્ય, સ્વાશ્રિતોના હિતાચારણમાં ઉત્સાહ, પ્રાગલ્ભ્ય, સર્વે અર્થોમાં નિપુણતા) અનંત દિવ્ય આભૂષણોવાળા, નાના પ્રકારની લીલાઓથી અતિ શોભતા, સર્વોત્તમ મુક્તોથી સેવાયેલા તમો છો. (૧૧) હે શ્રીહરે ! કાળ-માયાદિક શક્તિઓના અધીશ્વર, સનાતન, દિવ્ય આકૃતિવાળા, સદા એક રૂપવાળા, સર્વજ્ઞ, અવતારોના કારણ-અનેક પ્રકારના દિવ્ય અપરિમિત રૂપને ધારણ કરનારા તમો છો. (૧૨)

બીજા ભક્તો સ્તુતિ કરે છે

અક્ષર બ્રહ્મભાવને પામેલા મુક્ત સમૂહોએ જેમના બંને ચરણોની ઉપાસના કરી છે એવા, આશ્રિત-અનાશ્રિત સર્વે જનોના કર્મોને પ્રત્યક્ષ જોનારા, શરણે આવેલાઓની સર્વ પીડાની નિવૃત્તિ કરનારા, મુક્ત વૃંદોની સાથે જે અતિ વિહાર (પુષ્પદોલોત્સવ-વસંતપંચમી વગેરેમાં નાના પ્રકારની ક્રીડા)થી અત્યંત શોભતા એવા તમોને વારંવાર પ્રણામ કરીએ છીએ. (૧૩) વિનાશ કરી નાખ્યો છે પોતાના જનોનો અંતર દ્વેષ જેણે એવા, દૂરત એવા સંસારરૂપી બંધનને છેદનારા, નવીન સજલ મેઘના જેવી દિવ્ય કાંતિ જેને છે એવા, વિભૂષણોને પણ અલંકાર રૂપ છે દિવ્ય મૂર્તિ જેમની એવા, તમોને નમસ્કાર કરીએ છીએ. (૧૪)

દર્પ સહિત જે કામદેવ તેના સમગ્ર ગર્વને હરનારા, આત્યાંતિકી મુક્તિના માર્ગરૂપી કમળને ઉપદેશથી પ્રફુલ્લિત કરવામાં સૂર્યસમાન, અતિ બલવાન, પાખંડ ધર્મના ખંડનમાં સામર્થ્યવાળા, બંને હસ્તમાં વર મુદ્રા અને અભય મુદ્રા ધારણ કરનારા. (૧૫) પોતાના ભક્તોના વક્ષઃસ્થલમાં અર્પણ કર્યા છે પોતાના કોમળ બંને ચરણો જેમણે એવા, વશિષ્ટ-નારદાદિ મુનિઓ, બ્રહ્માદિ ઈશ્વરો તથા વેદો જે ઋગાદિના ગણોએ જેમની પવિત્ર કીર્તિનું સદા ગાન કર્યું છે એવા, મંદ હાસ્યરૂપી અમૃતના વરસવાથી નાશ કરી છે પોતાના આશ્રિતોની પીડા જેમણે એવા, પોતાના વચનરૂપી અમૃતથી આશ્રિત જનસમુદાયોને પ્રસન્ન કરનારા. (૧૬)

ગુણોના એક સ્થાનભૂત, અક્ષરધામના નિવાસી, સર્વથકી પર અક્ષરે ગાન કરી છે કીર્તિ જેમની એવા, અસંખ્ય દિવ્ય નામોને ધારણ કરનારા, પોતાના નિષ્કામી જનોને વિષે પ્રીતિવાળા. (૧૭)

પાપના સુદાયને નાશ કરવામાં સમર્થ છે દૃષ્ટિ જેમની એવા, જેમણે વેદનો શુદ્ધ માર્ગ પ્રવર્તાવ્યો છે એવા, શરણે આવેલા દીન જનો ઉપર ઉપકાર કરનાર, ધર્મના રિપુઓનો પોતાના પ્રતાપથી જેણે નાશ કર્યો છે એવા. (૧૮) અનંત કારુણ્ય, તપ, સ્વાભાવિક સુંદરતા, સુકીર્તિ, વાત્સલ્યતા વગેરે ગુણો જેમના ચરણ કમળના આશ્રિત છે, એવા, અતિશય ગાંભીર્ય, ધૃતિ, ક્ષમા, સ્મૃતિ, પ્રગલ્ભતા એ મુખ્ય ગુણોના પયોનિધિ એવા. (૧૯) અસત્ માર્ગો રૂપી અરણ્યને પોતાના દાવાનલ રૂપી પરાક્રમથી જેણે બાળી નાખ્યો છે એવા વિવિધ પ્રકારના બ્રહ્માંડોની ઉત્પત્યાદિને કરનારી છે દૃષ્ટિ જેમની એવા, અનેક સંજ્ઞા કૃતિ શક્તિઓના સમુદ્ર, દૂરત તાપોને સમાવનાર છે જ્ઞાન જેમનું એવા. (૨૦)

અનન્ય ભક્તો સ્તુતિ કરે છે :- હે ભગવન્ ! હે સહજાનંદ ! હે વિભો ! પરાત્પર અતિ દિવ્ય અક્ષર બ્રહ્મનામના ધામમાં મણિ જડિત સુવર્ણના શ્રેષ્ઠ સિંહાસનમાં બિરાજેલા, અક્ષ થકી પર એવા તમોને નમસ્કાર હો. (૨૧) અગણિત અક્ષર મુક્તોએ અતિ સ્નેહથી સેવિત છે બંને ચરણ કમળો જેમના એવા, રમણીય ગુણોના સમુદ્ર, સર્વાન્તર્યામિ હે સહજાનંદ તમોને નમસ્કાર હો. (૨૨) ધર્મ દેવ તથા ધર્મ પત્ની ભક્તિદેવી આદિક પરિવારે સહિત હંમેશા પ્રેમના અતિશયથી આર્દ્ર ચિત્તથી જ સેવાયેલા છે એવા હે સહજાનંદ ! તમોને નમસ્કાર હો. (૨૩)

દિવ્ય અને સુંદર છે મૂર્તિ જેમની એવા સર્વે વેદો, સિદ્ધિઓ તથા શક્તિઓના સમૂહો તથા જ્ઞાનાદિ ઐશ્વર્યોથી ઉપાસના કરાયેલા હે સહજાનંદ ! તમોને નમસ્કાર હો. (૨૪) અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ આદિ ક્રિયાઓમાં કારણભૂત એક પરમેશ્વર તમોજ છો, તમારા સમાન કોઈ બીજો નથી. માટે સ્વતંત્ર પણ તમોજ છો. એવા હે સહજાનંદ તમોને નમસ્કાર હો. (૨૫)

હે દયાનિધે ! આ લોકમાં વેદ તથા પંચરાત્રમાં કહેલા જે ધર્મનો માર્ગ તેનું રક્ષણ કરવા માટે અસત્પુરુષોનો નિગ્રહ કરવા માટે નર નાટ્ય ધરનારા હે સહજાનંદ ! તમોને નમસ્કાર હો. (૨૬) સ્વીકૃત કરેલા મનુષ્ય ભાવમાં પણ સર્વોત્તમ ઐશ્વર્ય યુક્ત તમારે વિષે પ્રકૃતિના ગુણો નથી. મુક્તિની ઈચ્છાવાળાએ સ્મરણીય છે બંને ચરણકમળો જેમના એવા હે સહજાનંદ ! તમોને નમસ્કાર હો. (૨૭)

હે હરે ! તમો અમારું પ્રિય કરનારા ગુરુ છો. મિત્ર, પિતા, માતા, હિતકારી તથા ઉદાર મિત્ર અને રક્ષણ કરનારા પણ તમોજ છો. એવા હે સહજાનંદ ! તમોને નમસ્કાર હો. (૨૮)

બીજા ભક્તો સ્તુતિ કરે છે :- હે મદનનું વિમર્દન કરનારા ! શત્રુએ કરેલી પીડાને નાશ કરનારા, સાધુ મંડળોમાં સર્વદા આગમન જેમનું છે એવા, ધર્મને ધારણ કરનારા, દૈત્યોનું નિકંદન કરનારા, મુનિઓએ જેમને વંદન કર્યું છે એવા, સ્વાશ્રિતજનોનું કલ્યાણ છે જેનાથી એવા મુક્તજનોમાં પ્રીતિવાળા, ભયને હરનારા, સર્વોત્તમ સુખના સાગર, ઉત્તમ ગુણોના સાગર, દિવ્ય મૂર્તિ, હે હરે ! તમારું ઐશ્વર્ય પ્રગટ કરો. (૨૯) સુમતિને વિકાસ કરનારા, આધ્યાત્મિક ત્રિવિધ તાપનો નાશ કરનારા પોતાના આશ્રિતોને વરણીય પદાર્થો આપનારા, સુખના નિધિ, ધર્મના શત્રુઓનો નાશ કરનારા, પોતાના આશ્રિતોને વરણીય પદાર્થો આપનાર, સુખના નિધિ, ધર્મના શત્રુઓનો નાશ કરનારા, ખલજનોનો ત્યાગ

કરનારા, પોતાના આશ્રિતના પાપને બાળી દેનારા, ધર્મવાળાઓમાં પ્રીતિવાળા એવા, તમો જયકારી પ્રવર્તો. (૩૦)

ધર્મવંશના ભૂષણ, દંભને ખંડન કરનારા, દુર્જનોને દંડ આપનારા, અતિ સુંદર વિધિવાળા, સંસારના ભયને નાશ કરનારા, સ્વાશ્રિતોના શત્રુઓનો વિનાશ કરનારા, કૌલ નાસ્તિક, શુષ્કજ્ઞાનિ-શક્તિમાર્ગ વગેરે પંથોનો નાશ કરનારા એવા, ભક્તજનોની ગતિરૂપ એવા, હે ભગવન્ ! તમો જયકારી પ્રવર્તો. (૩૧)

કળીયુગના મળનો નાશ કરનારા, સજ્જનોને રંજન કરનારા, યોગી પુરુષોને જ્ઞાનના વિષયરૂપ એવા, માયિકગુણોએ રહિત, દિવ્ય કાંતિવાળા, અસત્પુરુષોનો વિનાશ કરનારા, મુનિવરો જેમને સદા ભેટે છે, ભક્તજનોના માનસોને શુદ્ધ કરનારા, શુદ્ધાન્તઃકરણોમાં પ્રીતિવાળા એવા, તમો સદા જયકારી પ્રવર્તો. (૩૨) પોતાના આશ્રિતોનું રક્ષણ કરનારા, સુંદર લક્ષણોવાળા, આત્મા પરમાત્માના સ્વરૂપનો ઉપદેશ આપવામાં પ્રવીણ, જ્ઞાનીઓમાં પ્રીતિવાળા, મુનિઓની સાથે કર્યા છે ઉત્સવો જેમને એવા, સકલ જનોથી અત્યંત વિલક્ષણ, સુંદર છે નેત્રો જેમનાં એવા, ધર્મ થકી છે જન્મ જેમનો એવા હે શ્રીહરે ! તમો જયકારી પ્રવર્તો. (૩૩)

કમળનયન, સ્વાશ્રિતજનોને સંસારથી મુક્તિ આપનારા, ઘનશ્યામ, રૂપનિધિ, જેણે સ્વાશ્રિતોનો શોક હણ્યો છે એવા, જેમનું શરીર હરિચંદનથી સદા ચર્ચેલું છે એવા, સૂર્યની માફક જ્ઞાનને પ્રકાશ કરનારા, સર્વેના ગુરુ હે શ્રીહરે ! તમો જયકારી પ્રવર્તો. જયકારી પ્રવર્તો. (૩૪) શ્રુતિગણોને ધારણ કરનારા, સર્વ કારણોના કારણ, મોહનો નાશ કરનારા, વિશ્વના પતિ, દૂષણોનો નાશ કરનારા, કષ્ટ નિવારક, બંધનને છેદનારા, અત્યંત પ્રિય છે મુનિઓ જેમને એવા, શ્રીહરે ! તમો જયકારી પ્રવર્તો. (૩૫)

આશ્રિતજનોની પીડાનો નાશ કરનારા, મુનિજનોની સભામાં સદા સ્થિત થયેલા અતિ શ્રેષ્ઠ છે પ્રકાશ જેમનો એવા, યોગિઓમાં પ્રીતિવાળા, સદા સુખજ થાય એવી આજ્ઞાના ઉપદેષ્ટા સંસૃતિને કરનારા એવા શબ્દાદિ પંચવિષયોનો નાશ કરનારા, જેમને નિર્વાસનિક ભક્તો સદા પ્રિય છે એવા, જેમની ચાલવાની ગતિ અતિ સુંદર છે એવા, હે શ્રીહરે ! તમો જયકારી પ્રવર્તો, જયકારી પ્રવર્તો. (૩૬)

શ્રી શુકાનંદમુનિ માનસિંહરાજા પ્રત્યે કહે છે :- હે મહીપતે ! શ્રીહરિના ભક્તો સર્વાધિપતિ શ્રીહરિની સ્તુતિ કરીને ઘણા પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૭) તે પૂજા કરનારા હરિભક્તોમાં, વેદ શાસ્ત્રને જાણનારા પ્રયાગજીત નામના બ્રાહ્મણ મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા પુષ્પોની માળાઓ તથા ચંદન વગેરેથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૮)

હે ભૂપતે ! તે પ્રયાગજીત પુરાણી પુરાણો જાણવામાં અત્યંત શ્રેષ્ઠ હતા. તેથી શ્રીહરિએ તેમને પુરાણોની કથા કરવા માટે પોતાની સમીપમાં રાખ્યા હતા. (૩૯)

કાષ્ટના યંત્રો રચવામાં વિશ્વકર્મા, સમાન, ભક્તિમાં અંબરિષ રાજા જેવા, જેમના ઘરનો વૈભવ રાજાને યોગ્ય છે એવા સુંદરજીતે ત્યારબાદ શ્રીહરિની પૂજા કરી. (૪૦) કુમકુમ, અગર ચંદન, કસ્તુરી પુષ્પોના હારો, સુંદર તોરાઓ, મહામૂલ્યવાળાં વિવિધ પ્રકારના વસ્ત્રો તથા નાના પ્રકારનાં ભૂષણોથી તેણે

શ્રીહરિની પૂજા કરી. (૪૧) સુંદરજીત ભક્તો શ્રીહરિની સમગ્ર બીજા ઉપચારોથી પૂજા કરીને શ્રીહરિની આગળ હજારો સુવર્ણ મુદ્રાઓ અર્પણ કરી. (૪૨)

પછી સુંદરજીતે પોતાની સ્ત્રી, પુત્રો તથા ભાઈઓ સાથે સત્પુરુષોના પતિ શ્રીહરિની આરતી કરી. (૪૩) શ્રીહરિની આરતી કરીને તથા સ્તુતિ કરીને શ્રીહરિની સન્મુખ બેઠેલા સુંદરજી ભક્તને પછી શ્રીહરિ આવી રીતે મધુર વચન કહેવા લાગ્યા. (૪૪)

હે ભક્તરાજ ! અમારે સવારે ત્યાગિ, વર્ણિઓ તથા સાધુઓને જમાડવા છે તથા જુદા જુદા દેશોથી આવેલા સમગ્ર ભક્તજનોને તથા બ્રાહ્મણોને પણ જમાડવા છે. (૪૫) તેથી બ્રાહ્મણ રસોઇયાને બોલાવીને રસોઈ તત્કાળ તૈયાર કરાવો. શ્રીહરિની આવી આજ્ઞાથી તે ભક્ત બ્રાહ્મણોની પાસે ઉત્તમપાક કરાવતા હતા. (૪૬)

પછી તે ઉત્સવમાં દેશાંતરથી આવેલા ભક્તો તથા શ્રીહરિના બીજા આશ્રિતો તથા પુરના જનો સર્વે નાના પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪૭)

શ્રીહરિને વિષે ભક્તિવાળી સમગ્ર સ્ત્રીઓ પણ શ્રી ધર્મપુત્ર શ્રીહરિની નાના પ્રકારના ઉપચારોથી ભક્તિપૂર્વક મહાપૂજા કરતી હતી. (૪૮)

પછી સભામાં બેઠેલા ઉત્સાહિત મનવાળા સર્વે ભક્તો શ્રીહરિના પ્રીતિપૂર્વક દર્શન કરતા હતા. (૪૯) તે ભક્તોએ શ્રીહરિને જે કાંઈ દ્રવ્ય, ભૂષણ વગેરે આપ્યું હતું તે સમગ્ર પ્રભુ શ્રીહરિએ તત્કાળ બ્રાહ્મણોને આપી દીધું. (૫૦) તે શ્રીહરિએ બ્રાહ્મણોને સમગ્ર દાન આપી દીધું તેથી સર્વ અત્યંત વિસ્મય પામ્યા. એ જોઈને આસુર જનો તો શ્રીહરિએ જાણે કોઈ દેવને સિદ્ધ કર્યા છે એવું માનતા હતા. (૫૧)

રામનવમીના આ શુભ જન્મ મહોત્સવના દિવસે શ્રીહરિ તથા સમગ્ર ત્યાગિઓ તથા ગૃહસ્થ ભક્તોએ ઉપવાસ કર્યો. (૫૨) શ્રીહરિ તો પૂર્ણકામ છે તો પણ ભક્ત જનોને વૈષ્ણવોએ કરવા યોગ્ય ભગવાનની ભક્તિનો પ્રકાર આ રીતે શિખવાડતા મધ્યાહ્ને વિધિવત્ પોતે રામચંદ્રની મૂર્તિની પૂજા કરતા હતા. (૫૩) ધર્મ મર્યાદા સ્થાપનના જ ફક્ત હેતુઓ માટે શ્રીહરિ વર્ણી, સાધુઓ તથા બ્રાહ્મણોનું પૂજન કરતા હતા. (૫૪) રાત્રિની દશ ઘડી વ્યતીત થઈ તે સમયે શ્રીહરિના આશ્રિત ગૃહસ્થ હરિભક્તોએ પુષ્પના હારો તથા ચંદન, અક્ષત, પુષ્પો, કુમકુમ તથા નાના પ્રકારના અમૂલ્ય વસ્ત્રો તથા રત્નજડિત સુવર્ણના અલંકારાદિ વડે શ્રીહરિની મહાઆરતી કરીને પૂજા કરી. (૫૫-૫૬) પછી ત્યાગી વર્ણીઓ, સાધુઓ તથા પાર્ષદો સુગંધીમાન ચંદન પુષ્પોના હાર વગેરેથી ભક્તિપૂર્વક શ્રીહરિકૃષ્ણનું પૂજન કરતા હતા. (૫૭)

હે રાજન્ ! તે રાત્રે શ્રીહરિના આશ્રિત ભક્તજનો વાજિંત્રો વગાડીને શ્રીહરિની મૂર્તિ સંબંધી ભક્તિપદોનું ગાન કરી જાગરણ કરતા હતા. (૫૮)

પછી રાત્રિ છ ઘડી બાકી રહી ત્યારે શ્રીહરિ પોતાના સેવકોની સાથે પાકશાળામાં જઈને રસોઈયાઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫૯) હે રસોઈયાઓ ! તમો રસોઈ તત્કાળ તૈયાર કરો. પ્રાતઃકાળમાં

જ સમગ્ર ત્યાગીઓ, વર્ણીઓ, સાધુઓ, પાર્ષદો તથા બ્રાહ્મણોને જમાડવાના છે. (૬૦) હે દ્વિજોત્તમો ! હું તો એ સર્વેને જમાડ્યા પછી જ જમીશ. શ્રીહરિનું આવું વચન સાંભળીને, રસોઈયાઓ શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૬૧)

હે સ્વામિન્ ! દેવતાઓને પણ દુર્લભ એવી આપની આજ્ઞાથી અમે સર્વે પાક તત્કાળ જ કરીશું તે સાંભળીને શ્રીહરિ તેમની પ્રશંસા કરવા લાગ્યા. (૬૨)

પછી પોતાના પાર્ષદોએ વીંટાયેલા ભગવાન સભા પ્રત્યે આવીને સભામાં મધ્યભાગમાં પોતાના આસનમાં બિરાજ્યા. (૬૩) નિર્નિમેષ નેત્રોથી શ્રીહરિનાં દર્શન કરતા ઉત્સાહવાળા સાધુઓ તથા ગૃહસ્થોએ શ્રીહરિની મૂર્તિ સંબંધી સુંદર પદો વાજિંત્ર સહિત પ્રીતિપૂર્વક ગાતા ગાતા તે રાત્રિ જાણે ક્ષણની જેમ નિર્ગમન કરી. (૬૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં સુંદરજી આદિ ભક્તોએ શ્રીહરિનું પૂજન અર્ચન અને સ્તુતિ કરી એ નામે પિસ્તાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૫)



અધ્યાય ૪૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી પ્રાતઃકાળમાં મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી શ્રીહરિએ વિધિવત્ પોતાનો સમગ્ર નિત્યવિધિ કર્યો. (૧) વર્ણી મુકુંદાનંદ તેટલામાં શ્રીહરિને માટે દૂધમાં નાના પ્રકારના ઉત્તમ પાક બનાવવા લાગ્યા. સર્વ પ્રકારના શાક બનાવ્યા. પરંતુ તેમાં લવણ તેમણે ન નાંખ્યું. (૨)

પછી વર્ણિ મસાલો, આમલી, પાણીનું પાત્ર વગેરે રસોડામાં મૂકીને નિત્યવિધિ કરતા શ્રીહરિની સમીપમાં જઈને કહેવા લાગ્યા. (૩) હે સ્વામિન્ ! તમારે ઉપવાસ છે તેથી નિત્યવિધિ તત્કાળ કરીને તમો ભોજન કરવા પધારો. ભોજનને વાર નથી. (૪)

એટલે શ્રીહરિ બાકી રહેલી વિધિ સમાપ્ત કરીને પોતાની આજ્ઞામાં વર્તનારા વર્ણિ પ્રત્યે મધુર વાક્ય બોલ્યા. (૫) હે વર્ણિરાજ ! સર્વે સંતો તથા બ્રહ્મચારીઓ અને સમગ્ર બ્રાહ્મણોને જમાડીને પછી હું ભોજન કરીશ. (૬) એટલે શ્રીહરિને પહેલાં જમાડવા માટે વર્ણિએ તથા મુનિઓએ ઘણો આગ્રહ કર્યો. તો પણ સૌની પહેલાં ભોજન કરવા માટે શ્રીહરિએ ઈચ્છા ન કરી. (૭) વિચક્ષણ વર્ણિરાજ શ્રીહરિનો આવો અભિપ્રાય જાણીને, શ્રીહરિના રસોડામાં જઈને સર્વે પાક (રસોઈ) ઢાંકીને તેનુ રક્ષણ કરવા લાગ્યા. (૮)

પછી પીતાંબર પહેરીને શોભાયમાન શ્રીહરિ સર્વ સંતો, પાર્ષદો, બ્રાહ્મણો વગેરેને પીરસવા માટે તૈયાર થયા. (૯) શ્રીહરિનું પીળું રેશમી વસ્ત્ર ડાબા ખભા ઉપર આડું રાખીને અને તેનો બીજો છેડો

કેડ્યમાં બાંધીને વર્ણિઓની પાકશાળામાં પધાર્યા. (૧૦)

તેટલામાં વર્ણિઓની સુંદર મોટી પંક્તિ થઈ. એટલે ભગવાન શ્રીહરિ તે પંક્તિમાં પીરસવા માટે પધાર્યા. (૧૧) મુકુંદાનંદ વર્ણીન્દ્ર બરફીનું પાત્ર ગ્રહણ કરીને પાછે પગલે ચાલવામાં નિપુણ શ્રીહરિની આગળ આગળ ચાલતા હતા. (૧૨) તેમજ નારાયણાનંદ બ્રહ્મચારી પેંડાનું પાત્ર હાથમાં લઈને શ્રીહરિની આગળ ચાલતા હતા. (૧૩)

તથા વર્ણીરાજ વાસુદેવાનંદ ગુંદરપાકનું પાત્ર લઈને શ્રીહરિની આગળ ચાલતા હતા. (૧૪) તથા બીજા કૃષ્ણાનંદ વગેરે બ્રહ્મચારીઓ મગદળના તથા બેશનના લાડુથી ભરેલાં પાત્રો ગ્રહણ કરીને પંક્તિમાં ફરતા હતા. (૧૫) પ્રભુ શ્રીહરિએ એ રીતે પંક્તિને પાવન કરી તે પાત્રોમાંથી ભોજનના પદાર્થો બંને હાથમાં લઈને વર્ણીઓને પીરસતા હતા. (૧૬)

ઉતાવળા પગે નૈષ્ઠિકવ્રત પ્રિય ભગવાન શ્રીહરિ તે પંક્તિમાં વારંવાર ફરતા હતા. અને ભક્તોને પીરસીને તૃપ્તિ પમાડતા હતા. (૧૭) મુકુંદાનંદ જેમાં મુખ્ય છે તે બીજા બ્રહ્મચારીઓને પણ શ્રીહરિએ પીરસીને અતિશય તૃપ્ત કર્યા. (૧૮)

પછી પ્રભુ શ્રીહરિ સાધુઓની મોટી પંક્તિમાં પધાર્યા. તે પંક્તિમાં બેઠેલા સર્વે મુનિઓને જોઈને અત્યંત આનંદ પામ્યા. (૧૯) તેટલામાં સુંદર મોતીયા લાડુઓથી ભરેલાં પાત્રો તત્કાળ લઈને પાછે પગલે ચાલવામાં કુશળ સાધુઓ, પંક્તિમાં પ્રીતિપૂર્વક પીરસવાની ઈચ્છાથી આવ્યા. (૨૦) શ્રીહરિ પાત્રોમાંથી મોતીયા લાડુઓ લઈને સાધુઓની પંક્તિમાં ફરતા ફરતા પીરસતા હતા. (૨૧)

તે વખતે ચારેય તરફ પંક્તિ બદ્ધ રહેલા હજારો ભક્તો તથા પુરના નિવાસીઓ તથા બીજા જનો વિસ્મય પામ્યા અને શ્રીહરિની પીરસવાની ચતુરાઈ જોવા લાગ્યા. (૨૨)

તે વખતે અંતરીક્ષમાં વિમાનમાં બેઠેલા બ્રહ્માદિક સર્વે દેવો શ્રીહરિની પરિવેષણ લીલાના દર્શન માટે ત્યાં આવ્યા. અને હર્ષપૂર્વક પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૨૩)

પંક્તિઓમાં ઝડપથી ચાલતા વારંવાર ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય ભોજનોના નામો બોલતા શ્રીહરિ પરમ પ્રીતિથી આદરપૂર્વક સૌને પીરસતા હતા. (૨૪) દરેક પંક્તિમાં ઝડપથી અને સુંદર ગતિથી ફરવામાં ચંચળ એવા શ્રીહરિ જાણે ઘણાં સ્વરૂપવાન હોયને શું ? એ ભાવથી ભક્ત સમુદાય શ્રીહરિના દર્શન કરતો હતો. (૨૫) આશ્ચર્યકારી શ્રીહરિની પીરસવાની ચતુરાઈ જોઈને સર્વ ભક્તો જાણે ચિત્રેલા હોયને શું ? એમ સ્થિર થઈ જઈ. (શ્રીહરિના દર્શનમાં) પરમ આનંદ પામતા હતા. (૨૬)

આ પ્રકારે શ્રીહરિ સમગ્ર સાધુઓને પીરસીને અત્યંત તૃપ્તિ પમાડીને પછી ઘોડે સવારો તથા પાર્ષદોને પણ પીરસીને તૃપ્તિ પમાડતા હતા. (૨૭) પછી હે રાજન્ ! મુકુંદાનંદ બ્રહ્મચારી સ્વચ્છ ઉષ્ણ જળથી શ્રીહરિના બંને હાથ તથા સર્વ તીર્થોના સ્થાન ભૂત બંને રમણીય ચરણો હર્ષથી ધોતા હતા. (૨૮) ભક્તોથી વીંટાયેલા શ્રીહરિ સુંદર પાદુકાઓ પોતાના બંને ચરણોમાં ધારણ કરીને, પાદુકાઓના ચટ-ચટ અવાજ કરતા પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા. (૨૯)

આ સમયે પુરના હજારો બ્રાહ્મણો લાડુમાં પુષ્કળ ઘી હોવાથી તે સુંદર લાડવાઓ ઈચ્છા પ્રમાણે જમતા હતા. (૩૦)

પછી શ્રીહરિ સ્નાન કરીને, દાળ તથા ભાત કરીને, રાયતાં તથા શાકમાં મીઠું નાખતા હતા. (૩૧) હે રાજન્ ! નર નાટ્ય ધારણ કરનારા ધર્મના પુત્ર શ્રીહરિ વિષ્ણુને નિવેદન કરીને રમ્ય પાટલા ઉપર બેસીને જમતા હતા. શીરો, સુંદર પુરીઓ, લાડુ, રોટલી, સાકર, એલાયચી, બદામ, ચારોલીએ સહિત દૂધપાક, તેવી રીતે બીજાં ભોજનો સાકર અને ઘી સહિત કેળાં; નાના પ્રકારના અથાણાં, પાપડ, રાયતાં, વગેરે જમતા હતા. (૩૨-૩૩-૩૪)

શ્રીહરિ ભોજન કરતાં કરતાં વચ્ચે વારંવાર જળ પીતા પીતા પોતાના રમણીય ઉદરમાં હાથ ફેરવતા હતા. (૩૫) ભક્તવત્સલ શ્રીહરિ આવી રીતે વિવિધ પ્રકારના ભોજનો જમીને અતિશય સુગંધેયુક્ત ભાત દાળની સાથે મિશ્રિત કરીને જમતા હતા. (૩૬)

પછી શ્રીહરિ સાકરની સાથે દહીં મેળવીને ભાત જમતા હતા. પછી ધોયેલી સાકર તથા દૂધની સાથે ભાત જમતા હતા. (૩૭) આ પ્રકારે જમીને તૃપ્તિ પામેલા શ્રીહરિ બંને હાથ તથા મુખ ધોઈને વર્ણીએ આપેલી પાનબીડી મુખ શુદ્ધિ માટે લેતા હતા. (૩૮)

પછી ધર્મના પુત્ર પ્રભુ શ્રીહરિ સુંદર વસ્ત્રો પહેરીને સભામાં પધાર્યા. અને ઊંચા શ્રેષ્ઠ સિંહાસનમાં બિરાજ્યા. (૩૯) દિવ્ય સભામાં વર્ણીઓ તથા મુનિઓ તથા પાર્ષદો ઘોડેસવારો તથા બીજા ગૃહસ્થ હરિભક્તો પણ યથાયોગ્ય બેઠા. (૪૦) તેટલામાં પુરના ભક્તજનો રામનવમીના ઉત્સવમાં આવેલા, શ્રીહરિના આશ્રિતોને યથાયોગ્ય પીરસીને સર્વેને સારી રીતે ભોજન કરાવતા હતા. (૪૧)

હે ભૂપતે ! સમગ્ર ભક્તો પવિત્ર સભામાં આવીને શ્રીહરિને પ્રમાણ કરીને સભામાં પ્રીતિપૂર્વક બેઠા. (૪૨) પોતાના દર્શનથી હર્ષ પામેલા ભક્તોને શ્રીહરિ તેમને પોત પોતાના દેશ પ્રત્યે જવા માટે આજ્ઞા આપતા હતા. તેથી તે ભક્તો વ્યગ્ર જણાતા હતા. (૪૩)

પછી તે સર્વે ભક્તો સુંદર ચંદન પુષ્પના હાર તથા બીજા વિવિધ ઉપચારો વડે શ્રીહરિનું સંપૂજન કરીને, આંખમાં અશ્રુ સાથે હર્ષપૂર્વક ઈષ્ટદેવ શ્રીહરિને નમસ્કાર કરીને, તેમને જ અત્યંત સંભારતા પોત પોતાના દેશ પ્રત્યે જતા હતા. (૪૪) પછી શ્રીહરિ સુદંરજી વગેરે ભક્તોની રજા લઈને પોતાના સહવાસી વર્ણી, સંતો વગેરેની સાથે જવા માટે તૈયાર થયા, તેટલામાં રાજાના કારભારી પોતાના હિંસામય યજ્ઞમાં શ્રીહરિને બોલાવવા આવ્યા. (૪૫) (अनाहूतोऽध्वरं गच्छेत् વગર બોલાવે પણ યજ્ઞમાં તો અવશ્ય જવું જોઈએ. તો પછી જો આમંત્રણ આવે તો જવું જ જોઈએ.)

પછી શ્રીહરિ તો પોતાના આશ્રિત વર્ણીઓ તથા સાધુઓની સાથે રાજાના અમાત્યના યજ્ઞમાં જઈને વેદ શાસ્ત્રમાં કહેલા ઘણા પ્રમાણોથી હિંસા યુક્ત યજ્ઞનું ખંડન કર્યું, અને અહિંસા મય યજ્ઞનું સ્થાપન કરી, ત્યાં રહેલા પંડિતોને જીતીને હે રાજન્ ! ભુજનગરથી ચાલી નીકળ્યા. (૪૬)

આ પ્રકારે માનસિંહ રાજા, શુકાનંદમુનિની અમૃત તુલ્ય અર્થગૌરવવાળી મહા આશ્ચર્ય કરનારી વાણી સાંભળીને અતિ પ્રસન્ન થયા. પછી શુકાનંદમુનિ આ પ્રમાણે પૂછવા લાગ્યા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિએ સંતોની સેવા કરી એ લીલા નિરૂપણ નામે છેંતાળીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૬)



અધ્યાય ૪૭ મો

માનસિંહ રાજા પૂછે છે : હે બ્રહ્મન્ ! તે રાજાનો અમાત્ય કોણ હતો અને કેવો હતો ? કે જે નિંદનીય હિંસામય યજ્ઞનો આરંભ કરતો હતો. (૧) સ્વયં શ્રીહરિએ યજ્ઞસ્થળમાં દુર્જય પંડિતોને જીતીને હિંસ્રયજ્ઞનો નિષેધ કરીને અહિંસામય યજ્ઞની રીત કેવી રીતે સ્થાપન કરી ? (૨) હે મહામુને! એ પ્રશ્નોના ઉત્તર રૂપ શ્રીહરિનું પરમ પવિત્ર પરાક્રમ હું તમારી પાસેથી સાંભળવા ઈચ્છું છું તેથી તમો દયાથી મને સર્વ વાત તત્ત્વ વિસ્તારથી કહો. (૩) આ પ્રકારે જાણવા ઈચ્છતા તે રાજાને, ધીર મુનિવર શુકાનંદ કહેવા લાગ્યા. (૪)

હે રાજન્ ! તાપનો નાશ કરનારી, મધુર, લોકોને પવિત્ર કરનારી, શ્રીહરિની કથા નિત્ય નવીન જાણીને તમો સાંભળો છો તેથી તમોને ધન્ય છે. (૫) સંસારરૂપી દુસ્તર સમુદ્રમાં નૌકા સમાન શ્રીહરિની શુભ કથા વારંવાર સાંભળવા છતાં પણ રસજ્ઞ પુરુષને તૃપ્તિ થતી નથી. (૬) શ્રીહરિની લીલારૂપી રસ જેમાં છે એવી સત્કથા જે આ લોકમાં સાંભળે છે તેના બંને કર્ણો સફળ જ છે. (**किरति** - ભગવાનની કથા સાંભળવાથી શરીરમાં સુખ થાય છે. તેનું નામ કર્ણ છે. તેથી અર્થ પ્રમાણે ઈન્દ્રિય કાર્ય કરે તો જ તે ઈન્દ્રિયની સાર્થકતા છે.) (૭)

જે જનો પોતાના પાપથી શ્રીહરિની કથાથી વિમુખ છે અને વિષયાકુળ મનવાળા છે તેઓનો જન્મ નિરર્થક છે. (૮) તેથી સંસૃતિનો નાશ કરનારા શ્રીહરિના ચરિત્ર શ્રવણમાં પોતાનું શ્રેય ઈચ્છતા ભક્તે કદી વિરામ ન પામવો. (૯) હે રાજન્ ! જેવી રીતે શ્રીહરિએ હિંસા વર્જિત યજ્ઞોનું સ્થાપન કર્યુ તથા હિંસ્ર યજ્ઞોનું ખંડનું કર્યુ તે હે રાજન્ ! તમોને હું કહું છું. તે સાંભળો. (૧૦)

હે રાજન્ ! ભુજનગરમાં કુબેરજીત, જગજીવન અને રામચંદ્ર એ ત્રણેય બ્રાહ્મણો રાજાના પ્રસિદ્ધ અમાત્યો હતા. (૧૧) એ ત્રણ સગા ભાઈઓ હતા. શાક્ત પંથમાં મુખ્ય હતા. મહાગર્વવાળા, ઘણા દ્રવ્યવાળા અને હિંસામય યજ્ઞમાં પ્રીતિવાળા હતા. (૧૨) એ ત્રણમાં મોટા કુબેરજીતે રાજાઓને પણ દુષ્પ્રાપ્ય એવી યજ્ઞની સામગ્રીઓ સંપાદન કરીને સોમયાગ તથા સૌત્રમણી યાગનો આરંભ કર્યો. (૧૩)

તે યાગમાં કુબેરજીએ બોલાવેલા શાસ્ત્ર જાણનારા યજ્ઞમાં પ્રવીણ, બહુશ્રુત ઘણાં બ્રાહ્મણો દેશાંતરથી આવ્યા. (૧૪) કુબેરજીતે, હરિનામના શ્રી સ્વામિનારાયણને મહા પ્રતાપવાળા તથા વેદ શાસ્ત્રને જાનારા

જાણીને, યજ્ઞ મંડપમાં બોલાવ્યા. (૧૫) બોલાવ્યા વિના પણ યજ્ઞમાં જવું તો બોલાવ્યા હોય તો જાય તેમાં શું કહેવું ? આ સ્મૃતિ વચન છે. માટે શ્રીહરિ સમગ્ર શિષ્યો સહિત યજ્ઞમાં પધાર્યા. (૧૬)

યજમાન કુબેરજીત શ્રીહરિને માન આપીને ઉત્તમ આસનમાં બેસાડીને તથા નમસ્કાર કરીને શ્રીહરિની આગળ બેઠા. (૧૭) તે દેશના તેમ જ નાના પ્રકારના દેશોથી આવેલા વિદ્વાનો શ્રીહરિને નમસ્કાર કરીને અગ્નિસમાન કાંતિવાળા શ્રીહરિની આગળ બેઠા. (૧૮) તે સભામાં સર્વે યથાયોગ્ય બેઠા. પછી કુબેરજીત શ્રીહરિને નમસ્કાર કરીને હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૯)

હે પ્રભો ! તમો વેદશાસ્ત્રમાં પારંગત છો. નૈષ્ઠિક વ્રતવાળા છો. માટે હે હરે ! યજ્ઞની સમાપ્તિ પર્યંત આ પુરમાં કૃપા કરીને રહો. (૨૦) આપની તથા આપના શિષ્યોની તમામની હું સેવા અન્ન વગેરેથી નિરંતર કરીશ. જેથી તમારા જેવા મહાપુરુષ આવા યજ્ઞમાં દુર્લભ છે. (૨૧) સત્કુલમાં ઉત્પન્ન થયેલા પાત્રભૂત આ પંડિત બ્રાહ્મણો કાશી વગેરે વિવિધ દેશોથી અહીં આવેલા છે. (૨૨) માટે તમો પણ અહીં સ્વચ્છતાથી રહો. અમારી સર્વની આ પ્રમાણે ઇચ્છા છે. (૨૩) કુબેરજીતનું આવું વચન સાંભળીને દયાનિધિ શ્રીહરિ વધના ત્રાસથી આક્રોશ કરતા બાંધેલા બકરાઓને જોઈને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૪)

હે વિપ્ર ! તમો તથા તમારા ભાઈઓ તેમજ અહીં બેઠેલા બ્રાહ્મણો સાંભળો. ધર્મમાં વર્તનારા સર્વે તમારું હિત થાય તે કહું છું. (૨૫) જે બુદ્ધિમાન હોય તે સભામાં જાય નહિ. જો જાય તો સત્ય વચન કહે. જો સત્ય વચન ન કહે અથવા સત્યાચરણી અન્યાય કરે તો તે પાપનો ભાગી થાય છે. ''न सभां प्रविशेत् प्राज्ञः सभ्यदोषाननुस्मरन् । अब्रुवन् विब्रुवन्नज्ञो नरः किल्बिषमश्नुते'' (૨૬) તેથી વેદ, શાસ્ત્રો તથા મહાન પુરુષોના મત પ્રમાણે પ્રાણિઓનું શ્રેય કરનારું સત્ય વચન હું કહું છું. તમે સર્વે તે આદરપૂર્વક સાંભળો, (૨૭)

હે કુબેરજીત ! સાત્વિક મનુષ્યો બ્રાહ્મણોને તો વિશેષપણાથી પશુ હિંસાએ રહિતજ યજ્ઞ કરવો યોગ્ય છે. (૨૮) હિંસાયુક્ત યજ્ઞમાં યજ્ઞનું શેષ આમિષાશન (માંસભોજન) થાય જ, માટે ધર્મનું આચરણ કરનારા બ્રાહ્મણોને હે બ્રહ્મન્ ! હિંસામય યજ્ઞ કરવો તે યોગ્ય નથી. (૨૯) હે કુબેરજીત ! આક્રોશ કરતા પશુની હિંસા થતી દયાળુ બ્રાહ્મણો કેમ જોઈ શકે ? (૨૯)

હે રાજન્ ! શ્રીહરિ આ પ્રકારે કહીને આ અર્થના પ્રમાણ માટે ભવિષ્ય પુરાણના ઘણા વાક્યો ''क्षान्तिर्दान्तिर्दया सत्यं दानं शीलं तपः श्रुतम् । एतदष्टाङ्गमुद्दिष्टं परमं पात्रलक्षणम्'' ॥ અગ્નિ પુરાણમાં કહ્યું છે કે ''न जातिर्न कुलं राजन्न स्वाध्यायः श्रुतं न च । कारणानि द्विजत्वस्य वृत्तमेव तु कारणम्'' इति ॥ (૩૪) યમસ્મૃતિ તથા યાજ્ઞવલ્ક્ય તથા વશિષ્ઠની સ્મૃતિ તથા શાતાતપની સ્મૃતિમાં કહેલાં હજારો હજાર પ્રમાણ વચનો શ્રીહરિ કહેવા લાગ્યા. યમસ્મૃતિમાં ''अहिंसा निरतो नित्यं जुह्वानो जातवेदसम । सादार निरतो दाता सर्वे ब्राह्मण उच्चते ॥ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં ''न विद्यया केवलेन तपसा वापी पात्रता, यत्र वृत्तिमियेचोभे तद्धि पात्रं प्रकीर्त्तितम् વશિષ્ઠ મુનિ यागस्तोपा दया दानं

सत्यं शौचं श्रुतं घृणा । विद्याविज्ञानमास्तिक्यमास्तिक्यमेतद्ब्रह्मणं लक्षणम् ॥'' શાતતપમુનિ પણ ઉપરના જ શ્લોકનો ભાવાર્થ કહે છે. (૩૫)

અખિલેશ્વર સર્વજ્ઞ દયાસિંધુ શ્રીહરિ આ પ્રમાણે ઘણાં જ પ્રમાણો કહીને ફરીથી તેમના પ્રત્યે કહેવા લાગ્યા. (૩૬) હે કુબેરજીત ! તમોએ આ યજ્ઞ પશુહિંસા એ રહિત કરવો. નિશ્ચે તેનાથી તમારું અત્યંત શ્રેય થશે જ. (૩૭) હે મહામતે ! જ્યાં આવા પ્રકારના સુપાત્ર બ્રાહ્મણો છે ત્યાં મનથી પણ હિંસા કેમ થાય ? (૩૮) હે કુબેરજીત ! આક્રોશ કરતાં ઘણાં પશુઓને જોતાં મારું મન કરુણાથી અત્યંત ખિન્ન થાય છે. (૩૯)

ડાંગર વગેરે મુખ્ય અન્ય વડે તથા દહીં, દૂધ, આદિક રસ વડે આ યજ્ઞ કરવો જોઈએ. તેનાથી દેવતાઓ અત્યંત તૃપ્તિ પામશે. (૪૦) નાના પ્રકારના અન્ન તથા રસ હોવા છતાં પણ આ હિંસાયુક્ત યાગ તમો કરો છો તે સત્શાસ્ત્રથી નિંદિત છે. (૪૧) આ સમગ્ર પશુઓને છોડી મૂકીને તમો દૂધ, દહીં વગેરેથી જ્યારે યજ્ઞ કરશો ત્યારે અમો અહીં જરૂર નિવાસ કરીશું. (૪૨)

શ્રીહરિનું આવું વચન સાંભળીને બ્રાહ્મણ કુબેરજીતને સંશય થયો. કેટલાક સાત્વિક બ્રાહ્મણોને શ્રીહરિના વચન સત્ય લાગ્યા. (૪૩) તે સમયે રાજસ તામસ પ્રકૃતિવાળા કાશી તથા અન્ય ક્ષેત્રોના બ્રાહ્મણોની ઉશ્કેરણીથી માની જગજીવન ક્રોધાયમાન થયો અને શ્રીહરિને આવી રીતે કહેવા લાગ્યો. (૪૪)

હે હરે ! યજ્ઞમાં હિંસાનો નિષેધ હોય તો વિદ્વાનો તેનું પ્રતિપાદન કેમ કરે ? (૪૫) આ પૃથ્વીમાં એક તમો જ વર્તો છો કે શું ? આ હજારો બ્રાહ્મણો શું નથી જાણતા ? (૪૬)

દુઃખથી પણ ન જાણી શકાય તેવું વેદનું તાત્પર્ય નહિં જાણવા ક્રૂર હિંસામાં રુચિવાળા જગજીવનનું આ પ્રકારનું વચન સાંભળીને, શ્રીહરિ જગજીવનને આ પ્રકારે ફરીથી કહેવા લાગ્યા. (૪૭)

હે જગજીવન ! આ સ્થળમાં જે પંડિતો હિંસાનું પ્રતિપાદન કરે છે તે બ્રાહ્મણો યથાર્થ વેદનું તાત્પર્ય જાણતા નથી. (૪૮) હે દ્વિજ ! વેદોનું તાત્પર્ય હિંસામાં નથી જ. પરંતુ રાગપ્રાપ્ત હિંસાનો સંકોચ કે ત્યાગ એ વેદોનું તાત્પર્ય છે. (૪૯) રજ, તમ, પ્રધાન જીવોની હિંસામાં સ્વાભાવિક પ્રવૃત્તિ હોય છે. (યથાર્થ યાગથી પ્રાપ્ત છે) પણ એમાં વિધિ નથી. (૫૦)

વેદ તો કર્મને પરોક્ષ જ કહી રહ્યા છે અને મુક્તિ માટેના જ કર્મની પ્રશંસા કરે છે. તેથી વેદનું તાત્પર્ય વિદ્વાનોને પણ દુર્બોધ જ છે. (૫૧) તે દુર્જ્ઞેય વેદનું તાત્પર્ય તત્ત્વથી તો સાક્ષાત્ પરમાત્મા જાણે છે અથવા સાક્ષાત્ તેના યોગને પામેલા તેના આશ્રિત એકાંતિક જન જાણે છે. (૫૨) પુત્રના હિતનું પિતા જેમ રક્ષણ કરે છે તેમ સમગ્ર જીવોનું હિત થાય તેવું કહેતા દયાનિધિ વેદ અનર્થને આપનારી હિંસાનું કેમ પ્રતિપાદન કરે ? (૫૩)

તેથી હે બ્રાહ્મણ ! તમો સર્વ જીવો માટે સર્વ પ્રકારના સુખનો ઉપાય કહેનારા વેદને ક્યારેય હિંસાપરાયણ ન કહો. (૫૪) જો એમ નહી જાણો તો રાજા ઉપરિચર વસુ કે જે ઈન્દ્રના મિત્ર હતા તેની જેમ મોટો અનર્થ થશે. (૫૫) આ પ્રકારે કહીને તે અર્થમાં શ્રીહરિ હજારો હજાર શ્રુતિ-સ્મૃતિનાં

પ્રમાણો સભાજનોને વિસ્મય પમાડતા કહેવા લાગ્યા. (૫૬)

તે સમયે જગજીવન વગેરે ત્રણે ભાઈઓ તથા પંડિતોના તર્કોની પરંપરાઓ શ્રીહરિનાં તેજમાં, સૂર્યના મહા તેજમાં જેમ પતંગિયાની કાંતિ લીન થઈ જાય તેમ, લીન થઈ ગઈ. (૫૭)

હે રાજન્ ! આ પ્રકારે અનુપમ પ્રતાપવાળા શ્રીહરિ સમગ્ર પંડિતોને વિશેષપણાથી જીતીને હિંસામય યજ્ઞનો નિષેધ કરીને અહિંસામય યજ્ઞનું સ્થાપન કરતા હતા. (૫૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં હિંસામય યજ્ઞનું શ્રીહરિએ ખંડન કર્યું, તે નિરૂપણનો સુડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૭)



અધ્યાય ૪૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે મહીપતે ! આ પ્રમાણે યથાશાસ્ત્ર કહ્યું તો પણ અસન્મતિવાળા જગજીવને પોતાના અસત્ મતનો ત્યાગ કર્યો નહીં. (૧) તે જગજીવની માન, મદોદ્ધતા જાણીને શ્રીહરિ પોતાના નિવાસ સ્થાનમાં જવા માટે સભામાંથી ઊઠીને પોતાના શિષ્યો સહિત નીકળે છે. (૨) તેટલામાં શ્રીહરિને બેસવા માટે ઘણી શોભાવાળો રથ જગજીવનની સ્ત્રીએ આદરપૂર્વક તત્કાળ મોકલ્યો. (૩)

સર્વજ્ઞ શ્રીહરિ તેનો ભાવ જાણીને પોતાનું વાહન હોવા છતાં પણ તેમના રથમાં જ બિરાજ્યા. (૪) તેટલામાં ગંગારામ ભક્તે શ્રીહરિને પ્રાર્થના કરી તેથી દયાનિધિ શ્રીહરિ પોતાના શિષ્યોથી વીંટાયેલા તે રથમાં બેસીને ગંગારામ ભક્તના ભુવન પ્રત્યે પધાર્યા. (૫)

પછી ગંગારામ ભક્તે શ્રીહરિને પોતાના વિસ્તારવાળા ભુવનના બીજા માળના મેડા ઉપર દૂધના ફીણ જેવા કોમળ ગાદલાથી બિછાવેલા ઢોલીયા ઉપર પોતાના અભીષ્ટ શ્રીહરિને બેસાડ્યા; સમગ્ર વર્ણીઓ, સાધુઓ, ઘોડેસવારો તથા પાર્ષદોને ગાદી ઉપર બેસાડ્યા (૭) પછી ગંગારામ ભક્તે અતિ આનંદપૂર્વક જળથી શ્રીહરિના બંને ચરણો ધોઈને તીર્થોને પણ તીર્થ રૂપ કરનારા તે પાદોદકનું પાન કરીને પ્રીતિપૂર્વક મસ્તક ઉપર ધારણ કર્યું. (૮)

ગંગારામ ભક્તે તે અતિ પવિત્ર જળ પોતાના પરિવારને આપ્યું. પછી શ્રીહરિના લલાટમાં સુગંધીમાન ચંદનથી અર્ચન કર્યું. તેના મધ્ય ભાગમાં ગોળ સુંદર કુંકુમનો ચાંદલો કર્યો. શ્રીહરિના સર્વે અંગોમાં લેપ કર્યો. (૯-૧૦) ગંગારામ ભક્તે પોતાની છાતીમાં ચંદનથી લેપાયમાન શ્રીહરિના બંને ચરણકમળો ધારણ કર્યાં. પછી શ્રીહરિના મોળીયામાં સુંદર પુષ્પોના તોરાઓ ધારણ કરાવ્યા. (૧૧)

વળી શ્રીહરિના કંઠ તથા અન્ય અંગોમાં પુષ્પમય હાર, બાજુબંધ, કડાં વગેરે પુષ્પોના આભૂષણો, કર્ણોના ગુચ્છો વગેરે ધારણ કરાવ્યાં. (૧૨) મહા બુદ્ધિશાળી ગંગારામ ભક્ત શ્રીહરિને મહા અમૂલ્ય ભૂષણો તથા વસ્ત્રો, ધણી રૂપ્ય મુદ્રાઓ વગેરે અર્પણ કરતા હતા. (૧૩) ધૂપ, દીપ, નૈવેદ્ય તેમજ નાના

પ્રકારના ઉપચારોથી ગંગારામ ભક્તે પ્રભુનું પૂજન વિધિ પ્રમાણે કર્યું. (૧૪)

પછી તેમણે સુવર્ણ પાત્રમાં કર્પૂર મૂકીને પોતાના પરિવાર સાથે શ્રીહરિની આરતી કરી. (૧૫) ત્યાર બાદ શ્રીહરિને નમસ્કાર કરીને તથા સ્તુતિ કરીને હરિના સમગ્ર વર્ણી, સાધુ, પાર્ષદો વગેરેની ચંદનાદિ વડે ગંગારામ ભક્તે પૂજા કરી. (૧૬)

હે રાજન્ ! શ્રીહરિ આ પ્રકારે પોતાના ભક્ત ગંગારામને સુખ આપીને રથમાં બેસીને પોતાના ભક્તોથી વીંટાયેલા પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા. (૧૭) પછી શ્રીહરિ સભા મધ્યે પોતાના રમણીય આસનમાં બિરાજ્યા. તે સભામાં ત્યાગિઓ તથા ગૃહસ્થો યથાયોગ્ય બેઠા. (૧૮)

હે રાજન્ ! સર્વે સ્ત્રીઓ પુરુષોથી દૂર રહીને અત્યંત ભાવથી શ્રીહરિનાં દર્શન કરવા લાગી. (૧૯) સભામાં શ્રીહરિના પ્રેમથી દર્શન કરતા જગજીવનની સ્ત્રી હાથ જોડીને નમસ્કાર કરતી શ્રીહરિને દૂરથી આ પ્રમાણે કહેવા લાગી. (૨૦)

હે સ્વામિન્ ! અત્યંત ઉગ્ર સ્વભાવના મારા પાપી પતિએ તમો પરમાત્માનું શ્રેય કરનારું વચન માન્યું નહિ. (૨૧) તેથી દુર્મતિ, વિષયાસક્ત ચિત્તવાળા હંમેશા તમારી અવજ્ઞા કરનાર મારા પતિને આ વિનાશનો અવસર પ્રાપ્ત થયો છે. (૨૨) હે ભગવન્ ! પાપ કર્મમાં અનુરાગવાળા તથા તમારો દ્રોહ કરનાર આ મારા પતિનું કુળ તત્કાળ ક્ષય પામશે. (૨૩)

હે શ્રીહરે ! જ્યારે મોટા પુરુષોના દ્રોહથી સર્વ શ્રેય નાશ પામે છે તો સાક્ષાત્ તમારો દ્રોહ કરનારને સુખ ક્યાંથી હોય ? "आयुः श्रियं यशो धर्मं लोकानाशिष एव च । हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ॥" (૨૪)

હે કરુણાનિધે ! મારા પતિના ત્રાસથી હું તમારે શરણે આવી છું. દાવાગ્નિથી, કલ્પાંત કરતી ટીંટોડીની જેમ તમે રક્ષા કરી તેમ મારું રક્ષણ કરો. (૨૫)

તેનું આવું વચન સાંભળીને શ્રીહરિ જગજીવવની સ્ત્રીને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે પતિવ્રતે ! ત્રાસથી ઉત્પન્ન થયેલા ભયનો ત્યાગ કર. હું તારું રક્ષણ કરીશ. (૨૬) તારા આ ક્લેશનો નાશ તત્કાળ થશે, માટે ચિંતાનો ત્યાગ કરીને હંમેશા મારું ભજન કર. (૨૭)

શ્રીહરિએ આ પ્રમાણે શાંતિ પમાડેલી જગજીવનની સાધ્વી સ્ત્રી, અતિ પ્રસન્ન થઈ. પછી તેણે શ્રીહરિની સુંદર વસ્ત્રો તથા આભૂષણોથી મહાપૂજા કરી. (૨૮)

ત્યારબાદ ભગવાન શ્રીહરિ સંધ્યા સમયે ભક્ત જનોના સમુદાયો સાથે તાલી વગાડતા પ્રભુનું નામ સંકીર્તન કરવા લાગ્યા. (૨૯) શ્રીહરિ પોતાના સિંહાસનમાં બિરાજમાન થયા અને ધર્મોપદેશની વાતો કરી, પછી પોતાના ભક્તોને પોત પોતાના સ્થાનમાં જવા માટે આજ્ઞા આપી. (૩૦) હે રાજન્! પછી સર્વે ત્યાગિઓ તથા ગૃહસ્થો શ્રીહરિને નમસ્કાર કરીને, પોતપોતાના સ્થાનમાં ગયા. શ્રીહરિ પણ પોતાના ઉતારામાં પધાર્યા. (૩૧) નરનાટ્યધારી શ્રીહરિ સંધ્યા વિધિ કરીને વિવિધ પ્રકારના ભોજનો

વિષ્ણુને નિવેદન કરીને પોતે જમ્યા. (૩૨) ત્યારબાદ રમણીય મુખવાસ લઈને વસ્ત્રો પહેરીને પોતાની કોમળ શય્યામાં શ્રીહરિ પોઢી ગયા. (૩૩)

હે રાજન્ ! ઘણા પુણ્યવાળા, નિષ્પાપ, સેવામાં વિચક્ષણ પાર્ષદ રત્નજીત વગેરે સેવક આદરપૂર્વક શ્રીહરિની તે સમયે સેવા કરતા હતા. (૩૪) હે નૃપતે ! પોતાની સેવામાં પ્રીતિવાળા પાર્ષદોએ સેવેલા પૂર્ણકામ ધર્માત્મજ શ્રીહરિએ સેવા માટે રાહ જોતી યોગનિદ્રાને અંગીકાર કરી. (૩૫) ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં, ગંગારામ મલ્લે શ્રીહરિનું પૂજન કર્યું તે નિરૂપણ નામે અડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૮)



અધ્યાય ૪૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ ભુજનગરથી પ્રયાણ કરવાની ઈચ્છાથી સવારમાં તૈયાર થયા. સંતો, વર્ણિઓ, ઘોડેસવારો, પાર્ષદો વગેરે પણ તૈયાર થયા. (૧) તેટલામાં સુંદરજીતે પુરાધિપતિને અમારા ગુરુ હવે જવા માટે તૈયાર થાય છે તેવું હે રાજન્ ! સૂચન કર્યું. (૨) હે ભૂપતે ! તમોને એ કહેવા માટે હું અહીં આવ્યો છું. સુંદરજીતનું આવું વચન સાંભળીને, નરેશ્વર સુંદરજીતને આ પ્રમાણે કહેલા લાગ્યા. (૩)

હે સન્મતે સુંદરજીત ! મારે આ શ્રીહરિની પૂજા કરવી છે. માટે તમો તત્કાળ શ્રીહરિને મળીને રોકો. હું ત્યાં આવું છું. (૪)

પછી સુંદરજીત શ્રીહરિને મળીને હે શ્રીહરે ! તમારાં દર્શન કરવાની ઈચ્છાથી પુરાધિપતિ અહીં આવે છે. તેથી આપ થોડો સમય રોકાવ એમ કહ્યું. (૫) તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિ સભામાં પોતાના સિંહાસનમાં બિરાજ્યા. ગૃહસ્થ ભક્તો તથા ત્યાગિઓ પણ શ્રીહરિની સમીપમાં બેઠા. (૬)

તેટલામાં પોતાની સેનાથી વીંટાયેલા રાજા ત્યાં આવ્યા. શ્રીહરિને તેમણે નમસ્કાર કર્યા. શ્રીહરિએ પણ તેમનું સન્માન કર્યું અને રાજાને સભામાં બેસાર્યા. (૭) શ્રીહરિના પ્રભાવને જાણતા વિનયયુક્ત રાજા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. કાલે અમાત્ય કુબેરજીતે આપને યજ્ઞશાળામાં આવવા આમંત્રણ આપ્યું હતું અને આપ આપના આશ્રિતોની સાથે યજ્ઞશાળામાં જઈને શ્રુતિ સ્મૃતિના પ્રમાણો આપી, શાસ્ત્રીઓને જીતીને, હિંસા રહિત શુદ્ધ યજ્ઞ સ્થાપન કર્યો. (૮-૯) હે બ્રહ્મન્ ! તમારું આ સર્વોત્તમ પુરુષાતન પુરના જનો ગાય છે. એ સાંભળીને મને મોટો હર્ષ થયો છે. (૧૦)

યજ્ઞશાળાની સભામાં પંડિતોની સાથે થયેલો તમારો સંવાદ સાંભળવા હે પ્રભો ! મારે ત્યાં આવવા મહત ઈચ્છા હતી. (૧૧) પરંતુ રાજ્યકાર્યમાં વ્યગ્ર હતો તેથી હું, ત્યાં આવી શક્યો નહિં. રાજાનું આવું વચન સાંભળીને શ્રીહરિ તેમની પ્રશંસા કરતા હતા. (૧૨)

પછી રાજાએ મહા અમૂલ્ય વસ્ત્રો અલંકારો તથા પુષ્પના હારો વગેરે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. તેમજ તેમના આશ્રિત સાધુ વગેરેની પણ પૂજા કરી. (૧૩)

પછી સુંદરજીત વગેરે સર્વે પુરના ભક્તોએ સુગંધીમાન પુષ્પના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૧૪) તે પુરમાં શ્રીહરિ વધુ રહે તે માટે રાજાએ શ્રીહરિને સંપ્રાર્થના કરી. તેમજ પુરના ભક્ત જનોએ પણ પ્રાર્થના કરી તોપણ ઈશ્વર શ્રીહરિએ ભુજનગરથી જવા માટે ઇચ્છા કરી. (૧૫)

તેથી વિચક્ષણ રાજાએ શ્રીહરિનો અભિપ્રાય જાણીને ગજેન્દ્રાદિ યુક્ત સૈન્ય પૂર્વની માફક મંગાવ્યું. (૧૬) શ્રીહરિએ વર્ણીઓ તથા સાધુઓને વિવિધ પ્રકારના રથ, હાથી, વાહનોમાં તત્કાળ યથાયોગ્ય બેસાડ્યા. (૧૭) રાજાએ શ્રીહરિની પ્રાર્થના કરીને શ્રીહરિને સોનાની અંબાડી યુક્ત શણગારેલા ગજરાજ ઉપર બેસાડ્યા. (૧૮) ત્યારબાદ રાજા રત્ન દંડવાળું ચામર હાથમાં લઈને તે ગજરાજ ઉપર શ્રીહરિની પાછળ હર્ષપૂર્વક શ્રીહરિને ચામર વીંઝતા ઉભા રહ્યા. (૧૯) તે ચતુરંગીણી સેનાથી વીંટાયેલા શ્રીહરિ નાના પ્રકારના વાદ્યોના મહાધ્વનિ સાથે પુરમાંથી ચાલ્યા. (૨૦) સુંદરજી ભક્ત તથા બીજા ગંગારામ વગેરે શ્રીહરિના આશ્રિતો અશ્રુ ભરેલી આંખોથી સસંભ્રમ બની ઈશ્વર શ્રીહરિની પાછળ પાછળ ચાલતા હતા. (૨૧) શ્રીહરિ પૂરથકી બે ગાઉ દૂર જઈને હાથી ઉપરથી ઉતરીને પોતાના અશ્વ ઉપર બિરાજ્યા. (૨૨) તે સમયે શ્રીહરિએ રાજાને સુંદર વચનોથી પ્રસન્ન કરીને સૈન્યની સાથે રાજાને પાછા વાળ્યા. અને પોતાના ભક્તોને પાછા વાળીને આશ્રિતોની સાથે ચાલ્યા. (૨૩)

માર્ગમાં પોતાના જનોને આનંદ પમાડતા શ્રીહરિએ જળાશય પાસે આવીને પોતાના આશ્રિતોની સાથે તે જળાશયમાં સ્નાન કરીને પોતાનો નિત્ય વિધિ કર્યો. (૨૪) પછી શ્રીહરિ મુકુંદાનંદ વર્ણીએ આપેલા પેંડા વગેરે ખાદ્ય પદાર્થો વિષ્ણુને નિવેદન કરીને જમ્યા. (૨૫) ત્યારબાદ મિષ્ટ અમૃત સમાન જળ પીને વર્ણીએ આપેલો મુખવાસ ગ્રહણ કર્યો. (૨૬)

તેટલામાં વર્ણીઓ, સંતો, ઘોડેસવારો, પાર્ષદો તત્કાળ નિત્યવિધિ કરીને ત્યાં ટીમણ કરતા હતા. (૨૭) પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા અને સ્વાશ્રિતોની સાથે ચાલતા ભક્તોને સુખ આપવાની ઈચ્છાથી અંજારપુર પધાર્યા. (૨૮) અંજારપુરના નિવાસી ભક્તજનો પોતાના ગામમાં શ્રીહરિ પધારે છે તે સાંભળીને માંગલિક વાદ્યોના ધ્વનિ સાથે હર્ષથી શ્રીહરિ સન્મુખ ગયા. (૨૯) તે શ્રેષ્ઠ ભક્તજનોએ સદા સ્તુતિ કરેલા પોતાના ઈષ્ટ શ્રીહરિના દૂરથી દર્શન કરીને પ્રેમપૂર્વક પૃથ્વી ઉપર સાષ્ટાંગ પડીને શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૩૦) ત્યારબાદ શ્રીહરિને પુષ્પના હાર તથા તોરાઓ ધારણ કરાવીને આશ્રિતો સહિત શ્રીહરિને પોતાના પુરમાં પધરાવ્યા અને યોગ્ય નિવાસમાં વાસ કરાવ્યો. (૩૧)

તે પુરમાં છગનલાલ તથા કચરાદિ વિપ્રો અત્યંત આદરપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૩૨) તેમ જ ખીમજી, સંઘજી, વહાલાજી, વગેરે ભક્તો હર્ષથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા. જેષ્ઠા, રાઈબા વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતી હતી. (૩૩)

અંજારપુરમાં સભામાં અતિશ્રેષ્ઠ કોમળ ગાદલાં વગેરેથી યુક્ત સુંદર ઊંચા આસનમાં શ્રીહરિ

બિરાજ્યા. (૩૪) સર્વે ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિના દર્શનમાં આસક્ત ચિત્તવાળા સભામાં યથા યોગ્ય બેઠા. (૩૫) ગર્વિષ્ઠ એવા કરોડો કામદેવના ગર્વનો નાશ કરનાર સૌંદર્ય જેમનું છે એવા શ્રીહરિના દર્શન કરીને સમગ્ર ભક્તો સર્વોત્તમ આનંદ પામ્યા. (૩૬) ઘાટાં ધોળાં વસ્ત્રો ધારણ કરનારા, પ્રફુલ્લિત શ્યામ કમળના સમાન કાંતિવાળા, નાભી સુધી લાંબા શોભતા હાર વડે મનોહર; (૩૭)

હંસની પાંખ જેવી ધોળી પાઘમાં અતિ સુંદર વિવિધ પ્રકારના પુષ્પના તોરા જેની આસપાસ ભમરાઓ ગુંજન કરે છે તેનાથી અત્યંત શોભતા; (૩૮) મુખની શોભાથી કરોડ શરદ્ પૂર્ણિમાના ચંદ્રમાનો તિરસ્કાર કરનારા, દયારૂપી અમૃતના પ્રવાહથી આર્દ્ર શોભાયમાન બંને નેત્રો વડે જીત્યા છે કમળો જેમણે એવા; (૩૯) મંદ હાસ્યરૂપી અમૃતથી પોતાના ભક્તોના તાપને શમાવતા, સર્વ અવયવોમાં લાવણ્યનું સૌષ્ઠવ જેમને છે એવા, સૌકુમાર્યાદિ ગુણોના મહોદધિ શ્રીહરિના સૌંદર્યનું પાન કરતા હતા. (૪૦)

પછી પુરના સમગ્ર ભક્તો ચંદન, અક્ષત, કુમકુમ તથા વિવિધ પ્રકારના પુષ્પના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪૧) પછી સ્ત્રીઓએ પણ નાના પ્રકારના રમણીય ઉપચારોથી શ્રીહરિની હર્ષથી પૂજા કરી. (૪૨) હે રાજન્ ! નરનાટ્યધારી ધર્મ ધુરંધર સ્વયં શ્રીહરિ સ્નાન કરીને પોતાનો સર્વ નિત્યવિધિ કરતા હતા. (૪૩)

તેટલામાં મુકુંદાનંદ વર્ણીરાજ શ્રીહરિ માટે દૂધમાં વિવિધ પ્રકારના પાક તથા મીઠાએ રહિત વિવિધ પ્રકારના શાક કરતા હતા. (૪૪) હે રાજન્ ! જેમણે નિત્ય વિધિ કર્યો છે એવા શ્રીહરિ દાળ ભાત કરીને વર્ણીએ આપેલું મીઠું શાકમાં નાખતા હતા. (૪૫) પછી શ્રીહરિ વિષ્ણુને જુદા જુદા પ્રકારના ભોજનો નિવેદન કરીને સોનાના પાત્રમાં રહેલુ મિષ્ટ જળ વારંવાર પીતા પીતા ભોજન કરતા હતા. (૪૬)

ત્યારબાદ દયાસાગર શ્રીહરિ બંને હાથ તથા મુખ ધોઈને વર્ણીએ આપેલો સુંદર મુખવાસ લઈને જમતા હતા. (૪૭) ત્યારબાદ ભગવાન શ્રીહરિ ચળકતાં વસ્ત્રો પહેરીને સભામાં પધાર્યા અને રમણીય શ્રેષ્ઠ આસનમાં બિરાજ્યા. (૪૮) તેટલામાં વર્ણીઓ, સંતો પાર્ષદો આદિજનો, જમીને સભામાં આવ્યા. સમગ્ર જનો યથા યોગ્ય સભામાં બેઠા. (૪૯) પછી શ્રીહરિ વેદશાસ્ત્રાનુસારી ધર્મજ્ઞાનાદિ વિષયક વાર્તા કરીને પોતાના સર્વ જનોને સુખ આપતા હતા. (૫૦)

પછી પ્રભુ શ્રીહરિ તે ભક્ત જનોને પોત પોતાના ઘેર જવ માટે આજ્ઞા આપી. પછી પોતાના પાર્ષદોથી સેવાયેલા પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા અને કોમળ શય્યામાં પોઢી ગયા. (૫૧) પોતાના જનોએ સેવ્યા છે ચરણ કમળ જેમનાં એવા પોતાના સમગ્ર આશ્રિતોમાં વાત્સલ્યતાવાળા દયાળુ શ્રીહરિએ પોતાની શુભ સેવાની પ્રતિક્ષા કરી છે જેણે એવી યોગ નિદ્રાને અંગીકર કરી. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં ભુજંગપુરના રાજાએ શ્રીહરિનું અર્ચનાદિ કર્યું તે નિરૂપણ નામે ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ. (૪૯)



અધ્યાય ૫૦ મો

શ્રી માનસિંહ રાજા કહે છે :- હે બ્રહ્મન્ ! જગજીવન શ્રીહરિના ઉપદેશની અવજ્ઞા કરીને, તેમજ હિંસામય યજ્ઞાચરણનો નિષેધ કરતા પંડિતોની પણ અવજ્ઞા કરીને, દુરાગ્રહથી હિંસામય યજ્ઞ કરતો હતો. (૧) શ્રીહરિએ પહેલાં જગજીવનને કહ્યું હતું કે, હે જગજીવન ! તમો જો મારું વચન ઉલ્લંઘન કરીને હિંસા યુક્ત નીંદનીય યજ્ઞ કરશો તો તમારો વિનાશ થશે. એ પ્રકારે હે મુને ! દયાના નિધિ ! તમારી પાસેથી મેં સાંભળેલું છે. (૨,૩)

ભગવાનના વચન પ્રમાણે વર્તનારા પંડિતોના અપમાનથી તેમજ શ્રીહરિના વચનની અવજ્ઞાથી દુર્બુદ્ધિવાળા જગજીવન, જે પ્રાણીઓના પ્રાણનો નાશ કરવામાં તત્પર હતો, તેનો વિનાશ તો થવાનો જ હતો. તે હું જાણું છું. (૪) હે મુનિરાજ ! દુરાત્મન્ તે બ્રાહ્મણનો અનર્થ કેવી રીતે થયો ? હે વિદ્વન્! તે જાણવાની મને ઈચ્છા છે તો મને સર્વ યથાર્થપણે તમો કહો. (૫)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! શ્રીહરિ ભુજંગનગરથી નીકળ્યા તે સમયે અતિગર્વિષ્ઠ જગજીવન રાજાની પાસે ગયો. (૬) નરેન્દ્રે તેનું સન્માન કર્યું અને તે સભામાં હે મહામતે ! પરમ દિવસે તમારા મોટા ભાઈએ તથા તમો યજ્ઞશાળામાં સાક્ષાત શ્રીસ્વામિનારાયણને બોલાવ્યા હતા તેથી તેઓ ત્યાં તેમના આશ્રિતો સાથે આવ્યા હતા. (૮)

સ્વામિનારાયણે વેદશાસ્ત્રોના પ્રમાણો વડે સર્વ પંડિતોને જીતીને પોતાના પ્રતાપથી હિંસા રહિત યજ્ઞનું પ્રતિપાદન કર્યું હતું. આ પ્રમાણે સર્વે પુરવાસી વિદ્વાનો તથા દેશાંતરથી આવેલા બ્રાહ્મણો આવીને મને કહે છે. (૧૦) આ પ્રકારે જગજીવનને રાજાએ કહ્યું તેથી શ્રીહરિનો પ્રતાપ સાંભળીને ક્રોધાગ્નિથી તેનું શરીર બળવા લાગ્યું. પછી રાજાને તે આ પ્રમાણે કહેવા લાગ્યો. (૧૧)

હે રાજન્ ! જેમણે મંત્રોથી દેવતાની આરાધના કરી છે એવા સ્વામિનારાયણ શાસ્ત્રોમાં શું જાણે છે ? કાંઈ નથી જાણતા. વળી તે ઐન્દ્રજાલિક છે. એ સર્વે કાશી તથા અન્ય પુરીના વિદ્વાનો જાણે છે. (૧૨) એટલે રાજા જગજીવનને કહેવા લાગ્યા. તમારે જગત્પૂજ્ય મહાપરાક્રમી સ્વામિનારાયણની અવજ્ઞા ન કરવી. જો તેમની અવજ્ઞા કરશો તો તમારું અશુભ થશે. (૧૩)

રાજાનું આવું વચન સાંભળીને ક્રોધાયમાન થયેલો મહાપાપી અસદ્‌બુદ્ધિવાળો જગજીવન રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યો : હે ભૂપતે ! તમો તેમનો પક્ષ કેમ લો છો ? (૧૪) હે ભૂપતે ! હું સ્વામિનારાયણને તથા તમોને લગાર પણ ગણતો નથી. કારણ કે તમારા રાજ્યની સ્થિતિ મારે આધીન છે. (૧૫) મારું અપમાન કરનારા તમોને પણ રાજ્યાસનથી તત્કાળ હું ભ્રષ્ટ કરીશ. માટે તમારે હંમેશા મને અનુસરીને જ વર્તવું. (૧૬) રાજા જગજીવનનું આવું વચન સાંભળીને ક્રોધયુક્ત વચન કહેવા લાગ્યા : હે જગજીવન! મારા રાજ્યનો નાશ કરવામાં તું શક્તિમાન છે ? શું મારા કરતાં પણ તું મોટો છે ? (૧૭) જો તારે આવા પ્રકારનો ગર્વ હોય તો તારાથી જે થાય તે કરીલે. અધમ કારભારી ! તારા વિના મારું રાજ્ય જતું હોય તો હાલમાં

જ ભલે જાય. (૧૮) તેમનું આવું વાક્ય સાંભળીને જગજીવન મૃત્યુના સમીપમાં ગયેલો ક્રોધ પામીને સભામાંથી ઊઠીને પોતાને ઘેર ગયો. (૧૯) રાજાને યુદ્ધની તૈયારી કરતા જાણીને તે ગુપ્તપણે તત્કાળ પોતાના દેશની સમીપમાં વર્તતા રાજાની પાસે જઈને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૨૦)

હે રાજન્ ! ભુજના રાજાનું મોટું રાજ્ય મારે આધીન છે. તે રાજા મને પ્રતિકૂળ થયો છે. માટે જો તમે મને અનુકૂળ થાઓ તો નિશ્ચય તે રાજ્ય હું તમોને જ આપીશ. (૨૧)

તેથી તમો મને મદદ કરવા માટે જો તમારું મોટું સૈન્ય મોકલો તો તે સૈન્યથી ભુજનગરના રાજાને જીતીને તમોને ભુજનગરના રાજ્યાસનમાં તત્કાળ હું સ્થાપન કરીશ. (૨૨)

જગજીવને આ પ્રમાણે કહ્યું તેથી પ્રતિકૂળ છે દૈવ જેનું એવા તે રાજાએ, શ્રીહરિનો દ્વેષ કરનારા જગજીવનનું વાક્ય હિતકારી માન્યું. (૨૩) પછી રાજાએ પોતાના અમાત્યને તથા સેનાધિપતિને બોલાવીને યુદ્ધ માટે સમગ્ર સેના તૈયાર કરવા તત્કાળ આજ્ઞા આપી. (૨૪)

સેના તૈયાર થયા પછી મંત્રી, જગજીવનની સાથે હાથી ઉપર બેસીને જીતવાની ઈચ્છાથી ભુજનગર પ્રત્યે હાથી, રથ, ઘોડા, પાયદળ વગેરે સૈન્ય લઈને નીકળ્યો. (૨૫) જાણે મૃત્યુનો દૂત આવ્યો હોય ને શું ? આવી ભયંકર સેનાને જોઈને પ્રજા તો જાણે રાજ્યનો વિનાશ થશે એમ માની ત્રાસ પામી ગઈ. (૨૬) સેના ભુજનગરના સીમાડા પાસે પહોંચી. ત્યાં સંગ્રામના કારણભૂત (યુદ્ધનું આહ્વાહન આપતી.) ઊંચી ધ્વજા હર્ષથી આરોપણ કરી (વિજયનો સ્તંભ રોપયો.) (૨૭)

ભુજનગરના રાજાએ જગજીવનની કારવાઈથી બીજા રાજાનું સૈન્ય આવ્યું છે તે જાણીને; પોતાની, ચતુરંગીણી સેના લડવા માટે તત્કાળ તૈયારી કરી. (૨૮) ભુજપુરાધિપતિની અમર્યાદ સેનાએ, તે ભયંકર સેનાની સામે સમુદ્રની માફક ઘસારો કરી તે દેશના રાજાએ સ્થાપન કરેલા ધ્વજની સન્મુખ પોતાનો મહાધ્વજ સ્થાપન કર્યો. (૨૯) સેનાની આગળ રહેલા ઊંચી ધ્વજાઓ સહિત હાથીઓ જેમને છે. એવા બંને સૈન્યોનું મુખ, શસ્ત્રધારીઓ તથા ઘોડેસવારોથી વ્યાપ્ત, કાળના મુખની માફક ભયંકર હતું. (૩૦)

પછી સંગ્રામમાં વાદ્યોનો અતિ ભયંકર મોટો ઘોષ બંને સેનાઓનો એકી સાથે થયો. (૩૧) દેવતાઓ અને દૈત્યોનુ જેમ ઘોર યુદ્ધ થાય તેમ બંને પક્ષમાં રહેલા બળવાન સૈનિકોનું પ્રવર્તમાન થયું. (૩૨) બંને પક્ષોમાં કેટલાક દંડના મંત્રોથી અભિમંત્રિત દંડાસ્ત્રોને ધારણ કરતા, કેટલાક કાળચક્ર (રુદ્ર દેવતાક) ધારણ કરતા, તથા વિષ્ણુચક્ર (સુદર્શન ચક્રના મંત્રથી અભિમંત્રિત) આયુધને ધારણ કરતા, કેટલાક સમુદ્રચક્રને ધારણ કરતા, એ પ્રમાણે યુદ્ધ કરતા હતા. (૩૩)

કેટલાક મહીચક્ર (પૃથ્વીના મંત્રોથી અભિમંત્રિત) ને ધારણ કરતા, કેટલાક ધર્મચક્ર, (પ્રજાપતિ મંત્રથી અભિમંત્રીત) ને ધારણ કરતા, કેટલાક સંગ્રામમાં શત્રુઓ ન સહન કરી શકે તેવું ઈંદ્રાભિમંત્રિત ચક્રાયુદ્ધને ધારણ કરતા તથા બીજા ઋષિ ચક્ર આયુધને ધારણ કરતા (૩૪) હે રાજન્ ! કેટલાક બ્રહ્મના મંત્રોથી અભિમંત્રિત ચક્રયુદ્ધને ધારણ કરતા, કેટલાક મુસળ, કેટલાક કંકાલ નામનું આયુધ. કેટલાક ભયંકર નાશ કરનાર અશનિને ધારણ કરતા, પરસ્પર યુદ્ધ કરતા હતા. (૩૫)

કેટલાક બ્રહ્મ શીરાઅસ્ત્ર, બીજા રુદ્રાસ્ત્ર ધારણ કરતા, કેટલાક ત્રિશૂલ, કેટલાક બ્રહ્માસ્ત્ર, કેટલાક ઈંદ્રાસ્ત્ર, ઐષિકાસ્ત્ર વગેરે ધારણ કરતા પરસ્પર ઘોર યુદ્ધ કરતા હતા. (૩૬) કેટલાક અગ્નેયાસ્ત્રને ધારણ કરતા, કેટલાક કપાલાસ્ત્ર, કેટલાક શૈશિસસ્ત્ર બાણ ધારણ કરતા, કેટલાક વાયવ્યાસ્ત્ર, કેટલાંક જાંભણાસ્ત્ર, કેટલાક શક્તિ (સાંગ) નામના અસ્ત્રને ધારણ કરતા અતિ ઘોર યુદ્ધ કરતા હતા. (૩૭)

કેટલાક હયશિરાસ્ત્ર, કેટલાક ક્રૌંચાસ્ત્ર, કેટલાક પૈશાચાસ્ત્ર, કેટલાક સૌમ્યાસ્ત્ર, કેટલાક સત્યાસ્ત્રને (ઈશાનાખ્ય દેવતાના મંત્રોથી અભિમંત્રિત) ધારણ કરતા પરસ્પર યુદ્ધ કરતા હતા. (૩૮) કેટલાક કિંકરાસ્ત્રને ધારણ કરતા, કેટલાક મોહનાસ્ત્રને ધારણ કરતા, કેટલાક શોષણાસ્ત્રને, તથા કેટલાક સંતાપનાસ્ત્રને ધારણ કરતા, કેટલાક ભયંકર ભુજગાસ્ત્રને ધારણ કરતા પરસ્પર યુદ્ધ કરતા હતા. (૩૯) કેટલાક ત્વષ્ટ્રા તથા કેટલાક કાલમુદ્રાસ્ત્ર, કેટલાક સાંવર્તનાસ્ત્ર, કેટલાક ક્ષોભણાસ્ત્ર (આ બે અસ્ત્રો ઉગ્રરૂપ ધારી શંકરના છે) ધારણ કરતા હતા. (૪૦)

કેટલાક પ્રસ્વાપનાસ્ત્ર, કેટલાક ગાંધર્વાસ્ત્ર, કેટલાક દર્પણાસ્ત્ર તથા પ્રાપણાસ્ત્ર, (પ્રસ્વાપનાસ્ત્રાદિ ચાર અસ્ત્રોના દેવતા ગંધર્વ છે. માટે તે દેવતાઓથી અભિમંત્રિત) ને ધારણ કરતા પરસ્પર યુદ્ધ કરતા હતા. (૪૧) કેટલાક પ્રર્થનાસ્ત્ર તથા કેટલાક વારુણાસ્ત્ર, કેટલાક પાશુપતાસ્ત્ર, કેટલાક શૂળ, ગદા, પ્રાસ, મુશળ વગેરેને ધારણ કરતા. (૪૨)

વજ્રો, મુગ્દળો, કેટલાક બંને તરફ ધારવાળા ઋષ્ટિનામના આયુધો ધારણ કરતા હતા. કેટલાક પાશો તથા કેટલાક ભુશંડિકા નામના આયુધોને તથા કેટલાક શતઘ્ની તથા કેટલાક અસ્ત્રો, શરો તથા કેટલાક પટ્ટિશ (ગુપ્તી) નામના અસ્ત્રોને ધારણ કરતા, કેટલાક ઢાલ, તલવારો તથા ધનુષ્યધારીઓ વગેરે અનેક શસ્ત્રોને ધારણ કરતા યુદ્ધ કરતા હતા. (૪૩-૪૪)

બખ્તરો પહેરીને કેટલાક યોદ્ધાઆ બંધૂકો, જંજાળ્યું વડે બંને રાજાઓના સૈનિકો પરસ્પર જીતવાની ઈચ્છાથી એક બીજાને પ્રહાર કરતા હતા. (૪૫)

મ્યાનમાંથી બહાર કાઢેલા, કાળો અને લાલ છે વર્ણ જેમનો એવા (લોઢાનો રંગ કાળો અને સિંદૂરથી પૂજન કરેલું તેથી લાલ વર્ણ) તરવારોના સમૂહને વહન કરતા, દુઃસાધ્ય કાર્ય પાર પાડવાથી પોતાના સ્વામીએ પારિતોષકમાં આપેલાં સોનાના કડાંની કાંતિરૂપી જ્વાળાઓ શત્રુઓના તેજને ચાખનારા પ્રલય કાળમાં કોપાયેલાં અગ્નિના સમૂહ સમાન ચારેય તરફથી બ્રહ્માંડને જાણે બાળતા હોય ને શું ? એમ શોભતા પદાતિઓ યુદ્ધ કરતા પરસ્પર સન્મુખ જતા હતા. (૪૬)

પોતાની અશ્વારોહણની કુશળતા તથા પોતાના ઘોડાઓની નાના પ્રકારની ગતિઓ પોતાના શત્રુઓને બતાવતા, ભાલાઓ ફેરવતા, ઘોડાઓની લગામો ઊંચી કરીને ચપળ પાનીઓના આઘાતથી ઉશ્કેરાયેલા ઘોડાઓ જેમને છે એવા, ઘોડેસવારો વેગપૂર્વક શત્રુઓના સન્મુખ જતા હતા. (૪૭)

રથના પૈડાના ફરવાથી જ્યાં રેતીના કણો ઊડે છે, જ્યાં વાયુના વેગથી પતાકાઓ ફરકે છે, અશ્વોએ ખેંચેલી ઘંટડીઓના શબ્દથી ગાજતા રણાંગણમાં રથી તથા સારથીઓએ દોડાવેલા રથો પરસ્પર

વેગથી એક બીજાના સૈન્યો પ્રત્યે જતા હતા. (૪૮)

પર્વતોના શિખરોની ઉપમા આપવા યોગ્ય શોભાયમાન ઝુલો જેમને છે એવા, અને ત્રાસ પમાડ્યાં છે ઉંટો જેમણે એવા, મેઘની સમાન શ્યામ વર્ણવાળા, ધ્વજાઓ સહિત મહાવતોએ પ્રેરેલા હાથીઓ શત્રુ સૈન્ય સન્મુખ દોડતા હતા. (૪૯)

પરસ્પર યુદ્ધથી રુધિરરૂપી જળથી ચપળ તરંગોવાળી લોહીની નદીઓ ત્યાં વહેવા લાગી, જેમાં ભેરી મોટા કાચબાની ગતિથી જાણે પાછળ ચંચળ તરંગો ઊપડે છે એવી, છેદાયેલા અને સ્ફુરાયમાન હાથ રૂપ ભયંકર સર્પો જેમાં છે એવી, માછલાના આકારવાળા ધ્વજો રૂપી ચાલતા મત્સ્યો જેમને વિષે છે એવી, તે લોહીની નદી ચારેય તરફ વહેતી હતી. (૫૦)

હાથી ઉપર જે બેઠા હતા તે, સામે હાથી ઉપર બેઠેલાની સાથે, ઘોડે સવારો ઘોડે સવારોની સાથે, રથીઓ રથીઓની સાથે, શસ્ત્રધારણ કરનારા શસ્ત્રધારી પદાતિઓની સાથે, એમ, પરસ્પર યુદ્ધ કરતા હતા. (૫૧) તે યોદ્ધાઓ પરસ્પર, જેમ પર્વત ઉપર મેઘના જળની તીક્ષ્ણ ધારાઓ વરસે તેમ, તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસાવતા હતા, તથા પરસ્પર જીતવાની ઈચ્છાથી જ અનેક પ્રકારના આયુધો સામ સામા ફેંકતા હતા. (૫૨)

હર્ષપૂર્વક લડતા તે સંગ્રામમાં પોતાના શરીરમાંથી નીકળેલા પરસેવા રૂપી જલથી જેમના ગાત્રો ભીના થઈ ગયા છે એવા, કોપથી જેમના નેત્રો લાલ થઈ ગયા છે એવા, દાંતના ભીસાવાથી જેમના ઓષ્ટો ખંડિત થયા છે એવા, તે યોદ્ધાઓ વિવિધ પ્રકારના આયુધોથી એક બીજાને હણવા લાગ્યા. (૫૩)

ક્રોધથી લાલ અંગ જેમના થયા છે એવા, વૃદ્ધિ પામતી કાંતિથી શોભાયમાન છે મુખ જેમના એવા, તે યોદ્ધાઓના ખડખડાટ હાસ્યથી ચમકતા દાંતની કાંતિથી જેમના અંગો શ્વેત થયા છે એવા હોય ને શું ? એમ યુદ્ધમાં શોભતા હતા. (૫૪) મર્મસ્પર્શી કઠોર વચનોથી એક બીજાઓને આક્ષેપ કરતા, શસ્ત્રોથી હણાયેલા છે છતાં પણ અતિ ધૈર્યવાળા યોદ્ધાઓ, જેમ તીવ્ર વાયુથી પર્વતો ચલાયમાન નથી થતા તેમ, રણ થકી ચલાયમાન થતા નહોતા. (૫૫)

અત્યંત પ્રવાહમાં ઉછળતા લોહીના બિંદુઓના સમુદાયોથી મહા સંગ્રામમાં યોદ્ધાના ગણો જાણે અંતર્ગત ક્રોધરૂપી અગ્નિના ઉગ્ર તણખાઓ હોય ને શું ? એમ શોભતા હતા. (૫૬) શસ્ત્રોના આઘાતથી ઘામાંથી નીકળતા રુધિરથી લેપાયમાન છે અંગો જેમના એવા કેટલાક યોદ્ધાઓ, યુદ્ધમાં પ્રફુલ્લિત કિંશુક (ખાખરા) ના વૃક્ષથી માફક શોભતા હતા. અતિ ઊંચી ભ્રકુટિઓથી વિકરાળ દૃષ્ટિ જેમની છે એવા, રોમાંચિત ગાત્રવાળા, જાણે બીજા રુદ્ર ગણો હોય ને શું ? એમ શોભતા હતા. (૫૭)

હાથીઓના ઝુંડના શબ્દો તથા અશ્વોના હણહણાટને તેમ જ દુંદુભીઓનો ઘોષ સમગ્ર આકાશમાં વ્યાપી ગયો ને જેમ શરીરમાં આત્મ બુદ્ધિથી જીવ એક થઈ ગયો છે. જુદો થઈ શકતો નથી, તેમ તે શબ્દ પણ વ્યક્ત (જુદો) ન થયો. (૫૮) ક્રોધના અતિ વેગથી શત્રુ વર્ગ પ્રત્યે દૂરથી પ્રકર્ષપણે દોડતા શસ્ત્રધારીઓની લાંબી અને ચંચળ તલવારોની પંક્તિઓ, સ્ફુરાયમાન વાંકી થયેલી ધ્વજાઓની જેમ,

શોભતી હતી. (૫૯)

સરલ ગતિથી શોભાયમાન ઘોડાઓના સમુદાયો સુવર્ણમય ચામડાની દોરીઓથી બાંધેલા, સુવર્ણના પુષ્પો વડે મૂર્તિમાન ગર્વના અવશેષો જેમ શોભતા હતા. (૬૦) મેઘની માફક શ્યામ ત્વચા જેમને છે, પૃષ્ટ ભાગમાં મનોહર શ્રેષ્ઠ બંધનવાળા, અત્યંત શોભા ધારણ કરેલા દ્વીપેન્દ્રો અતિ ચપળ, કલ્પાંત કાળના વાયુથી જાણે પર્વત ઉપરથી પડેલા મોટા પથ્થરો હોય ને શું ? એમ ચાલતા હતા. (૬૧)

યુદ્ધમાં અંતરાય કરનારા ધૂળના ગોટે ગોટાઓને જાણે વાળીને દૂર કરતી હોય તેમ મૃત્યુએ કંપાવેલી ઊંચા સ્તંભો ઉપર ફરતી પતાકાઓ જાણે સાવરણીઓ હોય એમ અત્યંત શોભતી હતી. (૬૨) તે યુદ્ધમાં મોટાં નગારાં તથા ગળે બાંધેલી ઘુઘરમાળાઓ, પડખે બાંધેલા મોટા ઘંટો તથા હાથીઓને પ્રોત્સાહન આપવા માટે મહાવતોએ ઉચ્ચારણ કરેલી વાણીનો જાણે હાથીઓ સામે જવાબ આપતા હોય ને શું ? એમ શબ્દો થતા હતા. (૬૩)

યુદ્ધમાં અતિ પ્રવીણ યોદ્ધાઓ અશ્વાદિ ભેદોથી ચાર પ્રકારના ભેદને પામેલા, જેની ગતિ રોકી શકાય તેવી નથી તેવા નાના પ્રકારના આયુધો વડે યુદ્ધમાં પોતાનું કુશળપણું તથા શીઘ્રપણું બતાવતા પરસ્પર અત્યંત પ્રહાર કરતા હતા. (૬૪) વચ્ચે કોઈ પણ સ્થાનમાં પ્રવેશ કરીને પોતાના પક્ષને અનુરૂપ કાર્ય કરતા હતા. (૬૫)

તે યુદ્ધમાં અનેક, સૈનિકોનાં નેત્રોને આવરણ કરનાર રજરૂપી મહા અંધકારથી હણાયેલા જે શરીરધારીઓના લોહીનો પ્રવાહ, ઉગતા સૂર્યની લાલાશ જેવો દીસતો હતો. (૬૬) મહાવીર પુરુષોએ ફેંકેલા અતિ કઠોર શસ્ત્રો વડે છેદાયા છે. કુંભસ્થલો જેમના એવા હાથીઓ પડતા હતા. તેવી રીતે ખડગો વડે કાપી નાખ્યાં છે કંઠો જેમના એવા અશ્વો તથા છેદાઈ ગયા છે અવયવો જેમના એવા યોદ્ધાઓ તે યુદ્ધમાં પડતા હતા. (૬૭) ભુજનગરના રાજા ભટ્ટો, જેઓ યુદ્ધમાં અત્યંત ચતુર હતા, તેમણે બીજા દેશના રાજા તથા મંત્રી વગેરે સાથે તે તમામ સૈન્ય હણ્યું. તે સૈન્યના હણવાથી બાકી રહેલું શત્રુપક્ષનું સૈન્ય ભય પામીને તત્કાળ નાસી ગયું. (૬૮) પરંતુ ભુજપુરના શૂરવીર ભટ્ટોએ તે નાસતા સૈન્યની પાછળ પડી અતિ તીક્ષ્ણ શસ્ત્રો વડે શત્રુ પક્ષના રાજાનું તે બાકીનું સૈન્ય પણ હણી નાખ્યું. અતિ પાપી જગજીવન તથા તેના બંને ભાઈઓ કુબેરજીત તથા રામચંદ્ર તેમને પણ હણી નાખ્યા. (૬૯)

રણભૂમિમાં પડેલા હણાએલા, દાંતોથી કરડ્યા છે ઓષ્ટો જેમણે તથા ભયંકર છે મુખો જેમના એવા જગજીવન, કુબેરજીત તથા રામચંદ્ર એ ત્રણેના મૃત દેહનું શ્યેન, ગ્રધલા, કુરર નામના માંસ ખાનાર પક્ષીઓ, કાગડા, કૂતરાઓ વગેરે ભોજન કરતા હતા. (૭૦)

શ્રીહરિના પરમાર્થ વાક્યનું ઉલ્લંઘન કરનારા અને શ્રુતિઓને હિંસા પારાયણ કહેનારા મત્સરથી અતિ વિમૂઢ બુદ્ધિવાળા દુર્મદ તે જગજીવનનું આ પ્રકારે અપમરણરૂપી અમંગળ થયુ. (૭૧)

આવી રીતે શત્રુની સેનાનો પરાભવ કરીને તથા જગજીવન અને તેના ત્રણે ભાઈઓને હણીને પ્રસન્ન થયેલા રાજાના યોદ્ધાઓ પુરમાં તત્કાળ પ્રવેશ કરીને ક્રોધથી તેનો યજ્ઞ ઉખેડી નાખ્યો. (૭૨)

મહાદેવની પ્રેરણાથી વીરભદ્રાદિ ગણો શિવનું અપમાન કરનાર પ્રજાપતિ દક્ષનો યજ્ઞ જેમ તત્કાળ છેદી નાખ્યો હતો, તેવી રીતે જગજીવન તેમજ કુબેરજીતે રચેલો હિંસામય યજ્ઞને ભુજનગરના રાજાની આજ્ઞાથી યોદ્ધાઓએ મૂળે સહિત ઉખેડી નાખ્યો. (૭૩) દુઃસહ સૈનિકોએ જગજીવન તથા કુબેરજીતના ભુવનમાં જઈને તેના પીત્તળના વાસણો, ઉપકરણો તથા સમગ્ર ધન તથા શિબિકા, મેના, ખુરસીઓ, વાહનો, યજ્ઞોના પાત્રો તથા પકવાન્નના ગંજો વગેરે સામગ્રીને લૂંટી લીધી. (૭૪) મોટી દાઢીવાળા રાજાના યવન યોદ્ધાઓએ કાશી તથા અન્ય નગરીના સર્વે બ્રાહ્મણોને તાડન કર્યું. તેથી તેઓ અત્યંત ભય પામીને રડતાં રડતાં ત્યાંથી નાસી ગયા. (૭૫) અતિ વેગથી દોડતા, બુમો પાડતા, ત્રાસ પામેલા બ્રાહ્મણોની પાછળ દોડતા કાળના જેવા દુઃસહ મૃત્યોને દયાળુ રાજાએ પાછા વાળ્યા. (૭૬) ધર્મના દ્રોહ કરનારા આ પાપી જગજીવને શ્રીહરિની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તેનું ફળ તેણે તત્કાળ પ્રાપ્ત કર્યું. નગરમાં તેથી મોટો હાહાકાર થયો. આ પ્રકારે સર્વ પુરના જનો કહેતા હતા. અતિ સુંદર, મંગળને સંપાદન કરનાર શ્રીહરિના પ્રતાપનું પ્રીતિપૂર્વક સર્વ ગાન કરતા હતા. (૭૭) પ્રાણીઓની હિંસાથી દેવતાઓનો પણ નાશ થાય છે એવો હે રાજન્ ! સર્વ દેશોમાં અત્યંત ઉદ્‌ઘોષ થયો. નિવારણ ન થઈ શકે એવા દુઃખીઓના દોષોનું સ્થાન જેમાં છે અને સત્પુરુષોએ નિંદા કરેલી એવી યજ્ઞ સંબંધી પણ હિંસા મોક્ષાર્થી જનોએ ત્યાગ કરવી. આ પ્રમાણે જનોના સમુદાયો બોલતા હતા. (૭૮)

તે દિવસથી આરંભીને પૃથ્વીના તળમાં ધાર્મિક પુરુષો પ્રાણીઓની હિંસા તથા મદ્ય, માંસનું ભોજન તેનો ત્યાગ કરતા હતા. શ્રીહરિનો આવો સર્વોત્તમ પ્રતાપ પ્રસિદ્ધ થયો, તેથી પોતાના વંશે, સહિત ધર્મ પુષ્ટિ પામીને આનંદ પામ્યો. (૭૯) આવી રીતે અતિ નિંદિત થયેલા દુષ્ટ બુદ્ધિવાળા, ઘણા દ્રવ્યથી મહાત્મ મદવાળા, શ્રીહરિના દ્વેષવાળા, સમગ્ર અધર્મ સર્ગ છે પ્રિય જેમને એવા બ્રાહ્મણ જગજીવનની આવી ગતિ તમોને કહી, હે રાજન્ ! હવે પ્રસંગપ્રાપ્ત શ્રીહરિનું ચરિત્ર કહું છું તે તમો સાંભળો. (૮૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં તૃતીય સ્કંધમાં જગજીવનાદિ અસુર વિનાશ નિરૂપણ નામે પચાસમો અધ્યાય સંપૂર્ણ. (૫૦)



અધ્યાય ૫૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પોતાના આશ્રિતો સાથે શ્રી અંજારપુરમાં કેટલાક દિવસ રહીને શ્રી હરિને ભક્તોએ ધામધૂમથી વળાવ્યા, અને શ્રીહરિ ધમડકાપુરમાં પધાર્યા. (૧)

લોધોત્ત નામના રાજા શ્રીહરિને આવતા સાંભળીને પોતાના કુટુંબે સહિત ઉત્સાહથી પુરના ભક્તજનોની સાથે તથા વાદ્યોના મધુર ઘોષ સાથે શ્રીહરિની સન્મુખ ગયા. (૨)

પછી રાજાએ તથા ભક્તોએ શ્રીહરિને નમસ્કાર કર્યા તથા પ્રાર્થના કરી. તેથી શ્રીહરિએ પોતાના

સહવાસીઓની સાથે તે રમણીયપુરમાં પ્રવેશ કર્યો. (૩)

શ્રીહરિના ચરણકમળમાં લુબ્ધ મનવાળા ધમડકાપુરના રાજા લાધોજી પોતાના આશ્રિતજનોએ સહિત શ્રીહરિને પોતાના ભુવનમાં નિવાસ કરાવીને શ્રીહરિની સેવા દાસની માફક કરતા હતા.(૪) હે રાજન્ ! ઈંદુભા, રામ, કલ્યાણ, તથા રાજધન નામના રાજાના ચાર પુત્રો શ્રીહરિની આનંદપૂર્વક સેવા કરતા હતા. (૫) જીજી. મોટીની, માન્યા, બાપુજીબા, કર્ણિકા તથા અચ્છાદિ વગેરે સ્ત્રીઓ હર્ષપૂર્વક શ્રીહરિની પરિચર્યા કરતી હતી. (૬) ધમડકાપુરમાં પોતાના આશ્રિત પુરના જનોએ ઘણા પ્રકારના ઉપચારોની પૂજા કરાયેલા શ્રીહરિ, પોતાના જનોની સાથે નિવાસ કરીને રહ્યા. (૭)

પછી શ્રીહરિ ધમડકાપુરમાં સભા મધ્યે ઉત્તમ આસનમાં બિરાજ્યા. ભક્તિને પોષણ કરનારા ત્રણ અંગો તે સંબંધી (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ અનુક્રમે મસ્તક, હૃદય ચરણાત્મક આ ત્રણ અંગ યુક્ત) ઘણી ઉપદેશવાતો તે સભામાં શ્રીહરિએ કરી. (૮)

પોતાના સહચરોની સાથે શ્રીહરિ તે પુરમાં બે દિવસ રહ્યા. ત્યારબાદ પોતાના આશ્રિતોની વિદાય લઈ શ્રીહરિ કંથારીયા પુરમાં પધાર્યા. (૯) કંથારીયાપુરમાં સન્મુખ આવેલા પુરના ભક્તોએ શ્રીહરિનો સત્કાર કર્યો. પોતાના અનુચરોની સાથે શ્રીહરિએ કંથારીયાપુરમાં પોતાના ઘટીત ઉતારામાં નિવાસ કર્યો. (૧૦) તે પુરમાં મનજી, મૂલજી, દેવો, કચરો એ આદિક ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. તથા વિવિધોપચારથી શ્રીહરિની પૂજા કરતા હતા. (૧૧) તે પુરમાં મોટીબા, તથા વાયવી, બાલા, હરિબા, વગેરે સ્ત્રીઓએ આદરપૂર્વક યથાયોગ્ય શ્રીહરિની સેવા કરી અને શ્રીહરિ ત્યાં એક દિવસ રહ્યા. (૧૨)

પછી પોતાના અશ્વ ઉપર બિરાજમાન થઈને કંથારીયાથી નિકળેલા અને પોતાના ભક્તોએ વળાવેલા શ્રીહરિ ભચાઉ ગામમાં પધાર્યા. (૧૩)

ભચાઉ ગામમાં પોતાની સન્મુખ આવેલા ભક્તોએ વાદ્યોના ઘોષથી શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિ પોતાના આશ્રિત સંતોની સાથે તે ગામમાં પોતાને અનુકૂળ ઉતારામાં ઉતર્યા. (૧૪) ભચાઉ ગામમાં કર્મા ભક્ત, જેઠો, મૂળજી, કચરો, જયરામ, રામદાસજી, વાઘજી વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા. તે ભક્તો શ્રીહરિને પ્રીતિપૂર્વક વિવિધોપચારોથી સમ્યક રીતે પૂજતા હતા. દેવીકા આદિક, સ્ત્રીઓ હર્ષપૂર્વક યથાયોગ્ય શ્રીહરિનું સેવન કરતી હતી. (૧૫-૧૬)

ત્યાં શ્રીહરિ ધર્મ-જ્ઞાનાદિ સંબંધી સર્વ તાપને શમાવનારી વેદ, શાસ્ત્રને અનુસરનારી વાતો કરતા હતા. (૧૭) પોતાના ભક્ત જનોને સુખ આપતા શ્રીહરિ તે ગામમાં બે દિવસ રહ્યા. પછી ત્યાંના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા એટલે શ્રીહરિ પોતાના આશ્રિતો સાથે સમુદ્રની ખાડીએ પહોંચ્યા. (૧૮)

શ્રીહરિ ખાડી ઉતરીને આભીર દેશમાં પધાર્યા. સાધુ, બ્રહ્મચારી વગેરે પોતાના આશ્રિત જનોની સાથે આભીર દેશમાં ફરતા ફરતા શ્રીહરિ પીપળી ગામમાં પધાર્યા. (૧૯) અહીં પોતાની સન્મુખ આવેલા ત્યાંના પોતાના આશ્રિત જનોએ શ્રીહરિની પ્રશંસા કરી તેથી શ્રીહરિ પીપળી ગામમાં પધાર્યા. અને યોગ્ય નિવાસમાં આશ્રિતો સહિત રહ્યા. (૨૦)

પીપળી ગામના દેવોભાઈ, ગણેશભાઈ વગેરે ભક્તોએ શ્રીહરિની વિવિધોપચારથી સેવા કરી. તેમ જ માની, રામા આદિક સ્ત્રીઓએ પણ વિવિધ પ્રકારના ઉપહારોથી શ્રીહરિની સેવા કરી. ભક્તોથી સેવાયેલા શ્રીહરિ ત્યાં નિવાસ કરીને રહ્યા. (૨૧)

તે ગામમાં શ્રીહરિએ સંસૃતિને હરનારી, ધર્મ-જ્ઞાનાદિ વિષયવાળી, સર્વ સંશયને નાશ કરનારી ઉપદેશ વાતો કરી. (૨૨) શ્રીહરિ ત્યાં બે દિવસ રહ્યા. પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજમાન થયા અને આશ્રિતોની સાથે ભાદરા ગામની સમીપમાં પધાર્યા. (૨૩)

ભાદરા ગામના ભક્તો ગીત-વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા અને શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ પોતાના સહચરોની સાથે તે ગામમાં પધાર્યા અને પોતાના યોગ્ય ઉતારામાં વાસ કર્યો. (૨૪) તે ભાદરા ગામમાં મૂળશર્મા, કાનજી, સુદંરજી વગેરે બ્રાહ્મણો શ્રીહરિની પ્રેમથી સેવા કરવા લાગ્યા. (૨૫) કાનજીત તથા નથ્થુજી મુખ્ય જેમાં છે એવા ક્ષત્રિયો, મુનિઓએ સેવ્યા છે. ચરણકમળ જેમના એવા કારુણ્ય તથા સુંદર સ્વભાવથી શોભતા શ્રીહરિનું સેવન કરતા હતા. (૨૬)

ડોસાભક્ત, લાધો, રત્નો તથા દેવાભાઈ વગેરે વૈશ્યો આદરપૂર્વક શ્રીહરિની સેવા હર્ષથી યથાયોગ્ય કરતા હતા. (૨૭) વસ્તો, વિશ્રામ, માવજી, રણછોડ, રામો, રાજાભાઈ, સવજી, ગંગાદાસ તથા નારાયણજી વગેરે શ્રીહરિમાં મનવાળા સુથાર ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૨૮-૨૯) તેમજ નાથો વગેરે શૂદ્રો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. હરિબા વગેરે સ્ત્રીઓ યથાયોગ્ય શ્રીહરિની સેવા કરતી હતી. (૩૦) પ્રભુ શ્રીહરિ સ્નાન કરીને તથા નિત્યવિધિ કરીને, વિષ્ણુને વિવિધ પ્રકારના નિવેદન કરીને પછી ભોજન કરીને સભાના મધ્ય ભાગમાં રહેલા પોતાના આસનમાં બિરાજ્યા. (૩૧) ત્યારબાદ શ્રીહરિના ભક્તો ચંદન, પુષ્પ, અક્ષત, કુમકુમ વગેરે વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. ભગવાનની ભક્તિવાળી સર્વસ્ત્રીઓ પણ શ્રીહરિની પૂજા કરતી હતી. (૩૨)

પછી મૂળશર્મા વિપ્રે હર્ષપૂર્વક શ્રીહરિએ અસુરોનાં લક્ષણ પૂછ્યા. તેથી શાસ્ત્રોમાં કહેલા અસુરાનો લક્ષણો શ્રીહરિ યથાર્થપણે કહેતા હતા. (૩૩) પૃથ્વીમાં પ્રગટ વિચરતા પ્રગટ ભગવાન તથા મત્સ્ય, કૂર્મ, વારાહ તથા કૃષ્ણ-રામ વગેરે ભગવાનના અવતારો તથા ભગવાનના ભક્તોની નિંદા કરનારા તથા તેમનો દ્રોહ કરનારા જે મનુષ્યો છે તેને નિશ્ચે અસુરો જાણવા. (૩૪) શ્રીકૃષ્ણ ભગવાન અને તેમની ભક્તિ કરનારાનાં આશ્ચર્યકારી એવાં માહાત્મ્ય તથા ચરિત્રાદિને વિષે જે દોષદષ્ટિ કરે છે, તે અસુરો છે. (૩૫)

હિંસામાં રુચિ, સુરા અને માંસનું ભક્ષણ જેને પ્રિય છે, જે તામસ દેવતાઓના ભક્તો છે અને શાક્ત ગ્રંથોનું સેવન કરે છે. (૩૬) વ્યભિચારમાં આસક્ત છે નાના પ્રકારના સ્વાદમાં પ્રીતિવાળા તથા વર્ણસંકરતાને પોષનારા, કેફ કરનારા, ગાંજો-મફર-ભાંગ્ય છે પ્રિય જેમને એવા (૩૭) વેદો તથા શાસ્ત્રો અને મહાન પુરુષોની મર્યાદાનું ઉલ્લંઘન કરનારા, તથા મદ તથા માત્સર્યાદિ વગેરેએ યુક્ત જે છે, તે અસુરો છે. (૩૮) આવી રીતે શ્રીહરિએ અસુરોનાં લક્ષણો યથાર્થપણે વિસ્તારથી કહ્યા. તેમજ તેમના સંગનો ત્યાગ કરવો એમ કહેતા હતા. (૩૯) આ પ્રકારે સંસાર રોગને નાશ કરનારી, કર્ણને પ્રિય

વાર્તાઓ હંમેશા કરતા શ્રીહરિ પોતાના ભક્તોની પ્રીતિ માટે ભાદરા ગામમાં રહ્યા. (૪૦)

તે ભાદરા ગામમાં જોડીયા ગામ થકી લાલજી તથા અર્જુન વગેરે ભક્તો પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનાં દર્શન કરવા માટે હર્ષપૂર્વક આવ્યા. (૪૧) આમરણ્ય ગામથી આનંદિત મુખ્ય એવી સ્ત્રીઓ પ્રીતિપૂર્વક શ્રીહરિનાં દર્શન કરવા માટે ઉત્સાહથી ભાદરા ગામમાં આવી. (૪૨)

તેવી રીતે ભેલા ગામથી ગોવિંદ આદિક શ્રીહરિના આશ્રિત બ્રાહ્મણો શ્રીહરિનાં દર્શનની આકાંક્ષાવાળા ભાદરા ગામમાં આવ્યા. (૪૩) તથા વેળા ગામથી વજાભાઈ વગેરે ભક્તો, કષ્ટને હરનારાં છે દર્શન જેમનાં એવા, પોતાના ઈષ્ટદેવ શ્રીહરિના દર્શનની ઈચ્છાવાળા ભાદરા ગામમાં આવ્યા. (૪૪) બગથલ ગામની ક્ષત્રિય જાતિના બહેચર, આસજી તથા ભાઈજી વગેરે ત્યાં આવ્યા. (૪૫)

શ્રીહરિના દર્શનથી પ્રસન્ન થયેલા જોડીયા, આમરણ્ય, ભેલા, વેળા, બગથલ, આ પાંચ ગામના ભક્તોએ નાના પ્રકારના ઉપચારોથી પરમાત્મા શ્રીહરિની પૂજા કરી અને પોતાનો જન્મ સફળ કર્યો. (૪૬) આવી રીતે ભક્તોને આનંદ આપતા શ્રીહરિ ભાદરા ગામમાં કેટલાક દિવસો રહીને તે ભક્તોને પોતાનું ઐશ્વર્ય બતાવતા હતા. (૪૭)

પછી આશ્રિતોને લઈને શ્રીહરિ અશ્વ ઉપર બિરાજીને પોતાને વિષે આસક્તિવાળા મન જેમનાં એવા ત્યાંના પોતાના ભક્તોની વિદાય લઈને ચાલતા હતા. (૪૮) પોતાના સમગ્ર ભક્તોને માર્ગમાં સુખ આપતા, પોતાના ભક્તોનું હિત કરવામાં આગ્રહવાળા, પોતાના ભક્તોને સુખ આપવા માટે ભાદરા ગામથી નીકળીને પોતાના ભક્તોના ગામોમાં ફરતા ફરતા શ્રીહરિ રાજકોટ નગર પ્રત્યે પધાર્યા. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રીભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિનું ધમડકાદિ પુરોમાં વિચરણ નિરૂપણ નામે એકાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૧)



અધ્યાય ૫૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે. :- પછી રાજકોટના પુરાધીશની પટ્ટાંગના (મુખ્યરાણી) ભગવાનનાં શ્રેષ્ઠ ભક્ત લક્ષ્મીએ, શ્રીહરિને પોતાના પુરમાં આવતા સાંભળીને તેમના સન્મુખ જવા માટે પોતાના સ્વામી નરાધિપને પ્રેરણા કરી. (૧) પછી રાજા પોતાનું સૈન્ય તથા પોતાના અમાત્યે સહિત વિવિધ પ્રકારના વાદ્યોના મહા શબ્દોના ઘોષસહિત શ્રીહરિ સન્મુખ ગયા. (૨) પછી રાજાએ ઘોડાઓની પંક્તિથી વિરાજીત તથા અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિની સમીપમાં આવીને, વાહન ઉપરથી ઉતરીને, આશ્રિતે સહિત પોતે હર્ષથી શ્રીહરિને નમસ્કાર કર્યા. (૩) પછી રાજાએ શ્રીહરિની પ્રાર્થના કરી. શ્રીહરિને સુવર્ણની અંબાડીએ યુક્ત શણગારેલા રમણીય નાગેન્દ્ર ઉપર બેસાડ્યા. (૪)

રાજા, રત્ન દંડવાળું સુંદર ચમ્મર ગ્રહણ કરી તે હાથી ઉપર શ્રીહરિની પાછળ ઉભા રહીને,

સર્વના પતિ શ્રીહરિ ઉપર ચામર વીંઝતા હતા. (૫) રાજા તેમના સહચર ત્યાગીઓને જુદા જુદા વાહનોમાં બેસાડીને, વાજિંત્રોના નાદે સહિત પોતાના રમ્ય નગર પ્રત્યે લઈ જતા હતા. (૬)

વાળીને સાફ કરેલાં છે બજારો, રાજમાર્ગો, હવેલીઓ, નાની શેરીઓ, આંગણો જેમાં એવું તથા ચંદનના જળોથી છાંટેલું અને વેરેલા ફુલોથી શોભાયમાન (૭) સુંદર સમાન પંક્તિવાળા સભાસ્થાનોથી તથા વિવિધ પ્રકારની ઊંચી હવેલીઓ વડે શોભાયમાન પુરના દરવાજા, રમણીય કિલ્લા વગેરેથી શોભતું (૮) ફળો તથા પુષ્પો જેમાં છે એવા વૃક્ષોથી વ્યાપ્ત સુંદર બગીચાઓથી ભૂષિત, અલંકારોએ સહિત પ્રજાજનોથી વ્યાપ્ત, દરવાજાઓ તથા પ્રાંગણમાં તોરણો શોભે છે એવા પ્રકારનું હે રાજન્ ! તે નગર તે પ્રત્યે પ્રવેશ પામેલા શ્રીહરિના દર્શન માટે, પુરજનો પોતાના કામકાજનો ત્યાગ કરીને ત્યાં આવતા હતા. (૧૦) હે ભૂપતે ! જે જે સ્થાનકોમાં શ્રીહરિ જાય છે, ત્યાં ત્યાં પુરુષો તથા સ્ત્રીઓ શ્રીહરિના દર્શન કરીને પ્રીતિથી ઉત્તમ પુષ્પોથી શ્રીહરિને વધાવીને આનંદ પામે છે. (૧૧)

આવી રીતે પુરના જનોએ સન્માન કરેલા શ્રીહરિ, પોતાના આશ્રિતો સાથે ઉત્તમ વિશાળ ભુવનના બાગમાં રહેતા હતા. (૧૨) પછી રાજા શ્રીહરિની સેવા સમય સમય પ્રમાણે યથાયોગ્ય હર્ષથી પોતે જ કરતા હતા. તેમજ પોતાના અમાત્ય તથા સેવકો પાસે કરાવતા હતા. (૧૩) તે પુરમાં શ્રીહરિ સભામંડપમાં સુશોભિત સુવર્ણ સિંહાસન ઉપર બેસીને એકાંતિક ધર્મ સંબંધી વાર્તા કરતા હતા. (૧૪) રાજાએ રેશમી મહા મૂલ્યવાળાં વસ્ત્રો, મહા મૂલ્યવાળાં અલંકારો તથા ચંદન પુષ્પાદિ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. એવા શ્રીહરિ અત્યંત વિસ્મય પમાડતા વેદ તથા શાસ્ત્રોના પ્રમાણોથી વિવાદીઓને જીતતા હતા. (૧૫)

ત્યાર પછી રાજાએ મહામૂલ્યવાળા રેશમી વસ્ત્રો, અલંકારો તથા ચંદન પુષ્પાદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરીને શ્રીહરિની આરતી કરી. (૧૬) ભક્તિવતી લક્ષ્મીદેવીએ પણ પ્રીતિ પૂર્વક શ્રીહરિનું તથા તેમના સર્વ આશ્રિત ભક્તોનું વિવિધોપચારથી પૂજન કર્યું. તેમજ વિવિધ ભોજનોથી શ્રીહરિને તેમજ તેમના ભક્તોને તૃપ્ત કર્યાં. (૧૭) આથી શ્રીહરિ પ્રસન્ન થયા અને તે લક્ષ્મીદેવીને વિનાસાધન યોગિઓને પણ દુર્ગમ્ય એવી યોગસિદ્ધિ તત્કાળ આપતા હતા. (૧૮)

રાજકોટમાં ભક્તોએ શ્રીહરિનું આ પ્રકારે પૂજન કર્યું. શ્રીહરિ પણ એક દિવસ રહીને પ્રીતિથી રાજાની વિદાય લઈ, રાજાની સેના તથા વાજિંત્રોના ઘોષ સાથે વળાવવા આવેલા અને પોતાનામાં ઘણાં સ્નેહવાળા પોતાના સહવાસીઓની સાથે અશ્વ ઉપર બેસીને સરધારપુર પ્રત્યે ચાલ્યા. (૧૯-૨૦) સરધારપુરના અધિપતિ તુંગજીત, સત્પુરુષોના પતિ શ્રીહરિના ભક્ત, શ્રીહરિને પોતાના પુરમાં આવતા સાંભળીને સેનાએ સહિત તથા પોતાના પુરના ભક્તજનો તથા વિવિધ પ્રકારના વાદ્યોના મહાઘોષ સાથે, સમુદ્ર જેમ ચંદ્ર પ્રત્યે જાય છે તેમ શ્રીહરિ પ્રત્યે ગયા. (૨૧-૨૨) શ્રીહરિના દૂરથી દર્શન કરીને, વાહનથી તત્કાળ ઉતરીને, રાજા શ્રીહરિને સાષ્ટાંગ વંદના કરવા લાગ્યા. તે ભક્તો પણ હર્ષપૂર્વ શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૨૩)

પુષ્પના હાર તથા તોરાઓ શ્રીહરિને રાજા અર્પણ કરતા હતા. તેમજ ભક્તો પણ પુષ્પના હાર તથા તોરાઓ શ્રીહરિને અર્પણ કરતા હતા. (૨૪)પછી તુંગજીત રાજા સત્પતિ શ્રીહરિને પ્રીતિપૂર્વક

શિબિકામાં બેસાડીને, ગીત વાદ્યોના મહાઘોષ સાથે પુરમાં પ્રવેશ કરતા હતા. (૨૫) અતિ ઊંચા શોભાયમાન મહેલો તથા મેડીઓ તેનાથી સુશોભિત, અત્યંત શોભાયમાન દુકાનોની પંક્તિઓના નાના પ્રકારની વેચવાની વસ્તુઓથી અલંકૃત (૨૬) ચારેય વર્ણના જનોથી વ્યાપ્ત રાજમંદિરો તથા સાત માળની હવેલીઓથી દેદીપ્યમાન, નાના પ્રકારના શીલ્પથી શોભતા ઘરો તથા સભાસ્થાનોથી પ્રકાશમાન, (૨૭)

શિખરો ઉપર સુવર્ણના કળશોથી શોભતા મંદિરોથી જાણે તે નગરી સ્વર્ગ હોય ને શું ? એવી દીપતી હતી. વળી રમણીય બગીચાઓ અત્યંત સુશોભિત; (૨૮) સાફ કરેલા માર્ગોથી અતિરમણીય, ચંદનના જળના છંટકાવથી સુગંધિત થયેલ, બ્રાહ્મણોના વેદધ્વનિથી વ્યાપ્ત, નાના પ્રકારના તોરણોથી શોભાયમાન. (૨૯) વિવિધ પ્રકારના દરવાજાઓ જેમાં છે તથા શોભાયમાન ઊંચા કિલ્લાઓથી વીંટાયેલું, સમીપમાં રહેલા સમુદ્ર તુલ્ય સરોવરથી શોભાયમાન. (૩૦)

હંસો, કારંડવ, કૌંચ, ચક્રવાક, સારસ વગેરે પક્ષીઓથી યુક્ત તે સરોવર હતું, તથા કુમુદોની પંક્તિઓથી યુક્ત તથા વિવિધ પ્રકારના જળથી યુક્ત બંને કાંઠા ઉપર રહેલા અનેક પ્રકારના વૃક્ષોથી શોભાયમાન; તે સરોવરથી તે પુર શોભતું હતું. (૩૧-૩૨)

હે રાજન્ ! આ પ્રકારે શોભાયમાન તે પુરમાં પ્રવેશ કરેલા શ્રીહરિના દર્શન કરીને પ્રસન્ન થયેલા પુરુષો તથા સ્ત્રીઓ શ્રીહરિને રમણીય પુષ્પોથી વધાવતા હતા. (૩૩) આ પ્રમાણે સર્વ પુરજનોનો સત્કાર સ્વીકારી, શ્રીહરિ વિશાળ ચોકથી યુક્ત પોતાને અનુકૂળ રાજાના રમણીય મહેલમાં પોતાના સહવાસીજનો સાથે રહ્યા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિનું રાજકોટ પુરમાં પ્રવેશ નિરૂપણ નામે બાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૨)



અધ્યાય ૫૩ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- તે સરધાર પુરમાં પૃથ્વીપતિ બુદ્ધિમાન તુંગજીત રાજા, શ્રીહરિની ચરણરજ પોતાના અંગમાં ધારણ કરવામાં અક્રૂરની ઉપમા આપવા યોગ્ય હતા. (૧) વળી નીતિમાં વિદૂરની ઉપમા આપવા યોગ્ય હતા. તુંગજીતના સગાભાઈ બુદ્ધિશાળી વૈરજીત હતા. તે બંને ભાઈઓ પ્રીતિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૨) રામભાઈ, હકાભાઈ તથા વેરીભાઈ વગેરે ક્ષત્રિય વીરો, શ્રીહરિના ભક્તો શ્રીહરિની હંમેશા ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૩)

દેવરામ વગેરે બ્રાહ્મણો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. ઈન્દ્રજીત, કમળશી, ગોવર્ધન, વગેરે વૈશ્યો શ્રીહરિની હર્ષથી સેવા કરતા હતા. (૪) ભીમો, અભયરામ, વસુ, પ્રેમજી વિશરામ વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. (૫) આનંદિની, અગારાબેન તથા લાડકીબાઈ વગેરે સ્ત્રીઓ યથાયોગ્ય

શ્રીહરિની સેવા કરતી હતી. (૬) કરીમ, હયજીત, મૂકો, રયો તથા હસન વગેરે મુસલમાનો પણ પોતાની યોગ્યતા પ્રમાણે શ્રીહરિની સેવા કરતા હતા. (૭)

આ પ્રમાણે ભક્તોએ સેવેલા શ્રીહરિના ત્યાં કેટલાક દિવસો રહીને બીજે ગામ જવાની ઈચ્છા કરી, જવા તૈયાર થયા. (૮) તે વખતે શ્રીહરિના દર્શનમાં આસક્તિવાળા તુંગજીત વગેરે ભક્તો પ્રાણવલ્લભ શ્રીહરિને પ્રણામ કરીને પ્રીતિપૂર્વક આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. (૯)

હે સ્વામિન્ ! તમો આ પુરમાં જ કૃપા કરીને આશ્રિતોની સાથે ચાતુર્માસ રહો. તમારું અહીં ફરી આગમન દુર્લભ છે. (૧૦) હે દયાનિધે ! તમો અહીં જ જન્માષ્ટમીનો ઉત્સવ કરો. હે શ્રીહરે! અમો જે તમારા ભક્તો છીએ તેમનો આ મનોરથ તમો પૂર્ણ કરો. (૧૧)

તુંગજીત વગેરે ભક્તોએ આ પ્રમાણે સ્નેહ અને વિનયથી શ્રીહરિની પ્રાર્થના કરી. તેથી ભક્તો છે પ્રિય જેમને એવા શ્રીહરિ, કરુણાથી સરધારપુરમાં ચાતુર્માસ રહ્યા. (૧૨)

પછી તે પુરમાં સભા મધ્યે ઉત્તમ આસનમાં બેસીને શ્રીહરિ ગૌરવાદિ ગુણોથી યુક્ત ભગવતમહિમા યુક્ત નાના પ્રકારની વાર્તાઓ કરતા હતા. (૧૩)

સર્વજ્ઞ ભક્ત વત્સલ શ્રીહરિ અંતઃ શત્રુને જીતવાના શાસ્ત્રમાં કહેલા ઉપાયો સ્પષ્ટપણે કહેતા હતા. (૧૪) પછી ભક્તવર્ય તુંગજીતે શ્રીહરિને કામાદિક ત્રણ દોષોમાં (કામ-ક્રોધ-લોભ) બલવાનમાં બલવાન કયો દોષ છે તે પૂછ્યું. એટલે બલવાન દોષ લોભ છે તે શ્રીહરિએ સમજાવ્યું (૧૫) લોભમાં રહેલા વિચિત્ર દોષોને તથા લોભથી દુર્દશા પામેલાના દષ્ટાંતો અનુક્રમે શ્રીહરિએ સ્પષ્ટપણે કહ્યાં. (૧૬)

ભક્તિ માર્ગથી પડવાના હેતુઓ, લોભને અવલમ્બન કરીને રહેલા અનર્થો, સત્પુરુષોના પ્રસંગથી જાણીને લોભનો ત્યાગ કરવો, આ પ્રકારે શ્રીહરિ કહેતા હતા. (૧૭)

આવી રીતે શ્રીહરિ સચ્છાસ્ત્રમાં કહેલા જુદા જુદા આખ્યાનો કહી, શુભ ઉપદેશ-વાતો કરીને, સૂર્ય જેમ અંધકારનો નાશ કરે તેમ જનોનું અજ્ઞાન હરતા હતા. (૧૮)

એટલામાં જન્માષ્ટમી સમીપમાં આવી. તુંગજીત વગેરે ભક્તો મહોત્સવ કરવા માટે વિવિધ પ્રકારની સામગ્રીઓ લાવવા લાગ્યા. (૧૯) વળી અન્ય દેશના ભક્તોને બોલાવવા માટે તુંગજીત પ્રત્યેક પુરમાં, કંકુ છાંટીને કંકોતરીઓ પ્રેમપૂર્વક મોકલવા લાગ્યા. (૨૦)

હે મહીપતે ! શ્રીહરિના દર્શનમાં લાલસાવાળા ઘણા ભક્તો શ્રાવણ માસની કૃષ્ણ પક્ષની સપ્તમીને દિવસે ત્યાં આવવા લાગ્યા. (૨૧) દેશાંતરથી આવેલા તે ભક્તો કેળોના સ્થંભો, પુષ્પ, પલ્લવોની પંક્તિ તેમજ ઉલ્લોચોથી શોભાયમાન સુંદર મંડપમાં મણિ જડિત સુવર્ણમય કોમળ ઓછાડે યુક્ત સભા મધ્યે બિછાવેલા સિંહાસનમાં બિરાજમાન શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૨૨-૨૩) દેશાંતરથી આવેલા સર્વભક્તો શ્રીહરિના દર્શનથી દાવાનળથી બળતા અંગવાળા હાથીઓ ગંગાના ધરાને પામીને જેમ શાંત થાય તેમ, અત્યંત શાંતિ પામ્યા. (૨૪)

હે મહીપતે ! તુંગજીતે દેશાંતરથી આવેલા ભક્તોને યથા યોગ્ય ઉતારા આપવા તેમજ બીજી સેવા વગેરેથી તેમની અત્યંત સંભાવના કરી. (૨૫)

પરદેશથી આવતા પોતાના ભક્તોની સંભાવના કરાવતા શ્રીહરિને, હે રાજન્ ! રાત્રિને વિષે યોગનિદ્રાનો અવસર પણ ન આવ્યો. (૨૬) પરદેશથી આવેલા પોતાના ભક્ત જનોને પોતાના દર્શન આપીને ઉપદેશ વાતો કરીને, રાત્રિના છેલ્લા પ્રહરમાં તે સર્વે ભક્તોને પોત પોતાના ઉતારામાં જવાની આજ્ઞા શ્રીહરિ આપતા હતા. (૨૭) હે રાજન્ ! પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ ત્યારબાદ સભાસ્થાનમાંથી ઊઠીને પોતાના ઉતારામાં પધાર્યા અને મૃદુ શય્યામાં પાર્ષદોથી સેવાયેલા, પોઢી ગયા. (૨૮)

હે રાજન્ ! ધર્મ પુત્ર શ્રીહરિએ પોતાની રાહ જોતી યોગનિદ્રાને દયાથી અંગીકાર કરી. (૨૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિચરિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રીભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રી સરધારપુરમાં શ્રીહરિએ નિવાસ કર્યો એ નિરૂપણ નામે ત્રેપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૩)



અધ્યાય ૫૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! રાત્રીના છેલ્લા પ્રહરમાં દયાળુ શ્રીહરિએ આ પ્રકારે યોગનિદ્રાનો સ્વીકાર કર્યો તે સમયે (૧) બુદ્ધિશાળી તુંગજીત રાજા સાધુઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદની પાસે આવી, તેમને નમસ્કાર કરીને, તેમની પાસે બેઠા. મુક્તાનંદ મુનિએ પણ તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો. (૨) પછી મુક્તાનંદ, તુંગજીત રાજાને શ્રીહરિનો સર્વોપરિ, અનુપમ, મંગળસ્વરૂપ, દિવ્ય મહા આશ્ચર્યકારી પ્રતાપ કહેવા લાગ્યા. (૩) પ્રાજ્ઞ તુંગજીત, મુક્તાનંદ મુનિ પાસેથી શ્રીહરિનો પ્રતાપ સાંભળીને, અતિશય પ્રસન્ન મનથી બે હાથ જોડી જ્ઞાનના નિધિ મુક્તાનંદ મુનિ પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા. (૪)

હે મહામુને ! આ શ્રીહરિએ પોતાના ભક્તોને તથા બીજાઓને જે જે અતિદિવ્ય ઐશ્વર્યો બતાવ્યાં. (૫) હે મુને ! તે અતિ દિવ્ય ઐશ્વર્યો તમારી પાસેથી સાંભળવા માટે હું ઈચ્છુ છું. માટે હે સત્તમ! કૃપા કરીને શ્રીહરિનાં તે દિવ્ય ઐશ્વર્યો મને કહો. (૬)

સત્પુરુષોમાં અગ્રગણ્ય પ્રિય દર્શનવાળા, મધુર વાણીવાળા, મુક્તાનંદ મુનિ તેમનું આવું વચન સાંભળીને કહેવા લાગ્યા. (૭) હે તુંગજીત રાજન્ ! આ શ્રીહરિના અનંત ઐશ્વર્યો છે. જે ઐશ્વર્યોનો પાર વેદો તથા શેષાદિ પણ ક્યારેય પામતા નથી. (૮)

તેથી હે રાજન્ ! પ્રત્યક્ષ આ શ્રીહરિનાં ઐશ્વર્યો જેવાં મેં જોયા છે. તે બુદ્ધિ પ્રમાણે તમોને હું કહું છું તે સાંભળો. (૯) આ પ્રભુ જીવોનો આત્યાંતિક મોક્ષ કરવા માટે પૃથ્વી ઉપર વિચરણ કરતા જુદા જુદા મતપંથમાં રહેલા જીવોને તથા પોતાના આશ્રિતોને પોતાના દર્શન માત્રથી જ સમાધિ કરાવીને

હે રાજર્ષે ! એક પોતામાં જ રહેલા તે સર્વે ઐશ્વર્યો બતાવતા હતા. (૧૦-૧૧)

હે મહીપતે ! પૂર્વોક્ત જનોમાં જે શ્રીકૃષ્ણના આશ્રિત હતા તે આ ધર્મના પુત્ર શ્રીહરિને સમાધિમાં શ્રીકૃષ્ણરૂપે જોતા હતા. (૧૨) વળી રામના ભક્તો આ શ્રીહરિને રામરૂપે જોતા હતા. તેમજ લક્ષ્મીનારાયણના ઉપાસકો શ્રી લક્ષ્મીનારાયણરૂપે જોતા હતા. (૧૩) વળી સમાધિમાં સૂર્યનારાયણના ઉપાસકો શ્રીહરિને સૂર્ય સ્વરૂપે જોતા હતા. શાક્તો હતા તે શક્તિરૂપે જોતા હતા. ગણપતિની ઉપાસનાવાળા ગણપતિ રૂપે જોતા હતા. શૈવો શિવ રૂપે જોતા હતા. (૧૪) વૈરાજાદીની ઉપાસનાવાળા જનો વૈરાજાદિરૂપે જોતા હતા. યવનો પેંગાબરરૂપે જોતા હતા. જૈનો તીર્થંકરરૂપે જોતા હતા. (૧૫)

હે રાજન્ ! જે જે જનો શ્રીહરિની સમીપમાં આવ્યા તે તે જનો આ પ્રકારે સમાધિમાં જ પોતપોતાના ઈષ્ટદેવના તત્કાળ દર્શન કરીને પરમ આશ્ચર્ય પામ્યા. (૧૬) પછી તે સર્વે જનો પોતાના મતનો, તેમ જ પોતાના ગુરુઓનો, ત્યાગ કરીને શ્રી પુરુષોત્તમ શ્રીહરિનો આશ્રય કરીને પોતાના ધર્મમાં રહીને ભજન કરવા લાગ્યા. (૧૭)

શ્રીહરિના સાધારણ આશ્રિતો પણ સર્વ પ્રકારે દુરાચારનો ત્યાગ કરીને સદ્ધર્મ, જ્ઞાનાદિ ગુણોને પામ્યા છે. (૧૮) જે ભક્તો શાસ્ત્રો નથી ભણ્યા, તેમ જ જાતિએ પણ ઉત્તમ નથી, એવા શ્રીહરિના શિષ્યોને શાસ્ત્રજ્ઞો પણ ક્યારેય જીતવા સમર્થ થતા નથી. (૧૯)

આ પ્રકારે શ્રીહરિનો પૃથ્વી ઉપર મહાપ્રતાપ અમે જોયો છે અને સાંભળ્યો પણ છે. એવા શ્રીહરિના હે ભૂપતે ! હજારો હજાર પુરુષો તથા સ્ત્રીઓ આશ્રય કરે છે. (૨૦)

તે જનોને શ્રીહરિ પોતાના અવતારિપણાનો નિશ્ચય કરાવવા માટે તેમ જ તેમને આનંદ પમાડવા માટે પોતાનું અનન્ય ઐશ્વર્ય છે તે બતાવે છે. (૨૧) આ શ્રીહરિ અસંખ્ય પ્રાણીઓના પ્રાણ તથા મનની વૃત્તિઓનો લય પોતાના દિવ્ય રૂપમાં સમાધિદ્વારા તત્કાળ કરાવે છે. (૨૨) સમર્થ શ્રીહરિ કેટલાકને દિવ્ય શ્વેતદ્વીપ તથા નરનારાયણનો આશ્રમ બતાવે છે. (૨૩)

શ્રીહરિ કેટલાકને આવ્યકૃત નામનું દિવ્ય ધામ તથા અગ્નિબિંબ તથા સૂર્યબિંબ તથા અગ્નિમંડળ તથા ક્ષીરસાગર ધામ બતાવે છે. (૨૪) આ શ્રીહરિ કેટલાકને વૈકુંઠ તથા મહાઆશ્ચર્યકારી ગોલોક, કેટલાકને દિવ્ય મહાવૈકુંઠ બતાવે છે. (૨૫) તેવી રીતે આ શ્રીહરિ કેટલાક પોતાના ભક્તોને સર્વાશ્ચર્યના સ્થાનરૂપ દિવ્ય બ્રહ્મપુર ધામ પણ બતાવે છે. (૨૬)

શ્રીહરિ તે તે ધામોમાં પોતાની જ દિવ્ય મૂર્તિને બતાવીને તથા તે તે સ્થાનોમાં રહેલા દિવ્ય પાર્ષદ, ઐશ્વર્યશક્તિ વગેરે બતાવે છે. (૨૭) શ્રીહરિ કેટલાકને પ્રણવનો નાદ સંભળાવે છે, કેટલાકને કરોડ કરોડ સૂર્ય સમાન પોતાનું તેજ બતાવે છે. (૨૮) આ શ્રીહરિ જીવોની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાની સ્થિતિ, તથા ઈશ્વરોની ત્રણ અવસ્થા (ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય) તેથી પર (તેમના કર્મોનું ફળ આપવા માટે તેમનામાં અન્વયપણે તારતમ્યથી રહીને અને વળી તેમનાથી ભિન્ન રહેલા) સચ્ચિદાનંદ સ્વરૂપવાળા દ્રષ્ટાખ્ય પોતાનું સ્વરૂપ જે મહાપુરુષાત્મક, તે કેટલાકને બતાવે છે. (૨૯) આ શ્રીહરિ

કેટલાકને ભૂગોળમાં રહેલા વિષ્ણુનાં સ્થાનો તથા દેવોના સ્થાનો બતાવ્યો છે. કેટલાકને આકાશમાં દેવોના સ્થાનો બતાવે છે. તેમજ ભૂગોળ તથા ખગોળમાં રહેલા ઐશ્વર્યો પણ બતાવે છે. (૩૦)

આ શ્રીહરિ કેટલાકને આધારાદિ ચક્રોમાં રહેલા ગણેશ વગેરે દેવતાઓને પણ જુદા જુદા બતાવે છે. (૩૧) શ્રીહરિ કેટલાક ભક્તોને પુરુષસૂક્તમાં કહેલા રમણીય વિશ્વના આધાર સ્વરૂપ અદ્‌ભુત, વિરાટ્‌રૂપ બતાવે છે. (૩૨) આ શ્રીહરિ પ્રસન્ન થઈને સો યોજન દૂર રહેલા પોતાના ભક્તોને ક્યારેક ક્યારેક સાક્ષાત્ પોતાના દર્શન આપે છે. (૩૩)

અતિ દૂર રહેલા ભક્તોએ પોતાના ઘરમાં ક્યારેક પોતાને પૂજવા યોગ્ય મૂર્તિની સમીપે અર્પણ કરેલું નૈવેદ્ય, શ્રીહરિ પોતાના ભક્ત જનોને વિસ્મય પમાડતા જમી જાય છે. (૩૪) દેહ ત્યાગ કરવાના સમયમાં પોતાના ભક્તજનોને પોતાના ધામમાં લઈ જવા માટે દિવ્ય વિમાનમાં બેસીને દિવ્ય પાર્ષદો સહિત પધારે છે. (૩૫) સમર્થ શ્રીહરિ તે વખતે તે ગામના નિવાસી પોતાના ભક્તોને પ્રત્યક્ષપણે પોતાના દર્શન આપે છે. ક્યારેક પોતાના આશ્રિત ન હોય તેવા જનોને પણ પોતાના દર્શન આપે છે. (૩૬) આવી રીતે મુમુક્ષુઓને તથા બીજાઓને પણ પોતાનું અલૌકિક ઐશ્વર્ય બતાવતા શ્રીહરિના દર્શન કરી જનો વિસ્મય પામે છે. (૩૭)

વેદો તથા શાસ્ત્રોને જાણનારા ઘણા મતવાદીઓ પૃથ્વીમાં ક્યારેય પણ કોઈ પણ સ્થાનમાં વિવાદોથી શ્રીહરિને જીતવા સમર્થ થતા નથી. (૩૮) સૂર્યના મહાતેજમાં ખદ્યોતો (આગીયા)ની કાંતિ જેમ લીન થાય છે તેમ, શ્રીહરિની આગળ વાદ કરનારા જનોનું સમગ્ર તેજ (સામર્થ્ય) લીન થઈ જાય છે. (૩૯)

હે રાજન્ ! સર્વ પ્રાણીઓના હિતમાં પ્રીતિવાળા શ્રીહરિ, ઘણા ગામ તથા નગરોમાં અન્નક્ષેત્રો ચલાવે છે. (૪૦) આ અન્નક્ષેત્રોમાં આવીને લોકોના સમૂહો અન્નજળ વગેરેથી અત્યંત સુખ પામીને બીજા સ્થાનમાં જવા માટે ઈચ્છા કરતા નથી. (૪૧) ધર્મધુરંધર શ્રીહરિ ઘણા ધનાઢ્ય ભક્તો પાસે મુખ્ય કલ્પને અનુસરીને વિષ્ણુયાગો કરાવી, પ્રીતિપૂર્વક વિષ્ણુનું પૂજન કરાવે છે. (૪૨)

એ રીતે શ્રીહરિએ વિષ્ણુયાગાદિ મહાયજ્ઞોમાં ઘણા દિવસ પર્યંત હજારો બ્રાહ્મણોને મિષ્ટાન્નો જમાડી તૃપ્તિ પમાડ્યા છે. (૪૩) તે તે યજ્ઞોમાં આ ઉદાર શ્રીહરિ ચક્રવર્તી રાજા જેમ દાન આપે તેમ, ઘણા બ્રાહ્મણોને વાહન તથા વસ્ત્રાલંકારાદિ પણ અપાવતા હતા. (૪૪) ઘી, દૂધ, વગેરે હુતદ્રવ્યોથી યજ્ઞો કરાવીને વેદની મર્યાદા બહાર પંચ મકરાખ્ય વિધિનો (કૌલાગમમાં મદ્ય-માંસ-મુદ્રા-મત્સ્ય-મૈથુન એ મકાર પંચકને) નાશ કરાવી દીધો છે. (૪૫) શ્રીહરિ વેદ વિરુદ્ધ માર્ગનો નાશ કરી સાધુઓ, દેવો તથા બ્રાહ્મણોની પ્રતિષ્ઠા પૃથ્વી ઉપર પોતાના પ્રતાપથી વધારતા હતા. (૪૬)

આ શ્રીહરિ વેદશાસ્ત્રોના પ્રમાણોથી અસદ્‌ગુરુઓને જીતીને પોતાના પ્રતાપથી મુમુક્ષુઓનું તેમનાથી રક્ષણ કરીને સંસારના પાશથી પણ રક્ષણ કરતા હતા. (૪૭) વેદમાં કહેલા વર્ણો તથા આશ્રમોનો ધર્મ કાળથી નષ્ટ થયો હતો તેનું પણ આ શ્રીહરિ પૃથ્વી ઉપર સ્થાપન કરતા હતા. (૪૮) અચ્યુત શ્રીહરિ પૃથ્વી ઉપર નૈષ્ઠિક વ્રતને પોતાના પ્રતાપથી પ્રવર્તાવતા, પોતે તે નૈષ્ઠિક વ્રતને પરાકાષ્ઠાને પમાડ્યું. (૪૯)

આ શ્રીહરિએ હંમેશા ભક્તિ તથા ધર્મનું યથેષ્ટ પોષણ કર્યું. તેથી તે સર્વદા શ્રીહરિના સેવક હોયને શું ? એમ ભાસે છે. (૫૦) હે રાજન્ ! દિવ્યરૂપ ધારી તે ધર્માદિ આ શ્રીહરિની ઈચ્છાથી ક્યારેક પુણ્યવાળા જનોને દર્શન કરવા યોગ્ય થાય છે, સર્વજનોએ હંમેશા દર્શન કરવા યોગ્ય પ્રત્યક્ષ દેખાતા નથી. (૫૧) હે રાજન્ ! આ શ્રીહરિ આ પ્રકારે પૃથ્વીના તળમાં વિસ્મય પમાડનારું પવિત્ર ઐશ્વર્ય વિસ્તારતા, પાખંડનો નાશ કરતા, ચારે તરફથી અધર્મનો નાશ કરતા, ધર્મનું સ્થાપન કરતા, અગણિત પ્રાણિઓના સમુદાયોના અજ્ઞાનમય અંધકારનો તત્કાળ નાશ કરીને, જ્ઞાનરૂપી સૂર્યનારાયણ સ્વરૂપે સર્વોત્કર્ષપણે વર્તે છે. (૫૨)

આ પ્રમાણે શ્રીહરિના ચરિત્રરૂપી અમૃતવાણી, ઉત્તમ કથાના આસ્વાદમાં આસક્ત મત જેમનું છે, શ્રીહરિની મૂર્તિમાં પ્રેમથી તે બંનેનું (તુંગજીત અને મુક્તાનંદ) મન બંધાયેલું છે અને આનંદના પુરથી યુક્ત મુક્તાનંદ તથા રાજા તુંગજીતે સમગ્ર રાત્રી ક્ષણની માફક વીતાવી દીધી. પછી કુકડાનો ધ્વનિ સાંભળીને તે બંને નિત્યવિધિ કરવા ઊઠ્યા. (૫૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રીભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં મુકદાનંદ વર્ણિએ શ્રીહરિના ઐશ્વર્યનું નિરૂપણ કર્યું એ નામે ચોપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૪)



અધ્યાય ૫૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે ભૂપતે ! શ્રીહરિ સવારમાં પોતાના અશ્વ ઉપર બિરાજમાન થઈને, ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તોથી વીંટાઈને સ્નાન કરવા સરોવર પ્રત્યે પધાર્યા. (૧) હે રાજન્ ! પછી ધર્મના પુત્ર શ્રીહરિ સરોવર પ્રત્યે જઈને અશ્વ ઉપરથી ઉતર્યા. પછી શૌચવિધિ કરીને દંતધાવન કરતા હતા. (૨) શ્રીહરિએ પંપા સરોવર સમાન આ મહાસરોવરમાં સ્નાન કરવા ભક્તો સાથે પ્રવેશ કર્યો. (૩) સુગંધના લોભને માટે ચલાયમાન ગુંજારવ કરતા ભ્રમરાઓના સમુદાયોથી વ્યાપ્ત, નાના પ્રકારના કમળોના વનોથી ચારે તરફ શોભાયમાન. (૪)

મધુરધ્વનિ જેમના છે એવા કાંઠા ઉપર રહેલા હંસ તથા સારસપક્ષીઓના ઘોષથી ગાજતું, તથા વિવિધ પ્રકારના પક્ષીઓના મધુર પ્રલાપથી યુક્ત. (૫) જેમાં અગાધ નિર્મળ જળ છે અને જેનાં પગથીયાં બાંધેલા છે એવા ઓવારાઓથી શોભાયમાન, દેવતાઓને પ્રિય (૬) વાયુની વિશેષ ગતિથી કંપાયમાન, પલ્લવોની પંક્તિથી સુંદર, કાંઠાની ભુમિ ઉપર ઉગેલા વિવિધ પ્રકારના વૃક્ષોથી શોભાયમાન. (૭)

વાયુએ પ્રેરણા કરેલા ચંચળ, કાદવે રહિત કાંઠાની ભૂમિમાં અથડાયેલા તરંગોના ઘોષથી અતિ અલંકૃત (૮) આવી રીતે શોભાયમાન તે સરોવરમાં સ્નાન કરતા શ્રીહરિ, પોતાના ભક્તો ઉપર પાણીની

ઝીણી ઝીણી અંજલી છાંટતા અને ભક્તો પણ શ્રીહરિ ઉપર પાણીનું સિંચન કરતા, સ્નાન કરતા હતા. (૯) આવી રીતે સુમંગળ જળકેલી કરતા હતા. સ્નાન કરીને પોતાના હાથ વડે હંમેશા પોતાની પાસે રહેનારા સહચર રત્નજીતનો હાથ ઝાલીને સરોવરના તટ ઉપર શ્રીહરિ પધાર્યા. (૧૦)

પછી મુક્તાનંદ વર્ણિરાજ શ્રીહરિના હાથ-પગ વગેરે કોમળ રૂમાલથી સાફ કરીને શ્રીહરિને પહેરવા માટે ધોયેલા વસ્ત્રો આદરપૂર્વક આપતા હતા.(૧૧) પ્રભુ શ્રીહરિ રમણીય વસ્ત્રો પહેરીને, સુંદર ચંચલ ગતિ જેની છે એવા, અશ્વ ઉપર બિરાજીને શ્રીહરિના પદો ગાતા ગાતા પ્રફુલ્લિત છે મુખ તથા નેત્ર જેમના એવા ત્યાગીઓ તથા ગૃહસ્થો (હરિભક્તો)ની સાથે પોતાના ઉતારામાં પધાર્યા. (૧૩) પછી મુકુંદાનંદ વર્ણિ શ્રીહરિ માટે વસ્ત્રો લાવ્યા તે શ્રીહરિએ ધારણ કર્યાં. (૧૪)

પછી શ્રીહરિ મંડપમાં પધાર્યા. તે મંડપ કેવો હતો ? તે નાના રંગોથી શોભાયમાન વિવિધ પ્રકારની પતાકાઓથી તથા સુવર્ણ કલશોથી અલંકૃત (૧૫) ચાર દ્વારવાળો, કેળના સ્તંભો, પુષ્પના, સુંદર પલ્લવો તથા નાના પ્રકારના સોનેરી વસ્ત્રોથી સમલંકૃત અને એથી જ અતિ સુંદર (૧૬)

એવા મંડપના મધ્ય ભાગમાં કોમળ ગાદલાએ સહિત ઓછાડ વગેરેથી યુક્ત પુષ્પની માળાથી શણગારેલા ઊંચા પોતાના આસન ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. (૧૭) પછી ત્યાગીઓ, ગૃહસ્થો તથા શ્રીહરિના ઉપાસક ભક્તો, તેમ જ અન્ય જનો પણ સભામાં હર્ષપૂર્વક યથાયોગ્ય બેસતા હતા. (૧૮)

ત્યાંના સમગ્ર ભક્તો તથા દેશાંતરથી આવેલા ભક્તો, પુષ્પોના ઉત્તમ તોરા-હાર વગેરે તથા ચંદન-અક્ષત-કુંકુમ તથા અતિ રમણીય વિવિધ ઉપચારોથી શ્રીહરિને પૂજતા હતા; શ્રીહરિની ઉપાસના કરનારી સમગ્ર ભક્ત સ્ત્રીઓ પણ હર્ષથી શ્રીહરિની પૂજા કરતી હતી. (૧૯-૨૦)

પછી તુંગજીત શ્રીહરિને પૂછીને ગૃહસ્થ ભક્તો તથા ત્યાગીઓને જમાડવા માટે બ્રાહ્મણો પાસે રસોઈ કરાવતા હતા. (૨૧) પછી શ્રીહરિએ અમૃતથી પણ વધારે સ્વાદવાળી, ધર્મ-જ્ઞાન-વૈરાગ્યાદિને પ્રકાશ કરનારી, શાસ્ત્ર સંમત શુભ વાર્તા કરી. (૨૨) તે ભક્તો શ્રીહરિની સુંદર વાર્તારૂપી અમૃતના પાનથી અતિ આનંદ પામેલા શ્રીહરિના દર્શનના મહા આનંદથી ક્ષણની માફક દિવસો વીતાવતા હતા. (૨૩)

સાયંકાળે શ્રીહરિ ઉત્સાહથી તાળી વગાડતા પોતાના સમગ્ર જનોની સાથે વિષ્ણુનું નામ સંકીર્તન કરતા હતા. (૨૪) ત્યારબાદ તે ભક્તજનો અચ્યુત શ્રીહરિના દર્શન કરતા મૃગંદ, ઝાંઝ વગેરે વાદ્યો સાથે હરિપદોનું ગાન કરતા હતા. (૨૫) મધ્યરાત્રિ થતા તુંગજીત રાજા વિનયપૂર્વક હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૬)

હે સ્વામિન્ ! મેં ઘણા પ્રકારના પૂજાના ઉપચારો એકઠા કર્યા છે. તેથી આપની પૂજા કરવા માટે મને ઘણી ઈચ્છા છે. (૨૭) હે સત્પતે ! તેથી આપ આપની પૂજા કરવા માટે મને આજ્ઞા આપો. નૃપતિનું આવું વચન સાંભળીને માનવ નાટ્યધારી શ્રીહરિ રાજાને કહેવા લાગ્યા. (૨૮)

હે મહીપતે ! તુંગજીત ! આ શ્રીકૃષ્ણ જયંતી ઉત્સવમાં તો શ્રીકૃષ્ણની બાળ પ્રતિમાનું અર્ચન

કરવાનું કર્તવ્ય કહેલું છે. માટે હાલમાં તે લાવીને અહીં તે મૂર્તિનું પૂજન કરો. (૨૯)

શ્રીહરિનું આવું વચન સાંભળીને તુંગજીત રાજા આ પ્રમાણે કહેવા લાગ્યા. હે પ્રભો ! સ્વયં શ્રીકૃષ્ણ પણ સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ જે તમો તે તમારો અવતાર છે. (૩૦) તેથી તમારી પૂજાવિધિમાં શ્રીકૃષ્ણની પૂજા આવી જ ગઈ. આવી રીતે તેમની નિષ્ઠા જાણીને શ્રીહરિએ મંદહાસ્ય પૂર્વક ''જેમ તમે કહો છો તેમ થાઓ.'' એમ કહ્યું. (૩૧)

તુંગજીત રાજા શ્રીહરિની પ્રસન્નતા જાણીને યથાવિધિ શ્રીહરિનું પૂજન કરવા માટે ઉત્સાહથી પોતાના સેવકજનો પાસે તત્કાળ મહા ઉપચારો મંગાવતા હતા. (૩૨) પછી રાજા શ્રીહરિના ચરણકમળ યુગલને દૂધથી ધોઈને પ્રીતિપૂર્વક મસ્તકમાં ધારણ કર્યાં. તે દૂધ ભાઈઓ વગેરેને આપતા હતા. (૩૩) પછી રાજા કેસર યુક્ત રમ્ય ચંદનથી શ્રીહરિના ભાલમાં પત્ર લતા (ચંદનની અર્ચા પત્રાકારે) કરીને તેના મધ્યમાં કુમકુમનો ચાંદલો કરતા હતા. (૩૪) પછી રાજાએ સોનેરી કસુંબી રંગનો સુરવાળ શ્રીહરિને ધારણ કરાવ્યો. તેવા પ્રકારનું મોળીયું ધારણ કરાવ્યું. તેમાં મણિ તથા મોતીઓના તોરાઓ ધારણ કરાવ્યા. (૩૫) રાજાએ સોનેરી કસુંબી અંગરખું તથા શેલું ઘણી પ્રીતિથી શ્રીહરિને ધારણ કરાવ્યું. (૩૬) સુંદર મણિઓથી કાંતિવાળા સુવર્ણના ઝાંઝરો, કંદોરો, કડા તથા મણિજડિત સુવર્ણની વીંટીઓ વગેરે અલંકારો તુંગજીતે શ્રીહરિને ધારણ કરાવ્યા. (૩૭) પછી રાજાએ ધૂપ, દીપ, તથા નૈવેદ્ય અર્પણ કરીને ઘંટારવ સાથે શ્રીહરિની મહાઆરતી કરી. (૩૮)

અતિપ્રેમથી શ્રીહરિના દર્શન કરતા રાજાને, શ્રીહરિની અનુપમ શોભા જોઈને, તરત જ સમાધિ થઈ. સમગ્ર ગૃહસ્થોને પણ આ પ્રસંગે શ્રીહરિની આવી શોભા જોઈને સમાધિ થઈ. (૩૯) તે સમાધિમાં વિસ્મય પામેલા સર્વેજનો શ્રીહરિની મૂર્તિમાંથી નીકળેલું મહાન અદ્‌ભુત, અતિ પવિત્ર તેજ જોતા હતા. (૪૦) એક જ સમયમાં ઉગેલા કરોડો સૂર્ય, ચંદ્ર સમાન પાપ પુંજનો નાશ કરનારું, દર્શનીય, શરણ્ય. (૪૧) તે મહાતેજના સમુદાયમાં અત્યંત કાંતિમય તથા મધુર અવયવોની શોભાવાળા શ્રીહરિને, શ્રીહરિની ઈચ્છાથી તે સમાધિવાળા સર્વ જોતા હતા. (૪૨) કિશોર અવસ્થાવાળા શાંતાકાર, દિવ્યાનંદના સમુદ્ર, કોટિ ગર્વિષ્ઠ કામદેવોને કિંકર બનાવવામાં સમર્થ; (૪૩) હાથ તથા પગના તળીયાની મહા શોભાથી જેણે ગુલાબ પુષ્પની કોમળતાને જીતી છે. ચળકતા નખરૂપી મણિઓની પંક્તિથી શોભાયમાન આંગળીઓથી શોભતા; (૪૪)

અનેક પ્રકારના સદ્રત્નોથી જડેલા સુવર્ણના અલંકારોથી દેદીપ્યમાન, મોતીઓની માળા ધારણ કરનાર, ધારણ કર્યાં છે અનેક પ્રકારના કંઠના ભૂષણો જેમણે એવા. (૪૫) કમળના પત્રોથી પણ અતિ વિલાસ કરનારાં પ્રેમાર્દ્ર બંને નેત્રો જેમને છે એવા, મંદ હાસ્ય યુક્ત મુખની જે મહાશોભાથી પૂર્ણચંદ્રને વિશેષ લજ્જા પમાડનારા એવા; (૪૬) હે ભૂપતે ! ચારવેદો, શેષાદિક તથા અક્ષર સંજ્ઞાવાળા મુક્તો, ક્યારેય પણ જે શ્રીહરિના સૌંદર્યના અંતને પામતા નથી. (૪૭)

ત્યારબાદ સમાધિવાળા જનો અક્ષરસંજ્ઞાવાળા દિવ્ય મુક્તો જેમણે શ્રીહરિ સન્મુખ હાથ જોડ્યા છે. અને જે શ્રીહરિના દર્શન કરતા ઊભા રહ્યા છે તે મુક્તોને મહા તેજોમય જોતા હતા. (૪૮) તે

દરમિયાન હે રાજન્ ! દૂર ઊભેલી શ્રીહરિનાં દર્શન કરતી હર્ષથી યુક્ત સ્ત્રીઓને પણ સમાધિ થઈ. સમાધિમાં તે સ્ત્રીઓ શ્રીહરિને કૃષ્ણરૂપે જોતી હતી. (૪૯) ગોપીઓ તથા ગોપોના ગણોથી સેવાયેલા, રાધાલક્ષ્મીથી સેવાયેલા, પીતાંબરધારી, નાના મણિઓ જેમાં છે એવા સુવર્ણ વિભૂષણોવાળા, (૫૦) ચણોઠીઓના તોરાઓથી સુંદર, મયુરોના પીંછાના મુગટવાળા, સ્વરની મધુરતા ગર્ભિત મુરલી વગાડતા; (૫૧) આ પ્રકારે જુદી જુદી રીતે સ્ત્રીઓ તથા પુરુષોને અત્યંત સૌંદર્યના સમુદ્ર ઈષ્ટ શ્રીહરિના સમાધિમાં દર્શન થયા અને બે ઘડી પર્યંત અનુપમ આનંદ પામ્યા. (૫૨) પછી હે રાજન્ ! સ્ત્રીઓ તથા પુરુષો, શ્રીહરિની ઈચ્છાથી સમાધિમાંથી જાગ્રત થઈને દેહમાં આવીને અખિલેશ્વર, સુંદર, અશેષ, વંદનીય, શ્રીહરિ પહેલાં જેવા હતા તેવા તેમનાં દર્શન કરતા હતા, અને નમસ્કાર કરતા હતા. (૫૩)

પછી સુંદર સુગંધવાળું ચંદન તથા સુંદર ફૂલોના હાર, કડાં, સુંદર તોરાઓ, કર્ણના ગજરાઓ, નાના પ્રકાના વસ્ત્રો, ભૂષણો તથા અતિ સુંદર મહા મૂલ્યવાળાં પૂજાના દ્રવ્યોથી તે જનોએ શ્રીહરિની હર્ષપૂર્વક પૂજા કરી. (૫૪) પછી શ્રીહરિમાં ભક્તિવાળા યુવતિગણો હર્ષપૂર્વક મહા ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતા હતા. આ પ્રકારે અતિ શ્રેષ્ઠ મહોત્સવથી તે વખતે આશ્રિતોની રાત્રિ હે રાજન્! ક્ષણની માફક વીતી ગઈ. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિએ સરોવરમાં સ્નાન ક્રીડા કરી તે નિરૂપણ નામે પંચાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૫)



અધ્યાય ૫૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી સવારમાં મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. શ્રીહરિ મનુષ્ય નાટ્ય ધારણ કરીને નિત્ય વિધિ કરતા હતા. (૧)

તેટલામાં વર્ણિરાજ મુકુંદાનંદ શ્રીહરિને માટે દૂધમાં સુંદર પાક, શીરો, સુંદર પુરીઓ, રોટલી, લાડુ, રસગુલ્લા, પેંડા, રમણીય બરફી, દૂધપાક, તેમજ મીઠા વિનાનાં શાક તથા રાયતા કરતા હતા. (૩) આ પ્રકારે નાના પ્રકારના પાક કરીને તે ઉપર પાત્રો ઢાંકીને, વર્ણિરાજ શ્રીહરિની સમીપ ગયા. તેટલામાં શ્રીહરિનો આહ્નિક વિધિ સંપૂર્ણ થયો. (૪) પછી શ્રીહરિ સુંદર ચાખડીઓ પગમાં પહેરીને, કેડ્યમાં પીતાંબર વીંટીને, વર્ણિઓના મહાનસમાં પધાર્યા. (૫) પછી શ્રીહરિ સર્વે વર્ણિઓને બરફી, પેંડા વગેરે પીરસીને પછી સાધુઓની મોટી પંક્તિમાં પધાર્યા. (૬)

શ્રીહરિ સાધુઓના હાથમાં રહેલા લાડુ ભરેલા પાત્રોમાંથી લાડુ લઈને સાધુઓને પીરસતા હતા. (૭) શ્રીહરિ સાધુઓને પીરસે છે તે સમયે ત્યાં આવેલા પુરના ભક્તો તેમજ દેશાંતરથી આવેલા ભક્તો શ્રીહરિનું પીરસવાનું નૈપુણ્ય જોઈ વિસ્મય પામ્યા. (૮)

તે વખતે શ્રીહરિની આ લીલાનું દર્શન કરવા આકાશમાં વિમાનમાં બેસીને દેવતાઓ આવ્યા અને આ સમયની શોભા જોઈને પ્રસન્ન થયેલા દેવતાઓ નંદનવનથી લાવેલા પુષ્પોની ત્યાં વૃષ્ટિ કરવા લાગ્યા. (૯) શ્રીહરિ અતિશય ચતુરાઈથી પીરસતા હતા અને સાધુઓની પંક્તિઓમાં વારંવાર ફરતા જાણે અનેકરૂપે હોય ને શું ? એમ જણાતા હતા. (૧૦)

શ્રીહરિની મૂર્તિમાં લગ્ન થયાં છે ચિત્ત જેમનાં એવાં વૈરાગ્યશાળી સાધુઓને તો ક્યારેય કોઈપણ રસાસ્વાદમાં પ્રીતિ ન હતી. (૧૧) ઉત્તમ ભોજનમાં જેમને અત્યંત અરુચિ છે તેવા તે સાધુઓ અવતારી શ્રીહરિના પ્રસાદના માહાત્મ્યથી શ્રીહરિએ પીરસેલું ભોજન જમતા હતા. (૧૨)

(જેવી રીતે માહાત્મ્યના અતિશયથી પુરુષોત્તમની પ્રસાદી જમતા હતા, તેવી રીતે શ્રીહરિ પણ મારી પ્રસાદીની પ્રાપ્તિ તેમને આવા અવસર વિના ક્યાંથી થાય ? એમ વિચાર કરીને બળપૂર્વક તેમના પાત્રોમાં પીરસતા હતા.) હે રાજન્ ! ના, ના, એમ ઊંચા સ્વરથી વારંવાર બોલતા જમનારા સાધુઓના પાત્રોમાં શ્રીહરિ હસતા હસતા પ્રીતિથી લાડુઓ પીરસતા હતા. (૧૩)

તે સમયે વર્ણીન્દ્રે જળથી ભરેલા બે પાત્રો બે ચૂલા ઉપર મૂકીને બંને પાત્રોમાં ઉનું પાણી થયું તે વખતે દૂરથી એકમાં દાળ તથા બીજા પાત્રમાં ચોખા નાખ્યાં. (૧૪)

પછી સમર્થ શ્રીહરિ સાધુઓને ઈચ્છા પ્રમાણે પીરસીને પાર્ષદોની પંક્તિઓમાં પધાર્યા અને હર્ષપૂર્વક સૌને અત્યંત પીરસતા હતા. (૧૫)

પછી વર્ણી મુકુંદાનંદ શ્રીહરિના બંને હાથ તથા બંને ચરણકમળોને હર્ષથી ધોતા હતા. પછી શ્રીહરિએ પોતાના નિવાસમાં જઈને સ્નાન કરી પીતાંબર પહેર્યું. (૧૬)

પછી શ્રીહરિ મહાનસમાં જઈને સુંદર પાટલા ઉપર બેસીને ચોખા ચડી ગયા છે તે જોઈને ભાતની તપેલીને ચૂલા ઉપરથી નીચે ઉતારી. (૧૭) પછી શ્રીહરિ ચઢી ગયેલી દાળમાં મીઠું નાખીને વર્ણીએ આમલી તથા મસાલો આપ્યો તે તેમાં નાખ્યા. (૧૮) શ્રીહરિ એકરસ થયેલી દાળને ચૂલા ઉપરથી નીચે ઉતારીને પછી રાયતાઓમાં પોતે મીઠું નાખતાં હતા. (૧૯)

પછી પોતાના ભક્તો જેમના મુખના દર્શન કર્યા છે એવા શ્રીહરિ વિવિધ પ્રકારના ભોજનો વિષ્ણુને નિવેદન કરીને વારંવાર જળ પીતા પીતા જમતા હતા. (૨૦) પછી શ્રીહરિ દાળની સાથે ભાત, તથા સાકરે સહિત દહીં ભાત તેમ જ દૂધ સાકર સાથે ભાત જમતા હતા. (૨૧) પછી તૃપ્ત થયેલા શ્રીહરિએ, જળથી બંને હાથ તથા મુખ ધોઈને બ્રહ્મચારીએ આપેલો મુખવાસ ગ્રહણ કર્યો. (૨૨)

પછી સોનેરી કસુંબી વસ્ત્રો પહેરીને સભામાં આવીને પોતાના ઉત્તમ આસનમાં શ્રીહરિ બિરાજ્યા. (૨૩) પછી હે રાજન્ ! સુંદર દિવ્ય સભામાં શ્રીહરિના દર્શનમાં તત્પર સમગ્ર ત્યાગીઓ પોત પોતાની મર્યાદા પ્રમાણે બેઠા. (૨૪) હે રાજન્ ! તેટલામાં હજારો બ્રાહ્મણો તથા સર્વે ભક્તો જમીને સભામાં આવીને યથાયોગ્ય બેઠા. (૨૫)

પછી શ્રીહરિ વેદશાસ્ત્રાનુસારી સુધાથી પણ વધારે રસવાળી ધર્માદિ સંબંધી વાતો કરતા હતા. (૨૬) હે રાજર્ષે ! શ્રીહરિ સાયંકાળે શ્રીકૃષ્ણની આરતી થયા પછી પોતાના આસનમાં બિરાજીને પોતાના ભક્તોને આવી રીતે ઉપદેશ વચનો કહેતા હતા. (૨૭)

હે ભક્તો ! તમો બધા સવારે પોતપોતાના દેશ પ્રત્યે જાઓ. અને પોતાના ધર્મનું પાલન કરીને હંમેશા શ્રીહરિનું ભજન કરજો. (૨૮)

તુંગજીત રાજાએ અત્યંત સ્નેહથી જન્માષ્ટમીના ઉત્સવમાં અગાઉથી જ બોલાવેલા રામાનંદ મુનિના શિષ્ય, બુદ્ધિશાળી, ભક્તેન્દ્ર, નૈષ્ઠિક વ્રતધારી, કારીયાણી ગામના અધિપતિ ખટ્વાંગ રાજાએ પણ તે સમયે જવાની ઈચ્છા કરી. (૨૯-૩૦) માંગરોળપત્તનમાં જન્માષ્ટમી ઉપર આવેલા તે રાજાએ શ્રીહરિનો પ્રતાપ જોયો હતો અને શ્રીહરિના આશ્રિત થયા હતા. (૩૧)

રમણીય માણાવદરમાં જન્માષ્ટમીના મહોત્સવમાં ફરીથી આવીને શ્રીહરિનો ઘણો પ્રતાપ તેમણે જોયો હતો. (૩૨) તે ખટ્વાંગ રાજા ફરીથી અહીં આવ્યા. શ્રીહરિને પોતાના પુરમાં લઈ જવાની ઈચ્છાથી, શ્રીહરિની સમીપ આવીને હાથ જોડીને શ્રીહરિને નમસ્કાર કરીને આ પ્રમાણે તેઓ બોલ્યા. (૩૩)

હે પ્રભો ! વાત્સલ્યના સમુદ્ર, તમારે શરણે આવેલો હું જે આપનો દાસ, મારી ઉપર કૃપા કરીને મારા પુરમાં પધારો. (૩૪) હે પીડાનો નાશ કરનાર ! મુનીંદ્રાદિથી યુક્ત તમારી સેવાથી જ મારો જન્મ તથા દ્રવ્ય વગેરે સફળ કરવાને ઈચ્છુ છું. (૩૫)

ખટ્વાંગ રાજાએ આ પ્રમાણે પ્રાર્થના કરી તેથી શ્રીહરિ પ્રસન્ન થયા, અને રાજા પ્રત્યે આ પ્રમાણે વચન બોલ્યા. હે રાજર્ષિ સત્તમ ! તમારા પુરમાં હું જરૂર આવીશ. (૩૬) હમણાં તો મેં અહીં રહેવા માટે પ્રતિજ્ઞા કરી છે. માટે હે નૃપતે ! આ પુરમાં પ્રબોધનીનો શ્રેષ્ઠ ઉત્સવ કરીને, (૩૭)

માર આશ્રિતો સાથે હું નિશ્ચય તમારા પુર પ્રત્યે આવીશ. તમારા જેવા એકાંતિક ભક્તોની સાથે રહેવું મને અતિપ્રિય છે. (૩૮) પ્રસન્ન થયેલા શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી ખટ્વાંગ રાજા શ્રીહરિને પ્રણામ કરીને હે રાજન્ ! દશમી તથિને દિવસે સવારે પોતાના પુર પ્રત્યે જવા માટે નીકળ્યા. (૩૯) અતિ વિશાળ બુદ્ધિવાળા, પોતાના હૃદયમાં અતિ રમણીય પરમાત્મા જેમણે પોતાનું ઐશ્વર્ય તેમને બતાવ્યું હતું તેમને માર્ગમાં સંભારતા ચાલતા ચાલતા બીજા દિવસે એટલે એકાદશીને દિવસે રસ્તામાં આવેલા અતિ રમણીય ગઢપુર પ્રત્યે ખટ્વાંગ રાજા આવ્યા. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિકૃત પરિવેષણાદિ લીલા નિરૂપણ નામે છપ્પનમો અધ્યાય સંપૂર્ણ. (૫૬)



અધ્યાય ૫૭ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! પશ્ચિમ પંચાલ એ નામની પ્રસિદ્ધ સર્વદેશોમાં ઉત્તમ આ ભૂતલમાં રમણીય દેશ છે. (૧) સ્વર્ગ સમાન તે પ્રદેશ અતિ રમણીય નાના પ્રકારના મણિઓની ખાણોથી યુક્ત, વિવિધ પ્રકારની નદીઓ, પર્વતો, અરણ્યોથી શોભાવાળો, મનોહર ગ્રામ તથા નગરોથી અભિરામ અત્યંત શોભે છે. (૨) અતિશય સમૃદ્ધિથી સંપન્ન પશ્ચિમ પંચાલ દેશમાં પવિત્ર ક્ષેત્રો તથા ઉન્મત્ત ગંગાદિ તીર્થો છે. જ્યાં અનેક પ્રકારના ધાન્યની ઉત્પત્તિથી ખેતરો, શોભાયમાન દીસે છે. તેમાં પણ અત્યંત ઉત્કૃષ્ટ તલની ઉત્પત્તિથી વિશેષ શોભે છે. (૩) જે દેશનો ભૂમિપટ હંમેશા લીલા તૃણોથી છવાયેલો, સ્વાભાવિક શોભાયમાન, ચંદ્રન જેવી સફેદ ગાયો તથા રાજહંસોથી તેમજ શ્યામ મણિઓના પર્વત પ્રદેશોથી શોભે છે. (૪) ઘણી સંપત્તિથી શોભાયમાન, તેથી ગર્વ સહિત જે દેશ, બરફની માફક સફેદ, ચારેય બાજુએ સુંદર ગાયોના ઘણથી શોભતો, અન્ય પ્રદેશનો જાણે અનાદર કરીને હસતો હોય ને શું ? એમ શોભે છે. (૫)

જે દેશમાં અતિ નિર્મળ સરોવરો, નાના પ્રકારના ઉત્તમ પુષ્પો મનોહર પત્રલતાઓ વગેરેને ધારણ કરતી પૃથ્વીના સુંદર વિલાસો દર્પણના જેવા સ્વચ્છ. (૬) કૃષ્ણ સાર મૃગો જ્યાં ચરે છે અને તેથી યજ્ઞની યોગ્યતાને ધારણ કરતો, દેવતાઓના ઘોડાઓના ગર્વને હણનારા પોતાના પ્રદેશમાં ઉત્પન્ન થયેલા કુલીન અશ્વોથી અત્યંત શોભતો (૭) જે દેશમાં, હાથીની ઉપમા આપવા યોગ્ય, હાથણી જેવી અત્યંત દૂધવાળી ભેંસો શોભે છે, જે દેશમાં આવેલા ભિક્ષુકોના મનોરથો વિફળ થતા નથી. (૮) અતિ મધુર સ્વરથી જે દેશની સ્ત્રીઓ હરિ પદો ગાવામાં પ્રવિણ છે, જે વિશેષપણે લજ્જાવાળી છે. જ્યાં ક્ષત્રિય શ્રેષ્ઠ પુરુષો ધીરજવાળા-શૌર્યવાળા છે. (૯)

જે દેશમાં કેવળ સ્પર્શથી જ પ્રાણીઓ પાપના સમૂહોને હણનારી, આ લોકમાં વિશુદ્ધિની કામનાઓવાળાએ સેવા કરવા યોગ્ય, પ્રસિદ્ધ નદી શોભાયમાન છે. (૧૦) શિલાઓમાં અથડાતા જે તરંગોના ધ્વનિઓરૂપી ખડખડાટ હસવું જેનું છે એવી, ફીણોરૂપી મંદહાસ્યથી શોભાયમાન, શોભાયમાન જળની ભમરીઓ જેમાં છે એવી, મનોહર, ચંચળ તરંગોના વિલાસવાળી (૧૧) મોતીઓની માફક સ્વચ્છ જળવાળી, અતિ પવિત્ર, કોઈ પ્રદેશમાં ગંભીર નિશ્ચલ જળ વડે રમણીય, વળી કોઈ ઠેકાણે વેગથી જેનાં સ્વચ્છ જળ ઉછળે છે એવી, કોઈ ઠેકાણે ગંભીર નાદવાળી, કોઈ ઠેકાણે ભયંકર શબ્દવાળી, (૧૨) કોઈ પ્રદેશમાં સ્ફટિકમણિના જેવા પ્રવાહોથી તથા કોમળ રેતીથી શોભાયમાન કોઈ પ્રદેશમાં સારસ, ચક્રવાક, હંસ વગેરે નાના પ્રકારના પક્ષીઓથી વિશેષ ઘોષ કરતી. (૧૩)

વિશાળ નદીના કાંઠા નીમ વૃક્ષો તથા બીજા વિવિધ વૃક્ષોથી શોભે છે, કોઈ ઠેકાણે પ્રફુલ્લિત કમળોથી જેનુ જળ ઢંકાયેલું છે એવી, કોઈ ઠેકાણે વિવિધ પ્રકારના કુમુદ તથા કલ્હાર કમળ વગેરે અનેક પ્રકારના કમળોથી વ્યાપ્ત (૧૪) કોઈ પ્રદેશમાં સફેદ કમળોના કોશોથી શોભતી, નાશ પામ્યું છે કાલુષ્ય જેમાંથી તેવો છે જળનો પ્રવાહ જેનો એવી, વૃક્ષોના ફળો, નવપલ્લવો, પુષ્પો તથા વિવિધ

પ્રકારના ગુચ્છાઓથી વિશેષ કાંતિવાળી (૧૫) સર્પો તથા મગરોના સમુદાયો તેમજ ચંચળ માછલા, કાચબાઓ તથા બીજા જળ જંતુઓના સમૂહોથી સેવાયેલી, જળનિધિની અત્યંત પ્રિય પટ્ટરાણી. (૧૬)

દેવોએ સેવેલી, નદીઓમાં શ્રેષ્ઠ, આ ઉન્મત્ત ગંગાના સુંદર ઉત્તર કાંઠા ઉપર મનોજ્ઞ, સ્વર્ગની શોભાને તિરસ્કૃત કરનારું નગર છે. (૧૭) શ્રીકૃષ્ણ ભગવાનના પ્રાદુર્ભાવ સમયમાં આ ગઢપુર નગર દ્વારિકાનું પ્રસિદ્ધ શાખા નગર હતું. શ્રીકૃષ્ણ નામના વસુદેવના પુત્ર અચ્યુત ભગવાનનું હંમેશ વિહારનું આ સ્થાન હતું. (૧૮) ચારેય તરફ ખાઈથી વ્યાપ્ત, માટે જ શત્રુઓને અગમ્ય, ચારેય વર્ણો તથા આશ્રમોના નિવાસોથી વિશેષ શોભતું, સર્વદા આનંદથી યુક્ત, જનોના સમુદાયોથી વ્યાપ્ત, શોભામમાન અટારીયો તથા ઊંચા રાજમહેલો જેમા છે એવું. (૧૯)

વિશાળ રાજમાર્ગોથી અત્યંત શોભાયમાન, વિવિધ પ્રકારની શેરીઓ, આંગણાં તથા સુંદર મંદિરો જેમાં છે એવું, સુંદર તોરણો તથા દ્વારો તેમજ અત્યંત શોભતા કિલ્લાઓ તથા મોટા સુંદર દરવાજાઓથી અતિશય શોભતું. (૨૦) સુંદર રાજમાર્ગમાં ચાલતા વિવિધ પ્રકારના મનોહર અલંકારોથી શોભાયમાન, રથાદિ વાહનોથી વિશેષ શોભાયમાન, તથા વાયુના વેગવાળા અશ્વોથી શોભાયમાન (૨૧) શોભાયમાન પતાકાઓની પંક્તિઓથી રમણીય, વિવિધ પ્રકારની દુકાનોની પંક્તિઓથી યુક્ત, વાવ્યો તથા બગીચાઓથી શોભાયમાન, તેમાં શોભાયમાન પાણીના હોજો તથા ઘરના નાના બગીચાઓ તેમજ ચોતરફ રમણીય ઉપવનોથી યુક્ત (૨૨) અતિ ઉન્નત હવેલીઓની ઘાટી છાયાથી ટાળી નાખ્યો છે. તીવ્ર તાપ એવું, શરદ ઋતુના વાદળની માફક સફેદ વિશાળ સભાસ્થાનો જેમાં છે એવું, શોભાયમાન જાળીયાવાળાં ભુવનોમાં સમુદાયોથી અતિ સુંદર. (૨૩)

રાધાકૃષ્ણાદિ દેવ મંદિરોમાં વાગતા શ્રોત્રેન્દ્રિયને અભિરામ મૃદંગ, સતાર, તંત્રી વગેરે વાદ્યોથી યુક્ત સપ્તસ્વર, ગ્રામ, વિમૂર્ધનાદિ યુક્ત ગીતોથી અતિ ગુંજતું (૨૪) જે દેવાલયોમાં સરસ્વતી સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં શ્રીકૃષ્ણ તથા રાધિકાની સ્તુતિ કરે છે. સંસ્કૃત વાણીમાં શ્રીકૃષ્ણની અને શુદ્ધ પ્રાકૃત ભાષામાં રાધિકાની સ્તુતિ કરે છે. (૨૫)

વળી જે મંદિરોમાં શ્રીરાધા તથા શ્રીકૃષ્ણ દેવાંગનાઓના નાટ્ય પ્રયોગો જુએ છે, જે નાટ્ય પ્રયોગોમાં નાટ્ય શાસ્ત્ર અનુસાર પ્રસિદ્ધ મુખ, પ્રતિમુખ, ગર્ભ, સાવમર્ષ તથા ઉપસંકૃતિ નામના પાંચ વૃત્તિભેદ પ્રકટ કરેલ હોય છે; વળી શૃંગારાદિ જુદા જુદા રસો વિભિન્ન વસંત, લલિત વગેરે રાગોનું એ નાટ્ય પ્રયોગોમાં શાસ્ત્ર પદ્ધતિથી ગાન કરાયું છે અને જુદા જુદા રૂપકોથી એ નાટ્ય પ્રયોગો શોભી રહ્યા છે. વળી જેમાં દેવાંગનાઓના અંગોના સુંદર ભાવથી યુક્ત વિલાસો પણ શોભી રહ્યા છે. (૨૬)

હે રાજન્ ! જે ગઢપુરમાં સુંદર સિંહાસનમાં બિરાજેલા આશ્રિતજનોથી વીંટાયેલા અતિ મહાન ધર્મના પુત્ર શ્રી સહજાનંદ પ્રગટ ભગવાનની પાસે બેસીને હું (શુકાનંદમુનિ) હંમેશા પુણ્યમયી સુંદર કથા પ્રીતિપૂર્વક કરતો હતો. તે ગઢપુરનું વર્ણન મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું છે. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં ઉન્મત્ત ગંગા, દુર્ગપુર, વર્ણનાદિ નિરૂપણ નામે સત્તાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૭)



અધ્યાય ૫૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આવા શોભાયમાન ગઢપુરમાં બાણ નામનો રાજા હતો. રાજીમતી નામની તેમની સ્ત્રી થકી અતિ પ્રતાપશાળી, મહાબુદ્ધિશાળી, ધર્માદિ ગુણોમાં વિચક્ષણ, ભગવાનની પ્રસન્નતામાં કારણરૂપ ગુણથી યુક્ત, અભય નામનો પુત્ર ધર્મમાં વીરો મધ્યે શ્રેષ્ઠ, વિષ્ણુનો ભક્ત અતિ શૌર્યવાળો હતો. (૧-૨) હે રાજન્ ! તેમના પિતાના આશ્રયવાળા જ્યોતિષ શાસ્ત્રને જાણનારા બ્રાહ્મણોનું બાણરાજાએ યથાયોગ્ય દાનથી સન્માન કર્યું. એટલે તે બ્રાહ્મણો ઉત્સાહથી બાણરાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩-૪) હે રાજન્ ! આ તમારા પુત્ર મંગળ ગ્રહયોગને જોનારા અમને સર્વેને આ પ્રમાણે નિશ્ચિત પ્રતિભાસ થાય છે. (૫) પૂર્વ જન્મમાં મહાબુદ્ધિશાળી જે નૃગ નામનો રાજા હતો. તે અતિ પવિત્ર નૃગ રાજા આ તમારા પુત્ર રૂપે ફરીને થયા હોય ને શું ? એમ જણાય છે. (૬)

હે રાજન્ ! આ તમારો પુત્ર પ્રત્યક્ષ ભગવાનનો એકાંતિક ઉપાસક થશે. તે ભગવાનને પોતાનું સર્વસ્વ દાન કરવામાં બલી રાજાની સમાન થશે. (૭) હે રાજન્ ! આ તમારો પુત્ર મનુનો પુત્ર ઈક્ષ્વાકુ રાજાની પેઠે સર્વ પ્રકારે પ્રજાનું રક્ષણ કરનારો થશે. બ્રાહ્મણનું હિત કરવામાં આ પુત્ર રઘુ રાજા સમાન થશે. (૮) ઉશીનર દેશના અધિપતિ શિબી રાજાની જેમ આ પુત્ર શરણાગતનું રક્ષણ કરનાર તથા દાતા થશે. ધનુષ્ય ધારીઓમાં અગ્રેસર કૃતવીર્યના પુત્ર સહસ્ત્રાર્જુન સમાન થશે. (૯)

હે ભૂપતે ! આ પુત્ર પરાક્રમમાં સિંહ સમાન, અગ્નિની માફક કોઈનાથી પરાભવ ન પામી શકે એવા, આ માતાપિતાની માફક સહનશીલ થશે. (૧૦)

પ્રસન્નતામાં શંકર સમાન, સમતામાં બ્રહ્મ સમાન, સંન્યાસીની માફક ધર્મિષ્ઠ તથા ઉત્તમ પ્રજાવાળા થશે. (૧૧) તેજ, બલ, પ્રતાપ એ આદિક ગુણોથી યુક્ત આ પુત્ર થશે. હે રાજન્ ! આ પુત્રના ઘણા ગુણોનું શું વર્ણન કરીએ ? (૧૨) પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામનારા સર્વ કારણના કારણ ભગવાન, ઘણા પુણ્ય ઉદયવાળા તમારા પુત્રની દૃઢ ભક્તિથી તેમને વશ થશે. (૧૩)

પ્રભુ શ્રીહરિ આપનું ભુવન રાજ્ય વગેરે પોતાનું માનીને જ આ પુત્રના અત્યંત સ્નેહથી બંધાઈને એમના ઘરમાં જ રહેશે. (૧૪)

આ પ્રકારે બ્રાહ્મણોએ કહ્યું પછી બાણરાજાએ તે બ્રાહ્મણોને સોનામહોરો તથા રૂપાની ઘણી મુદ્રાઓ (રૂપિયા) આપી તે બ્રાહ્મણો મુદ્રાઓ લઈને પોતાના સ્થાનમાં ગયા. (૧૫)

આવા ગુણોથી યુક્ત મહાયશવાળા અભય નૃપતિ કારિયાણીપુરના નાગેશ રાજાની પૂર્ણા રાણી

થકી ઉત્પન્ન થયેલી ગુણયુક્ત રમણીય કન્યા સુરપ્રભાને પરણ્યા. (૧૬-૧૭) વિવેકી અભય રાજા બોટાદના અધિપતા રણગામી રાજાની પ્રસિદ્ધ કન્યા સોમાદેવી સાથે પણ પરણ્યા. (૧૮)

બંને પત્નીઓ પતિવ્રતા ધર્મમાં નિષ્ઠાવાળી હતી. અરૂંધતી, સાવિત્રી અને અનસૂયાને તુલ્ય તે બંને સ્ત્રીઓ હતી. (૧૯) કુંતિની માફક પરમ પ્રીતિપૂર્વક શ્રીહરિની અતિ નિશ્ચલ ભક્તિ કરતી બંને સ્ત્રીઓ સમગ્ર પતિવ્રતા સ્ત્રીઓને વંદનીય બની. (૨૦)

તે બંને સ્ત્રીઓમાંથી સુરપ્રભા નામની પટ્ટરાણીથી રૂપ, શીલ, ગુણથી યુક્ત ચાર કન્યાઓ તે રાજાને થઈ. (૨૧) તે ચાર કન્યાના નામ જયા, લલિતા, પાંચાલી અને ચોથી નાની એ પ્રમાણે હતા. (૨૨) તે ચારમાં પહેલી જયાનાં જન્મ સમયમાં જ્યોતિષશાસ્ત્રોમાં શ્રેષ્ઠ બ્રાહ્મણો શાસ્ત્ર પ્રમાણે જન્મ લગ્ન કરતા હતા. (૨૩) તેનો ભાગ્યોદય કહેનારા અને ઊંચા સ્થાનમાં રહેલા તથા અસ્તપણાને નહિ પામેલા તેના ગ્રહોને જોઈને, બ્રાહ્મણો તેના પિતાને અભય રાજાને આ પ્રમાણે કહેતા હતા. (૨૪)

હે ભૂપતે ! આ જન્મપત્રીમાં શુભ ગ્રહોનો સર્વોત્તમ યોગ જોઈને અમારા હૃદયમાં ઘણો વિચાર થાય છે. (૨૫) હે મહામતે ! જેથી સારા યોગને જોનારા અમોને આ કન્યા મનુષ્યની કન્યા જેવી નથી લાગતી. તેમજ દેવકન્યાને તુલ્ય પણ નથી. આ પ્રકારે નિશ્ચય ભાસે છે. (૨૬) અન્ય સમાન નહિ એવા અપ્રાકૃત ગુણો જેનામાં છે અને અતિ સુંદર સ્વભાવથી અત્યંત શોભતી આ તમારી કન્યા છે એમ જાણો. (૨૭)

આવી રીતે બ્રાહ્મણોએ કહ્યું તેથી પ્રસન્ન થયેલા જયાના પિતા બ્રાહ્મણોને 'જન્મ લગ્નમાં જે યોગ આવ્યા હોય તે મને કહો.' એમ તેમને કહેતા હતા. પછી બ્રાહ્મણો અભય રાજા પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૮) હે રાજન્ ! જીવોના આત્યાંતિક મોક્ષને માટે આ પૃથ્વી ઉપર જેમનો પ્રાદુર્ભાવ થશે અને વળી તમારા આ ભુવનમાં જ જે રહેશે એવા પ્રત્યક્ષ રમાપતિ, યોગીઓને પણ દુર્લભ, પવિત્ર, સકળ પુરુષાર્થને આપનારા, પરમેશ્વરની હંમેશા સેવા સંબંધ આ તમારી પુત્રી પામશે. (૨૯-૩૦) હે રાજન્ ! આ તમારી પુત્રી પ્રભુ શ્રીહરિની પ્રતિદિન શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિ કરવામાં જાણે મૂર્તિમતી શ્રદ્ધા હોય ને શું ? એમ થશે. (૩૧)

હે રાજર્ષે ! તમારી પુત્રી સાક્ષાત્ ભગવાનમાં સ્નેહાધિક્યથી લક્ષ્મીજી તુલ્ય થશે. (૩૨) આ તમારી પુત્રી પ્રત્યક્ષ નારાયણના માહાત્મ્યના જ્ઞાનમાં તથા દાસપણે અનુવર્તવામાં લક્ષ્મીને પણ આશ્ચર્ય પમાડનારી તમારી પુત્રી પાસેથી શ્રીહરિની વાતો સાંભળીને તેમ જ તમારી પુત્રીનું શરણું લઈને સધવા સ્ત્રીઓ પતિવ્રતાપણાનું પાલન કરશે. (૩૩-૩૪) તેવી રીતે આ તમારી પુત્રીના સમાશ્રયથી વિધવા સ્ત્રીઓ સદા અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાલન કરીને શ્રીહરિને ભજશે. (૩૫)

આ પુત્રી બ્રહ્મવિચાર કરવામાં બ્રહ્માની કન્યા સરસ્વતી તથા બીજી ધારિણી સમાન થશે. (૩૬) ક્ષાંતિમાં પૃથ્વીની ઉપમા યોગ્ય થશે. વળી સર્વ અવસ્થામાં સર્વકાળે સમાધિ દ્વારા પ્રત્યક્ષ નારાણના દર્શન કરશે. (૩૭) ભગવાનની કૃપાથી ઘણી સ્ત્રીઓના પ્રાણ તથા નાડીઓ ખેંચી તમારી આ પુત્રી તે સ્ત્રીઓને

શ્રીહરિના દર્શન કરાવશે. (૩૮) આવી રીતે આવી અપૂર્વ સામર્થીથી આ તમારી પુત્રી સર્વ યોગ કલાવિધિમાં અનુપમ અને સદા નિર્મળ થશે. (૩૯) આ પ્રમાણે લલિતાના જન્મ સમયે જ્યોતિષ જાણનારા બ્રાહ્મણોએ જન્મપત્રિકા જોઈને તેમના પિતાને આ પ્રમાણે કહ્યું. (૪૦)

હે રાજન્ ! શુભ ગ્રહોના યોગથી આ તમારી પુત્રી બીજી સાધારણ સ્ત્રીઓ જેવી નથી. આ પ્રમાણે શાસ્ત્ર વાક્યથી જણાય છે. (૪૧) પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિમાં આ પુત્રીને અત્યંત પ્રેમ હોવાથી રાધાની તુલ્ય તે શ્રીહરિની એકાંતિક ભક્ત થશે. (૪૨) હે રાજન્ ! શ્રીહરિની સેવા કરવામાં પ્રવીણ તથા શિલ્પ નૈપુણ્યમાં (પુષ્પના હાર, ચંદન ઘસવું-વિવિધ પ્રકારની સેવામાં નિપુણતારૂપી શિલ્પપણું) નિશ્ચય લક્ષ્મીજીની માફક ઉત્તમ થશે. (૪૩)

આ કન્યા શ્રીહરિની ભક્તિમાં હંમેશા શ્રદ્ધા તથા આદર યુક્ત થશે. સમગ્ર દોષે રહિત લજ્જા તથા સંતોષથી શોભનારી આ કન્યા થશે.(૪૪) હે રાજન્ ! જે ગુણો જયામાં કહ્યા છે તે જ ગુણો આ કન્યામાં પણ આવશે. માટે શાસ્ત્ર દર્શન પ્રમાણે અમોને જયાની માફક લલિતાનું ભવિષ્ય જણાય છે. (૪૫) અભય ભૂપતિ આ પ્રકારે જયા તથા લલિતાના ગુણો સાંભળીને હર્ષપૂર્વક બ્રાહ્મણોને વસ્ત્ર તથા ભૂષણો આપતા હતા. તે બ્રાહ્મણો તેને ગ્રહણ કરી પોતાના સ્થાનો પ્રત્યે ગયા. (૪૬)

હે રાજન્ ! બાલ્યાવસ્થામાંથી જ વૈધવ્ય પ્રાપ્ત થવાથી આ બંને નિષ્પાપ બહેનો બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીને પિતાના ગૃહમાં રહેતી હતી. (૪૭) હંમેશાં કૃચ્છ્રાદિ વ્રતો શ્રદ્ધાથી કરતી, મહા વૈરાગ્યથી શબ્દાદિ ઈન્દ્રિયોના વિષયોમાં અત્યંત અનાસક્તવાળી અને શુભાશયવાળી. (૪૮)

રમાપતિની પતિભાવથી સેવા કરતી. મહા બુદ્ધિશાળી, લક્ષ્મીપતિની મૂર્તિમાં અત્યંત આસક્ત ચિત્તવાળી (૪૯) ભગવાન વિના બીજા રૂપને કુષ્ટાદિ જેવા જાણતી, દૃષ્ટિ નીચી રાખીને પુરુષોથી દૂર ચાલતી આ બંને બહેનોને (૫૦) નાના પ્રકારના સ્વાદુ ભોજન, દ્રવ્ય, ભૂષણો, અંબરો, તથા રાજ્યના મિથ્યા સુખમાં લેશ પણ રુચિ ન હતી. (૫૧)

જયા-લલિતા બન્નેને લોક ભોગાદિ સમગ્ર પદાર્થ, ક્લેશના સ્થાનભૂત અને નાશવંત છે. એમ નિશ્ચય કરીને શ્રીહરિમાં સર્વોત્તમ પ્રીતિ કરતા હતા. (૫૨) સર્વે ક્રિયા પણ હંમેશા શ્રીહરિની ભક્તિને અર્થે જ કરતી તે બંને બહેનો હંમેશાં સર્વ ઈન્દ્રિયો શ્રીહરિમાં જોડતી હતી. (૫૩) ધર્મમાં નિષ્ઠાવાળા, સચ્છાસ્ત્રોના શ્રવણ, કીર્તનમાં આદર જેમનો છે એવી ઘણા ગુણો જેમના છે એવી તે બંને બહેનો, ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવામાં જ આસક્ત હતી. (૫૪) તે રાજાની જયા-લલિતા બંને પુત્રીઓ આવા મહાન ગુણોથી યુક્ત હતી. તેથી તેમના ભુવનમાં પ્રત્યક્ષ શ્રીહરિ નિવાસ કરીને રહ્યા. હે રાજન્ ! તમો તથા અન્ય જનોએ આ વાત નિશ્ચય જાણી છે. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં અભય રાજા તથા જયા લલિતાના ગુણ નિરૂપણ નામે અઠ્ઠાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૮)



અધ્યાય ૫૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અભય રાજાને સોમા દેવી નામનાં બીજા પત્નીથી પુત્ર થયો તે પાછળથી 'ઉત્તમ' નામે પ્રસિદ્ધ થયા. તેના જન્મકાળમાં વિદ્વાન બ્રાહ્મણો યથાર્થ જન્મ લગ્ન કરતા હતા. (૧) જન્મ લગ્નમાં આવેલા ગ્રહોનો યોગ જોઈને, જ્યોતિષીઓ હર્ષપૂર્વક પોતાના મસ્તકો આનંદથી હલાવતા હતા, તેથી અભય રાજા તેમને પૂછવા લાગ્યા. હે બુધો ! કેવો યોગ છે ? (૨) પછી તે બ્રાહ્મણો પ્રસન્ન ચિત્તથી જન્મ લગ્ન પત્રિકા વાંચીને અભય રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩)

આ તમારો પુત્ર અતિશય ભાગ્યશાળી છે. સર્વ ગ્રહોના યોગથી આ પુત્ર મહાન થશે. (૪) હે ભૂપતે ! આ તમારો પુત્ર પ્રશાંત, મંદ હાસ્ય પૂર્વક દૃષ્ટિથી જ સર્વને અત્યંત સુખી કરીને લોકોને વશ કરશે. (૫) આરંભેલા કાર્યને સદા પુરુ કરવામાં આ પુત્ર, ગુપ્ત મંત્રવાળા, વિચક્ષણ, મહાબુદ્ધિશાળી વરુણ સમાન થશે. (૬)

શત્રુઓથી સદા અજેય, અગ્નિ જેવા દુઃસહ એવા શૌર્ય, ધૈર્ય, પ્રતાપાદિ ગુણયુક્ત આ પુત્ર થશે. (૭) ધર્મશાસ્ત્રમાં કહેલા અદંડ્યનો (જે દંડવા યોગ્ય નથી તેનો) દંડ નહિ જ કરે. પ્રજાની સ્થિતિ માટે જે દંડવા યોગ્ય છે તે જો પોતાનો પુત્ર હશે અથવા શત્રુ હશે તો પણ તેને દંડશે. (૮) આ તમારો પુત્ર શૌર્યમાં કાર્તવીર્યના સમાન (સહસાર્જુન સમાન,) નીતિમાં વિદૂરની ઉપમા આપવા યોગ્ય, અને ધર્મમાં યુધિષ્ઠિર રાજાની સમાન થશે. (૯)

આ તમારો પુત્ર સ્તુતિ નિંદાને સમાન જાણવામાં પૃથુરાજાની જેવા, અને સાંખ્યજ્ઞાનના વિચારમાં જનક તુલ્ય થશે. (૧૦)

હે રાજન્ ! આ તમારો પુત્ર શ્રીહરિની નિષ્કામ ભક્તિમાં તેમજ ભગવાનના ધ્યાનમાં આગ્રહમાં પ્રહલાદ તુલ્ય થશે. (૧૧) આ તમારો પુત્ર પોતાના સુંદર સ્વભાવથી પ્રજાને રંજન કરશે. તેથી રાજાની સંજ્ઞાને સાર્થક કરશે એમ જાણો. (૧૨) આ તમારો પુત્ર બ્રાહ્મણોનું હિત કરનાર, સત્ય પ્રતિજ્ઞાવાળા, વિદ્યાદિ ગુણથી વૃદ્ધનું સેવન કરનાર, દૃઢવ્રતવાળા, મનુષ્યોનું હિત કરનાર, દીન જનોનો પ્રતિપાળક થશે. (૧૩) આ તમારો પુત્ર પોતાની પ્રજા પ્રત્યે પિતાની માફક પ્રીતિવાળા, બ્રહ્મવાદીઓના સેવક, દુર્જનોને યમ જેવા ભયંકર નિશ્ચય થશે. (૧૪)

મિત્રોને આનંદ આપનારા જનોએ પ્રાર્થના કરવા યોગ્ય છે. દર્શન જેમના એવા, આ તમારા પુત્ર સર્વ પ્રકારના સંગનો ત્યાગ કરનારા મહાત્માઓનો પ્રસંગ કરનારા થશે. (૧૫)

હે રાજન્ ! આ તમારો પુત્ર મન, વાણી અને શરીરની સુંદર વૃત્તિઓથી (વ્યાપાર) ચંદ્રમાની જેમ પ્રાણીઓના તાપને શમન કરનારા થશે. (૧૬) ત્રણ પ્રકારનું ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ધર્મ જે મન, વાણી અને શરીરના સ્થાનભૂત મનમાં રહેલા છે, અને જે કર્મ તે ત્રણના સંબંધથી (મન, વાણી

અને શરીરના દશ પ્રકારનું થાય છે, એ મનને તમારા આ પુત્ર વશ નહીં થાય. (મન એ કર્મની પ્રવૃત્તિમાં કારણ છે. ''तस्माद् यत् पुरुषो मनसाऽभिगच्छति तद्वाचा वदति तत्कर्मणा करोति'' મનથી નિશ્ચય કરે છે, તે વાણીથી બોલે છે, અને તે ક્રિયાથી કરે છે. માટે મન એ ક્રિયાનું કારણ છે. પારકાનું દ્રવ્ય હરી લેવાનું ચિંતવન, દેહ એ જ આત્મા છે. એવો અભિનિવેશ, એ ત્રણ પ્રકારના માનસકર્મ છે, કઠોર ભાષણ કરવું, જૂઠું બોલવું તથા ચાડી ચૂગલી કરવી તથા અસંબદ્ધ બોલવું, એ પ્રકારનું વાણીનું કર્મ છે, ચોરી કરવી, હિંસા કરવી તથા પરદારાનો સંગ કરવો, એ ત્રણ પ્રકારનું શારીરિક કર્મ છે. આ પ્રમાણે મન, વાણી અને શાસ્ત્રથી કર્મ દશ પ્રકારના થાય છે. તેનો ત્યાગ કરશે તથા તેનાથી વિરુદ્ધ સત્કર્મનું સેવન કરનારા થશે. (૧૭)

હે રાજન્ ! આ તમારો પુત્ર સમયાનુસાર પૃથ્વીમાંથી ધન અને જળ ગ્રહણ કરશે, અને તેનું દાન પણ કરશે. તે ક્રિયામાં સૂર્ય સમાન થશે. (કેમ કે સૂર્ય પણ પૃથ્વીમાંથી વસુ-જળ વગેરે સમયાનુસાર ગ્રહણ કરે છે અને પછી સમયાનુસાર વસુ તથા જળ વૃષ્ટિ દ્વારા આપે છે.) ક્ષમા ધારણ કરવામાં આ તમારો પુત્ર પૃથ્વીની સમાન થશે. (૧૮)

આ તમારો પુત્ર સમુદ્રની માફક ગંભીર થશે. પર્વત જેમ સત્વવાન કે સારવાન ગણાય છે, તેમ તે ગુણોમાં આ પુત્ર પર્વત સમાન થશે. સમગ્ર જનોમાં હિતમાં મનુ તુલ્ય થશે. (૧૯) હે રાજન્! આ તમારો પુત્ર કુબેરની પેઠે ધનપતિ થશે. બ્રહ્મવાદમાં બૃહસ્પતિની તુલ્ય કોમળ ભાષણ કરનાર થશે. (૨૦) આ તમારો પુત્ર ઉદારતામાં રઘુરાજાની તુલ્ય, મિત્રપણામાં અર્જુનની સમાન તથા શ્રીહરિનું દાસપણું કરવામાં ઉદ્ધવજી સમાન થશે. (૨૧) હે મહામતે ! આ તમારો પુત્ર આત્મનિવેદન ભક્તિમાં અંબરીષ રાજાની તુલ્ય થશે. (૨૨) હે નૃપ ! આ તમારો પુત્ર મહા યશસ્વી થશે. પૃથ્વીમાં સર્વ રાજાઓને દુર્લભ વીર્ય-પરાક્રમ વગેરે મહાગુણોથી યુક્ત થશે. (૨૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- અભય ભૂપતિ બ્રાહ્મણો પાસેથી આ પ્રમાણે સાંભળીને, હર્ષપૂર્વક બ્રાહ્મણોને મહા અમૂલ્ય વસ્ત્રો તથા સોનાના અલંકારો આપવા લાગ્યા. (૨૪)

ઈચ્છા પ્રમાણે દાન મળવાથી સંતોષ પામેલા બ્રાહ્મણ વિદ્વાનો, રાજાને આશીર્વાદ આપીને હે રાજન્ ત્યાંથી પોત પોતાને ઘેર ગયા. (૨૫)

એ અભય રાજાને 'ગાલવ' નામે એક સાળો હતો અને એક બહેન હતી. એ સર્વે શ્રીકૃષ્ણની ધર્મયુક્ત ભક્તિ કરતા. (૨૬) એમની સાથે અભય રાજા અતિશય શ્રદ્ધાથી હંમેશા નિયમ પૂર્વક શ્રીમદ્ ભાગવતનું પવિત્ર પુરાણ સાંભળતા હતા. (૨૭) બુદ્ધિમાન અભય રાજા પોતાના સ્વજન વર્ગની સાથે મળીને દિવસે સાંભળેલી હરિની કથા વારંવાર તેમને રાત્રીએ કહેતા હતા. તે કથાનું પોતે પણ ચિત્તમાં ચિંતવન કરતા હતા. (૨૮)

સર્વ પુરાણ સાંભળીને બ્રાહ્મણને દક્ષિણા આપીને તે પુરાણને ભક્તિપૂર્વક ફરી સાંભળતા હતા. આ પ્રકારે સાતવાર તેમણે ભાગવત પુરાણનું શ્રવણ કર્યું હતું. (૨૯) અભય રાજા જ્યારે જ્યારે તે

પુરાણ સાંભળતા હતા, ત્યારે ત્યારે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ માટે સર્વ પ્રકારે ત્વરાયુક્ત થયા હતા. (૩૦) રાજા 'यदा यदा हि धर्मस्य' ઈત્યાદિ ગીતા વાક્યો જે જે તેણે સાંભળ્યા હતા તેના અર્થનો વિચાર કરતા હતા. તેવી રીતે શ્રીમદ્ ભાગવતના નવમા સ્કંદમાં છેલ્લા અધ્યાયમાં "यदा यदा हि धर्मस्य क्षयो वृद्धिश्च पाप्मनः । तदा तु भगवानीश आत्मानं सृजते हरिः॥" (૩૧) જ્યારે અધર્મની વૃદ્ધિ અને ધર્મનો વિનાશ થાય ત્યારે પૃથ્વીમાં શ્રીહરિ અવતરે છે. આવો નિર્ણય છે. (૩૨)

હાલમાં પૃથ્વી ઉપર મનુષ્યોમાં અધર્મ વૃદ્ધિ પામ્યો છે, તેથી શ્રીહરિના અવતારનો સમય થયો છે. આવી રીતે પોતાના હૃદયમાં તે વિચાર કરતા હતા. (૩૩) વૈરાગ્ય યુક્ત, કૃષ્ણ ભક્તિમાં પ્રીતિવાળો છે આત્મા જેમનો એવા અભય રાજાના ચિત્તમાં દરરોજ આ વિચાર વર્તતો હતો. (૩૪)

પૃથ્વીપતિ અભય રાજાએ એક વખત શ્રાવણ વદી એકાદશીની તિથિએ મહા અમૂલ્ય દ્રવ્યો વડે ભક્તિપૂર્વક વિધિવત્ શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. (૩૫) હે રાજન્ ! એકાદશીને દિવસે પાળવા યોગ્ય નિયમોનું દૃઢ પાલન કરીને, પૂજનને અંત શ્રીકૃષ્ણના ઘણાં પદો ગાતા હતા. (૩૬) અભય રાજા સાંજના સમયે આદરપૂર્વક શ્રીમદ્ ભગવદ્ ગીતા સાંભળતા હતા. કથાના અંતે ભગવાનની રમણીય વાર્તા પોતે કહેતા હતા. (૩૭)

હે બંધુઓ મારા મનમાં જે છે તે હું તમોને કહું છું. તમો તે સાંભળો. પ્રાણધારીઓનું કલ્યાણ શ્રીકૃષ્ણની ભક્તિથી થાય છે. (૩૮)

આ લોકમાં પ્રત્યક્ષ કૃષ્ણની કરેલી ભક્તિ તત્કાળ ફળે છે. તેમની પ્રતિમાની ભક્તિ લાંબા સમયે જ ફળ આપનારી વિદ્વાનોએ માનેલી છે. "न ह्यम्भमयानि तीर्थानि न देवा मृच्छिलामयाः । ते पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः॥" શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. (૩૯) જેમણે પ્રત્યક્ષ કૃષ્ણના દર્શન કર્યા છે, અને યથા શક્તિ પૂજન કર્યું છે તે જનો તો ધન્ય છે અને તેની ભગવાનના ધામની પ્રાપ્તિરૂપ ગતિ થાય છે. (૪૦)

આ પૃથ્વી ઉપર જ્યારે કૃષ્ણનો અવતાર થાય ત્યારે તે પ્રત્યક્ષ ભક્તિ થાય જ. તે પ્રત્યક્ષ કૃષ્ણની ભક્તિ તો મનુષ્યોને દુષ્પ્રાપ્ય છે (૪૧) કૃષ્ણના પ્રાદુર્ભાવનું કારણ તો ધર્મનો નાશ અને અધર્મ સર્ગની વૃદ્ધિ એજ છે. આવો નિયમ છે. (૪૨) "यदा यदा हि धर्मस्य" એ ગીતા વાક્ય તેનું પ્રમાણ છે. તે ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે. (૪૩)

હે બંધુઓ ! "परित्राणाय साधूनाम्" સાધુઓના રક્ષણ માટે ઈત્યાદિ ઘણાં પદો આ અર્થમાં પ્રમાણ માટે છે. "परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।" સાધુઓનું રક્ષણ કરવા માટે; અસુરોના નાશ માટે, અને ધર્મ સંસ્થાપન માટે યુગે યુગે ભગવાન અવતાર ગ્રહણ કરે છે. (સત્સંગિ જીવનના દ્વિતીય પ્રકરણના બાવીશમા અધ્યાયમાં વિસ્તાર છે.) (૪૪)

પહેલા કળીયુગના આરંભમાં અતિઉગ્ર અધર્મ વૃદ્ધિ પામ્યો હતો. ત્યારે તો વસુદેવ અને દેવકી થકી કૃષ્ણનો પૃથ્વી ઉપર જન્મ થયો હતો. (૪૫) તે શ્રીકૃષ્ણે પોતાના પ્રતાપથી હજારો હજાર દૈત્યોને હણીને પૃથ્વી ઉપર વર્ણાશ્રમ ઉચિત ધર્મનું સ્થાપન કર્યું. (૪૬)

પછી પરીક્ષિત રાજા તથા સહદેવથી માંડીને રિપુંજય સુધીના ચંદ્રવશમાં થયેલા રાજાઓએ ધર્મની મર્યાદાનું રક્ષણ કર્યું હતું. (૪૭) તે પછી બૃહદ્રણ વગેરેથી લઈને સુમિત્ર સુધીના સૂર્યવંશમાં થયેલા રાજાઓએ ધર્મની મર્યાદાઓનું રક્ષણ કર્યું હતું. (૪૮) પછી કાળે કરીને તે ધર્મ મર્યાદા જ્યારે નાશ પામી ત્યારે વિક્રમાર્ક રાજાએ તેમજ શાલિવાહને સર્વ પ્રકારે ધર્મનું રક્ષણ કર્યું. (૪૯)

પછી મહાપ્રતાપશાળી શંકરાચાર્યે નાસ્તિક મતવાદીઓને જીતીને આ પૃથ્વી ઉપર પોતાના પ્રતાપથી ધર્મ મર્યાદાનું સ્થાપન કર્યું. (૫૦)

પછી વિષ્ણુ સ્વામીએ પૃથ્વી ઉપર ધર્મનું રક્ષણ કર્યું હતું. પછી મહાપરાક્રમી રામાનુજાચાર્યે પણ ધર્મનું રક્ષણ કર્યું હતું. પછી મહાપરાક્રમી મધ્વાચાર્યે ધર્મ માર્ગનું રક્ષણ કર્યું હતું. (૫૧) તે પછી નિંબાર્ક આચાર્યે પૃથ્વી ઉપર ધર્મની મર્યાદાઓનું રક્ષણ કર્યું હતું. પછી વલ્લભાચાર્યે ગોસ્વામી વિઠ્ઠલેશની સાથે ધર્મની મર્યાદાઓનું રક્ષણ કર્યું. (૫૨) આ પૃથ્વી ઉપરથી શ્રી વલ્લભાચાર્યજી તથા શ્રી વિઠ્ઠલેશ બંને અંતર્ધાન થયા ત્યાર પછી હાલમાં કળીયુગનું બળ વૃદ્ધિ પામ્યું છે. તેથી અધર્મ પૃથ્વી ઉપર સર્વ દેહીઓમાં પ્રવર્ત્યો છે. (૫૩)

વર્ણાશ્રમાત્મક ધર્મ મનુષ્યોમાં સંકરતાને પામી ગયો છે. ઉત્તમ દેહધારી મનુષ્યો પણ અધર્મમાં રુચિવાળા થયા છે. (૫૪) પૃથ્વી ઉપર બ્રાહ્મણો શૂદ્રના જેવું આચરણ કરે છે. જ્યારે શૂદ્રો ઘણું કરીને દ્વિજાતિના સમાન આચારવાળા થયા છે. (૫૫) ત્યાગીજનો ગૃહસ્થોના જેવી પ્રવૃત્તિ કરી રહ્યા છે તથા ગૃહસ્થો ભિક્ષુકોની માફક વર્તે છે. (૫૬) સ્ત્રીઓ પતિવ્રતા ધર્મે રહિત વ્યભિચાર પરાયણ છે. ઉત્તમ જનો હિંસા માંસ-સુરા એમાં આસક્તિવાળા છે. ભક્તિ ધર્મ આદિ ગુણોથી યુક્ત જણાતા તેમજ તપ, જ્ઞાન, વૈરાગ્ય આદિ ગુણોવાળા જનો નાના પ્રકારના રસાસ્વાદ દ્રવ્ય, સ્ત્રીઓ, વગેરેની પ્રાપ્તિ માટે ઘણું કરીને દંભાચરણ કરતા જોવામાં આવે છે. (૫૮)

વિધવા સ્ત્રીઓ પુરુષો સાથે રાસક્રિડામાં તત્પર છે. પુરુષના સ્પર્શમાં, રસાસ્વાદમાં તથા શોભાવાળા વસ્ત્રો તથા આભૂષણો ધારણ કરવામાં તે વિધવાઓ તત્પર છે. (૫૯)

આવી રીતે પૃથ્વી ઉપર ઘણા પ્રકારે સંસૃતિના કારણરૂપ દુષ્ટોએ સેવેલા અધર્મ અને કલિની પ્રવૃત્તિ દેખાય છે. (૬૦) તેથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શ્રીહરિના અવતારનો સમય નજીક આવ્યો છે. હે બંધુઓ ! આવી રીતે મારા અંતરમાં વિચાર થાય છે. (૬૧) સચ્છાસ્ત્રમાં કહેલા પ્રમાણો પ્રમાણે અધર્મોન્મૂલનમાં સમર્થ અચ્યુત ભગવાનનો પ્રાદુર્ભાવ કોઈ પણ ઠેકાણે થયો છે. (૬૨) તે જ પ્રત્યક્ષ સર્વેશ્વર શ્રીહરિ આપણને પોતાના જાણે અને કેવળ દયાથી જ અધર્મથી આપણું રક્ષણ કરો. અને પોતાનાં દર્શન આપો. (૬૩)

તે દુર્ગપત્તનમાં અભય રાજા આ પ્રમાણે કહેતા હતા, તે સમયે ખટ્વાંગ નૃપતિ અભય રાજાના ભુવનમાં આવ્યા. પછી અભય રાજાએ પુતાના અતિપ્રિય મિત્ર વૃદ્ધ ખટ્વાંગ રાજાનું આતિથ્ય સત્કાર સારી રીતે કર્યું. (૬૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં અભય રાજાના પુત્રનો જન્મ નિરૂપણ નામે ઓગણસાઠમાં અધ્યાયમાં સંપૂર્ણ. (૫૯)



અધ્યાય ૬૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી અભય રાજાએ ખટ્વાંગ રાજાને તેમનું આગમન સુખાકારી ભર્યુ થયું કે કેમ તે પ્રશ્ન પૂછ્યો. ત્યારબાદ આસન, ઉપહાર તથા અત્યંત સ્નેહથી તેમનું સારી રીતે સન્માન કરીને, તેમને ફૂલહાર કરાવતા હતા. પછી પોતાના મિત્રની સમીપે તે બેઠા. (૧)

ખટ્વાંગ રાજાને માર્ગનો પરિશ્રમ ઉતર્યા પછી પોતાના સ્ત્રી, પુત્ર, કન્યા વગેરેને બોલાવીને તે પ્રસિદ્ધ પૂજ્ય ખટ્વાંગ રાજાને આ પ્રમાણે પૂછવા લાગ્યા. (૨)

શાસ્ત્રોક્ત ધર્મોને જાણનારાઓમાં શ્રેષ્ઠ ! તમો હમણાં અહીં ક્યાંથી આવ્યા ? હે વિદ્વાન્ ! તમારું અહીં આગમન અમારા હિતને માટે જ છે. (૩)

અભય રાજાએ આ પ્રકારે ખટ્વાંગ રાજાને પૂછ્યું, એટલે ખટ્વાંગ રાજા અભય રાજાને આવી રીતે કહેવા લાગ્યા. હે વિદ્વન્ ! સરધાર નામના પુરમાં મારા ગુરુ ઘણાં પ્રતાપશાળી શ્રી સ્વામિનારાયણ પધાર્યા છે. (૪) હે નરેન્દ્ર ! હું સરધારપુરમાં તેમનાં દર્શન કરવા માટે થોડા સેવકોની સાથે ગયો હતો. હે સદ્બુદ્ધે ! સરધારપુરમાં તેમનાં દર્શન કરવા માટે હજારો જનો ભેગા થયા હતા. (૫)

સમગ્ર જનોના હિતના આગ્રહવાળા શ્રીહરિએ સરધારપુરમાં શ્રાવણ વદી અષ્ટમીનો સર્વોત્તમ મહોત્સવ કર્યો હતો. તે ઉત્સવમાં ભાગ લઈને તે મારા ગુરુની આજ્ઞાથી હું મારા ગામ પ્રત્યે જતાં, અહીં આવ્યો છું. (૬)

ખટ્વાંગ રાજાએ આ પ્રમાણે કહ્યું તેથી આનંદ પામેલા અભય રાજાએ ખટ્વાંગ રાજાને આ પ્રમાણે પૂછ્યું. હે રાજર્ષે ! નૈષ્ઠિક વ્રતવાળા તમારા ગુરુ મહામુનિઓએ કહેલા કયા ગુણોથી યુક્ત છે? (૭) હે મતિમન્ ! તમારા તે ગુરુ અતિ શ્રેષ્ઠ હોવા જોઈએ. આમ હું મારા ચિત્તમાં વિચાર કરું છું. જો એમ ન હોય તો વર્ષાઋતુમાં તમારા જેવા મહાબુદ્ધિશાળી પોતાના ગુરુના દર્શનની ઈચ્છાથી કેમ જાય ? (''**મૂર્ખો વર્ષાપ્રવાસી** એવી અભિયુક્તિ છે.) (૮)

હે ધીમન્ ! મહાનુભાવ તમારા ગુરુ અનન્ય છે એમ હું સંભાવના કરું છું. તમો મારા મિત્ર છો માટે તમારા મિત્ર અમોને તમારા ગુરુના ગુણો કહેવા માટે તમો યોગ્ય છો. (૯)

હે રાજન્ ! તમોને મારા ગુરુના ગુણો તો કહીશ. પરંતુ તમે તથા તમારા સંબંધીઓ તેમના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરી શકશો કે કેમ તેનો મને સંશય છે. (૧૦)

હે રાજર્ષે ! તમો સત્ય વચન બોલવાવાળા, સ્વધર્મનિષ્ઠ, મહા બુદ્ધિશાળી છો તમારો અમોને

વિશ્વાસ છે. કારણ કે તમારા અત્યંત સ્પૃહણીય ચારિત્ર્યથી તમોને અમો યુધિષ્ઠિર જેવા માનીએ છીએ. (૧૧) હે રાજન્ ! તમો બુદ્ધિશાળી, તમારા ગુરુનો પ્રતાપ જેમ તમારા સમગ્ર પુત્રોને કહો છો તેમ અમો નિષ્કપટી મુમુક્ષુઓને તમારા જાણીને કૃપાથી કહેવા માટે યોગ્ય છો. (૧૨)

આ પ્રકારનું તેમનું વાક્ય સાંભળીને ખટ્વાંગ રાજા અત્યંત સંતોષ પામ્યા અને અભય રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે નૃપ ! તમો સાવધાન થઈને મારું આશ્ચર્યકારી આ વચન સાંભળો. તેમ જ બીજા સર્વે પણ સાંભળો. (૧૩)

ખટ્વાંગ રાજા આ પ્રમાણે અભય રાજાને કહીને પોતે જે રીતે જોયો છે અને સત્પુરુષના મુખથકી સાંભળ્યો છે તેવો આ સર્વોત્તમ અતિ દિવ્ય ભગવાનનો સમગ્ર પ્રતાપ કહેવા લાગ્યા. (૧૪) માંગરોળ આદિ પુરોમાં સાંભળતા જ અતિ આનંદ થાય તેવો શ્રીહરિનો પ્રતાપ અત્યંત પ્રસન્ન થઈને ખટ્વાંગ રાજા તેમને કહેવા લાગ્યા. તેમ જ સજ્જનોએ પ્રાર્થના કરવા યોગ્ય શ્રીહરિના ગુણો અભય રાજાને કહેવા લાગ્યા. (૧૫)

ખટ્વાંગ રાજાએ કહેલું સર્વોત્તમ મહા અલૌકિક શ્રીહરિનું ઐશ્વર્ય સાંભળીને, અભય રાજા તથા તેના સ્વજનો આશ્ચર્યયુક્ત અને રોમાંચિત ગાત્રવાળા થઈ ગયા અને અતિ આનંદ પામ્યા (૧૬) પૃથ્વી ઉપર પરમેશ્વરનો અવતાર થયો છે એમાં હવે કાંઈ સંશય નથી. એવી રીતે અભય રાજા પોતાના અંતરમાં નિશ્ચય કરીને પ્રેમેસહિત ખટ્વાંગ રાજાને આ પ્રમાણે પૂછતા હતા. (૧૭)

હે ઉદાર બુદ્ધે ! તમોએ આ પ્રમાણે જે કહ્યું તે મને સત્ય જણાય છે. તમારા ગુરુ અતિ પ્રતાપશાળી અને સાક્ષાત્ ભગવાન છે. (૧૮) હે આર્યરાજા ! તમારા ગુરુ કયા દેશમાં જન્મ્યા છે ? કોના પુત્ર છે ? સૌરાષ્ટ્ર દેશમાં ક્યારે આવ્યા ? હે પૂજ્ય ! મને હવે કયા દેશમાં પાછા જશે ? (૧૯) હે રાજન્! તેમના સુમંગળમય જન્મ, કર્મો મને યથાર્થપણે તમે કહો. અમારા મહા ભાગ્યથી જ તમારું મંગળકારી આગમન અહીં થયું છે. (૨૦)

હે રાજર્ષે ! હું મારા ચિત્તમાં પવિત્ર કીર્તિ શ્રીહરિના અવતારનું નિરંતર ચિંતવન કરું છું. હાલમાં તેમની વાર્તા સાંભળવા મળી એ મારું અહો ભાગ્ય છે. તમો દયા કરીને તે શ્રીહરિની વાર્તા મને પહેલેથી જ કહો. (૨૧) મારા સમગ્ર સંબંધીઓ અત્યંત પ્રસન્ન થયા છે અને આ શ્રીહરિના પ્રાદુર્ભાવની કથા સાંભળવા માટે ઈચ્છે છે. હે વિશાળ બુદ્ધે ! પોતાનું હિત ઈચ્છનારા જનના વચનો પ્રમાણભૂત છે. તેથી અમારા હિત માટે તમો તે કહો. (૨૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- અભય રાજાએ આ પ્રકારે આદરપૂર્વક પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપતા મહાબુદ્ધિશાળી ખટ્વાંગ રાજા, શ્રીહરિનું સ્મરણ કરવા લાગ્યા. શ્રીહરિની મૂર્તિમાં જેમનાં ઈન્દ્રિયો, અંતઃકરણ ખેંચાયા છે એવા (૨૩) હે માનસિંહ રાજા ! ખટ્વાંગ રાજા, આ પ્રમાણે મુહૂર્ત માત્ર દેહની સ્મૃતિરહિત થઈ ગયા. પછી ધીમે ધીમે હે બુદ્ધિમાન રાજા ! તે દેહનું અનુસંધાન પામ્યા. (૨૪) નેત્રમાં સ્નેહાશ્રુ ભરેલા, રોમાંચિત શરીરવાળા, ખટ્વાંગ રાજાએ શુદ્ધમનવાળા તથા શ્રદ્ધાવાળા પૃથ્વી પતિ અભય

રાજાને આ પ્રમાણે કહ્યું. (૨૫)

શ્રીહરિની જન્મભૂમિ કૌશળ દેશ છે. તેમના પિતાનું નામ દેવશર્મા છે. તે સરવરીયા જ્ઞાતિના બ્રાહ્મણ છે. વળી શ્રીહરિ સોરઠ દેશમાં કેટલા સમયથી પધાર્યા હતા, તે સમય પણ તે રાજાએ કહ્યો. વળી સરધારપુરમાંથી નીકળીની શ્રીહરિ જે દેશમાં પધારવાના છે તે પણ કહ્યું. તેમનો જન્મ ચૈત્ર સુદી નવમીએ થયો હતો. તથા તે પ્રસંગે કરેલા ઉત્સવો, કૃત્યાનું ઉત્સારણ વગેરે ચરિત્રો, ખટ્વાંગ રાજા અનુક્રમે કહેવા લાગ્યા. (૨૬) ખટ્વાંગ રાજાએ બાળપણાથી આરંભીને સરધારપુરમાં શ્રીહરિ પધાર્યા ત્યાં સુધીના શ્રીહરિના ચરિત્રો અનુક્રમે કહ્યાં. (૨૭) અવતારી શ્રીહરિ પોતાના ભક્તોને તથા બીજાઓને સમાધિમાં પોતાના હજારો દિવ્ય ઐશ્વર્યો બતાવતા હતા. (૨૮) શ્રવણ માત્રથી સર્વત્ર સુખ કરનારાં શ્રીહરિનાં મનોહર દિવ્ય ઐશ્વર્યો, ખટ્વાંગ રાજા, સાંભળવામાં અતિ ઉત્સાહવાળા અભય રાજાને સંક્ષિપ્તથી અનુક્રમે કહેતા હતા. (૨૯) જે ઐશ્વર્ય જોઈને, નિઃસંશય થઈને, હજારો પુરુષો તથા સ્ત્રીઓએ જેવી રીતે શ્રીહરિનો આશ્રય કર્યો હતો, તે સર્વ કહેતાં હતા. (૩૦)

જેવી રીતે અભય રાજાને આ શ્રીહરિમાં પ્રીતિ થાય તેવી રીતે ખટ્વાંગ સાંભળવાને ઈચ્છતા અભય રાજાને પરમ આશ્ચર્યકારી શ્રીહરિની વાર્તા કહેતા હતા. (૩૧) વળી શ્રીહરિ મૃત્યુ સમયે, પોતાના ભક્તોને પોતાના અક્ષરધામમાં લઈ જવા માટે, દિવ્ય પાર્ષદોએ સહિત તેડવા પધારે છે. તે પણ ખટ્વાંગ રાજા કહેતા હતા. (૩૨) શ્રીહરિના ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ દિવ્ય સદ્ગુણો તથા તેમની વાર્તા ખટ્વાંગ રાજા અભય રાજાને વિસ્તારથી કહેતા હતા. (૩૩)

તેમની શ્રીહરિમાં પ્રીતિ તથા તેમની અત્યંત મુમુક્ષુતા, તેમનો પવિત્ર અભિપ્રાય વગેરે જાણીને મહાબુદ્ધિશાળી અભય રાજાને ખટ્વાંગ રાજા આ પ્રમાણે કહેતા હતા. (૩૪)

હે અભય રાજન્ ! શ્રીહરિ વિના આવું બીજાનું સામર્થ્ય હોય નહીં. તેથી તમો સર્વે તેમને ભગવાન જાણો. (૩૫) હે અભય ! તમો તમારા હૃદયમાં તેમના ધ્યાનથી અખિલેશ્વર શ્રીહરિને તે જેવા છે તેવા તત્કાળ જોશો; એમાં સંશય નથી. (૩૬) અભય રાજા તથા તેમના સમગ્ર સંબંધીઓ ખટ્વાંગ રાજાનું આવું વચન સાંભળીને ખટ્વાંગના ગુરુ ભગવાન જ છે, એ પ્રકારે સુદઢ નિર્ણય કરતા હતા. (૩૭) પછી પ્રસન્ન થયેલા તે ખટ્વાંગ રાજાની અતિશય પ્રશંસા કરતા હતા. તે સર્વે બંધુજનોની અનુમતિથી અભય રાજા ફરીથી ખટ્વાંગ રાજાને પૂછવા લાગ્યા. (૩૮)

હે રાજર્ષિ સત્તમ ! તમોએ જે કહ્યું તે સત્ય જ છે. તમોએ પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન કર્યા છે. તેથી આપ ધન્ય છો. (૩૯) હે રાજર્ષે ! આ દિવસથી આરંભીને અમો બધા નિશ્ચય તેમના દાસ છીએ. માટે અમોને શ્રીહરિના ધ્યાનની રીત તથા ધ્યાનનું ફળ કહો. (૪૦)

અભય રાજાએ આ પ્રમાણે આદરપૂર્વક પૂછ્યું એટલે જેનો ચિત્તરૂપી ભ્રમરો શ્રીહરિના ચરણકમળમાં મગ્ન બન્યો હતો એવા, નૈષ્ટિક બ્રહ્મચારી ખટ્વાંગ રાજાએ, પ્રીતિથી શ્રીહરિનું ધ્યાન કયા પ્રકારે કરવું જોઈએ, તે અભય રાજાને કહેવાનો આરંભ કર્યો. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિના ગુણ, પ્રતાપ વગેરેનું વર્ણન કર્યું તે નામ સાંઈઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૦)



અધ્યાય ૬૧ મો

ખટ્વાંગ રાજા કહે છે :- હે રાજર્ષે ! મુમુક્ષુ ભક્તે પહેલાં સ્નાન કરી પછી પવિત્ર અને બાધા રહિત એકાંતસ્થળમાં સ્વસ્તિકાસન કરીને ધ્યાન કરવા માટે બેસવું. (૧) પછી પોતાના ખોળામાં બંને હાથ છત્તા મૂકીને નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ રાખીને, શરીરને ટટ્ટાર રાખીને બેસવું. તે સમયે મૌન ધારણ કરવું. અને સર્વ ઈન્દ્રિયોની ચંચળતાથી રહિત થવું. (૨)

એવા ભક્તે પોતાના આત્માની અક્ષરબ્રહ્મની સાથે એકતા કરીને (પ્રથમ એવી ભાવના કરીને) એકાગ્ર ચિત્તથી (મનથી) પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનું પોતાના હૃદયકમળમાં ધ્યાન કરવુ. (૩) પ્રેક્ષકજનોને મનોહર, પોતાના ભક્તોના નાના પ્રકારનાં દુઃખો નિવારણ કરવામાં સમર્થ, ધર્મના પુત્ર પોતાના આશ્રિતોએ સહિત પોતાની આગળ રમણીય સિંહાસનમાં બિરાજેલા છે અથવા કોઈ કાર્ય માટે ચાલે છે એવા, વિશિષ્ટ પ્રકારે દર્શન કરવા યોગ્ય મંગળકારી, ભૂતપ્રાણિ માત્રનું હિત કરનારાં છે ચરિત્રો જેમનાં એવા શ્રીહરિનું ધ્યાન કરવું. (૪)

અતિ સૌંદર્ય તથા દયાના મહાસાગર, પોતાના ભક્તોને અત્યંત શાંતિનો અનુભવ કરાવનારાં નેત્રોથી શ્રેષ્ઠ, દર્શન કરનાર જનોને અત્યંત પ્રિય, અતિ શોભાયમાન નરાકૃતિ જેમની છે એવા, અતિ સુંદર, તરુણ અવસ્થાવાળા શ્રીહરિનું ધ્યાન કરવું. (૫)

નિષ્કલંક મુખરૂપી ચંદ્રમાંથી સ્ત્રવતા વચનરૂપી અમૃતની અતિવૃષ્ટિથી જેણે પોતાના આશ્રિતોનું પોષણ કર્યું છે એવા, એક એક અવયવ હાથ, પગ, વગેરેની શોભાથી અનુપમ, કામદેવના ગર્વને હણનારા. (૬) અત્યંત પ્રસન્નતાના અતિભારથી અધિક શોભાવાળું મુખ જેમનું છે એવા, જન્મ મૃત્યુના અપાર સંતાપનું ઉપશમન્ કરનાર દર્શન જેમનું છે એવા, પોતાના આશ્રિતો ઉપર અનુગ્રહ કરવામાં તત્પર, જેમને નિર્વાસનિક જનો જ સદા પ્રિય છે એવા (૭)

અળતાના રંગથી જાણે રંગાયેલા હોય તેવા લાલ, અને અધિક કોમળ છે બંને હાથ-પગના તળીયા જેમના એવા, બંને હાથ તથા પગની સુંદર આંગળીઓની શોભાની અતિશય કાંતિ અત્યંત પ્રકાશી રહી છે, વળી અત્યંત દેદીપ્યમાન, લાલ નખરૂપી ચંદ્રમાની પંક્તિઓથી વિશેષ શોભતા. (૮)

ઊંડ અને અતિ ગોળ ઉત્તમ નાભિથી અત્યંત દેદીપ્યમાન, ઉદરમાં પડતી ત્રણ રેખાઓ (ત્રીવળી) ની શોભાથી અત્યંત શોભી રહ્યું છે, કોમળ ઉદર જેમનું એવા, લાંબુ અને અતિ વિશાળ છે વક્ષઃ સ્થળ જેને એવા, જાનુપર્યંત લાંબી અને દૃઢ શોભાયમાન બંને ભુજાઓ જેમને છે એવા, શ્રી હરિનું ધ્યાન

કરવું. (ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું તો તેમનું ઐચ્છિક છે) (૯)

સજળ નૂતન મેઘની માફક શરીરની કાંતિ જેમની છે, પોતાના મનોહર જમણા હાથમાં પોતાના દર્શન કરનારા જનોના મનને આકર્ષણ કરતા, પોતાના ભક્તોને ભગવાનના નામ મંત્રના જપની રીતિ બતાવવા માટે જમણા હાથમાં જપમાળા ધારણ કરતા, બીજા વામ હસ્તથી અભય આપતા (''अभयं सर्वभूतेभ्यो ददाम्येतद्व्रतं मम ।'') સર્વભૂતપ્રાણી માત્રને અભય આપું છું એ મારું વ્રત છે (૧૦)

વળી સુંદર, મંગળકારી, શંખ સમાન ત્રિરેખાયુક્ત શ્રેષ્ઠ કંઠમાં પોતાના ભક્તોએ હર્ષપૂર્વક અર્પણ કરેલી અત્યંત ઝીણા મણકાની મનોહર, સુંદર તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી બે સેરો યુક્ત કંઠી સ્નેહથી ધારણ કરતા એવા શ્રીહરિનું ધ્યાન કરવું. (૧૧)

અત્યંત શોભાવાળા ડાબા હાથના ખભા ઉપર તારાઓના અધિપતિ ચંદ્રમાના શ્વેત વર્ણની માફક શોભતું વિશુદ્ધ ત્રણ સેરોવાળું શ્રેષ્ઠ યજ્ઞોપવીત જેમણે ધારણ કર્યું છે, જેમ શ્યામ કમળ પોતાના મૃણાલના બીસ તંતુ વડે અત્યંત શોભે છે તેમ અત્યંત શોભતા. (૧૨)

દર્પણની અંદર સૂર્યના ચંચળ બિંબ જેમ ચળકે છે તેમ શ્રીહરિના બંને ગાલ શોભે છે. નવપલ્લવના જેવા છે ઓષ્ઠ જેમના એવા, પહોળા ઊંચા અને દીર્ઘ ભાલથી, કેસર યુક્ત ચંદનનું જેમણે તિલક કર્યું છે. તેમાં અતિ ગોળ સુંદર કુમકુમનો ચાંદલો કર્યો છે. (૧૩)

પ્રફુલ્લિત કમળની પાંદડીઓને પણ જેમના બે નેત્રો લજ્જા પમાડે છે એવા, અપાર દયારૂપી અમૃતથી સંપૂર્ણ, ચંચલ ખંજન પક્ષીના જેવી જેમની દૃષ્ટિ છે એવા, દર્શન કરનારા જનોના મનને જેમનું મંદ હાસ્ય કરી લે છે, અત્યંત શોભાયમાન મુખ જેમનું છે એવા, અને દેદીપ્યમાન જે દંત પંક્તિ વડે લજ્જિત કરી છે મોગરાના પુષ્પની કળીઓ જેમણે એવા, શ્રીહરિનું ધ્યાન કરવું. (૧૪)

દર્શનીય એવા બંને કર્ણોમાં શોભાયમાન સ્વચ્છ ગુચ્છો જેમણે ધારણ કર્યા છે એવા, મનોજ્ઞ, અને શ્યામ વાંકી બંને ભ્રકુટિયો જેમને છે એવા; કોમળ, પ્રીતિ કરનારી અતિ સ્પષ્ટ અમૃતથી પણ ઉત્તમ, સત્ય છતાં સર્વે શ્રોતાજનોને હિતકારિણી વાણી પોતાના ભક્તજનો પ્રત્યે બોલતા એવા, શ્રીહરિનું ધ્યાન કરવુ. (૧૫) નવીન કર્પૂરની માફક સફેદ, મહામૂલ્યવાળા, સૂક્ષ્મ તારામાંથી બનાવેલા વસ્ત્રથી દૃઢ કચ્છ બાંધેલો, ને પાછળ છેડો લટકતો રાખ્યો છે જેમણે, એવું વસ્ત્ર કેડ્ય ઉપર ધારણ કરતા (૧૬) નિર્મળ મોગરાના પુષ્પોના જેવી જેમની કાંતિ છે એવા, માથાના સુંદર મોળીયાના છેડાથી વિશેષ શોભાયમાન, પાઘની મધ્યમાં નાના પ્રકારના પુષ્પોના ઉત્તમ તોરાઓની પંક્તિ જેમાં શોભી રહી છે એવા મોળીયાના વસ્ત્રને પોતાના મસ્તકમાં ધારણ કરતા. (૧૭)

જન્માષ્ટમી, રામનવમી, અન્નકૂટાદિ ઉત્સવના દિવસોમાં પરમેશ્વર બુદ્ધિથી પોતાના શરણે આવેલા જનોની પ્રસન્નતા માટે મહા અમૂલ્ય વસ્ત્રો, સુવર્ણના અલંકારો, કડાં-બાજુબંધ સાંકળા-વીંટીઓ, મોતીઓના ગુચ્છાઓ, વિવિધ પ્રકારના ભૂષણો ધારણ કરતા; વળી પોતાના ભક્તોની સભામાં (ઉત્સવ પ્રસંગે દેશાંતરથી આવેલા સાધુ વગેરેની સભામાં) ગાદી તકીયા યુક્ત પાટ ઉપર બેસીને શ્રુતિ શાસ્ત્રનો નિર્ણય ''एकमेवाद्वितीयम्

।''''सर्वं खल्विदं ब्रह्म''''तज्जलानिति शान्त उपासीत''''तत्त्वमसि''''अयमात्मा ब्रह्म,''''सर्वमात्मैवाभूत तत्केन कं पश्येत्'' ''नित्यो नित्यानाम्'' ''ज्ञाज्ञौ द्वौ अजौ'' ''अजां ध्रुवां'' ''अस्मान् मायी सृजते विश्वमेतदिति'' ઈત્યાદિ શ્રુતિઓ, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા વગેરે શાસ્ત્રો, તેમનો પરસ્પર વિરોધ ટાળી, જીવ, ઈશ્વર, માયાના અનાદિ સ્વરૂપોનો બાધ રહિત નિશ્ચય આનંદથી કરાવતા (પરમેશ્વર વિના દુઃસાધ્ય શાસ્ત્ર નિર્ણય સર્વથા અશક્ય છે. ઈશ્વર સર્વજ્ઞ હોવાથી તેમનાથી જ શાસ્ત્ર સિદ્ધાંત યથાર્થ સમજાય છે.) (૧૮) અતિશય સુગંધના લોભથી ભમતા ભ્રમરોરૂપી ગન્ધર્વોનો સુંદર ગાનથી શોભાયમાન સુંદર સુગંધિમાન વિવિધ પ્રકારના પુષ્પોથી નિર્માણ કરેલી, પોતાના આશ્રિતોએ અર્પણ કરેલી પુષ્પની માળાઓથી શણગારેલા (૧૯)

જે ભગવાન, તેમના ચરણો મૂકવાનું આસન, તેમના ચરણોમાં નમસ્કાર કરતા બ્રહ્માદિક ઈશ્વરોના શ્રેષ્ઠ મુકુટો ઉપર રહેલી પુષ્પમાળાઓની રજથી રંગબેરંગી થઈ ગયું છે. વળી નક્ષત્ર મંડળમાં રહેલો પૂર્ણચંદ્ર જેમ પ્રકાશી રહ્યો હોય તેમ એ પરમેશ્વર પોતાના ઉત્તમ ભક્તોના મંડળની વચ્ચે બિરાજેલા હોઈ અત્યંત પ્રકાશી રહ્યા છે. (૨૦)

અનવધિકાતિશય કરુણારૂપી અમૃતમય કોમળ દૃષ્ટિથી પોતાના આશ્રિત ભક્તજનોને નિરખતા, વળી આપત્તિઓને નિવૃત્તિ કરનાર પોતાની અતિ સુંદર ઉપદેશામૃતથી, હાથની ચેષ્ટાઓથી, પોતાના ભક્તોના મન હરી લેતા. (૨૧)

પોતાના હજારો હજાર ભક્તજનો અત્યંત પ્રેમયુક્ત સ્થિર નેત્રો વડે, ચકોર પક્ષિઓ ચંદ્રમાને જેમ જુએ તેમ, ઊંચા મુખ કરી અતિ સુંદર શ્રીહરિના દર્શન કરતા હતા એવી શ્રીહરિની મૂર્તિને ભક્ત પોતાની સ્મૃતિમાં લાવે. (ધ્યાન કરે.) (૨૨)

જે શ્રીહરિએ સુંદર રૂમાલ ગ્રહણ કર્યો છે, પોતાના અતિશ્રેષ્ઠ હાથને હલાવે છે. ચાલતા ચટચટ શબ્દ કરતી પાદુકાઓ જેમણે પહેરી છે, પોતાના ભક્તોને દર્શન આપવા માટે જે તત્કાળ ચાલે છે એવા, પોતાના સમગ્ર ભક્તોની પીડા નાશ કરનાર શ્રીહરીના સ્વરૂપનું સ્મરણ કરવું. (૨૩)

મંદહાસ્યવાળા, ચંચળ નેત્રોવાળા, પ્રફુલ્લિત કમળ જેમાં છે અને જેમાં ખંજન પક્ષિઓ ક્રીડા કરી રહ્યા છે, વળી જે હંસોની પંક્તિથી અતિ શોભાયમાન છે, એવા સરોવરને પોતાના મુખની સુંદરતાથી પરાભવ પમાડતા, શ્રીહરિની તે ભક્ત સ્મૃતિ કરે. (૨૪)

પોતાના ભક્તજનોના નેત્રોને આનંદ આપનારા, નખો રૂપી સ્ફુરાયમાન મણિઓની પંક્તિના શોભાયમાન કિરણોના સમૂહોથી આશ્રિતજનોના હૃદયમાં રહેલા દુર્ભેદ્ય અજ્ઞાનરૂપી અંધકારની નિવૃત્તિ કરનાર એવા, શ્રીહરિનું તે ભક્ત સ્મરણ કરે. (૨૫)

તાંબુલ ચાવ્યા સિવાય પણ જેમના બંને ઓષ્ઠોએ લાલરંગ ધારણ કર્યો છે, અને તેથી જ જેમના ઓઢવાના શ્વેત વસ્ત્રની કાંતિ નવ પલ્લવની સમાન બની છે. (લાલ ઓષ્ઠની લાલીમાની છાયાથી) એવા શ્રીહરિની તે ભક્ત સ્મૃતિ કરે. (૨૬)

પોતાના અતિ સુંદર શરીરના સ્પર્શવાળા વાયુના સ્પર્શથી જનોના સંસૃતિ રૂપી દુઃખનો નાશ કરનારા, પાપનું નિવારણ કરવું મુશ્કેલ છે. તેવા પાપને પણ બાળનારું, દર્શન કરવા માટે યોગ્ય તેજ તેને ધારણ કરનારા, એવા શ્રીહરિની તે ભક્ત સ્મૃતિ કરે. (૨૭)

કેસરના ગંધને પણ પરાભવ કરે તેવો જેમના મુખનો સુગંધ છે અને મુખમાંથી નીકળતા સ્વાભાવિક શ્વાસથી જેમના મન ખેંચાયા છે એવા, ગુંજારવ કરતા ભમરો તેમના મુખની આસપાસ ભમ્યા કરે છે તે જાણે સામવેદનું ગાન કરનારા પોતાના શિષ્યો હોયને શું ? એવા ભ્રમરો વડે શોભતા શ્રીહરિનું તે ભક્ત સ્મરણ કરે. (૨૮)

આવી રીતે શ્રીહરિનું સ્મરણ કર્યા પછી ધીમે ધીમે પોતાનું મન શ્રીહરિમાં સ્થિર થાય, ત્યારે શ્રીહરિ સાક્ષાત પ્રત્યક્ષ અનુભવાય. તે સમયે તેમના પગનાં તળીયા વગેરે એક એક અંગનું પોતાના હૃદયમાં જુદુ જુદુ ચિંતવાન કરવું. પછી તે એક એક અંગ પોતાના હૃદયમાં દૃષ્ટિ ગોચર થાય ત્યારે એ ધ્યાન કરનારા પુરુષો પોતાના ચંચળ મનને પણ ધ્યાન ક્રમ દ્વારા સ્થિર કરે. (શ્રીહરિના એક એક અંગમાં) તેનાથી તેનું મન અનાદિ વાસનાત્મક મળથી રહિત થશે. ''શ્રીમદ્ ભાગવતમાં **प्राणायामैर्देहदोषान् धारणाभिश्च किल्बिषान् । प्रत्याहारेण संसर्गान् ध्यानेनानीश्वरान् गुणान् ॥**'' ઈત્યાદિ દોષોથી રહિત થાય. (૨૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિ મૂર્તિના ધ્યાનનો વિધિ નિરૂપણ નામે એકસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૧)



અધ્યાય ૬૨ મો

ખટ્વાંગ રાજા કહે છે :- હવે એ ભક્તે શ્રીહરિના બંને ચરણોનું ધ્યાન કરવું. તે ચરણો કેવા છે ? આંબા અને અશોક વૃક્ષના નવપલ્લવોથી પણ અતિ રક્ત તથા કોમળ, સુંદર નાની આંગળીઓની પંક્તિથી વિશેષ શોભતા, વચ્ચેથી ઉપડતા લાલ નખરૂપી ચંદ્રમાની સુંદર કાંતિથી પોતાનું ચિંતવન કરનાર ભક્તજનોના હૃદયનો અંધકાર જેણે નાશ કર્યો છે એવા, શ્રીહરિના બંને ચરણો છે. તેનું તે ભક્તે પોતાના હૃદયમાં ધ્યાન કરવું. (૧)

વળી તે બંને ચરણો આગળના ફણાઓ તથા પાની વડે અત્યંત શોભાયમાન માખણ સમાન અત્યંત કોમળ ગોળાકાર ઘુંટીઓ વડે રમણીય, દર્શનીય, સકલતીર્થના સ્થાનભૂત સમગ્ર મંડળ તથા શાંતિના મૂળ સ્વરૂપ બંને ચરણો. નિષ્કામ ભક્તજનોએ ધ્યાન કરાએલા છે. (૨)

ધ્યાન સમયમાં તે ચરણ યુગલ વિના પ્રયત્ને ભક્તના હૃદયમાં સ્ફુરણા પામે છે, પોતાના ભક્તજનોને ફક્ત આનંદ પમાડવો એ જ એ ચરણ યુગલનું પ્રયોજન છે, એ ચરણ યુગલમાં ભક્તજનોએ શ્રીહરિને ઝાંઝર ધારણ કરાવ્યા છે, એના મધુર શબ્દથી એ ચરણયુગલ અતિશય શોભી રહ્યું છે, વળી જેની

શોભાથી અસંખ્ય કમળોની શોભાનો પરાભવ થયો છે અને સાધુજનો તથા ગૃહસ્થ ભક્તોના સમૂહના નેત્રોથી વૃત્તિઓને તે ચરણ યુગ્મે ચોરી લીધી છે, એવા બંને ચરણ કમળોનું ધ્યાન કરનાર ભક્તે ચિંતવન કરવું. (૩) નીલકમળની કાંતિ તથા નવાંકુરોની સુકુમારતા જેવી પહોળી અને અત્યંત ગોળ બંને જંઘાઓનું ચિંતવન કરવું. દિવ્ય ઈન્દ્ર નીલમણિના દર્પણ સમાન ગોળ અત્યંત કોમળ, જાનુયુગ્મ (શોભતા પર્વ દ્વય) તેનું વિશેષપણે તે ભક્તે ચિંતવન કરવું. (૪)

સ્વાભાવિક કોમળતાથી પરાભવ પમાડ્યા છે માલતિ પુષ્પો, પ્રવાલો તથા નવાંકુરો જેણે એવી તથા અળસીના પુષ્પની કાંતિ જેવી છે કાંતિ જેમની એવી, જેણે ગરુડના બંને ખભાઓ અત્યંત પવિત્ર કર્યા છે; પુષ્ટતામાં જેણે શ્રેષ્ઠ હાથીની સૂંઢની સુંદરતાનો તિરસ્કાર કર્યો છે એવા, અતિ કોમળ શ્રીહરિના બંને સાથળોનું તે ભક્ત ધ્યાન કરે. (૫)

શ્વેત, અતિ સૂક્ષ્મ તથા કોમળ ઘાટું અને વિશાળ છે પહેરવાનું વસ્ત્ર જેમાં એવું, સુવર્ણમાં મણિઓ જડવાથી અત્યંત શોભાયમાન કંદોરો જેમાં છે એવું, અનેક પ્રકારના જે મણિઓની કાંતિથી મળેલી ઉત્તમ નીલ મણિઓના જેવી શોભા છે જેની એવી, શ્રીહરિના કટિપશ્ચાતભાગ (નિતંબ બિંબ) શ્રેણીમંડળનું અંતઃકરણમાં ધ્યાન કરનારા ભક્તે અનુસ્મરણ કરવું. (૬)

પીપળાનું પાન ઉપરથી પહોળું અને નીચે સંકોચવાળું હોય તેવી શોભાવાળું ખીલેલા કમળના પાંદડાની માફક શીતલત્વાદિ ગુણોથી શોભતી ત્રિવળીનું ચિહ્ન જેમાં છે એવી, વળી જેમાં ઊંડો, ગોળ અને શોભાયમાન નાભિરૂપી કૂપ છે, જેની કોમળતાએ નવપલ્લવો તથા કમળોના કોશની કોમળતાને જીતી લીધી છે એવું, શ્રીહરિનું ઉદર, તેનું તે ભક્તે ધ્યાન કરવું. (૭)

અત્યંત પ્રકાશમાન બે નીલમણીઓની જેવા બે સુંદર સ્તનોથી અતિ દર્શનીય એવું, શ્રીવત્સના ચિહ્નથી મનોહર, અતિ સુંદર, વિશાળ, કોમળ અને ઉન્નત, દર્શન કરનારા જનોના અજ્ઞાનરૂપી અંધકારને હરનારું, શ્રેષ્ઠ પુષ્પોના વિવિધ પ્રકારના હારોથી જે શોભી રહ્યું છે તે શ્રીહરિના વક્ષઃસ્થળનું ચિંતવન કરવું (શ્રેષ્ઠ કૌસ્તુભ મણિ જેમાં છે એવો શ્રેષ્ઠ મણિઓનો સારરૂપ હારવાળું શ્રીહરિના હૃદયનું ચિંતવન કરવું.) (૮) લક્ષ્મીના નિવાસરૂપ, નવીનમેઘના જેવી સુંદર કાંતિથી રમ્ય, નિર્મળ મોતીઓની માળાઓથી યુક્ત, શ્રીહરિના વક્ષઃસ્થળનું ધ્યાન કરવું. આકાશમાં બંને બાજુ શુક્ર, ગુરૂ તથા બુધ આદિથી યુક્ત નક્ષત્રોની પંક્તિ જો હોય તો એ આકાશ શ્રીહરિના વક્ષઃસ્થલની ઉપમાને પામે. (૯)

સર્વ પ્રકારના અશુભ પાપનો નાશ જેના કોમળ સ્મરણમાત્રથી અને રમણીયતાથી થાય છે સર્વ રમણીય પદાર્થોને પરાભવ કરનાર, અતિ સુંદરતાથી યુક્ત, પોતાની શોભારૂપ લાવણ્યતાથી યુક્ત, વિશાળ, અત્યંત પ્રકાશમાન, હૃદયમાં વર્તતું દિવ્ય પુષ્પના હારનું ચિહ્ન જે સૂત્રના ગુણથી રહિત છે, અર્થાત્ જેમ પુષ્પનો હાર દોરાના આધારે હોય છે તેમ આ દિવ્ય પુષ્પ માળાનું ચિહ્ન તે સૂત્રના આધાર વગરનું હતું. તેનું આદર પૂર્વક સમ્યક્ પ્રકારે તે ભક્તે હૃદયમાં ચિંતવન કરવું. (૧૦)

શ્રીહરિના હૃદયમાં જે અર્ધચંદ્રાકાર ચિહ્ન છે તે પાંચ આંગળના વિસ્તારવાળું સુંદરતામાં જેણે

કામદેવના સૌંદર્યનો તિરસ્કાર કર્યો છે, અને તેથી જ જે મુનિઓને ચિંતવન કરવા યોગ્ય છે, સહજ રક્ત અને જમણી બાજુના પ્રદેશમાં લગારેક જે ઉન્નત છે, એવા અર્ધચંદ્રાકાર ચિહ્નનું ધ્યાન કરનારે પોતાના હૃદયમાં ચિંતવન કરવું. (૧૧)

સોનાનાં કડાં, પોંચીઓ તથા સાંકળાથી અત્યંત શોભતા, ચળકતા નાના પ્રકારના મણિઓ જેમાં છે એવી શુદ્ધ સુવર્ણની વીંટીઓથી શોભતા અને પોતાના આશ્રિતોની પીડાની નિવૃત્તિ કરનાર નખરૂપી ઉત્તમ મણિઓથી અત્યંત શોભાયમાન, ગુલાબના પુષ્પની માફક રક્ત વર્ણવાળી બંને હાથની હથેળીઓ જેમની છે એવા, બંને હાથનું હૃદયમાં ધ્યાન કરનારે ચિંતવન કરવું. (૧૨)

રત્ન જડેલા સુવર્ણના બે બાજુબંધોથી શોભતા, સર્પના શરીરની માફક શ્રેષ્ઠ, શ્રીહરિની બંને ભુજાઓનું તે ભક્ત પોતાના હૃદયમાં ચિંતવન કરે. વળી અતિ કોમળ, પુષ્ટ, દર્શન કરનારાઓના મન અને નેત્રોને આનંદ આપનારા શ્રીહરિના બંને ખભાઓનું હૃદયમાં ધ્યાન કરવું. (૧૩) વિવિધ પ્રકારના આભૂષણો તથા કૌસ્તુભ મણિને અલંકૃત કરનારો, શંખની માફક ત્રિરેખાથી યુક્ત, અતિ સુંદર, શ્રીહરિના કંઠ પ્રદેશનું પોતાના હૃદયમાં સ્મરણ કરવું. સર્વ શોભાવાળા પદાર્થોથી અધિક શોભાને ધારણ કરતી શ્રીહરિની શોભાયમાન હડપચીનું તે સ્મરણ કરે તેવી રીતે જીતી છે પક્વ બિંબની કાંતિ જેણે એવા બંને ઓષ્ઠોનુ પણ સ્મરણ કરવું. (૧૪)

મોગરાની કળીઓની માફક કમનીય કાંતિ સૂક્ષ્મ, રમણીય અને સમાન જે શ્રીહરિની દંત પંક્તિ તેનું અત્યંત આનંદ પૂર્વક તે ભક્ત સ્મરણ કરે. જે દંતપંક્તિને જોઈને દાડમના વૃક્ષનું ફળ અતિશય લજ્જાથી જો કે તેના બીજ ઉપમેય છે છતાં પણ શ્રીહરિની દંતપંક્તિ સમાન ન હોવાથી નીચું મુખ રાખેલું હોયને શું ? એમ રહે છે એવી શ્રીહરિની દંત પંક્તિનું તે ભક્ત સ્મરણ કરે. (૧૫)

વિવિધ પ્રકારે રસમાં રહેલું માધુર્ય તથા સર્વ રસોના સારભૂત અમૃતના ગર્વને હણનારું, અત્યુત્તમ શોભાયુક્ત, મંદ સ્મિતરૂપી રસથી પોષણ કર્યો છે ભક્તનો સમૂહ જેણે એવું, મોતીઓના જેવી ઉજ્જવળ દંતપંક્તિ જેમાં છે એવું, અતિશય છે શોભા જેની એવું, વિદ્રુમ મણિની માફક લલિત ઓષ્ઠની શોભાથી મનોહર, શ્રીહરિના મુખનું ચિંતવન કરવું. (૧૬)

સ્મરણથી નાશ કર્યાં છે દૂષણો જેણે, લાવણ્યથી પૂર્ણ, શુભ ગુણોના સમુદ્ર એવા શ્રીહરિના વદનની શોભા ચંદ્રથી પણ અધિક છે. કારણ કે ચંદ્રમાં કલંક છે શ્રીહરિના તે રમણીય મુખનું ધ્યાન કરનારે પોતાના હૃદયમાં ધ્યાન કરવું. (૧૭)

શ્રીહરિનું વદન ઉજ્જવળ મંદ હાસ્યની શોભાથી દર્શનીય છે. કુમુદોનો બંધુ જે ચંદ્ર તેની શોભાનો પરાભવ કરતું, સર્વોત્કૃષ્ટ, ચંચળ અને સુંદર એવી બે કીકીઓ જેમાં છે એવા શોભાયુક્ત નેત્રોથી શોભતું, જેની આસપાસ ભ્રમરો ગુંજન કરે છે એવા કમળની શોભાને પરાભવ પમાડતું, શ્રીહરિનું મુખકમળ સર્વોત્કર્ષપણે જયકારી પ્રવર્તે છે. (૧૮)

નવીન મેઘની પંક્તિની માફક શ્યામ અને ચંચળ ભ્રકુટિથી શોભાયમાન, રમણીય વાંકડીયા કેશથી આચ્છાદિત શ્રીહરિનું વદન, ચારેય તરફ ભમતા ભ્રમરાઓથી સુંદર નવીન અરવિંદની સ્વાભાવિક શોભાને પણ અતિશય લાજ પમાડે છે. (૧૯)

જે શ્રીહરિના વદનની ઉપમા ચંદ્રનો શીતળતાનો ગુણ ન હોવલાથી પદ્મ પામ્યું નહીં અને ચંદ્રમામાં પદ્મનો સુગંધિનો ગુણ ન હોવાથી ચંદ્ર પણ તે ઉપમા પામ્યો નહિ એટલે શીતળતાનો ગુણ જો કમળમાં હોય અને સુગંધિપણાનો ગુણ જો ચંદ્રમામાં હોય તો ચંદ્ર પદ્મગુણ વિશિષ્ટ શ્રીહરિના મુખની ઉપમાને યોગ્ય તે બંને થાય. (૨૦)

મંદ હાસ્ય રૂપી સુધારસ વડે પોતાના દર્શન કરનાર, પોષણ કરનાર, સુખના સ્થાનરૂપ, સદામંગળરૂપ, અગણિત કામદેવોને ઉત્પન્ન થયેલા સૌંદર્ય જનીત ગર્વનો નાશ કરનારું શ્રીહરિનું વદન સ્મૃતિ માત્રથી પણ સર્વોત્તમ શાંતિ પમાડે છે. માટે તેનુ ધ્યાન કરવું. (૨૧)

શ્રીહરિના વદનના અત્યુત્કૃષ્ટ જે ગુણો તેને પામવાની ઈચ્છા જાણે કરતું હોયને શું ? એ જળમાં નિરંતર રહેતું પદ્મ તપ કરે છે તો પણ તે સદ્‌ગુણોની એક કલાને પણ નથી પામ્યું. (૨૨)

કામથી ઉત્પન્ન થયેલા દાવાનલના તાપને શમાવનાર, વચનરૂપી અમૃત જેમાંથી સ્રવી રહ્યું છે તેથી તે મુખનું દાસપણું કરવા માટે ચંદ્રમા યોગ્ય નથી. કારણ કામદેવથી થતો સંતાપ ચંદ્ર તો ઉલટો વધારે છે. એટલે શ્રીહરિનું વદન કરોડ ચંદ્રમા તથા કામદેવોને પણ લજ્જા પમાડનારું છે. (૨૩) મુક્ત હાસ્યથી શ્રીહરિના બંને ગાલ ઉપર દંતપંક્તિની કાંતિ ચળકી રહે છે તેથી તેની શોભા પૂર્ણચંદ્રના કિરણોથી યુક્ત મરકત મણિના સ્થળના જેવી દીપી રહી છે. તે શ્રીહરિના બંને ગંડસ્થલોનું ધ્યાન કરવું. દીવાની જ્યોત તથા મોગરાના પુષ્પની કળી, તલનું પુષ્પ તથા પોપટની ચાંચની શોભા, તેને તિરસ્કાર કરનારી-સ્મૃતિ માત્રથી સુખ કરનારી, શ્રીહરિની નાસિકા તેનું તે ભક્ત ધ્યાન કરે. (૨૪) જેની બંને કીકીઓ વિશેષ પ્રકાશમાન અને ચપલ છે, શોભાયમાન સૂક્ષ્મ પાંપણોથી અત્યંત શોભે છે. કરુણામૃતથી પણ અત્યંત મૃદુ, આશ્રિતો પ્રત્યે અત્યંત પ્રેમયુક્ત, નેત્રના અંત ભાગમાં સુંદર લાલ રેખા છે એવા શ્રીહરિના બંને નેત્રોનું ચિંતવન કરવું. (૨૫)

જડેલા મણિઓ જેમાં છે એવા શુદ્ધ સુવર્ણના બંને કુંડળોથી શોભતા, વિવિધ પ્રકારના પુષ્પોના ગુચ્છો જેમાં છે સુંદરતાવાળા પદાર્થોથી અધિક સુંદરતાના ધામરૂપ, વિપરીત જ્ઞાન રૂપી અંધકારને ભેદી નાખે છે એવું છે સ્મરણ જેનું એવા, શ્રીહરિના બંને કર્ણોનું ચિંતવન કરવું. (૨૬) નીલ મણિન્દ્રોના જેવો વર્ણ જેનો છે એવું, સ્મરણ માત્રથી વિપત્તિનો નાશ કરનારું, ગુપ્ત લક્ષ્યને પણ ભેદી નાખે તેવા નયન કટાક્ષરૂપ બાણ જેમના છે, મકરધ્વજનો પરાભવ કરવા માટે કર્ણ પર્યંત ખેંચીને વાળેલું શ્રીહરિની ભ્રકુટિરૂપી ધનુષ્યનુ સમ્યક્ પ્રકારે ચિંતવન કરવું. (૨૭)

કુમકુમનો ગોળ સુંદર ચંદ્રાકૃતિ વાળો ચાંદલો, નાગકેશર અને સુગંધિમાન ચંદનના ઉર્ધ્વપુંડ્ર તિલકની મધ્યે જેમને શોભે છે. અને તેની શોભાથી તિરસ્કૃત કરી છે ઈન્દ્રના ધનુષ્યની શોભા જેમણે

એવું અતિ કોમળ વિશાળ, અને અત્યંત દર્શનીય શ્રીહરિના લલાટનું ધ્યાન કરનારે ચિંતવન કરવું. (૨૮)

ભક્તજન અતિ ભક્તિથી પોતાના હૃદયકમળમાં શ્રીહરિના મંદ હાસ્યનું સ્મરણ કરે. મંદહાસ્યથી પ્રસરતી ઉજ્જવળ શ્વેત દંતપંક્તિની કાંતિથી જાણે નવપલ્લવના સંબંધને પામેલું સફેદ પુષ્પ હોય ને શું? નિર્મળ વિદ્રુમ મણિમાં રહેલું (લાલમણિમાં રહેલું) મોતી જેમ શોભે તેમ તે મંદ હાસ્ય શોભતું હતું. (૨૯) અતિ સુંદર સ્ફટિક મણિના સમાન ઉજ્જવળ સ્મરણ કરનાર જનોના ત્રિવિધ તાપને નાશ કરનારું પક્વ બિંબફળની ઉપમા યોગ્ય ઓષ્ટની અતિશય કાંતિથી જાણે રાતી થઈ હોય એવી શ્વેત શ્રીહરિની મોગરાની કળીઓ જેવી દંત પંક્તિની શોભા દર્શાવતું શ્રીહરિનું અટ્ટહાસ્ય-સુરાખાચર વગેરે ભક્તોના દર્શનથી મુક્ત હાસ્યથી હસતા તે અટ્ટહાસ્યનું પોતાના હૃદયમાં ચિંતવન કરવું. (૩૦) અતિશય કરુણાથી કોમળ, સુકૃતજન્ય અતિ સ્વભાવથી ચંચળ, પોતાના ભક્તજન સમૂહની સમગ્ર માનસ વ્યથાને હરનારું મંદહાસ્ય યુક્ત શ્રીહરિની પ્રસન્ન અને દર્શનીય મૂર્તિનું ભક્ત જનોએ અત્યાનંદ પૂર્વક ચિંતવન કરવું. (૩૧) શ્રીહરિના શોભાયમાન જમણા કપોળમાં નાસિકાની પાસેના અતિસુંદર શ્યામ તિલના ચિહ્નનું ચિંતવન કરવું. વળી ડાબા કાનની અંદર શ્યામ કમળના સમાન કાન્તિવાળા મોટા બિંદુની આકૃતિવાળા ચિહ્નનું ચિંતવન કરવું. (૩૨)

શ્રીહરિના અતિ કોમળ સુવિશાળ લલાટમાં રમણીય બે રેખાત્મક ઉર્ધ્વપુંડ્રતિલકના સમાન આકારવાળા ચિહ્નનું પોતાના હૃદયમાં પ્રીતિથી સ્મરણ કરવું. વળી વિશાલ ભાલમાં રહેલું, સાધુ જનો જેનું સદા ધ્યાન કરે છે તે વાંકુ, વિસ્તારવાળું, શ્રેષ્ઠ અને જેનાથી અંધકાર નાશ પામે છે એવું ત્રણ રેખાવાળા ચિહ્નનું પોતાના હૃદયમાં પ્રીતિથી સ્મરણ કરવું. (૩૩)

અનેક પ્રકારના પુષ્પોના શ્રેષ્ઠ તોરાઓની પંક્તિથી રમ્ય, દર્શન કરવા યોગ્ય મોળીયું ધારણ કરેલા, ક્યારેક શોભાયમાન મુગટ ધારણ કરેલા, શ્રીહરિના મસ્તકનું ધ્યાન કરીને શ્રીહરિના મંદહાસ્ય યુક્ત વદનનું ઘણા સમય સુધી ચિંતવન કરવું. (૩૪)

આ લોકમાં જે જનો પરમેશ્વરનું ધર્મસુત શ્રીકૃષ્ણનું આ પ્રકારે રાત્રિ દિવસ ધ્યાન કરે છે તે જનો આ લોકમાં શ્રેષ્ઠ કીર્તિને પ્રાપ્ત કરે છે અને પોતાના દેહાવસાન બાદ અક્ષરધામને પામે છે. (૩૫)

પોતાના આશ્રિત જનોના સમૂહમાં પ્રફુલ્લિત શ્યામ કમળની પંક્તિની માફક નીલ વર્ણવાળા, અતિ કોમળ, સર્વ પ્રકારે શુભ સાધુજનોને દર્શન માત્રથી આનંદ આપનારા શ્રીહરિના હસ્ત તથા ચરણ આનંદકારી અવયવોથી શોભતા, પોતાના ગુરુએ સોંપેલી ધર્મધુરાને વહન કરતા, ધર્મના પુત્ર, દિવ્ય મૂર્તિ, ક્ષરાક્ષરથી પર પુરુષોત્તમ શ્રીસહજાનંદનું ધ્યાન મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું છે. (૩૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિ મૂર્તિના ધ્યાન વિધિનું નિરૂપણ તે નામે બાસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૨)



અધ્યાય ૬૩ મો

ખટ્વાંગ રાજા કહે છે :- હે રાજન્ ! (અભય ભૂપતે) ધર્મદેવથી જેમનો જન્મ છે તે શ્રીહરિ પોતાના આશ્રિતોના સંસારના કષ્ટને હરનારા, અને તેથી જ શ્રીહરિકૃષ્ણ ભગવાનના સાર્થક નામવાળા તેમની સુધાવાણી સાંભળવામાં ઉત્સુક મનવાળા એકાંતિક ભક્તોએ સદા સેવેલા તે શ્રીહરિની કથારૂપી અમૃતનું પાન કરવા માટે અતિશય ઉત્કંઠાવાળા તમોને શ્રીહરિની જે પરમૈશ્વર્ય યુક્ત સર્વોત્તમ મૂર્તિના સ્મરણથી, ચિંતવન કરનાર જનોનું અજ્ઞાન નાશ પામે છે. તેથી તે મૂર્તિને ''उत् गच्छति तमः येन'' જેનાથી અંધકાર નાશ પામે છે માટે ''उत्तम'' કહે છે તે મૂર્તિના ચિંતવનનું ફળ હું ખટ્વાંગ તમોને સ્પષ્ટ જેમ હોય તેમ કહું છું. (૧)

તેમાં ભક્તિ દેવી જે પ્રેમવતી તથા ધર્મદેવ તેમના થકી જેમનો જન્મ છે તે શ્રીહરિ (કર્ક રાશિમાં જન્મ હોવાથી) નામથી પ્રસિદ્ધ હરિકૃષ્ણ ભગવાનના શોભાયમાન ચરણકમળનાં તળીયાથી શોભતાં જે ચિહ્નોના સ્મરણનું શુભ ફળ પ્રથમ તમોને કહું છું. તે એકાગ્ર ચિત્તથી સાંભળો (એકાદ્ર મનથી સાંભળવું એમ શ્રુતિમાં કહ્યું છે તે સિવાય તો સાંભળ્યું તે ન સાંભળ્યા બરાબર છે. શ્રુતિઓ ''नाऽन्यत्रमना अपश्यम्, नाऽन्यत्रमना अश्रौषम्'' ઈત્યાદિ) (૨)

શ્રીહરિના જમણા ચરણના તળિયામાં જે ચિહ્નો છે તેમાં મંગળરૂપ ભગવાનના સંબંધથી સમગ્ર મંગળના સ્થાનભૂત સ્વસ્તિક ચિહ્નની (ઉત્સવાદિ દિવસોમાં ઘરમા ઉમરા વગેરેમાં કુમકુમથી સ્વસ્તિક ચિહ્ન કરે છે.) જે મુમુક્ષુ જનો સ્મૃતિ કરે તેને જેમ મંગલાદિથી શાંતિ થાય છે તેમ અવશ્ય શાંતિ થાય છે. ''स्वस्ति क्षेमं, स्वचिन्तकस्य शुभं, कायति आकारयति तत् स्वस्तिकम्'' પોતાના ચિંતકનું શુભ કરે છે તે સ્વસ્તિક કહેવાય છે. (૩)

''सुष्ठु असति दीपयति निर्गुणस्थितिं'' સારી રીતે નિર્ગુણ સ્થિતિને શોભાડે તે સ્વસ્તિક કહેવાય છે. સમગ્ર ભક્તોએ સદા ચિંતવન કરેલું પુણ્યમય અને અમંગલને ભેદનારું જેનું ચિંતવન છે તે સ્વસ્તિક ચિહ્ન તેનું ચિંતવન કરનારા જનોને સમગ્ર મુક્તોએ ઈચ્છેલી અથવા પ્રાર્થેલી-જેમાં કોઈ પણ ન્યૂનતા નથી એવી પ્રત્યક્ષ ભગવાનના સંબંધવાળી એકાંતિક સ્થિતિ તે જે સ્થિતિ પ્રત્યક્ષ ભગવાનના એકાંતિક ભક્તોએ સદા વરેલી છે તે સ્થિતિ જે ત્રણ દેહથી પર આત્માના ભાવને સદા જાગ્રત રાખી, ભગવત્સ્વરૂપમાં અવિચ્છિન્ન સ્મૃતિ કરાવે છે તે નિર્ગુણ સ્થિતિને સ્વસ્તિક ચિહ્નનું ચિંતવન કરનાર ભક્તો પામે છે. (૪)

સમગ્ર વિપત્તિઓના કારણભૂત અને સંસૃતિ કરવામાં સદા નિપુણ, દેહ અને દેહ સંબંધિઓ વિષે જે પ્રીતિ, અને તેનાથી ઉત્પન્ન થતું જે દુઃખ તેને સહન કરવું વિષમ છે તે પ્રીતિ તે સ્વસ્તિક ચિહ્નના ચિંતવનથી નાશ પામે છે. (એવો સ્વસ્તિકના ચિહ્નમાં ચિંતવનનો મહિમા છે.) (૫)

શ્રીહરિના ચરણના તળીયામાં અતિ શ્રેષ્ઠ, મંગળમાત્રના સ્થાનભૂત, અષ્ટકોણનું જે ચિહ્ન છે તેનું ભક્તે પોતાના હૃદયમાં એકાગ્રમનથી ચિંતવન કરવું. તે અષ્ટકોણનાં ચિહ્નના ચિંતવનથી ભક્તોને

મહાસુખ આપનાર અષ્ટ અંગ સાથેનો જે સર્વોત્તમ યોગ તેનાથી (યોગના આઠ અંગો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ એ અંગો સહિત) અસંપ્રજ્ઞાત સમાધિ સિદ્ધ કરાવે છે. (૬) શ્રીહરિનો જે આશ્રિત ભક્ત અષ્ટકોણ ચિહ્નનું સર્વકાળ આદર પૂર્વક પોતાના હૃદયમાં ચિંતવન કરે છે તે ક્યારેય પણ પરતંત્રતા આપનારું દુઃખ એટલે કે આઠ દિશાઓના પતિ જે સુરાદિ દેવતાઓ તેને કદી આધીન થતો નથી. (ઈન્દ્ર, વહ્નિ, પિતૃપતિ, નૈઋતો, વરુણ, વાયુ, કુબેર, ઈશ, અથવા રવિ વગેરે દિશાઓના પતિઓ રવિ, શુક્ર, મંગળ, શનિ, રાહુ, સોમ, બુધ, ગુરુ, એ આઠ ગ્રહો, અષ્ટકોણનું ચિંતવન કરનારને આધિન કરી શકતા નથી.) (૭)

અજ્ઞાનથી થયેલાં પાપ તથા ત્રિવિધ સંતાપની નિવૃત્તિ કરનારું છે ચિંતવન જેનું, તેથી જ મુનિ સમુદાયો રાત્રિ દિવસ જેની સ્મૃતિ કરે છે. તે અષ્ટકોણ ચિહ્ન ધ્યાન કરનારા જનોને અષ્ટપ્રકારની પ્રકૃતિથી (भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च । अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ પૃથ્વી-જળ-તેજ-વાયુ-આકાશ-મન-બુદ્ધિ અને અહંકાર આ અષ્ટ પ્રકારની પ્રકૃતિથી) મુક્ત કરે છે. (૮)

જે મનુષ્યો શ્રીહરિના ચરણ તળમાં રહેલું સમગ્ર મંગળના સ્થાનભૂત ધ્વજાના આકારનું રેખાત્મક શોભાયમાન ચિહ્ન તેનું ચિંતવન કરે છે, તે જનોના કામક્રોધાદિક અધર્મ શત્રુઓ યુદ્ધારંભના અવસરમાં જ પરાજય પામી જાય છે. અને તે સદા વિજય પામે છે. (કામક્રોધાદિક અધર્મ શત્રુનો પરાજય કરીને વિજયનો ધ્વજ ફરકાવે છે.) (૯)

(જે ચિહ્ન ધ્યાન કરનારને (ध्वनति) આ લોકની વિષયાદિ વાસનાના અંતને પમાડે તે ધ્વજ એ વ્યુત્પત્તિથી તે શબ્દનો અર્થ અનુક્રમથી કહે છે) અતિ શાંતિ આપનારું અને પવિત્ર ધ્વજ ચિહ્ન તેનું જે શ્રદ્ધાપૂર્વક પોતાના હૃદયમાં વિશિષ્ટ પ્રકારથી ચિંતવન કરે છે, તે ભક્તની શબ્દાદિ પંચ વિષયોથી અત્યંત અશાંતિ કરનારી વાસનાનો નાશ તત્કાળ થાય છે. (૧૦)

શ્રીહરિના ચરણ તળમાં અતિ સુંદર જવ ચિહ્ન (રેખાત્મક જળની આકૃતિ રૂપ ચિહ્ન) નું જે ભગવાનનો ભક્ત ચિંતવન કરે છે, તે ભક્તો આલોકમાં જેમ પ્રાયશ્ચિત કરનારાઓ પાપથી શુદ્ધ થાય છે, તેમ તે જવના ચિહ્નનું ધ્યાન કરનારાઓના અંતઃકરણની શુદ્ધિ થાય છે. (૧૧)

(હવે ''यौति मिश्रीकरोति'' પોતાના ઈષ્ટદેવની સાથે સંશ્લેષ કરાવે છે તે यवः જવ કહેવાય છે.) જે જવનું ચિહ્ન પોતાના ધ્યાન માત્રથી જ ધ્યાતાને અતિશય શાંતિ પમાડે છે. તેનું ચિંતવન કરનારા ભક્તોને શુભ ગુણો પમાડી પોતાના ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણનો અતિદુર્લભ સંબંધ તત્કાળ પમાડે છે. (૧૨)

(જેમ અંકુશ મદોન્મત્ત હાથીને વશ કરે છે તેવી રીતે ભગવાનના ચરણ કમળના તળમાં રહેલું અંકુશનું ચિહ્ન પણ તેવા સામર્થ્યવાળું છે. જેમ મહાવત મદોન્મત્ત હાથીને વશ કરે છે તેમ અંકુશ નામનું ચિહ્ન મનરૂપી હાથીને વશ કરીને શ્રીહરિની સન્નિધિ પમાડે છે.) શ્રીહરિના ચરણ કમળમાં અંકુશરૂપી સુંદર ચિહ્નનું જે એકાગ્ર મનથી સ્મરણ કરે છે તે જનોના મનરૂપી મદોન્મત્ત હાથી તત્કાળ વશ થઈ

જાય છે. અને તે ધ્યાનથી ધર્મપુત્ર શ્રીહરિના ચરણકમળની સન્નિધિ ધ્યાન કરનાર પામે છે. (૧૩)

(જે ધ્યાન કરનારને "अङ्क्ते" इति अंङ्कुशं" ધર્મ, ભક્તિ, વૈરાગ્ય જ્ઞાનાદિ ગુણોવડે વશ કરે છે તે અંકુશ) શ્રીહરિના ચરણ કમળમાં રહેલા આ અંકુશ ચિહ્નનું સર્વકાળ સ્મરણ કરનાર ભક્તજનના સંસૃતિનું બંધન સદા નાશ પામે છે. ભગવાનના ભક્ત સિવાય બીજાઓને જે દુષ્પ્રાપ્ય છે તેવી શાંતિ આપનાર ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, આત્મ પરમાત્માના યથાર્થ જ્ઞાનને તે નિશ્ચય સિદ્ધ કરાવે છે. (૧૪)

જેના ચિંતવનથી પ્રાકૃત રસાત્મક લોક ભોગ સુખ વગેરે તુચ્છ થાય છે તેવું ચરણના તળીયામાં જંબુ ફળની આકૃતિવાળું રેખાત્મક ચિહ્ન તેનું એકાગ્ર મનથી ધ્યાન કરનાર ભક્ત મૂળ માયા અને મૂળ પુરુષાદિના સ્થાનમાં રહેલા રસની ક્યારેય પણ સ્પૃહા કરતો નથી. (૧૫)

(પોતાનું ધ્યાન કરનાર જનના અનેક જન્મમાં પાપને जमति - अत्ति इति जम्बु" નાશ કરે છે. ભગવાનના ચરણ તળમાં રેખાત્મક જાંબુનું ચિહ્ન જોઈને તેના ચિંતવનનું ફળ કહે છે.) પ્રત્યક્ષ શ્રીહરિની મૂર્તિનું ચિંતવન કરનાર મુનિમંડળ શુભાત્મ જાંબુફળના ચિહ્નનું જો સ્મરણ કરે-ધ્યાન કરે-તો આદર પૂર્વક ધ્યાન કરનાર ભગવાનના તે ભક્તોના ઘણા જન્મોના પાપ પુંજનો નાશ થાય છે. (૧૬)

શ્રીહરિના ચરણ તળમાં વજ્ર સ્વરૂપ રેખાત્મક ચિહ્નનું ધ્યાનના સમયમાં ધ્યાન કરવું. જે વજ્રનું ચિહ્ન પોતાના ધ્યાન કરનાર ભક્તજનોના મનમાં રહેલો તેથી જ શાસ્ત્રાદિથી ભેદવા માટે અશક્ય એવો અનેક દૂષણરૂપી પર્વતને તત્કાળ ભેદી નાખે છે. (૧૭)

(જે ચિહ્ન પોતાનું ધ્યાન કરનારને સર્વ આવરણોના અંતને પમાડે છે. મોહનો પણ નાશ કરે છે. "व्रजति" गमयति इति वज्रम् તે વજ્ર કહેવાય છે) શ્રીહરિના ચરણ તળમાં રહેલા વજ્રના ચિહ્નનું ધ્યાન કરનાર ભક્ત તેના ધ્યાનથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ ભગવાનની પ્રસન્નતાથી અતિ દુસ્તર પૃથિવ્યાદિ અષ્ટાવરણ તેના અંતને અનાયાસે પામે છે. દેહ તથા દેહના સંબંધિઓમાં અહંતા, મમતારૂપી વિપરીત જ્ઞાનના અંતને પણ તત્કાળ પામે છે. (૧૮)

શ્રીહરિના પદતળમાં રહેલા પદ્મના ચિહ્નનું ચિંતવન કરવું. જે પદ્મના ચિહ્નનું સમ્યક્ પ્રકારે ચિંતવન કરવાથી, ચિંતવન કરનાર ભગવાનના ભક્તોને જેમ જળનું પુર કમળને ડૂબાડતું નથી તેમ તે ભક્તને સંસાર સાગર કદી ડૂબાડતો નથી. (૧૯) એટલું જ નહીં પણ સંસારના ભયને તત્કાળ ભેદી નાંખે એવી ધર્મ પુત્ર શ્રીહરિમાં તે ભક્તને પરમ શાંતિ આપનારી અતિશય પ્રીતિ થાય છે. (૨૦)

શ્રીહરિના પદતળમાં ચક્રાકાર રેખાત્મક શોભાયમાન ચક્રના ચિહ્નનું ચિંતવનાર ભક્તના કામરૂપી શત્રુ જેમ સુદર્શનના ભયથી સિંહિકા સુત રાહુ નાશ પામે છે તેમ તે શત્રુ તત્કાળ નાસી જાય છે. (૨૧) શ્રીહરિના ચરણ તળમાં રહેલા ચક્રનું ચિંતવન કરનારા ભક્તને ધર્મપુત્ર શ્રીસ્વામિનારાયણ ભગવાનના બ્રહ્મધામમાં તે ભગવાન સાથે તેમના દિવ્ય પાર્ષદ જેવી અવશ્ય ગતિ થાય છે. (૨૨)

શ્રીહરિના ચરણતળમાં રહેવું સંસૃતિના ભયનો ક્ષય કરવામાં સમર્થ, છત્રાકારે રેખાત્મક ચિહ્નનું આદરપૂર્વક જે ભક્ત ધ્યાન કરશે તે ભક્ત અતિશય શાંતિ આપનારું ઉત્તમ નિષ્કામ ભક્તરાજપણું પામે

છે. (૨૩) (छादयतीतिच्छत्रम् સમગ્ર તાપનું નિવારણ કરે છે તે છત્ર કહેવાય છે) પ્રેમના અતિરેકથી દ્રવીભૂત થયેલા હૃદયમાં જે છત્રના ચિહ્નનું જે ભક્ત હંમેશા ધ્યાન કરે છે, તે ભક્તના સમગ્ર તાપો જે નિવારણ કરવા અતિ દુઃસહ છે તેનું નિવારણ ભગવાન તત્કાળ કરે છે. (૨૪)

શ્રીહરિના શુભ વામ ચરણના તળમાં પાપોની નિવૃત્તિ કરનારું રેખાત્મક છે છતાં પણ અતિ સુંદર જેની ફક્ત સ્મૃતિથી જ સંસારનો નાશ થઈ જાય છે, એવું સર્વે સુખના એક કારણ સ્વરૂપ, ત્રિકોણ આકારનું રેખાત્મક ચિહ્ન છે, તેનું શ્રીહરિના ધ્યાન કરનાર ભક્તજનોએ પોતાના હૃદયમાં સર્વ પ્રકારે ચિંતવન કરવું. (૨૫)

જેણે આ લોકમાં શ્રીહરિનાં ચરણકમળનો આશ્રય કર્યો છે તે ભક્ત પોતાના હૃદયકમળમાં ત્રિકોણ ચિહ્નનું અત્યંત ભક્તિથી નિરંતર ચિંતવન કરતા તત્કાળ જાગ્રત સ્વપ્ન સુષુપ્તિરૂપ ત્રણ અવસ્થા તથા સ્થૂળ-સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીરથી રહિત થાય છે. (૨૬)

શ્રીહરિના વામ પાદ તળમાં રહેલા રેખાત્મક મીન ચિહ્નનું ધ્યાન કરનાર, તે ચિંતવનના બળથી, માછલાઓ જેમ જળમાં રહેવા છતાં તેમાં ડૂબતા નથી તેમ પ્રાપ્ત થયેલા રમણીય શબ્દાદિ વિષયોની આસક્તિથી કદાપિ પરાભવ નથી પામતા. (અહો શું વર્ણન કરું ? શ્રીહરિના પદના તળમાં મત્સ્યના ચિહ્નના સ્મરણનો મહિમા કહેતા કહે છે : જેમ માછલાને જળનો નિત્ય સંબંધ છે. છતાં તેનાથી તે પરાભવ નથી પામતા તેમ અનાદિ અજ્ઞાનરૂપ દેહનો સંબંધ હોવાથી જનોને વિષયનો નિત્ય સંબંધ રહે છે. પરંતુ મત્સ્ય ચિહ્નના ચિંતક જનો તે પંચવિષયથી કદાપિ પરાભવ પામતા નથી. માટે હું મત્સ્ય ચિહ્નના સ્મરણનો મહિમા કહેવા માટે શક્તિમાન નથી એમ ખટ્વાંગ મસ્તક હલાવતા કહે છે.) (૨૭)

(હાલમાં माद्यति પોતાનું ધ્યાન કરનારને ભગવાનની મૂર્તિના દર્શન કરાવવાથી હર્ષ પમાડે છે માટે મત્સ્યઃ) જે મત્સ્યનું ચિહ્ન પોતાનું એકાગ્ર મન વડે ધ્યાન કરનાર ભક્તજનોને ધર્મપુત્ર શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરાવીને ભક્તો સિવાય બીજાને દુષ્પ્રાપ્ય અનુપમ દિવ્ય આનંદ પમાડે છે. (૨૮) શ્રીહરિના ચરણતળમાં અર્ધચંદ્ર નામના મંગળકારી ચિહ્નનું જે ભક્તજન ચિંતવન કરે તો તે ચિંતવન કરનાર ભક્તજનોના હૃદયના અંધકારને તત્કાળ નિવૃત્તિ પમાડે છે અને અંતઃકરણરૂપી કુમુદને અતિશય પ્રફુલ્લિત કરે છે. (૨૯)

આ લોકમાં પવિત્ર જે અર્ધચન્દ્ર ચિહ્નનું, વાયુ વિનાના પ્રદેશમાં રહેલી દીપની જ્યોતની માફક, નિશ્ચલ ચિત્તથી જે સ્મરણ કરે છે તે ભક્ત શુભ કર્મથી પામવા યોગ્ય ભગવાનના એકાંતિક ભક્તોના ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય તથા માહાત્મ્ય જ્ઞાને સહિત અતિ સ્નેહપૂર્વક આચારોની સંપત્તિને પામે છે; અને જેમ ભગવાનના ભક્ત ભાલમાં કેસરયુક્ત ચંદનથી કરેલા ઉર્ધ્વપુંડ્ર તિલકના મધ્ય ભાગમાં કુમકુમનો ચાંદલો તે ભક્તના લલાટને શોભાડે છે તેમ સમગ્ર ભક્તમંડળને તે ભક્ત અત્યંત શોભાડે છે. (૩૦) હે રાજન્ ! ભગવાનના ચરણતળમાં રહેલું અગ્રગણ્ય ગોપદ ચિહ્નનું પોતાના હૃદયમાં સ્મરણ કરનાર ભક્તોને, સંસસારરૂપ અત્યંત અગાધ અને ભયંકર સમુદ્ર, ગાયના વાછરડાના પગલાની તુલ્ય થઈ જાય છે.

(૩૧) ગોપદ ચિહ્નનું સ્મરણ કરનાર ભગવાનના ભક્તને, દિવ્ય તેજના કિરણોના સ્થાનભૂત અત્યંત શાંતિ આપનારું, રાધા-લક્ષ્મી આદિક શક્તિઓએ સેવેલું, ભગવાનના સર્વ ધામોથી શ્રેષ્ઠ દિવ્ય અક્ષરબ્રહ્મ સંજ્ઞાથી વર્ણવેલું શ્રીહરિકૃષ્ણના શુભ ધામના સમાધિમાં દર્શન થાય છે. હે રાજન્ ! હું તો ધ્યાનનો મહિમા કહેવા સમર્થ નથી. (૩૨)

ધ્યાનના આરંભ સમયમાં શ્રીહરિના ચરણ તળમાં રહેલ પરમ મંગલ ધનુષ્યના ચિહ્નનું પણ ભક્તજને ચિંતવન કરવું જોઈએ. જેના સ્મરણ માત્રથી જ ભક્તજનના ક્રોધ-કામ-લોભ-રસાસ્વાદ માન વગેરે અંતઃશત્રુઓ તત્કાળ નાસી જાય છે. (૩૩)

(જે ધનુષ્યના ચિહ્નનું ધ્યાન કરનારને ''**धनति**'' સાક્ષાત ભગવાનના દર્શન કરાવી ભગવાનના ગુણ વિભૂતિ-ઐશ્વર્યાદિ વગેરેનો અંત નથી. એમ સ્પષ્ટ સમજાવે છે તે ધનુઃ કહેવાય) ભગવાનના ચરણ તળમાં રહેલું ધનુષ્યના આકારે રેખાત્મક ધનુષ્યના ચિહ્નનું ચિંતવન કરતા ભક્તને સમાધિ થતા સમાધિમાં શ્રીહરિના દિવ્ય-વિભૂતિ-ભ્રમ- સદ્‌ગુણાદિ જુવે છે. શ્રીહરિની અપાર દિવ્ય-વિભૂતિ વગેરે સત્ય છે. અવિનાશી છે. આ પ્રકારે સ્પષ્ટ શબ્દોથી ઉચ્ચારણ કરે છે. (૩૪)

વળી તે ભગવાનનો ભક્ત શ્રીહરિના ચરણતળમાં વ્યોમનું ચિહ્ન (છિદ્રના જેવી આકૃતિવાળું) અવકાશાત્મક રેખા જેવા ચિહ્નનું ચિંતવન કરે, જે વ્યોમ ચિહ્નની સ્મૃતિના બળથી અષ્ટાંગ યોગની સાધનાની ઈચ્છાવાળાઓ, અષ્ટાવરણે રહિત અભિવાંછિત દૃષ્ટિ તત્કાળ પામે છે. (૩૫)

(''**व्यपति**'' જેનું ધ્યાન કરનાર બીજાની મહત્તાને ઢાંકી દે છે - મોટે વ્યોમ) નિષ્કામ જે વ્યોમના ચિહ્નનું સ્મરણ કરે છે તે ભક્તજન શ્રીહરિકૃષ્ણ ભગવાનની પ્રસન્નતામાં કારણભૂત નિષ્કામ-નિસ્વાદ-નિર્લોભ-નિર્માનાદિ ગુણ સમૂહને પામે છે જે કહેલા સદ્‌ગુણોથી પ્રયાસ વિના જ બીજાની મહત્તાને ઢાંકી દે છે. (૩૬) શ્રીહરિનો ભક્ત શ્રીહરિના ચરણતળમાં રેખાત્મક છે, છતાં અતિ શોભાયમાન કુંભની આકૃતિ સરખા કળશના ચિહ્નનું પોતાના અંતરમાં ધ્યાન કરે. આ લોકમાં કળશના ચિહ્નનું પ્રતિદિન ચિંતવન કરતો ભક્ત ભગવાનના શિખરબદ્ધ મંદિરના અગ્ર ભાગમાં સુવર્ણ કળશની માફક ઊંચે રહેલા અક્ષર ધામને પામે છે. (૩૭) (**क** નિરવધિક સુખને **लाति गृह्णाति** પોતાની મૂર્તિમાં ગ્રહણ કરાવે, **कलः श्रीहरिः तं शवति प्राप्नोति** તેના ધ્યાનથી પામે છે તે કળશ કહેવાય છે.) આ લોકમાં શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરનાર ભક્તજન, પવિત્ર તે કળશના ચિહ્નનું હંમેશા સ્મરણ કરતા મુનિઓના સમુદાયોએ દિવ્ય વૈભવગુણાદિના સમુદ્ર તેથી જ મહાસુખને આપનારા શ્રીહરિના સ્વરૂપનું ચિંતવન કર્યું છે, તે શ્રીહરિને તે ભક્ત પામે છે. (૩૮)

શ્રીહરિના બંને ચરણોના તળિયામાં ઉર્ધ્વરેખાત્મક બંને ચિહ્નોનું-મંગળકારી ઉર્ધ્વરેખાના યુગ્મનું-ભગવાનના ભક્તોએ સર્વકાળ ધ્યાન કરવું. જે ઉર્ધ્વરેખાના ચિહ્નના ચિંતવનથી ધ્યાન કરનારા મનુષ્યોને બ્રહ્મ શબ્દ વાચ્ય આત્મા પરમાત્માના સ્વરૂપને યથાર્થ પામેલા ભક્તોમાં પણ અતિ શ્રેષ્ઠ ગતિ પમાય છે. (૩૯) ઉર્ધ્વરેખા ચિહ્નનું ચિંતવન કરનાર ભક્તજન મંદિરના શિખર ઉપર રહેલા કળશની માફક સર્વ લોકની ઉપર રહેલું જે અક્ષર ધામ તે પ્રત્યે નિશ્ચય જશે. આવું ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એ ચારવેદો તથા

યોગ, મીંમસા, ન્યાય વગેરે શાસ્ત્રોમાં પ્રવિણ કવીશ્વરો પોતે રચેલા ગ્રંથમાં લખે છે. (૪૦)

શ્રીહરિના વામચરણના તળમાં શંખનું, શુભ રેખાત્મક શંખની આકૃતિ જેવા સુંદર ચિહ્નનું ધ્યાન કરનાર હરિભક્ત સ્મરણ કરે. તે શંખના ચિહ્નનું ચિંતવન કરનાર ભક્ત જનના કામાદિ અંતઃશત્રુઓ તથા શબ્દાદિ પંચવિષયાત્મક બાહ્ય શત્રુઓ, શ્રીહરિના પાંચજન્ય શંખની ધ્વનિના શ્રવણથી અસુરો જેમ પરાભવ પામે છે, તેમ પરાભવ પામે છે. (૪૧) ''शं खनति-जनयति इति शंखः अथवा शाम्यति अलक्ष्मीं इति शंखः'' જે શંખનું ચિહ્ન સર્વકાળે સ્વધર્મે સહિત ભક્તિએ યુક્ત પોતાનું ચિંતવન કરનાર હરિભક્તને શ્રીહરિની મૂર્તિના પ્રતિક્ષણ નવીન, દુર્લભ અને અવિનાશી દર્શન જન્ય આનંદને વારંવાર ઉત્પન્ન કરે છે તથા અલક્ષ્મીને (પાપોને) પણ તત્કાળ શમાવી દે છે. (૪૨)

હે અભય ભૂપતે ! આ પ્રકારે બંને ચરણના તળીયામાં અતિ શોભાયમાન સુંદર ચિહ્નોના ચિંતવનનું ફળ તમોને મેં કહ્યું. હવે પછી શ્રીહરિના અતિ લાવણ્ય ભરપૂર અવયવોનું તેનું જે પવિત્ર ધ્યાન તેનું અતિ સુંદર ફળ હું તમોને કહું છું. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિ મૂર્તિના ચરણકમળના ચિહ્નના ધ્યાનનું ફળ નિરૂપણ નામે ત્રેસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૩)



અધ્યાય ૬૪ મો

ખટ્વાંગ રાજા કહે છે : હે નરપતે ! પોતાના આશ્રિતોને પવિત્ર કરનારા, પાવનકારી ધર્મ, પોતાના વંશ પરિવાર સાથે વિશ્વને ધારણ કરવારૂપ અન્વર્થનામ ધારી, નિરંતર પોતાનાં પુત્રભાવને પામેલા ભગવાનનો ત્યાગ નથી કરતા.(तत्त्वं हि मे हृदयं यत्र धर्मः એમ શ્રીમદ્ભાગવતમાં) (૧) એજ કારણે વેદશાસ્ત્રને જાણનારા બુદ્ધિમાન તત્ત્વ દૃષ્ટાઓ શ્રીહરિને ધર્મપુત્ર અથવા ધર્મનું બખતરની માફક રક્ષણ કરનારા, માટે ધાર્મિ (શ્રીમદ્ભાગવતમાં ''त्वतः सनातनो धर्मो रक्ष्यते तनुभिस्तव'') અથવા ધર્મના પુત્ર (ધર્મનું કષ્ટ નિવર્તકપણું હોવાથી અન્વર્થ સંજ્ઞાવાળા) ધર્મધુરંધર કહે છે. (૨) શ્રીહરિ ધર્મધુરંધર હોવાથી શ્રીહરિના શુભ અવયવો (પાદાદિ સુંદર અંગો) નું ધ્યાન કરનાર જનોના ધર્મથી ઉત્પન્ન થયેલા મંગળકારી ગુણો જે શમ-દમ-આદિક આવે છે. અને તે અતિ સુખ આપનારા થાય છે. વળી અધર્મથી ઉત્પન્ન થતા દોષો લોભ-કામાદિ વગેરે નાશ પામે છે. (૩)

માટે મોક્ષના સ્થાનભૂત ધર્મવંશને વિષે ઉત્પત્તિ જેમની છે એવા ગુણો પામવા ઈચ્છતા ભગવાનના ભક્તોએ શ્રીહરિકૃષ્ણ ભગવાનના અંગોનું યથાર્થ રીતે ચિંતવન કરવું. (૪) શ્રીહરિના અંગોના ધ્યાનથી, અધર્મવંશથી ઉત્પન્ન થયેલા કામ ક્રોધાદિક સર્વે દોષો નાશ પામે છે, તથા ત્રિવિધ તાપની નિવૃત્તિજન્ય સુખ તથા શ્રીહરિની પ્રસન્નતા થાય છે. (૫) હે રાજન્ ! તેથી હરિના જુદાજુદા અંગના ચિંતવનથી

ધર્મના કુળમાં ઉત્પન્ન થયેલા શાંતિ દાયી ગુણો પ્રાપ્ત થાય છે. (૬) તેમજ અધર્મવંશમાં ઉત્પન્ન થયેલા અશાંતિકર દોષ નાશ પામે છે. તે ગુણ તથા દોષ તે ભિન્ન ભિન્ન પણે હવે હું કહું છું. (૭)

(જે અંગના ધ્યાનથી જે ગુણ આવે છે ને જે દોષ નિવૃત્તિ પામે છે તે તે અંગનું હવે વર્ણન કરે છે.) શ્રીહરિકૃષ્ણ ભગવાનના બંને ચરણ કમળોનું ચિંતવન કરનાર ભક્તમાં ધર્મના વંશજ એવા, શ્રીહરિને પ્રસન્ન કરનારા, શમ તથા દમ ગુણ આવે છે. (શમ એટલે પોતાને અનર્થ કરનાર શબ્દાદિ અસત્ય પંચ વિષયોથી અંતઃકરણનું નિયમન, દમ એટલે પોતાને અનર્થ કરનાર સદ્વિષયોથી સત્શાસ્ત્રોક્ત નિયમો વડે બાહ્યેન્દ્રિયોનું પાછું વાળવું. (૮)

વળી અધર્મ સર્ગથી ઉત્પન્ન થયેલા ક્લેશના સ્થાનભૂત તેથી નરકની પ્રાપ્તિમાં કારણભૂત અને સંસૃતિને પમાડનારા લોભ તથા કામરૂપી દોષો નાશ પામે છે. (લોભ-દ્રવ્યનો ખર્ચ કરવામાં સંકુચિત વૃત્તિ, કામ-ઈષ્ટ વિષયની અભિલાષા) (૯)

શ્રીહરિના ચરણના અગ્ર ભાગનું ધ્યાન કરતા ભક્તમાં તપ તથા શૌચ વગેરે ગુણો આવે છે. નાસ્તિકતા તથા અણગળ દૂધ અને પાણી પીવાથી જે દોષ ઉત્પન્ન થયો હોય તે નાશ પામે છે (તપ-એટલે ભગવાનની પ્રસન્નતામાં કારણભૂત કૃચ્છ્ર ચાંદ્રાયણ તથા એકાદશી ઉપવાસાદિનું આચરણ ''**मनसश्चेन्द्रियाणां च ऐकाग्र्यं परमं तपः**''**शौचम्** - શાસ્ત્ર પ્રમાણે બાહ્યાભ્યન્તર શુદ્ધિના વિધાનથી ભગવાની પૂજા વગેરેમાં યોગ્યતાનું આપાદન કરવું ''**अभक्ष्यपरिहारश्च संसर्गश्चाप्यनिन्दितैः । स्वधर्मे च व्यवस्थानं शौचमेतत् प्रकीर्तितम्**'' અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ, જે અનિંદ્ય હોય તેનો સંસર્ગ તથા પોતાના ધર્મમાં રહેવું તેને શૌચ કહેલું છે. ''**नास्तिक्यं**'' - ગુરુ તથા વેદાદિ વાક્યોમાં આવી રીતે જ છે. એમ યથાર્થ જ્ઞાનરૂપ બુદ્ધિ તે આસ્તિક્ય કહેવાય છે. તેની વિરુદ્ધ જ્ઞાન તેને નાસ્તિકપણું કહે છે. ''**पानम्**'' અજાણતા ગાળ્યા વિનાનું દૂધ તથા જળ વગેરેનું પાન કરવું તે. ભગવાનના ભક્ત મદ્યપાન તો કરતા જ નથી. પરંતુ ગાળ્યા વિનાના જળપાનનો ધર્મશાસ્ત્રમાં નિષેધ છે. માટે તેનું પ્રાયશ્ચિત્ત કરવાનું વિહિત હોવાથી અધર્મ સર્ગથી થયેલો દોષ કહેલો છે. (૧૦)

શ્રીહરિના બંને ચરણના મૂળનું ચિંતવન કરતા ભક્તમાં જ્ઞાન તથા સત્યના ગુણ આવે છે. પીડા કરનારું અજ્ઞાન તથા ઠગાઈ નાશ પામે છે. (''**ज्ञानं**'' - સ્થૂલ-સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ વિશિષ્ટ જીવોનું દેહ, વૈરાટાદિ દેહ, ત્રણ વિશિષ્ટ વૈરાજપુરુષો તથા પ્રધાન પુરુષો - મૂળ પ્રકૃતિ પુરુષ કાળ, અક્ષર, પુરુષોત્તમ શ્રી વાસુદેવ વગેરેને લક્ષણથી યથાર્થપણે જાણવું તે જ્ઞાન. ''**सत्यं**'' જેવું જેવું હોય તથા સાંભળ્યુ હોય અને અનુચિત તથા અનુભવવાળા અર્થના વિષયવાળુ પરપીડાથી રહિત હિતરૂપ સત્ય વચન, ''**अज्ञानं**'' કર્તવ્ય-અકર્ત્તવ્યના વિવેકે રહિતપણું - ''**कैतवम्**'' કપટથી બીજાને જીતવું. (૧૧)

શ્રીહરિની બંને ઘુંટીઓનું ધ્યાન કરનાર ભક્ત અભય - આર્જવ (સરલપણું) ગુણ આવે છે. અને ભય અને મત્સર નાશ પામે છે. (**अभयं** ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટના સંયોગરૂપ દુઃખના હેતુ દેશકાળ, મનુષ્ય દેહનું દુઃખ ભય, સત્-અસત્ વિવેકથી તેની નિવૃત્તિ, તેનું નામ અભય કહેવાય છે.

''आर्जवम्'' બીજાઓમાં મન-વાણી-શરીરની પ્રવૃત્તિઓનું એકનિષ્ઠાપણું (સરલપણું) ''भयम्'' ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટના સંયોગરૂપ દુઃખમાં કારણરૂપ વસ્તુનો દર્શનજન્ય ઉદ્વેગ, ''मत्सरः'' પારકાનો ઉત્કર્ષ સહન ન થાય અને પોતાના ઉત્કર્ષની ઈચ્છા) (૧૨)

શ્રીહરિની બંને જંઘાઓનું ધ્યાન કરતા ભગવાનના ભક્તમાં પીડાને નાશ કરનારો સ્થૈર્ય તથા ઐશ્વર્ય ગુણ આવે છે. અશુભ કરનારા વ્યભિચાર તથા પ્રમાદ નામના દોષ તત્કાળ નાશ પામે છે. (''स्थैर्यम्'' સત્ શાસ્ત્રમાં કહેલા સ્વધર્મ વૈરાગ્ય-જ્ઞાન-ભક્તિ આદિ ગુણોમાં સ્થિર સ્વભાવપણું. ''ऐश्वर्यम्'' પોતાના ધર્મમાં પ્રવર્તાવવા રૂપ દૃઢતા બીજાઓને સ્વધર્મમાં પ્રવર્તાવી તેમને તેવી દૃઢતા કરાવવાનું સામર્થ્ય. ''व्यभिचार'' પોતાના સંબંધવાળી અથવા સંબંધ વિનાની સ્ત્રીઓની સાથે પોતાનું અથવા પારકાનું મિષ્ટ ભાષણાદિથી સંભોગનું આચરણ प्रमादः-કર્તવ્ય કર્મથી બીજામાં પ્રવૃત્તિરૂપ અનવધાન.) (૧૩)

શ્રીહરિની બંને ભુજાઓનું ધ્યાન કરનાર ભક્તમાં વૈરાગ્ય તથા માર્દવ ગુણ આવે છે. પીડા કરનારો રાગ તથા પારુષ્ય તત્કાળ નાશ પામે છે. ''वैराग्यं'' પ્રકૃતિ પુરુષથી ઉત્પન્ન થયેલા લોક-ભોગ-દેહાદિકોનુ ચાર પ્રકારના પ્રલયથી નાશ કરવો અને ભગવાન વિના લૌકિક સુખ ભોગાદિમાં અરુચિ. ''मार्दवम्'' સાધુજનોનો વિયોગ સહન ન કરી શકવો તે ''रागः'' વિષયોમાં અતિ અભિનિવેશ, ''पारुष्यम्'' - કઠોર વાણી, અથવા સાધુજનોને ઉદ્વેગ કરનારો સ્વભાવ.) (૧૪)

શ્રીહરિના બંને સાથળોનું ધ્યાન કરનાર ભક્તમાં અનાયાસ તથા સુખરૂપી ગુણ આવે છે. દુઃખ અને શોકરૂપી દોષ નાશ પામે છે. (अनायासः જે શુભકર્મથી પણ શરીર પીડાય તેવું કર્મ ન કરવું- તે અનાયાસ કહેવાય છે. सुखम्-માયિક પંચવિષયની પ્રાપ્તિ માટે ક્લેશથી રહિતપણું दुःखम्-નાના પ્રકારના કામ સુખની અપેક્ષા અથવા આ મારે પ્રતિકૂળ છે એ પ્રકારનું જ્ઞાન, शोकः- દુઃખાદિ હેતુઓની આત્મામાં સ્મૃતિ) (૧૫)

શ્રીહરિના કટિનું ધ્યાન કરનાર ભક્તમાં ધૈર્ય તથા તુષ્ટિ ગુણ આવે છે. ચિન્તા તથા તૃષ્ણાના દોષો તત્કાળ નાશ પામે છે. (धैर्यम् - અંતઃકરણના ક્ષોભમાં કારણરૂપ દેશ કાળ વિષમ પ્રાપ્ત થવા છતાં પણ તે સહન કરવું અને વ્યાકુળ ન થવું તે, तुष्टिः - ધર્માચરણજન્ય આનંદ चिन्ता વર્તમાન કાળે નિર્વાહ થાય તેટલું હોવા છતાં ભવિષ્યમાં નહીં મળે તેવા સ્મરણથી મનનો સંતાપ, 'तृष्णा' યથાધિક લાભ થયા છતાં પણ તેથી અધિકની પ્રાપ્તિની ઈચ્છા.) (૧૬)

શ્રીહરિકૃષ્ણ ભગવાનની નાભિનું ચિંતવન કરનાર ભક્તમાં નિસ્પૃહપણું તથા મંગળ ગુણ આવે છે. દૂષણરૂપ પાપ તથા સ્નેહ તત્કાળ નાશ પામે છે. (निःस्पृहत्वम् - કારણ ન હોય છતાં કાર્ય થાય એવી વૃથા આકાંક્ષાને સ્પૃહા કહે છે. તે સ્પૃહાથી રહિતપણું; मंगलम्- શ્રેષ્ઠ કર્મનું આચરણ એ મંગળ એમ તત્ત્વદર્શિ મુનિઓએ કહ્યું છે. पापम् - મહાપાપાદિ છ પ્રકારના પાપનું આચરણ કરવું તે, स्नेहः - ભગવાન વિના બીજા પદાર્થોમાં પોતાના બંધનમાં કારણ રૂપ પ્રિતી) (૧૭)

શ્રીહરિની નાભિ ઉપરથી ત્રણ રેખા (ત્રિવળી)નું ધ્યાન કરનાર ભક્તમાં અકાર્પણ્ય તથા ક્ષેમ

ગુણો આવે છે. મદ તથા વ્યસન દોષ નિવૃત્તિ પામે છે. (अकार्पण्यम् - ધનનો યથાર્થ વ્યય, પાત્ર જોઈને દાન કરવું તે. વળી ઉદાર અંતઃકરણથી થોડામાંથી પણ આપે તે. क्षेमम् - પોતાના ધર્મમાં અંતરાય થાય નહિ તે રીતે વર્તવું તે; मदः કુળ, રૂપ, વય વિદ્યાદિ ગુણજન્ય ચિત્તનો સમુલ્લાસ; व्यसनम् - પરસ્ત્રી, મૃગયાદિ આસક્તિ સ્વરૂપ કર્મ અથવા નિષ્ફળ ઉદ્યમ.) (૧૮)

શ્રીહરિના ઉદરનું ધ્યાન કરનારા ભક્તમાં ત્યાગ અને નિગ્રહ ગુણો આવે છે. રસસ્વાદ તથા પાપને ઉત્પન્ન કરનાર દ્યુત દોષ નાશ પામે છે. (त्यागः - આત્માના હિતમાં વિરોધી પદાર્થોના સંગ્રહનો ત્યાગ; निग्रहः - માયિક વિષયોમાં સ્વાભાવિક પ્રવૃત્તિશીલ ઈન્દ્રિયો તથા અંતઃકરણનો શાસ્ત્રોક્ત નિયમોથી નિરોધ કરવો તે. द्यूतं - જુગાર) (૧૯)

ધર્મપુત્ર શ્રીહરિના બંને પડખાનું ધ્યાન કરનાર ભક્તમાં અચાપલ્ય તથા ઋણરહિતપણું આ ગુણ આવે છે. આશા તથા સ્પૃહા નામનો દોષ નાશ પામે છે. (अचापलम् - ભગવાન તથા ભગવાનના ભક્તના દર્શન વિના અન્ય પ્રયોજન માટે વાણી, પાદ વગેરેનું ચપળતા રહિતપણું; आनृण्यम् - દેવ, ઋષિ, પિતૃ, ભૂતાદિના ઋણનું વૈરાગ્ય ઉદય થવાથી યથા શાસ્ત્ર અપાકરણ કરવું તે; आशा - આ લાભ મને થશે એવી પ્રતીક્ષા કરવી તે; स्पृहा - ભોગ્ય વર્ગોમાં અતિ આદર રૂપ ઈચ્છા વિશેષ) (૨૦)

શ્રીહરિના બંને સ્તનોનું ધ્યાન કરનાર ભક્તમાં યોગ તથા શ્રેષ્ઠ બ્રહ્મચર્ય વ્રતરૂપી ગુણ આવે છે. ધર્મી પુરુષોનું દ્વેષાચરણ તથા કળીયુગના ધર્મો તત્કાળ નાશ પામે છે. (योगः- પોતાના કલ્યાણના સાધનોનો નિરંતર અભ્યાસ; ત્યાગીઓને અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ ગૃહસ્થોને તો પરસ્ત્રી સંગ વર્જન; धर्मिद्वेषः - ધર્મવાળા પુરુષો પ્રત્યે દ્વેષનું આચરણ कलि - ક્લેશ કરવારૂપ સ્વભાવપણું) (૨૧)

શ્રીહરિના વક્ષઃસ્થળનું ચિંતવન કરનાર ભક્તમાં વિષય વાંછનાથી વિરામ તથા યજ્ઞરૂપી ગુણ આવે છે. દ્વેષ અને ચૌર્યરૂપી દોષ નાશ પામે છે. (ग्राम्येहोपरम-સંસૃતિ કરનારા ગ્રામ્યસુખથી વિરામ તેમ જ તે સુખ માટે ઉદ્યમ ન કરવો તે, यज्ञः - સ્વધર્મ, તપ, અષ્ટાંગ યોગ, દાન, વ્રત, ભગવાનની ભક્તિ વગેરેમાં ફલેચ્છા રહિત કેવળ ભગવાનની પ્રસન્નતા માટે આચરણ કરવું તે. द्वेषः - પોતાના ઈચ્છિત વિષયોમાં વિઘ્ન કરનારાઓમાં વિરોધ આચરણ કરવું તે. चौर्यम् - પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ પારકા દ્રવ્યાદિનું અપહરણ કરવું.) (૨૨)

શ્રીહરિના બંને મણિબંધોનું ધ્યાન કરનાર ભક્તને સ્વાધ્યાય તથા આસ્તિક્ય નામના સદ્‌ગુણ આવે છે. મોહ તથા અમૃત નામના દોષ નાશ પામે છે. (स्वाध्यायः-સચ્છાસ્ત્રોનું પઠન, પાઠન, શ્રવણ, શ્રાવણનું પોતાની બુદ્ધિ પ્રમાણે નિરંતર અભ્યાસ તથા પોતાને યોગ્ય સ્તોત્રમંત્રાદિનો શક્તિ પ્રમાણે જપ કરવો તે; आस्तिक्यं - સદા દિવ્યમૂર્તિ, સર્વકારણ અક્ષરધામ નિવાસી પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણ ભગવાન તથા તેમના અવતારોની એકાંતિક ભક્તિથી દિવ્ય ધામની પ્રાપ્તિ તથા સચ્છાસ્ત્રોમાં કહેલા ધર્માધર્મના ફળરૂપ વિધિ આચરણ તથા નિષેધના અતિક્રમથી ઉત્પન્ન થયેલા સ્વર્ગ નરકની પ્રાપ્તિમાં વિશ્વાસપૂર્વક સત્યપણાની બુદ્ધિ; मोहः - કાર્યાકાર્ય વિવેકના અભાવમાં કારણભૂત વિપરીત જ્ઞાન; अनृतम् - હાસ્ય

વિનોદ વિહિતસ્થાન વિના પણ બીજે સ્થાને વારંવાર અસત્ય ભાષણ) (૨૩)

શ્રીહરિની બંને ભુજાઓનું ધ્યાન કરનારમાં તેજ તથા પ્રસાદ ગુણ આવે છે. અહંકાર તથા અવિશ્વાસ જે વ્યથા કરનારા દોષો છે. તે નાશ પામે છે. (તેજઃ - દુર્જનોથી પરાભવ ન પામવાપણું; પ્રસાદઃ - પોતાના અંતઃકરણનું નિર્મળપણું; अहंकारः - ત્રણ દેહમાં આત્માપણાના અભિમાનથી દેહમાં રહેલા સુખ, દુઃખ, શીતોષ્ણ પ્રિયાપ્રિયપણાનો અહંતાથી આત્મામાં આરોપ કરવો તે; अविश्वासः - વિશ્વાસના હેતુઓમાં પણ ગુરુ વેદાદિ વાક્યોમાં અવિશ્વાસ) (૨૪)

શ્રીહરિની બંને કોણીઓનું ધ્યાન કરનાર ભક્તમાં પ્રશ્રય તથા ઉદ્યમ ગુણ પ્રાપ્ત થાય છે. દોષ રૂપ દર્પ તથા આળસ તત્કાળ નાશ પામે છે. प्रश्रयः - પોતાનાથી મોટાઓની આગળ વિનયભાવથી વર્તવાનો સ્વભાવ; दर्पः - કૃત્યાકૃત્યનો વિવેક કરનારો વિષયાનુભવ નિમિત્તક હર્ષ; आलस्यं - ન કરવા યોગ્ય અર્થમાં પ્રવૃત્તિથી કર્તવ્યાર્થમાં મૂઢતા.) (૨૫)

સાધુજનોના નાથ શ્રીહરિ ભગવાનના રમણીય ખભાનું ધ્યાન કરનાર ભક્તમાં આનૃશંસ્ય તથા સામ્ય ગુણ આવે છે. હિંસા અને ભેદરૂપી દોષ નાશ પામે છે. (आनृशंस्यम् - પોતાના અર્થમાં વિઘ્ન કરનાર પોતાના અથવા પારકાઓમાં ક્રોધરહિત પણું અર્થાત્ ક્રૂરતાનો અભાવ; साम्यम् - પોતાની ઉપમાથી બીજાઓને સુખ દુઃખાદિમાં સરખા સ્વભાવપણું; हिंसा - શરીર, વાણી અને મન વડે અનેક ઉપયોગી પ્રાણીના ઘાતનું આચરણ કરવું તે; भेदः - જેનાથી પોતાના હિતૈષિઓની સાથે પણ ક્લેશનું આચરણ થાય એવી રીતે કોઈ પદાર્થનું નિમિત્ત કરીને અહં મમત્વથી વર્તવું.) (૨૬)

શ્રીહરિની બંને હાંસડીઓનું ધ્યાન કરનાર ભક્તને ઈક્ષા તથા ક્રિયા ગુણ આવે છે, દુર્દશાના સ્થાનભૂત અહંતા તથા પૈશુન્યરૂપ દોષ નાશ પામે છે. (ईक्षा - યુક્તાયુક્ત વિવેચન; क्रिया સચ્છાસ્ત્રોક્ત સત્ક્રિયાનુંષ્ઠાન રૂપ; अहन्ता - જ્ઞાનવાળાને પણ મોહથી મિથ્યા અહંભાવ, पैशुन्यम् - પારકાના દુઃખમાં જ હેતુભૂત રહસ્ય બીજાને શાસ્ત્રીય દોષને નહીં ગણીને છાનું માનું કહેવું) (૨૭)

શ્રીહરિના કંઠનું ચિંતવન કરનાર ભક્તમાં સામ તથા દાનરૂપી સદ્ગુણ આવે છે. મહાપીડાને આપનાર અસૂયા તથા ક્રોધરૂપી દોષ નાશ પામે છે. (साम - શાંત બુદ્ધિથી અન્યને પ્રીતિ ઉત્પન્ન થાય તેવું બોલવું; दानम् - ન્યાયથી પ્રાપ્ત કરેલા ધનનું ફરી ગ્રહણ ન કરવું; અને સત્પાત્રમાં અર્પણ કરવું. असूया - બીજાના ગુણોમાં દોષનું આરોપણરૂપ; क्रोधः - પ્રતિઘાતજન્ય બોલાચાલી તથા તાડનાદિમાં કારણભૂત મનનો સંતાપ) (૨૮)

શ્રીહરિની હડપચીનું ચિંતવન કરનાર, ભક્તમાં મૌન તથા ઉદ્રેક નામના ગુણ આવે છે. નિદ્રા તથા દંભ નામના દોષ તત્કાળ નાશ પામે છે. (मौनम् - વૃથા પ્રલાપથી બુદ્ધિપૂર્વક નિવૃત્તિ; उद्रेकः - મોટા પુરુષની ચરણરજના અભિષેકથી તેમના ગુણની પ્રાપ્તિ કરવાની ઈચ્છાથી પોતાનો ઉત્કર્ષ સાધવો તે; निन्दा - અન્યમાં દોષ કલ્પીને બીજાને બતાવીને પછી વારંવાર વિપરીત વચન બોલવાપૂર્વક તેનો તિરસ્કાર કરવો; दम्भः - પોતે અધાર્મિક હોવા છતાં પણ ધાર્મિકપણું બતાવી ધર્માનુષ્ઠાન કરવું તે) (૨૯)

શ્રીહરિના બંને ઓષ્ટોનું ધ્યાન કરનાર ભક્તમાં સત્સેવન તથા અહિંસા નામના ગુણ આવે છે. માન તથા ઈર્ષ્યારૂપી દોષ નાશ પામે છે; (सत्सेवनम् - બ્રહ્મચર્યાદિરૂપ પોતાના ધર્મે સહિત ભગવાનની ઉપાસનાવાળા સત્પુરુષોની અનુવૃત્તિ સાચવી સેવા કરવી; अहिंसा - શરીર, વાણી અને મનથી પોતાના તથા પારકાના ઘાતનું અનાચરણ मानः - પોતામાં પૂજ્યપણાની બુદ્ધિ; ईर्ष्या - પોતાના સમાન જે હોય તેનો ઉત્કર્ષ સહન નહીં કરવાપણું. (૩૦)

શ્રીહરિની દંત પંક્તિનું ધ્યાન કરનાર ભક્તમાં લજ્જા તથા તિતિક્ષારૂપી સદ્‌ગુણ આવે છે. અપવાદ તથા દુરુક્તિ નામના દોષો તત્કાળ નાશ પામે છે. (लज्जा - સચ્છાસ્ત્ર તથા લોકમાં નિષિદ્ધ કરેલી ક્રિયાનું આચરણ કરવામાં શરમ; तितिक्षा - પોતાના પ્રારબ્ધાનુસારે પ્રાપ્ત થયેલા રોગાદિ દુઃખને સહન કરવું તે; अपवादः - પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે બીજા ઉપર જુઠા અપવાદનું આરોપણ કરવું તે; दुरुक्ति બીજાના મનમાં વિષમતા ઉત્પન્ન કરનારા વચનો તેની પાછળ કહેવા તે.) (૩૧)

શ્રીહરિની નાસિકાનું ચિંતવન કરનાર ભક્તમાં નિર્માનીપણું સત્વસંશુદ્ધિ નામના સદ્‌ગુણ આવે છે. સ્વશ્લાઘા તથા વાસનારૂપી દોષ નાશ પામે છે. (नातिमानिता - પોતાનાથી બળ, બુદ્ધિ વગેરેમાં અધિક મોટા ઉત્તમ સાધુઓની આગળ પોતામાં રહેલા બળ વગેરેનું માનનું પ્રદર્શન ન કરવું; सत्त्वसंशुद्धि - રજ તથા તમથી અંતઃકરણમાં વિક્ષેપ થવો તે; श्लाधा - પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે પોતાના મુખે પોતાના ગુણનું વર્ણન; वासना - માયિક ભોગની વિષયની મનમાં ઇચ્છા.) (૩૨)

શ્રીહરિના બંને ગંડસ્થળોનું ધ્યાન કરનાર ભક્તમાં ક્ષમા તથા વિપર્યયે હેક્ષારૂપી સદ્‌ગુણ આવે છે. મમતા તથા અક્ષમા નામના દોષ નાશ પામે છે. (क्षमा ક્યારેક બાહ્ય અથવા આધ્યાત્મિક દુઃખ ઉત્પન્ન કરવા છતાં પણ ક્યારેય પણ તે દુઃખ ઉત્પન્ન કરનાર ઉપર ક્રોધ કરે નહિ અથવા તેને હણે નહિ. તે ક્ષમા કહેવાય છે; विपर्ययेहेक्षा ગ્રામ્ય સુખની પ્રાપ્તિ માટે વિપરિત પ્રવૃત્તિ કરનાર મનુષ્યોમાં જેને દોષોનું દર્શન થાય છે તે; ममता - દૈહિક પદાર્થોમાં મારાપણું अक्षमा - વિપરીત ધર્મવાળામાં ક્ષમા ન કરવી તે.) (૩૩)

શ્રીહરિના બંને કર્ણોનું ધ્યાન કરનાર ભક્તમાં શ્રદ્ધા તથા દયારૂપી સદ્‌ગુણ આવે છે. અશ્રદ્ધા તથા નૈર્ઘૃણ્ય નામનો દોષ તત્કાળ નાશ પામે છે. (श्रद्धा - વિશ્વાસપૂર્વક એકાંતિક ધર્મમાં પરમ આદર; दया - પર અથવા બંધુવર્ગ, મિત્ર અથવા શત્રુનું હંમેશા આપત્કાળમાં રક્ષણ કરવું; अश्रद्धा - શ્રદ્ધાથી વિપરીત ધર્મવાળી, नैर्धृण्यम् - દયા કરવા યોગ્ય જે હોય તેને વિષે પણ નિર્દયપણું) (૩૪)

શ્રીહરિના બંને નેત્રકમળનું ધ્યાન કરનાર ભક્તમાં ઉત્તમ શાંતિ તથા શુભને આપનારી સ્મૃતિ નામનો ગુણ આવે છે, અશાંતિ તથા અસ્મૃતિ નામના દોષ નાશ પામે છે. (शांतिः - જ્ઞાનેન્દ્રિયો તથા અંતઃકરણોની ભગવાનના સ્વરૂપમાં એકતા થવાથી થતા સુખાનુભવથી શાંત સ્વભાવપણું; स्मृतिः - સચ્છાસ્ત્રોમાં કહેલા પોતાને અવશ્ય કરવા યોગ્ય ભગવત્પ્રસન્નતાના સાધનોમાં વિક્ષેપ આવવા છતાં પણ તેની વિસ્મૃતિ ન થવી તે, अशान्तिः -વિપરીત ગુણવાળામાં શાંતિનો અભાવ; अस्मृतिः - સ્મૃતિથી વિપરીત ધર્મવાળાપણું.) (૩૫)

શ્રીહરિની બંને ભ્રકુટિઓનું ચિંતવન કરનાર ભક્તમાં મૈત્રી તથા બુદ્ધિરૂપા ગુણ આવે છે. સંસારને આપનારી અમૈત્રી તથા અબુદ્ધિરૂપી દોષ નાશ પામે છે. (मैत्री - સ્વાભાવિકપણે સર્વ જીવનું હિત કરવા રૂપ પ્રવૃત્તિ, बुद्धिः - પોતાના કલ્યાણના માર્ગમાં ઉપયોગી ઉપાય કરવા રૂપ જ્ઞાન વિશેષ; अमैत्री - મૈત્રીથી વિરુદ્ધ ગુણવાળાપણું, अबुद्धिः - ઉક્ત બુદ્ધિથી પ્રતિપ્રક્ષરૂપવાળી.) (૩૬)

શ્રીહરિના ભાલનું ચિંતવન કરનાર ભક્તમાં ગતિ તથા ઉપરતિ ગુણ આવે છે. અનુપરતિ તથા અગતિ નામના દોષ નિવૃત્તિ પામે છે. (गतिः - પોતાને ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય તેવા માર્ગે ચાલવારૂપ ક્રિયા; उपरतिः - માયિક વિષય સુખની આશાથી વિરામ પામવો; अगतिः - કહેલી ગતિથી પ્રતિકૂળ તે અગતિ કહેવાય છે, अनुपरतिः - ઉપરતિના વિરુદ્ધ ધર્મવાળી.) (૩૭)

સુશોભિત કેશથી મનોહર શ્રીહરિના મસ્તકનું ચિંતવન કરનાર ભક્તમાં ધૃતિ નામનો ગુણ આવે છે તથા અધૃતિ નામનો દોષ દૂર થાય છે. (धृतिः - ઈન્દ્રિયોનું ચંચળપણું ટાળવાની શક્તિ તે ધૃતિ કહેવાય છે; તેનાથી વિપરીત अधृति -કહેવાય છે.) (૩૮)

આવી રીતે શ્રીહરિના અનુપમ અંગોનું ધ્યાન કરવાથી તે તે અંગોને સંભારતા ભક્તમાં ધર્મ સર્ગથી ઉત્પન્ન થયેલા પૂર્વે કહેલા ગુણો આવે છે. (૩૯) અધર્મ સર્ગથી થયેલા દોષો નાશ પામે છે. માટે સાક્ષાત્ ભગવાનના ઉપાસકોએ શ્રીહરિના અંગોનું ધ્યાન - પૂર્વોક્ત રીતથી હંમેશા હર્ષપૂર્વક કરવું. (૪૦) કતક વૃક્ષથી ઉત્પન્ન થયેલા ફળના પ્રસંગથી જેમ જળ અતિ નિર્મળ થાય છે. તેમ શ્રીહરિના ધ્યાનથી ચિત્ત પ્રસન્ન થાય છે. (૪૧)

દાવાનળની જ્વાળાથી જેના અંગો તપ્ત થઈ ગયા છે એવો વનનો હાથી જેમ ગંગાના પ્રવાહના યોગથી અતિશય શાંતિ પામે છે. (૪૨) તેમ કામરૂપી મહા દાવાનળથી તપ્ત થયેલું તેની ચિંતાથી વ્યગ્ર થયેલું મન, શ્રીહરિના ચિંતવનથી જ અત્યંત શાંતિ પામે છે. (૪૩) પૂર્વે ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવરાજાએ તેમ જ પ્રહલાદાદિ ભક્તોએ શ્રીહરિના દુર્લભ ધ્યાનથી શ્રીહરિને તત્કાળ પ્રસન્ન કર્યા હતા. (૪૪)

એવી રીતે આ સમયમાં પણ વ્યાપકાનંદાદિ મુખ્ય સાધુઓએ ધર્મનંદન શ્રીહરિનું ચિંતવન કરવાથી જ તેમને પ્રસન્ન કરેલા છે. (૪૫) ધ્યાનનો એવો પ્રભાવ છે. માટે કાળ, અક્ષર, માયાદિના નિયંતા શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ધર્મસૂનુ શ્રીહરિનું ધ્યાન ભક્તોએ હર્ષપૂર્વક પ્રતિદિન અતિશય કરવું. (૪૬) જે પુરુષ સો વર્ષ પર્યંત પવન ભક્ષણ કરીને એક પગે ઊભો રહીને તપ કરતો હોય તેનાથી પણ સર્વદા શ્રીહરિની મૂર્તિનું ચિંતવન કરનાર અતિ શ્રેષ્ઠ છે. આ પ્રમાણે બ્રહ્મા પોતે કહેતા હતા. यस्तिष्ठेदेकपादेन वायुभक्षः शतं समाः । ध्यानयोगी परस्तस्मादिति ब्रह्मानुशासनम् ।'' (૪૭)

હજાર વાજી મેઘયજ્ઞો (અશ્વ મેઘયજ્ઞો) તથા સો રાજસૂય યજ્ઞો તથા હજાર પુંડરિક યજ્ઞો કરવા કરતાં પણ ધ્યાનનિષ્ઠ જનોમાં નિવાસ કરવો તે સર્વોત્તમ છે. જ્યારે ધ્યાનનિષ્ઠ જનોમાં નિવાસ કરવાનું ફળ અશ્વમેધાદિ યજ્ઞથી અધિક કહ્યું છે. તો ભગવાનના ધ્યાન કરનારાઓને તેથી વધારે ફળ હોય તેમાં તો કહેવું જ શું ? (૪૮) ધ્યાનથી સ્ફુરાયમાન ભગવાનની મૂર્તિના તત્ત્વને જાણનારા ભક્તે પ્રથમ તો

ધ્યાન કરતા પોતાના આત્માને, ધ્યાન કરવા યોગ્ય શ્રી ભગવાનના સ્વરૂપને, ધ્યાનના પ્રયોજનને, ભગવાનના સ્વરૂપમાં પોતાના મનના થયેલા નિરોધની ભાવનાને, અને ધ્યાનના પ્રકારને જાણીને પછી ધ્યાનનો અભ્યાસ કરવો. (૪૯) ધ્યાન કરનાર ભક્તે નેત્રોને ઉઘાડતાં અને મીંચતા, ઊભા રહેતાં, ચાલતાં, જાગતાં કે સૂતાં પવિત્ર કે અપવિત્ર હોવા છતાં, કોઈ પણ સ્થિતિમાં પોતે હોય તો પણ ધર્મપુત્ર શ્રીહરિનું ધ્યાન સર્વકાળે કરવું જોઈએ. (શ્રીહરિના ધ્યાનનમાં પવિત્ર અપવિત્રાદિ વિવેક ન રાખવો. કારણ કે 'अपवित्रः पवित्रो वा सर्वावस्थां गतोऽपि वा । यः स्मरेत् पुण्डरीकाक्षं स बाह्याभ्यन्तरः शुचिः'' એ મંત્રમાં તેના સ્મરણથી જ પવિત્રપણાની ઉક્તિ છે. (૫૦)

ધ્યાન કરનાર ભક્ત ધ્યાનથી થાક્યો હોય તો શ્રીહરિના શુભ અષ્ટાક્ષર મંત્રનો જપ કરે. જપ કરતાં થાકી જવાય તો શ્રીહરિનું ધ્યાન અને તપ કરવાથી શ્રીહરિ તત્કાળ પ્રસન્ન થાય છે. ધ્યાનનું એ જ પ્રયોજન છે. (૫૧)

હું ધ્યાન કરનાર ભક્ત અક્ષરબ્રહ્મની સાથે એકત્વ ભાવને પામેલો છું. (ધ્યાતાનું સ્વરૂપ કહેલું છે.) અક્ષરાદિથી પણ સ્વરૂપ સ્વાભાવગુણાદિથી અતિ શ્રેષ્ઠ પરબ્રહ્મ શ્રીહરિ મારા અધિશ્વર છે. આ પ્રકારે પોતાના હૃદયમાં ભાવના કરીને ભગવત્સ્વરૂપના યથાર્થ જ્ઞાનવાળો ભક્ત પ્રત્યક્ષ પરમેશ્વરનું ચિંતવન કરે. (આથી ધ્યેય સ્પરૂપ કહ્યું છે.) ''निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । विभाव्य०'' આવો શ્રીહરિનો સિદ્ધાંત પણ બતાવ્યો છે. (૫૨)

સ્વર્ગાદિ શુભ ફળને આપનારી સર્વે યજ્ઞાદિ ક્રિયાઓ વેદમાં કહી છે. વેદમાં કહેલા યજ્ઞ કરતાં પણ ભગવાન્નામ જપાત્મક કર્મ પરમ ઉત્તમ છે. જપથી જ્ઞાન પરમ શ્રેષ્ઠ છે, (૫૩)

જ્ઞાનથી સંગ તથા રાગથી રહિત ધ્યાન શ્રેષ્ઠ છે. જે ધ્યાનથી શ્રીહરિની તત્કાળ પ્રાપ્તિ થાય છે. એમ બુદ્ધિશાળી પુરુષો કહે છે. (૫૪)

સમગ્ર પ્રાયશ્ચિત્તોમાં (ચાંદ્રાયણાદિ શુદ્ધિના કારણોમાં) શ્રીહરિનું ધ્યાન એ સર્વ કરતાં શ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત છે. માટે આત્માની શુદ્ધિની ઇચ્છાવાળા પુરુષે પ્રયત્નપૂર્વક શ્રીહરિનું જ સ્મરણ કરવું. (૫૫) ધર્મનંદન શ્રીહરિનું પ્રીતિપૂર્વક પ્રતિદિન ધ્યાન કરનાર પુરુષ સર્વ પાપથી રહિત થઈને, હરકોઈ પંક્તિને પોતે પવિત્ર કરનારો થાય છે. (૫૬) જેમ વજ્રના પ્રહારથી પર્વતના સેંકડો ટુકડા થઈ જાય છે. તેમ શ્રીહરિના પવિત્ર ધ્યાનથી પાપરૂપી જીવને બંધન કરનારું પાંજરું પણ સેંકડો ટુકડા રૂપે થઈ જાય છે. (૫૭) પ્રબળ વેગ હોવાથી ઉર્ધ્વગતિ કરતો જ્વાળાવાળો અગ્નિ પવનની મદદથી ઘાસની આખી ગંજીઓને બાળીને ભસ્મ કરી નાંખે છે. તેમ વ્યાપક શ્રીહરિ પોતાનું ધ્યાન કરનારા ભક્તોના સમગ્ર પાપ બાળી નાંખે છે. (૫૮)

શ્રીહરિના ધ્યાનથી વાસના તથા ક્લેશ રૂપી દોષના સમુદાયો જેના નાશ પામ્યા છે તેવા ભક્તો, મુક્તિ પામે છે. કારણ કે સ્વર્ગ તો તેમણે મુક્તિના માર્ગમાં વિઘ્નરૂપ માનેલા છે. (૫૯) જ્યાંથી પુનરાગમન થાય છે તેવા સ્વર્ગ લોકની ગતિ ક્યાં અને પુનરાગમન રહિત સર્વોત્તમ મુક્તિ આપનાર શ્રીહરિનું શુભ

ચિંતવન ક્યાં ? બંનેની ક્યારેય પણ સમાનતા ન થાય. (૬૦)

તેથી જે મનુષ્ય મોક્ષ આપનારા શ્રીહરિનું હંમેશા ધ્યાન કરે છે અને તેથી જ જેના પાતકો નાશ પામ્યા છે તે ક્યારેય પણ નરકમાં જતો નથી. (૬૧) જે પાપ હજાર વાજપેય યજ્ઞોથી, સો વાજીમેઘ યજ્ઞોથી, નાશ પામે છે તે પાપ, શ્રીહરિની સ્મૃતિથી ફક્ત નાશ થઈ જાય છે. (૬૨)

જે પાપ હજારવાર ગંગા સમાન કરવાથી, કરોડવાર પુષ્કર તીર્થમાં કરેલા સ્નાનથી નાશ પામે છે, તે પાપ, શ્રીહરિની સ્મૃતિથી તત્કાળ નાશ પામે છે. (૬૩)

શ્રીહરિ ધ્યાન કરનારના હૃદયમાં સ્થિર થાય છે તેથી ધ્યાન કરનારનાં સર્વે સંશયો છેદાઈ જાય છે. શોક, મોહાદિ ભેદાઈ જાય છે. જન્મ મરણમાં કારણભૂત કર્મો નાશ પામે છે. (૬૪)

જે ભક્તજન ધ્યાનથી સર્વદા શ્રીહરિમાં મગ્ન રહે છે તે બુદ્ધિશાળી ભક્ત જેમ કમળપત્ર જળથી લેપાયમાન થતું નથી, તેમ પાપથી કદી લેપાતો નથી. (૬૫)

દુઃખ આપનારો પાપનો સમુદાય ધર્મના પુત્ર શ્રીહરિના ચિંતવનથી, જેમ અપાત્ર અથવા અશ્રોત્રિયને આપેલા દાનનું ફળ નાશ પામે છે, તેમ નાશ પામે છે. (૬૬) શ્રીહરિના ધ્યાન વિના સંસાર ભ્રમણ કરાવનારી પાંચ વિષયની તીવ્ર વાસના બીજા સાધનોથી નાશ પામતી નથી. (૬૭) સ્વયં શ્રીહરિ પણ જ્યાં સુધી મૂળમાંથી વાસનાનો નાશ થતો નથી ત્યાં સુધી ભક્તને પોતાના ચરણની સેવા નથી જ આપતા. શ્રીહરિને નિર્વાસનિક ભક્તો જ પ્રિય છે. (૬૮) તેથી જ શ્રીહરિના ચરણકમળની સેવારૂપ એકાંતિકી મુક્તિ ઇચ્છતા ભક્તે હંમેશા શ્રીહરિનું ચિંતવન કરવું. (૬૯)

હે નરેન્દ્ર ! મેં આ પ્રકારે શ્રીહરિની શુભ મૂર્તિના ચિંતવનનું ફળ તમોને સંક્ષિપ્તથી કહ્યું. જે જનો આ લોકમાં એ સાંભળશે તથા તેનુ ગાન કરશે તે બંને પ્રકારના ભક્તો ઉપર ક્ષર અને અક્ષરના નિયંતા શ્રીહરિ અત્યંત પ્રસન્ન થશે. (૭૦) આ પ્રકારે તમારે સર્વેએ હંમેશા શ્રીહરિની મૂર્તિનું ચિંતવન અતિ આનંદપૂર્વક કરવું. મેં કહેલી આ રીત પ્રમાણે ધ્યાન કરનારા તમો સર્વે તે ધ્યાનથી, પોતાના આશ્રિતોનું મહાદુઃખ નાશ કરવાના સ્વભાવવાળા સાર્થક નામવાળા, શ્રીહરિકૃષ્ણ ભગવાનને થોડા જ સમયમાં પામશો. આ પ્રમાણે અભય રાજાને કહીને ખટ્વાંગ રાજા મૌન રહ્યા. અભય રાજા તથા જયા લલિતા વગેરે સર્વે જનો પોતાના હૃદયમાં ખટ્વાંગ રાજાનું વચન યથાર્થ ધારતા હતા.

શ્રી શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે નરેશ ! આવી રીતે અભય વગેરે સર્વેની, ભગવાનની વાર્તાના પ્રસંગથી એકાદશીની રાત્રી તત્કાળ વીતિ ગઈ. (ભગવાનના ભગવદીય ભક્તોનું આજ અસાધારણ લક્ષણ છે કે પોતાના ઇષ્ટદેવના ચરિત્રોની વાર્તા ઘણાં સમય સાંભળી હોય છતાં પણ તે એક ક્ષણ જેવી જ તેમને લાગે.) (૭૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિની મૂર્તિના અવયવોનું ધ્યાન ફળ નિરૂપણ નામે ચોસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૪)



અધ્યાય ૬૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે માનસિંહ રાજન્ ! ખટ્વાંગ રાજા પ્રાતઃકાળમાં પારણા કરીને જ્યારે પોતાના પુર પ્રત્યે જવા માટે તૈયાર થયા ત્યારે સજળનેત્રથી અભય રાજા વિનય યુક્ત થઈને ખટ્વાંગ રાજાને કહેવા લાગ્યા. (૧) સર્વ પ્રાણીઓના એકનાથ જે તમારા ગુરુ શ્રીહરિ, તમારી ભક્તિથી વશ થઈને તમારા પુર પ્રત્યે પધારે ત્યારે હે સુવ્રત ! રુડી બુદ્ધિવાળા તમારે પત્ર મોકલીને તત્કાળ અમોને જણાવવું. (૨)

તમારે જો શ્રીહરિમાં અતિશય પ્રીતિ હોય તો સરધારપુરમાં જઈને હાલમાં તેમના દર્શન કરવા એમ જો તમો કહો તો હે ઉદાર બુદ્ધે ! હું કહું છું. (૩) રાજન્ ! નિષ્કારણ પીડા કરનારા અધર્મ માર્ગમાં પ્રવર્તેલા ઉદ્ધાત શત્રુઓ તરફથી ન સહન થઈ શકે તેવા ઉપદ્રવો અમોને થાય છે. (૪)

હે રાજન ! તેથી હાલમાં મારાથી આ નગર છોડી બહાર જવાનું બની શકે તેમ નથી. જો એવું ન હોય તો શ્રીહરિના દર્શન કરવા માટે તત્કાળ સરધારપુરમાં અમો જરૂર જાત જ. (૫) જે ઉપાયથી શત્રુઓનો ભય નાશ પામે તે ઉપાય જો તમો જાણતા હો તો અમોને તે કહો. તો આ ઉપદ્રવની શાંતિ થાય તો તત્કાળ પૂર્ણકામ શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન અમે કરીએ. (૬)

હે મહિપાલ ! બહુશ્રુત ખટ્વાંગ રાજા, અભય રાજાનું આવું વચન સાંભળીને અભય રાજાને કલ્યાણકારી શ્રીહરિના દશાવતારના સ્તોત્રનો ''**मात्स्यं रूपमलौकिकम्**'' એ પદ્યાદિમાં છે. જેને ''**आरुह्याश्वममर्त्यदत्तमवनौ**'' એ પદ્યના અંત અગિયાર શ્લોકાત્મક સ્તોત્ર સત્સંગિજીવન બીજા પ્રકરણના છવ્વીસમા અધ્યાયમાં છે.) પાઠ કરવાનું કહેતા હતા. (૭) આ સ્તોત્રનો હંમેશા દશવાર પાઠ કરવાથી તમોને શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન થશે. અને શત્રુના ભયનો તત્કાળ નાશ થશે. એમ ખટ્વાંગ રાજા સ્તોત્રનું ફળ કહેતા હતા. (૮)

હે રાજન્ ! પછી રાજર્ષિ ખટ્વાંગ રાજા કારિયાણી ગામ પ્રત્યે ગયા. અભય રાજા પણ પોતાના જનોની સાથે શ્રીહરિની આરાધનામાં આસક્તિવાળા થયા. (૯) અભય રાજો પરિવારે સહિત, શ્રીહરિનાં દર્શન થાય ત્યાં સુધી દૂધ, દહીં, ઘી, છાશ અને શેરડીના રસમાંથી થતા ગોળ, ખાંડ, સાકર વગેરે પદાર્થો ન ખાવા એવો નિયમ ધારણ કર્યો. અને બીજા પણ એવા નિયમો ધારણ કર્યા. (૧૦)

શ્રીહરિની પ્રાપ્તિમાં આસક્ત બુદ્ધિવાળા અભય રાજા યમનિયમાદિ અહિંસાદિ વ્રતની સાથે ધારણા પારણા વ્રત પણ પોતાના પરિવારે સહિત કરતા હતા. (૧૧) સર્વ જીવ પ્રાણીઓના અંતર્યામી, સર્વજનોના પોતા પ્રત્યેના પ્રેમ યથાર્થ જાણનારા સકલૈશ્વર્ય સંપન્ન, દયાસાગર, શ્રીહરિ અહીં આવીને અમોને દર્શન આપશે. (૧૨) આ પ્રકારે અભય રાજા વગેરે નિશ્ચય કરીને હે રાજેન્દ્ર ! પોતાના ભુવનમાં પૃથ્વીમાં પ્રાદુર્ભાવ પામેલા શ્રીહરિનું આરાધન કરવા લાગ્યા.(૧૩) વળી હે રાજેન્દ્ર ! ખટ્વાંગે કહેલા વિધિ પ્રમાણે અભય રાજા તથા તેનો પરિવાર સ્વામી શ્રીહરિનું અત્યંત અનુરાગથી ધ્યાન કરતા તથા દ્રઢ વ્રત પાળીને તેમનું ભજન કરતા હતા. (૧૪)

હે ભૂપતે ! શુદ્ધ ચિત્તવાળા, તપથી કૃશ કરી નાખ્યા છે શરીરો જેમણે એવા, અભય તથા તેના પરિવાર ક્યારેક જમતા, ક્યારેક આહાર લેતા જ ન હતા અને ક્યારેક સ્વલ્પાહાર કરતા હતા. (૧૫) રાજ્યભોગ ભોગવેલા શરીરનો કાષ્ટની માફક અનાદર કરીને વાનપ્રસ્થોની જેમ રાત્રિ દિવસ શ્રીહરિનું આરાધન કરતા હતા. (૧૬)

તે સર્વેને સર્વે પ્રકારે નાના પ્રકારના અમૂલ્ય સુંદર વસ્ત્રો, આભૂષણો તથા રાજ્યના ભોગોમાં અત્યંત અરુચિ થઈ હતી. (૧૭) અખિલેશ્વર ભગવાન અમોને પ્રત્યક્ષ ક્યારે મળશે આવો સંકલ્પ તેમના ચિત્તમાં હંમેશા થતો હતો. (૧૮) બુદ્ધિમાન અભય રાજા પોતાનું રાજ્ય મંત્રીને સોંપીને હંમેશા શ્રીહરિની કથાનું આસક્તિપૂર્વક શ્રવણ કરવા લાગ્યા. (૧૯) હંમેશા કૃષ્ણ પૂજાના અંતે અતિ પ્રેમથી, પરમશ્રદ્ધાથી, શ્રીહરિના દશાવતાર સ્તોત્રનો પાઠ કરતા હતા. (૨૦) અભય વગેરે સર્વે પોતાના હૃદયકમળમાં જેવા સાંભળ્યા હતા તેવા શ્રીહરિનું હંમેશા ધ્યાન કરતા તથા જપ કરતા હતા. અને હૃદયકમળમાં સ્ફુરાયમાન શ્રીહરિના દર્શન કરતા હતા.(૨૧)

તોપણ પ્રત્યક્ષ શ્રીહરિના દર્શનનો સંકલ્પ તો તેમને સદા રહેતો હતો, એટલું જ નહીં પરંતુ તે સંકલ્પ દિનપ્રતિદિન તીવ્ર થતો હતો. તે દર્શન માટે પોતાના દેહને પણ તેમણે કૃશ કરી નાંખ્યું હતું. (૨૨) પ્રત્યક્ષ શ્રીહરિની પ્રાપ્તિમાં જેમનું મન છે એવા તે હંમેશા ભક્તિપૂર્વક શ્રીહરિને ભજતા હતા. તે પ્રમાણે તે સર્વેને બે માસ જેટલો કાળ શત્રુના ભયની સાથે વ્યતીત થઈ ગયો. (૨૩)

હે રાજન્ ! કારીયાણી પુરમાં પહોંચેલા અને પોતાના ભુવનમાં વસતા ખટ્વાંગ રાજા શ્રીહરિના આગમનની પ્રતિક્ષા કરતા હતા. (૨૪) પછી ખટ્વાંગ રાજાએ, શ્રીહરિ થોડા દિવસમાં પધારશે, એમ સાંભળવાથી પોતાના સંબંધિ રાજાઓને પત્ર મોકલીને તત્કાળ બોલાવ્યા. (૨૫) સોમ, સુર, અલર્ક, મોક, નાજ, માંત્રિક તથા જીવવર્મા નામના રાજાઓને દૂત દ્વારા પત્રો મોકલીને તરત જ ત્યાં બોલાવ્યા. (સોમ તથા માંત્રિક બોટાદપુરના અધિપતિ હતા, સુર લોયા અને નાગડકાના અધિપતિ હતા; અર્લક ઝીંઝાવદરના અધિપતિ હતાં. મોક વાંકીયાના રાજા હતા; નાજ લાખાણીના અધિપતિ; જીવવર્મા સારંગપુરના અધિપતિ હતા.) (૨૬) ખટ્વાંગ રાજાએ સોમા, સુરાદિ તે રાજાઓનો સુંદર પ્રિય વાણી વડે સત્કાર કર્યો અને તેમને યોગ્ય નિવાસ સ્થાનો તથા ભોજનોથી તેમની સંભાવના કરી. પછી તેમની સાથે પ્રીતિથી બેસીને તેમના પ્રત્યે કહેવા લાગ્યા. (૨૭)

હે ક્ષત્રિયવર્યો ! તમો મારું શ્રેયસ્કર વચન સાંભળો, તમારા પ્રત્યે હું મિત્ર ભાવથી કહું તે તમારે તમારા હૃદયમાં ધારવું. (૨૮) હિતનો ઉપદેશ કરીને યમનો ભય તથા સંસૃતિથી જે મુકાવે તે મિત્ર છે. તે પ્રકારના જે હોય તેજ સાચા માતા-પિતા (स किं गुरुः स किं तातः स किं स्वामी स किं सुतः । यः श्रीकृष्णपदाम्भोजभक्तिं दातुमनीश्वरः'' બ્રહ્મવૈવર્તમાં બ્રહ્મ ખંડમાં કહ્યું છે.) (૨૯)

તેથી જેવી રીતે તમારું આત્યંતિક કલ્યાણ થાય તેવી રીતે હે શ્રેષ્ઠ પુરુષો ! મારા પ્રિય સંબંધિજનો ! તમોને હું કહું છું. (૩૦)

શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! આ પ્રકારે ખટ્વાંગ રાજાએ કહ્યું તેથી પ્રસન્ન થયેલા સોમ વગેરે રાજાઓ ખટ્વાંગ રાજા પ્રત્યે કહેવા લાગ્યા : હે રાજર્ષે ! તમો નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતવાળા હરિભક્ત છો. અમારી જ્ઞાતિના ભૂષણ રૂપ છો. (૩૧) સત્ય પ્રતિજ્ઞાવાળા, મહા બુદ્ધિશાળી, વંશની કીર્તિને વધારનારા, તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ અન્યને દુર્લભ ગુણોએ યુક્ત છો. (૩૨) તેથી ગુણોથી તથા અવસ્થાથી વૃદ્ધ છો. વિદ્વાનોનો સમાગમ કરનારા તમો, તમારી વાણીમાં અમોને વિશ્વાસ છે. તેથી તમારે અમોને હિતનું વચન જરૂર કહેવું. (૩૩)

વક્તાઓમાં શ્રેષ્ઠ, બોધ આપવામાં નિપુણ, ખટ્વાંગ રાજા સોમ વગેરેની મુમુક્ષુતા જાણીને તેમના પ્રત્યે આવી રીતે મધુર વચન કહેવા લાગ્યા. (૩૪) સ્વામિનારાયણ સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાન છે. તેજ સર્વના દૃષ્ટા અને અધીશ્વર છે. આ પ્રમાણે તમો નિશ્ચયાત્મક જાણો. (૩૫) જેમને અષ્ટાંગ યોગનો અભ્યાસ કર્યો નથી, એવા અસંખ્ય જનોને કેવળ પોતાના દર્શન માત્રથી જ સ્વામિનારાયણ ભગવાન યોગીઓને દુર્લભ એવી સમાધિ તત્કાળ કરાવે છે. (૩૬) સમાધિમાં પોતાના ગોલોકાદિ દિવ્ય ધામો બતાવે છે તે ધામોમાં રહેલી દિવ્ય મંગળકારી પોતાની મૂર્તિઓ પણ બતાવે છે. (૩૭)
દયાસાગર સ્વામી ધામમાં રહેલા દિવ્ય સર્વોત્તમ ઐશ્વર્યો તથા દિવ્ય પાર્ષદો પોતાના ભક્તોને બતાવે છે. (૩૮) સાધન વિના પણ પોતાના પ્રતાપથી જ પોતાના ભક્તોને નાના પ્રકારની યોગ કળાઓમાં તેઓ નિપુણ કરે છે. (૩૯) શ્રીહરિનો આવો અનુપમ દિવ્ય પવિત્ર પ્રતાપ જોઈને હજારો હજાર પુરુષો તથા સ્ત્રીઓ શ્રીહરિનો આશ્રય કરે છે. (૪૦) હું વારંવાર શ્રીહરિને આવો સર્વોત્તમ શુભ પ્રતાપ જોઈને, આ સર્વેશ્વર પ્રત્યક્ષ અવતારીનો આશ્રય કરીને તેમનું ભજન કરું છું. (૪૧)

શ્રીહરિનો આવો પ્રતાપ સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા સોમ વગેરે રાજાઓ ખટ્વાંગને કહેવા લાગ્યા કે, અમો આજથી જ આ પ્રત્યક્ષ શ્રીહરિના દાસ બન્યા છીએ. (૪૨)

રુડી બુદ્ધિવાળા તે રાજાઓએ આ પ્રમાણે કહીને ખટ્વાંગ પાસેથી નિયમ ધારણ કરીને શ્રીહરિનો દૃઢાશ્રય કર્યો પછી જવા માટે તૈયાર થયા. (૪૩)

તે સમયે ખટ્વાંગ રાજા સોમ વગેરે રાજાઓ તે પ્રીતિપૂર્વક આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. હે સોમાદિ ક્ષત્રિયવર્યો ! શ્રીહરિ પોતે અહીં કાલે કે પરમ દિવસે જરૂર આવશે. (૪૪) હે વિચક્ષણો! માટે તમારે જવું નહીં. ખટ્વાંગે આ પ્રમાણે કહ્યું. તેથી શુદ્ધ અંતઃકરણવાળા તે સોમ વગેરે રાજાઓ શ્રીહરિના દર્શનની ઉત્કંઠાવાળા થઈને ત્યાં રહેતા હતા. (૪૫)

હે રાજન્ ! ધર્મના પુત્ર શ્રી હરિ આ સમયે સરધારપુરમાં પ્રબોધિનીનો ઉત્સવ કરીને ત્યાંથી જવા માટે તૈયાર થયા. (૪૬) પોતાના અશ્વ ઉપર બિરાજીને પોતાના સહચરો સાધુઓ વગેરેથી વિંટાયેલા શ્રીહરિને પુરના ભક્તોએ ગીત વાજિંત્રના ઘોષ કરીને વિદાય દીધી. (૪૭) હે રાજન્ ! જેમના દર્શન અદ્‌ભુત છે તે શ્રીહરિ માર્ગમાં ચાલતા પોતાના જનોને આનંદ પમાડતા માર્ગમાં આવેલા 'પર્કટી' (પીપરડી) ગામે પહોંચ્યા. (૪૮)

તે ગામના શ્રીહરિના આશ્રિતો નિયંતા શ્રીહરિને પોતાના ગામ પ્રત્યે આવતા સાંભળીને ગીત વાજિંત્રે સહિત હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૪૯) પીપરડી ગામના નિવાસી ભક્તજનો ઘોડે સવારના સમૂહોથી વીંટાયેલા અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિના દર્શન કરીને પૃથ્વી ઉપર પડીને પ્રીતિપૂર્વક સાષ્ટાંગ પ્રણામ શ્રીહરિને કરતા હતા. (૫૦) તે ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી અને પછી પોતાના ગામમાં યથા યોગ્ય નિવાસ સ્થાનમાં શ્રીહરિના સમગ્ર આશ્રિતોની સાથે શ્રીહરિને પ્રીતિપૂર્વક નિવાસ કરાવ્યો. (૫૧)

પછી ભાનુજીત તથા અન્ય બ્રાહ્મણો જે શ્રીહરિના ઉપાસકો હતા. તેમણે શ્રીહરિની ચંદન, કુંકુમ, શ્રેષ્ઠ પુષ્પોના હારો, બાજુબંધો, તોરાઓ તથા કર્ણના ગુચ્છો વગેરેથી હર્ષપૂર્વક પૂજા કરી. (૫૨) પછી મુકુંદાનંદ વર્ણિરાજે પવિત્ર થઈને દૂધમાં વિવિધ પ્રકારનાં ઉત્તમ ભોજનો શ્રીહરિને માટે કર્યાં (૫૩) સત્પતિ સર્મથ શ્રીહરિએ સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કર્યો, ત્યારબાદ વિષ્ણુને અર્પણ કરીને વિવિધ પ્રકારના ભોજનો જમ્યા. (૫૪) પછી ઉત્તમ આસન ઉપર બિરાજેલા શ્રીહરિએ હાથ તથા મુખનું પ્રક્ષાલન કરીને, મુખવાસ લીધો. ત્યારબાદ વસ્ત્રો ધારણ કરી, શ્રીહરિએ સમયોચિત ઉપદેશ વાતો કરી આરામ કરવા કોમળ શય્યામાં પોઢી યોગ નિદ્રાને ગ્રહણ કરી. (૫૫)

સવારમાં શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બિરાજીને પોતાના આશ્રિતો સહિત પીપરડીથી નીકળ્યા. તે સમયે પીપરડીના સમગ્ર ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. (૫૬) પોતાનું વચન પાલન કરતા, સત્ય પ્રતિજ્ઞાવાળા, ભગવાન હર્ષપૂર્વક પોતાનાં ભક્તોની સાથે કારીયાણી ગામ પ્રત્યે પધાર્યા. (૫૭) પછી શ્રીહરિની હંમેશા પ્રતિક્ષા કરતા ખટ્વાંગ રાજા પોતાના પુર પ્રત્યે પોતાના અભિષ્ટ દેવ શ્રીહરિ પધારે છે તે સાંભળીને પ્રસન્ન થયેલા ઉતાવળ કરતા તત્કાળ શ્રીહરિ સન્મુખ ગયા. (૫૮)

સોમ, સુરાદિ ઘોડેસ્વારોની સાથે ખટ્વાંગ રાજા નાના પ્રકારના વાજિંત્રોએ સહિત ચારે દિશાઓમાં અત્યંત ઘોષ કરતા સન્મુખ આવતા ઈષ્ટ શ્રીહરિના દૂરથી દર્શન કરતા હતા. (૫૯) મહા વેગવાળા પોતાના અશ્વરાજ ઉપર બિરાજેલા દર્શનીય અશ્વના ગણમાં રહેલા સંતો, બ્રહ્મચારીઓ તથા બીજા ભક્તોથી વીંટાયેલા શ્રીહરિની ખટ્વાંગ રાજા સોમાદિની સાથે પ્રાર્થના કરતા હતા. (૬૦) પ્રેમથી પરિપૂર્ણ સ્વરૂપવાળા, ખટ્વાંગ રાજા શ્રીહરિની પ્રાર્થના કરીને શ્રીહરિને પોતાના મહેલમાં નિવાસ કરાવ્યો, તેમના સમગ્ર સાધુ વર્ણિઓ તથા ભક્તજનોને પણ ગામમાં યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૬૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિની પ્રીતિ માટે અભય રાજાએ સાધનનું નિરૂપણ કર્યું. તે નામે પાંસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૫)



અધ્યાય ૬૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! કારીયાણી પુરના ખટ્વાંગ રાજા નિર્માની હતા. શ્રીહરિની દાસની માફક પરિચર્યા કરતા હતા. બીજા જનો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૧) રાઘવ, વૈકુંઠ વગેરે બ્રાહ્મણો શ્રીહરિમાં આસક્ત બુદ્ધિવાળા શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૨) વસ્તા ખાચર, વેલા તથા રામો, વિસો, ભોજભાઈ, માંત્રિક, વિક્રમ, માનસૂર વગેરે ક્ષત્રિઓ શ્રીહરિની સેવા કરતા હતા. (૩)

યોધો, વીરો, કાનજી, દેવો, કર્ણો, રાઘવ, ગોબર, હીરજી, કમો, લક્ષ્મણ, જીવો, કુંવરજી; (૪) પાંચો વગેરે વૈશ્ય ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. રઘુ તથા રત્નો વગેરે ભક્તો પણ શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૫) લાધો, લાલભાઈ, ભગવાન, ધનો, ખોડો, મધુ, સમર, શ્યામો, તેજો તેમજ બીજા ભગવાન; (૬) પીતાંબર વગેરે અન્ય ભક્તો પણ પોતાને અતિ પ્રિય શ્રીહરિની સમય સમય પ્રમાણે તથા યોગ્ય પ્રીતિપૂર્વક સેવા કરતા હતા. (૭)

હરિબા, સીતાબા, ધની, દેવી વગેરે સ્ત્રીઓ યથાયોગ્ય ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતાં હતાં. (૮) શ્રીહરિ સ્નાન કરીને પોતાનો નિત્ય વિધિ કરતા હતા. તેટલામાં વર્ણિરાજ મુકુંદાનંદ શ્રીહરિને માટે દૂધમાં રસોઈ કરતા હતા. (૯) તે સમયે શ્રીહરિએ, ભાત, દાળ કરીને શાકમાં મીઠું જાતે નાંખીને વિષ્ણુને નિવેદન કરીને સુંદર પાટલા ઉપર બેસીને સુધા સમાન સ્વાદિષ્ટ રમણીય ભોજનો જમવા લાગ્યા. (૧૦, ૧૧) પછી તૃપ્ત થયેલા શ્રીહરિ હાથ મુખ ધોઈને વર્ણીએ આપેલો મુખવાસ લઈને જમતા હતા. (૧૨)

પછી રમણીય વસ્ત્રો ધારણ કરીને પ્રભુ શ્રીહરિ સભામાં પધાર્યા. અને સભાના મધ્ય ભાગમાં પોતાના ઉત્તમ આસન ઉપર બિરાજ્યા. (૧૩) શ્રીહરિએ ગંભીર અર્થવાળી સુધાસમાન ઉપદેશ વાતો કરી; પછી પોતાના આશ્રિતો થાકી ગયા છે તેમ જાણીને તેમને સુવા જવા માટે આજ્ઞા આપી. (૧૪)

સાધુઓના પતિ શ્રીહરિ પોતાના ઉતારેથી આવીને રમણીય શય્યામાં પોઢી ગયા. હે રાજન્ ! પાર્ષદો શ્રીહરિની ભક્તિથી સેવા કરવા લાગ્યા. (૧૫) પછી શ્રીહરિ પોતાની સેવા માટે રાહ જોતી પોતામાં અત્યંત પ્રેમવાળી યોગનિદ્રાને દયાવશાત અંગીકાર કરી. (૧૬)

પછી નરનાટ્યધારી શ્રીહરિએ બ્રાહ્મમુહૂર્તમાં યોગનિદ્રાનો ત્યાગ કર્યો અને સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કર્યો. (૧૭) પછી શ્રીહરિ નાના પ્રકારના રમણીય ભોજનો વિષ્ણુને નિવેદન કરી, વારંવાર અમૃતતુલ્ય જળ પીતા પીતા જમતા હતા. (૧૮) પછી શ્રીહરિ બંને હાથ તથા મુખ ધોઈને, મુખવાસ લઈ સુંદર વસ્ત્રો ધારણ કરી, સભામાં પધાર્યા. (૧૯)

સભાના મધ્ય ભાગમાં કોમળ ગાદલા ઉપર બિછાવેલ સુંદર ઓછાડ પાથરેલા ઊંચા ઢોલીયા ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. (૨૦)

શ્રીહરિના દર્શનમાં આસક્તિવાળા સમગ્ર ત્યાગીઓ તથા ગૃહસ્થો યથા યોગ્ય સભામાં બેઠા. (૨૧) હે રાજન્ ! સમગ્ર પુરુષોથી દૂર શ્રીહરિના દર્શન કરવામાં તત્પર બની સ્ત્રીઓ પોતપોતાની મર્યાદાથી બેઠી. (૨૨) શ્રીહરિનાં આશ્રિત ખટ્વાંગાદિ સમગ્ર ભક્તો, કાર્તિકી પૂર્ણિમાનો દિવસ હોવાથી, પ્રેમવિહ્વળ થઈને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. (૨૩) પ્રથમ ખટ્વાંગ રાજા વિવિધ પ્રકારના મહા અમૂલ્ય શ્રેષ્ઠ ભૂષણો તથા સુંદર ચંદન, કંકુ, ધૂપ, દીપ આદિકથી તથા પુષ્પોના બાજુબંધો કંકણ તોરાઓથી શ્રીહરિની પ્રીતિથી પૂજા કરીને મહા આરતી કરતા હતા. (૨૪-૨૫) પછી સર્વે ભક્તજનો કુમકુમ, અક્ષત, ચંદન તથા પુષ્પોના હારો બાજુબંધો, તોરાઓ, કંકણો, વસ્ત્રો તથા દ્રવ્યાદિથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૬)

શ્રીહરિમાં ભક્તિવાળી સમગ્ર સ્ત્રીઓ ઘણા પ્રકારના ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરતી હતી. (૨૭) પછી અત્યંત હર્ષથી યુક્ત શ્રીહરિના દર્શન કરતા તે ભક્તો અત્યંત વિસ્મય પામીને શ્રીહરિના અંગમાંથી નિકળતું તેજ જોવા લાગ્યા. (૨૮) તે તેજઃપુંજના મધ્ય ભાગમાં રહેલા રત્ન જડિત સુવર્ણના સિંહાસનને તે ભક્તજનો જોતા હતા. તે સિંહાસનમાં બિરાજેલા ધર્મપુત્ર શ્રીહરિના તે ભક્તો દર્શન કરતા હતા. (૨૯) વિવિધ પ્રકારના મણિમય સુવર્ણમાં શોભાયમાન ભૂષણોને ધારણ કરનારા, સુવર્ણનો રત્નજડિત મુગટ મસ્તકમાં ધારણ કરતા. (૩૦)

વીજળીના જેવું પીતાંબર ધારણ કરનારા મોતીઓના હારોથી અત્યંત દેદીપ્યમાન સુવર્ણના સુંદર મણિઓથી શોભતા મત્સ્યાકારના કુણ્ડલો ધારણ કરનારા (૩૧) મધુર મંદ હાસ્યવાળા, દિવ્ય શોભાના સાગર, કરોડ કામદેવોના ગર્વને હરનારા અંગોથી બિરાજમાન (૩૨) દિવ્ય તેજથી જેમના અંગો વ્યાપ્ત છે, કૃપારૂપી અમૃત વર્ષાવનારા, દિવ્ય વિગ્રહવાળા, કરોડો અક્ષરમુક્તોએ સેવેલા. (૩૩)

શ્રીહરિના ઉપાસનાવાળા તે ભક્તો શ્રીહરિની આગળ બેઠેલા મનોહર દિવ્યરૂપવાળા અવતારોને પણ જોતા હતા. (૩૪)

આ પ્રકારે તે ભક્તોને મુહૂર્ત પર્યંત શ્રીહરિના દર્શન થયા. પછી તે ભક્તો શ્રીહરિના સંકલ્પથી અચ્યુત શ્રીહરિને પૂર્વની જેમ મનુષ્યરૂપે જોતા હતા. (૩૫) પછી ખટ્વાંગ વગેરે ભક્તો પુરુષોત્તમ શ્રીહરિને પ્રત્યક્ષ અવતારી જાણીને, રોમાંચિત થઈને પ્રીતિપૂર્વક શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૩૬)

પછી બંને હાથ જોડીને ખટ્વાંગ રાજા સર્વોત્તમ શ્રીહરિનું માહાત્મ્ય યુક્ત સ્વરૂપ જાણીને ક્ષર અને અક્ષરથી પર તે પ્રત્યક્ષ અવતારી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા.(૩૭)

ખટ્વાંગ રાજા સ્તુતિ કરે છે :- અધર્મ સર્ગનું મર્દન કરનારા, સુખ આપનારા, ધર્મના વૈરી જનોને પીડા કરનારા, પોતાના ભક્તોનો દ્વેષ કરનારાનું નિકંદન કરનારા, ધર્માદિ અંગે સહિત, પવિત્ર ભક્તિમાર્ગ પ્રવર્તાવનારા, ગ્રીષ્મના પ્રચંડ તાપમાં ભક્તોએ જેમના અંગોમાં સુગંધિમાન ચંદન ચર્ચેલું છે એવા, અક્ષરમુક્તાદિ મહાનુભાવો જેમને સદા વંદન કરે છે એવા, પોતાના આશ્રિતોનું સદ્ય કલ્યાણ કરનારા ધર્મના પુત્ર શ્રીહરિ તમોને અમો વંદના કરીએ છીએ. (૩૮)

અપવિત્ર બુદ્ધિને શુદ્ધ કરનારા સ્વતઃસિદ્ધ શુદ્ધ જ્ઞાનવાળા, કલિયુગની પ્રવૃત્તિનો પોતાના પ્રતાપથી નાશ કરનાર, (કલિયુગની બાહ્ય પ્રવૃત્તિ તો સર્વને વિદીત છે. પરંતુ અંતઃકરણમાં માયા, અનૃત, તંદ્રાદિક કલિધર્મની પ્રવૃત્તિનું તિરોધન "प्रभवन्ति यदा सत्त्वे मनोबुद्धीन्द्रियाणि च । तदा कृतयुगं विद्याज्ज्ञाने तपसि यद्रुचिः ॥ यदा कर्मसु काम्येषु भक्तिर्भवति मनोबुद्धीन्द्रियाणि च । तदा त्रेता रजोवृत्तिरिति जानीहि बुद्धिमन् ॥ यदा लोभस्त्वसंतोषो मानो दम्भोऽथ मत्सरः । कर्मणा चापि काम्यानां द्वापरं तद्रजस्तमः ॥ यदा मायानुतं तन्द्रा निद्रा हिंसा विषादनम् । शोको मोहो भयं दैन्यं स कलिस्तामसः स्मृतः") જેમના ચરણકમળમાં તપોધનો નમી રહ્યા છે, પોતાના આશ્રિતોને યમના ભયથી જેણે રહિત કર્યા છે, પવિત્ર, ઉત્તમ યશરૂપી જેમનું ધન છે એવા, આપશ્રી ધર્મપુત્ર શ્રીહરિ તમોને અમો વંદન કરીએ છીએ. (૩૯)

ચિત્ અને અચિત્ પ્રકૃતિના નિયંતા, સચ્છાસ્ત્રોને પ્રકાશ કરનારા, મુનીંદ્રોના ચિત્તોમાં વાસ કરનારા, વિમુક્તો તથા સંતોની સભામાં શોભતા, અનેક સૂર્યોની માફક પ્રકાશમાન, પોતાના ભક્તો તથા સંતો સાથે સર્વ પ્રકારે વિનોદ કરનારા એવા; (૪૦) આ લોકમાં અવતાર ધારણ કરનારા, પોતાના ભક્તોને શાંતિ કરનારા, શાકત તથા નાસ્તિક, શુષ્કવેદાંતી, કુડાદિ કુમાર્ગોના સમૂહોનું ખંડન કરનારા, સંસાર રૂપી, સમુદ્રથી તારનારા, વર્ણીવેશને ધારણ કરનારા, નાના પ્રકારના પુષ્પોના ગુંથેલા સુંદર ઉત્તમ હારથી શોભતા; (૪૧) મુક્તાનંદ વગેરે સાધુઓના સમૂહને પ્રસન્ન કરનારા, વિવાદિજનોના ગર્વનો નાશ કરનારા, દોષયુક્ત મનની શુદ્ધિ કરનારા, અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારા, માયાના આવરણથી રહિત, નિષ્કામ ભક્તોમાં પ્રીતિવાળા, યમાદિની ભીતિનો નાશ કરનાર, (૪૨) કરુણામૃતથી જેમનાં નેત્રો આર્દ્ર થઈ ગયા છે. એવા, તીવ્ર વાસનાથી બંધાયેલા જીવોને બંધનથી મુક્ત કરનારા, નૂતન મેઘની પંક્તિની માફક શોભાયમાન, નાશ કર્યો છે. પોતાના ભક્તોનો શોક જેણે, અત્યંત સુંદર સ્વભાવથી શોભતા, સમસ્ત ભક્તોનું પાલન કરનારા; (૪૩)

નિર્દોષ ભક્તોને સંતોષ પમાડનારા, ધર્મે સહિત ભક્તિનું પોષણ કરનારા, ક્રોધ રહિત થયેલા ભક્તો જેમને સદા પ્રિય છે એવા, શરણાગત જીવને જે પાપના સમૂહથી મુક્ત કરે છે એવા,પોતાના ભક્તોના દોષોનું શોષણ કરનારા, શુદ્ધ હૃદયવાળા જનોને સેવનારા; (૪૪)

ધર્મના સુંદર વંશના અલંકાર રૂપ અતિ દુષ્ટજનોને દંડ આપનારા, પોતાના ભક્તોની કામાદિક દુષ્ટ વાસનાનું ખંડન કરનારા, નમસ્કાર કરનારા સમગ્ર જનોની પીડાનો નાશ કરનારા, અસત્પુરુષોના વાદનું ખંડન કરનારા, દંભીજનોના માનનો વિનાશ કરનારા, શ્રીહરિ ! તમારું અમો ભજન અને સેવન કરીએ છીએ. (૪૫)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે માનસિંહ રાજન્ ! મહાબુદ્ધિશાળી ખટ્વાંગ રાજા,સત્પતિ શ્રીહરિની આ પ્રકારે હર્ષયુક્ત બનીને સ્તુતિ કરીને, કહે છે. (૪૬)

હે સ્વામિન્ ! સરધારપુરમાં જન્માષ્ટમીના મહોત્સવમાં તમારા દર્શન કરીને મારા કારીયાણી

ગામમાં આવતા માર્ગમાં આવેલા ગઢપુરમાં તે પુરના અધિપતિ મારા સંબંધી અભય રાજાના ભુવનમાં હું એક રાત્રિ રહ્યો હતો. (૪૭-૪૮)

તે મુમુક્ષુરાજાએ તથા તેમના પરિવારે મને પૂછ્યું; તેથી મેં આપનું જેવું જોયેલું તથા સાંભળેલું સર્વ વૃત્તાંત તેમને કહ્યું, (૪૯) પછી હે પ્રભો ! હે સ્વામિન્ ! મેં આપનો જે પ્રતાપ તથા ગુણ ઐશ્વર્ય વગેરે કહ્યું, તે સાંભળીને તે રાજાને તથા તેમના સમગ્ર કુટુંબને આપનો દૃઢ નિશ્ચય થયો. (૫૦) ત્યારથી તે રાજા તથા તેનો પરિવાર મારી પાસેથી નિયમ ગ્રહણ કરીને આપ જે પ્રત્યક્ષ પરમેશ્વર છો, તેમનું ભજન કરે છે. (૫૧)

તે રાજા તથા તેનો પરિવાર મુમુક્ષુ અને ધર્મનિષ્ઠ છે અને સદ્‌ગુણોથી યુક્ત તેઓ આપનું ભજન કરે છે. (૫૨) તેમના પુરથી જ્યારે હું નીકળ્યો ત્યારે અભય રાજાએ મને કહ્યું હતું કે, હે રાજર્ષે ! સ્વયં સ્વામિનારાયણ જ્યારે તમારા પુરમાં પધારે; (૫૩) ત્યારે તમારે મને તત્કાળ સંદેશો મોકલવો. તેથી હે હરે ! તમારી આજ્ઞા હોય તો હે સ્વામિન્ ! તેમને હું તત્કાળ સંદેશો મોકલું. (૫૪) ખટ્‌વાંગ રાજાનું આવું વચન સાંભળીને સર્વજ્ઞ દયાસાગર શ્રીહરિ અભય રાજાનો ભાવ જાણતા હતા. તેથી ખટ્‌વાંગ રાજાને કહેવા લાગ્યા. (૫૫)

હે રાજર્ષે ! અભય રાજા, તેમનું કુટુંબ રાજ્યભોગોનો ત્યાગ કરીને મારી પ્રાપ્તિ માટે તપ કરે છે તે હું જાણું છું. (૫૬) અભય રાજા તો યોગીની માફક શરીર સુખનો પણ અનાદર કરીને મારી પ્રાપ્તિ માટે જ રાજ્યમાં રહ્યા છે. તેનો પરિવાર પણ મારા માટે જ પ્રાણને ધારણ કરી રહ્યો છે. (૫૭) તેથી હે મતિમાન્ ! શુભ અભિપ્રાયવાળા ! હું જેને પ્રિય છું એવા તે અભય રાજા તથા તેમના કુટુંબીજનોને પત્ર મોકલીને તમો તત્કાળ અહીં બોલાવો. (૫૮)

શ્રીહરિની આજ્ઞાથી ખટ્‌વાંગ રાજાએ પત્ર લખીને શ્રીહરિના ભક્ત રાઘવજી બ્રાહ્મણને તે પત્ર આપ્યો અને ગઢપુર મોકલ્યા. (૫૯)

શીઘ્રગતિવાળા પ્રસન્ન થયેલા તે બ્રાહ્મણે પોતાના ભક્તોની સમગ્ર કામના પૂરી કરનારા પોતાના અભિષ્ટ દેવ શ્રીહરિને પ્રણામ કરીને કારીયાણીપુરથી રાત્રીએ ગઢપુર જવા પ્રયાણ કર્યુ. (૬૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં ખટ્‌વાંગાદિએ શ્રીહરિનું ઐશ્વર્ય જોયું તેનું નિરૂપણ નામે છાસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૬)



અધ્યાય ૬૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ગઢપુરમાં અભય રાજા તથા તેમના પરિવારને તે રાત્રીના સમયે સ્વપ્ન દેખાયું. (શ્રીહરિના ચરિત્રો) સાંભળવામાં અત્યંત આદરવાળા તમોને હે રાજન્! હું તે કહું છું. તે (૧) મહાબુદ્ધિશાળી તમો એકાગ્ર મનથી સાંભળો. (૨)

અભય તથા તેમના સર્વે જનોએ રાત્રે સ્વપ્નમાં પૂર્વદેશ તરફથી આવતો તેજનો સમુદાય પોતાના ભુવનમાં વ્યાપ્ત થયેલો જોયો. (૩) તે તેજ સમુદાયમાં સુવર્ણમય વિવિધ રત્નોથી જડેલું સૂર્યના સમાન પ્રકાશવાળું, સર્વોત્તમ વિમાન જોયું. (૪) પછી અભય વગેરે જનો તે મહા વિમાનની ચારેય તરફ અત્યંત પ્રકાશમાન કરોડો વિમાનો પણ વિસ્મયપૂર્વક જોતા હતા. (૫)

તે સર્વે વિમાનોના મધ્યમાં રહેલા વિમાનમાં મહા તેજોમય, શાંત, મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા આભૂષણો જેમને છે એવા, શ્રીહરિને તેમણે જોયા. (૬) તે અભય વગેરેએ બીજા વિમાનોમાં દિવ્ય સ્વરૂપવાળા મુક્તોને જોયા. તે મુક્તો, અભય રાજા તથા તેમના પરિવારને એકી સાથે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૭)

હે મહાભાગ્યવાળા ! હે રૂડી બુદ્ધિવાળા ! તમારા અસંખ્ય જન્મોના સુકૃતનું ફળ ઉદય પામ્યું છે. એમ તમો જાણો. (૮) સર્વજ્ઞ-પુરુષોત્તમ, અવતારી પ્રત્યક્ષ આ શ્રીહરિ છે. તેમના તમોએ હમણાં દર્શન કર્યા છે. તેથી તમો ઘણા ભાગ્યશાળી છો. (૯) તમો પૂર્વના શ્રીહરિના ભક્તો છો. તેથી તમારા આ ભુવનમાં શ્રીહરિ ઘણો સમય નિવાસ કરશે. (૧૦) તમો ક્ષણવાર પણ શ્રીહરિનો વિયોગ સહન કરવા માટે સમર્થ નથી એવું જાણીને સર્વવિત્ શ્રીહરિ, ક્ષણવાર પણ તમારો ત્યાગ નહિ કરે. (૧૧)

જેના ચરણકમળની રજની પ્રાપ્તિ માટે, જેમણે પોતાની સર્વ ઈન્દ્રિયો નિયમિત કરી છે તથા સમગ્ર કામનાઓનો ત્યાગ કરીને જે દુષ્કર તપ કરે છે, એવા યોગીન્દ્રો (૧૨) તેમજ વિમળ અંતઃકરણવાળી લક્ષ્મી જે શ્રીહરિના ચરણકમળની રજની પ્રાપ્તિ માટે તીવ્ર તપ કરે છે એવા શ્રીહરિ જે ગુણ તથા ઐશ્વર્ય યુક્ત વિભૂતિઓની શોભાના સ્થાન ભૂત છે, જેમને શ્રુતિઓ પામવા માટે ઈચ્છે છે. (૧૩)

સર્વ ભાવને જાણનારા પ્રત્યક્ષ પરમાત્મા પરાત્પર તે શ્રીહરિ તમારી ભક્તિને આધીન થઈને તમારી સમીપમાં નિશ્ચય રહેશે. (૧૪) તેથી અસંખ્ય પુણ્યવાળા, તથા શુદ્ધાન્તઃકરણવાળા, શ્રીહરિની પ્રત્યક્ષ પ્રાપ્તિમાં આસક્તિવાળા તમારાં અતિ મોટાં ભાગ્ય છે. (૧૫)

મુક્તોની આવી વાણી સાંભળીને સ્વપ્નમાંથી જાગેલા અભય રાજા વગેરે પ્રત્યક્ષ શ્રીહરિની પ્રાપ્તિ થઈ છે, એમ માનીને તત્કાળ મહા આનંદ પામ્યા. (૧૬)

હે રાજન્ ! અભય રાજા વગેરે સર્વેનાં જમણાં નેત્રો, સાથળો, બાહુઓ, કલ્યાણનું સૂચન કરતા તે સમયે ફરકવા લાગ્યા. (૧૭) જયા વગેરે સ્ત્રીઓના ડાબા નેત્રો પણ ફરકવા લાગ્યા તથા હે રાજન્! ડાબા હાથ તથા ડાબા સાથળ સ્ફુરાયમાન થતા હતા. (૧૮)

તે સમયે જયા, લલિતા તથા અભય વગેરે પોતાના અંતઃકરણમાં અતિમહાન્ અપૂર્વ અને બીજાઓને દુર્લભ સુખ પામ્યા. (૧૯)

સવારમા પાંજરાઓમાં રહેલા શુકસારિકાદિ પક્ષીઓના માંગલિક શબ્દો થવા લાગ્યા. તેવી રીતે નગારાં નહિ વગાડવા છતાં પણ તેના ધ્વનિ થયાં. (૨૦)

તે સમયે શ્રીહરિની ઈચ્છાથી અભય રાજાનો દ્રોહ કરનારા દુર્જય શત્રુઓ પણ વૈરભાવનો ત્યાગ કરીને અભય રાજાને મળીને વિનય કરવા લાગ્યા. (૨૧) અભય રાજાએ રાત્રિમાં જે જે આવશ્યક કાર્ય ધાર્યું હતું તે તે તત્કાળ સિદ્ધ થયું. (૨૨) બુદ્ધિશાળી અભય રાજાએ આવી રીતે શુભાર્થને સૂચવનારા શકુનો જોઈને, પ્રાતઃકાળમાં પોતાના સમગ્ર પરિવારને બોલાવ્યો. (૨૩)

પછી તે પરિવાર પોતાના સમીપમાં બેઠો. એટલે મહાબુદ્ધિશાળી અભય રાજાએ પોતાને તે રાત્રે જે સ્વપ્ન થયું હતું તે સર્વ વૃત્તાંત ક્રમથી તે સર્વેને કહ્યું. (૨૪)

પછી ઉત્તમ કુમાર તથા જયા વગેરે કન્યાઓ તે પણ સર્વે સંબંધીઓ પણ કહેવા લાગ્યા કે હે પિતાજી ! અમોને પણ એવું જ સ્વપ્ન થયું હતું. (૨૫) તે સર્વે પોતે પોતે અનુભવેલા શકુનોને પરસ્પર કહેવા લાગ્યા. અને આજે જ શ્રીહરિના સમાચાર આવશે એવી રીતે પરસ્પર બોલતા હતા. (૨૬)

તે અભય વગેરે આ પ્રમાણે પરસ્પર વાતો કરે છે તેટલામાં જ રાઘવજી બ્રાહ્મણ ત્યાં આવ્યો અને શ્રીહરિના વૃત્તાંત સૂચવતો ગર્ભિત પત્ર અભય રાજાને તેણે આપ્યો. (૨૭) શ્રીહરિની પ્રાપ્તિમાં આસક્ત બુદ્ધિવાળા રાજાએ તે પત્રને માથે ચઢાવીને, પછી હે રાજર્ષે ! માનસિંહ ! અશ્રુપૂર્વક ગદ્ ગદ્ વાણીથી તે પત્ર વાંચવા લાગ્યા. (૨૮)

પછી ઉદાર બુદ્ધિવાળા રાજા, તે રાઘવજી બ્રાહ્મણને કહેવા લાગ્યા. પ્રત્યક્ષ શ્રીહરિના સમાચારવાળો પત્ર તમો લાવ્યા તે બહુ જ સારું થયું. (૨૯) સુદુર્લભ પ્રત્યક્ષ ભગવાનના દર્શન થશે એવું અમોને કહેનારા તમારો પ્રત્યુપકાર મારાથી, આ રાજ્ય કદાપિ તમોને હું આપી દઉં તો પણ, થઈ શકે તેમ નથી. (૩૦) આ પ્રકારે કહીને અભય રાજાએ તે બ્રાહ્મણને મહામૂલ્યવાળાં ઘણાં ભૂષણો, વસ્ત્રો તથા ઘણી સોનામહોરો આપી. (૩૧) તેમજ મહાઉદાર તે અભય રાજાએ પોતાના પુરના જનોને પણ સાકર વહેંચી તેમજ તે બ્રાહ્મણને સ્વાદિષ્ટ ભોજનોથી તૃપ્ત કર્યો. (૩૨)

પછી જમીને શ્રીહરિના દર્શનમાં આકર્ષિત ચિત્તવાળો તે અભય રાજા, પોતાના પરિવાર સહિત કારીયાણીપુર જવા તૈયાર થયા. (૩૩) પછી એક રથમાં પોતાની બંને પત્નીઓ, બીજા રથમાં જયા તથા લલિતા, ત્રીજા રથમાં બીજી બે કન્યાઓ-પાંચાળી તથા નાની તે પ્રમાણે સૌને બેસાડ્યા. (૩૪) ચોથા રથમાં અભય રાજાએ પોતાના બીજા સંબંધી જનોને બેસાડ્યા. પાંચમાં સુંદર રથમાં પોતે અભય રાજા બેઠા. (૩૫) અભય રાજાએ પોતાના કુમાર ઉત્તમસિંહને શિબિકામાં બેસાડ્યા તેમજ પોતાના શાળા ગાલવને અશ્વ ઉપર બેસાડ્યા. (૩૬) અભય રાજાએ જમાઈ નાગમાલને શ્રેષ્ઠ અશ્વ ઉપર બેસાડ્યા. પોતાના જનો ઘોડે સવારો તથા થોડા સેવકો સાથે આ પ્રમાણે તેમણે ગઢપુરથી પ્રયાણ કર્યું. (૩૭)

તે સમયે જળ ભરેલા પાત્રવાળી કન્યા સામી મળી. તેમજ વાછરડી સાથે ગાય પણ અભય રાજાની સન્મુખ આવી. વળી લલાટમાં શોભાયમાન તિલક કરેલા, વેદને જાણનારા વિપ્રો તેમની સન્મુખ આવ્યા અને અભય રાજાને શુભાશીર્વાદ આપવા લાગ્યા. (૩૯) આગળ ચાલતાં તે રાજાની સન્મુખ એક માળી આવ્યો અને રાજાને અતિ હર્ષપૂર્વક સુંદર પુષ્પોના હાર અર્પણ કર્યા. (૪૦)

રાજાએ શ્રીહરિની પૂજા માટે પુષ્પના ગુચ્છા, તોરા, હારો, બાજુબંધો આદિક ગ્રહણ કર્યા. (૪૧) પછી પોતાના જનોએ યુક્ત અભય રાજા વાહનો ઉતાવળા ચલાવીને જ્યારે કારિયાણી ગામ અર્ધો ગાઉ દૂર જોયું. (૪૨) ત્યારે શ્રીહરિનું માહાત્મ્ય અત્યંત જાણતા તે રાજા, પોતાના જનોની સાથે તે વાહનો ઉપરથી નીચે ઉતરીને ચાલતા જવા લાગ્યા. (૪૩)

પછી ખટ્વાંગ રાજા, પોતાના સંબંધી અભય રાજા તેમના સંબંધીજનો સાથે કારિયાણી પુરની સમીપ આવ્યા છે તે જાણીને પોતાના જનોએ સહિત તેમની સન્મુખ ગયા અને અત્યંત સુહૃત્ તે અભય ભૂપને મળીને ભેટ્યા. (૪૪) ખટ્વાંગ રાજા, શ્રીહરિના દર્શનમાં ત્વરાવાળું છે ચિત્ત જેમનું એવા પોતાના સ્વજનો વગેરેથી યુક્ત અભય રાજાને, પોતાના દરબારમાં લઈ જઈને તથા અત્યતં હર્ષપૂર્વક તેમનું સન્માન કરીને ઉતારો કરાવ્યો. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં અભય નૃપાદિને શ્રીહરિનાં દર્શનાદિ નિરૂપણ નામે સડસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૭)



અધ્યાય ૬૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિના દર્શનમાં અત્યંત પ્રેમવાળા શ્રીહરિના પૂજનોપયોગી ચંદન-પુષ્પ આદિક ઉપચારોએ સહિત તે અભય રાજાને ખટ્વાંગ રાજા તત્કાળ શ્રીહરિની સમીપમાં લઈ ગયા. (૧) હજારો હજાર ત્યાગી ગૃહસ્થોના ટોળેટોળાથી વીંટાયેલા, જેવા સાંભળ્યા હતા તેવા જ શ્રીહરિના દર્શન કરીને તે અભય રાજા વગેરે પ્રેમાશ્રુઓથી વ્યાપ્ત નેત્રોથી અવતારી, અખિલેશ્વર, નરનાટ્યધારી, ધર્મપુત્રને અંતઃકરણ પૂર્વક પ્રણામ કરવા લાગ્યા. (૩) તે સમયે હે ભૂપતે ! ખટ્વાંગે જેમનો સદ્ભાવ વર્ણવ્યો છે એવા પોતાના જનોએ યુક્ત અભય રાજાનું સર્વવિત્ શ્રીહરિ સન્માન કરતા હતા. (૪)

પછી અભય વગેરે રમણીય આસન ઉપર બિરાજેલા શ્રીહરિનું ચંદન, પુષ્પોના હારો તેમજ મહા અમૂલ્ય વસ્ત્ર-ભૂષણો વગેરેથી પૂજન કરતા હતા. (૫) પછી અભય વગેરેએ પુરુષોત્તમ શ્રીહરિની ભક્તિથી આરતી ઉતારીને, બંને હાથ જોડીને, શ્રીહરિમાં આસક્ત નેત્રવાળા આદરપૂર્વક હર્ષથી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૬)

અભય રાજા તથા સંબંધીઓ સ્તુતિ કરે છે :- નમસ્કાર કરતા બ્રહ્માદિક ઈશ્વરોના મુગટોનું પરિઘર્ષણ થયું છે જેમાં એવું, શ્રેષ્ઠ ચરણોનું સુંદર આસન જેમને છે એવા, શાંતિ, સત્ય-શોચાદિ તેમ જ સૌંદર્યના સ્થાનભૂત, ધર્મના પુત્ર શ્રીહરિ ! તમારે વિષે અમારી પ્રીતિ થાય. (૭) અનેક શાસ્ત્ર દ્વારા જાણનારા વિદ્વાનોને શાસ્ત્રાર્થમાં પરાજય કરવાથી જેમના મનમાં ઘણો મદ ઉત્પન્ન થયો છે એવા વાદિગણનો પરાભવ કરનારા, અજીત એવા શ્રીહરિ ! તમારે વિષે અમારી પ્રીતિ થાવ. (૮)

બ્રહ્મા-શંકર, ઈન્દ્રાદિ જે ઈશ્વરો તેમના ઉપર વિજય પ્રાપ્ત કરીને ગર્વિષ્ઠ થયેલા કામાદિ અસુરો, જેમની ગતિ હણાઈ નથી, તેમનો જ્ઞાનરૂપી શ્રેષ્ઠ તરવારથી નાશ કરનારા, તમારે વિષે અમારી પ્રીતિ થાવ. (૯) પોતાના આશ્રિતોનું પ્રકૃતિથી ઉત્પન્ન થયેલું નરકની પ્રાપ્તિના સ્થાનરૂપ, અનાદિ અજ્ઞાનરૂપી અંધકારને, જેમ સૂર્ય અંધકારનો નાશ કરે છે, તેમ અનુપમ પ્રતાપથી નાશ કરનારા, તમારે વિષે અમારી પ્રીતિ થાવ. (૧૦)

જગતના લોક જન સમુદાયને અતિશય સંતાપ પમાડતા, અધર્મના વંશનો વિનાશ કરનાર, નિર્મળ ધર્મનું કુળનું પોષણ કરનાર તમારે વિષે અમારી પ્રીતિ થાવ. (૧૧) પોતાની દૃષ્ટિમાત્રથી જેમને સમાધિ થાય છે તેવા શરીરધારીઓને આલોકમાં જ પોતાના અક્ષરાદિ ધામો જે બતાવે છે અને નમન કરતા સર્વ જનોના સંસારના ભયનો નાશ કરનાર આપ ધર્મપુત્ર શ્રીહરિ ! તમારે વિષે અમારી પ્રીતિ થાય. (૧૨) કામાદિ અગ્નિનું આત્મસ્વરૂપનું જ્ઞાન કરાવીને શમન કરનાર જે અક્ષરધામ યોગીઓને પણ અતિશય દૂર કે દુર્લભ છે તે અક્ષરધામ પ્રત્યે પોતાના આશ્રિતોને લઈ જનાર હે શ્રીહરિ ! તમારે વિષે અમારી પ્રીતિ થાય. (૧૩)

જન સમુદાયને મુક્તિ આપનારા, અત્યંત કરુણારૂપી અમૃત વર્ષનારી સુંદર દૃષ્ટિવાળા, સમગ્ર અવતારોના કારણરૂપ, સમગ્ર શરીરીઓના નિયામક, આ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામ્યા છો છતાં પણ સ્વતંત્ર એવા તમો જય પામો જય પામો (પોતાનું લોકોત્તર ઐશ્વર્ય પ્રગટ કરો) (૧૪-૧૫)

અગણિત ભુવનોની ઉત્પત્તિ - સ્થિતિ અને લય જેનાથી થાય છે એવી છે દૃષ્ટિ જેમની, પોતાના સર્વોત્તમ અક્ષરધામમાં અક્ષર મુક્તોએ હંમેશા અત્યંત પ્રેમથી સેવેલા દિવ્ય મૂર્તિવાળા તમો ઈશ્વર છો. (૧૬) હે અખિલેશ્વર ! આ પૃથ્વીમાં અસુરજનોના સમુદાયોએ નાશ કરેલા ધર્મનું તથા અસુરોએ પીડા પમાડેલા મુનિ સમુદાયોનું મત્સ્યાદિ પોતાના અવતારો વડે સર્વ નિયાત્મક તમો જ યુગે યુગે રક્ષણ કરો. (૧૭) તમારા ગુણ-વૈભવાદિનું વર્ણન કરતા વેદોનું મસ્તક ગણાતી ઉપનિષદ શ્રુતિઓ અક્ષરમુક્તો તથા શેષ વગેરે ક્યારેય પણ તે ગુણોનો અંત પામતા નથી. તો અન્ય જન તેનો અંત ન પામે તેમાં શું કહેવું ? (૧૮) અવધિરહિત અનેક પ્રકારના નિત્યસિદ્ધ દિવ્ય વૈભવો તથા સુખ વગેરે કેવળ આપના ચરણકમળનો જ આશ્રય કરી રહ્યા છે એવા અતુલ મહિમા યુક્ત પૂર્ણકામ પરમેશ્વર ! આપની સ્તુતિ કરવા આ લોકમાં કયો મનુષ્ય સમર્થ થાય ? (૧૯)

કલ્પતરુ તેના શરણે ગયેલા જનના ઈષ્ટકામોને પૂર્ણ કરવામાં શ્રેષ્ઠ ગણાય છે છતાં હે પરમ શ્રેષ્ઠ

પરમેશ્વર ! આપતો શરણે આવેલા ભક્ત જનોની કામનાઓ પૂર્ણ કરવામાં તે કલ્પવૃક્ષને પણ શરમાવો છો એવા અને નિર્મળ હૃદયોવાળા સજ્જનોને પ્રસન્ન કરનારા તમોને હે પરમેશ્વર ! હું વારંવાર નમસ્કાર કરું છું. (૨૦) લોકોના મન અને નેત્રોને આનંદ આપનાર સેંકડો કામદેવના ગર્વને હણનાર, જેમનું દર્શન સંસારના ભયને હરનારું છે એવા નિર્દોષ, તમારા આ દેહમાં અમારા મન નિત્ય આસક્ત થાય. (૨૧)

આપનું ચરણકમળ લાલ રંગના શ્રેષ્ઠ મણિઓથી પ્રકાશી રહ્યું છે. કોમળ અને સુંદર આંગળીઓ રૂપી શોભાયમાન પલાસના પત્રોથી પંક્તિ આપના આ ચરણકમળમાં શોભી રહી છે એવા સર્વોપરી સુખના ધામરૂપ, આપના આ બંને ચરણકમળોમાં અમારા મન ભમરાઓની પેઠે નિત્ય આસક્ત રહો. (૨૨) આપનું મુખ નેત્રરૂપ બે કમળોથી શોભી રહ્યું છે, વળી મંદ હાસ્યના વિલાસથી અત્યંત પ્રકાશી રહ્યું છે, તેવા તમારા મુખમાં ચંદ્રમામાં જેમ ચકોર પક્ષીને પ્રીતિ થાય છે તેમ અમારા નેત્રોને અત્યંત પ્રીતિ થાઓ. (૨૩) આ પ્રમાણે અભયાદિ વગેરેએ સ્તુતિ કરેલા ભક્તો પ્રત્યે વાત્સલ્યના સમુદ્રરૂપ પ્રભુ શ્રીહરિ પ્રસન્ન થઈને દયાથી તેમને અભય આપતા હતા. (૨૪)

પછી અભય ભૂપતિ પ્રાર્થના કરવા યોગ્ય શ્રીહરિને ફરીથી નમસ્કાર કરીને, ''હું જે તમારો દાસ, મારું પ્રાર્થેલું તમો પૂર્ણ કરો'' આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. (૨૫)

હે સ્વામિન્ ! આશ્રિતે સહિત તમોને ગઢપુરમાં લઈ જવા હું મારા સ્વજનોની સાથે અહીં આવ્યો છું તેથી હે હરે ! આપે જરૂર પધારવું. (૨૬) તેમનું આવું વચન સાંભળીને સભામાં બેઠેલા ખટ્વાંગ રાજા ઊભા થઈને હાથ જોડીને અભય રાજા પ્રત્યે આ પ્રકારે કહેવા લાગ્યા. (૨૭)

હે રાજન્ ! પ્રિયદર્શન આ ભગવાનની મેં વારંવાર પ્રાર્થના કરી છે ત્યારે જ અહીં ઘણા વખતે પધાર્યા છે. (૨૮) હે ભૂપતે ! તમો મારા ઉપકાર ભૂલીને પ્રાણવલ્લભ આ શ્રીહરિને અક્રૂરની માફક તત્કાળ લઈ જવા તૈયાર થયા તે યોગ્ય નથી. (૨૯) આ પ્રમાણે અભય રાજાને કહીને વિનયથી નમ્ર શ્રીહરિની સેવામાં અત્યંત આસક્ત બુદ્ધિવાળા ખટ્વાંગ રાજા પોતાને અત્યંત પ્રિય શ્રીહરિની આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. (૩૦)

હે સ્વામિન્ ! તમારી આજ્ઞા પાળવામાં તત્પર મારા ઉપર કૃપા કરીને અહીં જ કેટલાક માસ આપ શાંતિપૂર્વક નિવાસ કરીને રહો. (૩૧) નૈષ્ટિક વ્રતધારી એકાંતિક ભક્ત ખટ્વાંગ રાજાની આવી વાણી સાંભળીને સર્વવિત્ શ્રીહરિ ખટ્વાંગ રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૨)

હે રાજન્ ! હું ભક્તવર્ય નૈષ્ટિક શુદ્ધાંતઃકરણવાળા તમારી પ્રીતિ માટે આ તમારા પુરમાં વસંતોત્સવ પર્યંત (માઘ સુદી પાંચમ સુધી) જરૂર રહીશ. (૩૩)

શ્રીહરિએ ખટ્વાંગને આ પ્રમાણે કહ્યું અને પછી અભય રાજાને પણ આ પ્રમાણે કહ્યું, તમારા સંબંધીઓનો તેમ જ તમારો શુદ્ધ અભિપ્રાય હું જાણું છું. (૩૪) હે રાજન્ ! આ પુરમાં વસંત પંચમીનો ઉત્સવ કરીને તમારી ભક્તિથી અત્યંત પ્રસન્ન થયો હોવાથી હું તમારા પુરમાં જરૂર આવીશ. (૩૫) હે મહિપતે ! તમારા નગરમાં મારા આશ્રિત સત્પુરુષો સહિત હું પુષ્પદોલનો ઉત્સવ જરૂર સારી રીતે

કરીશ. (૩૬) શ્રીહરિનું આવું શુભ વચન સાંભળીને અભય રાજા પ્રસન્ન થયા અને હાથ જોડીને ધર્મનંદન શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૭) હે હરે ! તમો જ્યાં સુધી આ પુરમાં નિવાસ કરશો ત્યાં સુધી હું પણ અહીં રહીશ અને તમોને લઈને જ મારા પુર પ્રત્યે જઈશ. (૩૮)

શ્રીહરિએ તેમને અનુમોદન આપ્યું તેથી શ્રીહરિના દર્શનમાં આસક્તિવાળા તે અભય રાજા પોતાના સ્વજનો સાથે કારિયાણી પુરમાં રહ્યા. (૩૯) અભય રાજાએ શ્રીહરિના દર્શન થતાં સુધીમાં જે વ્રતો ધારણ કર્યા હતા. (દૂધ, ઘી વગેરેનો ત્યાગના નિયમ) તેને તેમણે અત્રે પોતાને કૃતાર્થ માનીને, સમાપ્ત કર્યા. તેમના પરિવાર તથા પુત્રાદિ વગેરે પણ શ્રીહરિના દર્શનથી કૃતાર્થ થયા હતા. (૪૦) અભય રાજાએ પોતાના રાજ્યના સંચાલન માટે ગઢપુર પ્રત્યે પોતાના સાળા ગાલવને અને અધિકારી નાગમાલને મોકલ્યા અને પોતે કારિયાણીમાં રહીને શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં તૃતીય સ્કંધમાં અભય રાજાએ શ્રીહરિનું સ્તવન કર્યું તે હરિસ્તવનાદિ નિરૂપણનો અડસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૮)



અધ્યાય ૬૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ખટ્વાંગ રાજાને ઘેર વસતા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પોતે સર્વજ્ઞ પરમેશ્વર હોવાથી, ધર્મની રક્ષામાં સદા તત્પર રહ્યા હતા. (૧) આલોકમાં દૈત્યોએ નાશ કરેલા પૂર્ત કર્મનો માર્ગ તેને ફરી ચાલુ કરવા માટે, અને પ્રાણીઓના સુખ માટે, ત્યાં એક વિશાળ સરોવર શ્રીહરિએ ખોદાવવા માંડ્યું. (૨)

ધર્મપુત્ર શ્રીહરિ, સુંદર વિચિત્ર ગતિવાળા અશ્વરાજ ઉપર બિરાજીને, કૃષ્ણના પદોનું ગાન કરતા, પોતાના ભક્તોની સાથે હંમેશા આ સરોવર ખોદાવવા માટે જતા હતા. (૩) અશ્વની ગતિથી તેમણે ધારણ કરેલા પાઘમાં મણીંદ્રો તથા મોતીઓ અત્યંત ચલાયમાન થતા હતા. અને અતિ શ્રેષ્ઠ તોરાઓની પંક્તિથી તે શોભતા હતા. વળી હાલતા સુંદર બંને કુંડળોની જે ઉત્તમ કાંતિ તેથી શોભતા શ્રીહરિના બંને કપોળ ભાગોથી શ્રીહરિ અત્યંત શોભામાન દેખાતા હતા. (૪)

મેઘના સમુદાય સમા શોભતા સુંદર લલાટમાં જેમણે અતિ સુંદર કેસર ચંદનનું અતિ પ્રકાશમાન ઉર્ધ્વપુંડ્ર તિલક અને કુંકુમનો ચાંદલો ધારણ કર્યો છે. (૫) વિવિધ પ્રકારના મણિગણોની કાંતિથી અતિ દેદીપ્યમાન સુવર્ણના મનોહર કંદોરારૂપી ભૂષણવાળા, સુવર્ણના સાંકળાથી અત્યંત શોભાયમાન મણિજડિત સુવર્ણના બે બાજુબંધોને ધારણ કરતા; (૬)

અત્યંત સ્વચ્છ મણીંદ્રોથી ચળકતી વીંટીઓ તથા સુવર્ણના મણકા અને મોતીઓના ગુચ્છો, પુષ્પોના હાર તથા શ્રેષ્ઠ મોતીઓની કરેલી માળાને સુંદર કંઠમાં ધારણ કરતા. (૭) જેમ કોઈ શ્યામ પર્વત

પોતાના લાલ શિખરો ઉપર પવનથી ડોલતી સોનેરી વેલને ધારણ કરે તેમ એ શ્યામ વર્ણ શ્રીહરિ સુવર્ણમયી, ચંચળ, સુંદર લગામને ધારણ કરી રહ્યા હતા. (૮)

શ્યામવર્ણ શ્રીહરિ સૂર્યના કિરણ જેવા સુંદર વસ્ત્રો ધારણ કરતા હતા. તેથી જાણે અતિશય જળથી ભરેલો કાળો મેઘ વીજળીઓના ઝબકારાઓને ધારણ કરી રહ્યો હોય તેવા શ્રીહરિ શોભતા હતા. (૯) વિવિધ પ્રકારના સુવર્ણના જડેલા મણિઓના ભૂષણોથી યુક્ત, અંદર જડેલા સુંદર તોરાઓની પંક્તિથી શોભતું, સૂર્યની માફક ઉજ્જવળ, રમણીય, મંડિલ શ્રીહરિ મસ્તક ઉપર ધારણ કરતા હતા. (૧૦)

પોતાના ચરણની સેવામાં આસક્તિવાળા સોમ તથા સુર નામના પાર્ષદો જેમને સ્નેહપૂર્વક ચામર વીંઝે છે અને એ વીંઝાતા બે ચામરોથી જાણે બે હંસો બે બાજુ ઊડી રહ્યા હોય એવા રમણીય ચિત્ર વિચિત્ર રંગવાળા આકાશની માફક શ્રીહરિ શોભતા હતા. (૧૧) શ્રીહરિના મસ્તક ઉપર ધારણ કરેલું સુવર્ણના કળશે યુક્ત છત્ર જાણે કોઈ રંગ બેરંગી ધાતુઓવાળા પર્વતના શિખર ઉપર શરદઋતુનું પૂર્ણ ચંદ્ર મંડળ પ્રકાશી રહ્યું હોય તેમ શોભી રહ્યું હતું. (૧૨)

શ્રીહરિના હાથની હથેળી નવ પલ્લવની રતાશનો તિરસ્કાર કરે એવી લાલાશ યુક્ત હતી અને સુવર્ણની યેષ્ટિકા (લાકડી) ધારણ કરી હતી. તેથી જાણે ઉત્તમ પ્રકારના લાલ મણિઓથી શોભતો પર્વતનો પ્રદેશ સૂર્યના કિરણોથી જેમ શોભે તેમ એ શ્રીહરિની હાથની હથેળી શોભી રહી હતી. (૧૩) મંદ હાસ્યથી પ્રસરતી શ્રીહરિની દંત પંક્તિની કાંતિ શ્રીહરિના ઓષ્ઠ પલ્લવમાં પડતી હતી તેથી જાણે નૂતન શુદ્ધ મોતીઓની કાંતિ, અતિશય સ્વચ્છ પરવાળા ઉપર પડીને જેમ શોભે છે, તેમ શોભતી હતી. (૧૪, ૧૫, ૧૬) શ્રીહરિના વદનનાં દર્શનમાં આસક્ત, સૂર્યના કિરણોથી પ્રકાશમાન ભાલાઓ તથા તેનાથી યુક્ત કરના અગ્રભાગો જેમના છે એવા ઘોડેસવારોથી વીંટાયેલો છે અશ્વ જેમનો એવા શ્રીહરિના દર્શન કરતા તે ભક્તો સ્વામિનારાયણ મંત્ર બોલતા તે સરોવર ખોદતા હતા. (૧૭)

હે રાજન્ ! આ પ્રકારે હંમેશા સદ્ધર્મને પ્રવર્તાવતા નર નાટ્યને ધારણ કરનારા અચ્યુત શ્રીહરિ સરોવર ખોદાવતા હતા. (૧૮)

શ્રીહરિ સાંજના પહોરે અશ્વેન્દ્ર ઉપર બેસીને પોતામાં આસક્તિવાળા આશ્રિતોની સાથે પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૧૯) અહીં શ્રીહરિ ભક્તોની સભામાં શ્વેત ઓછાડથી યુક્ત કોમળ ગાદલાના ઊંચા આસનમાં બિરાજ્યા. (૨૦) અમૂલ્ય સોનેરી વસ્ત્રોવાળા વિવિધ પ્રકારના અલંકારોથી શોભતા, ભમરાઓના ગુંજનવાળા પુષ્પોના તોરા હાર વગેરેથી શોભાયમાન; (૨૧)

શ્રીહરિ સાંજના પહોરે અશ્વેન્દ્ર ઉપર બેસીને પોતામાં આસક્તિવાળા આશ્રિતોની સાથે પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૧૯) અહીં શ્રીહરિ ભક્તોની સભામાં શ્વેત ઓછાડથી યુક્ત કોમળ ગાદલાના ઊંચા આસનમાં બિરાજ્યા. (૨૦) અમૂલ્ય સોનેરી વસ્ત્રોવાળા વિવિધ પ્રકારના અલંકારોથી શોભતા, ભમરાઓના ગુંજનવાળા પુષ્પોના તોરા હાર વગેરેથી શોભાયમાન; (૨૧)

શ્રીહરિ પ્રીતિથી પોતાના જનોને આનંદ પમાડતા સર્વ તાપનું શમન કરનારી ધર્મ જ્ઞાનાદિ ઉપદેશની વાતો કરતા હતા. (૨૨) શ્રીહરિ પરોપકાર એ સર્વોત્તમ ધર્મ છે એમ પોતાના ભક્તોને સમજાવતા અદ્‌ભુત રંતિદેવ રાજાનું આખ્યાન કહેતા હતા. (એનો વિસ્તાર સત્સંગિજીવનના દ્વિતીય પ્રકરણના ઓગણત્રીસમા અધ્યાયમાં છે.) (૨૩)

ઉદાર ખટ્‌વાંગ રાજા પોતાનું સોનું ચાંદી વગેરે સર્વે ધન પરમ પ્રીતિથી શ્રીહરિને અર્પણ કરતા હતા. (૨૪) શ્રીહરિ તે ધનથી રમણીય સરોવર ખોદાવીને તેના નિમિત્તે તેનો ઉત્સર્ગાદિ સર્વ કર્મ, બ્રાહ્મણોને નિમંત્રણ આપી, તેમને સુંદર ભોજન, દક્ષિણા વગેરે જેમ પીપલાણા ગામમાં આશ્ચર્યકારી વિષ્ણુયાગ કરાવ્યો હતો તેવી જ રીતે અહીં પણ, કરાવવા ઇચ્છતા હતા. (૨૫)

આ પ્રસંગની મંગળ પત્રિકાઓ દેશ દેશાંતરમાં મોકલી એટલે પ્રભુ શ્રીહરિએ નિમંત્રેલા ભક્તો કારિયાણીપુરમાં શ્રીહરિના દર્શન કરવા માટે હાથમાં ઉપહારો લઈને આવતા હતા. (૨૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિએ કારિયાણીપુરમાં સરોવર ખોદાવ્યું અને તેના પૂર્ત કર્મની પ્રવૃત્તિ કરી એ નામે ઓગણસીત્તેરમો અધ્યાય સંપૂર્ણ. (૬૯)



અધ્યાય ૭૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી તે ભક્તો સાક્ષાત્ અવતારી પોતાના ઈષ્ટ શ્રીહરિના દર્શન કરીને જેમ નિર્ધનો ધનનો નિધિ જોઈને આનંદ પામે તેમ પરમાનંદ પામ્યા. (૧) તે સમયે હે રાજન્ ! ભક્તવત્સલ શ્રીહરિ મંદહાસ્ય કરી ભક્તોને બોલાવવા, તેમના પ્રત્યે જોવું વગેરે ચેષ્ટાથી, તે ભક્તોની સંભાવના યથા યોગ્ય રીતે પોતે કરાવતા હતા. (૨)

હે રાજર્ષે ! ખટ્‌વાંગ પણ આવેલા સર્વે દેશાંતરના ભક્તોને ઉતારા તથા ભોજન વગેરેથી યથાર્થ સંભાવના કરાવતા હતા. (૩)

તે ભક્તો પુષ્પના હાર, અમૂલ્ય ભૂષણો, વસ્ત્રો, કુંકુમ, ચંદન, અક્ષત વગેરે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતા હતા. (૪)

પછી શ્રીહરિ વેદ, વેદાંનો પાર પામેલા બ્રાહ્મણોને, વેદમાં કહેલા યજ્ઞ માર્ગને પ્રવર્તાવવા, વિષ્ણુયાગનો આરંભ કરતા હતા. (૫) વિષ્ણુયાગની ક્રિયા નિમિત્તે સામગ્રી સંપાદન કરવામાં, સોમવર્મા, સૂરવર્મા, જીવવર્મા, માંત્રિક, અલર્ક વગેરે શ્રીહરિના ઉત્તમ ક્ષત્રિય ભક્તો મુખ્યપણે કરતા હતા. (૬)

શ્રીહરિએ મોદક વગેરે રમણીય વિવિધ પ્રકારના ભોજનોથી હજારો હજાર ભૂમિદેવોને ઘણા દિવસ પર્યંત જમાડી તૃપ્તિ પમાડ્યા. (૭) દાન શૂરવીર, ધર્મ ધુરંધર ભગવાન શ્રીહરિ વરુણિમાં વરેલા

બ્રાહ્મણોને સુવર્ણના અલંકારો, વસ્ત્રો વગેરે યથા યોગ્ય આપતા હતા. (૮)

પ્રભુ શ્રીહરિએ આશ્ચર્યકારી યજ્ઞ વિધિ પ્રમાણે કરીને મોટી સામગ્રીઓથી બીજો અતિરુદ્રયજ્ઞ કર્યો. (૯) શ્રીહરિ વેદ જાણનારા હજારો બ્રાહ્મણોને સંતોષ પમાડતા રાજાઓને પણ આશ્ચર્યકારી જણાય તેવા ઈષ્ટ કર્મ કરતા હતા. (૧૦) તે યજ્ઞમાં શ્રીહરિ તે બ્રાહ્મણોને સુવર્ણની મુદ્રાદિની દક્ષિણાઓ આપતા હતા. વિવિધ ભોજનોથી હજારો હજાર બ્રાહ્મણોને તૃપ્તિ પમાડતા હતા; (૧૧) કાળે કરીને નષ્ટ પામેલા વેદોક્ત ધર્મને પૃથ્વીમાં પ્રવર્તાવતા શ્રીહરિએ આ યજ્ઞની વસંત પંચમીને શુભ દિવસે સમાપ્તિ કરાવી. (૧૨) વસંત પંચમીને દિવસે વસંતમાં ઉચિત વસ્ત્રો ધારણ કરતા શ્રીહરિ સભામાં ગોઠવેલા પોતાના આસન ઉપર બિરાજ્યા. (૧૩) પછી શ્રીહરિ અત્યંત આનંદથી, રંગીન પાણી અતિશય વેગથી છૂટે એવી પીચકારીઓમાં ભરી પોતાના ભક્તો ઉપર છાંટતા હતા. (૧૪) શ્રીહરિ પોતાના હાથ વડે મુઠ્ઠીમાં લઈને ભક્તો ઉપર ગુલાલ ફેંકતા હતા અને એ રીતે તે સભાને પદ્મરાગની માફક લાલ કરતા હતા. (૧૫)

ત્યારબાદ સભામાં બિરાજેલા શ્રીહરિની તે ભક્તો ચંદન, વસ્ત્ર,વિભૂષણો, પુષ્પના હારો તથા ઉપહારો વગેરેથી પૂજા કરતા હતા. (૧૬) તે દિવસે ભક્તો શ્રીહરિના દર્શનથી ઉત્પન્ન થતા આનંદમાં ગરકાવ થઈ ગયા હતા અને વાજિંત્રો વગાડીને મહોત્સવ કરતા હતા. (૧૭)

આ પ્રકારે ભક્તોને સુખી કરીને શ્રીહરિએ સર્વને પોતપોતાના દેશ પ્રત્યે જવા માટે આજ્ઞા કરી બ્રાહ્મણોને પણ જવા માટે આજ્ઞા આપી. પછી તે સર્વે જનો શ્રીહરિને નમસ્કાર કરી પોતપોતાના દેશ પ્રત્યે ગયા. (૧૮)

તેમાં દૂર દેશથી આવેલા કેટલાક ભક્તો આ શ્રીહરિ પરમાત્માના દર્શન દુર્લભ જાણતા હતા તેથી (૧૯) હે રાજન્ ! ગઢપુરમાં શ્રીહરિ પુષ્પદોલનો મહોત્સવ કરવાના છે તે જાણીને કારિયાણી પુરમાં જ રહેતા હતા. (૨૦)

તેવે સમયે અગાધ જ્ઞાન યુક્ત અને પોતાના આશ્રિત જનોના કલ્પદ્રુમ સમાન શ્રીહરિ ત્યાં બિરાજ્યા હતા. તે સમયે અભય રાજા પ્રણામ કરીને બંને હાથ જોડીને નમ્રતા યુક્ત પ્રીતિપૂર્વક શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૧)

હે પરાત્મન્ ! ગઢપુર પધારવા માટે આપે જે પ્રતિજ્ઞા કરી છે, તે સમય હવે નજીક આવ્યો છે. તેથી હે હરે ! આપ અમારા ઉપર દયા કરો. (૨૨)

સત્ય પ્રતિજ્ઞાવાળા, પવિત્ર કીર્તિવાળા, શ્રીહરિ તે રાજાનું આ વચન સાંભળીને 'હે રાજન્ ! તમારા પુરમાં હવે જઈએ. તમો સર્વે તૈયાર થાઓ. આવી રીતે તે રાજાને કહેવા લાગ્યા. (૨૩) પોતાના અશ્વ ઉપર બિરાજેલા ગામના ભક્ત સમૂહોએ સન્માન પૂર્વક વળાવેલા આશ્રિતો સાથે શ્રીહરિએ માઘ સુદી દશમને દિવસે વાજિંત્રોએ સહિત કારિયાણી પુરથી પ્રયાણ કર્યું. (૨૪) પછી શ્રીહરિ પોતાની પાછળ આવેલા પોતાના ભક્તજનોના સમુદાયને પાછો વાળીને, પોતાની સાથે અતિ દૂર સુધી આવતા સોમ, સુર વગેરે રાજાઓને

શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું; હે રાજાઓ ! તમો તમારા પુર પ્રત્યે જાઓ. (૨૫) હે રાજન્ ! સર્વ પીડાનો નાશ કરનારા શ્રીહરિનું આવું વચન સાંભળીને, શ્રીહરિના વિયોગના ભયથી તે સોમાદિ રાજાઓ વિહ્વળ ચિત્તવાળા છતાં નમ્રતા યુક્ત વચનો, શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૬)

હે હરે ! અમારે તમારી પાસે જ રહેવાની રુચિ છે. તેથી તમો અમોને તમારી સાથે જ રાખો. તેમનું આવું વચન સાંભળીને ઈશ શ્રીહરિ તેમના પ્રત્યે 'તથાસ્તુ' એમ હર્ષથી કહેતા હતા. (૨૭) ધર્મના પુત્ર શ્રીહરિ સોમ, સુર તથા અભય રાજા તથા બ્રહ્મચારી સાધુ હરિભક્તોના સમૂહો તથા ઘોડે સવારોની સાથે અશ્વરાજ ઉપર બિરાજતા માર્ગમાં ચાલવા લાગ્યા. (૨૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિકૃત વિષ્ણુયાગ વસંતોત્સવાદિ નિરૂપણ નામે સિત્તેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૦)



અધ્યાય ૭૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ખટ્વાંગ રાજા એક ગાઉ સુધી શ્રીહરિની પાછળ આવ્યા અને પછી શ્રીહરિની આજ્ઞાથી પોતાના પુર પ્રત્યે પુર પ્રત્યે પાછા ગયા. (૧) પુરમાં આવ્યા બાદ ખટ્વાંગ રાજા રાજ્ય સંબંધિ પોતાનું આવશ્યક કાર્ય કરીને પછી પોતાના મંત્રીને રાજ્ય સોંપીને થોડા સેવકો સાથે (૨) અશ્વ ઉપર બેસીને અશ્વને ઉતાવળો ચલાવીને પોતાને અત્યંત પ્રિય અચ્યુત શ્રીહરિને રસ્તામાં ભેગા થઈ ગયા. (૩)

અભય રાજાએ પોતાના નગરમાં ચંદનના જળનો છંટકાવ કરવા તથા નગરની શોભા વધારવા માટે પોતાના પુર પ્રત્યે પોતાના સેવકને આગળ મોકલી દીધો. (૪)

કર્તવ્ય પરાયણ તે સેવક પ્રસન્નતાપૂર્વક ઉતાવળી ગતિથી અભય રાજાની આજ્ઞા શિરોમાન્ય કરી તત્કાળ ગઢપુર પ્રત્યે ગયો. (૫)

તે સેવક પાસેથી શ્રીહરિ પુરમાં પધારે છે તે સાંભળીને નાગમાલ તથા ગાલવ એ બંને હે રાજન્ ! પ્રીતિપૂર્વક તે પુરને આ પ્રકારે શોભાયમાન કરવા લાગ્યા. (૬) પુરના માર્ગો તથા નાની નાની શેરીઓ ચોકો, મંદિરો, બજારો તથા રાજમાર્ગો વગેરે સર્વે જગ્યાઓ સેવકો મોકલીને સાફ કરાવ્યા. (૭)

સાફ કરેલા તે માર્ગોમાં સુગંધિમાન ચંદનના જળનો છંટકાવ કરાવ્યો. તેમજ જવારાના છોડ તથા પુષ્પોના સમુદાયોથી તે માર્ગોને શોભાયમાન બનાવી દીધા. (૮) ગાલવ અને નાગમાલે રાજ દરબારના સમગ્ર સુંદર ભુવનોના દ્વારમાં તથા બધા દરવાજાઓમાં નાના પ્રકારના રંગીન ઉત્તમ તોરણો બંધાવ્યા. (૯) રાજાની આજ્ઞાથી તે બંને અધિકારીઓ શ્રીહરિનું આગમન આ પુરમાં થવાનું છે. તે સાંભળીને પ્રસન્ન થયેલા સર્વે પુરજનો પણ પોત પોતાના ગૃહ દ્વારોમાં વિવિધ પ્રકારના તોરણો બાંધી શોભા કરતા હતા. (૧૧)

તે જનો અનેક પ્રકારના ઉત્તમ રંગથી ભુવનોમાં આંગણા રંગતા હતા. તેમજ ઘરના બંને દ્વાર ફળ યુક્ત કેળના વૃક્ષો તથા, શેરડીના દંડાઓથી અલંકૃત કરતા હતા. (૧૨) તે પુરજનો દ્વારની બંને બાજુએ ઉત્તમ કુમકુમના રસથી મિશ્રીત કરેલા અક્ષતથી શુભ સ્વસ્તિકના સાથિયા ઉપર જળ ભરેલા તાંબાનો ઘડો નાડાછડી બાંધીને તથા તે ઉપર દહીં તથા ચંદનના છાંટાના છાંટી મુકતા હતા. (૧૩)

તે તે સાથિયાની આજુબાજુ આંબાના નૂતન પલ્લવો મૂક્યા હતા અને તે પાનમાં દીપમાળાઓ પ્રકટ કરી હતી. તે દીપમાળાની પંક્તિથી શોભાયમાન તે ઘડાઓની ચારે બાજુે તે પુરજનો પુષ્પોની પંક્તિ કરતા હતા. તેની બાજુમાં તોરણો તથા ધ્વજાઓની શોભા કરતા હતા. (૧૪) આ પ્રમાણે પુરજનો શ્રીહરિના આગમનથી ઉત્સવ મનાવતા, ગઢપુરને હર્ષપૂર્વક અતિ મહાન શોભા યુક્ત આદરપૂર્વક કરતા હતા. (૧૫)

પછી અચ્યુત શ્રીહરિ પોતાના ત્યાગિ તથા ગૃહસ્થ ભક્તો તથા અભય રાજા વગેરે રાજાઓની સાથે માર્ગમાં ચાલતા ચાલતા નિંગાળા ગામ સુધી આવ્યા. (૧૬) અહીં દયાસાગર શ્રીહરિએ, વિવિધ પ્રકારના વૃક્ષોથી વ્યાપેલા આ ગામની સમીપે વિશ્રામ કરવા પોતાના સહચરોની સાથે ઉતારો કર્યો. (૧૭) શ્રીહરિ આ સ્થાનની સમીપ આવેલી નદીમાં સ્નાન કરીને નિત્યવિધિ કરતા હતા. પછી અભય રાજાએ અર્પણ કરેલા પેંડા, બરફી વગેરે. (૧૮)

વિવિધ પ્રકારના અથાણાં સાથે સુંદર થાળમાં મૂકીને, વણીમુકુંદાનંદે તે થાળ શ્રીહરિ પાસે મૂક્યો અને જળ ભરેલો કળશ પણ મૂક્યો. (૧૯) પછી ભક્તવત્સલ શ્રીહરિ તે થાળ વિષ્ણુને નિવેદન કરીને જમવા લાગ્યા. પછી બંને હાથ તથા મુખ પ્રક્ષાલન કરીને મુખવાસ ગ્રહણ કર્યો. (૨૦) ત્યાર બાદ મુકુંદાનંદ વર્ણીએ પાથરેલા દૂધના ફીણ જેવા કોમળ આસનમાં શ્રીહરિ બિરાજમાન થયા. (૨૧)

તેટલામાં શ્રીહરિના આશ્રિત સર્વે ત્યાગિઓ તથા ગૃહસ્થો તત્કાળ પાથેય (ભાતુ) જમીને શ્રીહરિની પાસે આવ્યા. (૨૨)

પછી શ્રીહરિએ તેમને કહ્યું તમો તૈયાર થાવ વાર લગાડશો નહિ. શ્રીહરિની આજ્ઞાથી જવા માટે ઉત્સાહવાળા ત્યાગિ તથા ગૃહસ્થ ભક્તો તૈયાર થઈ ગયા. (૨૩)

શ્રીહરિ પણ શીઘ્રગતિવાળા પોતાના સુંદર અશ્વ ઉપર બિરાજી અસવારોથી વીંટાયેલા તે અશ્વ ઉપર બિરાજતા પોતાના આશ્રિતો સાથે ચાલ્યા. (૨૪) શ્રીહરિ અભયાદી રાજાઓની સાથે માર્ગમાં વાતો કરતા પોતાના સહવાસીઓની સાથે ચાલતા ચાલતા સુંદર રાઘા વાવ પ્રત્યે આવ્યા. (૨૫)

શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે : હે રાજન્ ! તે સમયે રાજા અભય શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા. હે પ્રભો ! કૃપા કરીને તમો આ બગીચામાં બિરાજો. (૨૬) હે પ્રભો ! તમારા આ દાસનો આ બગીચો છે. તેથી આ બગીચામાં બિરાજીને આપ તેને પવિત્ર કરો. (૨૭)

આવી રીતે શ્રીહરિને પ્રાર્થના કરીને અભય રાજાએ પોતાના તે બગીચામાં સુંદર આસન ઉપર શ્રીહરિને બિરાજમાન કર્યા. તેમની સમીપ સર્વે ગૃહસ્થો તથા ત્યાગિઓ બેઠા. (૨૮) પછી નમ્રતાપૂર્વક

અભય રાજા શ્રીહરિને કહેવા લાગ્યા : હે પ્રભો ! આ વસ્ત્રો તથા અલંકારો કૃપાપૂર્વક આપ ગ્રહણ કરી આપના અંગમાં ધારણ કરો. (૨૯)

પોતાના ઉપર અત્યંત પ્રેમવાળા અભય રાજાનું વચન સાંભળીને શ્રીહરિ મંદહાસ્ય કરીને અભય રાજાને મધુર વાણીથી કહેવા લાગ્યા. (૩૦)

હે રાજન્ ! નિજાનંદપૂર્ણ મારે અન્ય સુખની સ્પૃહા નથી જ. જેમ કોઈ પુરુષ અમૃતના મહાસાગરમાં વિહાર કરતો હોય તે મલિનજળને શું ઈચ્છે ? અર્થાત્ ન જ ઈચ્છે. (૩૧) હે મહિપતે ! સચ્છાસ્ત્રમાં જે ગુણો વર્ણવ્યા છે તે જ ગુણોને વિદ્વાનોએ મહાપુરુષોના અલંકારો વર્ણવ્યા છે. એ સિવાયના બીજા અલંકારો નાશવંત હોવાથી તે અલંકારો જ નથી. (૩૨) હે રાજન્ ! તેથી માયામય મહામૂલ્યવાળા ભાષણોમાં તથા વસ્ત્રોમાં ક્યારેય પણ મને રુચિ થતી નથી. (૩૩) બ્રહ્માદિ દેવોના વિષય સુખ અતિ રમણીય ગણાય છે. છતાં તેની પણ ક્યારેય મારા ચિત્તમાં અણુમાત્ર ઈચ્છા થતી નથી. (૩૪) હે રાજન્ ! આવી રીતે અસંખ્ય બ્રહ્માંડોના સુખમાં મારું મન સદા કેવળ ઉદાસીન જ રહે છે. (૩૫)

શ્રીહરિનું આવું વાક્ય સાંભળીને અભય રાજા પ્રસન્ન થઈને શ્રીહરિ પ્રત્યે બોલ્યા : હે હરે! આપના જે ઉત્તમ ભક્તો છે તેમને પણ ક્યારેય (૩૬) મહામૂલ્ય વસ્ત્ર તેમ જ આભૂષણાદિ રમણીય વિષયોમાં અલ્પ પણ સ્પૃહા નથી હોતી. (૩૭) તો આનંદના મહાસાગર પૂર્ણકામ એવા આપને સુંદર ભૂષણાદિમાં સ્પૃહા ન હોય, હે પ્રભો ! તેમાં શું આશ્ચર્ય છે ? (૩૮) હે હરે ! તથાપિ પોતાના ભક્તોને ઘણું સુખ આપવાની ઈચ્છાથી, તેમની મુક્તિ માટે તમો સુંદર ભૂષણાદિક ધારણ કરો છો. (૩૯)

તેમની આ પ્રકારની વાણી સાંભળીને પ્રસન્ન થઈને અભય રાજાને શ્રીહરિએ ઑમ્ (બહુ સારું) એમ કહ્યું એટલે અભય રાજા, શ્રીહરિની વસ્ત્રો તથા આભૂષણો ધારણ કરવામાં પ્રસન્નતા છે એમ જાણીને, શ્રીહરિને વસ્ત્રાદિ ધારણ કરાવતા હતા. (૪૦) સુવર્ણના તારોથી અત્યંત પ્રકાશમાન સોનેરી રેશમી નાડી જેને છે તે કસુંબી રંગનો સુંદર સુરવાળ તે રાજાએ શ્રીહરિને ધારણ કરાવ્યો. (૪૧)

તેમ જ અભય રાજાએ કસુંબી રંગનું સુવર્ણ સૂત્રોથી શોભતું, તેના આગલા ભાગમાં તોરો જેને છે એવું, અમૂલ્ય મંડિલ શ્રીહરિને પ્રીતિપૂર્વક ધારણ કરાવ્યું. (૪૨) તે મંડિલમાં રત્નજડિત ભૂષણો ધારણ કરાવ્યાં. વિવિધ પ્રકારના મણિઓથી સ્ફુરાયમાન મોતી તથા સોના તથા પુષ્પોના તોરાઓ તે રાજાએ ધારણ કરાવ્યા. (૪૩) રાજાએ સુવર્ણના તારથી સુંદર કસુંબી રંગની ડગલી શ્રીહરિને ધારણ કરાવી. સુવર્ણ રેશમી ખેસ પણ શ્રીહરિને ધારણ કરાવ્યો. (૪૪)

અભય રાજાએ વિવિધ પ્રકારના મણિમય રમણીય સોનાનાં ઝાંઝર શ્રીહરિને ધારણ કરાવ્યાં, તેમ જ રત્નજડિત રમણીય સોનાનો કંદોરો પણ ધારણ કરાવ્યો. (૪૫) અભય રાજાએ શ્રીહરિની આંગળિઓમાં મણિમય સોનાની વીંટીઓ ધારણ કરાવી. સોનાનાં કડાં, સોનાના સાંકળા, કાંડામાં ધારણ કરાવ્યાં. સોના, મોતી અને વિવિધ પ્રકારના મણિમય હાર કંઠમાં તથા મણિઓથી જડેલા સોનાના બાજુબંધો બંને હાથમાં ધારણ કરાવ્યા. (૪૬-૪૭)

અભય રાજાએ મકરાકાર વિવિધ પ્રકારના રત્નોથી પ્રકાશમાન રમણીય સુવર્ણના બે કુંડલો શ્રીહરિના બંને કાનમાં ધારણ કરાવ્યાં. (૪૮) ગુલાબ, મોગરો, ચંપો, જુઈ, જાય વગેરે પુષ્પોના હાર તથા તોરાઓ બાજુબંધ, કડાં વગેરે રાજાએ શ્રીહરિને ધારણ કરાવ્યાં. (૪૯)

હે રાજન્ ! તેટલી વારમાં નાંગમાલ તથા ગાલવ એ બંને જણ નૃપતિની સેના સાથે તેમજ વાદ્યોના ઘોષથી સમગ્ર દિશાઓને ગજાવતાં ત્યાં આવ્યા. (૫૦) વેદ જાણનારા બ્રાહ્મણો તથા પુરના બીજા જનો ધર્મપુત્ર શ્રીહરિના દર્શન માટે અત્યંત હર્ષપૂર્વક ભેટ સામગ્રી લઈને આવ્યા. (૫૧) નાંગમાલ વગેરે તેમજ પુરના સર્વે જનો બગીચામાં બિરાજેલા શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિને ભેટ સામગ્રી આપવા લાગ્યા. (૫૨) શ્રીહરિને તે સર્વે જનોએ પ્રીતિપૂર્વક પુષ્પના હાર, બાજુબંધ, તોરાઓ ધારણ કરાવ્યા. પછી શ્રીહરિ નગરમાં જવા માટે તૈયાર થયા. (૫૩)

હે રાજન ! પછી શ્રીહરિએ સત્પુરુષોમાં શ્રેષ્ઠ મુક્તાનંદ મુનિ તથા બીજા ગોપાળાનંદ મુનિને એક રથમાં બેસાડ્યા. (૫૪) તેવી રીતે સંતો પ્રત્યે પ્રેમ ધરાવતા અને સંતોને પ્રિય શ્રીહરિએ, નિત્યાનંદ મુનિને તથા બ્રહ્માનંદ મુનિને તથા મને રમણીય રથમાં બેસાડ્યા. (૫૫) શ્રીહરિએ કૃષ્ણાનંદ, કૈવલ્યાનંદ, ચૈત્યન્યાનંદ એ ત્રણ મુનિને બીજા રથમાં બેસાડ્યા. (૫૬)

શ્રીહરિએ રથમાં સત્પુરુષોમાં શ્રેષ્ઠ વ્યાપકાનંદ તથા રામદાસ તથા સ્વરૂપાનંદ મુનિને રથમાં બેસાડ્યા. (૫૭) શ્રીહરિએ મહાનુભાવાનંદ, આનંદાનંદ તથા કૃપાનંદ મુનિને પણ જુદા રથમાં બેસાડ્યા. તેમજ અન્ય મુનિઓને યથા યોગ્ય બેસાડ્યા. (૫૮) પ્રયાગજીત બ્રાહ્મણ તથા મયારામ વગેરે બ્રાહ્મણોને પણ યથા યોગ્ય વાહનોમાં શ્રીહરિએ બેસાડ્યા. (૫૯) પછી સ્વયં શ્રીહરિ અભય રાજાએ પ્રાર્થના કરી તેથી સુવર્ણ કળશવાળી મનોહર શિબિકામાં બિરાજ્યા. (૬૦)

શ્રી શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે ભૂપતે ! આગળ હર્ષથી વાજિંત્રો વગાડવામાં કુશળ તે સુંદર વાજિંત્રો વગાડતા વગાડતા ચાલવા લાગ્યા. (૬૧) તેમની પાછળ ઘોડાની પીઠ ઉપર મૂકેલા ડંકા તથા નગારા વગાડનારા, તેમની પછવાડે વિચિત્ર વર્ણની ધ્વજાઓ પકડીને ઘોડે સવારો ચાલતા હતા. (૬૨) તેમની પાછળ ખભા ઉપર બાંધ્યા છે ચામરો જેમને અને સુવર્ણના વિવિધ પ્રકારના અલંકારોથી શોભતા કાંતલના ઘોડા ચાલતા હતા. (૬૩)

તેમની પાછળ કાંસા, તાલ, મૃદંગાદિ વગાડનારાઓની સાથે કીર્તનો ગાતા મુનિઓ ચાલતા હતા. (૬૪) તેમની પાછળ નાના પ્રકારના આયુધો હર્ષપૂર્વક ધારણ કરનારા, બંદૂકોના અવાજો વારંવાર કરતા પાર્ષદો ચાલતા હતા. (૬૫) તેમની પાછળ શ્રીહરિની શિબિકા ચાલતી હતી. તે શિબિકાની ચોતરફ વીંટાઈને શ્રીહરિને અત્યંત પ્રિય શ્રીહરિના દર્શન કરતા વર્ણીઓ ચાલતા હતા. (૬૬)

અખંડાનંદ વર્ણીંદ્ર તથા મુકુન્દાનંદ વર્ણીન્દ્ર એ બંને જણ રત્નદંડવાળાં ચમ્મરો ગ્રહણ કરીને શ્રીહરિને ચામર વીંઝતા હતા. (૬૭) સુવર્ણના કળશવાળું, પૂર્ણ ચંદ્રમાની કાંતિ જેવું છત્ર શ્રીહરિના મસ્તક ઉપર રત્નજીત પાર્ષદ ધારણ કરતા હતા. (૬૮) તે સમયે મણિજડિત સુવર્ણ દંડવાળા પંખાથી શ્રીહરિને પવન

નાખતા ભીમ પાર્ષદ શ્રીહરિની પડખે ચાલતા હતા. (૬૯) તેવી રીતે શ્રીહરિના પાર્ષદ ભૃગુજી રમણીય, સૂર્યમુખી અબદાગીરી ધારણ કરીને હર્ષપૂર્વક ચાલતા હતા. (૭૦)

તે સમયે શ્રીહરિની આગળ કુબેરાદિ પાર્ષદો, સોનાની છડી ધારણ કરનારા દ્વારપાળો, અત્યંત ઊંચા સ્વરોથી છડી પોકારતા છડીદારો ચાલતા હતા. (જે શબ્દોચ્ચારણ કલ્યાણકારી હતું.) (૭૧)

શ્રીહરિના વાહનની પાછળ સૂર્યના કિરણોથી પ્રકાશતાં ભાલાઓ જેમના હાથમાં છે એવા સમગ્ર ઘોડેસવારો જયના શબ્દો બોલતા, ચાલતા હતા. (૭૨)

તેમની પાછળ રથો આદિક વાહનો પણ ચાલતાં હતાં. તેમની પાછળ શ્રીહરિનું ગાન કરતા હરિભક્તો ચાલતા હતા. (૭૩) તે સમયે મોટો નગારાનો નાદ, તાંસા વગેરે વાદ્યોના ધ્વનિ સાથે મિશ્ર થઈને, જાણે સમુદ્રના જળનું પૂર જેમ બીજા જળને ઢાંકી દે તેમ સમગ્ર શબ્દોને ઢાંકી દેતો હતો. (૭૪)

શ્રેષ્ઠ અશ્વ ઉપર મૂકેલી નોબતોનો ધ્વનિ તથા નગારાનો મહાધ્વનિ સાંભળીને મયૂરો મેઘની શંકાથી ઊંચા સ્વરોથી ટહુકાર કરતા અત્યંત હર્ષપૂર્વક નૃત્ય કરતા હતા. (૭૫)

તે સમયે અધીશ્વર શ્રીહરિનાં દર્શન માટે આવેલા દેવેશ્વરોનાં વિમાનોથી આકાશ વ્યાપ્ત થઈ ગયું. તેવી રીતે વિમાનમાં બેસીને ભગવાનના અન્ય ધામોમાંથી બીજા મુક્તો પણ આકાશમાં આવ્યા. (૭૬) શ્રીહરિના દર્શનથી જેમને મહા આનંદ ઉત્પન્ન થયો છે. એવા તે દેવાદિ, સુગંધીમાન સુંદર ચંદન તથા સુંદર પુષ્પોથી સર્વાવતારના કારણભૂત, પુરાતન, ઈશ્વરોના ઈશ્વર, શ્રીહરિને વધાવતા હતા. (૭૭)

સર્વોત્તમ, દર્શનીય, અનુપમ અંગોની શોભાને ધારણ કરતા, વિવિધાલંકારોને ધારણ કરનારા શ્રીહરિ જન સમુદાયોના મનને હરણ કરતા હતા. ઉત્તમ ભક્તોએ ગાઈ છે કીર્તિ જેમની એવા અને અત્યંત આનંદપૂર્વક ભક્તજનો જેમના દર્શન કરે છે તે અત્યંત સ્નેહાધિન ધર્મપુત્ર શ્રીહરિએ, વાજિંત્રોથી સર્વ દિશાઓમાં અદ્‌ભુત ઘોષ થયો છે તે પ્રકારે પોતાના આશ્રિતોની સાથે ગઢપુરમાં પ્રવેશ કર્યો. (૭૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિની દુર્ગપુર પ્રવેશ લીલા વર્ણન નિરૂપણ નામે એકોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૧)



અધ્યાય ૭૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! શ્રીહરિએ ગઢપુરમાં પ્રવેશ કર્યો તે સમયે પ્રત્યક્ષ પુરુષોત્તમનાં સંબંધથી થયેલી નગરની શોભા કવિઓને વર્ણન કરવા યોગ્ય બની હતી. હે સન્મતે ! તે તમોને હું કહું છું. તે સાંભળો. (૧)

મોટાં સભાસ્થાનો જેમાં છે એવાં નાના પ્રકારના ભુવનો, મનોહર આંગણાઓ, ચોકો તથા કિલ્લાઓ, તેમજ બહારની બાજુ અનેક શિલ્પિજનોનાં બેસવાનાં સ્થાનોથી યુક્ત એવું તે પુર અત્યંત શોભતું હતું.

(૨) વિવિધ પ્રકારના સુવર્ણમય મનોહર ઉપકરણોથી યુક્ત, વિમાનોની જેવા પ્રકાશમાન શિખરો જેમાં છે એવા, ઊંચી હવેલીઓથી શોભાયમાન, અત્યંત શોભાયમાન છે દરવાજાઓ જેમાં એવી સુંદરતાથી એ પુર શોભતું હતું. (૩)

અતિશોભાયમાન રત્નો જેમાં જડેલા છે એવા, કાષ્ટના સ્થંભોના આધારભૂત અગ્રપીઠોથી તે સ્થંભ પંક્તિઓ અત્યંત શોભતી હતી. સુવર્ણના જાળીયાં જેમાં છે એવા કૈલાસ પર્વતની ઉપમા આપવા યોગ્ય અભય રાજાના જેમાં ભુવનો છે એવું તે પુર અત્યંત શોભતું હતું. (૪) જે નગરમાં નિર્મળ સ્ફટિક મણિઓની અગાશીઓની કાંતિ, ચળકતા નીલમણિઓના સ્થાનોમાં (ઘરની અંદરના ભાગમાં જડેલા નીલમણિવાળી જગ્યામાં) પડવાથી યમુનાના જળમાં ગંગાનું જળ ભળીને જેમ શોભ છે તેમ શોભતી હતી; (૫)

અતિ ઊંચી સાત માળની હવેલીઓની પંક્તિઓના ઉપરના ભાગમાં પ્રકાશમાન મણીંદ્રોરૂપી દીપોની કાન્તિથી અત્યંત રમણીય, અને તેથી જ તે પુરમાં કૃષ્ણ પક્ષમાં પણ મનુષ્યોને રાત્રિનો અંધકાર બાધ કરતો ન હતો. (૬) જે નગરના અમુક પ્રદેશનું ઉન્મત્ત ગંગાના જળમાં પ્રતિબિંબ જાણે સમુદ્રમાં પ્રતિબિંબિત દ્વારકાની જેમ શોભતું હતું. (૭)

જે પુર, હવેલીઓ ઉપર શોભાયમાન ધ્વજાઓની પંક્તિઓના ફરકતા છોડાઓના સમુદાયોથી શોભતું સમગ્ર શોભાના સ્થાનરૂપ અને સર્વ પૃથ્વી મંડળના ભૂષણરૂપ હતું. (૮) જે પુરના ભુવનોની પંક્તિઓ ઉપર ફરકતી ધ્વજાઓના છેડાઓ આકાશમાં ચાલતા સૂર્યના અશ્વોને ચલાવવા માટે જાણે પ્રેરણારૂપ બની સૂર્યના સાથી અરૂણને જાણે વિશ્રાતિ આપતા હોય તેવા બની ગયા હતા. (અર્થાત્ ફરકતી તે ધ્વજાઓના છેડા સૂર્યના અશ્વો જુવે છે ત્યારે તે અશ્વોને એમ લાગે છે કે અરૂણે તેમને ચલાવવા માટે જાણે ચાબૂક ઉગામ્યો છે તેથી તે અશ્વો પોતાની ચાલવાની ગતિ વધારે છે. જેથી સારથી અરૂણને તેટલો સમય જાણે વિશ્રાંતિ મળી રહે છે - એ ભાવ કવિની આ ઉક્તિમાં છે.) (૯)

પાતાળલોક, પૃથ્વીલોક, તથા સ્વર્ગલોકમાં પ્રાપ્ત થતી શ્રેષ્ઠ વસ્તુઓથી જે નગરનું નિર્માણ થયું છે, અને જે નગર દેવતાઓને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું સુંદર છે, એટલે જ તે નગરસમાન ભૂલોકમાં બીજા કોઈ નગર ન હતા એવું તે યથાર્થ અનુપમ નગર હતું. (૧૦)

પૃથ્વીના ગર્ભરૂપ પાતાળલોક, ભૂલોક તથા સ્વર્ગલોકમાં જે જે શ્રેષ્ઠ વસ્તુઓ પોતપોતાની વિશિષ્ટતા ધારણ કરતી સર્વ કાળે રહી છે, તે તે ઉત્તમ વસ્તુઓથી જાણે કે આ ગઢપુર નગર વિધાતાએ સર્જ્યુ હશે કે શું ? કારણ કે તે નગરની એ પ્રત્યેક વસ્તુઓ પાતાળ, તળ, મધ્યે ભૂલોક તથા ઉર્ધ્વ - સ્વર્ગલોકમાં રહેલી વસ્તુઓથી જ ભરપૂર હતું. અને તેથી જ તે શહેર આશ્ચર્યોથી યુક્ત છે. (અહીં આવો ભાવ કવિ વર્ણન કરે છે કે એ નગરના દરેક ઘર લગભગ ત્રણ ત્રણ માળના છે. અને તેમાં જે ભોંય તળિયાના વિભાગમાં (પાતાળનો ભાવ) તેમાં પાતાળની વિશિષ્ટ વસ્તુઓ ખજાના વગેરે વસ્તુઓ રહેલી છે, વચ્ચેના માળમાં (પૃથ્વી લોકનો ભાવ) પૃથ્વીલોકમાં ઉત્પન્ન થતાં ધાન્યાદિ વગેરે વસ્તુઓ હતી; અને ઉપરના

માળમાં (સ્વર્ગલોકનો ભાવ) સ્વર્ગમાં વિશિષ્ટ પ્રકારે દેખાતા ચંદન તથા પુષ્પમાળાઓ વગેરે હોય છે, આ પ્રમાણે ત્રણ માળથી યુક્ત તે નગર, પ્રત્યેક માળ ક્રમશઃ તે તે શ્રેષ્ઠ વસ્તુઓથી યુક્ત હોઈ, ત્રણે લોકના સારરૂપ ઉત્તમ પદાર્થોથી જાણે નિર્માણ કરાયું હોય તેમ સમગ્ર આશ્ચર્યોથી યુક્ત છે અને તેથી જ સર્વ લોકોને તે આશ્ચર્ય ઉપજાવી રહ્યું છે.) (૧૧) એ નગરના ચિત્રગૃહમાં આલેખાયેલા સર્પો અને તેમને પકડવા ઇચ્છતો ગરુડો લાંબી ચાંચ કરીને જાણે સર્પને પકડતા હોય તેવા જાણે મૂર્તિમાન હોય તેમ, જોનારા જનોને પ્રત્યક્ષ દેખાતા હતા. (૧૨)

અત્યંત પ્રકાશતા સૂર્યમણિ જે કિલ્લામાં જડેલા હતા તેથી અત્યંત ઝળહળતુ શોભાયમાન જે પુર, વિશેષપણે શોભતું હતું, અને જાણે બાણાસુરની મનોહર નગરીને શોભાને હણતું હતું. (૧૩)

જે દુર્ગપત્તન શહેરના કિલ્લા શ્રેષ્ઠ સૂર્ય મણિઓથી જડેલા હતા અને તે સૂર્યકાંત મણિઓ પડતા સૂર્યના કિરણોથી જાણે તેમાંથી અગ્નિ ઝર્યા કરતો હોય એવું તે નગર સૂર્યના ઉદયથી તે અસ્ત સુધી જાણે અગ્નિ મંડળથી વીંટાયેલું હોય તેવું અગ્નિથી વીંટાયેલા બાણાસુરના નગર જેવું શોભતું હતુ. (૧૪)

એ ગઢપુર નગરના બજારોરૂપ મહાસાગરમાં લોકસમુદાયની ગીડદીથી સદા વ્યાપ્ત અને તેમના લેવડદેવડના શબ્દોથી સદા જાણે સમુદ્રમાં ગર્જના થયા કરતી હોય તેમ જણાય છે. એ બજારોરૂપી મહાસાગરમાં મણિઓના સમુદાયો શંખરૂપે રહ્યા છે. કપૂરના ઢગલાઓ સ્વચ્છ રેતી રૂપે રહ્યા છે અને સુંદર રૂપાના સિક્કાઓની ગણતરી કરવાની ઇચ્છાથી આમતેમ ભમતા લોકોના હાથ જાણે કે ઊંચા મોં કરીને મહાસાગરમાં કાચબાઓ ચારે બાજુ ભમી રહ્યા છે એવા દેખાતા હતા. (૧૫)

જે નગરની દુકાનોમાં કસ્તુરીનો વેપાર કરતા વેપારીઓ કસ્તુરીની સુગંધથી આકર્ષાઈને આવતા ભ્રમરોને પણ તે કસ્તુરિની સાથે જ જોખતા હતા - કારણ કે કસ્તુરીના રંગ જેવા તે કાળા ભ્રમરોને તે ઓળખી શકતા ન હતા. વળી તેમના ગુંજારવ પણ ગ્રાહક લોકોના અવાજમાં લીન થઈ જતાં હતાં તેથી તેઓ તે અવાજ સાંભળી શકતા ન હતા. (૧૬)

અત્યંત સુંદર ગૃહોની ઉપર શોભતા ધ્વજોની લાંબી પંક્તિઓએ સૂર્યના તાપને ઢાંકી દીધો હતો એવા પુરમાં, ઉષ્ણ ઋતુમાં પણ તીવ્ર સૂર્યનો તીવ્ર તાપ ગઢપુરનાં નગરજનોને બાધ કરતો ન હતો. (૧૭) જે દુર્ગપત્તન પોતપોતાના ધર્મમાં વર્તતા સમગ્ર વર્ણોથી અલંકૃત, પ્રકૃતિસુંદર, શ્રવણને પ્રિય લાગે એવા અનેક શબ્દોથી ગાજતું, વિવિધ પ્રકારના સુંદર સ્વરભેદના આલાપથી સુંદર શોભાયમાન હતું. (૧૮)

નૂતન કર્પૂરના જેવી તે પુરની સફેદ હવેલીઓ અત્યંત ઊંચા પીળા વર્ણના ધ્વજ પટોથી શોભતી જાણે અતિ નિર્મળ સફેદ વાદળોમાં વીજળીરૂપી લતાઓની કાંતિથી યુક્ત હોય તેવી તે સુંદર હવેલીઓ શોભતી હતી. (૧૯)

નગરના ઘરના આગલા ભાગો વિશેષે કરીને નીલવર્ણા છે અને જેના ઉપર લાલ રંગની ધ્વજાઓ શોભી રહી છે. તેથી જાણે સૂર્યના સારથિ અરૂણના પ્રકાશમાન કિરણોથી વિશેષ રંગાયેલા આકાશના ભાગની માફક અત્યંત શોભતા હતા. (૨૦)

જે પુરમાં નીલવર્ણા મણિઓની કાંતિ જેમાં છે એવી કપોત પાલીઓમાં (ચબૂતરામાં) રહેલી પક્ષીઓની પંક્તિ પરવાળા જેવા રંગની ચાંચવાળા હોવાથી એવા શોભે છે કે જાણે વૃક્ષોના અગ્રભાગ ઉપર પોપટની પંક્તિઓ શોભી રહી હોય. (૨૧)

જે નગરના ઘરોના સુંદર શિખરના નીચેના ભાગો (ગળાના જેવો ભાગ) જે સુવર્ણના રંગ સમાન મણિઓની કાંતિથી જાણે સુવર્ણના મેરુ પર્વત ઉપર ગંગાના નિર્મળ જળ વહેતા હોય અને જેવો શોભે તેવા તે ભાગો શોભતા હતા. (૨૨)

વિશેષ દેદીપ્યમાન સ્ફટિકના દરવાજાઓ જેમાં છે, તથા સુંદર ચળકતા દ્વારના કમાડો જેમાં છે અને જે પ્રકાશમાન સુવર્ણના તોરણોથી તે વિશેષ શોભતા કમાડો; સોનેરી પાટીઓથી જડેલાં હોવાથી સુંદર શોભે છે. જે નગર વિવિધ પ્રકારના ધાન્યોથી ભરેલા કોઠાઓથી શોભતું હતું. (૨૩) જે નગરના કિલ્લા કોઈ કોઈ સ્થળે પીત્તળથી અને રૂપાથી બનાવેલા છે અને જેના શિખરો ઉપર સુવર્ણના ઉત્તમ રત્નોથી જડેલા કળશો શોભી રહ્યા છે. એ નગરની હવેલીઓ તથા ભુવનોની અંદર મરકત મણિઓ જડેલા હોઈ અંદરના તે ભાગો પણ અત્યંત પ્રકાશી રહ્યા છે. તેમજ વિવિધ રંગોથી રંગાયેલા એ ભુવનો આકાશને સ્પર્શ કરતા અત્યંત રમણીય દેખાતા હતા. તેથી તે નગર ઘણું જ રમણીય લાગતું હતુ. (૨૪)

રાજમાર્ગો-ચોકો તથા આંગણાઓ-ચોખંડીઓ વિશ્રામસ્થાનો-બજારો-હવેલીઓ-તથા દેવતાઓના મંદિરોથી પ્રકાશમાન, ચંદનના જળથી છંટકાવ કરેલાં છે આંગણાં તથા બજારો તથા માર્ગો જેમાં છે એવું, ફરકતી પત્તાકાઓ જાણે સમગ્ર લોકોને મુક્તિ આપનારા ધર્મપુત્રને બોલાવતી હોય તેવું એ દુર્ગપત્તન શહેર હતુ. (૨૫)

શોભાયમાન રત્નોરૂપી દીવાઓના સમૂહોથી તેનો અંધકાર નાશ થયો છે એવું, જે ભુવનોના શોભાયમાન જાળીયામાંથી નીકળતો ધૂપનો ધુમાડો જોઈને ઊંચા ઘરોના અગ્રપીઢીયાઓના છેડા ઉપર બેઠેલા મયૂરો જાણે આ મેઘ છે તેમ સમજી અત્યંત આનંદથી નાદ કરતા નૃત્ય કરતા હતા. (૨૬)

તે નગરના ભુવનોના સુવર્ણના નળિયાથી નીકળેલા અગર ચંદનના અતિશય સુગંધ યુક્ત ધૂપના ગંધને સુંઘીને માર્ગમાં ચાલતા પુરજનો જેમણે સુંદર વેશ ધારણ કર્યો છે તે સર્વે અત્યંત આનંદ પામતા ચાલતા હતા. (૨૭) જે પુરના દેવાલયોમાં નરઘાં, ઢોલ, મૃદંગ, વીણા, બંસી, મંજીરા વગેરે વાદ્યોએ સહિત ગાન કરેલા અત્યંત મધુર કીર્તનોના અતિસુંદર સ્વરોથી જાણે ગંધર્વો ગીતો ગાતા હોય તેવું ઈન્દ્રના પુર જેવું શોભાયમાન રમણીય હતું. (૨૮)

જે ભુવનના શોભાયમાન ઓટલાઓ તથા પીછીઆઓ ઉપર બેઠેલા કબૂતરોના અસ્પષ્ટ સુંદર ધ્વનિથી ગુંજી રહ્યું છે તેમજ બ્રાહ્મણોએ ઉચ્ચારણ કરેલા વેદોના ધ્વનિઓથી ગાજતું મણિમય ચોખંડીઓથી તે પુર શોભતું હતું. (૨૯)

હે રાજન્ ! જે પુરની કીર્તિનું ઉપનિષદોએ ગાન કર્યું છે તેમજ જેમણે મનુષ્યાકૃતિ ધારણ કરી છે એવા ઈશ્વરોના ઈશ્વર, ધર્મના પુત્ર શ્રીહરિની સેવા કરવા માટે દુર્ગપુર રૂપે પ્રકાશ સ્વભાવવાળું પૃથ્વી

ઉપર આ સાક્ષાત્ ગોલોક ધામ જ છે એવું શોભારૂપ દેખાતું હતું. (૩૦)

આવી રીતે અત્યંત શોભા ધારણ કરતું જે પુર તેના પ્રત્યે પ્રવેશ પામેલા, દર્શનીય શ્રીહરિના દર્શન કરવાને પુરના જનો પોતે પોતાના કામનો ત્યાગ કરીને હે નરેન્દ્ર ! તત્કાળ રસ્તાઓ ઉપર આવ્યા. (૩૧) વાજિંત્રોના ઘોષ જાણે નગરજનોને બોલાવતા હોય ને શું ? એમ તે નગરના જનો તત્કાળ ભેગા થઈને ચારે તરફ આવીને પરમેશ્વર શ્રીહરિના દર્શન કરીને, હે રાજન્ ! અત્યંત આનંદ પામ્યા. (૩૨)

નેત્રોને આનંદ પમાડનારા, શ્રીહરિનાં દર્શન કરનારા પુરવાસિજનો, અસહ્ય દાવાનળથી તપેલા હાથીઓ અત્યંત શીતલ ગંગા નદીના ધરાને પામીને જેમ દૂરંત તાપથી શાંતિ પામતા હતા તેમ તે પુરજનો શાંતિ પામ્યા. (૩૩) કેટલાક પુરજનો માર્ગમાં અત્યંત ભીડને લઈને દુકાનો ઉપર બેસીને, કેટલાક હવેલીઓની મેડીઓ ઉપર બેસીને, કેટલાક અગાશીઓ ઉપર બેસીને શ્રીહરિના દર્શન કરતા હતા. (૩૪)

હે રાજન્ ! કેટલાક ધનાઢ્ય પુરજનો રૂપાનાં તથા સુવર્ણનાં પુષ્પોથી શ્રીહરિને વધાવતા હતા. કેટલાક ડાંગરની ધાણીથી, કેટલાક પુષ્પોથી તથા કેટલાક યવાંકુરોથી શ્રીહરિને વધાવતા હતા. (૩૫)

હે રાજન્ ! પુરના જનોએ વધાવેલા પુષ્પો વગેરે અંતરિક્ષમાં જ ચૂર્ણ થઈ જતા હતા અને પૃથ્વી ઉપર પડી શકતા ન હતા. તેવી તે સમયે મનુષ્યોની અત્યંત ભીડ ત્યાં હતી. (૩૬)

સર્વના કરતાં અધિક સૌંદર્ય તથા માધુર્યતાથી જેમણે ભક્તજનોના ચિત્ત હરિ લીધાં છે એવા પુરના કેટલાક જનોની ધર્મના પુત્ર શ્રીહરિ કરુણાદૃષ્ટિથી સંભાવના કરતા હતા. (૩૭)

આવી રીતે સંસારરૂપી સમુદ્રમાં નૌકારૂપ દર્શન છે જેમનું એવા શ્રીહરિ કેટલાક પૌર જનો પ્રત્યે બંને કર કમળની સુંદર ચેષ્ટા કરતા, કેટલાક પ્રત્યે મંદ હાસ્યથી હસતા એ પ્રમાણે તે સર્વની યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૩૮) તે જ સમયે શ્રીહરિના દર્શનમાં લગ્ન છે ચિત્ત જેમનાં એવી પુરની સ્ત્રીઓ, ભુવનો ઉપર બેસીને પરમેશ્વર શ્રીહરિના દર્શન કરીને શરદ્‌ઋતુના સૂર્યથી તપાયમાન લતાઓ ચંદ્રમાના યોગથી શાંતિ પામે તેમ શાંતિ પામી. (૩૯)

કરોડો કામદેવને મોહ પમાડનારા, વ્યાધિને હરનારા, શ્રીહરિના દર્શન કરતી શ્રી સ્ત્રીઓ સુંદર વિચિત્ર પુષ્પો, શ્રેષ્ઠ યવાંકુરો વગેરેથી શ્રીહરિને હર્ષથી વધાવતી હતી. (૪૦)

શ્રીહરિના સૌંદર્યથી જેમનાં ચિત્ત આકર્ષાઇ ગયા છે તેવી તે સ્ત્રીઓ પરસ્પર હર્ષથી આ પ્રકારે કહેવા લાગી. હે સખીઓ ! અસંખ્ય જન સમુદાયોના હૃદયને આકર્ષણ કરનારા આ સાક્ષાત્ ભગવાન જ છે. (૪૧) આ ભગવાનની સાથે નિત્ય સહવાસ પામેલા જે ત્યાગીઓ તથા ગૃહસ્થોને અતિ ધન્ય છે. કમળથી અતિ ઉત્તમ આ શ્રીહરિના મુખના દર્શન કરનારા બહુ ભાગ્યવાળા છે. (૪૨) હે સખીઓ! સમગ્ર શોભાના સ્થાનભૂત, દર્શનીય, અતિ દયાર્દ્ર બંને નેત્રો જેમાં છે બ્રહ્માદિ દેવતાઓએ પણ જેમનાં દર્શન ઈચ્છેલા છે એવા આ દિવ્ય દર્શન શ્રીહરિના મુખારવિંદના દર્શન કરો. (૪૩)

હે સખીઓ ! અતિ સ્નેહે સહિત સુંદર કટાક્ષમય જેમની દૃષ્ટિ છે. નવ પલ્લવની કાંતિના સમાન

બંને ઓષ્ઠની શ્રેષ્ઠ શોભા જેમાં છે, તેમજ રમણીય હાસ્ય યુક્ત સુખકર કમળના સરખાં છે નેત્ર જેનાં એવા આ શ્રી હરિના મુખારવિંદના તમે દર્શન કરો. (૪૪) સર્વ જનોને વંદન કરવા યોગ્ય એક જ સમગ્ર ગુણોના ધામ સ્વરૂપ, કમનીય મૂર્તિ, પ્રત્યક્ષ આ જેવા છે એવા પુરુષ અમોએ ક્યારેય પણ બ્રહ્માની આ સૃષ્ટિમાં જોયા નથી. (૪૫)

આ પ્રકારે પુરની સ્ત્રીઓએ અને નગર નિવાસી જનોએ જેમનાં દર્શન કર્યા છે અને જેમની કીર્તિનું ગાન કર્યું છે એવા જેમના દર્શન અનેક જનોના મોક્ષના કારણ રૂપ છે એવા શ્રીહરિને અભય રાજા પોતાના દરબારમાં લઈ ગયા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત, શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના, તૃતીય સ્કંધમાં શ્રીહરિનું અભય નૃપના દુર્ગપ્રવેશ નિરૂપણ નામે બોંતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૨)



અધ્યાય ૭૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- સુવર્ણની ભીંતોવાળી, મણિઓના સ્તંભોથી વિશેષ શોભાયમાન, સુવર્ણમય દ્વારની બંને બાજુઓની ઓટલીઓથી રમણીય, અનેક અતિ ઊંચા ચારેય તરફ વિદ્યમાન ઉત્તમ ભુવનોથી જે ગઢપુર શોભતું હતું. (૧) તે ગઢપુરમાં જેણે અત્યંત પુણ્ય કર્યા છે તે અભય રાજાએ શ્રીહરિના નિવાસ માટે કલ્પેલા અત્યુત્તમ ભુવનમાં મુનિઓને પણ ધ્યાન કરવા યોગ્ય શ્રીહરિનો નિવાસ કરાવ્યો. (૨)

જે ભુવન, વૈદર્ય, વજ, સ્ફટિક, ઈન્દ્રનીલ પ્રવાલ માણિક્ય, સૂર્યકાંત મણિઓથી નિર્માણ કરેલી મેડીઓ, અગાશીઓ, ઓસરીઓ તથા સભા વગેરેથી યુક્ત છે. (૩) જે મહેલ સમગ્ર રત્નોની કાંતિથી અતિ શોભાયમાન છે, સર્વ શોભાના સ્થાનભૂત, અત્યંત ઐશ્વર્યવાળા શ્રીહરિના આગમનથી જ નિવાસ પામેલી વિભૂતિથી, અત્યંત રમણીય તે ભુવન દીસતું હતું. (૪)

ચળકતા પદ્મરાગ મણિઓના ઉમરાઓથી તે મહેલ વિશેષ શોભતો હતો. તેમજ સુવર્ણના કમાડોથી યુક્ત, વિચિત્ર પ્રકારના મણિઓથી જેની નીચેની ભૂમિ જડેલી છે એવો, તથા નાના પ્રકારના કોઠાઓથી અત્યંત શોભતો. (૫)

મોતીઓની માળાઓ લટકે છે એવા ઉલ્લોચોથી યુક્ત છે દેવેન્દ્રને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરનાર, શોભાયમાન કાચની હાંડીઓ, ઝુમ્મરો તેમજ વિવિધ પ્રકારના અતિસુંદર ચિત્રો જેમાં શોભે છે એવો; (૬) જે મહેલ પારમેશ્વરી શોભાવાળા સ્વામિનારાયણ ભગવાનના નિવાસથી થયેલી શોભાથી જીતી લીધી છે ઈન્દ્રાદિ દેવોના સ્થાનોની શોભા જેણે એવો, સર્વોત્તમ ઈશ્વરોને પણ આશ્ચર્યકારી અને દર્શનીય અતિ મહાન છે. (૭)

જેના રત્નજડિત કમાડોવાળા અત્યંત શોભાયમાન સર્વ દ્વારો સુંદર મણિઓથી પ્રકાશમાન છે અને જે નાના પ્રકારના સુંદર તોરણોથી વિશેષ શોભે છે. (૮)

તોરણોની બંને પડખે ટોડલામાં પીળા વર્ણવાળા તથા સફેદ મણિઓથી રચેલા સૂર્ય તથા ચંદ્રમા, તેથી જાણે સૂર્ય ચંદ્રને સાક્ષાત ધારણ કરતો હોય એમ જોનારાના મનમાં સંદેહ ઉત્પન્ન કરતો, (૯)

સ્ફટિક મણિનાં તળીયા જેમાં અત્યંત શોભે છે એવો, ચંદ્રની કાંતિની માફક પ્રકાશમાન ઉજ્જવળ સ્તંભોની પંક્તિઓથી શોભાયમાન, ચારેય તરફ ચાંદીની ભીંતોથી યુક્ત, કૈલાસ પર્વત જેવો જ જાણે; (૧૦)

નીલમણિઓના દ્વારનો બહારનો ભાગ તેમાં મિશ્ર કરેલા પ્રકાશમાન લાલ રત્નોના પ્રકાશતા કિરણોના સમૂહો જેમાં છે એવા તે દ્વારના કાષ્ટમાં શુદ્ધ મોતીઓની પંક્તિ જડેલી છે. તેથી જાણે માનસ સરોવરના નિવાસી રાજહંસની માફક કે અત્યંત શોભે છે. (૧૧)

લાલ મણિંદ્રોના બનાવેલા અતિ સુંદર મયુરો જેમાં છે, જેથી તે રાજમહેલમાં સર્પો વસી શકતા જ નહિ અર્થાત્ તે મહેલમાં મણિમય મયુરો આબેહૂબ જેવા દેખાતા હતા. તે જોઈને સર્પો ત્યાં વસવાટ કરવા ઇચ્છતા જ ન હતા. (૧૨)

વિશેષ કાંતિવાળા ચંદ્રકાંત મણિઓની શોભાયમાન જાળીઓમાંથી, જ્યાં ચંદ્રના કિરણો પડે છે, તે કિરણોના સમુહથી જાણે કોઈ પાણીનું પરબ ધરાવતો સજ્જન અંદર વસતા જનોને જોઈતું જળ આપ્યા જ કરતો હોય તે પ્રમાણે પ્રકાશ આપ્યા જ કરતો હતો. (૧૩) વિવિધ પ્રકારના મણિઓ જેમાં જડેલા છે એવા શોભતા ઉમરાઓમાં ત્યાં ઊભેલા દ્વારપાળોના દેહ પ્રતિબિંબરૂપે દેખાતા હતા. તેથી અત્યંત શોભાયમાન અને જેની રમણીય શાખાઓમાં લતા અને વેલોના શ્રેષ્ઠ ચિત્રો ચિતરવામાં આવ્યા હતા. તેથી અત્યંત શોભાથી અતિ મનોહર દેખાતો તે; (૧૪) મહેલ સુવર્ણ નિર્મળ સુંદર ભીંતોમાં શોભતા નીલમણિઓરૂપી જાંબુડાના સમૂહોથી શોભતો અને તે જાંબુફળ લેવા માટે ચાંચનો અગ્રભાગ પ્રસરેલા છે તેવા ચિતરેલા પોપટોથી શોભતો હતો. (૧૫)

જે મહેલ સુવર્ણમય પ્રકાશતા કમાડોમાં શોભાયમાન અને જેમાં ચાંદીના આગળાઓ શોભી રહ્યા છે તેથી જ જાણે તે પ્રકાશમાન મોતીઓના હાર જેમાં છે એવો બ્રહ્માનો વિશાળ હૃદય પ્રદેશ હોય ને શું ? એવો રમણીય હતો. (૧૬)

પ્રાતઃકાળના સૂર્યના કિરણોની માફક પ્રકાશમાન, ચંચળ, સુંદર હિંડોળાની પંક્તિઓથી તે મહેલ, ચપળ લતાઓથી, સુંદર કલ્પવૃક્ષોથી, નંદન વનની માફક અતિ રમણીય દેખાતો હતો. (૧૭) પ્રકાશમાન ચંદ્રકાંત મણિઓથી બાંધેલા ચળકતા માર્ગોની કાંતિથી જે મહેલ રાત્રિમાં ચંદ્રના કાંતિ સમૂહને પણ લાજ પમાડતો હોયને શું ? તેમ અત્યંત શોભતો હતો. (૧૮) જે શ્રીહરિનો મહેલ મોતીઓની માફક સ્વચ્છ કળિચુનાથી ધોળેલો અને ચળકતા સુવર્ણ કળશોથી યુક્ત હોવાથી, જાણે ભસ્મનો અંગરાગ અને મસ્તકમાં પીળીજટા ધારણ કરનારા શિવજી હોયને શું ? એમ અત્યંત શોભતો હતો. (૧૯)

રાત્રિના સ્વામી ચંદ્રમાના જેવી ઉજ્જવળ આગાશીમાં છે એવો, જડેલા સદ્રત્નો અને સુવર્ણના જાળીયા જેમાં છે, સીડીઓની શ્રેષ્ઠ પંક્તિઓથી શોભાયમાન; (૨૦) સ્વચ્છ સ્ફટિક મણિઓથી પ્રકાશમાન; શ્રેષ્ઠ નીલમણિઓથી અતિ શોભતા, ભીંતોમાં તથા સ્તંભોમાં જડેલા શુદ્ધ રત્નોરૂપી દીવાઓથી જે હંમેશા અત્યંત શોભાયમાન છે; (૨૧)

વિવિધ પ્રકારના વૃક્ષોની પંક્તિઓથી વિરાજમાન, પ્રમત્ત ભમરાઓની પંક્તિઓનો ગુંજારવ જેમાં છે એવો, અવ્યક્ત મધુર શબ્દ કરતા શુક, સારિકા, મયૂર, મેના, આદિક પક્ષીઓ જેમાં છે એવો, શ્રેષ્ઠ બગીચાની શોભાથી વિશેષ શોભતો, (૨૨) ગંગાજળીયા નામના પ્રસિદ્ધ કૂવાથી અતિ રમણીય, જેમાં જાંબુડાના વૃક્ષો છે અને જે કેવળ દર્શન માત્રથી જ દર્શન કરનાર જનોના સમગ્ર પાપને નિવૃત્ત કરે છે. (૨૩) અવતારી, સર્વથી શ્રેષ્ઠ, ભગવાન શ્રીહરિએ મનુષ્ય નાટ્ય ધારણ કર્યું છે. તેથી તેમની સેવા કરવા માટે જેણે મહેલનું સ્વરૂપ સ્વીકાર કર્યું છે. તેવો તે અતિ રમણીય બ્રહ્મપુર મહેલ હતો. (૨૪) અભય રાજાના દરબારમાં આવેલો આ મહેલ, જેમાં શ્રીહરિએ નિવાસ કર્યો છે તે ધર્મ પુત્ર શ્રીહરિની પોતાના ઉત્તમ નામના પુત્રની સાથે અભયનૃપતિ દાસની માફક હંમેશા એકાંતિક ભક્તિથી યથા યોગ્ય સેવા કરતા હતા. (૨૫)

શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! મારો દેહ તથા મારું આ સર્વ રાજ્ય, ધનાદિ વગેરે જેને મે અહંભાવથી મારું માન્યું છે, તે સર્વે આપનું જ છે એમ કહીને અભય રાજા અત્યાનંદ પૂર્વક શ્રીહરિને તે સર્વ સમર્પણ કરતા હતા. (૨૬)

પોતાના આશ્રિતોના મનોરથો પૂર્ણ કરનારા, અભય રાજા પોતાના આશ્રિતોની સાથે પરમેશ્વર શ્રીહરિની એવી રીતે સેવા કરતા હતા કે જેથી ગઢપુરની પ્રજા શ્રીહરિને ગઢપુરના સ્વામી માનતી હતી. અને અભય રાજાને ફક્ત આગંતુક મહેમાન માનતી હતી. (૨૭)

હે નરેન્દ્ર ! બળિ રાજાની માફક જે અભય રાજાએ પ્રત્યક્ષ શ્રીહરિને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હતું, તેથી મહાપુણ્યશાળી તે અભય રાજાના સર્વોત્તમ ભાગ્યનું હું શું વર્ણન કરું. (૨૮) દેવેન્દ્રોને પણ વંદન કરવા યોગ્ય અભય રાજા, સાધુ વગેરે સર્વે શ્રીહરિના સહચરોને યથાયોગ્ય બીજા ગૃહોમાં નિવાસ કરાવતા હતા. તેમજ તેમની સેવા કરતા હતા. (૨૯) અભય રાજા તે સાધુ તથા બ્રહ્મચારી આદિ ભક્તોની વસ્ત્ર, અન્ન વગેરે પદાર્થોથી નિરંતર એવી સેવા કરતા હતા કે જેથી બીજા ભક્તોએ તેમની આગળ કરેલી સેવા અત્યંત અલ્પ ભાવને પામી ગઈ. (૩૦)

પછી સેવામાં કુશળ મુકુંદાનંદ વર્ણિરાજ પવિત્ર થઈને આદરપૂર્વક દૂધમાં શ્રીહરિ માટે વિવિધ પ્રકારના પાક બનાવતા હતા. (૩૧) ભગવાન શ્રીહરિ સ્નાન તેમજ નિત્ય વિધિ કરીને, સુંદર પાઠશાળામાં આવીને પોતે દાળ તથા ભાત બનાવતા હતા. (૩૨)

પછી સત્પુરુષોના પતિ પ્રભુ શ્રીહરિ શાક વગેરેમાં મીઠું નાખીને વિવિધ પ્રકારના ભોજનો વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૩૩) પછી ધર્મના પુત્ર શ્રીહરિ બંને હાથ તથા મુખ ધોઈને વર્ણિએ આપેલો

મુખવાસ જમતા હતા. (૩૪)

પછી હે ભૂપતે ! શ્રીહરિએ પોતાની પ્રસાદી ભૂત ભોજનનો થાળ અભય રાજાને પ્રીતિપૂર્વક અપાવ્યો. (૩૫) સમગ્ર વર્ણિઓ પાક કરીને, સર્વોત્તમ શ્રીહરિને હૃદયમાં સંભારતા સુંદર ભોજન જમતા હતા. (૩૬) બ્રાહ્મણો પાસે અભય રાજાએ આગળથી કરાવી રાખેલા સુંદર મોદકો તથા બીજા પાકો સાધુઓ તથા પાર્ષદો જમતા હતા. (૩૭)

પછી હે ભૂપતે ! રાત્રિએ, વિસ્તારવાળા ચોકમાં રહેલા લીમડાના વૃક્ષ નીચે, ચોતરા ઉપર સુવર્ણમય શ્રેષ્ઠ મહામૂલ્યવાળા ઓછાડે સહિત ગાદીતકિયા યુક્ત પોતાના આસનમાં ધર્મનંદન ભગવાન બિરાજમાન થયા. (૩૮-૩૯)

તે સ્થાનમાં સભા થઈ. તેમાં ત્યાગીઓ તથા ગૃહસ્થો તેમજ શ્રીહરિના દર્શનમાં પ્રીતિવાળા અભય રાજા વગેરે હર્ષપૂર્વક યથા યોગ્ય બેઠા. (૪૦)

પછી સર્વે નિર્નિમેષ દૃષ્ટિથી શાંતિ આપનારા સુંદર શ્રીહરિને, ચંદ્રને ચકોર પક્ષિઓ જેમ જુએ તેમ આદરપૂર્વક જોતા હતા. (૪૧) શ્રીહરિના દર્શનથી તેમનો અતિ તીવ્ર તાપ સૂર્યથી ઉત્પન્ન થયેલો તાપ જેમ નદીના જળના સંબંધથી શાંત થાય તેમ, શાંત થઈ ગયો. (૪૨)

જેમના ચરિત્રાદિ-ઉપદેશ વાતો તથા કીર્તન શ્રવણાદિથી તથા જેમની મૂર્તિના ચિંતવનથી, મનુષ્યો અત્યંત શાંતિ પામે છે. (૪૩) તો અવતારિ પરમાત્મા તેમના પ્રત્યક્ષ દર્શન કરનારાઓના સુખનું હું શું વર્ણન કરું ? (૪૪)

પછી શ્રીહરિ પોતાના તે અભય વગેરે જનોને કરુણાર્દ્ર દૃષ્ટિથી જોતા અભય રાજા પ્રત્યે સુધાથી વધારે રસ જેમાં છે તેવું વચન કહેવા લાગ્યા. (૪૫)

હે અભય ભૂપતે ! દેવતાઓને દુર્લભ એવું મનુષ્ય શરીર પામીને સ્વધર્મમાં રહીને જે મનુષ્ય હરિને ભજે છે તેણે પોતાનો સ્વાર્થ જાણ્યો છે. (૪૬) તેમણે મનુષ્ય જાતિનું સમગ્ર ફળ પ્રાપ્ત કર્યું છે અને દેહના અતે અત્યંત સુખ અને પરમગતિ પામે છે. (૪૭)

અંબરીષ તથા જનક પૂર્વના રાજાઓ ભગવાનના ભજનથી ભગવાનના દિવ્ય ધામને પામીને શ્રીહરિની સેવા કરતા હતા.(૪૮) ભગવાનના ધામમાં અંબરીશ વગેરે ભક્તો દેવેન્દ્રોને પણ દુર્લભ, સર્વોત્તમ, દિવ્ય, અવ્યય, સુખ, દિવ્ય દેહધરીને પામે છે. (૪૯)

હે રાજન્ ! રાજાઓએ પ્રાપ્ત કરેલો તે શોભાયમાન યશ તે શાસ્ત્રો પણ ગાય છે. અને આ પૃથ્વી ઉપરના મનુષ્યો હમણાં પણ ગાય છે. તેથી તે રાજાઓ ધન્ય છે. (૫૦)

બીજા વિષયાસક્ત રાજાઓ તથા બીજાજનો શ્રીહરિને ભજતા નથી તે આલોક અને પરલોકમાં અત્યંત ક્લેશ પામે છે. (૫૧)

તેથી પોતાનું હિત ઈચ્છનાર પુરુષોએ સંસાર સાગરમાં નૌકારૂપ તથા પોતાના અભિષ્ટ સુખ

આપનારી ચાર અંગસહિત શ્રીહરિની ભક્તિ કરવી. (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર અંગ છે) (૫૨) હે ભૂપતે ! તમો એ પ્રકારની ભક્તિ, તમારા પરિવાર સાથે સદા બલિ અને પ્રહલાદની માફક, અનન્ય ભાવથી કરો છો. (૫૩)

તેથી હે રાજન્ ! તમો ધન્ય છો. તમારા શ્રેયમાં તત્પર છો અને મને તમારી નિર્દંભ ભક્તિથી તમોએ મને વશ કરી લીધો છે. (૫૪) હે રાજન્ ! તમારા આ ભુવનમાં બ્રહ્માદિઓને પણ દુષ્પ્રાપ્ય દર્શનથી પાપને નાશ કરનારા બ્રહ્મસ્વરૂપ સાધુઓ રહે છે. (૫૫) તેથી જેવો મોટો લાભ તમો પામ્યા છો તેવો લાભ પૂર્વે કોઈ રાજા પામ્યા નથી. (૫૬)

આ પ્રકારની અમૃતથી પણ અતિ મધુર શ્રીહરિની વાણી સાંભળીને, રાજા શ્રીહરિને અવતારી જાણતા હતા. અને શ્રીહરિને નમસ્કાર કરીને સર્વોત્તમ આનંદ પામ્યા. (૫૭) ત્યાગિઓ તથા બીજા ગૃહસ્થો શ્રીહરિએ કહેલી વાર્તા સાંભળીને આનંદથી પરિપૂર્ણ જેમના અંતઃકરણો થયા છે તેથી પ્રિય શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૫૮) પછી શ્રીહરિની આજ્ઞાથી સમગ્ર ત્યાગિઓ તથા અભય વગેરે ગૃહસ્થો શ્રીહરિએ નમસ્કાર કરીને નિદ્રા કરવા પોતાના સ્થાનોમાં ગયા. (૫૯)

પછી શ્રીહરિ પણ પાર્ષદોથી વીંટાયેલા પોતાના નિવાસ સ્થાનમાં જઈને કોમળ શય્યામાં પોઢી ગયા અને તે પાર્ષદો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૬૦) હે નરેન્દ્ર ! પોતાની સેવામાં આસક્તિવાળા, શ્રદ્ધાવાળા, ઉત્તમ પાર્ષદો ભક્તિથી શ્રીહરિની સેવા કરતા હતા. તે શ્રીહરિએ પોતાની સેવાની વાટ જોતી યોગનિદ્રાને સ્વીકાર કરી. (૬૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં અભયનૃપના દુર્ગપત્તનનું વર્ણન તથા શ્રીહરિના આવાસનું વર્ણન નિરૂપણ નામે તોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૩)



અધ્યાય ૭૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિ બ્રાહ્મમુહૂર્તમાં યોગનિદ્રાનો ત્યાગ કરીને શય્યામાંજ બેસીને પોતાનાં દર્શન કરવા માટે આવેલા મુનિઓ પ્રત્યે જોતા હતા. (૧) પછી શ્રીહરિ સાધુઓ પ્રત્યે અમૃત જેવી અત્યંત મધુર શાસ્ત્રાર્થગર્ભિત સુંદર વાતો કરતા હતા. (૨)

ત્યારબાદ પ્રભાતમાં શ્રીહરિ અનેક વિધ ભૂષણોથી અલંકૃત, સુવર્ણ પલાણે, સહિત, પોતાના અશ્વ ઉપર આરોહણ કરીને ઘોડે સવારોથી વીંટાયેલા વર્ણી-સાધુ પાર્ષદો તથા પોતાના આશ્રિત ગૃહસ્થ ભક્તજનોએ યુક્ત તેમજ પોતાના સેવકજનોએ ધરેલા છત્ર, ચામરાદિથી યુક્ત વાજિંત્રોના ઘોષ સાથે, ઉન્મત્ત ગંગા પ્રત્યે સ્નાન કરવા પધારતા હતા. (૩-૫)

પછી શ્રીહરિએ તે દિવ્ય નદી પ્રત્યે જઈને અશ્વ ઉપરથી ઉતરીને, પોતાના આશ્રિતોની સાથે

સ્નાન કરવા નદીમા પ્રવેશ કર્યો. (૬) તે ઉન્મત્ત ગંગામાં આશ્રિતોની સાથે પ્રીતિથી જલક્રિડા કરતા ભક્તોને સુખ આપનારા, સર્વેને હર્ષ પમાડતા, શ્રીહરિ આશ્રિતોની સાથે સ્નાન કરતા હતા. (૭) પછી શ્રીહરિ પોતાના હાથથી પાર્ષદ ભીમનો હાથ પકડીને, નદીના પ્રવાહમાંથી બહાર નીકળીને આશ્રિતોની સાથે નદીના તટ પ્રત્યે આવ્યા. (૮)

પછી શ્રીહરિએ સુંદર શ્વેત એક વસ્ત્ર પહેર્યું તથા એક વસ્ત્ર ઓઢ્યું અને જેમાં આગલા ભાગમાં તોરો છે એવું મંડિલ પોતાના મસ્તક ઉપર ધારણ કર્યું. (૯) એટલે ભક્ત જનોએ પુષ્પના, હાર, બાજુબંધ, તોરા તથા સુંદર ગજરાઓ શ્રીહરિને ધારણ કરાવ્યા. (૧૦) પછી પોતાના અશ્વ ઉપર શ્રીહરિ બિરાજ્યા અન્ય ભક્તો શ્રીહરિનો ઉત્તમ યશ હર્ષપૂર્વક ગાતા હતા. એવી રીતે પોતાના આશ્રિતો સાથે તથા વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિ (૧૧) હે રાજન્ ! જેમના વિસ્મય પૂર્વક દર્શનપુરના જનસમુદાયો કરે છે, અને તેમનો પરમાનંદ વિસ્તારતા પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા. (૧૨)

અહીં શ્રીહરિ પોતાના અશ્વ ઉપરથી ઉતરીને નિત્યવિધિ કરવા ફરીવાર સ્નાન કરવા માટે તત્પર થયા. (૧૩) પછી વર્ણી પાર્ષદોએ શુદ્ધ જળથી ભક્તિધર્મના પુત્ર શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી પીળાં રેશમી વસ્ત્ર પહેરીને તથા ઓઢીને મનુષ્ય નાટ્યનું અનુકરણ કરતા, ધર્મ પ્રિય શ્રીહરિ, આ લોકમાં મનુષ્યોને ધર્મના આચરણના શિક્ષણ માટે નિત્યવિધિ કરતા હતા. (૧૫)

તેટલામાં વર્ણીન્દ્ર મુકુંદાનંદે દૂધમાં શુદ્ધપાક બનાવ્યો તથા શાક વગેરે મીઠું નાખ્યા વગર બનાવ્યા. શ્રીહરિ નિત્ય વિધિ કરીને અન્ય રસોઈ પોતે જાતે કરવા લાગ્યા. (૧૬) પછી રાયતામાં તથા શાકમાં શ્રીહરિએ મીઠું નાખ્યું અને તે ભોજન શ્રી વિષ્ણુને નિવેદન કર્યું. (૧૭)

પછી શ્રીહરિ સુંદર પાટલા ઉપર બેસીને વારંવાર પાણી પીતા દાળ શાક વગેરે વિવિધ પ્રકારના ભોજન જમતા હતા. (૧૮) પછી શ્રીહરિ દાળ તથા ભાત જમતા હતા. તેમજ દહીંની સાથે ભાત તથા સાકર વાળા ઉના સુંદર દૂધ સાથે ભાત જમતા હતા. (૧૯)

પછી શ્રીહરિ હાથ તથા મુખારવિંદ ધોઈને, વર્ણીએ આપેલો મુખવાસ લઈને ભક્તોને આનંદ આપતા જમતા હતા. (૨૦) પછી સમર્થ શ્રીહરિ પ્રીતિપૂર્વક વર્ણીઓની પાકશાળામાં જઈને બરફી, પેંડા વગેરે સૌને પીરસતા હતા. (૨૧) શ્રીહરિ સાધુઓને મોતીયા લાડુ પીરસીને પોતાના આશ્રિત સર્વે પાર્ષદોને પણ સાધુઓની જેમ જ પીરસીને તૃપ્ત કરતા હતા. (૨૨)

ત્યારબાદ વર્ણી શ્રીહરિના હાથ તથા પગ ધોવડાવતા હતા. પછી સફેદ વસ્ત્રો ધારણ કરીને શ્રીહરિએ શ્વેત ફેંટો મસ્તક ઉપર ધારણ કર્યો. (૨૩) પછી ભક્તિનંદન શ્રીહરિ સભાસ્થાનમાં આવીને ઉગમણા દ્વારની ઓસરીમાં પોતાના ઉત્તમ આસન ઉપર બિરાજ્યા. (૨૪)

તે સભામાં ત્યાગિઓ તથા ગૃહસ્થો જેમ ઘટે તેમ બેઠા. તેમ જ પોતાના પુત્રાદિ વગેરેથી યુક્ત અભય રાજા પણ બેઠા. (૨૫) પછી અભય રાજા મહામૂલ્યવાળાં દિવ્ય ભૂષણો તથા વસ્ત્રો-કેસર-અગરુચંદન-કસ્તુરી-કુંકુમ તથા અક્ષત અતિ સુંદર પુષ્પના હાર તથા તોરા, બાજુબંધ ગજરા વગેરેથી ષોડશોપચારથી

ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૬-૨૭)

પછી વિવિધ પ્રકારના વાદ્યો વગાડાવીને હર્ષપૂર્વક અભય રાજા શ્રીહરિની મહા આરતી કરતા હતા. (૨૮) પછી અભય રાજાના પુત્ર ઉત્તમ તથા સાળા નાગમાલ, ગાલવ તથા પુરના જનો તથા બીજા શ્રીહરિનાં દર્શન માટે આવેલા દેશાંતરના ભક્તો પણ, શ્રીહરિનું વિવિધ ઉપચારોથી પૂજન કરતા હતા. (૨૯) અભય રાજાની બંને પત્નીઓ તથા જયા-લલિતા કન્યાઓ પોતે ગૂંથેલા સુંદર વિવિધ પ્રકારના ફુલના હારો વસ્ત્રો તથા અલંકારો તેમ જ ચંદન વગેરે વિવિધ પ્રકારના ઉપચારો સુવર્ણ પાત્રમાં મૂકીને (૩૦-૩૧) શોભાયમાન બાજોઠ ઉપર પાત્રો મૂકીને રાજ પત્નીઓ તથા કન્યાઓ વગેરે વિવિધ ઉપચારો ભક્તિનંદન શ્રીહરિનું પૂજન કરતી હતી. (૩૨) શ્રદ્ધા તથા ભક્તિથી યુક્ત બીજી પુરની સ્ત્રીઓ ઉપચારોથી શ્રીહરિની પૂજા હર્ષથી કરતી હતી. (૩૩) આ પ્રકારે પોતાના ભક્તોએ હર્ષથી સારી રીતે પૂજેલા દયાસાગર સ્વયં શ્રીહરિ તે ભક્તોને સુખ આપતા ગઢપુરમાં અભય રાજાના દરબારમાં મધ્યમાં રહેલા ભુવનમાં નિવાસ કરીને રહેતા હતા. (૩૪)

શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પોતાનો મનુષ્ય જન્મ સફળ કરતા અગણિત પુણ્યવાળા પોતાના હજારો હજાર ભક્તો, મહાતપસ્વિઓએ જેમના દર્શન ઇચ્છેલાં છે એવા શ્રીહરિની ગઢપુરમાં સેવા કરતા હતા. (૩૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિકૃત ઉન્મત્ત ગંગામાં સ્નાન ક્રીડા કરી તે નિરૂપણ નામે ચુમ્મોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૪)



અધ્યાય ૭૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહિપતે ! ગઢપુરના કેટલાક ભક્તોના શ્રવણ કરવા યોગ્ય નામો તમોને હું સંક્ષિપ્તથી કહું છું. હે સન્મતે ! તમો સાંભળો. (૧) ગોપીભટ્ટ, રામચંદ્ર, લાલજીત, બેચર, કૃષ્ણ, નાગ, એ સર્વે શ્રીહરિની સેવા કરતા હતા. (૨)

લક્ષ્મીરામ, ડોસાભાઈ તથા મકનદાસ, ભગો, કુંવરજી, રઘુનાથ, તથા જીવરામ, (૩) રત્નેસ્વર, હરજીત તથા જોગેશ્વર એ આદિક બ્રાહ્મણો શ્રીહરિની પરમ પ્રીતિથી હંમેશા સેવા કરતા હતા. (૪) નાજો, અલૈયો, જીવો, મણિશ્રી, ગાલવ, રાઠોડ, ઉકજી એ ક્ષત્રિય ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૫) તથા બીજા ક્ષત્રિય ભક્તો હરિપ્રિય, નાંગમાલ વગેરે પરમ શ્રદ્ધા સહિત શ્રીહરિની હંમેશા સેવા કરતા હતા. (૬) સુવર્ણ, બેચર, પુજો, ગોવિંદભાઈ, કાનજી, જશુભાઈ તથા સબલ આદિ ક્ષત્રિય ભક્તો હર્ષથી શ્રીહરિનું સેવન કરતા હતા. (૭) ડાહ્યા તથા બે અમરસિંહ, બે લાક્ષા ભાઈ તથા બે કૃષ્ણજીત, કાનો, હીરા ભક્ત તથા જુઠો, રઘુનાથ તથા માલજીત. (૮)

શ્રીહરિના સુંદર નામના બે ભક્તો બીજા કમલસિંહાદિ વણિકો દરરોજ આદરપૂર્વક શ્રીહરિને સેવતા હતા. (૯) ઉકો આંબો તથા રામો, જોગો, સુંદર, જેઠો, કેશવ વગેરે વૈશ્યો શ્રીહરિની સેવા કરતા હતા. (૧૦) સેવો, મેઘો, કૃષ્ણ, વાલજી, મૂળજી, પ્રેમજી તથા ખીમજી વગેરે સુથાર ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૧૧) ભગો, જેઠો છે મુખ્ય જેમાં એવા સોની ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. જગાભાઈ, કેશવ, રાજો તેમજ અન્ય રાજ ગોરો શ્રીહરિની સેવા કરતા હતા. (૧૨)

નાથજી, રામજી આંબો, હકાભાઈ, અમૂલજી, તથા ખોડાભાઈ, હરજીભાઈ, મુખ્ય છે. જેમાં તે ભક્તો પણ શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૧૩) નાગાર્જુન, રાણો તથા લક્ષ્મણ આદિક શ્રીહરિની સેવા કરતા હતા. રઘુનાથ તથા ક્ષેમાભાઈ તેમજ દેવાદિ શ્રીહરિના આશ્રિતો શ્રીહરિની સેવા કરતા હતા. (૧૪) કુરજી, પ્રેમજી, લાધો, મેઘજી તથા જીવો ગાંગજી તથા હરજી વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૧૫) ડોસાભાઈ તથા રાહુજી, વાઘજી, શામજી, માવજી, ભીમો, પૂજો, તથા દેવો, ગોવિંદ, દેવજી, (૧૬) માવજી તથા સાંગોજી બીજા કાળુભાઈ વગેરે ભક્તો અચ્યુત શ્રીહરિની યથા યોગ્ય હંમેશા ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૧૭) જગત, ગંગારામ તથા બીજા ભક્તો પણ પ્રીતિપૂર્વક નિરંતર શ્રીહરિનું સેવા કરતા હતા. (૧૮)

રમા, ક્ષેમા, અમરી, રામા, સોના, દેવી, રતિ, યમી, દિવ્યા, અમલા, ફુલ્લા વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતી હતી. (૧૯) હે રાજન્ ! તે સ્ત્રીઓમાં જે રમા તે અતિ મોટાં હતાં. તે ભક્તિપૂર્વક શ્રીહરિની અનુવૃત્તિ સાચવીને શ્રીહરિને પ્રસન્ન કરતા હતા. (૨૦)

માનસિંહ રાજા શુકાનંદમુનિને કહે છે :- હે બ્રહ્મન્ ! પતિવ્રતા રમા કેવાં ભાગ્યશાળી હતાં ? અને તેમણે ભક્ત વત્સલ પ્રત્યક્ષ શ્રીહરિને કેવી રીતે પ્રસન્ન કર્યા ? હે બ્રહ્મન્ ! તમો સર્વે જાણો છો તેથી તમારી પાસેથી હું એ જાણવા ઈચ્છુ છું. તેથી સેવા કરવા ઈચ્છતા મને એ તમો જરૂર કહો. (૨૧, ૨૨, ૨૩) વાંકીયા ગામમાં ધર્મિષ્ઠ ભગવાનના ભક્ત હમીરસિંહ પ્રજાનું ધર્મથી પાલન કરનાર રાજા હતા. (૨૪)

આ લોકમાં પતિવ્રતા સ્ત્રીઓમાં અગ્રેસર, શ્રીહરિની ભક્તિ પ્રીતિવાળી ભાગ્યશાળી તે રાજાની સુવર્ણા (સોના) નામની પત્ની હતી. (૨૫) તે રાજાને તે સુવર્ણા પત્નીથી એક જ રમા નામની કન્યા હતી. નૈષ્ઠિક વ્રતને આશ્રેલા રમા બાલ્યાવસ્થામાંથી શ્રીહરિને ભજતા હતાં. (૨૬)

જ્યોતિષ શાસ્ત્રને જાણનારા અભય રાજાનો આશ્રિત બ્રાહ્મણ ગઢપુરથી એક વખતે રમાના પિતાશ્રીને ઘેર આવ્યો. (૨૭) રમાના પિતાએ તે બ્રાહ્મણનું યથાર્થ સન્માન કર્યુ. પછી તે બ્રાહ્મણ તેમની સમીપે તે કન્યાને જોઈને રાજા કહેવા લાગ્યો. (૨૮) હે રાજન્ ! તમારી પાસે આ કયા ભાગ્યશાળી પુરુષની પુત્રી છે ? આનાં લક્ષણો (ચિહ્નો) જોતાં મને તે મનુષ્ય નથી એમ ભાસે છે. (૨૯)

બ્રાહ્મણનું આવું વચન સાંભળીને હમીરસિંહ રાજા કહેવા લાગ્યા. હે દ્વિજ ! તમો જ્યોતિઃશાસ્ત્ર ભણ્યા છો કે શું ? વળી સામુદ્રિક શાસ્ત્ર જાણો છો ? (૩૦) રાજાનું આવું વચન સાંભળીને બ્રાહ્મણ

કહેવા લાગ્યો : તમોએ કહેલા બંને શાસ્ત્રો હું જાણું છું. આ લોકમાં પ્રસિદ્ધ અભય રાજાનો હું આશ્રિત છું. (૩૧) એક વખતે અભય રાજા પોતાની બંને કન્યાઓ જયા તથા લલિતાનાં અલૌકિક લક્ષણો જોઈ મને પૂછતા હતા. તેમની જન્મપત્રિકા જોઈને મેં તેમના વિષે યથાર્થ કહ્યું. તેમના ગ્રહોનું ફળ સાંભળીને પ્રસન્ન થયેલા રાજાએ મને પારિતોષિક આપ્યું. (૩૩)

બ્રાહ્મણનું આવું વચન સાંભળીને રાજા કહેવા લાગ્યા. હે વિદાંવર ! આ મારી સૂતાની જન્મપત્રિકા જોઈને મને તેના સર્વ શુભગુણ યોગ કહો. (૩૪) આ પ્રકારે રાજાએ આજ્ઞા કરી તેથી જ્યોતિઃશાસ્ત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ તે બ્રાહ્મણ, રમાની જન્મપત્રિકા વાંચીને રાજાને કહેવા લાગ્યો. (૩૫) હે રાજર્ષે! આ જન્મપત્રિકાના શુભ ગ્રહોથી જણાય છે કે તમારી પુત્રી લક્ષ્મીની માફક શ્રીહરિમાં પ્રીતિવાળી થશે. (૩૬) એમ કહીને રાજાના પ્રત્યે તે બ્રાહ્મણ ફરીથી બોલ્યો : હે નૃપ ! તમારી કન્યા લક્ષ્મીના સમાન ગુણોથી યુક્ત થશે એમ નિશ્ચય જાણો. (૩૭)

તે બ્રાહ્મણે આ પ્રકારે રાજાને કહ્યું અને અભયનૃપતિની પુત્રીઓ જયા, લલિતાના ગુણો પણ કહ્યા. હમીરસિંહ તથા તેની પુત્રી આ ગુણો સાંભળીને વિસ્મય પામ્યા. (૩૮)

આ પ્રમાણે સાંભળીને પ્રસન્ન થયેલા મોટા મનવાળા રાજાએ તે બ્રાહ્મણને મહાઅમૂલ્ય વસ્ત્રો તથા આભૂષણો આપ્યાં. (૩૯) પછી તે બ્રાહ્મણ રાજાને આશીર્વાદ આપીને ગયો. પછી જયા તથા લલિતાને જોવાની ઉત્સાહવાળી રમા, પોતાની માતાને કહેવા લાગી. (૪૦) હે માતુશ્રી ! જયા તથા લલિતા પ્રત્યે મને અત્યંત પ્રીતિ છે. માટે તમો મને કૃપા કરી તેમની પાસે તત્કાળ લઈ જાઓ. (૪૧) તેથી તેમની માતા, પતિને પૂછીને રથમાં બેસીને થોડી દાસીઓ તથા સેવકોની સાથે, દુર્ગપત્તનમાં આવ્યાં. (૪૨) ગઢપુરમાં પોતાના સમગ્ર સંબંધિઓએ રમા તથા તેની માતાનું અત્યંત સન્માન કર્યું અને પોતાની સાથે નિવાસ કરાવ્યો. રમા તો જયા-લલિતાને જોઈને જાણે પહેલાંની સખી હોયને શું ? એમ બંનેમાં અત્યંત પ્રીતિ યુક્ત થઈ. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના તૃતીય સ્કંધમાં શ્રીહરિ સેવામાં આસક્તિવાળા ભક્તોના નામ વગેરેનું નિરૂપણ નામે પંચોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૫)



અધ્યાય ૭૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ગઢપુરમાં રમા, કૃષ્ણ ભગવાનની ભક્તિમાં પ્રયત્નવાળી અને શુદ્ધ ચિત્તવાળી, અભય રાજાની બંને પુત્રીઓનો નિત્ય પ્રસંગ કરતી હતી. (૧) રાજપુત્રી પોતાનું શ્રેય કરવાની ઈચ્છાવાળા છે તેમજ સુસ્થિર સંકલ્પવાળા અને શુદ્ધ અંતઃકરણવાળા છે, તેવું જાણીને રાજપુત્રી જયા તેમને કહેવા લાગ્યા. (૨)

હે રમે ! હું જે કહું છું તે શ્રેયસ્કર વચન તમો સાંભળો. આ દેહે કરીને સ્વધર્મે સહિત શ્રીહરિની ભક્તિ કરવી. (૩) શાસ્ત્રજ્ઞોએ આ લોકમાં મનુષ્ય જન્મનો એટલો જ લોભ કહ્યો છે. જો આ દેહથી ભગવાનની ભક્તિ ન થાય તો અતિ દુર્લભ આ જન્મ વૃથા જ જાય. (૪)

હે રાજ પુત્રી ! જે પોતે કાળમાયાદિ ભયથી રહિત હોય, કાળરૂપી સર્પના મહા ત્રાસથી કંપતા અંતઃકરણવાળા પોતાના શરણાગત જનોનું જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ જન્ય અનેક દુઃખ થકી રક્ષણ કરે છે, તેજ સત્યપતિ કહેવાય. ''स वै पतिस्यादकुतोभयः स्वयं समं ततः पातिभयातुरं जनम्'' એમ ભાગવતમાં કહ્યું છે. (૫)

આ પ્રકારના પતિ તો એક સર્વેશ્વર શ્રીહરિ જ છે. તેથી શ્રીહરિ જ અનન્ય ભાવથી નિરંતર સેવવા યોગ્ય છે. (''उक्तमुक्तं पुनः प्रोक्तं प्रोच्यते पुनरुच्यते भूतेन भवता भाव्यो वक्ता सेव्यो हरिःपति ॥'' એવી અભિ યુક્તિ છે.) (૬)

જે દેવો તથા મનુષ્યો છે તે સર્વને કાળ રૂપી સર્પે ગળેલાં છે. એવા અસદ્ બુદ્ધિવાળાઓની સેવાથી શું કલ્યાણ અથવા સુખ થાય ? (૭) તેથી દુષ્ટાશય વાળા (કેવળ વિષયવાસનાવાળા) મળથી ભરેલાં છે જેમના શરીરો તેવા સ્ત્રીના રમકડારૂપ મૃગલા જેવા નરોનો ત્યાગ કરીને નિત્ય સુખના નિધિ ગુણસાગર શ્રીહરિ જ ભજવા યોગ્ય છે. અવિનાશિ શ્રીહરિમાં રાધા તથા લક્ષ્મીની માફક જ પ્રીતિ કરવી. (૮-૯) ભાગ્યરહિત જે સ્ત્રી શરણાગત સંરક્ષક શ્રીહરિનો ત્યાગ કરીને નરકની ઉપમા આપવા યોગ્ય મનુષ્ય શરીરમાં આસક્તિ પામે છે. તે, તીવ્ર ક્લેશને પામે છે. (શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધના એકસઠમા અધ્યાયમાં પ્રમાણભૂત વાક્યો છે.) (૧૦)

હે રમે ! ભગવાનના ધામની મૂર્તિના વર્ણનવાળા પુરાણની કથા સાંભળીને મને આવો વિચાર, એક વખત થયો. (૧૧) અહો ! સર્વેશ્વર ભક્તવત્સલ પ્રત્યક્ષ ભગવાન ક્યારે મળશે ? આ પ્રમાણે ચિંતવન કરતી હું એક રાત્રે સૂઈ ગઈ. (૧૨) પછી મેં સ્વપ્નમાં કિશોરાવસ્થાવાળા કરુણાસાગર રૂપ, સૌંદર્યના સ્થાનભૂત, આશ્ચર્ય દર્શનવાળા પુરુષ જોયા. (૧૩)

ખીલેલા કમળના પત્ર સરખા છે નેત્રો જેમના એવા, મંદ હાસ્યથી જેમનું મુખ શોભે છે એવા, કરોડ કામદેવોના મદને હરનારા, મહા અમૂલ્ય વસ્ત્રો તથા અલંકારોવાળા (૧૪)

સુંદર વસ્ત્ર તથા ભૂષણો ધારણ કરેલા પુરુષની ચારેય બાજુ તેમના દર્શન કરતા હજોરા દિવ્ય રૂપવાળા મહાત્મા પુરુષોને હું જોવા લાગી. (૧૫) હે રમે ! ચારેય બાજુ વીંટાયેલા તે પુરુષોમાં મને પ્રીતિ ન થઈ, પરંતુ પ્રથમ જોયેલા પુરુષમાં મને અતિશય પ્રીતિ થઈ. તે વખતે હું આ પ્રમાણે વિચાર કરતી હતી. (૧૬) અહો ! મારા મનની વૃત્તિ ક્યારેય પણ કોઈ પણ પુરુષમાં આસક્ત થતી નથી. ત્યારે આ પુરુષમાં અનુરાગ કેમ થાય છે ? (૧૭) બ્રહ્મચર્ય વ્રતવાળી મને શ્રીહરિ વિના જો બીજો સંકલ્પ થાય તો મારા બ્રહ્મચર્ય વ્રતને દૂષણ લાગે. (૧૮)

આ પ્રમાણે હું વિચાર કરતી હતી તે સમયે મને તે પુરુષે આ પ્રમાણે કહ્યું. તારી શુદ્ધ ભક્તિથી જ, ભગવાન પુરુષોત્તમ, હું તારા ઉપર પ્રસન્ન થયો છું. (૧૯) હે જયે ! હું અવતારી ભગવાન તમોને પ્રત્યક્ષપણે મળીશ (તમારા જેવો જ મનુષ્ય ભાવ હું ધારણ કરીશ) આ પ્રમાણે તમો નિશ્ચય જાણો. તમારા પિતાના ભુવનમાં ફક્ત મનેજ આશ્રેલા વર્ણીઓ સાધુ તથા પાર્ષદોની સાથે હું નિવાસ કરીશ. (૨૦)

પ્રિયદર્શન શ્રીહરિ મને આ પ્રમાણે કહીને અંતર્હિત થઈ ગયા. ત્યારથી મારું મન તે શ્રીહરિમાં અત્યંત આસક્ત થયું. (૨૧) અખિલેશ્વર તે જ શ્રીહરિ મને પ્રત્યક્ષ ક્યારે મળશે એવો મને મનમાં સંકલ્પ છે. બીજા સુખની સ્પૃહા નથી જ. (૨૨) રમા આવા પ્રકારનું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થઈ અને શ્રીહરિની પ્રાપ્તિ માટે જેનું મન ઉત્સાહિત થયું છે તેથી વિનયપૂર્વક જયાને આ પ્રમાણે કહેવા લાગી. (૨૩) અહો ! હે જયે ! તમારું મોટું ભાગ્ય છે. જે શ્રીહરિમાં આવી રીતે તમારે વિષે અનન્ય પ્રીતિ છે. તમારા દર્શન થયા તે પણ મારા અહો ભાગ્ય જ છે. (૨૪) તમારી ભક્તિથી સત્પુરુષોના પતિ પ્રત્યક્ષ શ્રીહરિ તમોને મળશે જ. જ્યારે તે તમોને મળે ત્યારે મને જરૂર સમાચાર આપજો. (૨૫) મારો પણ એવો નિશ્ચય છે કે ભગવાન વિના બીજા પુરુષને પતિ ન કરવો. ભગવાન વિના બીજા પુરુષનો તો દૂરથી ત્યાગ જ કરવો. (૨૬)

આવી રીતે કહીને રમા, જયાને નમસ્કાર કરીને પોતાના નિવાસસ્થાન પ્રત્યે ગઈ. પછી માતાની સાથે પોતાના પિતાના ઘર પ્રત્યે ગઈ. (૨૭)

પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિમાં અતિ ઉત્કંઠાવાળા શુચિવ્રતવાળી તત્પર થઈને, નિયમો પાળતી દરરોજ ભગવાનની ભક્તિ કરતી હતી. (૨૮) તે રમા મહામૂલ્યવાળા વસ્ત્રો તથા સર્વભૂષણોનો ત્યાગ કરીને તથા સ્વાદિષ્ટ ભોજનોનો ત્યાગ કરીને શ્રીહરિની પ્રતિમાનું ધ્યાન કરતી હતી. (૨૯) રમણીય રાજ્ય ભોગોનો ત્યાગ કરીને તે રમા ફક્ત પૃથ્વી ઉપર સૂવા લાગ્યા અને એ રીતે તપથી પોતાનું શરીર શોષણ કરવા લાગ્યા. (૩૦) તે રમા હંમેશા નૈષ્ઠિક વ્રતનું યથાર્થ પાલન કરતાં હતાં. લક્ષ્મીની માફક નિર્મળ અને અચળ બની શ્રીહરિમાં પ્રીતિ કરતા હતા. (૩૧)

સુશીલ, રમા જ્ઞાન વૈરાગ્યાદિ તથા બીજા સદ્‌ગુણોથી યુક્ત હોવાથી સ્ત્રીઓને ધર્મ ભક્તિનું પ્રબોધન કરનારી વાતો કરતા હતા. (૩૨)

પછી સમય જતાં પ્રત્યક્ષ શ્રીહરિ ગઢપુર પધાર્યા છે. તે સમાચાર પત્રકારો જયાને મોકલ્યા અને રમાને ત્યાં બોલાવ્યા તેથી તે તત્કાળ ગઢપુરમાં આવ્યા. (૩૩)

પછી હે રાજન્ ! ગઢપુરમાં જયાને અનુસરીને રહેલી રમા પ્રત્યક્ષ શ્રીહરિને અનુવૃત્તિ સદ્‌ગુણોથી પ્રસન્ન કરતા હતા. (૩૪) હે રાજન્ ! આ પ્રકારે તમોએ પૂછેલું રમાનું વૃત્તાંત મેં તમોને કહ્યું. હવે શ્રીહરિની શુભ લીલા સાંભળો. (૩૫)

હે રાજન્ ! ગઢપુરમાં અત્યંત શોભાથી યુક્ત અભય રાજાના મહેલમાં વસતા પોતાના આશ્રિતોએ યુક્ત, પીડાને શમન કરનારા, ભગવાન શ્રીહરિ સુંદર લીલાઓ તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત, પ્રેમ સહિત

ભગવાનની ભક્તિ યુક્ત વાર્તાઓથી પોતાના આશ્રયવાળા જનોને અત્યંત આનંદ ઉપજાવતા હતા. (૩૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ મહારાજના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં તૃતીય સ્કંધમાં પ્રાચીન ન્યાયાચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્ય યોગ રત્ન પંડિત શ્રી શ્વેત વૈકુંઠદાસ શાસ્ત્રીકૃત ગુજરાતી ભાષાંતરમાં શુકાનંદમુનિ માનસિંહ સંવાદે જયા, રમા વગેરેના શ્રીહરિ પ્રત્યેના અતિશય સ્નેહનું નિરૂપણ નામે છોતેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૬)



(પોતાના દિવ્ય અક્ષરધામમાં દિવ્ય અક્ષર મુક્તોએ સેવ્યા છે. ચરણકમળ જેમનાં એવા, અનાદિ દિવ્ય સાકાર મૂર્તિ શ્રીહરિ સર્વોત્કર્ષપણે વર્તતા ધર્મ થકી ભક્તિમાં આવિર્ભાવ પામીને, પૃથ્વી ઉપર પોતાના પ્રતાપથી એકાંતિક ધર્મને સારી રીતે વિસ્તારતા હતા. તે પુરુષોત્તમ શ્રીહરિ શ્રીસ્વામિનારાણને હું વંદન કરું છું. (૧)

પોતાના દર્શન માત્રથી ઘણા જનોને સમાધિ કરાવી, સમાધિમાં વૈકુંઠાદિ શુભ ધામોમાં ભગવાનની મૂર્તિઓ તથા વિવિધ પ્રકારના ઐશ્વર્ય વગેરે બતાવતા હતા. શરીરધારીઓના મોક્ષ માટે પૃથ્વી ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરતા હતા. એવા શ્રી ધર્મના પુત્ર શ્રીસહજાનંદ શ્રીહરિને સર્વદા હું નમસ્કાર કરું છું. (૨)

અસંખ્ય વિશ્વના પ્રાણધારીઓના અંતર્યામી, તે તે કર્મના ફળને અંદર રહીને આપનારા છો. છતાં પણ જે નિર્દોષ છે એવા, જે સૌંદર્ય, ઐશ્વર્ય, શાંતિ વગેરેના સમુદ્ર છે એવા તે ધર્મના પુત્ર શ્રીસ્વામિનારાયણનું હું ધ્યાન કરું છું. (૩)



તૃતીય સ્કંધ સમાપ્ત



ત્રીજા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૫૫	૨૬-૪૯	૫૧-૪૯
૨-૫૭	૨૭-૪૬	૫૨-૩૪
૩-૫૭	૨૮-૭૮	૫૩-૨૯
૪-૭૧	૨૯-૫૫	૫૪-૫૩
૫-૪૫	૩૦-૪૧	૫૫-૫૫
૬-૪૩	૩૧-૩૧	૫૬-૪૦
૭-૪૩	૩૨-૫૭	૫૭-૨૭
૮-૩૮	૩૩-૨૯	૫૮-૫૫
૯-૭૯	૩૪-૭૯	૫૯-૬૪
૧૦-૫૬	૩૫-૬૭	૬૦-૪૧
૧૧-૬૯	૩૬-૪૪	૬૧-૨૯
૧૨-૪૨	૩૭-૬૮	૬૨-૩૬
૧૩-૬૯	૩૮-૩૭	૬૩-૪૩
૧૪-૭૨	૩૯-૪૨	૬૪-૭૧
૧૫-૩૪	૪૦-૪૪	૬૫-૬૧
૧૬-૪૯	૪૧-૮૩	૬૬-૬૦
૧૭-૨૭	૪૨-૫૦	૬૭-૪૫
૧૮-૫૧	૪૩-૪૨	૬૮-૪૧
૧૯-૮૨	૪૪-૬૦	૬૯-૨૬
૨૦-૪૫	૪૫-૬૪	૭૦-૨૯
૨૧-૫૫	૪૬-૬૭	૭૧-૭૮
૨૨-૨૭	૪૭-૫૮	૭૨-૪૬
૨૩-૭૪	૪૮-૩૫	૭૩-૬૧
૨૪-૪૬	૪૯-૫૨	૭૪-૩૫
૨૫-૪૮	૫૦-૮૦	૭૫-૪૩
		૭૬-૩૬

કુલ શ્લોક : ૩૮૫૨



અધ્યાય ૧ લો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં રાજશ્રેષ્ઠ અભય રાજાના દરબારમાં નિવાસ કરતા શ્રીહરિની સેવામાં સદા જે હરિભક્તો રહેતા હતા; (૧) હે બ્રહ્મન્ ! ભક્તો પ્રત્યે વાત્સલ્યના સમુદ્રરૂપ અવતારી શ્રીહરિની સેવા પુણ્યશાળી જે ભક્તો હંમેશાં કરતા હતા. (૨) હે સન્મતે ! તેઓમાંના કયા કયા ભક્તો શ્રીહરિની કઈ કઈ સેવા કરતા હતા તે જાણવા હું ઈચ્છું છું. માટે મને કૃપા કરીને આપ તે કહો. (૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિની સેવા કરતાં ઘણાં ભક્તોમાં જે જનો જે સેવા હંમેશા હર્ષથી કરતા હતા. (૪)

હે રાજન્ ! તે તે સેવા તથા તે તે સેવા કરનારા કેટલાક ભક્તોનાં નામો તમોને સંક્ષિપ્તથી હું કહું છું તે તમો સાંભળો. (૫)

હે રાજન્ ! પવિત્ર અને નિષ્કપટ મુકુંદાનંદ વર્ણીન્દ્ર શ્રીહરિની તમામ સેવા હંમેશાં કરતા હતા. (૬) તે નિષ્કામી વર્ણી મુકુંદાનંદ શ્રીહરિને સ્નાન કરાવવું તથા સુંદર શય્યા શ્વેત ઓછાડ પાથરી તૈયાર કરવી તથા શ્રીહરિના ચરણ દાબવા તે સેવા ખાસ કરીને કરતા હતા. (૭) હે રાજર્ષે ! વૈકુંઠાનંદ વર્ણી શ્રીહરિને શૌચવિધિ તથા દંત ધાવન આદરપૂર્વક કરાવતા હતા. (૮)

બુદ્ધિશાળી કૃષ્ણાનંદ વર્ણી શ્રીહરિના સ્નાન માટે જળ ગાળીને ગરમ કરતા હતા. (૯) નારાયણાનંદ વર્ણી ઉપપાત્રે સહિત જળપાત્ર (લોટો તથા પ્યાલો) શ્રીહરિ માટે હંમેશા તૈયાર રાખતા હતા. અને સમય સમય પ્રમાણે શ્રીહરિને જળ આપતા હતા. (૧૦)

શ્રીહરિની આજ્ઞાથી સ્નાન સમયે વર્ણી મુકુંદાનંદ અન્યત્ર ગયા હોય ત્યારે માધવાનંદ વર્ણી તત્કાળ શ્રીહરિને સ્નાન કરાવતા હતા. (૧૧) ગોપાળાનંદ વર્ણી હંમેશા હર્ષપૂર્વક શ્રીહરિની પૂજાના પાત્રો માંજવાની ક્રિયા આદરપૂર્વક કરતા હતા. (૧૨) નૈષ્ઠિક વ્રતધારી વાસુદેવાનંદ બ્રહ્મચારી શ્રીહરિની પૂજા માટે દરરોજ ભક્તિપૂર્વક ચંદન ઘસતા હતા. (૧૩)

દયાનંદ, જેમનું બીજું નામ આનંદાનંદ છે તે તથા ગોવિંદાનંદ બંને વર્ણીઓ શ્રીહરિ માટે સમિધ તથા દર્ભ હંમેશા વનમાંથી લાવતા હતા. (૧૪) નૈષ્ઠિક વ્રતવાળા બુદ્ધિમાન જયાનંદવર્ણી સત્પતિ શ્રીહરિના વસ્ત્રો હંમેશાં ધોતા હતા. (૧૫) ઉમિયાશંકર તેમજ નાથજીત વિવિધ પ્રકારના સુંદર પુષ્પો તથા તુલસી પત્રો વનમાંથી સદા લાવતા હતા. (૧૬)

અખંડાનંદ વર્ણી સમય સમય પ્રમાણે હંમેશાં શ્રદ્ધાપુરઃસર નાના પ્રકારના પૂજાના ઉપચારો લાવીને શ્રીહરિને આપતા હતા. (૧૭) વૈષ્ણવાનંદ વર્ણી શ્રીહરિની પૂજા સમયે આસન ધૂપાદિપાદિ દરરોજ કરતા હતા. (૧૮) ધર્મનિષ્ઠ તથા શુદ્ધ બુદ્ધિવાળા મયારામ ભટ્ટ શ્રીહરિનાં વસ્ત્રો સાચવતા હતા. તેમજ શ્રીહરિને સમય સમય પ્રમાણે વસ્ત્રો હર્ષથી આપતા હતા. (૧૯)

મહાધૈર્યશાળી અને સ્થિર મતિવાળા, શાંત, કોમળ સ્વભાવવાળા શિવરામ વિપ્ર સત્પુરુષોના પતિ શ્રીહરિની પાદુકાઓનું હંમેશા રક્ષણ કરતા હતા. (૨૦)

(આ પ્રકારે નૈષ્ઠિક વ્રતવાળા શ્રીહરિના સેવકો વર્ણી વગેરેના નામો કહ્યાં હવે જે જે સ્ત્રીઓ સેવા કરતી હતી તેના નામો કહે છે.)

સુંદર વૃત્તાંતવાળા, કૃચ્છ્ર ચાંદ્રાયણાદિ વૃત કરનારા, બાહ્ય તથા આભ્યંતર શુદ્ધિવાળાં, અભય રાજાના કુંવરી જયા, ઉન્મત્ત ગંગાને તીરે સમીવૃક્ષવાળા પશ્ચિમ દિશાના ઓવારા પાસેથી શ્વેત ગરણાથી ગાળેલું ઉન્મત્ત ગંગાનું પવિત્ર જળ ઊટકીને સાફ કરેલી સોનાની બે સુંદર ગાગરોમાં ભરી સવાર સાંજ દરરોજ હર્ષપૂર્વક લાવી મોકલતાં હતાં. (૨૧-૨૨) શ્રદ્ધા તથા ભક્તિવાળા અભય રાજાના કુંવરી લલિતા, ઘઉં તેમજ અન્ય ધાન્યનો લોટ તથા અડદ, મગ, ચણા, વાલ, તુવેર, ચોળા, મઠ વગેરે દાળ તથા સુંદર ચોખા શુદ્ધ કરીને જુદા જુદા સુંદર પાત્રોમાં મૂકીને હંમેશા શ્રીહરિ માટે મોકલતાં હતાં. (૨૩, ૨૪) જીવ વર્મા રાજાની કુંવરી અમરી શ્રીહરિ માટે ગાયનું સુંદર દૂધ ગાળીને ઊનું કરેલું, તેમજ માખણ વગેરે મોકલતા હતા. (૨૫) અમરીના નાની બહેન અમુલા શ્રીહરિ માટે શાકના વિવિધ પ્રકારના સુંદર મસાલા હંમેશાં મોકલતાં હતાં. (૨૬)

શ્રીહરિ જમીને સર્વ ત્યાગિજનોએ યુક્ત પાકશાળામાંથી બહાર આસનમાં બિરાજવા પધારે છે ત્યારે અભય રાજાની પુત્રી પાંચાલી શ્રીહરિને તે સુંદર પાકશાળા લીંપી સાફ કરતાં હતાં. (૨૭) તેમના બહેન ''નાનીબા'' શ્રીહરિના રમણીય આવાસને હંમેશા વાળીને સાફ કરતા હતા. (૨૮)

શ્રીહરિની સેવામાં શ્રદ્ધા તથા આદરવાળા શુદ્ધ અંતઃકરણવાળા ભાનુસિંહ ક્ષત્રિયની કન્યા 'અદિતિ,' હેમંતસિંહ દરબારના બેન શ્રીહરિના રમણીય મહેલનું આંગણું હંમેશાં સાફ કરતાં હતાં. (૨૯) અભય રાજાની બંને પત્નીઓ સોમાદેવી તથા સુરપ્રભા શ્રીહરિનું ભવન ગોમય તથા ધોળી મૃત્તિકાથી લીંપતાં હતાં. (૩૦) અભય રાજાના પુત્ર ઉત્તમ રાજાની બંને સ્ત્રીઓ કુમુદા તથા જુહૂ સુગંધિમાન અત્તર વગેરે તેલોથી શ્રીહરિનું ભવન સુગંધિમાન કરતાં. (૩૧) તેમજ ક્ષત્રિય કન્યા મેના પુષ્પના કંકણ બાજુબંધ, હાર, તોરાઓ તથા કલ્કીઓ વગેરે બનાવીને સુવર્ણના પાત્રમાં મૂકીને તે પાત્રો લઈ શ્રીહરિની સમીપ

જઈને ભક્તિપુરઃસર શ્રીહરિની પૂજા નિરંતર કરતાં હતાં. (૩૨, ૩૩)

વળી હેમંતરાજાની કન્યા શુદ્ધ અંતઃકરણવાળા અમૂલા, બરફી તથા સુંદર પેંડા શ્રીહરિ માટે મોકલતા હતા. (૩૪) ઝીંઝાવદરના ક્ષત્રિયરાજાની પુત્રી ક્ષેમા સુવર્ણ પાત્રમાં મૂકેલા સાકરીયા ચણા તથા સાકર, ઈલાયચી શ્રીહરિને અપાવતા હતાં. (૩૫) અન્ય ક્ષત્રિઓની પુત્રીઓ, દેવી તથા યમી એ બંને આદુ, ધાણા, જીરુ, મસાલો વગેરે નાંખી સુંદર સ્વાદિષ્ટ ચટણી બનાવતા હતા અને તે સુવર્ણની વાટકીમાં મૂકી તેમજ વિવિધ પ્રકારના ફળો હર્ષપૂર્વક હંમેશા શ્રીહરિને મોકલતા હતા. (૩૬-૩૭)

તેવી રીતે પવિત્ર વ્રતવાળા રમાના માતુશ્રી ''સોના'' દ્રાક્ષપાક તથા કોપરાપાક વગેરે સુંદર પાકો સુવર્ણના પાત્રોમાં જુદા જુદા મૂકીને પરમ ભક્તિથી હરિકૃષ્ણ મહારાજને હંમેશા મોકલતા હતા. (૩૮-૩૯) શુભવ્રતવાળી ક્ષત્રિ કન્યાઓ ફુલીબા, રતીબા, તથા દેવીબા એ ત્રણે કરમદા તથા હળદર, લીંબુ તેમજ; (૪૦) ખારેક, હળદર, આદુ, કેરી, રાઈ તથા સરસવ વગેરે ઉત્તમ પદાર્થો સાથે મરચાંના અથાણાં કરીને આદરપૂર્વક પરમાત્મા શ્રીહરિને મોકલતાં હતાં. (૪૧, ૪૨)

બ્રાહ્મણની કન્યાઓ રામા દૂધમાં પલાળીને અડદ તથા મગની વડીઓ શ્રીહરિ માટે હંમેશા મોકલતી હતી. (૪૩) બ્રાહ્મણ કન્યા કુમારી સુંદર ડાંગરના પૌંઆ કરીને પ્રેમપૂર્વક શ્રીહરિને હંમેશા અર્પણ કરતી હતી. (૪૪) બ્રાહ્મણ કન્યા રામા દૂધમાં પાપડ કરીને દરરોજ આદરપૂર્વક શ્રીહરિને માટે મોકલતી હતી. (૪૫)

બ્રાહ્મણ કન્યા અમરી દૂધમાં સેવો કરીને શ્રીહરિને હંમેશા હર્ષથી મોકલતી હતી. (૪૬) તથા બ્રાહ્મણ કન્યા અમૃત રાયતાં કરવા માટે દ્રાક્ષ, ખારેક, સૂરણ, શક્કરીયાં અને રતાળું, કોળાં વગેરે તેમજ દહીં, રાઈ વગેરે સામગ્રીઓ શ્રીહરિને માટે હંમેશા મોકલતી હતી. (૪૭, ૪૮)

હે રાજન ! રાજબાઈ વૈશ્યની કન્યા શ્રીહરિનું મનોહર સભાસ્થાન દરરોજ ભક્તિપૂર્વક વાળીને તથા ધોઈને સાફ કરતાં હતાં. (૪૯) કુમારી હિતા, સોમા, કંકુ, મોંઘી, રામા, વીરુ, માની, વેલી, પ્રેમવતી, અવલ, જીવી, અંબા, એ આદિક બીજી સ્ત્રીઓ જેવો અવકાશ તે પ્રમાણે શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતા હતા. (૫૦-૫૧)

બીજી ઘણી સ્ત્રીઓ અત્યંત દુર્લભ, અત્યંત પુણ્યમય, સર્વ પીડાઓને નાશ કરનારી, શ્રીહરિની સેવા કરીને આલોકમાં પોતાનો જન્મ સફળ કરતા હતા. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિ સેવામાં રહેલા સેવકોની સેવા વ્યવસ્થા નિરૂપણ નામે પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ હવે શ્રીહરિને સેવામાં રહેલા અત્યંત નિપુણ પાર્ષદો, તેમના નામ હું તમોને કહું છું. હે સન્મતે ! તમો સાંભળો. (૧)

હે રાજન્ ! ઉત્કર તથા હરજીત એ બંને પાર્ષદો વાડીમાંથી શ્રીહરિ માટે દરરોજ શાક, કેળના પાન વગેરે હર્ષથી લાવતા હતા. (૨) મયજીત પાક બનાવવા લાકડાં હંમેશા લાવતા હતા. રત્નજીત રાંધવાના પાત્રો રોજ માંજતા હતા. (૩) હમિરજીત શ્રીહરિના હાથ ધોવા માટે તથા પાકશાળામાં લીંપવા માટે મૃત્તિકા હંમેશા લાવતા હતા. મોટા માનજીત શ્રીહરિ માટે દાતણ લાવતા હતા. (૪)

ભૃગુજીત ચળકતું રત્નજડિત સુવર્ણના દંડથી શોભાયમાન ભગવાનના દશાવતારના ચિત્રોથી યુક્ત છત્ર હંમેશા શ્રીહરિના શિર ઉપર ધારણ કરતા હતા. (૫) વર્ષાઋતુમાં ભૃગુજીતની માફક ભીમ પાર્ષદ લાલ રેશમી વસ્ત્રનું કરેલું છત્ર વરસાદના જળના નિવારણ માટે હંમેશા શ્રીહરિની ઉપર ધારણ કરતા હતા. (૬) માનજીત હંમેશા શ્રીહરિના રૂમાલનું રક્ષણ કરતા હતા. કેસરસિંહ પાર્ષદ શ્રીહરિની તુલસીની માળાનું રક્ષણ કરતા હતા. (૭) માનસિંહ હંમેશા અત્યંત સ્નેહપૂર્વક શ્રીહરિને રમણીય મોળીયું બંધાવતા હતા. (૮) કમાભક્ત અત્યંત પ્રીતિપૂર્વક રાત્રિએ શ્રીહરિના શુભ નિવાસસ્થાનમાં દીપ પ્રગટાવતા હતા તેમજ શ્રીભાષ્ય પુરાણાદિકના વક્તા શ્રીનિત્યાનંદ મુનિ અધિષ્ઠિત વ્યાસાસનની સમીપે પણ દીપ પ્રગટાવતા હતા. (૯) રવજીતી તથા રાઠોડ પાર્ષદ ગરમીના સમયમાં શ્રીહરિને સુગંધિ વાળા પંખાથી પવન નાખતા હતા. (૧૦)

લાખો ભક્ત દિવસની કથાના વક્તા પ્રયાગજીત બ્રાહ્મણને તથા રાત્રિની કથાના વક્તા નિત્યાનંદ મુનિને દરરોજ આદરપૂર્વક બોલાવવા જતા હતા. (૧૧) વીરા પાર્ષદ સાવધાનીથી કથાના વક્તા નિત્યાનંદમુનિ તથા પ્રયાગજીત બ્રાહ્મણના આસન ઉપર તેમજ પુસ્તકના બાજોઠ ઉપર ઓછાડ પાછરતા હતા. (૧૨)

અલૈયા ભક્ત હંમેશાં સુંદર, કેસર, કુંકુમ, પુષ્પોના હાર વગેરેથી આદરપૂર્વક પહેલાં શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૩) પછી વાંચવા માટે સ્થાપન કરેલા શાસ્ત્રનું પૂજન કરતા હતા. પછી હંમેશા વિધિ પ્રમાણે પુરાણીની પૂજા કરતા હતા. (૧૪) શુદ્ધબુદ્ધિવાળા જાલમ ભક્ત, ભક્તિધર્મના પુત્ર શ્રીહરિની સભામાં દરરોજ પાથરણાં પાથરતા હતા. (૧૫) નિર્માની હરજીત પાર્ષદ દરરોજ શ્રીહરિની બંને અતિ સુંદર મોજડીઓનું રક્ષણ કરતા હતા. (૧૬)

વૃદ્ધ કરીમ ભક્ત શ્રીહરિનાં દર્શન કરવા આવેલા ભક્તોના નામો શ્રીહરિને નિવેદન કરવા પૂર્વક શ્રીહરિનું દ્વારપાળપણું કરતા હતા. (૧૭)

હરનાથ તથા કૃષ્ણદાસ એ બંને માળી હંમેશા શ્રીહરિ માટે પુષ્પના તોરા તથા હાર વગેરે હર્ષથી બનાવતા હતા. (૧૮) અંબારામ તથા રામજીત પાર્ષદો શ્રીહરિની આજ્ઞાથી સાવધાન થઈને નિત્ય લક્ષ્મીવાડીનું રક્ષણ કરતા હતા. (૧૯)

વિજલ ભક્ત તથા જોધા ભગત દરરોજ શ્રીહરિની આજ્ઞાથી ગાયો તથા ભેંસોનું રક્ષણ કરતા

હતા. (૨૦) ભાનુ, કુશળ, કાળુ તથા રણમાં શૂરવીર નથ્થુજીત, ઉમાજીત, કાનજીત, વીરો, લાઘો, પર્વતજીત, કરમશી, રામજીત, જેષ્ઠો, લાલદાસ, નારાયણ, રાઠોડ, બીજા ભૃગુજીત તથા નાથાભાઈ, બે બાદર નામના પાર્ષદો, ભૂલા ભક્ત, અર્જુન, ઉકો, તથા બીજા ઘણાં શ્રીહરિના આશ્રિત, મહા ભાગ્યશાળી નિષ્પાપ પાર્ષદો, શ્રીહરિનું સેવન કરતા હતા. (૨૧, ૨૨, ૨૩)

એકએકને કરવા યોગ્ય શ્રીહરિની સેવા ભાનુ વગેરે પાર્ષદો પરસ્પર અત્યંત સ્નેહ હોવાથી હંમેશા કર્યા કરતા હતા. (૨૪)

પછી હે રાજન્ ! પોતાના રાજ્યનો પણ અનાદર કરીને શ્રીહરિનું દાસપણું કરતા શ્રીહરિની અનુવૃત્તિ પાળનારા શ્રેષ્ઠ ક્ષત્રિયોના નામ હવે તમોને હું કહું છું. (૨૫)

અભય રાજા પોતાના ''ઉત્તમ'' પુત્રની સાથે શ્રીહરિની સમગ્ર સેવા અવકાશ પ્રમાણે હંમેશા દાસની માફક કરતા હતા. (૨૬) લાઘો ભક્ત તથા હરજીત ભક્ત એ બંને અભય રાજાના મંત્રીઓ પણ શ્રીહરિની સેવા નિમિત્તે ધનની લેણદેણ વગેરે કાર્ય કરતા હતા. (૨૭)

શ્રીહરિની આજ્ઞાથી ગૃહસ્થોને પોતાના ધર્મમાં વર્તાવવા માટે હેમંતસિંહ રાજા સદા તત્પર રહેતા હતા.(૨૮) સોમરાજા હંમેશા પ્રાતઃકાળમાં સુંદર મોગરાનું અત્તર હર્ષપૂર્વક શ્રીહરિની શોભાયમાન મૂર્તિમાં ચોળતા હતા. (૨૯) સુંદર સોપારી, લવીંગ, એલાયચી, શ્રેષ્ઠ જાયફળ વગેરે મુખવાસ સોમરાજા હર્ષથી શ્રીહરિને વર્ણીદ્વારા એ મોકલતા હતા. (૩૦)

અત્યંત સ્થૂળ શરીરવાળા બુદ્ધિમાન, સૂરસિંહ રાજા (સુરાખાચર) પોતાની રમૂજી વાણીથી શ્રીહરિને હસાવતા હતા. (શ્રીહરિને વિષે સુરાખાચરને અતિશય સખાભાવ હતો. (૩૧) ક્ષત્રિયરાજા નાજા ભક્ત શ્રીહરિની પીઠ, બંને હાથ, બંને ચરણકમળ તથા બંને પડખાં અત્યંત હર્ષપૂર્વક દરરોજ દાબતા હતા. (નાજા ભક્તને પાદ સંવાહન નામની ભક્તિ શ્રીહરિને વિષે હતી.) (૩૨)

નાજા પાર્ષદ શ્રીહરિના અશ્વનું હંમેશા રક્ષણ કરતા હતા. જ્યારે શ્રીહરિને અશ્વની જરૂર હોય ત્યારે અશ્વ ઉપર પલાણ બાંધીને તેને શ્રીહરિની સમીપ લાવતા હતા.(૩૩)

જીવ, માંત્રિક, અલક, નાગમાળ, ગાલવ, એ સર્વે રુડી બુદ્ધિવાળા શ્રીહરિના દર્શન કરવા આવેલા ક્ષત્રિયોને ઉતારા આપવા, સત્કાર કરવો વગેરે યથાયોગ્ય કરતા હતા. શ્રીહરિનાં દર્શન ઇચ્છતા બીજા પ્રતિષ્ઠિત પુરુષોનું પણ તેઓ આતિથ્ય કરતા હતા. (૩૪-૩૫)

હે રાજન્ ! શ્રીહરિના ચરણકમળમાં પ્રીતિવાળા નિપુણ રાજ્યકુળમાં ઉત્પન્ન થયેલા શસ્ત્રધારી સેંકડો વીર પુરુષો નિરંતર પરમેશ્વર શ્રીહરિને અનુસરીને વર્તતા હતા. હંમેશા શ્રીહરિની સાથે રહેનારાઓનાં ભાગ્ય હું શું કહું ? (૩૬-૩૭)

હે મહીપતે ! શ્રીહરિની સેવામાં અત્યંત આસક્તિવાળા, શ્રીહરિની પ્રસન્નતાની જ ફક્ત ઇચ્છાવાળા મુનિઓના નામ હવે હું તમોને કહું છું. (૩૮)

મહા બુદ્ધિશાળી રામદાસ શ્રીહરિના સમગ્ર સેવકોને જે જે સેવા કરવાની હોય તેની સમય સમય પ્રમાણે યોજના કરતા હતા. (૩૯) કોઈ પણ ગ્રંથની કથા ઝડપથી કરનારા સ્પષ્ટ વક્તા બુદ્ધિશાળી, શ્રદ્ધાવાળા શ્રેષ્ઠ પુરાણી પ્રયાગજીત બ્રાહ્મણ દિવસે ભોજન કર્યા બાદ શ્રીહરિની આગળ દરરોજ ઈતિહાસ પુરાણો તથા ધર્મશાસ્ત્રની કથા કરતા હતા. (૪૦-૪૧)

સમગ્ર શાસ્ત્રના તત્ત્વને જાણનારા, શાસ્ત્રજ્ઞ, વાદીઓને જીતનારા, સંશયોનો નાશ કરવામાં નિપુણ, નિત્યાનંદ મહામુનિ રાત્રિએ ભગવદ્ગીતા (શ્રીરામાનુજાચાર્યના શ્રીભાષ્ય સહિત તથા વીર રાઘવાચાર્યની ટીકા સહિત) દશ લક્ષણવાળું શ્રીમદ્ ભાગવત પુરાણ, શ્રીવાસુદેવ માહાત્મ્ય, વિષ્ણુ સહસ્ત્રનામ તથા શ્રીરામાનુજાચાર્યે રચેલું શ્રીભાષ્ય હે રાજન્ ! અખિલેશ શ્રીહરિની આગળ આદર પૂર્વક નિરંતર વાંચતા હતા. (૪૨, ૪૩, ૪૪) શ્રીહરિની સેવામાં નિરંતર રહેનારો હું શુકાનંદમુનિ, શ્રીહરિની આજ્ઞાથી લખવાનું તથા પુસ્તકો સાચવવાનું કાર્ય કરતો હતો. (૪૫)

પંડિત શતાનંદ મહામુનિ શ્રીહરિએ લખેલા આઠ સચ્છાસ્ત્રોનું સંશોધન શ્રીહરિની પાસે રહી કરતા હતા. (૪૬) મહાજ્ઞાનના સ્થાન ભૂત શતાનંદ મુનિ, શ્રીહરિની લીલાનું ઉત્તમ પ્રકારે વર્ણન જેમાં છે એવો શુભ સત્સંગિજીવન નામનો ગ્રંથ શ્રીહરિની આજ્ઞાથી રચતા હતા. (૪૭)

સર્વ યોગ કળામાં નિપુણ શ્રીહરિના દાસપણામાં વર્તતા સમગ્ર સંતોમાં ઉત્તમ, હંમેશા શ્રીહરિની પરિચર્યા કરતા, એકાંતિક ધર્મમાં રહેલા ગોપાળાનંદ મુનિવર્ય, મુનિઓને હંમેશા સદ્ધર્મનો ઉપદેશ આપતા હતા. અને તેમને સર્વને પોતાના ધર્મોમાં વર્તાવવા હતા. (૪૮-૪૯)

સર્વશાસ્ત્રોનું અધ્યયન કર્યું છે તે કવિઓમાં ઈન્દ્રતુલ્ય, કોમળ અને આશ્ચર્યજનક વાણીવાળા સદ્ગુણોથી યુક્ત, સંગીત શાસ્ત્રમાં નિપુણ, સમગ્ર સંતોમાં મુખ્ય, મુક્તાનંદમુનિ શ્રીહરિના માહાત્મ્યવાળા સંસ્કૃત તથા પ્રાકૃત ગ્રંથો શ્રીહરિની પ્રસન્નતા માટે રચતા હતા. (૫૦-૫૧)

સંગીત વિદ્યામાં નિષ્ણાત કવિરાજ પ્રશસ્ત બુદ્ધિવાળા, સુદૃઢ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતવાળા, બ્રહ્માનંદ (બ્રહ્મ, પરરમાત્મા સાક્ષાત્ અવતારી શ્રી પુરુષોત્તમને હાસ્ય વચનોના ઉચ્ચારણથી આનંદ કરાવનારા એવા સાર્થક નામવાળા મુનિ) મુનિ શ્રીહરિના ગુણાદિના આશ્રયવાળા, રમણીય પ્રાકૃત ભાષામાં ગ્રંથો રચતા હતા. (૫૨) સર્વ પ્રકારની સંગીતકળામાં પ્રવીણ, ચાર પ્રકારના વાદ્યોમાં અત્યંત કુશળ, પ્રાકૃત ભાષામાં કાવ્યો રચવામાં અતિ ચતુર, પ્રેમાનંદ મુનિ શ્રીહરિના સુંદર ગુણોના વર્ણનના અતિ સુંદર પ્રાકૃત ભાષામાં ગ્રંથો સાધુજનોના એક સ્વામી શ્રીહરિ તેમની પ્રસન્નતા માટે રચતા હતા. (૫૩-૫૪)

કવિ નિષ્કુળાનંદ મુનિ પણ પ્રાકૃત ભાષામાં ગ્રંથો રચતા હતા. ધ્યાનાનંદ તેમ જ સુંદરજીત વગેરે ભક્તો પ્રાકૃત ભાષામાં પદો કરતા હતા. (૫૫)

બુદ્ધિશાળી શ્રેષ્ઠ કવિ દિનાનાથ ભટ્ટ શ્રીહરિની પ્રીતિ માટે જુદા જુદા વ્રતવાળા શ્રીહરિનાં ગુણાષ્ટકો રચતા હતા. (૫૬)

પ્રશસ્ત બુદ્ધિવાળા અભેદાનંદ, ગોવિંદાનંદ, ગુણાતીતાનંદ, શિવાનંદ મુનિ, પ્રજ્ઞાનંદ મુનિ, એ પાંચ સંત શ્રીહરિની આગળ ભગવાનના વર્ણનનાં પદો હંમેશા આદરપૂર્વક ગાતા હતા. (૫૭-૫૮) મહાનુભાવાનંદ, કૃશ શરીરવાળા આત્માનંદ તથા સ્વયં પ્રકાશાનંદ અનેક પ્રકારના કાર્યોમાં નિપુણ એ ત્રણ સંતો, શ્રીહરિના દર્શન માટે આવેલા ગૃહસ્થો ભક્તો તથા સાધુઓનો શ્રીહરિની આજ્ઞાથી યથાયોગ્ય આથિત્ય સત્કારાદિ કરતા હતા. (૫૯-૬૦)

નિરંજનાનંદ મુનિ તથા પોતાના આત્માને જોનારા વ્યાપકાનંદ મુનિ, સુખાનંદ મુનિ તથા પરમચૈત્યાનંદ મુનિ, સ્વાત્મદર્શી કૃપાનંદ મુનિ તથા ગોવિંદાનંદ તેમજ ચૈતન્યાનંદ એ સાત સંતો શ્રીહરિના દર્શન કરવા આવેલા દેશાંતરના ભક્તોની આગળ શ્રીહરિની પ્રસન્નતા માટે આદર પૂર્વક દરરોજ શ્રીહરિના માહાત્મ્યની વાતો કરતા હતા. (૬૧, ૬૨, ૬૩)

બુદ્ધિમાન આનંદાનંદ મુનિ શ્રીહરિની ભક્તિ પ્રવર્તાવવા માટે શ્રીહરિના અતિ સુંદર મંદિરો કરાવતા હતા. (૬૪) બુદ્ધિશાળા દેવરામ તથા તેમના નાનાભાઈ નારાયણજીભાઈ તથા તેમના પુત્ર હીરજીભાઈ આ ત્રણ શિલ્પ કળામાં પ્રવીણ હતા. આધારાનંદ મુનિ શ્રીહરિની અતિ સુંદર ધાતુ પ્રતિમા તથા ચિત્ર પ્રતિમાઓ હર્ષપૂર્વક કરતા હતા. (૬૫, ૬૬) હે રાજન્ ! વરસ્થલ નિવાસી માહેશ્વર બ્રાહ્મણ જેમનું બીજું નામ ભાણજીભાઈ હતું. તથા અમદાવાદના વૈશ્ય ભક્ત દામોદર, દેશાંતરથી આવેલી સ્ત્રીઓને ઉતારા આપતા હતા. (૬૭) તપસ્વીની, ધર્મ વૈરાગ્યાદિ સદ્‌ગુણોથી યુક્ત બાલયોગિની, રમા, દેશાંતરથી આવેલી સ્ત્રીઓને શ્રીહરિના માહાત્મ્યની વાતો કરતાં હતાં. (૬૮) કૃષ્ણદાસ તથા રાજદાસ એ બંને ઉત્તમ નાપિતો રાત્રિએ શ્રીહરિની આગળ દીપકો પ્રગટાવતા હતા. (૬૯)

હે ભૂમિપતે ! શ્રીહરિની પ્રાપ્ત થયેલી સેવાથી પોતાનો મનુષ્યજન્મ સફળ થયો છે, એવું જાણતા તે ભક્તો. હંમેશા શ્રીહરિનુ દાસપણું કરતા હતા. અવતારી ધર્મના પુત્રનું જે પવિત્ર દાસપણું છે, તે તો બ્રહ્માદિકને પણ દુર્લભ છે. આ લોકમાં જેને તે સેવા મળી છે તેઓ ખરેખર ભાગ્યશાળી છે.(૭૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિની સેવામાં રહેલા સેવકોના નામ તથા સેવા વ્યવસ્થા નિરૂપણ નામે બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અવતારી શ્રીહરિની મંગળ સ્વરૂપ લલિત લીલા હવે હું તમોને કહું છું. તે તમો સ્વસ્થ ચિત્તથી સાંભળો. (૧)

હે રાજન્ ! હોળી જ્યારે સમીપમાં આવી એટલે અભય રાજા બન્ને હાથ જોડીને ભક્તિપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૨)

હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! તમો આ ગઢપુરમાં ફુલદોલનો ઉત્સવ કરવા કહ્યું હતું, તે ઉત્સવ સમીપ આવ્યો છે. (૩) માટે હે દયાનિધે ! તમો દેશાંતરથી ભક્તોને અહીં બોલાવો. હે અંતર્યામી! તે રમણીય ઉત્સવ આપ અત્રે ઉજવો. (૪) હે પ્રભો ! મારે આપના ભક્તોનાં દર્શન કરવાની અતિશય ઈચ્છા છે. માટે મારો આ મનોરથ આપ પૂર્ણ કરો. (૫)

અભય રાજાનું આવું વચન સાંભળીને શ્રીહરિ તે રાજાને કહેવા લાગ્યા. હે રાજન ! તમારી પ્રસન્નતા માટે ભક્તોને બોલાવીને ફુલદોલનો ઉત્સવ કરીશ. (૬)

માટે હે રાજન્ ! તમો ઉત્સવને યોગ્ય સામગ્રીઓ એકઠી કરો. શ્રીહરિનું આવું વચન સાંભળીને રાજા અત્યંત આનંદ પામ્યા. (૭) પછી શ્રીહરિની આજ્ઞાથી રાજા સર્વે સામગ્રીઓ મંગાવવા લાગ્યા. (૮) આ પ્રમાણે મંગળ પત્રિકાઓ પહોંચતા, દેશાંતરથી પોતાના ઈષ્ટદેવ શ્રીહરિના તથા પુષ્પ દોલોત્સવનાં દર્શન કરવાની ઈચ્છાવાળા હજારો ભક્તો ગઢપુરમાં આવ્યા. (૯)

તે ભક્તો પોતાના ઈષ્ટદેવ શ્રીસહજાનંદ ભગવાનનાં દર્શન કરીને, ચંદ્રમાને જોઈને જેમ ચકોર પક્ષિઓ શાંતિ પામે તેમ, અત્યંત શાંતિ પામ્યા. (૧૦)

બ્રહ્માદિ દેવતાઓએ ઈચ્છેલા શ્રીહરિનાં દર્શન કરીને તથા શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરીને તે ભક્તો, ચંદ્રના ઉદયથી સુદ્ર જેમ હર્ષ પામે તેમ, હર્ષ પામ્યા. (૧૧)

શ્રીહરિ પોતાના દર્શનમાં આસક્ત મનવાળા તથા પ્રેમાશ્રુથી પૂર્ણ છે નેત્રો જેમનાં એવા કેટલાક ભક્તો પ્રત્યે મંદહાસ્ય કરીને, કેટલાક પ્રત્યે હાથની ચેષ્ટા કરીને, કેટલાક પ્રત્યે કૃપાદૃષ્ટિ કરીને, કેટલાકને મધુર વાણીથી બોલાવીને તે સમગ્ર ભક્તોની યથા યોગ્ય પ્રીતિપૂર્વક સંભાવના કરતા હતા. (૧૨-૧૩)

અભય રાજા પણ તે તમામ ભક્તોના ઉતારા માટે સ્થાન તથા ભોજન વગેરેની પોતાના સેવકો દ્વારા પ્રીતિપૂર્વક વ્યવસ્થા કરાવતા હતા. (૧૪) તે ભક્તો પુષ્પના હાર, કુંકુમ, અક્ષત, ચંદન તથા નાના પ્રકારના વસ્ત્રો વગેરેથી શ્રીહરિની ભક્તિપૂર્વક પૂજા કરતા હતા. (૧૫)

ત્યારબાદ અભય રાજા પ્રીતિપૂર્વક કેસુડાના ફૂલનો રંગ, તેમજ સુંદર કેસરનો રંગ કરાવતા હતા. (૧૬) અભય રાજા રમણીય પતંગીઓ રંગ તેમજ કસુંબી રંગ પણ કરાવતા હતા. (૧૭) પછી અભય રાજા ઘડાઓ, ગોળીઓ, તાંબાના મોટા પાત્રો તથા હોજો વગેરેમાં તે જુદા જુદા રંગો ભરાવતા હતા. (૧૮) વળી રાજાએ ગુલાબના મોટા ઢગલાઓ પણ તૈયાર કરાવ્યા તથા ઘણો અબીર પણ હર્ષથી મંગાવ્યો હતો. (૧૯) તે રાજા હોળીને બીજે દિવસે- ફાગણ વદી પડવાને દિવસે-ઉત્તરા ફાલ્ગુન નક્ષત્રમાં સુગંધિમાન વિવિધ પ્રકારના પુષ્પોથી મનોહર હિંડોળો બંધાવતા હતા. (૨૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત, શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં દોલોત્સવના આરંભનું નિરૂપણ નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી ફાગણ વદી પ્રતિપદાને દિવસે પ્રાતઃકાળમાં મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. એટલે નરનાટ્યધારી શ્રીહરિ હે રાજન્ ! પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૧) પછી ભક્તવત્સલ શ્રીહરિ બરફી, પેંડા વગેરે વાનગીઓ પ્રીતિપૂર્વક વિષ્ણુને નિવેદન કરીને, પોતાના આશ્રિતોને આપીને, જમતા હતા. (૨)

પછી પ્રભુ વસંતને યોગ્ય વસ્ત્રો ધારણ કરીને, વર્ણીઓ તથા પાર્ષદોથી વીંટાઈને પુષ્પના હિંડોળાની સમીપે આવ્યા. (૩) તેટલામાં સાધુઓ, અભય વગેરે પુરજનો તથા દેશાંતરથી આવેલા ભક્તો નિત્ય વિધિ કરીને શ્રીહરિના દર્શન કરવા માટે પુષ્પના હિંડોળાની સમીપ આવ્યા. (૪)

મંદ હાસ્ય યુક્ત મુખારવિંદવાળા શ્રીહરિ અભય રાજાને કહેવા લાગ્યા. હે રાજન્ ! આ મહોત્સવમાં શ્રી નરનારાયણની પ્રતિમાનું પ્રથમ પૂજન કરવું. (૫) તેથી હે મહા બુદ્ધે ! હું આ હિંડોળામાં શ્રીકૃષ્ણની પ્રતિમાનું સ્થાપન કરીને તેની પૂજા કરીશ. શ્રીહરિનું આવું વચન સાંભળીને તે રાજા શ્રીહરિને કહેવા લાગ્યા. (૬) આપ સર્વાવતારી પ્રત્યક્ષ પુરુષોત્તમ છો. સર્વ અવતારોથી શ્રેષ્ઠ છો માટે આપની પૂજા થાય તેમાં તમારા સર્વ અવતારોની પૂજા થઈ જાય. (૭)

હે પ્રભો ! માટે આપ આ હિંડોળા ઉપર બિરાજો. આપની પૂજા કરવા હું ઈચ્છું છું. આપ મારો મનોરથ પૂર્ણ કરવા યોગ્ય છો. (૮) હે વિભો ! મારો પરિવાર પણ આપને આ પુષ્પના હિંડોળામાં બિરાજેલા જોવા માટે ઈચ્છે છે. વળી આપના સર્વ આશ્રિત સાધુ વગેરે પણ આપને હિંડોળા ઉપર બિરાજેલા જોવા માટે ઈચ્છે છે. (૯)

અભય રાજાના આ વચનથી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ મંદ મંદ હસતા હસતા સુશોભિત પુષ્પના હિંડોળા ઉપર બિરાજમાન થયા. (૧૦) પછી મુકુંદાનંદ વર્ણીરાજ શ્રીહરિને હિંડોળા ઉપર ઝુલાવવા લાગ્યા. ઈન્દ્રના ધનુષ્યથી જેમ મેઘ શોભે છે તેમ શ્રીહરિ તે હિંડોળા ઉપર શોભતા હતા. (૧૧)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિનાં દર્શન કરવા માટે અત્યંત ઉત્સાહિત ચિત્તવાળા ભક્ત સમૂહોની મોટી ગીરદી ત્યાં થઈ. (૧૨) સુંદર પુષ્પોથી ગુંથેલા હિંડોળાના હલન ચલનથી શ્રીહરિએ પહેરેલાં તથા ઓઢેલાં વસ્ત્રો હલતા હતા. તેથી શોભાયમાન, રમણીય, દિવ્ય મૂર્તિવાળાં ધર્મપુત્ર શ્રીહરિ ભક્તજનોના મનનું આકર્ષણ કરતા હતા.(૧૩)

પોતાના પુત્ર ઉત્તમની સાથે આનંદ પામેલા અભય રાજા, પોતાના આશ્રિતોએ લાવેલા અતિસુંદર ઉપચારોથી, શાસ્ત્રવિધિ પ્રમાણે શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા. (૧૪)

અતિશય સુંદર મહામૂલ્યવાળાં વસ્ત્રો, ભૂષણો, કસ્તુરી, કેસર, કુંકુમ, અક્ષત વિવિધ પ્રકારના પુષ્પો, હાર, તોરાઓ વગેરે સામગ્રીથી શ્રીહરિનું પૂજન કરીને અભય રાજા તથા તેમના પુત્ર ઉત્તમ રાજા અતિશય હર્ષ પામ્યા. (૧૫)

પછી સુશોભિત મોતીઓથી નિર્માણ કરેલું કમળ જેમાં છે એવું સુવર્ણ પાત્ર મૂકીને તેની મધ્યે કપૂરનો દીવો કરી, બંને હાથમાં તે પાત્ર લઈને, અભય રાજાએ તથા તેમના કુંવર ઉત્તમે શ્રીહરિની આરતી કરી. (૧૬) ત્યારબાદ રાજાએ શ્રીહરિને નમસ્કાર કરીને કહ્યું : હે હરે ! આ સંત તમારી સાથે રમવા માટે આતુર થયા છે. (૧૭) હે વિભો ! તેથી અમને સર્વને આપના ભક્તોને સુખ આપવા આપ રંગ તથા ગુલાલ વગેરેથી રમવાનું શરૂ કરો. (૧૮)

જે સ્વાનંદપૂર્ણ છે તે શ્રીહરિએ તેમનું આવું વચન સાંભળીને તેમને કહ્યું : હે રાજન્ ! રમવાની સમગ્ર સામગ્રી તત્કાળ મારી સમીપે લાવો. (૧૯)

એટલે રાજાના નોકરો તથા બીજા ભક્તો પણ નાના પ્રકારના શ્રેષ્ઠ રંગના ભરેલા અનેક પાત્રો તથા રમણીય ગુલાલ, અબીર તથા પીચકારીઓ શ્રીહરિ આગળ આદરપૂર્વક લાવ્યા. (૨૦-૨૧) પછી પ્રભુ શ્રીહરિએ સંતોને અર્ધો રંગ તથા ગુલાલ પ્રીતિથી આપ્યો અને અર્ધો રંગ તથા ગુલાલ પોતે લીધો. (૨૨) હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાના પક્ષમાં પાર્ષદોને રાખ્યા અને બીજા પક્ષમાં પોતાના ચરણના આશ્રિતો સર્વ મુનિંદ્રોને રાખ્યા. (૨૩)

પછી ભક્તોના સુખના આધાર શ્રીહરિ સોનેરી પાલવવાળા વસ્ત્રથી કેડ્ય બાંધીને ક્રીડા કરવા માટે તત્પર થયા. (૨૪) શ્રીહરિ ઊંચા મંચ ઉપર ચઢીને બંને હાથમાં સુંદર સુવર્ણની પીચકારી લઈને પીચકારીથી સાધુઓ ઉપર રંગનું જળ ફેંકવા લાગ્યા. (૨૫)

પોતાના હાથની ત્વરીત ગતિથી વારંવાર સંતો તથા ભક્તો ઉપર રંગ નાખવા લાગ્યા. તેથી જાણે જેમ અસંખ્ય હાથ વડે રંગ નાખતા હોય તેમ પીચકારીઓ મારતા શ્રીહરિના, ભક્ત સમુદાય દર્શન કરતા હતા. (૨૬) સાધુજનોને પ્રિય શ્રીહરિ પોતાના પાર્ષદોએ વસ્ત્રમાં ભરીને આપેલા ગુલાલ તથા અબીર સાધુઓ ઉપર ફેંકતા હતા. અને એ રીતે સુંદર ક્રીડા કરતા હતા. (૨૭)

બીજા તમામ સાધુઓ પણ વાંસડાની પીચકારીઓ વડે રંગ તથા ગુલાલ શ્રીહરિની ઉપર પ્રીતિપૂર્વક ફેંકતા હતા. અને એ રીતે રમતા હતા. (૨૮)

શ્રીહરિના શૂરવીર પાર્ષદો વાંસડાની પીચકારીઓથી રંગ તથા ગુલાલ સાધુઓ ઉપર ફેંકતા હતા અને ક્રિડા કરતા હતા. (૨૯) સાધુઓએ નાંખેલા રંગથી જેમનાં કપડાં ભીના થયા છે તે શ્રીહરિ, સુવર્ણની પીચકારીથી સુંદર રંગ સાધુઓના મંડળમાં ફેંકતા હતા. તેમ જ ફેંકેલા ગુલાલથી સાધુઓને લાલવર્ણવાળા કરતા હતા. એવી અલૌકિક હોળી ખેલ કરતા શ્રીહરિ, અતિ લલિત શોભાવાળા થયા. (૩૦)

શોભાયમાન સોનાનાં બંને કડાં બંને હાથના કાંડામાં ધારણ કરતા, રત્ન જડિત શોભાયુક્ત સુવર્ણના બાજુબંધો બંને બાહુમાં ધારણ કરતા, મણિમય સુવર્ણની વીંટીઓની કાંતિથી શોભતી સુંદર આંગળીઓવાળા, વિવિધ પ્રકારના સુવર્ણના હાર ધારણ કરતા, બીજા પણ રત્ન જડિત સોનાનાં વિભૂષણો ધારણ કરતા શ્રીહરિ શોભતા હતા. (૩૧)

લાલ કમળની કાંતિની માફક કાંતિવાળા, શોભાયમાન ચળકતાં સુવર્ણનાં કંકણોની કાંતિવાળા, શ્રીહરિના બંને હાથના તળીયામાં ચંચળ અને અત્યંત શોભાયમાન શુદ્ધ સુવર્ણની બનાવેલી અતિસુંદર પિચકારી સંધ્યાના રંગથી શોભાયમાન આકાશમાં સ્ફુરાયમાન થતી વીજળી જેમ શોભે તેમ અત્યંત શોભતી હતી. (૩૨) મૂર્તિમાન શૃંગાર રસ જાણે હોય તેમ શોભતા દર્શન કરનારા ભક્તજનોનાં મન તથા તેમને મહાનંદ આપનારા શ્રી સ્વામિનારાયણ ભગવાન, મુનિઓએ ફેંકેલા ગુલાલથી લાલ આકૃતિવાળા બની ગયા હતા. મુનિઓએ ફેંકેલો ગુલાલ આંખોમાં ન પડે તે માટે ચંચળતા ધારણ કરેલા શ્રીહરિ શ્રેષ્ઠ પદ્મરાગ મણિઓના સમુદાયની સાથે નીલ મણિઓનો સમુદાય મિશ્ર થઈને જેમ શોભે તેમ શોભતા હતા. (૩૩)

આ પ્રકારે સર્વોત્તમ શોભાને ધારણ કરતા રંગના જળની ધારાઓ વર્ષાવતા, વારંવાર સાધુઓ ઉપર ગુલાલ પણ ફેંકતા શ્રીહરિ વિહાર કરતા હતા. (૩૪)

રંગના જળની ધારાઓ વર્ષાવતા સર્વે મુનિ જનો પણ સાથે સાથે ગુલાલ ફેંકીને શ્રીહરિની સાથે વિહાર કરતા હતા. (૩૫)

તે સમયે અબીર અને ગુલાલ વડે આકાશ અત્યંત આવરણે યુક્ત થયું હતું. દેવતાઓ અબીર અને ગુલાલથી આકાશ આવરણ થયું તેથી ભ્રાંતિ પામીને આકાશમાં વિચારવા માટે સમર્થ થયા નહિં. (૩૬) અહો ! આ શું ? એમ ગભરાઈને બોલતા દેવો આખું આકાશ સંધ્યા કાળના રંગથી લાલ થયું છે કે શું ? એમ તર્ક કરવા લાગ્યા. (૩૭) શ્રીહરિ તેમજ મુનિઓએ ફેંકેલા ગુલાલથી પૃથ્વી, દિશાઓ, સૂર્ય તથા આકાશમાં ફરતા ગ્રહો, આકાશ, મુનિંદ્રો, ધર્મના પુત્ર શ્રીહરિ તથા સમગ્ર પુરના જનો તથા પાર્ષદો પદ્મરાગ મણિઓનો સમૂહ હોય તેમ શોભતા હતા. (૩૮-૩૯)

અભય રાજાના દરબારમાં જ્યાં આ રંગનું જળ વરસે છે અને જ્યાં દુંદુભિના મહાનાદ પણ થાય છે તેથી જાણે વર્ષાઋતુમાં વૃષ્ટિ સમયે મેઘમંડળમાં ગડગડાટ થઈ રહ્યો હોઈ તેમ દુંદુભિઓના અવાજો શોભી રહ્યા હતા. (૪૦) દુંદુભિ તથા મોટા નગારાં, ડિંડિયો તથા તાંસા વગેરે વાજિંત્રો અભય રાજાના દરબારમાં વાગતા હતાં. (૪૧) તે સમયમાં રંગના પ્રવાહનું જળ જાણે રક્ત વહન કરનારી નદીઓ સમાન સર્વ ઠેકાણે પ્રસરવા લાગ્યું. (૪૨) તે સર્વે પ્રવાહો ઉન્મત્ત ગંગામાં પ્રવેશ કરતા હતા. તેથી સમગ્ર ઉન્મત્ત ગંગાનું જળ લાલ બની ગયું. (૪૩)

આવી રીતે ક્રીડા કરતા સંતો, સોમ વગેરે શ્રીહરિના પાર્ષદોને પીચકારીઓથી ફેંકેલા રંગથી અત્યંત વ્યાકુળ કરતા હતા. (૪૪) હે રાજન્ ! તે સર્વે સંતો અત્યંત પ્રયત્ન કરતા હતા છતાં પણ શ્રીહરિને લગારેય ચલાયમાન કરવા સમર્થ થયા નહિ. (૪૫) ક્રીડા કરતા અચ્યુત શ્રીહરિ, સમગ્ર સંતોને જાણે તેઓ અનેક આકૃતિવાળા હોય ને શું ? એમ દેખાતા હતા. અને તેથી સર્વેને પરાભવ પમાડતા હતા. (૪૬)

હે રાજન્ ! પછી નિત્યાનંદ તથા બ્રહ્માનંદ વગેરે સંતોએ આવીને શ્રીહરિના હાથમાંથી પીચકારી લઈ લીધી. અને પછી તરત જ પોતાના પક્ષમાં ગયા. (૪૭)

હે રાજન્ ! તોપણ તેવી જ પીચકારી હાથમાં લઈને પહેલાંની માફક જ રંગજળ ફેંકતા શ્રીહરિના સાધુઓ દર્શન કરતા હતા. (૪૮) એટલે તે સંતોએ ફરીથી શ્રીહરિના હાથમાંથી તે પીચકારી તત્કાળ લઈ લીધી, તોપણ શ્રીહરિને પહેલાંની માફક તેવી જ પીચકારીવાળા જોઈને વિસ્મય પામ્યા. (૪૯)

શ્રીહરિ તેમના મુખ અને નેત્રો ઉપર જ નિશાન રાખીને તેમના તરફ રંગ ફેંકતા હતા. અને તેથી તેમને ઘણા આકુળ વ્યાકુળ કરતા હતા. (૫૦)

પછી દયાળુ મુનિવત્સલ શ્રીહરિ, સાધુઓ થાકી ગયા છે તે જાણીને, તેમને વિજય અપાવવા મનુષ્ય નાટ્ય કરવા ઈચ્છતા હતા. (૫૧) એટલે શ્રીહરિ સાધુઓએ પીચકારીઓથી ફેંકેલું જળ સહન કરવા માટે જાણે અશક્ત હોય ને શું ? એમ પોતાની આગળ ઢાલ ધારણ કરતા હતા. (૫૨)

તો પણ સાધુ સમૂહો ચારેય તરફથી રંગ ફેંકતા હતા. તેથી રંગથી ભીના થયેલા શ્રીહરિ, તત્કાળ લીંમડાના વૃક્ષ ઉપર ચઢી ગયા. (૫૩) સંતોમાં ઉત્તમ એવા નિત્યાનંદ અને બ્રહ્માનંદ અને બીજા સંતોથી સંતાઈને શ્રીહરિ તત્કાળ લીંમડાના વૃક્ષ ઉપર ચઢ્યા. (૫૪) પછી બંને મુનિઓ શ્રી હરિના બંને હાથમાંથી સુવર્ણના કંકણો કાઢીને તે લઈને પ્રસન્ન થઈને તત્કાળ સાધુઓના મંડળમાં આવ્યા. (૫૫)

પછી નિત્યાનંદ મુનિ સર્વ મુનિઓ પ્રત્યે બોલ્યા કે, હે મુનિ સત્તમો ! આજે આપણો વિજય થયો. (૫૬) નર નાટ્ય વિસ્તારતા શ્રીહરિએ તે સમયે કહ્યું : હે મુનિઓ ! તમો સર્વે વિજય પામ્યા છો. (૫૭) હે સંતો ! મને અતિશય ટાઢ ચડી છે. તમો સર્વે દયાળુ છો. માટે હવે આ પીચકારીઓનો તમે ત્યાગ કરો. (૫૮) તમારે મારી પાસે જે માગવાનું હોય તે જરૂર માગો. તમોને હું જરૂર આપીશ. કારણ કે તમારાથી મને બીજું કોઈ અધિક નથી. (૫૯)

શ્રીહરિનું આવું વચન સાંભળીને સંતો હર્ષપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા : હે ભગવન્ ! તમો જ્યારે અમો સર્વેને ભેટશો ત્યારે અમો રંગ છાંટવાનું બંધ કરીશું. આવો અમારો નિશ્ચય છે. (૬૦-૬૧) સાધુઓએ આ પ્રમાણે કહ્યું. તેથી દયાસાગર શ્રીહરિ તત્કાળ લીંમડાના વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યા. શ્રીહરિ રંગથી ભીંજાયેલા છે છતાં પણ સર્વે સંતોને પ્રેમથી ભેટ્યા. (૬૨)

રાજદરબારમાં તથા પુરના માર્ગોમાં રંગમહોત્સવના કારણે કસ્તુરી કેસર તથા ગુલાબનો કાદવ ઘણો થયો હતો. જન સમુદાય શ્રીહરિની પ્રસાદિનો મહિમા અતિશય જાણતા હોવાથી તેને ગ્રહણ કરતા હતા. (૬૩) આકાશમાં તે લીલા જોવા માટે આવેલા તેત્રીસ કરોડ દેવેંદ્રો હર્ષપૂર્વક શ્રીહરિને પુષ્પ ચંદનથી વધાવતા હતા. (૬૪) શ્રીહરિની પ્રસાદિનો ગુલાલ, અબીર વગેરેનો કાદવ સ્ત્રીઓ પણ ગ્રહણ કરતી હતી. તેમજ દેવતાઓ અદશ્યપણે ગ્રહણ કરી તેને પોતપોતાના મસ્તક ઉપર ચોપડતા હતા. (૬૫) હે રાજન્ ! અક્ષરાધિપતિ શ્રીહરિએ અભય રાજાના શ્રેષ્ઠ દરબારમાં સુંદર ચોકમાં આવી રીતે વિહાર કર્યો અને પોતામાં આસક્તિવાળા ભક્તજનોને આનંદ પમાડીને દેવેન્દ્રોને પણ આશ્ચર્ય મુગ્ધ કર્યા. (૬૬)

પછી શ્રીહરિ (જેમના વસ્ત્રો તથા અંગો રંગથી ભીંજાયેલા છે) મનોહર અશ્વ ઉપર બેસીને પોતાના દર્શનમાં અત્યંત ઉત્સાહવાળા અને અશ્વ ઉપર બેઠેલા પોતાના ઘોડેસવારો, સાધુઓ, વર્ણીઓ

તથા બીજા ભક્તોથી વીંટાઈને અને પુરજનો જેમના દર્શન કરે છે એવી શોભાવાળા, વિવિધ પ્રકારના વાદ્યોનો ઘોષ સાંભળતા, સ્નાન કરવા માટે અત્યંત નિર્મળ ઉન્મત્ત ગંગા પ્રત્યે ગયા. (૬૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિએ રંગક્રીડા કરી તેના નિરૂપણનો ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પોતાના આશ્રિતોથી વીંટાયેલા શ્રીહરિ ઉન્મત્ત ગંગના કિનારે પહોંચ્યા ત્યાં અશ્વ ઉપરથી ઉતરીને રંગથી ભીંજાયેલા તમામ વસ્ત્રો શ્રીહરિએ ઉતાર્યા અને એક બીજું વસ્ત્ર પહેરીને તે રંગવાળા તમામ વસ્ત્રો અભય રાજાને કૃપાપૂર્વક આપી દીધાં. (૨)

પછી શ્રીહરિએ મુનિઓની સાથે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા માટે પ્રવેશ કર્યો અને પોતાના આશ્રિત ભક્ત સમુદાયની સાથે હર્ષપૂર્વક સ્નાન કરવા લાગ્યા. (૩)

હે રાજન્ ! બ્રહ્મચારીઓ, સાધુઓ, પાર્ષદો તથા બીજા હરિભક્તો, શ્રીહરિના અંગ ચોળીને પ્રીતિથી શ્રીહરિને સ્નાન કરાવતા હતા. (૪) તે વખતે હે રાજન્ ! શ્રીહરિની સ્નાનલીલા જોવામાં તત્પર મહાભાગ્યવાળા ભક્તોની ત્યાં અત્યંત ભીડ થઈ. (૫) ઉન્મત્ત ગંગામાં સ્નાન કરતા શ્રીહરિના દર્શન કરીને કિનારા ઉપર રહેલા પુરજનો તથા દેશાંતરના ભક્તજનો પોતાના દેહનું ભાન ભૂલી ગયા. (૬)

આકાશમાં દેવતાઓ પોતપોતાના વિમાનમાં પોતાની સ્ત્રીઓ સાથે બેસીને હર્ષપૂર્વક શ્રીહરિની આ અતિ સુંદર જળલીલાના દર્શન કરીને જાણે ચિત્રેલા હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા હતા. (૭) દેવતાઓ તથા દેવતાઓની સ્ત્રીઓ નંદનવનમાંથી ચૂંટેલા પુષ્પોથી શ્રીહરિને વધાવતા હતા અને જય શબ્દ તથા નમઃ શબ્દ અત્યંત ઊંચા સ્વરથી હર્ષપૂર્વક બોલતા હતા. (૮)

શ્રીહરિ તથા તેમના ભક્તોએ સ્નાન કર્યું તેથી ઉન્મત્ત ગંગાનું સમગ્ર જળ લાલ થઈ ગયું. (૯) યોગાદિ સાધન કરનારા, ત્રિવિધ પીડાને નાશ કરનાર સાધુઓ, તે પણ જેમના ચરણકમળની રજને ઈચ્છે છે, બ્રહ્માદિ દેવતાઓ તથા વેદો પણ અતિશય શુભ એવી જે શ્રીહરિની પદવી અથવા નિવાસ સ્થાન, (બ્રહ્મપુરધામ) જે સદા અતર્ક્ય જ છે તેને ખોળે છે. (૧૦)

પ્રત્યક્ષ પુરુષોત્તમ, ક્ષર અને અક્ષર થકી પર, શ્રીહરિની સાથે જે જનો હંમેશા આલોકમાં વિહાર કરે છે તેમણે પોતાનો જન્મ સફળ કર્યો છે. તેમના અગણિત પુણ્યનું હું શું વર્ણન કરું ? (૧૧)

હે રાજન્ ! દેવતાના સમુદાયો શ્રીહરિના સ્નાનથી અતિપવિત્ર ઉન્મત્ત ગંગામાં અદૃશ્ય પણે સ્નાન કરતા હતા. (૧૨) આ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તે પુણ્યના ફળરૂપે અવતારી શ્રીહરિનું દાસપણું અમને પ્રાપ્ત થશે અને તેથી અમો નિશ્ચય અક્ષર ધામ પામીશું. (૧૩)

આ પ્રમાણે તેમણે સર્વેએ નિશ્ચય કરી, ઉન્મત્ત ગંગાના જળનું પાન કરી, અખિલેશ્વર શ્રીહરિને પ્રણામ કર્યા અને અત્યંત આનંદ પામતા પોતાના સ્વર્ગલોક પ્રત્યે ગયા. (૧૪)

આ પ્રમાણે શ્રીહરિ સ્નાન કરીને પોતાના આશ્રિતોની સાથે ઉન્મત્ત ગંગામાંથી બહાર પધાર્યા. પછી પોતાના અંગ લૂછી શ્વેત વસ્ત્રો પહેર્યા. (૧૫) ત્યારબાદ મયારામ ભટ્ટે શ્રીહરિના ભાલમાં કેસરનું તિલક કર્યું. તેના મધ્ય ભાગમાં ગોળ સુંદર કુમકુમનો ચાંદલો કર્યો. (૧૬)

પછી ત્યાગિઓ તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિને જુઈ, ગુલાબ, માલતી તથા મોગરા વગેરેના સુંદર પુષ્પોથી ગુંથેલા હાર, કંકણ, બાજુબંધ, તોરા, કલ્કી વગેરે ધારણ કરાવતા હતા. તે પછી શ્રીહરિ પાર્ષદે લાવેલા શ્રેષ્ઠ અશ્વ ઉપર બિરાજમાન થયા. (૧૭-૧૮)

પછી ઘોડેસવારના મધ્યમાં રહેલા પોતાના સર્વ આશ્રિતોથી વીંટાયેલા, પાર્ષદોએ છત્ર, ચામર વગેરેથી આદરપૂર્વક સેવેલા શ્રીહરિ, જુદા જુદા વાજિંત્રોના ઘોષ, જે દિશાઓમાં વ્યાપી ગયા હતા, તેને સાંભળતા પોતાનું આશ્ચર્યકારી દર્શન પુરજનોને આપતા પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૦) શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરીને પોતાના ઉત્તમ આસન ઉપર બિરાજમાન થયા. એટલે અભય રાજા શ્રીહરિની સમીપ આવીને પ્રણામ કરીને આ પ્રમાણે શ્રીહરિ પ્રત્યે બોલ્યા. (૨૧)

હે પ્રભો ! સાધુઓ માટે રસોઈ તૈયાર થઈ ગઈ છે. તો આપ કૃપા કરીને સમગ્ર મુનિઓને પીરસીને આપના સર્વ આશ્રિતો તથા ભક્તોને જમાડો. (૨૨) શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને, વસ્ત્ર વડે કેડ્ય બાંધીને, સાધુઓની પંક્તિમાં પીરસવા માટે આદરપૂર્વક પધાર્યા. (૨૩)

હે ભૂપતે ! શ્રીહરિ સર્વેને મોતીયા લાડુ પીરસીને તથા નાના પ્રકારના ભોજનો પીરસાવીને જમાડતા હતા. (૨૪) શ્રીહરિ પોતે સાધુઓને પ્રીતિથી તૃપ્ત કરીને તથા સમગ્ર ઘોડેસવારો, પાર્ષદો વગેરેને પીરસીને જુદી જુદી પ્રકારના ભોજનોથી સર્વને તૃપ્તિ પમાડતા હતા. (૨૫)

તે દરમિયાન મુકુંદાનંદ વર્ણીરાજે, વૈકુંઠાનંદ વર્ણીની સાથે મળીને શ્રીહરિ માટે દૂધમાં રસોઈ બનાવી. (૨૬) દૂધપાક, સુંદર પુરીઓ, સાકરનો શીરો, શીખંડ તેમજ સાકર નાંખીને દૂધ ઉનું કર્યું. (૨૮) તેટલામાં શ્રીહરિ હાથ ધોઈને પોતાના સ્થાનમાં પધાર્યા. પછી વર્ણીઓ શુદ્ધ જળથી શ્રીહરિને સ્નાન કરાવતા હતા. (૨૯) પછી શ્રીહરિ પીતાંબર ધારણ કરીને, તેમજ બીજું પીતાંબર ઓઢીને, અને સુંદર ચાંખડીઓ પહેરીને, પૂજા વિધિના સ્થાનમાં પધાર્યા. નરનાટ્ય શોભાડતા શ્રીહરિ માધ્યમિક કર્મ કરીને મનોહર પાકશાળામાં પધાર્યા. (૩૦-૩૧)

પછી શ્રીહરિએ ભાત તથા દાળ કરીને જુદા જુદા શાકમાં મીઠું નાખ્યું. (૩૨) હે રાજન્ ! પછી શ્રીહરિ વિવિધ પ્રકારના ભોજનો વિષ્ણુને નિવેદન કરીને બાજોઠ ઉપર બેસીને, વારંવાર જળ પીતા તે જુદા જુદા ભોજનો જમીને શ્રીહરિ દાળ તથા ભાત જમતા હતા. (૩૪) ત્યારબાદ શ્રીહરિ સાકર નાંખેલું દહીં તથા દૂધ તેની સાથે ભાત જમતા હતા. (૩૫)

પછી હે રાજન્ ! તૃપ્ત થયેલા શ્રીહરિએ સુવર્ણ પાત્રમાં ચંદન તથા જળથી બંને હાથ ધોયા અને મુખ ધોયું. (૩૬) પછી વર્ણીંદ્ર મુકુંદાનંદે એલાયચી સોપારી નાંખીને શ્રીહરિને મુખવાસ માટે પાનબીડી આદર પૂર્વક આપી. (૩૭)

પછી શ્રીહરિએ વર્ણીઓની પાકશાળામાં જઈને તેમના જમવાના પાત્રોમાં પેંડા તથા બરફી પુષ્પળ પ્રમાણમાં પીરસ્યા. (૩૮) ત્યારબાદ સર્વે બ્રહ્મચારીઓ દાળ વગેરે સૌને પીરસીને જમવા બેસી ગયા. એટલે શ્રીહરિ બંને હાથ તથા પગ ધોઈને પોતાના ઉતારામાં પધાર્યા. (૩૯)

પછી શ્રીહરિ રમણીય ધોળા વસ્ત્રો ધારણ કરીને સભામાં આવીને પોતાના અતિ સુંદર આસનમાં સાંજના સમયે બિરાજમાન થયા. (૪૦) તે સભામાં સર્વે ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ બેઠા. ત્યાગી તથા ગૃહસ્થજનો ચકોર પક્ષીઓ ચંદ્રમાને જેમ જુએ, તેમ આદરપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૪૧) પછી શ્રીહરિ મહા આનંદ આપનારી અમૃત થકી અત્યંત સ્વાદિષ્ટ, અલૌકિક વેદ શાસ્ત્રાનુસાર ઉપદેશ વાતો કરતા હતા. (૪૨) અચ્યુત શ્રીહરિ આવી રીતે મધુર વાર્તાથી પોતાના ભક્તોને આનંદ આપીને, તેમને સર્વને પોત પોતાના નિવાસસ્થાનમાં જવા માટે આજ્ઞા આપતા હતા. (૪૩)

સર્વેજનો શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાના સ્થાનમાં ગયા. પછી પુરુષોત્તમ શ્રીહરિ પાર્ષદોની સાથે પોતાના ઉતારામાં પધાર્યા. (૪૪)

ત્યારબાદ કોમળ શય્યામાં બિરાજેલા શ્રીહરિની નિર્મળ અંતઃકરણવાળા પાર્ષદો હર્ષપૂર્વક સેવા કરતા હતા. (૪૫) પછી હે રાજન્ ! શ્રીહરિએ સ્નેહેસહિત પોતાની સેવાની રાહ જોતી પોતાના આશરે આવેલી નિષ્પાપ યોગનિદ્રાને અંગીકાર કરી. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ અધ્યાયમાં શ્રીહરિએ ઉન્મત્ત ગંગામાં સ્નાન લીલા કરી તેના વર્ણનનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી પુરુષોત્તમ શ્રીહરિ બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને પોતાની સમીપ બેઠેલા ભક્તજનોની આગળ મનોહર ઉપદેશ વાતો કરતા હતા. (૧) પ્રાતઃકાળમાં મુકુન્દાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. ત્યારબાદ નરનાટ્યને અનુરૂપ શ્રીહરિ નિત્ય વિધિ કરતા હતા. (૨)

મુકુંદાનંદ વર્ણીરાજ તેટલામાં શ્રીહરિને માટે દૂધમાં વિવિધ પ્રકારના પાકો તથા મીઠા રહિત શાક વગેરે બનાવતા હતા. (૩) શ્રીહરિ દાળ તથા ભાત કરીને, શાકમાં મીઠું નાંખીને, વિવિધ પ્રકારના ભોજનો વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૪) એ રીતે તૃપ્ત થયેલા શ્રીહરિ હાથ તથા મુખ ધોઈને વર્ણીએ આપેલો મુખવાસ જમતા હતા. (૫)

પછી શ્રીહરિએ સુંદર સફેદ વસ્ત્ર પહેર્યું તથા બીજું વસ્ત્ર ઓઢ્યું અને સફેદ સુંદર મોળીયું ધારણ કર્યું. (૬) ત્યારબાદ શ્રીહરિ પોતે સભામાં પધાર્યા અને સુંદર ઓછાડ બિછાવેલા કોમળ શ્રેષ્ઠ સિંહાસનમાં બિરાજમાન થયા. (૭)

હે રાજન્ ! તેટલામાં મુનિઓ વર્ણીઓ તથા પાર્ષદો સર્વે સભામાં યથાયોગ્ય શ્રીહરિની આગળ બેઠા. (૮) ત્યાં અભય રાજા પણ પોતાના પુત્ર સાથે બેઠા. તેમજ પુરના જનો દેશાંતરથી આવેલા ભક્તો તથા બીજા ભક્તો યથાયોગ્ય બેઠા. (૯)

સુવાસિની તથા વિધવા સ્ત્રીઓ, પુરુષોથી દૂર, સભા કરીને શ્રીહરિનાં દર્શન માટે યથાયોગ્ય બેઠી. (૧૦) પછી ભક્તો ચંદન, કંકુ, પુષ્પોના હાર, વગેરે શ્રેષ્ઠ ઉપચારોથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા. (૧૧) શ્રીહરિ પોતાના હસ્તકમળ વડે પોતે ધારણ કરેલા પુષ્પના હાર વારંવાર પ્રીતિપૂર્વક સત્પુરુષોની સભામાં ફેંકતા હતા. (૧૨)

પોતાના તરફ જ જેમની દૃષ્ટિ પરોવાયેલી છે તે સર્વે જનો પ્રત્યે શ્રીહરિ તેમનાં હિત કરવા માટે આ પ્રમાણે વચન બોલ્યા. (૧૩)

હે ભક્તો ! વેદ શાસ્ત્ર પ્રમાણીત અને તમારું સર્વ પ્રકારે શ્રેય કરનારું વચન હું કહું છું. માટે મારું વચન સાંભળો. (૧૪) હે ભક્તો ! સત્પુરુષોનો સમાગમ વિવિધ પ્રકારના તાપને શમાવનારો તથા સંસાર સાગરમાં નૌકારૂપ છે. માટે તમારે સર્વ પ્રકારે સત્પુરુષના સમાગમ રૂપી સત્સંગ દરરોજ કરવો. (गङ्गा पापं शशी तापं दैन्यं कल्पद्रुमो हरेत् । पापं तापं च दैन्यं च हन्ति साधुसमागमः ॥) એમ અભિયુક્તિ છે. ''निमज्ज्योन्मज्जतां घोरे भवाब्धौ परमायणम् । सन्तो ब्रह्मविदः शान्ता नौर्दृढेवाप्सु मज्जतामिति શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. ''सदा सन्तोऽभिगन्तव्या यदि नोपदिशन्ति ते । या याः स्वैरकथास्तेषामुपदेशा भवन्ति ताः'' इति वसिष्ठोक्तेश्च) (૧૫)

પહેલાં પણ સંસાર બંધનથી જે મુક્તિ પામ્યા છે તે જનો પણ સત્સંગ કરીને જ મુક્તિ પામ્યા છે એમ તમો નિશ્ચય જાણો. (सत्संगेनैव दैतेया यातुधानाः खगा मृगाः ॥ बहवो मत्पदं प्राप्तास्त्वाष्ट्र कायाधवादयः ॥ सत्संगान्मामुपागताः इति શ્રીમદ્ ભાગવત) (૧૬)

શ્રીહરિનું અનુપમ સર્વોત્તમ માહાત્મ્ય સત્પુરુષોના પ્રસંગથી જ સમજાય છે. શ્રીહરિના માહાત્મ્ય જ્ઞાનથી અથવા સત્સંગ કરવાથી, સંસારને નાશ કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે. ''सतां प्रसंगान्मम वीर्यसंविदो भवन्ति हृत्कर्णरसायनाः कथाः । तज्जोषणादावपवर्गवर्त्मनि श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यति'' इति ''भवापवर्गो भ्रमतो यदा भवेज्जनस्य तर्ह्यच्युत सत्समागमः । सत्संगमो यर्हि तदैव सद्गतौ परावरेशे त्वयि जायते मतिः'' એ પ્રમાણે ભાગવતમાં વચન છે. (૧૭)

અજ્ઞાનરૂપી અંધકારથી અંધ થયેલા જનોને સંતો જ્ઞાનદૃષ્ટિ આપે છે. તે સાધુઓનાં સમાગમથી ધર્મ શું અને અધર્મ શું તે યથાર્થપણે જણાય છે. (''सन्तो दिशन्ति चक्षुर्बहिरर्कः समुत्थितः એમ શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે.) (૧૮) પંડિતોને પણ યથાર્થ સમજવાને કઠણ વેદાદિનો સિદ્ધાંત તો સત્પુરુષો

જ સારી રીતે જાણે છે. તેમના વિના બીજા વિદ્વાનો તે યથાર્થ જાણી શકતા નથી. ("जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं मनोन्नतिं दिशति पापमपाकरोति । चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं सत्संगतिः कथय किं न करोति पुंसाम्." "दूरिकरोति कुमतिं विमलीकरोति चेतश्चिरन्तरनमधं चलुकीकरोति । भूतेषु किं च करुणां बहुलीकरोति संगः सतां किमु न मङ्गलमातनोति" "शान्तिमिच्छ सि चेदाशु वागमृतं श्रृणु । हृदये धारणाद् यस्य न पुनः खेदसंभवः") (૧૯)

કામ ક્રોધરૂપી જળ જંતુઓએ ગળેલા અને સંસાર સમુદ્રમાં ડૂબેલા દેહિઓનો ઉદ્ધાર કરવામાં સંતો નાવિક સમાન છે. (૨૦) દુર્જનરૂપી કાળ સર્પના ઉપદેશ રૂપી વિષાગ્નિથી જેમનું મૃત્યુ સમીપ જ આવ્યું છે તેવા જનોના વિષ ઉતારનાર સાધુઓ વૈદ્ય સમાન છે. (૨૧) સત્પુરુષના પ્રસંગથી જ આત્મા પરમાત્માનું યથાર્થ જ્ઞાન થાય છે. સત્પુરુષોને શાસ્ત્રમાં કહેલા લક્ષણોથી યથાર્થપણે જાણવા. (૨૨) ક્રોધ, કામ, લોભ, સ્વાદ જેમણે જીત્યા છે, જે સદા અહંતા અને મમતા રહિત છે, જે સ્પૃહા, મત્સર, માન વગેરેથી રહિત છે, અહિંસા ધર્મવાળા છે, નિર્મદ તથા પોતાના ધર્મમાં નિષ્ઠાવાળા છે. (૨૩)

જેમણે સમગ્ર ઈન્દ્રિયોને જીતી છે, સદા ઉપશમ દશાવાળા જે છે, તેમ જ શાસ્ત્રમાં કહેલા બૃહદ વ્રતોનું આચરણ કરવામાં કુશળ છે, દયાળુ, અકારણ કરુણાવાળા, સત્યવચન બોલવાવાળા, જે કદી નિંદાનીય કર્મો કરતા જ નથી, મારે વિષે ગાઢ અનુરાગવાળા, વિષયોમાં વૈરાગ્યવાળા (૨૪) બ્રહ્મસ્વરૂપે વર્તનારા, હંમેશાં મારી ઉપાસનામાં સાવધાન રહેનારા, પોતાની શક્તિ પ્રમાણે તથા બુદ્ધિ પ્રમાણે સર્વ પ્રકારે ઉપકાર કરનારા, ઈચ્છા રહિત પોતાના આશ્રિતોના સંસારરૂપી પાશનો નાશ કરે એવો ઉપદેશ કરનારા એવા. (૨૫)

મારી મૂર્તિના ધ્યાનમાં સદા આસક્તિવાળા, અત્યંત તીતીક્ષાવાળા, સર્વ જનોના સુહૃદ, શાંત પ્રકૃતિવાળા, અજાતશત્રુ, ધૈર્યશાળી, નિર્વિકારી, કોમળ અંતઃકરણવાળા, અતિનિપુણ એ આદિક લક્ષણોથી યુક્ત જે હોય તેમને જ મુમુક્ષુઓએ સાધુ જાણવા અને પ્રસંગ પણ તેવા લક્ષણવાળા સંતોનો જ નિરંતર કરવો અને ઉપદેશ પણ તેમનો જ સાંભળવો અને પોતાના હૃદયમાં ધારણ કરવો. (૨૬-૨૭)

એવા જે સાધુ છે તે સમગ્ર પ્રાણિઓનું હિત કરનારા છે, વળી આધ્યાત્મિકાદિ ત્રિવિધિ તાપનું શમન કરનારા છે. શરણે આવેલાઓનું શ્રેય કરનારા છે. માટે જેને સંસારના બંધનમાંથી મુક્ત થવાની ઈચ્છા હોય તેમણે આવા લક્ષણોવાળા સંતોનો જ વિશ્વાસ કરવો. (૨૮) તેવા સંતો તો મારું હૃદય છે. માટે તેવા સાધુથી બીજું શ્રેષ્ઠ કંઈ પણ નથી. માટે તેવા સાધુ જ પૂજવા યોગ્ય છે. તેમ જ યથા યોગ્ય ભોજન કરાવવા યોગ્ય છે. (૨૯)

હે નરેન્દ્ર ! શ્રીહરિએ અમૃતથી પણ અધિક મધુર, સભામાં બેઠેલા ભક્તોનું કલ્યાણ કરનારી વાણી કહી, તે સાંભળીને સૌ આનંદ પામ્યા અને પોતાના અંતરમાં તે ઉપદેશ ગ્રહણ કરવા લાગ્યા. (૩૦)

બ્રહ્માદિ દેવેન્દ્રોને પ્રણામ કરવા યોગ્ય શ્રીહરિ મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે જુદા જુદા દેશમાં સાધુના મંડળોને જવા માટે આજ્ઞા આપતા હતા. વળી દેશાંતરથી આવેલા પોતાના આશ્રિત ભક્તોને પણ

પોતના દેશમાં જવા માટે આજ્ઞા આપતા હતા. (૩૧)

જ્યારે સાધુઓને દેશાંતરમાં જવા માટે આજ્ઞા આપી ત્યારે અભય રાજા ઊભા થઈને નમ્રતા યુક્ત બંને હાથ જોડીને પરમેશ્વર સહજાનંદ શ્રીહરિ પ્રત્યે આ પ્રમાણે હર્ષપૂર્વક વચન બોલ્યા. (૩૨)

હે સત્પુરુષોના પતિ ! હે પ્રભો ! તમોએ ગૃહસ્થ ભક્તોને જવા માટે આજ્ઞા આપી એ તો તેમને વ્યાવહારિક કાર્ય હોવાથી યોગ્ય છે. (૩૩) માટે ગૃહસ્થો પોતાના ઘર પ્રત્યે જાય એ યથાર્થ છે. માટે હે હરે ! એ સર્વે ભક્તો પોત પોતાના દેશોમાં સુખેથી પધારે. પરંતુ હે પ્રભો ! અહીં ચાતુર્માસ પર્યંત તમો મુનિઓને મારા દરબારમાં કૃપા કરીને રાખો. (૩૪)

હું એ મુનિઓ વગેરેની નિરંતર શક્તિ પ્રમાણે સેવા કરીશ. માટે તમો મારા દરબારમાં જ મુનિઓ, બ્રહ્મચારીઓ, પાર્ષદો તથા ઘોડેસવારોની સાથે આનંદપૂર્વક રહો. (૩૫) વર્ણિઓ તથા મુનીંદ્રોના મંડળોના મધ્યભાગમાં વિરાજમાન ભક્તવત્સલ હે પરમાત્મા ! તમારાં દર્શન હું સદા ઈચ્છું છું. (૩૬)

હે અપ્રમેયાત્મન્ ! ભક્તવત્સલ ! તમો તમારો અનન્યભક્ત જે હું તે મારી આ પ્રાર્થના સ્વીકાર કરો. (૩૭) આવી રીતે શુદ્ધભાવથી રાજાએ શ્રીહરિને પ્રાર્થના કરી. અભય રાજાના પ્રેમથી બંધાયેલા શ્રીહરિ તેમની ભક્તિની પ્રશંસા કરતા આ પ્રમાણે મધુર વચન બોલ્યા. (૩૮)

હે રાજન્ ! તમો ધર્મવાળા છો તેથી તમારો શુદ્ધ ભાવ હું જાણું છું ને હે મહાબુદ્ધિશાળી ! તમારો આ સંકલ્પ સફળ થશે. (૩૯) કાર્તિક સુદી એકાદશી સુધી સાધુ, વર્ણિ, ઘોડેસવારો અને પાર્ષદો સાથે હું અહીં રહીશ. આ પ્રમાણે અભય રાજાને કહીને શ્રીહરિ સમગ્ર ભક્તોને કહેવા લાગ્યા. (૪૦)

હે ભક્તો ! મુનિઓ તથા વર્ણિઓ પાર્ષદો અને ઘોડેસવારો વગેરે આ અભય રાજાના ભુવનમાં રહેશે અને તમે સર્વ ભક્તજનો તમારા દેશ પ્રત્યે સુખેથી જાઓ. (૪૧)

શ્રીહરિ આ પ્રકારે કહીને પોતાને વિષે રાજાની ભક્તિ તથા પોતાના સ્વરૂપનું જ્ઞાન તેમજ સાધુઓમાં અત્યંત આદર સન્માન વગેરે ગુણોની પ્રશંસ કરતા હતા. (૪૨) અતિ દયાનિધિ, ગુણજ્ઞ, શ્રીહરિ અભય રાજાની સ્વધર્મમાં નિષ્ઠા, વૈરાગ્ય, શ્રદ્ધા વગેરેનાં પણ વખાણ કરતા હતા. (૪૩)

અભય રાજાના પુત્ર ઉત્તમ તથા પુત્રીઓ જયા, લલિતા, પંચાલી, નાની તથા અભય રાજાની બે ધર્મપત્નીઓ સુરપ્રભા તથા સોમાદેવી તથા પુત્રવધૂઓ કુમુદા તથા જુહૂ એ બધાંની પોતાને વિષે સ્થિર ભક્તિ તથા ધર્મમાં સ્થિતિ વગેરે તથા વૈરાગ્યાદિ ગુણોનો શ્રીહરિ ઉલ્લેખ કરતા હતા. (૪૪)

પછી શ્રીહરિ તે નગરમાં પોતાના આશ્રિતો સાથે સુખેથી રહ્યા, દેશાંતરથી આવેલા ભક્તો પોત પોતાના દેશ પ્રત્યે ગયા. (૪૫) પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિમાં મિત્રભાવથી જોડાયેલા મુનિ સમુદાયો હંમેશાં શ્રીહરિનાં દર્શન, સ્પર્શ, સંભાષણાદિથી અત્યંત આનંદ પામતા હતા. (૪૬)

શ્રીહરિમાં સર્વદા શુદ્ધ ચિત્તવાળાં, અત્યંત ભાવયુક્ત જયા તથા લલિતાની ભક્તિ સર્વ કરતાં અતિ અધિક હતી. (૪૭)

શ્રીહરિની અનુવૃત્તિમાં સદા પ્રીતિવાળા અભય રાજા પોતાના પુત્ર તથા સાધુઓની સાથે સમગ્ર આશ્રિતોની કામના પૂર્ણ કરનાર ઉદાર ગુણવાળા શ્રી ધર્મના પુત્ર શ્રીહરિની પ્રીતિ તેમ જ આદરપૂર્વક સેવા કરતા હતા. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં ચતુર્થ સ્કંધમાં શ્રીહરિએ વર્ણન કરેલા સાધુઓનાં લક્ષણોનું નિરૂપણ એ નામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી ચૈત્ર સુદી નવમી સમીપમાં આવી એટલે મહામુનિ મુકતાનંદે અભય રાજાને આ પ્રમાણે રમણીય વચન કહ્યું. (૧)

હે રાજન્ ! ચૈત્ર સુદી નવમીને દિવસે શ્રીહરિનો જન્મ દિવસ છે. માટે તે તિથિએ તમારે મહોત્સવ કરવો. (૨) તેમનું આવું વચન સાંભળીને અભય રાજાએ મુક્તાનંદ મુનિને આ પ્રમાણે કહ્યું. (૩)

હે બ્રહ્મન્ ! સાક્ષાત્ ભગવાનની શ્રીહરિની જન્મતિથિ નિમિત્તે હું દર્શનીય મહોત્સવ જરૂર કરાવીશ. (૪) અભય રાજાએ મુક્તાનંદ મુનિને આ પ્રમાણે કહ્યું અને પછી શ્રીહરિની સમીપ જઈ હાથ જોડીને ઉત્સાહપૂર્વક શ્રીહરિ પ્રત્યે બોલ્યા. (૫)

હે હરે ! ચૈત્ર સુદી નવમીને દિવસે આપનો મંગલમય જન્મ છે. માટે તે તિથિએ મહોત્સવ કરવા માટે આપ આજ્ઞા આપો. (૬)

અભય રાજાનું આવું વચન સાંભળીને તેમનો શુદ્ધ ભાવ જાણતા શ્રીહરિએ તે મહોત્સવ કરવા માટે પ્રસન્ન થઈને તેને આજ્ઞા આપી. (૭)

તેથી અભય રાજા ઉત્સવને યોગ્ય સામગ્રીઓ મંગાવવા લાગ્યા. તેમજ આ પ્રસંગે સર્વ ભક્તોને તેડાવવા માટે મંગલ પત્રિકાઓ પણ મોકલવા લાગ્યા. (૮)

આવો અપૂર્વ મહોત્સવ ઉજવાશે એવું જાણીને જુદા જુદા દેશમાંથી બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ વગેરે હજારો ભક્તો ગઢપુરમાં આવવા લાગ્યા. (૯) તે સર્વે ભક્તો અચ્યુત શ્રીહરિનાં દર્શન કરીને ચંદ્રમાને જોઈ ચકોર પક્ષી જેમ શાંત થાય તેમ પોતાને અત્યંત પ્રિય શ્રીહરિનાં દર્શન કરી ત્રિવિધ તાપના દુઃખમાંથી મુક્ત થઈ શાંતિ પામ્યા. (૧૦) ભક્તો પ્રત્યે સ્નેહના સમુદ્રરૂપ શ્રીહરિ, આવેલા તમામ ભક્તોની મધુર વાણી તથા દર્શન વગેરેથી પ્રીતિપૂર્વક સંભાવના કરતા હતા. (૧૧) અભય રાજા પણ સમગ્ર ભક્તોને ઉતારા અપાવવા તેમજ બીજી અન્ય રીતે યથાયોગ્ય તેમની સંભાવના કરાવતા હતા. (૧૨)

ચૈત્ર સુદી નવમીને દિવસે પુરુષોત્તમ શ્રીહરિ સભામાં ઉત્તમ સિંહાસનમાં બિરાજમાન થયા. (૧૩) શ્રીહરિના જ અનન્ય આશ્રયવાળા, શ્રીહરિનાં દર્શન કરવામાં ઉત્સાહવાળા ત્યાગી તથા ગૃહસ્થ

ભક્તો બેઠા. (૧૪) ત્યારબાદ સમગ્ર ભક્તોએ કુમકુમ, અક્ષત, ચંદન, પુષ્પના બાજુબંધ તથા હાર-તોરા વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યુ. (૧૫) તે સમયે પ્રેમાનંદ સ્વામી તથા અન્ય સંતો તબલા તથા વીણાદિ વાદ્યોથી શ્રીહરિની આગળ આદરપૂર્વક શ્રીહરિનાં પદોનું ગાન કરવા લાગ્યા. (૧૬)

હે રાજન્ ! આવી રીતે મહોત્સવ કરતા અને શ્રીહરિનાં દર્શન કરતા હરિભક્તોને દસ ઘડીની રાત્રિ ક્ષણની માફક વીતી ગઈ. (૧૭)

ત્યાર બાદ જેની ચારેય બાજુ સ્ફુરાયમાન રત્નો જડેલા છે તેવા સુવર્ણના સિંહાસનમાં વિરાજમાન થયેલા શ્રીહરિનું પોતાના સંબંધિઓ સહિત અભય રાજા પૂજન કરવા લાગ્યા. (૧૮) પોતાના સંબંધિઓ સહિત અભય રાજા સોનેરી ચળકતાં મહામૂલ્યવાળાં કસુંબી રંગથી રંગેલા વસ્ત્રો, વિવિધ પ્રકારના અલંકારો, ચંદન, અક્ષત, કુમકુમ તથા પુષ્પોના શેખર, બાજુબંધ, હાર તથા બીજા ધૂપ, દીપાદિ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૯-૨૦)

હે મહીપતે ! પછી અભય રાજા સુવર્ણ પાત્રમાં સોનાની મુદ્રાઓ મૂકીને પ્રત્યક્ષ ભગવાનને પ્રેમપૂર્વક અર્પણ કરતા હતા. (૨૧) ત્યારબાદ સુવર્ણ પાત્રમાં કપૂરનો દીવો કરી રાજાએ અતિ આનંદપૂર્વક માંગલિક વાદ્યો વગડાવીને અવતારી પ્રત્યક્ષ શ્રીહરિની મહા આરતી પોતાના પુત્ર ઉત્તમની સાથે અભય રાજા કરતા હતા. (૨૨-૨૩) પછી બંને હાથ જોડીને અભય રાજા શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરીને તેમના દર્શન કરતા સન્મુખ બેઠા. રાજાના કુંવર તથા અન્ય જનો પણ શ્રીહરિના દર્શન કરીને બેઠા. (૨૪)

નિર્નિમેષ દ્રષ્ટિથી પોતાના પ્રિય અચ્યુત શ્રીહરિનાં દર્શન કરતા રાજાને તે સમયે તત્કાળ સમાધિ થઈ. (૨૫) અભય રાજા સમાધિમાં શ્રીહરિનું સર્વધામોથી શ્રેષ્ઠ પરમ અદ્‌ભુત દિવ્ય અક્ષર ધામ જોતા હતા. (૨૬) અત્યંત શાંત, પરમ વ્યોમ, શાશ્વત, અમૃતનામ છે એવું, અતિશય શોભાયુક્ત, શ્રુતિઓમાં બ્રહ્મપુર શબ્દથી વર્ણવેલું શુભ (૨૭) અપાર કાંતિવાળું, જે ધામના અલ્પ દેશમાં અનેક કોટી સૂર્ય તથા ચંદ્રમાનો પ્રકાશ પણ લીન થઈ જાય છે તેવું (૨૮) દિવ્ય ભોગ્ય તથા ભોગોપકરણો તથા ભોક્ત ગણોથી યુક્ત, સચ્ચિદાનંદ, મહા તપસ્વિઓને પણ દુર્લભ. (૨૯)

(એ ધામમાં રાજા એક મંડપ જોતા હતા.) તે મંડપ મણિમય, દિવ્ય, સુવર્ણના સ્તંભોથી, વિરાજીત અત્યંત મનોહર (૩૦) દિવ્ય મોતીઓની લાંબી સેરો જેમાં છે એવા દિવ્ય ઉલ્લોચોવાળો, નેત્રોના આનંદને વધારનાર, અનુપમ. (૩૧) તે મંડપમાં અતિ સુંદર દિવ્ય નાના પ્રકારના મણિઓથી અત્યંત શોભાવાળું અને રત્નજડિત સુવર્ણ સ્તંભવાળું તથા મણિઓના તોરણોએ યુક્ત સિંહાસન રાજાએ જોયું. (૩૨)

અતિ સુંદર તે સિંહાસનમાં બિરાજેલા ધર્મપુત્ર શ્રીહરિનાં રાજા દર્શન કરતા હતા. પરબ્રહ્મ નિજાનંદી અવતારી (૩૩) કરોડો કામદેવોને મોહ પમાડનારા, દિવ્ય અવયવોએ યુક્ત, કિશોર અવસ્થાવાળા, શાંત, અત્યંત રમણીય, દિવ્યાકૃતિવાળા, (૩૪) અત્યંત કારુણ્યરૂપી અમૃત વરસાવતા, શ્રેષ્ઠ કમળના સરખા નેત્રોવાળા, મંદ હાસ્ય યુક્ત મુખથી પૂર્ણ ચંદ્રમાને લજ્જા પમાડે એવા (૩૫)

ભાલમાં લલિત કેસરનું તિલક ધારણ કરતા, રત્નજડિત સુવર્ણનો દિવ્ય મુગટ મસ્તકમાં ધારણ કરતાં. (૩૬) ઘણા દિવ્ય મણિઓ તથા મોતીઓએ યુક્ત હાર તથા દિવ્ય રતન જડિત સુવર્ણના બે કુંડળો ધારણ કરતા, પવિત્ર છે દર્શન જેમનાં એવા. (૩૭) વિવિધ પ્રકારના દિવ્ય મણિમય સુવર્ણના તથા બીજા વિવિધ પ્રકારના અલંકારો સમગ્ર અંગોમાં ધારણ કરતા. (૩૮)

અત્યંત શોભે છે દિવ્ય વસ્ત્રો જેમને એવા, પોતાના સમાન તથા અધિક કોઈ નથી તેવા અત્યંત દિવ્ય પ્રકાશથી જેમનું સમગ્ર અંગ શોભે છે એવા (૩૯) સુંદર પીતાંબર જેમણે પહેર્યાં છે અને સુંદર અલંકારો ધારણ કર્યા છે એવા, શ્રીહરિ સન્મુખ ઊભેલા અવતારોને પણ અભય રાજા જોતા હતા. (૪૦)

દિવ્યાકૃતિવાળા શ્રીહરિના મુખ કમળ તરફ જેમના નેત્રો છે એવા અક્ષર સંજ્ઞાવાળા અસંખ્ય મુક્તોને તે સ્થાનમાં રાજાએ જોયા. (૪૧) ત્યાં અભય રાજા નાના પ્રકારના અલંકારોથી શોભતાં રાધા તથા લક્ષ્મીને પણ જોતા હતા. સુંદર વસ્ત્રો તથા અલંકારો જેમને છે એવા દિવ્ય રૂપવાળાં ભક્તિને પણ જોતા હતા. (૪૨)

તેવી રીતે અભય રાજાએ શાંત, દિવ્ય તેજોમય આકૃતિવાળા તથા સર્વને શાંતિ કરનારા મહા અમૂલ્ય વસ્ત્રો તથા આભૂષણો વાળા ધર્મને પણ જોયા. (૪૩)

હે રાજન્ ! આ પ્રકારે અભય રાજાએ સત્પુરુષોના સ્વામી શ્રીહરિની કૃપાથી સમાધિમાં બે ઘડી અનુપમ સુખ અનુભવ્યું. (૪૪) પછી શ્રીહરિની દૃષ્ટિ માત્રથી અભય રાજા સમાધિમાંથી ઊઠ્યા અને શ્રીહરિને અવતારી જાણીને તેમને પ્રણામ કર્યા. (૪૫)

હે રાજન્ ! અભય રાજા શ્રીહરિનો અનુપમ દિવ્ય ભાવ જોઈને અત્યંત પ્રેમથી કોમળ ચિત્તવાળા તથા સ્નેહના અશ્રુથી પૂર્ણ નેત્રવાળા, પુલકિત અંગવાળા એવા વિનયપૂર્વક બંને હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં ચતુર્થ સ્કંધમાં અભય રાજાએ શ્રીહરિનું ઐશ્વર્ય જોયું તેનું નિરૂપણ નામે સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

અભય રાજા કહે છે :- હે સમર્થ ! મેં હમણાં તમોને પુરુષોત્તમ જાણ્યા. નાના પ્રકારના અવતારોના સમૂહોના એક કારણ, આદિ, દિવ્ય અને નિર્દોષ, રૂપ તથા અનંત શક્તિવાળા, જેની દૃષ્ટિ માત્રથી અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ સ્થિતિ તથા લય થાય છે એવા સામર્થ્યવાળા. (૧)

હે હરે ! તમોએ મને સમાધિમાં કરુણા કરીને પરમધામ બતાવ્યું. તે કેવું છે ? તો અક્ષર, અદ્વિતીય, જેનું બ્રહ્મનામ છે, અત્યંત સુખવાળું, જેમાં કદી શોક નથી, દિવ્ય, તપમાં નિષ્ઠાવાળા જનોને

પણ અપ્રાપ્ય (૨) એવા ધામમાં સુશોભિત દિવ્ય મણિઓવાળા મંડપમાં શોભતું, દિવ્ય મણિઓ જડેલા સોનાના સિંહાસનમાં બિરાજમાન, અક્ષરના મુક્ત ગણોથી વીંટાયેલા, આપને મેં પ્રત્યક્ષ જોયા તથા આપની આગળ મત્સ્ય કચ્છાદિક સર્વ અવતારો પણ જોયા. (૩)

માટે હે અધિશ ! કાળ માયાદિના નિયામક ! ક્ષર અક્ષરથી પર, સુખના એક સ્વરૂપ, તમે જ શરીરધારીઓનું આત્યંતિક કલ્યાણ કરવા માટે મનુષ્ય નાટક ધારણ કરીને આ લોકમાં પધાર્યા છો. (મેં અક્ષરધામમાં જે દિવ્ય સ્વરૂપ આપનું જોયું તે જ તમો આ લોકમાં પ્રાદુર્ભાવ પામ્યા છો.) (૪)

હે ભગવન્ ! સર્વોપરિ અક્ષરધામમાં દિવ્ય રમણીય મૂર્તિ તેમ જ મનુષ્ય સ્વરૂપની આપની આ મૂર્તિ તે બંનેમાં લેશમાત્ર ફેર નથી. જેમ કોઈ શ્રેષ્ઠ નટે સુંદર વેષ ધારણ કર્યો હોય, તેમજ જ્યારે તે તે વેષ રહિત હોય તો પણ તેના સ્વરૂપમાં ભેદ નથી. તેમ આપના અક્ષરધામમાં રહેલા મૂળ સ્વરૂપમાં અને નરનાટ્યધારી આ સ્વરૂપમાં લેશ માત્ર ભેદ નથી. (તમારી કૃપાથી પ્રાપ્ત થયેલી દિવ્ય દૃષ્ટિથી આપની આ દિવ્ય મૂર્તિમાં દિવ્યાદિવ્ય તેમજ સગુણ નિર્ગુણાદિ ભેદ નથી તે તો લોકોએ કલ્પેલો ભેદ છે.) (૫) સનાતન, સર્વોત્કૃષ્ટ દિવ્ય, સુખના એક ધામરૂપ, જેમના નામોચ્ચારથી અનંત પ્રકારના પાપનો નાશ થઈ જાય છે એવા, અલૌકિક, અતકર્ય મહિમાવાળા, ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, વગેરેમાં અપ્રતિમ તમો હે પરાત્મન્ ! આ લોકમાં કરુણાથી અમોને પ્રત્યક્ષ નયનગોચર વર્તો છો. (૬)

જે સંતો આત્મા તથા પરમાત્માના સ્વરૂપનિર્ણયમાં નિપુણ છે અને અતિશુદ્ધ બુદ્ધિવાળા છે. સમગ્ર ઈન્દ્રિયોના વિષયનો ત્યાગ કરીને સત્ય સાધનોથી ઈન્દ્રિયોરૂપી ઘોડાના વેગો જેમણે શાંત કર્યા છે એવા, મહાગુણવાળા તે સંતો આપનું નિરંતર ધ્યાન ધરે છે. (૭)

બ્રહ્માદિ દેવતાઓને પણ આપના દર્શન અતિ દુર્લભ છે. વેદો અને મુક્તો પણ જે માર્ગને શોધી રહ્યા છે એવા સ્વતંત્ર, અવતારી, આપ રાજ્યરૂપી આંધળા કૂવામાં પડેલા અલ્પ બુદ્ધિવાળા મને આ લોકમાં કેવળ દયાથી જ પ્રત્યક્ષ થયા છો. (મેં આપની પ્રાપ્તિ થાય એવું સુકૃત કર્યું નથી. તો પણ મને આપનો જે અહીં મેળાપ થયો તે તો આપની નિષ્કારણ અપાર કૃપાથી જ છે એમ જણાય છે.) (૮-૯) આપની માયાથી નષ્ટ થયું છે જ્ઞાન જેમને તથા જેનો અંત ન આવે એવો કામ જેમને છે એવા તથા રાજ્યના અતિ દુષ્ટ મદરૂપી અંધકારથી આંધળા થયેલા નરેન્દ્રો, આપ કે જે આ લોકમાં પ્રાદુર્ભાવ પામ્યા છો અને તેથી જ પ્રત્યક્ષ, અતિશય પ્રકાશવાળા સમગ્ર જગતના સુખ માટે ઉદય પામેલા આપને ઘુવડો જેમ સૂર્યને ઓળખી શકતા નથી તેમ તમોને ઓળખી શકતા નથી. (૧૦)

સંસારરૂપી જાળમાં પડેલા નરકના દુઃખો ભોગવનારા મૂઢરાજાઓ, પરલોકમાં સુખ નહીં જ પામે. વિદ્યા, તપ તથા વ્રતમાં પ્રીતિવાળા પણ તમારા ચરણ કમળના આશ્રય વિના મુક્તિ નથી જ પામતા. (૧૧) સર્વ પુરુષાર્થના સ્થાનભૂત, કલ્યાણના એક આધારભૂત, છતાં સર્વથી જુદા, આપને આ લોકમાં જે જનો પામે છે તે જનો સંસારરૂપી દુરંત મહાસાગરને તરીને અક્ષર ધામમાં જશે જ. (૧૨)

માટે આપના ચરણ કમળમાં તેમજ આપના સાધુઓમાં મને પ્રીતિ થાય. પુત્ર, ધામ, ધરા,

ધન વગેરે જેને છે એવા દેહાદિકમાં મને પ્રિતી ન રહો. મને આપના ચરણ કમળના રસ વિના સમગ્ર બ્રહ્માંડોનું સુખ જે દુઃખ મિશ્રિત છે તે તુચ્છ થાઓ. (૧૩)

હે ઈશ ! આપના યશરૂપી પટ (વસ્ત્ર) સમગ્ર દિશાઓનું એક આભૂષણ છે. જેની પ્રભા શરદઋતુના ચન્દ્રની કાંતિ સમાન ઉજ્જવળ છે. અને જે સમગ્ર લોકોમાં વ્યાપ્ત થઈ ગયો છે. આપના એ યશરૂપી પટથી આ સમગ્ર જીવોના તાપને શાંતિ પમાડો છો. (૧૪)

હે હરે ! આપ આપના ભક્તોરૂપી કમળોને પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન છો. જે ભક્તો આપનાં દર્શન કરે છે તેમનાં નેત્રની વૃત્તિઓને આપ હરિ લ્યો છો. તેમજ સમગ્ર અસુરના વંશરૂપ વનને બાળી નાંખનાર આપ દાવાગ્નિ સમાન પ્રતાપશાળી છો. (૧૫) મુનિઓના સમુદાયોરૂપી મહાસાગરને ચંદ્રની જેમ આપ આનંદ પમાડો છો. વળી પાખંડ ગણોરૂપી વાદળોને ઉડાવી દેનારા આપ ભયંકર વંટોળરૂપી વાયુ સમાન છો. હે ભગવન્ ! આપ આપના આશ્રિત ગૃહસ્થોને પણ મહા આનંદ પમાડનારા છો. અને આપની રમ્ય મૂર્તિ તે ભક્તોને સદા સ્મરણ કરવા યોગ્ય છે. (૧૬)

હે હરે ! આપના ચરણકમળનું જળ શિવના મસ્તકને આભૂષણરૂપ છે, આપણી વાણી જનોના તાપ હરનારી છે, આપનું શુભ નામ પાપને નાશ કરનારું છે. જીવો આપનાં દર્શન કરી સંસાર સાગરમાં પડતા નથી. (૧૭) જે જન સ્થાનભૂત આપના ચરણ કમળનો ત્યાગ કરીને બીજાનું ચિંતવન કરે છે કે ધ્યાન કરે છે તે બળદ સમાન છે. અને સર્વ કામનાને પૂર્ણ કરનાર કલ્પવૃક્ષનો ત્યાગ કરીને કાંટાવાળા ત્યાગ કરવા યોગ્ય બાવળીયાના વૃક્ષને તે પામે છે. (૧૮)

તપ, યોગ વગેરે સુકૃત્યો કર્યા છતાં પણ જેમની પ્રાપ્તિ દુર્લભ છે એવા આપને કેવળ આપની કૃપાથી પ્રાપ્ત કર્યા છતાં આપનો ત્યાગ કરીને બીજા પદાર્થોની કે બીજા દેવો વગેરેની (ઉપાસ્ય સ્વરૂપ તરીકે) જે ઈચ્છા કરે છે તે ચિંતામણીનો ત્યાગ કરીને કાચને જેમ ઈચ્છે તેવા મૂર્ખ ગણાય છે. (૧૯) તેથી સર્વોત્તમ ઐશ્વર્ય ગુણ વગેરેના સમુદ્ર, મુખની શ્રેષ્ઠ શોભાથી જેમણે પૂર્ણચંદ્ર જીત્યો છે એવા, સત્પુરુષોને પ્રિય કે ઈષ્ટ, સમગ્ર જીવોના મિત્ર એવા તમો જ હંમેશા મારા અંતરમાં રહો. (૨૦) હે પ્રિયકારી ! આપે મારા ઉપર કૃપા કરીને જે આ ઉપકાર કર્યો છે તે ઉપકારનો બદલો આપવા હું અસમર્થ છું. હે હરે ! તેથી હું આપને સદા નમસ્કાર કરું છું. (૨૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- તે અભય રાજા આવી રીતે શ્રીહરિની ભક્તિપૂર્વક સ્તુતિ કરીને તથા તેમને પ્રણામ કરીને, સંતોષ પામી શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિની સમીપમાં બેઠા. (૨૨)

પછી અભય રાજાએ જે સુવર્ણ મુદ્રા વગેરે દ્રવ્ય પોતાને અર્પણ કર્યું હતું તે સર્વ શ્રીહરિ બ્રાહ્મણોને આપતા હતા. (૨૩) હે રાજન્ ! આવી રીતે શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહિત ચિત્તવાળા જનોએ મહોત્સવની સમગ્ર રાત્રી ક્ષણના માફક પસાર કરી. (૨૪)

પછી અચ્યુત શ્રીહરિ સવારમાં સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરીને, વર્ણિઓના પાત્રોમાં બરફી પેંડા વગેરે પીરસ્યા. એટલે સર્વે બ્રહ્મચારીઓ ભોજન કરવા લાગ્યા. (૨૫-૨૬) પછી હે રાજન્ !

પ્રભુ શ્રીહરિ સાધુઓની પાકશાળામાં પધાર્યા અને સાધુઓની પંક્તિમાં વિવિધ પ્રકારના ભોજનો પીરસીને સાધુઓને પણ જમાડતા હતા. (૨૭) ભક્તો પ્રત્યે સ્નેહના સમુદ્રરૂપ સત્પુરુષોના સ્વામી, શ્રીહરિએ સર્વ પાર્ષદોને પણ પીરસીને અત્યંત તૃપ્ત કર્યા. (૨૮)

ત્યાર બાદ શ્રીહરિ પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા અને મુકુંદાનંદ વર્ણીએ દૂધમાં બનાવેલા વિવિધ પ્રકારના પાક જોવા લાગ્યા. (૨૯) પછી ભગવાન શ્રીહરિએ સ્નાન કર્યું. સ્નાન કરી દાળ ભાત કરીને રાયતા તથા શાકમાં મીઠું નાખ્યું. (૩૦)

ત્યાર બાદ શ્રીહરિ સુંદર પાપડ તથા અથાણાં વગેરેથી યુક્ત સોનાના પાત્રમાં રહેલા ભોજન વિષ્ણુને નિવેદન કરતા હતા. (૩૧) પછી નિયંતા શ્રીહરિ સુંદર બાજોઠ ઉપર બેસીને વારંવાર જળ પીતા અનુક્રમે સર્વે ભોજન સામગ્રી જમવા લાગ્યા. (૩૨) જમી રહ્યા પછી અચ્યુત શ્રીહરિ બંને હાથ તથા મુખ ધોઈને વર્ણિએ આપેલ મુખવાસ લીધો. (૩૩)

પછી સંતોના સ્વામી ભગવાન શ્રીહરિ શ્વેત વસ્ત્રો પહેરીને સભામાં પધાર્યા અને હર્ષ પૂર્વક પોતાના આસને બિરાજમાન થયા. (૩૪) તેટલામાં ત્યાગીજનો જમીને સભામાં યથા યોગ્ય બેઠા તથા પુરના જનો તથા દેશના ભક્તજનો આવીને યથા યોગ્ય બેઠા. (૩૫)

શ્રીહરિએ તે સભામાં ધર્મ સંબંધી ઉપદેશ વાર્તા કરીને સમગ્ર દેશના જનોને પોત પોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપી. (૩૬) હે રાજન્ ! પછી સમગ્ર ભક્તોએ વિવિધ પ્રકારના ઉપચારોથી સમ્યક્ પ્રકારે શ્રીહરિનું પૂજન કર્યું. પછી નમસ્કાર કરીને પોતપોતાના દેશ પ્રત્યે ગયા. (૩૭)

શ્રીહરિ ગઢપુરમાં રહી અભય રાજાને તથા તેના કુંવર ઉત્તમને પ્રસન્ન કરતા હતા. અને નિત્ય એકાંતિક ધર્મનો ઉપદેશ આપતા ગઢપુરમાં સુખપૂર્વક વસતા હતા. (૩૮) સંશય રહિત થયેલા અભય રાજા તથા તેમના કુંવર અત્યંત કૃતાર્થ થઈ ગયા અને હંમેશા શ્રીહરિની સેવા કરતા હતા. જયા, લલિતા વગેરે પણ અતિ ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૩૯) હે ભૂપતે ! શ્રીહરિએ જેમ સરધારપુરમાં શ્રાવણ માસમાં જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો હતો. (૪૦) તે જ પ્રમાણે ભક્તોને અભીષ્ટ સુખ આપનારા સહજાનંદ પ્રભુ ગઢપુરમાં પણ સર્વ એકાદશીઓના ઉત્સવ કરતા હતા. (૪૧)

હે ભૂપતે ! આ પ્રકારે દુર્ગપત્તનમાં મુનીંદ્રોની સાથે શ્રીહરિ વસતા હતા. એટલામાં આશ્વિન માસની પૂર્ણિમા આવી જે પૂર્ણિમામાં આકાશ સ્વચ્છ તારાથી યુક્ત હોય છે. (૪૨) તે પૂર્ણિમાની રાત્રિએ જ્યારે પૂર્ણ ચંદ્ર ઉદય પામ્યો ત્યારે હે મહીપતે ! શ્રીહરિ પ્રીતિપૂર્વક શાસ્ત્ર પ્રમાણે શરદોત્સવ કરતા હતા (૪૩) હે રાજન્ ! આ ઉત્સવ પ્રસંગે શ્રીહરિનાં દર્શન માટે પુરના હજારો હજાર ભક્તજનો સ્ત્રીઓ વગેરે આવ્યા અને દર્શન કરી ઘણો આનંદ પામ્યા. (૪૪) ત્યારબાદ શ્રીહરિની આજ્ઞાથી ભક્તો તથા સ્ત્રીઓ પોતપોતાના નિવાસમાં ગયા. અભય રાજા પણ પોતાના પુત્રની સાથે પોતાના નિવાસ સ્થાનમાં ગયા. (૪૫)

હે રાજન્ ! મહાપુરુષોની ગતિરૂપ ધર્મના પુત્ર શ્રી હરિકૃષ્ણની સમીપમાં તે સમયે કેવળ સમગ્ર મુનિઓ જ રહ્યા. (૪૬) પછી સાધુઓ ઉપર પ્રસન્ન થયેલ ભગવાન શ્રીહરિ અપાર કરુણાથી તેમના

પૂર્વ જન્મ ગત સ્વસ્વરૂપનું જ્ઞાન આપતા પોતાના મુખકમળમાં અતિશય પ્રીતિવાળા, નેત્રોરૂપી ભ્રમરોને આનંદ આપતા સંતો પ્રત્યે બોલ્યા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં ચતુર્થ સ્કંધમાં શ્રીહરિની અભય રાજાએ સ્તુતિ કરી તે નિરૂપણ નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રીહરિકૃષ્ણ મહારાજ કહે છે :- હે ઉત્તમ સાધુઓ ! તમો સર્વે મારું વચન સાંભળો, હે મુનિઓ ! તમો સર્વે નિષ્પાપ મહામુક્તો છો. (૧) હે મુનિઓ ! દુર્વાસાઋષિના શાપથી તમો પૃથ્વી ઉપર મનુષ્ય યોનિમાં જન્મ પામેલા છો. આ પ્રમાણે તમારે સર્વેએ તમારું આ રહસ્ય જાણવું. (૨)

શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું એટલે સાધુઓ શ્રીહરિની ઈચ્છાથી તત્કાળ દિવ્ય દૃષ્ટિથી પૂર્વની માફક પોતાના આત્માને જોવા લાગ્યા. (૩) તપ, યોગ સમાધિથી પ્રાપ્ત થયેલા, ઐશ્વર્યથી યુક્ત, મહાતેજોમય, પોતપોતાના આત્માને જોઈને તે સર્વે હર્ષ પામ્યા. (૪) સર્વે સંત પ્રત્યક્ષ વર્તતા શ્રીહરિને અક્ષરથી પર અવતારી જાણીને પ્રસન્ન થઈને શ્રીહરિને પ્રણામ કરીને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. (૫)

હે હરે ! આપની પ્રસન્નતાથી અમોને સર્વદા આ પ્રકારનું જ્ઞાન રહે. આપના આશ્રિતો અમો સર્વે આ પ્રમાણે ઈચ્છીએ છીએ. (૬)

પોતામાં અનુરાગવાળા મુનિઓનું આ વચન સાંભળીને શ્રીહરિ તેમના પ્રત્યે પ્રીતિપૂર્વક મધુર વચન બોલ્યા. (૭) હે મુનિઓ ! તમો સાંભળો. તમોએ તમારા પૂર્વ જન્મના સ્વસ્વરૂપનું જ્ઞાન ઈચ્છ્યું. પરંતુ તે તમારા હિતમાં નથી. (૮) અત્યારે ઘોર કળિયુગ છે. આ કળિયુગમાં ઘણું કરીને પ્રાણિઓ મહા પાપવાળા તથા આસુરી સંપત્તિવાળા હોય છે. (૯)

હે સત્પુરુષો ! દુરાચારમાં પ્રિતિવાળા તથા કુબુદ્ધિવાળા તે મનુષ્યો તમારો મહિમા ન જાણવાથી તમારો જ્યારે દ્રોહ કરશે; (૧૦) ત્યારે હે મુનિઓ ! તમારા પૂર્વના જ્ઞાનના બળથી તમો તેમનો એ અસહ્ય અપરાધ સહન કરવા માટે સમર્થ કેમ થશો ? અર્થાત્ નહીં જ થાવ. (૧૧) અતિશય ઐશ્વર્યવાળા તમોને જ્યારે ક્રોધ થાય ત્યારે સર્વે પ્રાણીઓનો જરૂર ક્ષય થાય જ. (૧૨)

એકના અપરાધથી તેના સંસર્ગથી ઘણા મનુષ્યોને પણ અસહ્ય દુઃખ થાય. (૧૩) હે નિષ્પાપો! જેમ પૂર્વે દુર્વાસા ઋષિનું ઈન્દ્રે અપમાન કર્યું તેથી ત્રિલોકીને અત્યંત પીડા થઈ હતી. (૧૪) સર્વ પ્રાણીઓનો આવી રીતે ક્ષય થાય તેમાં તમો કારણભૂત થાઓ. ક્રોધનો ઉદ્ભવ થાય ત્યારે તમારા તપનો પણ ક્ષય થાય. (૧૫) હે સંતો તેથી તમને તમારા પૂર્વ જન્મનું જ્ઞાન થાય તે યોગ્ય નથી. મારા સ્વરૂપનું ચિંતવન કરશો. તે સમયે તમોને તે જ્ઞાન ક્યારેક ક્યારેક થશે. (૧૬)

હે મહીપતે ! શ્રી હરિએ આ પ્રમાણે કહ્યું ત્યારે સાધુઓનું પોતાના પૂર્વ સ્વરૂપનું જ્ઞાન, સર્વેશ શ્રીહરિની ઈચ્છાથી તત્કાળ અંતર્હીત થયું. (૧૭) આ પ્રમાણે વાર્તાના પ્રસંગથી રાત્રી વીતી ગઈ. પછી પ્રાતઃકાળમાં શ્રીહરિ નિત્યકર્મ કરવાની ઈચ્છાથી પધાર્યા. (૧૮)

શ્રીહરિના સુંદર વચનામૃતનું આવી રીતે પાન કરી અત્યંત હર્ષ પામેલા મુનિઓ સ્નાન કરવા માટે ઉન્મત્તગંગા પ્રત્યે ગયા. (૧૯) શ્રીહરિએ આ પ્રકારે પોતાના આશ્રિતોનું, જેમ પિતા પુત્રનું હિત કરે તેમ સદા હિત કર્યું છે. (૨૦) હે રાજન્ ! પછી કરુણાસાગર શ્રીહરિ મુમુક્ષુઓનું કલ્યાણ કરવા માટે સાધુઓને દેશાંતરમાં મોકલવા માટે વિચાર કરવા લાગ્યા. (૨૧) હે રાજન્ ! શ્રીહરિના આશ્રિત જુદા જુદા દેશના ભક્તો પણ શ્રીહરિને મળીને પોતપોતાના ગામમાં લઈ જવા માટે ઈચ્છતા હોવાથી શ્રીહરિને વારંવાર ઘણી પ્રાર્થના કરતા હતા. (૨૨)

હે ભક્તો ! તમારા ગામ પ્રત્યે હું આવીશ. આ પ્રકારે સર્વે ભક્તોને ધર્મ સંસ્થાપન માટે જેમનો ઉદ્યમ છે તે ધર્મના પુત્ર શ્રીહરિ કહેતા હતા. (૨૩) તો પણ અભય રાજાની આગળ જે પ્રતિજ્ઞા કરી છે. તેનું પાલન કરવા સ્વયં શ્રીહરિ ચાતુર્માસ પર્યંત દુર્ગપત્તનમાં મુનિઓની સાથે રહેતા હતા. (૨૪)

ગઢપુરમાં પ્રબોધિની એકાદશીનો મહોત્સવ કરીને સભામાં બિરાજમાન થયેલા શ્રીહરિ અભય રાજા પ્રત્યે બોલ્યા. (૨૫) હે રાજન્ ! મેં તમારી પ્રસન્નતા માટે ચાતુર્માસની સમાપ્તિ પર્યંત સમ્રાટ રાજાને પણ દુર્લભ મુનિઓને અહીં રાખ્યા. (૨૬) હે રાજન્ ! મુમુક્ષુઓનું કલ્યાણ કરવા પૃથ્વી ઉપર ફરવા માટે આ મુનિઓને હવે હું મોકલું છું. સંતો તો સંસાર સાગરના નાવિકો છે. (૨૭) વળી દેશાંતરમાં રહેલા મારા ભક્તો પણ મારા આગમનની રાહ જુએ છે. માટે હે રાજન્ ! હું હવે સૌવીર દેશમાં જઈશ. (૨૮) હે રાજન્ ! તમે તમારા સંબંધી જનોની સાથે અહિંસા વગેરે યમ-નિયમોનું પાલન કરીને હંમેશા સારી ભક્તિ કરો. (૨૯)

અભય રાજા તથા તેમના પુત્ર તથા અન્યજનો શ્રીહરિનું આ પ્રકારનું વચન સાંભળીને શ્રીહરિને વારંવાર પ્રણામ કરતા આંખમાં અશ્રુ સહિત શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા. (૩૦)

હે સ્વામિન્ ! તમારા દર્શનથી અમારો આત્મા અત્યંત સુખી થયો છે એવા અમે જે આપના દાસ છીએ. તેમનો ત્યાગ કરીને હે કરુણાસાગર ! ક્યાં જાવ છો ? (૩૧) હે સર્વાત્મન્ ! પ્રાણથી પણ અત્યંત પ્રિય, સર્વ સુખના નિધિરૂપ, આપના જવાથી આપ જેમના પ્રાણજીવન છો એવા અમારા દેહમાં પ્રાણ રહેશે જ નહિ. (૩૨) માટે આપે જો અવશ્ય જવું જ હોય તો અમોને પણ આપ આપની સાથે સૌવીર દેશમાં લઈ જાઓ અથવા હે નાથ ! આપ અહીં રહો. (૩૩)

હે આશ્રિત જનોની પીડા હરનારા ! અમારા પ્રાણપતિ આપનો વિરહ અમો સહન કરવા માટે સમર્થ નથી. માટે અમો તો આપની સાથે જ આવીશું. (૩૪) રાજ્ય તો આપને સમર્પણ કર્યું છે. તેથી અમારે તેની ચિંતા નથી. બ્રહ્માંડના પોષણ કરનારા આપ અન્ન તો સર્વ ઠેકાણે આપનારા છો. (૩૫)

અભય રાજા તથા તેમના સંબંધીજનોનું આવું નિષ્કપટ વચન સાંભળીને તેમની ભક્તિને આધીન થયેલા શ્રીહરિ પ્રસન્ન થઈને અભય રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૬)

હે રાજન્ ! તમો ચિંત કરશો નહિ. તમોએ મને ભક્તિથી વશ કર્યો છે. તમારા એકાંતિક ધર્મથી હું પ્રસન્ન થયો છું. (૩૭) હે રાજન્ ! તમારા મહેલમાં જ હું નિરંતર નિવાસ કરીશ. એમાં સંશય નથી. મારા આશ્રિત જનોના આનંદ માટે ભક્ત જનોના ગામોમાં જઈને ફરી ફરીને હું અહીં જ આવીશ. (૩૮) હે રાજર્ષે ! આ રાજ્યનું મારી આજ્ઞાથી તમારે રક્ષણ કરવું. તમારા આ ભુવનમાં મારા દર્શન માટે ચારેય તરફથી મુનિઓ આવશે. (૩૯) નિર્દંભ એવી તમારી તથા તમારી પુત્રીઓ તથા પુત્રની ભક્તિથી હું તમોને અત્યંત વશ થઈ ગયો છું. તે મારું વચન તમે સત્ય જાણો. (૪૦)

હે રાજન્ ! શ્રીહરિએ તેમને આ વરદાન આપ્યું તેથી શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા તે રાજા તથા તેનો સમસ્ત પરિવાર અત્યંત આનંદ પામ્યો. (૪૧) અભય રાજાના ભુવનમાં વસતા ધર્મના પુત્ર ભક્તો પ્રિય છે જેમને એવા, શ્રીહરિ પોતાના આશ્રિત અભય રાજા વગેરેને સુખ આપતા હતા. (૪૨)

હે રાજન્ ! શ્રીહરિ અભય રાજાના સર્વોત્તમ ભુવનમાં રાધાએ સહિત વાસુદેવની મૂર્તિની વિધિ પ્રમાણે સ્થાપના કરી. (૪૩) તે સમયે (રાધિકાએ સહિત શ્રી વાસુદેવ ભગવાનની પ્રતિષ્ઠા સમયે) ધર્મનંદન શ્રીહરિ મહોત્સવ કરતા હતા. તે મહોત્સવની ભવ્યતા સાંભળીને સર્વે રાજાઓ પરમ વિસ્મય પામ્યા. (૪૪) નરેશ્વર અભય રાજાએ વિધિ પ્રમાણે વાસુદેવનારાયણની સેવા કરવા માટે શ્રીહરિના ભક્ત શુદ્ધ બુદ્ધિવાળા સુશીલ બહેચર ભટ્ટને હળવદથી બોલાવ્યા તેમજ તેમની જીવિકાવૃત્તિ પણ બાંધી દીધી. (૪૫)

આ પ્રમાણે અભય રાજા સમય સમય પ્રમાણે શ્રીહરિની તમામ સેવા પરમ આદરથી કરતા હતા. જેમની ભક્તિથી ઈશ્વરોના ઈશ્વર પ્રત્યક્ષ શ્રીહરિ તેના ભુવનમાં જ નિવાસ કરીને રહ્યા. (૪૬) હે રાજન્ ! પછી સમગ્ર બ્રહ્માંડોના અધિપતિ, અતિ મહાન, ઈશ્વર, ધર્મના પુત્ર, શ્રીહરિ પ્રાણિઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવા માટે, પોતાના ચરણમાં પ્રીતિવાળા મુનિંદ્રોને જુદાજુદા દેશોમાં મોકલવાની ઈચ્છાથી અને આ પૃથ્વીમાં કળિયુગના બળથી કુમતિ પુરુષોના પાપકર્મો વૃદ્ધિ પામ્યા છે. તેના નિવારણ, માટે અનુપમ આનંદથી મુનિંદ્રોને આ પ્રમાણે ઉપદેશ આપતા હતા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં મુનિઓને પોતાના પૂર્વસ્વરૂપનાં દર્શનાદિ કરાવ્યા તેના નિરૂપણ નામે નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી હરિકૃષ્ણ મહારાજ કહે છે :- હે સંતો ! મુમુક્ષુઓને ઉપદેશ કરવા માટે તેમજ પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ વિસ્તારવા તમો મંડળે સહિત જાવ. અનેક દેશોમાં વિચરણ કરો. (૧) તે દેશોમાં જે મુમુક્ષુજનો તમારુ શરણ ગ્રહણ કરે તે મુમુક્ષુજનોને સંસારનું બંધન તોડનારી મારી ઉપાસનાનો ઉપદેશ આપવો. (૨) અહિંસાદિ યમોની સાથે પોતાના ધર્મમાં સ્થિતિ રાખવી, એમ તમારે તેમને કહેવું. તેમજ શ્રીહરિના મંત્રનો જપ (''સ્વામિનારાયણ'' મંત્રરાજનો જપ) કરવાનું તેમને તમારે કહેવું. (૩)

હે ઉત્તમ સંતો ! આ ઉપદેશ સ્ત્રીઓને સ્ત્રીઓના સંબંધી પિતા-ભાઈ વગેરે દ્વારા જ કરાવવો. ક્યારેય પણ તમારે તેમને ઉપદેશ ન કરવો. (૪) હે સાધુઓ ! તમારે સ્ત્રીઓથી, બાળકો રાક્ષસીઓથી જેમ ભય પામે તેમ હંમેશાં ભય પામવું. તેમજ સ્ત્રીઓનો તમારે અષ્ટપ્રકારે ત્યાગ કરવો ક્યારેય પણ તેમનો સ્પર્શ ન કરવો. (૫)

હે મુનિઓ ! તમારા ત્યાગી ધર્મમાં રહીને તમારે શ્રીહરિની નવ પ્રકારે ભક્તિ કરવી. તેમજ તમારો જે જે આશ્રય કરે તેમને પણ ધર્મમાં રાખવાનો યત્ન કરવો અને અહિંસાદિ યમોનું હંમેશા પાલન કરવું. (૬) હે મુનિઓ ! તમોએ મારા અનુગ્રહથી લોભ, કામ, રસ, સ્નેહ, માન વગેરે દુષ્ટ અંતઃશત્રુઓ અત્યંત નાશ કર્યા છે. (૭) અધર્મ વંશમાં ઉત્પત્તિવાળા અતિ દુર્જય લોભાદિ શત્રુઓને, જેવા તમોએ પરાભવ પમાડ્યા છે તેવા બીજા વિદ્વાનોએ પણ પરાભવ પમાડ્યા નથી. (૮)

જે લોભાદિ અંતઃશત્રુઓથી દેવ, દૈત્ય, રાજાઓ દુર્દશાને પામ્યા છે અને રંકની માફક આપત્તિ પામીને લોકમાં અતિ નિંદા પામ્યા છે. (૯) તપ તથા વિદ્યામાં અત્યંત પ્રીતિવાળા, પ્રશંસ્ય વ્રતો આચરનારા ઋષિઓને પણ જે અંતઃશત્રુઓએ કલ્યાણના માર્ગથી પાડ્યા છે અને મહાન આપત્તિ પમાડી છે. (૧૦) દંડના આઘાતથી ક્રોધાયમાન થયેલા ફણીન્દ્રોની જેમ ક્રોધ પામેલા સમગ્ર કપટના સ્થાનરૂપ સર્વ અંતઃશત્રુઓ તમારામાં પ્રવેશ કરવા છિદ્રની વાટ જુએ છે. (૧૧) કળિયુગથી વૃદ્ધિ પામેલા મદોદ્ધત લોભાદિ શત્રુઓ આ લોકમાં અસુરાંશવાળા, રાજાઓ તથા ગુરુઓમાં પ્રવેશ કરીને તેમને પ્રેરણા કરી તે દ્વારાએ તમોને જરૂર ઉપદ્રવ કરશે. માટે તમારે ધીરજ રાખી હંમેશા સાવધાન રહેવું. (૧૨-૧૩)

પૃથ્વી ઉપર અસુરાંશવાળા, મહા મદોન્મત્ત, સાધુઓના દ્રોહ પરાયણ ઘણા દુર્જન દંભી ભક્તો પણ છે. (૧૪) અશાંત ચિત્તવાળા અસુરાંશ દુર્જનો, જેમને પંચવિષયમાં પ્રીતિ છે, તેથી તે પાપીઓ શ્રીકૃષ્ણને પરમેશ્વર માનતા નથી, તેમજ પોતાનો ધર્મ પણ જાણતા નથી. (૧૫)

હે મુનિઓ ! તમારી સર્વ ક્રિયાઓ તેમનાથી જુદા પ્રકારની છે. તેથી અતિ નિર્દય અસુરાંશવાળા દુર્જનો તમારો દ્રોહ કરશે. (૧૬) ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ યુક્ત મારી ભક્તિના આચરણરૂપ તમારી સત્‌ક્રિયાનું કારણ હું છું. એમ જાણીને તમારા વિચરણ પહેલાં જ મારો પ્રતાપ સાંભળીને, મત્સરવાળા અસુંરાંશી દુર્જનો મારો અત્યંત દ્રોહ કરશે. (૧૭)

આ પ્રકારના દુર્જનો ક્યારેક તમને પણ ઉપદ્રવ કરશે. પરંતુ તમારે તેમની તે ઉપાધિ સહન કરવી. ક્યારેય ક્રોધ તો ન જ કરવો. (૧૮) ઉપદ્રવના નિવારણના ઉપાયનું સર્વ પ્રકારે સામર્થ્ય હોય છતાં પણ, સાધુઓએ તો તે સહન જ કરવું, તે જ સાધુઓનું લક્ષણ છે. (૧૯) બીજાના ઉપર ક્રોધ કરવાથી પોતાના તપનો ક્ષય થાય છે. માટે સજ્જનો હંમેશા દુર્જનોનો ઉપદ્રવ સહન કરે છે. (૨૦)

દુષ્ટોનાં દુર્વચનરૂપી બાણોથી સર્વ પ્રકારે શક્તિમાન હોવા છતાં પણ જે ક્યારેય ક્ષોભ નથી પામતા, તેમના દર્શન બ્રહ્માદિ ઈશ્વરો પણ ઈચ્છે છે. (૨૧) પરોપકાર સ્વભાવવાળા, દયાળુ, મારા આશ્રિત સાધુઓ તમારે તો ક્ષમા એક પરમ ભૂષણ છે. (૨૨) ઋષભદેવની માફક મારી આજ્ઞાથી જ પૃથ્વી ઉપર ફરતા મારા આશ્રિત સાધુઓએ નિર્માની થવું. (૨૩)

જે ક્ષમાવાન પુરુષ હંમેશા બીજાના કઠોર વચનો સહન કરે છે. તેણે આ સમગ્ર ત્રિલોકી ક્ષમાથી જીતી છે. (૨૪) જે મુનિ હૃદયમાં ઉત્પન્ન થયેલા ક્રોધનો, સર્પ જેમ કાંચળી ઉતારે છે તેમ ક્ષમાથી, તત્કાળ ત્યાગ કરે છે. તેને વિદ્વાનો મુનિ કહે છે. (૨૫) જે સો વર્ષ પર્યંત દર માસે રાજસૂય યજ્ઞ કરી પૂજન કરે અને જે કોઈના ઉપર ક્રોધ ન કરે, તે બેમાં જે ક્રોધ નથી કરતો તે અધિક છે. (૨૬)

જ્યારે આ લોકમાં વિદ્યમાન જ્ઞાની સાધુપુરુષ પોતે પ્રાકૃત જીવનની માફક ક્રોધ કરે ત્યારે મૂર્ખની માફક જ્ઞાની પુરુષનો સ્વધર્માદિના જ્ઞાનથી શો લાભ છે ? કંઈ પણ નથી. (૨૭) પોતાના હિતમાં ઉદ્યમવાળો. ધીર પુરુષ જે ક્ષમાથી ક્રોધને જીતે અને હંમેશા શાંત વર્તે. પૃથ્વીમાં તેની સમાન બીજો કોણ છે ? કોઈ પણ નથી. (૨૮) તિરસ્કાર તથા તાડન કરવાથી તથા ગાળો દેવાથી ક્રોધ ઉત્પન્ન કરવા પ્રયત્ન કરે છતાં પણ તેના પ્રત્યે ક્રોધ ન કરે તેવા ક્ષમાશીલ પુરુષનો ક્રોધ (ક્ષમાવાળા પુરુષનો ક્રોધ બહારથી જણાતો નથી પણ અંદર તો છે.) ક્રોધ કરનારને બાળે છે. ક્ષમાવાળા પુરુષનું સર્વ શ્રેય થાય છે. (૨૯) જે માણસ ક્રોધયુક્ત હોમ કરે છે તથા દેવતાનું પૂજન કરે છે, મંત્ર જપ કરે છે, તેનું સર્વ જપાદિ સત્કર્મથી ઉત્પન્ન થયેલું પુણ્ય ભાંગેલા પાત્રમાંથી જળ જેમ સ્ત્રવી જાય છે, તેમ નાશ પામે છે. (૩૦)

હે સંતો ! વ્રત, દાન તથા તપ, નિયમો વગેરેથી અતિ પ્રયત્નથી કરેલાં સત્કર્મને તે ક્રોધાગ્નિ એક ક્ષણમાં બાળી મૂકે છે. (૩૧) જે સાધુઓ પ્રયત્નપૂર્વક કામાદિ દુસ્તર સમુદ્રને તરી જાય છે, પરંતુ ફળ શૂન્ય ક્રોધમાં આવેશને આધીન થાય છે, તે ગાયના પગલામાં બૂડી જાય છે. (૩૨) ક્રોધી પુરુષ હંમેશા ભય જુવે છે. કારણ કે ક્રોધરૂપી અગ્નિથી બળેલા માણસને ક્યારેય પણ શાંતિ નથી. (૩૩)

ક્રોધાંધ પોતાનું તથા બીજાનું હિત નથી જ જોતો. ક્રોધથી માણસ એકદમ નિંદિત કર્મ કરે છે. (૩૪) ક્રોધી માણસ પ્રજ્વલિત અગ્નિની માફક કદી ન સહન થઈ શકે તેવા મર્મ સ્થળને ભેદનારાં વાણીરૂપી બાણથી બીજાને વીંધે છે. વચનરૂપી બાણથી હણાયેલા માણસ પોતાના પ્રાણનો ત્યાગ કરે છે. (૩૫) શાસ્ત્રજ્ઞ વિદ્વાન જે ક્રોધને નિયમમાં નથી કરતો તે જેમ મણિથી અલંકૃત મહાસર્પ ભયકારક છે તેમ સર્વજનોને ભય કરનાર છે. (૩૬) ક્રોધ પ્રાણીઓની પ્રજ્ઞાને, તૃષ્ણા ધીરજનો જેમ નાશ કરે છે તેમ, નાશ કરે છે. કોઢ ઉત્તમ રૂપનો જેમ નાશ કરે છે તેમ સર્વ શોભાને હરે છે. (૩૭) પોતાને

તથા બીજાને અત્યંત બાળતા અગ્નિ સમાન ક્રોધનું જે માણસ ક્ષમાથી નિવારણ કરતો નથી, તે અત્યંત પીડા પામે છે. (૩૮)

ગર્જના કરતો વાઘ જેમ લોકોને દૂરથી ત્રાસ પમાડે છે. તેવી રીતે ક્રોધીજન આ લોકમાં પ્રાણીઓને અત્યંત ત્રાસ પમાડે છે. (૩૯) ક્રોધથી વ્યાપ્ત અંતઃકરણવાળા પ્રાણીઓ બાળક, સ્ત્રી, બ્રાહ્મણાદિ જેની હત્યા કરવી તે સર્વ માટે અયોગ્ય છે. તેનો પણ તત્કાળ નાશ કરે છે. (૪૦)

અનેક અનર્થોના સ્થાનભૂત ક્રોધને આવા પ્રકારનો જાણીને જે પુરુષ તેનો ત્યાગ કરે છે, સુજ્ઞ પુરુષો તેને દીર્ઘદર્શી માને છે. (૪૧) દુર્જનોના વાક્ય બાણોથી વીંધાયેલો છતાં પણ જે વિચક્ષણ ક્રોધ કરતો નથી તે જ અત્યંત શાંતિ તથા કીર્તિ પામે છે. (૪૨) વિરૂપતાનું કારણ ક્રોધ છે. જ્યારે સાધુપુરુષોમાં તે ઉદય પામે છે, ત્યારે શાંત સ્વભાવવાળા સાધુઓ પણ લોકોને ભય ઉપજાવનારા હોય ને શું ? એમ દેખાય છે. (૪૩) હે સંતો ! માટે સાધુતાની શોભાને નાશ કરનાર આ પ્રકારનો ક્રોધ તમારા જેવા દીર્ઘદર્શીઓ કેમ કરે ? અર્થાત્ ન જ કરે. (૪૪)

સત્પુરુષોનું અપમાન કરી તે પાપથી જીવતો માણસ મરેલા જેવો જ છે. તેના ઉપર કયો વિદ્વાન માણસ કોપ કરે ? તેવા પ્રકારના માણસ પ્રત્યે કોપ કરવો તેતો મરેલાને મારવા સમાન છે. (૪૫) આવી રીતે પોતાનું અનર્થ કરનાર દુષ્ટજનોએ કોઈ કાળે આયુધો વડે તમોને તાડન કર્યું હોય છતાં પણ તમારા જેવા બુદ્ધિશાળી પુરુષો, જે ધૈર્ય તથા તેજથી અત્યંત શોભે છે તેવા સાધુઓ કેમ ક્રોધ કરે? ન જ કરે. (૪૬) હે સંતો ! ક્ષમા એ જ ધર્મ, યજ્ઞ, શાસ્ત્ર, તથા સમગ્ર અર્થથી યુક્ત વેદ છે. ક્ષમા રહિત જે પુણ્ય કરાય છે તે પુણ્ય નિરર્થક થાય છે. (૪૭) ક્ષમા યુક્ત ધીર પુરુષો જેઓએ યજ્ઞ કર્યા છે. તેવા લોકો પ્રાપ્ત થતા સ્વર્ગાદિ લોકને ઉલ્લંઘન કરીને તેથી ઉંચા અતિ સુંદર શોક રહિત દિવ્ય લોક પ્રત્યે જાય છે.(૪૮) ક્ષમા તેજસ્વી પ્રાણીઓનું તેજ છે. તેવી રીતે તપસ્વી પુરુષોનું બ્રહ્મ એટલે તપ છે. જેમ વરસાદથી અતિશય વ્યાપેલો દાવાનળ શાંત થઈ જાય છે તેમ ક્ષમા એ અત્યંત ક્રોધરૂપી શત્રુને શાંત કરે છે. (૪૯) ક્ષમા એ શાંતિ રાખનારાઓનું શમ છે. તેવી રીતે ભૂખ-તરસ-ટાઢ-તડકો વગેરે દ્વન્દો સહન કરવારૂપ તિતિક્ષાવાળાઓની ક્ષમા એ તિતિક્ષા છે. સત્યવાદી પુરુષોનું સત્ય છે, અને પવિત્ર પુરુષોનું શૌચ છે. માટે લોકમાં જો કોઈ વશીકરણ હોય તો ક્ષમા એ જ સર્વોત્કૃષ્ટ વશીકરણ છે. માટે આ લોકમાં ક્ષમાથી કયું કાર્ય સિદ્ધ થતું નથી ? (૫૦)

માટે બુદ્ધિશાળી માણસે પોતાના હિત માટે નિરંતર ક્ષમા જ કરવી. એટલે કે જે કોઈ મનુષ્ય ક્ષમા ધારણ કરી સહન કરે છે, ત્યારે તે શાંત સ્વરૂપ બ્રહ્મને પામે છે. (૫૧) જે લોકો ક્ષમાશીલ છે તે સર્વના અપરાધ નિરંતર સહન કરે છે. તેવા ક્ષમાવાળા પુરુષોનું આ લોકમાં હંમેશા સન્માન જ થાય છે. અને પરલોકમાં પણ તેમની શુભ ગતિ થાય છે. (૫૨) બ્રહ્મા, શંકર, એ આદિ સર્વે ઈશ્વરો હંમેશા શુભ તિતિક્ષાને વખાણે છે.વૈકુંઠનાથ સ્વયં લક્ષ્મીનારાયણ તથા સમગ્ર સુજ્ઞ પુરુષો તથા મહર્ષિઓ પણ તિતિક્ષારૂપી ક્ષમાને જ વખાણે છે. (૫૩)

હે મુનિઓ ! મને પણ ક્ષમા જ હંમેશા પ્રિય છે. આવી રીતે તમારે જાણવું. માટે મારા આશ્રિત તમોએ હંમેશા તિતિક્ષા ધારણ કરવી. (૫૪) હે મુનિંદ્રો ! તમો સુંદર વૃત્તાંતવાળા સાધુ ક્ષમા યુક્ત છો. તમારા આશ્રિત જનોને શ્રીહરિની ધર્મયુક્ત અતિ શ્રેષ્ઠ ભક્તિનો ઉપદેશ આપીને તમો આ લોકમાં વિચરણ કરો. (૫૫) હે ભૂપતે ! શ્રી ધર્મના પુત્ર ભગવાને આ પ્રમાણે આજ્ઞા આપી એટલે શ્રીહરિનો અભિપ્રાય જાણનારા સર્વે સાધુઓ શ્રીહરિની આજ્ઞા હર્ષપૂર્વક પોતાના શિરે ચઢાવી. પછી તે સંતો હે શ્રીહરે ! તમારા પ્રતાપથી અમો સર્વ દોષોથી રહિત થઈ હંમેશા તમારી આજ્ઞા પ્રમાણે જ વર્તીશું. એમ કહીને બંને હાથ જોડીને શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫૬)

હે હરે ! અમો સર્વે મન, વાણી તેમજ દેહથી તમારા જ છીએ. આપ જે આપના આશ્રિત જનોની આપત્તિ નાશ કરનારા, આપના વિના અમારે બીજી ગતિ નથી. માટે હે હરે ! અમોને તમારાં સુખકર દર્શન ફરી જલદીથી થાય. શ્રીહરિ આવા પ્રકારના તેમનાં વચન સાંભળીને 'તથાસ્તુ' એ પ્રમાણે મંદ હાસ્ય યુક્ત વચન બોલ્યા. (૫૭) પછી હે ભૂમિપતે ! શ્રીહરિની આજ્ઞામાં તત્પર કોમળ હૃદયવાળા સમગ્ર સાધુઓ અશ્રુ ભરપૂર નેત્રો જેમનાં છે એવા, દયાનિધિ પ્રાર્થનીય શ્રીહરિની પ્રાર્થના કરીને શ્રીહરિના વિરહની પીડાવાળા શ્રીહરિના બંને ચરણકમળને આદરપૂર્વક નમસ્કાર કરીને પોત પોતાના મંડળો બાંધી અષ્ટ દિશામાં જુદા જુદા દેશમાં મનુષ્યનું કલ્યાણ કરવા જતા હતા. (૫૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં ચતુર્થ સ્કંધમાં શિક્ષામાં ક્રોધ જીતવાનો ઉપાય નિરૂપણનો દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી જે જે દેશોમાં મુનિઓ ગયા ત્યાં ત્યાં પ્રત્યક્ષ ભગવાનના જન્મ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય વગેરેની ગર્ભિત વાતો કરતા હતા. પૃથ્વી ઉપર ધર્મના વેરીઓ પણ આ ઉપદેશ સાંભળીને સત્ય માનતા હતા. (૧) હે ભૂપતે ! હિત, પ્રિય અને પથ્ય વાર્તા કહેનારા સાધુઓનો વાદમાં પરાજય કરવામાં શાસ્ત્ર જાણનારા ઘણા વિદ્વાન બ્રાહ્મણો પણ સમર્થ થયા નહિ. આ સાધુઓ તો તેમને તત્કાળ જીતી લેતા હતા. (૨)

હે રાજન્ ! વિવિધ પ્રકારના દેશના નિવાસીજનો આ સાધુઓની ઉપદેશ વાતો સાંભળીને આશ્ચર્ય પામ્યા. મુમુક્ષુજનો સાધુઓની વાણીનો વિશ્વાસ રાખીને તેમને શરણે આવ્યા. (૩) પોતાના શરણે આવેલા મુમુક્ષુઓને આ સાધુઓ વેદોક્ત વર્ણાશ્રમના ધર્મે સહિત, શુદ્ધ, પીડાનો નાશ કરનારી માહાત્મ્ય જ્ઞાને યુક્ત નવ પ્રકારની, શ્રીહરિ પ્રત્યે ભક્તિનો ઉપદેશ કરતા હતા. તેમજ ધર્મસર્ગનો સંગ્રહ તથા અધર્મસર્ગનો ત્યાગ કરવાનો ઉપદેશ આપતા હતા. (૪)

જે જનો સાધુજનોની ઉપદેશની વાર્તા સાંભળતા હતા તે હજારો જનો પોતાના ગુરુઓએ સ્થાપેલ મત, અધર્મ વંશથી પૂર્ણ હોઈ, તેથી તેવા પોતપોતાના ગુરુનો તથા તેમને આપેલી દીક્ષાનો તત્કાળ ત્યાગ કરી આ સંતોનો આશ્રય કરી શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૫)

હે મહિપતે ! જે જે સ્થાનમાં તથા જે જે ગામો તથા શહેરોમાં સંતો ફરતા હતા ત્યાં આ સાધુઓનો સમાગમ કરેલ જનસમુદાયો પોતાને પ્રાપ્ત થયેલા શ્રીહરિની જ આશ્ચર્યથી વાતો કરતા હતા. (૬) પૃથ્વીમાં હજારો માણસો સ્વામિનારાયણના સાધુઓનો સમાગમ કરીને શ્રીહરિને ભજતા હતા. સ્વામિનારાયણના આશ્રય વિના કદી પણ પ્રાપ્ત ન થઈ શકે એવી સર્વોત્તમ સમાધિ પણ તે ભક્તોને થતી હતી. (૭)

હે ભૂપતે ! તે જનો સમાધિમાં શ્રીહરિનું અક્ષરધામ તથા અન્ય ધામો પણ જોતા હતા. અક્ષરાદિ ધામોમાં આશ્ચર્યકારી દિવ્ય પાર્ષદો તથા ઐશ્વર્યો સહિત શ્રીહરિની મનોહર મૂર્તિ પણ જોતા હતા. (૮) સાધુનો સમાશ્રય કરનાર ભક્ત પુરુષો તથા સ્ત્રીઓને મૃત્યુ સમયે શ્રીહરિના પાર્ષદો વિમાનો દ્વારા અક્ષરધામમાં લઈ જતા હતા. (૯) હે ભૂપતે ! શ્રીહરિના ભક્તના મૃત્યુ સમયે વિમાનમાં બેસાડીને તેમને શ્રીહરિના પાર્ષદો અક્ષરધામમાં લઈ જાય છે. તે આશ્ચર્યકારી દર્શન ક્યારેક ભક્તો તથા અભક્તો પ્રત્યક્ષ જોતા હતા. (૧૦) આવી રીતે ભગવાન શ્રીહરિ અતિ કરુણાપૂર્વક હજારો જનોને પોતાના પ્રત્યક્ષ દર્શન વિના પણ પોતાનો પ્રતાપ દેખાડતા હતા. (૧૧)

આ પૃથ્વી ઉપર શ્રીહરિનો પ્રતાપ સર્વત્ર વ્યાપી ગયો છે. તે સાંભળીને દૈવીજનો હર્ષ પામતા હતા. તેવી રીતે આસુરીજનો ક્ષોભ પામતા હતા. (૧૨) જે દૈત્યાંશ ગુરુઓ હતા તે પોતાના શિષ્યોને સ્વામિનારાયણનો આશ્રય કરતા જોઈને શ્રીહરિનો પ્રતાપ સહન કરી શકતા નહિ. (૧૩)

અસુરાંશ ગુરુઓ તો અસુરાંશથી ઉત્પન્ન થયેલ શ્રીહરિના દ્વેષ પરાયણ રાજાઓને મળીને મદોદ્ધત થઈને શ્રીહરિનો દ્રોહ કરતા હતા. (૧૪) શ્રીહરિનો દ્રોહ કરનારાઓમાં કેટલાક દ્રોહ કરનારા તો શ્રીહરિને હણવા સિદ્ધ કરેલા અતિ કૂટ કાલ ભૈરવ સહિત મહાવીરો મોકલતા હતા. (૧૫)

તે મહાવીરો શ્રીહરિની દૃષ્ટિ માત્રથી જ અત્યંત બળતા અહીંથી ત્યાં ભમતા, બૂમો પાડતા, પોતાને મોકલનાર અસુરો પાસે જઈને તેમને જ અત્યંત પીડતા હતા. (૧૬)

કેટલાક અસુરો તો સાધુના જેવો વેશ ધારણ કરી શ્રીહરિની સમીપ આવી શ્રીહરિ ઉપર બટુક ભૈરવાદિ મલિન દેવતાઓના મંત્રથી મંત્રેલા અડદ છાનામાના ફેંકતા હતા. (૧૭) કેટલાક અસુર ગુરુઓ શ્રીહરિની ઉપર દુઃસહ ઝેરના પ્રયોગો કરતા હતા. કેટલાક અસુર ગુરુઓ દ્રવ્ય આપી સ્ત્રીઓ પાસે મંત્ર તંત્રાદિ પ્રયોગો કરાવતા હતા. (૧૮)

આ પ્રકારે શ્રીહરિને હણવાના ઉપાયોથી પણ શ્રીહરિને કાંઈ જ થયું નહિ. પરંતુ તેવા પ્રયોગો કરનારા પોતે કરેલા પાપોથી, ભયંકર રોગથી પીડા પામવા લાગ્યા. (૧૯)

હે રાજન્ ! શ્રીહરિનો દ્રોહ કરનારા કેટલાક ધનવાનોનો વંશચ્છેદ તથા દ્રવ્યનાશ થયો. (૨૦) સર્વોન્તર્યામિ શ્રીહરિનો દ્રોહ કરનારા દુષ્ટ ચિત્તવાળા રાજાઓ તત્કાળ રાજ્યથી ભ્રષ્ટ થયા અને ભિખ

માગતા થયા. (૨૧) કેટલાક અસુરાંશ પાપીજનો શ્રીહરિને રસ્તે જતાં માર્ગમાં રોકી આયુધો ઉગામી શ્રીહરિને હણવાની ઈચ્છાથી સામે ઊભા રહેતા હતા. (૨૨)

પરંતુ શ્રીહરિની યોગાત્મક માયાથી મોહ પામીને તે જનો મૂઢ બની, પોતાની આગળ થઈને જતા વિભુ શ્રીહરિને, માર્ગમાં સામે જોઈને પણ હણવા માટે સમર્થ થતા નહિ. (૨૩) સમગ્ર દેવેન્દ્રોને અજેય એવા શ્રીહરિનો પરાભવ કરવા માટે મહાબલથી પૂર્ણ એવા દુર્જનો સમર્થ થયા નહિ. (૨૪)

દુર્જનો જ્યારે પ્રત્યક્ષ શ્રીહરિને કોઈ પણ પ્રકારે હણવા માટે સમર્થ થતા નહીં ત્યારે તેમના ભક્ત મુનિઓ વગેરેને જ્યાં ત્યાં પીડા પમાડતા હતા. (૨૫) પુણ્યતીર્થોમાં વિચરણ કરતા સ્વામિનારાયણના સાધુઓ જે જે તીર્થોમાં જતા હતા, તે તે દેશોમાં અસુરાંશવાળા ગુરુઓ તથા રાજાઓ તેમને પીડા કરતા હતા. (૨૬) દુષ્ટ બુદ્ધિવાળા કેટલાક સાધુઓ પાસેથી શ્રીહરિની પ્રતિમાઓને ખંડિત કરતા હતા. તેમજ મૂર્તિઓના સિંહાસનો ભાંગી નાખતા હતા. (૨૭) કેટલાક સાધુઓએ પહેરેલી તુલસીની કંઠીઓ તોડતા હતા. કેટલાક સાધુઓના ભાલમાં કરેલા ઉર્ધ્વપુંડ્ર તિલકો ભૂંસી નાખતા હતા. (૨૮)

કેટલાક પાપીઓ પુસ્તક તથા વસ્ત્રાદિક લૂંટી લેતા હતા. તેમજ કમંડળો ભાંગી નાંખતા હતા. કેટલાક ભિક્ષાન્નમાં માંસાદિ અપવિત્ર વસ્તુઓ નાંખતા હતા. (૨૯) કેટલાક દુષ્ટો મુનિઓને સ્ત્રીઓ સદા અસ્પર્શ્ય છે તેમની પાસે સ્ત્રીઓ લાવી બળાત્કારે સ્ત્રીઓનો તથા અત્યંજોનો સ્પર્શ કરાવતા હતા તેમજ તેમની સાથે ભાષણ કરાવતા હતા. સ્ત્રીઓનો સ્પર્શ ન કરતા સંતોને તે દુષ્ટો લાકડીઓ મારતા હતા. (૩૦) કેટલાક પાપીઓ સાધુઓની કૌપીનો પણ ફાડી નાંખતા હતા. કેટલાક દુષ્ટો રાંધવાનાં પાત્રો ભાંગી નાંખતા હતા. ભિક્ષાન્નમાં ધૂળ નાખતાં હતા. (૩૧) કેટલાક ગાળો તેમજ અપશબ્દ બોલતા હતા અને સાધુઓને અપરાધ વિના મારતા હતા. આ પ્રકારે તેમના ઉત્કર્ષથી મત્સરવાળા પાપીઓ તે સાધુઓનો આ પ્રકારે દ્રોહ કરતા હતા. (૩૨)

શ્રીહરિએ દેશમાં જુદા જુદા સ્થાને સ્થાપેલા અન્ન ક્ષેત્રોમાં મૂકેલા મુનિઓને મારીને તે સ્થાનમાંથી તેમને કાઢી મૂકીને કેટલાક અસુરાંશવાળા જનો અન્ન પાત્રોને ભાંગી નાંખતા હતા. (૩૩) શ્રીહરિના ધ્યાન પારાયણ, ક્ષમાવાળા સાધુઓતો સર્વે અસુરોએ કરેલી પીડા સહન કરતા હતા. (૩૪) ઋષભદેવ ભગવાનના પુત્ર જડભરત તથા શુકાદિ યોગિઓ પહેલાં જેમ સહન કરતા હતા તેવી રીતે સંતો દુર્જનોએ કરેલી પીડા સહન કરતા હતા. (૩૫) આ પ્રકારે પોતાનો અપકાર કરનાર ક્રોધરૂપી સર્પથી દંશ પામેલા મદોદ્ધત અસુરાંશ દુર્જનોને પણ તે સંતો મધુર વાણીથી ઉપદેશ આપતા હતા. (૩૬) આવા ક્ષમાવાળા સાધુઓ મેઘ જળથી જેમ વનવાસીઓને દાવાનળથી થયેલા પરિતાપનું નિવારણ કરે છે, તેમ તેમના કામ ક્રોધાદિ પરિતાપનું જ્ઞાનામૃતના સિંચનથી શમન કરતા હતા. (૩૭)

ઝેરરૂપી અગ્નિથી તપ્ત થયેલા, પોતાને પીડા કરનારાની પણ પીડા જેમ સર્પની ચંદન વૃક્ષો હરી લે છે. અને શાંતિ પમાડે છે. (૩૮) તેવી જ રીતે તે સાધુઓ પોતાને પીડા કરનાર પોતાની સમીપ આવેલા દેહધારીઓને પણ હે રાજન્ ! સુખી કરતા હતા. (૩૯) માન તથા દ્રોહ બુદ્ધિથી રહિત, બ્રહ્મસ્વરૂપ,

સદા શાંત એવા આ મુનિઓને પણ દુર્જનો પીડા કરતા હતા. (૪૦)

સાધુઓ દુર્જનોએ પોતાને પીડા પમાડી છે છતાં પણ પ્રાણીઓનો મોક્ષ કરવાની ઈચ્છાથી, અંતઃકરણમાં ક્ષોભ પામ્યા સિવાય તેમજ તેમને ઈન્દ્રિયોનું દમન કરીને તે સંતો પૃથ્વી ઉપર વિચરતા હતા. (૪૧)

મુનીંદ્રોને દુર્જનોએ પીડા કરી છે એવી વાત શ્રીહરિએ પોતાનાં દર્શન કરવા આવેલા પોતાના ભક્તો પાસેથી સાંભળી. (૪૨)

હે રાજન્ ! પછી સંતોમાં પ્રેમવાળા સત્પતિ, સાધુજનોના એક આધારભૂત અતિશય દયાથી આર્દ્ર દયાવાળા શ્રીહરિ આ પ્રમાણે ચિંતવન કરવા લાગ્યા. (૪૩) અહો ! જીવોના એક સુહૃદ નિષ્પાપ અને સ્વધર્મમાંથી ભ્રષ્ટ થાય એવા દુષણોથી રહિત, બ્રહ્મસ્વરૂપ, મારા સાધુઓને દુર્જનો અત્યંત પીડા પમાડે છે. (૪૪) તોપણ પોતાને પીડા કરનારાનું અહિત નહી ઈચ્છનારા, માન મત્સરથી રહિત, મારા સાધુઓ, ક્યારેય એ દુર્જનોનું અનિષ્ટ નથી ઇચ્છતા. (૪૫) મત્પરાયણ, શાંત, સર્વ સદ્‌ગુણ ભૂષિત, સર્વ મુનિંદ્રોને હું હવે તત્કાળ મારી સમીપે બોલાવું. (૪૬)

પોતાના આશ્રિત સાધુઓનું દુઃખ સાંભળી જેમનું મન અતિશય ખિન્ન થયું છે અને તેથી આંખમાંથી અશ્રુઓ પડે છે, તે શ્રીહરિ આવો વિચાર કરીને, સાધુઓનું સ્મરણ કરે છે, તેવામાં જ; (૪૭) દુર્જનોના સમુદાયોએ પીડા પમાડેલા શ્રીહરિના જ એક આશ્રયવાળા, માન સરોવર પ્રત્યે હંસો જેમ ત્વરાથી જાય, તેમજ સુંદર પુષ્પોવાળી વાડીમાં ભમરાઓ જેમ ત્વરાથી જાય, વળી દાવાગ્નિથી પીડાયેલા હાથી ગંગાના ધરા પ્રત્યે જેમ ત્વરાથી જાય તેમ, શ્રીહરિ પ્રત્યે તે સાધુઓ આવ્યા. (૪૮-૪૯)

દૂરથી આવતા મુનિઓને જોઈને, પોતાના ઓઢવાનું વસ્ત્ર ભૂલી જઈને, શ્રીહરિ તત્કાળ પોતાના આત્મીય જનોની સાથે તે સંતોની સન્મુખ પધાર્યા. (૫૦)

સૂર્યને જોઈને ચક્રવાકો જેમ આનંદ પામે, ચંદ્રને જોઈને ચકોર જેમ પ્રફુલ્લે, તેમ સંતો પોતાના ઈષ્ટદેવ શ્રીહરિના દર્શન કરીને મહાનંદ પામ્યા. (૫૧) શ્રીહરિરૂપી સૂર્યના દર્શનથી પ્રફુલ્લિત છે નેત્રોરૂપી કમળો જેમના એવા સંતો, સ્વામિનારાયણ શ્રીહરિને પ્રેમ પૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૫૨)

પછી મુનિઓ જેમને પ્રિય છે એવા શ્રીહરિ, આંખોમાં અશ્રુવાળા, પ્રેમથી રોમાંચિત ગાત્રોવાળા સંતોને ઊઠીને પ્રીતિપૂર્વક ભેટ્યા. (૫૩) શ્રીહરિના અંગ સંગથી પ્રાપ્ત કર્યો છે આનંદ જેમણે એવા સાધુઓ, દાવાગ્નિતી તપાયમાન હાથીઓ જેમ ગંગાના ધરાને પામીને શાંત થાય તેમ, અત્યંત શાંતિ પામ્યા. (૫૪) પછી શ્રીહરિ પોતાના શ્રેષ્ઠ સિંહાસનમાં બિરાજીને તે સર્વેને પોતાની સમીપ બેસાડીને, દયાર્દ્ર દષ્ટિથી તેમના પ્રત્યે જોઈને હે રાજન્ ! તેમને આવી રીતે મંદ હાસ્ય સહિત કહેવા લાગ્યા. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં અસુરોએ મુનિઓને પીડા કરી તે નિરૂપણનો અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રીહરિકૃષ્ણ મહારાજ કહે છે :- હે મહત્પુરુષો ! તમારી અહીં આવવાની હું વાટ જ જોતો હતો. ચિત્તમાં જે ચિંતવન કર્યું તે થયું તે ઘણું સારું થયું. (૧) હે સંતો ! કેવળ મને જ પ્રસન્ન કરવાની ઈચ્છાવાળા તમારા સર્વે સમાચાર, દેશાંતરથી આવેલા સત્સંગીઓ પાસેથી સાંભળ્યા. (૨) અસુરાંશથી ઉત્પન્ન થયેલા ગુરુઓ, રાજાઓ, તથા દુષ્ટ જનો તમોને વારંવાર અત્યંત પીડા કરે છે. (૩) હે સત્પુરુષો! તમોએ તે સર્વે ક્ષમાથી સહન કર્યું છે. પરંતુ ક્યારેય તેમનું અહિત ઈચ્છ્યું નથી. (૪)

જે મુનિંદ્ર સમર્થ છતાં પણ દુર્જનોના ઉપદ્રવો સહન કરે છે. તે મુનિ સર્વે સાધુઓના શિરોમણિ છે. (આવા સાધુ દુર્લભ છે. જ્યારે એવી સાધુતાવાળા તમો તો ઘણાં છો. તેથી અભય રાજાનું તથા આ પૃથ્વીનું ભાગ્ય સર્વોપરી છે.) (૫) હે મુનીંદ્રો ! માટે તમારી અનુપમ તિતિક્ષાથી તેમ જ બીજા નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ તથા નિઃસ્નેહ વગેરે શુભ ગુણોથી તમારા ઉપર હું ઘણો પ્રસન્ન થયો છું. (૬) પવિત્રતાના એક સ્થાનરૂપ તથા બ્રહ્મરૂપ એવા તમારો દ્રોહ કરનારા દુષ્ટજનો પોતાના પાપથી થોડા સમયમાં નાશ પામશે. (૭) હે સંતો ! ઋષિઓ પણ આવા સાધુઓ હોઈ શકે એવી કલ્પના ધરાવતા નથી, એવા રૂપ જેમનાં છે એવા અવધૂત વેશવાળાં તમો સર્વે, પ્રાણીઓનું હિત ઈચ્છનારા પૃથ્વી ઉપર મારી આજ્ઞાથી હમણાં વિચરણ કરો. (૮)

હે સંતો ! તમારે દરરોજ ગામથી બહાર વનમાં રહેવું. ક્યારેય પણ રાત્રિએ ભેગા મળીને નિવાસ કરવો નહીં. પરંતુ જુદા જુદા રહેવું. (૯) હે સંતો ! ધૈર્યશાળી તમારે વાઘ, સર્પ વગેરે હિંસક પ્રાણીઓની બીક ન રાખવી, કારણ કે આત્મા નિત્ય છે તથા શરીર અનિત્ય છે. (૧૦)

નરકની પ્રાપ્તિમાં કારણભૂત યોગિજનને તત્કાળ પોતાના સંબંધ માત્રથી જ યોગથી ભ્રષ્ટ કરીને દુર્દશા કરી નિંદિત કરનારી સ્ત્રીઓથી, જેમ વાઘ વગેરેથી બાળકો બીવે છે તેમ હંમેશા તમારે બીવું, વળી તમારે સંસારમાં ભ્રમણ કરાવવામાં કારણભૂત સ્ત્રી સંગિઓનો સંગ પણ રાખવો નહીં. (૧૧-૧૨)

હે સંતો ! તમારે વનમાં પણ એક સ્થાનમાં સદા ન રહેવું. ગોદડી તથા કૌપીન રાખવી પણ તેથી અધિક વસ્ત્ર રાખવું નહિં. (૧૩) હે સંતો ! તમારે શિશિર ઋતુમાં તથા વર્ષા ઋતુમાં અગ્નિનું સેવન કરવું નહિ. તેમ જ કોઈ વૃક્ષાદિનો પણ આશ્રય કરવો નહિં. (૧૪)

હે મુનિ વર્યો ! તમારે ક્યારેય પણ રાત્રિએ પણ પગ લાંબા કરીને નાના પ્રકારના અનર્થને ઉત્પન્ન કરનારી નિદ્રા કરવી નહિ. (૧૫)

આત્મારામ એવા મારા આશ્રિત તમારે સર્વદા મંગળ સ્વરૂપ મારું ધ્યાન આદરપૂર્વક કરવું. (૧૬) હે સંતો ! જ્યારે ધ્યાન સમયમાં તમારા શરીર ઉપર સર્પ ચઢે અથવા વીંછી ચઢે અથવા બીજા ક્રૂર વ્યાઘ્રાદિ આવીને સ્પર્શ કરે. (૧૭) તોપણ ધ્યાનમાંથી બહાર ક્યારેય પણ નીકળવું નહિ. હે સંતો! આવી રીતે દેહની સ્મૃતિ ત્યજીને હંમેશા મારું ધ્યાન કરવું. (૧૮)

હે સંતો ! તમારે ભિક્ષા માટે ગામમાં આવવું. ક્યારેય પણ અન્ય નિમિત્તે ગામમાં આવવું નહિ. બ્રહ્મ હત્યારા વગેરે જનોની ભિક્ષાનો ત્યાગ કરવો. ફક્ત ત્રણ વર્ણનીજ ભિક્ષા ગ્રહણ કરવી. (૧૯) ભિક્ષા ગ્રહણ કર્યા પછી જલાશય પ્રત્યે જઈ પ્રાપ્ત થયેલા તમામ ભિક્ષાન્નને ચોળીને પવિત્ર જળથી મિશ્રણ કરવું. (૨૦) હે મુનિ સત્તમો ! પછી તે ભિક્ષાન્ન સઘળું મેળવીને અન્નના ગોળા કરવા પછી મને સંભારીને તમારે એક વાર જ હંમેશા તે ગોળો ખાવો. (૨૧) ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય તથા સ્વાદિષ્ટ ફળાદિક તથા કાચું અન્ન તેમજ બીજું કાંઈ પણ તે ગોળાથી જુદુ ક્યારેય જમવું નહિ. (૨૨) હે વિદ્વાનો ! સુંદર રસવાળું ભોજન જે ગૃહસ્થના ઘરેથી મળતું હોય તેના ઘેરે વારંવાર ભિક્ષા માટે જવું નહિં. (૨૩) જડ ભરત તથા ઋષભદેવની માફક સર્વ પ્રકારે નિર્માની રહેવું. હે સંતો ! તમોને મારનાર અસાધુ પુરુષોને પણ તમારે પ્રણામ કરવા. (૨૪)

હે મોક્ષ કાર્યમાં પંડિત ! વર્ષાઋતુમાં તથા શીતઋતુમાં તમારે તમારો દેહ વસ્ત્રથી ઢાંકવો નહિ. (૨૫) હે સંતો ! તમારે વર્ષાઋતુમાં વરસાદની ધારાઓ સહન કરવી. (વૃક્ષાદિ છાયાનું અવલમ્બન કરવું નહિ) શિશિર ઋતુમાં કંઠ પર્યંત જળમાં નિવાસ નિરંતર કરવો. (વાયુ વિનાની ગુફા વગેરેમાં નિવાસ કરવો નહિ.) (૨૬)

તમારે નિરંતર દેહના સુખનો ત્યાગ કરીને મારી પ્રસન્નતા માટે આ પ્રકારનું શુભ તપ કરવું જ. (૨૭) બ્રહ્માએ તપથી જ સ્થાવર જંગમાત્મક આ વિશ્વનું સર્જન કર્યુ છે. દેવો તથા મનુષ્યો પોતાની ઈચ્છિત સિદ્ધિ તપથી જ પામ્યા છે. (૨૮) તપથી શુદ્ધ હૃદયવાળા ઘણા મહર્ષિઓ પણ આ લોકમાં તથા પરલોકમાં પોતાનું ઈચ્છિત સુખ પામ્યા છે. (૨૯)

હે સંતો ! પવિત્રતાને સંપાદન કરનારું સર્વોત્તમ તપ એ મારું હૃદય છે. તપોનિષ્ઠ જનો પ્રિય જેમને છે એવો હું તપથી અત્યંત પ્રસન્ન થાઉં છું. (૩૦) હે વિચક્ષણો ! માટે મારી પ્રસન્નતા ઈચ્છનારા તમો આત્મનિષ્ઠોએ હંમેશા તપ પરાયણ રહેવું. (૩૧)

હે સંતો ! મુમુક્ષુ એવા દેહધારીઓને ઉપદેશ કરવા માટે પૃથ્વી ઉપર તમો વિચરો. કારણ કે સંતો સંસારરૂપી સમુદ્રમાં નાવિકો સમાન છે. (૩૨) હે સત્પુરુષો ! મને અનુસરેલા તમારે આ લોકમાં મુમુક્ષુઓને મારી ભક્તિનો ધર્માદિ અંગે સહિત ઉપદેશ કરવો. (૩૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિની આજ્ઞામાં આસક્ત મનવાળા મુનિંદ્રો શ્રીહરિનું આ પ્રકારનું સુધાથી પણ શ્રેષ્ઠ, પોતાનું હિત કરનારું વચન સાંભળીને આવી રીતે બોલ્યા. (૩૪)

હે હરે ! જેમ તમોએ આ આજ્ઞા કરી છે તેવી રીતે અમો તમારી પ્રસન્નતા માટે નિઃસંશય વર્તીશું. (૩૫) હે સ્વામિન્ ! દયાળુ ! તમોએ અમારી ઉપાધિ સર્વ પ્રકારે ઉખેડી નાખી છે. હે હરે! અમો તેથી અતિશય પ્રસન્ન થયા છીએ. (૩૬) હે પ્રભો ! પિતા પોતાના પુત્રનું જેમ રક્ષણ કરે તેમ કારુણ્યાદિના મહાસાગર તમો અમારું સર્વ પ્રકારે હિત જ કરો છો. (૩૭) નાના પ્રકારની આપત્તિઓના હેતુભૂત પ્રકૃતિ જન્ય સમગ્ર શબ્દાદિ વિષયો તથા માયિક સર્વ પદાર્થોનો અમારે સર્વથા ત્યાગ કરવો

જ. (૩૮) હે ભગવન્ ! સાધુઓનું પરમ ભૂષણ એ જ છે. સાધુ થઈને જે દેહનું સુખ ઈચ્છે છે તે મંદ બુદ્ધિવાળો છે. (સર્વ પ્રકારે ત્યાગ કરાવવાથી અમો સાધુતાના ભૂષણોથી ભૂષિત થઈએ. માટે આથી અમારું બીજું કયું શ્રેષ્ઠ હિત છે.) (૩૯)

સર્વાવતારના કારણ, દિવ્યાનંદાદિના સમુદ્ર, તમોને પામીને અમો સર્વ પ્રકારે કૃતાર્થ થયા છીએ. (૪૦) હે હરે ! અનુપમ, દિવ્ય, મંગલકારી, મહાશ્વર્યરૂપ તમારી મૂર્તિ વિના માયિક સર્વ લોકના ભોગમાં અમારી અણુમાત્ર પણ પ્રીતિ નથી. (૪૧)

અમોને તમારી મૂર્તિનાં દર્શન હંમેશાં થાય. આપની પ્રસન્નતાથી આપે કરેલા સાધુઓના માર્ગમાં કદાપિ વિઘ્ન ન થાય. (૪૨) હે ભૂમન્ ! અમારે લેશ પણ દેહના સુખની ઈચ્છા નથી. નિરંતર તમારી જ પ્રસન્નતાની અમોને ઈચ્છા છે. (૪૩) માટે આપે આપની ઈચ્છા પ્રમાણે પ્રસન્નતાપૂર્વક નિઃસંશય થઈ અમોને આજ્ઞા કરવી. આપની આજ્ઞાનું અમો પાલન કરીશું જ. (૪૪)

પોતાને વિષે અનુરાગવાળા સાધુઓનું આવું વચન સાંભળીને, શ્રીહરિ અતિ પ્રસન્ન થયા અને મુનિંદ્રોને અતિ પ્રેમપૂર્વક ભેટ્યા. (૪૫) પછી તેમના વક્ષઃસ્થળોમાં હર્ષથી પોતાના કલ્યાણકારી ચરણારવિંદ શ્રીહરિએ મૂક્યાં. તેમજ પોતાના પ્રસાદિના હાર તથા તોરાઓ આપ્યા. (૪૬) પોતાની પ્રસાદીભૂત ભોજનના થાળ આપવા, મધુર વાર્તા કરવી, તેમજ પોતાનાં દર્શન વગેરેથી તેમને સુખ આપતા શ્રીહરિએ કેટલાક દિવસો પર્યંત તે સંતોને પોતાની સમીપ રાખ્યા. (૪૭)

પછી સમગ્ર સાધુઓ શ્રીહરિની આજ્ઞાથી પોતાના ઈષ્ટદેવ ધર્મના પુત્ર શ્રીહરિને ભેટીને તથા પ્રણામ કરીને હે નરેન્દ્ર ! જેમના નેત્રોમાંથી આંસુ સ્રવે છે તેવા તે સંતો ગઢપુરથી નીકળ્યા. (૪૮)

પછી સર્વે મુનિઓ અલક્ષ્ય લિંગવાળા તથા પોતાના આત્માના દર્શનથી સંતુષ્ટ મનવાળા, અવધૂત વેશવાળા, તથા શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા, મુમુક્ષુજનોને ઉપદેશ આપતા પૃથ્વી ઉપર ફરતા હતા. (૪૯)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં ચતુર્થ સ્કંધમાં શ્રીહરિએ મુનિઓને ઉપદેશ કર્યો તે નિરૂપણનો બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી જીવ સમુદાયોનું હિત ઈચ્છનારા સમગ્ર મુનિંદ્રોએ પૃથ્વી ઉપર ફરતા ફરતા મનુષ્યોને જ્ઞાનરૂપી અમૃતથી અત્યંત સુખી કર્યા. (૧) વસ્ત્રમાં ફક્ત જેમને ગોદડી તથા કૌપીન છે એવા, કમંડલુ ધારણ કરનારા, રાજ્ય સંબંધી તથા અન્ય ગ્રામ્ય વાર્તા નહિ સાંભળતા, આશાએ રહિત, શ્રીહરિની આજ્ઞા વિના બીજી વસ્તુઓ નહિ રાખનારા. (૨)

સમગ્ર બ્રહ્માંડોના વિવિધ પ્રકારના સર્વ સુખો કાકવિષ્ટા તુલ્ય જાણનારા, સમગ્ર બ્રહ્માંડોના સુખની

સ્પૃહા રહિત સ્ત્રીઓનો અષ્ટ પ્રકારે ત્યાગ કરીને શ્રીહરિની પ્રીતિમાં કારણભૂત બ્રહ્મચર્યવ્રતનું નિરંતર દૃઢતા પૂર્વક પાલન કરનારા, આ લોકમાં ક્યારેય પણ સુવર્ણ વગેરે ધાતુઓનો સ્પર્શ નહિ કરનારા, ધન દુઃખનું કારણ છે. એમ જાણીને દૂરથી તેનો ત્યાગ કરનારા. (૩, ૪, ૫)

ઘણાં મૂલ્યવાળા અલંકારો, ઘણાં મૂલ્યવાળા વસ્ત્રો તથા સ્વાદિષ્ટ ભોજનો જોઈને જેમનું અંતઃકરણ ક્યારેય ક્ષોભ પામતું નથી એવા, (૬) રમણીય પરંતુ ક્લેશકારી વિષયો જોઈને તેમાં અત્યંત ઉદાસીન વર્તતા તથા મનની પીડાથી રહિત; (૭) સાંસારિક સર્વસુખ નાના પ્રકારના ક્લેશનું કારણ છે. અને સંસૃતિ કરનારું છે તેમજ શ્રીહરિના ધ્યાનમાં વિઘ્નરૂપ છે એવું માનતા; (૮)

આ લોકની મોટાઈને જેઓ રૌરવ નરક તુલ્ય સમજે છે, સન્માનને સર્પતુલ્ય જાણે છે, સ્ત્રીને વાઘણ અથવા સર્પિણી સમજે છે. (૯) જે મહાત્માઓને અક્ષરાદિ ભગવાનના ધામ સિવાય બીજા સર્વ પ્રાકૃત સ્વર્ગાદિ લોક નરક તુલ્ય હતા. અણિમાદિ સિદ્ધિઓ રાક્ષસીણીઓ તુલ્ય હતી. ગૌરવ શૂળી તુલ્ય હતું. (૧૦) નિર્ગુણ સ્થિતિ પામેલા, તીવ્ર વૈરાગ્યથી શોભતા, જેમને શુકાદિની માફક બીજા સુખની અપેક્ષા ક્યારેય પણ નહોતી. (૧૧)

તે સાધુઓ ત્રણ વર્ણના ગૃહસ્થોના ઘર પ્રત્યે ભિક્ષા માટે જતા. પરંતુ ક્યારેય પણ સુંદર ભોજન આપનારાઓ તથા બ્રહ્મહત્યા કરનારા નિંદિત ગૃહસ્થોના ઘર પ્રત્યે ભિક્ષા માટે જતા નહિં. (૧૨) તે સંતો માધુકરી વૃત્તિથી પ્રાપ્ત થયેલું અનેક પ્રકારનું અન્ન ચોળીને, તેમાં શુદ્ધ જળ નાંખીને તથા તે સાથે મિશ્રણ કરીને, ભાજી તથા શાકવાળાં તે અન્નના ગોળા કરતા હતા. (૧૩)

પછી તે સંતો પોતાના અંતઃકરણમાં શ્રીહરિનું સ્મરણ કરીને, શ્રીહરિનું નામોચ્ચારણ કરીને, એક એક ગોળો ઔષધની જેમ ફક્ત એક જ વાર જમતા હતા. (૧૪) ક્યારેક ભિક્ષા માગતા છતાં અન્ન ન મળે તો ધીરજવાળા તે સંતો શાંત ચિત્તથી પીડા રહિત થઈ ઉપવાસ કરતા હતા. (૧૫)

દુર્જનો ભિક્ષાન્નમાં જૂના સડેલા દાણા, અતિ જૂનો લોટ તથા બળેલું અન્ન, તથા ગુવારની શીંગો આદિ ન જમી શકાય તેવી બે સ્વાદુ વસ્તુ નાંખતા છતાં પણ કંઠને કષ્ટ આપનારા તે અન્નને, હરિ છે પ્રિય જેમને એવા મુનીંદ્રો,અમૃતની માફક જમતા હતા. (૧૬-૧૭) શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા ધર્મવાળા સંતો ક્યારેક કોઠાં વગેરે ફળ, ક્યારેક કંદમૂળ શક્કરીયાં, ક્યારેક વર્ષા ડોડીનાં ફુલ તથા ડોડીનાં પાનાં ખાઈને રહેતા હતા. (૧૮)

પૂર્વજન્મમાં ભરત જે તેના ત્રીજા જન્મમાં જડભરત બ્રાહ્મણ હતા તેમની જ સ્થિતિની વાતો તે સંતો પરસ્પર કરતા હતા. એવા રૂડિ બુદ્ધિવાળા તે સાધુઓ હંમેશા જડભરતની માફક વર્તતા હતા. (૧૯) શુદ્ધિવાળા, સર્વ ઋતુઓમાં પણ જેમણે અંગો વસ્ત્રોથી ઢાંક્યા નથી એવા, અને નિર્ભય એવા સાધુઓ, ક્યારેય પણ ચિત્તના વિકારરૂપ ક્ષોભ પામતા ન હતા. (૨૦)

આંતર તેમજ બાહ્ય દુષ્ટ ઈન્દ્રિયોરૂપી શત્રુઓ ઉપર વિજય કરવામાં સિંહ જેમ હાથી ઉપર

વિજય કરે છે તેવા શૌર્યવાળા હતા. (૨૧) જેમને અધર્મ સર્ગ ઉખેડી નાખ્યા છે એવા, નિર્મળ મનવાળા, આત્મારામ સાધુઓ, સદા દઢ ઉપશમમાં રહેતા હતા. (૨૨) દેહ તથા ઈન્દ્રિયોના દમનમાં સાવધાન, નિષ્પાપ, શ્રીહરિની પ્રસન્નતા પરાયણ સાધુઓ, દુષ્કર તપ કરતા હતા. (૨૩)

તે સર્વે સાધુઓ આત્મનિષ્ઠા દઢ હોવાથી શિયાળામાં પણ ઠંડીનો નાશ કરવા અગ્નિનું સેવન કરતા ન હતા. (૨૪) શીતકાળમાં પણ અતિ શૂરવીર સાધુઓ અત્યંત ઠંડા જળમાં રાત્રિદિવસ રહેતા હતા. અને એ પ્રકારે અતિ તીવ્ર તપ કરતા હતા. (૨૫) વર્ષાઋતુમાં તે હંમેશાં અતિ દુઃસહ મેઘની ધારાઓ સહન કરતા હતા. ક્યારેય દેહના દુઃખને ગણતા જ ન હતા. (૨૬)

વરસાદ, ઠંડી, વાયુ, તાપ વગેરે નિરંતર સહન કરીને તપ કરતા રુડી બુદ્ધિવાળા તે સંતો ગર્વ કરતા નહીં તથા શોક પામતા નહીં. (૨૭)

વનમાં વસતા સંતો ગામમાં ભિક્ષા માટે આવતા હતા. દિવસે ભેગા થઈને પરસ્પર ભગવાનની વાતો કરતા હતા. પરંતુ રાત્રિએ તો જુદા જુદા જ રહેતા હતા. (૨૮) જેમણે આસન જીત્યા છે, પ્રાણ જીત્યા છે તે શુદ્ધ અંતઃકરણની વૃત્તિવાળા સાધુઓ, વનમાં રાત્રિએ સિંહ વગેરે હિંસ્ર પશુના નાદ સાંભળીને પણ બીતા ન હતા. (૨૯)

સ્થિર આસનવાળા, અતિશ્રદ્ધાવાળા, નિશ્ચલ શરીરવાળા સાધુઓ, જેમણે ધર્મના પુત્ર શ્રીહરિનું સાક્ષાત્ દર્શન કર્યું છે. તેમનું ધ્યાન રાત્રિદિવસ કરતા હતા. (૩૦) સર્વે સાધુઓ ધ્યાન સમયમાં મચ્છર, માંખો તેમના દેહને કરડતા તોપણ ક્યારેય દેહની સંભાળ રાખતા ન હતા. (૩૧)

દેહ ઉપર સર્પ ચઢતા તથા વાઘ તેમના દેહને ચાટતા છતાં પણ તે સાધુઓ ધ્યાનમાંથી ક્યારેય લેશમાત્ર ચલાયમાન થતા ન હતા. (૩૨) તે સાધુઓની આવી સ્થિતિ અને સદા અતિદઢ સુસ્થિરતા જોઈને, શ્વેત દ્વીપમાં રહેનારા મુક્તો અત્યંત આશ્ચર્ય પામ્યા. (૩૩) તેવા સાધુઓનું અતિ દુષ્ચર તપ જોઈને બદરીકાશ્રમવાસી મુનિગણો પણ અનુપમ મહાશ્ચર્ય પામ્યા. (૩૪)

જેમના મન વશ છે એવા તે સંતો મનનો સંકલ્પ જાણીને વિચારપૂર્વક ક્રિયાઓ કરતા હતા. ક્યારેય મનના વેગને આધીન થઈ ક્રિયા કરતા ન હતા. (૩૫) તે સંતો દિવસે પણ લાંબા પગ કરીને ક્યારેય સૂતા ન હતા. તેમજ રાત્રે પણ ક્યારેય તેવી રીતે નિદ્રા કરતા ન હતા. (૩૬) તે સંતો ક્યારેય પણ વૃક્ષાદિનો આશ્રય કરીને બેસતા ન હતા. પોતાના દેહની નિંદા કરતા તે સંતો સદા દેહનો અતિ અનાદર કરતા હતા. (૩૭)

નાસાગ્ર દૃષ્ટિ રાખીને ભગવાનનું ધ્યાન કરવામાં પ્રવીણ એવા તે સંતો, ધૈર્ય ધારણ કરીને વનમાં પણ પગરખાં વિના વિચરતા હતા. નેત્રો નિર્નિમેષ સ્થિર રાખતા હતા. (૩૮) અંતઃકરણ, ઈન્દ્રિયો તથા દેહને સંતાપ ઉપજાવે તેવા દુઃખોથી પણ ગ્લાનિ પામતા ન હતા. (૩૯)

ઘોર કળિયુગમાં પણ તેમના અતિશય તીવ્ર તપથી, બ્રહ્માદિ દેવતાઓ, વિશ્વામિત્ર, વશિષ્ટાદિ

મુનિઓ, ઘણા વિસ્મય પામ્યા. (૪૦) અષ્ટાંગ યોગની જે ક્રિયાઓ, દુઃખથી પણ દેહાભિમાની પુરુષોથી સિદ્ધ ન થઈ શકે, તેવી અને દેહ, ઈન્દ્રિય તથા મનને પીડા કરનારી વિવિધ પ્રકારની- ક્રિયાઓ સંતો ફક્ત (નેતિ, ધોતી, બસ્તી, નોલી, કપાલભાતિ વગેરે) શ્રીહરિની પ્રસન્નતા માટે કરતા હતા. (૪૧) ધૈર્યશીલ સાધુઓ મુક્તિમાં વિઘ્ન કરનારી વિવિધ પ્રકારની અણિમાદિ યોગસિદ્ધિઓનો, ધૂર્ત કર્મ કરવા આવેલી સ્ત્રીઓનો જેમ ત્યાગ કરે છે તેમ, ત્યાગ કરતા હતા. (૪૨)

દિવ્યાનંદના સ્થાનભૂત શ્રીહરિની મૂર્તિ વિના તે સાધુઓ અક્ષરના સુખને પણ નથી ઈચ્છતા, તેમજ ચાર પ્રકારની મુક્તિને પણ ઈચ્છતા નથી. (૪૩) શ્રીહરિના ધ્યાનથી અતિ તિક્ષ્ણ થયેલા જ્ઞાન-વૈરાગ્યરૂપી વહ્નિથી જેમના અંતઃકરણો સમગ્ર મળ બની ગયો છે તેવા, શુદ્ધ અંતઃકરણવાળા સાધુઓ, શ્રીહરિના સદ્‌ગુણોનું ગાન કરતા હતા. (૪૪)

અત્યંત તપથી જેમના દેહ અતિ દુર્બળ થઈ ગયા છે અને નાડીઓથી જ ફક્ત શરીર વ્યાપ્ત થઈ ગયું છે. તે પ્રકારના તપ તથા તેજથી અતિ દેદિપ્યમાન એવા મુનિઓ, શરદઋતુમાં તારાઓ જેમ નિર્મળ આકાશમાં શોભે તેમ, શોભતા હતા. (૪૫) શ્રીહરિની આજ્ઞા પાલનમાં આસક્ત આ સંતો શ્રીહરિની આજ્ઞાથી મનુષ્યોથી કદી ત્યાગ ન કરી શકાય એવા છ પ્રકારના રસનો ત્યાગ કરતા હતા. (૪૬) તત્ત્વવેત્તાઓમાં ઉત્તમ, સત્ તથા અસત્ નો વિવેક જાણનારા આ સાધુઓ, દુર્જનો તેમના ઉપર ધૂળ નાંખતા, દુર્વચનો બોલતા, તેમજ માર મારતા તો પણ તેના દુઃખથી કદી ક્ષોભ પામતા ન હતા. (૪૭) દુર્જન લોકોના આ પ્રકારના ઉપદ્રવોને આ સંતો પોતાની દૃઢ આત્મનિષ્ઠાથી જેમ મચ્છરિયાનો ઉપદ્રવ હાથીઓ નથી ગણકારતાં તેમ ગણકારતા જ ન હતા. (૪૮)

માન અને મત્સરથી રહિત આ સાધુઓ પોતાને પ્રહાર કરનારા દુષ્ટજનોને પણ નમસ્કાર કરતા હતા. અને તેમનો અપરાધ સહન કરતા હતા. (૪૯)

વિચક્ષણ સાધુઓ આ પ્રકારે અતિ તિતિક્ષા તથા નિર્માનિત્વાદિ ગુણોથી ઋષભદેવ તથા જડભરત વગેરે સત્પુરુષોની સ્થિતિથી પણ ઉચ્ચતર સ્થિતિવાળા જણાતા હતા. (૫૦)

મનુષ્યો ઉપર અતિ કૃપા કરી ઉપદેશ આપી પ્રગટ ભગવાનના ચરણનો આશ્રય પમાડતા શ્રીહરિનું સ્મરણ કરતા આ પ્રકારના શુદ્ધ વર્તનવાળા સંતો હે રાજન્ ! પૃથ્વી ઉપર વિચરતા હતા. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં ચતુર્થ સ્કંધમાં શ્રીહરિની શિક્ષાનુસારે સત્પુરુષો વર્તતા હતા તે નિરૂપણ નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અત્યંત તપ કરતા, દોષ તથા પાપથી રહિત સાધુઓને જોઈને દૈવીજનો પરમ વિસ્મય પામ્યા. (૧) ઘણા દૈવીજનો આ સાધુઓ ક્ષમા-દયા આદિક ગુણોથી અલંકૃત છે એવું જાણીને તેમનો સમાગમ કરતા હતા. (૨) તેઓ સાધુઓએ ઉપદેશેલ વિવિધ પ્રકારની જ્ઞાનવાર્તાઓ સાંભળી પ્રત્યક્ષ શ્રીહરિનો આશ્રય કરતા અને પોતાના ધર્મમાં રહીને શ્રીહરિને ભજતા હતા. (૩) દંભથી સાધુઓનો વેશ રાખનારા કુબુદ્ધિવાળા આસુરભાવવાળા મનુષ્યો તથા વિતરાગીઓ આ સાચા સાધુઓની મહત્તા જોઈને બળતા હતા. (૪) તે આસુરીજનો કોઈ અપરાધ ન કરનારા, વૈરભાવથી રહિત, જીવોના સાચા સુહૃદ આ સાધુઓનો ઉપહાસ કરતા, તિરસ્કાર કરતા તેમજ તેમને મારતા હતા. (૫) છતાં પણ પોતાના આત્મામાં જ સ્થિતિવાળા, દ્વંદ્વે રહિત, નિષ્પરિગ્રહ વ્રતવાળા આ સાધુઓ ક્ષોભ પામતા નહિ. ક્યારેય પણ તેમનું અહિત પણ ઈચ્છતા ન હતા. (૬) પુણ્ય તિર્થોમાં વિચરતા આ મહા મુનિઓને ક્યારેક જોઈને આ દુષ્ટજનો તેમની સામે આવતા અને દુષ્ટ ભાષણ કરી તેમને તેઓ રોકતા હતા. (૭)

વળી દીન ગાયોને જેમ કસાઈઓ મારે તેમ આ દુષ્ટો આ સાધુઓને મારતા હતા. પૃથ્વીના જેવી ક્ષમાના ગુણને ધારણ કરનારા આ સાધુઓ તો પોતાને મારનારા જનોને પણ પ્રણામ કરતા હતા. (૮) છતાં પણ તે દુષ્ટજનો સાધુઓને મારતા હતા. એક સમયે એક અસુરે વૃદ્ધ આત્માનંદ નામના મુનિશ્વરના માથામાં જોડાવડે સખત પ્રહાર કર્યો. (૯)

તે વખતે ત્યાં પરમાત્માની ઈચ્છાથી, કેટલાક લોકો આ મહામુનિને દુષ્ટલોકો મારે છે તે જોઈ હાથમાં લાકડીઓ લઈ દયાથી વ્યાકુળ થઈ ત્યાં આવ્યા. (૧૦) તે સમયે તે ધીર મુનિવર પોતાને મારેલું પગરખું હાથમાં લઈ પોતાને મારનાર અસુરજનની પાસે જઈ તેને નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા. (૧૧) હે વૈકુંઠનાથના પાર્ષદ ! તમોને ઘણો જ શ્રમ પડ્યો. તમારું આ પગરખું હવે પહેરો. (૧૨)

આ પ્રમાણે કહીને તે દુર્જનને તેનું પગરખું આપ્યું તો પણ તે દુષ્ટ તો ક્રોધથી નઠારાં વચનો બોલતો મહામુનિનો તિરસ્કાર કરતો હતો. (૧૩) જેમના હાથમાં લાકડી છે તે દૈવી જનો વૃદ્ધ આત્માનંદ મુનિની આવી ક્ષમા જોઈને તેમજ આસુરી જનનું દુરાત્માપણું જોઈને દુરાત્મા ઉપર ગુસ્સે થયા. (૧૪) પછી તે દૈવીજનો, કોઈ પણ કારણ વિના તે સાધુના મસ્તકમાં પ્રહાર કરનાર માણસને લાકડી તથા મુષ્ટિના પ્રહારથી અત્યંત મારવા લાગ્યા. વૃદ્ધ આત્માનંદ તથા અન્ય મુનિઓ 'ન મારશો ન મારશો' એમ વાર્યા છતાં પણ સર્વ આસુરજનોને તે દૈવીજનો વારંવાર મારવા લાગ્યા. (૧૫)

જેમનાં હૃદય દયાથી કોમળ છે એવા મુનિઓ બળપૂર્વક તેમને છોડાવવા લાગ્યા તેથી જેમના હાથમાં લાકડીઓ છે તે દૈવીજનો આ સાધુઓની આવી ક્ષમા જોઈ અત્યંત વિસ્મય પામ્યા. (૧૬)

તે દૈવીજનો, તે મહાત્મા સાધુઓને તે સ્થાનથી બીજે જવાની ઈચ્છા હોવાથી તેમને નમસ્કાર

કરીને તે દુષ્ટજનો ફરી આ સાધુઓને ઉપદ્રવ ન કરે તે માટે તેમની સાથે દૂર સુધી ગયા. (૧૭) તે સમયે તે સંતોએ તે દૈવીજનોને કલ્યાણકારી ઉપદેશ કરી શ્રીહરિનો તેમને આશ્રય કરાવ્યો. પછી તેમને પાછા વાળીને મનુષ્યોની મુક્તિ માટે પૃથ્વી ઉપર વિચરણ કરવા લાગ્યા. (૧૮)

એક સમયે વનમાં ફરતા મહામુનિઓને રસ્તામાં અસુરાંશ દુર્જનોએ દૂરથી જોયા. (૧૯)

પછી સિંહો ગાયોના ટોળા ઉપર જેમ તૂટી પડે તેમ તે દુષ્ટો સાધુઓ તરફ દોડીને નૈઋત્ય નામના રાક્ષસો ઋષિવરોને જેમ તાડન કરતા હતા. તેમ તે સંતોને અતિશય મારવા લાગ્યા. (૨૦)

તે સમયે અફીણ ભરેલાં ગાડાં ત્યાંથી જતા હતા તેની સાથે ચાલતા તેના શૂરવીર રૂડિ બુદ્ધિવાળા રખેવાળો જેમના હાથમાં ભાલાઓ હતા અને જે વિજયવશ રાજાના ઘોડેસવારો હતા. (૨૧)

તે નિર્દોષ સાધુઓને મારતા અતિક્રૂર આ અસુરોને દૂરથી જોયા. તેથી ઘોડાઓને અત્યંત વેગથી દોડાવીને તેઓ ત્યાં તત્કાળ આવ્યા. (૨૨) પછી ઘોડેસવારો આ મુનિંદ્રોને મારનાર નિંદ્ય દુર્જનોને તથા નિરપરાધી નમ્રતાવાળા મુનિંદ્રોને જોઈને તે દુષ્ટોને કહેવા લાગ્યા. (૨૩)

હે દુષ્ટો ! ગરીબ, નિર્દોષ, અને સૌને નમતા આ સાધુઓને તમે શા માટે મારો છે ? એમણે તમારું શું લીધું છે ? (૨૪)

ઘોડેસવારોએ આ પ્રમાણે પૂછ્યું તેથી ભયભીત થયેલા તે કાંઈ બોલી શક્યા નહિ અને તે સાધુઓને મારવું છોડી દીધું. પછી તે ઘોડેસવારો તેમને કહેવા લાગ્યા. (૨૫)

હે નીચજનો ! અમારા ધર્મિષ્ટ રાજાના ન્યાયવાળા રાજ્યમાં તમો મદોન્મત્ત થઈને આવો અન્યાય કેમ કરો છો ? (૨૬) નિર્દય, વેશમાત્રથી જ ફક્ત સાધુ દેખાતા તમોએ આ નિર્દોષ સંતોને માર્યા જ કેમ ? (૨૭)

ઘોડેસવારોએ આ પ્રમાણે પૂછ્યું તેથી ક્રોધથી આંધળા થયેલા લાલ નેત્રોવાળા તે સર્વે દુર્જનો તેમને ગાળો ભાંડતા તેમનો અત્યંત તિરસ્કાર કરવા લાગ્યા. (૨૮) ક્રોધથી વ્યાપ્ત થઈ ગાળો બોલતા તે મદોદ્ધત દુર્જનોને તે ઘોડેસવારો કોરડાઓથી મારવા લાગ્યા. (૨૯) પછી ઘોડેસવારો તે સમગ્ર પાપિઓને તેમના હાથ પાછળ રાખી બાંધીને આગળ ચલાવ્યા. પછી મુનિંદ્રોને પણ આદરપૂર્વક તેમની સાથે રાજભુવનમાં લઈ ગયા. (૩૦) પછી ઘોડેસવારો અસુરોને તથા સુશીલ સંતોને તે રાજાની સમીપ લઈ ગયા અને તે બુદ્ધિશાળી રાજાને કહેવા લાગ્યા. (૩૧)

હે નૃપતે ! હે મહાબુદ્ધે ! સર્વ સાધુ લક્ષણે યુક્ત આ સાધુઓને વનમાં પાપીજનો અતિશય મારતા હતા. (૩૨) આ સાધુઓને આ ઉદ્ધતો મારતા હતા. તે અમોએ દૂરથી જ જોયું. (૩૨) પછી એમની પાસે જઈને માર મારતાં તે દુષ્ટજનોથી તત્કાળ આ મુનિઓને અમે મૂકાવ્યા. (૩૪)

હે રાજન્ ! નિરપરાધી મહાબુદ્ધિશાળી આ સાધુઓ ઘણા હતા છતાં પણ આ થોડા દુષ્ટ જનોનો માર સહન કરતા હતા. (૩૫) મહાક્ષમાવાળા, નિર્વેરી સાધુ ગુણોથી યુક્ત આ સાધુઓને મારતા આ

દુષ્ટોને અમોએ જ્યારે ન્યાયના શિક્ષા વચનો કહ્યાં ત્યારે સભ્યતા રહીત બની આ મદોદ્ધતો ગાળો દઈને હે રાજન્ ! અમારું પણ ઘણું અપમાન કરવા લાગ્યા. (૩૬-૩૭)

માટે અમો તે ક્રૂર ઠગોને બાંધીને અહી લાવ્યા છીએ, તેમજ સાધુપણાના ભૂષણરૂપ ધૈર્યશાળી આ સંતને પણ અહીં લાવ્યા છીએ. (૩૮)

સત્ અસત્‌ના વિવેકી રાજા પોતાના ભૃત્યોનું આવું વચન સાંભળીને દુષ્કર્મ કરનારા અસુરાંશવાળા જનોને કહેવા લાગ્યા. (૩૯) હે દુષ્ટો ! આ સાધુઓએ તમારું ધન વગેરે લીધું છે કે શું ? અથવા ગામની સીમા દબાવી છે કે રાજ્ય લીધું છે ? (૪૦) મત્સરવાળા તમો સર્વે જે કારણથી એમને મારતા હતા તે કારણ હે દુષ્ટો ! દુષ્ટોનું શાસન કરનાર એવા મને કહો. (૪૧)

રાજાએ આવી રીતે પૂછ્યું એટલે તે ખળ વિતરાગી દુષ્ટજનો રાજાને કહેવા લાગ્યા : હે રાજન્! આ સાધુઓ લોકોમાં હંમેશા વાતોથી ચતુરાઈથી અમારું માન ખંડન કરે છે. (૪૨) તેથી હે મહારાજ! આ લોકમાં મનુષ્યો અમોને માનતા નથી અને અમારો વારંવાર તિરસ્કાર કરે છે તેમજ વારંવાર અમારી ઘણી નિંદા કરે છે. (૪૩) આ પૃથ્વી ઉપર સર્વ ઠેકાણે લોકો એમનો જ સત્કાર કરે છે અને એમની જ વાતો સાંભળે છે અને આદરપૂર્વક એમની જ કીર્તિ ગાય છે. (૪૪)

રાજાએ તેમનું આવું વચન સાંભળીને ફરીથી તે દુષ્ટોને કહ્યું, હે દુર્જનો ! સદ્‌ગુણોથી જ મનુષ્યો સન્માનવા યોગ્ય થાય છે એ રીત છે. (૪૫) શાસ્ત્ર તથા લોકની એવી રીત હોવાથી લોકો સદ્‌ગુણ સંપન્ન આ સાધુઓને માને છે અને અશુભ ક્રિયાવાળા, અતિ ઉગ્ર દોષોથી ભરપૂર તમારી નિંદા કરે છે. (૪૬) તેમાં સદ્‌ગુણશાળી આ સંતોનો શો અપરાધ છે ? આ પ્રકારે રાજાએ કહ્યું એટલે અસુરાંશવાળા તે જનો કંઈ પણ બોલવા સમર્થ થયા નહિ. (૪૭)

પછી સાધુઓના સૌશિલ્ય વગેરે ગુણોથી વશ થયેલા રાજા તે સાધુઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે સંતો ! એમણે તમોને જેવી રીતે માર્યા તેવી રીતે તેમને તમો મારો. (૪૮)

રાજાએ આ પ્રકારે કહ્યું તેથી દીર્ઘદર્શી મુનીદ્રો રાજાને કહેવા લાગ્યા : હે રાજેન્દ્ર ! અમોને મારનાર પ્રાણીઓને અમારે મારવા ન જોઈએ. (૪૯) હે રાજન્ ! દુર્વચન કહેનારાઓને દુર્વચન ક્યારેય પણ ન કહેવું. પ્રહાર કરનારાઓને પણ નમસ્કાર કરવા. સર્વથા તેમના હિતનું ચિંતવન કરવું. (તેમના અનર્થનો સંકલ્પ પણ ન કરવો.) (૫૦) હે બુદ્ધિમાન્ ! આવી રીતે અમારા ગુરુ શ્રી સ્વામિનારાયણની આજ્ઞા છે. માટે અમારો દ્રોહ કરનારા આ જનોને મારવા માટે અમો શક્તિમાન નથી. (૫૧)

તેમનું આવું વચન સાંભળીને રાજા પ્રસન્ન થયા અને સાધુઓને કહેવા લાગ્યા. હે મુનિઓ! સદ્‌ગુણોથી આભૂષિત તમોને ધન્ય છે. અહો ! આશ્ચર્ય છે ! (૫૨) પોતાનો દ્રોહ કરનાર, ઉગ્રકર્મ કરનારા જનોના હિતનું પણ, દ્વેષ રહિત, તમો ચિંતવન કરો છો. (૫૩) અત્યંત ક્ષમાથી યુક્ત, વૈરે રહિત, સદ્‌ગુણોના સ્થાનભૂત, મંગળસ્વરૂપ, તમારા જેવા સંતો અમોએ જોયા નથી. તેમ સાંભળ્યા પણ નથી. (૫૪)

આવી રીતે ઘણા પ્રકારોથી રાજાએ શ્રેષ્ઠ મુનિઓની પ્રશંસા કરી અને એવા સાધુઓને પીડા કરનારા ઉપર ક્રોધ પામેલા રાજાએ તે સર્વ દુર્જનોને કેદખાનામાં નાખ્યા. (૫૫) પછી રાજાએ મુનિંદ્રોને કહ્યું, હે જીવોનું કલ્યાણ કરવાની ઈચ્છાવાળા ! શત્રુઓના ઉપર પણ ઉપકાર કરનારા તમો સુખપૂર્વક પધારો. (૫૬) એમ રાજાએ કહ્યું તેથી તે સંતો રાજાને કહેવા લાગ્યા : હે મહામતે ! અમારે માટે શોક કરનારા સ્ત્રીપુત્રાદિ અમને નથી. (૫૭) પરંતુ તમોએ બંધીખાનામાં નાખેલા આ વૈરાગીઓની પત્નીઓ, પુત્રો તથા કન્યાઓ તેમને માટે મહા શોક કરશે. (૫૮) રુદન કરતાં દીનપુત્રો તથા એમની ખિન્ન હૃદયવાળી સ્ત્રીઓનું પોષણ એમના વિના કોણ કરશે ?

હે મહારાજ ! અત્યંત પીડા પામેલા એ વૈરાગીઓને તમો જ્યારે બંધીખાનામાંથી છોડશો ત્યારે અમો તમારી આજ્ઞાથી જઈશું. (૬૦)

તેમનું આવું વચન સાંભળીને રાજા આશ્ચર્ય પામ્યા અને તેમને વારંવાર પ્રણામ કરીને સાચા સાધુઓની સાધુતા તથા અનુપમ કક્ષાની પ્રશંસા કરતા હતા. (૬૧)

પછી રાજા તે સાધુઓને કહેવા લાગ્યા, હે મુનિંદ્રો ! તમારો અપરાધ કરેલા આ દુર્જનોને ઘણા સમય સુધી પીડા કરવાની મારે ઈચ્છા છે. (૬૨) હે શુભ મુનિઓ ! તો પણ સન્માન કરવા માટે યોગ્ય મોટા પુરુષો એવા તમારા વચનથી હું તેમને છોડી મૂકું છું. એમ કહીને તત્કાલ તે સર્વને છૂટા કર્યા. (૬૩) પછી રાજાએ વંદના કરેલા અને અત્યંત સત્કાર કરેલા પુણ્ય દર્શનવાળા મુનિંદ્રો મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે પૃથ્વી ઉપર વિચરણ કરવા લાગ્યા. (૬૪)

આ પ્રમાણે અસુરાંશજનોએ સાધુઓને જે પીડા કરી હતી તે શ્રીહરિ પોતાનાં દર્શન કરવા આવેલા પોતાના ભક્તજનો પાસેથી ફરીથી સાંભળતા હતા. (૬૫)

હે રાજન્ ! આ પ્રકારે મુનિઓના સમુદાયોનું અત્યંત દુઃખ સાંભળીને દયાથી પીગળી ગયું છે અંતઃકરણ જેમનું એવા શ્રીહરિ, નરનાટ્યધારી ઉદાસીન થઈને વિચાર કરવા લાગ્યા.(૬૬) મારા આશ્રિત શુદ્ધ હૃદયવાળા મુનિઓનું તત્કાળ અભય કેવી રીતે થાય ? નિરપરાધી મુનિંદ્રોને પીડતા અને દૈત્યાંશથી ઉત્પન્ન થયેલા જનોનો નાશ કેમ થાય ? (૬૭)

મનુષ્યભાવ ધારણ કર્યો હોવાથી અસમર્થની માફક અતિ શોક કરતા શ્રીહરિ ચિંતવન કરતા હતા. તે સમયે સમાધિનિષ્ઠ મહાત્મા વ્યાપકાનંદ મુનિ શ્રીહરિની સમીપ આવ્યા. (૬૮) નરનાટ્યને અલંકૃત કરતા, કરમાઈ ગયેલા મુખારવિંદવાળા, શ્રીહરિને જોઈને તેમના હૃદયનો અભિપ્રાય જાણનારા વ્યાપકાનંદમુનિ, વિનયપૂર્વક બંને હાથ જોડીને પરમેશ્વર શ્રીહરિને આ પ્રમાણે કહેલા લાગ્યા. (૬૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં ચતુર્થ સ્કંધે અસુરોએ સંતોને ઉપદ્રવ કર્યો તે નિરૂપણ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

વ્યાપકાનંદમુનિ કહે છે :- હે ભૂમન્ ! હે પ્રભો ! આપ ઉદાસીનની માફક શું વિચાર કરો છો ? હે અખિલેશ્વર ! તમોને મેં પૂર્વે જેવા જોયા હતા તેવા હું હમણાં જોતો નથી. (૧) હે સત્પતે! આપની ઉદાસીનતાનું કારણ આપ મને કહો. હે શ્રીહરે ! કારણ કે ગુરુ પોતાને વિષે જેને સ્નેહ હોય તે શિષ્યોને પોતાનું રહસ્ય કહે છે. (૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સત્પુરુષોને પ્રિય શ્રીહરિ વ્યાપકાનંદ મુનિનું ન્યાયયુક્ત યથાર્થ વચન સાંભળીને તેમને કહેવા લાગ્યા. (૩)

હે મુનિવર્ય ! નિર્મળ ચિત્તવાળા મારા સાધુઓને દુષ્ટોએ અત્યંત પીડા કરી છે તે સાંભળીને મારા મનમાં શોક ઉત્પન્ન થયો છે. (૪) હંમેશા મારી આજ્ઞા પ્રમાણે વર્તનારા, ધૈર્યશીલ, નાના જીવોનો પણ ક્યારે દ્રોહ નહિ કરનારા, સાધુઓ હંમેશા મને પ્રસન્ન કરવા માટે વિષયોનો ત્યાગ કરીને મારું જ ચિંતવન કરતા પોતાના બંધુજનોમાં આસક્તિ તોડીને, એક મને જ દઢપણે આશ્રેલા દઢ આત્મનિષ્ઠાવાળા, મારી કથા કહેવા સાંભળવામાં નિરંતર પ્રીતિવાળા, જેમની સમગ્ર વાસના નાશ પામી છે એવા, એ પ્રકારના એકાંતિક ભાવથી મારી ભક્તિ કરતા જેમના પ્રાણ મારામાં જ છે એવા, મારા સાધુઓનું દુઃખ સહન કરવા માટે હે શુદ્ધબુદ્ધે ! હું સમર્થ નથી. (૫-૮)

હે મુને ! હું સદા એકાંતિક સાધુઓને જ આધીન છું. ભક્તજનો છે પ્રિય જેને એવો હું, મારું હૃદય મારા ભક્તોએ લઈ લીધું છે. (૯) હે વ્યાપકાનંદ મુને ! મારું ભજન કરનારા સાધુઓ વિના આત્યાંતિકી લક્ષ્મીને પણ હું ઈચ્છતો નથી. બહુ હું શું કહું ? મારા આત્માને પણ ઈચ્છતો નથી જે સાધુઓને પરમ પ્રાપ્ય હું જ છું. (૧૦)

જે સાધુઓ પ્રાણભૂત પુત્ર, સ્ત્રી, સજ્જનો, ઘર, ધનાદિનો ત્યાગ કરીને એક મારે જ શરણે આવ્યા છે તે સાધુઓનો ક્યારેય પણ ત્યાગ કરવા હું ઈચ્છતો નથી. (૧૧) પવિત્ર દર્શનવાળા સંતો મારે વિષે જેમના મન બંધાયા છે એવા, પતિવ્રતા સ્ત્રીઓ પતિને જેમ વશ હોય છે તેમ ભક્તિથી મને વશ કરે છે. (૧૨) જે સાધુઓ મારી સેવાથી પ્રાપ્ત થયેલા સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિ પણ કદી હૃદયમાં ઈચ્છતા નથી તો મારી સેવામાં આસક્ત સાધુઓ નશ્વર બીજી વસ્તુઓ શું ઈચ્છે ? કંઈ જ ઈચ્છે નહી. (૧૩)

જે સાધુઓ મારા વિના કંઈ પ્રિય પણ અને પ્રાપ્ય જાણતા નથી. મને પણ મારા એકાંતિક ભક્તો વિના બીજુ કંઈ પણ ક્યારેય પ્રિય તથા પ્રાપ્ય નથી. (૧૪) આવા સાધુઓનો જે દુર્જનો દ્રોહ કરે છે તેમાં તો મારે પ્રીતિ કોટી સાધનોથી પણ થતી નથી. (૧૫)

હે મહામુને ! મનુષ્યો મારો અપરાધ કરે છે હું સહન કરું છું. પરંતુ મારા સાધુઓને હમણાં જે પીડા દુષ્ટોએ કરી છે તે સાંભળીને હું અત્યંત ઉદાસી થયો છું. તેથી મારા મનમાં હે બ્રહ્મન્ ! બીજું

કાંઈ પ્રિય લાગતું નથી. (૧૬-૧૭)

વ્યાપકાનંદ મુનિ શ્રીહરિકૃષ્ણનું આવું મધુર વચન સાંભળીને ઉદાર પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણ ભગવાનને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૮)

હે પ્રભો ! હે નારાયણ મુને ! તમારા માટે કયું કાર્ય અશક્ય છે ? તો પણ મનુષ્ય નાટકને શોભાડવા માટે તમો અસમર્થની માફક બોલો છો. (૧૯) હે સ્વામિન્ ! તમે સંકલ્પ માત્રથી પૃથ્વીમાં સર્વે દુષ્કૃતશાલિ જનોનો વિનાશ કરવા સમર્થ છો એમાં સંશય નથી. (૨૦) તો પણ સર્વે દેહિઓના સુહૃદ એવા સાધુઓનો માર્ગ પૃથ્વી ઉપર પ્રવર્તાવવા માટે તમો ક્ષમા ધારણ કરો છો. (૨૧) આપ આપની દૃષ્ટિ માત્રથી ઉત્પત્તિ-સ્થિતિ-તથા સંહાર કરવા સમર્થ છો. (૨૨)

અક્ષર, કાળ, મૂળમાયા, મૂળપુરુષ, મૂળપ્રકૃતિનો પતિ મહાપુરુષ તથા પ્રધાનાદિ સર્વે તમારી બીકથી રાત્રિદિવસ ભય પામે છે. (૨૩) હે જગતોના પતિ ! હે અવતારિન્ ! પૂર્વે કહેલા અક્ષરાદિ જેમને આપે ઐશ્વર્ય આપ્યું છે તે સર્વે આપની આજ્ઞામાં નિરંતર વર્તે છે. (૨૪) એવા સામર્થ્યવાળા આપ છો. તો પણ આપના નરનાટ્યને શોભાવવા માટે તથા સત્પુરુષોનો માર્ગ પ્રવર્તાવવા માટે, હે પ્રભો ! આપ દુર્જનોનો ઉપદ્રવ સહન કરો છો. (૨૫)

માટે જેમ સાધુઓના સાધુપણામાં દુષણ ન આવે તેવી રીતે આપે સાધુઓની રક્ષા કરવી તથા પાપિઓનો પરાભવ પણ કરવો. (એવા ઉપાયનું ચિંતવન કરો.) (૨૬)

મુનિવત્સલ શ્રીહરિ વ્યાપકાનંદ મુનિનું આવું વચન સાંભળીને સર્વે મુનિઓનું રક્ષણ કરવાની ઈચ્છાથી તેમના પ્રત્યે આવું વચન બોલ્યા. (૨૭)

હે સાધો ! કિં પુરુષ નામના દેશમાં રાજગુણોથી યુક્ત નીતિશાસ્ત્રમાં નિપુણ, વાલિનો પુત્ર જે અંગદ તેના વંશમાં થયેલો રાજા છે. (૨૮) તે રાજા મારી ઈચ્છાથી જ ભારતવર્ષનું રાજ્ય તત્કાળ પ્રાપ્ત કરશે. તેમના દ્વારા આ સાધુઓનું રક્ષણ હું કરાવીશ. (૨૯)

દુરાત્મા અસુરાંશવાળા ગુરુઓ તથા રાજાઓનો પણ નિશ્ચય જ તે રાજા દ્વારા પરાભવ કરાવીશ. (૩૦) હે સાધો ! સાધુના માર્ગનું અવલંબન કરનાર હું આ દુષ્ટોનો વિનાશ કરવામાં સમર્થ છું, છતાં પણ મારે હમણાં બીજાને પીડા થાય એવું ન કરવું. (૩૧) તેથી હે મુને ! મારી આજ્ઞાથી તમો કિં પુરુષ દેશમાં જઈને તે રાજાને મારા પ્રતાપની વાર્તા તત્કાળ કરો. (૩૨)

શ્રીહરિએ આ પ્રકારે આજ્ઞા કરી તેથી સમાધિવાળા તે મુનિવર્ય નિરાવરણ સ્થિતિવાળા હોવાથી કિં પુરુષ દેશ પ્રત્યે ગયા. (૩૩) પછી રાજાના દરબારમાં જઈ દરવાનોએ તેમને સભામાં પ્રવેશ કરાવ્યા તેથી તે મહામુનિ અમાત્ય તથા અન્ય સભાજનોથી યુક્ત રાજાની તે સભામાં ગયા. (૩૪) સૂર્યનારાયણના સમાન તેજસ્વી છતાં પણ શાંત મુનિંદ્રને જોઈને તેમને મહાસિદ્ધ જાણીને, રાજા અમાત્યોએ સહિત તેમની સન્મુખ ગયા. (૩૫) પછી મહાબુદ્ધિશાળી અંગદેશનો રાજા મહાબુદ્ધિશાળી મુનિને સુંદર આસન ઉપર

બેસાડી વિનયપૂર્વક તેમની સામે બે હાથ જોડીને આ પ્રમાણે પૂછવા લાગ્યા. (૩૬)

હે મુને ! અતિ દુર્ગમ આ દેશમાં તમો એકલા ક્યાંથી આવ્યા ? રાજાએ એ પ્રમાણે પૂછ્યું તેથી મુનિ કહેવા લાગ્યા. (૩૭) હે મહિપતે ! અહીં શ્રી સ્વામિનારાયણે મને મોકલ્યો છે. તેમના પ્રતાપથી જેમની ગતિ નથી રોકાઈ એવો હું અહીં આવ્યો છું. (૩૮)

મુનિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા રાજા ફરીથી મુનિને પૂછવા લાગ્યા. હે મુને ! સ્વામિનારાયણ કોણ છે ? તે હાલમાં કયા સ્થાનમાં છે ? (૩૯)

હે બુદ્ધિમાન્ ! હે મુને ! મને તેમનો પ્રતાપ તમો કૃપાથી કહો. આવી રીતે રાજાએ પૂછ્યું તેથી મુનિ રાજા પ્રત્યે હર્ષથી બોલ્યા. (૪૦)

હે રાજન્ ! સ્વામિનારાયણ પોતે પ્રત્યક્ષ ભગવાન છે. હજારો સાધુઓ તથા બીજા અસંખ્ય ગૃહસ્થોથી વીંટાયેલા છે. (૪૧) હે રાજન્ ! અનુપમ ઐશ્વર્ય તથા પરાક્રમવાળા સ્વામિનારાયણ ઘણા પ્રાણિઓને પોતાના દર્શન માત્રથી જ તત્કાળ સમાધિ કરાવે છે. (૪૨) હે રાજન્ ! તેમના અતિશય પ્રતાપથી જ કરોડો માણસો અધર્મનો ત્યાગ કરીને ધર્મના માર્ગમાં વર્તે છે. (૪૩) હે રાજન્ ! સ્વામિનારાયણમાં અસંખ્ય સદ્‌ગુણો વિદ્યમાન છે તેમની સમગ્ર રીત સર્વોત્તમ જ છે. (૪૪)

મુનિનાં વચનો સાંભળીને આનંદ પામેલા રાજાએ પૂછ્યું તેથી સહજાનંદને ભજતા સાધુઓ તથા ગૃહસ્થોના સમગ્ર ધર્મો, બોધ આપવામાં વિચક્ષણ, મુનિ સભામાં બેઠેલા જનોને અત્યંત આનંદ પમાડતા વિસ્તારપૂર્વક શાસ્ત્ર પ્રમાણે રાજાને કહેવા લાગ્યા. (૪૫-૪૬)

રાજા તથા તેના અમાત્ય મુનિનું આવું વચન સાંભળીને પરમાશ્ચર્ય પામ્યા અને સ્વામિનારાયણે બાંધેલી પ્રથા તેમના આશ્રિત સાધુઓ તથા સત્સંગી સંજ્ઞાવાળા ભક્તજનોની પ્રશંસા કરવા લાગ્યા. (૪૭)

પછી વ્યાપકાનંદ મુનિ અંગદેશના રાજાને પ્રસન્ન થયેલા જાણીને રાજાના મનમાં ભારતના દિગ્વિજય કરી ભારત દેશના સમ્રાટ થવાની તેની ઇચ્છા છે તે તેને કહેવા લાગ્યા. મુનિનું એવું વચન સાંભળીને અતિ પ્રસન્ન થયેલા રાજા વ્યાપકાનંદ મુનિને મહાસિદ્ધ માનવા લાગ્યા. (૪૮)

મુનિ વ્યાપકાનંદ પોતાના વચનમાં રાજાને વિશ્વાસ છે તેથી નમ્રતા યુક્ત રાજાને આ પ્રમાણે અમૃત તુલ્ય વચન કહેવા લાગ્યા. (૪૯)

હે રાજન્ ! જો સામ્રાજ્ય ઇચ્છતા હોય તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી જ ભારત વર્ષના રાજાઓને જીતીને તમે સામ્રાજ્ય જરૂર પામશો. દિગ્વિજય કરવા માટે તત્કાળ પ્રયાણ કરો. (૫૦) હે રાજન્ ! તમોને સામ્રાજ્ય અપાવનાર પ્રત્યક્ષ સ્વામિનારાયણના પ્રતાપથી જ તમારો આ સંકલ્પ તત્કાળ સિદ્ધ થશે. (૫૧) નીતિ નીપુણ અંગ્રેજ રાજા મુનિનું આવું વચન સાંભળીને તેમના વચનામૃતથી તેમને જાણે આધીન થયો હોય તેમ હાથ જોડીને મુનિ પ્રત્યે બોલ્યા. (૫૨)

હે મુને ! મેં દુર્જય અને મહા બળવાળા તથા ગર્વિષ્ટ ભારત દેશના રાજાઓનું મહા મોટું સામર્થ્ય

દૂત દ્વારા જાણ્યું છે. (૫૩) માટે હે મુને ! તે રાજાઓનો પરાભવ દુષ્કર છે એમ હું માનું છું. રાજાનું આવું વચન સાંભળીને મુનિએ તેમને કહ્યું કે હે રાજન્ ! ચિંતા કરશો નહિ. (૫૪)

હે રાજન્ ! તમારો આ મનોરથ શ્રીસ્વામિનારાયણની ઈચ્છાથી જ સિદ્ધ થશે. આ પ્રમાણે મુનિએ કહ્યું પરંતુ તેથી અંગ્રેજ રાજા નિઃસંશય થયો નહિ. (૫૫)

પછી દયાળુ મુનિ રાજાને પૂછીને પોતાનો નિત્યવિધિ સ્નાનાદિ કરીને, રાજાને નિઃસંશય કરવાની ઈચ્છાથી એકાંતમાં બેસીને હે માનસિંહ રાજન્ ! પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ધ્યાન તત્કાળ રાજાને કરાવતાં હતાં. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં ચતુર્થ સ્કંધમાં શ્રીહરિએ વ્યાપકાનંદ મુનિને કિંપુરુષ દેશમાં મોકલ્યા તેનું નિરૂપણ કર્યું એ નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વ્યાપકાનંદમુનિ પોતાના આસનમાં બેસીને પોતાને પ્રેરણા કરનાર સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરીને તેમના નામનું સ્મરણ કરીને આ પ્રમાણે સંકલ્પ કરતા હતા. (૧) સહજાનંદ ઈશ્વર શ્રીહરિ આ રાજાને પોતાના દર્શન આપીને મેં તેમને વચન કહ્યું છે તે કહે ત્યારે જ તે માનશે. (૨) સર્વાંતર્યામી સ્વયં શ્રીહરિ મુનિના એવા મનોરથ જાણીને મુનિનો સંકલ્પ કૃપાથી સત્ય કરવા માટે ઈચ્છતા હતા. (૩)

પછી એકાંતમાં બેઠેલા તે રાજા પોતાના કાર્યનું ચિંતવન કરતા તથા નારાયણ મુનિના પ્રતાપનું હૃદયમાં સ્મરણ કરતા હતા. તેવામાં પોતાના સમગ્ર ભુવનમાં એકદમ તેજ વ્યાપેલું જોયું. તેમ જ તે તેજના મધ્ય ભાગમાં રત્નજડિત સુવર્ણ સિંહાસન જોયું. તે સિંહાસનમાં વિરાજેલા મહા તેજોમય મનોહર શ્રીહરિકૃષ્ણને હે રાજન્ ! રાજા આશ્ચર્ય પામીને જોતો હતો. (૪, ૫, ૬)

પછી શ્રી સ્વામિનારાયણની ઈચ્છાથી બુદ્ધિશાળી (જેને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે) અંગ્રેજ રાજાએ ભારત દેશના સમગ્ર રાજાઓને નિસ્તેજ અને અતિ દીન જોયા. (૭) તેથી અતિ આશ્ચર્ય પામેલા અને અતિ આનંદથી યુક્ત તે રાજા શ્રીહરિને નમસ્કાર તથા પ્રણામ કરવા લાગ્યો. તે રાજાને શ્રીસહજાનંદ સ્વામી અમૃત સમાન વચન આ પ્રમાણે કહેવા લાગ્યા. (૮)

હે રાજન્ ! મેં તમારે માટે મોકલેલા, મહાત્મા મુનીંદ્રે તમોને મારો પ્રતાપ કહ્યો છે તે જ ભગવાન સ્વામિનારાયણ હું છું, હું હાલમાં પંચાલ દેશમાં ગઢપુરમાં રહું છું. (૯-૧૦) હે રાજન્ ! તમો મારા પ્રતાપથી ભારત દેશમાં રહેલા સર્વે રાજાઓનો પરાભવ કરીને તત્કાળ સામ્રાજ્ય પામશો. (૧૧)

આવું મારું વાક્ય માનીને તમારા ઉદયનો નિશ્ચય કરીને જ હે રાજન્ ! નિર્ભય થઈને તત્કાળ દિગ્વિજય કરવા માટે નીકળો. (૧૨) હે ભૂપતે ! તમો રાજાઓનો વિજય કરતા જ્યારે સુંદર સૌરાષ્ટ્ર દેશમાં રહેલા રાજકોટ પુરમાં આવશો ત્યારે તમારો મારી સાથે મેળાપ થશે. આવી રીતે રાજાને કહીને શ્રીહરિ તત્કાળ અંતર્ધ્યાન થઈ ગયા. (૧૩-૧૪)

વિસ્મય પામેલા વિચક્ષણ રાજાએ પોતાની કાર્ય સિદ્ધિ થઈ છે એમ માનીને, પોતાના અમાત્યોને બોલાવીને આવી રીતે કહ્યું. (૧૫) હે રુડી બુદ્ધિવાળાઓ ! મેં આ આશ્ચર્ય જોયું છે તે તમે સાંભળો. મહાતેજમાં શ્રેષ્ઠ સુવર્ણનું સિંહાસન મેં જોયું. (૧૬) તે સિંહાસનમાં રહેલા મહાતેજોમય સ્વરૂપવાળા એક પુરુષને મેં જોયા. તે પુરુષે તમો સામ્રાજ્ય પામશો એમ મને કહ્યું. (૧૭)

રાજાના અમાત્યો વગેરે રાજાનું આવું વચન સાંભળીને અતિ પ્રસન્ન થઈને, હે રાજન્ ! તમોને એ ભગવાને નિશ્ચય જ કહ્યું છે, એમ તે નરપતિ ને કહેતા હતા. (૧૮) હે રાજન્ ! તમારે દિગ્વિજય કરવા માટે તત્કાળ પ્રયાણ કરવું. તમો દુર્જેય ભારત દેશના રાજાઓને જીતીને રાજ્ય પામશો. (૧૯)

પોતાના અમાત્યોનું આવું વચન સાંભળીને નરેન્દ્ર મુનિની સમીપ જઈને તથા તેમને નમસ્કાર કરીને તેમની સમીપ બેસીને આવી રીતે મુનિને કહેવા લાગ્યા. (૨૦)

હે મુને ! તમારી પ્રસન્નતાથી મને સ્વામિનારાયણનાં દર્શન થયાં. હે મુને ! તમોએ જેવું તેમનું ઐશ્વર્ય કહ્યું તે પ્રમાણે જ મેં સમાધિમાં જોયું. (૨૧)

હે મુને ! તમારું તથા તેમનું વચન સત્ય માનીને હું દિગ્વિજય કરવા માટે જાઉં છું. તમારા વચનથી રાજાઓને જીતીને તત્કાળ જ સામ્રાજ્ય પામીશ. (૨૨)

રાજાએ આવી રીતે મુનિને કહીને પછી યોગ્ય ચંદન પુષ્પાદિ સર્વે ઉપહારોથી પ્રથમથી સત્કર કરાયેલા તે મુનિને પૂજ્યા. (૨૩)

પછી પોતાની સમીપમાં બેઠેલા રાજાને મુનિ આ પ્રમાણે કહેવા લાગ્યા : હે રાજન્ ! સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે. એમ તમો નિશ્ચિત જાણો. (૨૪) હે રાજન્ ! સ્વામિનારાયણના અનુપમ પ્રતાપથી તત્કાળ તમોને રાજ્યની પ્રાપ્તિ થશે. હે મહામતે ! એમ જાણો. (૨૫)

મુનિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા રાજાએ મુનિની ફરીથી પૂજા કરી. એટલામાં તો તેની દૃષ્ટિ સમક્ષથી મુનિ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. (૨૬)

હે રાજન્ ! પછી મુનિની આજ્ઞાથી અંગ્રેજ રાજા દિગ્વિજય કરવાની ઈચ્છાથી પ્રસ્થાન કરવા માટે પોતાના સૈન્યને તત્કાળ તૈયાર કરાવતો હતો. (૨૭) રાજા પોતાના અમાત્યો તથા સેનાની સાથે સામ્રાજ્ય પ્રાપ્તિની આસક્તિથી દિગ્વિજય કરવા નીકળ્યો. (૨૮)

સમગ્ર આવરણોએ રહિત, ધીર, વ્યાપકાનંદ મુનિ શ્રી સ્વામિનારાયણને હૃદયમાં સંભારતા, મહા ઐશ્વર્યબળથી ગઢપુર આવ્યા. (૨૯) હે નરેન્દ્ર ! પછી મુનિ એકાંતમાં શ્રીહરિની સમીપ જઈને

અષ્ટાંગ પ્રણામ કરીને, શ્રીહરિને અંગ્રેજ સંબંધિ સમગ્ર વૃત્તાંત જેમ હતું તેમ કહેવા લાગ્યા. (૩૦)

પછી જન સમુદાયના હૃદગત અભિપ્રાયને જાણનારા સાધુઓને વિષે અતિ પ્રીતિવાળા પ્રસન્નતાને પામેલા શ્રીહરિએ આ પ્રમાણે મુનિને કહ્યું. હે મુનિંદ્ર ! હે દીર્ઘદર્શી ! ગુપ્ત રાખવા યોગ્ય આ વૃત્તાંત તમારે કોઈ માણસની આગળ કહેવું નહિ. (૩૧)

શ્રીહરિનું આ પ્રકારનું વચન શિરોમાન્ય કરીને બુદ્ધિશાળી મુનિ પોતાના સ્થાનમાં ગયા. આવી રીતે પોતાના ભક્તોનું રક્ષણ કરવામાં તત્પર શ્રીહરિએ પોતાના પ્રતાપથી જ કાર્ય સંપાદન કર્યું. (૩૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં, ચતુર્થ સ્કંદમાં, શ્રીહરિએ પ્રદર્શિત ઐશ્વર્યનું નિરૂપણ એ નામે એ સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નરેન્દ્ર ! અસુરાંશથી ઉત્પન્ન થયેલા દુર્જનોના ગણોએ અત્યંત પીડા પમાડેલા શ્રીહરિના ચરણકમળના ચિંતનમાં આસક્તિવાળા સાધુઓ પોતાના ભક્તોનું રક્ષણ કરનારા ધર્મના પુત્ર શ્રીહરિની સમીપ તત્કાળ પોત પોતાના મંડળ સાથે આવ્યા. (૧)

અતિ પ્રિય છે સાધુ જેમને એના શ્રીહરિકૃષ્ણ ભગવાન, દૂરથી મુનિગણો આવે છે એવું પોતાના ભક્તો પાસેથી સાંભળીને, પોતાના આસનનો ત્યાગ કરીને દયાર્દ્ર હૃદયવાળા પોતાના આશ્રિતોથી વીંટાયેલા, ઓઢવાનું વસ્ત્ર પણ જેમણે ધારણ નથી કર્યું એવી રીતે તેમની સન્મુખ ગયા. (૨) પોતાનાં દર્શનથી જ આશ્રિતોની પીડાથી નિવૃત્તિ કરનારા, પોતાની સન્મુખ આવતા શ્રીહરિને જોઈને, સંતો મેઘને જોઈને પ્રસન્ન ચિત્તવાળા ચાતકગણો જેમ હર્ષ પામે તેમ, શ્રીહરિના ચરણકમળમાં પ્રીતિયુક્ત મનરૂપી ભ્રમરોવાળા તે સંતો પૃથ્વી ઉપર પડીને શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૩)

હે રાજન્ ! સત્પુરુષોને પ્રિય ભગવાન શ્રીહરિ પોતા પ્રત્યે જ જેમના નેત્રો પ્રેમથી કેન્દ્રિત થયા છે એવા રોમાંચિત ગાત્રવાળા, અત્યંત અનુરાગથી પૂર્ણ, વિનયી, નમ્રતાયુક્ત સમગ્ર સાધુઓને અત્યંત પ્રેમથી ભેટતા હતા. (૪) અતિ તીક્ષ્ણ પીડાને હરનારાં, પરોતાના અંગસંગથી જેમને આનંદ પ્રાપ્ત થયો છે એવા સુંદર બુદ્ધિવાળા સમગ્ર સાધુઓ દાવાગ્નિથી બળેલા પ્રાણિઓના સમુદાયો મેઘની વૃષ્ટિથી જેમ શાંતિ પામે તેમ અનુપમ શાંતિ પામ્યા. (૫)

પછી સૌ સંતો પોતાના સ્થાને ગયા અને પોતાના આસનમાં બિરાજેલા શ્રીહરિ, સાધુઓને પોતાના સમીપમાં બેસાડીને તેમનું યથાયોગ્ય સન્માન કરતા તેમના પ્રત્યે અત્યંત કરુણાપૂર્ણ દ્રષ્ટિથી જોતા, નરનાટ્યથી જાણે કશું જાણતાં નહોય ને શું ? તેમ પૂછવા લાગ્યા. (૬)

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે મુનિ મંડળો ! તમારે શું સમાચાર આપવાના છે ?

પૃથ્વીમાં કેવા મનુષ્યો છે ? તેમાંથી કેટલા મુમુક્ષુ છે અને કેટલા નથી ? (૭)

શ્રીહરિનું આ પ્રકારનું અમૃતથી પણ અધિક મધુર વચન સાંભળીને સાધુઓ બંને હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે વિનયયુક્ત વચન બોલ્યા. (૮)

હે સ્વામીન્ ! અમો આપની આજ્ઞાથી પૃથ્વીના તળમાં વિચરી અતિ પ્રયાસથી મનુષ્યોને ઉપદેશ આપતા હતા. (૯) તેથી દૈવી હજારો જીવો આપનો આશ્રય કરતા હતા. હે હરે ! આ જોઈને તથા સાંભળીને, દૈત્યાંશ ગુરુઓ તથા તેવા દુષ્ટમતિવાળા રાજાઓ અત્યંત બળતા હતા. તે દુષ્ટ મતિવાળા નિર્દય ગુરુઓ તથા રાજાઓ બંને પરસ્પર મળીને અમોને અત્યંત પીડતા હતા. (૧૦-૧૧)

હે પ્રભો ! જ્યાં જ્યાં અમો ગયા ત્યાં ક્યાં પછવાડે આવેલા ટોળે મળેલા અસુરો અમોને અતિશય મારતા હતા. (૧૨) સહન ન થઈ શકે એવું અસુરોથી ઉદ્‌ભવેલું કષ્ટ અમોએ સહન કર્યું તોપણ અસુરો અહીંથી ત્યાં એમ સર્વ ઠેકાણેથી અમોને કાઢી મૂકતા હતા. (૧૩) તેથી અમો સર્વ હમણાં આપના શરણે આવ્યા છીએ. આપના પ્રતાપથી અમારા સાધુપણામાં દૂષણ આવ્યું નથી. (૧૪)

હે ભગવન્ ! ભૂતલમાં મુમુક્ષુઓ તો વિરલ છે. કેવળ વિષયમાં વ્યાકુળ જનો આ પૃથ્વી ઉપર ઘણાં જ છે. (૧૫) જેમણે સચ્છાસ્ત્રની મર્યાદા ત્યાગ કરી છે એવા દુરાચાર, પરાયણ, અસુરાશવાળા, ગુરુઓએ કરેલા ઉપદેશના જાળાંથી વીંટાયેલા (૧૬) મહા મોહરૂપી અંધકારથી આંધળા, હિંસાદિમાં આસક્ત ચિત્તવાળા, દુષ્ટ અધર્મકુળથી વ્યાપ્ત થયેલા પશુ તુલ્ય છે. (૧૭)

સર્વજ્ઞ અવતારી આપને કાંઈ પણ અવિદિત નથી તો પણ હે પ્રભો ! આપ મનુષ્ય ભાવથી અમને જ્યારે પૂછો છો ત્યારે આપની પ્રસન્નતાની અભિલાષાથી અમારું વૃત્તાંત આપના દાસ અમોએ આવી રીતે આપને સંક્ષિપ્તથી કહ્યું. (૧૮-૧૯) હે હરે ! સર્વે બ્રહ્માંડોમાં શ્રી પુરુષોત્તમ આપ સિવાય હિત કરનારા તથા સુખ આપનારા કોઈ પણ નથી. (૨૦)

હે હરે ! અવતારી શ્રી પુરુષોત્તમ આપ અમોને મળ્યા તેથી લૌકિક જે સુખ અને દુઃખ તેને અમો કંઈ પણ ગણતા નથી. (૨૧) દૈત્યાંશ મનુષ્યોએ અમોને અત્યંત તાડન કર્યું છતાં પણ અમો આપનું ધ્યાન કરતા તથા સત્માર્ગમાં રહીને કદિ ક્ષોભ પામતા નથી. (૨૨)

હે હરે ! જ્યારે દુર્જનો પોતાનો દુષ્ટ સ્વભાવ ત્યાગ ન કરતા ત્યારે અમો સંતો અમારો સાધુસ્વભાવ કેમ ત્યાગ કરીએ ? (૨૩) હે હરે ! ચંદ્રમા તથા ચંદન વૃક્ષ જેમ શીલતાનો ત્યાગ કરતા નથી, જેમ પૃથ્વી ક્યારેય પણ ક્ષમાનો ત્યાગ કરતી નથી, તેજ રીતે સાધુઓ પણ સારા સ્વભાવનો ત્યાગ કરતા નથી. (૨૪) જડ-ક્લેશ અને નાશવંત જે આ ત્રણ દેહ તેથી વિલક્ષણ આ સુખરૂપ જીવાત્માને ક્લેશ ક્યારેય નથી. (૨૫) હે સર્વાત્મન્ ! આ પ્રકારે આપના પ્રતાપથી દેહાદિકને અમો તુચ્છ માનીએ છીએ. આપની કૃપાથી સદા સુખી છીએ. (૨૬) સાધુ સ્વભાવ છે પ્રિય જેમને એવા શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને તથા સાધુઓનું ધૈર્ય જોઈને પ્રસન્ન થયા અને સાધુઓને મંદ હાસ્યપૂર્વક કહેતા હતા.(૨૭)

અહો ! હે મુનિઓ ! મહા આપત્તિને સહન કરતા તમો અતિ ધન્ય છો. ક્ષમામાં ઋષભદેવ તથા જડભરત તુલ્ય છો. (૨૮) ક્ષમામાં અંબરીષ તથા કદર્ય સમાન આ ત્રિલોકીમાં તમારા તુલ્ય કોઈ સાધુ નથી. (૨૯) હે સંતો ! તમારી તિતિક્ષાથી તમારા દ્રોહ રૂપ પાપથી દુરાશયવાળાઓ થોડા સમયમાં નાશ પામશે. (૩૦)

હે સંતો ! ક્ષમા તુલ્ય શસ્ત્ર નથી તથા ધૈર્ય સમાન બખતર નથી. અહિંસા સમાન સુકૃત નથી, મૌન સમાન સુખ નથી. (૩૧) તેથી હે સંતો ! સદ્‌ગુણોથી અત્યંત શોભતા તથા સર્વ લોકનું હિત કરનારા, ધૈર્યયુક્ત, તમારે હંમેશા આ પ્રકારે જ વર્તવું. (૩૨)

હે સંતો ! અપરાધ રહિત મુનીંદ્રો તમારા અપરાધથી દુરાત્માઓના નાશનો સમય સમીપ આવ્યો છે. (૩૩) હે સંતો ! તારા જેવા સાધુઓનો જ્યારે કોઈપણ અપરાધ કરે, તમારો અપરાધ કરનાર, શંકર સમાન હોય તો પણ નિશ્ચય તેનો પોતાના પરિવારે સહિત નાશ થાય જ. (૩૪)

હે ઉત્તમ સંતો ! અપરાધે રહિત તમારા જેવાના દ્રોહથી ઘણા પુણ્યનો નાશ થાય જ. તમારા જેવા સાધુજનોના અપરાધથી પુરુષોનો ધર્મ, યશ, યજ્ઞાદિથી સંપાદન કરેલા સ્વર્ગાદિ લોકો તથા આશીર્વાદો તથા આયુષ જે તપનું મુખ્ય સાધન છે તે સર્વ નાશ પામે છે. (૩૫-૩૬)

હે સંતો ! આ લોકમાં પહેલા પણ તમારા જેવા સાધુઓનો દ્રોહ જેમણે કરેલો છે તે તો દ્રોહના કરનારા પોતાના પાપથી અતિ દુઃસહ ક્લેશ પામ્યા છે. (૩૭) હે સંતો ! પૃથ્વી ઉપર જે દૈત્યાંશ રાજાઓ તથા ગુરુઓ છે તે સર્વે તમારા દ્રોહથી હમણાં ક્ષીણપુણ્યવાળા થયા છે. (૩૮)

હે સંતો ! પૃથ્વી ઉપર ભાર ભૂત જન્મવાળા સર્વે પાપીઓ પોતાના પાપથી જ થોડા સમયમાં મારી ઈચ્છાથી નાશ પામશે. (૩૯) હે સંતો ! તમારા સાધુસ્વભાવથી હું પ્રસન્ન થયો છું. તમારા સર્વે ઉપદ્રવોના નાશનો ઉપાય મેં શોધી કાઢ્યો છે. (૪૦)

હે સંતો ! સાધુઓ ! તમારું રક્ષણ કરવા માટે જ મારી ઈચ્છાથી વાયુ દિક્ષા તરફથી દુષ્ટોનો નિયામક કોઈ નરેશ્વર આવે છે. (૪૧) દશરથના પુત્ર રામચંદ્રના સમયમાં વાલિનો પુત્ર મહાબુદ્ધિશાળી અંગદ હતો. શ્રી રામચંદ્રે અંગદને કિંપુરુષ દેશનો અધિપતિ કર્યો હતો. (૪૨) તેના વંશમાં ઉત્પન્ન થયેલો નીતિશાસ્ત્રમાં પ્રવીણ, નાના પ્રકારની કલાઓમાં નિપુણ, ઈશાન નામના દેવનો શિષ્ય તે રાજા છે. (૪૩)

હે સત્પુરુષો ! તે રાજા અતિગૌર અંગવાળો, દાઢી અને મૂછ મુંડાવેલો અને મસ્તક ઉપર કેશ ધારણ કરનારો. (૪૪) વિવિધ પ્રકારના ઉજ્જવલ શસ્ત્રો તથા તેવા ઉજ્જવલ વસ્ત્રો ધારણ કરતા તે. (૪૫) રાજા-અઢાર પ્રકારના વ્યવહારમાં અત્યંત ચતુર તથા સામ, ભેદ, દાન અને નિગ્રહ એ ચારમાં પ્રવિણ છે. (૪૬)

કૌંચપક્ષીના આકારવાળું, શુચિમુખ ચક્રાકાર, મકરાકાર-ગરુડાકાર-મહત્ તથા વ્રજાખ્ય આયુધના આકારવાળું, સર્વતો ભદ્ર-અર્ધચંદ્રાકૃતિ, શકટાકાર, શૃંગાટક મુખ્ય સમગ્ર વ્યૂહોને તે રાજા જાણે છે. વિવિધ પ્રકારની યુદ્ધ કલામાં પણ અતિકુશળ છે. (૪૭-૪૮)

માટે તે રાજા મહીતળમાં વ્યૂહ રચનાથી યુક્ત, શત્રુઓથી ન જીતી શકાય એવા પોતાના સૈન્યોને સર્વ ઠેકાણે ફેરવે છે. (૪૯) તે રાજા હંમેશા તપસ્વીઓના જેવો વેશ ધારણ કરે છે અને પોતાના શરીર ઉપર સુવર્ણ વગેરેના અલંકારો ક્યારેય ધારણ કરતા નથી. (૫૦) શાસ્ત્રોમાં કહેલાં વિવિધ પ્રકારના સમગ્ર રાજધર્મોમાં પણ તે પ્રવિણ છે. તે રાજા શાસ્ત્ર પ્રમાણે પ્રજાઓનું પાલન કરનારા થશે. (૫૧) તે ઉત્તમ રાજા હંમેશા પોતાના ધર્મનું પાલન કરતો તમોને પીડા કરનારા રાજાઓને શિક્ષા આપીને, તમારું રક્ષણ કરશે. (૫૨)

હે સંતો ! જ્યાં સુધી તે રાજા આવે ત્યાં સુધી તો તમારે સર્વ પ્રકારે હમણાં જેવી રીતે વર્તો છો તેવી રીતે જ વર્તવુ. પરંત દેશ તથા વ્યવહારનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. તેમજ જેવો કાળ હોય તેવું વર્તવું એવી નીતિ છે. (૫૩) પૂર્વે શત્રુઓના સંકટમાં શ્રીકૃષ્ણની સહાય પામેલા હોવા છતાં, પણ પાંડવો વૈરાટ નગરમાં કોઈ ન જાણી શકે તેવા વેશથી રહ્યા હતા. (૫૪) હે સંતો ! ધર્મનો જ સર્વદા જય થાય છે. અધર્મનો જય થતો નથી. સત્ય જ જય પામે છે, અસત્ય તો નથી જ. આવું ઋષિઓનું વચન છે, માટે તમારે ચિંતા રહિત થઈને આ લોકમાં વસવું. (૫૫)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આવી રીતે સ્વામિનારાયણ ભગવાને સમગ્ર મુનિઓને કહ્યું અને તે મુનિઓ પણ થોડો સમય આ પૃથ્વીના તળમાં તેવી રીતે વર્તવા લાગ્યા. (૫૬) જેમણે વૈષ્ણવી ચિહ્નોનો ત્યાગ કર્યો છે અને શ્રીહરિનું સદા ધ્યાન કરે છે તે મુનિઓ, દૈત્યાંશ ગુરુઓ તથા રાજાઓ ન જાણી શકે તેવી રીતે આ પૃથ્વી ઉપર ફરતા હતા. (૫૭)

પછી શ્રીહરિની ઈચ્છાથી જેનો પ્રતાપ વધવા લાગ્યો છે તે અંગ દેશનો રાજા પૃથ્વી ઉપર સાધુઓના દ્રોહ કરનારા સમગ્ર રાજાઓને જીતતો હતો. (૫૮) સાધુઓના દ્રોહથી ક્ષીણ પુણ્યવાળા સર્વે રાજાઓને, સ્વામિનારાયણના સાધુઓના રક્ષણથી પ્રાપ્ત થયું છે મહા તેજ જેને એવા તે, અંગ્રેજ રાજાએ વશ કરી લીધા (૫૯) જેમના સ્થાન તથા રાજ્યો હરાઈ ગયા છે અને જેમની લક્ષ્મી નષ્ટ પામી છે એવા સાધુઓનો દ્રોહ કરનારા તે ભૂમિપાલો, તેમના બંધુવર્ગ તથા સુહૃદ વર્ગ નાશ પામી ગયા તેથી આ પૃથ્વી ઉપર કોઈ ન જાણે તેવો ગુપ્ત સ્થાનમાં રહેતા હતા. (૬૦)

સત્ અસત્‌ના વિવેકને જાણનારો અંગ્રેજ રાજા, હરિભક્ત વિના બીજા દાંભિકો તથા વિષયમાં આસક્તિવાળા અસુરોના ગુરુઓને તથા યોગ્ય દંડ કરતો હતો. (૬૧) આ ઉદ્ધવ સમ્પ્રદાયમાં જે ત્યાગીઓ તથા ગૃહસ્થો છે તેમને પૃથ્વી ઉપર જે કોઈ રાજા તથા બીજા પાપીઓ પીડ કરતા હતા. (૬૨) તેમને બાંધીને અંગ્રેજ રાજા તેમના ગળામાં ફાંસી નાખીને હણતા હતા. તેથી આ પૃથ્વી ઉપર મોટો ઉદ્‌ઘોષ થયો. (૬૩)

ત્યારે જે જે સાધુઓનો દ્રોહ કરનારા હતા તેઓ તે રાજાથી અત્યંત બીવા લાગ્યા અને એ રીતે જ્યાં ત્યાં દુઃખથી દિવસો કાઢતા હતા. (૬૪) આ પ્રકારે સર્વ ઠેકાણે ભારતવર્ષમાં તથા કિંપુરુષ દેશમાં પણ સન્માર્ગનું રક્ષણ કરતા અંગદીય રાજાનું જ રાજ્ય હતું. (૬૫)

તે રાજા, પોતાનો સર્વ ઠેકાણે દિગ્વિજય થાય છે તે સ્વામિનારાયણનો પ્રતાપ છે એમ જાણીને, પૃથ્વી ઉપર દિગ્વિજય કરતા સ્વામિનારાયણનાં દર્શન કરવામાં અતિ આસક્ત મનથી, સૌરાષ્ટ્રમાં રહેલા રાજકોટ પુરમાં આવ્યો. જેની ઘણા ખંડિયા રાજાઓ સેવા કરે છે એવો તે રાજા તે નગરમાં એક માસ નિવાસ કરીને રહ્યો. (૬૬-૬૭)

સ્વામિનારાયણના આશ્રિત હરિભક્તોની તેણે રક્ષા કરી તેથી જ તેનો દિગ્વિજય થયો એમ તે અંગ્રેજ રાજા જાણતા હતા. તેમજ સ્વામિનારાયણનું અતિ ગૌરવ જાણતા હોવાથી તેમનાં દર્શન કરવામાં ઉત્કંઠાવાળા હતા. (૬૮) મહાબુદ્ધિશાળી રાજા સ્વામિનારાયણ દુર્ગપત્તનમાં રહે છે એમ જાણીને તેમને મળવા માટે ઈચ્છા કરતા હતા. (૬૯)

પછી તે રાજાએ સોનેરી અક્ષરોથી પત્ર લખાવીને તે પત્ર પોતાના દૂતોને આપીને તેમને દુર્ગપત્તન મોકલ્યા. (૭૦)

પછી દૂતો ગઢપુર જઈને, ભક્તોની સભામાં બિરાજેલા શ્રી સ્વામિનારાયણને મળ્યા તથા તેમને નમસ્કાર કરીને તેમણે રાજાનો પત્ર આપ્યો. (૭૧) શ્રીહરિના દર્શનથી જેમના ચિત્તમાં આશ્ચર્ય વ્યાપી ગયું છે એવા વિનય યુક્ત રાજાના સેવકો તે દિવ્ય સભા જોઈને હે નરેન્દ્ર ! શ્રીસ્વામિનારાણ પ્રત્યે કહેવા લાગ્યા. (૭૨)

હે સ્વામિન્ ! શ્રી રાજકોટમાં રહેલા, અનેક રાજાઓથી સેવાએલા, પૃથ્વી પતિના અમો સર્વ દૂતો છીએ એમ આપ જાણો. (૭૩) તે રાજાઓના રાજા આપનાં દર્શન કરવા અત્યંત ઉત્સાહવાળા છે. માટે અહીં વસતા પ્રિય દર્શનવાળા પરમેશ્વર આપની પાસે અમોને મોકલ્યા છે. (૭૪)

હે પ્રભો ! તેમના રાજ્યમાં આપના આશ્રિતોને આ પૃથ્વી તળમાં કોઈ જગ્યાએ ક્યારેય પણ દુર્જનોથી ભય નથી એમ આપ અંતરમાં જાણો. (૭૫) હે ઉદાર કીર્તે ! આ પત્ર વાંચીને આપની જે પ્રમાણે ઈચ્છા હોય તેવી રીતે સમગ્ર રાજાઓએ જેમના દર્શન માટે પ્રાર્થના કરી છે એવા આપ અમોને પ્રત્યુત્તર આપો. (૭૬)

રાજાઓના રાજાઓએ વંદન કરવા યોગ્ય છે ચરણારવિંદ જેમના એવા, પ્રસન્નતા પામેલા પરમેશ્વર, હરિકૃષ્ણ, દૂતોનું આવું વચન સાંભળીને રાજાને તત્કાળ પોતાના દર્શન કૃપા કરીને આપશે એ ઈચ્છાથી અંગ્રેજ રાજાના દૂતોને મનોહર વચન કહેવા લાગ્યા. (૭૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના, ચતુર્થ સ્કંધમાં શ્રીહરિએ મુનિઓને સાંત્વન આપ્યું તે નિરૂપણનો સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે રાજ ભૃત્યો ! તમારા અધિપ પૃથ્વીપતિ રાજાનો આ પત્ર વંચાવીને તમોને તેનો ઉત્તર હું આપીશ. (૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ, રાજાઓના અનુચરોને આ પ્રમાણે કહીને, પોતાના પાર્ષદોને રાજાના ભૃત્યોને જમાડવાની આજ્ઞા આપી પછી તેમને યથા યોગ્ય જમાડ્યા. (૨) પછી ઈશ્વર શ્રીહરિકૃષ્ણની આજ્ઞાથી હે રાજર્ષે ! હું શ્રીહરિની આગળ રાજ પત્ર વાંચતો હતો. (૩)

સ્વસ્તિ શ્રી સર્વોત્તમ શ્રીહરિના નિવાસથી શોભાયમાન દુર્ગપત્તન નામના નગરમાં વિરાજમાન દેવતાઓ, મનુષ્ય તથા રાજસમૂહોથી વંદનીય છે, ચરણકમળ જેમનાં એવા દિવ્ય ઐશ્વર્ય તથા મહાપ્રતાપના સ્થાનભૂત, સદ્‌ગુણોથી સેવાયેલા આપને નમસ્કાર કરીને હે પ્રભો ! આપની આજ્ઞાનું પાલન કરનાર હું આ પ્રમાણે વિનંતિ કરું છું. (૪)

હે સ્વામિન્ ! અતિશય પ્રતાપ યુક્ત દેવોને પણ દુર્જય એવા ઘણા યોદ્ધાઓ તેમજ મહા સૈનિકોએ રક્ષણ કરેલા ભારત વર્ષના રાજસમૂહોને આપના પ્રતાપથી જ તત્કાળ જીતીને દિશાઓનો સમગ્ર ઉત્કર્ષ કરી, આપનાં દર્શનમાં ઉત્સાહિત અંતઃકરણવાળો હું હાલ શ્રી રાજકોટમાં રહ્યો છું. (૫)

હે હરે ! કેવળ કરુણાથી પૃથ્વી જળ વગેરેના આવરણોથી રહિત આપના આશ્રિત મુનિવરને મોકલીને મને આપનો અનુપમ પ્રતાપ જણાવીને, આપે આપનાં દર્શન આપી દિગ્વિજય કરવા આજ્ઞા આપી. આવું વચન મને કહ્યું છે કે જ્યારે રાજકોટ નગરમાં તમો આવશો ત્યારે મારો નિશ્ચય મેળાપ થશે. (૬) માટે મારે આપના દર્શનની અતિ ઉત્કંઠા છે. તો પણ હે ભગવન્ ! સર્વ નિયંતા આપની આજ્ઞાને આધીન હોવાથી (રાજકોટમાં આપણે બંને મળીશું એમ સમાધિમાં જેમણે દર્શન આપી કહ્યું છે તેથી આપની આજ્ઞાને આધીન હોવાથી) હું આપની પાસે આવ્યો નથી હે પ્રભો! આપના દર્શનમાં મારું મન અતિશય ઉત્સાહવાળું હોવાથી આપનાં દર્શન મને કોઈ પણ ઉપાયે જલદી થાય તેવી મને આપ આજ્ઞા આપો. (૭)

હે વિભો ! જો હું આપની સમીપ આવું તો મારી મોટી સેના, મારી પાછળ આવતા રાજાઓ, તેમજ તેમની હજારોની સંખ્યાવાળું સૈન્ય વગેરેથી જે પ્રજાનો હું રક્ષક છું તે પ્રજાને ઘણી પીડા થાય, મને તે પીડા અતિ દુઃસહ છે. તો પણ આપની આજ્ઞા હોય તો હું આપની પાસે આવું. (૮)

ભક્તજનોને ઈચ્છિત અર્થ આપનારા હે વિભો ! આવી રીતે મેં આપને પ્રાર્થના કરી છે. તો હે સ્વામિન્ ! આ વિષયમાં જેમ આપને યોગ્ય લાગે તેવો પ્રત્યુત્તર તત્કાળ મોકલશો. દક્ષતાદિ ગુણોના સમુદ્રરૂપ, સર્વજ્ઞ આપને બહુ લખવાથી શું ? માટે મેં સંક્ષિપ્તથી જ લખ્યું છે. માટે જેમ યોગ્ય હોય તેમ કરો. (૯-૧૦) દયાસાગર, સર્વજ્ઞ, સહજાનંદ સ્વામી રાજાનો આ પત્ર સાંભળીને, તેનો અત્યંત ભાવજાણી આનંદ પામ્યા. (૧૧)

હે રાજન્ ! મુક્તાનંદ વગેરે સજ્જનોની સાથે વિચાર કરતા શ્રીહરિ હર્ષથી આ પ્રમાણે સાધુઓ પ્રત્યે મધુર વચન બોલ્યા. (૧૨) હે સંતો ! અંગ્રેજ સમ્રાટ પોતાની સેના તથા ઘણા રાજાઓના સૈન્ય સાથે જો અહીં આવે. (૧૩)

હે મુનિ મંડળો ! તેથી માર્ગમાં તથા આ પુરમાં પ્રજાને દુઃસહ પીડા થાય તે યોગ્ય નથી. (૧૪) માટે સદ્‌ભાવવાળા, મારા દર્શનમાં ઉત્સાહિત ચિત્તવાળા, તે રાજાની સમીપ જઈને મારે તેને દર્શન આપવાં. (૧૫) શ્રીહરિનું આવું વચન સાંભળીને મુક્તાનંદાદિ સાધુઓ શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે સ્વામિન્ ! આપે યથાર્થ વિચાર કર્યો. કારણ કે આમાં લોકોનું શ્રેય છે. (૧૬) હે શ્રી હરે ! રાજકોટપુરમાં આપના જવાથી હજારો દેહ ધારિઓનું, અતિ મંગળ સ્વરૂપ આપના દર્શનથી, ઉત્તમ કલ્યાણ થશે. (૧૭) શ્રીહરિ તેમનું આ વચન સાંભળીને 'પ્રયાણ કરવા માટે તૈયાર થાવ' એ પ્રમાણે પોતાના આશ્રિતજનોને આજ્ઞા આપી, પોતે તત્કાળ તૈયાર થયા. (૧૮)

પછી પ્રભુ શ્રીહરિએ નરેન્દ્રના સેવકોને બોલાવીને કહ્યું, હે રાજાના અનુચરો ! રાજાની સમીપ આવવા માટે હું તૈયાર થયો છું. (૧૯) હે રાજદૂતો ! હું તત્કાળ આવીશ. માટે તમો આગળ જઈને રાજાને મારું આગમન કહો. (૨૦) આ પ્રકારે શ્રીહરિકૃષ્ણે આજ્ઞા કરેલા રાજદૂતો શ્રીહરિને પ્રણામ કરીને નમ્રતાપૂર્વક ઈશ્વર શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૧)

હે હરે ! જ્યારે આપ રાજકોટ નગરની સમીપ પધારો ત્યારે આપના સેવકો મોકલીને રાજાને આપ સંદેશો મોકલશો. (૨૨) આપને તેડી જવા માટે અમોને જ્યારે મોકલ્યા ત્યારે જ આ રાજાએ આ પ્રમાણે અમને કહ્યું હતું. માટે હે પ્રભો ! આપ એ પ્રમાણે કરશો. (૨૩)

શ્રીહરિએ કરેલા આદરથી રાજકોટથી આવેલા રાજાના અનુચરો પ્રસન્ન થઈને શ્રીહરિને આ પ્રમાણે કહીને ફરીથી નમસ્કાર કરીને દુર્ગપત્તનથી નીકળ્યા અને રાજાને તેજ દિવસે મળ્યા. (૨૪) અહીં રાજદૂતોએ ઉત્સાહપૂર્વક અંગ્રેજ રાજાને પ્રણામ કરીને કહ્યું, હે રાજન્ ! સ્વામિનારાયણ પોતે તત્કાળ અહીં પધારશે. (૨૫) તેમનું આવું વચન સાંભળીને પ્રસન્ન મનવાળા રાજાનું મુખ પ્રફુલ્લિત થયું અને પોતાની સમીપમાં ઊભેલા સેવકોને કહ્યું. (૨૬) હે ભૃત્યો ! સ્વામિનારાયણ ભગવાન આ પુરમાં આજે અથવા કાલે આવશે. જ્યારે આવે ત્યારે હું એકાંતમાં હોઉં તો પણ મને તત્કાળ સમાચાર આપવા. (૨૭) સેવકજનોને આ પ્રમાણે કહીને રાજા શ્રીહરિની પૂજા માટે સાધનો એકઠાં કરીને પ્રીતિપૂર્વક શ્રીહરિના આગમનની રાહ જોવા લાગ્યા. (૨૮) હે રાજન્ ! પછી શ્રીહરિએ મુક્તાનંદને પ્રીતિપૂર્વક રથમાં બેસાડ્યા. નિત્યાનંદ આદિ શ્રેષ્ઠ સંતોને પણ જેમ ઘટે તેમ જુદા જુદા રથમાં બેસાડ્યા. (૨૯) અત્યંત પ્રસન્ન થયેલા પોતાના સેવક મુકુંદાનંદ, બ્રહ્મચારીઓ તથા હું શુકાનંદમુનિ વગેરે સાધુઓ સહિત, વિવિધ પ્રકારના શસ્ત્રો ધારણ કરનાર પોતાની આજ્ઞામાં વર્તતા શૂરવીર રત્નજીત તથા ભૃગુજીત વગેરે ઘોડેસવારો જેમના હાથમાં ચળકતા ભાલાઓ છે અને જેમને શ્રીહરિ વિષે અત્યંત પ્રીતિ છે તે સોમ ખાચર, સુરા ખાચર વગેરે સેંકડો ઘોડેસવારોથી યુક્ત; (૩૦-૩૨)

તેમ જ રથમાં બેઠેલા ઉત્તમ રાજા તે સર્વે સહિત, રમણીય મેનામાં બિરાજેલા છત્ર ચામરથી શોભાયમાન; (૩૩) સુવર્ણની છડીઓ જેમના હાથમાં છે એવા માંગલિક શબ્દો બોલતા દ્વારપાળો સહિત ધર્મના પુત્ર શ્રીહરિએ દુર્ગપત્તનથી પ્રયાણ કર્યું. (૩૪) તે સમયે માંગલિક વાદ્યોના ધ્વનિ થયા. હે રાજન્! મહા સૈન્યથી વીંટાયેલા પરમેશ્વર શ્રીહરિ જેઓ સુંદર મેનામાં બિરાજ્યા હતા તેમના દર્શન પુરના સમગ્ર જનો આશ્ચર્યપૂર્વક કરતા હતા. (૩૫)

શ્રીહરિની આગળ ચાલતા શસ્ત્રધારીઓ, હંસની પાંખ જેવા ઉજ્જવલ સુંદર વસ્ત્રોવાળા, શીઘ્ર ગતિવાળા, તેમજ વૈરીજનોના ગર્વને નાશ કરનારું શૌર્ય જેમનું છે એવા શોભતા હતા. (૩૬) પુરુષોત્તમ શ્રીહરિએ આરોહણ કરેલી શિબીકા શોભતા સુવર્ણના કળશોથી અતિ રમણીય વિમાનને પણ જાણે લાજ પમાડતી હોય ને શું ? સોનેરી રંગના રેશમના તારથી કરેલા મોટા ગુચ્છાઓથી શોભતી હતી. (૩૭)

વાયુ સમાન વેગવાળા, મહા તરંગોની પંક્તિની માફક જેમના સુંદર ચરણ તાલબદ્ધ પડે છે એવા તુરંગો શ્રેષ્ઠ ભાલાઓ જેમના હાથમાં છે એવા સવારોએ બળપૂર્વક જેમની ગતિ રોકી છે એવા તે અત્યંત શોભતા હતા. (૩૮) વિચિત્ર વર્ણવાળી, અસુરોને ભયંકર, અનેક પ્રકારની શ્રેષ્ઠ ધ્વજાઓથી યુક્ત, અતિ સુંદર શ્રીહરિની સેના ખીલેલા વિવિધ પ્રકારના કમળોથી ગંગા જેમ શોભે તેમ શોભતી હતી. (૩૯)

સુવર્ણની ઘુઘરીઓના અવાજથી તેમ જ સુવર્ણના કળશો વડે શોભાયમાન અને વિલાસ કરતી પતાકાઓ જેમાં છે એવા દેવોના વિમાન તુલ્ય ગતિવાળા રથો અત્યંત શોભતા હતા. (૪૦) આવી રીતે શોભતી પોતાની સેનાથી વીંટાયેલા ધર્મના પુત્ર શ્રીહરિએ અમૃતથી અતિ મધુર સુંદર વચનોથી પોતાની પાછળ આવતા અભય રાજા તથા પુરના પોતાના ભક્ત સમૂહોને પાછા વાળી પ્રયાણ કર્યું. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિની આગળ શુકાનંદે કરેલું પત્રનું વાંચન નિરૂપણનો અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આશ્રિતોની સાથે માર્ગમાં ચાલતા સત્પુરુષોના પતિ શ્રીહરિ જ્યારે વાંકિયા ગામથી બે ગાઉ દૂર હતા ત્યારે શ્રીહરિનું આગમન સાંભળીને શ્રીહરિના આશ્રિત વાંકીયા ગામના રાજા માંકા ખાચર વાજિંત્રોનોના ઘોષ સાથે શ્રીહરિની સન્મુખ ગયા. (૧, ૨)

માંકા ખાચરે દૂરથી શ્રીહરિના દર્શન કરીને તેમને હર્ષપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી શ્રીહરિને પુષ્પના હાર તથા તોરાઓ ધારણ કરાવ્યા. (૩) પછી પ્રીતિપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરી શ્રીહરિને તેમના આશ્રિતો સાથે પોતાના ભુવનમાં સુખપૂર્વક નિવાસ કરાવ્યો. (૪)

પછી ગેહલ આદિ પોતાના પુત્ર તથા અન્ય સંબંધીઓથી યુક્ત માંકા ખાચર આશ્રિતો સાથે

શ્રીહરિની સેવા પ્રેમપૂર્વક યથાયોગ્ય કરવા લાગ્યા. (૫)

પછી વૈકુંઠાનંદ વર્ણિરાજે શ્રીહરિને તેલ મર્દન કરીને ઉના જળથી વિધિ પ્રમાણે આદર પૂર્વક સ્નાન કરાવ્યું. (૬) વૈકુંઠાનંદ વર્ણીએ આપેલું પીતાંબર ધારણ કરીને તથા બીજું પીતાંબર ઓઢીને શ્રીહરિ પોતાને આસને બિરાજ્યા અને શ્રીહરિ નિત્ય વિધિ કરવા લાગ્યા. (૭)

તેટલામાં મુકુંદાનંદ વર્ણિરાજે શ્રીહરિ માટે શીરો, પુરી વગેરે સમગ્ર પાક દૂધમાં તૈયાર કર્યા. (૮) મુકુંદાનંદ વર્ણી લવણ વગરના શાક બનાવીને બેઠા હતા. તેવામાં શ્રીહરિ પાકશાળામાં પધાર્યા અને પોતાના દાળ તથા ભાત કરીને શાકમાં મીઠું નાખ્યું. (૯) નરનાટ્યધારી શ્રીહરિ વિષ્ણુને ભોજન નિવેદન કરીને વારંવાર જળ પીતા પીતા ભક્તોના સુખ માટે જમતા હતા. (૧૦)

શ્રીહરિ શીરો, શાક, ચંદ્રમાં તુલ્ય ગોળ પુરીઓ તથા સુગંધીમાન રમણીય ભાત ઘી નાંખીને દાળ સાથે જમતા હતા. (૧૧) પછી શ્રીહરિ બંને હાથ તથા મુખ જળથી શુદ્ધ કરીને વર્ણીએ આપેલો મુખવાસ જમ્યા. (૧૨) ત્યારબાદ શ્રીહરિ વસ્ત્રો ધારણ કરી સભામાં આવીને કોમળ ઓછાડ પાથરેલા પોતાના આસનમાં બિરાજ્યા. (૧૩) તેટલામાં તેમના સહચારી સમગ્ર ભક્તો જમીને, સભામાં આવીને શ્રીહરિનાં દર્શન કરવાની ઈચ્છાથી યથાયોગ્ય બેઠા. (૧૪) પછી શ્રીહરિએ ધર્મ સંબંધી ઉપદેશની શુભ વાતો કરી સર્વ ભક્તોને સુખ આપીને સૌને પોતપોતાના નિવાસમાં જવા માટે આજ્ઞા આપી. (૧૫)

સ્વયં શ્રીહરિ પોતાના પાર્ષદોની સેવા ગ્રહણ કરતા કોમળ શય્યામાં પોઢીને યોગ નિદ્રાને આધીન થયા. (૧૬) શ્રીહરિ પ્રાતઃકાળમાં શિબિકામાં બેસીને પોતાના આશ્રિતો તથા માંકા ખાચર વગેરે સાથે ચાલ્યા. તે સમયે વાંકીયા ગામના હરિભક્તોએ શ્રીહરિને વળાવ્યા. (૧૭)

પોતાના આશ્રિતો સાથે શ્રીહરિ ઉમરાલી ગામ પહોંચ્યા. ત્યાંના રાજા તથા શ્રીહરિના ભક્તો વાજિંત્રો વગડાવીને પોતાની સેના સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા. (૧૮) તે ભક્તો પોતાના ઈષ્ટ શ્રીહરિના દૂરથી દર્શન કરીને શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરી શ્રીહરિની સ્તુતિ કરતા હતા અને શ્રીહરિને પુષ્પના હાર તથા તોરાઓ અર્પણ કરતા હતા. (૧૯) શ્રીહરિ પોતાના ભક્તોએ પોતાની પ્રાર્થના કરી તેથી આશ્રિતો સાથે ગામમાં પધાર્યા. ત્યાં ભોજન લીધું તથા જ્ઞાનોપદેશ કરી રાત્રિ નિર્ગમન કરી. (૨૦)

હે રાજન્ ! સવારમાં શિબિકામાં બેસીને પોતાના આશ્રિતો સહિત ત્યાંના હરિભક્તોએ વળાવેલા અખિલેશ્વર હરિકૃષ્ણ ત્યાંથી ચાલ્યા. (૨૧) પોતાના પ્રાણથી પણ અત્યંત પ્રિય શ્રીહરિનાં દર્શન કરવાની ઈચ્છાથી રસ્તામાં હજારો ભક્તો ચારે તરફથી શ્રીહરિની પાછળ આવ્યા. (૨૨) બીજા પણ દેહધારીઓ સમ્રાટ રાજા શ્રીહરિનું સન્માન કરશે. તેથી તે શ્રીહરિની પ્રતિષ્ઠા જોવાની ઈચ્છાથી શ્રીહરિની પાછળ આવ્યા. (૨૩) રસ્તામાં જન સમુદાય શ્રીહરિનાં દર્શન કરે છે તે શ્રીહરિ હર્ષિત થયેલા જનોની સાથે રાજકોટ પુરની સમીપ પધાર્યા. (૨૪) શ્રીહરિ રસ્તામાં આવેલી નદી જોઈને નિત્ય વિધિ કરવા માટે વૃક્ષોની ઘટાવાળા મનોહર સ્થાનમાં ઉતર્યા. (૨૫) હે રાજન્ શ્રીહરિ નદીમાં સ્નાન તથા પોતાનો નિત્ય વિધિ કરીને વિષ્ણુને ભોજન નિવેદન કરીને પોતે જમ્યા. (૨૬) એ અરસામાં શ્રીહરિના સર્વે આશ્રિતો

પણ પોતાનો નિત્ય વિધિ કરીને યથાયોગ્ય ભિન્ન ભિન્ન ટીમણ કરતા હતા. (૨૭)

અહીંથી શ્રીહરિએ રાજાને પોતાના આગમનની ખબર આપવા માટે ભીમજીત તથા ધનજીત પાર્ષદોને આગળથી મોકલ્યા. (૨૮) પછી ભીમજીત તથા ધનજીત પાર્ષદોને આગળ જઈને શ્રીહરિને તેડવા માટે જે રાજદૂતો (ગઢપુર) આવ્યા હતા તેમને મળીને રાજાને શ્રીહરિના આગમનની ખબર કરી. (૨૯)

શ્રી સ્વામિનારાયણનું આગમન સાંભળીને ચંદ્રમાના ઉદયથી સમુદ્ર જેમ આનંદે તેમ રાજા અત્યંત હર્ષ પામ્યા. (૩૦) રાજાએ તત્કાળ દૂત મોકલીને મંત્રી વગેરે પોતાના સર્વે સભાસદોને શ્રીહરિ સન્મુખ જવા માટે આજ્ઞા કરી. (૩૧) અંગ્રેજ રાજા પ્રસન્ન થઈને પરમેશ્વર શ્રીહરિની સન્મુખ જવા માટે પોતાની સેનાને આજ્ઞા આપી તત્કાળ તે સેનાને તૈયાર કરાવતા હતા. (૩૨) રાજાએ પોતાના સેવકો મોકલ્યા અને શ્રીહરિની સન્મુખ સૈન્ય સહિત જવા માટે ભાવનગરના રાજાને આજ્ઞા કરી. (૩૩)

તેવી રીતે પાલીતાણા જૂનાગઢ, નવાનગર, વાંકાનેર, ગોંડલ, મોરબી, તથા વાંકીયા, એ સર્વે રાજ્યોના રાજાઓને સમ્રાટ રાજાએ પોતપોતાની સેનાએ સહિત શ્રી સ્વામિનારાયણની સન્મુખ જવા માટે આજ્ઞા કરી. (૩૪-૩૮)

વળી ધ્રાંગધ્રા, લીમડી, વઢવાણ તથા સાયલા એ સર્વે રાજ્યોના રાજાઓને પણ શ્રી સ્વામિનારાયણની સન્મુખ પોતપોતાની સેના સાથે જવા માટે આજ્ઞા કરી. (૩૯-૪૧) અંગ્રેજ રાજાએ જેતપુરના અધીશ્વર ઉન્નડ ખાચરને પોતાની સેના સહિત સ્વામિનારાયણની સન્મુખ જવા આજ્ઞા કરી. (૪૨) અંગ્રેજ સમ્રાટ કુંડલના અધિપતિ ઓઘા ખાચરને સૈન્ય સહિત શ્રીહરિની સન્મુખ જવા આજ્ઞા કરી. (૪૩) શ્રીહરિની સન્મુખ જવા માટે સમ્રાટે સૈન્યની સાથે જસદણના રાજા વાસુર ખાચરને આજ્ઞા કરી. (૪૪)

આવી રીતે સમગ્ર રાજાઓ ચક્રવર્તી અંગ્રેજ રાજાની આજ્ઞાથી ધર્મના પુત્ર શ્રીહરિની સન્મુખ જવા માટે પોત પોતાના સૈન્યોને તૈયાર કરાવતા હતા. (૪૫) તેટલામાં સમ્રાટની મોટી ચતુરંગીણી સેના હાથી-ઘોડા રથ પદાતિએ યુક્ત વાજિંત્રોના ઘોષ સાથે અમાત્યો સાથે શ્રીહરિની સન્મુખ ગઈ. (૪૬)

તે રાજાઓની કૂચની ઉડતી રજ જાણે સૂર્યને સમગ્રપણે ઢાંકી દેતી હોય એવી દેખાતી હતી. તે રાજાઓ વાજિંત્રોના ઘોષ સાથે સમ્રાટની તે સેના પાછળ ચાલતા હતા. (૪૭) પૂર્વોક્ત રાજાઓની સેનાઓ જેમની પાછળ ચાલે છે એવું, સુશોભિત વાજિંત્રોના શબ્દોથી ચારે દિશાઓ ગાજી ઊઠી છે એવું અંગ્રેજ સરકારનું સૈન્ય શ્રીહરિની સન્મુખ ચાલતું જાણે ઉદય પામેલા નવીન ચંદ્રમાં સન્મુખ જેમ સમુદ્રનું પૂર હર્ષપૂર્વક જાય તેમ અત્યંત શોભતું હતું. (૪૮)

તે સમયે સમગ્ર ભૂમિને ઢાંકી દઈને ચાલતા આ મોટા ચતુરંગ સૈન્યને જોઈ, હે રાજન્ ! ત્યાં ભેગા થયેલા પૌરજનો અત્યાનંદપૂર્વક આશ્ચર્ય પામ્યા. (૪૯)

પૂર્વે કહેલા રાજાઓ સિવાય બીજા રાજાઓ તથા હજારો પુરનિવાસીજનો પોતાના આસન તથા ભોજન વગેરેનો ત્યાગ કરી શ્રીહરિની સન્મુખ આવ્યા. દૈત્યો ઘુવડોની માફક કોઈ ન દેખે એવા સ્થાનમાં પેસી ગયા. (૫૦)

દૈવી જનો તો મોટાં નગારાંના શબ્દો સાંભળીને, જેમ મેઘનો નાદ સાંભળીને મયૂરો હર્ષ પામે તેમ હર્ષ પામ્યા. દુર્જનો સિંહના માફક માથાં કૂટતા અત્યંત પીડા પામ્યા. (૫૧) તે સમયે (દૂરથી શ્રીહરિનાં દર્શન કરીને) અંગ્રેજ રાજાના અમાત્યે વાજિંત્રોના ઘોષથી દિશાઓ ગજવી મૂકી. (એટલે વાદ્યો વગડાવ્યાં) જે ઘોષ સાંભળીને અસુર ગુરુઓનાં હૃદય અત્યંત ચિરાઈ ગયાં. (૫૨)

મોટા શૂરવીર પુરુષો રૂપી તિમિંગલો જેમાં છે તથા ચળકતા ભાલાઓ રૂપી તરંગોની પંક્તિઓ જેમાં છે, વળી ઉછળતા ચામરો રૂપી સમુદ્ર ફીણોથી યુક્ત તે સૈન્ય જાણે બીજો સમુદ્ર હોય ને શું ? એમ શોભતું હતું. (૫૩) ઈશ્વરાધિપતિ શ્રીહરિ પાસે સૈન્ય પહોંચ્યું એટલે મંત્રીઓ તથા રાજાઓ તત્કાળ પોતાના વાહન ઉપરથી ઉતરીને શ્રીહરિને નમસ્કાર કરી અત્યંત વિનયપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૫૪) હે નાથ ! સમ્રાટ રાજાની છાવણીમાં આપ પધારો. સમગ્ર રાજાઓ જેમને નમસ્કાર કરે છે તે સમ્રાટ રાજા આપનાં દર્શન ઈચ્છે છે. માટે આપ કૃપા કરી પધારી રાજાને પવિત્ર કરો. તેમજ અનેક દેશથી આવેલા ખંડિયા રાજાઓને તથા લોકોને પણ પવિત્ર કરો. (૫૫)

ઈશ્વર શ્રીહરિકૃષ્ણ સમ્રાટ રાજાના મંત્રીઓનું આવું વચન સાંભળીને તેમના મંત્રીઓ વગેરેનું યથાયોગ્ય સન્માન કરી તત્કાળ અત્યંત રમણીય શિબિકામાં બેસીને સર્વે રાજમંત્રીઓની સાથે ચાલ્યા. (૫૬) ખંડિયા રાજાઓ તથા ચક્રવર્તી રાજા તેમની સેનાઓની સાથે ઘણાં વાજિંત્રોના ઘોષ સાંભળતા માર્ગમાં ચાલતા હતા. શ્રીહરિ સમ્રાટની સમીપમાં જતી વખતે સુંદર છત્ર તથા ચામરો વગેરે રાજ્ય ચિહ્નોથી અત્યંત શોભતા હતા. (૫૭)

હાથમાં સોનાની છડી ધારણ કરતા પોતાના રાજા તથા રાજાઓના છડીદારો ઊંચા સ્વરોથી છડી પુકારતા હતા. તે સમયે જયના ધ્વનિથી દશ દિશાઓ વ્યાપી ગઈ. (૫૮)

તે સમયે શ્રીહરિની મનોહર શોભાનાં દર્શન માટે આકાશમાં આવેલા દેવેન્દ્રો સુંદર ચંદન તથા નંદનવનના ઉત્તમ પુષ્પોથી શ્રીહરિને વધાવતા હતા. (૫૯)

તે સમયે ત્યાં ભેગા થયેલા લોકો, જનસમૂહથી ઉભરાતા માર્ગમાં, શ્રીહરિનાં દર્શન કરીને સ્થિર નેત્રવાળા બની, આશ્ચર્ય પામી, શ્રીહરિના દર્શનથી કોઈ પણ પ્રકારે વિરામ પામતા નહોતા. (૬૦) શ્રીહરિ પણ પોતાના દર્શન કરનાર જનોના ચિત્ત તથા નેત્રની વૃત્તિને પોતાની મૂર્તિમાં, નિર્મળ લોહચુંબક લોઢાને જેમ આકર્ષે તેમ, ખેંચતા સમ્રાટ રાજાની છાવણીને દૂરથી જોતા હતા. (૬૧)

જ્યારે રાજાની છાવણી શ્રીહરિથી લગારેક દૂર રહી ત્યારે પોતાના સેવકો પાસેથી શ્રીહરિનું આગમન સાંભળીને આ અંગ્રેજ રાજા પોતે પાછળ ચાલનારા ખંડિયા રાજાઓની સાથે પગેથી ચાલીને શ્રીહરિની સન્મુખ આવ્યા. (૬૨)

શ્રીહરિ તથા સમ્રાટ રાજા એ બંને પરસ્પર જ્યારે ભેગા થાય ત્યારે રાજાએ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા તથા શ્રીહરિનો હાથ પોતાના હાથમાં લઈને અત્યંત પ્રેમથી હસ્ત ધૂનન કર્યું. તેમજ શ્રીહરિના હાથને પોતાના મસ્તક ઉપર તેમજ હૃદય ઉપર મૂક્યો. (૬૩)

શ્રીહરિના સ્વરૂપ દર્શનથી ગર્વેન્દ્ર આનંદયુક્ત હતા. તે સમયે ત્યાં વાજિંત્રો, બંધૂકો તથા તોપોના અગણિત અવાજો થયા. (૬૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના શ્રીહરિના રાજકોટમાં ગર્વેન્દ્ર સાથે મેળાપ એ નામે ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી પોતાની સન્મુખ આવેલા, સ્નેહાશ્રુથી પૂર્ણ નેત્રવાળા. પ્રફુલ્લિત મુખવાળા, વેગથી ચાલવાથી શ્વાસ ભરેલા, આનંદનાં સમુદ્રમાં મગ્ન થયેલા રાજાને જોઈને શ્રીહરિનું અંતઃકરણ કરુણાથી દ્રવી ગયું. શ્રીહરિની સુંદર શિબિકા તેમના સેવકો નીચે મૂકે છે અને શ્રીહરિ તેમાંથી નીચે ઉતરવા જાય છે તેટલામાં તો રાજા શ્રીહરિ પાસે આવી પહોંચ્યા. અને તત્કાળ શ્રીહરિના બંને ચરણકમળમાં મસ્તક ઉપર મૂકીને પ્રણામ કરવા લાગ્યો. (૧-૨)

પછી તે રાજા શ્રીહરિને લાંબા વખત સુધી આલિંગન કરીને તેમના રમણીય સ્વરૂપના દર્શન કરી હાથ જોડીને વિનયપૂર્વક અત્યંત રોમાંચિત ગાત્રવાળા બની શ્રીહરિ સન્મુખ બેઠા. (૩)

તે સમયે તે રાજાના નેત્રોમાંથી હર્ષાશ્રુના બિંદુઓ નીચે પડતા હતા. તેથી જાણે સાધુજનોનો દ્રોહ કરનાર અસુર જનોને ગળી તથા તે પ્રકારના તેમના પ્રયત્નો તેમનું આ લોકનું સુખ, માન વગેરે જાણે પૃથ્વી ઉપર સરી પડતા હતા. અંગ્રેજ રાજાનો શ્રીહરિમાં પ્રેમ જોઈને અન્ય રાજાઓ આશ્ચર્ય પામ્યા. (૪)

પછી શ્રીહરિએ અને તે રાજાએ પરસ્પર સુખકારીના પ્રશ્નો પૂછ્યા. શ્રીહરિ અને રાજા બંનેને જોઈ જાણે તેમનો પૂર્વનો ઘણો પ્રેમ હોય અને પૂર્વના ઉત્તમ મિત્રો હોય ને શું ? એમ તે સર્વે જાણતા હતા. (૫) તે સમયે જેમ જળના ધરામાં સમગ્ર મગરો લીન થઈ જાય તેમ ત્યાં આવેલા રાજાઓનું તેજ અને અહંકાર તેને જ ઊંડો રહેલો મત્સર જાણે અદૃશ્ય થઈ ગયો હોય એવા તે રાજાઓ શ્રીહરિને દૂરથી નમસ્કાર કરતા હતા. (૬) શ્રીહરિરૂપ સૂર્યને જોઈને સજ્જનોરૂપી કમળો પ્રફુલ્લિત થયા. તથા દુર્જનરૂપી પોયણાં અત્યંત સંકોચ પામી ગયા. (૭)

અસુરાંશ રાજાઓ તથા ગુરુઓની સાધુઓને પીડવાની દુષ્ટ આશા સૂર્યના ઉદય થવાથી રાત્રિ જેમ અસ્ત પામે તેમ આથમી ગઈ. તેમ જ દૈવી સંપત્તિવાળા જનોને આ રાજાઓ તથા ગુરુઓ કેવળ અસુરો જ છે એવા તેમના સ્વરૂપના જ્ઞાનરૂપી પ્રભાત થયું (આ રાજા સત્ અસત્‌ના જ્ઞાનમાં નિપુણ છે. તેથી સ્વામિનારાયણના આશ્રિત દૈવી જીવો વિવેકથી આ રાજાને આપણાં પાપો નિવેદન કરશે ત્યારે જેણે ધર્મનો પક્ષ સ્વીકાર્યો છે. તેવો આ રાજા જે સ્વામિનારાયણ ભગવાનને આધીન થયો છે. તે આપણને હણશે. આથી તે અસુર રાજા તથા ગુરુઓની સમગ્ર આશા જેમ ઘુવડોને દિવસે સુવાનો સમય થાય અને સર્વ ક્રિયા નિવૃત્તિ

પામી જાય તે પ્રમાણે નિવૃત્તિ પામી ગઈ, દૈવી જનોને તો જ્ઞાન રૂપી પ્રભાત થયું.) (૮)

તે સમયે સ્વામિનારાયણ ભગવાન રૂપી સૂર્ય જ્યારે પ્રકાશી રહ્યા તે વખતે, પાપી જનસમુદાય રૂપી ઘુવડો દોડતા આડા અવળા પલાયન થઈ ગયા. જ્યારે પ્રત્યક્ષ ભગવાનના ઉપાસક જનો ચક્રવાક પક્ષીઓની જેમ અત્યંત આનંદ પામ્યા. (૯) અવિદ્યારૂપી પોયણી સંકોચ પામી. તેમજ દુર્જન રૂપી રાક્ષસો અત્યંત ભય પામ્યા. ક્લેશ કરનારો અધર્મમય અંધકાર પણ વિનાશ પામ્યો. (૧૦)

આ લોકમાં મેઘનું આગમન થવાથી દેહધારીઓને જેમ આનંદ થાય તેમ સમગ્ર મુનીંદ્રો, ભક્તો, દૈવીજનો શાંતિ પામ્યા. અસુરો જ્વાસાની જેમ સુકાઈ ગયા. (૧૧)

તે સમયે આકાશમાં પોતાના વિમાનમાં બેઠેલી દેવાંગનાઓ શ્રીહરિના સ્વરૂપને કોટી કામદેવોથી પણ અતિ રમણીય જોતી હતી. તે ભગવાનના પાર્ષદો તો શ્રીહરિના, પોતાના અત્યંત પ્રિય સ્વામી સ્વરૂપે જ દર્શન કરતા હતા. સર્વકાળે શ્રીહરિની સમીપમાં વસતા દિવ્ય દેહધારી ધર્મ ભક્તિ તો શ્રીહરિને પોતાના પુત્ર રૂપે જ જોતા હતા. ત્યાં આવેલા શૂરવીર રાજાઓએ શ્રીહરિને વજસારની માફક સ્થિર અને શૂરવીર પુરુષો કરતા અતિ દૃઢ સ્વરૂપે જોયા. સાધુજનોના દ્રોહ કરનારા કપટ કરવામાં કુશળ રાજાઓ શ્રીહરિને પોતાનો વિનાશ કરનારા કાળરૂપે જોયા. જ્યારે દુષ્ટો શ્રીહરિને પોતાના શાસક અથવા પોતાને નિયમમાં રાખનાર-શિક્ષા કરનાર-રૂપે જોતા હતા. (૧૨)

ધર્મના પુત્ર પરમેશ્વર શ્રીહરિને દૈવી જીવો સમગ્ર જનોમાં શ્રેષ્ઠ પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપે જોતા હતા. જ્યારે માયા મોહના અંધારાથી જેમની આંખો ઢંકાઈ ગઈ છે એવા અજ્ઞાની જનો શ્રીહરિને ભયાનક સ્વરૂપે જોતા હતા. અતિ હર્ષ પામેલા, શ્રીહરિના ચરણારવિંદમાં આસક્ત, શ્રીહરિના ભક્તો શ્રીહરિને પરમ તત્ત્વરૂપે પરમાત્મસ્વરૂપે જ જોતા હતા. આવી રીતે સહજાનંદ સ્વામીએ દેહધારીઓને તેમના પોતાના ભાવ પ્રમાણે જુદા જુદા દર્શન આપ્યાં. (૧૩)

અત્યંત પ્રકાશમય અને કોટિ કામદેવને આનંદ કરનારી અંગની જેમની શોભા છે તે શ્રીહરિના દર્શન કરીને તથા તેમને પ્રત્યક્ષ ભગવાન જાણીને અંગ્રેજ રાજા અતિશય આનંદ પામ્યો. (૧૪) શ્રીહરિ તેમજ તેમના ભક્તો વિના બીજાઓને માર્ગમાં રોકવા માટે રાજાએ ચળકતા શસ્ત્રધારી સેવકોની પંક્તિઓને પોતાના નિવાસ પર્યંત બંને બાજુએ ગોઠવી દીધી. (૧૫) શ્રીહરિના સમગ્ર આશ્રિત સમુદાયને મહેલોની પંક્તિથી રમણીય બગીચામાં ઉતારો આપ્યો અને પોતાના હાથ વડે શ્રીહરિનો હાથ પકડીને પોતાની સુંદર છાવણીમાં ગયા. (૧૬)

અનેક રાજાઓની પંક્તિઓથી શોભતું, વળી મદોન્મત્ત હાથી, ઘોડાઓ, રથ તથા પદાતિઓના સમુદાયથી શોભાયમાન, જેની ચારે બાજુ રણમાં શૂરવીર, દુશ્મોને ભયંકર એવા યોદ્ધાઓ વીંટાયેલા છે તેવી રાજાની છાવણીમાં જ્યાં કાચના વિચિત્ર પાત્રો તથા ચળકતા મોટા આયનાઓ શોભી રહ્યા છે. તથા મોતીની લટકતી શેરોથી યુક્ત ઉલ્લોચો શોભે છે. શ્રીહરિ તે સભા સ્થાનમાં અંગ્રેજ સમ્રાટ સાથે પધાર્યા. (૧૭-૧૮)

જેમણે ઘણાં પુણ્ય કર્યાં છે તે અંગ્રેજ રાજાએ તે સભામાં પોતે જે અત્યંત મૂલ્યવાન રત્નજડિત સોનાના સિંહાસન ખાસ લાવ્યા હતા તે ઉપર સન્માનપૂર્વક શ્રીહરિને બેસાડ્યા. (૧૯)

દરેક પ્રકારના કાર્ય કરવામાં જેની બુદ્ધિ વિશાળ છે અને જે સર્વ નરેન્દ્રોમાં શ્રેષ્ઠ છે તે રાજાએ શ્રીહરિના ભક્ત મુનિઓને પણ જુદા જુદા આસન ઉપર બેસાડ્યા. (૨૦) પછી તે ગર્વેન્દ્રે દેશદેશના જે રાજાઓ પોતાના કામકાજ અંગે ત્યાં આવ્યા હતા અને સભામાં બેઠા હતા. તેમને સર્વેને બહાર મોકલ્યા અને પોતાના બે ત્રણ નિપુણ મંત્રીઓ સાથે શ્રીહરિની સમીપે આનંદથી બેઠા. (૨૧)

તે સમયે તે રાજાઓ જમીનથી ખૂબ ઊંચે આવેલા જાળીયાઓ તરફ દૃષ્ટિ કરીને, જેમના મન ગર્વેન્દ્ર અને શ્રીહરિની મુલાકાતનું વૃત્તાંત જાણવા આતુર થયા છે, તેઓ, સર્વે નમ્રતાથી બંને હાથ જોડીને અને અંતઃકરણમાં જેમને ગર્વેન્દ્રની અતિશય બીક લાગે છે, તે સર્વેએ જાળીયામાંથી દૃષ્ટિ કરીને ગર્વેન્દ્રને (સમ્રાટ રાજાને) શ્રીહરિની આગળ બેઠેલા જોયા. (૨૨)

તે રાજાઓને દૂરથી જોતા તેમના સેવકો જેમના હાથમાં ઉજ્જવળ શસ્ત્રો છે તેઓ પણ દૂરથી આશ્ચર્યપૂર્વક ગર્વેન્દ્રથી બીતા હોય તેમ તે અંગ્રેજ રાજાને જોતા હતા. (૨૩)

પછી નીતિ પ્રવિણ, વિશાળ બુદ્ધિવાળા, અંગ્રેજ રાજા ઈશ્વર શ્રીહરિકૃષ્ણને પ્રણામ કરીને, વિનયપૂર્વક બંને હાથ જોડીને પ્રણતજનોની પીડા હરનારા શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૪)

હે સ્વામિનારાયણ ! હે સ્વામિન્ ! હે ઉદાર કીર્તે ! આપના દર્શનથી મારો જન્મ સફળ થયો. મારા ચિત્તમાં અત્યંત આનંદ ઉત્પન્ન થયો છે. (૨૫) હે હરે ! આપ મનુષ્યસ્વરૂપી હોવાથી આપનો દિવ્યભાવ ઢંકાઈ ગયો છે. છતાં પણ હું તો આપને ભગવાન જ જાણું છું. જે ભગવાનના દર્શન કરવા માટે ચક્રવર્તી રાજાઓ પણ વનમાં જઈને, કોમળ દેહવાળા જનોને અસાધ્ય એવું તપ કરે છે. (તે ભગવાન તમે છો એમ હું જાણું છું.) (૨૬)

બ્રહ્મા, શંકર તથા દેવેન્દ્રે પોતાના મુગુટોથી જેમના ચરણકમળનું આસન સેવ્યું છે તે જગનિયંતા સ્વતંત્ર જે પરમેશ્વર છે તે, હે હરે ! પ્રત્યક્ષ આપ જ છો. (૨૭) હે હરે ! એમ જો ન હોય તો આ લોકમાં આપના ભક્તો આ બ્રહ્માંડમાં દેવતાઓ તથા અસુરોને પણ જે કામ, ક્રોધાદિ શત્રુઓએ પરાભવ પમાડ્યા છે તેમને જીતીને જેમણે ઈન્દ્રિયો અંતઃકરણનું નિગમન કર્યું છે તે કેમ થાય ? (૨૮)

હે ઈશ્વરોના ઈશ્વર ! આ લોકમાં આપના આશ્રિત મુનિઓ પણ સચ્છાસ્ત્રોમાં કહેલાં સમગ્ર લક્ષણોથી યુક્ત છે. એમ હું જાણું છું. તેથી આ લોકમાં જે દુષ્ટો તેમનો દ્રોહ કરે છે. તેમને તો હું અતિ દંડ દઉં છું. (૨૯) હે હરે ! આ ભૂમિમાં આપના સાધુઓનો દ્રોહ કરનારા ગુરુઓ તથા રાજાઓ છે. તેમનો સર્વનો મેં વિનાશ કર્યો છે. આ ભૂમિમાં કેટલાક દુર્જનો છે તે ગુપ્ત રહે છે. પરંતુ મારા ત્રાસથી કોઈ ન જાણે તેવી રીતે જ રહે છે. (૩૦)

હે ઉદાર કીર્તે ! હે શ્રીહરે ! મેં સર્વ રાજાઓને પરિશ્રમ વિના વશ કરેલા છે તે આપના પ્રતાપથી જ. પૃથ્વીમાં મેં મોટું રાજ્ય પ્રાપ્ત કર્યું છે તે પણ આપની કૃપાથી જ. (૩૧) પૃથ્વીમાં જે કોઈ રાજા

અથવા ગુરુ આપના ભક્તોને પીડા કરશે. તે સર્વે વધ કરવા યોગ્ય છે. એવો મારો નિયમ છે. માટે આપના સંતો પૃથ્વીમાં નિર્ભય પણે વિચરણ કરે. (૩૨)

આ પ્રકારે શ્રીહરિએ રાજાનું વચન સાંભળીને "હે રાજન્ ! નીતિશાસ્ત્રમાં અતિ નિપુણ, રાજાઓમાં શ્રેષ્ઠ, તમે સર્વે ન્યાય પ્રમાણે કરો છો." એવું મધુર વચન રાજાને કહ્યું. (૩૩) હે રાજન્ ! પૂર્વે પણ આલોકમાં રાજાઓએ ધર્મ, સાધુઓ તથા બ્રાહ્મણોની રક્ષા કરેલી છે. અધર્મ માર્ગને આશરેલા દુર્જનોને શિક્ષા કરી પ્રજાનું તેમણે રક્ષણ કરેલું જ છે. (૩૪) હે રાજન્ ! ધર્મ તથા સાધુજનોની રક્ષા તેમ જ તેમના દ્રોહીઓ તથા દુષ્ટ જનોને દંડ દેવો, વળી પ્રજાનું સદા પાલન કરવું વગેરે રાજાના સર્વોત્તમ ધર્મ છે. (૩૫) હે રાજન્ ! પૃથ્વી ઉપર સાધુઓ તથા વર્ણાશ્રમને યોગ્ય સદાચારનું રક્ષણ કરવાથી હંમેશા તમારો ઉત્કર્ષ થશે. પૃથ્વી ઉપર બીજા રાજાઓ અધર્મ માર્ગના આશ્રયથી ક્ષય પામે છે. (૩૬) હે નરેન્દ્ર ! તમારું કિંપુરુષ નામના દેશથી અહીં આગમન થયું છે તે મારી ઇચ્છાથી જ થયું છે. હે અતિ વિશાળ બુદ્ધિમાન્ ! સર્વે વર્ણાશ્રમોને યોગ્ય, પોતાના ધર્મનું રક્ષણ કરવા માટે તમારું આગમન થયું છે એમ તમે જાણો. (૩૭) હે ભૂમિપતે ! તમો જો જેનાથી સુખ પ્રાપ્ત થાય છે તેવા ધર્મથી વર્તશો તો તમો સર્વ રાજાઓને વંદનીય ચક્રવર્તી થશો. (૩૮)

હે મૂર્તિમન્ ! પૂર્વે આ પૃથ્વી ઉપર જે જે રાજાઓ વૃદ્ધિ પામ્યા છે તથા પ્રસિદ્ધિ પામ્યા છે તે સર્વે સદ્ધર્મના રક્ષણથી જ વૃદ્ધિ તથા પ્રસિદ્ધિ પામ્યા છે. તમો તે યથાર્થ જાણો. (૩૯)

મુમુક્ષુ નરપતિ શ્રીહરિનું આવું રમણીય વચન સાંભળીને સમગ્ર આશ્રિત ભક્તોની ઇચ્છા પૂર્ણ કરનાર શ્રીહરિને સંસારના અતિ દૃઢ બંધનમાંથી મુક્તિનો ઉપાય પૂછવા લાગ્યા. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિચરિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં ગર્વેન્દ્રે શ્રીહરિનો સત્કાર કર્યો એ નિરૂપણનો વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧ મો

નૃપતિ કહે છે :- હે સ્વામિન્ ! હે પરમાત્મન્ ! મેં આપની કૃપાથી પૃથ્વી ઉપર આ સમગ્ર રાજ્ય સુખ પ્રાપ્ત કર્યું છે.પરંતુ પ્રારબ્ધથી ઉત્પન્ન થયેલા આ શરીરના અવસાન બાદ અક્ષર ધામમાં સર્વોત્તમ સુખ પામવાની મારી ઇચ્છા છે. (૧) ઈશ્વરના ઈશ્વર આપ, આપના સમગ્ર આશ્રિતોનો આ સંસારમાંથી ઉદ્ધાર કરનારા છો. માટે અતિમહાન્ જગદ્ગુરુ આપના શરણે હું આવ્યો છું. (૨)

માટે હે હરે ! આપે માનેલો કલ્યાણનો ઉપાય આપ જ મને કહો. હે ભગવાન ! આપે કહેલા ઉપદેશથી હું સંસારમાં ઉત્પન્ન થયેલી આપત્તિઓથી તત્કાળ મુક્ત થઈશ. (૩)

તેમનું આવું વચન સાંભળીને કરુણાસાગર, મંદહાસ્યથી શોભાયમાન મુખારવિંદવાળા, જનસમૂહના

હૃદયનો ભાવ જાણનારા, પરમેશ્વર શ્રીહરિકૃષ્ણ રાજા પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪) હે રાજન્! બુદ્ધિમાન તમોએ તમારા હિત માટે મોક્ષ પામવા જે નિશ્ચય કર્યો છે તેથી હું તમોને સચ્છાસ્ત્ર પ્રમાણે મોક્ષનો શ્રેષ્ઠ ઉપાય કહું છું. (૫)

હે નરેન્દ્ર ! વિષય સંબંધી જે સુખ છે. તે તો સર્વજીવો. દરેક યોનિમાં પ્રાપ્ત કરે છે. પરંતુ અનાદિ બંધનમાંથી મુક્તિ તો આ મનુષ્ય દેહથી જ સાધ્ય છે. (૬) હે ભૂમિપતે ! આ મનુષ્ય દેહ ધર્માદિ ચાર પુરુષાર્થને આપનારો છે. ક્ષણિક છે છતાં પણ અતિ દુર્લભ છે. બહુ જન્મના અંતે પ્રાપ્ત થયો હોય તો પણ માયામય છે અને અંતે નાશ પામે છે. (૭) હે ઉદાર બુદ્ધે ! ઉત્તમ ચિંતામણિ સમાન આ દેહ જ્યાં સુધી નીરોગી છે ત્યાં સુધીમાં મનુષ્યે પોતાનું કલ્યાણ તે દ્વારા સાધી લેવું. (૮)

સત્પુરુષોના સમાગમથી પરમેશ્વરના અનંત ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, શક્તિ, માહાત્મ્ય વગેરે જાણીને તે પરમેશ્વર શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિ એ એક જ મોક્ષનું કારણ છે. શ્રીહરિની એવી ભક્તિ પણ ધર્મ, વિજ્ઞાન તથા વૈરાગ્યથી યુક્ત નિરંતર દ્રઢ પણે કરવી એ મારો સર્વોત્તમ મત છે. (૯) હે રાજન્ ! સમગ્ર સચ્છાસ્ત્રોમાંથી નિર્ણય કરીને આજ સિદ્ધાંત નક્કી કર્યો છે. તેથી જ મેં તમોને તે કહ્યો છે. માટે તમારે શ્રીહરિની ભક્તિ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યના અંગ સહિત કરવી. તેથી સંસારથી મોક્ષ પમાશે. (૧૦) શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી પ્રસન્ન થયેલા વિનય યુક્ત રાજા, શ્રીહરિના વાક્યામૃતના શ્રવણમાં જેમને ઉત્સાહ છે, તે ફરી શ્રીહરિને ધર્મ, જ્ઞાન તથા વૈરાગ્ય અને ભક્તિના લક્ષણો પૂછવા લાગ્યા. (૧૧) શ્રીહરિ તે રાજાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના, શાસ્ત્રમાં જણાવેલા, લક્ષણો વિસ્તારથી કહેવા લાગ્યા. અત્યંત વિચક્ષણ અને પ્રસન્ન થયેલા તે રાજા ઈશ્વર શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૨)

હે સ્વામિન્ ! આપે આપની ઈચ્છાથી જ આ મનુષ્ય મૂર્તિ ગ્રહણ કરી છે, છતાં આપ પ્રત્યક્ષ ભગવાન છો. માટે હું સર્વ જગતના વિધાતા આપની જ નિરંતર ભક્તિ કરીશ. (૧૩) મારા બંધુજનો તેમજ હું આજથી આપના દાસ છીએ. આ પ્રમાણે કહીને રાજા પૃથ્વી ઉપર પડીને ભક્તિપૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૧૪)

પછી ધર્મ પુત્ર શ્રીહરિ પ્રસન્ન થઈને તે રાજાને ઊઠાડીને હે નરેન્દ્ર ! હું પ્રસન્ન થયો છું. તમારી જે ઈચ્છા હોય તે વર માગો. એ પ્રમાણે કહ્યું. શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી તે રાજા સ્નેહાશ્રુ ભરેલા નેત્રોથી બંને હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૫)

હે શ્રી સ્વામિનારાયણ ! હે પુણ્ય કીર્તે ! મેં જાણીને અથવા અજાણતા જે કાંઈ દુષ્કર્મો કર્યા હોય તે સર્વથી હું મુક્ત થાઉં. હે પીડા નાશ કરનારા ! આપની પાસે હું યાચના કરું છું. (૧૬)

તે સાંભળી સ્વતંત્ર શ્રીહરિએ "તથાસ્તુ" તમો જેમ કહો છો તેમ થાવ - એ પ્રમાણે રાજાને વર આપ્યો. પછી સર્વ નિયમોનો ઉપદેશ પ્રીતિપૂર્વક આપીને ત્યાંથી ઊઠવા માટે ઈચ્છા કરી. (૧૭)

એટલે રાજાએ શ્રેષ્ઠ ઉપહાર લાવીને પોતાના કારભારીઓ સાથે શ્રીહરિની તથા સાધુઓની અતિશય ભાવપૂર્વક મહાપૂજા કરી. (૧૮) મહામૂલ્યવાળાં સોનેરી સુંદર રેશમી, વસ્ત્રો, મણિજડિત વિવિધ પ્રકારનાં

ભૂષણો, પુષ્પના હાર, શેખર, બાજુબંધ, તાંબુલ તથા સોપારી વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૧૯)

ત્યારબાદ બંને હાથ જોડીને ઊભેલા નરેન્દ્ર જેના નેત્રોની દૃષ્ટિ પ્રેમાશ્રુથી રુંધાઈ ગઈ છે. તેને પોતાના પાછળ આવતા આગ્રહ પૂર્વક પાછા વાળીને શ્રીહરિ પોતાના અતિ શોભાયમાન નિવાસ સ્થાનમાં પધાર્યા. (૨૦) શ્રીહરિ પ્રત્યે દ્વેષવાળા સર્વ રાજાઓ પણ પરમ વિસ્મય પામ્યા અહો ! સાર્વ ભૌમ રાજાને પણ એમણે વશ કર્યા છે. એમ આશ્ચર્ય પામીને જેમનું અભિમાન નષ્ટ થયું છે. તે સર્વ રસ્તામાં ભેગા મળીને શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૨૧) તે અતિકઠોર રાજ સમુદાય શ્રીહરિનો દિવ્ય મહાપ્રતાપ જોઈને અંદર અંદર આ પ્રમાણે કહેવા લાગ્યા, અહો ! ગર્વેન્દ્રે પણ શ્રી સ્વામિનારાયણ પ્રભુનું દાસપણું સ્વીકાર્યું છે કે શું ? (૨૨) તેમાંના કેટલાક રાજાઓ આ પ્રમાણે બોલતા હતા. તે રાજાઓ ! પુષ્કળ ધન આપવા છતાં અનેક યત્નોથી આપણને આ સમ્રાટનાં દર્શન ઘણા વખતે એક જ વાર થાય છે. (૨૩)

એવા રાજાઓ પણ જેને વંદન કરે છે તે આ ગર્વેન્દ્ર રાજા પગે ચાલીને સન્મુખ જઈને વિવિધ પ્રકારના મહામૂલ્યવાળા વસ્ત્રો તથા અલંકારોથી શ્રી સ્વામિનારાયણની પૂજા કરે છે. એ એક આશ્ચર્ય છે ! (૨૪) વળી કેટલાક રાજાઓ આ પ્રમાણે પણ કહેતા હતા. હે રાજાઓ ! આ ગર્વેન્દ્ર રાજાને, મંત્ર તંત્રાદિને જાણનારા આ સ્વામિનારાયણે "કામણટુમણ" નામની વશીકરણ વિદ્યાથી વશ કર્યા છે. એમ જો ન હોય તો તેમને અત્યંત આધીન કેમ થાય ? (૨૫)

કેટલાક રાજાઓ વળી કહેતા હતા. ઈશ્વર વિના આવું કેમ થાય ? વળી કેટલાક રાજાઓ મહા ઐશ્વર્યો તથા ગુણોના સમુદ્રરૂપ શ્રીહરિ પ્રત્યે સંદિગ્ધ ચિત્તવાળા થયા. (૨૬) તે સમયે દૈવી રાજાઓ પૃથ્વી ઉપર શ્રીસ્વામિનારાયણ જ સર્વેથી ઉત્તમ મહા પ્રતાપવાળા છે, તેમના સમાન કોઈ નથી એમ પણ કહેતા હતા. (૨૭) હે રાજન્ ! સર્વરાજાઓ મહાશ્ચર્યકારી પ્રતાપવાળા પ્રત્યક્ષ અવતારી, અપ્રમેય શ્રીહરિના દર્શન કરીને આવા તર્ક કરતા હતા. (૨૮)

પછી ગર્વેન્દ્ર રાજા સર્વે રાજાઓને પોતાના દૂત દ્વારા બોલાવીને તેમને કહેવા લાગ્યા. હે રાજાઓ! તમારે શ્રી સ્વામિનારાયણ ભગવાનને માન્ય કરવા તેમજ તેમના સંતોનું પણ નિરંતર સન્માન કરવું. (૨૯) જે કોઈ રાજા તથા અન્ય કોઈ પણ તેમનો દ્રોહ કરશે તેને હે રાજાઓ ! હું શૂળી ઉપર ચઢાવીશ કે બંધીખાને મોકલીશ કે તોપને મોઢે ચઢાવીશ. એમ અનેક પ્રકારે તેમનો નાશ કરીશ તે ગર્વેન્દ્ર રાજાએ આવી રીતે કહ્યું તેથી તે રાજાઓએ તેમને નમસ્કાર કરીને તેમનું વચન મસ્તક ઉપર ગ્રહણ કર્યું. (૩૦)

પછી તે ગર્વેન્દ્ર રાજાએ આ પૃથ્વી ઉપર જે રાજા કે અન્ય જનો શ્રી સ્વામિનારાયણને પીડશે. તથા તેમના આશ્રિત ભક્તોને પીડશે તે સર્વેનો હું નાશ કરીશ. એ પ્રકારનો ઢંઢેરો લોકમાં ફેલાવ્યો. (૩૧) હે રાજન્ ! ત્યારથી આરંભિને ગામ, શહેર વગેરેમાં સર્વજનોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનને માનવા, એવો ઉદ્‌ઘોષ થયો. (૩૨) ધર્મના પુત્ર શ્રીહરિ જેમની રાજા તથા મંત્રવિરો તેમજ ભૃત્યોએ સેવા કરી છે, તે હવે રાજકોટ પુરમાં રાત્રિ રહીને સવારમાં ત્યાંથી ગઢપુર જવા માટે ઈચ્છતા હતા. (૩૩) તેટલામાં શ્રીહરિના સંકલ્પથી અભય રાજાએ મોકલેલા બહેચર પાર્ષદ આવ્યા. પછી બહેચર

પાર્ષદે શ્રીહરિને નમસ્કાર કરીને, અતિ પ્રસન્નતા પૂર્વક શ્રીહરિના હાથમાં પત્ર આપ્યો. (૩૪)

અતિ દૂર દેશથી ગઢપુરમાં રહેલા ભક્તોને પોતાના દર્શનનો ઉત્સાહ છે તેવું તે પત્રથી જાણીને, ગઢપુર જવા માટે શ્રીહરિ અત્યંત ઉતાવળા થયા. (૩૫) તેથી પોતાની સેવામાં પ્રીતિવાળા તે રાજાના અમાત્યને શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું, હે બુદ્ધિમાન્ ! મારા દર્શન કરવા માટે અતિ દૂરથી મારા અનેક ભક્તો ગઢપુર આવ્યા છે. (૩૬) હે મંત્રિવર્ય ! તેથી પુષ્પદોલોત્સવ કરવા માટે દુર્ગપત્તન જવા હું તત્કાળ ઈચ્છું છું. માટે તમો નરેન્દ્રને મારી વિદાયનું નિવેદન કરો. (૩૭)

તેથી મંત્રિવર્ય તત્કાળ રાજાની પાસે જઈને વિનયપૂર્વક શ્રી સ્વામિનારાયણે કહેલું વચન કહેલા લાગ્યા. રાજા ગર્વેન્દ્ર સ્વામિનારાયણ ભગવાન સ્વતંત્ર છે એમ જાણતા હોવાથી તત્કાળ તેમની સમીપ આવ્યા. (૩૮) શ્રીહરિએ તે ગર્વેન્દ્ર રાજાનું સન્માન કર્યું. ગર્વેન્દ્રે શ્રીહરિને ગઢપુર જવા માટે તૈયારી કરતા જોઈને અન્યન પ્રેમથી બંને હાથ જોડીને કહ્યું. (૩૯)

હે સ્વામિનારાયણ ! કેવળ દયાથી સંસારના પ્રવાહમાંથી મારું રક્ષણ કરતા આપે મારા ઉપર અતિ મોટો અનુગ્રહ કર્યો છે. હે સ્વામિન્ ! આપના પ્રત્યક્ષ દર્શનથી મનુષ્ય દેહની સફળતા હું પામ્યો છું. (૪૦) હે પ્રભો ! આ પુરમાં પાંચ દિવસ સુધી આપને રાખવાની મારા હૃદયમાં ઈચ્છા છે. આપ તો હમણાં જ જવા તૈયાર થયા છો. તમો તો સ્વતંત્ર છો. તેથી આપને કોણ અટકાવી શકે ? (૪૧) ઈશ્વરના ઈશ્વર, જન સમુદાયોના સાક્ષી, પ્રત્યક્ષ શ્રીહરિ તેમની પ્રાર્થના સાંભળીને રાજાનો નિષ્કપટ ભાવ જાણીને રાજા પ્રત્યે બોલ્યા. (૪૨)

હે રાજન્ ! સાધુઓના લક્ષણોને જાણનારા, રાજાઓના ભૂષણ સ્વરૂપ, તમોએ આ લોકમાં અમારા નિર્દોષ સાધુઓનું દૈત્યાંશવાળા ગુરુઓ તથા રાજાઓ વગેરે સાધુઓનો દ્રોહ કરનારાઓથી જ્યારે રક્ષણ કર્યું. ત્યારથી જ તમારે વિષે મારે પ્રીતિ થઈ હતી. તેથી મારે વિષે તમારી નિર્દંભ ભક્તિ જોઈને તમારી ઉપર હું અત્યંત પ્રસન્ન છું. (૪૩-૪૪)

હે નરેન્દ્ર વર્ય ! તમારી ભક્તિથી વશ થઈને હું બે ત્રણ દિવસ સુધી રહું પરંતુ ગઢપુરમાં દૂરદેશથી મારા ઘણા ભક્તો આવેલા છે. (૪૫)

હે રાજન્ ! માટે તે ભક્તોને પ્રસન્ન કરવા માટે હું હમણાં જ જવા ઉતાવળ કરું છું. તમોએ ઈચ્છેલો આપણા બંનેનો મેળાપ થયો અને તમારો મનોરથ સિદ્ધ થયો. (૪૬) હે રાજન્ ! તમો પૃથ્વીનું ધર્મથી પાલન કરો. મારા સાધુઓ તથા બ્રાહ્મણોનું સદા રક્ષણ કરો. આ લોકમાં દુર્બળ ઉપર દયા કરો. હું જાઉં છું.'' શ્રીહરિનું આવું વચન સાંભળ્યા પછી રાજા શ્રીહરિને કહેવા લાગ્યા. (૪૭)

હે સ્વામિનારાયણ ! આપને જો હમણાં જવું જ હોય તો આપ મારા ઉપર કરુણા કરીને હે ભગવાન્ ! આપના સમગ્ર ભક્તો સાથે અહીં ભોજન કરવા પધારો. (૪૮)

અંગ્રેજ રાજાએ આ પ્રમાણે ભગવાન શ્રીહરિને કહ્યું તેથી દયાર્દ્ર ચિત્તવાળા રાજા પ્રત્યે બહુ સારું, એમ શ્રીહરિએ કહ્યું. એટલે રાજાએ ચાર પ્રકારના પકવાનો જલદીથી કરાવ્યા. (૪૯) અધીશ્વર શ્રીહરિ

તે રાજાને આનંદ પમાડવા માટે પોતાના સમગ્રજનોને સારી રીતે ભોજન કરાવીને પોતે પણ જમીને સાંજના સમયે જવા તૈયાર થયા. (૫૦)

ત્યારબાદ પોતાના ભક્તજનોની સાથે પોતાના ઉતારાથી નીકળેલા અશ્વ ઉપર બિરાજેલા ગુરુવર ધર્મના પુત્ર શ્રીહરિની પાછળ પોતાના સૈન્ય સહિત, ભ્રાંતચિત્તવાળા રાજા ગયા. વિવિધ પ્રકારના વાજિંત્રોના ઘોષથી દિશાઓના છેડાઓ ગાજી ઊઠ્યા. તે સમયે તે અંગ્રેજ રાજાની પાછળ અન્ય રાજાઓનો સમુદાય પણ તે વખતે પોતપોતાના સૈન્યો સાથે જવા લાગ્યો. (૫૧)

પોતાના ચરણ કમળમાં આસક્ત, દૂરદેશ પર્યંત પોતાની પાછળ આવેલા, પોતાનો વિરહ સહન કરવા માટે અસમર્થ, અતિ પ્રેમાશ્રુ યુક્ત નેત્રવાળા, સુવર્ણના તારવાળી પોતાના માથાની ટોપી ઉતારીને શ્રીહરિના ચરણ કમળમાં ભક્તિથી વારંવાર નમતા અને પાછા જવા માટે ન ઈચ્છતા રાજાઓમાં ઉત્તમ ગર્વેન્દ્રને શ્રીહરિએ બળપૂર્વ પાછા વાળ્યા અને શ્રીહરિ ચાલ્યા. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં ગર્વેન્દ્ર નૃપને શ્રીહરિએ કહેલો એકાંતિક ધર્મ તેનું નિરૂપણ કર્યું એ નામે એકવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી પોતાના આશ્રિતો સાથે શ્રીહરિ રસ્તામાં પોતાના ભક્તોને આનંદ પમાડતા 'પટ્ટાસન' ગામે પધાર્યા. (૧) પછી તે ગામના અધિપતિ રાજા 'સુલતાનજી' શ્રીહરિને પોતાના ગામમાં આવતા સાંભળીને પોતાના સૈન્ય સાથે વાદ્યોના ઘોષ કરતા સન્મુખ ગયા. (૨)

અશ્વ ઉપર બિરાજેલા અને પોતાના ભક્તોથી વીંટાયેલા ઈશ્વર શ્રીહરિના દૂરથી દર્શન કરીને તે રાજા હર્ષપૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૩) શ્રીહરિના દર્શનથી આનંદ પામેલા રાજા પુષ્પના હાર, બાજુબંધો, કર્ણના ગુચ્છાઓ તથા તોરાઓ શ્રીહરિને ભક્તિ પૂર્વક સમર્પણ કરતા હતા. (૪)

પછી શ્રીહરિની પ્રાર્થના કરી ભક્તોની સાથે માર્ગમાં વાદ્યોનો મહાઘોષ કરતા તે રાજાએ શ્રીહરિને પોતાના ગામમાં પ્રવેશ કરાવ્યો. (૫)

તે ગામના જન સમુદાયે શ્રીહરિના દર્શન કર્યા અને એ પ્રકારે પોતાના આશ્રિતો સાથે પરમેશ્વર શ્રીહરિને તે રાજાએ પોતાના ભુવનમાં યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૬) સર્વ મુનિઓથી યુક્ત શ્રીહરિને તે રાજાએ પોતાના રાજભુવનમાં વિસ્તારવાળાં પ્રાંગણમાં ખાસ તૈયાર કરેલા આસન ઉપર બેસાડ્યા. (૭) પછી તે અતિદક્ષ રાજાએ શ્રીહરિના સર્વે આશ્રિત સાધુ, વર્ણી, પાર્ષદોને પણ યથાયોગ્ય બેસાડ્યા. (૮)

ત્યારબાદ તે રાજાએ તેના પુત્ર તથા અન્ય સ્વજનો સાથે અમૂલ્ય, સુંદર ભૂષણો, વસ્ત્રો, પુષ્પના હાર, બાજુબંધ, શેખર તથા કેસર, કસ્તુરી, ચંદન અક્ષત કુમકુમ તથા બીજા વિવિધ મહા ઉપચારો વડે શ્રીહરિનું પૂજન કર્યું. (૯-૧૦) ત્યાર પછી આનંદ પામેલા તે રાજાએ નાના પ્રકારના વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની આરતી ઉતારી. (૧૧) પછી વર્ણીઓ તથા મુનિઓ તેમજ શ્રીહરિના સમગ્ર આશ્રિતોની સુંદર ચંદન, પુષ્પના હાર વગેરેથી રાજાએ યથા યોગ્ય પૂજા કરી. (૧૨)

ત્યારબાદ શ્રીહરિની પ્રાર્થના તે રાજાએ કરી. તેથી શ્રીહરિ સભામાં સર્વોત્તમ રમણીય આસન ઉપર બિરાજીને શાસ્ત્રાનુસાર ઉપદેશ વાતો કરવા લાગ્યા. (૧૩-૧૪) પોતાના ભક્તોને સુખ આપીને તે ગામમાં એક રાત્રિ રહીને સવારમાં શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાના આશ્રિતોની સાથે ત્યાંથી ચાલ્યા તે વખતે રાજા પણ વળાવવા પાછળ ગયા. (૧૫) દૂર સુધી પોતાની પાછળ આવતા રાજાને શ્રીહરિએ પાછા વાળ્યા અને ત્યાંથી ચાલતા અણિયાલી ગામમાં પધાર્યા. (૧૬)

શ્રીહરિ ત્યાં રાત્રી રહીને સવારમાં અશ્વ ઉપર બિરાજીને ત્યાંથી ચાલ્યા અને ગઢપુર નજીક પધાર્યા. (૧૭) શ્રીહરિને આવતા સાંભળીને અભય રાજા પોતાનું સૈન્ય લઈને અતિ આનંદ પૂર્વક બહુ વાદ્યોનાં ઘોષથી સર્વ દિશાઓ ગજવતા, જળનિધિ ચંદ્રમાને જોઈ જેમ સન્મુખ જાય તેમ શ્રીહરિ સન્મુખ ગયા. (૧૮) તે સમયે પુરના હજારો ભક્તો તથા દેશાંતરથી આવેલા બીજા હજારો ભક્તો શ્રેષ્ઠ ગીતો ગાવા લાગ્યા. ત્યાગિજનો, માનસ સરોવર પ્રત્યે હંસો જેમ જાય તેમ શ્રીહરિની સન્મુખ ગયા. (૧૯) પછી પાર્ષદો તથા ઘોડેસવારોના સમુદાયથી વીંટાયેલા, સૈન્યે યુક્ત અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિના દર્શન કરીને, શ્રીહરિના આશ્રિતો અભય રાજા તથા અન્યજનો ચંદ્રમાને જોઈ જેમ ચકોર પક્ષી અત્યંત આનંદ પામે તેમ આનંદ પામ્યા. (૨૦)

શ્રીહરિના દર્શનથી પ્રાપ્ત થયેલા આનંદથી પૂર્ણ અભય આદિ સમગ્ર ભક્તો ઈષ્ટદેવ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરીને અતિ સુંદર પુષ્પના તોરા તથા હાર શ્રીહરિને આનંદથી સમર્પણ કરતા હતા. (૨૧) એ રીતે પોતાના ભક્તોથી વીંટાયેલા સ્વતંત્ર શ્રીહરિએ માંગલિક વાદ્યોનો ઘોષ તેમજ પોતાના ભક્તોએ કરેલા સંકીર્તનના ઘોષ સાથે દુર્ગપત્તનમાં પ્રવેશ કર્યો. (૨૨)

શ્રીહરિનાં દર્શન કરીને પ્રસન્ન થયેલા પુરના જનોએ શ્રેષ્ઠ પુષ્પોથી વધાવેલા, ભક્તનું પ્રિય કરવાના સ્વભાવવાળા શ્રીહરિ, રાજાના ભુવન પ્રત્યે પધાર્યા અને રાજાના ભુવનમાં નિવાસ કર્યો. (૨૩) શ્રીહરિએ દેશાંતરથી આવેલા સમગ્ર મુનિઓને બોલાવી તે મુનિઓને રાજકોટપુરમાં જે વૃત્તાંત બન્યું તે સભામાં કહ્યું. (૨૪) હે મુનીંદ્રવર્યો ! તમારા દ્રોહ કરનારા પાપીઓનો અસુરાંશવાળા સમગ્ર જનોનો મારી ઈચ્છાથી ગવેન્દ્ર રાજા દ્વારા હવે નાશ થયો છે. (૨૫) માટે હે મુનીંદ્રો ! તમો હવે પૂર્વની માફક ઉદ્ધવ સંપ્રદાયને અનુરૂપ વેશ ધારણ કરીને નિર્ભય બની, નિર્દોષ થઈ આ પૃથ્વી ઉપર સુખેથી ફરો. (૨૬)

હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે સાધુઓને કહ્યું. તેથી તે સર્વે આનંદ પામ્યા અને પૂર્વે જેમ (અસુરોના ઉપદ્રવ પહેલાં) વર્તતા હતા તેમ ધર્મપુત્ર શ્રીહરિના પ્રતાપથી અસુરોનો નાશ થયો એમ સમજી

વર્તવા નિશ્ચય કર્યો. (૨૭)

પછી દુર્ગપત્તનમાં પાંચ દિવસો સુધી રહીને શ્રીહરિની આજ્ઞાથી દેશાંતરમાં જતા સર્વ મુનિઓને રોકવા માટે અભય રાજાએ શ્રીહરિની પ્રાર્થના કરી તેથી એક માસ પર્યંત ગઢપુરમાં તે સર્વ મુનિઓ પ્રીતિપૂર્વક નિવાસ કરતા હતા. (૨૮) આ પ્રકારે, ઈશ્વર, પૂર્ણકામ, અનુપમ પ્રતાપવાળા, શ્રીહરિકૃષ્ણ પોતાના પ્રતાપથી પૃથ્વી ઉપર ધર્મનો દ્વેષ કરનારાઓનો પરાભવ કરીને પોતાના ભક્તોને આનંદ પમાડતા મુનિગણોની સાથે ગઢપુરમાં રહ્યા. (૨૯)

હે રાજન્ ! બ્રહ્મપુરાધિપતિ અલૌકિક પ્રતાપશાળી, અવતારી, ભગવાન સહજાનંદનું ચરિત્ર મેં તમોને કહ્યું, જે ભક્ત તે સાંભળશે તથા કહેશે તે તત્કાળ સર્વ પ્રકારે જય પામશે તથા શ્રીહરિની પ્રસન્નતાથી પોતાની ઈચ્છિત સમગ્ર પુરુષાર્થની સિદ્ધિ પામશે. (૩૦)

એ સમયે ગઢપુરમાં અભય રાજાના ભુવનનાં આંગણામાં રાત્રિએ રમણીય સભા થઈ. તે સભામાં સર્વે ત્યાગી તથા ગૃહસ્થોના સમુદાયો બેઠા હતા. (૩૧) તે સભાની મધ્યે ઉંચા સિંહાસનમાં શ્રીહરિ પોતાના નિવાસથી આવીને બિરાજમાન થયા. તારાઓના મધ્યે જેમ ચંદ્રમા શોભે તેમ શ્રીહરિ શોભતા હતા. (૩૨) તે સભામાં શીયાણી ગામના શિવરામ બ્રાહ્મણ, સૌવીર દેશના હરિસિંહ રાજાએ મોકલ્યા હોવાથી આવ્યા હતા. શ્રીહરિને પ્રણામ કરી તે બેઠા. (૩૩)

હે વિપ્ર ! અહીં ક્યાંથી અને શા માટે આવ્યા છો ? આ પ્રકારે શ્રીહરિએ તેને પૂછ્યું. તેથી તે બ્રાહ્મણ શ્રીહરિને કહેવા લાગ્યા. હે સ્વામિન્ ! મને હરિસિંહ રાજાએ આપની પાસે મોકલ્યો છે. તેથી આપની પાસે આવ્યો છું. (૩૪)

પછી તે બ્રાહ્મણે રાજાએ કહેવરાવેલો સંદેશો શ્રીહરિને કહ્યો. હે સ્વામિન્ ! આપનો દેશ કયો છે ? આપની જન્મભૂમિ કઈ છે ? આપની જ્ઞાતિ કઈ છે ? આપના પિતા કોણ છે ? આપનો વેદ કયો છે ? (૩૫) હે હરે ! આપની શાળાના પ્રવર્તક ઋષિનું નામ શું છે ? આપના ગોત્રના પ્રવર્તક ઋષિ કોણ છે ? આપના પ્રવરના ઋષિઓ કેટલા છે ? આપનો સંપ્રદાય કયો ? વૈષ્ણવિ દીક્ષા આપનારા આપના ગુરુ કોણ છે ? (૩૬)

આપના અભિષ્ટ શાસ્ત્ર કયા ? આપની ભક્તિ કેવી છે ? આપના મુખ્ય ઈષ્ટદેવ કોણ છે ? બીજા શિવ, ગણપતિ, પાર્વતી, સૂર્યનારાયણ, તથા હનુમાન વગેરે દેવોની પૂજા શા માટે કરવી ? (૩૭) તમારા સંપ્રદાયમાં દેવીનું નામ શું છે ? આપ કયા પ્રકારની માળા કંઠમાં ધારણ કરો છો ? આપનું તિલક કયા પ્રકારનું છે ? આ લોકમાં આપના સાધુઓ સેવા પ્રકારના છે ? (૩૮)

હે હરે રાજાના આ અઢાર પ્રશ્નો છે. માટે તેમના પ્રશ્નોના ઉત્તર કૃપા કરીને યથાર્થ પણે આપ કહો. (૩૯) સર્વ નિયંતા ધર્માત્મજ શ્રીહરિ, પોતાના અતિપ્રિય ભક્તજનોને પણ નિઃસંશય કરવા, તે રાજાના પ્રશ્નોના ઉત્તર કરવા લાગ્યા. (૪૦) હે વિપ્ર ! કૌશળ મારો દેશ છે. તે દેશમાં છપૈયા ગામ છે તે મારી જન્મભૂમિ છે. હું સારવ જ્ઞાતીય બ્રાહ્મણ છું. (૪૧) મારા પિતાનું નામ હરિપ્રસાદ છે.

સામ વેદ, કૌથુમી શાખા, સાવર્ણી ગોત્ર છે. (૪૨) ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ આ ત્રણ પ્રવરો છે. ઔદ્ધવ સંપ્રદાય છે. અને રામાનંદ મારા ગુરુ છે. (૪૩)

વેદાદિ આઠ શાસ્ત્રો (વેદ, વ્યાસસૂત્રો, શ્રીમદ્ ભાગવત પુરાણ, મહાભારતમાંનુ વિષ્ણુ સહસ્ત્ર નામ, ભગવદ્ ગીતા, વિદૂરનીતિ, શ્રી વાસુદેવ માહાત્મ્ય, અને ધર્મ શાસ્ત્રોમાં રહેલી યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ એ આઠ શાસ્ત્રો છે.) મને પ્રિય છે. અમારા સંપ્રદાયમાં ધર્મ, જ્ઞાન વૈરાગ્યે સહિત નવ પ્રકારની ભક્તિ મુખ્ય છે. (૪૪) હે દ્વિજ ! ગૃહસ્થોએ તે ભક્તિ અંબરીષ રાજાની પેઠે કરવી. ત્યાગિઓએ ઋભયદેવના પુત્ર જડભરતની માફક તે ભક્તિ કરવી. (૪૫) સર્વથકી પર અક્ષર તે થકી પર પરમાત્મા શ્રી કૃષ્ણ તે અમારા ઈષ્ટદેવ છે. શિવ તથા બીજા પંચાયત દેવો પણ તેમના ભક્ત હોવાથી અમોને માન્ય છે. (૪૬)

હે વિપ્ર ! મહાપુરુષના લક્ષણવાળી લક્ષ્મીદેવી પણ અમોને માન્ય છે. સૂક્ષ્મ મણિકાવાળી તુલસીના કાષ્ટની બેવડી કંઠી કંઠમાં અમે ધારણ કરીએ છીએ. (૪૭) કુંકુમના ચાંદલા સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક એ અમારું ચિહ્ન છે. ઋષભદેવના પુત્ર જડભરત જેવા વર્તનવાળા અમારા સાધુઓ છે. (૪૮)

નિર્માન, અસંગ, અહિંસા, અહંમમત્વનો ત્યાગ, આત્મનિષ્ઠા વગેરે જડભરતના સદ્ગુણો મારા સાધુઓએ સ્વીકાર્યા છે. (૪૯) હે વિપ્ર ! આવી રીતે રાજાના પ્રશ્નોના ઉત્તર તમોને મેં કહ્યા. શિવરામ બ્રાહ્મણે શ્રીહરિનું આવું વચન સાંભળીને શ્રીહરિનો આશ્રય કર્યો. (૫૦)

પછી અતિ આનંદપૂર્વક રાજાની પાસે જઈને તે શિવરામ વિપ્રે શ્રીહરિ તથા તેમના આશ્રિત જનોનું વૃત્તાંત કહ્યું. (૫૧)

સર્વ નિયંતા શ્રીહરિએ કરેલા રાજા હરિસિંહના પ્રશ્નના સર્વ ઉત્તર સાંભળીને સભામાં બેઠેલા જે સર્વે સંતો તેમ જ ગૃહસ્થ ભક્તો પણ આનંદ પામ્યા. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિનું દુર્ગપત્તનમાં આગમન એ નિરૂપણ નામે બાવીસમો આધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જેમના દર્શનથી મહાફળ પ્રાપ્ત થાય છે તે સત્પતિ સહજાનંદ શ્રીહરિ દુર્ગપત્તનમાં વસીને પોતાના આશ્રિતોને પોતાનાં દર્શન આપીને નિરંતર સુખ આપતા હતા. (૧) શ્રીહરિ હંમેશા પોતાના ભક્તની મહાસભામાં ઉત્તમ આસનમાં બેસીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ વિષયો ઉપર વિવિધ પ્રકારની સુંદર વાર્તા કરતા હતા. (૨)

શ્રીહરિ અમૃતથી પણ અધિક રસ ઉત્પન્ન કરે તેવી, ભવરોગનો નાશ કરવામાં રસાયણરૂપ

વચનોથી પોતાના સમગ્ર આશ્રિતોને સદા વૃદ્ધિ પમાડતા હતા. (૩) સ્મરણ, શ્રવણ તેમજ અનુવર્ણનથી સમગ્ર ક્લેશનું નિવારણ કરવામાં સમર્થ, અલૌકિક ચરિત્રો વડે શ્રીહરિ પોતાના ભક્તોનો આનંદ વધારતા હતા. (૪) મનોહર, ચિત્તને હરણ કરનારા, અતિશય સ્નેહથી નિરવધિકાતિશય, દયાથી પૂર્ણ, દૃષ્ટિથી તથા મંદ હાસ્ય યુક્ત વચનોથી પોતાના જનોની આપત્તિઓનો વારંવાર શ્રીહરિ નાશ કરતા હતા. (૫) દયાનિધિ શ્રીહરિ પોતાના સમગ્ર આશ્રિત વર્ણીજનો તથા મુનિઓ વગેરેને રોજ પીરસતા હતા અને શ્રેષ્ઠ ભોજનથી તૃપ્તિ પમાડતા હતા. (૬)

હે ભૂપતે ! શ્રીહરિ નિરંતર ભાગવતાદિ સચ્છાસ્ત્રોની કથા વંચાવતા હતા. ક્યારેક સાધુજનો પાસે વાજિંત્રો સાથે શ્રીહરિ કીર્તન ભક્તિ કરાવતા હતા. (૭) પોતાના આશ્રિતો અચ્યુત શ્રીહરિને કિશોર અવસ્થાવાળા (સોળ વર્ષ ઉંમર) જોતા હતા. ક્યારેક યુવા અવસ્થાવાળા જોતા હતા. ક્યારેક કરોડ સૂર્યનારાયણની કાન્તી યુક્ત અવયવોવાળા જોતા હતા. (૮)

શ્રીહરિના દર્શનથી જેમને સુખ થયું છે એવા ભક્તો સંસારની પીડા તો જાણતા જ ન હતા. હે ભૂપતે ! શ્રીહરિ વિના તે હરિભક્તો ક્યારેય વિષયોમાં પણ સુખ માનતા ન હતા. (૯)

હે રાજન્ ! આ પ્રકારે પોતાના ભક્તોને સુખી કરતા સત્પુરુષોના પતિ શ્રીહરિ દુર્ગપત્તનમાં નિવાસ કરતા હતા. એટલામાં હોલિકાનો ઉત્સવ આવ્યો. (ફાગણ સુદી પૂર્ણિમા) (૧૦)

પછી હોળીને બીજે દિવસે ફાગણ વદી ૧ એકમને દિવસે શ્રીહરિ સવારમાં નિત્યવિધિ કરીને વસંતને અનુરૂપ વસ્ત્રો ધારણ કરીને. (૧૧) સભામાં આવીને કોમળ ગાદલાંથી યુક્ત મહાશોભાવાળાં પોતાના આસન ઉપર હે રાજન્ ! બિરાજમાન થયા. (૧૨) સર્વે ત્યાગી તથા હજારો હજાર ગૃહસ્થો તે પવિત્ર સભામાં આવીને યથા યોગ્ય બેઠા. (૧૩) હે રાજન્ ! સુવાસિની તથા વિધવા સ્ત્રીઓ પુરુષોથી દૂર જુદી સભા કરીને શ્રીહરિના દર્શનની ઈચ્છાથી બેઠી. (૧૪)

પછી અભય રાજા વિવિધ પ્રકારના રંગથી ભરેલાં પાત્રો તેમજ ગુલાલ વગેરે લાવ્યા. (૧૫) તે સ્થાનમાં ઘણાં ભક્તો તેમજ અન્ય જનો પણ ગુલાલ લાવ્યા. લલિતા, જયા વગેરે સ્ત્રીઓએ પણ શ્રીહરિને માટે ગુલાલ મોકલાવ્યો. (૧૬) પછી મુક્તાનંદ આદિ મોટા સંતો તથા મુકુંદાનંદ વગેરે સમગ્ર બ્રહ્મચારીઓ તથા સોમઆદિ ઉત્તમ પાર્ષદો તથા અભય રાજા અને તેમના પુત્ર એ સર્વે શ્રીહરિ ઉપર રંગ છાંટવાની શરૂઆત કરી. (૧૭-૧૮) પછી મુક્તાનંદ વગેરે સંતો પણ અબીલ, ગુલાલ, ભક્તોને અભિષ્ટ સુખ આપનારા શ્રીહરિ ઉપર ભક્તિપૂર્વક ધીમે રહીને નાખતા હતા. (૧૯)

પછી શ્રી હરિની આજ્ઞાથી શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા સર્વે ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો હે રાજન્ ! ત્યાં બેઠા. (૨૦) એટલે સોનાની પિચકારી બંને હાથમાં ધારણ કરીને શ્રીહરિ પીચકારીથી રંગ પોતાના આશ્રિત મુકુંદાનંદ વગેરે સાધુઓ ઉપર નાખવા લાગ્યા. (૨૧) હે રાજન્ ! રંગનું પાણી ફેંકતા શ્રીહરિ એક હતા છતાં પણ અતિ ત્વરીત ગતિથી ચારેય તરફ રંગ છાંટતા પોતાના ભક્ત સમુદાયોના દેહ તથા વસ્ત્રો ભીના કરતા હતા. (૨૨)

જેમ વર્ષા ઋતુમાં મેઘ અત્યંત જળ વરસાવે છે તેવી રીતે શ્રીસહજાનંદ રંગનું જળ વરસાવતા હતા. (૨૩) હાથમાં ધારણ કરેલા સુવર્ણનાં કંકણોની શોભાવાળા, સુવર્ણના અતિ શ્રેષ્ઠ હારથી જેમને કંઠ મનોહર દેખાય છે એવા શ્રીહરિ, સુવર્ણની પિચકારી વડે ભક્તો ઉપર રંગ છાંટતા અત્યંત શોભતા હતા. (૨૪) ચંદ્રમાનો ગર્વ નાશ કરે તેવી શોભાવાળા, સેંકડો કામદેવના ગર્વને પણ હરણ કરનારું જેમનું દિવ્યરૂપ છે એવા, ચંચળ બંને હાથની ચતુરાઈથી મનોહર, અતિ સુંદર, ચપળ પીચકારીથી ચંચળ દર્શનીય મૂર્તિવાળા, (૨૫) શ્રીહરિએ તે સમયે મરકત મણિની માળા કંઠમાં ધારણ કરી હતી. તે કેવી શોભતી હતી તો જાણે પૃથ્વી ઉપર અતિશય ડોલતી સુવર્ણ લતા જેવી શોભતી હતી. તે અતિશય ડોલતી હોવાથી તે માળા અત્યંત કાંતિયુક્ત દેખાતી હતી. (૨૬)

શ્રીહરિના દર્શન કરનારા ભક્તોના નેત્રોને આનંદ આપનારા, ફુલેલા અળસીના પુષ્પની ઉપમા આપવા યોગ્ય શરીરની શોભા જેમની છે એવા, રક્તપીતાદિ રંગથી યુક્ત, વિવિધ પ્રકારના વર્ણો ધારણ કરતા માટે જ ઈન્દ્રના વિચિત્ર સુંદર ધનુષ્યથી યુક્ત નવીન મેઘની ઉપમા આપવા યોગ્ય.(૨૭)

અતિશય કરુણારૂપી સુધારસથી ભીનાં ચંચળ અને સુંદર નેત્રો જેમને છે એવા, મંદ હાસ્ય યુક્ત મુખવાળા, રંગ ફેંકતા શ્રીહરિ, પોતાના ભક્તોના નેત્ર તથા મનને હરતા હતા. આ પ્રકારે અતિ આનંદથી પોતાના સમગ્ર આશ્રિતોને અત્યંત અભિસિંચન કરીને હે રાજન્ ! ખોબા ભરીને ગુલાલ ચારેય તરફ ફેંકતા શ્રીહરિ સમગ્ર સભાને લાલ કરતા હતા. (૨૮-૨૯)

પીળા-લાલ રંગોથી ભીની શ્યામ મૂર્તિવાળા શ્રીહરિ અતિ શોભાયમાન પદ્મરાગમણિના વર્ણ જેવા વર્ણવાળા. સમગ્રજનોથી વીંટાયેલા, વિવિધ પ્રકારના પુષ્પોના સુગંધિમાન પરાગોથી શોભાયમાન, શ્યામ કમળ લાલ કમળોની વચ્ચે જેમ શોભે તેમ શોભતા હતા. (૩૦)

હે ભૂપતે ! ધર્મનંદન ભગવાન શ્રીહરિ આ પ્રકારે વિહાર કરીને મુનિઓ તથા સર્વે ભક્તોને અત્યંત સુખ આપતા હતાં. (૩૧) પછી શ્રીહરિ વિવિધ પ્રકારના ભૂષણોથી અલંકૃત કરેલા અશ્વ ઉપર બિરાજમાન થઈ સ્નાન કરવા માટે નિર્મળ જળવાળી ઉન્મત્ત ગંગાનદી પ્રત્યે ગયા. (૩૨) અભય રાજા પણ પોતાના પુત્રની સાથે તેમજ સોમ, સૂર વગેરે ઘોડેસવારો સાથે શ્રીહરિના ચારેય તરફ જય શબ્દ બોલતા ચાલતા હતા. (૩૩)

વારંવાર બંધૂકોના અવાજો કરતા, વિવિધ શસ્ત્રો ધારણ કરનારા સમગ્ર પાર્ષદો શ્રીહરિની આગળ ચાલતા હતા. (૩૪) પાર્ષદોની આગળ તાળી વગાડીને આદરપૂર્વક શ્રીહરિના કીર્તનો ગાતા હર્ષયુક્ત સર્વે સંતો ચાલતા હતા. (૩૫) સાધુઓની આગળ તાંસાદિ વાદ્યો વગાડનારા જનો અત્યંત વિચિત્ર વાજાં વગાડતા ચાલતા હતા. (૩૬)

શ્રીહરિની આ દિવ્ય લીલાના દર્શનની લાલસાવાળા હજારો જનો તથા દેશના ભક્તો શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૩૭) આવી રીતે પોતાના આશ્રિતોથી યુક્ત, છત્ર ચામરથી અલંકૃત, શ્રીહરિ હે રાજન્ ! ધીમે ધીમે ઉન્મત્ત ગંગાના તટમાં પોતાના અશ્વ ઉપરથી ઉતર્યા પછી (સ્નાન કરવા સારુ)

એક વસ્ત્ર ધારણ કર્યું. અને રંગથી ભીનાં થયેલા વસ્ત્રો અભય રાજાના કુમાર ઉત્તમને આપ્યાં. (૩૮, ૩૯, ૪૦) હે રાજન્ ! પછી સંતો તથા ભક્તો જેમને અતિપ્રિય છે તે શ્રીહરિ, ઉન્મત્ત ગંગામાં ખળખળીયા ઘાટે પોતાના આશ્રિતોની સાથે સ્નાન કરવા લાગ્યા. (૪૧) અનેક પ્રકારની સુંદર જળલીલાઓ કરતા શ્રીહરિ પોતાના જનોને આનંદ આપતા સ્નાન કરીને તેમની સાથે કાંઠા ઉપર આવ્યા. (૪૨)

પછી શ્રીહરિ શ્વેત વસ્ત્ર પહેરીને પાઘના આગલા ભાગમાં તેજ વસ્ત્રનું છોગું ફરકતું રાખીને પાઘ તેમજ બીજાં વસ્ત્રો ધારણ કરતા હતા. (૪૩) તે સમયે સેવા કરનારા મયારામ બ્રાહ્મણ કેસર યુક્ત ચંદન શ્રીહરિના ભાલમાં ચર્ચતા હતા. પછી ભાલના મધ્યભાગમાં ઉર્ધ્વપુંડ્ર તિલક કરતા હતા. (૪૪)

ત્યારબાદ ભક્તજનોએ પુષ્પના હાર, બાજુબંધ, તોરા, તે ભક્તિ ધર્મનાપુત્ર શ્રીહરિને બહુ પ્રીતિપૂર્વક સમર્પણ કર્યા. (૪૫) પછી પોતાના અશ્વ ઉપર બિરાજીને પોતાના ભક્તજનોથી વીંટાયેલા વાજિંત્રોના ઘોષ સાંભળતા અને છત્ર ચામરથી શોભતા. (૪૬) પુરનિવાસીઓ આશ્ચર્ય પૂર્વક જેમનાં દર્શન કરે છે તે શ્રીહરિ તેમનાં ચિત્ત હરતાં પોતાના રમણીય નિવાસમાં પધાર્યા. (૪૭)

પોતાના અશ્વ ઉપરથી ઉતરીને દયાનિધિ શ્રીહરિ આસન ઉપર બિરાજી જમવા માટે સાધુઓની પંક્તિઓ તત્કાળ કરાવતા હતા. (૪૮) સ્નાન કરીને પીતાંબરધારી શ્રીહરિ, ઉત્સાહથી પ્રથમ બરફી, પેંડા વગેરે વર્ણીઓને પીરસતા હતા. (૪૯) હે રાજન્ ! પછી સર્વે વર્ણીઓ દાળ તથા અન્ય વસ્તુઓ પીરસવા લાગ્ય. પછી પ્રત્યક્ષ શ્રીહરિનું હર્ષપૂર્વક સ્મરણ કરતાં તે સર્વે સંતો જમતા હતા. (૫૦)

પછી સાધુઓની પંક્તિમાં ફરતા શ્રીહરિ મોતીયા લાડુ પ્રીતિથી પોતે પીરસીને સૌને અત્યંત તૃપ્ત કરતા હતા. (૫૧) પછી હે ભૂપતે ! શ્રીહરિ સર્વ ઘોડેસવારો તથા પાર્ષદોની પંક્તિમાં ફરીને મોતીયા લાડુઓ વગેરે પીરસતા હતા. (૫૨) ત્યારબાદ હે રાજન્ ! શ્રીહરિ ફરીથી સ્નાન કરી માધ્યાન્હિક વિધિ કરીને નાના પ્રકારના ભોજન વિષ્ણુને નિવેદન કરી જમ્યા. (૫૩) હે રાજન્ ! શ્રીહરિએ તે પછી બંને હાથ તથા મુખ ધોઈને વર્ણીએ આપેલો સુંદર મુખવાસ ગ્રહણ કર્યો. (૫૪)

શ્વેતાંબરધારી પાર્ષદોથી વીંટાયેલા, ચટ્ ચટ્ ધ્વનિ કરતી પાદુકાઓ જેમણે પહેરી છે એવા શ્રીહરિ, અતિ સુંદર સભાસ્થાનમાં પધાર્યા. (૫૫) તે વખતે સભામાં સર્વે ઊભા થઈ ગયા અને શ્રીહરિના દર્શન કરતા તે આશ્રિતજનો શ્રીહરિને હર્ષપૂર્વક વંદના કરવા લાગ્યા. પોતાને પ્રણામ કરતા, સાધુઓને નમન કરતા શ્રીહરિ ત્યાર પછી પોતાના આસન ઉપર બિરાજ્યા. (૫૬) એટલામાં સાયંકાળ થયો. એટલે શ્રીકૃષ્ણની આરતી થઈ. પછી પોતાના આશ્રિતોની સાથે તાલીઓ વગાડતા શ્રીહરિ હરિના નામનું કિર્તન કરતા હતા. (૫૭) ત્યારબાદ શ્રીહરિને ત્યાગિઓ તથા ગૃહસ્થ ભક્તો નમસ્કાર કરવા લાગ્યા.અને શ્રીહરિપણ તેમને નમસ્કાર કરીને પોતાના આસને બિરાજમાન થયા. પછી સર્વે ભક્તો અનુક્રમથી પરમેશ્વર શ્રીહરિને હર્ષપૂર્વક નમસ્કાર કરીને સભામાં પોતપોતાની મર્યાદાથી બેઠા. (૫૮-૫૯)

શ્રીહરિએ સુધા સમાન મધુર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરેની વાતો કરીને પોતાના આશ્રિતોને પોતપોતાના નિવાસસ્થાનમાં જવા માટે આજ્ઞા કરી. (૬૦) પછી સ્વયં શ્રીહરિ કોમળ શય્યામાં પોઢી ગયા. તે સમયે

મહાભાગ્યવાળા સોમાખાચર તથા રત્નજીત વગેરે પાર્ષદો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૬૧)

પછી હે નૃપ ! સર્વ અવતારોના કારણ, ઈશ્વરોના ઈશ્વર છે છતાં પણ અલૌકિક મનુષ્ય નાટ્ય ધારણ કરતા, ભગવાન ધર્મના પુત્ર શ્રીહરિએ પોતાની સેવા કરવા માટે ઘણી રાહ જોતી યોગનિદ્રાને કૃપાથી અંગીકાર કરી. (૬૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં પુષ્પદોલોત્સવમાં શ્રીહરિએ કરેલી દોલોત્સવ લીલાનું વર્ણન નામે તેવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બીજા દિવસે સવારમાં શ્રીહરિ નિત્ય વિધિ કરીને તથા જમીને સભામાં પધાર્યા અને પોતાના આસન ઉપર બિરાજ્યા. (૧) તે દિવ્ય સભામાં તેમના આશ્રિત ત્યાગિઓ તથા ગૃહસ્થ સર્વે ભક્તજનો યથા યોગ્ય બેઠા. (૨) હે રાજન્ ! સધવા તથા વિધવા સ્ત્રીઓ પોતપોતાના ધર્મમાં રહી પુરુષોથી દૂર સભા કરીને બેઠી. (૩) પછી જુદા જુદા દેશોથી આવેલા ભક્તો મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા ભૂષણો, કુંકુમ, અક્ષત, કસ્તુરી, કેસર, અગરૂચંદન, (૪) સુંદર પુષ્પોના હાર, બાજુબંધ, તોરા, તથા બીજા ઉપચારોથી શ્રીહરિનું આદર પૂર્વક પૂજન કરતા હતા.(૫)

પછી સમગ્ર ભક્તો મહાસભામાં બેસીને અખિલેશ્વર શ્રીહરિના નિર્નિમેષ દૃષ્ટિએ દર્શન કરતા હતા. (૬) તે સમયે શ્રીહરિએ મરકત મણિ સ્થળ સમાન શોભી રહેલા પોતાના શ્યામ શરીર ઉપર મહામૂલ્યવાળા પીતાંબરો ધારણ કર્યા હતાં. તેથી વીજળીના કિરણોથી નવીન મેઘની જેમ વૃષનંદન શ્રીહરિ અધિક શોભતા હતા. (૭) અનેક પ્રકારના પુષ્પોના તોરાઓથી મસ્તક ઉપર પીળું મોળીયું શોભી રહ્યું છે. અત્યંત કોમળ અને બંને ભુજાઓનો સુશોભીત મધ્ય ભાગ તેમાં શ્રેષ્ઠ પુષ્પોના હાર ધારણ કરી સમ્યક્ પ્રકારે શ્રીહરિ શોભતા હતા. (૮) જેમના બંને કાનમાં પુષ્પોના ગુચ્છો શોભે છે અને જે સુવર્ણના સુંદર કુંડલોથી અલંકૃત છે, વળી કેસર યુક્ત ચંદનથી શોભતા તિલકમાં જેમને કુંકુમનો ચાંદલો શોભે છે એવા શ્રીહરિ શોભતા હતા. (૯)

મુનિઓ તથા વર્ણિઓના સમુદાયોએ સેવેલા, પૃથ્વીના આભરણરૂપ શ્રીહરિના ચરણ કમળ લાલ કમળની કાંતિ ઝાંખી કરતા અત્યંત શોભતા હતા. (૧૦) હે રાજન્ ! સુંદર નીલમણીંદ્રોથી શોભતું સરોવર જો વૈદૂર્યમણિના સમુદાયથી યુક્ત થાય તો પાપ નાશ કરનાર ભગવાનના ચરણ યુગલની સમાન તે કહેવાય. (૧૧) કવિઓ શ્રીહરિના ચરણારવિંદને કમળ જેવું કહે છે તે ઘટતું નથી. કારણ શ્રીહરિના ચરણારવિંદ કેવળ સ્મૃતિ માત્રથી સમગ્ર પીડાને નાશ કરે છે તેથી તેને અસંખ્ય કમળોની પણ ઉપમા શી રીતે દેવાય ? ન જ દેવાય (૧૨) આ લોકમાં અનુરાગવાળા મુનિજનો રાત્રિદિવસ શ્રીહરિના સ્મરણથી

પોતાનું હૃદયકમળ અતિ સ્વચ્છ દર્પણ જેવું રાખે છે અને તે હૃદયકમળમાં શ્રીહરિના શુભ ચરણને ધારણ કરે છે. (૧૩)

જેમના ચિંતવનથી સમગ્ર મોહનો નાશ થઈ જાય છે અને પાપના સમુદાયનો જે નાશ કરે છે, વ્યસન તેમજ કામાદિ શત્રુઓના મૂળને નાશ કરનારું શ્રીહરિનું ચરણકમળ આત્મા-પરમાત્માના સ્વરૂપના એક સ્થાન સ્વરૂપ છે. (૧૪) પૃથ્વી ઉપર શ્રીહરિના ચરણકમળના જે દ્રઢાશ્રય પામ્યા છે તે દોષરહિત, શુદ્ધ અંતઃકરણવાળા સાધુઓના મસ્તક ઉપર પડેલી શ્રીહરિના ચરણની રજ પણ તત્કાળ મોક્ષ કરે છે તો સ્મરણ માત્રથી પવિત્ર કરનાર શ્રીહરિના ચરણની રજ પણ તત્કાળ મોક્ષ કરે છે તો સ્મરણ માત્રથી પવિત્ર કરનાર શ્રીહરિના ચરણકમળને જે પ્રણામ કરે છે તેનો મોક્ષ થાય તેમાં કહેવું જ શું ? તે તો થાય જ. (૧૫) સંસારનો ભય હરનારા શ્રીહરિના બંને હાથ સ્મરણ કરનારા જનોની મનોકામના પૂર્ણ કરનાર, કોમળતામાં કલ્પવૃક્ષના પલ્લવોનો પણ તિરસ્કાર કરનાર તથા મુનિજનોએ જેનું સદા ચિંતવન કર્યું છે તે સદા જય પામે છે. (૧૬) સરોવરમાં રહેલા કમળો વિચાર કરે છે કે શ્રીહરિના બંને હાથની કાંતિથી મારી કાંતિ દિવસે નિસ્તેજ થઈ ગઈ છે. રાત્રિમાં પણ તે તેવી જ રીતે નિસ્તેજ થઈ જશે કે શું ? એમ ધારીને પોતાના પાત્રરૂપી કમાડોથી તે પોતાને ઢાંકી દે છે. (૧૭)

અત્યંત કોમળ સુંદર ચિહ્નો વિણગુણ હાર જેમાં છે એવું દીર્ઘ ઉરસ્થળ, પોતાને રહેવા યોગ્ય સ્થિર ભુવન જેવુ હોવાથી પૃથ્વી ઉપર પરિભ્રમણ કરીને શ્રમીત થયેલી લક્ષ્મીએ જેનો આશ્રય કર્યો હતો તેવું અત્યંત શોભતું હતું. (૧૮) સર્પના દેહની માફક ભગવાનના બંને હસ્તોનો અતિદૃઢ સમાશ્રય કરનારા ભક્તોના બાહ્ય તથા અંતર શત્રુઓનો પરાજય કરવામાં ધુરંધર ગણાતા અત્યંત શોભતા હતા. (૧૯) ભગવાનનો કંઠ (શંખના સમાન કંઠ) અતિશય શોભતો હતો, જેમાંથી ઉત્પન્ન થતો મધુર શબ્દ પોતાને શરણે આવેલા જનોના શત્રુઓના પરાભવમાં જયનો ઉપદેશ કરાવનાર શંખના ધ્વનિ જેવો દુર્ભેદ્ય જણાતો હતા. (૨૦) મંદ હાસ્યથી હસતા ભગવાનના દંતપંક્તિની કાંતિ, અત્યંત રક્ત ઓષ્ઠ ઉપર પડતી હોવાથી જાણે શરદઋતુના પૂર્ણચંદ્રની કાંતિ નિર્મળ વિદ્રુમ તથા પ્રવાળોનો યોગ પામી જેમ શોભે તેમ શોભતી હતી. (૨૧)

શ્રીહરિના મુખમાં જેનો વાસ છે એવી સરસ્વતી દેવીની મુખનાં દર્શન થાય તેથી જાણે શ્રીહરિના પાવનકારી કપોળયુગલ અત્યંત નિર્મળ અને દીપ સમાન હોય તેમ શોભતા હતા. (૨૨) શ્રીહરિનું મુખ આ લોકમાં જન સમૂહને આનંદ થાય છે એવા ધર્મરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયું હોય તેમ લાગે છે. વળી ક્ષીર સાગરથી પણ શીતળ કિરણોવાળો ચંદ્ર જાણે પ્રાદુર્ભાવ પામ્યો હોય તેવું તે મુખ શોભે છે. પરંતુ તે બંને ચંદ્રમાંથી અમૃતની ધારાની વૃષ્ટિ તો એક સરખી જ થયા કરે છે. પરંતુ ચંદ્ર તો ત્યાગીજનોના તેજનો નાશ કરે છે. (ચંદ્રશૃંગાર રસનું ઉદ્દીપન કરનાર હોવાથી સ્ત્રીના મુખનું સ્મરણ કરાવે છે. અને તેથી અવકીર્ણતા દોષ સંપાદન કરીને ત્યાગીઓના તેજનો નાશ કરે છે.) શ્રીહરિના મુખરૂપી ચંદ્રમા તો ત્યાગીઓને અત્યંત તેજ આપે છે. (શ્રીહરિના મુખરૂપી ચંદ્ર વચનામૃતની વૃષ્ટિથી

સત્પુરુષોના મનમાંથી કામના મૂળને ઉખાડી નૈષ્ઠિક વ્રતની સિદ્ધિ કરાવી તેજની વૃદ્ધિ કરે છે) માટે તે વિશેષ છે. (૨૩) આવી અતિ મહાશોભા ધારણ કરતા પુરુષોત્તમ શ્રીહરિ હે નૃપ ! કલ્યાણકારી મધુર વાર્તા કરતા હતા. (૨૪) હે રાજર્ષે ! પછી શ્રીહરિ જુદા જુદા દેશોથી આવેલા સર્વ ભક્તજનોને પોતાપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપતા હતા. (૨૫) તેથી શ્રીહરિના ચરણ કમળના આશ્રયવાળા સમગ્ર ભક્તો હે મહીપતે ! શ્રીહરિને પ્રણામ કરીને પોતપોતાના દેશ પ્રત્યે ગયા. (૨૬)

હે રાજન્ ! પોતાના ભક્તોને અપાર કરુણાના નિધિ સમાન, સંપૂર્ણ છે કામનાઓ જેમની એવા શ્રીહરિ પોતાના ભક્તજનોને આનંદ આપતા ગઢપુરમાં જ રહેતા હતા. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં દેશાંતરથી આવેલા ભક્ત જનોએ કરેલી શ્રીહરિની પૂજા તેના વર્ણન નામે ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે ગઢપુરમાં "ગાઢાલય" (ગઢાળી) ગામથી વણિક આંબા ભક્ત શ્રીહરિને પોતાના ગામ લઈ જવા માટે આવ્યા. (૧) અત્યંત કોમળ ઓશીકા તથા ઢીંચણીયા, તેમજ કોમલ રજાઈઓવાળો શ્રીહરિને આપવા યોગ્ય પલંગ પોતાના મસ્તક ઉપર તેમણે લીધો હતો. વળી એક જ વખત વીંયાયેલી, અતિસુંદર, બહુ દૂધ આપનારી, હાથણી જેવી ભેંસ શ્રીહરિને માટે પોતે સાથે લાવ્યા હતા. (૨, ૩) પ્રફુલ્લિત મુખવાળા સ્વામિનારાયણનું નામ પ્રીતિથી ઊંચા સ્વરથી ઉચ્ચારતા શ્રીહરિ પ્રત્યે અપાર પ્રેમયુક્ત, બુદ્ધિમાન, પ્રેમથી વિહ્વલ થઈને આવતા આંબા ભક્તને દૂરથી જોઈને સભામાં બિરાજેલા પ્રસન્ન મુખવાળા શ્રીહરિ હસતા હતા. (૪, ૫) પછી તે વણિક ભક્તવર્ય શ્રીહરિના પાર્ષદને ભેંસ આપીને પોતાને માથે પલંગ લઈ તે સભામાં આવ્યા. (૬)

હે રાજન્ ! મંદહાસ્ય યુક્ત મુખવાળા શ્રીહરિ તે ભક્તને તે પ્રકારે જોઈને હે ભક્તવર્ય ! તમો શું લાવ્યા ? એમ તે પૂછતા હતા. (૭) શ્રીહરિનું એવું વચન સાંભળીને મસ્તક ઉપરથી પલંગ ઉતારીને પ્રેમનાં આંસુ જેમના નેત્રોમાં છે, જેમના ગાત્ર રોમાંચિત થયા છે એવા તે ભક્ત શ્રીહરિ પ્રત્યે બોલ્યા. (૮) હે પ્રભો ! આલોક નાશવંત છે. અનેક ઉપાધિથી યુક્ત તથા માયિક છે. તેમજ કાળના ભયથી યુક્ત છે. માટે સ્થિર નથી. (૯) માટે કાળ, મૃત્યુના ભય રહિત અવિનાશી, સર્વોત્તમ, દિવ્ય બ્રહ્મપુરમાં આ સર્વે આગળથી મોકવલા માટે હે હરે ! હું પ્રસ્થાનું કરવાની સામગ્રી લાવ્યો છું. (૧૦)

વ્યાપક શ્રીહરિ આંબા શેઠનું આ વચન સાંભળીને હસવા લાગ્યા. આશ્ચર્ય યુક્ત ચિત્તવાળા સર્વે સભાજનો પણ હસવા લાગ્યા. (૧૧) પછી આંબા શેઠે અતિશય પ્રીતિપૂર્વક તે પલંગ, સભામાં

ગાદલા વગેરેથી સારી રીતે પાથર્યો અને તે ઉપર ધર્મપુત્ર શ્રીહરિને બેસાડ્યા. (૧૨) ત્યારબાદ તે ભક્ત બંને હાથ જોડીને પોતાને અતિપ્રિય શ્રીહરિને પોતાના ગામમાં લઈ જવા માટે ભક્તિ પૂર્વક શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા. (૧૩) હે સ્વામિન્ ! આપના મુનિઓ વગેરેની સાથે આપ મારા ગામમાં પધારો ત્યાં આપના ચરણકમળની રજથી મારું ભુવન આપ પવિત્ર કરો. (૧૪) હે પ્રભો ! સાધુ મંડળે યુક્ત આપના દર્શન આપીને મારા ગામમાં રહેલા લોકોનો આપ સંસાર સાગરથી ઉદ્ધાર કરો. (૧૫)

પ્રભુ શ્રીહરિ તેનું આવું વચન સાંભળીને તેમના પ્રત્યે હે ભક્તવર્ય ! અમારા આવવાથી તમારે પુષ્કળ ધનનું ખર્ચ થશે એમ બોલ્યા. (૧૬) માટે અહીં જ ગઢપુરમાં મારા તથા સાધુના દર્શન અને પૂજન કરી તમારે સંતોષ માનવો આવો મારો મત છે. (૧૭) શ્રીહરિનું આવું વચન સાંભળીને જેમની આંખમાં અશ્રુ છે તે આંબા ભક્ત, પ્રેમથી જેમનું હૃદય દ્રવી ગયું છે તે, બંને હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૮) હે હરે ! હે અવતારી ! આપને માટે જે ખર્ચ થાય છે તેથી તો આત્યંતિક કલ્યાણ થાય છે. માટે તે તો ઉત્તમ આવક જ છે. (૧૯) હે હરે ! આ લોકમાં લોકો સાંસારિક કાર્ય કરવા ખર્ચ કરે છે તેથી નશ્વર ફળ મળે છે. એટલે તે ખર્ચ તો કેવળ ખર્ચ જ છે. (૨૦) હે સ્વામિન્ ! માટે આપના દીન દાસ ઉપર આપ દયા કરો અને મારે ઘેર પધારો. કારણ કે આપ દીન વત્સલ છો. (૨૧)

હે કરુણાનિધે ! આપ હંમેશા મહાન અભય રાજાનાં મહેલમાં ઘણા આશ્રિતો સાથે રહો છો. (૨૨) તો પણ હું આપનો દુર્બળ ભક્ત છું તેથી મારે ઘેર એકવાર પધારવા માટે દયા કેમ કરતા નથી ? (૨૩) દયાર્દ્ર હૃદયવાળા ધર્મનંદન શ્રીહરિએ આ પ્રકારે આંબાભક્તે કરેલી પ્રાર્થના સાંભળીને તેમને કહ્યું, હે ભક્ત ! તમારા ગામમાં હું આવીશ. (૨૪) પછી દયાનિધિ શ્રીહરિએ પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા કરી કે તમો સૌ તૈયાર થાઓ અને પોતે પણ તત્કાળ તૈયાર થયા. (૨૫)

પછી પોતાના સેવક નાજા ભક્ત અત્યંત હર્ષપૂર્વક વિવિધ પ્રકારના વિભૂષણોથી વિભૂષિત કરી અશ્વ લાવ્યા તે ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. એ રીતે છત્ર તથા ચામરથી શોભતા સોમા તથા સુરા ભક્ત આદિ ઘોડેસવારો તથા પોતાના પાર્ષદો સાથે શ્રીહરિ નીકળ્યા. (૨૬, ૨૭)

બુદ્ધિમાન અભય રાજાના ઉત્તમકુમાર ચપળ ગતિવાળા ઘોડા ઉપર બેસીને શ્રીહરિની સાથે ચાલ્યા. (૨૮) શ્રીહરિની સાથે સર્વે વર્ણિઓ તથા સાધુઓ શ્રીહરિના કીર્તનો ગાતા, શ્રીહરિના દર્શનની ઈચ્છાથી ચાલતા હતા. (૨૯) પછી ભગવાન શ્રીહરિ તથા સર્વે ઘોડેસવારો પુરની બહાર નીકળીને વાયુવેગી ઘોડાઓને એકી સાથે દોડાવતા હતા. સમુદ્રના ઉછળતા મહાતરંગોની પંક્તિ જેવી આ અતિસુંદર ઘોડાઓની ગતિ જોઈને લોકો જાણે કે દેવતાઓ અશ્વ ઉપર સવારી કરીને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવતા હોય ને શું ? એવી શંકા કરતા હતા. (૩૦)

અતિ રમણીય અને ચંચળ ગતિથી પોતાના અશ્વોને દોડાવતા ઘોડેસવારોથી યુક્ત શ્રીહરિ, પોતાના અશ્વરાજને તત્કાળ ઝડપથી દોડાવી આગળ કરતા, ચાલતા વેગથી જેમના તોરાઓ ઉછળે છે અને અસવારના જેવા યોગ્ય વેશ ધારણ કરતા તેમજ હાથમાં સુવર્ણમય સુંદર લગામ ધારણ કરતા અત્યંત

શોભતા હતા. (૩૧) સોમ ભક્ત તથા ઉત્તમ ભક્ત વગેરે અસવારો પોતાના ઘોડાઓને અત્યંત દોડાવતા હતા છતાં પણ શ્રીહરિના અશ્વેન્દ્રને પહોંચી શક્યા નહીં. પીડા નાશ કરનારી શ્રીહરિની ચંચળ મૂર્તિ જોઈને સર્વે સંતો તથા વર્ણીઓ તથા ભક્તજનો આશ્ચર્યમુગ્ધ બની અત્યંત હર્ષ પમાડતા હતા. (૩૨)

પછી શ્રીહરિ પોતામાં અત્યંત સ્નેહવાળા સોમા ખાચર વગેરે ઘોડેસવારોના સમૂહ સાથે મળીને રસ્તામાં અશ્વશાસ્ત્રમાં કહેલી વિવિધ પ્રકારની ગતિઓમાં પ્રવીણ, સુંદર લક્ષણોવાળો, ગરુડના ગર્વને હરનારો જેનો વેગ છે એવા તે અશ્વરાજને ચલાવતા ચાલતા હતા. (૩૩)

સર્વ અવતારોના એક કારણરૂપ છે, મૂર્તિ જેમની એવા શ્રીહરિનો મહાતપસ્વીઓને પણ આલોકમાં દુર્લભ યોગ છે જ્યારે સર્વથી અધિક શોભા પામેલા અશ્વજાતિના અલંકારરૂપ શ્રીહરિથી અધિષ્ઠિત આ અશ્વ સમાન કોણ થાય ? અનુપમ અશ્વના ભાગ્યનું શું વર્ણન કરીએ ? યથાર્થ રીતે તો તે અવર્ણનીય છે. (૩૪) શ્રીહરિની સાથે ઘોડાઓને ખેલવતા ઘોડેસવારો મનોહર હાસ્ય વચનોથી શ્રીહરિને હસાવતા હર્ષથી ચાલતા. (૩૫) આ પ્રકારે ઘોડાને વિચિત્ર ગતિથી ચલાવતા, ભક્તોને આનંદ આપતા શ્રીહરિ ગઢાળી ગામની સમીપે આવ્યા. (૩૬) શ્રીહરિની આગળ ગયેલા આંબાશેઠ તેમના આશ્રિત તથા બીજા ભક્તો સાથે નાના પ્રકારના વાજિંત્રોના ઘોષ સાથે હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૩૭)

પછી ભક્તો ઘોડેસવારોની મધ્યમાં રહેલા સુંદર ચંચળ ગતિવાળા પોતાના ઘોડાને ચલાવતા શ્રીહરિના દૂરથી દર્શન કરીને શ્રીહરિને તે સર્વે પ્રણામ કરતા હતા. (૩૮)

પછી ભક્તોએ શ્રીહરિને પુષ્પના હાર તથા તોરાઓ ધારણ કરાવ્યા. તેમજ વાદ્યોના મહા ધ્વનિ સાથે શ્રીહરિને ગામમાં પ્રવેશ કરાવ્યો. (૩૯) ગામમાં રહેલા લોકો અવતારી શ્રીહરિના દર્શન કરીને, વરસાદના અભાવથી સુકાઈ ગયેલું ખેતરનું વાવેલું ધાન્ય, વરસાદ પડવાથી જેમ ખીલી નીકળે તેમ, હર્ષથી શાંતિ પામ્યા. (૪૦) પછી ભક્ત પ્રવર આંબાશેઠે અતિ પ્રસન્ન થઈને, અતિશય કૃપાથી કોમળ હૃદયવાળા શ્રીહરિને તેમજ મુનીંદ્રોને રહેવાનું અનુકૂળ સ્થાન આપ્યું. (૪૧)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમા શ્રીહરિ ગઢાળી ગામમાં પધાર્યા તે નિરૂપણ નામે પચ્ચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિને આંબા ભક્તે પોતાને ઘેર લઈ જઈને અતિ કોમળ ગાદલાવાળા સુંદર આસન ઉપર બેસાડ્યા. (૧) આંબા ભક્તે સમગ્ર સાધુઓને, વર્ણીઓને, ઘોડે સવારો તથા પાર્ષદોને યોગ્યતા પ્રમાણે આસનો ઉપર બેસાડ્યા. (૨)

સ્નેહના પુરમાં ડૂબેલા આંબા ભક્ત પૂજા માટે વિવિધ ઉપચારો લાવીને હર્ષપૂર્વક શ્રીહરિની

મહા પૂજા કરવા લાગ્યા. (૩) ત્યારબાદ આંબા ભક્તે શ્રીહરિના બંને ચરણકમળ દૂધથી પ્રક્ષાલન કરીને તે પવિત્ર દૂધ પોતે પીતા હતા. (૪) તે ભક્તે તે પ્રસાદીનું દૂધ મસ્તક ઉપર ધારણ કર્યું. વળી હૃદય તેમજ બીજા અંગો ઉપર પણ તેનો લેપ કરતા હતા. અને પોતાના પરિવાર તથા બીજા ભક્તોને પણ હર્ષપૂર્વક આપ્યું. (૫) પ્રેમથી આંબા ભક્તના ગાત્રો રોમાંચિત થઈ ગયા. તેમણે કેસર યુક્ત ચંદનથી શ્રીહરિના ભાલમાં મનોહર પત્રલતા (અર્ચન) કરી. (૬) તેવી રીતે આંબા ભક્તે કપાળના મધ્યમાં કરેલા ઉર્ધ્વપુંડ્ર તિલકની વચ્ચે કુંકુમનો ગોળ ચાંદલો કર્યો. ત્યાર બાદ શ્રીહરિના સમગ્ર અંગોમાં કેસરયુક્ત ચંદનનો લેપ કર્યો. (૭) ચંદનની લેપાયમાન શ્રીહરિના સર્વે અંગોમાં યથાયોગ્ય ગોળ કુંકુમનાં ચાંદલા કર્યા. તે સમયે શ્રીહરિ ઈન્દ્રધનુષ્યથી યુક્ત મેઘની માફક શોભતા હતા. (૮)

પછી આંબા ભક્તે વિવિધ પ્રકારના પુષ્પોના હાર, ગુચ્છાઓ, તોરાઓ, બાજુબંધો વગેરે શ્રીહરિના કંઠ, બંને કાન, બંને ભુજાઓ, તથા મસ્તક ઉપર ધારણ કરાવ્યા. (૯) ત્યારબાદ આંબા ભક્તે સાકર પેંડા આદિક નાના પ્રકારના નૈવેદ્યો તથા ધૂપ, દીપ આદિ સર્વે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૧૦) પ્રેમથી વ્યાપ્ત અંતકરણવાળા આંબા ભક્તે તે પછી શ્રીહરિની મહા આરતી કરી. પછી શ્રીહરિના બંને ચરણો ચંદનથી લેપ કરીને હર્ષપૂર્વક પોતાના અંગમાં ધારણ કર્યા. (૧૧)

આંબા ભક્તે વર્ણીઓ, સાધુઓ વગેરે શ્રીહરિના સર્વે આશ્રિતોની પણ ઉપચારોથી આદરપૂર્વક યથાયોગ્ય પૂજા કરી. (૧૨) ત્યારબાદ ભોજન માટે સાધુઓની લાંબી પંક્તિઓ થઈ. તે પંક્તિઓમાં શ્રીહરિ પીરસવા માટે પધાર્યા. (૧૩) શ્રીહરિ પોતાને ઓઢવાનું વસ્ત્ર ડાબે ખભે વાંકુ કરીને તેનાથી કેડ્ય બાંધીને સાધુઓને પીરસવા લાગ્યા. (૧૪) મુનિઓની મોટી પંક્તિમાં પીરસવા માટે વારંવાર ફરતા ઈશ્વર જમવાની ચીજોનાં નામ લઈને મુનિઓને પીરસતા હતા. (૧૫)

હે સંતો ! જલેબી લ્યો, ઘેબર લ્યો, મોતીયા લાડુ લ્યો, આમ બોલીને શ્રીહરિ સાધુઓના પાત્રોમાં જલેબી વગેરે મૂકતા હતા. (૧૬) તે મુનિઓની પંક્તિમાં દાળ, શાક, રાયતાં, ગાંઠીયા, તથા અથાણાં વગેરે અન્ય સાધુઓને પીરસતા હતા. (૧૭)

જેમના પાદની ગતિ સુંદર અને ચંચળ છે એવા મુનિઓની પંક્તિમાં ફરતા શ્રીહરિ એક હોવા છતાં પણ ઉતાવળી ગતિથી અનેકની માફક જણાતાં પીરસતા હતા. (૧૮) પ્રિયદર્શન શ્રીહરિ આ પ્રકારે સર્વ મુનિઓને પીરસીને, ઉત્તમ રાજા, પાર્ષદો, તથા ઘોડેસવારોને પણ પીરસતા હતા. (૧૯)

તે અરસામાં વૈકુંઠાનંદ વર્ણીની સાથે મુકુંદાનંદ વર્ણીરાજ શ્રીહરિ માટે પાક દૂધમાં કરતા હતા. (૨૦) શીરો, સુંદર પુરીઓ તથા સાકર યુક્ત દૂધપાક, હરિસો, ગુલાબજાંબુ તથા મોદક વગેરે કરતા હતા. (૨૧) વર્ણી, હર્ષપૂર્વક મીઠા વિનાનાં શાક રાયતા કરીને ગાળેલા પાણીથી યુક્ત બે તપેલીઓ બે ચૂલા ઉપર મૂકતા હતા. (૨૨)

બ્રહ્મચારીએ બંને ચૂલામાં અગ્નિ સળગાવીને બંને પાત્રોમાં જળ ઉનું થયું ત્યારે એકમાં દાળ તથા બીજામાં ચોખા ધોઈને દૂરથી નાખ્યા. (૨૩)

તેટલામાં દયાસાગર શ્રીહરિ પોતાના સર્વ આશ્રિતોને પીરસીને, હાથ પગ ધોઈને પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા. (૨૪) ધર્મપુત્ર શ્રીહરિએ સ્નાન કરીને દાળ, ભાત પોતે કરીને, શાકમાં તથા રાયતામાં મીઠું નાખ્યું. (૨૫)

ત્યારબાદ શ્રીહરિએ સુંદર પાપડ તથા અથાણાં વગેરેથી યુક્ત સુંદર પાત્ર ભરેલાં નાના પ્રકારના ભોજન, મનુષ્ય નાટ્યનું અનુકરણ કરતા હોવાથી, વિષ્ણુને નિવેદન કર્યું. પછી પોતાના આસન ઉપર બેસીને વારંવાર પાણી પીતા તે ભોજન જમતા હતા. (૨૬-૨૭)

તૃપ્ત થયેલા શ્રીહરિએ સુંદર ચંદન લેપનથી તથા નિર્મળ જળથી બંને હાથ ધોયા તેમજ નિર્મળ જળથી મુખ ધોયું (૨૮) સમર્થ શ્રીહરિએ તે પછી વર્ણીદ્રે પ્રીતિપૂર્વક લાવેલો મુખવાસ ગ્રહણ કર્યો અને પછી વસ્ત્રો ધારણ કર્યાં. (૨૯)

પછી પવિત્ર દર્શનવાળા શ્રીહરિએ પોતાનામાં પ્રીતિવાળા વર્ણીઓની પાકશાળામાં જઈને તેમને માટે બનાવેલો પાક જોયો. (૩૦) તે સમયે સર્વે બ્રહ્મચારીઓ ભોજન કરતા હતા. પછી શ્રીહરિ સભામાં પધારી તેના મધ્ય ભાગમાં પોતાના ઉત્તમ આસન ઉપર બિરાજ્યા. (૩૧) તેટલામાં સમગ્ર ત્યાગીઓ તથા ગૃહસ્થો સભામાં આવીને શ્રીહરિના દર્શનની આસક્તિથી યોગ્યતા પ્રમાણે બેઠા. (૩૨)

પ્રસન્ન થયેલા આંબા ભક્તે ઈષ્ટદેવ શ્રીહરિને કુંકુમ, ચંદન, અક્ષત, ધૂપ, દીપ, તથા પુષ્પોના હાર, તોરા, ગજરા, સુંદર વસ્ત્રો, તથા ભૂષણો વગેરેથી ભક્તિપૂર્વક ફરીથી પૂજા કરી. (૩૩) આંબાભક્ત, વર્ણીઓ, મુનિઓ તથા પાર્ષદો વગેરે શ્રીહરિના ભક્તોની અતિ સુંદર ઉપહારોથી, પ્રીતિથી પૂજા કરવા લાગ્યા. ગામના ભક્ત સમૂહે પણ સુંદર પુષ્પના હાર તથા કુંકુમ, ચંદન વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિ વિહિત સત્પુરુષોને પીરસવાની લીલા વર્ણન નામે છવ્વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ઘોડેસવારો તથા પાર્ષદો સાથે વાદ્યોના મહા ઘોષ કરતા સમગ્ર ભક્તોએ વળાવ્યા. (૧) પોતાના દર્શનની ઉત્કંઠાવાળા ત્યાંનો જનસમૂહ શ્રીહરિની પાછળ ગયો અને છત્ર ચામર વગેરેથી શોભતા શ્રીહરિ ગઢાળી ગામથી નીકળ્યા. (૨)

દૂર સુધી પોતાની પાછળ વળાવવા આવતા પોતાના આશ્રિત ભક્તોને શ્રીહરિએ પાછા વાળ્યા અને પછી પોતાના મનોહર અશ્વરાજને દોડાવ્યો. (૩) ધનુષ્યમાંથી છૂટેલું રામનું બાણ, આકાશમાં પડતો તારો અને આકાશમાંથી પડતી વીજળી જે ગતિએ વેગ કરે તેમ તે સમયે શ્રીહરિના અશ્વની એવી ગતિ હતી. (૪) શ્રીહરિના અશ્વની પાછળ દોડાવેલા અશ્વની લાંબી પંક્તિ, ગરુડની પાછળ દોડતી હંસની

પંક્તિ જેમ શોભે તેમ, શોભતી હતી. (૫)

'હું પહેલાં' 'હું પહેલાં' એમ પરસ્પર બોલતા ઘોડેસવારો ઘોડાઓને દોડાવતા હતા. પણ અધીશ્વર શ્રીહરિને પહોંચી શક્યા નહીં. (૬) પછી હે મહીપતે શ્રીહરિ સૌ ઘોડેસવારોથી આગળ પ્રથમ ઉન્મત્ત ગંગા પહોંચી ગયા. ત્યાર પછી તે ઘોડેસવારો ઉન્મત્ત ગંગા પહોંચ્યા. (૭)

મંદ હાસ્યથી અધિક શોભાયમાન મુખવાળા શ્રીહરિ અસવારો પ્રત્યે બોલ્યા, હે અસરવારો ! તમોએ તમારા ઘોડા ઘણા દોડાવ્યા. (૮)

તોપણ તમારામાંના કોઈ પણ મને પહોંચી શક્યા નહીં. શ્રીહરિનું આવું વચન સાંભળીને ઘોડેસવારો શ્રીહરિને હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૯)

હે ભગવન્ ! આપને મન તથા ઈન્દ્રિયોની વૃત્તિ પહોંચી શકતી નથી. હે આશ્રિતોની પીડા હરનારા ! જેમના માર્ગને શ્રુતિઓ પણ ખોળે છે. (૧૦) જેની પ્રાપ્તિને માટે વિષયોનો ત્યાગ કરીને જેમણે મન તથા ઈન્દ્રિયો જીત્યા છે. એવા યોગિઓ પણ નિર્જન વનમાં દુષ્કર તપ કરે છે. (૧૧)

સવાન્તર્યામી, ક્ષર અને અક્ષરથી પર, અવતારી, આપને હે સ્વામિન્ ! અમો પ્રત્યક્ષ કેવી રીતે પામીએ ? (૧૨) યોગિએ ધ્યાન કરવા યોગ્ય છે, ચરણ કમળ જેમનાં એવા બ્રહ્માદિકોને પણ તમો દુર્લભ છો તો અલ્પ બુદ્ધિવાળા અમો આપની કૃપા વિના આપને કેમ પામીએ ? (૧૩)

ઘોડેસવારોનું આવું વચન સાંભળીને મંદ મંદ હસતા દયાસાગર શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં પોતાના ઘોડાને જળ પાવા લાગ્યા. ઘોડેસવારો પણ ઉન્મત્ત ગંગામાં ઘોડાને જળ પાવા લાગ્યા. (૧૪, ૧૫)

નિર્મળ જળમાં જેમના અંગોનું પ્રતિબિંબ પડે છે તે જળપાન કરતા, પંક્તિબદ્ધ ઉત્તમ ઘોડાઓ, દૂધના ગંભીર સાગરમાંથી નીકળતા ઘોડેસવારો સહિત ઉચ્ચૈઃશ્રવાનામવાળા ઘોડાઓના સમૂહની જેમ શોભતા હતા. (૧૬) સ્ફટિકની માફક સ્વચ્છ જળથી વિશેષ શોભાયમાન, કલ્યાણકારી, સમગ્ર પાતકોને હરનારા છે દર્શન જેમનાં એવી દિવ્ય ઉન્મત્ત ગંગા, શોભાયમાન રત્ન જડિત વિવિધ પ્રકારના ભૂષણોથી શોભાયમાન વિચિત્ર પ્રકારના ઘોડાઓના પ્રતિબિંબોથી જાણે વિચિત્ર મણિઓના સમુદાયથી યુક્ત હોયને શું એમ શોભતી હતી. (૧૭)

સમગ્ર લોકોના અલંકારરૂપ જેમની મૂર્તિ છે તે શ્રીહરિની જળમાં પ્રતિબિંબિત મૂર્તિ લાવણ્ય, રૂપ, માધુર્ય વગેરે ગુણોના સ્થાનભૂત હોવાથી ઉન્મત્ત ગંગા સર્વોત્તમ દર્શનીય શોભા ધારણ કરતી હતી. (શોભા સાગરનું પ્રતિબિંબ પણ પ્રતિબિંબની શોભા વધારનાર છે.) (૧૮)

પછી શ્રીહરિના પદો ગાતા ઘોડેસવારોના સમુદાયથી તેમજ હરિપદો ગાતા પોતાના ભક્તજનોથી વીંટાયેલા અશ્વ ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિએ દુર્ગપત્તનમાં પ્રવેશ કર્યો. (૧૯) સુંદર ચંચળ લગામથી ચંચળ હાથવાળા (ઘોડાના મુખમાં રહેલી લગામ હાથમાં હોવાથી ઘોડાનું વારંવાર મુખ ઉંચુ નીચુ થવાથી શ્રીહરિના હાથનું પણ ચંચળપણું જાણવું) ચંચળ અશ્વને સુંદર રીતે ચલાવતા પુરવાસી લોકો શ્રીહરિનાં

દર્શન કરતા હતા. (૨૦)

શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને પહોંચી પોતાના અશ્વ ઉપરથી ઉતરી કોમળ ગાદલાથી યુક્ત પોતાના આસનમાં બિરાજમાન થયા. (૨૧) તે સમયે શ્રીહરિએ ઉપશમ અવસ્થાવાળા બ્રહ્મરૂપ મહાત્માઓ પોતાની આજ્ઞામાં વર્તનારા મુનિઓને-આ પ્રમાણે મધુર વચનો કહ્યાં. (૨૨)

હે મુનિઓ ! મુમુક્ષુ શરીર ધારીઓના કલ્યાણ માટે તમો ભૂતળમાં ફરો. તમો સંસાર સાગરના નાવિકો છો. (૨૩) હે સંતો ! સર્વદાનમાં અભયદાન પર્યાય મોક્ષ દાન ઉત્તમ છે. વેદ પરાયણ, તપ, પુણ્ય, યજ્ઞ પણ મોક્ષ સમાન નથી. (૨૪) જે સાધુઓ અજ્ઞાની પ્રાણીઓનું કુમાર્ગથી રક્ષણ કરી સ્વધર્માદિથી મારી ભક્તિમાં જોડે છે એટલે મારી ભક્તિ કરાવે છે, તે સાધુઓ જ આ લોકમાં મને પ્રિય છે. (૨૫)

માટે તમો સર્વે મારી આજ્ઞાથી પોતપોતાના મંડળે સહિત નિર્ભય થઈને પૃથ્વી ઉપર વિચરણ કરો. (૨૬) શ્રીહરિના વચનમાં એકાગ્ર મનવાળા સંતો શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રાણીઓના કલ્યાણમાં આસક્ત થઈ શ્રીહરિનું વચન હર્ષપૂર્વક મસ્ત ઉપર ધારણ કર્યું. (૨૭)

પછી હે રાજન્ ! સવારમાં સાધુજનોએ તો પ્રિયધર્મપુત્ર શ્રીહરિને ભેટીને તથા શ્રીહરિના દિવ્ય ચરણારવિંદને પ્રણામ કરીને શ્રીહરિનું સ્મરણ કરતા ત્યાંથી પ્રયાણ કર્યું. (૨૮)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિએ ઘોડાઓને ખેલવ્યા તે લીલા વર્ણન નામે સત્તાવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે રાજન્ ! એક સમયે પ્રાતઃકાળમાં રુડો તથા ગોબર એ બંને ભક્તો શ્રીહરિને પોતાના ગામમાં લઈ જવા માટે માંડવધારથી આવ્યા. બંને ભક્તો પોતાના ઈષ્ટ શ્રીહરિને મળીને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને બંને હાથ જોડીને પોતાના ગામ લઈ જવા માટે પ્રાર્થના કરતા હતા. (૧, ૨) હે સ્વામિન્ ! આપ આપના સાધુઓ વગેરે સાથે અમારા બંને ઉપર કૃપા કરીને અમારા ગામમાં પધારો. આપના ચરણકમળની રજથી અમારા ઘર પવિત્ર કરો. (૩)

દયાસાગર શ્રીહરિએ તેમની બંનેની પ્રાર્થના સાંભળીને કેવળ કરુણાથી તેમનું વચન સ્વીકાર્યું. તેથી તે બંને હર્ષ પામ્યા. (૪)

પછી હે રાજન્ ! ભક્ત જનોનું હિત કરનારા ઈશ્વર શ્રીહરિએ પાક કરવા માટે તેમના ગામમાં આગળથી વર્ણીઓ તથા સાધુઓને મોકલ્યા. (૫) નરનાટ્ય વિસ્તારતા ભગવાન શ્રીહરિ સ્નાન કર્યા પછી પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૬) પછી નાનાવિધ વિભૂષણોથી વિભૂષિત પોતાના અશ્વ ઉપર બિરાજીને, ઘોડેસવારોથી વીંટાઈને, તથા ચામર તથા છત્રથી શોભતા પ્રિયદર્શન શ્રીહરિ, વર્ણીઓ, સાધુજનો,

પાર્ષદો, ઘોડેસવારો તથા અભય રાજા અને તેના પુત્ર સાથે તે ભક્તોના ગામમાં પધાર્યા. (૭-૮)

નાના પ્રકારના વાદ્યોના મહાઘોષ સાથે સન્માન કરવા આવેલા ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યુ. એ રીતે શ્રી હરિએ આશ્રિતો સાથે તે ગામમાં પ્રવેશ કર્યો. (૯) પછી ત્યાંના લોકો, જેમના દર્શન સુખકર છે તેમ રૂપ તથા સૌંદર્યના સમુદ્ર રૂપ, આશ્ચર્યકારી શ્રીહરિના અતિ આસક્તિપૂર્વક દર્શન કરતા હતા. (૧૦)

પીડા હરનારા શ્રીહરિનાં દર્શન અતૃપ્ત નયને કરતા, દાવાનળથી તપાયમાન થયેલા હાથીઓ ઠંડા જળના સરોવર પ્રત્યે જઈને જેમ શાંતિ તેમ શાંતિ પામ્યા. (૧૧)

પછી હે મહીપતે ! તે ભક્તોએ પરમાત્મા તથા તેમના ભક્તોને પ્રીતિપૂર્વક યથા યોગ્ય નિવાસ આપ્યો. (૧૨) કોમળ ગાદલાં, પાથરણાં વગેરે યુક્ત અતિસુંદર શ્રીહરિ માટે જ રચેલા ઉંચા સિંહાસન ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. (૧૩) ત્યાગીઓ તથા શ્રીહરિના ગૃહસ્થ ભક્તો તથા ગામમાં રહેલા બીજા જનો પણ સભામાં આવીને શ્રીહરિની આગળ બેઠા. (૧૪)

શ્રીહરિ અમૃત વરસાવનારી દૃષ્ટિથી સર્વજનો પ્રત્યે દૃષ્ટિ કરતા ધર્મ ઉપદેશની મનોહર વાર્તા કરતા હતા. (૧૫) શ્રીહરિના મુખ કમળમાં જ એક દૃષ્ટિવાળા સર્વજનોએ શ્રીહરિના વચનરૂપી અમૃતનું પાન કરીને સર્વ તાપનું શમન કરાવનાર સર્વોત્તમ સુખ અનુભવ્યું. (૧૬)

સંસારરૂપી સર્પે ડંસેલા દેહીઓને સંજીવની ઔષધિરૂપ શ્રીહરિની સુંદર વાણી સાંભળીને ત્યાંના ઘણા જનોએ શ્રીહરિને સર્વેશ્વર પુરુષોત્તમ પરમાત્મા જાણ્યા. એટલું જ નહીં પરંતુ જેમના આશ્રયથી સર્વ આપત્તિઓનો વિનાશ થાય છે એવો શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૧૭-૧૮)

પછી રસોઈની સામગ્રી આપનારા રુડા ભક્ત તથા ગોબર ભક્ત ત્યાં આવીને બંને હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૯) હે કરુણાસાગર ! હે હરે ! રસોઈ તૈયાર થઈ ગઈ છે. માટે આપ પંક્તિમાં બેઠેલા સર્વ સાધુઓને પીરસવા પ્રીતિપૂર્વક પધારો. (૨૦)

તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિ કટિતટમાં વસ્ત્ર બાંધીને હર્ષપૂર્વક પ્રીતિથી સાધુઓને પીરસવા માટે પધાર્યા. (૨૧) શ્રીહરિ તે પંક્તિમાં વારંવાર ફરતા, સામગ્રીઓના નામ લાડુ વગેરે બોલતા સાધુઓને લાડુ પીરસતા હતા. (૨૨) મંદ હાસ્યથી શોભાયમાન મુખવાળા પ્રભુ શ્રીહરિ 'ના, ના' આવી રીતે કહેનારા સાધુઓના પાત્રોમાં પણ લાડવા મૂકતા હતા. (૨૩) તે સમયે તે ગામના નિવાસી ભક્તજનો તથા દેશાંતરથી આવેલા ભક્તજનો શ્રીહરિની પીરસવાની ચતુરાઈ જોઈ આશ્ચર્ય પામ્યા. (૨૪)

પંક્તિબદ્ધ બેઠેલા જનસમુદાયો શ્રીહરિના નિર્નિમેષ દૃષ્ટિથી દર્શન કરતા સંતોની પંક્તિમાં અતિ વેગથી પીરસતા હતા. (૨૫) શ્રીહરિ આ પ્રકારે પોતાના પ્રિય મુનિઓને પીરસીને અભય રાજાને તથા તેના કુમારને હર્ષપૂર્વક પીરસતા હતા. (૨૬) ઉતાવળી ચાલવાળા શ્રીહરિએ, પછી ઘોડેસવારો તથા પાર્ષદો સર્વેને, સાધુઓને જે પ્રમાણે પીરસતા હતા તેવી રીતે બહુ પ્રીતિપૂર્વક પીરસીને અત્યંત તૃપ્તિ પમાડ્યા. (૨૭)

પછી શ્રીહરિ પોતાના પાર્ષદો જે જળ લાવ્યા હતા તેનાથી પોતાના ચરણ કમળો તથા બંને હાથ

ધોઈને પોતાની પાકશાળામાં પધાર્યા. (૨૮) હે રાજન્ ! પછી શ્રીહરિએ મુકુંદાનંદ વર્ણીએ દૂધમાં કરેલી ઉત્તમ રસોઈ જોઈ. (૨૯) શ્રીહરિએ સ્નાન કરીને ભાત દાળ પોતે કર્યા. તેમજ રાયતા તથા શાકવગેરેમાં મીઠું નાખ્યું. (૩૦) નારાયણાનંદ વર્ણી શ્રીહરિ માટે ગાળેલા જળથી પૂર્ણ પવાલાએ સહિત પાણીનો કળશ લાવ્યા. (૩૧) મનુષ્ય નાટ્યધારી સત્પતિ શ્રીહરિએ તે જુદા જુદા ભોજન વિષ્ણુને નિવેદન કર્યા પછી પાટલા ઉપર બિરાજીને ભોજન કર્યું. (૩૨)

પ્રભુ શ્રીહરિ પુરીઓ, લાડુ, દાળ, શાક, પાપડ, રાયતાં તથા અથાણાં વગેરે જમતા હતા. (૩૩) વારંવાર પાણી પીતા તથા ભોજન કરતા શ્રીહરિનું વદનકમળ જોઈને ભક્તો આનંદ પામતા હતા. (૩૪) ઓષ્ઠને સ્પર્શ ન થાય તેવી ચતુરાઈથી જમતા શ્રીહરિના ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિના દર્શન કરતા હતા. (૩૫)

દયાસાગર શ્રીહરિ વિવિધ પ્રકારનાં ભોજન આવી રીતે જમીને ઘણી સુગંધીવાળો ભાત તથા દાળ જમતા હતા. (૩૬) પછી શ્રીહરિ સાકર અને એલાયચીવાળા દૂધની સાથે ભાત જમીને અતિ સુંદર દૂધ પીતા હતા. (૩૭) તે સમયે શ્રીહરિના ઓષ્ઠ ઉપર ચોંટેલી દૂધની મનોહર રેખા પદ્મરાગ મણિમાં ચોંટેલી અતિ શ્વેત ચાંદીની પંક્તિ સમાન શોભતી હતી. (૩૮) ભક્તજનો તો, મનને આનંદ પમાડનારી શ્રીહરિના ઓષ્ઠ ઉપર વિદ્યમાન દૂધની રેખાને હર્ષપૂર્વક નિર્નિમેષ નેત્રોથી જોતા હતા. (૩૯) હે રાજન્ ! પછી તૃપ્ત થયેલા શ્રીહરિ બંને હાથ તથા મુખ, ચળકતા સુવર્ણ પાત્રમાં જળ લઈ, ધોતા હતા. (૪૦)

ત્યારબાદ ઈશ્વર શ્રીહરિ વર્ણીએ આપેલો મુખવાસ જમ્યા. પછી વસ્ત્રો ધારણ કરીને વર્ણીઓના પાકને દૃષ્ટિથી પ્રસાદીરૂપ કરીને વર્ણીઓને ભોજન કરવા માટે આજ્ઞા આપી સભામાં પધાર્યા. તે સમયે સભાના જનોએ શ્રીહરિના દર્શન કર્યા અને શ્રીહરિ આસન ઉપર બીરાજ્યા. (૪૧, ૪૨)

શ્રીહરિના ચરણકમળના આશ્રિતજનો તેમના દર્શનમાં પ્રીતિવાળા ત્યાગીઓ તથા બીજા ગૃહસ્થો યોગ્યતા પ્રમાણે સભામાં બેઠા. (૪૩) પછી જમાડનારા રુડા ભક્ત તથા ગોબર ભક્ત એ બંને પૂજાના સર્વ ઉપચારો લાવીને ત્યાં આવ્યા. (૪૪) મનોહર ચંદન, કુંકુમ, ધૂપ, દીપ, પુષ્પના હાર, બાજુબંધ, કર્ણ પૂરો તથા સુંદર તોરાઓ વિવિધ પ્રકારની સાકર તથા અન્ય નૈવેદ્યો તથા શ્રેષ્ઠ વસ્ત્રોથી શ્રીહરિનું તે બંને ભક્તોએ પૂજન કર્યું. અને પછી હર્ષપૂર્વક મહા આરતી કરી. (૪૫-૪૬) પછી સર્વે વર્ણીઓ, મુનિઓ તથા બીજા ઘોડેસવારો તથા પાર્ષદોની અનુક્રમે બંને ભક્તોએ પ્રીતિપૂર્વક પૂજા કરી. (૪૭) પછી તે ગામના નિવાસી સર્વ ભક્તોએ પણ હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન ઉપચારોથી કર્યું. (૪૮)

આ પ્રકારે પોતાના ભક્ત સમુદાયે પૂજેલા અતિ પ્રસિદ્ધ પ્રતાપવાળા શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બિરાજીને પોતાના વર્ણીઓ, સાધુઓ, પાર્ષદો તથા સર્વ ઘોડેસવારોથી વીંટાયેલા ગઢપુરમાં પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા. (૪૯)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિ માંડવધાર ગામમાં પધાર્યા તે નિરૂપણનો અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ સભામાં સુંદર કોમળ ગાદલા ઉપર તકીયાવાળા ઓછાડ બિછાવેલ પોતાના આસન ઉપર બિરાજમાન થયા. (૧) શ્રીહરિના આશ્રિત ત્યાગી તથા સર્વે ગૃહસ્થ ભક્તો આ અતિ દિવ્ય સભામાં યથાયોગ્ય બેઠા. (૨)

અપ્રાપકૃત, અનવધિકાતિશય, ચિંતવનમાં પણ ન આવે તેવા પાવનકારીરૂપ, સૌંદર્ય, માધુર્ય, લાવણ્યાદિથી યુક્ત, મન તથા નેત્રોને જેમનાં દર્શનથી આનંદ થાય છે એવા, શ્રીહરિના દર્શન કરતા સર્વે ભક્તો પોતાના દેહનું પણ ભાન ભૂલી ગયા. (સમાધિ અવસ્થા પામ્યા.) પછી સમાધિમાંથી જાગ્રત થઈ સભામાં બિરાજેલા શ્રીહરિને નમસ્કાર કરી તેમની મૂર્તિનું વર્ણન કરતા સર્વે ભક્તો પરસ્પર મળીને સ્તુતિ કરતા હતા. (૩, ૪, ૫)

હે ભક્તો ! કોટી કંદર્પના મદને હરનારા તથા ત્રિવિધ તાપને નાશ કરનારા છે, દર્શન જેમનાં એવા શ્રીહરિના દર્શનથી, જેમ ચકોર ચંદ્રમાને જોઈને આનંદ પામે છે તેમ જાણે આનંદના સમુદ્રને પામ્યા હોય એવા શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૬)

પછી બીજા ભક્ત કહે છે : હે ભક્તો ! પદ્મની શોભાનો પણ જેણે તિરસ્કાર કર્યો છે, વળી જેમના નયન કટાક્ષ દયાથી આર્દ્ર બનેલા છે, ભ્રમરની શોભા જેવી જેમની નીલ ભ્રકુટિઓ છે એવા, શ્રીહરિના મુખકમળના દર્શન કરનારા ભક્તો કદી તૃપ્તિ નથી પામતા. તે શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૭)

વળી બીજા ભક્ત કહે છે :- હે ભક્તો ! શ્રીહરિના બંને નેત્રોમાંથી નીકળતો પ્રકાશ ચારેય તરફ પ્રસરી રહ્યો છે. તે સુંદર તેજના પુંજથી ભક્તો જાણે કમળની જેમ પ્રફુલ્લિત બન્યા છે. તે અત્યંત પવિત્ર શ્રીહરિનું શોભાયમાન મુખ, દર્શન કરનારા જનોના મનનું ચોર છે. એમ હું જાણું છું. (૮)

વળી ત્રીજા ભક્ત કહે છે :- હે ભક્તો ! શ્રીહરિના મુખના મંદ હાસ્યની કાંતિ, આશ્રિતોના અંતઃકરણની પીડામાં કારણરૂપ અને જે કદી નાશ નથી પામતો તે અનાદિ અવિદ્યામય અંધકારનો નાશ કરે છે તેને હું જોઉં છું. (૯)

વળી બીજા ભક્ત કહે છે :- હે ભક્તો ! લક્ષ્મીના નિવાસરૂપ શ્રીહરિના રમણીય હૃદયમાં દર્શનીય, સહજ લાલ અર્ધ ચંદ્ર સમાન શોભાયમાન શ્રીવત્સનું ચિહ્ન છે. તેમજ સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલો કૌસ્તુભમણિ પણ ત્યાં જ (હૃદય ઉપર) વિરાજમાન હોવાથી તે શ્રીવત્સ ચિહ્ન જેવો સહજ રક્ત જણાઈ રહ્યો છે. તે બંને તત્ત્વોને (શ્રીવત્સ ચિહ્નને અને કૌસ્તુભમણિને) હું મારી દૃષ્ટિએ જોઈ રહ્યો છું. (૧૦)

વળી એક ભક્ત કહે છે :- હે ભક્તો ! શ્રીહરિના કંઠમાં ત્રણ સેરનો મોતીનો હાર છે તેને કેટલાક ગંગાના પ્રવાહ જેવો કહે છે. પરંતુ હું તો તેને સન્માર્ગમાં કહેલા વેદરૂપ જ્ઞાનનો ઉપદેશ લોકોને આપવાથી થતો ઉપકાર એટલે કે વેદોક્ત જ્ઞાન, તેનો ઉપદેશ અને તેથી થતો ઉપકાર એ ત્રણથી ઉત્પન્ન થતી ત્રણ શુભ કીર્તિ રૂપ જ તે છે, એમ બુદ્ધિથી જાણું છું. (૧૧)

પછી બીજા ભક્ત કહે છે :- હે ભક્તો ! શ્રીહરિનું ધ્યાન કરનારા મુનિઓને તો સર્વેરૂપ તૃણ સમાન છે. માટે કરોડો કામદેવોના ગર્વને હરનારું શ્રીહરિનું સૌંદર્ય જ સૌથી અધિક છે એમ હું જાણું છું. (૧૨)

વળી એક ભક્ત કહે છે :- હે ભક્તો ! શ્રીહરિના પૂર્વકલ્પમાં થયેલા અવતારોમાં પણ કોઈ આ શ્રીહરિના સમાન નથી. વળી આ કલ્પમાં થયેલા અવતારોમાં પણ કોઈ આ શ્રીહરિ સમાન નથી. આ પૃથ્વીમાં ભવિષ્ય કાળમાં થનારા અવતારોમાં પણ આ શ્રીહરિ સમાન કોઈ અવતાર થશે નહીં. જેમ મેરુ સમાન બીજો પર્વત નથી તેમ શ્રીહરિ સમાન કોઈ નથી એ હું જાણું છું. (૧૩)

પછી બીજા ભક્ત કહે છે :- હે ભક્તો ! શ્રીહરિના એક કલા કે એક અંશ સમાન પણ તુલ્યભાવ ઈશ્વર કોટી સુધીમાં કોણ પામ્યો છે ? સમગ્ર લોકમાં શ્રીહરિ સમાન કોઈ જોયા નથી. જેની સમાન કોઈ નથી તે શ્રીહરિને કવિશ્વરો બીજા કોની ઉપમાને યોગ્ય કહી શકે ? (૧૪)

વળી એક ભક્ત કહે છે :- હે ભક્તો ! દેવોના નંદનવનમાં જેમ કલ્પવૃક્ષો અસંખ્ય છે તથા પલાશ વૃક્ષોમાં જેમ પુષ્પના સમૂહ અસંખ્ય છે અને પુષ્પના સમૂહમાં જેમ ભમરાઓ અસંખ્ય છે, તેમ ઈશ્વર શ્રીહરિમાં અસંખ્ય સદ્‌ગુણો છે. (સકળ ગુણ સાગર હોવાથી આમને હું સર્વોત્તમ જાણું છું.) (૧૫)

વળી એક ભક્ત કહે છે :- હે ભક્તો ! શ્રીહરિના ગુણરૂપી ચંદ્રના કિરણો દિવસે પણ દુરંત તાપને નાશ કરનારા હોઈ મનને હરિ રહ્યા છે. આ શ્રીહરિના ગુણરૂપી ચંદ્રકિરણો પૃથ્વી પટને અત્યંત આનંદ પમાડે છે. તેમજ ધર્મ તથા સજ્જનો રૂપી સમુદ્રને વૃદ્ધિ પમાડે છે તેમ હું જાણું છું. (૧૬)

વળી બીજા કહે છે :- હે ભક્તો ! કેવળ શ્રવણ માત્રથી જ તાપને તત્કાળ શમાવનારા સર્વ દિશાઓમાં વ્યાપ્ત આ શ્રીહરિના શુભ સદ્‌ગુણો, દ્રાક્ષ તથા સુધાના મધુર રસ કરતાં પણ મધુરતામાં શ્રેષ્ઠ છે એવું સાંભળીને હું કૃતાર્થ થયો છું. (૧૭)

વળી એક ભક્ત કહે છે :- હે ભક્તો ! આ શ્રીહરિનો જે ક્ષમાનો ગુણ છે તેથી ક્ષમાશીલ પૃથ્વી પણ લજ્જિત થાય છે. તેમની વિદ્યાથી સરસ્વતી પણ મહા આનંદ પામે છે. વળી પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવારૂપ ગુણથી શ્રીહરિ કલ્પદ્રુમને પણ લજ્જા પમાડે છે. માટે આ શ્રીહરિને અન્ય સમાન કેમ કહેવાય ? આ પ્રકારે સ્તુતિ કરીને ભક્તો મૌન રહ્યા. (૧૮)

હે રાજન્ ! આ સર્વે ભક્તજનોએ સમાધિમાં જે શ્રીહરિનાં દર્શન કર્યા હતા તેથી પોત પોતાની બુદ્ધિ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ તથા તેમના ગુણોનું વર્ણન કરીને તેમજ તેમને પ્રણામ કરીને, તે સૌ હર્ષયુક્ત બની શ્રીહરિના ચરણકમળને પોતાના સ્મૃતિપટ પર લાવીને મૌન રહ્યા.(૧૯) સમાધિમાં શ્રીહરિના દર્શન કરી તે ભક્તજનોએ શ્રીહરિનું આ પ્રકારે વર્ણન કર્યું. અને તે શ્રીહરિના બંને ચરણકમળના મકરન્દરૂપી પરમાનંદ રસમાં તેમનું અંતઃકરણ તરબોળ થઈ ગયું. આ પ્રકારે રાત્રિ દિવસ શ્રીહરિનું ચિંતવન કરનારા તે ભક્તજનોના અતિ ઘણાં ભાગ્યના હે મનુજેન્દ્ર ! હું શું વર્ણન કરું ?(૨૦)

હે રાજન્ ! એક સમયે અતિતીવ્ર નૈષ્ઠિક વ્રતધારી જયા તથા લલિતા સદ્‌ગુણ સંપન્ન અભય રાજાની કન્યાઓએ સ્થિર બુદ્ધિવાળા તથા શાંત સ્વભાવવાળા પોતાના ભાઈ ઉત્તમને શ્રીહરિને પોતાના

ભુવનમાં બોલાવવા માટે હર્ષપૂર્વક મોકલ્યા. (૨૧, ૨૨) હે રાજન્ ! શ્રીહરિ નિત્ય વિધિ કરતા હતા. તેમની સમીપ જઈને પોતાની બહેનોના ભુવનમાં લઈ જવા માટે ઉત્તમે નમ્રતા પૂર્વક શ્રીહરિને પ્રાર્થના કરી. (૨૩) પછી શ્રીહરિ ઉત્તમ, ગાલવ, સોમ તથા સુરાદિ પાર્ષદોએ સહિત જયા લલિતાના ભુવનમાં પધાર્યા. (૨૪) સુંદર શ્વેત વસ્ત્રો જેમને છે એવા, ચટ્ચટ્ ધ્વનિ કરતી પાદુકાઓ જેમણે પહેરી છે તથા શોભાયમાન રેશમ કિનારીવાળો રૂમાલ જેમના હાથમાં છે એવા, પોતાના હસ્તને હલાવતા અવતારી પ્રત્યક્ષ શ્રીહરિને પોતાના ભુવનમાં પધારતા જોઈને જયાએ ગોળ રેશમી ચાકળારૂપી કોમળ આસન શ્રીહરિ માટે પાથર્યું. (૨૫-૨૬)

શ્રીહરિ તે આસન ઉપર બિરાજીને મનુષ્યને અનુરૂપ સહજ ભાવથી કહેવા લાગ્યા. હે રાજકન્યાઓ! તમોએ મને અહીં કેમ બોલાવ્યો ? (૨૭)

શ્રીહરિનું આ વચન સાંભળીને જયા કહેવા લાગ્યા, હે સ્વામિન્ ! તમોએ જે પહેલાં કહ્યું હતું તે હમણાં તમો વીસરી ગયા છો કે શું ? જેથી તમો આવું બોલો છો. (૨૮)

હે જયે ! મેં જે કહ્યું હશે તેની મને વિસ્મૃતિ થઈ ગઈ છે. તેથી તમે જ મને તે કહો. ત્યારે જયા કહેવા લાગ્યા. હે હરે ! તમોએ પહેલાં જે મને કહ્યું હતું તે તમો મનુષ્ય ભાવથી પૂછો છો તેથી તમોને હું કહું છું. તે સાંભળો. (૨૯)

સાકર સહિત દૂધ સારી રીતે ગરમ કરવાનું તમોને સારી રીતે આવડે છે. માટે તે પ્રકારના દૂધનું તમે મને નિત્ય સવારમાં પાન કરાવો. (૩૦) હું નિત્ય કર્મ કરીને પોતે અહીં આવીશ. જો ન આવું તો તમારે સૂચન કરવું. આવી રીતે હે હરે ! તમોએ કહ્યું હતું. (૩૧)

શ્રીહરિ જયાનું આ વચન સાંભળીને જયાને કહેવા લાગ્યા. હે જયા ! સત્ય છે સાધુઓને ભગવાનના ધામની વાર્તા કરવામાં હું મશગુલ થઈ ગયો હોવાથી મને તેની વિસ્મૃતિ થઈ ગઈ હતી. તેથી મેં તમોને તે પૂછ્યું હતું. હવે દૂધ મારી આગળ લાવો. (૩૨)

પછી જયાએ ઉનું કરેલું તથા સાકર એલાયચી વગેરેથી યુક્ત બાખડી ગાયનું દૂધ સુવર્ણના પાત્રમાં શ્રીહરિને હર્ષથી આપ્યું. (૩૩) જયાના પ્રેમને યથાર્થ જાણનારા પ્રસન્ન થયેલા શ્રીહરિએ દૂધપાન કર્યું. તથા જયાએ લાવેલા શુદ્ધ જળથી પોતાનું મુખ ધોયું. (૩૪) પછી શ્રીહરિએ રૂમાલથી મુખ લૂછીને જયાએ આપેલો સ્વાદિષ્ટ એલાયચી વગેરેનો મુખવાસ ગ્રહણ કર્યો. (૩૫)

ત્યારબાદ લલિતા, સોનાના તારના છેડાના પાલવો વાળુ બહુ મૂલ્યવાળું કસુંબી રંગથી રંગેલું તથા વાદળી રંગનું વસ્ત્ર તથા સુવર્ણના પાત્રમાં કેસર મિશ્રત ચંદન, વળી સોનાના પાત્રમાં શ્વેત પુષ્પોના હાર તથા ગુચ્છ, બાજુબંધ, તોરાઓ તેમજ સોનાના પાત્રમાં મહામૂલ્યવાળા સુવર્ણના અલંકારો, પરમાત્માની પૂજા માટે લાવ્યાં. (૩૬, ૩૭, ૩૮) પછી શ્રીહરિએ શ્રેષ્ઠ વાદળી રંગનું વસ્ત્ર મસ્તક ઉપર બાંધીને તેના આગલા ભાગનું છોગું રાખ્યું. (૩૯)

પછી શ્રીહરિએ પહેરેલા શ્વેત વસ્ત્ર ઉપર મહા મૂલ્યવાળા કસુંબી વસ્ત્રથી કેડ્ય બાંધી. (૪૦) પછી લલિતાએ શ્રીહરિના વિશાળ અને સુંદર લલાટમાં કેસરે યુક્ત ચંદનની સર્વોત્તમ અર્ચા હર્ષપૂર્વક કરી. (૪૧) લલિતાએ તેના મધ્ય ભાગમાં રમણીય ગોળ કુમકુમનો ચાંદલો કર્યો તથા તેમના બંને કપોલોમાં (ગાલોમાં) કુમકુમથી બે બીંદુ (ટપકાં) કર્યાં. (૪૨)

પછી લલિતાએ શ્રીહરિના અવયવોમાં સુવર્ણના અલંકારો ઝાંઝર વગેરે ધારણ કરાવ્યાં. (૪૩) પછી તેમના ચરણ યુગલમાં ચંદનથી અર્ચન કરીને તેમની મૂર્તિના દર્શન કરીને શ્રીહરિને નમસ્કાર કરી તેમની સમીપમાં ઊભા રહ્યા. (૪૪) તે પછી બુદ્ધિશાળી લલિતા કહેવા લાગ્યાં, હે પ્રભો ! આપની અશ્વ ખેલવવાની લીલા જોવાની મને ઇચ્છા છે. (૪૫) વળી મારી જેમ જયા તથા સર્વે ભક્તોની પણ હે હરે ! આપની અશ્વ ખેલવવાની લીલાના દર્શન કરવાની ઘણી જ ઇચ્છા છે. (૪૬)

હે શ્રી હરે ! મારા પિતાએ એક માણેકના જેવા રંગવાળી તથા બીજી 'તજિજના' (તાજણ) એ ઘોડીઓ દૂધ તથા જલેબી વગેરે સવારમાં ખવડાવી આપના માટે જ ઉછેરી છે. (૪૭) માટે હે સ્વામિન્ ! હે દયાનિધે ! મારા આ વિશાળ આંગણામાં તે સુંદર ઘોડી ઉપર બેસીને તમો તેને ખેલાવો. (૪૮) તે ઘોડીને ખેલવતા રમણીય અલંકારો તથા વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે એવા આપના દર્શન કરવાની અમારી ઘણી ઇચ્છા છે. (૪૯)

માટે શરણે આવેલા પોતાના ભક્તોનું ઇચ્છિત પૂર્ણ કરનાર તમો અમારા આ મનોરથ પૂર્ણ કરો. (૫૦) તરુણ તથા રૂપ, શીલ અને ગુણોથી યુક્ત, અતિ સુંદર ગતિ જેમની છે એવી, આપને બેસવા માટે આ બંને ઘોડીઓ યોગ્ય છે. (૫૧)

ગરુડ તથા અનલ પક્ષીનો ગર્વ, જેમના વેગથી હણાઈ ગયા છે. તેવી સુંદર ગતિવાળી આ બંને ઘોડીઓના સ્વરૂપે અહીં આપની સેવા કરવા માટે જાણે તે બંને મુક્તો જ આવ્યા છે. (૫૨) માટે હે સ્વામિન્ ! વિવિધ પ્રકારના અલંકારોથી શોભાયમાન આ બંને ઘોડીઓ ઉપર વારાફરતી આરોહણ કરીને આપ કૃપાથી તે બંનેનો જન્મ સફળ કરો. (૫૩)

લલિતાનું બહુ પ્રેમ યુક્ત આ વચન સાંભળીને, હે રાજન્ ! પોતાના ભક્તોને આનંદ આપવાની ઇચ્છાથી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. (૫૪) પછી ધર્મનંદન શ્રીહરિએ માણિક્ય વર્ણવાળી ઘોડીને તૈયાર કરવા નાજા ભક્તને આજ્ઞા કરી. (૫૫) નાજા ભક્તે તેટલામાં વિચિત્ર અલંકારોથી અલંકૃત કરેલી તથા સોનેરી પલાણ જેને છે એવી સુશીલ માણકી ઘોડી તૈયાર કરીને લાવ્યા. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં જયા અર્પિત દૂધ પાનાદિ લીલા નિરૂપણ નામે ઓગણત્રીસનો અધ્યાય સંપૂર્ણ. (૨૯)



અધ્યાય ૩૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પોતાના ભુવનની આગળના ભાગમાં આવેલા ઓટલાની સમીપમાં ઊભી રહેલી ઉત્તમ સુંદર ભૂષણોથી શણગારેલી અને જનસમુદાય જેને નીરખી રહ્યા છે તે માણકી ઘોડી ત્યાં શોભતી હતી. (૧) શોભાયમાન મણીઓ જેમાં છે એવા સુવર્ણના ઝાંઝરોથી જેના આગલા બે પગ શોભે છે એવી, અને હૃદય પર્યંત લાંબી શોભાવાળી મણી જડિત સુવર્ણની માળા જેની ડોકમાં છે એવી અને કંઠમાં ધારણ કરેલા સુંદર સોનાના હારવાળી, મણીમય સુવર્ણના મુખનાં ભૂષણોથી શોભાયામાન; (૩)

જડેલા શુદ્ધ લીલા તથા લાલ, પીળા, શ્વેત મણિઓના પ્રકર્ષથી પ્રકાશમાન, મનોહર દેદીપ્યમાન સુવર્ણનો મયુર મસ્તકમાં ધારણ કરતી; (૪)

બંને કપોળોમાં શોભાયમાન સુવર્ણના સૂર્યોની કાંતિથી શોભતી, ભાલમાં સુવર્ણ અને ઉજ્જવળ મણીની શોભાવાળા અર્ધચંદ્રના ભૂષણવાળી; (૫)

સોનાની ઘુઘરીઓ સહિત રત્નજડિત સુવર્ણના વિભૂષણો તથા વિવિધ પ્રકારના નીલ, રક્ત, પીત્ત, શ્યામ વગેરે અનેક ધાતુઓથી પર્વતની ભૂમિ જેમ શોભે તેમ તે ઘોડી શોભતી હતી. (૬) લલાટમાં શ્વેતરોમનું સુંદર ચિહ્ન છે તે લાલવર્ણવાળી ઘોડી બીજના ચંદ્રમાને ધારણ કરતી સંધ્યા જેમ શોભે તેમ અત્યંત શોભતી હતી. (૭) જડેલા લીલા, પીળા, લાલ, કાળા, ધોળા મણીઓની શોભાથી યુક્ત, સુવર્ણના ભૂષણોની કાંતિથી યુક્ત, બંને પડખામાં બાંધેલા બંધની વચ્ચે ચળકતા, અતિ લાલ ડુમચી નામના અલંકારથી તે ઘોડી શોભતી હતી. (૯)

કસુંબી રંગથી રંગાયેલી ડોક ઉપરની કેશવાળીની ઘટાથી અત્યંત શોભતી, લાલ સુંદર પૂછડાના વાળથી અત્યંત શોભતી; (૧૦) નીલાદિ પંચ વર્ણોવાળા મણિઓની કાંતિ જેમાં છે એવો સુવર્ણનો કાંઠલો તથા શ્યામવર્ણવાળા રેશમી વસ્ત્રમાં સુવર્ણના બુટ્ટાઓની શોભા છે. એવી દળીથી તે ઘોડી શોભતી; (૧૧) શ્વેત તથા લાલ મણીઓની શોભાથી યુક્ત, વિલાસ કરતા હંસોની પ્રતિમાઓ જેમાં છે એવા સુવર્ણના બંને પેંગડાથી વિભૂષિત કરેલી; (૧૨) આવી શોભાએ યુક્ત માણકી ઘોડી પોતાના પતિના કામદેવને પણ મોહ પમાડનાર શ્રીહરિના રૂપને જોતી પતિવ્રતા જેમ આનંદ પામે તેમ આનંદના અશ્રુ જેના નેત્રમાં છે એવી રોમાંચ ગાત્રવાળી થઈ. (૧૩) શ્રીહરિએ તે ઘોડી ઉપર દૃષ્ટિ કરી એટલે તે ઘોડી ભક્તિપૂર્વક મધુર હણહણાટથી જાણે શ્રીહરિની સ્તુતિ કરતી હોય તેવી દેખાતી હતી. વળી વારંવાર નિઃશ્વાસ મૂકતી અત્યંત સંતાપ યુક્ત તે હતી. (૧૪)

હે નૃપ ! પોતાના પગથી ઉપેક્ષિત પતિવ્રતા સ્ત્રી પતિમાં આસક્તિવાળી બની પતિની સન્મુખ જેમ પોતાના પગથી પૃથ્વીને ખોતરે તેવી રીતે માણકી ઘોડી પણ શ્રીહરિમાં આસક્તિવાળી જાણે પોતાના પતિ શ્રીહરિએ તેની ઉપેક્ષા કરી હોય તેવી બની પોતાના પગથી પૃથ્વીને ઉખેડતી હતી. (૧૫)

નરનાટ્યધારી શ્રીહરિ આ પ્રકારની ઘોડી જોઈને તેની સમીપ જઈને કૃપાથી તેના પ્રત્યે જોવા

લાગ્યા. (૧૬) તે સમયે પ્રસન્નતા પામેલી તે ઘોડી તત્કાળ પગને ચલાવતી પોતાના આત્માને કૃતાર્થ માનતી શ્રીહરિની સમીપ ગઈ. (૧૭) પછી માણકી સુંદર ચંદન ચર્ચેલા શ્રીહરિના ચરણ કમળોને ચાટવા લાગી. તેથી શ્રીહરિ હસતા હસતા તેના અંગ ઉપર હાથ ફેરવવા લાગ્યા. (૧૮)

પછી શ્રીહરિએ ડાબા હાથથી ઘોડીની સુંદર કેશવાળી પકડી અને જમણા હાથે પલાણ પકડીને ઘોડી ઉપર તત્કાળ બિરાજ્યા. (૧૯) ઘોડીની સોનેરી લગામ ડાબા હાથમાં ધારણ કરી, જમણા કર કમળમાં શોભાયમાન સુવર્ણની સોટી ધારણ કરતા શ્રીહરિ, ચંદનના જળથી છંટકાવ કરેલા ચોકમાં હર્ષથી તે ઘોડીને વિચિત્ર ગતિઓથી ચલાવતા હતા. (૨૦, ૨૧)

આસ્કંદિત, ધૌરિતક, વલિતક, રેચિત, પ્લુત તથા અર્ધ પુલાયિત વગેરે વિવિધ પ્રકારની ગતિઓથી તે ઘોડીને શ્રીહરિ ચલાવતા હતા. (૨૨) શ્રીહરિ પોતાની કોમળ બે મોજડીઓ બંને પગમાં ધારણ કરી મનોહર ઘોડીને ઉત્તરથી દક્ષિણ તરફ દોડાવતા હતા.(૨૩)

તે સમયે શ્રીહરિની શોભા જોતા ભક્તના સમુદાય જયા વગેરે સ્ત્રીઓ જાણે ચિત્રમાં ચિતરેલી સ્થિર આકૃતિઓ હોય ને શું ? એમ સ્થિર થઈ ગઈ. (૨૪) તે સમયે તે ઘોડીના નૃત્યને આકાશમાં રહીને જોતી ઉર્વશી વગેરે અપ્સરાઓ પોતાના નૃત્યની ચતુરાઈના ગર્વનો ત્યાગ કરતી હતી. (૨૫)

પોતાના વેગથી ધનુષ્યથી નીકળેલાં બાણ તથા નદીના પ્રવાહના વેગનો તિરસ્કાર કરતી તે ઘોડીને પૂર્વ તથા પશ્ચિમમાં શ્રીહરિ દોડાવતા હતા. (૨૬) ગતિની શીઘ્રતાથી ગરુડના ગર્વનો નાશ કરનારી તે ઘોડીને ચંચળતા પૂર્વક ખેલાવતા શ્રીહરિ, જેમના પાઘમાં તોરા ઉછળે છે તેવી શોભાવાળા શ્રીહરિને જોઈને ચંદ્રને જોઈને ચકોર જેમ આનંદ પામે તેમ તે ભક્તો આનંદ પામતા હતા. (૨૭-૨૮)

તે સમયે તે ઘોડીના ચાલવાના વેગથી શ્રીહરિના મોળીયામાંથી પડેલા તોરા તથા હારથી પૃથ્વી, પરમેશ્વરાત્મક પતિને પ્રસન્ન કરવા માટે જાણે નાના પ્રકારના અલંકાર ધારણ કર્યા છે, એવી શોભતી હતી. (૨૯) શ્રીહરિના ભક્તજનો તે તોરા હાર વગેરે દોડીને તત્કાળ લઈ લેતા હતા. ભેગા થયેલા ભક્તો શ્રીહરિનાં દર્શન કરતાં તૃપ્તિ પામતા નહોતા. (૩૦)

અભય રાજાના આંગણામાં અક્ષર બ્રહ્મના ભાવને પામેલા અતિપ્રીય લીંમડાના વૃક્ષની ચારેય તરફ શ્રીહરિ ઘોડીને મંડલાકારથી ફેરવતા હતા. (૩૧) સુવર્ણની ઘુઘરીઓવાળા અવાજ કરતા બંને ઝાંઝરોથી શોભતી અને ગોળાકારે ફરતી હોવાથી વંટોળીયાના સુંદર ગોળાકાર વેગનો તિરસ્કાર કરતી તે ઘોડી અત્યંત શોભતી હતી. (૩૨)

હે રાજન્ ! સમગ્ર ક્રિયાઓમાં પ્રવિણ શ્રીહરિ ઘોડીને જોવું ગમે તેવું ભ્રમણ કરાવતા હતા. તે ભ્રમણ જોઈને વાયુપણ વંટોળીયાને વિસ્તારીને તે ઘોડીના વેગનો અભ્યાસ કરવા માટે નિરંતર ભ્રમણ કરે છે. (૩૩) સર્વેશ્વર પરમેશ્વરનો યોગ પામેલી, બંને પગમાં પહેરેલા ઝાંઝરથી શોભતી, તે ઘોડીના વેગની સુંદરતા જોઈને મન પણ પોતાના વેગના ગર્વનો ત્યાગ કરતું હતું. (૩૪)

વિવિધ પ્રકારની સમગ્ર ગતિઓમાં નિપુણતાવાળી ઘોડીનું ભ્રમણ જોઈને આકાશમાં ભ્રમણ કરતા સૂર્યના અતિ મોટાં છંદ નામના ઘોડાઓ પણ વિસ્મય પામ્યા. (૩૫)

હે રાજન્ ! સુંદર અને ચંચળ સુવર્ણના સુત્રોથી ગુંથેલી લગામથી દેદીપ્યમાન ચપળ ડાબો કરકમળ જેમનો છે એવા, અને જમણા કરકમળમાં સુવર્ણની સુંદર સોટી ધારણ કરતા અધીશ્વર શ્રીહરિ શોભતા હતા. (૩૬) સુંદર કેસરે યુક્ત ચંદનથી પૂજાએલા અને ચપળગતિના વેગથી મોળીયાના મધ્ય ભાગમાં શોભતો તોરો જેમને છે એવા, વળી કટિતટમાં લાલ વર્ણવાળું સોનેરી અંબર જેમને છે, વિવિધ પ્રકારના પુષ્પોના વિભૂષણોથી વિભૂષિત. (૩૭)

કર્ણપર્યંત લાંબા વિશાળ તથા ખંજન પક્ષીની માફક ચંચળ શોભતાં લાલકમળોના પત્ર સમાન બંને નેત્રો જેમને છે એવા, મધુર હાસ્યવાળા મુખારવિંદથી અલંકૃત શ્રીહરિના બંને ગાલના સુંદર મંડળો પર માથાના વાળની વિખરાઈ ગયેલી સુંદર કાળી લટો રૂપી વેલડીઓ છવાઈ રહી હતી. તેથી તે ભગવાનના એ બંને ગાલની શોભાથી ભગવાનનું મુખ વિશેષ દર્શનીય બની ગયું હતું. (૩૮)

મકરધ્વજનો વિનાશ કરનારી શ્રેષ્ઠ વાંકી ભ્રકુટીને ચલાવતા, ઘોડીને અત્યંત વેગ પૂર્વક ભ્રમણ કરાવવાથી સુંદર પુષ્પોના જે બંને કુંડળો તેથી શોભાયમાન. (૩૯) શોભાયમાન મણિઓથી જડેલા સુવર્ણના અલંકારો તથા વિવિધ પ્રકારના શ્રેષ્ઠ વસ્ત્રો જેમને છે એવા, ચાલતી ઘોડી ઉપર બેઠેલા માટે જ વીજળીએ સહિત ઈન્દ્ર ધનુષ્યથી યુક્ત નવીન ચપળ ગતિવાળા મેઘની કાંતિ સમાન શરીરવાળા. (૪૦)

શ્રમથી થયેલા પરસેવાના બિંદુઓ રૂપી નવા મોતીઓથી અત્યંત શોભાવાળું મુખ, હિમના અતિ નિર્મળ બિંદુઓથી વ્યાપ્ત ખીલેલા કમળ સમાન શોભતું હતું. (૪૧) શોભાયમાન ઘોડીને ખેલવવાની શ્રીહરિની ચતુરાઈ જોઈને સ્વર્ગમાં દેવો પણ પોતાના વિમાનના વેગનો ગર્વ ભૂલી જઈ અતિ આશ્ચર્ય પામતા હતા. (૪૨)

પછી જેના મોઢમાંથી ફીણ નીકળે છે અને જેનું શરીર શ્રમથી ખિન્ન થયું છે એવી તે ઘોડીની સ્થિતિ જોઈને શ્રીહરિ તે ઘોડી ઉપરથી ઉતર્યાં. (૪૩)

પછી શ્રીહરિ આવીને પોતાના આસન ઉપર બિરાજ્યા. તે વખતે શ્રીહરિને ઉત્તમ રાજા વીંજણાથી પવન નાંખવા લાગ્યા. (૪૪) અતિ પ્રેમના સ્થાનભૂત અખિલેશ્વર અચ્યુત શ્રીહરિને બીજા પાર્ષદો પણ તાડના પંખાઓથી આદર પૂર્વક પવન નાખવા લાગ્યા. (૪૫) મનુષ્ય ભાવને અનુસરતા શ્રીહરિ જાણે થાકી ગયા હોય ને શું ? એમ જણાવતા હતા. પછી પોતાની સેવામાં રહેલા નારાયણનંદ વર્ણી પાસે જળ માંગ્યું તે તેઓ લાવ્યા એટલે શ્રીહરિએ તે મીઠું જળ પીધું. (૪૬)

પછી દયા સાગર શ્રીહરિ પોતાના પાર્ષદોને કહેવા લાગ્યા, હે પાર્ષદો ! આ ઘોડીને ઘણો પરિશ્રમ પડ્યો છે માટે તેને પવન નાંખો. (૪૭) હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞાથી કેટલાક પાર્ષદો ઘોડીઓની જાતમાં અલંકાર રૂપ તે નિષ્પાપ ઘોડીને પવન નાંખવા લાગ્યા. (૪૮) પછી પરમાત્મા શ્રીહરિની આજ્ઞાથી ઉન્મત્ત ગંગાના જળમાં તે ઘોડીને સ્નાન કરાવવા લઈ ગયા. (૪૯)

શ્રીહરિ દશ આવર્તોવાળી (વાળના ચિત્રાકાર ચિહ્નને આવર્ત કહેવામાં આવે છે. બે આવર્તો ઉરસ્થળમાં, બે મસ્તકમાં, બે આગલા પગમાં, બે પાછલા પગમાં, એક ભાલમાં તથા એક અપાન પ્રદેશમાં એમ દશ આવર્તો કહેલા છે. વળી જે ઘોડાને કે ઘોડીને છાતીમાં ઊભી રુંવાટીવાળા ત્રણ આવર્તો હોય છે તેને શુક્તિ કહે છે. તે વિજય સૂચક ચિહ્ન છે. તેવી ત્રણ શુક્તિ બીજી તાજણ ઘોડીને હતી. કંઠ પ્રદેશમાં દેવમણી નામનો આવર્ત હતો.) વિવિધ અલંકારથી શોભતી એવી તાજણ ઘોડીને શ્રીહરિ માણકી ઘોડીની માફક ખેલવતા હતા. (૫૦) પૂર્ણકામ અવતારી પ્રભુ શ્રીહરિ પોતાના ભક્તોને સુખ આપવા માટે આ પ્રકારે અતિ મંગળકારી લીલા કરતા હતા. (૫૧)

હે રાજન્ ! મેં તમોને આ એક દિવસની લીલા કહી. સર્વ ઘોડીઓ ખેલવવાની શ્રીહરિની શુભ લીલાઓનું વર્ણન કરવા માટે હું શક્તિમાન નથી. (૫૨)

આ પ્રકારે નવા નવા અલંકારો તથા નવીન વસ્ત્રો ધારણ કરતા શ્રીહરિ હે રાજન્ ! ક્યારેક ક્યારેક અભય રાજાના આંગણામાં, લક્ષ્મીવાડીમાં તથા ગઢપુરના સીમાડામાં રહેલી રાધાવાડીમાં શણગારેલી ઘોડીઓ તથા ઘોડાઓને પણ વિચિત્ર ગતિઓથી ખેલવતા હતા. (૫૩, ૫૪) આવી રીતે સહજાનંદ સ્વામી પોતાની મૂર્તિની સ્મૃતિ માટે દર્શનીય ઘોડા ખેલવવાની લીલા ઘણી વાર કરતા હતા. (૫૫)

હે નૃપતે ! આ પ્રકારે સમગ્ર અવતારોના કારણરૂપ ધર્મપુત્ર શ્રીહરિ રાત્રિ દિવસ સાંસારિક દાવાગ્નિને શાંત કરનાર એવા વિવિધ પ્રકારના શુભ ચરિત્રોથી પોતાના આશ્રિતોને આનંદ આપતા હતા. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિ વિહિત માણકી ઘોડીનું ખેલન વગેરેનું નિરૂપણ કર્યું એ નામે ત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૦)



અધ્યાય ૩૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! દુર્ગપત્તનમાં વસતા શ્રીહરિકૃષ્ણ પ્રભુએ ચૈત્ર સુદી નવમીનો સુંદર મહોત્સવ કર્યો. (૧) તે પ્રસંગે જુદા જુદા દેશમાંથી શ્રીહરિના ચરણકમળના દ્રઢ આશ્રિત હજારો હરિભક્તો મહોત્સવના દર્શન કરવા માટે ગઢપુરમાં આવ્યા. (૨)

દેશાંતરથી આવેલા તથા પુરના ભક્તજનોએ ત્યારબાદ ઈશ્વર શ્રીહરિની, મહા અમૂલ્ય વસ્ત્રો, ભૂષણો તથા વિવિધ પ્રકારના ઉપચારોથી પૂજા કરી. (૩) પછી શ્રીહરિની આજ્ઞાથી તે ભક્તો પોતપોતાના દેશમાં ગયા. શ્રીહરિ તો ગઢપુરમાં જ રહ્યા અને એ રીતે પોતાના ભક્તોને મહાસુખ આપ્યું. (૪)

એક વખત શ્રીહરિ રમણીય ભૂષણોથી શોભતી, સુવર્ણનું પલાણ જેને છે એવી કેસરી ઘોડી ઉપર બેસીને ત્યાગી તથા ગૃહસ્થ ભક્તજનોની સાથે ફળ તથા પુષ્પોવાળા વૃક્ષો જેમાં છે એવી અને લક્ષ્મીના નિવાસથી અતિ રમણીય લક્ષ્મીવાડીમાં પધાર્યા. (૫, ૬)

શ્વેત વસ્ત્રો જેમને શોભે છે એવા, છત્ર અને બંને ચામરોથી અલંકૃત, પુષ્પોના હારથી શોભતા શ્રી સ્વામિનારાયણ ભગવાન લક્ષ્મીવાડીની સમીપમાં આવેલા લાંબા વિશાળ સ્થાનમાં આવી હર્ષથી રમણીય ઘોડીને દોડાવતા હતા. (૭, ૮)

શ્રીહરિએ કેસરી ઘોડીને તત્કાળ દૂર સુધી દોડાવી પછી પાછી વાળીને દોડાવીને પોતાના સમગ્ર ભક્તોને અતિ હર્ષ પમાડ્યો; (૯) વેગથી જીત્યો છે વાયુ જેણે એવી તે ઘોડી બંને પાંખો કરીને મહાઆનંદ યુક્ત આકાશમાં જાણે ઉડતી હોય ને શું ? એમ અત્યંત દોડતી હતી. (૧૦)

મણીઓથી જડેલા સુવર્ણના દિવ્ય વિભૂષણોથી વિભૂષિત, સુવર્ણના બંને ઝાંઝરોના શબ્દોથી અતિ રમણીય, અતિ શીઘ્ર ગતિવાળી ઘોડી આકાશમાં ચળકતી વીજળીની માફક શોભતી હતી. (૧૧)

સમગ્ર સુંદર ચિહ્નોથી શોભાયમાન અને રંગેલી કેશવાળીથી શોભતી મુખના સુવર્ણના અલંકારોથી અતિ શોભતી, વિવિધ પ્રકારની ગતિઓમાં અતિશય નિપુણ, સુંદર સ્વભાવવાળી તથા વિવિધ પ્રકારના મણિ જડેલા વિભૂષણોવાળી ઘોડી ઉપર બિરાજેલા ફરકતા ઉજ્જળ વસ્ત્રોથી શોભતા શરીરવાળા શ્રીહરિ તે સમયે વિવિધ પ્રકારના મણીવાળું પર્વતનું શિખર તેમાં ઉડતા શ્વેત હંસો યુક્ત મેઘ જેમ શોભે તેમ શોભતા હતા. (૧૨, ૧૩)

મસ્તકના શ્વેત વસ્ત્રમાં અતિ શોભાયમાન અને અતિ વેગથી ઉછળતા તોરાઓ પ્રકાશી રહ્યા હતા અને તેથી જાણે અક્ષરના મુક્તો શ્રીહરિને થાકી ગયેલા જાણીને લોકો ન દેખે તેવી રીતે વીંઝણો નાખતાં હોય ને શું ? એમ તે ઉછળતા તોરાની શોભાથી જણાતું હતું. (૧૪)

હે રાજન્ ! આવી રીતે વિરાજમાન શ્રીહરિ તે ઘોડીને ખેલવતા પોતાના આશ્રિતોની સાથે અતિસુંદર લક્ષ્મીવાડીમાં પધાર્યા. (૧૫) અહીં શ્રીહરિ ઘોડી ઉપરથી ઉતરીને ઓટલા ઉપર કોમળ ગાદલા યુક્ત સુંદર આસન ઉપર બિરાજ્યા. (૧૬) શ્રીહરિની આગળ ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિના દર્શનમાં ઉત્સાહિત ચિત્તવાળા હર્ષપૂર્વક જેમ ઘટે તેમ બેઠા. (૧૭)

પછી પુષ્પો તથા ફળોથી નમેલા નાના પ્રકારના વૃક્ષોથી અતિ શોભતો સુગંધિમાન સુંદર પુષ્પવાળો, દ્રાક્ષ, દાડમ, નાળીયેરના ફળોથી તથા તેવા વૃક્ષોથી શોભતો સર્વોત્તમ બગીચો શ્રીહરિ જોતા હતા. (૧૮) અખરોટ, આંબા, ખજૂરી, કેળો, ફણસ, નારંગી, સોપારી તથા દાડમ વગેરે વૃક્ષો, (૧૯) અંજીર, લીંબુ, એલાયચી, લવિંગ વગેરેથી શોભાયમાન સર્વે ઋતુઓમાં ઉત્પન્ન થતાં ફળોવાળો વિવિધ પ્રકારના વૃક્ષોના સમુદાયોથી યુક્ત. (૨૦)

ચંપો, જાયફળ, તમાલ વૃક્ષોના સમુદાયો તથા કર્ણિકાર, બોરસડી, અશોક, ચંદન, પાટલા, પારિજાત, લિંબડા, જાબાકુસુંમ, કદંબ તથા ગુલાબ વગેરેથી યુક્ત. (૨૧) અતિમુક્તા, માલતી, જુઈ, વગેરેથી યુક્ત પ્રફુલ્લિત પુષ્પોવાળા, ઘણાં પ્રકારના મોગરાઓની અતિ શોભાવાળા. (૨૨)

એવા બગીચામાં અત્યંત શોભાના ધામરૂપ શ્રીહરિની દંત પંક્તિ, જેણે અન્ય પુરુષની શોભાને

જીતી છે, એવી મોગરાની વેલ પણ લજ્જાથી ભ્રમરોની પંક્તિરૂપી સાડી ઓઢીને જાણે ગુપ્ત રહેવા ઇચ્છતી હોય એમ અત્યંત શોભતી હતી. (૨૩)

વળી તે સ્થળે વાયુથી અતિશય ડોલતી, તાજા મોગરાના પુષ્પોની વેલડી પણ પક્ષીઓની પંક્તિરૂપી કંદોરાના અવાજોથી ગાજી રહી હતી. અને તે ઉદ્યાનમાં પધારેલા તે સાક્ષાત્ ભગવાન શ્રીહરિને જોઈને તેમની સમીપે જવા માટે ઉત્સુક થઈ રહી હોય તેવી દીપતી હતી. (૨૪)

જે બગીચામાં લાલ પલ્લવોની શોભાવાળી, મનોહર અશોક વૃક્ષની શાખા જોવાથી શ્રીહરિના ભક્તોને, અતિમહાન શ્રીહરિના ઓષ્ઠની કાંતિનું સ્મરણ કરાવતી શોભતી હતી. (૨૫) જે બગીચામાં મનોહર લાલ પુષ્પોવાળી કેળો-ફળોથી વાંકી થયેલી કેળો-(પુષ્પોથી નમેલી તથા ફળોથી નમ્ર થયેલી.) લીલા વર્ણની પતાકાઓની માફક શોભતા પલાશના પાંદડા જેમને છે તે જાણે કહેતી હોય કે જુઓ શ્રીહરિને પ્રણામ કરવાથી જ આ રીતે અમારી જેમ દરેકને ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે, એવા તે કેળના વૃક્ષો દીપી રહ્યા હતા. (૨૬)

વળી જે ઉદ્યાનમાં જે પવન વાતો હતો તે પણ, ત્યાં પધારેલા સાક્ષાત્ શ્રીહરિની જાણે સેવા કરી રહ્યો હોય તેવો જણાતો હતો. ઉન્મત્ત ગંગાના સૂક્ષ્મ જળબિંદુઓને તે પવન પ્રસારી રહ્યો હતો. તેમજ જાતજાતના ફૂલઝાડને કંપાવીને તેમના પુષ્પનની સુગંધને પ્રસારી રહ્યો હતો. વળી દેવદાર આદિ વૃક્ષોના ફણાં પાંદડાની પંક્તિને હલાવતો હતો. તેથી જાણે શ્રીહરિને પંખો નાંખી રહ્યો એમ જણાતું હતું. (૨૭)

જે ઉદ્યાનમાં વિવિધ પ્રકારના પક્ષિઓના શબ્દો થતા હતા, તેમજ વિવિધ પ્રકારના કુસુમોના સમુદાયવાળા વૃક્ષોની લતાઓ, શ્રીહરિના દર્શન કરીને વાયુથી કંપતા પલ્લવો રૂપી હાથની ચેષ્ટા કરતી હોય તેવી ચંચળ બની જાણે નૃત્ય કરવા તત્પર હોય ને શું ? એમ હર્ષપૂર્વક અતિ શોભતી હતી. (૨૮)

જે ઉદ્યાનમાં સમગ્ર જીવોના એક સ્વામી શ્રીહરિના દર્શન કરીને પ્રહર્ષિત થયેલા કબૂતરો, પોપટો, સારસ, હંસ તથા મયૂરો વગેરે પક્ષીઓના સમુદાય ગાન કરવામાં કુશળ મધુર સ્વરવાળા ઋષિઓના પુત્રની માફક શ્રીહરિના યશનું જાણે ગાન કરતા હતા. (૨૯)

જે ઉદ્યાનમાં પ્રત્યક્ષ સ્વામિનારાયણ ભગવાનના સંબંધથી સંસારમાંથી મુક્તિનો અધિકાર પામેલા ભ્રમરોના ગુંજારવથી યુક્ત વૃક્ષો પણ, જે વિરક્ત પુરુષોએ પોતાના ઘરનો ત્યાગ કર્યો છે. પરંતુ જેમને શ્રીહરિની પ્રાપ્તિ થઈ છે એવા વૈરાગ્યવાળા પુરુષો પ્રત્યે પોતાના પુષ્પના સમુદાથી જાણે હસતા હોયને શું ? એમ જણાતા હતા. (૩૦)

ઘણા સુકૃતોથી પ્રાપ્ત થતો સ્વર્ગલોક પણ સંસૃતિના ભયથી સુખ આપનારો થતો નથી. અત્યંત તપશ્ચર્યાથી પ્રાપ્ત કરેલું સામ્રાજ્ય પણ યમદૂતોનો મનુષ્યો કે જેમને સદા ભય હોવાથી હિત કરનારું થઈ શકતું નથી. હે વિરક્ત જન સમૂહો ! આ શુભ સ્થાન વિના બીજે ઠેકાણે મુક્તિ નથી. પરંતુ અહીં જ મુક્તિ છે. આ રીતે તે ઉદ્યાનમાં પક્ષીઓ મસ્તક હલાવીને જાણે સૂચન કરતા હોય ને શું ? એમ જણાતું હતું ? (૩૧)

જે ઉદ્યાનમાં મધુર ધ્વનિવાળા પક્ષીઓથી શબ્દાયમાન થયેલા ઊંચા વૃક્ષો, ફળો તથા પુષ્પોથી શોભતા જાણે ઊંચા પર્વતો હોય તેમ શોભતા હતા. (૩૨)

વળી એ વૃક્ષોમાં રંગબેરંગી પુષ્પો વિકસી રહ્યા હતા. અને તેમાં ભ્રમરોનો ગુંજારવ થઈ રહ્યો હતો. તેથી જાણે એ શ્રેષ્ઠ ઉદ્યાન મેઘ પંક્તિથી યુક્ત ઈન્દ્રધનુષ્યથી શોભતા આકાશની જેમ શોભતો હતો. (૩૩) જે ઉદ્યાનમાં વાયુથી વારંવાર કંપતા અને તેથી પુષ્કળ પુષ્પો નીચે વર્ષાવતા વૃક્ષો, સર્વ ઠેકાણે જળ વર્ષાવતા મેઘની જેમ અત્યંત શોભતા હતા. (૩૪)

હે રાજન્ ! ઉદ્યાનમાં પુષ્પોના સમૂહોથી અત્યંત નમેલા વૃક્ષો અને પર્વતથી ડોલતી લતાઓ શોભી રહી હતી. તેથી જાણે દેવતાઓના સમુદાય પોતાના સ્વામી પ્રત્યક્ષ શ્રીહરિને પુષ્પોથી વધાવતા હોય ને શું ? એમ જણાતું હતું. (૩૫)

વળી તે ઉદ્યાનમાં વૃક્ષો ઉપરથી પુષ્પો ખરી પડ્યા હતા. વળી બીજા પુષ્પો પણ ત્યાં પડ્યા કરતા હતા. તેથી જાણે તે ઉદ્યાનમાં સાક્ષાત્ પધારેલા શ્રીહરિના દર્શન કરીને વાયુ હર્ષથી પુષ્પો વડે જાણે રમી રહ્યો હોય એમ શોભતો હતો. (૩૬) પુષ્પોની વૃષ્ટિએ સહિત વિવિધ પ્રકારની વૃક્ષોની લતાઓને હલાવતો વાયુ, ભમરાઓએ કરેલા ગુંજારવોથી શ્રીહરિના ચરિત્રોનું વારંવાર ગાન કરતો હોય ને શું? એમ જણાતો હતો. (૩૭) વૃક્ષોને નૃત્ય કરાવતો તથા ઘેરા શબ્દથી કોકિલાઓને ઉન્મત્ત કરતો પવન નૃત્ય કરતા વૃક્ષોરૂપી નટો, તેમજ નૃત્ય કરતી કોકિલાઓનો જાણે નૃત્ય શિક્ષક હોય, કોકિલાઓનો જાણે સંગીત શિક્ષક હોય, તેમ શોભતો હતો. (૩૮) વળી પવન ત્યાં ચારે બાજુએ વાયા કરતો હતો અને વૃક્ષોના સમુદાયને અત્યંત હલાવતો હતો. તેથી એકબીજા સાથે સંબંધ પામેલી કે ગુંથાયેલી વૃક્ષોની વેલીઓ જાણે કે માળાઓરૂપે ગુંથાઈ ગઈ હોય તેવી શોભી રહી હતી. (૩૯)

વળી ત્યાં પુષ્પોના મકરંદ રસને ધારણ કરતો અને વાયુને લીધે જેમની આજુબાજુ વેલીઓ વીંટળાઈ વળી હતી એવા વૃક્ષો, પોતાના પુષ્પોના મકરંદ રસમાં લાલચુ અને જેમનું ગુંજન પ્રશંસનીય હતું એવા ભ્રમરો દ્વારા જાણે કે ગાન કરી રહ્યા હોય એવા દેખાતા હતા. (૪૦)

ભ્રમરોની પંક્તિરૂપી તોરાઓ જેમણે જાણે ધારણ કર્યા છે એવા પુષ્કળ પુષ્પવાળા તરુઓ વાયુથી કંપતા જાણે ઉત્તમ નૃત્યકાર કે ગાયક પોતાના નૃત્યનો કે ગીતનો આરંભ કરતા હોય એવા શોભતા હતા. (૪૧) પીળાં પુષ્પોથી પ્રફુલ્લિત વૃક્ષો, તે ઉદ્યાનમાં સુવર્ણના અલંકારોથી અત્યંત શોભતા પીતાંબરધારી મનુષ્યોની જેમ જાણે શોભતા હતા. (૪૨)

જ્યાં ચારેય તરફ નૃત્ય કરતા મયૂરોના સમુદાયો સ્ફટિકના જાળીઆની માફક શોભતા, વાયુના સ્પર્શથી કંપતી પોતાની પાંખોથી અત્યંત શોભતા હતા. (૪૩) નવીન પ્રવાલાં તથા પલ્લવો તથા પુષ્પોથી શોભતા એવા રસવાળા ફળો જેમને છે એવા આમ્રવૃક્ષો, અત્યંત આનંદ પામેલા અને શૃંગારરસ સંબંધી વિલાસના વિધાનમાં આસક્ત ચિત્તવાળાં અંગરાગોથી યુક્ત મનુષ્યોની જેમ અત્યંત શોભતા હતા. (૪૪)

આવા પ્રકારના તે ઉદ્યાનમાં બિરાજેલા અધીશ્વર શ્રીહરિનું ભક્તો પુષ્પોના બાજુબંધો તથા હાર

તોરા વગેરેથી પૂજન કરતા હતા. (૪૫)

પછી અભય રાજાએ પ્રીતિપૂર્વક વિવિધ પ્રકારના સુંદર પુષ્પોથી નિર્માણ કરેલું શોભાયમાન પહેરવાનું વસ્ત્ર તથા પાઘ શ્રીહરિને ધારણ કરાવ્યા. (૪૬) અભય રાજાએ પુષ્પોના બે કુંડળો, બે કર્ણપૂર, રમણીય બાજુબંધો, કડાં તથા નુપૂરો વગેરે શ્રીહરિને ધારણ કરાવ્યા. (૪૭)

હે રાજન્ ! તે સમયે પરમાત્મા શ્રીહરિકૃષ્ણ વિવિધ પ્રકારના પુષ્પોના રમણીય આભૂષણોથી અત્યંત શોભતા હતા. જેમના અંગો પ્રફુલ્લિત શ્યામ કમળોની પંક્તિથી શોભાયમાન છે અને વિવિધ પ્રકારના કમળોથી સૂર્યનારાયણની પુત્રી યમુનાના પ્રવાહની જેમ શોભતા હતા. (૪૮)

શ્રીહરિની મૂર્તિના સુગંધથી વિશેષ વૃદ્ધિ પામતો શ્રીહરિએ ધારણ કરેલા પુષ્પોના આભૂષણોના સુગંધને સુંઘતા ભ્રમરાઓ, શ્રીહરિની સમીપ આવીને જાણે શ્રીહરિ હાલતો ચાલતો ઉદ્યાન હોય ને શું? એમ ભ્રાંતિ પામીને સ્તુતિ કરવા યોગ્ય શ્રીહરિની ચારેય તરફ વીંટાઈને ગાન કરતા હતા. (૪૯)

સેંકડો ચંદ્રની શોભાનો જેમણે તિરસ્કાર કર્યો છે એવું મંદ હાસ્યયુક્ત શ્રીહરિનું વદન જેમના બંને સુંદર કાન પુષ્પોના સ્વચ્છ ગુચ્છોથી જાણે વિસ્તૃત થયા હોય વળી પુષ્પોથી ઢંકાઈ ગયા છે સમગ્ર શુભ અંગો જેમના એવા ત્યાં વિરાજમાન શ્રીહરિના દર્શન કરીને ભક્તો તૃપ્તિ પામતા ન હતા. (૫૦)

શાંત સ્વરૂપ શ્રીહરિ કૃપારૂપી અમૃત રસથી વ્યાપ્ત નયન કટાક્ષને ચારે તરફ ફેંકી રહ્યા હતા. કર્ણ સુધી લાંબા નેત્રોથી દર્શનીય, કમળ સમાન ઉત્તમ મુખમાંથી નીકળતા મધુર સુગંધથી આકર્ષાયેલા ભમરાઓ શ્રીહરિના મુખારવિંદની આસપાસ ભમતા બંને કપોળો પાસે ગુંજારવ કરતા હતા. (૫૧) શ્રીહરિની બંને ભ્રકુટીઓએ જાણે કામદેવના ગર્વનો નાશ કર્યો છે એવી શોભાયમાન હતી. વળી શ્રીહરિના ચરણારવિંદના નખરૂપી ચંદ્રમાંથી વિલસિત ચરમકમળમાં રહેલા સુખરૂપી મકરંદમાં આસક્ત એવા સત્પુરુષોના સમુદાયરૂપી ભમરાઓના સમૂહો ઉત્તમ ગીતોથી જેમની સ્તુતિ કરી રહ્યા હતા તે પ્રકારે ત્યાં વિરાજમાન શ્રીહરિને ભક્તો પાકેલા કેળા તથા ઉત્તમ દાડમ, વિવિધ પ્રકારની દ્રાક્ષ, અમૃતફળ વગેરે ફળો લાવીને આદરપૂર્વક જમાડતા હતા. પ્રભુ શ્રીહરિ તે ફળો જમતા જમતા ફળ લાવનાર ભક્તજનોને પણ પ્રસાદ આપતા હતા. તેમજ સંતો વગેરેને પણ તે ફળનો પ્રસાદ આપતા હતા. (૫૨, ૫૩, ૫૪)

પછી મુનિઓ વીણા, સીતાર વગેરે વાદ્યો તથા સુશોભિત મૃદંગથી શોભતું વિવિધ તાલ તથા મધુર સ્વરોની મૂર્છના ચડ ઉતર ક્રમથી ઉત્તમ ગીત વાદન શ્રીહરિની પાસે કરતા હતા. (૫૫) સ્વયં શ્રીહરિ પણ ચપટી વગાડતા, હાથની ચેષ્ટાથી પોતાના ભક્તજનોના ચિત્તને હરતા, મેઘના ધ્વનિ જેવા ગંભીર સ્વરથી મુનિઓની સાથે હર્ષપૂર્વક ગાન કરતા હતા.(૫૬)

હે રાજન્ ! પીડા નાશ કરનારા ધર્મના પુત્ર શ્રીહરિ આવી રીતે પોતાના આશ્રિત જનોને અનુપમ આનંદ આપીને કેસરી ઘોડી ઉપર બિરાજમાન થઈને પ્રફુલ્લિત મુખવાળા ભક્તોએ સહિત પોતાના ઉત્તમ નિવાસસ્થાનમાં પધાર્યા. (૫૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિનું લક્ષ્મીવાડીમાં ગમન અને લક્ષ્મીવાડીનું વર્ણન એ નામે એકત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૧)



અધ્યાય ૩૨ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! દુર્ગપત્તનમાં અખિલેશ્વર અવતારી સ્વયં શ્રીહરિકૃષ્ણ વસી રહ્યા હતા અને જન્માષ્ટને દિવસે પોતે અવતારી હોવા છતાં મહોત્સવ કરતા હતા. (૧) દુર્ગપત્તનમાં શ્રીહરિએ પ્રબોધિનીનો મોટો ઉત્સવ કર્યો હતો તથા અન્નકૂટનો પણ આશ્ચર્યજનક ઉત્સવ કર્યો હતો. (૨) દુર્ગપત્તનમાં શ્રીહરિએ એકાદશીઓના ઉત્સવો પણ ભક્તજનોના સમુદાયને ઘણો આનંદ આપવાની ઈચ્છાથી કર્યા હતા. (૩) શ્રીહરિ શ્રીમદ્‌ભાગવત પુરાણ હર્ષપૂર્વક હંમેશા સાંભળતા હતા. બ્રાહ્મણોની પાસે શ્રીમદ્ ભાગવતના પુરશ્ચરણો પણ કરાવતા હતા. (૪) મહાભારતમાં કહેલા વિષ્ણસહસ્રનામના સ્તોત્રનો પાઠ તથા તેનું યથાર્થ શ્રવણ પણ શ્રીહરિ કરતા હતા. (૬)

હે રાજન્ ! ગઢપુરના નિવાસીઓએ શ્રીહરિનું સદાકાળ સેવન કરતા હતા. તેમજ શ્રીહરિના ભક્તજનો, મુનિઓ, સાધુઓ વગેરેને તો સદા મહોત્સવો જ ચાલ્યા કરતા હતા. (૭)

પછી ભક્તોને સુખ આપનારા શ્રીહરિએ દુર્ગપત્તનમાં વસંત પંચમીનો મહોત્સવ કરવા માટે આરંભ કર્યો. (૮) તે મહોત્સવમાં શ્રીહરિના દર્શન કરવાની ઈચ્છાવાળા સર્વે મુનિઓ ભેગા મળીને હર્ષપૂર્વક દુર્ગપત્તનમાં આવ્યા. (૯) શ્રીહરિમાં અત્યંત પ્રેમવાળા સાધુઓને શ્રીહરિના દર્શનથી, મેઘના દર્શનથી મયૂરોને જેમ આનંદ થાય તેમ અત્યંત આનંદ થયો. (૧૦)

વસંતોત્સવમાં દેશાંતરથી હજારો ગૃહસ્થો, યુવાનો તથા વૃદ્ધ ભક્તો પણ આવ્યા તેમજ સ્ત્રીઓ પણ આવી. (૧૧) શ્રીહરિનાં દર્શન માટે હજારોની સંખ્યમાં આવેલા શ્રીહરિના ભક્તોના સમુદાયથી દુર્ગપત્તન ભરાઈ ગયું. (૧૨) શ્રીહરિના દર્શનમાં આસક્તિવાળા ભક્તોને ગઢપુરમાં શ્રીહરિના દર્શનથી, ચંદ્રના દર્શનથી ચકોરને જેમ આનંદ થાય તેમ મહા આનંદ થયો. (૧૩)

પછી શ્રીહરિ વસંત પંચમીને દિવસે ગુલાલ તથા રંગ ફેંકી પોતાના આશ્રિતજનોને આનંદ પમાડતા હતા. (૧૪) પછી સાધુઓ ઉત્તમ ચંદન, કુમકુમ, પુષ્પના હાર વગેરેથી અવતારી પ્રત્યક્ષ શ્રીહરિનું પ્રીતિપૂર્વક પૂજન કરતા હતા. (૧૫) પછી દેશાંતરથી આવેલા ભક્તો ઉત્તમ ચંદન, કુમકુમ, અક્ષત તથા પુષ્પના તોરા તથા હાર, બાજુબંધ, કડાં વગેરે મહામૂલ્યવાળાં આભૂષણો તથા વસ્ત્રો વિવિધ પ્રકારના ઉપચારો તથા નાના પ્રકારની ભેટોથી આદરપૂર્વક અચ્યુત શ્રીસહજાનંદનું પૂજન કરતા હતા. (૧૬, ૧૭)

મુક્તાનંદ તથા દેવાનંદ વગેરે સંતો શ્રીહરિ પાસે વાજિંત્ર સહિત વસંતને યોગ્ય શ્રીહરિનાં ચરિત્રોનાં પદોથી શ્રીહરિનાં ગુણોનું ગાન કરતા હતા. (૧૮)

પછી સંતોને ભોજનનો સમય થયો છે તેમ જાણી શ્રીહરિ આદરપૂર્વક વિવિધ પ્રકારના ભોજન તેમને પીરસી સંતોને તૃપ્ત કરતા હતા. (૧૯) શ્રીહરિકૃષ્ણ મહારાજ સંતોને પીરસતા હતા તે સમયે જુદા જુદા પ્રકારના ધામના મુક્તો વિમાનમાં બેસી આકાશમાં ફરતા હતા. (૨૦)

તે મુક્તો, શ્રીહરિ સંતોને પીરસતા હતા તે દિવ્ય મૂર્તિના દર્શન કરીને આનંદ પામ્યા અને પરસ્પર કહેવા લાગ્યા. અહો ! અતિસુંદર બુદ્ધિવાળા આ મુનિઓને ખરેખર ધન્યવાદ છે. (૨૧) અવતારી પ્રત્યક્ષ શ્રીપુરુષોત્તમ જેને પ્રીતિપૂર્વક પીરસે છે તેમના ખરેખર અહોભાગ્ય છે. (૨૨)

જેના પ્રતાપ ગુણ વગેરેનો પાર બ્રહ્મા, શિવાદિ, વેદ, શેષાદિ તથા અક્ષર મુક્તો પણ પામતા નથી. (૨૩) મન તથા સર્વ ઇન્દ્રિયો પણ જેમના સ્વરૂપમાં પહોંચી શકતી નથી અને પાછી વળે છે, વળી જેમણે પંચ વિષયના સુખની ઇચ્છાનો ત્યાગ કર્યો છે એવા યોગીઓ જેને ખોળે છે. (૨૪) તે અવતારી શ્રીહરિનો પ્રત્યક્ષ સંબંધ પામેલા મુનિઓ તથા બીજા હરિભક્તોનાં ભાગ્ય કહેવા માટે અમે સમર્થ નથી. (૨૫) તે સમયે આકાશમાં રહેલા આ પ્રમાણે બોલતા મુક્તોને સમાધિવાળા સંતો તથા બીજા ભક્તજનો જોતા હતા. (૨૬)

પછી શ્રીહરિએ દેશાંતરથી આવેલા ભક્તોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા કરી. હે રાજન્ ! તે ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને ગઢપુરથી ચાલ્યા. (૨૭) પછી વસંતપંચમીના મહોત્સવમાં આવેલા શ્રીહરિના ચરણ કમળના આશ્રિત સૌવીર દેશના સુરસિંહ રાજા સમગ્ર મુનિંદ્રોની સાથે શ્રીહરિને પોતાના મત્સ્યાવ નગરમાં લઈ જવાની ઇચ્છાથી વિનયપૂર્વક બંને હાથ જોડીને હર્ષપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. (૨૮, ૨૯) હે સ્વામિન્ ! તમો સંતોની સાથે કૃપા કરીને મારા પુરમાં પધારો. હે હરે ! મને તથા મારા પરિવારને તથા પુરના જનોને આપ કૃતાર્થ કરો. (૩૦)

તેમની આવી પ્રાર્થના સાંભળીને ભક્તવત્સલ શ્રીહરિએ હે રાજન્ ! મુનિઓની સાથે હું તમારા પુરમાં આવીશ. એ પ્રમાણે રાજાને કહ્યું. (૩૧) હે રાજન્ ! સુરસિંહ રાજા શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થઈને શ્રીહરિની આજ્ઞાથી વિવિધ પ્રકારની સામગ્રીઓ તૈયાર કરવા માટે આગળ ગયા. (૩૨) શ્રીહરિ વિચાર કરીને મુક્તાનંદ વગેરે સત્પુરુષો, અભય રાજા તથા મુનિ મંડળ સહિત તત્કાળ તૈયાર થયા. (૩૩) શ્રીહરિએ અભય રાજાને દુર્ગપત્તનની રક્ષા કરવા માટે આજ્ઞા કરી અને પછી સુંદર સ્વભાવવાળી માણકી ઘોડી ઉપર અસવાર થયા. (૩૪)

શ્રીહરિ ચામર તથા છત્ર સહિત ઘોડેસવારોના સમુદાયો, પાર્ષદો, સાધુઓ વર્ણીઓ તથા ઉત્તમ રાજાની સાથે ચાલ્યા. (૩૫) શ્રીહરિ પોતાના આશ્રિત મુનિઓની સાથે સારંગપુર પધાર્યા. વાજિંત્ર સહિત સન્મુખ આવેલા પોતાના આશ્રિત રાજા જીવા ખાચર વગેરે ભક્તોએ શ્રીહરિનું ઉપચારોથી પૂજન કર્યું. (૩૬) હે મહીપતે ! પોતાના સાધુઓ વગેરેને જમાડીને તેમજ પોતે પણ જમીને સારંગપુરમાં રાત્રિ સુખપૂર્વક રહ્યા. (૩૭)

શ્રીહરિ સારંગપુરથી ચાલ્યા અને અણિયાલી ગામમાં પધાર્યા. ત્યાં વાજિંત્રો સહિત સન્મુખ આવેલા

પૂજા વાણીઆ વગેરે હરિ ભક્તોએ તેમજ તે ગામમાં શ્રીહરિના ભક્તોએ શ્રીહરિની સુંદર ભોજન વગેરેથી સેવા કરી તથા સુંદર ઉપચારોથી હર્ષપૂર્વક પૂજા કરી શ્રીહરિ ત્યાં રાત્રિ રહ્યા. (૩૮, ૩૯)

પછી અણિયાલી ગામથી શ્રીહરિ નીકળ્યા અને શિયાળ ગામમાં પધાર્યા. અહીં માધવ નામના વણિક ભક્તે શ્રીહરિના આશ્રિતો સાથે શ્રીહરિની સેવા કરી. (૪૦) માધવજી વણિકે ભક્તિપૂર્વક શ્રીહરિની પૂજા કરી તથા નાના પ્રકારની ભોજનસામગ્રીઓથી શ્રીહરિને જમાડ્યા. શ્રીહરિ પોતાના આશ્રિતો સાથે તે ગામમાં રાત્રી રહ્યા. (૪૧) નિષ્કપટ ભાવવાળા વણિકની પ્રીતિપૂર્વક સેવાથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેનું 'તુલાધાર' નામ પાડ્યું. (૪૨)

શ્રીહરિ પ્રાતઃકાળમાં ઘોડી ઉપર બિરાજમાન થઈને ગામમાંથી પોતાના આશ્રિતો સાથે નીકળ્યા અને માર્ગમાં ચાલતા સુરસિંહ રાજાના મત્સ્યાવ પુરમાં પધાર્યા. (૪૩)

હે રાજન્ ! સુરસિંહ રાજા હર્ષપૂર્વક પોતાના અભીષ્ટ દેવ શ્રીહરિને પોતાના પુરમાં પધારે છે તે જાણીને સૈન્યે સહિત સમુદ્ર ચંદ્રમાને મળવા જેમ તત્પર થાય તેમ વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિ સન્મુખ ગયા. (૪૪) શ્રીહરિના આગમનથી હર્ષ પામેલા વિવિધ પ્રકારની ભેટો જેમના હાથમાં છે તેવા પુરના સમગ્ર ભક્તો ઉંચા સ્વરથી શ્રીહરિના ગાન કરતા પરમાત્મા શ્રીહરિની સન્મુખ ગયા. (૪૫) રાજા દૂરથી ઘોડી ઉપર બિરાજેલા શ્રીહરિનાં દર્શન કરીને પોતાના અશ્વ ઉપરથી ઉતરીને શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા તથા સમગ્ર ભક્તોએ પ્રેમના અશ્રુ સાથે શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. (૪૬) પ્રેમાશ્રુથી પૂર્ણ નેત્રવાળા રાજાએ શ્રીહરિના ચરણકમળમાં પોતાનું મસ્તક મૂક્યું અને શ્રીહરિને પુષ્પના સુંદર તોરા, બાજુબંધ તથા ગુચ્છાઓ ધારણ કરાવ્યા. (૪૭)

પુરના ભક્તજનોએ પણ શ્રીહરિને મનોહર પુષ્પના હાર તથા તોરા સમર્પણ કર્યા તથા અતિ ભક્તિથી વિવિધ પ્રકારની ભેટો સમર્પણ કરી. (૪૮) રાજા સુરસિંહે છત્ર, સુંદર ચામર વગેરે તેમજ સૈન્યે સહિત ઈશ્વરના ઈશ્વર શ્રીહરિને, વાદ્યો તથા ગીતોના ધ્વનિઓથી દિશાઓ ગજવી, પોતાના પુરમાં પ્રવેશ કરાવ્યો.(૪૯) રસ્તાઓ સાફ કરાવ્યા છે તથા જ્યાં પુષ્પો વેર્યા છે એવા તે સુંદર પુરમાં શ્રીહરિએ પ્રવેશ કર્યો. શ્રીહરિનાં દર્શન માટે રાજમાર્ગમાં પોતપોતાના કામકાજનો ત્યાગ કરીને પુરવાસીઓ ઉતાવળથી આવ્યા. (૫૦)

સમગ્ર તાપનો નાશ કરનારા દર્શન જેમનાં છે એવા શ્રીહરિના અતૃપ્ત નેત્રોથી આદરપૂર્વક દર્શન કરતા, શરદઋતુના સૂર્યથી તપ્ત થયેલા ચકોરો ચંદ્રને જોઈને જેમ તાપથી શાંત થાય તેમ શાંત થયા. (૫૧) અત્યંત આશ્ચર્યથી નેત્રોને સુંદર લાગતા શ્રીહરિનાં દર્શન કરતા પુરના જનો તથા પુરની સ્ત્રીઓ આશ્ચર્યપૂર્વક અતિ સુંદર પુષ્પોથી શ્રીહરિને વધાવતી હતી. (૫૨)

નિપુણ નૃપતિએ શ્રીહરિને પોતાના આશ્રિતોની સાથે યોગ્ય નિવાસમાં નિવાસ કરાવ્યો. પછી હર્ષપૂર્વક સમગ્ર વિપત્તિઓને નાશ કરનારા આશ્રિતને સહિત શ્રીહરિને અત્યંત સ્વાદિષ્ટ રમણીય વિવિધ પ્રકારના જલેબી વગેરે ભોજનોથી તૃપ્તિ પમાડ્યા. (૫૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં મત્સ્યાવપુરમાં શ્રીહરિ ગમન નિરૂપણનામે બત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૨)



અધ્યાય ૩૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે મહીપતે ! વેદોમાં કહેલા ધર્મનું સંસ્થાપન કરતા તથા કોઈ કોઈ ઠેકાણે સંતાઈ રહેલા અધર્મનો નાશ કરતા, આ લોકમાં સર્વોત્તમ પોતાના શુભ પ્રતાપને વિસ્તારતા શ્રીહરિ મત્સ્યાવપુરમાં સુરસિંહ રાજાના શ્રેષ્ઠ ભુવનમાં આશ્રિતોએ સહિત એક માસ પર્યંત નિવાસ કરીને રહ્યા. (૧, ૨) હે રાજન્ ! ત્યાં દરરોજ મુકુંદાનંદ વર્ણીરાજ ઉત્સાહથી શ્રીહરિને માટે દૂધમાં વિવિધ પ્રકારના ભોજનો કરતા હતા. (૩) નરનાટ્યધારી, ધર્મ સ્થાપન કરવામાં ઉદ્યમવાળા ધર્મના પુત્ર શ્રીહરિએ સ્નાન તથા નિત્યવિધિ કરીને પોતે દાળ ભાત કર્યા. (૪)

સંતોના સ્વામી શ્રીહરિ શાક વગેરેમાં મીઠું નાંખીને ભોજન તૈયાર કરી વિષ્ણુને નિવેદન કરી નિરંતર જમતા હતા. (૫) તે પુરમાં સુરસિંહ રાજાએ ધર્મના પુત્ર શ્રીહરિની હંમેશા દાસની માફક સેવા કરી તથા તેમના કુમાર બળજીત પણ શ્રીહરિની દાસની માફક સેવા કરતા હતા. (૬)

સુરસિંહ રાજાની તેજોવતી કન્યા તથા તેમના પત્ની દેવિકા તથા તેમના સાળાની પત્ની કેશીની વગેરે સ્ત્રીઓ રાજાના ભુવનમાં ભક્તિપૂર્વક સમય સમય પ્રમાણે યથાયોગ્ય શ્રીહરિની સર્વકાળે શુભ સેવા કરતી હતી. (૭-૮) જીવરામ વગેરે બ્રાહ્મણો પણ શ્રીહરિની સેવા કરતા હતા. તેજસિંહ તથા જેઠીસિંહ વગેરે ક્ષત્રિયો ભક્તિપૂર્વક હંમેશા સેવા કરતા હતા. (૯) બીજા લાલભાઈ વગેરે ઘણા ભક્તો સમય સમય પ્રમાણે પરમાત્મા શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૧૦)

રાજબાઈ નામની બે સ્ત્રીઓ તથા નાથી, અવળા વગેરે બ્રાહ્મણ પત્નીઓ ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતી હતી. (૧૧) ફુલી, ફુલજી તથા નીલી વગેરે ક્ષત્રિયોની સ્ત્રીઓ પણ ભક્તિપૂર્વક યથાયોગ્ય શ્રીહરિની સેવા કરતી હતી. (૧૨) હરિ, માયા, રંગા, શીલા, માની વગેરે સ્ત્રીઓ શ્રીહરિની સદા ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૧૩) એક સમયે સુરસિંહ રાજા નમ્રતાથી બંને હાથ જોડીને હર્ષપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૪) હે સ્વામિન્ ! અહીં દેશાંતરમાં રહેલા આપના ભક્તોને બોલાવીને આપ કૃપા કરીને પુષ્પ દોલનો ઉત્સવ કરો. (૧૫) હે શ્રીહરે ! મારી તથા મારા પુત્ર, સ્ત્રી વગેરેની તથા સર્વ હરિભક્તોની આ ઈચ્છા છે. માટે આપ આ ઈચ્છા પૂર્ણ કરો. (૧૬)

ભૂપતિનું આવું વચન સાંભળીને ભક્તોને સુખ આપનારાં અચ્યુત શ્રીહરિએ કહ્યું, હે રાજન્! હું અહીં ઉત્સવ જરૂર કરીશ. (૧૭)

પ્રસન્ન થયેલા રાજાએ તત્કાળ મંગલ પત્રિકાઓ મોકલીને જુદા જુદા દેશમાં રહેલા ભક્તોને

બોલાવ્યા. (૧૮) મહાબુદ્ધિશાળી સુરસિંહ રાજા આ ઉત્સવ માટે વિવિધ પ્રકારની સામગ્રીઓ લાવવા લાગ્યા. (૧૯) જુદા જુદા દેશમાં રહેલા શ્રીહરિનાં દર્શન માટે ઉત્સુક ચિત્તવાળા ભક્તો મંગળપત્રિકા વાંચીને અત્યંત હર્ષ પામ્યા. (૨૦)

જુદા જુદા દેશમાંથી બાળકો, યુવાનો તથા વૃદ્ધ પુરુષો એવા ઘણાં ભક્તો તથા સ્ત્રીઓ તે પુરમાં આવ્યા. (૨૧) પછી તે ભક્તો શ્રીહરિનાં દર્શન કરીને, જેમ અગ્નિથી તપાયમાન થયેલા મનુષ્યો ઠંડા જળાશયને પામીને શાંત પામે તેમ, અત્યંત શાંતિ પામ્યા. (૨૨) પ્રભુ શ્રીહરિ પોતાના અનેક ભક્તોની તેમને બોલાવીને, તેમના તરફ દૃષ્ટિ કરીને, મંદ હાસ્ય કરીને તથા હાથની સંજ્ઞા કરીને એમ અનેક રીતે સંભાવના કરતા હતા. (૨૩) હે ધરણીપતે ! સુરસિંહ રાજા તે સર્વેને નિવાસ આપવા, તેમજ ગાદલાં, ગોદડાં વગેરે અપાવવાની યથાયોગ્ય સંભાવના હર્ષપૂર્વક કરતા હતા. (૨૪) પછી તે સર્વે ભક્તોએ સુંદર ચંદન, પુષ્પોના હાર, બાજુબંધ, તોરા, કુંકુમ, બહુ મૂલ્યવાળાં વસ્ત્રો તથા અલંકારો તેમજ અન્ય ઉપચારોથી અભીષ્ટ દેવ શ્રીહરિકૃષ્ણનું પૂજન કર્યું. (૨૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થસ્કંધમાં પુષ્પ દોલોત્સવના આરંભનું નિરૂપણ કર્યું એ નામે તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૩)



અધ્યાય ૩૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિ રાજાના ભુવનના આંગણામાં મોદક વગેરે સુંદર ભોજન મુનિઓને હંમેશા પીરસીને તેમને સર્વને જમાડતા હતા. (૧) રાજા તથા તેમના પરિવારના અનન્ય ભાવથી ધર્મનંદન શ્રીહરિ હંમેશા નાના પ્રકારના ભોજનો જમતા હતા. (૨)

શ્રીહરિ રાજાના ભુવનમાં સાધુઓના નિવાસ સ્થાનમાં સર્વોત્તમ આસન ઉપર બિરાજીને ધર્મ, જ્ઞાનાદિથી યુક્ત વિવિધ પ્રકારની જ્ઞાનવાતો તેમને કરતા હતા. (૩) વળી રાજાના ભુવનના આંગણામાં આવેલા ઓટલા ઉપર સુંદર ઉંચા પોતાના સિંહાસન ઉપર શ્રીહરિ વિરાજમાન થતા. (૪) અત્યંત વિસ્તારવાળા રાજાના આંગણામાં શ્રીહરિની આગળ પવિત્ર અતિમોટી મુનિઓ વગેરેની સભા સદા શોભતી હતી. (૫)

શ્રીહરિ ક્યારેક મેડી ઉપર ક્યારેક અગાશીમાં તથા ક્યારેક મહેલના ત્રીજા માળની આગલી ઓશરીમાં રમણીય આસન ઉપર બિરાજીને ભક્તોને પોતાના દર્શન આપતા હતા. (૬) ક્યારેક નરેન્દ્રના અતિ મનોહર દરબારની બહાર સાફ કરેલા વિશાળ ચોકમાં મહાવડની છાયામાં મહાસભા કરીને શ્રીહરિ તેના મધ્ય ભાગમાં સુંદર આસન ઉપર બિરાજીને ધર્મજ્ઞાનાદિનો બોધ આપનારી વાર્તા કરતા હતા. (૭,૮)

એક સમયે પોતાના ભુવનના મેડા ઉપર બારણા પાસે સુવર્ણના રત્નજડિત સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિના સુરસિંહ રાજા નિર્નિમેષ દૃષ્ટિથી અતિ પ્રીતિ પૂર્વક દર્શન કરતા હતા. ત્યાં તેમને સમાધિ થઈ.

(૯, ૧૦) હે રાજન્ ! શ્રીહરિની મૂર્તિમાં શ્રીહરિના એક એક અવયવમાં કોટાન કોટી સૂર્ય સમાન આનંદ કરનારું દિવ્ય તેજ તે રાજા જોતા હતા. (૧૧)

ભગવાનની મૂર્તિમાંથી નીકળેલા તેજથી ઢંકાઈ ગયેલાં પોતાના દરબારને તથા પુરને વિસ્મય પૂર્વક રાજા જોતા હતા. (૧૨) પાવનકારી તે તેજમાં રાજા, ગર્વિષ્ટ કામદેવનો દર્પ હરનારા તે તેજના સમૂહથી વેષ્ટિત આશ્ચર્યકારી શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા હતા. (૧૩)

અતિશય સુંદર અને મંદ હાસ્યથી શોભાયમાન મુખથી તિરસ્કૃત કર્યો છે રાત્રિનો સ્વામી ચંદ્રમા જેમણે એવા અને નવીન નાગ કેસરના પુષ્પના પરાગની માફક શ્રેષ્ઠ રેખાઓ જેમને છે એવા, અતિકૃપાથી જેમનાં નેત્રો આર્દ્ર થયા છે. (૧૪) કામદેવના ધનુષ્યનો ગર્વ હરનારી બંને ભ્રકુટીઓથી યુક્ત મુખકમળ જેમનું એવા. (૧૫)

વિશાળ, દીર્ઘ, ઉંચા અને મંગળકારી જેમના લલાટના મધ્યમાં કુમકુમના ચાંદલા સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક જેમણે ધારણ કર્યું છે. (૧૬) મણીંદ્રોથી જડિત સ્ફુરાયમાન, ચળકતા સુવર્ણના કુંડળોવાળા, મણીઓથી યુક્ત, સુવર્ણ મુકુટથી શોભતા, મોતીના સ્વચ્છ ગુચ્છોથી શોભતા. (૧૭)

મણિજડિત સુવર્ણની વીંટીઓ જેમણે બંને હાથની આંગળીઓમાં ધારણ કરી છે. સુવર્ણના મનોહર કંકણોવાળા, મણિજડિત ઉત્તમ સુવર્ણના બાજુબંધો ધારણ કર્યા છે એવા. (૧૮) મણિયુક્ત કાંચનનો કંદોરો જેમણે ધારણ કર્યો છે તથા મણિજડિત સોનાના ઉત્તમ ઝાંઝર ધારણ કર્યા છે. વીજળીના જેવા અંબરોથી દેદીપ્યમાન મૂર્તિવાળા, કરુણા પૂર્ણ કટાક્ષોવાળા અતિ સુંદર; (૧૯)

રમા, રાધા, ભક્તિ, ધર્મ તથા સર્વોત્તમ અક્ષરમુક્તોના સમૂહે મનોહર ઉપચારોથી જેમનું પૂજન કર્યું છે. તે પ્રકારની શોભાવાળા, (૨૦) અતિસુંદર સભાને તેજથી અત્યંત વ્યાપ્ત તેમજ સભામાં બેઠેલા સર્વભક્તોને પણ અતિ તેજોમય દિવ્ય શરીરવાળા રાજાએ જોયા. (૨૧)

આ પ્રમાણે શ્રીહરિની ઈચ્છાથી બે મુહૂર્ત સુધી અવિનાશી સુખનો રાજાએ અનુભવ કર્યો. પછી શ્રીહરિએ તેમના તરફ જોયું એટલે તે તત્કાળ સમાધિમાંથી જાગ્રત થયા. (૨૨) મનમાં અત્યંત આશ્ચર્ય પામેલા રાજા વિનયપૂર્વક શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. ત્યારબાદ અશ્રુયુક્ત નયનોથી તથા જેમના ગાત્ર રોમાંચિત થયા તે રાજા પોતાના પ્રિય શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૨૩)

સુરસિંહ રાજા સ્તુતિ કરે છે :- હે સ્વામિન્ ! અક્ષર સંજ્ઞાવાળા અગણિત મુક્તો ભક્તિપૂર્વક હંમેશાં આપનું સેવન કરે છે. એવા અને સમગ્ર અવતારોના કારણભૂત, સર્વજ્ઞ, પુરુષોત્તમ ભગવાન આપ આપના અસાધારણ પ્રતાપથી સર્વોપરી વર્તો છો. આપ કેવળ નિષ્કારણ અપાર કરુણાથી જ પ્રાણીઓના આત્યંતિક કલ્યાણ કરવા માટે પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામ્યા છો. (૨૪)

હે ભૂમન્ ! માયા અને મોહરૂપી અંધકારનો નાશ કરનારા, દયાસાગર, આપ આ પૃથ્વી ઉપર મુનિઓની સાથે વિચરણ કરતા ભવ સાગરમાં બૂડેલા અને લોભ, કામ, ક્રોધ રસ વગેરે મુખ્ય મગરમચ્છોથી પીડા પામેલા જીવોને આપના પ્રતાપથી જ તત્કાળ ઉદ્ધાર કરો છો. (૨૫)

હે સત્પતે ! હે પ્રભો ! ચક્રવર્તી રાજાની પાછળ ખંડીયા રાજા જેમ સર્વે ઠેકાણે ફરે છે. તેની માફક વૈરાજાદિ સમગ્ર ઈશ્વરો, શુભગણો તથા નાના પ્રકારની શક્તિઓ તથા વિવિધ ધામોમાં રહેનારા મુક્ત સમૂહ રાત્રિ દિવસ તમારી પાછળ જ ગમન કરે છે. (૨૬)

હે શ્રીહરે ! આ લોકમાં સર્વ દુઃખોનો નાશ કરનાર આપના પ્રત્યક્ષ દર્શન તપસ્વીઓને પણ દુર્લભ છે. રાજ્યાદિમાં આસક્ત એવા મને તે દર્શન ક્યાંથી થાય ? અહો ! આ આશ્ચર્ય છે. હે શ્રી હરે ! આવા આપનાં દર્શન તો આપે મને કરુણાથી જ કેવળ આપ્યાં છે. વળી આ મારું ભુવન પણ આપના ચરણોના સ્પર્શથી અત્યંત પવિત્ર થયું છે. (૨૭)

હે વિભો ! બ્રહ્માદિ દેવતાઓએ તથા મહાનુભાવવાળા સાધુઓ જે આપનું હર્ષ પૂર્વક હંમેશા ધ્યાન કરે છે. વળી આપ જે અભક્તોને કરોડો ઉપાયથી પણ અપ્રાપ્ય છો અને મારા ભુવનમાં આપના આશ્રિતોની સાથે આપ પધાર્યા છો. તેથી આપે કુળે સહિત મારો સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરી કૃતાર્થ કર્યો છે. માટે આપનું આ ઋણ ચુકવવા હું અત્યંત અસમર્થ છું. અને આપને ભક્તિપૂર્વક વારંવાર વંદના કરું છું. (૨૮)

આ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરીને રાજા સોનેરી સૂત્રોવાળાં કસુંબી રંગથી રંગેલા રમણીય વસ્ત્રો તથા સુવર્ણના અલંકારો, રત્નજડિત દેદીપ્યમાન સુવર્ણની વીંટીઓ તથા સુંદર ચંદન, કસ્તુરી, કુમકુમ, ધૂપ, દીપ તથા વિવિધ પ્રકારના પુષ્પોના હાર, બાજુબંધ, તોરા તથા અતિ શ્રેષ્ઠ નૈવેદ્યો, ઉપચારો વગેરેથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૯, ૩૦, ૩૧)

પછી પુત્ર સહિત રાજાએ સુવર્ણ પાત્રમાં કપૂર પ્રગટાવીને વાજિંત્ર સહિત શ્રીહરિની આરતી ઉતારી. (૩૨) રાજાની પટરાણી દેવિકાએ સોનેરી વસ્ત્રો, દ્રવ્ય તથા બીજા ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૩૩) રાજાની કન્યા તેજોવતીએ વિવિધ પ્રકારના ઉપચારોથી પુરુષોત્તમ શ્રીહરિનું પ્રીતિ પૂર્વક પૂજન કર્યું. (૩૪) પછી રાજાના સાળાની સ્ત્રીઓએ પણ વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું તેમજ બીજી સેંકડો સ્ત્રીઓએ શ્રીહરિનું પૂજન કર્યું. (૩૫)

દેશાંતરથી આવેલા શ્રી હરિના સમગ્ર ભક્તો ભક્તિ પૂર્વક રાજાએ કરેલી શ્રીહરિની પૂજા જોઈને અત્યંય વિસ્મય પામ્યા. અને તેમના મહિમાની પ્રશંસા કરતા આનંદ પામ્યા. (૩૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં સુરસિંહ નૃપતિએ શ્રીહરિના ઐશ્વર્યનાં દર્શન કર્યા તે વર્ણન નામે ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૪)



અધ્યાય ૩૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ભુજનગરથી મત્સ્યાવપુરમાં મલ્લયુદ્ધમાં નિપુણ અતિ બળવાન ગંગારામ વગેરે મલ્લો આવ્યા. (૧) તે મલ્લો મલ્લયુદ્ધ કરી શ્રીહરિને પ્રસન્ન કરવા ઈચ્છતા હતા. તેથી મલ્લયુદ્ધને યોગ્ય વેશ ધારણ કરીને તૈયાર થઈ રમણીય મહાસભામાં આવ્યા. (૨) પછી તે મલ્લો શ્રીહરિને પ્રણામ કરીને બંને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા. હે સ્વામિન્ ! અમો આપની સમીપ મલ્લયુદ્ધ કરવા ઈચ્છીએ છીએ. (૩) હે ભૂમન્ ! હે પ્રભો ! હાલમાં આપની આગળ રમત કરીને અમારી ક્રિયાને સફળ કરવા ઈચ્છીએ છીએ. માટે અમોને રમવાની આજ્ઞા આપો. (૪)

નરનાટ્યધારી શ્રીહરિએ તેમનું આવું વચન સાંભળીને સ્વ સ્વરૂપના આનંદથી પૂર્ણ છે છતાં પણ મલ્લ ભક્તોની પ્રસન્નતા માટે તે મલ્લોને રમવા માટે આજ્ઞા આપી. (૫)

તેથી પ્રસન્ન થયેલા સર્વ મલ્લોએ રાજાના સુંદર ભુવનના વિશાળ આંગણામાં રમવાનો આરંભ કર્યો. (૬) રમવા ઈચ્છતા તે મલ્લોએ કચ્છ દૃઢ બાંધ્યા છે અને બંને હાથથી પટાકા વગાડીને સિંહ જેવો નાદ કરવા લાગ્યા. (૭) તે મલ્લો હાથ, પગ વગેરે અંગો અફાળતા મુષ્ટિના પ્રહારો કરતા, ચારેય તરફ ભમતા, એક બીજાને ફેંકતા, ચપળતાપૂર્વક ચાલતા યુદ્ધ કરતા હતા. (૮)

એક એકને એક હાથથી ઉંચકતા, પરસ્પર એકબીજાને પકડતા, આગળ અને પાછળ ગમન કરતા તથા એકબીજાને ભેટતા તેમજ નીચે પાડતા, છત્તા કરતા વગેરે યુદ્ધના અનેક ભેદોથી તે મલ્લો યુદ્ધ કરતા હતા. અને ધર્મપુત્ર શ્રીહરિને તથા સભાને પણ હસાવતા હતા. (૯, ૧૦)

હે રાજન્ ! મલ્લયુદ્ધમાં અતિ નિપુણ બળવાન શ્રેષ્ઠ મલ્લો મદોન્મત્ત હાથીઓની માફક અત્યંત ક્રીડા કરતા હતા. (૧૧) પછી અક્ષરાદિના એક અધિપતિ દર્શનીય, દયાળુ, પ્રસન્ન થયેલા શ્રી હરિએ મલ્લોને થાકી ગયેલા જાણીને હાથની સંજ્ઞાથી મલ્લયુદ્ધ બંધ કરાવ્યું. (૧૨) પછી યુદ્ધથી નિવૃત્ત થયેલા પરસેવાથી પલળી ગયેલા મલ્લો રમણીય મહેલની ઓંસરી ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૧૩) પછી સ્વયં શ્રીહરિએ તે મલ્લોના અધિપતિ ગંગારામ મલ્લને સુવર્ણનું મોળીયું તથા ઓઢવાનો ખેસ વગેરે ઈનામ પ્રીતિપૂર્વક આપ્યું. (૧૪)

ત્યારબાદ પોતાના આશ્રિતો સાથે શ્રીહરિ પોતાની ઘોડી ઉપર બિરાજ્યા. નાના પ્રકારના વાદ્યોના ઘોષ સાંભળતા શ્રીહરિ રાજાના દરબારમાંથી નીકળ્યા. (૧૫) ઘટાદાર વડના વૃક્ષથી શોભતા અતિ વિસ્તારવાળા ચોકમાં જઈને, વડના વૃક્ષની નીચે કોમળ ગાદી તકીયા ઉપર સફેદ ઓછાડ પાથરેલા સુંદર ઉંચા આસન ઉપર ભક્તોના નેત્રરૂપી કમળોને સૂર્ય સમાન શ્રી સહજાનંદ સ્વામી ત્યાં બિરાજમાન થયા. (૧૬-૧૭)

પછી તે ચોકમાં પુરના જનો દેશાંતરના ભક્તો તથા ત્યાગીજનો શ્રીહરિની આગળ યથાયોગ્ય બેઠા. (૧૮) મહામૂલ્યવાળા શ્વેતવસ્ત્રો તેમજ વિવિધ પ્રકારના ભૂષણોથી ભૂષિત, પુષ્પના તોરા, બાજુબંધ, તથા કર્ણપૂરાદિથી શોભાયામાન; (૧૯) મંદ હાસ્યની સ્ફુરાયમાન કાંતિથી શરદ્ઋતુના પૂર્ણ ચંદ્રમાને

લજ્જા પમાડનાર શ્રીહરિ પોતાની દૃષ્ટિથી ભક્તોને નિરખતા હતા. (૨૦)

તે સમયે ત્યાં પોતાના ભક્ત પુરાણોને જાણનારા લક્ષ્મીરામ બ્રાહ્મણ તથા બીજા લક્ષ્મીરામ નામના ઉત્તમ વૈદ્ય વડોદરાથી આવ્યા. (૨૧) તેમજ શ્રીહરિના ભક્ત દેવશંકર વૈદ્ય તથા બીજા દેવશંકર વેદને જાણનારા તે પણ વડોદરાથી અહીં આવ્યા. (૨૨) વળી રાજાનો અધિકારી જગજીવન નામનો વૈશ્ય તથા વેદ શાસ્ત્ર પુરાણ જાણનારા બીજા બ્રાહ્મણો પણ વડોદરાથી ત્યાં આવ્યા. (૨૩) પછી લક્ષ્મીરામ વગેરે ભક્તો શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. અને શ્રીહરિએ પણ તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. શ્રીહરિના સ્વરૂપમાં જેમના નેત્રની વૃત્તિ સ્થિર થઈ છે એવા તે ભક્તો સભામાં યથાયોગ્ય બેઠા. (૨૪)

પછી શ્રીહરિ તેમને ઉદ્દેશીને શાસ્ત્રાનુસાર ધર્મ સંબંધી શુભ વાર્તા કરતા હતા. (૨૫) તે ભક્તો પણ શ્રીહરિના મુખરૂપી નિર્દોષ ચંદ્રથી નિસરતું શ્રીહરિના વચનરૂપી અમૃતનું પાન કરતા હતા. અને તેમને સમાધિ થવાથી તેઓ યોગીઓની જેમ નિશ્ચલ થઈ ગયા. (૨૬) બીજા હજારો ભક્તો જેમની દૃષ્ટિ કેવળ શ્રીહરિના મુખમાં હતી તથા શ્રીહરિના શબ્દામૃતથી અત્યંત સુખ પામ્યા હતા. તેઓ જેમ વાયુ વિનાના સ્થાનમાં દીપ સ્થિર રહે તેમ સ્થિર બેઠા હતા. (૨૭)

શ્રીહરિની વાણીરૂપી સુધાનું પાન કરવામાં આદરપૂર્વક શ્રવણ કરવાથી તેમના ચિત્ત આનંદ પામ્યા અને તેથી તે લક્ષ્મીરામ વગેરે ભક્તોને તત્કાળ સમાધિ થઈ. (૨૮)

સમાધિમાં લક્ષ્મીરામ વગેરે ભક્તોએ જેવા શ્રીહરિને પ્રત્યક્ષ જોયા હતા તેવા જ ધર્મના પુત્ર શ્રીહરિને તેમના તેજોમય, દિવ્ય, સર્વોત્તમ અક્ષરબ્રહ્મ ધામમાં જોયા. (૨૯) મનોહર, ઉજ્જવલ અંગોવાળા કોટિ કામદેવોને મોહ પમાડનારા દિવ્ય અલંકારોથી યુક્ત, દિવ્યાનંદના મહાસાગર; (૩૦) સૌન્દર્ય, ઔદાર્ય, માધુર્ય, લાવણ્યાદિ ગુણોના સમુદ્ર, અનેક પ્રકારના દિવ્ય ઐશ્વર્ય પ્રતાપથી હંમેશા દેદીપ્યમાન; (૩૧) અક્ષરસંજ્ઞાવાળા કરોડો મુક્તો તેમજ ભક્તિધર્માદિ તથા રાધા રમાદિથી સેવાયેલા શ્રીહરિ પોતાના ભક્તોને અભીષ્ટ સુખ આપી રહ્યા છે. (૩૨)

વળી તે સભામાં બેઠેલા સાધુઓ તથા બીજા ભક્તજનોને પણ સમાધિ થઈ. સમાધિમાં તે સંતો પણ શ્રીહરિના ગોલોકાદિ સર્વે દિવ્ય ધામ જોતા હતા. તેમજ ત્યાં રહેલી તેમની દિવ્ય મૂર્તિઓને પણ જોતા હતા. (૩૩, ૩૪) તેમાંના કેટલાક ભક્તો આ લોકમાં રહેલા શ્રીહરિના ધામ જોતા હતા. બીજા ભક્તો ખગોળ તથા ભૂગોળની રચના જોતા હતા. (૩૫) કેટલાક ભક્તો શ્રીહરિના પ્રતાપથી સમાધિમાં શેષનું સ્થાન જોતા હતા. કેટલાક વૈરાજાદિ ઈશ્વરના સ્થાનો પણ જોતા હતા. (૩૬)

પછી શ્રીહરિએ તે સર્વેને સંકલ્પથી સમાધિમાંથી જાગ્રત કર્યા અને તેમણે જે જે ધામ જોયા તે તે ધામની વાતો તેમની પાસે શ્રીહરિએ કરાવી. (૩૭) પછી સમાધિમાંથી જાગ્રત થયેલા તે ભક્તો ધર્મનંદન શ્રીહરિને તત્ત્વે સહિત અવતારી, સર્વજ્ઞ, પુરુષોત્તમ જાણતા હતા. (૩૮) મનુષ્ય નાટ્ય કરતા શ્રીહરિ મંદ મંદ હસતા પોતાના પાર્ષદ સૂરાભક્તને ભક્તોના આનંદ માટે હર્ષપૂર્વક કહેતા હતા. (૩૯)

હે ભક્તવર્ય ! સુરત શહેરના નિવાસી આ નારાયણ ભક્તની પાઘડી તમો તમારે માથે મૂકો

અને તમારી પાઘડી નારાયણ ભક્તના માથા ઉપર મૂકો. આ મારું વચન મારી પ્રસન્નતા માટે તમારે જરૂર માનવું. (૪૦, ૪૧) શ્રીહરિ સાથે મિત્ર ભાવથી વર્તતા સૂરા ભક્ત શ્રીહરિનું આ વચન સાંભળીને તત્કાળ ઊઠીને મંદ હાસ્યપૂર્વક નારાયણ ભક્તિની સમીપ ગયા. (૪૨) પછી સૂરા ભક્તે તત્કાળ તેમનો મોટો અને લાંબો ફેંટો ઉતારીને નારાયણ ભક્તના મસ્તક ઉપર મૂક્યો. (૪૩) પછી સૂરા ભક્તે પોતાના મોટામાથા ઉપર નારાયણ ભક્તની નાની પાઘડી મૂકી. પછી હે રાજન્ ! તે બંને ભક્તો શ્રીહરિની આજ્ઞાથી ઊભા થયા. (૪૪) તે બંનેમાં સૂરાભક્ત સાગના ઉંચા વૃક્ષ જેવા, ઉંચા દેહવાળા, ચકલીને ધારણ કરનારું પર્વતનું શિખર જાણે હોય તેમ તેમ તેમના મોટા મસ્તક ઉપર નાની પાઘડી પહેરેલા શોભતા હતા. (૪૫) અતિ જાડા શરીરવાળા મસ્તક ઉપર અત્યંત નાની પાઘડી પહેરેલા સૂરા ભક્તને જોઈને શ્રીહરિ મુખ ઉપર ધારણ કરી હસતા હતા. (૪૬)

તેવી રીતે સર્વે સભાના જનો સૂરાભક્તને જોઈને વારંવાર અત્યંત હસતા હતા. કૃશ શરીરવાળા નારાયણ ભક્તના નાના શરીર ઉપર અતિ મોટું પાઘડું જોઈને અને તે પાઘડાથી તેમનું મુખ પણ ઢંકાઈ ગયું છે. તેવા તેમને જોઈને શ્રીહરિ તથા સભાસદો અત્યંત હસતા હતા. (૪૭, ૪૮)

પછી સુરા ભક્ત અત્યંત લજ્જા પામીને તત્કાળ બેસી ગયા. તે સમયે સભામાં ફક્ત નારાયણ ભક્ત એકલા જ રહ્યા. (૪૯) સુરા ભક્તને બેઠેલા જોઈને શ્રીહરિ બોલ્યા હે ભક્ત વર્ય ! તમો શૂર છો છતાં પણ લજ્જાથી પરાભવ પામ્યા. (૫૦) શ્રીહરિનું આવું વચન સાંભળીને શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની ઈચ્છાથી સૂરા ભક્ત ફરીથી ઊઠ્યા અને હસતા હસતા સભ્યોને ચારે તરફ જોતા ઊભા રહ્યા. (૫૧) શ્રીહરિ સૂરા ભક્તને જોઈને ફરીથી હસતા હતા. તથા સભાજનો પણ હસતા હતા. પછી બંને ભક્તો શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિને નમસ્કાર કરીને સભામાં બેઠા. (૫૨)

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિ મનુષ્ય તથા દિવ્ય ભાવોથી યુક્ત ભવરોગના ઔષધરૂપ અતિ મંગળ ચરિત્રો કરતા આ લોકમાં પોતાને શરણે આવેલા જનોને મહા આનંદ આપતા હતા. (૫૩)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિતે શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં મલ્લયુદ્ધ નિરૂપણ તથા શ્રીહરિ ચરિત્ર વર્ણન નામે પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૫)



અધ્યાય ૩૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી રાજાએ ફાગણ માસની પૂર્ણિમાને દિવસે પોતાના મહેલની બહાર ચોતરા ઉપર સુંદર હિંડોળો બાંધ્યો. (૧) તે હિંડોળો સુંદર તથા વિવિધ પ્રકારના નીલ પીતાદિ વર્ણોવાળા સોનેરી તારથી મનોહર મહામૂલ્યવાળાં વસ્ત્રોથી વીંટાયેલો હોવાથી અત્યંત શોભતો હતો. (૨)

વિવિધ પ્રકારના સુગંધિ પુષ્પોની માળાઓથી અતિશય સુંદર, આંબાના નવપલ્લવોથી યુક્ત વિચિત્ર ફળોથી દેદીપ્યમાન (૩) નવા કિંશુક વૃક્ષના પુષ્પના હાર વીંટેલો અને તેથી શોભાયમાન દેખાતો, કેળોના

સ્તંભોથી અત્યંત શોભતો, પુષ્પો તથા પલ્લવોથી નિર્માણ કરેલા રમણીય તોરણોથી શોભાયમાન, (૪) હે રાજન્ ! સુરસિંહ રાજાએ પુષ્પદોલને દિવસે રંગક્રીડા કરવા માટે તૈયાર થયેલા શ્રીહરિને પ્રાર્થના કરીને તે શોભાયમાન હિંડોળામાં બેસાડ્યા. (૫)

પછી રાજાએ શ્રીહરિની ગુલાલ, અબીર, ચંદન, વિવિધ પ્રકારના સુંદર પુષ્પોની માળાઓ, મહામૂલ્યવાળાં આભૂષણો તથા વસ્ત્રો, ધુપ, દીપ આદિક અનેક ઉપચારોથી પૂજા કરી. પછી વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની મહાઆરતી કરી. (૬, ૭) પછી રાજાએ શ્રીહરિને પ્રણામ કર્યા. પછી દૂતો પાસે તથા ભક્તો પાસે વિવિધ પ્રકારના રંગના પાત્રો તથા ગુલાલ મંગાવ્યો. (૮)

તે સમયે હે રાજન્ ! હર્ષ પૂર્વક મુનિજનો વિવિધ પ્રકારના વાદ્યોએ સહિત હોળીના પદો ગાતા હતા. (૯) તે સમયે ઘણાં ભક્તો હર્ષપૂર્વક ઉંચા સ્વરથી જય જય શબ્દ બોલતા હતા. નગારાં વગેરે વાદ્યો વાગતાં હતાં. (૧૦)

ઘણી શોભાએ યુક્ત હિંડોળામાં બિરાજેલા, અતિ પ્રસન્ન થયેલા પોતાના જનસમુદાયોએ દર્શન કર્યાં છે જેમના એવા, ઈન્દ્રના ધનુષ્યથી થયેલી રંગબેરંગી મેઘની શોભાને ધારણ કરતાં, અતિશ્રેષ્ઠ અને સર્વત્ર વ્યાપ્ત એવા વાજિંત્રોના નાદને સાંભળતા અને મુનિવરોએ ગાન કરાયેલા રાજાધિરાજ શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન અતિશય શોભતા હતા. (૧૧)

પોતાના ભક્તોનું પોષણ કરતા તે ભગવાન તે વખતે દોલા ઉપર હિંચકતા અત્યંત શોભી રહ્યા હતા. પોતાની સુંદર ચપળ દૃષ્ટિવડે અસંખ્ય ભક્તોને પોતે જોતા હતા. કામદેવના મદને હરનારા મંદ હાસ્યથી શોભાયમાન જેમનું મુખ છે એવા, ચંચળ અને સુંદર નીલ ભ્રકુટિઓ રૂપી બંને લટોથી જીતી છે કામદેવના ધનુષ્યની શોભા જેમણે એવા, પ્રભુ શ્રીહરિ પોતાના આશ્રિતજનોના ચિત્તને હરતા હતા. (૧૨)

પછી શ્રીહરિ સુંદર વસ્ત્રથી કેડ્ય બાંધીને સદા સ્મરણીય એવી અતિ સુંદર હોળીની રમત રમતા હતા. (૧૩) હે રાજન્ ! શ્રીહરિ લાલ-પીળા મનોહર રંગો પીચકારી વડે સાધુઓ તથા બીજા ભક્તો ઉપર ફેંકતા હતા. (૧૪)

પોતાના ભક્તોએ ફેંકેલા રંગના જળથી ભીના થયેલા વસ્ત્રોવાળા શ્રીહરિ પ્રીતિપૂર્વક મુનિ સમુદાયને તથા ભક્તોને રંગથી ભીના કરતા હતા. અને એ રીતે અતિ શોભતા હતા. (૧૫)

શ્રીહરિ સાધુઆદિક ભક્તજનો ઉપર વારંવાર ગુલાલની પોષો ભરીને ફેંકતા હતા. એવી રીતે પોતાના સમગ્ર ભક્તજનને હર્ષ પમાડતા હતા. (૧૬) ગુલાલથી ભરેલા લાખના બનાવેલા મનોહર દડાઓ ભક્તો ઉપર નાંખતા શ્રીહરિ હસતા તેમને વારંવાર હસાવતા હતા. (૧૭)

ત્યાં ભક્તોની અત્યંત ભીડ થવાથી શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ભક્તજનોની સાથે ગીત વાજિંત્રોના ધ્વનિની સાથે રંગક્રીડા કરવા માટે બહાર ગયા. ત્યાં જઈને ભક્તજનો ઉપર ગુલાલ ફેંકતા હતા. પછી શ્રીહરિ શિવાલયની સમીપે રહેલા ઓટલાની પાસે આવ્યા. (૧૯) હે રાજન્ ! શ્રીહરિ તે ઓટલા ઉપર ઉભા રહીને પોતાના ભક્તોની ઉપર રંગ તથા ગુલાલ ફેંકવા લાગ્યા. (૨૦)

ત્યાં પણ જનોની અત્યંત ભીડ થવાથી સમર્થ શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બેસીને તે જનોની સાથે સરોવરની સમીપ આવેલા અત્યંત વિશાળ સ્થાનમાં ગયા. (૨૧) તે સ્થાનમાં પણ આનંદિત થયેલા પોતાના ભક્તો ઉપર, પ્રભુ શ્રીહરિ રંગ તથા સુંદર ગુલાલ ફેંકવા લાગ્યા. (૨૨)

પછી શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બેસીને ઘોડેસવારોથી વીંટાઈને પોતાના સુંદર અશ્વને વિચિત્ર ગતિઓથી ખેલવતા હતા. (૨૩) રંગથી ભીનાં થઈ ગયા છે વસ્ત્ર જેમનાં એવા પોતાના અશ્વને ખેલવતા શ્રીહરિ પોતાના આશ્રિત જનોના સમૂહ પ્રત્યે નિર્નિમેષ નેત્રોથી જોતા હતા. (૨૪)

પછી સરોવરની સમીપથી ભક્તજનોની સાથે ચાલતા શ્રીહરિ વિવિધ વાદ્યોનો ઘોષ સાંભળતા ભક્ત સમૂહમાં ગુલાલ ફેંકતા હતા. (૨૫) પછી શ્રીહરિ મોટા વડથી શોભાયમાન સભાસ્થાનમાં જઈને ત્યાં પણ સમગ્ર ભક્તો ઉપર રંગ છાંટતા હતા. શ્રીહરિ અત્યંત હર્ષ પૂર્વક તેમના ઉપર ગુલાલ ફેંકતા હતા. (૨૬) પછી વડની પાસેથી પોતાના આશ્રિતો સાથે ચાલતા, વાદ્યોના ધ્વનિ સાંભળતા, પોતાના અશ્વ ઉપર બિરાજેલા, ઘોડેસવારોથી વીંટાયેલા, ઘોડેસવારો તથા પોતાના ભક્તજનો ઉપર ગુલાલ ફેંકતા શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૭, ૨૮) પછી ધર્મના પુત્ર શ્રીહરિ સ્નાન તથા પોતાનો નિત્ય વિધિ કરીને હે ભૂપતે ! નાના પ્રકારના સ્વાદિષ્ટ ભોજનો જમતા હતા. (૨૯) પછી હે રાજન્ ! શ્રીહરિ બ્રહ્મચારીઓને બરફી, પેંડા વગેરે પ્રીતિપૂર્વક પીરસતા હતા અને સમગ્ર બ્રહ્મચારીઓ જમતા હતા. (૩૦) ત્યારબાદ શ્રીહરિ સાધુઓની પંક્તિમાં આવીને સાકરના લાડુ સાધુઓને તથા પોતાના આશ્રિતોને પીરસીને તેમને તૃપ્તિ પમાડતા હતા. (૩૧)

તે પછી શ્રીહરિ રાજાના ભુવનની બહાર ઓટલીની સમીપે આવીને કોમળ ગાદી તકીયા યુક્ત પોતાના આસન ઉપર બિરાજ્યા. (૩૨) શ્રીહરિની મૂર્તિના દર્શન કરવામાં આસક્ત નેત્રોવાળા સર્વે ત્યાગીઓ તથા ગૃહસ્થો સભામાં યથાયોગ્ય બેઠા. (૩૩) શ્રીહરિની સમીપ રહેલા સૂરસિંહ રાજા ભક્તિપૂર્વક અતિ લાલ ચામરથી શ્રીહરિને વીંજણો નાંખતા હતા. (૩૪)

પછી તે રાજાએ ધર્મનંદન શ્રીહરિને પૂછ્યું તેથી શ્રીહરિ બ્રહ્મવેત્તા બ્રાહ્મણોનું માહાત્મ્ય સૂરસિંહ રાજાને કહેતા હતા. (૩૫) બ્રહ્મવિદ્ બ્રાહ્મણોની સેવા કરનારા જે મરુત, સુહોત્ર, ગય, માંધાતા વગેરે રાજાઓ હતા. તેમની કથા તેમને કહેતા હતા. (૩૬) હે મહિપતે ! પછી શ્રીહરિએ રાજાના ભુવનમાં દામોદર નામની શ્રીહરિની મૂર્તિની સ્થાપના કરાવી. (૩૭)

વિવિધ પ્રકારના પાપના સમુદાયનો નાશ કરવામાં અતિ શક્તિશાળી, ન નાશ પામે એવા તાપનો પણ નાશ કરનાર છે શ્રવણ અને કીર્તન જેનું, એવી લીલા મત્સ્યાવપુરમાં ઘણાં પ્રકારે કરતા એવા ભગવાન શ્રીહરિ પોતાના સમગ્ર ભક્તોને અત્યંત સુખી કરતા હતા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરીલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં પુષ્પદોલોત્સવમાં શ્રીહરિએ રંગખેલ કર્યો તેના નિરુપણનો છત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૬)



અધ્યાય ૩૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિએ પોતાના સમગ્ર આશ્રિત દેશાન્તરથી આવેલા ભક્તોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપી. (૧) પછી સમગ્ર ભક્તો શ્રીહરિનું વિવિધ પ્રકારના મનોહર ઉપચારોથી પૂજન કરીને તેમજ સાષ્ટાંગ નમસ્કાર કરીને ત્યાંથી ચાલતા હતા. (૨)

તે સમયે પોતાના દર્શન માટે આવેલા દદૂક ગામ નિવાસી અલજીત તથા કાંધાભાઈ વગેરે સત્સંગીઓ શ્રીહરિના ચરણ કમળના આશ્રયવાળા, (૩) ભક્તો શ્રીહરિને પોતાના ગામમાં લઈ જવા માટે પરમ પ્રીતિ પૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરતા હતા. તેથી તમારા ગામમાં આવીશ. એમ તે ભક્તોને શ્રીહરિએ કહ્યું. (૪)

તીર્થોમાં ગુપ્ત રીતે રહેલા અધર્મને મૂળમાંથી ઉખેડી નાંખવા ઈચ્છતા પાપીઓના સ્પર્શથી પ્રાપ્ત થયેલા અને ન નાશ પામે તેવા મળને ધોવા માટે શ્રીહરિએ પોતાના બુદ્ધિમાન સાધુઓ સાથે વિચાર કરીને તે તીર્થમાં સ્નાન કરીને તેનો મળ નાશ કરવાની ઈચ્છાથી, ચૈત્ર સુદી પૂર્ણિમાની તિથિએ સિદ્ધપદ તીર્થમાં જ્યાં તે સમયે ઘણાં જનો ભેગા થયા હતા, તેમને પોતાના દર્શન આપી મહા વિપત્તિ રૂપ સંસારમાંથી તેમનો ઉદ્ધાર કરવાની ઈચ્છા કરી. હે મહીપતે ! જગત પ્રસિદ્ધ તે તીર્થમાં જવા માટે નિશ્ચય કર્યો. પછી તે પુર થકી આશ્રિતોની સાથે પ્રયાણ કરવા માટે શ્રીહરિ તૈયાર થયા. (૫, ૬, ૭, ૮)

સૈન્યે સહિત રાજાએ તથા ત્યાંના ઘણાં ભક્તોએ વિચિત્ર વાજિંત્રોના ધ્વનિથી શ્રીહરિને વળાવ્યા. રમણીય ઘોડી ઉપર બિરાજેલા ધર્મનંદન શ્રીહરિએ પોતાના ઘોડેસવારો તથા મુનિઓની સાથે ત્યાંથી પ્રયાણ કર્યું. (૯, ૧૦) શ્રીહરિ પોતાની પાછળ આવતા આંખમાં અશ્રુવાળા સૂરસિંહ રાજાને સાંતવન આપીને તેમને તથા બીજા ભક્તોને પાછા વાળી ત્યાંથી ચાલ્યા. (૧૧)

આશ્રિતો સહિત શ્રીહરિ ‘દદૂક’ ગામની સમીપે પહોંચ્યા. તે સમયે ત્યાંના ભક્તો તથા બીજાજનો વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિ સન્મુખ ગયા. (૧૨) પછી શ્રીહરિના દર્શનથી આનંદ પામેલા ભક્તો શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરીને હર્ષપૂર્વક તેમને પુષ્પના હાર વગેરે સમર્પણ કરતા હતા. (૧૩) પછી તે ભક્તોએ ગાઢ પ્રેમથી શ્રીહરિની પ્રાર્થના કરી અને ગીત વાજિંત્રોના મહા ધ્વનિ સાથે શ્રીહરિને પોતાના ભક્તો સાથે ગામમાં પ્રવેશ કરાવ્યો. (૧૪)

ત્યાંના જનસમુદાયે અતિ પ્રેમથી શ્રીહરિનાં દર્શન કર્યા અને શ્રીહરિને તેમના ભક્તો સાથે યોગ્ય સ્થાનમાં નિવાસ કરાવ્યો. (૧૫) હે ભૂપતે ! ત્યાંના અલજીત આદિક ભક્તોએ ધર્મપુત્ર ભગવાન શ્રીહરિની સેવા કરી અને વિવિધ પ્રકારનાં ભોજનો જમાડ્યા. (૧૬) શ્રીહરિના સર્વે આશ્રિત વર્ણીઓને પણ જમાડ્યા. શ્રીહરિ મુનિઓ વગેરેને ભોજન પીરસીને તૃપ્ત કરતા હતા. (૧૭)

પછી નયનોને આનંદ આપનારા શ્વેત વસ્ત્ર ધારણ કરનારા શ્રીહરિ પોતાને યોગ્ય નિવાસમાં કોમળ વસ્ત્રોથી બિછાવેલા પોતાના આસનમાં બિરાજમાન થયા. (૧૮) શ્રીહરિના દર્શનમાં ઉત્સુક મનવાળા ત્યાગિઓ તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિની સમીપે યથાયોગ્ય બેઠા. (૧૯) પછી ત્યાંના ભક્તોએ સુગંધિમાન

પુષ્પોના હાર, રેશમી વસ્ત્રો તથા વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૨૦)

શ્રીહરિમાં અત્યંત ભક્તિયુક્ત ત્યાંની સ્ત્રીઓ પણ અતિ મહાન ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતી હતી. (૨૧) પછી સુરસિંહ રાજાના સાળા વખતાભયની કેશિની સ્ત્રીએ તેના કુમાર જાલમસિંહને પ્રેરણા કરી તેથી તે શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યો. (૨૨)

હે પ્રભો ! આપને મેં ક્યારેય સત્પુરુષોને ભેટતા જોયા નથી. માટે હાલમાં મુનિઓને આપ છાતી સરસા ચાંપીને ભેટો (૨૩) હે શ્રીહરે ! આપની આ લીલાનાં દર્શન કરવાની અમને અત્યંત ઈચ્છા છે અને બીજા ભક્તજનોની પણ તેવી ઈચ્છા છે. માટે આપ દયાળુ અમારી ઈચ્છા પૂરી કરો. (૨૪) જેમને મુનિઓ પ્રિય છે તે શ્રીહરિ, કુમાર દ્વારા એ કેશિનીનું આવું વાક્ય સાંભળીને, હાસ્ય કરીને સર્વ સાધુજનોને અત્યંત પ્રીતિપૂર્વક ભેટતા હતા. (૨૫)

પછી શ્રીહરિ તે ગામમાં ધર્મ સંબંધિ કલ્યાણ કરનારી ઉપદેશ વાતો કરીને ભક્તોને સુખ આપતા ત્યાં રાત્રિ રહ્યા. (૨૬) પ્રાતઃકાળમાં શ્રીહરિ ઘોડી ઉપર બેસીને પોતાના આશ્રિતોની સાથે નીકળ્યા. તે સમયે ત્યાંના ભક્તોએ તેમને વળાવ્યા. શ્રીહરિ ત્યાંથ કુંડાલય ગામે (કુંડાલ્ય) પધાર્યા. (૨૭) ત્યાંના નિવાસી ભક્તો શ્રીહરિની સન્મુખ વાદ્યોના ઘોષ સાથે ગયા અને શ્રીહરિની પ્રાર્થના કરી. પછી શ્રીહરિએ તે ગામમાં પોતાના આશ્રિતોએ સહિત નિવાસ કર્યો. (૨૮)

તે ગામમાં પૂજો, કલો, કેવળ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. તેમજ રૂપવતી આદિ સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતી હતી. (૨૯) શ્રીહરિની વિવિધ ઉપચારોથી પૂજા કર્યા બાદ શ્રીહરિ ભોજન જમ્યા. પછી સુંદર વાર્તાઓ કરીને પોતાના આશ્રિતો સાથે ત્યાં રાત્રી રહ્યા. (૩૦)

પ્રાતઃકાળમાં શ્રીહરિને તે ગામના ભક્તોએ વળાવ્યા અને શ્રીહરિ ત્યાંથી પ્રસ્થાન કરી પોતાના ભક્તો સાથે રાજપુર ગામમાં પધાર્યા. (૩૧) શ્રીહરિની સન્મુખ રાજપુરના ભક્તો ગયા. પોતાના આશ્રિતજનોએ વંદના તથા પ્રાર્થના કરાયેલા શ્રીહરિ, પોતાના સહચરોની સાથે તે ગામમાં પધાર્યા. (૩૨) શ્રીહરિના ત્યાંના આશ્રિતજનો શ્રીહરિને તથા તેમના ભક્તોને યોગ્ય નિવાસ આપીને, સાવધાન થઈને, પ્રીતિપૂર્વક યથાયોગ્ય તેમની સેવા કરતા હતા. (૩૩)

તે ગામમાં વસનજી, હરખજી, વિઠ્ઠલ, પુરુષોત્તમ, જેકણ, નાથો, હીરો તથા બહેચર; (૩૪) હરિસંગ, દાનસંગ, વાસ્તુ, નારાયણ આદિક ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની શુભ સેવા કરતા હતા. (૩૫) હે ભૂપતે ! ભક્તોએ વિવિધ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. પછી શ્રીહરિ પોતાના આશ્રિતો સાથે ભોજન જમ્યા. પછી શુભ વાર્તા કરીને ત્યાં રાત્રિ રહ્યા. (૩૬)

પછી ત્યાંના ભક્તોએ શ્રીહરિને પ્રસ્થાન કરાવ્યું અને શ્રીહરિ પ્રાતઃકાળમાં ઘોડી ઉપર બેસીને તે ગામમાંથી પોતાના આશ્રિતો સાથે નીકળી ઝુલાસણ ગામમાં પધાર્યા. (૩૭)

શ્રીહરિના ત્યાંના આશ્રિતો વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિની સન્મુખ ગયા અને શ્રીહરિને વંદન

કરી, પ્રાર્થના કરી. શ્રીહરિ પોતાના આશ્રિતો સાથે ત્યાં રહ્યા. (૩૮) શ્રીહરિનું તે ગામમાં હિરાભક્ત તથા બીજા ભક્તોએ ચંદન, પુષ્પાદિ ઉપચારોથી પૂજન કર્યું. સેવા કરી અને એ રીતે પોતાના આશ્રિતો સાથે શ્રીહરિ ભોજન જમીને પછી ઉપદેશ વાતો કરીને રાત્રિ ત્યાં રહ્યા. (૩૯)

સવારમાં તે ગામના નિવાસી ભક્તજનોએ, શ્રીહરિને આશ્રિતોએ સહિત વળાવ્યા અને શ્રીહરિ પોતાના ભક્તજનોના સ્થાન ભૂત ડાંગરવા ગામમાં પધાર્યા. (૪૦)

સન્મુખ આવેલા પોતાના ભક્તોએ શ્રીહરિને વંદના તથા પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ પોતાના આશ્રિતોની સાથે ત્યાં હર્ષપૂર્વક નિવાસ કર્યો. (૪૧)

વેણીદાસ, જતન, ભાવસિંહ, નરોત્તમ, ઉદ્યમજીત, નાથો, દલજીત, પ્રતાપજીત, અમરજીત, વનજીત, બુદ્ધિમાન અગ્રજીત, સાંકળચંદ, હરિજીવન તથા મૂળચંદ વગેરે શ્રીહરિના ભક્તો બ્રહ્માદિકને પણ જેમનાં દર્શન દુર્લભ છે એવા પ્રત્યક્ષ અવતારી શ્રીહરિને ભક્તિપૂર્વક સેવતા હતા. (૪૨, ૪૩, ૪૪)

વજાબા, અવલબા, રળીયાત તથા નંદા વગેરે સ્ત્રીઓ પણ ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતી હતી. (૪૫) તે ગામના ભક્તોએ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ પણ પોતાના આશ્રિતો સાથે ભોજન જમીને પછી સ્વાશ્રિતોને અત્યંત હિત કરનારી ઉપદેશ વાર્તા કરીને એક રાત્રિ રહ્યા. (૪૬)

પ્રભાતમાં પોતાની ઘોડી ઉપર બેસીને પોતાના આશ્રિતોએ વળાવેલા શ્રીહરિ પોતાના આશ્રિતોએ સહિત 'મંથમૂલ' (માથામૂસ) ગામ પધાર્યા. (૪૭) વાજિંત્રો સાથે પોતાની સન્મુખ આવેલા ત્યાંના શ્રીહરિના ભક્તોએ શ્રીહરિને વંદના કરી અને પ્રાર્થના કરી. પછી શ્રીહરિ પોતાના ભક્તો સાથે તે ગામમાં આનંદ પૂર્વક પધાર્યા. (૪૮)

તે ગામમાં વાસ્તુ, મુરારિ, જીતાભાઈ, નારાયણ વગેરે ભક્તો ભક્તિ પૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૪૯) તેવી રીતે ગુલાલબા વગેરે સ્ત્રીઓ પણ હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગી. સ્ત્રી તથા પુરુષ ભક્તોએ સુંદર ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૫૦)

શ્રીહરિ ત્યાં આશ્રિતો સાથે ભોજન જમ્યા. પછી કલ્યાણકારી વાર્તા કરીને ત્યાં રાત્રિ રહ્યા. પછી પ્રાતઃકાળમાં પ્રયાણ કરવા તૈયાર થયા. (૫૧) પોતાની ઘોડી ઉપર બિરાજેલા પોતાના ભક્તો સાથે શ્રીહરિને ત્યાંના ભક્તોએ વળાવ્યા. પછી શ્રીહરિ ટુંડેલ ગામમાં પધાર્યા. (૫૨)

વાદ્યોએ સહિત પોતાની સન્મુખ આવેલા ટુંડેલ ગામના પોતાના આશ્રિત ભક્તોએ શ્રીહરિને વંદના પ્રાર્થના કરી, પછી શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે ત્યાં રહ્યા. (૫૩) તે ગામના માવો, ગોપાળ, ગણેશ, વાલો, ગંગારામ વગેરે ભક્તો શ્રીહરિની સ્નેહથી સેવા કરવા લાગ્યા. (૫૪) ત્યાંના ભક્તજનોએ વિવિધ પ્રકારના ઉપહારોથી શ્રીહરિનું પૂજન કર્યું. પછી પોતાના ભક્તોની સાથે ભોજન જમીને પછી ઉપદેશ વાતો કરીને શ્રીહરિ ત્યાં રાત્રિ રહ્યા. (૫૫)

હે રાજન્ ! શ્રીહરિને તેમના આશ્રિતોએ વળાવ્યા. પછી શ્રીહરિ પોતાના ભક્તો સાથે પ્રાતઃ

કાળમાં તે ગામથી નીકળ્યા અને અંબાસણ ગામ પધાર્યા. (૫૬)

વાજિંત્રોના ઘોષ કરતા સન્મુખ આવેલા અંબાસણ ગામના ભક્તોએ શ્રીહરિને વંદના તથા પ્રાર્થના કરી એટલે પોતાના અનુયાયી ભક્તો સાથે શ્રીહરિ તે ગામમાં રહ્યા. (૫૭) તે ગામમાં જીવન, ચતુર તથા દ્વારકાદાસ આદિ ભક્તજનો હર્ષથી શ્રીહરિની સેવા કરતા હતા. (૫૮)

ત્યાંના ભક્તોએ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. પછી સર્વે શ્રોતાઓને હિતકારી વાર્તા કરીને પોતાના આશ્રિતો સાથે ભોજન જમીને ત્યાં રાત્રિ રહ્યા. પ્રાતઃ કાળમાં ત્યાંના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ પછી મેથાણ ગામમાં પધાર્યા. (૫૯-૬૦)

સન્મુખ આવેલા મેથાણના ભક્તોએ શ્રીહરિને વંદના તથા પ્રાર્થના કરી. પછી શ્રીહરિ પોતાના સંતજનો સાથે ત્યાં રહ્યા. (૬૧) તે ગામમાં મૂળચંદ, બીજા નૃસિંહ વગેરે ભક્તો તથા કુશળબા વગેરે સ્ત્રીઓ ભક્તિ પૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગી. (૬૨) ત્યાંના ભક્તજનોએ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ પોતાના ભક્તોની સાથે ભોજન જમ્યા. પછી સુંદર વાર્તા કરીને ત્યાં રાત્રિ રહ્યા. (૬૩)

પછી શ્રીહરિ પ્રભાતમાં ઘોડી ઉપર બેસીને પોતાના ભક્તસમૂહે તે ગામથી વળાવ્યા. અને તીર્થરૂપ સિદ્ધપદ નામના ક્ષેત્રમાં પધાર્યા. (૬૪)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં દદૂકાદિ ગામોમાં શ્રીહરિનું વિચરણ નિરૂપણ નામે સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૭)



અધ્યાય ૩૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- અહીં સરસ્વતી નદીના સમીપે શોભાયમાન વૃક્ષોવાળા અને મંડપોથી શોભાયમાન સ્થાનમાં શ્રીહરિએ નિવાસ કર્યો. (૧)

હે મહીપતે ! જેમની કીર્તિ તીર્થરૂપ છે તે શ્રીહરિએ બિંદુ સરોવરમાં પોતાના સંતપુરૂષો વગેરેની સાથે યથા શાસ્ત્ર સ્નાન કર્યું. (૨) પછી શ્રીહરિએ સુવર્ણ, મોતી, રૂપિયા, અલંકારો, રેશમી વસ્ત્રો, બીજા અમૂલ્ય વસ્ત્રો, અશ્વો તથા તાંબાના મોટા પાત્રો વગેરે બ્રાહ્મણોને દાનમાં સમર્પણ કર્યા. (૩)

ધર્મ પ્રવર્તક, અવતારી, મનુષ્ય નાટ્યધારી શ્રીહરિ પોતાના ભક્તો પાસે પણ બ્રાહ્મણોને ઘણાં દાન અપાવતા હતા. (૪) શ્રીહરિએ શ્રેષ્ઠ ભોજન તથા દક્ષિણા વગેરેથી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. ત્યાં આવેલા બીજા અન્નાર્થીઓને પણ શ્રીહરિ ભોજન કરાવતા હતા. (૫)

તે તીર્થમાં ચૈત્ર માસની પૂર્ણિમાના મહોત્સવ સમયે અસંખ્ય પુરુષો તથા સ્ત્રીઓ ત્યાં આવ્યા. (૬) હે રાજન્ ! તે તીર્થમાં શ્રીહરિને આવેલા જાણીને શ્રીહરિના ઘણાં આશ્રિજતનો શ્રીહરિના દર્શન

માટે ઉત્સુક બની ત્યાં આવતા હતા. (૭) હે રાજન્ ! પછી તે સર્વેજનો શાસ્ત્ર પ્રમાણે તીર્થ વિધિ કરીને સરસ્વતીના તટમાં ત્યાગીઓ તથા ગૃહસ્થ જનોની સભાના મધ્ય ભાગમાં રહેલા સિંહાસન ઉપર બિરાજેલા અચ્યુત શ્રીહરિના દર્શન કરતા હતા. (૮)

પછી ભક્તજનોના સમુહોની મહા સભામાં સર્વોત્તમ સુંદર આસનમાં બિરાજેલા અતિ રમણીય શ્રીહરિના દર્શન કરીને તે ભક્તો શ્રીહરિના રૂપમાં આસક્ત બની અત્યંત શાંતિ પામ્યા અને અતૃપ્ત નયને શ્રીહરિના દર્શન કરતા ચિત્રમાં ચિતરેલા ચિત્રોની માફક સ્થિર થઈ ગયા. (૯) ચંદ્રકિરણો જેવા ગૌર વર્ણવાળા, સુંદર વસ્ત્રોથી દેદીપ્યમાન અંગોવાળા, સુંદર નવીન સજળ મેઘની માફક સુંદર વર્ણવાળા, નાભિ પર્યન્ત લાંબા વિવિધ પ્રકારના ઉત્તમ પુષ્પના હારથી શોભતા તથા પુષ્પોના બાજુબંધો, ઉત્તમ તોરાઓથી શોભાયમાન. (૧૦) કર્ણ પર્યન્ત લાંબા કરુણારૂપી અમૃતથી પૂર્ણ નેત્રો જેમના છે એવા મોતીઓના સ્વચ્છ ગુચ્છાઓની સુંદર કાંતિથી જેમના બંને સુંદર કર્ણો શોભે છે. અને મોતીના હારથી જેમના બંને બાહુઓનો મધ્યભાગ અલંકૃત છે. એવા, સંતાપનો નાશ કરનારા નખરૂપી ચંદ્રમા જેમને છે એવા બંને ચરણારવિંદો જેમના છે એવા. (૧૧)

પ્રફુલ્લિત કમળ તથા શરદ પૂર્ણિમાના ચંદ્રમાનો તિરસ્કાર કરનારું છે વદન જેમનું એવા, સુંદર મંદ હાસ્યથી ખેંચ્યા છે નિરીક્ષક ભક્તોના ચિત્ત જેમણે એવા, બંને ભ્રકુટિઓથી તિરસ્કૃત કરી છે કામદેવના ધનુષની શોભા જેમણે એવા, અને નૂતન પલ્લવોનો તિરસ્કાર કરનારી છે બંને ઓષ્ઠોની કાંતિ જેમની એવા; (૧૨) લગારેક નમેલો છે અગ્ર ભાગ જેમનો એવી તલના પુષ્પની માફક અતિ રમણીય નાસીકાવાળા, સૂક્ષ્મ અને અતિ શોભાયમાન જે દંતોથી તિરસ્કૃત કરી છે મોગરાની કળીઓ જેમણે એવા, સર્વે અંગોની સુંદરતાથી વિશેષ શોભતા અને સર્વથી અધિક છે તેજ જેમનું એવા મનોહર સ્વભાવવાળા; (૧૩)

આકૃતિની સુંદરતા અને મધુરતાથી યુક્ત સર્વોત્તમ સમગ્ર મંગળો જેમાં છે એવા શરીરથી ધર્મના ઉદયમાં કારણભૂત, પોતાના પરિચયમાં નહીં આવેલા એવા, જનો પ્રત્યે પણ સર્વોત્તમ પ્રીતિ કરનારા, (૧૪) શ્રીહરિની તે સભામાં સમગ્ર ગૃહસ્થો તથા ત્યાગીજનો ચારેય તરફ બેસીને પ્રિય દર્શનવાળા તે શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૧૫) શ્રીહરિના મુખમાં જેમની દૃષ્ટિ કેન્દ્રિત થઈ છે એવા ભક્તજનો ત્યાં બેઠા હતા. તેથી શ્રીહરિએ ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ સંબંધી ઉપદેશ વાતો ત્યાં કરતા હતા. (૧૬) શ્રીહરિની અમૃતથી પણ અધિક સ્વાદુ વાણીનું પાન કરીને, દાવાનલથી બળેલા વનના પ્રાણીઓ મેઘની વૃષ્ટિથી જેમ શાન્તિ પામે તેમ તે ભક્તો શાંતિ પામ્યા. (૧૭)

તે તીર્થમાં ઘણા મતવાદિ વિદ્વાનજનો અતિ દૂર્જય હતા. છતાં પણ શ્રીહરિની આગળ બોલવા માટે પણ શક્તિમાન થયા નહિ. (૧૮) તે મતવાદિ પંડિતોનું પાંડિત્ય, ચતુરાઈ, પ્રાગલ્ભ્ય વગેરે જેમ ખદ્યોતનો પ્રકાશ દિવસે જણાય તેમ શ્રીહરિની આગળ લીન થઈ ગયા. (૧૯)

વેદો તથા શાસ્ત્રોના સત્પ્રમાણોથી યુક્ત, ઘણા શાસ્ત્રોના વચનોથી ઉત્પન્ન થયેલા સંશયોનું નિવર્તન કરનારી, ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ અને ભગવાનના માહાત્મ્યના જ્ઞાનથી યુક્ત, શ્રોતાજનોના અંતઃકરણને

આનંદ કરનારી, સંસારના ભયને છેદનારી, સત્પુરુષોને પ્રિય, એવી વાર્તા કરતા શ્રીહરિને જોઈને પંડિતજનો પરમ આશ્ચર્ય પામ્યા. (૨૦)

પછી તીર્થ આદિમાં ગુપ્ત રીતે થતા અધર્મને જાણનારા ઈશ્વર શ્રીહરિ પોતાના પ્રતાપથી તે અધર્મને નિર્મૂળ કરવા માટેની ઈચ્છાથી યાત્રિકોને વેદ-શાસ્ત્રના પ્રમાણથી તીર્થ વિધિ કહેતા હતા. (૨૧, ૨૨) હે ભક્તો ! તીર્થમાં જે પુણ્ય તથા પાપ કર્યું હોય તે સહસ્રગણું વૃદ્ધિ પામે છે. આવી રીતે ધર્મપ્રિય શ્રીહરિ તેમને કહેતા હતા. (૨૩) અન્ય સ્થાનમાં કરેલા પાપનો તીર્થમાં નાશ થાય છે. પરંતુ તીર્થમાં કરેલું પાપ જરૂર વજ્રલેપ થાય છે. આ પ્રમાણે શ્રીહરિ ઉપદેશ દેતા હતા. (૨૪) તીર્થમાં જનોએ પોતાના નિયમોનું નિત્ય પાલન કરવું અને જો એમ ન કરે તો મોટી આપત્તિ પ્રાપ્ત થાય એમ શ્રીહરિએ કહ્યું. (૨૫)

પોતાના નિયમોનું પાલન તીર્થોમાં કરવું તેમાં ઘણા વિઘ્નો કરનારા પણ હોય છે. છતાં તે નિયમોનું પાલન કરવું એમ શ્રીહરિ તેમને કહેતા હતા. (૨૬)

શ્રીહરિ તીર્થની ઉત્પત્તિ શાસ્ત્ર પ્રમાણે કહેતા હતા. પ્રભુ શ્રીહરિ તીર્થનું માહાત્મ્ય પણ શાસ્ત્ર પ્રમાણે ઘણા પ્રકારે વર્ણન કરતા હતા. (૨૭)

શ્રીહરિનો આશ્ચર્યકારી અનુપમ પ્રતાપ જોઈને હજારોજનો શ્રીહરિને ભગવાન જાણીને તેમનો આશ્રય કરતા હતા. (૨૮) તે ક્ષેત્રમાં ભગવાન નામના મુખ્ય તેમજ બીજા ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. તેમજ ચતુરા આદિક સ્ત્રીઓ ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતી હતી. (૨૯)

હે રાજન્ ! તે સમયે શ્રીસ્વામિનારાયણ ભગવાન છે એમ તે નગરમાં તથા યાત્રિક જનોના નિવાસોમાં અત્યંત ઉદ્‌ઘોષ થયો. નગરના જનો તથા યાત્રિકજનોના નિવાસોમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને પ્રત્યક્ષ દર્શન આપ્યા તેથી તે જનોને પરમાનંદ થયો. તેથી તે સમગ્રજનો શ્રીહરિનો દિવ્ય પ્રતાપ હર્ષપૂર્વક ગાતા હતા. (૩૦) શ્રીહરિને ત્યાં આવતા સાંભળીને ઘણા ભક્તો ત્યાં આવ્યા. તે ભક્તો શ્રીહરિનું વિવિધ પ્રકારના ઉપચારોથી પૂજન કરતા હતા. (૩૧)

ત્યાં વિસનગર તથા વડનગરથી આવેલા ભક્તો શ્રીહરિને પોત પોતાના પુરમાં લઈ જવા માટે ભક્તિપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. (૩૨) હે દયા સિંધો ! હે સ્વામિન્ ! અમારા પુરમાં ભક્તો ઉપર અત્યંત સ્નેહ રાખનારા આપ આપના મુનિઓની સાથે કૃપા પૂર્વક પધારો. (૩૩) હે શ્રીહરે! દુસ્તર સંસાર સમુદ્રમાં બુડેલા બંને પુરના નિવાસી જનોને આપ આપનાં દર્શન આપી સંસાર સાગરથી તેમનો ઉદ્ધાર કરો. (૩૪) હે શ્રીહરે ! બંને પુરના નિવાસી આપના આશ્રિત અમો સર્વે આપના દર્શન તથા સેવા કરી અમારો જન્મ સફળ કરવા ઈચ્છીએ છીએ. (૩૫)

બંને પુરમાં રહેનારા સર્વે ભક્તો આપના આગમનની, જેમ ખેડુતો મેઘની રાહ જુએ તેમ અત્યંત રાહ જુએ છે. (૩૬) તેથી પીડાને નાશ કરનારા હે શરણાગતવત્સલ ! ભક્તોને અભીષ્ટ ફળ આપનારા આપે આપના સેવકો ઉપર દયા કરીને ત્યાં પધારવું. (૩૭)

તેમની આવી પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ તેમને કહ્યું કે તમારા બંને પુરમાં હું આવીશ. પછી પ્રાતઃકાળમાં પોતાના આશ્રિતોની સાથે શ્રીહરિ જવા તૈયાર થયા. (૩૮) અતિ સુંદર સ્વભાવવાળી પોતાની ઘોડી ઉપર બિરાજીને શ્રીહરિએ પોતાના ચરણકમળમાં આસક્ત એવા ઘોડે સવારોથી વીંટાયેલા તેમજ પાર્ષદો, વર્ણીઓ તથા મુનિઓ અને બીજા પોતાના ઘણા ભક્તોની સાથે સિદ્ધપદ ક્ષેત્રથી પ્રયાણ કર્યું. (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્રશ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિએ સુપાત્રોને દાન આપ્યું તે વર્ણન નામે આડત્રિશમો અધ્યાય સંપૂર્ણ. (૩૮)



અધ્યાય ૩૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- માર્ગમાં ચાલતા શ્રીહરિ પોતાનો જનોને અત્યંત આનંદ આપતા હતા તથા તેમને ઉપદેશ વાતો કરતા હતા, એટલામાં માર્ગમાં વન આવ્યું. (૧) ફળો તથા પુષ્પોથી વ્યાપ્ત્ત વિચિત્ર પ્રકારના વૃક્ષોથી શોભાયમાન, કોકીલા આદિ પક્ષીઓના શબ્દોથી જાણે શ્રીહરિને બોલાવતું હોય ને શું ? (૨) નૃત્ય કરતા મયૂરો રૂપી નટોના સમુદાયો જેમાં છે એવું, વિવિધ પ્રકારના પક્ષીઓ જેમાં કુંજન કરે છે એવું, વિવિધ પ્રકારના જલાશયોથી યુક્ત, હરિણો વગેરેથી સેવાયેલા તે વનમાં સૂરાભક્ત (હંમેશા શ્રીહરિની સાથે ફરનારા અને શ્રીહરિના સખા-પાર્ષદ સૂરવર્મા રાજા) દૂરથી ગાયોના ટોળાં જોઈને શ્રીહરિને કહેવા લાગ્યા. (૪) હે હરે ! હે સ્વામિન્ ! પહેલાં વૃંદાવનમાં ગાયો ચારતા શ્રીકૃષ્ણ જ્યારે પોતે દૂર ચરનારી ગાયોને બોલાવતા હતા (૫) ત્યારે તત્કાળ ઘાસ ખાવાનુ છોડી દઈને સર્વે ગાયો અહીં તહીંથી દોડતી શ્રીકૃષ્ણની સમીપ આવતી હતી. (૬) તે પશુઓને એવો સ્નેહ કેમ થતો હશે? તથા કેવળ બોલાવવાથી જ મનુષ્યની માફક તત્કાળ કેમ આવતી હશે ? (૭)

હે સ્વામિન્ ! મને તો આ મોટું આશ્ચર્ય જણાય છે. તે જોવાની મારા મનમાં ઈચ્છા છે. (૮) સર્વવિત્ પુરુષોત્તમ, ક્ષર અક્ષરથી પર, અવતારી, તમો હમણાં બ્રાહ્મણ વંશમાં ઉત્પન્ન થયેલા છો. માટે ગાયો ચારી નથી, તેથી એ ગાયોનાં ટોળાને તમો જો બોલાવો તો આવે કે ન આવે ? આ પ્રકારનો મને સંશય છે. (૯-૧૦) તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિ પોતાના સખા સુરા ભક્ત પ્રત્યે હે ભક્તવર ! તમારે ક્યારે પણ આવો સંદેહ કરવો નહિ. એમ મંદ હાસ્ય કરીને કહ્યું. (૧૧) આ ગાયો હું બોલાવું તો અહીં તહીંથી દોડીને અતિ વેગથી આવે જ એમ તમો નિશ્ચય જાણો. (૧૨)

શ્રીહરિનું આ વચન સાંભળીને સુરા ભક્ત પ્રસન્ન થયા. પછી શ્રીહરિને કહેવા લાગ્યા, હે ભગવન્! એમ જો હોય તો તમો સર્વે ગાયોને બોલાવો. (૧૩) હે શ્રીહરે ! તમારું આવું ચરિત્ર જોવાની મને તીવ્ર ઈચ્છા છે. તમારા સ્વરૂપમાં એકાગ્ર મનવાળા સર્વે ભક્તો પણ આવા પ્રકારનું ચરિત્ર જોવા માટે ઈચ્છે છે. (૧૪)

પછી શ્રીહરિ સુરા ભક્ત પ્રત્યે બોલ્યા : હે ભક્તવર ! હું હમણાં ગાયોને બોલાવું છું. તમો બધા દૂર જઈને ઊભા રહો. (૧૫) જો એમ નહિ કરો તો બળવાન ગાયો તમોને પ્રહાર કરશે. શ્રીહરિએ આવી રીતે કહ્યું તેથી સર્વે દૂર જઈને ઊભા રહ્યા. (૧૬)

પછી શ્રીહરિ ઘોડીને ગાયોની સન્મુખ લઈ જઈને મેઘની માફક ગંભીર વાણીથી ગાયોને બોલાવવા લાગ્યા. (૧૭) તેથી સ્નેહથી સ્રવતા દૂધથી પૃથ્વીને ભીની કરતી ગાયો શ્રીહરિનું રમણીય ઉચ્ચારણ સાંભળીને ગોવાળીયાઓએ રોકવા છતાં પણ પૂછડા, કાન અને મુખ ઊંચા કરીને પરમાત્મા શ્રીહરિ પાસે આવી. (૧૮) તે સુંદર ગાયોમાંથી કેટલીક ગાયો ઘાસ ચરવાનું છોડી દઈને તત્કાળ ત્યાં આવી. કેટલીક સ્તનપાન કરતા વાછરડાઓનો ત્યાગ કરીને તત્કાળ મહાવેગથી શ્રીહરિની સમીપ આવી. (૧૯) તે સમયે કેટલીક ગાયોને ગોવાળીયાઓ દોહતા હતા છતાં પણ તે દોહવાનું છોડાવી તથા પગે બાંધેલી નવી દોરડીઓ તોડી નાંખીને ગોવાળીયાઓ પાછી વાળતા હતા છતાં પણ અતિ વેગથી શ્રીહરિની સમીપ આવી. (૨૦) તેવી રીતે દૂધથી અત્યંત ભીનાં છે મુખ જેમના એવા કેટલાક વાછરડા તથા વાછરડીઓ તત્કાળ દોડીને દેવતાઓને પણ નહિ પ્રાપ્ત થયેલું શ્રીહરિનું સમીપપણું પામી. કેટલાક વાછરડા તથા વાછરડીઓના મુખમાંથી લીલા ઘાસના તરણાઓ નીચે પડતા હતા હતા તેવી સ્થિતિમાં શ્રીહરિની સમીપમાં તે આવ્યા. (૨૧) પોતાના બચ્ચાની સાથે ગાયો, દુઃખો નિવૃત્ત કરનાર છે દર્શન જેમનું એવા ઘોડી ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિની ચારેય તરફ વીંટાઈને અત્યંત પ્રેમથી આંખોમાં અશ્રુ સાથે, રોમાંચિત ગાત્રવાળી બની, શ્રીહરિના દર્શન કરતી ઊભી રહી. (૨૨) કેટલીક ગાયો અત્યંત સ્નેહથી શ્રીહરિના બંને પાદારવિંદને ચાટતી હતી. કેટલીક ગાયો જાણે ભાંભરતી હોય એવા મુખ રાખી નિદ્રા પામી હોય એમ ઊભી રહી હતી. કેટલીક શ્રીહરિના સ્વરૂપમાં અત્યંત આસક્ત બની જાણે ચિત્રમાં ચિત્રેલી હોય તેમ ઊભી હતી. (૨૩)

વેદો તથા સાધુઓ જેમને સદા શોધે છે તે ઈશ્વરોના ઈશ્વર, અવતારી, પુરુષોત્તમ પૃથ્વી ઉપર હમણાં નયનગોચર વર્તે છે તેમને મુખ, કાન અને નેત્ર ઉંચા કરીને તે ગાયો જોતી હતી અને આનંદ પામતી હતી. (૨૪) ગાયોને ચારનારા સમગ્ર ગોપો, ગાયોના અત્યંત પ્રેમના સ્થાનભૂત કાન્તિમય ગાયોના સમૂહોથી ચારેય તરફ વીંટાયેલા શ્રીહરિનાં દર્શન કરીને તથા શ્રીહરિમાં તે ગાયોનો અત્યંત પ્રેમ જોઈને આશ્ચર્ય પામી તે સમયે આ પ્રમાણે પરસ્પર બોલતા હતા. (૨૫)

હે ગોવાળીયાઓ ! આ કેવા પ્રકારનું આશ્ચર્ય છે ! આ બધી ગાયો ક્યારેય પણ આપણો ત્યાગ કરતી નથી. પરંતુ હમણાં આપણો ત્યાગ કરીને ચાલી ગઈ. આ બધી ગાયો, ઘોડાઓ તથા મનુષ્યોને જોઈને તેમને મારવા દોડે છે. છતાં પણ આ ઘોડા ઉપર બેઠેલા મહાપુરુષને જોઈને આ ગાયો જડની માફક કેમ ઊભી રહી છે ? (આવું સામર્થ્ય શ્રીકૃષ્ણમાં હતું એવું સાંભળ્યું હતું પણ હાલમાં એવું જોયું ન હતું) એ મોટું આશ્ચર્ય છે. (૨૬)

તેથી આ ઘોડા ઉપર બેઠેલા પુરુષ શ્રી કૃષ્ણ ભગવાન જ છે એમ સમગ્ર ગોવાળોએ શ્રીહરિ

માટે નિશ્ચય કર્યો. હે રાજન્ ! પછી ગોવાળો સંસારરૂપી દુસ્તર સાગરમાં નૌકા સમાન શ્રીહરિનો આશ્રય કરતા હતા. (૨૭) આ પ્રકારે પોતાની દૃષ્ટિ માત્રથી ગાયો તથા ગાયોનું પાલન કરનારા ગોવાળીયાઓનો જન્મ મરણ નિમિત્તરૂપ ભય તેનો નાશ કરીને, પોતાના આશ્રિતજનોની સાથે શ્રીહરિએ હસતા હસતા ત્યાંથી પ્રયાણ કર્યું. પછી ગોવાળીયાઓએ ગાયોને રોકી, પણ જેમ સમુદ્ર પ્રત્યે નદીઓ દોડે તેમ ગાયો શ્રીહરિ પાછળ દોડતી હતી. (૨૮)

શ્રીહરિ પણ પોતાની પાછળ આવતી ગાયોને જોઈને અત્યંત હસતા હસતા સુંદર રૂમાલથી પોતાના શોભાયમાન હાથની ચેષ્ટાની રૂમાલ ફરકાવતા ગાયોને પાછી વળવાની મુદ્રા બતાવીને ગાયોને તત્કાળ પાછી વાળતા હતા. એ રીતે રસ્તામાં રહેલી ગાયો શ્રીહરિના વિયોગથી દુઃખી થયેલી આંખમાં અશ્રુ સાથે શ્રીહરિને જોતી હતી (૨૯)

મનુષ્ય નાટ્યધારી શ્રીહરિની આ લીલાથી શ્રીહરિ પોતાના ભક્તોને આનંદ આપતા હતા. શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે ચાલતા ચાલતા ઉંઝા ગામમાં પધાર્યા. (૩૦) વાજિંત્રોના ઘોષ સાથે સન્મુખ આવેલા ઉંઝાના ભક્તોએ શ્રીહરિને વંદન કર્યું અને પ્રાર્થના કરી. ભક્તવત્સલ શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે તે ગામમાં રહ્યા. (૩૧) અચ્યુત શ્રીહરિને ત્યાંના ભક્તોએ રમણીય નિવાસમાં વાસ કરાવ્યો. પછી આદરપૂર્વક શ્રીહરિની પોતાની યોગ્યતા પ્રમાણે સેવા કરવા લાગ્યા. (૩૨) નાથાભાઈ વગેરે બ્રાહ્મણ ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. કામરાજ, શ્યામો, નારાયણ, મોરારી, મૂલજી, ગણેશ વગેરે ભક્તો પરમ હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૩૩-૩૪)

શ્રીહરિના ચરણકમળના આશ્રયને પામેલી કુમારિકા આદિક સ્ત્રીઓ પરમ ભક્તિથી પોતપોતાની યોગ્યતા પ્રમાણે શ્રીહરિની પૂજા કરતી હતી. (૩૫) ભક્તોએ શ્રીહરિનું ભૂષણ, વસ્ત્રો, વિવિધ પ્રકારના ઉપચારો, ચંદન, કુંમકુમ, પુષ્પના હારો વગેરેથી પૂજન કર્યું. (૩૬) શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે ભોજન જમતા હતા અને પછી કલ્યાણકારી ધર્મ સંબંધી વાતો કરીને એક રાત્રિ રહ્યા. (૩૭) બ્રાહ્મણ ભક્ત કુમારિકા, વસ્ત્રો, વિભૂષણો, ચંદન, કુમકુમ, સુંદર પુષ્પોના હારો વગેરે ઉપચારોથી સર્વ તાપોનું ઉપશમન કરનાર, દેવેન્દ્રોએ પણ ઈચ્છેલું શ્રીહરિનું પરમ પૂજન કરતી હતી. (૩૯)

પવિત્ર વ્રતવાળી કુમારિકા શ્રીહરિની પ્રાપ્તિ માટે અન્નનો ત્યાગ કરીને દરરોજ અતિ અલ્પ ફળાહાર કરી તીવ્ર તપ કરતી હતી. (૪૦) કુમારિકા શ્રીહરિને પ્રસન્ન કરવામાં અતિ આસક્ત હતા અને અતિ ગાઢ પ્રેમવાળા હતા. ફક્ત એક શીંગોડું, ઘણા વર્ષ સુધી, તેઓ દરરોજ જમતાં હતાં. (૪૧) મહા તપથી શુદ્ધ આત્માવાળી વિષય સુખની ઈચ્છાનો જેમણે ત્યાગ કર્યો છે, અત્યંત કૃશ શરીરવાળા કુમારિકા પ્રત્યક્ષ શ્રીહરિનું ધ્યાન કરતા હતા. (૪૨) શરીર ધારીઓને દુષ્કર એવા કુમારિકાના નિર્દંભ તપથી અત્યંત પ્રસન્ન શ્રીહરિ તેની પૂજા આદર પૂર્વક ગ્રહણ કરતા હતા. (૪૩) ત્યાંની સમગ્ર સ્ત્રીઓએ પણ વિવિધ પ્રકારના ઉપચારોથી ઘણી પ્રીતિથી શ્રીહરિનું પૂજન કર્યું. (૪૪)

અખિલેશ્વર શ્રીહરિને પ્રાતઃકાળમાં તે ગામના ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ અશ્વ ઉપર બિરાજીને

પોતાના ભક્તોની સાથે ત્યાંથી નીકળ્યા. (૪૫) ઘોડેસવારોના મધ્ય ભાગમાં શોભાયમાન ઘોડી ઉપર બિરાજેલા પોતાના ભક્તોને વિચિત્ર, મધુર વચનોથી માર્ગમાં આનંદ પમાડતા, પોતાના ભક્તોના પોષણ કરનારા, પૂર્ણકામ, શ્રીહરિ વીસનગરની સમીપે પધાર્યા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિએ ગાયોને બોલાવી તે લીલા પ્રદર્શન નામે ઓગણચાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૯)



અધ્યાય ૪૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પોતાના સ્વામી શ્રીહરિને આવતા સાંભળીને પ્રસન્ન ચિત્તવાળા વીસનગરના હરિભક્તો તેમજ ત્યાં આવેલા વડનગરના ભક્તોને સાથે લઈને અતિ રમણીય વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા. (૧) માર્ગમાં ઘોડીને વિચિત્ર ગતિથી ચલાવતા, સુંદર લગામ ગ્રહણ કરવાથી ચંચળ હાથવાળા, જય જય શબ્દોથી તથા પ્રકાશમાન ભાલાઓ જેમના હાથમાં છે એવા ઘોડેસવારોના સમુદાયથી વીંટાયેલા, પોતાના જનોએ સહિત સ્તુતિ કરવા યોગ્ય શ્રીહરિના તે સર્વે ભક્તો દર્શન કરતા હતા. (૨)

નિર્ધનો નિધિને જોઈને જેમ આનંદ પામે તેમ પોતાના ઈષ્ટ શ્રીહરિના દર્શન કરીને અતિ હર્ષ પામેલા ભક્તો અતિ વિનય પૂર્વક શ્રીહરિને પ્રણામ કરતા હતા. પછી શ્રીહરિને વિવિધ પ્રકારના પુષ્પોના હારો અર્પણ કરીને ઉચ્ચસ્વરે "સહજાનંદ મહારાજની જય" એવા મંગળકારી શબ્દનો ઘોષ કરતા હતા. (૩)

ભક્તો સુંદર વાદ્યોના ઘોષ કરતા હતા. વિપ્રો વેદના ધ્વનિનું ઉચ્ચારણ કરતા હતા. એ રીતે મનોહર ગીતો ગાતા પોતાના વર્ણીઓ, મુનિઓ, ઘોડેસવારો, પાર્ષદો વગેરે સાથે ઈશ્વરના ઈશ્વર શ્રીહરિને પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો. (૪) જે પુરમાં શોભાયમાન શ્રેષ્ઠ દરવાજાઓ છે તથા ઉંચા કિલ્લાઓ છે, વિવિધ પ્રકારના ઘરની પંક્તિઓ તથા બજારોની પંક્તિઓથી જે રમણીય છે, શેરીઓ ચોકો તથા દેવતાઓના મંદિરોથી શોભાયમાન, મીઠા જળથી જેના રાજમાર્ગો છંટાયેલા છે, જેમાં શ્રેષ્ઠ બજારો છે. (૫)

ધર્મશાળાઓ, સભાસ્થાનો, ઘરો તથા બગીચાઓથી જે શોભાયમાન છે, જ્યાં દેવાલયોમાં અત્યંત મનોહર વાજિંત્ર તાલ આદિથી મધુર સંગીત ગવાઈ રહ્યું છે, જે વિવિધ પ્રકારના પક્ષિઓના ગુંજનથી વિશેષ રમણીય છે. (૬)

એ પ્રકારના પુરમાં શ્રીહરિએ પોતાના ભક્તો સાથે પ્રવેશ કર્યો. છત્ર ચામરથી વિરાજમાન દર્શનીય શ્રીહરિના દર્શન માટે રાજમાર્ગમાં પુરનાજનો પોતાના તમામ કાર્યોનો ત્યાગ કરીને તત્કાળ આવ્યા. (૭) તે ભકતો કોટિ કામદેવના ગર્વને હરણ કરનારું રૂપ જેમનું છે એવા શ્રીહરિનાં તેમની મંડળી સાથે દર્શન

કરીને, જેમ તારાઓના સ્વામીચંદ્રને જોઈને ચકોરો આનંદ પામે તેમ, ઘણો આનંદ પામ્યા. શ્રીહરિને ભક્તિપૂર્વક તેઓ અતિ સુંદર પુષ્પોથી હર્ષથી વધાવતા હતા. (૮)

હે નરેન્દ્ર ! મનોહર વેશવાળા, મન તથા નેત્રોને રંજન કરનાર દિવ્ય રૂપવાળા ધર્મપુત્ર શ્રીહરિનાં દર્શન કરીને પ્રસન્ન થયેલી પુરની સ્ત્રીઓ અત્યંત શાંતિ પામી અને શ્રીહરિની ઉપર ધાણી તથા પુષ્પની વૃષ્ટિ કરવા લાગી. (૯) સમગ્ર પુરવાસીજનોએ અધીશ્વર શ્રીહરિનું મુનિઓની સાથે સન્માન કર્યું અને શ્રીહરિને ભક્તોની સાથે મનોહર ભુવનમાં નિવાસ કરાવ્યો. પછી શ્રીહરિ તથા તેમના આશ્રિતોની તે ભક્તો યથાયોગ્ય સેવા કરતા હતા. (૧૦)

સૂર્યરામ, આશાધર, અમૂલશર્મા, બળદેવ, અમિરામ વગેરે શ્રીહરિના આશ્રિત ભૂદેવો સમય સમય અનુસાર યોગ્યતા પ્રમાણે શ્રીહરિની સેવા કરતા હતા. (૧૧-૧૨) પીતાંબર, ગણેશ આદિ ભક્તો શ્રીહરિની તથા તેમના આશ્રિતોની સાથે આદરપૂર્વક સેવા કરતા હતા. (૧૩)

દુર્લભા, ઉજ્જવલા, અમૂલા, સુધા, ઉદયકુમારિકા, પૂજા, ધનવતી, જ્ઞાના, સોના તથા પતિની તેમજ સ્વધર્મમાં નિષ્ઠાવાળી સાંકળબા આદિ સ્ત્રીઓ ભક્તિપૂર્વક શ્રીહરિનું સેવન કરતી હતી. બીજા હજારો જનો પણ શ્રીહરિનું સેવન કરતા હતા. (૧૪-૧૫) સ્ત્રીઓ તથા પુરુષો બંને પ્રકારના ભક્તો મહા અમૂલ્ય આભૂષણો, વસ્ત્રો તથા ચંદન, પુષ્પના હાર તથા દ્રવ્યોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૬)

હે ભૂપતે ! શ્રીહરિ વીસનગરમાં હજારો બ્રાહ્મણોને દરરોજ વિવિધ પ્રકારના પકવાનો જમાડી અત્યંત તૃપ્ત કરતા હતા. (૧૭) ઘેબર, કંસાર, મોતીયા લાડુ, દૂધપાક, માલપુઆ, શીરો, જલેબી તથા ખાજા, સાકરે યુક્ત આંબાનો રસ તથા વિવિધ પ્રકારના શાક બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કરતા શ્રીહરિ પૃથ્વીમાં ધર્મનું સ્થાપના કરતા હતા. (૧૮-૧૯)

જનોની આત્યંતિક મુક્તિ માટે મનુષ્ય નાટ્યધારી ધર્મપુત્ર શ્રીહરિએ આ પ્રમાણે અઢી માસ પર્યન્ત બ્રાહ્મણોને જમાડ્યા. (૨૦) તે પુરમાં નિવાસ કરતા શ્રીહરિ પોતાના ભક્તોને આનંદ પમાડતા ઘણી સામગ્રીઓથી અષાઢ સુદી દ્વિતીયાને દિવસે પુષ્ય નક્ષત્રમાં ભગવાનને રથ ઉપર બેસાડવા નિમિત્તે મહોત્સવ કરતા હતા. (૨૧)

વીસનગરના આ મહોત્સવમાં જુદા જુદા દેશમાંથી હજારો ભક્તો અવતારી શ્રીહરિના દર્શન માટે આવ્યા. (૨૨) આંખમાં અશ્રુવાળા તે ભક્તો રમણીય શ્રીહરિના દર્શન કરીને, દાવાગ્નિથી તપેલા હાથી જેમ ઠંડા જળાશયને પામીને શાંતિ પામે તેમ શાંતિ પામ્યા. (૨૩)

જેમણે પીત્તાંબર ધારણ કર્યું છે. તથા મસ્તક ઉપર પીંગળા રંગનો પાઘ ધારણ કર્યો છે તથા પીળા વર્ણનો ડગલો ધારણ કર્યો છે. વળી ચળકતો શોભાયમાન ઉત્તમ પીળા વસ્ત્રનો ખેસ ધારણ કર્યો છે તથા વિવિધ પ્રકારના પુષ્પોના ઉત્તમ હાર ધારણ કર્યા છે તેવા શ્રીહરિ સુગંધિમાન પુષ્પોના તોરાઓની પંક્તિથી વધુ શોભાયમાન દેખાતા હતા. (૨૪-૨૫)

જેમના નેત્રમાંથી કરુણામૃત વર્ષે છે, ઉલ્લાસયુક્ત દર્શનથી જેમણે પોતાના આશ્રિતોને આનંદિત કર્યા છે, જેમણે ઉત્તમ કુમકુમના ચાંદલાએ સહિત કેસરનું ઉર્ધ્વ પુંડ્ર તિલક ધારણ કર્યું છે. (૨૬) હાથની સુંદર ચેષ્ટાથી પોતાના ભક્તોના હૃદયને હરનારા, જેમના સમગ્ર અંગો અત્યંત સુંદર છે, જેમનું દેહ સર્વોત્તમ આનંદના સમુદ્રરૂપ છે એવા અચ્યુત શ્રીહરિ, સુવર્ણના મણિજડિત ભૂષણોથી અતિ શોભતા તથા પોતાના આશ્રિત ભક્તો ઉપર સ્નેહવાળા, દેવેન્દ્રોના મુગટોની પંક્તિથી જેમના ચરણ કમળનું આસન સેવાયેલું છે એવા. (૨૭-૨૮)

શ્રીહરિના દર્શનથી થયેલા મહા આનંદથી યુક્ત તે ભક્તો વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું આદરપૂર્વક પૂજન કરતા હતા. (૨૯) સુંદર કેસર, કસ્તુરી, ચંદન, અક્ષત, કુમકુમ તથા વિવિધ પ્રકારના પુષ્પના હાર ધૂપ, દીપ વિવિધ પ્રકારના મનોહર નૈવેદ્યો તથા અમૂલ્ય આભરણો, અંબરો ધારણ કરાવી પૂજા આરતી સ્તુતિ કરી શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૩૦-૩૧)

હે ભૂપતે ! તે સમયે ત્યાં આવેલાં ભક્તોને શ્રીહરિના દર્શન તેમજ કથા વાર્તાના શ્રવણથી રાત્રિ દિવસ જાણે ક્ષણની પેઠે વીતી ગયા. (૩૨) મુકુન્દાનંદ વર્ણી દરરોજ પ્રાતઃકાળમાં શ્રીહરિને સ્નાન કરાવતા હતા. હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિ પોતાનાં આસન ઉપર બિરાજી નિત્યવિધિ કરતા હતા. (૩૩)

વૈકુંઠાનંદ વર્ણી તથા વર્ણીન્દ્ર મુકુન્દાનંદ શ્રીહરિ માટે દૂધમાં નાના પ્રકારના ઉત્તમ પાક કરતા હતા. (૩૪) મુકુન્દાન્દ વર્ણી મીઠા વિનાના રાયતાં તથા શાક બનાવતા હતા. ચૂલા ઉપર દાળભાત માટે બંને તપેલીઓમાં પાણી ઉનું કરતા હતા. (૩૫)

પછી વર્ણી દાળને ધોઈને એક પાત્રમાં દૂરથી દાળ નાંખતા હતા. તથા બીજા પાત્રમાં દૂરથી ચોખા ધોઈને નાંખતા હતા. (૩૬) તે દરમિયાન પોતાનું તમામ નિત્યકર્મ શ્રીહરિ કરી રહ્યા તેટલામાં મુકુન્દાનંદ વર્ણીરાજ શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. (૩૭)

શ્રીહરિને વર્ણીન્દ્ર આ પ્રમાણે કહેવા લાગ્યા. હે દયાસાગર ! પાક તૈયાર થયો છે. માટે આપ જમવા માટે પાકશાળામાં પધારો. (૩૮) પછી મહાનસમાં પધારેલા શ્રીહરિએ પાટલા ઉપર બેસીને ભાત ચડી ગયો છે તે તપાસીને ભાતનું પાત્ર ચૂલા ઉપરથી નીચે ઉતાર્યું. (૩૯)

પછી શ્રીહરિએ, વર્ણીએ આપેલાં હળદર, મીઠું, સુંદર આમલીનો રસ દાળમાં નાખ્યા. (૪૦) હે રાજન્ ! સ્વયં શ્રીહરિએ તે ચડી ગયેલી દાળમાં વઘાર કરીને ચૂલા ઉપરથી નીચે ઉતારીને પછી રાયતાં તથા શાકમાં મીઠું નાખ્યું. (૪૧) નાના બાજોઠ ઉપર સુંદર ભોજનથી પૂરેલો થાળ અથાણાં તથા પાપડ મૂકીને વર્ણીએ મૂક્યો. શ્રીહરિ તે થાળ જોઈને વાડકાઓમાંથી દાળ, રાયતાં, શાક, ભાત વગેરે પોતે થાળમાં પીરસતા હતા. (૪૨, ૪૩) પછી નૈષ્ઠિક વ્રતવાળા નારાયણાનંદે ગાળેલા જળનો લોટો, પવાલા સાથે થાળથી દૂર મૂક્યો. (૪૪)

પછી મુકુંદાનંદ વર્ણીરાજ હર્ષથી વિષ્ણુની મૂર્તિ પધરાવીને હે ભૂપતે ! તે સ્વાદિષ્ટ ભોજન વિષ્ણુને નિવેદન કરવા લાગ્યા. (૪૫) પછી શ્રીહરિ પાટલા ઉપર બેસીને દૂધપાક, પૂરી, સાકરનો શીરો હર્ષપૂર્વક

જમતા હતા. (૪૬) સાકરના લાડુઓ, સુગંધીમાન ભાત, પાપડ, અથાણાં, શાક વગેરે શ્રીહરિ જમતા હતા. (૪૭) પ્રભુ શ્રીહરિ દરેક ગ્રાસે પાણી પીતા નાના પ્રકારનાં ભોજન જમીને દાળ તથા સુંદર ભાત જમતા હતા. (૪૮) પછી હે ભૂપતે ! વિભુ શ્રીહરિ વિશુદ્ધ જળથી સુંદર પાત્રમાં બંને કરકમળ તથા મુખ ધોતા હતા. (૪૯) પછી દયાસાગર શ્રીહરિ વર્ણીએ આપેલો મુખવાસ જમીને હે રાજન્ ! વર્ણીઓની પાકશાળામાં પધાર્યા. (૫૦-૫૧)

પછી શ્રીહરિ બરફી, પેંડા, આદિક સુંદર ભોજનો પોતે પંક્તિમાં પીરસીને જમતા હતા. (૫૨) પછી શ્રીહરિ સાધુઓની પાકશાળામાં આવી સાધુઓની પંક્તિઓમાં મોતીયા લાડુ પીરસીને સમગ્ર સાધુઓને સારી રીતે જમાડતા હતા.(૫૩) પછી પ્રભુ ધર્મના પુત્ર ભક્તવત્સલ શ્રીહરિએ સર્વે પાર્ષદો તથા ઘોડે સવારોને પીરસીને અત્યંત તૃપ્ત કર્યા. (૫૪) પછી હે રાજન્ ! શ્રીહરિ પોતાના આશ્રિતે લાવેલા જળથી બંને હાથ તથા બંને ચરણ ધોઈને સુંદર વેશ ધારણ કરીને સભામાં પધાર્યા અને કોમળ ગાદલાં પાથરેલાં સિંહાસનમાં બિરાજમાન થયા. (૫૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં વીસનગરમાં શ્રીહરિકૃતલીલા વર્ણન નામે ચાળીશમો અધ્યાય સંપૂર્ણ. (૪૦)



અધ્યાય ૪૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! પછી સર્વ ત્યાગિજનો તથા પુરના સમગ્ર ભક્તો ત્યાં સભામાં યથાયોગ્ય બેઠા. તેટલામાં દેશાન્તરથી આવેલા સમગ્ર સત્સંગિઓ જમીને સભામાં આવીને હે રાજન્ ! આદરપૂર્વક ધર્માદિ વાર્તા સાંભળવા માટે યોગ્યતા પ્રમાણે બેઠા. (૨)

પછી શ્રીહરિએ ધર્મોપદેશની વેદશાસ્ત્ર પ્રમાણોવાળી વિવિધ પ્રકારની વાતો કરીને પોતાના ભક્તોને અત્યંત આનંદ પમાડ્યો. (૩) પછી શ્રીહરિ દેશાન્તરથી આવેલા અને પોતાના દર્શનથી સુખી થયેલા સર્વે ભક્તોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપતા હતા. (૪)

શ્રીનગર થકી આવેલા શ્રીહરિના ભક્તો ઊઠીને શ્રીહરિને પોતાના પુરમાં લઈ જવા માટે ઈચ્છાથી બંને હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૫)

હે સ્વામિન્ ! આપ કૃપા કરી અમારા નગરમાં પધારો અને આપના દર્શનથી અમોને કૃતાર્થ કરો. (૬) હે દયાનિધે ! આપ આપના દર્શન આપીને પુરવાસી લોકોને પવિત્ર કરો. ભક્તોની એવી પ્રાર્થના સાંભળીને શ્રીહરિ તેમના પ્રત્યે કહેવા લાગ્યા. (૭)

હે જનો ! તે નગરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા હું જરૂર આવીશ. હમણાં તમો સર્વે તમારા નગરમાં જાઓ. (૮) શ્રીહરિએ આ પ્રકારે કહ્યું એટલે સર્વે ભક્તો આત્મપ્રિય શ્રીહરિને પ્રણામ કરીને

હર્ષથી પોતાના નગરમાં ગયા. બીજા જનો પોતપોતાના સ્થાનમાં ગયા. (૯) શ્રીહરિ દરરોજ સભામાં સુંદર આસન ઉપર બિરાજીને એકાંતિક ધર્મના વિષયવાળી હિતકારી વાતો કરતા હતા. (૧૦)

શ્રીહરિના તે ઉપદેશમાં ચાતુર્માસમાં પોતપોતાની શક્તિ પ્રમાણે પાલન કરવા યોગ્ય નિયમોનું વિસ્તારથી અને વળી સંક્ષિપ્તથી વિવેચન કરીને વર્ણન કરતા હતા. (૧૧)

વેદ, શાસ્ત્ર પુરાણને જાણનારા તે સભામાં બેઠેલા વિદ્વાનો વેદાદિ શાસ્ત્ર સંબંધિ કૂટ પ્રશ્નો જેના ઉત્તરો કઠણ હતા તેવા પ્રશ્નો પૂછતા હતા. (૧૨) શ્રીહરિ તે તે પ્રશ્નોના ઉત્તર વેદ શાસ્ત્રના પ્રમાણોથી તત્કાળ કરતા હતા અને એ રીતે સભાજનોને અત્યંત આશ્ચર્ય પમાડતા હતા. (૧૩)

હે રાજન્ ! તે વિદ્વાનોમાં શ્રેષ્ઠ વિદ્વાન પણ શ્રીહરિએ પૂછેલા સરળ પ્રશ્નનો પણ ઉત્તર કરવા સમર્થ થયા નહીં. (૧૪) તેથી હે રાજન્ ! તે વિદ્વાનો શ્રીહરિને પરમેશ્વર જાણીને આનંદ પામ્યા તેમના સંશયો નાશ પામ્યા. એટલે તેમણે નમ્રતાથી શ્રીહરિનો આશ્રય કર્યો. (૧૫) તે પુરના જનો શ્રીહરિનો પરમ પ્રતાપ જાણીને સર્વજ્ઞ અવતારી શ્રીહરિનો આશ્રય કરતા હતા. (૧૬)

વીસનગરમાં દુરાચારી ધૂર્ત મતવાદીઓ હતા. સૂર્યના ઉદયથી જેમ ઘુવડો અહીં તહીં સંતાઈ જાય તેમ તે સંતાઈ ગયા. (૧૭) હે રાજન્ ! જેમનું કીર્તન મંગળમય છે. એવા શ્રીહરિએ પોતાના આવા પ્રતાપથી વિવાદ કરનારા સર્વને તત્કાળ જીતી લીધા. (૧૮) કાળ, માયા, અક્ષરબ્રહ્મ આદિક સર્વના નિયંતા અવતારી શ્રીહરિને શું દુષ્કર છે ? (૧૯)

બ્રહ્માદિકને પણ જ્ઞાન આપનારા શ્રીહરિ અહીંના વિવાદી પંડિતોને જીતે તેમાં શું આશ્ચર્ય છે? માટે સર્વ વિદ્યાનું મૂળ અથવા ઉત્પત્તિ જેમાંથી છે તે જ શ્રીહરિ છે. (૨૦) પોતાની ઈચ્છાથી નરનાટ્ય ધારી દિવ્ય સ્વરૂપ આનંદઘન મૂર્તિ શ્રીહરિના આ ચરિત્રોનું હું વર્ણન કરું છું. (૨૧)

પછી વડનગરથી વીસનગરમાં આવેલા શ્રીહરિના આશ્રિત ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી તેથી શ્રીહરિ પોતાના આશ્રિતો સાથે ત્યાં જવા માટે તૈયાર થયા. (૨૨) શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બિરાજીને આશ્રિતો સાથે જવા નીકળ્યા. તે વખતે પુરના ભક્તો તથા બીજા જનોએ શ્રીહરિને વાજિંત્રોનો ઘોષ કરી વીસનગરથી વળાવ્યા. (૨૩)

પછી ગીત વાજિંત્રના ધ્વનિ સાથે શ્રીહરિની સન્મુખ આવેલા વડનગરના ભક્તોએ શ્રીહરિએ વંદના કરી અને પૂજા કરી એટલે શ્રીહરિએ પોતાના ભક્તો સાથે વડનગરમાં પ્રવેશ કર્યો. (૨૪) શ્રીહરિના દર્શનથી જેમણે આનંદ થયો છે તે પુરના નિવાસી જનોએ શ્રીહરિને પુષ્પોથી વધાવ્યા અને શ્રીહરિએ પોતાના આશ્રિતો સાથે યોગ્ય ભુવનમાં નિવાસ કર્યો. (૨૫)

વડનગરમાં ઉદ્યમ, વનમાળી, મુગટરામ, બહેચર, સદાશિવ વગેરે શ્રીહરિના ચરણ કમળના આશ્રિત બ્રાહ્મણો ભક્તિ પૂર્વક ભકતોની સેવા કરતા હતા. (૨૬-૨૭) હેમચંદ્ર, ત્રિભુવન, વનમાળી, ઉકો, અમરચંદ આદિ બીજા ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૨૮)

દોલાં, ફુલ્લી, જેઠી વગેરે સ્ત્રીઓ સ્વધર્મમાં રહીને યથાયોગ્ય શ્રીહરિની સેવા કરતી હતી. (૨૯)

મુકુંદાનંદ વર્ણીરાજ દૂધમાં વિવિધ પ્રકારના પાક તથા મીઠા વિનાના શાક શ્રીહરિ માટે કરતા હતા. (૩૦) પછી ધર્મના પુત્ર ભગવાન શ્રીહરિ સ્નાન તથા નિત્ય વિધિ કરીને ત્યાં પધાર્યા. પછી શ્રીહરિએ દાળભાત કરીને શાકમાં મીઠું નાખ્યું. (૩૧) હે રાજન્ ! પછી નરનાટ્યધારી ધર્મપુત્ર શ્રીહરિ વિષ્ણુને ભોજન ધરાવીને જમતા હતા. (૩૨)

સુંદર સાકાર યુક્ત આંબાનો રસ પુરી સાથે શ્રીહરિ જમતા હતા. વળી બીજા પણ સર્વ પ્રકારના ભોજન જમતા હતા. (૩૩) પછી શ્રીહરિ બંને હાથ તથા મુખ જળથી ધોઈને વર્ણીરાજે આપેલો ઉત્તમ મુખવાસ લઈને હર્ષપૂર્વક જમતા હતા. (૩૪) પછી સર્વ વર્ણીઓ જમ્યા. શ્રીહરિએ પોતે સર્વ વર્ણીઓને ખૂબ પીરસીને લાડુ જમાડ્યા. (૩૫) પછી હે ભૂપતે ! શ્રીહરિ પોતે સર્વે પાર્ષદોને લાડુ પીરસીને પરમ પ્રીતિથી તૃપ્ત કરતા હતા. (૩૬) પછી વર્ણીરાજ જળ લાવ્યા. તે વડે હાથ, પગ ધોઈને શ્રીહરિ સુંદરવેશ ધારણ કરીને સભામાં પધાર્યા. (૩૭)

પછી શ્રીહરિ સુંદર ઓછાડ પાથરેલા કોમળ ગાદી તકિયાવાળા શોભાયમાન સુંદર આસન, જેની બાજુમાં પડખાના તકિયા પણ ગોઠવ્યા હતા. તેવા ઊંચા સિંહાસનમાં બિરાજ્યા. (૩૮) હે રાજન્! તે સભામાં સમગ્ર ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ શ્રીહરિના મુખારવિંદમાં નેત્રો સ્થિર કરી યથાયોગ્ય બેઠા. (૩૯) પછી વડનગરના નિવાસી ભક્તો ચંદન, કુમકુમ પુષ્પોના હાર તથા સુંદર વસ્ત્રો, આભૂષણો વગેરે ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪૦)

પછી હે રાજન્ ! શ્રીહરિએ વડનગરમાં પણ વીસનગરની માફક હજારો બ્રાહ્મણોને સુંદર ભોજનોથી તૃપ્ત કર્યા. (૪૧) મોતીઆ લાડુ, કંસાર, ઘેબર, શીરો, દૂધપાક, માલપુઆ, જલેબી, ખાજા વગેરે તથા નાના પ્રકારના શાક, સાકરે સહિત આમ્રરસ તેમજ દક્ષિણા તથા વસ્ત્રો વગેરેથી શ્રીહરિ બ્રાહ્મણોને પ્રસન્ન કરતા હતા. (૪૨-૪૩)

વડનગરમાં પણ શ્રીહરિ પુરના સર્વે પંડિતોને વીસનગરની માફક જ સભામાં બેઠેલા જનોએ આશ્ચર્યપૂર્વક જેમનાં દર્શન કર્યાં છે તે સર્વેને પોતાના પ્રતાપથી જીતી લીધા. (૪૪) શ્રીહરિ ત્યાં પણ ધર્મ, જ્ઞાનાદિ વિષય ઉપર વિદ્વાનોને આશ્ચર્ય કરનારી ગંભીર અર્થવાળી વાતો કરતા હતા. (૪૫) આત્મ તંત્ર શ્રીહરિ એકાંતિક ધર્મ સંબંધિ વિવિધ પ્રકારની મનોહર વાતો કરીને પોતાના ભક્તોને અત્યંત સુખ આપતા વડનગરમાં કેટલાક દિવસો પોતે રહેતા હતા. સભાના કાર્ય પછી પોતાના સહચારી ભક્તો સાથે શ્રીહરિ જવા માટે ઈચ્છતા હતા. (૪૬)

ત્યારબાદ પુરના જનો તથા ભક્તજનોએ સુંદર ગીત તથા વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિને વળાવ્યા. ધર્મપુત્ર શ્રીહરિએ અશ્વ ઉપર બેસીને વડનગરથી પ્રયાણ કર્યું. (૪૭) ભગવાન શ્રીહરિ પોતાના ચરણ કમળમાં આસક્ત ચિત્તવાળા પ્રેમાશ્રુથી પૂર્ણ નેત્રોવાળા પોતાની પાછળ દૂર સુધી આવેલા પોતાના આશ્રિતોને મધુર વચનોથી પાછા વાળીને પોતાના સહચારીઓ સાથે ફરતા ફરતા બામણા ગામ પધાર્યા. (૪૮)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિ શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિનું વડનગર ગમનાદિ નિરૂપણ નામે એકતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૧)



અધ્યાય ૪૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- વાજિંત્રોના ઘોષ કરતા સન્મુખ આવેલા બામણા ગામના શ્રીહરિના ભક્તોએ શ્રીહરિને વંદના કરી સત્કાર કર્યો, પછી શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે બામણા ગામમાં પધાર્યા. (૧) પછી તે ભક્તોએ શ્રીહરિને હર્ષપૂર્વક પોતાના સહચરોની સાથે યોગ્ય નિવાસ કરાવ્યો. શ્રીહરિના સહચારી મુનિઓ વગેરેથી યુક્ત શ્રીહરિની તેઓ સેવા કરતા હતા. (૨)

અંબારામ, શિવરામ, બ્રાહ્મણ ભક્તો તથા નારુજીત તથા ઋતુજીત વગેરે બીજા ઘણા ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૩) ચંદન, કુમકુમ, સુગંધિવાળા પુષ્પોના હાર વગેરે વિવિધ પ્રકારના ઉપચારો, ભૂષણો તથા વસ્ત્રોથી ભક્તો અતિ ભક્તિથી શ્રીહરિની પૂજા કરતા હતા. (૪)

શ્રીહરિ આશ્રિતોની સાથે બામણા ગામમાં જમીને ધર્મ સંબંધી ઉપદેશ વાતો કરીને ત્યાં રાત્રિ રહ્યાં. (૫) પછી પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજમાન થઈ પોતાના ભક્તોએ વિદાય આપી એટલે આશ્રિતોને સહિત શ્રીહરિ ત્યાંથી પામોલ્ય ગામમાં પધાર્યા. (૬)

વાજિંત્રો સાથે સન્મુખ આવેલા પોતાના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિને તેમના ભક્તો સાથે યોગ્ય નિવાસમાં નિવાસ કરાવ્યો. (૭) તે ગામમાં બ્રાહ્મણ ભક્ત ધનજીત તથા રામાદિ સ્ત્રીઓ વગેરે શ્રીહરિની મનોહર ઉપચારોથી સેવા કરતા હતા. (૮) તે ગામમાં પોતાના આશ્રિતોની સાથે શ્રીહરિની જમી તથા ઉપદેશ વાર્તા કરીને એક રાત્રિ રહ્યા. સવારમાં અશ્વ ઉપર બિરાજમાન થઈ પોતાને અનુસરતા આશ્રિતજનોની સાથે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. (૯)

ત્યાંથી ચાલતા શ્રીહરિ ગેરિતા ગામમાં પધાર્યા. વાજિંત્રો સાથે સન્મુખ આવેલા પોતાના ભક્તોએ શ્રીહરિનું અતિ સન્માન કર્યું. પછી શ્રીહરિ તે ગામમાં પોતાના આશ્રિતોની સાથે રહ્યા. (૧૦) તે ગામમાં આશારામ, હરિભાઈ, મોતીરામ, નંદરામ તથા તારાચંદ્ર આદિ ભક્તો શ્રીહરિને તથા શ્રીહરિના ભક્તોની યથા યોગ્ય સેવા કરતા હતા. વિવિધ પ્રકારના મનોહર ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૧-૧૨) તે ભક્તો વિવિધ પ્રકારના ભોજનથી શ્રીહરિ તથા વર્ણીઓને તથા સંત પાર્ષદોને તૃપ્તિ પમાડતા હતા. શ્રીહરિ ત્યાં ઉપદેશ વાતો કરીને એક રાત્રિ રહ્યા. (૧૩)

પછી પ્રાતઃકાળમાં શ્રીહરિએ ઘોડી ઉપર બિરાજી પોતાના ભક્તોએ પ્રસ્થાન કરાવ્યું તેથી પોતાના ભક્તોની સાથે માર્ગમાં ચાલતા વિજાપુર ગામમાં પધાર્યા. (૧૪)

પછી વાજિંત્રો સાથે સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સારી રીતે સન્માન કર્યું અને

પ્રાર્થના કરી. શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે તે પુરમાં રહ્યા. (૧૫) ત્યાં પ્રયાગજીત, દેવાભાઈ, દયાલજીત, જીવા તેમજ બીજા ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૧૬) ત્યાં વજીબા, જેષ્ઠા તથા વિજયા નામના મુખ્ય ભક્તો તથા બીજી સ્ત્રીઓ શ્રીહરિની સેવા કરતી હતી. (૧૭)

ભક્તોને આનંદ આપનારા મુનિઓ સાથે શ્રીહરિને વિવિધ પ્રકારના ભોજનોથી ત્યાંના ભક્તોએ અતિ પ્રીતિપૂર્વક તૃપ્ત કર્યા. (૧૮) પુરુષો તથા સ્ત્રી ભક્તોએ સુગંધિ પુષ્પો, સુંદર ભૂષણો, વસ્ત્રો તથા ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૧૯) પછી ભક્તજનોને પ્રિય શ્રીહરિ ધર્માદિ સમ્બંધવાળી વાતો કરીને પોતાના ભક્ત જનોને પ્રસન્ન કર્યા અને ત્યાં એક રાત્રિ રહ્યા. (૨૦)

પછી પ્રાતઃકાળમાં શ્રીહરિને વિદાય આપી એટલે શ્રીહરિ પોતાની ઘોડી ઉપર બેસીને પોતાના ભક્તોની સાથે ચાલતા પ્રાંતીજ પુરમાં પધાર્યા. (૨૧) પછી વાજિંત્રોના ઘોષ સાથે સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી પછી શ્રીહરિ સંતો વગેરેની સાથે ત્યાં રહ્યા. (૨૨) પછી તે પુરમાં શ્રીહરિના આશ્રિત બ્રાહ્મણ ભક્તો મયારામ, કાશીરામ, હરિભાઈ વગેરે ધર્મના પુત્ર શ્રીહરિની સેવા કરતા હતા. (૨૩) તેમજ કેવલરામ આદિ બ્રાહ્મણો શ્રીહરિની સેવા કરતા હતા. વળી રૂપા તથા ઈચ્છા એ બે બ્રાહ્મણ પત્નીઓ પણ હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૨૪) બ્રાહ્મણ સ્ત્રીઓ તથા મૂલા વગેરે ધર્મના પુત્ર શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૨૫) તુલજારામ, નથુરામ, ભગવાનદાસ વગેરે વણિક ભક્તો પણ પ્રીતિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૨૬)

વળી સાંકળચંદ વગેરે વણિક ભક્તો તથા ત્રિકમ વગેરે સોની ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૨૭) તેમજ ફતેહસિંહ વગેરે ભાટ ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. તે સર્વે ભક્તો શ્રેષ્ઠ ભોજનોથી શ્રીહરિને તથા તેમના ભક્તોને તૃપ્ત કરતા હતા. (૨૮)

સમગ્ર ભક્તો તથા સ્ત્રીઓ સુંદર પુષ્પોના હાર તથા ચંદન, ભૂષણ, વસ્ત્રાદિથી પ્રીતિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૯) તે પુરમાં શ્રીહરિ ધર્મ સંબંધી વાર્તા કરીને પોતાના ભક્તને આનંદ પમાડી ત્યાં એક રાત્રી રહ્યા. (૩૦)

સવારમાં ધર્મના પુત્ર શ્રીહરિ અશ્વનેદ્ર ઉપર બિરાજીને પોતાના ભક્તોએ વળાવેલા પોતાના અનુયાયિ સાધુ વગેરેની સાથે તે નગરથી નીકળ્યા. (૩૧)

શ્રીહરિ ત્યાંથી વ્યાર ગામ પધાર્યા. વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની સન્મુખ આવેલા ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિ પોતાના સહચરો તથા મુનિઓની સાથે ત્યાં રહ્યા. (૩૨)

તે ગામમાં બ્રાહ્મણ ભક્ત પીતાંબર, વૈશ્ય ભક્ત કલ્યાણ, શંકર, નરસિંહ, કુબેર, રામજીત તથા હેમ ચંદ્રાદિ બીજા ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું તથા સાધુઓનું પૂજન કરતા હતા. (૩૩-૩૪) શ્રીહરિ પોતાના વર્ણિઓ તથા સાધુની સાથે ત્યાં જમ્યા. પછી ઉપદેશ વાર્તા કરી ત્યાં રાત્રિ રહ્યા અને સવારના પહોરમાં અશ્વ ઉપર બિરાજ્યા. પાછળ આવતા પોતાના ભક્તજનો સાથે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. (૩૫)

હે રાજન્ ! વાજિંત્રો સહિત સન્મુખ આવેલા પોતાના આશ્રતોએ શ્રીહરિનું સન્માન કર્યું. એટલે મુનિઓની સાથે શ્રીહરિ માર્ગમાં આવેલા વસો ગામમાં પધાર્યા. (૩૬) ત્યાં નરસિંહ ભક્ત, પૂજાભક્ત, બહેચર, સાંકળચંદ વગેરે ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા. (૩૭)

નરસિંહ આદિ ભક્તોએ વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિની તથા તેમના આશ્રિત ભક્તોની પૂજા કરી. પછી સુખડીનું સુંદર ભોજન જમાડીને શ્રીહરિને ભક્તોએ ત્યાંથી વળાવ્યા. (૩૮)

પછી શ્રીહરિ ત્યાંથી મેઉ ગામમાં પધાર્યા. વાજિંત્રો સાથે સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. ત્યાં શ્રીહરિ પોતાના આશ્રિતો સાથે નિવાસ કરીને રહ્યા. (૩૯) તે ગામમાં મંછારામ, ભગાભાઈ, તુલસીદાસ તથા બીજા ભક્તો શ્રીહરિની હર્ષપૂર્વક સેવા કરતા હતા. (૪૦) તેવી રીતે ત્યાં ધર્મમાં નિષ્ઠાવાળા માનકુમારી, જ્ઞાના આદિક ઘણી સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતી હતી. (૪૧)

ત્યાં ભક્તજનો પુષ્પના હાર-ચંદન-કુમકુમ તથા સુંદર વસ્ત્રો, વિભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કતા હતા. (૪૨) હે રાજર્ષે ! શ્રીહરિ ત્યાં નિત્ય વિધિ કરીને વિષ્ણુને નાના પ્રકારનાં ભોજનો નિવેદન કરી, ભકતોના આનંદ માટે ભોજન જમતા હતા. (૪૩) ત્યાં વર્ણીઓને તથા બીજા ભક્તોને શ્રીહરિ માલપુઆ પીરસીને સારી રીતે જમાડતા હતા. (૪૪) ત્યાં ધર્મોપદેશની કલ્યાણકારી વાર્તા કરીને પોતાના આશ્રિતોને સુખ આપતા ધર્મનંદન શ્રીહરિ એક રાત્રિ રહ્યા. (૪૫)

પ્રાતઃકાળમાં અશ્વ ઉપર શ્રીહરિ બિરાજ્યા અને પોતાના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. એટલે પોતાના સહચર સંતો વગેરેની સાથે શ્રીહરિ ચાલતા લાંઘણોજ ગામમાં પધાર્યા. (૪૬) વાદ્યોના ઘોષ સાથે સન્મુખ આવેલા લાંઘણોજના ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી. તેથી ભક્ત વત્સલ શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે તે ગામમાં રહ્યા. (૪૭)

ત્યાં જીભાઈ, ગણેશ, રામજીત વગેરે બ્રાહ્મણ ભક્તો તથા માનસિંહ વગેરે વૈશ્યો, શ્રીહરિની સેવા કરતા હતા. (૪૮) પછી ભક્તોએ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. આશ્રિતોએ સહિત ભોજન કરીને પછી ભક્તોએ વળાવ્યા અને શ્રીહરિ કરજીસણ ગામમાં પધાર્યા. (૪૯)

પછી વાદ્યોના ઘોષ સાથે સન્મુખ આવેલા ભક્તજનોએ શ્રીહરિની પ્રાર્થના કરી.પછી શ્રીહરિ પોતાના મુનિ વગેરેની સાથે ત્યાં નિવાસ કરીને રહ્યા. (૫૦) ત્યાં નાચિકેત વગેરે બ્રાહ્મણ ભક્તો તથા ગોવિંદ, જાદવ, કુશળ વગેરે વૈશ્ય ભક્તો, શ્રીહરિની સેવા કરતા હતા. (૫૧) ભક્તોએ વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. પોતાના આશ્રિતોની સાથે શ્રીહરિ જમ્યા. પછી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ સુંદર વાર્તા કરીને શ્રીહરિ ત્યાં એક રાત્રિ રહ્યા. (૫૨)

શ્રીહરિ પ્રાતઃકાળમાં પછી ઘોડી ઉપર બિરાજમાન થયા. પછી સમગ્ર ભક્ત જનોએ શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ ત્યાંથી નીકળી માર્ગમાં ચાલતા પોતાના સાધુ વગેરે સાથે પોતાના ભક્તોના નિવાસ વાળા વડુ ગામમાં પધાર્યા. (૫૩)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં બામણાલયાદિ ગામોમાં શ્રીહરિનું વિચરણ નામે બેંતાલીસમો અધ્યા સંપૂર્ણ. (૪૨)



અધ્યાય ૪૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી વાજિંત્રો સાથે પોતાની સન્મુખ આવેલા અને પોતાના ભક્તોએ પ્રાર્થના કરેલા શ્રીહરિ પોતાના મુનિઓની સાથે વડુ ગામમાં નિવાસ કરીને રહ્યા. (૧) ત્યાં ઉમાજીત, માનજીત, વીજા, ગોકુળ તથા રત્નો વગેરે ભક્તો શ્રીહરિની આદર પૂર્વક સેવા કરતા હતા. (૨)

ત્યાં ભક્તોએ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. પછી શ્રીહરિ પોતાના આશ્રિતો સાથે જમીને ત્યાંથી નીકળ્યા. તે સમયે તેમને ત્યાંના ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ ઘોડી ઉપર વિરાજમાન થઈ ત્યાંથી ઓલા ગામ પધાર્યા. (૩)

વાજિંત્રે સહિત ઓલા ગામના હરિભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી તેથી પોતાના ભક્તજનોને વહાલા શ્રીહરિ પોતાના સહચરો સાથે ત્યાં રહ્યા. (૪) ત્યાં વાસનજીત, ગંગાદાસ, નરોત્તમ, કાશીદાસ વગેરે ભક્તો આનંદપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૫)

ભક્તોએ ભક્તિ પૂર્વક ઉપચારોથી શ્રીહરિનું તથા તેમના ભક્તોનું પૂજન કર્યું. પછી જમીને તથા ધર્માદિ વાર્તા કરીને શ્રીહરિ ત્યાં એક રાત્રિ રહ્યા. (૬)

પછી પ્રાતઃકાળમાં ઘોડી ઉપર બિરાજીને પોતાના ભક્તોએ વળાવ્યા. એટલે શ્રીહરિ આશ્રિતો સાથે ત્યાંથી નીકળ્યા અને કલોલ ગામમાં પધાર્યા. (૭)

સન્મુખ આવેલા કલોલ ગામના પોતાના ભકતો આશાભાઈ વગેરેએ શ્રીહરિનું ત્યાં પૂજન કર્યું. શ્રીહરિ ત્યાંથી પ્રયાણ કરી આદરજ ગામમાં પધાર્યા. (૮)

વાજિંત્ર વગાડતા સન્મુખ આવેલા આદરજ ગામના ભક્તોએ શ્રીહરિનું તથા તેમના ભક્તોનું સ્વાગત કર્યું. પછી ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ આશ્રિતોએ સહિત ત્યાં રહ્યા. (૯) ત્યાં બાદરજીત, તુરજીત તથા અર્જુન આદિ બીજા ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૧૦)

પોતાના ભક્તોનું હિત કરનારા શ્રીહરિ ત્યાં પોતાના ભક્તો સાથે જમ્યા. ધર્મ, જ્ઞાનાદિ યુક્ત વિવિધ પ્રકારની વાર્તાઓ શ્રીહરિ ત્યાં કરતા હતા. (૧૧)

ભક્તોએ વિવિધ પ્રકારના ઉપચારોથી ધર્મના પુત્ર શ્રીહરિનું તથા તેમના આશ્રિતોનું પૂજન કર્યું. શ્રીહરિ ત્યાં હર્ષપૂર્વક ચાર દિવસ સુધી રહ્યા. (૧૨) મુનિવર મુક્તાનંદ તથા બુદ્ધિમાન નિત્યાનંદ, બુદ્ધિમાન બ્રહ્માનંદ, ચૈતન્યાનંદ એ ચાર સાધુઓને આદરજ ગામમાં સમગ્ર સાધુઓના ગુરુ તરીકે સ્થાપન કર્યા

અને તેમને પૂજ્યપણાથી માનવા એવી શ્રીહરિએ સૌને આજ્ઞા કરી. (સદ્‌ગુરુ પદવી આપી) વળી તે ચારેમાં અગ્રગણ્ય તરીકે મુક્તાનંદ મુનિનું સ્થાપન કર્યું. (૧૩, ૧૪)

ગુરુઓના પણ ગુરુ પ્રત્યક્ષ અવતારી પોતે શ્રીહરિ નિર્માનીપણે રહેવું એવો સાધુઓનો માર્ગ બતાવતા હતા. પછી બુદ્ધિમાન મુનિંદ્રોને મનોહર આસનમાં બેસાડીને તે ચારે સાધુઓનું ગૌરવ વિસ્તારી શ્રીહરિ તેમનું પૂજન કરતા હતા. (૧૫-૧૬) પછી શ્રીહરિ પોતાના સંતોને કહેવા લાગ્યા. હે સંતો ! તમે જેવી રીતે મને પૂજો છો તેવી જ રીતે તમારે સર્વેએ જેમાં સાચું ગૌરવ છે એવા આ ચાર સંતોને પૂજવા. (૧૭) ત્યારે બુદ્ધિમાન બ્રહ્માનંદ મુનિ શ્રીહરિને કહેવા લાગ્યા. હે શ્રીહરે ! પુરુષોત્તમ આપ જ સમગ્ર ગુણોના સાક્ષાત્ સમુદ્ર છો. (૧૮)

હે શ્રીહરે ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને યુક્ત આપની ભક્તિથી જ મહાગુણો અમોને પ્રાપ્ત થયા છે. એવા અમે સર્વે સાધુઓ આપના દાસ છીએ. (૧૯) તમે તો સ્વતંત્ર છો અને જે કોઈ ભાવથી આપના યોગને જે પામે છે તેમનું કલ્યાણ કરવા સમર્થ છો. (૨૦)

હે પ્રભો ! આપની આજ્ઞાથી જ મુનિઓ ધર્મમાં વર્તનારા પ્રાણીઓનું કલ્યાણ કરવા સમર્થ છે, બીજી રીતે નહીં. (૨૧) તેથી આપ મુનિઓને ધ્યાન કરવા યોગ્ય છો. તેમજ આદરપૂર્વક પૂજવા યોગ્ય છો. આપ ભગવાન હોવા છતાં સત્પુરુષોનું પૂજન કરો છો તેથી મને સંશય થાય છે. (૨૨)

બ્રહ્માનંદ મુનિનું આવું વચન સાંભળીને શ્રીહરિ બોલ્યા, હે મુનિવર્ય ! બુદ્ધિમાન તમોએ સત્ય વાક્ય કહ્યું (૨૩) હે મુને ! સંતો ક્યારેય ધ્યાન કરવા યોગ્ય નથી. પરંતુ આદરપૂર્વક માનવા યોગ્ય તથા પૂજવા યોગ્ય છે. કારણ કે મારા નિવાસના સ્થાનભૂત એકાંતિક સંતોમાં હું નિવાસ કરીને રહું છું. (૨૪) પૃથુ ભગવાન પોતે સનંદાદિ મુનિઓને પૂજતા હતા. રામચંદ્ર પોતે ભગવાન હતા છતાં પણ આદરપૂર્વક વસિષ્ઠ મુનિને પૂજતા હતા. (૨૫)

પૂર્વે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પણ નારદ મુનિને પૂજતા હતા. તેથી મારે વિષે આસક્તિવાળા સંતોનું મેં પૂજન કર્યું છે. (૨૬) એકાંતિક મુનિઓ જેમને પ્રિય છે એવા શ્રીહરિએ આ પ્રમાણે કહીને પોતાના આશ્રિતજનો પાસે સંતોનું પૂજન કરાવ્યું. (૨૭)

આદરજ ગામમાં એક સમીપે મુનિંદ્રોની સભામાં ઉત્તમ આસનમાં પ્રત્યક્ષ પુરુષોત્તમ સ્વામિનારાયણ બિરાજમાન થયા હતા. (૨૮) પછી શ્રીહરિ તેમને જપ વિધિ શિખવાડવા માટે પોતાના હાથમાં તુલસીની માળા લઈને સ્વામિનારાયણ નામ ધીમે ધીમે ઉચ્ચારણ કરતા હર્ષ પૂર્વક માળા ફેરવતા હતા. પછી શ્રીહરિ પ્રીતિપૂર્વક અમૃતમય વચન બોલ્યા. (૩૦) હે સંતો ! માળા ફેરવવાની ક્રિયા ધીમે રહીને એકાગ્ર મનથી તમારે સિદ્ધાસન કરીને જ દરરોજ પ્રીતિથી કરવી. (૩૧) સમગ્ર ત્યાગીઓએ હંમેશાં રાત્રિના છેલ્લા પ્રહરમાં જાગીને ચાર ઘડી સુધી ભગવાનનું ધ્યાન કરવું. (૩૨) પછી ભક્તિથી શ્રીહરિનું નામ સંકીર્તન કરવું. પછી આદરપૂર્વક શ્રીહરિના પ્રભાતિ પદોનું ગાન કરવું. (૩૩)

પછી સ્નાન કરીને તમારે સર્વેએ નિત્ય વિધિ કરવો. પછી જમીને મુહૂર્ત પર્યન્ત શ્રીહરિનું ધ્યાન આદરપૂર્વક કરવું. (૩૪) પછી આદરપૂર્વક શ્રીહરિની કથાવાર્તા કરવી. પછી સાયંકાળથી પહેલા આદર પૂર્વક સમય સમય પ્રમાણે ગાવા યોગ્ય શ્રીહરિના પદો તમારે ગાવા. પછી પ્રભુની આરતી કરીને હર્ષથી નામ સંકીર્તન કરવું. (૩૫, ૩૬)

પછી ત્યાગિજનોએ શ્રીહરિની શુભ કથાવાર્તા કરવી તથા શ્રીહરિમાં પ્રેમ વધારનારી કથાવાર્તા અતિ શ્રદ્ધાથી સાંભળવી. (૩૭) ત્યારબાદ ચાર ઘડી સુધી ભગવાનનું ધ્યાન કરવું. નિદ્રાના સુખના ત્યાગથી શોભતા એવા તમારે નિદ્રાનો ત્યાગ કરવો અને સૂવું નહીં. (૩૮)

ભગવાનની મૂર્તિનું ધ્યાન કરનારા તમારે સર્વેએ રાત્રિએ પૃથ્વી ઉપર જ સૂઈ જવું. શય્યા પાથરીને આપત્કાળ વિના ક્યારેય સૂવું નહીં. (૩૯) ત્યાગીઓએ ગ્રામ્ય વાર્તા તો ક્યારેય ન કરવી તેમ સાંભળવી પણ નહીં. શ્રીહરિની ભક્તિ વિના નકામો સમય ગાળવો નહીં. (૪૦)

શ્રીહરિની આવી અમૃતથી પણ વધારે સ્વાદિષ્ટ વાણી સાંભળીને પૂર્ણકામ શ્રીહરિને હર્ષથી સંતોએ પ્રણામ કરીને તે દિવ્ય વાણી હર્ષપૂર્વક હૃદયમાં ધારણ કરી. (૪૧)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં આદરજ ગામમાં શ્રીહરિએ સત્પુરુષોને શિક્ષણ આપ્યું તેનું નિરૂપણ કર્યું એ નામે તેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૩)



અધ્યાય ૪૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિને ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ત્યાંથી ચાલ્યા, અને પોતાના આશ્રિતો સાથે કોલવડા ગામ પધાર્યા. (૧) સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી. પછી શ્રીહરિએ કૃપાથી મુનિઓની સાથે તે ગામમાં પ્રવેશ કર્યો. (૨)

શ્રીહરિના ચરણ કમળના આશ્રયવાળા પ્રભુદાસ વગેરે ભક્તો તથા જીવી, રત્ના વગેરે સ્ત્રીઓ ચંદન, કુમકુમ, સુંદર પુષ્પોના હાર તથા વસ્ત્રો, સુંદર નૈવેદ્યો તેમજ બીજા ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩,૪)

પછી ભક્તો જેમની પાછળ ચાલે છે એવા શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ત્યાંથી ચાલ્યા અને પોતાના ભક્તો સાથે ચાલતા માણસા ગામમાં પધાર્યા. (૫) વાજિંત્રો સાથે સન્મુખ આવેલા ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી. પછી શ્રીહરિ પોતાના સહચારીઓની સાથે ગામમાં પધાર્યા. (૬)

શ્રીહરિના ચરણોના આશ્રયવાળા બ્રાહ્મણ ભક્તો દુર્લભરામ, અંબારામ તથા બીજા બ્રાહ્મણ ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૭) તેમજ ભાલચંદ્ર, ગણેશ, ગંગારામ, ભગાભાઈ, પીતાંબર આદિક

બીજા ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૮) તે ભક્તોએ ચંદન કુમકુમ સુગંધિમાન પુષ્પોના હાર તથા વિવિધ પ્રકારના શ્રેષ્ઠ અમૂલ્ય વસ્ત્રો તથા ભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૯)

પછી મુકુંદાનંદ વર્ણીએ ભક્તિભાવથી દૂધમાં બનાવેલા અતિ સુંદર ભોજન શ્રીહરિએ ભક્તિભાવ પૂર્વક વિષ્ણુને નિવેદન કર્યા. અને પછી ભક્તોની પ્રસન્નતા માટે પોતે જમ્યા. બીજા સર્વે મુનિઓ તો ફક્ત સુખડી જમ્યા. (૧૦, ૧૧)

પછી શ્રીહરિએ ત્યાંથી ઘોડી ઉપર બેસીને પ્રયાણ કર્યું. ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. અને શ્રીહરિ પોતાના મુનિઓની સાથે ઉનાવા ગામમાં પધાર્યા. (૧૨) પછી વિવિધ પ્રકારના વાજિંત્રોના ઘોષ કરી સન્મુખ આવેલા શ્રીહરિના ત્યાંના ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી. પછી શ્રીહરિ તે ગામમાં મુનિઓ વગેરેની સાથે રહ્યા.(૧૩) ત્યાં ઉનાવા ગામમાં ભક્ત રઘુ, હરખો, કુબેર, વસન, રામદાસ વગેરે તથા બીજા ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૧૪) મોટી બા તથા રૂપા આદિક સ્ત્રીઓ પણ ભક્તિપૂર્વક યોગ્યતા પ્રમાણે સેવા કરવા યોગ્ય શ્રીહરિની સેવા કરતા હતા. (૧૫) શ્રીહરિના એકાંતિક મહા ભાગ્યશાળી તે ગામના ભક્તોએ ભક્તિથી વિવિધ પ્રકારના ઉપચારોથી પ્રત્યક્ષ અવતારી શ્રીહરિનું પૂજન કર્યું. (૧૬)

પછી હે મહીપતે ! શ્રીહરિ ત્યાં જમ્યા અને પછી કલ્યાણકારી ઉપદેશ વાતો કરી પોતાના ભક્તોને સુખ આપતા ત્યાં રાત્રિ રહ્યા. (૧૭)

પ્રાતઃકાળમાં ધર્મપુત્ર શ્રીહરિએ સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કર્યો. ત્યારબાદ નાના પ્રકારના ભોજન વિષ્ણુને નિવેદન કરીને પોતે જમ્યા. (૧૮) તેટલામાં સંતો તથા પાર્ષદો પણ જમી રહ્યા પછી ત્યાંથી જવાની ઈચ્છાવાળા શ્રીહરિ તૈયાર થઈને ઘોડી ઉપર બિરાજમાન થયા. (૧૯) ત્યાંના ભક્તોએ શ્રીહરિને તથા ભક્તોને વળાવ્યા. શ્રીહરિ માર્ગમાં ચાલતા અડાલજ ગામની સમીપમાં વાવ આગળ પધાર્યા. (૨૦) કોઈ ધનાઢ્ય સ્ત્રીએ લાખો રૂપિયાના ખર્ચથી પોતાની મુક્તિ માટે કરાવેલી, ઘણાં માળ જેમાં છે એવી, સુંદર ચિત્રોથી શોભતી, વિવિધ પ્રકારના સુંદર પગથિયાથી શોભાયમાન અને તેથી મનોહર; (૨૧, ૨૨) વિવિધ પ્રકારના વૃક્ષોથી યુક્ત સુંદર શોભતી વેલોથી અત્યંત શોભાયમાન, મીઠા જળવાળી અનેક પ્રકારના પક્ષિઓના મધુર ધ્વનિથી યુક્ત તે વાવ હતી (૨૩)

ત્યાં શ્રીહરિ ઘોડી ઉપરથી ઉતર્યા અને તે વાવને તીર્થરૂપ કરવા પોતાના આશ્રિતો સાથે વાવમાં શોભાયમાન પગથીયા રૂપી માર્ગથી પ્રવેશ કર્યો. (૨૪) હે રાજન્ ! પ્રફુલ્લિત લાલ કમળના જેવી જેમની કાંતિ છે એવા, અને સમગ્ર તીર્થોના એક સ્થાનભૂત એવા શ્રીહરિએ બંને ચરણો તથા હાથ તે વાવમાં ધોયા. અને પછી મુકુંદાનંદ વર્ણીએ સુંદર પાત્રમાં ગાળીને આપેલું વાવનું અત્યંત મિષ્ટ જળ પીધું. (૨૫, ૨૬)

પછી હે ભૂપતે ! વાવની ભીંતમાં ચોડેલા આરસ પહાણના પથ્થરમાં સુંદર લખેલા સ્ફુટ અક્ષરોની પંક્તિને દયાનિધિ શ્રીહરિ જોતા હતા. (૨૭) મેં આ વાવ ઘણા ખર્ચથી કરાવેલી છે. તે આ લોકમાં કીર્તિ પ્રાપ્ત કરવા માટે નથી કરાવી, વળી પરલોકમાં વિવિધ પ્રકારના ભોગની પ્રાપ્તિ માટે પણ નથી કરાવી. પરંતુ કેવળ મારા કલ્યાણ માટે જ કરાવી છે. (૨૮) માટે આ લોકમાં જે કલ્યાણકારી મહાપુરુષો

હોય તે આ વાવનું મીઠું જળ પીને મારું સર્વોત્તમ કલ્યાણ કરો. (૨૯)

તેમના આવા અભિપ્રાયવાળી તે અક્ષર પંક્તિ વાંચીને અને તેની શ્રેષ્ઠ રુચિ જાણીને, શ્રીહરિ આનંદ પામ્યા. (૩૦) તેથી અત્યંત પ્રસન્ન થયેલા દયાસાગર શ્રીહરિએ વાવ્ય કરાવનારી સ્ત્રીનું નિશ્ચયજ કલ્યાણ થશે એમ કહ્યું. (૩૧) વળી એ વાવ્યના નિર્માણ કાર્યમાં જે જે ઉપયોગમાં આવ્યા હશે તેવા ઘણા પ્રાણીઓનું પણ કલ્યાણ થશે. (૩૨)

શ્રીહરિનું આવું વચન સાંભળીને પરમ આશ્ચર્ય પામેલા બુદ્ધિમાન શ્રીહરિના ભક્ત નાચિકેત બ્રાહ્મણ શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૩) હે સત્પતે ! કરનાર-કરાવનાર-સહાય કરનાર અનુમોદન આપનારાઓને પુણ્યપાપોનું ફળ તારતમ્યથી થાય. (૩૪) હે શ્રીહરે ! હે સ્વામિન્ ! આપે તો વાવ્યના નિર્માણમાં ઉપયોગમાં આવેલા બધા જીવોનું સરખું કલ્યાણ થશે એમ કહ્યું તે કેમ થાય ? (૩૫)

તેમનું એવું વચન સાંભળીને અકારણ અપાર કરુણાના સાગર અખિલેશ્વર શ્રીહરિ તેમના પ્રત્યે બોલ્યા. (૩૬) હે વિપ્ર ! મારામાં જેમનું ચિત્ત છે એવા આ મારા સાધુઓના વચનથી ઘણા પ્રાણીઓનું કલ્યાણ થાય જ. (૩૭) તો સત્પુરુષોના પતિ સર્વેનો અધીશ્વર એવો હું તે મારા વચનથી અસંખ્ય જીવોની મુક્તિ થશે. એવા મારા વચનમાં તમારા ચિત્તમાં શું સંશય છે ? સ્વતંત્ર, અક્ષરના નિયંતા, મારી ઈચ્છાથી શું ન થાય ? સર્વથા થાય જ. (૪૯)

હે સુમતે ! મારા સંકલ્પથી કરોડો બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર થાય છે એમ તમો જાણો (૪૦) કાળ, માયા, અક્ષર આદિના નિયંતા, સનાતન, સ્વતંત્ર, પુરુષોત્તમ મને તમે સત્ય સંકલ્પ જાણો. (૪૧) તેથી મને કંઈ પણ અસાધ્ય નથી. વળી જે મેં કરવા ઈચ્છ્યું છે તેને અન્યથા કરવા માટે કોઈ સમર્થ નથી એમ તમે જાણો. (૪૨)

બ્રાહ્મણ નાચિકેત શ્રીહરિનું આવું વચન સાંભળીને નિઃસંશય થઈને હર્ષપૂર્વક શ્રીહરિને પ્રણામ કરતા હતા. પછી સત્પતિ શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે વાવ્યમાંથી બહાર પધાર્યા. (૪૩) પોતાના આશ્રિત ભક્તો સાથે શ્રીહરિ વાવ્યની સમીપમાં રાત્રી રહ્યા. ગામમાંથી ઘણા જનો શ્રીહરિનાં દર્શન કરવા માટે શ્રીહરિના નિવાસસ્થાનમાં આવ્યા. (૪૪)

તે ભક્તો મનોહર આસન ઉપર બિરાજેલા સાધુઓના મંડળમાં શોભતા શ્રીહરિના દર્શન કરીને અત્યંત આનંદ પામીને સભામાં બેઠા. (૪૫) પછી શ્રીહરિએ તેમની આગળ કલ્યાણકારી વાર્તા કરી. શ્રીહરિએ કરેલી ધર્મ જ્ઞાનાદિ સંબંધી વાર્તા સાંભળીને તે જનો અતિ વિસ્મય પામ્યા. (૪૬) હે રાજન્! પછી ઘણા જનોએ શ્રીહરિને પરમેશ્વર જાણીને શ્રીહરિ પાસેથી નિયમો ધારણ કરી શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૪૭) પછી તે જનોએ શ્રીહરિની તેમના આશ્રિતો સાથે યોગ્યતા પ્રમાણે સેવા કરી. શ્રીહરિ ત્યાં રાત્રિ રહીને સવારમાં પોતાના આશ્રિતોની સાથે ચાલ્યા. (૪૮) શ્રીહરિ પોતાના શ્રેષ્ઠ અશ્વ ઉપર વિરાજમાન થયા અને ઉતાવળી ગતિથી ચાલતા, અશ્વને માર્ગમાં વિચિત્ર ગતિથી ચલાવતા, પોતાના ભક્તોને આનંદ આપતા મોટેરા ગામમાં પધાર્યા. (૪૯)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરીલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિનું કાળાવડ આદિ ગામમાં વિચરણ વર્ણન નામે ચુંવાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૪)



અધ્યાય ૪૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપાલ ! વાજિંત્રોના ઘોષ સાથે સન્મુખ આવેલા મોટેરા ગામના ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ પોતાના અનુયાયિ મુક્તાનંદાદિ ભક્તો સાથે મોટેરા ગામમાં રહ્યા. (૧) તે ગામમાં ભૂધરદાસ, લાખો, રામજીત, હંસજીત, વેણીદાસ, નાથજીત, પુરુષોત્તમ, રઘુરામ, ભગો તથા પ્રભુદાસ આદિક ભક્તો ભક્તિપૂર્વક પરમેશ્વર શ્રીહરિની સેવા કરતા હતા. (૨-૩)

હે રાજન્ ! પોતાના ધર્મમાં રહેલા કંકુ તથા રત્ના આદિક ત્યાંના સ્ત્રી ભક્તો પણ ભક્તિથી ધર્મનંદન શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતા હતા. (૪) આ ભક્તો ચંદન,કુમકુમ, કસ્તુરી, પુષ્પોના હાર તથા વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૫)

શ્રીહરિએ સાબરમતી નદીમાં સ્નાન કર્યું. પછી પોતાનો નિત્યવિધિ કરીને નાના પ્રકારના ભોજન વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૬) બ્રહ્મચારીઓ તથા સંતો યોગ્યતા પ્રમાણે જુદીજુદી રસોઈ કરીને જમતા હતા. તેમજ બીજા ઘોડેસવારો તથા પાર્ષદો પણ જમતા હતા. (૭)

પછી શ્રીહરિ સર્વ જીવોને હિત કરનારી ધર્માદિ સંબંધી વાર્તા કરી. એ પ્રમાણે પોતાના ભક્તોને આનંદ આપતા એક રાત્રિ ત્યાં રહ્યા. (૮)

હે રાજન્ ! પછી પોતાના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. વિભુ શ્રીહરિ પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજમાન થઈને પોતાના સહચર મુક્તાનંદાદિની સાથે શ્રીનગર પધાર્યા. (૯)

ઈષ્ટદેવ શ્રીહરિ પોતાના પુરમાં આવે છે એવું સાંભળીને શ્રીનગરના સર્વે ભક્તજનો હર્ષથી નાના પ્રકારના વાહનો લઈને શ્રીહરિની સન્મુખ ગયા. (૧૦)

તે ભક્તો નગરથી અર્ધો ગાઉ દૂર અશ્વરાજ ઉપર બિરાજમાન થયેલા પરમેશ્વર શ્રીહરિનાં દર્શન કરીને નેત્રમાં હર્ષના અશ્રુ જેમને છે એવા તેમજ જેમના ગાત્રો રોમાંચિત થયા છે એવા તે સર્વે શ્રીહરિને દંડવત પ્રણામ પૂર્વક વંદના કરવા લાગ્યા. (૧૧) સુવર્ણના લાલ વર્ણના વસ્ત્રો ધારણ કરનારા, પ્રકાશમાન મણિઓથી જડેલા સુવર્ણના ભૂષણોથી અલંકૃત છે અંગો જેમના એવા શ્રીહરિનું તે ભક્તોએ નાના પ્રકારના ઉત્તમ પષ્પોના હારથી સંપૂજન કરી શિબિકા ઉપર બિરાજમાન કરાવ્યા. (૧૨)

જેમને અધિક આનંદ થયો છે તેવા ભક્તોએ સાધુજનોને રથાદિ વાહનોમાં યથાયોગ્ય બેસાડ્યા. પછી તે ભક્તો ઊંચા સ્વરથી શ્રીહરિના પદો ગાતા ગાતા વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિને પુરમાં પ્રવેશ કરાવ્યો. (૧૩)

તે સમયે ત્યાં ભેગા થયેલા ભક્તો શ્રીહરિના દર્શનથી જ અત્યંત આનંદ પામ્યા. હજારો ભક્તો શ્રીહરિની આગળ, પાછળ તથા બંને પડખે ચાલતા હતા. (૧૪) ઘણા ભક્તોએ બંધુકો ધારણ કરી હતી. ઘણાએ વિવિધ પ્રકારના ઉજ્જવલ અને આશ્ચર્ય પમાડે તેવા શસ્ત્રો ધારણ કર્યા હતા. અનુપમ આનંદથી બંધુકોના અવાજો કરતા તે સર્વ આગળ ચાલતા હતા. નગારા, ઝાંઝર, મૃદંગ વગેરેની મેઘની જેવો ગંભીર ઘોષ ત્યાં થતો હતો. ગીતમાં નિપુણ જનો પ્રસન્ન થઈને શ્રીહરિના વર્ણન કરવા યોગ્ય ગુણોનું અતિ મધુર ગાન કરતાં હતા. (૧૫)

તે સમયે વાજિંત્રોના ઘોષ તથા બંધુકના અવાજો સાંભળીને પુરનાજનો પોતાનાં કાર્યોનો ત્યાગ કરીને શ્રીહરિનાં દર્શન માટે રાજમાર્ગમાં તથા શેરીઓમાં આવ્યા. (૧૬) તે સર્વે જનો નેત્રોને સુંદર લાગતા મંગલમય દિવ્યમૂર્તિ જેમની છે એવા શ્રીહરિનાં દર્શન કરીને દરિદ્રો જેમ ધનની પ્રાપ્તિથી આનંદ પામે તેમ પ્રસન્ન થઈને પોતાના નેત્રોને શ્રીહરિની મૂર્તિથી દૂર ખેંચી શક્યા નહિ. (૧૭)

બાળક, વૃદ્ધ, યુવાન, રોગી એવા દરેક શરીર ધારિઓ શ્રીહરિના દર્શન કરીને અત્યંત આનંદ પામ્યા. છતાં પણ તૃપ્તિ તો ન જ પામ્યા અને ચિત્રની માફક અત્યંત સ્થિર થઈ ગયા. (૧૮) ચામર, છત્ર વગેરે મનોહર રાજ્ય ચિહ્નોથી અતિ પ્રકાશમાન શ્રીહરિના દર્શન કરીને બંને હાથ જોડીને તે પુરના જનો શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા અને શ્રેષ્ઠ પુષ્પોથી શ્રીહરિને વધાવતા હતા. (૧૯)

પોતાના દર્શનથી આનંદ પામેલા શ્રીનગરના નિવાસી જનોના મનને હરતા શ્રીહરિ, ચોપદારોએ ઉચ્ચારેલા છડીના શબ્દો સાંભળતા તે નગરને જોતા હતા. (૨૦) હાથિઓના સ્રવતા મદના પાણીથી તથા સુગંધિમાન જળથી છંટાયેલા રાજમાર્ગો, ચોક, વગેરેથી શોભાયમાન તથા પુષ્પોથી શોભાયમાન, મંગળકારી પદાર્થોથી યુક્ત જળથી ભરેલા સુવર્ણમય કળશો તેમજ કેળાના સ્તંભો, સોપારીના વૃક્ષો, ધજા પતાકા વગેરેથી શોભાયમાન આંગણાં જેમાં છે એવું દર્શનીય. (૨૧-૨૨)

જુદી જુદી શ્રેષ્ઠ હવેલીઓ જેમાં છે, બજારો, રસ્તાઓ, ચોકો તથા પંક્તિબદ્ધ મનોહર દુકાનો તથા પંક્તિબદ્ધ મનોહર વિવિધ પ્રકારની ઉંચી હવેલીઓથી શોભાયમાન (૨૩) મનોહર સભાસ્થાનો તથા ધર્મશાળાઓ, દેવમંદિરો વગેરેથી અત્યંત શોભતું અને ફાંસડા, સુંદર ઓટલા, ચોક, આંગણા વગેરેમાં રહેતા નાના પ્રકારના પક્ષીઓ જ્યાં નાદ કરે છે તથા વલ્લભીમાં બેઠેલા શુક-સારિકા મયૂરો વગેરેથી (૨૪)

તેમજ શ્રેષ્ઠ બાર દરવાજાઓ તથા કિલ્લાઓથી શોભાયમાન બગીચાઓની શોભાથી યુક્ત, ચિત્ર વિચિત્ર તોરણોથી શોભતા ઘરો જેમાં છે તેમજ રમણીય ધ્વજોની પંક્તિઓથી શોભાયમાન (૨૫) સૂર્યના કિરણોથી પ્રકાશમાન ઉંચી શ્રેષ્ઠ હવેલીઓની મનોહર શોભાથી શ્રીહરિનાં દર્શન કરવા આવેલા દેવતાઓને સ્વર્ગની ભ્રાન્તિ કરાવતું. (૨૬)

પવનથી ફરકતી ચંચલ ધ્વજાઓ જાણે ઈશ્વરના ઈશ્વર શ્રીહરિને બોલાવતી હોય ને શું ? એ પ્રકારની શોભાવાળું, અગર ચંદનના ઉત્તમ ધૂપ, દીપ તથા વાજિંત્રો સાથે ગવાતા ગીતોથી શોભાયમાન (૨૭) હે રાજન્ ! આ પ્રકારે શોભાયમાન નગરના રાજમાર્ગમાં ધીમે ધીમે ચાલતા શ્રીહરિનાં દર્શન

માટે જ પોતાના સર્વ કાર્યોનો ત્યાગ કરીને પુરની સ્ત્રીઓ તત્કાળ રાજમાર્ગમાં આવી. (૨૮)

હે રાજન્ ! કેટલીક સ્ત્રીઓ ઉંચા ઘરો ઉપર બેસીને શ્રીહરિના દર્શન કરતી હતી. કેટલીક જાળીયામાં દૃષ્ટિ માંડીને હર્ષપૂર્વક શ્રીહરિના દર્શન કરતી ઊભી રહી. (૨૯) શ્રીહરિના સૌંદર્યમાં આસક્ત ચિત્તવાળી, શ્રીહરિના દર્શનના આનંદથી યુક્ત, સમગ્ર સ્ત્રીઓ શ્રીહરિને નમસ્કાર કરી, શ્રીહરિને વિવિધ પ્રકારનાં સુંદર પુષ્પો, ધાણી તથા જવ વગેરેથી વધાવતી હતી. (૩૦) કરોડો કામદેવોના સમાન મનોહર અંગવાળા, મંદ હાસ્યની કાંતિથી શોભાયમાન, સુંદર વદન જેમનું છે એવા, દેવેન્દ્રોને પણ દર્શનીય એવા શ્રીહરિનાં દર્શન કરીને તે સમયે સ્ત્રીઓના નેત્રો સાર્થક થયા. (૩૧)

પુરની સ્ત્રીઓ પોતાના નેત્રપટ દ્વારા પોતાના અંતઃકરણમાં પ્રવેશ પામેલા શ્રીહરિને દૃષ્ટિપથમાંથી છોડી શકતી ન હતી. સાંસારિક વિવિધ તાપનો જેમનાં દર્શનથી વિનાશ થઈ જાય છે એવા શ્રીહરિના દર્શન કરીને સ્ત્રીઓ ચિત્રની પ્રતિમાની જેમ સ્થિર થઈ ગઈ. (૩૨)

તે સમયે સ્ત્રીઓ પરસ્પર આ પ્રમાણે બોલતી હતી. હે સખીઓ ! આ શ્રીહરિ આપણા મનને પોતાની મૂર્તિમાં ખેંચે છે એટલું જ નહિ પરંતુ સમગ્ર પુરના નિવાસી જનોના મનને પણ ખેંચે છે. માટે સમગ્ર ઈશ્વરોના ઈશ્વર તે ભગવાન કૃષ્ણ છે. (૩૩) તેથી જ દેવેન્દ્રો તેમને દર્શન માટે પ્રાર્થના કરે છે. એવા મનોહર મંગળરૂપ, દિવ્ય મૂર્તિવાળા, પ્રત્યક્ષ પરમેશ્વર આ હરિકૃષ્ણના દર્શન કરીને પોતાનો જન્મ સફળ કરો. (૩૪)

અતિ તીવ્ર પાખંડ ધર્મનું ખંડન કરનારા આ શ્રીહરિના બંને હાથને નીરખીને જુઓ. હે સખીઓ! મંદ હાસ્યથી અત્યંત શોભતા, પૂર્ણ ચંદ્રમાનો તિરસ્કાર કરતા આ શ્રીહરિના દિવ્ય મુખારવિંદના દર્શન કરો. (૩૫) હે સ્ત્રીઓ ! શોભાયમાન, સ્વચ્છ પદ્મના પલ્લવ જેવી, દયામૃતથી આર્દ્ર પોતાની ગતિ વિશેષથી સરોવરમાં ચાલતા બંને માછલાના જેવી તેમજ ખંજન પક્ષિના જેવી સ્વાભાવિક ચપળતાવાળી આ શ્રીહરિની બંને આંખોને જુઓ. (૩૬) હે સખીઓ ! દેહધારીઓની મુક્તિ માટે જ પોતાના ધામમાં રહેલા સમગ્ર ઐશ્વર્યાદિથી યુક્ત, પ્રત્યક્ષ પરમેશ્વર જ ધર્મદેવથકી ભક્તિદેવીમાં પ્રગટ થયા છે એમ વેદશાસ્ત્રના પારંગત, મહાબુદ્ધિશાળી વિવેકીજનો કહે છે. લોકોના ચિત્તને હરનારા આજ ભગવાન આજે જાય છે અર્થાત્ એ સિવાય બીજો કોઈ પરમેશ્વર નથી એમ હું કહું છું. (૩૭)

હે સખીઓ ! જે ભક્તિધર્માત્મજ ભગવાન કેવળ પોતાના દર્શન માત્રથી અતિ પ્રયત્ન સાધ્ય અસંપ્રજ્ઞાત સમાધિ અનેક જનોને તત્કાળ કરાવે છે તેમજ ધર્માદિ ગુણોનો મનુષ્યોમાં આવિર્ભાવ કરે છે. (૩૮) માધુર્ય, સૌંદર્ય તથા દયાના સમુદ્રરૂપ અદ્વિતીય જે ભક્તિ ધર્મના પુત્ર ભગવાન છે તે જ જાય છે. પુરાણમૂર્તિ આ શ્રીહરિનાં દર્શનથી, પુરવાસી એવા અમારા પણ અતિ મહાન ભાગ્ય છે. (૩૯)

શ્રીહરિના નગર પ્રવેશ સમયે પુરની સ્ત્રીઓએ વિશુદ્ધ ભાવથી હર્ષપૂર્વક શ્રીહરિની આ પ્રમાણે સ્તુતિ કરી, શ્રીહરિ પણ પોતાના દર્શન આપી પુરની સ્ત્રીઓ જે શ્રીહરિને વારંવાર પ્રણામ કરતી હતી. તેમને તેમજ પૌરજનોને પવિત્ર કરતા ધીમે ધીમે ચાલતા હતા. (૪૦)

પોતાની દુકાને બેઠેલા વણિકો પણ લેણદેણના સોદાઓ છોડી ભક્તોની માફક શ્રીહરિને નમસ્કાર કરતા અને શ્રીહરિને વિવિધ પ્રકારની અતિ સુંદર ભેટો સન્માનને ભક્તિપૂર્વક અર્પણ કરતા હતા. (૪૧) જેમનો કંઠ અતિ સુંદર છે એવા વિપ્રો, શ્રીહરિની સન્મુખ આવીને નમસ્કાર કરી તથા કુમકુમ, ચંદન, અક્ષત, પુષ્પોના હાર વગેરેથી પ્રીતિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. પછી અત્યંત આનંદ પામીને મનોહર સામવેદનું ગાન કરતા હતા. (૪૨) શ્રીહરિના મુખારવિંદ તરફ જ જેમના નેત્રો સ્થિર છે તેમ જ જેમણે શ્રીહરિ પ્રત્યે બંને હાથ જોડ્યા છે એવા સમગ્ર પૌરજનો યોગ્યતા પ્રમાણે શ્રીહરિનું સન્માન કરતા. ઘણી શોભાયુક્ત વિવિધ પ્રકારનાં ચિત્રોથી યુક્ત એવી શિબિકામાં બિરાજમાન શ્રીહરિ પોતાના સાધુ વગેરેની સાથે પોતાને નિવાસ યોગ્ય ઉતારામાં પધાર્યા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરીલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિનો શ્રીપુરમાં પ્રવેશ-શોભાદિ વર્ણન નામે પિસ્તાલીસમો અધ્યય સંપૂર્ણ. (૪૫)



અધ્યાય ૪૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે : પછી સમગ્ર ભક્તોએ શ્રીહરિને તેમના આશ્રિતો સાથે નવાવાસમાં (નવી હવેલીમાં) હર્ષથી નિવાસ કરાવ્યો અને એ પ્રમાણે શ્રીહરિનો આતિથ્ય સત્કાર કરતા હતા. (૧) શ્રીનગરમાં શ્રીહરિનો જે નવી હવેલીમાં નિવાસ હતો તે હવેલી હાલમાં પણ નવાવાસ તરીકે પ્રસિદ્ધ છે. (૨)

હે રાજન્ ! પછી શ્રીહરિએ ત્યાં સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કર્યો. પછી વિષ્ણુને ભોજન નિવેદન કરીને શ્રીહરિ પોતે જમતા હતા. (૩) તેમના આશ્રિત સર્વે સંતો, વર્ણીઓ વગેરે જુદો પાક કરીને જમતા હતા. પાર્ષદો પણ યથાયોગ્ય જમતા હતા. (૪)

શ્રીનગરમાં શ્રીહરિના ચરણકમળના આશ્રિત બ્રાહ્મણ ભક્ત નથુભટ્ટ, ગણપત, બીજા નથુભટ્ટ, જીવનશર્મા, હિંમતરામ તથા બીજા ઘણા બ્રાહ્મણ ભક્તો હર્ષપૂર્વક સમય સમય પ્રમાણે ભગવાનની સેવા કરતા હતા. (૫-૬) કુબેરજીત મુખ્ય જેમાં છે એવા શ્રીહરિના આશ્રિત ક્ષત્રિયો હર્ષથી યથાયોગ્ય શ્રીહરિની સેવા કરતા હતા. (૭) હિરાચંદ નામના બે ભક્તો તથા બહેચર નામના બે ભક્તો, માણેકલાલ, લાલગુપ્ત, દામોદર ભક્ત, (૮) ઈચ્છારામ, આગળ કહેલા બે હિરાચંદથી જુદા ત્રીજા હિરાચંદ, રાયજીત, ભાલચંદ્ર, ભાવસિંહ તથા ભૂધર (૯) તેવી રીતે શ્રીહરિના ચરણાશ્રિત બીજા દામોદર, પુરુષોત્તમ, અંબારામ તથા શંભુદાસ વગેરે શ્રીહરિમાં પ્રીતિયુક્ત ભક્તિવાળા વૈશ્ય ભક્તો તેમજ બીજા હજારો ભક્તો શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતા હતા. (૧૦-૧૧)

બ્રાહ્મણ પત્ની ગંગા, દાળ, લોટ, ચોખા, શુદ્ધ કરીને તેમજ ઘી, સાકર, દૂધ તથા શાક વગેરે શ્રીહરિની રસોઈ માટે હંમેશા શ્રદ્ધાપૂર્વક મોકલતાં હતાં. અનુવૃત્તિયુક્ત ભક્તિથી શ્રીહરિને ગંગા અત્યંત

પ્રસન્ન કરતા હતા. (૧૨-૧૩)

તપથી વિશુદ્ધ છે હૃદય જેનું અને ગ્રામ્ય સુખની ઈચ્છાનો જેણે ત્યાગ કર્યો છે. સુંદર શીલ વૃત્તિવાળા છે એવા જ્ઞાની તથા પોતાના ધર્મમાં અચલ સ્થિતિવાળા બ્રાહ્મણ પત્ની રેવા માંજેલા પાત્રમાં પવિત્ર જળ ગાળીને પોતે દરરોજ શ્રીહરિને માટે હર્ષથી મોકલતા હતા. (૧૪-૧૫)

બાહ્ય તથા આભ્યન્તર પવિત્ર, વૈરાગ્યવાળા, તપસ્વિની રેવા સહજાનંદ શ્રીહરિને અનન્ય ભક્તિથી ભજતાં હતાં (૧૬) શ્યામા, લક્ષ્મી, દીવાળી, શિવા વગેરે ભક્તિવાળી સ્ત્રીઓ શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતાં હતાં. (૧૭) તે ભક્તો હરિકૃષ્ણ ભગવાન તથા વર્ણીઓ, સંતો, પાર્ષદો, ઘોડેસવારો વગેરેને નાના પ્રકારના ભક્ષ્ય ભોજ્યાદિ ભોજનથી દરરોજ તૃપ્તિ પમાડતા હતા. (૧૮)

શ્રીપુરના ભક્તો પણ શ્રીહરિને મુક્તાનંદાદિ પોતાના આશ્રિતોની સાથે પોતપોતાને ઘેર પધરાવીને શ્રેષ્ઠ સુગંધીમાન ચંદન, કસ્તુરી-પુષ્પહારાદિ અમૂલ્ય રમણીય ભૂષણો, વિવિધ પ્રકારના વસ્ત્રો-દ્રવ્યો તથા બીજા ઉપચારોથી પૂજન કરી શ્રીહરિની આરતી કરતા હતા. (૧૯)

શ્રીહરિને ભક્તો પોતાના (શ્રીહરિના) નિવાસસ્થાનમાં ચંદન, અક્ષત, કુમકુમ તથા વિવિધ પ્રકારના પુષ્પોના હાર આદિક ઉપચારોથી પૂજતા હતા. (૨૦-૨૧)

શ્રીહરિના નિવાસ સ્થાનમાં દરરોજ શ્રીહરિની સમીપે ત્યાગિઓ તથા ગૃહસ્થોની અલૌકિક મોટી સભા થતી હતી. (૨૨) સભામાં ઓછાડ પાથરેલ કોમલ આસનવાળા ઉત્તમ સિંહાસનમાં બિરાજમાન થઈને શ્રીહરિ ધર્મ-જ્ઞાનાદિ-યુક્ત વાર્તા કરતા હતા. (૨૩)

તે સભામાં શ્રીહરિ વિવિધ પ્રકારનાં શાસ્ત્રો જાણનારા અજેય પંડિત બ્રાહ્મણોને વેદશાસ્ત્રોના પ્રમાણો વડે પોતાના પ્રતાપથી જીતતા હતા. (૨૪)

સભામાં સાધુઓના તથા અસાધુઓનાં લક્ષણોના નિરૂપણથી સત્પુરુષોનો સમાશ્રય કરવો તથા અસત્પુરુષોનો ત્યાગ કરવો હોય એમ શ્રીહરિ કહેતા હતા. (૨૫) સત્ અને અસત્ પુરુષોના લક્ષણોને જાણનારા પુરના મુમુક્ષુ જનો હંમેશાં ટોળે ટોળા મળીને શ્રીહરિનો દૃઢાશ્રય કરતા હતા. (૨૬)

પોતાને શરણે આવેલા પુરજનો ત્યાં શ્રીહરિનું તથા તેમના સાધુઓનું માહાત્મ્ય હર્ષપૂર્વક કહેતા હતા. ઉંચા સ્વરથી શ્રીહરે, સહજાનંદ, સ્વામિનારાયણ, શ્રીહરિકૃષ્ણ, કૃષ્ણ, નીલકંઠ, નારાયણ, સ્વામિન્ ઈત્યાદિ નામો બોલતા શ્રીહરિનું ભજન કરતા હતા. (૨૭) નગરપતિ રાજા હંમેશાં સભામાં કારભારીઓની સાથે શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા હતા. હે શ્રીહરે ! હું તમારો દાસ છું એમ શ્રીહરિને કહેતા હતા. (૨૮) રાજા પણ સચ્છાસ્ત્રનો પ્રમાણ વચનોવાળી શ્રીહરિએ કરેલી વાર્તા સાંભળીને તથા સત્પુરુષોની ઉત્તમ રીતિ જોઈને, શ્રીહરિની અત્યંત પ્રશંસા કરતા હતા. (૨૯)

શ્રીનગરમાં સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે એવો રાજ સ્થાનમાં તથા ઘેર ઘેર મોટો ઉદ્‌ઘોષ થયો. (૩૦) આ પ્રકારે પરમાત્મા શ્રીહરિનો અનુપમ પ્રતાપ સાંભળીને, દૈવીજીવો આનંદ પામ્યા અને

અસુરાંશ જીવો બળવા લાગ્યા. (૩૧)

પછી જન્માષ્ટમી સમીપે આવી એટલે શ્રીનગરના નિવાસી ભક્તોએ ઉત્સવ કરવા ઈચ્છા કરી, તેથી શ્રીહરિએ હર્ષથી પૂછવા લાગ્યા. (૩૨) હે હરે ! હે સ્વામિન્ ! નાના પ્રકારના દેશોમાં રહેલા ભક્તોને અહીં બોલાવીને જન્માષ્ટમીનો મહોત્સવ આપ કૃપા કરીને કરો. (૩૩) આવા પ્રકારની પોતાના ભક્તજનોએ કરેલી પ્રાર્થના સાંભળીને દયાનિધિ શ્રીહરિ પ્રસન્ન થઈને ઉત્સવની સામગ્રી મંગાવવા માટે પોતાના આશ્રિત ભક્તોને આજ્ઞા આપતા હતા. (૩૪)

તેથી હે મહીપતે ! ભક્તો અત્યંત હર્ષ પામ્યા અને ઉત્સવને યોગ્ય નાના પ્રકારની સામગ્રીઓ તત્કાળ તૈયાર કરવા લાગ્યા. (૩૫) દેશાન્તરમાં રહેનારા ભક્તોને બોલાવવા માટે તેમના પ્રત્યે હે નૃપ! કુમકુમ છાંટીને મંગળ પત્રિકાઓ શ્રીનગરના ભક્તો મોકલતા હતા. (૩૬) હે રાજન્ ! જુદા જુદા દેશોમાં રહેનારા હજારો ભક્ત મંગળ પત્રિકાઓ વાંચીને અતિપ્રસન્ન થઈને, શ્રીહરિના દર્શન કરવા માટે શ્રવણ વદી સપ્તમીને દિવસે જુદા જુદા દેશોમાંથી શ્રીનગરમાં આવ્યા. (૩૭)

સભામાં ઉત્તમ આસનમાં બિરાજમાન પોતના ઈષ્ટદેવ સહજાનંદ શ્રીહરિનાં દર્શન કરીને તે ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૩૮) શ્રીહરિનાં દર્શનથી ભક્તોને, સ્વાતિ નક્ષત્રમાં વર્ષતા મેઘને જોઈને ચાતક પક્ષિને જેમ આનંદ થાય તેમ, અત્યંત આનંદ થયો. (૩૯) તે સમયે હે મહીપતે ! શ્રીહરિએ દૃષ્ટિથી, હાથની સંજ્ઞાથી, મંદહાસ્યથી, પ્રિયવચનથી વગેરે ચેષ્ટાથી દેશાન્તરથી આવેલા સર્વ ભક્તજનોની યથાયોગ્ય સંભાવના કરી. (૪૦)

હે ભૂપતે ! નગરના નિવાસી ભક્તજનો શ્રીહરિની આજ્ઞાથી પરદેશથી આવેલા હરિભક્તોને ઉતારા આપવા વગેરેની આદરપૂર્વક સેવા કરતા હતા. (૪૧) પછી દેશાન્તરથી આવેલા ભક્તો મહાઅમૂલ્ય અલંકારો, વસ્ત્રો, ચંદન, પુષ્પોના હારો તથા બીજા ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતા હતા. (૪૨)

પછી શ્રી સહજાનંદ સ્વામિ ધર્મ, જ્ઞાનાદિ સમ્બન્ધી કલ્યાણકારી વાર્તાઓ કરીને ભક્તોને અત્યંત આનંદ પમાડતા હતા. (૪૩) પુરના ભક્તોએ જન્માષ્ટમીને દિવસે વિવિધ પ્રકારનાં પુષ્પોની માળાઓ, ફળો તેમજ નવીન પલ્લવોથી શોભાયમાન એવો હીંડોળો બાંધ્યો. (૪૪)

સોનેરી વસ્ત્રોથી વીંટાયેલો સુવર્ણજડિત, શોભાયમાન તક્તાઓએ યુક્ત કોમળ ગાદીઓ તથા વસ્ત્રોથી યુક્ત અતિ પ્રકાશમાન સૂર્યના કિરણોથી અતિ ચળકતો તે હીંડોળો હતો. (૪૫) પછી જન્માષ્ટમીની રાત્રિએ ત્યાગિઓ તથા ગૃહસ્થો શ્રીહરિની આગળ મૃદંગ ઝાઝ વગાડી ગાન કરતા હતા. (૪૬)

પછી મધ્યરાત્રિએ શ્રીહરિ, ભક્તોને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે ભક્તો ! હીંડોળામાં મૂકીને પૂજન કરવા માટે કૃષ્ણની પ્રતિમા (બાળ મુકુન્દની મૂર્તિ) લાવો. (૪૭)

એટલે પુરના ભક્તજનો શ્રીહરિને કહેવા લાગ્યા : હે શ્રીહરે ! આપ પ્રત્યક્ષ પુરુષોત્તમ સર્વ અવતારોના અવતારી છો. (૪૮) હે વિભો ! માટે આપના પૂજનથી જ આપના અવતાર શ્રીકૃષ્ણનું પૂજન થઈ જશે. માટે હીંડોળામાં બિરાજેલા આપને અમારે પૂજવાની ઈચ્છા છે. (૪૯) માટે આપે આ હીંડોળામાં

બિરાજવું, આવી રીતે ભક્તોએ શ્રીહરિને કહીને આગ્રહપૂર્વક શ્રીહરિને હીંડોળામાં બેસાડ્યા. (૫૦)

પછી સર્વે ભક્તો, મહા અમૂલ્ય-વસ્ત્રો, અલંકારો, ચંદન સુગંધિમાન પુષ્પોના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૫૧) હર્ષ પામેલા મહાભાગ્યશાળી ભક્તોએ વાજિંત્રોના ઘોષ સાથે ભક્તિપૂર્વક શ્રીહરિની આરતિ કરી. (૫૨) આનંદાનંદ મુનિ હીંડોળાની દોરડી હાથમાં લઈને સ્વામિનારાયણ એવા શ્રીહરિને હર્ષથી હીંચોળતા હતા. (૫૩)

આ પ્રકારે પોતાના જનોએ પૂજેલા, હીંડોળા ઉપર બિરાજમાન, શોભાયમાન, ચંચળ, દર્શનીય મૂર્તિ જેમની છે એવા, ધારણ કર્યા છે સુંદર સોનેરી વસ્ત્રો જેમણે એવા, શ્રીહરિ, પોતાના ભક્તોનાં મન હરતા હતા. (૫૪) વીજળીથી યુક્ત ઈન્દ્ર ધનુષ્યના જેવી કાંતિવાળાની જેમ અતિ પ્રકાશમાન, ચળકતા, શોભાયમાન ચાલતા હીડોળાના ચાલવાથી જેમના વસ્ત્રોના પાલવો ચલાયમાન થયા છે એવા. (૫૫)

જેમણે મોતીઓની ઉત્તમ માળાઓ ધારણ કરી છે અને જેના પ્રકાશથી શોભાયમાન છે સ્ફુરાયમાન ઉત્તમ ઓઢવાનું વસ્ત્ર જેમને એવા, વળી નવીન ડગલાની કરચલીઓથી શોભતા અને સેંકડો નેત્રોથી ભક્તોએ જેમના દર્શન કર્યા એવા શોભાયમાન. (૫૬) કમળ સરખા સુંદર છે નેત્રો જેમને એવા, દર્શનીય અતિ કરુણરસ ભરપૂર નેત્ર કટાક્ષો જેમના છે એવા, કંઠમાં વિલાસ કરતા અતિ શોભાયમાન પુષ્પોના હારોથી મનોહર તથા કામદેવના મદને હરનારી ચંચળ બને ભ્રકુટિઓથી અભિરામ (૫૭) શુભ અને અત્યંત મધુર મંદહાસ્યથી અત્યંત શોભાયમાન, વદનથી લજ્જીત કર્યો છે ચંદ્રમાં જેમણે એવા, સુવર્ણના વિભૂષણો જેમણે સમગ્ર અંગમાં ધારણ કર્યા છે એવા (૫૮) હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિ પોતાના સમગ્ર આશ્રિતોને અત્યંત કૃપાથી પોતાનાં દર્શન આપીને સભામાં અતિ અત્યંત કોમળ આસન ઉપર હીંડોળા ઉપરથી ઉતરીને બિરાજમાન થયા. (૫૯) શ્રીહરિનાં દર્શનરૂપી ઉત્સવથી જેમનાં મન અત્યંત આનંદીત થયા છે, વળી શ્રીહરિના ચરણકમળનો રસ જેમને પ્રિય છે અને શ્રીહરિના ગુણનું ગાન કરવામાં તત્પર એવા ભક્તજનોની હે નરેન્દ્ર ! સમગ્ર રાત્રિ ક્ષણની માફક વીતી ગઈ. (૬૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં વિદ્વાજ્જન જય તથા જન્માષ્ટમીના ઉત્સવનું નિરૂપણ નામે છેતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૬)



અધ્યાય ૪૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે મહિપતે ! પોતાનું મનુષ્ય નાટ્ય દીપાવતા શ્રીહરિએ પ્રાતઃકાળમાં સ્નાન કરીને સર્વ નિત્વિધિ શાસ્ત્ર પ્રમાણે કર્યો. (૧)

તેટલામાં ગોપાળાનંદ વર્ણી સહિત મુકુંદાનંદ વર્ણીન્દ્રે દૂધમાં સર્વ રસોઈ શ્રીહરિ માટે કરી. (૨)

સાકરનો શીરો, હરીસો, દૂધપાક, રસાલા, રમણીય બરફી, પુરિઓ તથા મોતિયા લાડુ વગેરે કર્યા. (૩)

વર્ણીન્દ્રે મીઠા વિનાના શાક બનાવ્યા તથા ચૂલા ઉપર મૂકેલા બે પાત્રોમાં ઉનું પાણી થયું ત્યારે એકમાં દાળ તથા ચોખા ધોઈને દૂરથી નાખ્યા. (૪) પછી વર્ણીન્દ્રે વિવિધ પ્રકારના ભોજનો યથાયોગ્ય થાળમાં મૂકીને તે સર્વ ઢાંકીને પાકશાળાની સમીપે પાટલા ઉપર મૂક્યા. (૫) પછી જીતેન્દ્રિય વર્ણી શ્રીહરિની સમીપે આવીને હાથ જોડીને શ્રીહરિ નિત્ય વિધિ કરી રહ્યા પછી શ્રીહરિને કહેવા લાગ્યા. (૬)

હે હરે ! હે કૃપાનાથ ! રસોઈ તૈયાર થઈ છે. માટે આપ ત્યાં આવીને વિવિધ પ્રકારના ભોજન જમવા માટે હવે પધારો. (૭)

શ્રીહરિ તેમની આ પ્રાર્થના સાંભળીને પાકશાળામાં આવીને ઉત્તમ પાટલા ઉપર બિરાજી પોતે ભાત જોયો. (૮) શ્રીહરિએ ભાત પકવ થઈ ગયો છે તે જાણીને ચૂલા ઉપરથી ઉતારીને દાળમાં વર્ણીએ આપેલો આમલીનો રસ, હળદર, મીઠું વગેરે નાખ્યું. (૯) પછી સ્વયં શ્રીહરિએ ચઢી ગયેલી દાળને ચૂલા ઉપરથી ઉતારી અને રાયતા તશા શાકમાં મીઠું નાખ્યું. (૧૦)

પછી હે નૃપતે ! શ્રીહરિએ પોતે દાળ ભરેલી વાડકી તથા સુગંધિમાન મનોહર ભાત થાળમાં મૂક્યો. (૧૧) તે સમયે નારાયણાનંદ ગાળેલા જળનો ભરેલો સોનાનો મનોહર કળશ તથા પવાલુ લાવ્યા. (૧૨) પછી ધર્મના પુત્ર શ્રીહરિ નાના પ્રકારના ભોજન વિષ્ણુને નિવેદન કરીને ઉત્તમ બાજોઠ ઉપર બેસીને ભક્તોની પ્રસન્નતા માટે જમતા હતા. (૧૩)

શ્રીહરિ વિવિધ પ્રકારના અથાણા, રાયતાં, પાપડ, દાળ, શાક વગેરેની સાથે નાના પ્રકારના ભોજન જમતા હતા. (૧૪) શ્રીહરિ વિવિધ પ્રકારના ભોજન જમતા વારંવાર જળ પીતા ઘણી સુગંધિવાળો ભાત દાળની સાથે જમતા હતા. (૧૫) શ્રીહરિએ સાકરે સહિત દૂધની સાથે તથા દહીંની સાથે ભાત જમીને ચાંદીના પાત્રમાં ભરેલા પવિત્ર જળથી બંને હસ્ત તથા મુખ ધોયા. (૧૬) પછી વર્ણીએ આપેલો યોગ્ય મુખવાસ લઈને પીતાંબર કેડ્યમાં બાંધીને બ્રહ્મચારીઓની પાકશાળામાં પધાર્યા. (૧૭)

પછી જળના સ્પર્શથી રહિત સાકરે યુક્ત ચણાના લોટના લાડુઓ (દળના), ગુંદરપાક આદિક શ્રેષ્ઠ પાકો તથા પેંડા, બરફી, મગદળ, પ્રભુ શ્રીહરિ સમગ્ર બ્રહ્મચારીઓને પ્રીતિપૂર્વક આદરથી પીરસતા હતા. (૧૮-૧૯)

પછી બધા વર્ણીઓ રાઈ વગેરેથી વધારેલા શાક તથા દાળ પોતે જાતે પીરસીને શ્રીહરિનું સ્મરણ કરતા જમતા હતા. (૨૦) પછી શ્રીહરિ સાધુઓની પંક્તિઓમાં આવીને જલેબી, મોતીયા લાડુ વગેરે સાધુઓને પીરસીને તેમને સારી રીતે જમાડતા હતા. (૨૧) તેમજ શ્રીહરિ સર્વે ઘોડેસવારો તથા પાર્ષદોને પણ મોતીયા લાડુ પીરસીને અત્યંત તૃપ્તિ પમાડતા હતા. (૨૨)

તે ઉત્સવમાં શ્રીહરિ શ્રેષ્ઠ ભોજનથી હજારો બ્રાહ્મણોને તૃપ્તિ પમાડતા હતા તથા ચક્રવર્તિ રાજાની માફક બ્રાહ્મણોને દક્ષિણાઓ પણ આપતા હતા. (૨૩)

પોતાની ઈચ્છાથી ગ્રહણ કર્યું છે મનુષ્ય શરીર જેમણે એવા જગત્પતિ પુરુષોત્તમ શ્રીહરિ અતિ ઉદાહ ગુણયુક્ત, પૃથ્વી ઉપર પોતાના પ્રતાપથી અસંખ્ય બ્રાહ્મણોને ભોજન-દક્ષિણા દાનાદિ આપી ધર્મ વિસ્તારતા હતા. (૨૪) હે રાજન્ ! સંસારરૂપી પાશને છેદનારા મંગળકારી, દિવ્ય, મહાનુભાવ સાધુઓને વર્ણન કરેલા ચરિત્રો કરતા શ્રીહરિ પોતાના આશ્રિતોને અત્યંત હર્ષ પમાડતા હતા. (૨૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિકૃત પાક ભોજનાદિ લીલા નિરૂપણ નામે સુડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૭)



અધ્યાય ૪૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે રાજન્ ! નવા વાસમાં એકાદશીને દિવસે મોટી સભા થઈ. તે સભામાં સ્વયં શ્રીહરિ મનોહર સિંહાસનમાં બિરાજમાન થયા. (૧) સભામાં સંતો વર્ણીઓ, પાર્ષદો, ઘોડેસવારો તથા દેશાંતરથી આવેલા સર્વે ભક્તો યોગ્યતા પ્રમાણે બેઠા. (૨) નથુ ભટ્ટ વગેરે પુરના જનો પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા. તેમજ ગંગા વગેરે સ્ત્રીઓ પણ પુરુષોથી દુર પોતપોતાની મર્યાદાથી બેઠી. (૩) હે મહિપતે ! ત્યાં આવેલા હજારો અન્યજનો તથા જેમને કંઈક આશ્ચર્ય જોવાની ઉત્કંઠા હતી તેઓ સર્વે ત્યાં ઊભા રહ્યા. (૪)

તે સભામાં બ્રાહ્મણોમાં સેંકડો ન્યાય શાસ્ત્રીઓ હતા. વળી વ્યાકરણ શાસ્ત્રના જ્ઞાતાઓ તથા વેદાન્ત શાસ્ત્રને જાણનારા સેંકડો હતા. વળી કાવ્ય અલંકાર તેમજ સાંખ્ય શાસ્ત્ર તથા યોગ શાસ્ત્ર, મીમાંસા, શાસ્ત્ર, મંત્ર શાસ્ત્ર તથા તંત્ર શાસ્ત્ર જાણનારાઓ પણ સેંકડોની સંખ્યામાં આવ્યા હતા. (૫-૬)

જ્યોતિષ શાસ્ત્રજ્ઞો, શક્તિ પંથવાળા, શૈવે, વૈષ્ણવો વગેરે ઘણા તે સભામાં આવ્યા. (૭) અતીતો, જૈનો, સૂર્યના ઉપાસકો, વેરાગીઓ, પાશુપતો, કૂંડો, કૌલો, ગોલકો વગેરે ઘણા આવ્યા હતા. (૮)

તે સર્વે મનુષ્યો સભામાં બેઠા. તેમાં કેટલાક ડોક તથા નેત્રો ઊંચા કરીને બેઠા હતા. સ્ત્રીઓ સભાથી દૂર ઊભી રહી હતી. (૯)

હે રાજન્ ! તે સર્વેમાં શ્રીહરિના આશ્રિત જનો મહા આસનમાં બિરાજેલાં અચ્યુત હરિકૃષ્ણના દર્શન આશ્ચર્યવત બની નિર્નિમેષ નેત્રથી કરતા હતા. (૧૦) હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિના દર્શન કરતા હજારો ભક્તો, સાધુઓ, ગૃહસ્થો, સ્ત્રીઓ વગેરે અવતારી નારાયણમૂર્તિની દયાથી થયેલી સમાધિથી ભગવાનના જુદા જુદા ધામોને પામ્યા. (૧૧-૧૨) નિર્નિમેષ દૃષ્ટિવાળા સર્વે પુરુષો તથા સ્ત્રીઓ કાષ્ટ તથા પાષાણની પ્રતિમાઓની માફક નિશ્ચલ બની ગયા. (૧૩)

તેમાં જે બેઠા હતા તેતો બેઠેલા જ રહ્યા. જે ઊભા હતા તે તો જેમ થાંભલા હોય તેમ સ્થિર થઈ ગયા. શ્રીહરિના ધ્યાનથી શ્રીહરિની સાથે તાદાત્મ્યપણાના યોગથી તેમની કાંતિ સુવર્ણ ચંપાના કુસુમ

સમાન બની ગઈ હતી. (૧૪) તે સમાધિવાળા જનોમાં કેટલાક અન્તર્દષ્ટિવાળા હતા, કેટલાક ઉઘાડેલા નેત્રોવાળા હતા, કેટલાક પોતાના સ્વરૂપમાં રોકાયેલી પ્રાણની વૃત્તિઓવાળા હતા. (૧૫) તેમાં કેટલાક જનો સમાધિ નિષ્ઠોને જોઈ આશ્ચર્ય પામ્યા. કેટલાક પ્રાજ્ઞ પુરુષો શ્રીહરિનો આ પ્રતાપ સર્વેને સમાધિ કરાવવારૂપ છે એમ કહેતા હતા. (૧૬) તેમાં કેટલાક બ્રાહ્મણો વગેરે શાસ્ત્રજ્ઞો પણ કુબુદ્ધિવાળા હોવાથી સમાધિ જોઈને શ્રીહરિને કામણગારા જાણતા હતા. (૧૭)

આ સ્વામિનારાયણના ભક્તો, સમાધિવાળા જનો પોતાના મતની પ્રસિદ્ધિ કરવા માટે કપટથી જડ જેવા બની જાય છે. એમ બોલતા હતા. કેટલાક કુમતિ જનો તેમની પરીક્ષા પણ કરતા હતા. (૧૮) નાડીની ગતિ જાણનારા કેટલાક વૈદ્યો સમાધિવાળા જનોની નાડી જોતા હતા. કેટલાક સમાધિવાળા જનોના અંગો-પાદ-જંઘા વગેરેમાં અતિશય બળતો અગ્નિ મૂકતા હતા. (૧૯)

તે વૈદ્યો વારંવાર નાડી જોતા હતા. પણ નાડી હાથમાં ન આવવાથી પરમ વિસ્મય પામ્યા, અગ્નિ મૂકનારા વહ્નિથી પણ ક્ષોભ નહિ પામેલા સમાધિસ્થોને જોઈને આશ્ચર્ય પામ્યા. (૨૦) કેટલાક પાપીઓ છરીથી તેમના અંગો કાપતા હતા તોપણ તેમને સ્થિર જોઈને આશ્ચર્ય સાથે ત્રાસ પામ્યા. (૨૧) શ્રીહરિના પ્રતાપથી જેમનો ગર્વ નાશ પામ્યો છે એવા તે દુષ્ટ મતિવાળા જનો સમાધિ તો સત્ય છે પણ જુઠી નથી એમ પરસ્પર કહેવા લાગ્યા. (૨૨) પોતાના દુષ્કર્મથી ભય પામેલો વારંવાર પરસ્પર જોતા પોતે અપરાધ કર્યો છે તેમ સમજીને તથા શ્રીહરિને યોગેશ્વરના પણ ઈશ્વર પરમેશ્વર જાણવા લાગ્યા. (૨૩)

પછી દુર્બુદ્ધિવાળા જનો સ્વામિનારાયણની પોતાનો અભિપ્રાય પૂછવા માટે શ્રીહરિની આગળ બેઠેલા નથ્થુ ભટ્ટને પ્રેરણા કરતા હતા. (૨૪) નથ્થુ ભટ્ટ પણ કુબુદ્ધિવાળા બ્રાહ્મણોના હૃદગત અભિપ્રાય જાણીને અવતારી શ્રીહરિને પ્રણામ કરીને વિપ્રોને નિઃસંશય કરવા બે હાથ જોડીને પૂછતા હતા. (૨૫)

હે શ્રી હરે ! સાધન સંપત્તિ વિના એકદમ સમાધિ તથા આપના દર્શન કરીને જેમનાં અંતઃકરણ વિસ્મિત થયા છે એવા વિદ્વાનો આપને પૂછવાની ઈચ્છા કરે છે. (૨૬) નથ્થુ ભટ્ટે આ પ્રમાણે કહ્યું એટલે શ્રીહરિએ વિદ્વાનો પ્રત્યે કહ્યું. હે વિદ્વાનો ! મને પ્રશ્ન પૂછો. શ્રીહરિનું આ વચન સાંભળીને તે વિદ્વાનો શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૭)

હે હરે ! અંગ સહિત વેદ, ઉપનિષદો તથા ઉત્તર મીમાંસા રૂપ વેદાન્તનું શ્રવણ કરનારા આ પુરમાં ઘણા બ્રાહ્મણો છે. (૨૮) અહીં કેટલાક અષ્ટાંગ યોગની સાધના કરે છે. તેમાં એકને પણ સમાધિ થતી હોય તેવો જોયો નથી. (૨૯) હે સત્પતે ! આવા સમાધિનિષ્ઠ પુરુષો અને સ્ત્રીઓ ઘણા અભ્યાસ પછી પણ કાંઈ આ પૃથ્વી ઉપર થયા હોય તેવું કોઈ ઠેકાણે સાંભળ્યું નથી. (૩૦)

જેઓ ઉત્તમ જ્ઞાતિના નથી છતાં પણ એવા ઘણાને આ સત્સંગમાં યોગીઓને પણ દુર્લભ એવી સર્વોત્તમ સમાધિ થાય છે. (૩૧) સાષ્ટાંગ યોગનો અભ્યાસ તથા વેદાન્તનું શ્રવણ ન કરવા છતાં પણ એ ભક્તો તમારી દૃષ્ટિ માત્રથી સર્વોત્તમ સ્થિતિ પામ્યા છે. (૩૨)

હે જગદ્ગુરો ! આ મનુષ્યો તથા સ્ત્રીઓ સમાધિમાં શું જુએ છે ? એ સાંભળવાની અમોને

ઈચ્છા છે તે આપ કહો. (૩૩)

વિદ્વાનોનું આ વચન સાંભળીને અત્યંત દયાસાગર શ્રીહરિ મંદહાસ્ય કરીને શંકાયુક્ત મનવાળા તે વિપ્રોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૪) હે વિદ્વાનો ! તમો એ સર્વેને ઊઠાડીને પૂછો. સમાધિમાં તેમણે જે જોયું છે તે તમોને કહેશે. (૩૫) શ્રીહરિએ આ પ્રમાણે શાસ્ત્રીઓને કહ્યું તેથી તે વિદ્વાનો જગત્પતિ શ્રીહરિને કહેવા લાગ્યા. હે સ્વામિન્ ! મૃત્યુ પામેલા મનુષ્ય જેવી જડતાને પામેલા એમને જગાડવા માટે અમો સમર્થ નથી. (૩૬)

હે સ્વામિન્ ! અમોએ દુષ્ટ બુદ્ધિથી તમારા આ ભક્તોને અગ્નિ, શસ્ત્ર વગેરેથી પીડા કરી છે. છતાં પણ તેઓ જાગ્યા નહિ. આ મોટું આશ્ચર્ય છે. (૩૭) હે વિભો ! તેથી આપ આપના આશ્રિત એ સર્વેને સમાધિમાંથી જાગ્રત કરો. તે પછી અમો તેમને સમાધિમાં તેમણે જે જોયું છે તે પૂછીશું. (૩૮)

પછી ભગવાન શ્રીહરિ હસતા હસતા તે ભક્તો તરફ ચારેય બાજુ જોતા હતા. શ્રીહરિની દૃષ્ટિ પડતા જ સમાધિવાળા સમગ્ર ભક્તો જાગ્રત થયા અને શ્રીહરિને પ્રણામ કરવા ઊઠ્યા. (૩૯)

વિસ્મય પામેલા શાસ્ત્રીઓ શ્રીહરિની સન્મુખ બંને હાથ જોડીને ઊભા રહેલા આ ભક્તોને આ પ્રમાણે પૂછવા લાગ્યા. હે જનો ! તમોએ સમાધિમાં શું જોયું ? તે અમોને કહો. (૪૦) જ્યારે શાસ્ત્રીઓએ આ પ્રમાણે પૂછ્યું તે સમયે સમાધિમાંથી ઊઠેલા સમગ્ર જનો સમાધિમાં પોતે જોયેલા જે ઈષ્ટ શ્રીહરિકૃષ્ણ તથા શ્રીહરિનું ઐશ્વર્ય તે સર્વે શ્રીહરિની આજ્ઞાથી એક પછી એક તેઓ પ્રત્યે કહેવા લાગ્યા. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં ચતુર્થ સ્કંધમાં શ્રીહરિ વિધાપિત (કરાવેલ) સમાધિનું નિરૂપણ નામે અડતાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૪૮)



અધ્યાય ૪૯ મો

સમાધિનિષ્ઠ ભક્તો કહે છે - હે પંડિતો ! માયા પર ચિદાકાશરૂપ બ્રહ્મપુરમાં અક્ષર મુક્તોએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા આ શ્રીહરિને અમોએ જોયા. વળી ભક્તિ અને ધર્મ તથા રાધા, લક્ષ્મી આદિથી સેવાયેલા શ્રીહરિને અમોએ જોયા. એ પ્રકારે અત્યંત સુખ પામેલા સમાધિવાળા જનો આશ્ચર્ય પામેલા શાસ્ત્રીઓને કહેતા હતા. (૧-૨)

મહા તેજોમય દિવ્ય ગોલોકમાં રાસમંડળમાં ગોપ તથા ગોપીઓના ગણોથી વીંટાયેલા રાધાના પ્રાણપતિ મધુર સ્વરે વેણુ વગાડતા મયુરપીંછનો મુગટ ધારણ કર્યો છે એવા કૃષ્ણ રૂપે આ શ્રીહરિને અમોએ જોયા. એમ કેટલાક સમાધિવાળા કહેતા હતા. (૩-૪)

મહાલક્ષ્મી, વિશ્વક્સેનાદિ પાર્ષદોની સાથે મહા વૈકુંઠલોકમાં આ શ્રીહરિને અમોએ જોયા. એમ કેટલાક કહેતા હતા. (૫) વૈકુંઠમાં લક્ષ્મી તથા ગરુડાદિ પાર્ષદોએ સેવેલા વિષ્ણુ, લક્ષ્મીનારાયણરૂપે

આ સ્વામિનારાયણને અમો જોતા હતા. એમ ઉત્સાહપૂર્વક કેટલાક કહેતા હતા. (૬) ક્ષીર સાગરમાં શેષ પર્યંકમાં સૂતેલા લક્ષ્મીજી જેમની સેવા કરે છે તેવા યોગેશ્વરરૂપે આ સ્વામિનારાયણને અમો જોતા હતા. એમ કેટલાક કહેતા હતા. (૭)

પ્રકાશમય શ્વેતદ્વીપમાં નિરન્નમુક્તોએ સેવેલા વાસુદેવરૂપે સ્વામિનારાયણને અમે જોતા હતા. એમ બીજા કેટલાક કહેતા હતા. (૮) બદરિકાશ્રમમાં અત્યંત તપોનિષ્ઠ નરનારાયણને અમો સ્વામિનારાયણરૂપે જોતા હતા. એમ કેટલાક સમાધિનિષ્ઠો બ્રાહ્મણોને કહેતા હતા. (૯)

હે બ્રાહ્મણો ! સૂર્યનારાયણના બિંબમાં સુવર્ણ વર્ણવાળા તેજના સમુદાયથી આવરીત થયેલા પુરુષ પ્રકૃતિરૂપ સ્વામિનારાયણને અમો જોતા હતા. એમ કેટલાક બોલતા હતા. (૧૦)

પ્રકાશમાન અગ્નિમંડળમાં વિરાજમાન યજ્ઞ પુરુષરૂપે સ્વામિનારાયણને અમોએ જોયા. એમ બીજા કહેતા હતા. (૧૧) આવી રીતે જે જે લોકમાં ગયા હતા તે તે લોકમાં રહેલા વૈભવ તથા ઐશ્વર્ય તે વિદ્વાન બ્રાહ્મણોને વિસ્તારપૂર્વક તે સમાધિનિષ્ઠ ભક્તો કહેતા હતા. (૧૨)

એ પ્રકારે તે સમાધિસ્થ ભક્તો ફરીથી તેઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે વિદ્વાનો ! આ અમારા વચનમાં જો તમોને વિશ્વાસ ન હોય તો હે વિદ્વાનો ! તમો જે નિશ્ચય કરીને અહીં આવ્યા હો તથા તમારા મનના જે સંકલ્પો હોય. (૧૪) હે વિદ્વાનો ! તેમજ આ લોકમાં જે તમોએ જે ઘણાં ગુપ્ત કર્મો છે તથા જે પૂર્વ જન્મના તમારા ગુપ્ત કર્મો છે. (૧૫) એ સર્વે અમો યથાર્થ તમોને કહીએ. એમ કહીને સમાધિનિષ્ઠ ભક્તો તે વિદ્વાનોના મનની વાતો તેમને કહેતા હતા. (૧૬)

પોતાના દુષ્કર્મ ખુલ્લા થશે એવા ભયથી વ્યાકુળ થયેલા તે બ્રાહ્મણો આશ્ચર્ય પામી દીન થઈને હાથ જોડી આ પ્રકારે સમાધિવાળા જનોને કહેવા લાગ્યા. (૧૭)

હે મહાત્માઓ ! તમો આ સ્વામિનારાયણના મહાન પ્રતાપથી યોગિવરોને પણ વંદના કરવા યોગ્ય છો. (૧૮) હે ભક્તો ! આ પૃથ્વી ઉપર તમારે તુલ્ય કોઈ નથી. તમારા સર્વે વચનો સત્ય છે. (૧૯) હે ભક્તો ! તમો શાસ્ત્ર ભણ્યા નથી છતાં પણ શાસ્ત્ર ભણ્યા હોય તેમ, બીજાઓ જે ન કહી શકે તે, શ્રીહરિના ધામ વગેરે સર્વ યથાર્થ પણે કહો છો. (૨૦)

અમોએ તમારી સમાધિ શાસ્ત્ર પ્રમાણે જોઈ છે માટે તે સત્ય છે. તેથી અમોને તમારા વચનમાં સંશય નથી. (૨૧) દેહના સુખ માટે પ્રયત્ન કરતા વિષયની ઈચ્છાવાળા અમારાં ગુપ્ત કર્મો રુડી બુદ્ધિવાળા તમો કહેશો નહીં. (૨૨) આ સ્વામિનારાયણને સર્વે ધામોમાં તમોએ જોયાં તે સત્ય જ છે. માટે આ સ્વામિનારાયણ ભગવાન છે તેમાં સંશય નથી. (૨૩)

સમાધિસ્થ જનોનું યથાશાસ્ત્ર જે સત્ય લક્ષણ છે તે અહીં અમોએ જોયું. માટે શાસ્ત્રને જાણનારા અમો સત્ય કહીએ છીએ (૨૪) હે ભક્તો ! તમારા માહાત્મ્યને નહીં જાણનારા અમોએ નિર્દોષ એવા તમોને અગ્નિ, શસ્ત્ર વગેરેથી પીડા કરી છે. (૨૫) દયાશૂન્ય દુરાત્મા એવા અમોએ આ મોટો અપરાધ કર્યો છે તો તે ક્ષમા કરો. આ પ્રમાણે સમાધિવાળા પ્રત્યે કહીને હે રાજન્! તે સમગ્ર વિદ્વાનો તેમને

પ્રણામ કરતા હતા. (૨૬) પછી તે વિદ્વાન બ્રાહ્મણો પોત પોતાના મનમાં આ પ્રકારે ચિંતવન કરતા હતા. ઋગાદિ ચાર વેદ તથા સાંખ્ય, યોગ, પૂર્વ મિમાંસા તથા ઉત્તર મિમાંસા, ન્યાય, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણોને લેશ માત્ર પણ નહીં જાણવા છતાં પણ યોગીન્દ્રની માફક સુદૃઢ સિદ્ધ કરેલા અષ્ટાંગવાળા યોગીવરની માફક આ સ્ત્રીઓ, બાળકો તથા અન્ય દેહધારીઓની સ્થિતિ થઈ છે. (૨૭-૨૮)

મહા તપસ્વીઓએ અત્યંત ઇચ્છેલી છતાં તેમને પણ સિદ્ધ નહીં થયેલી આવી સમાધિ, જેમના દર્શન માત્રથી અસંખ્ય મનુષ્યોને તત્કાળ થાય છે. (૨૯) માટે અનંત વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, લયાદિના એક કારણ, શ્રુતિએ પ્રતિપાદન કરેલા સર્વજ્ઞ, આ સ્વામિનારાયણ સિવાય બીજા ભગવાન કોણ છે ? નથી જ. (૩૦) આ સ્વામિનારાયણ એ જ સર્વેના પ્રાણને અનાયાસે આકર્ષે છે. તો તે સર્વે દેહિઓના પ્રાણના કેમ ન ખેંચી શકે ? (૩૧) માટે આ સ્વામિનારાયણ ઈશ્વરના ઈશ્વર પ્રત્ક્ષ ભગવાન નિશ્ચય જ છે. આમના આશ્રયથી જ જીવોની મુક્તિ થાય છે. તેમના આશ્રય વિના ન થાય. (૩૨) આમના આશ્રયથી અલ્પ બુદ્ધિવાળા જનો નીચ કુળમાં જન્મવારૂપ દોષ તથા કામાદિ દોષથી રહિત થઈ દેવેન્દ્રોને પણ વંદનીય થાય છે. (૩૩) જેમના પ્રતાપથી શાસ્ત્ર નહીં જાણનારા હજારો માણસો તથા બાળકો પણ શરીરધારીઓના મનના સર્વ સંકલ્પો નિશ્ચય જાણે છે. (૩૪)

પંડિતોથી પણ ન જાણી શકાય એવો શાસ્ત્રનો સિદ્ધાંત સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ શ્રીહરિના ચરણકમળના આશ્રિતજનો અલ્પ બુદ્ધિવાળા હોવા છતાં પણ, તત્કાળ જાણે છે. (૩૫) આ સત્સંગમાં જેમના હજારો હજાર શિષ્યો બ્રહ્મરૂપ બોધ નિપુણ જીવોના સમુદાયોનું હિત કરનારા છે. (૩૬)

આ ઘોર કળીયુગમાં ત્યાગિઓ, વર્ણીઓ, વાનપ્રસ્થો, સન્યાસીઓ, સાધુઓ, પાર્ષદો તથા સત્સંગી શબ્દથી વ્યવહાર કરવા યોગ્ય ગૃહસ્થો, તે સર્વેને પોતપોતાને યોગ્ય બ્રહ્મચર્યાદિ નિયમોમાં ભગવાન વિના બીજો કોણ સ્થિતિ કરાવે ? (૩૭) કામક્રોધાદિએ મર્દન કરેલા એવા સર્વ વિદ્વાનો આ પ્રકારે નિશ્ચય કરીને પોતાનાં વિવિધ પ્રકારનાં પાપનું સ્મરણ કરીને અનુતાપ કરતા હતા. (૩૮) તે વિદ્વાનો પછી પ્રત્યક્ષ પ્રમાણથી નિઃસંશય થઈ, પોતાના અપરાધને ક્ષમા કરાવીને અવતારી શ્રીહરિના નિયમો ધારણ કરી, શ્રીહરિનું શરણું ગ્રહણ કરતા હતા. (૩૯)

પછી એ સર્વે બ્રાહ્મણો બંને હાથ જોડીને શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરીને હે પ્રભો ! આપના દાસ એવા અમારું ઘોર સંસાર થકી રક્ષણ કરો એમ કહેતા હતા. (૪૦) અત્યંત નમ્ર બંને હાથ જોડીને આંસુઓથી જેમની આંખો ભીની થઈ છે એવા વિદ્વાનો, પ્રણત પુરુષોની પીડાને હરનારા ઈશ્વરના ઈશ્વર સ્વામિનારાયણને આ પ્રમાણે કહીને આવી રીતે સ્તુતિ કરવા લાગ્યા. (૪૧)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં વિદ્વજ્જન કૃત શ્રીહરિ સમાશ્રય નિરૂપણ નામે ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ. (૪૯)



અધ્યાય ૫૦ મો

વિદ્વાનો સ્તુતિ કરે છે :- સર્વોત્તમ સંપત્તિના સ્વામી, મનુષ્યાકૃતિ ધારણ કરી છે એવા ધર્મના પુત્ર હે સ્વામિનારાયણ ! આપના અતિશય લાવણ્ય સ્વરૂપના દર્શન કરનારા સમગ્ર જનોના ચિત્તને આકર્ષણ કરનારા એવા હે કૃષ્ણ ! હે ધર્મના પુત્ર ! અતિશય શોભા યુક્ત હે નીલકંઠ ! પ્રણામ કરતા જનોની પીડાને હરનારા, સાધુઓ તથા ધર્મનું રક્ષણ કરવામાં નિપુણ, પૂર્ણકામ શ્રીહરિ એવા આપને અમો વંદન કરીએ છીએ. (૧) અસંખ્ય બ્રહ્માંડોને ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના એક માત્ર કારણ, સ્વતંત્ર, પ્રકૃતિથી પર, ક્ષર અને અક્ષરના નિયંતા, જેને વેદો નિરંજન તથા નિર્વિકાર કહે છે. (૨) સમગ્ર ઐશ્વર્યના સ્થાનભૂત આપ આ સંસારમાં કલેશથી પીડાતા અપરિમિત પ્રાણીઓની આત્યંતિકી મુક્તિ કરવા પૃથ્વી ઉપર કૃપા કરીને આવિર્ભાવ પામ્યા છો. (૩)

અહો ! હે સ્વામિનારાયણ ! વ્યાપક તમો બદરીવનમાં નરનારાયણ સ્વરૂપે રહેલા છો. તનુઆદિ ઋષિવર્યો અને મુનીંદ્રોના ગણોએ આપની સેવા કરી છે અને પોતાના આશ્રિત જનોને સુખી કરવા માટે અતિશય તપ કરો છો. (૪) શ્વેતદ્વીપમાં દશ હજાર સૂર્યના સમાન તેજથી પ્રકાશમાન નિરન્ન મુક્તોએ સેવેલા અત્યંત પ્રકાશવાળા આપ વાસુદેવ સ્વરૂપે રહો છો. (૫)

હે હરે ! આપ ક્ષીરસાગરમાં યોગેશ્વર સ્વરૂપે લક્ષ્મીએ સેવ્યાં છે ચરણ યુગલ જેમનાં અને જેમણે યોગનિદ્રાનો સ્વીકાર કર્યો છે એવા, સર્વેન્દ્રના (શેષનાગના) શરીરરૂપી મૃદુલ શય્યા ઉપર આપ નિદ્રા કરો છો. (૬) હે શ્રીહરે ! આપ સૂર્યના બિંબમાં હિરણ્યમય સ્વરૂપથી રહો છો. સ્વતંત્ર અપરિમેય શક્તિવાળા આપ અનલ મંડળમાં પણ યજ્ઞ પુરુષરૂપને ધારણ કરીને રહ્યા છો. (૭)

હે શ્રીહરે ! મહા વૈકુંઠલોકમાં વિષ્ણુરૂપે આપ મહાલક્ષ્મીએ અતિભક્તિથી સેવેલા રહો છો. વૈકુંઠમાં લક્ષ્મીએ પૂજ્યા છે, ચરણકમળ જેમનાં એવા શ્રીહરિ તમો રહો છો. (૮)

હે શ્રીહરે ! આપ જ ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણરૂપ મનોહર મોરલી વગાડતા મનોહર ગોપીઓ તથા રાધિકાના સંગે વિરાજમાન છો. (૯)

હે શ્રીહરે ! સર્વ ધામોમાં ઉત્તમ મનોહર બ્રહ્મપુરમાં સર્વોપરિ અવતારી નારાયણ આપ લક્ષ્મીરાધિકા ભક્તિ તેમજ અક્ષર મુક્તોના સમુદાયોથી સેવાયેલા દિવ્ય સ્વરૂપે રહેલા છો. (૧૦)

કેવળ કરુણાથી જ આશ્રિત જનોની સાથે ક્રીડા કરનારા આશ્રિત પુરુષોના ભયને હરનારા, અતિવિશુદ્ધ, દિવ્ય અને સ્વસિદ્ધ જ્ઞાનવાળા, સર્વાંતરાત્મા, પુરુષોત્તમ આપ દુસ્તર સંસારમાંથી અમારું રક્ષણ કરનારા છો. (૧૧) હે પવિત્રકીર્તે ! આ લોકમાં આપ તથા આપના આશ્રિતના પ્રસંગ વિના વેદ શાસ્ત્રને જાણનારો મહા બુદ્ધિશાળી વિદ્વાન પણ આપના સ્વરૂપને જાણી શકતો નથી. (૧૨) પુરાણો, વેદો અને આગમોને જાણનારા આપની માયાથી મોહિત ચિત્તવાળા અમો, ઈશ્વરોએ શોધવા માંડેલું છતાં તેમને પ્રાપ્ત નહિ થયેલું એવું આપનું આ સ્વરૂપ યથાર્થ જાણવા માટે સમર્થ થયા નથી. (૧૩)

હે શ્રીહરે ? સમાધિનિષ્ઠ આપના શિષ્યો દ્વારા આપનો દિવ્ય ભાવ જણાવી તથા આપે આપનું દિવ્ય જ્ઞાન આપીને સંસાર સાગરથી અમારો ઉદ્ધાર કર્યો છે. (૧૪)

હે પુણ્ય કીર્તે ! પુરાણો, શાસ્ત્રો તથા વેદો, પદો, ક્રમ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છન્દ, જ્યોતિષ તથા ઉપનિષદો વગેરે અખિલેશ્વર ક્ષર અને અક્ષરથી પર અદ્વિતીય આપને જ કહે છે. (૧૫)

વેદાદિનું પઠન, દાન, વ્રત, તીર્થ, યાત્રા વગેરે તથા તપ, યોગ, યજ્ઞો તેમજ ધર્મ-અર્થ અને કામના પ્રીતિવાળા મનુષ્યો આપની ભક્તિ વિના મુક્તિ નથી જ પામતા. (૧૬)

હે દિવ્ય શક્તે ! પુરુષોત્તમ આપના આશ્રય વિના જે પોતાનું સ્વરૂપ જાણવા માટે યત્ન કરે છે. તે જનો તો ફોતરાં ખાંડનારાની માફક ક્યારેય સ્વસ્વરૂપની સિદ્ધિ પામતા નથી. (૧૭)

પહેલાં વેદ શાસ્ત્રોને જાણનારા, ક્રિયાઓમાં નિપુણ, યજ્ઞમાં એક નિષ્ઠાવાળા ઋષિઓ પણ શ્રીકૃષ્ણસ્વરૂપ આપની ભક્તિથી રહિત હોવાથી પોતાની અતિશય નિંદા કરતા હતા. (૧૮)

હે શ્રીહરે ! પાપમય આ કળીયુગમાં આપના પ્રતાપથી હજારો ત્યાગિજનો બ્રહ્મરૂપ નૈષ્ઠિક બ્રહ્મચર્યને યથાવત્ પાલન કરે છે. માટે જ અક્ષર મુક્તો જેવા થઈને આપને ભજે છે. (૧૯)

હે દિવ્યધામન્ ! હે શ્રીહરે ! પૃથ્વી ઉપર તેમાં પણઆ ભારત ભૂમિમાં ધર્મયુક્ત લાખો ગૃહસ્થજનો તથા લાખો સ્ત્રીઓ પણ આપના આશ્રયથી જ કામના ઉપભોગના સંકલ્પ રહિત થયા છો. (૨૦)

હે ભૂમન્ ! આપના પ્રતાપથી પાપેયુક્ત મંદબુદ્ધિવાળા અસંખ્યજનો પોતાના નઠારા સ્વભાવનો ત્યાગ કરીને તત્કાળ શુદ્ધ થઈને દેવેન્દ્રોને પણ વંદનીય થાય છે. (૨૧)

હે ભૂમન્ ! હે સ્વામિન્ ! સાધન વિના પણ આપની દૃષ્ટિ માત્રથી હજારોજનો યોગિવર્યોને પણ દુષ્પ્રાપ્ય સમાધિ સિદ્ધિને પામે જ છે. (૨૨)

હે ઉદારકીર્તે ! આ લોકમાં આપના કોઈપણ અવતારોએ આવું ઐશ્વર્ય બતાવ્યું હોય તેવું અમારા શાસ્ત્રોમાં વાંચ્યું નથી અને જોયું પણ નથી. અહો ! શ્રીહરે ! વૃદ્ધ મહર્ષિઓ પાસેથી સાંભળ્યું પણ નથી. (૨૩)

હે પરમાત્મન્ ! માટે પ્રસિદ્ધ છે પ્રતાપ જેમનો એવા આપને અવતારી, અતિ મહાન ગુણોના એક આશ્રય તથા પૂર્ણ કામ જાણીને અમો આપના શરણે આવ્યા છીએ. (૨૪)

ઉત્તમ દેવતાઓએ તથા પંડિત પ્રવરોએ નહિ જાણેલું શાસ્ત્ર તથા વેદના રહસ્યનું આ સભામાં સ્પષ્ટપણે નિરૂપણ કરતા, શ્રુતિમાં પ્રતિપાદન કરેલા ધર્મના બખ્તર ભૂત મૂર્તિ જેમની છે એવા સ્વતંત્ર આપ સર્વોપરી ભાવથી વર્તો છો. (૨૫)

હે ઈશ ! અધર્મના વંશનો જેમણે નાશ કર્યો છે એવા જગતમાં સ્વાશ્રિત જનોના અંતઃ શત્રુઓને વિનાશ કરી નિર્મૂળ કરતા ધર્મનો વંશ તથા સાધુજનોરૂપી કમળવનના સૂર્ય આપ ચરાચર દેહિઓના નિયંતા છો. (૨૬)

વાંકી ભ્રકુટીના સુંદર વિલાસ માત્રથી સમગ્ર જગતની ઉત્પત્તિ-સ્થિતિ અને લય કરનારા, સમગ્ર ભુવનના અધિપતિઓના મુગટોની પંક્તિઓના મણિઓના કિરણોથી પ્રકાશિત છે ચરણકમળનું આસન જેમનું એવા (૨૭) હે શ્રી હરે ! પ્રકૃતિના ગુણોએ રહિત, દિવ્ય, તેજોમય, સુંદર અવયવોએ યુક્ત, સ્વભાવથી રમણીય મૂર્તિ છે જેમની એવા, સર્વોત્તમ ગુણગણોના સમુદ્ર, સનાતન, આપને મુનિઓ પોતાના હૃદયમાં સદા સંભારે છે. (૨૮)

હે પીડાને હરનારા ! શાસ્ત્ર અધ્યયન તથા ધન, માન વગેરેને ભજનારા કામાદિ શત્રુઓ રૂપી દાવાગ્નિથી દગ્ધ ચિત્તવાળા, સંસૃતિને પમાડનારા વિવિધ પ્રકારના કર્મપાશથી અમારું આપે કૃપા કરી રક્ષણ કર્યું છે. (૨૯) સંસારરૂપી સમુદ્રમાં બૂડેલા હોવાથી સદા પીડા પામેલા સમુદાયને કેવળ દર્શનથી જ આપ તારો છો એવા અતિ સુંદર મુનિમંડળમાં વિરાજમાન, ભક્તોને અતિ સુખ આપનારા, ગંગાના પ્રવાહની માફક અતિ મધુર શ્રુતિઓનું સંભાષણ કરનારા એવા, આપ સહજાનંદ ભગવાન, આપના દર્શનથી પવિત્ર થયેલા અમો આપને નમસ્કાર કરીએ છીએ. (૩૦)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જેમનો મત્સર નષ્ટ થયો છે એવા વિદ્વાનોએ, આ પ્રકારે શ્રીહરિની સ્તુતિ કરીને શ્રીહરિની મહાપૂજા કરવા માટે ચંદન-પુષ્પાદિ ઉપહારો પોતાના શિષ્યોને મોકલીને મંગાવ્યા. (૩૧) તે વિદ્વાન બ્રાહ્મણો પરમાત્મા શ્રીહરિની મહા આરતિ કરતા હતા. શ્રીહરિને પુષ્પાંજલિ અર્પણ કરીને હર્ષપૂર્વક પ્રણામ કરતા હતા. (૩૨-૩૩) આપના ચરણ કમળને પામેલા અમારું આપ ઘોર સંસારમાંથી રક્ષણ કરો એમ સંપ્રાર્થના કરીને તે વિદ્વાનો સભામાં બેસીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. (૩૪)

પછી શ્રીહરિ પ્રસન્ન થઈને પોતાના મુખકમળમાં કેન્દ્રિત કર્યા છે નેત્રો જેમણે એવા બ્રાહ્મણો પ્રત્યે આશ્વાસન આપીને સુધાના સારરૂપ મનોહર વચન કહેવા લાગ્યા. (૩૫)

હે વિદ્વાનો ! આજથી આરંભીને તમો સર્વે બ્રાહ્મણો મારા છો. માટે સંસારથી કોઈ પણ પ્રકારનો ત્રાસ પામશો નહિ. (૩૬) હે પંડિતો ! તમો પોત પોતાના ધર્મમાં રહીને દરરોજ મારી ભક્તિ કરો. દેહના અંતે અક્ષર સંજ્ઞાવાળા મારા દિવ્ય ધામને પામશો. (૩૭)

હે વિપ્રેન્દ્રો ! તમો ધન્ય છો. કારણ કે તમોએ તમારી વિદ્યા સફળ કરી છે. મારી ભક્તિ વિના મનુષ્યોને શાસ્ત્ર અધ્યયનના પ્રયાસોથી શું ફળ છે ? કંઈ ફળ નથી. (૩૮)

હે વિદ્વાનો ! જે શાસ્ત્રોના અધ્યયનથી જાણવા યોગ્ય તે તમોએ તત્વથી જાણ્યું, જે પ્રાપ્ય છે તે પ્રાપ્ત થયું છે તે તમો નિઃસંશય થઈને જાણો. (૩૯) શ્રીહરિનું આવું વચન સાંભળીને તે વિદ્વાનો અત્યંત પ્રસન્ન થયા અને પોતાના જન્મનું સાફલ્ય માનીને અધીશ્વર શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૪૦)

આ પ્રકારે પોત પોતાના મતનો ત્યાગ કરીને શ્રીહરિનો તે પંડિતોએ આશ્રય કર્યો તેથી તે પુરના જનો વિસ્મય પામ્યા. (૪૧) પછી સ્વામિનારાયણનો દ્રોહ કરી ત્રાસ પામેલા બીજા હજારો જનો માન મત્સરથી રહિત થઈને તેમનો કલ્યાણકારી આશ્રય કરતા હતા. (૪૨)

પછી સમગ્ર જનો હર્ષપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાને ઘેર ગયા. પોતાના ધર્મમાં રહીન શ્રીહરિને ભજવા લાગ્યાં. (૪૩) વિવિધ પ્રકારના મતના આશ્રિત કેટલાક પુરજનો મૂઢ બુદ્ધિવાળા હતા તેથી આ સ્વામિનારાયણ ભગવાન હશે કે નહિ હોય ? એમ સંશયેયુક્ત મનવાળા થયા. (૪૪)

પ્રભુ શ્રીહરિએ શ્રીનગરમાં મોટું અન્નક્ષેત્ર સ્થાપ્યું. જે અન્નક્ષેત્રમાં જે વટેમાર્ગુઓ અન્ન જળ પ્રાપ્ત કરી પરમસુખ પામ્યા. (૪૫) આ પ્રમાણે શ્રીનગરમાં પોતાના પવિત્ર અનુપમ પ્રતાપ બતાવતા અધર્મના કુળને ચારેય તરફથી મૂળે સહિત ઉખેડી નાંખતા, દેહધારીઓના કામાદિ રૂપી ઉગ્ર દાવાનળને પોતાના અમૃત વચનોથી શાંત કરતા, ભક્તિ તથા ધર્મને પોષણ પમાડતા, પોતાના ભક્તોને સુખ આપનારા સત્પતિ શ્રીહરિ પોતાના આશ્રિત સાથે ત્યાં રહ્યા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં વિદ્વજ્જનોએ કરેલી શ્રીહરિ સ્તુતિ નિરૂપણ નામે પચાસમો અધ્યાય સંપૂર્ણ. (૫૦)



અધ્યાય ૫૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે - હે રાજન્ ! પૃથ્વી ઉપર પ્રગટ થયેલા સ્વામિનારાયણ તે જ ભગવાન છે તે પ્રકારની સમજણમાં જે પુરના નિવાસિઓને સંશય હતો તેથી પોતાના ઘેર જઈને રાત્રે સૂતા સૂતા આ પ્રમાણે ચિંતવન કરવા લાગ્યા. (૧) અહો ! વેદાદિને જાણનારા પુરના ઘણા વિદ્વાન બ્રાહ્મણોએ શ્રીસ્વામિનારાયણનો આશ્રય કર્યો તથા બીજા ઘણા જનોએ પણ એમનો આશ્રય કર્યો. (૨)

જે સ્વામિનારાયણ પોતાની દૃષ્ટિ માત્રથી ઘણા જનોને સમાધિ કરાવે છે તે અમોએ પ્રત્યક્ષ જોયું છે. (૩) તેથી આ સ્વામિનારાયણ લોકોને પોતા પ્રત્યે આકર્ષે છે એટલે તે કાંઈ મંત્ર તથા તંત્ર જાણે છે કે શું ? અથવા કામણ ટુમણવાળા છે કે શું ? (૪)

અથવા આ સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે કે શું ? અમારે આનો નિશ્ચય કેવી રીતે થાય? આવી રીતે ચિંતાથી પીડાતા તેઓ નિદ્રા લઈ શક્યા નહિ. (૫)

અન્તર્યામી પરમાત્મા શ્રીહરિએ તે જનોના અભીષ્ટ દેવોને પ્રેરણા કરી તેથી તેઓએ તેમને હર્ષપૂર્વક દર્શન આપ્યા. (૬) પૌરજનો પોતપોતાના ઈષ્ટ દેવના દર્શન કરીને અંતરમાં આનંદ પામી બંને હાથ જોડી આદરપૂર્વક તેમને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૭)

હે ઈષ્ટદેવો ! તમોને સદા ભજતા અમોને મોટો સંશય થયો છે. તમો તેની સર્વ પ્રકારે નિવૃત્ત કરો. (૮) હે ઈષ્ટ દેવો ! વેદાદિમાં કહેલા પરમાત્મા વાસુદેવ જે સર્વના નિયંતા છે તેનો તો અમને નિશ્ચય છે. (૯)

પરંતુ હમણાં આ પૃથ્વી ઉપર સ્વામિનારાયણ પ્રગટ થયા છે. તે સ્વામિનારાયણને તો તેમના સેંકડો આશ્રિતજનો પરમેશ્વર કહે છે. (૧૦) સ્વામિનારાયણના આશ્રિતજનો તેમને સમગ્ર અવતારોના એક કારણ સ્વરૂપ કહે છે. તે તમારે તુલ્ય છે કે સર્વ કારણના કારણ છે ? (૧૧) આ સ્વામિનારાયણ કેવા છે ? અમારા મનમાં સ્વામિનારાયણના ભગવાનપણાનો નિશ્ચય થતો નથી. માટે હે સફળ દર્શનવાળા! આ શું સત્ય છે ? તે તમે કહો. (૧૨)

આ પ્રકારનું પોતાના ભક્તોનું વચન સાંભળીને તેમના ઈષ્ટદેવો મંદ હાસ્ય પૂર્વક તેઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે ભક્તો ! અમો તમોને યથાર્થ કહીએ છીએ. તે તમો સાંભળો. (૧૩) જે અસંખ્ય બ્રહ્માંડના આધાર તથા જે અક્ષરના આધાર, વેદ, શાસ્ત્ર, પુરાણોમાં જેમને સર્વેશ્વર કહ્યા છે. (૧૪) તેજ સ્વામિનારાયણ પ્રત્યક્ષ પોતે ભગવાન ધર્મથકી ભક્તિ દ્વારા પ્રગટ થયેલા છે. મનુષ્યરૂપે પ્રગટ થયા છે છતાં પરમેશ્વર છે એમ તમો નિઃસંશય જાણો. (૧૫)

આ સ્વામિનારાયણ સર્વાવતારોના કારણ, અવતારી, સર્વવિત્, દિવ્ય, શ્રેષ્ઠ ગુણ ઐશ્વર્યાદિ વગેરેમાં અદ્વિતીય છે. (૧૬) સર્વેના અંતર્યામી, સર્વ કારણના કારણ, કાળ માયાદિના નિયંતા પુરુષોત્તમ છે. (૧૭) હે ભક્તો ! અમો તો એ અવતારી સ્વામિનારાયણથી જ ઐશ્વર્ય પામ્યા છીએ. તેથી એમને સ્વસિદ્ધ ઐશ્વર્યવાળા અચ્યુત પરમેશ્વર તમો જાણો. (૧૮) મહાબુદ્ધિશાળી, એકાંતિક, નિપુણ ભક્તો તથા મુનીંદ્રો એમને યથાર્થ જાણે છે. માની સ્વભાવવાળા તમારા જેવા તેમને નથી જાણી શકતા. (૧૯) હે ભક્તો ! તમોએ લાંબા કાળ પર્યન્ત અમારી ઉપાસના કરી તેથી પ્રસન્ન થઈને તમારું હિત કરવા તમોને અમો કહીએ છીએ. (૨૦) માટે અમારું સર્વોત્તમ સત્ય અને કલ્યાણકારી વચન માનીને માન મત્સરનો ત્યાગ કરીને શ્રી સ્વામિનારાયણનો જ આશ્રય કરો. (૨૧)

તેમના ઈષ્ટ દેવોએ તેમને આ પ્રમાણે કહ્યું અને પછી તત્કાળ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. પછી તે જનો પ્રગટ થયેલા પ્રત્યક્ષ ભગવાન સ્વામિનારાયણને જ અવતારી જાણતા હતા. (૨૨) પછી જુદા જુદા મતના આશ્રિત જનો પ્રસન્ન થઈને પ્રાતઃકાળમાં ભેગા થઈને રાત્રિએ પોતાને થયેલા અનુભવનું વૃતાન્ત પરસ્પર કહેતા હતા. (૨૩) પછી તે સર્વ હર્ષપૂર્વક શ્રીહરિની સમીપ આવ્યા. શ્રીહરિએ તેમનું સન્માન કર્યું. પછી તે સર્વેજનો શ્રીહરિને પ્રણામ કરીને સભામાં બેઠા. (૨૪)

પછી શ્રીહરિ અંતર્યામીપણે તેમનું વૃતાન્ત જાણતા હોવાથી હસતા હસતા તેમને રાત્રિએ થયેલો અનુભવ કહેવા લાગ્યા. તે સાંભળીને તે જનો વિસ્મય પામ્યા. (૨૫) પછી સર્વેજનો નિઃસંશય થઈને પોત પોતાના મતનો ત્યાગ કરીને શ્રીહરિનો અતિદૃઢાશ્રય કરતા હતા. (૨૬)

પછી તે જનોએ મહા અમૂલ્ય વસ્ત્રો, વિવિધ પ્રકારના ભૂષણો તથા ચંદન, પુષ્પોના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૨૭) પછી શ્રીહરિની સ્તુતિ તેમજ નમસ્કાર કરીને તથા વારંવાર પ્રાર્થના કરીને સભામાં બેસીને સમગ્ર જનો હર્ષપૂર્વક તેમનાં દર્શન કરતા હતા. (૨૮) આ પ્રકારે મુનિન્દ્રો તથા ઉપનિષદોએ જેમનું ગાન કર્યું છે તે પોતાના અનુપમ પ્રતાપને વિસ્તારતા શ્રીહરિએ શ્રીનગરમાં

હજારો દેહધારીઓનો સંસારરૂપી દુરંત પાશ છેદી નાંખ્યો. (૨૯)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં અનેક મતવાદીઓને તેમના ઈષ્ટદેવ પ્રદર્શનાદિ નિરૂપણ નામે એકાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૧)



અધ્યાય ૫૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! દેશાન્તરથી આવેલા (અયોધ્યા-હરિ-દ્વારાદિ દેશોથી આવેલા) ખાખી લોકો ત્યાં વસતા હતા. મંત્ર તંત્રને જાણનારા દુષ્ટાભિપ્રાયવાળા તે લોકોને ઠગતા હતા. (૧) જેમણે લાંબી જટા બાંધી છે, હાથમાં લોઢાના લાંબા ચીપીયા ધારણ કર્યા છે, ભસ્મનું લેપન કર્યું છે અને તેથી જેમના દેહ ભયંકર દેખાય છે અને અત્યંત ત્રાસ કરનારો છે જેમનો વેશ એવા, દેહના પોષણમાં તત્પર, કુમતિવાળા, પુરુષો તથા સ્ત્રીઓને વશ કરનારા. (૨, ૩)

દુષ્ટાચારમાં પ્રીતિવાળા, પંચ વિષયોમાં આસક્ત મનવાળા, અવાચ્ય શબ્દોને બોલનારા, અસભ્ય, કાળ તથા વ્યાઘ્રની માફક ભયંકર (૪) પુરના જનોએ શ્રીહરિનો પ્રતાપ ગાયો તે સાંભળીને પોતાના સિદ્ધપણાથી ગર્વિષ્ઠ થયેલા તે ખાખીઓ મત્સરથી અત્યંત બળતા હતા. (૫) અસત્ બુદ્ધિવાળા તે ખાખીઓ પોતાની અનુવૃત્તિમાં રહેનારા બીજા વેરાગીઓની સાથે મળીને તથા પોતાના શિષ્યોની સાથે વિચાર કરવા લાગ્યા. (૬) પુરના હજારો જનો, મુનીંદ્રો વિદ્યાદિ સદ્‌ગુણોથી વશિષ્ટાદિ મુનિ સમાન તથા પંડિતોને સ્વામિનારાયણે મંત્ર જંત્રથી પોતાને વશ કર્યા છે. (૭) તેમને આધીન થયેલા પુરના નિવાસિઓ અમોને હવે નહિ માને અને તેમ થશે તો આપણને અન્ન વસ્ત્ર ધનાદિની પ્રાપ્તિ નહિ થાય. (૮) કામણગારા, કલાને જાણનારા, યુક્તિથી આપણો અપકર્ષ કરીને આપણાં મૂળનું છેદન કરશે. (૯) હે શિષ્યો ! તેથી આપણે સર્વે સિદ્ધો તેમની સમીપે જઈને સ્વામિનારાયણે કપટથી કરાવેલી સમાધિનો નાશ કરીશું.(૧૦)

મત્સરે યુક્ત મનવાળા તે સર્વે ખાખીઓ આવો નિશ્ચય કરીને ત્યાંના વેરાગીઓ તથા પોતાના શિષ્યોની અનુમતિથી નિર્ણય કરીને ખદ્યોતો સૂર્યને જેમ પરાભવ કરવા પ્રયત્ન કરે તેમ શ્રીહરિને જીતવા તત્કાળ આવ્યા. (૧૧) ત્યાં આવેલા ખાખીઓમાં કેટલાક લોઢાના ચિપીયા ધારણ કરનારા ભયંકર નેત્રોવાળા. શીંગડાં ધારણ કરનારા. (૧૨)

કેટલાક વિચિત્ર તીક્ષ્ણ શસ્ત્રો ધારણ કરનારા કલ્પના અંતમાં પ્રલય કરવા જાણે ભયંકર રૂદ્રના ગણોની જેમ શોભતા. (૧૩) બળતા અંગારાની માફક લાલ નેત્રોવાળા, ક્રોધના આવેશથી ઉંચી ભ્રકુટિઓથી ભયંકર, ગોપીચંદનની મૃતિકાથી પોતાના શરીરે બાર અંગોમાં ઉર્ધ્વપુંડ્રો ધારણ કરનારા. (૧૪) ચક્ર, શંખ, તલવાર, ઢાલ, લાકડી, મગદળ, તોમર ધનુષ્ય, ભાથો, બાણ, છરી વગેરે ધારણ કરતા. (૧૫)

અપશબ્દો બોલી વારંવાર ગાળો બોલતા ભાંગ, ગાંજો, તમાકુ વગેરેનું પાન કરતા એવા ખાખીઓ શ્રીહરિને પૂછવા માટે વેગથી સભામાં આવ્યા. (૧૬)

તેટલામાં સભાથી થોડેક દૂર બેઠેલા વણિક હિરચંદ ભક્તને હે ધરણીપતે ! શ્રીહરિની ઈચ્છાથી સમાધિ થઈ. (૧૭) તે સમયે (સમાધિ પામ્યા તે સમયે) તે ભક્તે મૃગનું શીંગડું જેના હાથમાં છે એવા એક ખાખીની ડોક દૃઢ પણે પોતાની બગલમાં ગ્રહણ કરી. (૧૮) મૃગના શીંગડાંએ સહિત તે ખાખીના બંને હાથ. પોતાના બંને હાથથી પકડતા સમાધિ પામેલા ભક્ત જાણે મહા પર્વત હોય ને શું? એમ અચળ ઊભા રહ્યા. (૧૯)

બળવાન ખાખી સંભ્રાન્ત થઈને પોતાનો કંઠ પકડાવાથી પીડા પામી શ્વાસ રુંધાયો હોવાથી જેનાં નેત્રો ચકળ વકળ થાય છે એવો તે મહા વ્યથા પામ્યો. (૨૦) તે સમયે બંને પગ પછાડતો, જાણે કાળે ગળેલો હોય તેમ માનતો, તે ખાખી તે ભક્તની પકડમાંથી નીકળવા પ્રયત્ન કરતો હતો. (૨૧) ગુરુડે ચાંચથી પકડેલો ફણીન્દ્ર પોતાનું પુંછડું પછાડતો જેમ નીકળી શકે નહિ તેમ તે ખાખી પણ મહાયત્ન કરીને નીકળવા માટે સમર્થ થયો નહિ. (૨૨)

હે નૃપતે ! પૂર્વે ક્યારેય નહિ જોયેલું એવું આ આશ્ચર્ય જોઈને તેમના મંડળના સર્વે ખાખીઓ ભય પામીને શ્રી સ્વામિનારાયણને જીતવાની આશાનો ત્યાગ કરી ભ્રાન્તિ પામ્યા. (૨૩) શ્રીહરિના ભક્તની બગલમાં જેનો કંઠ પકડાયેલો છે એવા તે ખાખીને જોઈને સભામાં બેઠેલા જનો તથા પુરના જનો તથા સ્ત્રીઓ તે કૌતુક જોતા ચારેય તરફ મળીને હે રાજન્ ! આશ્ચર્ય પામતા હતા. (૨૪)

તે ભક્તની પકડમાં પકડાયેલો તે ખાખી અસ્ફટ શબ્દો બોલતો પોતાના ખાખીઓને કહેવા લાગ્યો - હે ખાખીઓ ! તમો મને તત્કાળ મૂકાવો. જો નહિ મૂકાવો તો અત્યંત પીડાથી મારા પ્રાણ દેહમાંથી નીકળી જશે. (૨૫) મહા બળવાન તે ખાખીઓ તેનું આવું વચન સાંભળીને અત્યંત ક્રોધાવિષ્ટ થઈને તે ખાખી પ્રત્યેના પ્રેમથી તે ખાખીના દેહને પકડીને ખેંચવા લાગ્યા. (૨૬) તો પણ ખાખીઓ સમાધિવાળા ભક્તના બાહુમાંથી ખાખીની ડોક મુકાવવા સમર્થ થયા નહીં. તથા મૃગ શીંગડા યુક્ત ખાખીના બંને હાથ સમાધિવાળા ભક્તનાં હાથમાંથી મુકાવવા માટે પણ સમર્થ થયા નહીં. (૨૭) તેથી જેમના મુખની શોભા કરમાઈ ગઈ છે એવા મહાખેદયુક્ત, અત્યંત શ્વાસ લેતા તે ખાખીઓ, ક્ષીરસાગરના મંથન કાળમાં પરસેવાવાળા થઈ ગયા છે, સમગ્ર અંગો જેમનાં એવા દાનવેન્દ્રો જેવા થઈ ગયા. (૨૮)

હે રાજન્ ! સમગ્ર સભાજનો તથા પુરજનો તે આશ્ચર્ય જોઈને અત્યંત હસતા હતા. ચારેય તરફ પોતાના ભક્તોને જોતા શ્રીહરિ પણ મંદ મંદ હસતા હતા. (૨૯) પછી દયાળુ પ્રભુ શ્રીહરિએ મલીન આશયવાળા ખાખીઓનો અપરાધ ક્ષમા કરીને તેમને દુઃખી થયેલા જાણીને પોતાના ભક્તને સંકલ્પ માત્રથી સમાધિમાંથી ઊઠાડ્યો. (૩૦) તેથી તેના હાથની પકડમાંથી મુકાયેલો ખાખી અતિશય ભયથી તત્કાળ નાસી ગયો. તેમજ બીજા અસુરાંશવાળા ખાખીઓ પણ શ્રીહરિને કામણગારા જાણીને પોતાના જનોની સાથે નાસી ગયા. (૩૧) તે ખાખીઓમાં કેટલાક દૈવીજનો હતા તેમણે તો શ્રી સ્વામિનારાયણને

ભગવાન જાણી, પોતાના દુષ્ટ સ્વભાવનો ત્યાગ કરી, ઈશ્વર શ્રીહરિનો આશ્રય કર્યો અને એ રીતે પોતાના ધર્મમાં રહીને શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૩૨)

હે રાજન્ ! આવી રીતે અવતારી પુરુષોત્તમ શ્રીહરિનું અનુપમ મહદૈશ્વર્ય સંક્ષિપ્તમાં કહ્યું. આ ઐશ્વર્ય સમગ્ર પણે કહેવા માટે કોઈ સમર્થ નથી. (૩૩) ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિએ કરાવેલો અસુરાંશ ખાખીનો પરાજય નિરૂપણ નામે બાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૨)



અધ્યાય ૫૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિએ જુદા જુદા દેશમાંથી આવેલા સમગ્ર ભક્તોને પોતપોતાના સ્થાનમાં જવા આજ્ઞા કરી. (૧) તેથી તે સર્વે ભક્તો શ્રીહરિનું અતિ શ્રેષ્ઠ ઉપચારોથી આદરપૂર્વક પૂજન કરીને તથા પ્રણામ કરીને પોતપોતાના દેશ પ્રત્યે ગયા. (૨)

પછી મુનિઓ વગેરેની સાથે શ્રીહરિ તે પુરમાં રહીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિનો જ્ઞાન ભરપુર શાસ્ત્રાનુસાર ઉપદેશ કરતા હતા. (૩) તે પુરમાં પુરના જનો ટોળે ટોળા મળીને દરરોજ તે ઉપદેશ સાંભળી શ્રી સ્વામિનારાયણને પુરુષોત્તમ જાણી તેમનો આશ્રય કરતા હતા. (૪)

હે રાજન્ ! પછી શ્રીહરિ શ્રીનગરમાં દીપોત્સવીના દિવસે પોતાના ભક્તોને પરમાનંદ આપવા માટે મહોત્સવ કરવાની ઈચ્છા કરતા હતા. (૫) તે સમયે પ્રત્યક્ષ શ્રીહરિના ચરણ કમળના આશ્રયવાળા હજારો ભક્તો જુદા જુદા દેશમાંથી શ્રીહરિનાં દર્શન કરવાની ઉત્કંઠાથી દીપોત્સવમાં આવ્યા. (૬) તે મહોત્સવમાં અતિ અમૂલ્ય ભૂષણો, વસ્ત્રો, ચંદન, પુષ્પના હાર, વગેરે ઉપચારોથી તે ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. (૭)

હે ભૂપતે ! તે દિવસે શ્રીહરિ પોતાના સર્વે મુનિઆદિક ત્યાગિઓને નાના પ્રકારના મનોહર ભોજન જમાડી તૃપ્તિ પમાડતા હતા. (૮) હે રાજેન્દ્ર ! દીપોત્સવીને દિવસે નરનાટ્યધારી શ્રીહરિ હજારો બ્રાહ્મણોને સ્વાદિષ્ટ અને ઘીથી ભરપુર મિષ્ટ ભોજનો જમાડી તૃપ્તિ પમાડતા હતા. (૯) જેમ વર્ષાઋતુમાં મેઘનું જળ વર્ષે છે તેમ શ્રીહરિ આ દિવસે બ્રાહ્મણોને ઘણી દક્ષિણાઓ આપતા હતા. (૧૦)

હે રાજન્ ! ભક્તજનો રાત્રિએ સભાસ્થાનમાં તથા માર્ગમાં ચારેય તરફ આનંદયુક્ત થઈને દીપની પંક્તિઓ કરતા હતા. (૧૧) પછી ભક્તો સભાસ્થાનમાં કોમળ ગાદી તકીયાથી યુક્ત મનોહર સુવર્ણમય ઉંચું સિંહાસ બિછાવતા હતા. (૧૨) શ્રીહરિ સભામાં પધાર્યા અને તે શ્રેષ્ઠ સિંહાસનમાં બિરાજમાન થયા. તે સમયે તે ભક્તો શ્રીહરિના મુખકમળના દર્શન કરવા લાગ્યા. (૧૩)

પછી ભક્ત જનના સમુદાય અમૂલ્ય મહા ભૂષણો, વસ્ત્રો, ચંદન, અક્ષત, પુષ્પના હાર વગેરે

ઉપચારો તથા વિવિધ ભેટોથી શ્રીહરિનું આદરપૂર્વક સંપૂજન કરીને વાજિંત્રોના ધ્વનિ સાથે શ્રીહરિની આરતી કરતા હતા. (૧૪, ૧૫) પુરના સમગ્ર ભકતો તથા દેશાન્તરના ભક્તો તે સમયે સભામાં યથાયોગ્ય બેસીને શ્રીહરિના દર્શન કરતા હતા. (૧૬) તે દીપોત્સવમાં પોતાના ભક્તજનોની સભામાં અતિ સુંદર દીવાઓની પંક્તિથી શોભાયમાન, ચળકતા સુવર્ણના સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિ, તારાઓ મધ્યે જેમ પૂર્ણ ચંદ્ર શોભે તેમ શોભતા હતા. (૧૭) સુવર્ણના રત્ન જડિત ઝાંઝર તથા કંદોરાથી શોભતા, શ્રેષ્ઠ સુવર્ણના મણિમય વેઢ આંગળીઓમાં ધારણ કરતા, સુવર્ણના બંને કંકણો જેમના બંને હાથમાં છે એવા, (૧૮) અતિ સુંદર, વિવિધ મણિઓની પ્રભાથી દેદીપ્યમાન સુવર્ણના બાજુબંધો ધારણ કરતા, શુદ્ધ મોતી, મણીન્દ્રો તથા સુવર્ણના ગુચ્છાઓના ઉત્તમ હારથી અતિ રમણિય; (૧૯) મણિજડિત સુવર્ણના શોભાયમાન બંને કુંડળોતી ઉજ્જવળ કપોળ તલની કાંતિ જેમની છે એવા, અત્યંત પ્રકાશમય મોતીના સ્વચ્છ ગુચ્છાઓથી જેમના કર્ણ યુગલ શોભે છે એવા. (૨૦)

ઉત્તમ કસંબી રંગથી રંગાયેલ ચળકતા સુવર્ણ સૂત્રોથી યુક્ત દેદીપ્યમાન વસ્ત્રો જેમને છે એવા, પુષ્પો તથા સુવર્ણમણિના તોરાની પંક્તિથી શોભાયમાન સોનેરી મંડિલથી શોભતા. (૨૧) મંદ હાસ્ય પ્રસારતી દંત પંક્તિની ક્રાંતિથી શોભતા, વૈદૂર્ય મણિથી શ્રેષ્ઠ અધરોષ્ઠની શોભા જેમની છે એવા, અતિ દયાર્દ્ર દૃષ્ટિથી પોતાના આશ્રિતોને જોતા, કરોડો કામદેવને લજ્જા પમાડે છે એવું જેમનું સ્વરૂપ છે એવા; (૨૨)

પોતાના ભક્તજનોના નેત્રોની પંક્તિરૂપી કમળોને વિકાસ કરવામાં સૂર્ય સમાન, રાજાઓ, મુક્તો તથા બ્રહ્માદિ ઈશ્વરોને પણ જેમના ચરણકમળ વંદનીય છે એવા; (૨૩) સમગ્ર સભાને પ્રકાશ કરતી શ્રીહરિએ ધારણ કરેલી મોતીઓની માળા જેને પોતાના ભક્તજનોના નેત્રરૂપી ચકોરો જોઈ રહ્યા છે, જે ભકતોના ચિત્તરૂપી કુમુદોને પ્રકાશ કરે છે; ચંદ્ર કિરણોની સમાન જે ઉજ્જવલ છે, તે ધર્મ પુત્ર. (૨૪)

રાત્રિના સ્વામિ ચંદ્રના શીતળ પ્રકાશ જેવા નેત્ર કટાક્ષો પોતાના ભક્તો ઉપર ફેંકી તેમના ત્રિવિધ તાપને શમાવતા હતા. શ્રીહરિનાં દર્શન કરીને સમુદ્ર ચંદ્રને જોઈને જેમ હર્ષ પામે તેમ તે ભક્તો અત્યંત હર્ષ પામ્યા. (૨૫)

નિશાનાથના સૌંદર્યનો તિરસ્કાર કરનાર મંદ હાસ્યથી અતિ શોભતા શ્રીહરિના વદનના દર્શન કરીને જેમનાં સર્વ આવરણો વિનાશ પામ્યા છે એવા શ્રીહરિના આશ્રિતો ક્યારેય પણ શ્રીહરિ સિવાય બીજું જોવા ઈચ્છતા ન હતા. (૨૬) પુષ્પોના સ્વચ્છ ગજરાઓની કાંતિથી મનોહર, લાલ શોભાયમાન તળીયાની શોભા જેમની છે એવા શ્રીહરિના હાથ ચળકતા તારાઓથી સેવાયેલો પ્રભાતનો સૂર્ય જેમ શોભે તેમ અત્યંત શોભતા હતા. (૨૭)

આ પ્રકારે અલૌકિક શોભા ધારણ કરનારા દયાસાગર શ્રીહરિ ભક્તોને પોતાનાં દર્શન આપીને અત્યંત આનંદ આપતા હતા. (૨૮)

હે રાજન્ ! પછી શ્રીહરિએ કલ્યાણ કારી મનોહર વાર્તા કરીને પોતાના ભક્તોને પોતપોતાના નિવાસસ્થાનમાં જવા માટે આજ્ઞા કરી. (૨૯)

પછી હંસની માફક ગતિવાળા ચટ્ચટ્ ધ્વનિ યુક્ત પાદુકાઓ જેમની છે એવા શ્રીહરિ પોતાના પાર્ષદો સાથે પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૦)

સ્વયં શ્રીહરિ શ્રીનગરમાં અન્નકોટનો ઉત્સવ કરી ઉત્સવમાં ત્યાગિઓ, ગૃહસ્થો તથા બીજા ભક્ત જનોના સમુદાયને વિવિધ પ્રકારના અત્યુતમ ભોજનોથી અત્યંત તૃપ્તિ પમાડતા હતા. વળી સ્વાદિષ્ટ રસવાળા ભોજનોથી ઘણા બ્રાહ્મણોને પણ જમાડતા હતા. (૩૧, ૩૨)

પછી શ્રીહરિ દેશાન્તરથી આવેલા ભક્તોને પોતપોતાના દેશોમાં જવા માટે આજ્ઞા આપતા હતા. હજારો ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાના સ્થાનમાં ગયા. (૩૩)

શ્રીહરિ પોતાના ભક્તોને આનંદ આપવા માટે જ શ્રીનગરમાં પુષ્કળ સામગ્રી મંગાવી પ્રબોધિનીનો ઉત્સવ કરતા હતા. (૩૪) શ્રીહરિના ચરણારવિંદના ઉપાસકો, શ્રીહરિના દર્શનમાં ઉત્સાહિત મનવાળા, હજારો ભક્તો દેશાન્તરથી પ્રબોધિનીના ઉત્સવ પ્રસંગે આવ્યા. (૩૫)

સર્વે ભક્તો વિવિધ પ્રકારના વસ્ત્રો, અમૂલ્ય ભૂષણો તથા ષોડશોપચારથી શ્રીહરિને હર્ષપૂર્વક પૂજતા હતા. (૩૬) પછી શ્રીહરિએ દેશાંતરથી આવેલા સમગ્ર ભક્તોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપીને પોતે પણ પોતાના આશ્રિતો સાથે શ્રીનગરથી જવા માટે ઈચ્છા કરતા હતા. (૩૭)

તે સમયે વેલાલ ગામના શ્રીહરિના ઉપાસક ભક્તો પોતાના ગામમાં શ્રીહરિને લઈ જવા માટે પ્રાર્થના કરતા હતા (૩૮) પછી શ્રીહરિએ પોતાની સેવામાં આસક્ત મનવાળા તે ભક્તોને કહ્યું હું મુનિઓની સાથે તમારા ગામમાં આવીશ. (૩૯)

આ પ્રકારનું શ્રીહરિનું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા તે ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને ઉત્સાહપૂર્વક સામગ્રીઓ તૈયાર કરવા પોતાના ગામમાં આગળથી ગયા. (૪૦)

પછી હે રાજન્ ! શ્રીહરિ તૈયાર થયા. તેમના આશ્રિતો, બીજા-સંતો-વર્ણીઓ તથા પાર્ષદો ઘોડેસવારો વગેરે સર્વ તૈયાર થયા. (૪૧) હે નરેન્દ્ર ! પછી ધર્મના પુત્ર સર્વ નિયામક શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બિરાજીને પોતાના સમગ્ર અનુયાયિઓની સાથે તેમજ વળાવવા આવતા, પુરના ભક્ત સમુદાયો જેઓ તે સમયે સુંદર ગીતો, વાદ્યોના ધ્વનિની સાથે ગાતા હતા, તેમજ વાજિંત્રો પણ વગાડતા તેમની સાથે શ્રીનગરથી નીકળ્યા. (૪૨)

હે રાજન્ ! પછી ભક્તપ્રિય શ્રીહરિ, પોતાના ચરણકમળમાં આસકિતવાળા અશ્રુથી પરિપૂર્ણ નેત્રવાળા પોતાની પાછળ આવનારા શ્રીનગરના ભક્તોને પાછા વાળીને પોતાના સંતોની સાથે માર્ગમાં ચાલતા વેલાલ્ય નામના મનોહર ગામમાં પધાર્યા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્રશ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં ચતુર્થ સ્કન્ધમાં શ્રીહરિકૃત દીપોત્સવાદી નિરૂપણ નામે ત્રેપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૩)



અધ્યાય ૫૪ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- પછી સન્મુખ આવેલા ભક્તોએ શ્રીહરિને વંદન કર્યું અને પ્રાર્થના કરી. પછી શ્રીહરિ વાદ્યોના ધ્વનિ સાંભળતા પોતાના અનુયાયિ મુનિઓની સાથે તે ગામમાં પ્રવેશ કર્યો. (૧) પછી ભક્તજનો હર્ષપૂર્વક શ્રીહરિને તથા તેમની સાથે આવેલા ભક્તોને યોગ્ય નિવાસ આપીને આદરપૂર્વક શ્રીહરિને સેવા કરવા લાગ્યા. (૨)

તે ગામમાં હરિ શર્મા વગેરે બ્રાહ્મણ ભક્તો, જયસિંહ તથા મંકીભાઈ વગેરે વૈશ્યભક્તો શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૩) પોતાના ધર્મમાં રહેલા વખતબા મુખ્ય જેમાં છે એવી સ્ત્રીઓ પણ યથાયોગ્ય ધર્મપુત્ર શ્રીહરિની સેવા કરતી હતી. (૪)

તે ગામમાં શ્રીહરિ અતિ શ્રેષ્ઠ વિવિધ પ્રકારના ભોજન જમતા હતા તથા સર્વે વર્ણીઓ તથા શ્રીહરિના આશ્રિત ભક્તો પણ જમતા હતા. (૫)

ત્યાં ધર્મ પુત્ર શ્રીહરિ ત્યાગિજનોને શિક્ષાનાં વચન કહી સજ્જનોને આનંદ કરનારી સાધુજનોના ધર્મ સંબંધિ વાર્તા કરતા હતા. (૬) વળી સુંદર ધર્મ-જ્ઞાનાદિના સિદ્ધાંતયુક્ત સત્પુરુષોના પ્રમાણ વચનો તેમજ ભક્તોને હિતકારી વાર્તાઓ શ્રીહરિ કરતા હતા. (૭)

મુનિપતિ શ્રીહરિ વળી ગવૈયા સાધુ પ્રેમાનંદ વગેરે પોતાના સાધુઓ પાસે તબલા તથા વીણા આદિક વાદ્યોએ યુક્ત શ્રીહરિનાં પદો આદરપૂર્વક ગવડાવતા હતા. (૮)

મુનિઓએ સ્વરોનો આલાપ શરૂ કર્યો એટલે સર્વવિત્ શ્રીહરિ વિનોદ વચનોથી પોતાના ભક્તોને અત્યંત હસાવતા હતા. (૯)

પછી વેલાલ્ય ગામના હરિભક્તો ચંદન, કુમકુમ, પુષ્પોના હારો આદિ મહા ઉપચારોથી અચ્યુત શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૦) શ્રીહરિ તે ગામમાં એક રાત્રિ રહી સવારમાં શ્રેષ્ઠ અશ્વ ઉપર બિરાજમાન થયા. તે સમયે વેલાલના હરિજનોએ શ્રીહરિને વળાવ્યા અને શ્રીહરિ પોતાની સાથે સદા ફરનારા મુનિઓની સાથે વેલાલ્ય ગામથી નીકળ્યા. (૧૧)

શ્રીહરિ ત્યારબાદ માર્ગમાં આવેલા કણભા ગામમાં પોતાના આશ્રિતોની સાથે પધાર્યા. ત્યાંના હરિભક્તો વાજિંત્રોની સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા. (૧૨)

તેમણે શ્રીહરિને વંદના કરી તથા પ્રાર્થના કરી. પછી પોતાના આશ્રિત સાધુઓની સાથે શ્રીહરિએ વાજિંત્રોના ઘોષ સાંભળતા, ગામમાં પ્રવેશ કર્યો. (૧૩) ત્યાંના સર્વ હરિભક્તો, શ્રીહરિને તથા તેમની સાથે આવેલા ભક્તોને યથાયોગ્ય ઉતારો આપીને, હર્ષપૂર્વક શ્રીહરિની સેવામાં જોડાઈ ગયા.(૧૪-૧૫)

ભક્તોએ ઉપચારોથી પૂજેલા શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે જમીને ધર્મ સંબંધી વાર્તા કરીને ત્યાં રાત્રિ રહ્યા. (૧૬) શ્રીહરિ સવારમાં ઘોડી ઉપર બિરાજમાન થઈ પોતાના ભક્ત સમુદાયોએ ત્યાંથી વળાવ્યા એટલે સાધુઓની સાથે ગામડી ગામે પધાર્યા. (૧૭)

સન્મુખ આવેલા ગામડી ગામના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિએ, વાદ્યોના ઘોષ સહિત પોતાના આશ્રિતોની સાથે ગામડી ગામમાં પ્રવેશ કર્યો. (૧૮) ત્યાંના ભક્તોએ પોતાને પ્રિય શ્રીહરિને તેમના આશ્રિતો સાથે શ્રેષ્ઠ આવાસમાં નિવાસ કરાવ્યો અને પ્રીતિપૂર્વક પરમાત્માની સેવામાં પ્રવૃત્ત થયા. (૧૯-૨૦-૨૧)

તે ગામના ભક્તોએ શ્રીહરિનું ઉત્તમ ઉપચારોથી પૂજન કર્યું. પોતાના ભક્તોની સાથે જમીને ધર્મ સંબંધી સુંદર વાર્તાઓ કરીને શ્રીહરિ ત્યાં રાત્રિ સુખપૂર્વક રહ્યા. (૨૨)

પ્રભાતમાં શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા, સમગ્ર ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. પોતાના ભક્તો સહિત શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને જેતલપુરમાં પધાર્યા. (૨૩)

જેતલપુરના સમગ્ર ભક્તો પોતાના પુરમાં પોતાના ઈષ્ટદેવ શ્રીહરિ પધારે છે તે સાંભળીને તત્કાળ સન્મુખ ગયા. (૨૪) સ્વભાવે સુંદર અને અશ્વની ઝડપી ગતિથી અતિ ચલાયમાન થતા મોળીયાના તોરાથી અતિ સુંદર શોભતા, ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિના દર્શન કરીને પૃથ્વી ઉપર સાષ્ટાંગ પડીને હર્ષથી શ્રીહરિને તે ભક્તો નમન કરતા હતા. (૨૫)

પોતાના આશ્રિતોના હિતમાં તત્પર શ્રીહરિએ તે સમગ્ર ભક્તોની યથાયોગ્ય સંભાવના કરી વિવિધ પ્રકારનાં સુંદર વાજિંત્રોથી શબ્દાયમાન કરી છે દિશાઓ જેમણે એવા સન્મુખ આવેલા ભક્તોની સાથે તેમજ પોતાની સાથે ફરતા અનુયાયિઓની સાથે શ્રીહરિએ તે પુરમાં પ્રવેશ કર્યો. (૨૬)

પુરના સમગ્ર જનોએ શ્રીહરિને પુષ્પથી વધાવ્યા અને તે સર્વેએ પ્રેમપૂર્વક દર્શન કર્યાં છે એવા અખિલેશ્વર શ્રીહરિએ પોતાના કલ્યાણકારી દર્શનથી તેઓના સંસારનો ભય હરણ કર્યો. (૨૭)

પછી નગરની બહાર ફળો તથા પુષ્પોવાળા વૃક્ષોથી શોભતી સુંદર વાડીની સમીપે, રાજાએ કરાવેલા સુંદર મહેલમાં શ્રીહરિ પોતાના ભક્તોની સાથે નિવાસ કરતા હતા. (૨૮)

જે વાડીની સમીપે અત્યંત સ્વચ્છ જળવાળું, અતિ મોટાં સુંદર વિવિધ પ્રકારના કમળોની પંક્તિઓથી શોભતું, અને પથ્થરથી રચેલાં મનોહર પગથિયાથી રમણીય, સરોવર શોભે છે. (૨૯)

સરોવરના કાંઠે કેટલાક વડના વૃક્ષો હતાં. તેમજ ફળ પુષ્પના ભારથી નમતા કેટલાક વૃક્ષો હતા. વડ, વૃક્ષો અને વેલોથી ચારેય તરફ શોભતું અને વિવિધ પ્રકારના મધુર સ્વરોવાળાં પક્ષીઓનાં નાદથી અતિ સુંદર. (૩૦) ફળ પુષ્પોથી યુક્ત એવા વૃક્ષોથી વ્યાપ્ત અને મનોહર એવા તે બગીચામાં અતિ રમણીય મહેલમાં નિવાસ કરીને રહેતા શ્રીહરિની ભક્તો પરિચર્યા કરતા હતા. (૩૧)

ત્યાં બ્રાહ્મણ ભક્તો ઉગ્રચંદ્ર, બે આશારામ, દેવરામ, બે દયારામ તથા મયારામ વગેરે તેમજ શ્રીહરિના આશ્રિત બીજા ઘણાં બ્રાહ્મણો હર્ષયુક્ત પોતાની યોગ્યતા પ્રમાણે શ્રીહરિની સેવા કરતા હતા. (૩૨, ૩૩) આસાજીત, કાકુજીત, બીજા ગંગાદાસ, મનોહર, શંકર, જીવન તથા રાજજીત વગેરે. (૩૪)

શ્રીહરિના આશ્રયવાળા એકાંતિક વૈશ્ય ભક્તો ભગવાનની પરિચર્યા યથાયોગ્ય કરતા હતા. (૩૫)

તેવી રીતે રામા, રક્ષા, ઝવેરબા, રળીયાત એ આદિક સ્ત્રીઓ હર્ષથી શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતી હતી (૩૬) મુનિઓની સાથે ભક્ત પ્રિય શ્રીહરિ નાના પ્રકારના ભોજન જમી નવા વસ્ત્રો પરિધાન કરીને સભામાં આવી અતિ સુંદર સિંહાસનમાં બિરાજ્યા. (૩૭)

પછી સર્વે ભક્તજનો ચંદન, અક્ષત, કુમકુમતથા પુષ્પહારાદિ સર્વ ઉપચારો વડે શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૮) પછી પોતાના ભક્તોને આનંદ પમાડતા શ્રીહરિ ધર્મજ્ઞાનાદિ યુક્ત જુદા જુદા આખ્યાનો સાથે શુભ ઉપદેશ વાતો કરતા હતા. (૩૯) પોતાના અતિ દુર્લભ દર્શન આપી તેમજ સુંદર ઉપદેશ વાતો કરી, ભક્તોને આનંદ આપતા ઈશ્વરના ઈશ્વર શ્રીહરિ પોતાના મુખ્ય મુનીંદ્રો સાથે જેતલપુરમાં નિવાસ કરીને રહેતા હતા. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં વેલાલ ગ્રામાદિમાં શ્રીહરિનું વિચરણ નિરૂપણ નામે ચોપનમો અધ્યાય સંપૂર્ણ.(૫૪)



અધ્યાય ૫૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે ભગવાન શ્રીહરિ સરોવરમાં પોતાના આશ્રિત વર્ણીઓ અને મુનિઓ સાથે પ્રાતઃ સમયે સ્નાન કરતા હતા. (૧) પછી શ્રીહરિ એક પીતાંબર ધારણ કરી, બીજું પીતાંબર પોતાના શરીરે ઓઢીને; (૨) બંને ચરણકમળમાં અતિ સુંદર પાદૂકા પહેરીને પોતાના આશ્રિતોને દર્શન આપતા પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા. (૩) અહીં શ્રીહરિના બંને હાથ તથા બંને પાદ વર્ણી મુકુંદાનંદ ધોવડાવતા હતા. પછી શ્રીહરિ બાજોઠ ઉપર બિરાજીને પોતાનો નિત્ય વિધિ કરતા હતા. (૪)

તેટલામાં મુકુંદાનંદ વર્ણીરાજ શ્રીહરિ માટે દૂધમાં વિવિધ પાક કરતા હતા. તેમજ મીઠા વિનાના શાક પણ કરતા હતા. (૫) પછી નરનાટ્યધારી શ્રીહરિ દાળ ભાત કરીને શાકમાં મીઠું નાખતા હતા. (૬) હે રાજન્ ! પછી ભક્તવત્સલ શ્રીહરિ વિષ્ણુને નાના પ્રકારના ભોજનો નિવેદન કરીને ઉત્તમ પાટલા ઉપર બિરાજીને જમતા હતા. (૭) જમીને તૃપ્ત થઈ શ્રીહરિ હાથ તથા મુખ ધોઈ વર્ણીએ આપેલો ઉત્તમ મુખવાસ જમતા હતા. (૮)

પછી શ્રીહરિ પોતાના નિવાસની આગળ ઉત્તમ ચોકમાં અશોક વૃક્ષની સમીપે, સુંદર ચોતરા ઉપર, મનોહર કોમળ ગાદી તકીયાથી યુક્ત અત્યંત ઉંચા રમણીય મહામંચ ઉપર હે ભૂપતે ! બિરાજમાન થયા. (૯, ૧૦) તેટલામાં જમીને સમગ્ર ત્યાગિઓ તથા ગૃહસ્થો સભામાં યથાયોગ્ય બેસીને શ્રીહરિના દર્શન કરતા હતા. (૧૧) શ્રીહરિ પણ દયાર્દ્ર દષ્ટિથી તેમના સર્વ પ્રત્યે જોતા તેમને આનંદ આપતા સુધાથી પણ અતિ મધુર વચનો બોલ્યા. (૧૨)

શ્રીહરિ કહે છે :- હે સંતો ! સાધુઓના ગુણોના સ્થાનભૂત, અતિશાંત આત્મા, પ્રાણીઓના હિતનું વહન કરનારા આ મુક્તાનંદ મુનિ જ્યાં જાય છે ત્યાં ત્યાં જન સમૂહને સુખ આપનારા મુક્તિના માર્ગમાં સૌને જોડે છે, અને અનેક શરીર ધારીઓનું આ પ્રમાણે કલ્યાણ કરે છે. (૧૪) મુક્તાનંદ મુનિની અતિ કોમળ, પ્રિય, સત્ય અને હિતાવહ વાણી સાંભળીને શત્રુઓ મિત્ર બની જાય છે. (૧૫)

આ પ્રકારની સાધુ રીતથી ત્યાગીઓએ હંમેશાં વર્તવું તે જ તેમનું શાસ્ત્ર સંમત ભૂષણ છે. (૧૬) શાંત સ્વભાવવાળા સાધુઓને રજોગુણ તથા તમોગુણ શોભતો નથી. માટે ક્યારેય તે ગુણોને આધીન ન થવું. (૧૭) કામ, ક્રોધ, લોભ, રસાસ્વાદ, સ્નેહ, માન, ઈર્ષ્યા, મત્સર આદિક જે અધર્મ સર્ગમાં રહેલા દોષો છે તે ત્યાગીજનોએ જીતવા. (૧૮) સર્વને હિતકાર અને સત્પુરુષોને રંજન કરનારી, શ્રીહરિની વાણી સાંભળીને વિશ્વચૈતન્યાનંદ મુનિ અચ્યુત શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૯)

હે ભગવન્ ! આપે મુક્તાનંદને મહત્વ આપ્યું તેથી સત્સંગિજનો એમને માનશે, અમોને નહીં માને. (૨૦) સાધુ સ્વભાવ જેમને પ્રિય છે તે શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને સાધુપણાની શ્રેષ્ઠતા બતાવતા હે રાજન્ ! તે સાધુ પ્રત્યે બોલ્યા. (૨૧)

હે સાધો ! મેં કાગળ લખાવીને સત્સંગમાં મોકલીને સત્સંગિજનોએ મુક્તાનંદ મુનિ માન્ય છે અને બીજા મુનિ માન્ય નથી જ. (૨૨) આ પ્રકારની આજ્ઞા તો ક્યારેય કરી નથી. તો પણ સદ્‌ગુણ હોવાથી મુક્તાનંદ મુનિને સત્સંગિજનો તથા બીજા અન્ય જનો પણ આ લોકમાં સર્વ પ્રકારે માને છે. (૨૩) સાધુ ગુણયુક્ત સાધુઓમાં જ, જેમ ભમરાઓની સુગંધિમાન પુષ્પોમાં પ્રીતિ થાય છે તેમ, લોકોની ઘણી પ્રીતિ થાય છે. (૨૪)

પક્ષીઓ પણ ફળોથી યુક્ત વૃક્ષોને સેવે છે, તેમ મુમુક્ષુઓ સદ્‌ગુણોથી યુક્ત મોટા સાધુઓને સેવે છે. (૨૫) હે મુને ! લૌકિક મહત્વ તો કાળે કરીને નિશ્ચય નાશ પામે છે. સત્પુરુષોની સાધુતાનું ગૌરવ તો કયારેય પણ નાશ પામતું જ નથી. (૨૬) હે સાધો ! બદરિકાશ્રમવાસી નરનારાયણ આદિક તો એકાંતિક સાધુઓના જ ગુણોને આદર પૂર્વક વખાણે છે. (૨૭) શ્વેતદ્વીપપતિ પ્રત્યક્ષ વાસુદેવ તથા તે ધામના નિવાસી મુક્તો તેવા સાધુના ગુણોની જ પ્રશંસા કરે છે. (૨૮)

વૈકુંઠનાથ લક્ષ્મીનારાયણ ભગવાન તથા ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણ ભગવાન એકાંતિક સાધુઓના ગુણોનું હર્ષથી વર્ણન કરે છે. સર્વના કારણ અક્ષર બ્રહ્મ તેનો પણ નિયન્તા એવો હું પણ એકાંતિક સાધુઓના ગુણોનું જ વર્ણન કરું છું.(૨૯)

ઈન્દ્રની સભામાં, બ્રહ્માની સભામાં તથા વૈરાજાદિની સભામાં એકાંતિક સંતોના ગુણોનું જ વર્ણન થાય છે. (૩૦) બ્રહ્માદિ ઈશ્વરો પણ એકાંતિક સાધુઓના ગુણોની પ્રાપ્તિની જ ઇચ્છા કરે છે. આવી રીતે શ્રીહરિએ કહ્યું તેથી હે નૃપ ! મુક્તાનંદ મુનિ શ્રીહરિને પૂછવા લાગ્યા. (૩૧)

મુક્તાનંદ મુનિ કહે છે :- હે ભગવન્ ! જે બ્રહ્માદિ ઈશ્વરો છે તે વિશ્વની રચના કરવામાં સમર્થ છે માટે જ પરાક્રમવાળા છે. (૩૨) અમો તો અમારી ભાંગેલી તુંબડી પણ સાજી કરવા સમર્થ

નથી માટે અમારી મહત્તા બ્રહ્માદિથી પણ અતિ અધિક કેમ થાય ? (૩૩) મારા આ પ્રશ્નનું આ લોકમાં આપ જ સમાધાન કરી શકશો. આ પ્રશ્નનો ઉત્તર કરવા આપના વિના બીજા ક્યારેય પણ શક્તિમાન નથી. (૩૪)

તેમનું આવું વચન સાંભળીને દયાનિધિ અવતારી શ્રીહરિ સર્વે સભાજનોને નિઃસંશય કરવા હે રાજન્ ! મુક્તાનંદમુનિ પ્રત્યે બોલ્યા. (૩૫)

શ્રી હરિકૃષ્ણ મહારાજ કહે છે :- હે મુને ! ઐશ્વર્યમાં આસક્ત થયેલા બ્રહ્માદિ ઈશ્વરોની મહત્તા છે છતાં પણ તેમને વિષયની ઈચ્છા તો રહે છે. (૩૬) હે મહામુને ! કામાદિથી રહિત એવા તમોને મારા સ્વરૂપ વિના ક્યારેય માયિક સુખમાં સ્પૃહા નથી. (૩૭) માટે ઐશ્વર્યવાળા બ્રહ્માદિ પણ તમારા જેવી સ્થિતિ પામતા નથી. બીજું જે તમારું માહાત્મ્ય છે તે પણ હું તમોને કહું છું. (૩૮)

પૃથ્વીથી દશગણું જળ છે, જળથી દશગણું તેજ છે, તેજથી દશગણો વાયુ મહાન છે, વાયુથી દશગણો મોટો આકાશ છે; (૩૯) આકાશથી અહંકાર મોટો છે. અહંકારથી મહત્ત્વ મોટું છે, મહત્તત્વથી પ્રધાન મોટો છે. પ્રધાનથી પ્રધાનપતિ મોટા છે (૪૦) હે મુને ! પ્રધાનપતિથી મૂળ પ્રકૃતિ મોટી છે તથા મૂળ પ્રકૃતિથી તેનો પતિ મૂળપુરુષ મોટો છે. (૪૧)

મૂળ પુરુષથી અક્ષર નામના પુરુષ અતિ મોટા છે. અક્ષર પુરુષ થકી પર અતિ મહાન પુરુષોત્તમ એવો હું છું. (૪૨) આવો હું તે મારી મૂર્તિ તમોએ હંમેશાં ધારણ કરી છે. માટે આ લોકમાં તમારા તુલ્ય કોઈ છે નહીં. (૪૩) હે મુને ! અવિવેકી જનોને તમો રાંક જેવા દેખાઓ છે. છતાં પણ તમારે શરણે આવેલા કોઈ પણ જીવને અષ્ટાવરણથી પાર મારા સર્વોત્તમ આશ્ચર્યકારી દિવ્યધામને તત્કાળ પમાડવા તમો શક્તિમાન છો. બ્રહ્માદિ ઈશ્વરો તો સમર્થ નથી. (आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन એ પ્રમાણથી) (૪૪-૪૫)

હે મહામુને ! તેથી તમો ઈશ્વર એવા બ્રહ્માદિથી પણ શ્રેષ્ઠ છો. તમારાથી અધિક મને બીજું કાંઈપણ પ્રિય નથી. (प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः એમ ભગવદ્ ગીતામાં કહ્યું છે.) (૪૬)

હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે અમૃત થકી પણ અધિક રસિક મનોરંજન અતિ સુંદર અને અર્થના ગૌરવ યુક્ત વિદ્વાનજનોને આનંદ આપનારું વર્ણન કહ્યું. તેથી મુક્તાનંદ વગેરે મુનિગણો તથા ગૃહસ્થો પ્રસન્ન થઈને અવતારી ગુણ નિધિ શ્રીહરિને ભક્તિપૂર્વક પ્રણામ કરતા હતા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં મુક્તાંદ મુનિ પ્રત્યે શ્રીહરિએ કહેલા સાધુતાદિ ગુણોનું નિરૂપણ નામે પંચાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૫)



અધ્યાય ૫૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! સભામાં બેઠેલા સર્વેજનોએ રાત્રિના તે સમયે આકાશમાંથી ઉતરતો અતિ મોટો તેજનો ગોળ સમુદાય જોયો. (૧) સમગ્ર દિશાઓને પ્રકાશ કરતો અને જોઈ ન શકાય તેવો તેજનો સમૂહ જોઈને સર્વેજનો અતિ વિસ્મય પામ્યા. (૨) રાત્રિ હોવા છતાં પણ આકાશમાંથી પૃથ્વી ઉપર જાણે સૂર્યનારાયણ આવે છે કે શું ? અથવા અગ્નિ અથવા ચંદ્રમાં આવે છે કે શું ? આ પ્રમાણે તે સમયે સભાજનો તર્ક કરતા હતા. (૩)

આવી રીતે સભ્યોને અતિ સંભ્રમ થયો. તે દરમિયાન તેજનો ગોળાકાર સમુદાય આકાશમાંથી નીચે ઉતર્યો. (૪) આકાશમાંથી ધીમે ધીમે નીચે ઉતરતો જનોને વિસ્મય પમાડતો તેજનો સમુદાય જ્યારે સમીપે આવ્યો ત્યારે સભાસદોએ તેને ત્રણ પ્રકારે જોયો. (૫) પછી અતિ વિસ્મય પામેલા તે જનોએ તેજના ત્રણ ગોળાઓમાં ભ્રમ પૂર્વક ત્રણ મનોહર વિમાનો જોયા. (૬)

પછી વિમાનોમાં બેઠેલા, પરંતુ અત્યંત તેજને લીધે ન જોઈ શકાય તેવા, મહા અમૂલ્ય ભૂષણો તથા વસ્ત્રોવાળા ત્રણ દેવોને તે સભામાં બેઠેલા જનોએ જોયા. (૭) મણિજડિત સુવર્ણના મુગટો ધારણ કરેલા આ દેવતાઓ ભક્તિપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરતા હતા. પછી દિવ્ય અને અતિ શુભ સભાને ચંદન તથા પુષ્પોથી વધાવવા લાગ્યા. (૮) પછી તે ત્રણે દેવતાઓ વિમાન સહિત અંતર્ધાન થઈ ગયા. મહા તેજોમય તે ત્રણ કોણ હતા ? એમ સભાસદો વિચાર કરવા લાગ્યા. (૯)

પછી બંને હાથ જોડીને અદ્‌ભુતાનંદ મુનીંદ્ર પ્રિય દર્શનવાળા અવતારી પ્રત્યક્ષ શ્રીહરિને આ પ્રમાણે પૂછતા હતા. (૧૦)

તેજના મંડળમાં શોભતા સુંદર વિમાનોમાં બેઠેલા અમોએ હમણાં જે જોયા તે ત્રણ પુરુષોનું હે હરે ! શું નામ છે ? (૧૧) હે શ્રીહરે ! આપના આશ્રિત અમો સર્વે એ જાણવા માટે ઈચ્છીએ છીએ. તેથી આપ સર્વજ્ઞ કૃપા કરીને એ અમોને કહો. (૧૨)

અદ્‌ભુતાનંદ સ્વામીએ આવી રીતે શ્રીહરિને પૂછ્યું તેથી મુનિપતિ, પ્રિયદર્શન, ઈશ્વરોના ઈશ્વર, શ્રીહરિ અદ્‌ભુતાનંદ મુનિ પ્રત્યે મધુર વચન બોલ્યા. (૧૩)

તેજો મંડળથી શોભતા વિમાનોમાં રહેલા શોભાયમાન આભૂષણો તથા વસ્ત્રોથી શોભતા એવા જે ત્રણ દેવો તમોએ જોયા, હે મુને ! તે ઈશ્વરો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ હતા. તે આ અલૌકિક રમણીય સભા જોવા માટે આવ્યા હતા. (૧૪, ૧૫)

હે સન્મતે ! બ્રહ્માદિ ઘણાં ઈશ્વરો પણ આ સભાનાં દર્શન કરવા માટે અહીં હંમેશાં આવે છે. પરંતુ આજે તે તમારી દૃષ્ટિ ગોચર થયા. (૧૬) દિવ્યરૂપવાળા બદરિકાશ્રમવાસીઓ તથા શ્વેત દ્વીપવાસી નિરન્ન મુક્તો તથા વૈકુંઠાદિ ધામમાં રહેલા મુક્તો; (૧૭) તે પણ હે મહીપતે ! શાંતિ કરનારી આ શ્રેષ્ઠ સભાના દર્શન માટે સર્વજનોને ન દેખાય તેવી રીતે અહીં આવે છે. (૧૮)

શ્રીહરિએ આ પ્રમાણે સુધાથી પણ વધારે સ્વાદિષ્ટ વચન કહ્યું તે સાંભળીને મુનીંદ્ર અદ્‌ભુતાનંદ તથા સભામાં બેઠેલા સર્વે મુનિઓ આનંદ પામ્યા. (૧૯)

હે ભૂપતે ! એક સમયે પોતાના ભક્તોની સભામાં ઉત્તમ આસન ઉપર બિરાજેલા શ્રીહરિ સાધુઓને કહેવા લાગ્યા (૨૦) હે સંતો ! તમારા હિતની વાર્તા કહું છું તે સાંભળો. આ લોકમાં હું જે દિવસે પ્રાદુર્ભાવ પામ્યો છું તે દિવસથી આરંભીને આ પૃથ્વીમાં બ્રહ્મચર્યાદિ સદ્ધર્મનું પોષણ હું કરું છું, અતિ મલીન અને વંશે સહિત અધર્મ તે મને રુચતો નથી. (૨૧, ૨૨)

સમગ્ર જીવોને સંસાર ભ્રમણ અને નરકની પીડા ઉત્પન્ન કરનારો અતિ પાપરૂપ અધર્મ આ પૃથ્વી ઉપરથી મારી ઈચ્છાથી તત્કાળ ક્ષય પામે છે. (૨૩) હે સંતો ! ક્ષર અને અક્ષરના નિયંતા, પ્રત્યક્ષ, અવતારી એવા મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકવા કોઈપણ સમર્થ નથી. (૨૪)

હે સંતો ! વાયુ મારા ભયથી વાય છે, સૂર્ય મારા ભયથી હંમેશાં ઉદય અસ્ત થાય છે. ચંદ્ર પણ મારા ભયથી ઉદય અસ્ત થાય છે. ચંદ્રની કળા પણ મારી આજ્ઞાથી જ વધે છે અને ઘટે છે. ઈન્દ્ર મારા ભયથી મનુષ્યોના જીવનમાં કારણભૂત મેઘને વર્ષાવે છે. અગ્નિ મારા ભયથી બાળે છે. મૃત્યુ પણ આ જગતમાં મારા ભયથી ફરે છે. (૨૫)

દેવતાઓમાં શ્રેષ્ઠ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, તથા વૈરાજ પુરષ, તત્વાભિમાની દેવતાઓ, પ્રધાન, પુરુષ, મૂળ પ્રકૃતિ અને તેના સ્વામી મૂળપુરુષ તથા અક્ષર પુરુષ અને અક્ષર સંજ્ઞાવાળા સર્વે મુક્તો તથા મારી શક્તિઓ સદા મારી આજ્ઞામાં વર્તે છે. (૨૬)

આવી રીતે મને જે જનો સર્વ નિયન્તા, સર્વજ્ઞ, અવતારી, અસંખ્ય વિશ્વના કર્તા, નિર્દોષ, સનાતન એ પ્રમાણે જાણશે તો તેમના સર્વ પાપો ધોવાઈ જશે અને આ દુસ્તર સંસારમાંથી તેઓ નિશ્ચય મુક્તિ પામશે. (૨૭-૨૮) હે મુનિઓ ! આવું મારું માહાત્મ્ય છે માટે આ પ્રકારના ઐશ્વર્યવાળો એવો જે હું તે મારે શરણે આવેલા સર્વેજનોને આલોકમાં દૈહિક દુઃખ પ્રાપ્ત થાય તો સર્વ પ્રકારે ધૈર્ય રાખવું. (૨૯)

લોકમાં દુઃખ તથા સુખ નિત્ય નથી. માટે સાંસારિક સુખ દુઃખની પ્રાપ્તિમાં પંડિતો મોહ પામતા નથી. તેમ આનંદ પણ પામતા નથી. (૩૦) હે સંતો ! શાહુકારે લખેલી હૂંડી પોતાને ઘેર પહોંચાડે ત્યારે તેમાંથી રૂપિયા જરૂર મળવાના જ છે. તે પ્રકારના નિશ્ચયથી કદાચ માર્ગમાં ચોરો તેના વસ્ત્રો વગેરે લૂંટી લે તો પણ તે પુરુષના મનમાં કંઈ પણ કલેશ નથી થતો. (૩૧, ૩૨)

તેવી રીતે મારા બ્રહ્મપુર ધામની પ્રાપ્તિને યોગ્ય મારા આશ્રિત સર્વે જનોએ હે સજ્જનો ! દેહમાં દુઃખ આવી પડે તો પણ કલેશ ન કરવો. (૩૩) જેમ સમયાનુસાર વાદળાં આકાશમાં આવે છે ને જાય છે તેવી રીતે દુઃખ તથા સુખ પણ સમય પ્રમાણે આવે છે ને નાશ પામે છે. (૩૪) તેથી સુજ્ઞ પુરુષો માયિક તુચ્છ સુખ તથા દુઃખ નિત્ય જાણીને સુખમાં હર્ષ પામતા નથી અને દુઃખમાં શોક કરતા નથી. (૩૫)

જેમ આ લોકમાં રણાંગણમાં ધીર, શૂરવીર તથા શસ્ત્રધારી મનુષ્યો ત્રાસ પામતા નથી તેમ

મારા આશ્રિતોએ આપત્કાળમાં પણ હમેશાં ધીરજ રાખી વર્તવું. (૩૬)

ત્યાગીઓ તથા ગૃહસ્થો શ્રીહરિની આવી વાર્તા સાંભળીને શ્રીહરિને ઈશ્વરોના અધીશ્વર દિવ્ય ઐશ્વર્યાદિક ગુણોના સમુદ્ર, અવતારી, પુરુષોત્તમ, પરમાત્મા જાણતા હતા અને ધર્મ પુત્ર શ્રીહરિને પ્રેમથી પ્રણામ કરતા હતા. (૩૭-૩૮)

એક સમયે શ્રીહરિ સાધુમંડળના મધ્યભાગમાં સુંદર સિંહાસન ઉપર બિરાજમાન થયા હતા અને આ પ્રકારની વાતો કરતા હતા. (૩૯) જેમ આ લોકમાં ધનુર્વિદ્યા જાણનાર ગુરુ પાસેથી વિદ્યા શીખેલા ઘણાં શિષ્યમાંથી કોઈક જ શિષ્ય મોતીરૂપી લક્ષ્યને ભેદવા મહા યત્નથી શક્તિમાન થાય છે. (૪૦) તેમજ સત્પુરુષ પાસેથી ધ્યાન શીખતો કોઈ શ્રદ્ધાવાન પુરુષ પરોક્ષ શ્રીહરિનું ધ્યાન લાંબા કાળે યત્નપૂર્વક સિદ્ધ કરી શકે છે. (૪૧)

જેમ કોઈ જેવો તેવો ધનુષ્યધારી હોય અને પૃથ્વીનું લક્ષ્ય રાખીને, પોતાની આંખો મીંચીને પણ બાણ છોડે તો તેનું બાણ ક્યારેય લક્ષથી દૂર પડે જ નહીં. અનાયાસે લક્ષ્ય ભેદ જ. (૪૨, ૪૩) તેમ મારી સાથે રહેતા આ લોકમાં મારા ચરણાંકિત દેશોમાં મને નિરંતર સંભારતા મારા અવતારી સ્વરૂપને અનન્યભાવથી સંભારતા તમોને મારું ધ્યાન સુખેથી થાય છે. (૪૪, ૪૫)

તેથી સદા એકાંતિક ભાવથી મારું ધ્યાન કરતા તમો મનુષ્યોને એકાંતિક સદ્ધર્મનો ઉપદેશ આપો અને ભજન કરો. (૪૬) આવી રીતે પોતાના ભક્તજનનું સદા હિત કરવાના સ્વભાવવાળા, દિવ્ય, સ્વતઃસિદ્ધ અનવધિકાતિશય અતિ શુદ્ધ જ્ઞાનવાળા, દયાળુ શ્રીહરિ, વિવિધ પ્રકારની મનોહર વાતો કરતા પોતના ભક્તોને આનંદ પમાડતા તે મહેલમાં નિવાસ કરીને રહેતા હતા. (૪૭)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં બ્રહ્માદિનું શ્રીહરિના દર્શન માટે આગમન તથા તેમનું અનન્યૈશ્વર્ય નિરૂપણ નામે છપ્પનમો અધ્યાય સંપૂર્ણ. (૫૬)



અધ્યાય ૫૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે વિશાળ સરોવરની સમીપે આવેલા મોટા વડમાં સુંદર વિશાળ હિંડોળો ભક્તજનો બાંધતા હતા. (૧) તે હિંડોળાને પંચરંગી રમણીય વસ્ત્રો ભક્તો વીંટાળતા હતા. તેમજ નવપલ્લવો, ફળો, સુંદર પુષ્પો, જુઈ, મોગરા વગેરેથી તેને શોભાયમાન બનાવતા હતા. (૨)

પછી પોતાના પાર્ષદોથી વીંટાયેલા, ચટ્વટ્, ધ્વનિ કરતી સુશોભિત બંને પાદુકાઓ બંને ચરણ કમળોમાં જેમને છે એવા શ્રીહરિ, વડના સમીપે પધાર્યા. (૩) ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી એટલે શ્રીહરિ કોમળ ગાદી તકીયા આદિથી યુક્ત મનોહર હિંડોળા ઉપર બિરાજમાન થયા. (૪)

શ્રીહરિની આગળ સર્વે ત્યાગીઓ તથા હજારો ગૃહસ્થો બેઠા તેમનાથી દૂર સ્ત્રીઓ યથાયોગ્ય બેઠી. (૫) વડમાં બાંધેલો શોભાયમાન સુંદર હિંડોળામાં બિરાજમાન અત્યંત કાંતિયુક્ત અંગોવાળા હિંડોળાના ખેલમાં આસક્ત, શ્રીહરિ સમગ્ર ભક્તજનોના મનને હરતા હતા. (૬) સોનેરી બુટ્ટાદાર મેઘની ક્રાંતિ જેવો સુંદર સુરવાળ, કોમળ કટિબિંબ ઉપર ધારણ કરતા, મણિમય તોરાઓથી યુક્ત; મોતીઓએ યુક્ત સુવર્ણના આભૂષણોવાળું મોળીયું ધારણ કરતા; (૭)

સુવર્ણના મનોહર બુટ્ટાઓવાળા તથા લાલ વર્ણવાળા ડગલાને સર્વથી અતિરિક્ત શોભાવાળા શરીર ઉપર ધારણ કરતા, સોનેરી બુટ્ટાદાર લાલ વસ્ત્રથી બાંધેલી કેડ્યથી શોભતા; (૮) સોનેરી તંતુઓથી સુંદર, બહુમૂલ્યવાળો મનોહર લાલ ખેસ બંને ખભા ઉપર ધારણ કરતા, અતિ સુંદર યજ્ઞોપવિત ધારણ કરતા; (૯) જેમણે સમગ્ર સભાને પ્રકાશમાન કરી છે એવા અતિરમણીય, નાભિ પર્યન્ત લાંબી સુંદર મોતીઓની બનાવેલી ઉત્તમમાળા કંઠમાં ધારણ કરનારા મણિજડિત સુવર્ણના આભરણથી શોભનારા, (૧૦) કેસરના ઉર્ધ્વપુંડ્ર તિલકના મધ્ય ભાગમાં જેમને ગોળ ચાંદલો અતિશય શોભે છે. શોભાયમાન પુષ્પોના તોરા, હાર, કર્ણના ગુચ્છો વગેરેથી વિશેષ શોભતા સકળ જગતના એકનાથ. (૧૧)

શરદ્ઋતુના કરોડ ચંદ્રમાઓને લજ્જા પમાડનારા વદન કમળના મધુર સ્મિતથી શોભતા પોતાના મુખમાં નિર્નિમેષ દૃષ્ટિથી જેમણે તેમના નેત્રો કેન્દ્રીત કરી દીધાં છે. એવા પોતાના જનોને કૃપારૂપી સુંદર અમૃત રસની આર્દ્ર દંષ્ટિથી ચારે તરફ જોતા હતા. (૧૨) પુષ્પોના હાર તેમજ તોરાઓની તથા પોતાના દિવ્ય શરીરની સુગંધમાં લોભવાળા સુંદર ગુંજારવ કરતા ચારે તરફ ભમતા ભ્રમરોના સમુહથી વીંટાયેલા. (૧૩)

આ પ્રકારની મનોહર શોભા ધારણ કરતા હિંડોળામાં વિરાજમાન થયેલા શ્રીહરિ પોતાના સ્વજનોને શાસ્ત્રોના ઉપદેશની વાતો કરતા હતા. (૧૪) તેટલામાં બ્રહ્મ રાક્ષસથી પીડા પામેલો કોઈ માણસ શ્રીહરિની સમીપે ત્યાં આવ્યો, બ્રહ્મ રાક્ષસના દુઃખથી પીડાતા તે માણસને શ્રીહરિએ તે બ્રહ્મ રાક્ષસના વળગાડથી મુકાવ્યો. (૧૫) શુકાનંદમુનિના મુખચંદ્રમાંથી નીકળેલું સદ્વચનોરૂપી અમૃતનું આ પ્રમાણે પાન કરીને આનંદ પામેલા રાજા માનસિંહ શુકાનંદમુનિને આ પ્રમાણે પૂછતા હતા. (૧૬)

રાજા માનસિંહ પૂછે છે :- હે મુને ! તમોએ જે માણસ કહ્યો તેનું શું નામ છે ? તે ક્યાં રહેતો હતો ? દુઃખથી પણ ન નાશ પામે તેવા મહાદુઃખથી શ્રીહરિએ તેને કેવી રીતે મુકાવ્યો ? (૧૭) શ્રીહરિનું એ ચરિત્ર હું વિસ્તારથી સાંભળવા ઇચ્છું છું માટે હે સન્મતે ! આપ શ્રીહરિના ઘણા ચરિત્રો જાણો છો તો તમે મને તે સર્વે કહો. (૧૮)

શ્રી શુકાનંદ મહામુનિ માનસિંહ રાજાનો આ પ્રકારનો પ્રશ્ન સાંભળીને શ્રીહરિનું ધ્યાન કરીને હે ભૂપતે ! હું તમોને એ કહું છું. સાંભળો; એમ તેના પ્રત્યે બોલ્યા. (૧૯)

હે રાજન્ ! મુમધા નગરમાં સત્કુલમાં એક ઈશ્વર નામનો ધનાઢ્ય પણ વિષયી બ્રાહ્મણ રહેતો હતો. (૨૦) તે બ્રાહ્મણ તેની બાલ્યાવસ્થામાં નગરથી બહાર પોતાના સરખી ઉંમરના બાળકો સાથે ક્રીડા કરતો હતો. તે વખતે તેણે કુહાડીથી એક વૃક્ષમાં પ્રહાર કર્યો. (૨૧) તે વૃક્ષની બખોલમાં એક બ્રહ્મ

રાક્ષસ વાસ કરતો હતો. તેના મસ્તકમાં ઘા થયો તેથી ક્રોધપૂર્વક તે બ્રહ્મ રાક્ષસ તે બાળ બ્રાહ્મણના દેહમાં પેઠો. (૨૨)

તે બ્રહ્મ રાક્ષસ નિર્દય હતો તેથી ભૂતની સેના સાથે તે બાળ બ્રાહ્મણને તથા તેના સંબંધિઓને હંમેશાં અત્યંત પીડા ઘણી રીતે પમાડતો હતો. (૨૩) ઈશ્વરના દેહમાં રહેતા તે બ્રહ્મ રાક્ષસના ક્રૂર રીતે પીડા કરવાના કર્મોથી પૌરજનો પણ ત્રાસ પામતા હતા (૨૪) તે બ્રહ્મ રાક્ષસ નિરંતર તેનું લોહી પીતો હતો. તેથી બ્રાહ્મણનું શરીર કુશ થઈ ગયું તથા નિંદ્રા અને ભોજન આદિ સુખથી તે રહિત થયો. (૨૫)

શોકથી પીડા પામેલા તે બ્રાહ્મણના પિતા તથા અન્ય સંબંધિઓ તે ઈશ્વરને લઈને અસુરાંશવાળા ગુરુઓના શરણે ગયા. (૨૬) પછી તે અસુરાંશ ગુરુઓએ બ્રહ્મ રાક્ષસને કાઢવાના ઘણાં ઉપાયો કર્યા. પરંતુ અત્યંત કષ્ટથી પરાભવન થઈ શકે તેવા, બ્રહ્મ રાક્ષસે ઈશ્વરના દેહનો ત્યાગ ન કર્યો. (૨૭) મંત્ર તંત્ર જાણનારા તે અસુર ગુરુઓનો તે ભયંકર નાદથી તિરસ્કાર કરતો. તે દુષ્ટ ભૂતરાજ ક્રૂર થઈને વજ્રપાત કરતાં પણ અતિ ભયંકર વચન આ પ્રમાણે બોલ્યો. (૨૮)

તમારા ધર્મ માર્ગમાંથી તમે ભ્રષ્ટ થયા છો અને વિવિધ પ્રકારના નિંદિત કર્મો તમોએ કર્યા છે. તેથી તમો ગમે તેટલા પ્રયત્ન કરશો તો પણ આ બ્રાહ્મણના દેહનો હું ત્યાગ નહીં કરું. (૨૯)

તેમનું આવું વચન સાંભળીને ત્રાસ પામેલા અને જુદા જુદા મતના આશ્રિત તે અસુર ગુરુઓ બ્રહ્મરાક્ષસને કાઢવાનો સંકલ્પ મંદ કરવા લાગ્યા. (૩૦)

પછી તે બ્રાહ્મણના પિતા વગેરે સાથે પોતાના પુરમાં આવીને બ્રાહ્મણો પાસે સપ્તશતીના પાઠ કરાવતા હતા. (૩૧) તેના પિતા તથા અન્ય સંબંધિજનો મંત્ર તંત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ જૈનો, બૌદ્ધો વગેરે જે જે સાધનો બતાવતા હતા તે પ્રમાણે કરાવતા હતા. (૩૨) વળી તેના પિતા વગેરે ઘણાં બ્રાહ્મણોને મિષ્ટાન્નોથી તૃપ્ત કરતા હતા, જેથી બ્રહ્મરાક્ષસના દુઃખથી તે છૂટી જાય. વળી તે બ્રાહ્મણોને હજારો રૂપિયા દક્ષિણા પણ આપતા હતા. (૩૩) તે બ્રાહ્મણ ઈશ્વરને લઈને તેના પિતા તથા અન્યજનો તેના દુઃખની શાંતિ માટે જુદા જુદા તીર્થોની યાત્રા પણ કરતા હતા. તો પણ બ્રહ્મ રાક્ષસ તે બ્રાહ્મણના દેહમાંથી નીકળ્યો નહીં. (૩૪)

આ પ્રમાણે ત્રીસ વર્ષ સુધી ઘણું કષ્ટ સહન કર્યું. પછી તે ઈશ્વરના પિતા તથા સંબંધિજનોને તે પુરના નિવાસી દૈવી બ્રાહ્મણો તથા અન્ય જનો આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૫)

હજારો સાધુઓ તથા લાખો ગૃહસ્થ ભક્તો જેમની સેવા કરે છે તે શ્રી સ્વામિનારાયણ ભગવાન છે એવું હમણાં સંભળાય છે. (૩૬) તે અસંખ્યજનોને પોતાના અનુપમ પ્રતાપથી અને પોતાના દર્શન માત્રથી સાધન વિના પણ સમાધિ કરાવે છે. (૩૭) ત્રિવિધ તાપનો નાશ કરનારા અને સંસૃતિ આદિ દુઃખનો નાશ કરનારા જેમનું બીજું નામ હરિકૃષ્ણ છે એવા શ્રી સ્વામિનારાયણ હાલ ભક્તોએ સહિત જેતલપુરમાં બિરાજે છે. (૩૮) તો તમો તેમને શરણે જાઓ. પરમેશ્વર શ્રી સ્વામિનારાયણ તમારી સમગ્ર પીડા તત્કાળ નિશ્ચય જ નાશ કરશે. (૩૯)

તે ઈશ્વરના પિતા તથા અન્ય બ્રાહ્મણો દૈવી બ્રાહ્મણોના આવાં સદ્‌વચનોમાં વિશ્વાસ રાખી તત્કાળ ઈશ્વરને ગાડામાં બેસાડી ચાલ્યા. (૪૦) તે ઈશ્વર અને તેના પિતા વગેરે જેતલપુર નગરમાં આવ્યા અને પોતાના આશ્રિત ભક્તોથી વીંટાયેલા, દુઃખોનો નાશ કરનાર, શ્રેષ્ઠ હિંડોળા ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિના દર્શન દૂરથી જ કરવા લાગ્યા. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિ શોભાદિ વર્ણન નામે સત્તાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૭)



અધ્યાય ૫૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે મહીપતે ! તે અતિમહાન દિવ્યસભામાં પ્રવેશ કેમ કરવો તેવા સંભ્રમથી તે ઈશ્વર તથા તેના પિતા વગેરે દૂર જ ઊભા રહ્યા. (૧)

તેટલામાં વિપ્રના શરીરમાં રહેલા બળવાન બ્રહ્મરાક્ષસે શ્રીહરિના પ્રતાપથી બળતો હોય તેમ મહાન શબ્દ કર્યો. (૨) આવો ઉગ્ર મહા ધ્વનિ કોણ કરે છે ? એમ શ્રીહરિ સભામાં બેઠેલા જનોને પૂછવા લાગ્યા. તેથી તે સભાજનો સત્પતિ શ્રીહરિને કહેવા લાગ્યા. (૩)

હે સ્વામિન્ ! શરણ્ય ! (શરણે આવેલાનું શ્રેય કરનારા) આપનું શરણું લેવાની ઈચ્છાથી ભૂતથી પીડાતા, આ બ્રાહ્મણ ઈશ્વરને તેમના પિતા તથા સંબંધી જનો અહીં લાવ્યા છે. (૪) તેના દેહમાં રહેલો ભૂત આપને તથા આ સભાને જોઈને હે પીડાને હરનારા ! અત્યંત બળતો હોવાથી બૂમો પાડે છે. (૫) તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિ તેમના પ્રત્યે કહેવા લાગ્યા. દુઃખથી પીડા પામેલાએ બ્રાહ્મણને મારી પાસે લાવો. (૬) પછી તે સભાજનોએ તે બ્રાહ્મણને બોલાવ્યો. અને ભૂતની પીડાથી પીડાતા તે બ્રાહ્મણને લઈને તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યાં. (૭)

બંને હાથ જોડીને ઈશ્વરના પિતા તથા અન્યજનોએ ઈશ્વરને શ્રીહરિની આગળ બેસાડીને હે પ્રભો! ભૂતથી પીડાતા બ્રાહ્મણની આપ રક્ષા કરો. એમ શ્રીહરિને કહેવા લાગ્યા. (૮) અમોએ આ ભૂતનો ઉપદ્રવ ટાળવા માટે ઘણાં ઉપાયો કર્યા તોપણ અત્યંત પીડા પામેલા ઈશ્વરને બ્રહ્મરાક્ષસે મૂક્યો નહીં. (૯) હે સ્વામિન્ ! ત્રીસ વર્ષથી નાશ ન પામે એવું કષ્ટ આ ભોગવે છે. માટે દુસ્તર પાપરૂપી અર્ણવથી એનો તથા અમારો આપ ઉદ્ધાર કરો.(૧૦)

જેમની આંખોમાં આંસુ છે તેમની આ પ્રકારની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ દયાર્દ્ર થયા. બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ અને શરણે આવેલાનું રક્ષણ કરનારા, વ્યસનોનો ત્યાગ કરાવનારા; (૧૧) શ્રીહરિ બ્રાહ્મણને આશ્વાસન આપતા કહેવા લાગ્યા. હે વિપ્રો ! ત્રાસ પામશો નહીં. તમારું દુઃખ હું નાશ કરીશ. એમ કહીને શ્રીહરિ ભૂતના આવેશથી પીડાતા ઈશ્વર તરફ જોવા લાગ્યા. (૧૨)

જેના મુખમાં ફીણ છે અને જે પોતાનું મસ્તક ધૂણાવે છે તે ભૂતાવેશવાળા બ્રાહ્મણના લલાટમાં શ્રીહરિએ સોટી અડાડી અને કહ્યું મારી સામે જો. (૧૩) છતાં પણ શ્રીહરિ સન્મુખ નહીં જોતાં તે બ્રહ્મ રાક્ષસથી પીડાયેલા વિપ્રને અચ્યુત સ્વયં શ્રીહરિએ હાથમાં રહેલી સોટીથી પ્રહાર કર્યો. (૧૪) પછી બ્રાહ્મણના દેહમાં રહેલો બ્રહ્મરાક્ષસ હે હરે ! તમારા ઘણાં તેજથી મારા સમગ્ર અંગો બળે છે. એમ શ્રીહરિ પ્રત્યે બોલ્યો. (૧૫)

નરનાટ્યારી શ્રીહરિ જાણે ન જાણતા હોય તેમ હે વિપ્ર ! તમો નિંદિત બ્રહ્મરાક્ષસ પણાને કેમ પામ્યા છો ? એમ પૂછ્યું. (૧૬) પછી બ્રહ્મરાક્ષસ શ્રીહરિને કહેવા લાગ્યો. હે સ્વામિન્ ! બ્રાહ્મણના કુળમાં ઉત્પન્ન થયેલો ધનાઢ્ય, વિષયા સક્ત એવો હું વિદ્વાન હતો. (૧૭) દુર્જનના સંસર્ગથી હંમેશાં પરદારા સંગ, સુરાપાન હિંસા વગેરે પાપ હું કરતો હતો. (૧૮) મહાપાપમાં આવી રીતની પ્રીતિવાળો હું, મારાથી પણ અતિ દુષ્ટ એવા ત્રણ બ્રાહ્મણના પુત્રો જેઓ મારા મિત્રો હતા તેમના, સંગથી હે પ્રભો! હું વધુ દુરાચારી થયો. (૧૯)

અતિ દુષ્ટ આશયવાળા અમો ચારેય મિત્રો આમલી, પીપળી કૂદવાની રમતરમતા હતા. (૨૦) હે વિભો ! તીવ્ર વાયુથી વૃક્ષની શાખા ભાંગી અને પૃથ્વી ઉપર પડી, તેથી અમો ચારેય મૃત્યુ પામ્યા અને તેથી અમો ભૂત યોનિને પામ્યા. (૨૧) અમારા ચારમાં ત્રણ દક્ષિણ દિશામાં ગયા. હું તો રમણીય પુરની સમીપે રહ્યો. (૨૨) પછી શ્રીહરિ તે બ્રહ્મરાક્ષસને કહેવા લાગ્યા. હે બ્રહ્મરાક્ષસ ! તું આ બ્રાહ્મણને કેમ વળગ્યો છો ? શ્રીહરિનું આ વચન સાંભળીને બ્રહ્મરાક્ષસ જગત્પતિ શ્રીહરિને કહેવા લાગ્યો. (૨૩) હે હરે ! બાલ્યાવસ્થામાં આ બ્રાહ્મણે વૃક્ષની બખોલમાં હું રહેતો હતો ત્યાં કુહાડી મારી મારું માથું કાપી નાખ્યું. માટે ક્રોધાવશ બનીને હું તેને વળગ્યો છું. હું અત્યંત પીડા પામું છું. (૨૪) પછી શ્રીહરિએ કહ્યું હે બ્રહ્મરાક્ષસ ! આ બ્રાહ્મણના શરીરમાંથી તત્કાળ નીકળ. આ બ્રાહ્મણ મારા શરણે આવ્યો છે તેથી તેના દેહમાં તારે રહેવું નહિ. (૨૫)

પછી બ્રહ્મરાક્ષસ શ્રીહરિને કહેવા લાગ્યો. આ બ્રહ્માણ ઉપર મને અત્યંત ક્રોધ થયો છે. માટે દેહ પર્યન્ત હું તેના શરીરમાં રહેવા ઈચ્છું છું. (૨૬) હે બ્રહ્મરાક્ષસ ! આ બ્રાહ્મણના શરીરમાંથી તું તત્કાળ નિકળ. એમ બોલીને શ્રીહરિએ બ્રહ્મરાક્ષસ ઉપર ફરીથી સોટીથી ભયંકર પ્રહાર કર્યો. (૨૭) તેથી અત્યંત પીડા પામેલો તે બ્રહ્મરાક્ષસ પ્રભુ શ્રીહરિને કહેવા લાગ્યો. હે પ્રભુ ! આપની આજ્ઞાથી હું ક્યાં જાઉં ? પછી શ્રીહરિ તેને કહેવા લાગ્યા. (૨૮) હે બ્રહ્મરાક્ષસ આ મુક્તાનંદ મુનિમાં અથવા આ દેવાનંદ સંન્યાસીમાં અથવા આ સાધુઓમાં તું રહે. (એમનામાં જ્યાં તારી ઈચ્છા હોય ત્યાં રહે.) (૨૯)

તેથી બ્રહ્મરાક્ષસ તે સર્વેને જોઈને કહેવા લાગ્યો. હે દયાનિધે ! એમને જોઈને જ હું અત્યંત બળું છું. તેથી તેમનામાં રહેવા હું શક્તિમાન નથી. (૩૦) હે હરે ! આપની આજ્ઞા હોય તો આ નગરની સમીપે હું રહું. બ્રહ્મરાક્ષસનું આવું વચન સાંભળીને પુરનિવાસી જનો ભય પામ્યા. (૩૧) ત્રાસ પામેલા તે પુર જનો બંને હાથ જોડીને શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે વિભો! હે હરે ! આપે આ બ્રહ્મરાક્ષસને

આ નગરની સમીપે રહેવા ન દેવો. (૩૨)

શ્રી હરિ તેમનું વચન સાંભળીને મુખ ઉપર રૂમાલ રાખી હસવા લાગ્યા. હે ભૂપતે ! સભામાં બેઠેલા સર્વ જનો પણ હસવા લાગ્યા. (૩૩) સર્વ ભયને હરનારા ભગવાન તેમને કહેવા લાગ્યા, હે પુરજનો ! એને હું અહીં સ્થાપન નહીં કરું. તમો સર્વ નિર્ભય રહો. (૩૪) પછી તે બધા બેઠા ત્યારબાદ શ્રીહરિ બ્રહ્મરાક્ષસને કહેવા લાગ્યા. હે બ્રહ્મરાક્ષસ ! આ પુરના જનો ના કહે છે. માટે તારે આ પુરની સમીપે રહેવું નહિ. (૩૫)

એટલે બ્રહ્મરાક્ષસ શ્રીહરિને કહેવા લાગ્યો. હે હરે ! આપનો દૃઢ નિશ્ચય જેને ન હોય અને આપની આજ્ઞામાં શિથિલ હોય તેવી સ્ત્રીઓમાં આપની આજ્ઞા હોય તો હું નિવાસ કરું. બ્રહ્મરાક્ષસનું આવું વચન સાંભળીને સમગ્ર સ્ત્રીઓ ઉઠીને બંને હાથ જોડી દૂર ઊભી રહીને શ્રીહરિને કહેવા લાગી. (૩૬-૩૭) હે હરે ! જેમ આપની પ્રસન્નતા થાય તેમ અમ વર્તિશું. માટે હે સત્પતે! આ ક્રૂર બ્રહ્મરાક્ષસને અમારી દૃષ્ટિ પથમાં પણ લાવશો નહિ. (૩૮) શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને હસતા હસતા સ્ત્રીઓને કહેવા લાગ્યા. હે સ્ત્રીઓ ! આ બ્રહ્મરાક્ષસ તમારી પાસે નહિ આવે તમો નિર્ભય રહો. (૩૯)

પછી શ્રીહરિ બ્રહ્મરાક્ષસને કહેવા લાગ્યા. કાળ, માયા વગેરેનો જેને ત્રાસ નથી એવા મારા એક પણ આશ્રિત જનમાં તું રહી શકીશ નહિ. (૪૦)

એટલે બ્રહ્મરાક્ષસ શ્રીહરિને કહેવા લાગ્યો. હે પ્રભો ! મારે રહેવા માટેનું સ્થાન આપ મને બતાવો. તે જગ્યાએ હું આપની આજ્ઞાથી રહીશ. (૪૧, ૪૨)

પછી શ્રીહરિએ બ્રહ્મરાક્ષસને આ પ્રમાણે કહ્યું. હે બ્રહ્મરાક્ષસ ! તારી તત્કાળ મુક્તિ કરવા માટે અવતારી એવો હું તે અત્યંત સમર્થ છું. તો પણ હું તને શિક્ષા ન કરું તો બીજા પણ વારંવાર તારી માફક જ દુષ્કર્મો કરશે. (૪૩) માટે હે બ્રહ્મરાક્ષસ ! તેં ઘણાં પાપો કર્યા છે તે તમામ પાપને તું બદરિનાથમાં તપ કરીને બાળી નાખ અને મારી પ્રસન્નતા મેળવ. (૪૪) શ્રીહરિએ એ પ્રમાણે કહ્યું તેથી બ્રહ્મરાક્ષસ રાજી થયો. અને હર્ષથી શ્રીહરિના બંને ચરણકમળોને પોતાના વક્ષઃસ્થળમાં મૂકીને બંને હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે બોલ્યો. (૪૫) હે હરે ! હું આપના અનુગ્રહથી જ અનેક નિંદિત પાપોથી મુક્ત થયો છું. (૪૬) હે ભગવન્! આપના પ્રતાપથી ઉત્તમ બદરિકાશ્રમમાં જઈને આપની આજ્ઞાથી હું ત્યાં સુખેથી નિવાસ કરીશ. (૪૭) હે શ્રીહરે ! ત્યાં આપની પ્રસન્નતા માટે હું તપ કરીશ સુખ દુઃખાદિ દ્વંદ્વે રહિત થઈ શ્રદ્ધાપૂર્વક દરરોજ આપનું ધ્યાન કરીશ. (૪૮) પછી તત્કાળ આપના દિવ્ય પ્રકાશમાન ધામમાં જઈશ. એમ કહીને બ્રહ્મરાક્ષસે પ્રીતિપૂર્વક શ્રીહરિને પ્રણામ કર્યા તથા સમગ્ર સભાજનોને પણ પ્રણામ કર્યા. (૪૯)

પછી બ્રહ્મરાક્ષસ શ્રીહરિના પ્રતાપથી ભૂતના દેહનો ત્યાગ કરી તેજોમય મનોહર ઋષિનો દેહ પામ્યો. (૫૦) પછી સૌ આશ્ચર્યપૂર્વક જુએ છે તે પ્રમાણે તે બ્રાહ્મણના દેહમાંથી બ્રહ્મ રાક્ષસપણાનો ભાવ નાશ પામી ગયો અને તે બ્રાહ્મણ નિર્ભય થઈ, હર્ષ પામીને, અતિ ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ નામનું સંકીર્તન કરતો ત્યાંથી ગયો (૫૧) પછી તે બ્રાહ્મણ ઈશ્વર તથા તેના પિતા અને અન્યજનો હર્ષ

પામી શ્રીહરિને પરમેશ્વર, સર્વજ્ઞ, અવતારી જાણીને તેમનો દૃઢાશ્રય કરીને, પોતાના ધર્મમાં રહી દરરોજ અચ્યુત શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૫૨, ૫૩) હે મહિપતે ! અવતારી શ્રીહરિનાં અસંખ્ય અતિ દિવ્ય મંગળકારી ચરિત્રો છે. (૫૪) તે સર્વે ચરિત્રો શેષાદિ તથા વેદો, અક્ષર સંજ્ઞાવાળા મુક્તો વગેરે પણ વિસ્તારપૂર્વક કહેવા સમર્થ ન થાય તો બીજા શું સમર્થ થાય ? (૫૫) માટે હે રાજન્ ! પરમાત્મા શ્રીહરિનું એ શુભ ચરિત્ર મેં તમોને મારી બુદ્ધિ પ્રમાણે સંક્ષિપ્તથી કહ્યું. (૫૬)

પછી શ્રીહરિએ દેશાંતરથી આવેલા પોતાના તમામ ભક્તોને પોત પોતાના સ્થાનમાં જવા માટે આજ્ઞા આપી. તેથી તે ભક્તજનો સર્વ અર્થને સિદ્ધ કરનારા સુંદર દિવ્ય કીર્તિવાળા શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાના દેશ પ્રત્યે ગયા. શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે પોતાના નિવાસમાં પધાર્યા. (૫૭) જે ભક્ત શ્રીહરિનું આ ચરિત્ર સાંભળશે તથા જે વક્તા તેનું સંકીર્તન કરશે અથવા શ્રદ્ધાસહિત સર્વદા આદરપૂર્વક આ લોકમાં સાયંકાળે તથા પ્રાતઃકાળે જે તેનો પાઠ કરશે તે ભક્ત ભૂત, પ્રેત, પીશાચ, દુર્ગ્રહ વગેરેના ત્રાસથી તત્કાળ મુક્ત થઈ પોતાના ઈષ્ટ સુખને પામશે તથા શ્રીહરિની નિશ્ચળ ભક્તિને પામશે. (૫૮)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં વિપ્રના શરીરમાંથી બ્રહ્મરાક્ષસને કાઢ્યો તે હરિચરિત્ર નિરૂપણ નામે અઠ્ઠાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૮)



અધ્યાય ૫૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જેતલપુરમાં માગશર સુદી મોક્ષદા એકાદશીને દિવસે પોતાના ભક્તોને આનંદ આપવા શ્રીહરિએ મોટો ઉત્સવ કરવાની ઈચ્છા કરી. (૧) નગરો તથા ગામોમાંથી શ્રીહરિના હજારો ભક્તો શ્રીહરિના દર્શન કરવા માટે તે મહોત્સવમાં આવ્યા. (૨)

પછી એકાદશીને દિવસે સવારમાં શ્રીહરિ ભક્તજનો સાથે સરોવરમાં સ્નાન કરીને પોતાનો નિત્ય વિધિ કરતા હતા. (૩) પછી શ્રીહરિ શ્વેત વસ્ત્રો ધારણ કરીને સભામાં પધાર્યા. અને કોમળ ઓછાડ પાથરેલા પોતાના આસન ઉપર વિરાજમાન થયા. (૪)

તે સભામાં શ્રીહરિના દર્શનમાં આસક્ત થયેલા ઘણાં ત્યાગીઓ અને ગૃહસ્થ ભક્તો યથાયોગ્ય બેઠા. (૫) તે મહોત્સવ પ્રસંગે દેશાન્તરથી આવેલા શ્રીહરિના ભક્તો તેમજ તે પુરના નિવાસીજનો વગેરે સુંદર ઉપચારોથી આદરપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૬)

કેસર, ચંદન, કસ્તૂરી, કપૂર, અક્ષત, કુમકુમ તથા વિવિધ પ્રકારના પુષ્પોના હાર, તોરા, કર્ણપૂરો તથા વિવિધ પ્રકારના ફુલોના મનોહર બાજુબંધો, કંકણો તથા અમૂલ્ય ઘાટા, સૂક્ષ્મ અને અતિ કોમળ

વસ્ત્રો વિવિધ પ્રકારના મોતીના હાર, રત્નજડીત, સુવર્ણના અલંકારો, પુષ્કળ સોનામહોરો તથા સુંદર મણિ વગેરેથી ભક્તોએ હર્ષપૂર્વક શાસ્ત્ર પ્રમાણે શ્રીહરિનું પૂજન કરીને વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિની મહા આરતી કરી. (૭, ૮, ૯, ૧૦)

પછી સમગ્ર ત્યાગી ભક્તો ચંદન, અક્ષત, કુમકુમ પુષ્પના વિવિધ હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા. (૧૧) તે સર્વે ભક્તો આ પ્રમાણે ભક્તિથી શ્રીહરિનું પૂજન કરી તથા નમસ્કાર કરી શ્રીહરિની પ્રાર્થના કરી સભામાં બેઠા અને પછી પોતાના પ્રિય શ્રીહરિનાં આદરપૂર્વક દર્શન કરવા લાગ્યા.(૧૨) શ્રીહરિના ઉપાસક ભક્તોએ શ્રીહરિ સાથે તે એકાદશીને દિવસે ઉપવાસ કરીને હરિપદો ગાતા રાત્રિએ જાગરણ કર્યું. (૧૩) શ્રીહરિ ધર્મજ્ઞાનાદિથી યુક્ત વેદ શાસ્ત્રોથી પરિપૂર્ણ ઉપદેશ વાતો કરીને ભક્તોને અત્યંત આનંદ પમાડતા હતા. (૧૪)

નરનાટ્ય ધારી શ્રીહરિ સવારમાં સ્નાન કરીને પોતાના ભક્તજનોની શિક્ષાને અર્થે પોતાનો નિત્ય વિધિ કરતા હતા. (૧૫) તેટલામાં મુકુંદાનંદ વર્ણીરાજ શ્રીહરિ માટે દૂધમાં વિવિધ પ્રકારના પાક તથા મીઠા વિનાના શાક કરવા લાગ્યા. (૧૬) પછી શ્રીહરિએ દાળભાત કરીને શાકમાં મીઠું નાંખી પ્રીતિપૂર્વક વિવિધ પ્રકારનાં ભોજનો વિષ્ણુને નિવેદન કર્યાં. (૧૭) ભક્તો ઉપર અત્યંત પ્રસન્ન થયેલા પ્રભુ શ્રીહરિ ઉત્તમ આસનમાં બિરાજી વારંવાર જળ પીતા સ્વાદિષ્ટ ભોજન જમતા હતા. (૧૮) શ્રીહરિ તૃપ્ત થઈને હાથ તથા મુખ ધોઈને વર્ણીએ આપેલો મુખવાસ હર્ષથી જમ્યા. (૧૯)

પછી હે રાજન્ ! શ્રીહરિ વર્ણીઓને બરફી પેંડા વગેરે પ્રીતિથી પીરસતા હતા. એ પ્રમાણે સમગ્ર બ્રહ્મચારીઓ જમતા હતા. (૨૦) પછી હે મહીપતે ! શ્રીહરિ સાધુઓની પંક્તિમાં આવીને લાડુ પીરસીને સાધુઓને પ્રીતિથી જમાડતા હતા. (૨૧) પછી ભક્ત વત્સલતાના સમુદ્ર શ્રીહરિએ સમગ્ર ઘોડેસવારો તથા પાર્ષદોને લાડુ પીરસીને તૃપ્ત કર્યાં. (૨૨)

પછી પાર્ષદની માફક સેવામાં રહેલા નારાયણાનંદ વર્ણીએ શ્રીહરિના હાથ જળથી ધોવડાવ્યા. એટલે શ્રીહરિ વસ્ત્રો ધારણ કરીને સભામાં આવીને વિરાજમાન થયા. (૨૩) તેટલામાં શ્રીહરિના પ્રેમ પાત્ર સમગ્ર ત્યાગીજનો સભામાં આવીને અતિ પ્રેમથી યથાયોગ્ય બેઠા. (૨૪) શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા સર્વે ગૃહસ્થજનો પણ જમીને હે રાજન્ ! સભામાં યથાયોગ્ય બેઠા. (૨૫)

પછી ભગવાન શ્રીહરિ પોતાના ભક્તોને કલ્યાણકારી વાર્તા કરી ચંદ્રમા ચકોરોને જેમ આનંદ આપે તેમ તે સર્વે ભક્તોને આનંદ કરાવતા હતા. (૨૬) હે નૃપ ! તે સમયે ક્ષુદ્ર શક્તિનો ઉપાસક ભક્ત કીચક જેનું ગોત્ર કોઈ જાણતું નહતું તેવો બ્રાહ્મણ તે સભામાં આવ્યો. (૨૭) સુરાપાનથી તેના નેત્રો અતિ લાલ છે ચાર સેવકો તેની સેવામાં છે એવો તે કીચક જેણે લોઢાનું કડું કાંડામાં ધારણ કર્યું છે તેવો. (૨૮) કીચક કૌલ માર્ગના વિનાશક નારાયણ મુનિને જીતવા માટે ત્યાં આવીને નમસ્કાર કર્યા વિના સભામાં બેઠો. (૨૯) અધર્મનો નાશ કરનારા ધર્મના પુત્ર શ્રીહરિ કીચકમાં રહેલા અધર્મને મૂળમાંથી ઉખેડી નાખવા માટે હસતા હસતા, હે યોગિન્ ! તમો ક્યાંથી આવ્યા ? તમારે અહીં આવવાનું

શું પ્રયોજન છે ? એ પ્રમાણે કીચક વિપ્રને પૂછવા લાગ્યા. (૩૦)

શ્રીહરિની આ વાણી સાંભળી કીચક બોલ્યો, હે સ્વામિનારાયણ ! હું કુલ યોગી છું. શક્તિના ઉપાસકોનો હું ગુરું છું. (૩૧) જે અષ્ટાંગ યોગનો સાધક હોય તે ગ્રામ્યભોગોનો ભોક્તા હોય નહીં. અને ભોગી હોય તો તે યોગ જાણનારો ન હોય. અમારો કૌલમત તો યોગ તથા ભોગ બંનેની સિદ્ધિ આપનાર છે. તમો ઈશ્વર છો છતાં પણ આટલું નથી જાણતા શું ? (૩૨)

કીચકે આ પ્રમાણે શ્રીહરિને કહ્યું તેથી શ્રીહરિએ તેના મતનું વેદાદિ સચ્છાસ્રોના પ્રમાણોથી ખંડન કર્યું તેથી કીચક નિસ્તેજ થઈ ગયો. (૩૩)

કીચકે તથા તેના શિષ્યોએ શ્રીહરિની વાણી સાંભળી તેથી તે પોતાના હૃદયમાં સ્વામિનારાયણને સર્વજ્ઞ પ્રભુ માનવા લાગ્યા. તેમજ પોતાના મત સત્શાસ્રના પ્રમાણ રહિત હોવાથી તે મતને અસત્ માનવા લાગ્યો. (૩૪) કીચક તેનો પરાભવ થયો તેથી નીચું મુખ કરી સભામાંથી ઊભો થઈને હે રાજન્! પોતાનાં શિષ્યોની સાથે તત્કાળ પોતાને ઘેર ગયો. (૩૫)

પછી શ્રીહરિએ મોક્ષદા એકાદશીના ઉત્સવમાં આવેલા સર્વ ભક્તોને પોતપોતાને સ્થાને જવા માટે આજ્ઞા કરી, તેથી તે ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને ગયા. (૩૬)

હે રાજન્ ! બ્રાહ્મણ પ્રિય શ્રીહરિને તે પુરમાં હજારો બ્રાહ્મણોને પ્રિય ભોજનો જમાડતા હતા. તેમજ બ્રાહ્મણોને ઘણી દક્ષિણાઓ પણ આપતા હતા. (૩૭) શ્રીહરિ દરિદ્ર એવા બ્રાહ્મણોને અતિશય દ્રવ્ય આપતા હતા. તેમજ તેમને ઘણું ધન આપી કન્યાદાન પણ કરાવતા હતા. (૩૮) શ્રીહરિ ઘણું દ્રવ્ય આપીને બ્રાહ્મણના પુત્રોને યથાશાસ્ર ઉપવીત અપાવતા હતા. તેમજ તેમને વસ્રો પણ આપતા હતા. (૩૯)

સ્વયં ઈશ્વર શ્રીહરિએ જેતલપુરમાં અન્નક્ષેત્ર બાંધ્યું. જે અન્નક્ષેત્રમાંથી સમગ્ર વટેમાર્ગુઓ સુખપૂર્વક અન્ન મેળવતા હતા (૪૦) મોક્ષદા એકાદશીના ઉત્સવમાં ધોળકાથી આવેલા ભક્તોમાં મુખ્ય ભક્ત રેવાશંકર પોતાના પુરમાં લઈ જવા માટે શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા. (૪૧) હું તમારા પુરમાં આવીશ એમ કહીને શ્રીહરિ પ્રાતઃકાળમાં જવા માટે તૈયાર થયા. બ્રહ્મચારીઓ સંતો, પાર્ષદો, ઘોડેસવારો વગેરે પણ શ્રીહરિ સાથે જવા માટે તૈયાર થયા. (૪૨)

પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા અને પુરનિવાસી સમગ્ર ભક્તોએ ગીત વાજિંત્ર સાથે શ્રીહરિના યશનાં પદગાનનો ઘોષ કરી શ્રીહરિને તથા તેમના ભક્તોને વળાવ્યા. (૪૩) દૂર સુધી પોતાની પાછળ આવેલા પુરના ભક્તોને શ્રીહરિએ પાછા વાળ્યા અને માર્ગમાં પોતાના મુનિઓ વગેરે ભક્તજનોની સાથે ચાલતા અત્યંત આનંદ આપતા ધોળકા પુરમાં પધાર્યા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્રશ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્રના ચતુર્થ સ્કંધમાં શ્રીહરિકૃત મોક્ષદા એકાદશીના ઉત્સવનું નિરૂપણ નામે ઓગણસાઠમો અધ્યાય સંપૂર્ણ.(૫૯)



અધ્યાય ૬૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિને આવતા સાંભળીને પુરના જનો પ્રસન્ન થયા અને વાજિંત્રોના ઘોષ સાથે તત્કાળ શ્રીહરિ સન્મુખ ગયા. (૧) ઘોડેસવારોથી વીંટાયેલો છે અશ્વ જેમનો એવા શ્રીહરિના તે ભક્તો દૂરથી દર્શન કરીને દંડની માફક પૃથ્વી ઉપર પડીને હર્ષપૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૨)

ઈશ્વર, અખિલેશ્વર, શ્રીહરિની તથા તેમના ભક્તોની પ્રાર્થના કરતા તે ભક્તો ગીત તથા વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિને પ્રીતિ પૂર્વક પુરમાં પ્રવેશ કરાવતા હતા. (૩)

ચકોરો ચંદ્રને જોઈને જેમ આનંદ પામે તેમ તે પુરના જનો શ્રીહરિનાં દર્શન કરી શાંતિ પામ્યા. પછી પુષ્પો તથા ધાણી, જવ વગેરેથી શ્રીહરિને વધાવવા લાગ્યા. (૪) એવી રીતે પુરજનોએ અચ્યુત શ્રીહરિનું તથા તેમની સાથે આવેલા ભક્તોનું સન્માન કર્યું. પછી શ્રીહરિને શ્રેષ્ઠ આવાસમાં ઉતારો આપીને હર્ષથી ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૫)

તે ધોળકા નગરમાં એકાંતિક ભક્ત વિપ્ર રેવાશંકર તથા નારાયણજીત તથા બીજા બ્રાહ્મણ ભક્તોતથા વજા આદિક વણિક ભક્તો તેમજ અવલ્લા, પૂતળી વગેરે મુખ્ય સ્ત્રીઓ શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતી હતી. (૬, ૭) પછી ભગવાન શ્રીહરિ સ્નાન તથા પોતાનો નિત્ય વિધિ કરી મુકુંદાનંદ વર્ણીએ દૂધમાં કરેલાં ભોજન તેમજ પોતે બનાવેલા દાળભાત તથા સાકર તથા ઘીએ યુક્ત કેળાં વિષ્ણુને નિવેદન કરતા હતા. (૮, ૯) પછી શ્રીહરિ ઉત્તમ પાટલા ઉપર બિરાજી હે ભૂપતે ! અમૃતની માફક વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજન વારંવાર વચ્ચે જળ પીતા પીતા જમતા હતા. (૧૦) પછી વ્યાપક શ્રીહરિ તૃપ્ત થઈને હાથ તથા મુખ ધોઈ વર્ણીએ આપેલો ઉત્તમ મુખવાસ જમતા હતા. (૧૧, ૧૨)

પછી સ્વયં અચ્યુત શ્રીહરિ સાધુઓની પંક્તિમાં આવીને કેળાં, ઘી, સાકર તથા પુરીઓ આદરપૂર્વક સર્વ મુનિઓને પીરસી સારી રીતે તેમને ભોજન કરાવતા હતા. પછી શ્રીહરિ સર્વ ઘોડેસવારો તથા પાર્ષદોને પણ સાધુની માફક જ જમાડતા હતા. (૧૩) હે રાજન્ ! વર્ણીઓ શ્રીહરિની પ્રસાદીભૂત ઘી, સાકરેયુક્ત કેળાં તથા પુરી વગેરે ભોજનો જમતા હતા. (૧૪)

પછી સર્વે ભક્તોએ કુમકુમ, ચંદન, અક્ષત, વિવિધ પ્રકારની પુષ્પોની માળા વગેરે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૧૫) પછી શ્રીહરિ ધર્મોપદેશની મનોહર વાતો કરી પોતાના ભક્તોને સુખ આપતા આશ્રિતે સહિત રાત્રિ ત્યાં રહ્યા. (૧૬)

શ્રીહરિ પ્રાતઃકાળમાં સ્વભાવે સુંદર ઘોડી ઉપર બિરાજ્યા. પછી શ્રીહરિને ભક્તોએ વળાવ્યા તેથી પોતાના અનુચરો સાથે ત્યાંથી ચાલ્યા. (૧૭) પછી શ્રીહરિ ત્યાંથી જવારજ ગામમાં આશ્રિતોની સાથે પહોંચ્યા. ત્યાંના નિવાસી ભક્તો તેસમયે વાજિંત્રો સાથે શ્રીહરિની સન્મુખ ગયા. (૧૮)

તે ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી. પછી વિવિધ પ્રકારના વાજિંત્રોનો ઘોષ કરી વર્ણીઓ, સંતો,

ઘોડેસવારો તથા પાર્ષદો વગેરે સાથે શ્રીહરિને પોતાના ગામમાં પ્રવેશ કરાવ્યો. (૧૯)

ખોડાભાઈ તથા આધારાદિ ભક્તો અધીશ્વર શ્રીહરિને તથા તેમના ભક્તોને શ્રેષ્ઠ નિવાસમાં ઉતારો કરાવીને સેવા કરવા લાગ્યા. (૨૦) તે ભક્તો ચંદન, સુગંધિમાન પુષ્પોના હાર, સુંદર ભૂષણો, વસ્ત્રો તથા રમણીય ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા. (૨૧)

પોતાના ભક્તો સાથે શ્રીહરિ ત્યાં જમીને ધર્માદિ ઉપદેશની વાતો કરી ભક્તોને આનંદ આપતા ત્યાં એક રાત્રિ રહ્યા. (૨૨) પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિને ત્યાંના ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને પોતાના અનુયાયિઓ સાથે ખડોલ ગામમાં પધાર્યા. (૨૩) વાદ્યોના ઘોષ સાથે સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી. શ્રીહરિ પોતાના અનુયાયિઓ સાથે તે ગામમાં રહ્યા. (૨૪) શ્રીહરિના આશ્રિત વિપ્ર ભક્તો વીરાભાઈ, દાજીભાઈ, આનંદ વગેરે શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા. (૨૫)

ક્ષત્રિય ભક્તો મૂળજીત, ભીમો મુખ્યપણે તથા બીજા ક્ષત્રિઓ તેમજ જેઠાભાઈ વગેરે વૈશ્ય ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૨૬) પાંચાભાઈ વગેરે સુથાર, કુબેર, બહેચર, આદિક સોની ભક્તો, શ્રીહરિની સેવા કરતા હતા. (૨૭) તે ભક્તો સુંદર રસથી યુક્ત નાના પ્રકારના શ્રેષ્ઠ ભોજનોથી પ્રીતિપૂર્વક શ્રીહરિને તૃપ્ત કરતા હતા. તથા તેમના આશ્રિત મુનિઓ વગેરેને પણ તૃપ્ત કરતા હતા. (૨૮) તે ભક્તો સુંદર પુષ્પોના હાર, ચંદન, અક્ષત, કુમકુમ, મહાઅમૂલ્ય વસ્ત્રો તથા ભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિને પૂજતા હતા. (૨૯)

પછી શ્રીહરિ ધર્માદિ સંબંધી કલ્યાણકારી વાતો કરતા પોતાના આશ્રિત ભક્તોને સુખ આપતા તે ગામમાં રાત્રિ રહ્યા. (૩૦) શ્રીહરિ સવારમાં અશ્વ ઉપર બિરાજી ત્યાંના ભક્તોએ વળાવ્યા એટલે પોતાના સહચારી સંતો સાથે જસકા ગામમાં પધાર્યા. (૩૧)

ત્યાં સન્મુખ આવેલા જીવાભાઈ વગેરે ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી અને શ્રીહરિ મુનીંદ્રાદિ સાથે તે ગામમાં પધાર્યા. (૩૨) તે ભક્તોએ શ્રીહરિ તથા સંતોને મનોહર નિવાસમાં ઉતારો કરાવ્યો. પછી દુઃખ હરનારી શ્રીહરિની સેવા તેઓ કરવા લાગ્યા. (૩૩)

પછી તે ભક્તોએ સુંદર વસ્ત્રો તથા વિભૂષણો ચંદન પુષ્પની માળા વગેરે મનોહર ઉપચારથી શ્રીહરિની પૂજા કરી. (૩૪) શ્રીહરિ પોતાના ભક્તો સાથે ત્યાં જમ્યા અને પછી ધર્માદિ વાતો કરી ત્યાંના ભક્તોને અત્યંત સુખ આપતા હે ભૂપતે ! ત્યાં એક રાત્રિ રહ્યા. (૩૫)

પછી સવારમાં ઘોડી ઉપર બિરાજમાન થઈ શ્રીહરિ પોતાના ભક્તોએ વળાવ્યા એટલે ત્યાંથી ચાલ્યા અને માર્ગમાં પોતાના મુનિ તથા ભક્તો સાથે ચાલતા કુંડળ ગામમાં પધાર્યા. (૩૬)

કુંડળ ગામના શ્રીહરિના ભક્તો વાદ્યોનો ઘોષ કરી શ્રીહરિની સન્મુખ આવ્યા અને તે સર્વે પોતાને પ્રિય શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. (૩૭) વાજિંત્રોના ઘોષથી જેમણે દિશાઓ ગજવી છે

તે ભક્તો સાથે શ્રીહરિ, પોતાની સાથે આવેલા સર્વે સાધુઓથી વીંટાઈને, તે ગામમાં પધાર્યા. (૩૮) કુંડળના ભક્તોએ શ્રીહરિને તથા તેમની સાથે આવેલા ભક્તોને ઉત્તમ નિવાસમાં વાસ કરાવ્યો અને પરમ પ્રીતિથી યથાયોગ્ય શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૩૯)

હાથીભાઈ, અમર, રામ, મામૈયા આદિ ભક્તો શ્રીહરિની અનન્ય ભક્તિ યુક્ત હોવાથી શ્રીહરિની સેવા કરતા હતા. (૪૦) વળી શ્રીહરિની આશ્રિત ભક્ત સ્ત્રીઓ રાઈ, લાડકી વગેરે જેઓ એકાંતિક ભક્તિ ભાવવાળી હતી તેઓ સર્વ હર્ષથી શ્રીહરિની સેવા કરતા હતા. (૪૧)

હે રાજન્ ! ભક્તોને આનંદ આપનારા સત્પતિ શ્રીહરિ ભગવાન નાના પ્રકારના ભોજન વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૪૨) હે રાજન્ ! ત્યાં સર્વે વર્ણીઓ, મુનિઓ, ઘોડેસવારો તથા પાર્ષદોને વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ભોજનોથી શ્રીહરિ તૃપ્ત કરતા હતા. (૪૩)

પછી શ્રીહરિ ધર્મ સંબંધી કલ્યાણકારી સર્વ તાપને શમાવનારી અને સત્પ્રમાણોના વચનોથી યુક્ત ઉપદેશ વાતો કરતા હતા. (૪૪)

પછી સર્વે ભક્તજનો સુંદર વસ્ત્રો, વિભૂષણો, ચંદન તથા સુગંધિમાન પુષ્પોના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતા હતા. (૪૫) ભક્તો પ્રત્યે વત્સલતાના નિધિ શ્રીહરિ પોતાના એકાંતિક ભક્તોના પ્રેમને આધીન થઈ હે રાજન્ ! ત્યાં વારંવાર રહેતા હતા. (૪૬)

શ્રીહરિ ત્યાં રાત્રિ રહ્યા પછી સવારમાં અશ્વ ઉપર બિરાજ્યા અને ભક્તોએ વળાવ્યા એટલે શ્રીહરિએ પોતાના ભક્તોની સાથે ત્યાંથી પ્રયાણ કર્યું. (૪૭)

પછી શ્રીહરિએ પોતાની પાછળ આવતા પોતાના ભક્તજનોને પાછા વાળ્યા. રમણીય સુંદર ગમન જેમનું છે એવા શ્રીહરિ, સુંદર સ્વભાવવાળા અશ્વને ચલાવતા, મધુર દૃષ્ટિથી પોતાના ભક્તોને સુખ આપતા હતા. (૪૮) આ પ્રકારે માર્ગમાં ચાલતા શ્રીહરિના દર્શન માટે જેમના નેત્રો આસક્ત છે એવા ઘણાં ઘોડેસવારો, પાર્ષદો, મુનિઓ તથા વર્ણીઓના સમૂહથી વીંટાયેલા શ્રીહરિ દુર્ગપત્તનની સમીપે આવ્યા. (૪૯) અચ્યુત શ્રીહરિને આવતા સાંભળીને અભય રાજા, સેના તથા વિવિધ પ્રકારના વાદ્યોના ઘોષ કરતા, દિશાઓ ગજાવતા, અતિ ઉતાવળા શ્રીહરિની સન્મુખ ગયા. (૫૦)

નગરના સમગ્ર નિવાસી જનસમુદાય તથા હરિભક્તોના સમૂહથી વીંટાયેલા અભય રાજા, શ્રીહરિના દૂરથી દર્શન કરીને પોતાના અશ્વ ઉપરથી ઉતરીને દંડની માફક શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૫૧)

સમગ્ર હરિજનો તથા પુરવાસીજનો પૃથ્વી ઉપર પડી અને શ્રીહરિના દર્શનથી જેમને મહાઉત્સવનો આનંદ થયો છે એવા ભાવથી શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૫૨)

પછી અભય રાજા શ્રીહરિની સમીપે આવીને ફરીથી શ્રીહરિના બંને ચરણોમાં અભિવાદન કરી શ્રેષ્ઠ પુષ્પોના તોરા તથા હાર વગેરે, સંસારનું છેદન કરનાર ભગવાનને અર્પણ કરતા હતા. (૫૩) હરિજનો હર્ષથી શ્રીહરિને પુષ્પોના હાર તેમજ અન્ય ભેટો અર્પણ કરતા હતા. અભય રાજા તથા પોતાના

અન્ય ભક્તજનોને શ્રીહરિએ યથાયોગ્ય સુખી છો ? તેવા પ્રશ્નો પૂછી તેમની સંભાવના કરી. (૫૪)

પછી હે રાજન્ ! રાજા, પુરના જનો, મુખ્ય મુનિઓ તથા આશ્રિત જનોએ યુક્ત શ્રીહરિ મનોહર વાદ્યોના શબ્દો તથા જયના શબ્દો તથા જયના ધ્વનિ સાંભળતા પુરમાં પ્રવેશ કરતા હતા. (૫૫) ધનરહિત દરિદ્રો જેમ ધનની પ્રાપ્તિ થવાથી હર્ષ પામે, તેમ નગરવાસીજનો શ્રીહરિના દર્શન કરી અત્યંત આનંદ પામ્યા. શ્રીહરિને પુષ્પો, ધાણી, સોનારૂપાના પુષ્પો વગેરેથી વધાવતા હતા. (૫૬)

પોતાના દર્શનમાં ઉત્સાહવાળા પુરના જનોએ આવી રીતે ઉત્સાહપૂર્વક શ્રીહરિનું સન્માન કર્યું. અભય રાજાના દરબારમાં પોતાના અતિ શ્રેષ્ઠ ઉત્તમ નિવાસમાં વર્ણીઓ તથા પોતાના પાર્ષદ ગણો સાથે નિવાસ કરતા રાજાના દરબારમાં મુનિ મુખ્ય તથા બીજા ભક્તો સાથે શ્રીહરિ હર્ષપૂર્વક નિવાસ કરીને રહેતા હતા. (૫૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં ધવલપુર વગેરે ગામોમાં શ્રીહરિ વિચરણાદિ નિરૂપણ નામે સાઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૦)



અધ્યાય ૬૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન તથા નિત્ય વિધિ કરીને વિવિધ પ્રકારના રમણીય ભોજન વિષ્ણુને નિવેદન કરીને જમ્યા. (૧) સહજાનંદ છે વલ્લભ જેમને એવા સર્વે વર્ણીઓ, સાધુઓ, બીજા ઘોડે સવારો તથા પાર્ષદો વગેરે પણ સુંદર ભોજન જમ્યા. (૨)

પછી સભાના મધ્ય ભાગમાં અતિ શ્રેષ્ઠ આસનમાં બિરાજેલા પોતાના આશ્રિતોથી વીંટાયેલા શ્રીહરિ, ભક્તજનોને મનોહર ઉપદેશ વાર્તા કરતા હતા. (૩) દીવાઓના અતિ પ્રકાશથી શોભાયમાન સભામાં બેઠેલા ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો વાર્તા સાંભળીને આનંદ પામ્યા. (૪)

જયા, લલિતા વગેરે સ્ત્રી ભક્તો પણ પુરુષોથી દૂર બેસી શ્રીહરિની વાતો સાંભળીને અત્યંત આનંદ પામી. (૫) શ્રીહરિના અત્યંત મધુર વચનામૃતનું ભક્તજનો પાન કરીને, ચાતક સ્વાતિ નક્ષત્રના જળનું પાન કરીને જેમ શાંતિ પામે તેમ, સર્વોત્તમ શાંતિ પામ્યા. (૬)

ભક્તોમાં ઉત્તમ અને મુખ્ય એવા અભય રાજા તથા ઉત્તમ તથા જયા વગેરે સ્ત્રી ભક્તોને શ્રીહરિનાં દર્શનથી આનંદ થયો. (૭) હે ભૂપતે ! અભય રાજા તથા અન્ય ભક્તોને તેમજ જયા વગેરે સ્ત્રી, ભક્તોને પરમાત્મા શ્રીહરિનાં દર્શન વિના એક ક્ષણ પણ યુગની માફક વીતતી. (૮)

ભક્તજનોને પ્રિય શ્રીહરિએ પોતાના સહચારી ભક્તોને માર્ગનો શ્રમ લાગ્યો હશે તેમ જાણીને તે સર્વે ભક્તજનોને પ્રિય નિવાસ સ્થાનમાં જવા માટે આજ્ઞા આપી. (૯)

શ્રીહરિ પણ પાર્ષદોની સાથે પોતાના અતિ મનોહર નિવાસમાં પધાર્યા અને ઉત્તમ કોમળ શય્યામાં શયન કર્યું. (૧૦) પછી વર્ણીએ તથા પાર્ષદોએ જેમનાં ચરણકમળ સેવ્યા છે એવા શ્રીહરિએ પોતાની સેવામાં ઉત્સાહવાળી શુભ યોગનિદ્રાને કૃપાથી અંગીકાર કરી. (૧૧)

પછી પુરૂષોત્તમ શ્રીહરિ બ્રાહ્મમુહૂર્તમાં જાગ્યા અને પોતાના સ્વરૂપનું ચિંતવન કરી શૌચવિધિ કરીને દંતધાવન કરતા હતા. (૧૨) પછી મુકુંદાનંદ વર્ણીરાજે શ્રીહરિને બાજોઠ ઉપર બેસાડીને ભક્તિપૂર્વક અત્તર વગેરે સુગંધી તેલ ચોળીને ઉના જળથી સ્નાન કરાવ્યું. (૧૩)

પછી શ્રીહરિએ પોતાના અંગને સુંદર રૂમાલથી લૂછીને વર્ણીએ આપેલું પીતાંબર ધારણ કર્યું અને બીજું પીતાંબર ઓઢ્યું. (૧૪) પછી શ્રીહરિએ અતિ સુંદર ચાખડીયો પહેરીને દેવતાના પૂજન સ્થાનમાં આવીને પોતાના રમણીય આસન ઉપર બિરાજીને નિત્યવિધિ કર્યો. (૧૫)

તેટલામાં વર્ણીરાજ મુકુંદાનંદે શ્રીહરિને માટે દૂધમાં વિવિધ પ્રકારના સુંદર પાકો બનાવ્યા તેમજ મીઠા વિનાના શાક કર્યા. (૧૬)

પછી ચૂલા ઉપર મૂકેલા બંને પાત્રોમાં પાણી ગરમ થયું ત્યારે વર્ણીએ દાળ તથા ચોખા ધોઈને દૂરથી તે પાત્રોમાં નાખ્યા. (૧૭) શ્રીહરિ પછી પાક શાળામાં પધાર્યા અને શ્રેષ્ઠ આસનમાં બિરાજી ભાત ચઢી ગયો છે તે તપાસી, પોતે તેને ઉતારતા હતા. (૧૮) પછી ધર્મના પુત્ર શ્રીહરિએ વર્ણીએ ચાંદીના પાત્રમાં આપેલો સુંદર આમલીનો રસ દાળમાં નાખ્યો. (૧૯) દાળમાં હળદર,મીઠું તથા ઉત્તમ મસાલો નાંખીને પકવ થયેલ દાળને શ્રીહરિએ ઉતારી. (૨૦)

પછી શ્રીહરિ તે સુંદર ભોજન વિષ્ણુને નિવેદન કરીને હે ધરણીપતે ! મનોહર આસન ઉપર બિરાજીને જમ્યા. (૨૧) શ્રીહરિ તે સમયે સુવર્ણપાત્રમાં નારાયણાનંદ વર્ણીએ લાવેલું ગાળેલું ઉત્તમ જળ વારંવાર પીતા હતા. (૨૨) શ્રીહરિને તે ભોજન સ્વાદિષ્ટ તથા રુચિકરનારું છે તેમ જાણીને જમતા હતા અને આદરપૂર્વક મુક્તાનંદ મુનીન્દ્રને પણ અપાવતા હતા. (૨૩)

શ્રીહરિએ રુડી બુદ્ધિવાળા ગોપાળાનંદ મુનિ, નિત્યાનંદ મુનિ, બ્રહ્માનંદ મુનિ તથા મને (શુકાનંદમુનિને) તે સુંદર પ્રસાદી ભોજન આપ્યું. (૨૪) શ્રીહરિ પોતાના પ્રસાદી ભૂત શ્રેષ્ઠ ભોજન અભય રાજા તથા સોમ-સૂરાદિને પણ અપાવીને પોતે જમતા હતા. (૨૫) પછી ધર્માત્મજ શ્રીહરિ બંને હાથ તથા મુખ ધોઈને વર્ણીએ આપેલો મુખવાસ જમતા હતા. (૨૬)

પછી બંને ચરણોમાં પાદુકા જેમને છે એવા શ્રીહરિ વસ્ત્રો ધારણ કરીને હાથમાં રૂમાલ લઈને હાથ હલાવતા, પાર્ષદોથી વીંટાયેલા સભાસ્થાનમાં પધાર્યા. (૨૭)

શ્રીહરિ ઓછાડ પાથરેલી કોમળ શોભાયમાન રૂની ગાદી જેની આજુબાજુ તથા પાછળ સુંદર કોમળ તકીયા ગોઠવેલા હતા એવા સિંહાસન ઉપર બિરાજ્યા. (૨૮) હે રાજન્ ! તેટલામાં ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ ભોજન કરી દિવ્ય સભામાં આવીને યથાયોગ્ય બેઠા.(૨૯)

સઘન મેઘની પંક્તિ સમાન કાંતિથી પ્રકાશિત છે સમગ્ર અંગો જેમના એવા શ્રીહરિ, પોતાના દર્શન કરતા પોતાના આશ્રિતોનાં મનને અત્યંત હરતા હતા. (૩૦) નવીન પલ્લવોની માફક લાલ ચિહ્નોની શોભાથી સુંદર અને અતિ મંગળ જેમનાં બંને ચરણતલ છે, વળી કોમળ અને અતિ સુંદર આંગળીઓમાં પ્રકાશતા નખ ચંદ્રની પંક્તિથી શોભાયમાન. (૩૧)

હંસની પાંખ જેવાં શ્વેત સુંદર વસ્ત્રોથી શોભતા પોતાની મૂર્તિના ધ્યાનથી જ જેમણે કોટી કામદેવનો ગર્વ નિવૃત્તિ પમાડ્યો છે, નાના પ્રકારના સુગંધિમાન પુષ્પોના તોરાઓ મસ્તક ઉપર ધારણ કરેલા અતિ શ્વેત સુંદર મોળીયામાં ધારણ કરતા. (૩૨)

અતિ પ્રકાશમાન સુંદર કંઠ શંખની માફક ત્રણ રેખાઓથી યુક્ત, મનોહર કંઠમાં અતિશય સુગંધિથી શોભતી પુષ્પોની માળાઓને ધારણ કરતા અતિ સુંદર પુષ્પોના ગુચ્છાઓથી શોભતા, વાંકી સુંદર ભ્રકુટિવાળા, દયાયુક્ત વક્ર દૃષ્ટિવાળા (૩૩)

પોપટની ચાંચની જેવી જેમની નાસિકા અત્યંત શોભે છે એવા લાલ કમળનાં પલ્લવોની શોભા જેમણે જીતી છે એવાં બંને નેત્રોથી મનોહર, બંને ઓષ્ટોથી લજ્જિત કર્યા છે નવ પલ્લવો જેમણે એવા, દાડમના બીજ જેવા સૂક્ષ્મ દાંતોથી તિરસ્કૃત કરી છે મોગરાની કળીઓની શોભા જેમણે એવા (૩૪)

પૃથ્વી ઉપર જેમનો નિવાસ છે એવા નિર્મળતા વગેરે સદ્‌ગુણોથી યુક્ત, જેમના મુખરૂપી ચંદ્રમા આકાશમાં ફરતા રાત્રિના સ્વામિ ચંદ્રમાનો પણ સુંદરતામાં પરાભવ કરે છે કારણ કે આકાશનો ચંદ્ર ઉચ્ચ સ્થાનને પામ્યો છે છતાં પણ દોષ યુક્ત હોવાથી શોભતો નથી. (૩૫)

અતિ વિશાળ કમળની માફક કોમળ લલાટમાં દર્શનીય શ્રેષ્ઠ કેસરથી કરેલાં કુમકુમનાં ચાંદલા સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરનારા. (૩૬)

હે રાજન્ ! આ પ્રકારે અનુપમ શોભા ધારણ કરનારા ધર્મનંદન શ્રીહરિ, ભક્તોને આનંદ પમાડતા ધર્મ-જ્ઞાન-વૈરાગ્યાદિની વાર્તાઓ કરતા હતા. (૩૭) મુનિ આદિથી યુક્ત શ્રીહરિ પોતાના ભક્તજનોના સુખ માટે અને પોતાના આશ્રિત જીવોનાં આત્યાંતિક કલ્યાણ કરવા માટે પોતે જ્યાં જ્યાં વિચરણ કર્યું તે તે દેશના ભક્તોને ધર્મ-જ્ઞાનાદિ સદ્‌ગુણો કેળવવા તથા પોતાના સ્વરૂપમાં અતિ પ્રીતિ રાખવી વગેરે ઉપદેશ વાર્તા પોતાના ભક્તોને આનંદ પમાડતા કહેતા હતા. (૩૮, ૩૯)

હે રાજન્ ! શ્રીહરિએ જ્યાં મહોત્સવો કર્યા ત્યાં પોતાના હજારો ભક્તો આવ્યા. (૪૦) શ્રીહરિ તે સમગ્ર વૃતાન્ત સંક્ષિપ્તથી કહેતા હતા. વળી પોતે જે પ્રકારે પોતાના પ્રતાપથી અધર્મને ઉખેડી નાંખ્યો હતો અને ધર્મનું સ્થાપન કર્યું હતું તે પણ કહેતા હતા. (૪૧)

વળી હજારો હજાર દૈવીજનો શ્રીહરિ જ્યાં જ્યાં પધાર્યા ત્યાં તેમનો આશ્રય કરતા હતા. તેવી રીતે વાર્તા સ્વયં શ્રીહરિ કરતા હતા. (૪૨) અભય રાજા વગેરે ભક્તો શ્રીહરિની કરેલી વાર્તા સાંભળીને પરમેશ્વર શ્રીહરિના દર્શન કરીને ઘણો આનંદ પામ્યા. (૪૩)

હે રાજન્ ! પછી શ્રીહરિ કેટલાક સાધુઓને મુક્તિ ઇચ્છતા જનોને ઉપદેશ આપવા ફરવા જવાની આજ્ઞા કરતા હતા અને કેટલાક સંતોને પોતાની સમીપમાં રાખતા હતા. (૪૪)

પ્રાતઃકાળમાં સાધુઓ શ્રીહરિને ભેટીને તથા સાષ્ટાંગ નમસ્કાર કરીને તેમની આજ્ઞાથી મુમુક્ષુઓના હિત માટે ફરવા લાગ્યા. (૪૫)

પછી પોતાના સ્વરૂપમાં જેને આસક્તિ છે તે અભય રાજા તથા તેના પરિવારને શ્રીહરિએ પહેલાં જે વચન આપ્યું હતું. (૪૬) તેથી હે રાજન્ ! સત્ય પ્રતિજ્ઞાવાળા શ્રીહરિ તેમની ભક્તિને વશ થઈ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા અભય રાજાના ભુવનમાં તેમની સેવા અંગીકાર કરતા નિવાસ કરીને રહ્યા. (૪૭) હે નરેન્દ્ર ! દુર્ગપત્તનમાં નિવાસ કરતા અધીશ્વર, અવતારી શ્રીહરિ પોતાના સર્વે આશ્રિતજનોને નિરંતર સુખ આપતા સંસારરૂપી પાશને છેદનારાં અતિ મંગળકારી વિવિધ પ્રકારનાં ચરિત્રો કરતા હતા. (૪૮)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના ચતુર્થ સ્કંધમાં પ્રાચીન ન્યાયાચાર્ય, વેદાન્તતીર્થ, સાંખ્ય યોગ રત્ન, પંડિત શ્રી શ્વેત વૈકુંઠદાસ શાસ્ત્રીકૃત ગુજરાતી ભાષાંતરમાં શુકાનંદમુનિ માનસિંહના સંવાદમાં શ્રીહરિએ કરેલા આન્હિક વિધિનું વર્ણન તથા દેશાન્તરમાં કરેલા વિચરણનું વર્ણન એ નામે એકસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૧)



ચતુર્થ સ્કન્ધ સમાપ્ત



ચોથા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૫૨	૨૧-૫૨	૪૧-૪૮
૨-૭૦	૨૨-૫૨	૪૨-૫૩
૩-૨૦	૨૩-૬૨	૪૩-૪૩
૪-૬૭	૨૪-૨૭	૪૪-૪૯
૫-૪૬	૨૫-૪૧	૪૫-૪૩
૬-૪૮	૨૬-૩૪	૪૬-૬૦
૭-૪૬	૨૭-૨૮	૪૭-૨૫
૮-૪૭	૨૮-૪૯	૪૮-૪૧
૯-૪૭	૨૯-૫૬	૪૯-૪૧
૧૦-૫૮	૩૦-૫૬	૫૦-૪૬
૧૧-૫૫	૩૧-૫૭	૫૧-૨૯
૧૨-૪૯	૩૨-૫૩	૫૨-૩૩
૧૩-૫૧	૩૩-૨૫	૫૩-૪૩
૧૪-૬૯	૩૪-૩૬	૫૪-૪૦
૧૫-૫૬	૩૫-૫૩	૫૫-૪૭
૧૬-૩૨	૩૬-૩૮	૫૬-૪૭
૧૭-૭૭	૩૭-૬૪	૫૭-૪૧
૧૮-૪૧	૩૮-૩૯	૫૮-૫૮
૧૯-૬૪	૩૯-૪૬	૫૯-૪૪
૨૦-૪૦	૪૦-૫૫	૬૦-૫૭
		૬૧-૪૮

કુલ શ્લોક : ૨૮૯૨



અધ્યાય ૧ લો

માનસિંહ રાજા કહે છે :- હે બ્રહ્મન્ ! હે સન્મતે ! દુર્ગપત્તનમાં તેમજ બીજા નગર અને ગામોમાં જુદે જુદે સમયે વસતા શ્રીહરિએ જે જે ચરિત્રો કર્યા હોય, તે તે તમે મને કહો. (૧)

હે મુને ! સર્વ અવતારના કારણ શ્રીહરિનું પવિત્ર ચરિત્રામૃત અને તે પણ તમારા મુખચંદ્રથી નીકળેલું તેને આદરપૂર્વક સાંભળતા મને તૃપ્તિ થતી નથી. (૨)

અતિશય મધુર સંસારરૂપી રોગમાં ઔષધરૂપ તેમજ પાપ તથા તાપને નાશ કરનારું એવું શ્રીહરિનું ચરિત્રામૃત સાંભળતા કયો રસજ્ઞ તૃપ્તિ પામે ? કોઈ પામે જ નહીં. (૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તમોએ યથાર્થ કહ્યું, સર્વ જીવોના કલ્યાણનો માર્ગ બતાવ્યો. જે શ્રીહરિનાં ચરિત્રોનું શ્રવણ છે તે જ મનુષ્ય જન્મનું ફળ છે. (૪)

મનુષ્યના બે કર્ણ શ્રી હરિના અતિપવિત્ર યશ જો ન સાંભળે તો તે બંને કાનને શ્રુતિઓ, મુક્તો તથા ફણીન્દ્રના અભિપ્રાય જાણનારા સર્વ વિદ્વાનોએ રાફડા તુલ્ય માનેલા છે. (૫)

જે મનુષ્યના બંને નેત્રો શ્રીહરિની પ્રતિમા તથા પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન નથી કરતાં તો તે નેત્રોને, નિપુણ વિદ્વાનોએ મયૂરોના પીછામાં રહેલી ચંદ્રકાર ટીબકડીઓ જેવા કહ્યા છે. એટલે અતિ તુચ્છ કહ્યા છે. (૬) મનુષ્યની જીહ્વા શ્રીહરિના નામ તથા યશનું સંકીર્તન જો ન કરે તો તે જીહ્વાને સત્પુરુષોએ દેડકાની જીભતુલ્ય અસત્ કહી છે અર્થાત્ વિષવલ્લીની માફક માનેલી છે. (૭) જે વાણી ભગવાન તથા ભગવાનના એકાંતિક ભક્તોના યશોગુણગાનથી રહિત શ્રૃંગાર રસથી યુક્ત હોય અને કેવળ સ્ત્રીઓનું વર્ણન કરતી હોય, તો તે વાણીને પંડિતોએ જળથી પૂર્ણ અને ક્રીડાઓથી યુક્ત યથાર્થ નરકની ખાણ તુલ્ય માની છે. (૮)

જે મનુષ્ય ભગવાને ધારણ કરેલી પુષ્પોની માળા તથા તુલસી-ચંદનનો સુંદર સુગંધ નથી લેતો તે મનુષ્યને પંડિતોએ જીવતા છતાં મૃતપ્રાય માનેલો છે. (૯) જે મનુષ્યનું મસ્તક શોભાયમાન સુવર્ણ

મુગટથી યુક્ત અથવા સોનેરી મોળીયાથી યુક્ત હોય છતાં પણ તે જો અચ્યુત ભગવાનને ન નમતું હોય તો તે મસ્તકને પંડિતોએ બહુ ભારવાળું માનેલું છે. (૧૦)

શુદ્ધ સુવર્ણના કંકણો તથા વીંટીઓવાળા મનુષ્યના બે હાથ જો શ્રીહરિનું સેવન ન કતા હોય, તો તે બંને હાથ દાવાગ્નિથી બળેલા વૃક્ષના પલ્લવોની ઉપમા આપવા યોગ્ય છે. (૧૧) મનુષ્યના બંને પગ જો ભગવાનના મંદિર તરફ ન જાય તો બંને ચરણોને પંડિતોએ મિથ્યાભૂત અસિપત્ર નામના વૃક્ષની ઉપમા આપવા યોગ્ય કહેલા છે. (૧૨)

શ્રીહરિના કલ્યાણકારી સંસ્પર્શથી મનુષ્યો નિશ્ચય જ મોક્ષ પામે છે. પાપ નિવર્તક શ્રીહરિના આ સ્પર્શને જે ત્વચા પામી નથી તે ત્વચાને સર્પની કાંચળી સમાન માનેલી છે. (૧૩)

જે મનુષ્યોની બુદ્ધિ શ્રીહરિકૃષ્ણના ઉત્તમ રૂપનો નિર્ણય નથી કરતી અને માયિક વસ્તુનો નિર્ણય કરે છે તે બુદ્ધિ નાના પ્રકારના ગુણયુક્ત હોય તો પણ તેને વ્યભિચારિણી સ્ત્રીની માફક જાણવી. (૧૪)

મનુષ્યોમાં રહેલો અહંકાર શ્રીહરિના દાસપણાનું અભિમાન જો ન કરે તો પાપના સમુદાયથી દૂષિત થયેલો તે અહંકાર અશુભ રાક્ષસના સમાન છે. (૧૫)

જે મન ભગવાનનું મનન નથી કરતું, વળી કામની દૂરંત વાસનાવાળું છે તો, તે મનને ભગવાનના એકાંતિક ઉપાસક જનોએ આપત્તિઓને સ્થાનભૂત બ્રહ્મરાક્ષસ તુલ્ય કહેલું છે. (૧૬)

જે ચિત્ત સર્વોપરી ભગવાનનું સુંદર ચિંતન નથી કરતું પરંતુ હંમેશાં વિષયના સ્મરણથી કલુષિત જ રહે છે તો તે ચિત્ત વીંછીના કાંટાની જેમ કલેશરૂપ કહેલું છે. (૧૭)

આ લોકમાં જે મનુષ્ય દયાનિધિ શ્રીહરિના વિમળ યશનું ગાન નથી કરતો અને અસત્ કથાઓનું ગાન કરે છે તે મનુષ્યના ઉચ્છ્વાસને મોટા પુરુષોએ ધમણની માફક મિથ્યા કહ્યો છે. (૧૮) સમગ્ર આપત્તિઓને નાશ કરવામાં સમર્થ પુરુષોત્તમ શ્રીહરિના નામ સંકીર્તનથી જે મનુષ્યનું હૃદય મૃદુ થતું નથી, તો જાણે બ્રહ્માએ તે વજના સારથી બનાવ્યું છે કે શું ? જો એમ ન હોય તો કોમળ કેમ ન થાય ? (૧૯) મનુષ્યનું શરીર રમાપતિની સેવામાં ઉપયોગી ન થાય અને અસહ્ય મહા વિપત્તિઓના સ્થાનભૂત સ્ત્રીપુત્રાદિની સેવામાં ઉપયોગી થાય તો તે શરીરને આર્યજનોએ શબ તુલ્ય માન્યું છે. (૨૦)

શરદઋતુમાં વાદળાની જેમ ચંચળ વારંવાર જન્મમરણને આપનારી મહા પ્રયત્નથી સંપાદન કરેલી અને જેને લુપ્ત થવાના ઘણાં માર્ગો છે, જે સંપત્તિ શ્રીહરિને સમર્પણ કરી નથી તો તે સંપત્તિ એ વિપત્તિ જ છે એમ વિવેકી પુરુષોએ કહ્યું છે. (૨૧)

શ્રીહરિની ભક્તિ રહિત પુરુષની અતિશ્રેષ્ઠ ચતુરાઈ અસહ્ય વિપત્તિ આપનારી છે અને વિષયુક્ત જળથી પૂર્ણ માટે જ દુસ્તર એવું સરોવર જેમ દુઃખરૂપ છે તેમ તે સંપત્તિ છે. (૨૨)

માટે બાહ્યેન્દ્રિયો તથા આંતરેન્દ્રિયોનો વેપારનો વિનિયોગ જો ભગવાન માટે ન કર્યો હોય તો

તે વ્યર્થ છે. પોતાનું હિત ઇચ્છનારા જનોએ ભવનો ભય નાશ કરવામાં સમર્થ શ્રીહરિની ભક્તિ સ્વધર્મથી યુક્ત રહી આદરપૂર્વક નિરંતર કરવી. (૨૩) હે નૃપ ! પ્રગટ પ્રતાપવાળા, અખિલેશ, અક્ષરાદિના નિયંતા, અવતારી શ્રીહરિના ચરિત્ર શ્રવણમાં તમો અત્યંત આદરવાળા છો. માટે તમોને ધન્ય છે. (૨૪) હે રાજન્ ! સર્વ પ્રકારે શ્રીહરિના ચરિત્રો વિસ્તારપૂર્વક કહેવા માટે તો મહાબુદ્ધિશાળી બ્રહ્મા, શેષ, શ્રુતિઓ, અક્ષરાદિ કોઈ સમર્થ થતું નથી. (૨૫)

હે રાજન્ ! તેથી અનેક યશના સ્થાનભૂત નારાયણ પુરૂષોત્તમ શ્રીહરિ જેમનું સ્મરણ વિવિધ પ્રકારના દુઃખોનું શમન કરનાર છે સંસારને નાશ કરનાર એવાં શ્રીહરિના શુભ ચરિત્રો તમોને હું સંક્ષિપ્તથી કહું છું તે સાંભળો. (૨૬)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શુકાનંદમુનિ માનસિંહ સંવાદમાં ભગવાનની કથા શ્રવણાદિથી મનુષ્ય જન્મની સફળતા નિરૂપણ કર્યું એ નામે પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! ગઢપુરમાં એક સમયે ભગવાન શ્રીહરિ અમાવાસ્યાના દિવસે પ્રાતઃકાળે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા માટે જવા ઇચ્છા કરતા હતા. (૧)

તેટલામાં લલિતાએ મોકલેલા તેમના ભાઈ બુદ્ધિમાન ઉત્તમકુમાર, લલિતાએ આપેલા ઉપચારો લઈને શ્રીહરિની સમીપે આવ્યા. (૨) પછી ઉત્તમકુમારે શ્રીહરિને નમસ્કાર કરીને મનોહર કસુંબી સોનેરી બુટ્ટાદાર સુરવાળ તથા કસુંબી સોનેરી બુટ્ટાદાર પાઘડી શ્રીહરિને ધારણ કરાવી. (૩)

વળી ઉત્તમ નૃપે કસુંબી સોનેરી બુટ્ટાવાળો ડગલો શ્રીહરિને ધારણ કરાવ્યો. તેમજ શુદ્ધ સુવર્ણના તારવાળું પાલવવાળું વસ્ત્ર કેડ્યમાં બંધાવ્યું અને શુદ્ધ સુવર્ણના તારવાળો પાલવવાળો ઓઢવાનો ખેસ શ્રીહરિના સુંદર બંને ખભા ઉપર હર્ષથી ધારણ કરાવ્યો. (૪) પછી શ્રીહરિના મનોહર વિશાળ અને ઉન્નત લલાટમાં ઉત્તમ રાજા દર્શનીય ગોળ ચાંદલો કરતા હતા. (૫-૬)

પછી ઉત્તમ રાજાએ ધોળાં તથા પીળાં પુષ્પોના બાજુબંધો, તોરા, હાર, કલગીઓ શ્રીહરિને યથા સ્થાનમાં ધારણ કરાવ્યાં. (૭)

ત્યારબાદ ઉત્તમ રાજાએ સુવર્ણ કળશવાળો સુવર્ણમાં જડેલા દર્પણોથી શોભાયમાન અતિસુંદર રથ તૈયાર કરાવ્યો. (૮) હે રાજન્ ! સુવર્ણના ઉપકરણોથી યુક્ત તે રથ ઉપર પ્રાણીઓના ચિત્તને હરતા ભગવાન શ્રીહરિ શીઘ્રતાપૂર્વક બિરાજમાન થયા. (૯) સર્વકાર્યમાં વિચક્ષણ શ્રીહરિએ પછી મહામુનીન્દ્રોને બીજા વાહનો ઉપર યથાયોગ્ય બેસાડ્યા. (૧૦) શ્રીહરિએ સાધુ સ્વભાવવાળા મુનિવર મુક્તાનંદમુનિ

તથા ગોપાળાનંદ મુનિને પોતાના રથમાં બેસાડ્યા. (૧૧)

અતિ મહાન શ્રીહરિનો રથ સારથી કરીમ ભક્ત હાંકતા હતા. ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા શ્રીહરિ સાથે હર્ષથી ચાલતા હતા. (૧૨) બીજા સર્વ ઘોડેસવારો જેમણે તલવારો તથા શસ્ત્રો ધારણ કર્યા છે તેમજ પાર્ષદો, વર્ણીઓ વગેરે શ્રીહરિનો પદો ગાતા ગાતા ચાલતા હતા. (૧૩)

નગરના નિવાસીભક્તો પણ આદરપૂર્વક વિષ્ણુપદ ગાતા ગાતા અતિ આનંદપૂર્વક શ્રીહરિ સાથે ચાલતા હતા. (૧૪) વિવિધ પ્રકારના વાદ્યો વગાડતા ઉત્સાહી ચિત્તવાળા વાજિંત્રો વગાડનારા, સૌની આગળ ચાલતા હતા. (૧૫) રાજમાર્ગમાં ચાલતા અતિ સુંદર રથમાં બિરાજમાન થયેલા છત્રચામરથી શોભતા ઈશ્વરના ઈશ્વર શ્રીહરિનાં દર્શન માટે યુવાનો તથા યુવતિઓ, બાળકો તથા બાળકીઓ તેમજ વૃદ્ધ સ્ત્રી-પુરુષો પોતાના તમામ કામ છોડીને તત્કાળ આવતા હતા. (૧૬)

પોતાની મૂર્તિનાં દર્શન કરનારા જનોના મન તથા નેત્રોને સુખ આપતા અત્યુત્તમ નટવર વેશને ધારણ કરનારા શ્રીહરિનાં દર્શન કરીને અત્યાનંદ યુક્ત નગરવાસીઓ શ્રીહરિની મૂર્તિમાં આસક્ત થયેલાં પોતાના નેત્રોને ખેંચવા માટે શક્તિમાન થયા નહીં. (૧૭) સત્પુરુષોએ વર્ણનીય સદ્‌ગુણોનાં ગણોના સમુદ્ર, સમગ્ર પીડાનો નાશ કરનારા, ભક્તજનોના નેત્રોને આનંદ કરનાર છે મૂર્તિ જેમની એવા શ્રીહરિનાં અખંડ દર્શન કરતા માટે પોતાના નેત્રોનું ફળ પામેલા, તેથી જ સંસારના ભયથી મુક્ત થયેલા દુર્ગપત્તનના નિવાસીજનોને હે રાજન્ ! ધન્ય છે. (૧૮)

સર્વ તાપને હરનારા, અત્યંત દયાથી કોમળ, પોતાના નયન કટાક્ષોથી પુરના જનોને અત્યંત આનંદ પમાડતા તેમજ પુરવાસીઓ પણ નિર્નિમેષ દૃષ્ટિથી મનુષ્ય નાટ્યધારી શ્રીહરિ પૌરજનોનાં મનને હરતા હતા. (૧૯) હે રાજન્ ! ભક્તોને સુખ આપનારા, મનુષ્ય નાટ્યને અનુસરનારા દયાનિધિ શ્રીહરિ પુરની બહાર આવ્યા. (૨૦)

શ્રીહરિએ ગોપાળાનંદ તથા મુક્તાનંદ એ બંનેની વચ્ચે પોતાની જગ્યા ઉપર ઉત્તમ રાજાને બેસાડ્યા તથા ઉત્તમના ઘોડા ઉપર પોતાના સારથિ કરીમને બેસાડ્યો અને પોતે સારથિ થઈને રથ હાંકવા લાગ્યા. (૨૧) પોતાના ભક્તોના સારથિ બનેલા પૂર્વના અવતાર શ્રીકૃષ્ણ જેમ રથમાં સાત્યકી, ઉદ્ધવ, કૌન્તેય વગેરેને બેસાડી રથ હાંકતા હતા, તે જ પ્રમાણે પોતાના જનોનું સારથિપણું શ્રીહરિ કરતા હતા. (૨૨)

હે રાજન્ ! એક હાથે ઘોડાની લગામ પકડી બીજા હાથમાં ચાબુક ધારણ કરતા શ્રીહરિ સારથિપણું શોભાડતા હતા. (૨૩) હે મહીપતે ! શ્રીહરિ ઘંટડીઓના ધ્વનિથી શોભાયમાન રથને હાંકતા હાંકતા સર્વ વાહનોના ઘોડાઓથી આગળ નીકળી ગયા. (૨૪) શ્રીહરિના રથની પાછળ ગાડાં-રથો તેમજ ઘોડાઓને સૌ દોડાવતા હોવા છતાં પણ શ્રીહરિના રથને કોઈ પહોંચી શક્યા નહિ. (૨૫)

શ્રીહરિ પુરની પશ્ચિમ દિશાએ આવેલા ઉન્મત્ત ગંગાના નારાયણ ધરા પાસે પધાર્યા. (૨૬) શ્રીહરિના રથની પાછળ દોડતા ઘોડેસવારો, પાર્ષદો, વાહનો તથા સર્વે ભક્તજનો નારાયણ ધરાએ આવ્યા. (૨૭) તેના કાંઠે રથમાંથી શ્રીહરિ ઉતરીને અને એક વસ્ત્ર પહેરીને બીજા વસ્ત્રો તત્કાળ ઉતારવા લાગ્યા. (૨૮)

તેટલામાં મુકતાનંદ, ગોપાળાનંદ તથા ઉત્તમ ભૂપતિ રથમાંથી નીચે ઉતરીને શ્રીહરિની સમીપે આવ્યા. (૨૯) તે જ પ્રમાણે શ્રીહરિની મૂર્તિમાં આસક્ત મનવાળા સર્વે વર્ણીઓ સાધુઓ પણ અતિ આદરયુક્ત શ્રીહરિની સમીપે આવ્યા. (૩૦)

પછી શ્રીહરિએ રત્નજીત પાર્ષદનો હાથ પકડીને રમણીય ધરામાં પ્રવેશ કર્યો ત્યારે તે ધરો અત્યંત શોભતો હતો. (૩૧-૩૨) સ્ફટિકની માફક સ્વચ્છ જળવાળો, શોભાયમાન ધોળી અને કોમળ રેતી જેમાં છે એવો, તીર ઉપર ઉગેલી વિવિધ પ્રકારની વેલી, લતાઓ વૃક્ષોથી અતિ શોભાયમાન. (૩૩)

ગુંજારવ કરતા ભ્રમરાઓથી શોભતાં નાનાં પ્રકારનાં કમળોની પંક્તિઓથી શોભાયમાન, તેમજ પવનથી, ઉત્પન્ન થતાં ચંચળ તરંગોથી શોભતો. (૩૪) અતિ ઊંચા પથ્થરોમાં અત્યંત અથડાતા પાણીના થતા ધ્વનિથી શોભતો, જે ધ્વનિ વાજિંત્રોના જેવો મધુર હતો. (૩૫)

ચપળ, ગંભીર શ્રીહરિની નાભિની ઉપમા આપવા યોગ્ય, મનોહર એવી જળની ભમરીઓ તથા મત્સ્યોના વિભ્રમણોથી તે ધરો અતિશય શોભતો હતો. (૩૬)

હંસો, કારંડવ, કૌંચ, સારસ આદિ પક્ષીઓના શબ્દોથી શોભતો તથા પોતાની અનુપમ લક્ષ્મીથી શોણનદનો તિરસ્કાર કરતા શોભાયમાન તે ધરામાં સ્નાન કરતા શ્રીહરિ પોતાના આશ્રિત જનો ઉપર જળની પોસો વડે પાણી છાંટતા હતા અને પોતાના આશ્રિતજનોને સારી રીતે આનંદ પમાડતા હતા. (૩૭-૩૮) ભક્ત જનપ્રિય શ્રીહરિ ચપળતાથી પોતાના બંને હાથે જળ ઉછાળતા વારંવાર સ્વજનોને હસાવતા તેમજ હસતા હસતા રમતા હતા. (૩૯) પરસ્પર જળ છાંટતા, જેમણે અત્યંત પુણ્ય કર્યા છે એવા, ભક્તો શ્રીહરિની સાથે જળમાં હર્ષપૂર્વક અત્યંત શોભતા હતા. (૪૦)

યોગીંદ્રોએ પણ જેમનાં દર્શન ઈચ્છયા છે એવા અવતારી શ્રીહરિની સાથે વિહાર કરનારા શ્રીહરિના આશ્રિતજનોના ભાગ્ય હે રાજન્ ! હું શું કહું ? (૪૧) તે સમયે તે ધરામાં તરવાની અનેક પ્રકારની યુક્તિઓથી તરતા શ્રીહરિ સારી રીતે ઉછળતા ચંચળ, મહાતરંગોથી ચલાયમાન અંગો છે જેમના એવા અત્યંત શોભતા હતા. (૪૨) હે મહીપતે ! ધરામાં ઊંડા જળમાં જળની નીચે લાંબા સમય સુધી રહેલા શ્રીહરિ જળ ઉપર તત્કાળ આવતા હતા. (૪૩)

ધરાના પાણી ઉપર પોતાના હાથના આસ્ફાલનથી ઉત્પન્ન થયેલા મૃદંગના ધ્વનિની માફક મધુર શબ્દને સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિ જળક્રીડા કરતા હતા. (૪૪) પોતાના ભક્તો દૈવવશાત્ જળમાં ડૂબતા તો ડૂબતા પહેલાં તેમની જેવી સ્વસ્થ પ્રકૃતિ હતી તેવી કરવા માટે સમર્થ હોવા છતાં પણ શ્રીહરિ પોતાના ભક્તોને પોતાના હાથે પ્રવાહમાં ફેંકતા તેમના દેહની અવ્યવસ્થિત સ્થિતિ જોઈને ઊંચેથી હસતા હતા. (૪૫) તે સમયે શ્રીહરિની અતિસુંદર જળલીલાના દર્શન કરવા આકાશમાં આવેલા બ્રહ્મા તથા ઈંદ્રાદિ દેવતાઓ શ્રીહરિને સુંદર પુષ્પોથી વધાવતા હતા. (૪૬) બ્રહ્માદિ દેવતાઓ, હરિભક્તો તથા બીજા પૌરજનો શ્રીહરિની જળક્રીડાની ચતુરાઈ જોઈને અત્યંત વિસ્મય પામતા હતા. (૪૭) એવી રીતે શ્રીહરિએ વિવિધ પ્રકારની અતિમંગળકારી જળકેલિ કરીને હે મહીપતે ! પોતાના ભક્તોને ઘણો આનંદ આપ્યો. (૪૮)

ભગવાન શ્રીહરિ તે ધરામાં આ પ્રમાણે સ્નાન કરીને પોતાના હાથે ભીમ પાર્ષદનો હાથ પકડીને, પ્રસન્ન થઈ, પોતાના ભક્તોની સાથે તટ ઉપર આવ્યા. (૪૯)

શ્રીહરિએ વસ્ત્રો ધારણ કરી લીધા તેટલામાં લક્ષ્મીવાડીએથી હરનાથ માળી હર્ષપૂર્વક ત્યાં આવ્યા. (૫૦) પછી માળીએ શ્રીહરિને નમસ્કાર કરીને મનોહર પુષ્પોના હાર તથા તોરાઓ, ગુચ્છ, કંકણ, બાજુબંધ ધારણ કરાવ્યા. (૫૧) પછી સ્વામી શ્રીહરિએ નીતિશાસ્ત્રમાં પ્રવીણ કવીંદ્ર બ્રહ્માનંદ તથા શાસ્ત્રવિંદોમાં શ્રેષ્ઠ નિત્યાનંદ મુનિને પોતાના રથમાં બેસાડ્યા. (૫૨)

શ્રીહરિએ મુક્તાનંદ મુનિ તથા ગોપાળાનંદ મુનિને વાહનોમાં બેસાડ્યા. બેસાડવા યોગ્ય બીજા સાધુઓને પણ તે તે વાહનોમાં બેસાડ્યા. (૫૩) પછી શ્રીહરિ પોતાના રથમાં આગળ બેસીને પોતે રથ હાંકતા પોતાના મંગળકારી યશ ગાતા પોતાના આશ્રિત જનો સાથે ચાલ્યા. (૫૪)

હે ભૂપતે ! તે સમયે વાદકો વિચિત્ર સુંદર વાદ્યો વગાડતા હતા. બીજા ગવૈયાઓ જનોને પવિત્ર કરનારી શ્રીહરિની કીર્તિનું ગાન કરતા હતા. (૫૫) પછી શ્રીહરિ સાથે દૃઢ સખા ભાવ પામેલા શ્રીહરિના અતિ પ્રિય, વક્તાઓમાં શ્રેષ્ઠ, અતિ નિપુણ, બ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિને આ પ્રમાણે કહ્યું. (૫૬)

હે ભગવાન્ ! તમારી રથ હાંકવામાં ઘણી ચતુરાઈ છે. હે પ્રભો ! અમોએ કોઈની આવી ચતુરાઈ જોઈ નથી. (૫૭) હે હરે ! તમારી આ ક્રિયા અમે ક્યારેય જોઈ નથી. તો પણ એ કૌશલ્ય જોઈને મને અત્યંત આશ્ચર્ય થાય છે. (૫૮) હે શ્રીહરે ! પહેલાં થયેલા અવતાર શ્રીકૃષ્ણની પણ રથ હાંકવાની આવી ચતુરાઈ મેં સાંભળી નથી. તો બીજાની તો ક્યાંથી સાંભળી હોય ? (૫૯) બ્રહ્માનંદ મુનિનું આવું વચન સાંભળીને ભગવાન, હાસ્ય રસના જ્ઞાતા, મુનિપ્રિય, સ્વયં શ્રીહરિ, કરુણાર્દ્ર દૃષ્ટિથી બ્રહ્માનંદ પ્રત્યે જોઈને હસવા લાગ્યા. (૬૦)

પછી નગરની સમીપે ગયા. ત્યારે નિત્યાનંદ મુનિએ પોતાના આત્માસમા પ્રિય શ્રીહરિને હર્ષપૂર્વક રથની અંદર બેસાડ્યા. (૬૧) પછી સારથિના સ્થાનમાં શ્રીહરિએ પ્રિય કરીમ પાર્ષદને બેસાડ્યા. નગરમાં માણસોની ઝાઝી ભીડ હોવાથી રથ ધીમે ધીમે હંકાવતા હતા. (૬૨) પછી વાજીંત્રો તથા ગીતોના ધ્વનિઓથી શબ્દાયમાન કરી છે દિશાઓ જેની એવા રાજમાર્ગમાં આવેલા રથ ઉપર બિરાજેલા શ્રીહરિના પૌરજનોએ સહર્ષ દર્શન કર્યાં એ રીતે શ્રીહરિ પોતાના જનોની સાથે પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૬૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના પંચમસ્કંધમાં ઉન્મત્ત ગંગાનો નારાયણ ધરામાં શ્રીહરિની સ્નાનલીલા વર્ણન નામે બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રી હરિ ત્યાગીઓ તથા બીજા આશ્રિત ગૃહસ્થોની સાથે આવી રીતે નારાયણ ધરામાં વારંવાર જળલીલા કરતા હતા. (૧) શ્રીહરિ પવિત્ર એવી ઉન્મત્ત ગંગાના બીજા તીર્થોમાં બહુ પ્રકારે જળક્રીડાઓ વારંવાર કરતા હતા. (૨)

શ્રીહરિ ક્યારેક શણગારેલા પોતાના અશ્વ ઉપર બિરાજીને પોતાના ભક્તોથી વીંટાઈને, ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા જતા હતા. (૩)

શ્રીહરિ ક્યારેક રથ ઉપર બેસીને આશ્રિતો સાથે પોતાના અંગસ્પર્શથી અતિ પવિત્ર ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા પ્રીતિપૂર્વક જતા હતા. (૪) ક્યારેક બંને ચરણોમાં મોજડી ધારણ કરતા, ક્યારેક પાદુકાઓ ધારણ કરતા, શ્રીહરિ હજારો ભક્તોથી વીંટાયેલા ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જતા હતા. (૫)

ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા જતા શ્રીહરિની ઉપર રત્નજીત પાર્ષદ ક્યારેક પીળું, ક્યારેક લાલ, ક્યારેક સફેદ છત્ર ધારણ કરતા હતા. (૬) ભીમ નામના પાર્ષદ ક્યારેક પ્રેમપૂર્વક શ્રીહરિના મસ્તક ઉપર નીલ વર્ણનું તો ક્યારેક ચિત્રવિચિત્ર વર્ણવાળું છત્ર ધારણ કરતા હતા. (૭)

ક્યારેક શ્રીહરિ દિવ્ય ઉન્મત્ત ગંગા નદીમાં સ્નાન કરવા જતા ત્યારે ક્યારેક શ્વેત વસ્ત્ર ધારણ કરતા હતા તો ક્યારેક ધૂસર વર્ણવાળું વસ્ત્ર ધારણ કરતા જતા હતા. વળી ક્યારેક લાલ વસ્ત્ર પણ ધારણ કરતા હતા અને ક્યારેક લીલા વસ્ત્ર ધારણ કરતા હતા. ક્યારેક સુવર્ણના તારવાળા વસ્ત્રો ધારણ કરીને જતા હતા. શ્રીહરિના અંગો ક્યારેક લાલ ચંદનથી ચર્ચાયેલા હતા તો ક્યારેક પુષ્પોના ભૂષણોથી અલંકૃત થઈ શ્રીહરિ ચાલતા હતા. (૮-૯)

શરદઋતુમાં તો નિર્મળ જળવાળી ઉન્મત્ત ગંગામાં પોતાના આશ્રિતો સાથે વારંવાર જળક્રીડા શ્રીહરિ કરતા હતા. (૧૦) નવીન મોતીઓ સમાન ઉન્મત્ત ગંગાનું ઉજ્જવળ જળ જોતાં શ્રીહરિ સ્નાન સમયે તેના વખાણ કરતા હતા. (૧૧) હે રાજર્ષે ! તેવી રીતે વર્ષાઋતુમાં પોતાના આશ્રિતો સાથે ઉન્મત્ત ગંગામાં ધર્મના પુત્ર શ્રીહરિ વારંવાર શુભ જળક્રીડા કરતા હતા (૧૨)

નદીમાં સ્નાન કરવામાં કુશળ ભગવાન શ્રીહરિ પોતાના ભક્ત સમૂહની સાથે ઉન્મત્ત ગંગામાં ક્યારક મેઘવર્ષાના સમયે સ્નાન લીલા કરતા હતા. (૧૩)

અતિવૃષ્ટિ થવાથી ઉન્મત્ત ગંગામાં જ્યારે પૂર આવતું ત્યારે તરવાની ચતુરાઈ બતાવતા શ્રીહરિ ભક્તજનોની સાથે તેમાં પડી બહાર આવતા હતા. (૧૪)

ક્યારેક શ્રીહરિ પોતાના ભક્તો સાથે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરતા ભક્તજનો સાથે તાળી વગાડીને હરિના પદો ગાતા હતા. (૧૫) મેઘના જેવા ગંભીર સ્વર મધુરતાના નિધિ શ્રીહરિ ક્યારેક પોતાના આશ્રિતોની સાથે તાળી વગાડીને ગાતા હતા. (૧૬) ક્યારેક ઉન્મત્ત ગંગાના સ્વચ્છ રેતીવાળા ભાગમાં શ્રેષ્ઠ આસન ઉપર બિરાજી શ્રીહરિ ભક્તો સાથે પદ ગાતા હતા. (૧૭) ભક્તજનો ભક્તિપૂર્વક અતિલાલ

ચંદનથી, પુષ્પોના તોરા, બાજુબંધો, હાર વગેરે વસ્ત્ર અલંકારોથી ઉન્મત્ત ગંગાની રેતીમાં બિરાજેલા શ્રીહરિને પૂજતા હતા. (૧૮) શ્રીહરિ ત્યાં બિરાજી ક્યારેક અતિકલ્યાણકારી ધર્મ, જ્ઞાનાદિ યુક્ત અમૃતથી અતિ મિષ્ટ ભક્તોને રંજનકારી ઉપદેશ વાર્તા કરતા હતા. (૧૯)

વળી હે ભૂપતે ! દયાળુ શ્રીહરિ ક્યારેક અત્યંત પ્રીતિપૂર્વક અખંડાનંદ, ગોપાળાનંદ વગેરે મુનીન્દ્રોને વિવિધ પ્રકારની યોગની યુક્તિઓ શીખવાડતા હતા. (૨૦) ઉન્મત્ત ગંગામાં શ્રીહરિ પોતાના આશ્રિતો સાથે વિવિધ પ્રકારની દિવ્ય જળક્રીડાની લીલા કરતા હતા, જેના શ્રવણ માત્રથી સર્વ પાપનો નાશ થઈ જાય છે. (૨૧) શ્રીહરિની સમગ્ર જળક્રીડાનું અનુક્રમથી વિસ્તારપૂર્વક વર્ણન કરવા માટે તો સહસ્ર મુખવાળા શેષાદિ ઈશ્વરો પણ સમર્થ થતા નથી તો બીજાઓની વાત જ શી કહેવી ? (૨૨) હે રાજન્ ! અવતારી શ્રીહરિની જળક્રીડાનાં જેમણે દર્શન કર્યા છે તેમના સર્વોત્તમ ભાગ્યનું વર્ણન કરવા હું સમર્થ નથી. (૨૩) હે રાજન્ ! ધર્મનંદન વ્યાપક શ્રીહરિની જળલીલા, શ્રવણમાં પ્રીતિવાળા તમોને, મેં આ પ્રમાણે સંક્ષિપ્તથી કહી છે. (૨૪) હે ભૂપતે ! સર્વ નિયન્તા પુરુષોત્તમ સહજાનંદની વિવિધ પ્રકારની આ દિવ્ય જળક્રીડા તમોને મેં કહી છે તેનું જે મનુષ્ય શ્રદ્ધા પુરઃસર શ્રવણ કરશે અથવા કહેશે તો તેના સર્વ પાપ નાશ પામશે અને તે મનુષ્ય તત્કાળ પોતાની ઈષ્ટ સિદ્ધિ પામશે.(૨૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમસ્કંધમાં શ્રીહરિએ ઉન્મત્ત ગંગામાં નાના પ્રકારની જળક્રીડા કરી તેનું વર્ણન નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક સમયે ભગવાન શ્રીહરિ શણગારેલી સુંદર તાજણ ઘોડી ઉપર બિરાજી મનોહર રાધાબાગમાં પધાર્યા. (૧) અભય રાજા પોતાના પુત્ર ઉત્તમ, તેમજ પુરના ભક્તો સોમ, સૂર આદિ ઘોડેસવારો તથા રત્નજીત વગેરે પાર્ષદો સાથે શ્રીહરિની સાથે ગયા. (૨) મુકુંદાનંદ વગેરે વર્ણીઓ તથા મુક્તાનંદ આદિ સર્વે મુનિઓ પણ હર્ષપૂર્વક શ્રીહરિની સાથે ગયા. (૩)

તે સમયે શ્રીહરિના મસ્તક ઉપર ભક્તિયુક્ત ભીમ પાર્ષદે સુવર્ણના કળશવાળું રક્ત વર્ણનું છત્ર ધારણ કર્યું હતું. (૪) તે સમયે રત્નજીત તથા ભૃગુજીત એ બે પાર્ષદો રત્નજડિત સુવર્ણ-દંડવાળાં ચામરો શ્રીહરિની ઉપર ઢોળતા શ્રીહરિની બંને પડખે ચાલતા હતા. (૫) લોકોના પાપના મળને નાશ કરનારી શ્રીહરિની યશગાથા ગાતા નાગાર્જુન વગેરે બંદિજનો શ્રીહરિની સાથે ચાલતા હતા. તે સમયે ઘણાં વાદ્યો તાસ, ભેરી, નગારાં વગેરેના ધ્વનિ થતા હતા. (૬)

તાજણ ઘોડી ઉપર વિરાજમાન ઘોડેસવારોના મંડળના મધ્યમાં રહેલા શ્રીહરિ પુરની બહાર આવીને તે મનોહર ઘોડીને દોડાવતા હતા. (૭) મનના વેગવાળી તે ઘોડી બે પાંખો કરીને તત્કાળ જાણે

આકાશ ઓળંગી જતી હોયને શું ? એમ વેગપૂર્વક સમય ઘોડેસવારોથી આગળ નીકળી ગઈ. (૮) અવતારી શ્રીહરિના યોગથી પશુઓને પણ ઊર્ધ્વગતિ થાય છે એમ જાણે તત્વજ્ઞાન સૂચવતી હોય ને શું ? એમ તે ઘોડી દોડતી હતી. (૯)

સુરા ભક્ત તથા નાના, નાંજા વગેરે ઘોડેસવાર પગની પાની અડાડી ઘોડાઓને વેગથી દોડાવતા હતા છતાં પણ હે રાજન્ ! પોતાના પ્રાણપતિ શ્રીહરિને પહોંચી શક્યા નહિ. (૧૦)

પછી શ્રીહરિ, અતિસુંદર, વિસ્તારવાળી જમીન જોઈને ઘોડી રોકીને, પાછળ આવતા ઘોડેસવારો પ્રત્યે મંદહાસ્યપૂર્વક જોતા ઊભા રહ્યા. (૧૧) શ્રીહરિમાં સંલગ્ન છે નેત્રો જેમનાં એવા ઘોડેસવારો તેટલામાં ત્યાં આવ્યા. પછી શ્રીહરિ વિચિત્ર ગતિથી તાજણ ઘોડીને ચલાવતા હતા. (૧૨) ઘોડેસવારો શ્રીહરિના બંને પડખે પંક્તિબદ્ધ રહીને પોતપોતાના ઘોડાઓને જુદી જુદી ગતિથી હર્ષપૂર્વક ચલાવતા હતા. (૧૩)

ઘોડીની ઉતાવળી ગતિને લીધે શ્રીહરિના વસ્ત્રો ફરકતા હતા. તેમ જ તોરાઓ ઉછળતા હતા. તેથી અત્યંત શોભતા શ્રીહરિના દર્શન કરીને ભક્તો આનંદ પામતા હતા. (૧૪) પછી અખિલેશ્વર શ્રીહરિ મનોહર ચંચળ ઘોડીને કુંડાળે નાંખીને પોતાના ભક્તોના મન હરતા હતા. (૧૬)

પછી પોતાના ભક્તજનોની સાથે ઘોડેસવારોના મધ્યમાં રહેલા શ્રીહરિ ચાલતા ચાલતા રાધાબાગની આગળ આવેલી મનોહર વાવ્યને જોતા હતા. (૧૭) લાલ કમળોથી આવૃત્ત થઈ જાણે રક્ત વર્ણ જેવી જણાતી, શ્વેત કમળોથી - શ્વેત વર્ણની માફક શોભતી, પીળા વર્ણવાળા કમળોથી પીળાવર્ણની માફક પ્રકાશમાન, શ્યામ કમળોથી નીલવર્ણવાળી એમ નાના પ્રકારના વર્ણવાળી, મનોહર (૧૮)

નિર્મળ, અમૃતની માફક મિષ્ટ જળવાળી તથા ફળો તથા પુષ્પોવાળા દ્રુમોથી વ્યાપ્ત, વિવિધ પ્રકારના મણિઓથી જડેલા પગથીયાંની પંક્તિથી શોભાયમાન (૧૯) હે રાજન્ ! પ્રત્યક્ષ શ્રીહરિએ પૂર્તકર્મના વિધિથી પ્રાણીઓના સુખ માટે કરાવેલી, શ્રીહરિના પાદ-સ્પર્શથી પવિત્રકારી (૨૦) તરુણ સૂર્યસમાન પ્રકાશવાળા ભ્રમરો લાલ કમળના કેસર ગ્રહણ કરે છે તેવા લાલ કમળોથી શરદઋતુમાં લાલ કિરણોથી આકાશ જેમ શોભે તેમ, શોભાયમાન. (૨૧)

વાયુના સ્પર્શથી તે શુદ્ધ જળમાં ચપલ તરંગો ઊઠતાં, અને તેથી એક બીજા સાથે અથડાતાં વિવિધ પ્રકારનાં કમળો તે વાવ્યમાં અત્યંત શોભતાં હતાં. (૨૨) ક્રૌંચ, કારંડવ, હંસ, સારસ વગેરેના મંડળોથી તથા તેમના મધુર શબ્દોથી તેમજ અન્ય વિવિધ પ્રકારનાં પક્ષીઓથી તે વાવ્ય અત્યંત શોભતી હતી. (૨૩)

હે રાજન્ ! પછી શ્રીહરિ બ્રહ્માદિ દેવેન્દ્રોને પણ મહાઆશ્ચર્ય પમાડે તેવો મનોહર બગીચો જોતા હતા. (૨૪) નાળિયેરી, ખજુરી, બોરડી, દાડમ તથા જાંબુ, સોપારી, નારંગી, લીંબુ, ફણસ, જામફળ, અખરોટ, દ્રાક્ષ, કેળ તથા ફળોના ભારથી નમ્ર થયેલા વૃક્ષોથી શોભાયમાન અને તેથી મનને પ્રીતિકરનારો, વિવિધ પ્રકારના વૃક્ષોની પંક્તિથી દર્શનીય, ફળ તેમજ પુષ્પની લતા, સોનેરી કેળો તથા પુષ્પોવાળા ચંદનવૃક્ષોથી વ્યાપ્ત (૨૫-૨૬-૨૭)

કદંબો તથા નીપના વૃક્ષોથી યુક્ત, સોનેરી કેવડો તથા સોનેરી ચંપો, પાટલા તથા પુષ્પોના અતિભારથી નમ્ર બોરસડી વગેરે વૃક્ષોથી યુક્ત (૨૮) વાસંતી, માધવી, જોઈ, મોગરો નેવાલી વગેરે પુષ્પોની વેલીઓથી ચારેય તરફ બિરાજમાન (૨૯) જાઈ, ચમેલી તથા પુષ્પોવાળી લતા વિશેષોથી તથા ગુલાબ તથા કેતકીઓથી શોભાયમાન (૩૦) અગ્નિના તેજના આભાસવાળી કરેણો રાજવૃક્ષો, મોગરાઓ, લવીંગ, એલાયચી આદિકથી યુક્ત. (૩૧) એવા અતિ સુગંધયુક્ત બગીચામાં, તિલકવૃક્ષથી ઉત્પન્ન થયેલી સુંદર મંજરીના સુગંધ પ્રત્યે જેમના ચિત્ત ખેંચાયા છે એવા ભ્રમરાઓના સમુદાયો સર્વબાજુએથી મળીને, આ લોકમાં જેમ રાજ્યલક્ષ્મી પ્રત્યે તિર્થજનો આવે તેમ, આવતા હતા. (૩૨) સુવર્ણના જેવા પીળાં પુષ્પોથી યુક્ત, તેમજ હોમ કરાયેલા હુતાશનની જેવા, લાલ પુષ્પો જેને છે એવા વૃક્ષોએ સહિત અને એવા ઘણા પ્રકારના વૃક્ષોથી અત્યંત શોભાયમાન, રમણીય ચૈત્ર રથાદિની શોભાનો તિરસ્કાર કરતા તે બગીચામાં શ્રીહરિએ પ્રવેશ કર્યો અને તાજણ ઘોડી ઉપરથી તત્કાળ ઉતરીને ઉત્તમ આસન ઉપર બિરાજ્યા. (૩૩-૩૪)

પછી શ્રીહરિના દર્શનમાં અતિ આસક્ત એવા ત્યાગી તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિની સન્મુખ યથાયોગ્ય બેઠા. (૩૫) તે સમયે બગીચાનો પાલક-ગણેશ ભક્ત પ્રસન્ન થઈને પાકાં કેળા દાડમ, વગેરે ત્યાં લાવ્યા અને શ્રીહરિને નમસ્કાર કરીને તે સમર્પણ કર્યા. (૩૬) રમણીય નાળિયેરો, મીઠા જામફળો, અંજીરો, દ્રાક્ષાદિ ફળો વગેરે તે બગીચાનું રક્ષણ કરનાર ગણેશ ભક્ત શ્રીહરિને આપતા હતા. (૩૭)

પછી સોમા ભગત જુદા જુદા પાત્રોમાં ભરેલાં સુગંધિવાળાં ફળો ભક્તિપૂર્વક શ્રીહરિની આગળ મૂકતા હતા. (૩૯) પ્રભુ શ્રીહરિ અમૃતની માફક સ્વાદિષ્ટ જુદા જુદા પાકાં ફળો પોતાના ભક્તજનો દર્શન કરે તે પ્રમાણે મધુર રીતે જમતા હતા (૪૦) હે રાજન્ ! તે ભક્તો ફળો જમતા પ્રાણવલ્લભ શ્રીહરિના નિર્નિમેષ દૃષ્ટિથી દર્શન કરતા આનંદ પામતા હતા. (૪૧)

પછી ઈશ્વર દયાસાગર શ્રીહરિએ પોતાની પ્રસાદિનાં ફળો મુકુંદાનંદાદિ વર્ણીઓને આપ્યાં. (૪૨) તેમજ મુક્તાનંદાદિ સાધુઓને તથા સોમાદિ પાર્ષદોને પણ પોતાની પ્રસાદીનાં ફળો આદરપૂર્વક શ્રીહરિ આપતા હતા. (૪૩) ભક્તોને સુખ આપનારા શ્રીહરિ અભય રાજા તથા ઉત્તમ વગેરે સમગ્ર ભકતોને યથાયોગ્ય ફળો આપતા હતા. (૪૪) હે ભૂપતે ! શ્રીહરિ આવી રીતે પોતાના પ્રિયજનોને, પ્રીતિપૂર્વક પાકાં અમૃત તુલ્ય ફળો આપતા, હર્ષથી જમતા હતા (૪૫) શ્રીહરિ વર્ણીએ આપેલા જળથી બંને હાથ તથા મુખ ધોઈને અમૃતની ઉપમા આપવા યોગ્ય વાવ્યનું જળ પીતા હતા. (૪૬)

પછી સંતો, વર્ણીજનો તથા પાર્ષદ વગેરે મુખ્ય ભક્તો શ્રીહરિને બગીચાના માળીએ આપેલા શ્રેષ્ઠ પુષ્પોના તોરા, હાર તથા ગુચ્છાઓ પ્રીતિપૂર્વક અર્પણ કરતા હતા. વળી ભગવાન શ્રીહરિ પોતાના ચરણકમળના આશ્રિત ભક્તોને પોતે ધારણ કરેલા પ્રસાદીયુક્ત હારો આપતા હતા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિએ તાજણ ઘોડીની ખેલન ક્રીડા કરાવી તે લીલાદિ વર્ણન નામે ચોથો અધ્યાય સંપૂર્ણ (૪)



અધ્યાય ૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી પ્રભુ, મુનિશ્રેષ્ઠ મુક્તાનંદ તથા બ્રહ્માનંદમુનિ તેમજ દેવાનંદ તથા પ્રેમાનંદ મુનિને ગાવા માટે પ્રેરણા કરતા હતા. (૧) તેથી તે મુનિઓ સ્વરને મધુરતા આપે એવી સતાર વગેરેને પ્રીતિથી તૈયાર કરવા લાગ્યા. હે મહીપતે ! વિચિત્ર પ્રકારના મૃદંગો તથા નરઘા વગેરે વાદ્યો પણ તૈયાર કરવા લાગ્યા. (૨)

પછી મધુર સ્વરવાળા સંતો સ્વરોનો આલાપ કરીને પરમેશ્વર શ્રીહરિનાં દર્શન કરતા મનોહર પદોનું ગાન કરવા લાગ્યા. (૩) મંદ, મધ્યમ અને તીવ્ર સ્વરના ભેદથી યુક્ત, તાલ સહિત - ષડજાદિ સ્વરો તથા ષડજાદિ ગ્રામો તથા ષડજાદિ સ્વરોના આરોહ અને અવરોહ સ્વરૂપ મૂર્છનાઓથી યુક્ત મનોહર સંગીત શ્રીહરિ પ્રીતિપૂર્વક સાંભળતા હતા. (૪)

સંગીતના રસને જાણનારા શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિથી પોતાના મુનિઓને તેમના સંગીતની પ્રશંસા કરતાં અતિ આનંદ પામ્યા. (૫)

પછી મુનિપતિ શ્રીહરિ પોતાના આસનનો ધીમે ધીમે ત્યાગ કરતા ગવૈયા મુનિની સમીપે આવ્યા. હર્ષપૂર્વક ચપટી વગાડતા મુનિઓની સાથે મધુર સ્વરથી ગાવા લાગ્યા. (૬) સોનેરી લાલવસ્ત્રોવાળા, ખીલેલા શ્યામકમળ સમાન કાન્તિવાળા, વિવિધ પ્રકારનાં પુષ્પોના હાર ધારણ કરનારા, તેથી વીજળી તથા ઈન્દ્રધનુષ્ય નૂતન મેઘની શોભાને જીતતા, શ્રેષ્ઠ તોરાઓની પંક્તિથી શોભતા શુદ્ધ અને ચંચળ શોભાયમાન શરીરવાળા અને હાથની ચેષ્ટાથી પોતાના ભકતોના મનને હરતા, મેઘ કરતાં પણ અતિ ગંભીર શબ્દનો ધ્વનિ જેમનો છે એવા. (૭-૮)

મંદહાસ્ય રૂપી અમૃત જેમના મુખ ઉપર પ્રસરી રહ્યું છે, જેમની સુંદરતાથી કોટી કામદેવોના મદનો નાશ થયો છે, પુષ્પના ગુચ્છાઓથી જેમના બંને કર્ણો શોભે છે, જેમણે હાથમાં પુષ્પનો ગુચ્છ પકડ્યો છે. (૯) ચારેય તરફ જેમણે કરુણામૃતનું પુર પ્રસાર્યું છે અને પોતાના આશ્રિતોના મનનો તાપ જેમણે હણ્યો છે, સંસૃતિના બંધનો નાશ કરી ચંચળ દૃષ્ટિથી પોતાના ભક્તો તરફ ચારેય બાજુ જોતા. (૧૦)

સુંદર ગોળ નાભિ રૂપી જળાશય જેમને છે અને મુક્ત હાસ્યની કાન્તિથી જેમણે ચંદ્રમાની માફક જેમના ચંચળ બંને નેત્રો શોભે છે સુંદર વચનરૂપી અમૃતથી જેમણે પોતાના આશ્રિત ભક્તોનું પોષણ કર્યું છે. (૧૧) સંગીતની સમગ્ર કળામાં અતિ ચતુર, દેહધારીઓને અત્યંત વિસ્મય પમાડતા સ્વરૂપી સુધારસની વૃષ્ટિથી પોતાના ભક્તોને અત્યંત સુખ આપતા, મુનિઓ છે પ્રિય જેમને. (૧૨)

પોતાના શરીરમાંથી સુગંધીથી લોભાયેલા, ગુંજન કરતાં અતિ ચંચળ ભમરાઓના સમુદાયોથી સામ વેદના મનમાં નિપુણ, ઋષિના પુત્રોથી જેમ વીંટાયેલા હોય તેમ ચારેય તરફ ભ્રમરોથી વીંટાયેલા શોભતા હતા. (૧૩) મંદહાસ્યથી પ્રસરતી દંતપંક્તિઓની કાન્તિથી વિલસીત થયા છે અધર રૂપી પલ્લવો તેથી પ્રકાશમાન, વાંકી, સુંદરશ્રેષ્ઠ કાળી ભ્રકુટિથી કામદેવના ધનુષ્યની શોભાને જીતતા. (૧૪) નિમેષોન્મેષથી

રહિત નેત્રો જેમનાં છે, પોતાના ભક્તોએ અત્યંત પ્રેમથી દર્શન કરેલા, જેમનું પાદપીઠ લોકપાલોના મુગટોના અગ્રભાગોની પરંપરાથી સંઘર્ષિત થયું છે. (૧૫)

કલિયુગ રૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન, પોતાના ચરણના આશ્રિત જનોનું રક્ષણ કરવામાં ચતુર, શ્રવણ માત્રથી મંગળકારી મહાયશવાળા, જેમના દર્શનમાત્રથી પાપ નાશ થાય છે. (૧૬) આવી રીતે પવિત્ર કરનારાં છે દર્શન જેમનાં એવી શોભાને ધારણ કરતા પ્રભુ શ્રીહરિ સંગીતજ્ઞ મુનીઓને પોતે પહેરેલા હાર આપવા લાગ્યા. (૧૭)

પછી દયાનિધિ શ્રીહરિ વાવ્યમાં સ્નાન કરવા લાગ્યા. તેમના આશ્રિતો, વર્ણીઓ, મુનિઓ તથા અન્ય ભક્તો પણ તેમાં સ્નાન કરવા લાગ્યા. (૧૮)

પછી પ્રભુ શ્રીહરિ રાધાબાગમાં આવીને પોતાના સમગ્ર જનોએ સ્નાન વિધિ કર્યો ત્યાં સુધી પોતાના આસનમાં બિરાજ્યા. (૧૯) તે સમયે શ્રીહરિએ પોતાના પુરના આશ્રિતોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી મનોહર શુભ વાર્તા કરી. (૨૦) હે રાજન્ ! સત્પતિ શ્રીહરિ તે વાડીમાં પોતાનાં અનન્ય ચિત્તથી જોડાયેલા પોતાના ભક્તોની પ્રીતિ માટે વારંવાર વિવિધ પ્રકારના ભોજનો જમતા હતા. (૨૧)

વળી સ્વયં શ્રીહરિ પોતાના ચરણ સ્પર્શથી પવિત્ર થયેલ તે મનોહર વાડીમાં શુદ્ધ અંતઃકરણવાળા પોતાના આશ્રિતોને પણ પ્રીતિપૂર્વક જમાડતા હતા. (૨૨) હે ભૂપતે ! પછી શ્રીહરિ શ્રેષ્ઠ ગતિવાળી તાજણ ઘોડી ઉપર બિરાજી ઘોડેસવારોથી વીંટાયેલા, ચળકતાં બંને ચામરો તથા અતિ રમણીય છત્રાદિ જેમને છે એવી શોભાયુક્ત, વાદ્યોના ધ્વનિ સાંભળતા, ઘણાં લોકો જેમના દર્શન કરે છે તે રીતે સંતો તથા વર્ણીન્દ્રો વગેરે આશ્રિતજનોની સાથે હર્ષથી પોતાના નિવાસમાં પધાર્યા. (૨૩-૨૪)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિએ રાધાવાડીમાં કરેલી લીલાનું નિરૂપણ કર્યું એ નામે પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક સમયે અભય રાજા શ્રીહરિને નમસ્કાર કરીને બંને હાથ જોડીને પ્રાર્થના કરતા હે ભૂપતે ! અતિપ્રીતિથી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૧)

અભય રાજા કહે છે :- હે ભગવન્ ! આવતી કાલે દયા કરીને મારા શ્રેષ્ઠ ભુવનમાં આવીને આપ જમો. તેમજ વર્ણીન્દ્રો તથા સંતો વગેરે આશ્રિતોને પણ જમાડો. (૨) આપના ભોજન સમયના દર્શન કરવાની મને તથા મારા પુત્ર અભયને તેમજ જયા-લલિતા, મારા પરિવાર પાંચાલી, નાની તથા પુત્ર વધૂઓ સર્વની ઈચ્છા છે. (૩)

હે સ્વામિન્ ! આપ અમારો આ મનોરથ પૂર્ણ કરો. તેમનું આવું વચન સાંભળીને અચ્યુત શ્રીહરિએ 'ભલે' એ પ્રમાણે અભય રાજાને કહ્યું. (૪-૫)

પછી નરેન્દ્રે મુનિઓ વગેરે માટે ઉત્તમ રસોઈયા બ્રાહ્મણોની પાસે વિવિધ પ્રકારના પકવાનો કરાવ્યા. (૬) શ્રીહરિ નિત્યવિધિની સમાપ્તિ કરે એટલે શ્રીહરિની પૂજા માટે નાના પ્રકારના ઉપચારો આપીને ઉત્તમ કુમારને લલીતાએ મોકલ્યા. (૭) ઉત્તમે, હર્ષપૂર્વક શ્રીહરિના ભુવનમાં આવીને, શ્રીહરિને નમસ્કાર કરીને, સમગ્ર ઉપચારો શ્રીહરિની સમીપે મૂક્યા. (૮)

પછી મુકુંદાનંદ, વર્ણીન્દ્રે સોનેરી કિનારીવાળું પીતામ્બર હર્ષથી શ્રીહરિને ધારણ કરાવ્યું. (૯) મુકુંદાનંદ વર્ણીએ સોનેરી પાલવવાળો લાલ રેશમી ખેસ શ્રીહરિના તેજોમય શરીર ઉપર હર્ષપૂર્વક ધારણ કરાવ્યો. (૧૦) મુકુંદાનંદ વર્ણીએ વિવિધ પ્રકારના પુષ્પોથી રચેલું મોળીયું શ્રીહરિને મસ્તક ઉપર ધારણ કરાવ્યું. તેમાં સુંદર પુષ્પોના તોરાઓ પણ ધારણ કરાવ્યા. (૧૧)

પછી વર્ણીએ કેસરે યુક્ત ચંદનથી શ્રીહરિના ભાલમાં પત્રલતાની માફક ચર્ચા કરી. તેના મધ્યમાં સુંદર કુંકુમનો ચાંદલો કર્યો. (૧૨) વર્ણીએ સુંદર મણિઓ જડિત સુવર્ણના ઝાંઝરો શ્રીહરિના બંને ચરણકમળોમાં ધારણ કરાવ્યા. સુવર્ણમયી કટિમેખલા જેમાં રત્નો ચળકે છે તે કેડ્યમાં ધારણ કરાવી. (૧૩) શ્રીહરિના હાથની સુંદર આંગળીઓમાં સુવર્ણના જડેલાં રત્નો વાળી શ્રેષ્ઠ વીંટીઓ ધારણ કરાવી તથા બંને હાથમાં સોનાના કંકણો તથા કડા ધારણ કરાવ્યાં. (૧૪)

વર્ણીએ પ્રકાશમાન રત્નોથી રમણીય સુવર્ણના બાજુબંધો શ્રીહરિના બંને હાથમાં ભક્તિપૂર્વક ધારણ કરાવ્યાં. તેમજ બંને કાનમાં મકરાકર કુંડળો પણ ધારણ કરાવ્યાં. (૧૫) વર્ણીએ સુવર્ણમય હાર તથા સુંદર મોતીની માળા શ્રીહરિના મનોહર કંઠમાં ધારણ કરાવી. (૧૬)

પછી શ્રીહરિ સુવર્ણની ઘુઘરીઓવાળી, મુક્તોએ પૂજેલી અત્યંત શોભતી, બંને પાદુકાઓ પોતાના બંને ચરણોમાં પહેરીને જમણા હાથમાં લાલ રેશમી રૂમાલ ધારણ કરી, મુકુંદાનંદ નંદાદિ વર્ણીન્દ્રો તથા સોમ-સૂરાદિ પાર્ષદોથી વીંટાઈને, ચરણમાં શોભતી પાદુકાના ચટ્ચટ્ ધ્વનિ કરતા, એક હાથમાં રૂમાલ પકડી તે હાથને હલાવતા અભય રાજાના ભુવનમાં પધાર્યા. (૧૭-૧૮-૧૯)

સુગંધિમાન ધૂપથી યુક્ત, કેસરથી યુક્ત જળથી છંટાયેલા, જેના દ્વારમાં સુંદર તોરણો છે, વિવિધ પ્રકારના રંગના ઉલ્લોચો જેમાં છે એવા ભુવનની બહાર ઓસરીમાં મનોહર, સુંદર કોમળ આસનવાળી પાટ ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. શ્રીહરિની સમીપે સમગ્ર વર્ણીઓ શ્રીહરિના દર્શ કરતા બેઠા. તેમનાથી દૂર પાર્ષદો બેઠા. (૨૦-૨૧-૨૨)

પછી અભય રાજાએ આમંત્રેલા મુક્તાનંદાદિ મુનિઓ ત્યાં આવી શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિના દર્શન કરતા ત્યાં બેઠા. (૨૩) પછી જયા-લલિતા-રમા વગેરે સ્ત્રીઓ મનોહર બરફી પેંડા, કોપરાપાક (૨૪) ગુલાબપાક, ઉત્તમ દ્રાક્ષપાક, એલાયચીપાક, બદામપાક વગેરે અતિ સુંદર, સાકરેયુક્ત સુખડી, સાકરેયુક્ત તલસાંકળી તથા ઉત્તમ સાકર તથા ઘી મિશ્રિત કેળા મનોહર પાત્રોમાં જુદાં જુદાં

ભરીને શોભતી ચોકીઓમાં શ્રીહરિથી દૂર અતિ સ્નેહપૂર્વક મૂકતા હતા. (૨૫-૨૬-૨૭)

રામા, અમરી આદિ બ્રાહ્મણની સ્ત્રીઓ, સાકરેયુક્ત અતિ સુંદર ચણાના લોટના લાડુઓ, મેવાના લાડુ, મગદળના લાડુ તથા ઉત્તમ ગુંદરપાક, નાના પ્રકારના પાત્રોમાં જુદાં જુદાં ભરીને મહા આનંદથી ચોકીઓમાં શ્રીહરિની આગળ મૂકતા હતા. (૨૮-૨૯-૩૦)

પાત્રોમાં ભરેલા સુંદર દૂધમાં પલાળેલા, ધોએલી સાકર મિશ્રિત, ઉત્તમ ડાંગરના પૌંવા તથા ગાળીને ગરમ કરેલું સાકર સહિત દૂધ (બાસુંદી) (૩૧-૩૨) ધોયેલી સાકરેયુક્ત પાત્રમાં રહેલું દહીં, સાકરેયુક્ત તાજું ઘી તથા સાકરેયુક્ત ગુલાબજાંબુ વગેરે શ્રીહરિમાં પ્રેમેયુક્ત સુખાકુમારી વગેરે સ્ત્રીઓ રમણીય પાટલાઓ ઉપર પ્રથમની માફક શ્રીહરિની આગળ થોડેક દૂર મૂકતી હતી. (૩૩-૩૪)

પ્રેમબાઈ, રાઈબાઈ વગેરે સ્ત્રીઓ સ્નેહયુક્ત થઈને આદુ, લીમ્બુ, હળદર, કેરી વગેરેનાં રાયતાં તથા મેથીયાં, મુરબ્બા વગેરે અથાણાં તથા સુંદર પાત્રમાં સાકર તથા પાત્રમાં ઘી હે મહીપતે ! દૂરથી ચોકી ઉપર મૂકતાં હતાં. (૩૫-૩૬-૩૭) પછી મુકુંદાનંદ વર્ણીરાજે દૂર રહેલાં પાત્રો લાવીને શ્રીહરિની આગળ મોટી પાટ ઉપર સ્થાપન કર્યાં. (૩૮)

પછી મુકુંદાનંદ વર્ણી પાસે અભય રાજાએ દૂધમાં કરાવેલ શીરો, દૂધપાક, પુરીઓ વગેરે તથા દૂધમાં પોતે જ કરેલાં વિવિધ પ્રકારના રમણીય પાકો તથા મીઠા વિનાનાં શાક વગેરે મોટા થાળમાં તત્કાળ લાવીને મોટા પાટલા ઉપર શ્રીહરિની આગળ ભક્તિપૂર્વક મૂકતા હતા. (૩૯-૪૦-૪૧)

હે ભૂપતે ! પછી શ્રીહરિ વર્ણીએ આપેલું મીઠું ઉતાવળથી શાકમાં નાંખતા હતા. (૪૨)

પછી નર નાટ્યધારી ભક્તવત્સલ શ્રીહરિ નાના પ્રકારનાં ભોજન વિષ્ણુને નિવેદન કરી સારી રીતે જમતા હતા. (૪૩) મહા ચતુરાઈથી ભોજન કરતા પોતાના અભીષ્ટ શ્રીહરિનાં, વર્ણીઓ પાર્ષદો, સંતો, ઉત્તમ તથા અભય વગેરે હર્ષપૂર્વક દર્શન કરતા હતા. (૪૪)

જયા, લલિતા, રમા વગેરે સ્ત્રીઓ દૂર ઊભી રહીને ચકોર ચંદ્રમાને જેમ નિહાળે તેમ આદરપૂર્વક શ્રીહરિના દર્શન કરતી હતી. (૪૫)

પુષ્પની પાઘમાં ચપળ પુષ્પોના તોરાથી શોભતા, ભોજન કરતા શ્રીહરિના દર્શન કરીને જનસમુદાયો તૃપ્તિ પામ્યા નહિ. (૪૬) શ્રીહરિ જુદા જુદા ભોજનો વખાણતા, દયાર્દ્ર દૃષ્ટિથી પોતાના જનોને જોતા, ભક્તોના આનંદ માટે જમતા હતા. (૪૭) તે સમયે શ્રીહરિ જમતા જમતા પ્રીતિપૂર્વક મુકુંદાનંદ વર્ણી પાસે અભય રાજાને તથા તેમના પુત્રને સ્વાદિષ્ટ ભોજનો અપાવતા હતા. (૪૮)

ભોજનો મધુર સ્વાદવાળાં હોવાથી પાર્ષદો તથા સાધુઓને મુકુંદાનંદ વર્ણી પાસે શ્રીહરિ પોતાની પ્રસાદિનાં ભોજનો અપાવતા હતા. (૪૯) શ્રીહરિ સુંદર શીરો, પૂરીઓ સાકર તથા સુંદર ઘીથી યુક્ત કેળાં પણ જમતા હતા. (૫૦)

એલાયચીપાક, પેંડા, બરફી, સુખડી, મગદળ વગેરે ભોજનો તેમજ શાક, સાકરવાળું દહીં,

સાકરવાળું દૂધ તથા માખણ તેમજ સાકરવાળા પૌવા શ્રીહરિ જમતા હતા. (૫૧-૫૨) પછી ધર્માત્માજ શ્રીહરિ સોનાના પાત્રમાં ચંદનપંક તથા શ્રેષ્ઠ જળથી બંને હાથ ધોતા હતા. શ્રેષ્ઠ જળથી મુખકમળ પણ ધોતા હતા. (૫૩) પછી શ્રીહરિને વર્ણીરાજે લવીંગ, એલાયચી તથા સોપારીના ચૂર્ણથી ભરેલી જયાએ મોકલેલી રમણીય, પાનબીડી આપી. (૫૪) પછી લાલ રેશમી વસ્ત્ર ડાબા ખભા ઉપર વાંકું કરીને, પોતાની શોભાયમાન કેડ્ય ઉપર તેને દૃઢ બાંધીને, ભક્ત સમુહો દર્શન કરે છે અને જેમનું અત્યંત મધુર વદન મંદ હાસ્યથી શોભે છે તે પોતાના ભક્તોના પોષક શ્રીહરિ અનુપમ હર્ષથી પોતાના જનોને જમાડવા તત્પર થયા. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાંશ્રીહરિકૃત ભોજનાદિ લીલા નિરૂપણ નામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિ અભય રાજાના ભુવનની ઓસરીમાં મુકુંદાનંદ વગેરે બ્રહ્મચારીઓની પંક્તિ તત્કાળ કરાવતા હતા. (૧) શ્રીહરિ તે પંક્તિમાં સુખડી, પેંડા, બરફી, વિવિધપાકો, મગદળના લાડુ આદરપૂર્વક પીરસતા હતા. (૨)

શ્રીહરિ ચણાના લોટના સાકરીયા લાડુ તથા દૂધપાક વગેરે બ્રહ્મચારીઓની પંક્તિમાં ફરતા ફરતા તેમને પીરસતા હતા. (૩) પંક્તિમાં હર્ષપૂર્વક વર્ણીઓને વિવિધ પ્રકારનાં અથાણાં તથા શાક પીરસતા હતા. (૪) પછી સર્વે વર્ણીઓ હર્ષપૂર્વક વિલાસયુક્ત ચંચળ ગતિવાળા, મંદ હાસ્યયુક્ત મુખારવિંદવાળા, શ્રીહરિના દર્શન કરતા જમતા હતા. (૫)

મસ્તક હલાવી ના, ના એમ બોલતા વર્ણીઓને અત્યંત આગ્રહ કરીને શ્રીહરિ ભોજન પીરસતા હતા. (૬) પછી ભગવાન શ્રીહરિ દૂધ તથા દૂધમાં પલાળેલા સુંદર પૌવા તથા સાકર પીરસીને તેમને સારી રીતે જમાડતા હતા. (૭)

હે રાજન્ ! અખિલેશ્વર હરિકૃષ્ણ આ પ્રમાણે તેમને ભોજન કરાવીને પોતાના ચરણકમળમાં આસક્ત સાધુઓની પંક્તિ કરાવતા હતા. (૮) પછી સંતો સાકરે યુક્ત રમણીય મોતૈયા લાડુથી ભરેલા તથા બરફી વગેરેથી યુક્ત પાત્રો લાવીને (૯) તે પંક્તિમાં આવતા હતા. પછી શ્રીહરિ સાધુઓને પકડેલા પાત્રોમાંથી બંને હાથે વિવિધ પ્રકારના પકવાનો લઈ મુનીદ્રોને પીરસતા હતા. (૧૦)

દાળ, ભજિયાં વડાં, અથાણાં, પાપડ, શાક વગેરે સાધુઓને પીરસતા હતા. (૧૧) શ્રીહરિ પંક્તિમાં વારંવાર ફરતાં ફરતાં વાનગીઓના નામ બોલતા વિવિધ પ્રકારના ભોજન હર્ષપૂર્વક પીરસીને સાધુઓને જમાડતા હતા. (૧૨) સત્પતિ, મંદહાસ્યથી શોભાયમાન મુખવાળા શ્રીહરિ, ના, ના કહેતા

સાધુઓના પાત્રોમાં પણ પ્રેમપૂર્વક ભોજન પીરસતા હતા. (૧૩)

શ્રીહરિ જમવા માટે અશક્ત સાધુઓને પણ તેમનાં વક્ષઃસ્થળોમાં તથા મસ્તકો ઉપર પોતાના ચરણારવિંદ આપીને પણ જમાડતા હતા. (૧૪)

એવી રીતે મુનિઓને વારંવાર આદરપૂર્વક પીરસતા શ્રીહરિએ દયાનંદ મુનિની કુખમાં પોતાના ચરણથી સ્પર્શ કર્યો. (૧૫) પછી મુનિ જ્યારે ચમકીને વ્યાકુળ થઈ શ્રીહરિ પ્રત્યે જોતા હતા ત્યારે ભગવાન શ્રીહરિ હસતા હતા તેમજ સાધુઓ પણ હસતા હતા. (૧૬) હર્ષપૂર્વક પીરસતા શ્રીહરિ અત્યંત ચપળતાથી સાધુઓની પંક્તિમાં ચાલતા, પોતાના દર્શન કરનારા પોતાના ભક્તોને વિસ્મય પમાડતા હતા. (૧૭)

શ્રીહરિની પીરસવાની નિપુણતા જોઈને તે સમયે ઘણા ભક્તો આનંદ પામ્યા. (૧૮) જયા, લલિતા તથા રમા વગેરે સ્ત્રીઓ પીરસતા તથા પીરસાવતા શ્રીહરિના દૂરથી દર્શન કરીને ચિત્રની માફક ઊભી રહી હતી. (૧૯)

પછી સાધુઓ, ભોજન કરતા સાધુઓને સુંદર ભાત પીરસતા હતા. શ્રીહરિ ધોયેલી સાકર તથા દૂધ પીરસતા હતા. (૨૦) શ્રીહરિ પોતે હસતા તથા સાધુઓને હસાવતા ઘણો આગ્રહ કરી મુનિઓને પ્રીતિપૂર્વક સાકર સહિત દૂધ પાતા હતા. (૨૧)

મંદહાસ્ય કરતા, મહાબુદ્ધિશાળી, બ્રહ્માનંદની સમીપે જઈને શ્રીહરિ તેમના મસ્તક ઉપર દૂધ રેડી તે દૂધના પાત્રને ખાલી કરતા હતા. (૨૨) પછી શ્રીહરિ તેમના મસ્તક ઉપર સાકર નાખતા હતા, તેવા બ્રહ્માનંદને જોઈને શ્રીહરિ હસતા હતા તથા સર્વે સંતો પણ હસતા હતા. (૨૩)

નરનાટ્ય કરતા ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ મુનીંદ્રના મસ્તક ઉપર પ્રેમપૂર્વક દૂધનો અભિષેક કર્યો. (૨૪) પછી શ્રીહરિ મુનીંદ્રોને દહીં પીરસતા હતા. હે મહીપતે ! તે દહીં પણ બ્રહ્માનંદના મસ્તક ઉપર શ્રીહરિ રેડતા હતા. (૨૫) શ્રીહરિ એવી રીતે પોતાને પ્રિય સંત જનોને પીરસીને તથા પીરસાવીને અત્યંત તૃપ્ત કરી પછી પોતાના પાર્ષદોને જમાડતા હતા. (૨૬) શ્રીહરિ અભય રાજાને તથા તેના પુત્રને પ્રીતિપૂર્વક પીરસીને જમાડતા હતા. નાગાર્જુન વગેરે સર્વ ગવૈયાઓ તથા વાદ્યો વગાડનારાઓને પણ પીરસીને શ્રીહરિ જમાડતા હતા (૨૭)

શ્રીહરિ, પોતાની પ્રસાદિભૂત થાળ તથા પોતાની પ્રસાદિનું જળ તો જયા વગેરે સ્ત્રીઓને ઉત્તમની સાથે મોકલતા હતા. (૨૮) પછી સેવામાં વિચક્ષણ, બુદ્ધિમાન; મુકુંદાનંદ વર્ણીરાજ શ્રીહરિના બંને હસ્તો તથા બંને ચરણો જળથી ધોતા હતા. (૨૯)

પ્રભુએ બધા મુનિવર્યોને પોતપોતાનાં નિવાસસ્થાને જવાની અનુજ્ઞા આપી અને પછી પોતે પગમાં પાદુકા ધારણ કરીને પોતાના સેવક પાર્ષદોની સાથે પોતાના નિવાસસ્થાને પધાર્યા. (૩૦)

આવી રીતે સ્વાદિષ્ટ ઉત્તમ રસામૃતથી પૂર્ણ અનેકવિધ ભોજનસામગ્રીથી તે પ્રભુએ સંસ્કારી બ્રાહ્મણોને તેમજ મુનીશ્વરોને ભોજન કરાવ્યું. (૩૧) હે રાજન્ ! અનન્તવિધ અવતાર ધારણ કરનાર

તે પ્રભુની પરિવેષણકળા, વર્ણન કરવાથી અને શ્રવણ કરવાથી ખરેખર આનંદ ઉપજાવે છે, તે કળા અનન્ત અપાર અને વિચિત્ર છે. (૩૨) વાણી ઉપર પૂર્ણ આધિપત્ય મેળવનાર બ્રહ્મદેવ તથા ભગવાન શેષ પણ તે કળાના પારને પામી શકતા નથી. તેથી મેં અત્યંત સંક્ષેપમાં તે કળાનું વર્ણન કર્યું છે. (૩૩) ભગવાન સ્વામિનારાયણની આ દિવ્ય પરિવેષણ લીલા સાંભળતાં આનંદ ઉપજાવે છે. અને જે વાંચશે કે સાંભળશે તે નક્કી જ દુનિયા સર્વ ભોગોનો અને અંતે મોક્ષપદનો અધિકારી બનશે. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના સુપુત્ર શ્રીરઘુવીરાચાર્યજી મહારાજના રચેલા હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં ગ્રંથરાજના પંચમસ્કંધમાં આવેલો પંક્તિપરિવેષણ લીલાવર્ણન નામનો સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજા માનસિંહ ! એક સમયમાં શ્રીહરિ મહારાજ લલિતાના ઓરડાની બહાર વેદિ ઉપર કોમળ ગાદલાં આદિકે યુક્ત એવા શ્રેષ્ઠ આસન ઉપર વિરાજમાન થતા હતા. (૧) હે રાજન્ ! તે શ્રીહરિની આગળ જેમ ઘટે તેમ બેઠેલા એવા સર્વે ત્યાગી અને ગૃહસ્થ હરિભક્તો સ્થિર છે નેત્ર જેનાં એવા થકા તે શ્રીહરિ મહારાજનાં દર્શન કરતા હતા. (૨)

અને પુરુષની સભાથી છેટે બેઠેલી જયા, લલિતા, રમા, અમરી આદિક સ્ત્રીઓ મટકારહિત છે દૃષ્ટિથી શ્રીહરિ મહારાજનાં હર્ષપૂર્વક દર્શન કરતી હતી. (૩) ત્રિવિધ તાપને હરનારું, મિષ્ટ મંદ હાસ્યથી શોભાયમાન છે મુખ કમળ જેમનું એવા, ને કરુણા કટાક્ષથી પોતાના આશ્રિત જનને જોતા એવા ભગવાન તે શ્રીહરિમહારાજ, ચારે કોરે ગુંજાર કરતા ને ભમતા એવા જે ભ્રમરા તેની પંક્તિ વડે વીંટાયેલા, પોતાના ભક્તોને પોતાના દર્શન સંબંધી અત્યંત સુખ આપતા હતા. (૪)

તે સુખનું સાત શ્લોકથી વર્ણન કરે છે. રેશમની સુંદર નાડીવાળો શ્રેષ્ઠ લાલ સુરવાળ તેને શોભાયમાન એવો જે કટીનો ભાગ તેને વિષે ધારણ કરનારા ને ચળકતા સોનાના તારથી પ્રકાશમાન ને બહુ મૂલ્યવાળું શ્રેષ્ઠ શ્યામ એવું ઓઢવાનું વસ્ત્ર તેને પોતાના ખભાને વિષે ધારણ કરતા થકા પોતાના દર્શન સંબંધી સુખ આપતા હતા. (૫)

અતિશય ઉત્તમ સોનાના તારવાળું કસુંબી અને સૂર્યનારાયણને તુલ્ય કાંતિએ યુક્ત મહામૂલ્યવાળું અને સોનાના પાઘનો છેલ્લો ભાગ તેનું જે છોગું તેણે કરી શોભાવાળું અને સોનાના મણકાના તોરાની પંક્તિથી શોભાયમાન એવું મોળીયું તેને ધારણ કરતા થકા પોતાનું દર્શન સંબંધી અત્યંત સુખ આપતા હતા. (૬) રેશમના લાલ શ્રેષ્ઠ તંતુમય ને અત્યંત શોભાયમાન છેડાવાળા રૂમાલને પોતાના હાથમાં ધારણ કરતા ને સોનાના સુદર કડાં ને બાજુબંધથી શોભતા એવા અને ગળાને વિષે અતિ સુંદર સોનાના હારને ધારણ કરતા પોતાનું દર્શન સંબંધી અત્યંત સુખ આપતા હતા. (૭)

એક અંગની જે સુંદરતા તેણે કરીને લજ્જાને પમાડ્યા છે. કોટીક કામ જેણે એવા ને શેષાદિકથી પણ તર્ક કર્યામાં ન આવે એવી રીતની સુંદરતાના મોટા સમુદ્ર એવા, અને આનંદના કંદ ધર્મના પુત્ર ને દિવ્ય મૂર્તિમાન ને નાના પ્રકારના ભેદયુક્ત નવરસ તેના એક કારણરૂપ અને મનની વ્યથાને નિવૃત્તિ કરે એવું છે દર્શન જેમનું એવા જે શ્રીહરિમહારાજ પોતાનાં દર્શન સંબંધી સુખ આપતા હતા. (૮) અને અતિશય દયારૂપી અમૃતથી પૂર્ણ છે નેત્ર જેમના એવા, અને અત્યંત સ્નેહે યુક્ત સુંદર હાસ્યથી અનુમાન થતી પ્રસન્નતા જેમની છે એવા, ને દિવ્ય ને અતિ સુગંધેયુક્ત એવા અવયવોથી અતિશય શોભતા ને શોભાયમાન ગુલાબના છે ગુચ્છ જેમના કર્ણમાં એવા, જે શ્રીહરિ તે દર્શન સંબંધી સુખ આપતા હતા. (૯) દિવ્ય અને અત્યંત શાંતિનું કારણ જે તેજ તેણે સદા યુક્ત છે મૂર્તિ જેમની, અને અતિ પ્રખ્યાત છે પ્રતાપ જેમનો એવા, વિશેષપણે પોતાની મેળેજ શોભાયમાન ને પોતાના ભક્તની મનની વૃત્તિઓને હરનારા ને મૂર્તિમાન શ્રૃંગાર રસ તુલ્ય એવા જે શ્રીહરિ તે દર્શન સંબંધી સુખ આપતા હતા. (૧૦)

શ્યામ વર્ણ ને વિશાળ ને સુંદર કોમળ એવા લલાટમાં સુગંધીમાન અત્યંત સુંદર કેસરચંદન સંબંધી મધ્યભાગે વિદ્યમાન સુંદર કુમકુમના ગોળ ચાંદલાવાળી મનોહર અર્ચાને ધારણ કરતા, આ હેતુ માટે દર્શન કરવા યોગ્ય એવા જે શ્રીહરિ મહારાજ તે દર્શનનું સુખ આપતા હતા. (૧૧) એ પ્રકારે પોતાના ભક્તોને પોતાના દર્શન દઈને અત્યંત આનંદ પામેલા તે પોતાના આશ્રિત ભક્તો પ્રત્યે અમૃત તુલ્ય મિષ્ટ સારરૂપ વચન શ્રીહરિ મહારાજ કહેતા હતા. (૧૨)

શ્રી હરિકૃષ્ણ મહારાજ કહે છે કે :- હે ભક્તો ! તમને મારા જાણી તમારા હિત માટે મારું રહસ્ય હું કહું છું. સર્વે તમો એકાગ્ર ચિત્તવાળા થઈને સાંભળો. (૧૩) હે ભક્તો ! ક્ષર સંજ્ઞક પુરુષ થકી અક્ષર સંજ્ઞક પુરુષ શ્રેષ્ઠ છે એમ નિશ્ચય તમો જાણો. (૧૪)

ક્ષર અને અક્ષર સંજ્ઞક પુરુષોમાં તુલ્યતા નથી. તે બેયમાં સર્વ પ્રકારે ભેદ છે ને તે પરસ્પર સ્વાભાવિક ભેદવાળા ક્ષર અક્ષર થકી સર્વનો ઈશ્વર હું સ્વરૂપ સ્વભાવાદિકે કરીને અધિક છું. (૧૫) હે સજ્જનો ! અમૃત ને વિષમાં જે ઘણો ભેદ છે તેમજ અહીં શાસ્ત્રોક્ત લક્ષણે યુક્ત સાચા સાધુ ને કેવળ વેશધારી અસાધુમાં ભેદ છે. (૧૬) મને પ્રિય એવા સાચા સાધુના સમૂહમાં હું પ્રીતિ કરી નિરંતર રહું છું. તેવા સાધુથી હું ક્ષણમાત્ર પણ છેટે નથી રહેતો. (૧૭) જે કલેશને દેનાર માન તેનો ત્યાગ કરીને સદા દાસભાવે કરીને આવા સત્સંગમાં રહે છે તે મને અતિ વહાલા છે. (૧૮) પોતાના ધર્મમાં રહેલા જે પુરુષો સર્વોપરિ અવતારી મને જાણીને મને ભજે છે તેને અંતકાળે મુક્તોએ સહિત હું તેડવા સારું આવીશ. (૧૯) દિવ્ય દેહવાળા તે ભક્તોને ગરુડ ને રથ આદિક દિવ્ય વાહનમાં બેસાડીને મારા દિવ્ય અક્ષરધામમાં હું લઈ જઈશ. (૨૦) હે ભક્તો મારી મૂર્તિ સનાતન અતકર્ય છે ને મારો લોક દિવ્ય છે, મારા ભોગ દિવ્ય છે, ને મુક્ત પણ દિવ્ય છે. (૨૧) અને મારી મૂર્તિ માયિક ત્યાગ કરવા યોગ્ય ગુણોથી રહિત છે. ને સર્વ જગતને બંધન કરનાર તે માયાના કાર્યભૂત ઈંદ્રિયો અંતઃકરણાદિકથી પણ રહિત છે. (૨૨) સર્વ ધામ કરતાં શ્રેષ્ઠ, શુભને અતિ ઉત્તમ સંપતવાળું, દિવ્ય ને આઠ આવરણથી

પર, અવિનાશી બ્રહ્મપુર નામે મારું ધામ છે. (૨૩)

તે ધામને બે શ્લોકથી વર્ણવે છે. જે ધામ અમૃત નામે ને ચિદાકાશી, અક્ષર, ને શાંત અપરિચિત તેજે કરીને પ્રકાશમાન અનાદિ કહ્યું છે. (૨૪) અને અનુપમ ને દિવ્ય એવા ગુણ ને ઐશ્વર્યાદિકે યુક્ત ને બીજાને ન મળે એવી ઉદાર ને અલૌકિક આનંદની સંપત્તે સેવેલું છે. (૨૫) અને તે બ્રહ્મપુર ધામમાં દિવ્યમણિમય શોભાએયુક્ત ઘણાં મંદિરોથી શોભાયમાન એવું દિવ્ય અતિ સુંદર ને સર્વથી શ્રેષ્ઠ રુડા મણિની કાન્તિએ યુક્ત મંદિર છે. (૨૬) અને તે મંદિરમાં સોનાનું, દિવ્ય મણિની કાન્તિવાળું, સુંદર સિંહાસન છે. તે સિંહાસન ઉપર દિવ્ય મૂર્તિમાન બે હસ્તવાળો હું બિરાજમાન છું. (૨૭) સ્વતંત્ર એવો જે હું તે જ જીવ, ઈશ્વર, માયા, પુરુષ, કાળ, અક્ષરાદિકનો નિયંતા છું. (૨૮) જેમ ચક્રવર્તિ રાજા થકી બીજા રાજાઓ કંપાયમાન થઈ સર્વ પ્રકારે તેને વશ વર્તે છે. (૨૯) તેમ સર્વે તે ઈશ્વરાદિક મારાથી નિરંતર ભય પામી મારાથી વૈભવ ઐશ્વર્યને પામી મને અતિશય વશ વર્તે છે. (૩૦) અસંખ્યાત બ્રહ્માંડની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય તે મારી દૃષ્ટિ વડે જ થાય છે. હે મારા આશ્રિતજનો ! એમ મને જાણો. (૩૧)

હે ભક્તો ! મારા ઘણાક અવતાર થયા છે, ને જે થશે અને અત્યારે વર્તમાને છે તેમનો કારણ અવતારી તો હું જ છું. (૩૨) જે અક્ષરધામનો અધિપતિ તે જ હું અવતારી અક્ષરધામથી દિવ્ય ઐશ્વર્યે યુક્ત આ પૃથ્વી ઉપર ભરતખંડમાં તમારે અર્થે આવ્યો છું. (૩૩)

હે સાધુ પુરુષો ! તે હેતુ માટે સર્વે મારાં જન્મ ને કર્મ દિવ્ય છે તેમાં અલ્પ પણ પ્રાકૃત ભાવ નથી. (૩૪) હું કર્તું એટલે અક્ષર મુક્તાદિકને મારા તેજમાં લીન કરી હું પોતે એકાકી રહેવાને સમર્થ છું. અકર્તું એટલે અક્ષર મુક્તાદિકે કરી જે મારી સેવા તેને અંગીકાર કરવાને અર્થે મારા તેજમાં લીન ન કરવાને સમર્થ છું. તેમ અન્યથા કર્તું એટલે મારા અક્ષરધામને પણ મારા સ્વરૂપમાં લીન કરી મારા સામર્થ્યથી સર્વ અક્ષરમુક્તોને સ્વતંત્રપણે ધારવાને સમર્થ છું. તે સર્વનો આધાર છું, અને આધારની અપેક્ષાએ રહિત છું. (૩૫) તે વાતને સ્પષ્ટપણે કહે છે. ભગવાન એવો હું સ્વંસિદ્ધ ઐશ્વર્યવાળો છું ને બીજા સર્વે અવતાર તો મારાથી ઐશ્વર્ય પામીને ભગવાન સંજ્ઞાવાળા થાય છે. (૩૬) તેમનાં સર્વે ઐશ્વર્ય મારે આધીન છે. તે હેતુ માટે તે સ્વતંત્ર નથી. સ્વતંત્રતો હું એક જ છું. (૩૭) સ્વસિદ્ધ, શુદ્ધ, નિર્બાધ, દિવ્ય, અગાધ ને અદ્‌ભુત એવું જે મારું જ્ઞાન તેને હણવાને કાળ આદિક કોઈ પણ સમર્થ નથી. (૩૮) હે ભક્તો! મેં જે કરવાને ઈચ્છેલું તેને કોઈ યોગ, તપ, વિદ્યા, બુદ્ધિ, ધર્મ ને ધન આદિકથી નાશ કરવાને સમર્થ નથી જ. (૩૯) મારા દિવ્ય અક્ષરધામમાં વસતા ને શ્રેષ્ઠ દિવ્ય તેજમય દેહવાળા અક્ષર સંજ્ઞક કોટિ મુક્તને. (૪૦)

દિવ્ય, નિર્દોષ ને કલેશ વર્જિત જે સુખ છે. શેષાદિકથી પમાય નહીં એવું તે સુખ કોઈને પણ નથી. (૪૧) વિચિત્ર અનંત શક્તિઓનો ઈશ્વર જે હું તે મારે વિષે સર્વ પ્રકારે સમુદ્રમાં રત્નની પેઠે ઐશ્વર્ય આદિક છે. (૪૨) અપ્રાકૃત ને નિત્ય એવા અસંખ્ય ગુણોને નિર્ગુણ એવો જે હું, તે મને રાજેન્દ્રને સેવક જેમ અનુસરે તેમ સર્વ પ્રકારે અનુસરે છે. (૪૩) હે ભક્તો ! માયિક ગુણે યુક્ત જે કાંઈ વસ્તુ

હોય તે સર્વ સાક્ષાત્ પ્રત્યક્ષ મારા સંબંધથી નિર્ગુણપણાને પામે છે. (૪૪) તે હેતુ માટે હે ભક્તો ! જગતના ઈશ્વરનો ઈશ્વર ને અવતારી જે હું તે મારાં શાંતિ પમાડનારાં દિવ્ય ને જન્મ મૃત્યુના બંધનના કાપનારાં ચરિત્રો તમારે હર્ષથી નિરંતર ગાવા. (૪૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ નામે ભક્તિશાસ્ત્ર તેમાં પંચમસ્કંધમાં શ્રીહરિએ સ્વમુખે કહેલું પોતાના અસાધારણ ઐશ્વર્યનું નિરૂપણ એ નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદમુનિ માનસિંહજી રાજા પ્રત્યે કહે છે :- પૂર્વના અધ્યાયમાં કહ્યા પ્રમાણે પોતાના વચનરૂપી અમૃતનું પાન કરીને શાન્તિ પામેલા પોતાના આશ્રિતજન પ્રત્યે પ્રીતિ પૂર્વક જોતા તે પોતાના જન પ્રત્યે, ફરીને આ પ્રકારે કહેતા હતા. (૧)

હે ભક્તો ! વેદશાસ્ત્રાદિકથી નિર્ણય કરેલો અને તમારું પરમ શ્રેયનો કરનારો એવો જે પરમ સિદ્ધાંત તેને હું કહું છું તે જે તે તમે સર્વે સાંભળો. (૨) હે ભક્તો ! જેને મારા ધામની પ્રાપ્તિની ઈચ્છા હોય તેમણે નિરંતર બ્રહ્મચર્ય આદિક ધર્મમાં રહીને પરમ આનંદથી શુભ એવી મારી ભક્તિ કરવી. (૩)

મારા આશ્રિત સર્વ તમોએ મારી પ્રસન્નતાને સંપાદન કરવાને માટે નિરંતર સાવધાનપણે મારા કહેલા સર્વે નિયમ પાળવા. (૪) એ પ્રકારે એ પ્રમાણે વર્તનારા તમે જે મારા ભક્ત તમારું પરમ શ્રેય ધર્મ, ભક્તિ આદિક કરશે ને હું પણ પ્રસન્ન થઈને તમારી રક્ષા કરીશ. (૫)

આ હેતુ માટે જેને મારી સેવાને વિષે રુચિ હોય તેમણે તો સર્વપ્રકારે પ્રયત્નથી અનર્થને કરનારા પાંચે પ્રકારના જે વિષયો તેની વાસના ટાળવી. (૬) સર્વ એવા જે દોષને પાપ ને અત્યંત દુઃખ તેના સ્થાનરૂપ ને ઉપરથી ઈંદ્રવર્ણા જેવા રમણિક ને અંતે પરિતાપ કરાવનારા અને આ લોકમાં ભોગવ્યા પછી પણ જેનો ત્યાગ કરી શકાય નહિ એવા અને દુઃખે કરીને પુરા ન થાય એવા વિષયો જે તે પ્રાણીઓના મનને બાંધે છે. (૭)

તે વિષયોનું વારંવાર ચિંતવન કરનારા દેહીઓને ગુણ બુદ્ધિપૂર્વક પ્રથમ તેનો સંગ થાય છે અને ત્યારપછી તે વિષયોને વિષે અત્યંત ભોગવ્યા વિના ન રહેવાય એવી ઈચ્છા થાય છે. અને તે કામથી સર્વે સુકૃતનો નાશ કરનારો, ક્રોધ ઉત્પન્ન થાય છે અને તે ક્રોધથી કૃત્યાકૃત્યના વિવેકે રહિત એવો મોહ થાય છે ને તે મોહથી સ્મૃતિનો વિભ્રમ થાય છે, અને તે સ્મૃતિના વિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે. (૮)

અને તે બુદ્ધિના નાશથી તે વિષયીજનો વિનાશને પામે છે. એટલે ફરીને જન્મ મૃત્યુ થવાથી નષ્ટ પ્રાય થાય છે. તે હેતુ માટે તે વિષયો સર્વે જ્ઞાનમાત્રના ક્ષયનાં કારણ છે. તે વિષયોના સેવનથી,

તે વિષયના ભોગની ઇચ્છા તે શાંતિ નથી પામતી જ. ઊલટી ધૃતના સિંચનથી અગ્નિની જેમ વારંવાર વૃદ્ધિ પામે છે. (૯)

તે વિષયો જે તે તે વિષયની પ્રાપ્તિને અર્થે ઉદ્યમવાળા અને તે વિષયના ભોગમાં આસક્ત મનવાળાને દુષ્ટ આશયવાળા પ્રાણીઓના હૃદયને દાવાનળ અગ્નિની પેઠે બાળે છે. અને તે વિષયોએ દેવ, દૈત્ય અને મનુષ્યોને જે તે પશુ સમાન બનાવી દે છે. (૧૦)

જેમ ઉપરથી અતિ સુંદર અને અંદરથી વિષ જેમાં છે. એવું ઈન્દ્રવર્ણનું ફળ ખાવાથી મનુષ્યના પ્રાણને તે અતિ વિઘ્ન કરે છે. તેમ બહારથી અતિ સુંદર અને અંતર્ગત મળે યુક્ત તે વિષયો મોક્ષાર્થિઓને મુક્તિમાં નિશ્ચય જ વિઘ્ન કરે છે. (૧૧) પોતાના કર્મના યોગથી સંસારરૂપી અતિ ઘોર વગડામાં બહુ કાળથી ભમતા જે જીવ તેણે વિષયો જે તે ઇચ્છા પ્રમાણે વારંવાર ભોગવ્યા છે તો પણ તે ભોગવેલા વિષયોથી જીવોને શાંતિ તો અણુ માત્ર થતી નથી. (૧૨)

જે વિષય સંબંધી સુખ છે તે જીવોને સર્વે યોનિઓને વિષે દુર્લભ નથી. એવી રીતે સત્શાસ્ત્ર જાણનારા પુરુષો કહે છે. સર્વ બ્રહ્માંડને વિષે જીવો જે નથી પામી શકતા તેની પ્રાપ્તિને અર્થે વિદ્વાન્ પુરુષોએ પ્રયત્ન કરવો. (૧૩) જે વિષયસુખ તે ઈન્દ્રિયોના ગણને પ્રથમ ભોગકાળમાં અમૃત તુલ્ય જણાય છે. પરંતુ પરિણામે ઝેર તુલ્ય ને નાશવંત ને તુચ્છ ને નાના પ્રકારના દુઃખના સ્થાનરૂપને જ્ઞાની પુરુષોએ દૂરથી ત્યાગ કરવા યોગ્ય છે. આ હેતુ માટે પોતાના હિતની ઇચ્છા રાખનારો બુદ્ધિશાળી પુરુષ તે વિષય સુખને ન ઇચ્છે. (૧૪) આ લોકને વિષે દિવ્ય સુખનો સમુદ્ર પુરુષોત્તમ નામે સાક્ષાત્ પ્રત્યક્ષપણે વર્તતો સર્વ અવતારનો અવતારી જે હું તે મને પામીને પણ મારા વિના આ વિષયનું સુખ ઇચ્છે છે તે દુઃખની વાત છે કે મારી માયા વડે કરીને ચોરાઈ ગઈ છે બુદ્ધિ જેમની એવા છે. (૧૫)

મંદબુદ્ધિવાળા જે પોતાના નિયમોનો ત્યાગ કરીને મોહને વશ થઈ વિષયનો ઉપભોગ કરે છે, તે અજ્ઞાની જનોને દુષ્ટ એવા તે વિષયો, ધુતારા જેમતેમ લોભાડીને પોતાના મોક્ષના માર્ગથી તત્કાળ પાડી નાખે છે. (૧૬) તે વિષયો પોતાનું સેવન કરનારા મુક્ત પુરુષોને પણ તત્કાળ પોતાના મુક્તપદથી દૂર કરીને હરિનું જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય છે મુખ્ય જેમાં એવી રીતના ગુણોને પણ ખાધેલી માદક વસ્તુ જેમ વિસ્મૃતિ કરાવી દે છે તેમ વિસ્મરણ કરાવી દે છે. (૧૭)

પોતાની સમીપે આવેલા ગાફલ પુરુષની ધનાદિક વસ્તુને ચોર જેમ ચોરી જાય છે તેમ પરને ઠગવા ઠગાઈ છે મુખ્ય જેમાં એવા વિષયો જનના સંસારની મુક્તિના બીજરૂપ એવા ધર્માદિક સાધનના સમૂહને હરી લે છે (૧૮)

આ લોકમાં ભૂખ્યો જે જન તે ભૂખ ટાળવાને માટે ધંતુરાના બી ખાય છે તે અતિમંદ બુદ્ધિવાળો તત્કાળ અત્યંત રુંધાયો છે કંઠ જેનો, એવો થઈને જેમ મૃત્યુ પામે છે તેમ વિષયાસક્ત જે જન તે મૃત્યુને પામે છે. એટલે જન્મ મરણને પામે છે. (૧૯)

જેમ અજ્ઞાની ઉંદર આનંદ પામીને સર્પને રહેવાના કંડીયાને કાપે છે ને સર્પના દંશથી અંતે નાશ પામે છે તેમ શબ્દાદિક પંચવિષયને વિષે આસક્ત ચિત્ત જે જીવ તે ઘણા કલેશને પામે છે. (૨૦)

જે જીવ વિષયના સુખમાં બહુ આસક્ત થઈ મોક્ષને આપનાર સત્પુરુષનો પ્રસંગ નથી કરતા તે મોહરૂપી અંધકારના સમૂહથી આવરીત દૃષ્ટિવાળા, દેહને ભરનારા તે પુરુષો ધમણની પેઠે વૃથા શ્વાસ લે છે. (૨૧) જે જનો દેવતાઓના ગણોએ પ્રાર્થના કરેલા અને સર્વ અર્થ આપનારા આ મનુષ્ય દેહ તેને બહુ જન્મના ભ્રમણને અંતે પામીને પણ આ લોકમાં મોક્ષને નથી સિદ્ધ કરતા, તે તો ફરીને વનમાં રહેનારા પક્ષીઓના સમૂહની પેઠે બંધનને પામે છે. (૨૨)

તે હેતુ માટે તમો મારા આશ્રિત જનોએ એ પંચવિષયોને અતિ કષ્ટના હેતુ જાણીને પોતાનું દેહને જે દેહ સંબંધી વસ્તુ માત્ર તેને પણ મિથ્યા જાણીને, તેના અભિમાનનો ત્યાગ કરીને, પોતાના દેહાદિકને વિષે પ્રસિદ્ધ પણે વર્તતી જે પ્રીતિ તે મારે વિષે કરવી. (૨૩)

શ્રી શુકાનંદ સ્વામી કહે છે :- એ પ્રકારે શ્રી પુરુષોત્તમ - ધર્મદેવના પુત્ર - સમર્થ, ને મુનિના પતિ અને ભક્તનું પ્રિય કરનારા સ્વામી શ્રી સહજાનંદ સ્વામી એવા સાક્ષાત્ શ્રીહરિ મહારાજનું મધુર ને પવિત્ર કરનારું વાક્યરૂપી જે અમૃત તેનું પાન કરીને પ્રસન્ન થયા અને બોલવામાં પ્રવિણ એવા તે મુક્તાનંદ સ્વામી હાથ જોડીને આદરયુક્ત અને વિનયયુક્ત થઈ શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૨૪)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરજી વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ નામે જે ભક્તિશાસ્ત્ર તેના પંચમ સ્કંધમાં પંચ વિષયના દોષનું પ્રદર્શન એ નામે નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે :- હે શ્રીહરે ! મહારાજ ! તમોએ પંચ વિષયોને દુઃખ ને દોષના ભરેલા ને મોક્ષના માર્ગમાં વિઘ્ન કરનારા સ્પષ્ટ જેમ હોય તેમ કહ્યા. (૧)

હે પ્રભો ! જે વિષયો એ સાવધાન એવા મુક્તને પણ પોતાના સ્થાનથી મોહે કરીને ભ્રષ્ટ કરીને અતિ દુર્દશાને પમાડે છે. (૨)

હે શ્રીહરે ! મોહને પમાડનારા તે વિષયોની જે વાસના તેનું સ્વરૂપ કઈ રીતનું છે ને દુષ્ટ એવી તે વાસના મૂળેસહિત કેવી રીતે નિવૃત્તિ પામે ? (૩) અને હે શ્રીહરે ! કેવી રીતના પુરુષો સત્પુરુષને અતિપ્રિય એવા અવતારી જે તમો તે તમારી સેવામાં નિરંતર રહે છે ? (૪) હે સાધુના પતિ ! હે દયાના સમુદ્ર ! સર્વજ્ઞ પુરુષોત્તમ જે તમો તે એ ત્રણ પ્રશ્નનો ઉત્તર જાણવાને ઇચ્છતો એવો જે હું તે મને કૃપા કરીને કહેવાને યોગ્ય છો. (૫)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જીવ પ્રાણીનું હિત ઇચ્છનાર મુનિમાં શ્રેષ્ઠ તે મુક્તાનંદ

સ્વામીએ આ પ્રકારે પૂછેલાને પ્રસન્ન થયેલા ને સર્વના સંશયના છેદનાર સમર્થ જે શ્રીહરિ મહારાજ તે મુક્તાનંદ સ્વામી પ્રત્યે આવી રીતે કહેતા હતા. (૬)

શ્રીહરિકૃષ્ણ મહારાજ કહે છે :- વિદ્વાન પુરુષોને નિરંતર પંચવિષયમાં જે વાસના તે સંસારમાં જન્મ મરણને પમાડે એવી છે. અને તે વાસનાથી અંતઃકરણમાં મોહરૂપી જે અંધકાર તે વડે કરીને તે દુઃખના સમૂહનો એક મૂળરૂપ એવો સકળ જગતરૂપી પ્રપંચ સ્ફુરે છે (૭) હે મુને ! વિદ્વાન પુરુષો વાસનાને નાશ કરવા માટે તપ, જ્ઞાન, વૈરાગ્ય, યોગ તથા બીજા ઘણા સાધનોથી નિરંતર યત્ન કરે છે. તો પણ તે વાસના તેવા પુરુષોના તપ આદિ સાધનોથી નાશ થઈ શકતી નથી. (૮)

હે મુને ! પ્રવૃત્તિ માર્ગમાં તો અનુલોમ દૃષ્ટિ છે. એ હેતુ માટે વૃદ્ધિ પામતી મુક્તિના માર્ગમાં અંતરાયના હેતુરૂપ વાયુના સમૂહથી વિસ્તાર પામેલી અગ્નિની જ્વાળા જેમ વધે છે અને ઘટતી નથી તેમ કેમ નિવૃત્તિ પામે ? (૯) ઘણી ચિંતા અને દુઃખના એક નિમિત્તરૂપ વ્યથાના સ્થાનરૂપ એવી રીતે વાસના ઝાંઝવાના જળ જેવા વિષયની પ્રાપ્તિથી સિદ્ધિને અર્થે પત્રને અને તૃણને વાયુ જેમ ભમાવે છે તેમ વારંવાર સર્વે જીવ પ્રાણી માત્રને ચારે તરફ ભમાવે છે. (૧૦)

પોતાનું શ્રેય સંપાદન કરવાના માર્ગમાં અનેક પ્રકારના વિઘ્નની કરનારી અને અંતરહિત અને સર્વે પાપના એક નિમિત્ત એવી તે વાસના પોતાના મૂળમાં રહેલી અગ્નિની જ્વાળા વૃક્ષને જેમ બાળે છે તેમ જીવ પ્રાણી માત્રના અંતઃકરણને નિરંતર બાળે છે. (૧૧) તે વાસના, જ્ઞાન, શ્રીહરિનું ધ્યાન, ઘણી શાંતિ, ઐશ્વર્ય, ક્ષમા, રુડી બુદ્ધિ, ધર્મ ને કીર્તિ એ પ્રકારે ઘણાં યત્નથી સિદ્ધ કરેલા સુખને આપનારા બીજા દયાદિક ગુણોને વૃદ્ધ અવસ્થા જેમ રૂપને હરે છે તેમ, હરે છે. (૧૨) તે વાસના વિષયના ઉપભોગથી શાંતિ નથી પામતી ઉલટી વિષયોથી અત્યંત વૃદ્ધિ પામે છે. કેની પેઠે તો ઘીનું ઘણું સિંચન કરવાથી અગ્નિની જ્વાળા જેમ વધે છે તેમ તે વધે છે તેથી તેને વજસાર તુલ્ય કહે છે. (૧૩) જેમ સૂર્યનારાયણ પર્વતની ગુહામાં લીન થયેલા અંધકારને ટાળવાને સમર્થ નથી થતો તેમ દેહનો ધરનારો જીવ કારણ શરીરને વિષે લીન થયેલી વાસનાને નાશ કરવાને સમર્થ નથી થતો. (૧૪)

જેમ અંધકારથી જેની દૃષ્ટિ રોડાયેલી છે. તે આ લોક કાંઈ પણ નથી જોતો તેમ, એ વાસનાથી અંધપણાને પામેલો અજ્ઞાની એવો જીવ તે પોતાના હિત તથા અહિતને નથી જોતો. (૧૫)

સર્વ તાપની શાંતિનો હેતુ અને બહુ પ્રયત્નથી પ્રાપ્ત થયેલ એવી રીતના સમાધિ યોગવાળા જનને સમાધિમાંથી બળાત્કારે દુષ્ટ બુદ્ધિ પુરુષના પ્રસંગથી જેમ બહાર કાઢે છે તેમ તે વાસના બહાર કાઢે છે. (૧૬) વૃક્ષના મળમાં રહેલું જે જળ તે જેમ સમગ્ર વૃક્ષને પહોંચે છે. તેમ કારણ દેહમાં રહેલી જે વાસના તે સૂક્ષ્મ ને સ્થૂળ એવા જે શરીર તેને પામે છે (૧૭) આ પ્રકારે અતિ દુઃખરૂપ વાસનાના સ્વરૂપનો ઉત્તર કરીને તેને નિર્મૂળ કરવાના પ્રશ્નનો ઉત્તર કરે છે. હે મુને ! તમારા જેવા એકાંતિક સાધુનો નિરંતર દંભે રહિત પ્રસંગ, ને મારી ઉપાસના, ને દૃઢ આત્મનિષ્ઠા, તે જ પ્રકારે શ્રદ્ધા, ઉપશમ ને વૈરાગ્ય. (૧૮)

મારા માહાત્મ્યનું, યથાર્થ જ્ઞાન અને આનંદે કરીને મારી નિરંતર આજ્ઞા પાળવી, મારી દિવ્ય

લીલા ને ગુણ તેની રુડી કથા સાંભળવી ને કરવી, ને નિરંતર સ્મરણ કરવું. (૧૯) હે મુનીન્દ્ર ! ઘણા સ્નેહે યુક્ત પુરુષોત્તમ જે હુ તે મારું ધ્યાન વગેરે દુઃખે કરીને પણ ન ટળે એવી વાસના નિવૃત્તિ કરવાનો સર્વોત્તમ ઉપાય કહેલો છે. (૨૦) જેમ અગ્નિથી તપાવેલું સોનું પોતામાં ચોંટેલા મળનો સર્વ પ્રકારે ત્યાગ કરે છે તેમ આ મેં કહ્યો જે બાર ગુણરૂપી ઉપાય તેણે કરીને જન પોતાના કારણ શરીરમાં રહેલી વાસનાને સર્વ પ્રકારે દૂર કરે છે. (૨૧) હે મુને ! જેમ અગ્નિથી શેકાયેલું આંબલીનું બીજ પોતામાં અત્યંત ચોટેલી જે છાલ તેથી નોખું પડે છે તેમ મેં કહેલા એવા જે બાર શુભ સાધનથી શેકાયેલી જે વાસના તે જીવથી નોંખી પડે છે. (૨૨)

હે મુને ! આ પ્રકારે મેં દોષેયુક્ત વાસનાના નાશનો ઉપાય તમારા પ્રત્યે કહ્યો. હવે બીજા પ્રશ્નનો ઉત્તર કહ્યા પછી મારી સેવાને યોગ્ય એવા સાધનને તમારે પ્રત્યે કહું છું. (૨૩) શ્રદ્ધા, સ્વધર્મ, વૈરાગ્ય, સર્વ પ્રકારે ઈન્દ્રિયોનો નિગ્રહ, અહિંસા, બ્રહ્મચર્ય, નિરંતર સત્પુરુષનો પ્રસંગ (૨૪) આત્મનિષ્ઠાની અતિ દઢતા, માહાત્મ્ય જ્ઞાને સહિત મારી અચળ ભક્તિ, સંતોષ, સર્વપ્રકારે નિર્દંભપણું (૨૫) નિરંતર તપ, દયા, પોતાનાથી ગુણે કરીને મોટા ભગવદ્‌ભક્તને વિષે શિષ્ય ભાવે કરીને જેમ ઘટે તેમ પૂજ્ય બુદ્ધિ (૨૬)

પોતાના બરોબરી આ ભગવત્ ભક્તને વિષે વિશ્વાસપૂર્વક મિત્રભાવ અને પોતાનાથી કનિષ્ટ ભક્તને વિષે કૃપા વડે કરીને તેના હિતનું આચરણ કરવું. (૨૭) હે મોટી બુદ્ધિવાળા ! આ પ્રકારે સાધને યુક્ત જે મારા ભક્ત છે. તે અક્ષર પર જે હું તે મારી સેવામાં રહે છે. (૨૮) કેવળ મારી પ્રસન્નતાને વિષે આસક્ત ને મારી મૂર્તિને વિષે ગાઢ સ્નેહવાળા અને મારી આજ્ઞા પાળવી તેને યુક્ત એવા જે ભક્તો તે મારી સેવા વિના ચાર પ્રકારની મુક્તિને નથી ઈચ્છતા. (૨૯)

ચાર પ્રકારે શાંત ને શુદ્ધ મનવાળા ને મારા સ્વરૂપને જાણનારા વૈર માન ને મદ, મત્સરે રહિત એવા ભક્તને વિષે ઘણા સ્નેહરૂપી દોરડીથી બંધાયેલું છે ચરણ જેમનું એવો જે હું તે ક્યારેય ત્યાગ કરવાને સમર્થ નથી થાતો. (૩૦) પાપ ને દોષના સમૂહોએ યુક્ત, જડ બુદ્ધિવાળા પણ જે જીવ છે તે મારા એકાંતિક ભક્તના સમાગમથી તત્કાળ શુદ્ધ થઈને મારા અક્ષરધામને પામે છે. (૩૧) જે ભક્તો ઘણાક લોકના વૈભવ પ્રાપ્ત થવા છતાં પણ ક્ષણ માત્ર પણ મને નથી વિસરતા તે ભક્તો પોતાના દર્શન માત્રથી જ આ વિશ્વને પવિત્ર કરે છે અને તેવા ભક્તને વિષે પણ મારે પ્રિતી થાય છે. (૩૨) જીવના સમૂહનું હિત કરવાને વિષે પ્રિતીવાળા તે ભક્તો રુડા બોધરૂપી અમૃતની વૃષ્ટિએ કરીને વરસાદની જેમ સર્વ જનના તત્કાળ આધ્યાત્માદિક ત્રિવિધ તાપને શમાવી દે છે. (૩૩)

ગંધને શિતળતાએ યુક્ત ચંદનના વૃક્ષો, જે તે હળાહળ ઝેરના આધારરૂપ એવા અને પોતાના શરણને પામેલા સર્પને જેમ શાંતિ પમાડે છે તેમ, અતિ શાંતિ પમાડે છે. (૩૪) તેમ તે ભક્તો સંસારના તાપથી તપેલા, કામ, ક્રોધ, લોભ, રસાસ્વાદ છે મુખ્ય જેમાં તે રૂપી તે ઝેરથી દુઃખ પામેલા અને પોતાને શરણે આવેલા એવા જનના સમૂહને તત્કાળ જ સર્વ તાપથી રહિત કરે છે. (૩૫) એ કહ્યા એવા મારા ભક્તોના મન રમણિક પંચ વિષય જ્યાં ત્યાં પ્રાપ્ત થવા છતાં પણ ક્યારેય પણ ક્ષોભ નથી પામતા

ને મારે પણ તેવા ભક્તથી બીજું કાંઈપણ વહાલું નથી. (૩૬)

એવી રીતનું તે શ્રીહરિનું વચનરૂપી અમૃતને કાનરૂપી પડ્યાથી આદરે સહિત પાન કરીને મુનિમાં શ્રેષ્ઠ તે મુક્તાનંદ સ્વામી તથા બીજા સાધુ, હરિભક્તો, આનંદેયુક્ત થઈ શ્રીહરિ મહારાજને નમસ્કાર કરતા હતા. ત્યાર પછી તે સર્વે તે શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાને ઉતારે ગયા. હે રાજન્ ! પુરુષોત્તમ એવા શ્રી સહજાનંદ સ્વામી તે શ્રીહરિ મહારાજ પણ પાર્ષદોએ યુક્ત પોતાને ઉતારે પધાર્યા. (૩૭)

ઈતિ શ્રી હરિકૃષ્ણ મહારાજના પુત્ર શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપના ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં વાસના જીતવાના ઉપાયાદિ વર્ણન કર્યું એ નામે દસમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં એક સમયે મુક્તાનંદ મહામુનિ મધ્યરાત્રે વીણા વગાડતા હરિનાં પદો ગાતા હતા. (૧) તે સમે બીજા સર્વે સાધુઓ નીદ્રા વશ થયા હતા. હે રાજન્ ! તેટલામાં મુક્તાનંદ મુનિની સમીપે પોતાના ઈષ્ટ દેવની કથા શ્રવણના આનંદથી ફક્ત પ્રાણ ધારણ કરનાર મહાન્ નૈષ્ઠિક મારુતિ આવ્યા. (૨)

મહાબુદ્ધિશાળી મુક્તાનંદ મુનિએ પ્રીતિથી મારુતિને પ્રણામ અને નમસ્કાર કર્યા અને મધુર વાણીથી તેમને અતિ પ્રસન્ન કરી આસન ઉપર બેસાડ્યા. (૩) આવી રીતે મુનિની આગળ શાંતિપૂર્વક બેઠેલા મારુતિ વિનયથી, નમ્રતાપૂર્વક, પ્રશાંત મુક્તાનંદ મુનિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪)

શ્રી હનુમાન કહે છે : હે મુનિવર્ય ! હે મહાબુદ્ધિશાળી ! તમો સમગ્ર મુનિઓમાં મુખ્ય છો. તે સર્વ મુનિઓ તથા બીજાં ઘણાં ભક્તો સર્વે શ્રીહરિના સંબંધને પામેલા છો. (૫) તમો સર્વે અવતારી શ્રીહરિનાં સર્વદા દર્શન કરતા એમની લીલારૂપી સમુદ્રમાં ક્રીડા કરો છો અને તેથી અત્યંત સુખી છો. (૬)

હે સન્મતે ! દિવ્યસુખના સાગર શ્રીહરિના વિયોગથી તેમના મોટા અને નાના બંને બંધુઓ અત્યંત અસહ્ય પીડા પામ્યા છે. (૭)

શ્રીહરિની અત્યંત લલિત, પવિત્ર કરનારી બાળલીલા, યથાર્થ જોયેલી તથા સાંભળેલી તેમજ મુનિઓને પ્રાર્થના કરવા યોગ્ય ગુણો તથા શ્રીહરિનું બોલવું, જોવું વગેરેનું સ્મરણ કરતા તે બંને બંધુઓ હે બુદ્ધિમાન્ ! રાત્રિ દિવસ અશ્રુ પ્રવાહ સારતા શ્રીહરિનાં દર્શનની ઈચ્છાવાળા અતિદુઃખથી રાત્રિ દિવસ નિર્ગમન કરે છે. (૮-૯)

શ્રીહરિના વિરહરૂપી અગ્નિથી તેમના શરીર બળે છે. એવા શ્રીહરિનાં તે બંને બંધુઓ સર્વ દેવતાઓએ ઈચ્છેલા સુખનો ત્યાગ કરીને અત્યંત કૃશ થઈ ગયા છે. (૧૦) શ્રીહરિનાં ક્ષણવારના પણ દર્શનથી જો અપાર સુખ થાય છે તો લાંબા કાળ પર્યન્ત તેમનો વિરહ તે બંને બંધુઓ કેમ સહન કરી

શકે ? (૧૧) હે મુને ! શ્રીહરિના આ પ્રકારના દુઃસહ વિયોગથી સમગ્ર ધર્મકુળ ઘણાં સમયથી મહાકલેશ પામ્યું છે. (૧૨) હે મુને ! ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા શ્રીહરિના વડિલ બંધુ રામપ્રતાપ તથા નાનાભાઈ ઈચ્છારામનું ઘણું દુઃખ જોઈને તેમના કુળનો ઈષ્ટદેવ હોવાથી મને ચિત્તમાં અત્યંત દુઃખ થાય છે. (૧૩)

શુદ્ધ ધર્મવંશના આશ્રિતોની આ વિયોગની પીડા, સદ્‌ગુણી તથા દયાળુ તમોને કહેવા હું અહીં આવ્યો છું. (૧૪) વળી અહીં શ્રીહરિના દર્શન કરવા માટે હંમેશાં હું આવું છું, એક સમયે મેં દિવ્ય દેહવાળા ભક્તિધર્મને શ્રીહરિની સમીપે જોયા ત્યારે મેં તેમને આ પ્રમાણે કહ્યું હતું. (૧૫)

હે ભક્તિ તથા ધર્મ ! તમારા મોટા તથા નાના પુત્ર શ્રીહરિના વિયોગથી મહાદુઃખ પામ્યા છે. (૧૬) માટે હે ભક્તિ તથા ધર્મ ! તમો શ્રીહરિને તે દુઃખ કહો અને શ્રીહરિ તેમની પાસે તમારા પુત્રોને અહીં બોલાવે તે પ્રમાણે કરો. (૧૭)

મારું આવું વચન સાંભળીને તેમણે મને કહ્યું, હે મારુતિ ! અમારા બંને પુત્રોને અહીં લાવવાનું શ્રીહરિને કહેવા માટે અમો શક્તિમાન નથી. (૧૮) અત્યંત પ્રેમથી અમે અમારો આત્મા શ્રીહરિમાં જોડ્યો છે તેથી અમો બંનેને શ્રીહરિ વિના બીજું કાંઈ પણ પ્રિય નથી. (૧૯) માટે હે મારુતિ ! તમો શ્રીહરિના અતિપ્રિય સાધુઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદ મુનિને આ વાત કરો. જેથી અમારા બંને પુત્રોને અહીં લાવવાનું મુક્તાનંદ મુનિ શ્રીહરિને તત્કાળ કહેશે. (૨૦)

હે મુને ! શ્રીહરિમાં આસક્ત તથા હરિ વિના પોતાના પુત્રાદિમાં પણ જેમને સ્નેહ નથી એવા તેમણે આ પ્રમાણે મને કહ્યું છે. (૨૧) માટે તમારે વિષે અતિ પ્રીતિવાળા અને તમારા વચનને માનનારા ધર્મનું પુત્ર પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણને તમો આ વાત કહો. (૨૨)

હે વિદ્વાન્ ! અવતારી શ્રીહરિને અતિપ્રીય તમો છો. શ્રી હરિની પ્રાર્થના કરીને તત્કાળ ધર્મના પરિવારને અહીં બોલાવવા માટે તમો જ યોગ્ય છો. (૨૩)

મારુતિનું આવું વચન સાંભળીને અતિ પ્રસન્ન મનવાળા મુક્તાનંદમુનિ મધુર વાણીથી હનુમાનજીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૪)

હે મારુતિ ! તમો શોક કરશો નહીં. હું શ્રીહરિની પ્રાર્થના કરીને ધર્મના પરિવારને અહીં સત્વર બોલાવવાનું કરાવીશ. (૨૫) અવતારી પુરુષોત્તમ પ્રત્યક્ષ છે, ભક્તવત્સલ છે, દયાળુ છે તેથી મારું વાક્ય માનશે. (૨૬) હે મારુતે ! મારી તથા સંતો તથા ગૃહસ્થ ભક્તોની પણ તેમને બોલાવવાની ઈચ્છા છે. હે મહામતે ! તેથી ધર્મના પરિવારને બોલાવવાનું મારે અવશ્ય કરવાનું છે. (૨૭)

તેમનું આવું વચન સાંભળીને પવન પુત્ર પ્રસન્ન થયા અને મુનિ શ્રેષ્ઠ મુક્તાનંદ મુનિને પ્રણામ કરી તત્કાળ અંતર્ધાન થયા. (૨૮)

સવારમાં મુનિરાજ મુક્તાનંદ મુનિ નિત્યવિધિ કરીને, સર્વે સાધુઓને બોલાવીને, હનુમાનજીએ તેમને જે કહ્યું તે સર્વને હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૨૯) મુનિઓ તે સાંભળી અત્યંત પ્રસન્ન થયા

અને સત્પુરુષોમાં શ્રેષ્ઠ મહાબુદ્ધિશાળી મુક્તાનંદને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૦)

હે સાધો ! પોતાના પ્રાણ પ્રિય, પ્રત્યક્ષ, અવતારી પ્રભુ શ્રીહરિના લાંબા કાળના વિયોગથી ધર્મનો પરિવાર દુઃખી થાય છે. (૩૧) જે કુળમાં અચ્યુત સ્વયં શ્રીહરિ પ્રાદુર્ભાવ પામ્યા તે પવિત્ર ધર્મકુળની સમાન અન્ય કુળને જાણવું નહીં. (૩૨) અહો ! હે મુને ! શ્રીહરિના વિયોગની પીડારૂપી સમુદ્રમાં ડૂબેલું. ધર્મકુળ સમુદ્રમાં ડૂબેલો માણસ ઉત્તમ નાવની જેમ રાહુ જુએ તેમ શ્રીહરિના દર્શનની રાહ જુએ. (૩૩) માટે ધર્મકુળની શાંતિ માટે તમો અમારા મુખ્ય છો તો આપણે સર્વે એ સર્વ પ્રકારે ઉપાય કરવો. (૩૪) હે મુનિસત્તમ ! સર્વ પ્રકારે માન આપવા યોગ્ય ધર્મકુળને અહીં તત્કાળ બોલાવવું એ ઉત્તમ કાર્ય આપણે અવશ્ય કરવું. (૩૫)

હે રાજન્ ! આવો નિશ્ચય કરીને મુક્તાનંદ સ્વામી આદિ મુનિઓ પરમાત્મા સ્વામિનારાયણ પાસે આવ્યા. (૩૬) પછી મુનિઓએ સભામાં પોતાને આસને બિરાજેલા શ્રીહરિને હર્ષપૂર્વક અભિવંદના કરી. શ્રીહરિએ પણ તેમનું સન્માન કર્યું પછી યથા યોગ્ય તે સર્વ બેઠા. (૩૭) શ્રીહરિનો અભિપ્રાય જાણનારા તે સંતો હૃદયપ્રિય શ્રીહરિને પ્રસન્ન જોઈને, ગૌરવથી પ્રીતિપૂર્વક કહેવા માટે મુક્તાનંદ મુનિને સમ્યક્ પ્રકારે પ્રેરણા કરવા લાગ્યા. (૩૮)

શ્રીહરિનો અત્યંત મહિમા જાણતા અને તેથી નમ્રતાપૂર્વક બંને હાથ જોડીને મુક્તાનંદ મુનિ ધર્મનંદન શ્રીહરિને આ પ્રકારે મધુર વચન કહેવા લાગ્યા. (૩૯)

મુક્તાનંદ મુનિ કહે છે : હે ભગવન્ ! હે સત્પતે ! સર્વજીવોના અંતર્યામિ, પરાત્પર, તમો અમારી સાધુઓની પ્રાર્થના સાંભળવા માટે યોગ્ય છો. (૪૦) જે કુળમાં અવતારી શ્રીહરિ એવા આપનો પ્રાદુર્ભાવ થયો છે તે મંગળરૂપ ધર્મકુળ તો અન્ય સમાન કેમ થાય ? (૪૧)

હે સ્વામિન્ ! તે ધર્મનું કુળ આપના વિયોગથી અત્યંત દુઃખી છે. હે દિવ્યાત્મન્ ! સ્વાતિ નક્ષત્રના મેઘના જળ વિના ચાતકો જેમ વ્યાકુળ થાય તેમ ધર્મકુળ પણ આપના વિયોગથી હે સ્વામિન્ ! સદા દુઃખી રહ્યું છે. (૪૨) હે સદાનંદના મહાસાગર ! પવિત્ર ધર્મકુળ અવતારી એવા આપનો વિરહ, માછલાને જેમ જળનો વિરહ અસહ્ય છે તેમ કેવી રીતે સહન કરે ? (૪૩)

માટે હે ભગવન્ ! જેમનું દર્શન પાવનકારી છે અને આપ જેમના પ્રાણાધાર છો એવા આપ પરાયણ ધર્મકુળને અહીં તત્કાળ તેડાવો. આપ એમ નહિ કરો તો તેઓ તેમના પ્રાણનો ત્યાગ કરશે. (૪૪) હે હરે ! અલૌકિક, આત્માના આનંદથી પૂર્ણ, સર્વથી નિરપેક્ષ, આપને તો ક્યારેય આપના બંધુઓની અપેક્ષા નથી જ. (૪૫) તથાપિ હે પ્રભો ! આપના ચરણાશ્રિત સાધુઓ જે અમો તથા ગૃહસ્થ ભક્તોની પ્રીતિ માટે આપનું કુળ અહીં આવે તે જ યોગ્ય છે. (૪૬)

હે પ્રભો ! આપતો સર્વજ્ઞ છો છતાં મનુષ્ય નાટ્યથી આપ આ ધર્મકુળ મારા વિરહથી વ્યથા પામ્યું છે એમ તમે કેમ જાણ્યું ? એવું પૂછશો તો આપને હું કહું છું. (૪૭) ગઈ રાત્રે અંજનીના પુત્ર હનુમાનજીએ મને ધર્મકુળનું સમગ્ર વૃત્તાંત કહ્યું છે. તે અમોએ આપને કહ્યું. (૪૮) (આવી રીતે

હનુમાનજીએ કહેલું સર્વે વૃત્તાંત શ્રીહરિને નિવેદન કરીને ધર્મકુળને લાવવાનું કારણ કહે છે.) હે દયાનિધે! આપના આશ્રિતોની પીડાને હરનારા, ધર્મકુળને અહીં લાવવામાં બીજું પણ કારણ છે. તે હું આપને કહું છું. તે આપ સાંભળો. (૪૯)

હે પ્રભો ! હે દયાનિધે ! આલોકમાં ફરતા અમોને જ્યારે આપના વેદ, પ્રવર, શાખા તથા બંધુઓ વગેરેની હકીકત જનો પૂછે છે. (૫૦) તે સમયે અમો તમારા બંધુઓ બ્રાહ્મણો છે આ પ્રકારે કહીએ છીએ. તમારા વેદ-પ્રવર-શાખા વગેરે યથાર્થ કહીએ છીએ. (૫૧)

પરંતુ પૃથ્વીમાં જે દૈવીજનો છે તે તો તે હકીકત સત્ય માને છે. પરંતુ જે અસુરાંશવાળા ગુરુઓ તથા તેવા બીજા જનો છે તે અમારું કહેલું સત્ય માનતા નથી. (૫૨) ભૂમિમાં દૈત્યાંશવાળાં જે ગુરુઓ તથા તેમના આશ્રયવાળા જનો તે તો ગમે તેમ બોલીને મુમુક્ષુઓને મોક્ષમાર્ગમાંથી પાડે છે. (૫૩)

તેથી હે સત્પતે ! હે ભગવન્ ! અમારા ઉપર કૃપા કરીને મંગળકારી સર્વોત્તમ આપના કુળને આપે અહીં બોલાવવું. (૫૪) હે શ્રીહરે ! અમારા મુનિઓની તથા ગૃહસ્થ ભક્તોની આવી ઈચ્છા છે. તો તે ઈચ્છા ગુણસાગર, શરણ્ય, આપ કરુણાપૂર્વક પૂર્ણ કરો. (૫૫)

મુક્તાનંદ મુનિએ કહેલાં વચન સાંભળતા અભયાદિ ભક્તો, બ્રહ્માનંદાદિ મુનિઓ, મુકુંદાનંદ આદિ શ્રીહરિના આશ્રિત બ્રહ્મચારીઓ તથા સોમ તથા સૂરાદિ પાર્ષદોએ સર્વે સભાસદો જેમના મુખ તથા નેત્રો પ્રફુલ્લિત થયા છે તે સર્વ મુક્તાનંદ મુનિના આ વચનોને અનુમોદન આપતા હતા. (હે ભગવન્! મુક્તાનંદ મુનિ યથાર્થ કહે છે.) (૫૬-૫૭)

હે રાજન્ ! શ્રીહરિ મુક્તાનંદાદિ સમગ્ર આશ્રિતજનોનું આવું વચન સાંભળીને, પોતાના ચરણારવિંદના સમગ્ર આશ્રિત ભક્તોનું હૃદય જાણીને, પોતાના દર્શન કરતા પોતાના ભક્તોને આનંદ આપતા મુક્તાનંદમુનિ પ્રત્યે અમૃતથી પણ અતિ મધુર વચન કહેવા લાગ્યા. (૫૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં ધર્મવંશીઓને તેડાવવાનું વૃત્તાન્ત નિરૂપણ નામે અગીયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે બુદ્ધિમાન ! તમો તો મારા વેદ-ગોત્રાદિ જાણો છો. જે નથી જાણતા તેમને મારા ગોત્રાદિ જણાવવા માટે હું તમોને કહું છું. (૧)

મારો વેદ સામવેદ છે, સાવર્ણિ ગોત્ર છે, ભાર્ગવ-વૈતહવ્ય-સાવેતસ એ ત્રણ પ્રવર છે. (૨) હે મહામતે ! હે સાધુવર્ય ! કૌથમી શાખા છે. હવે મારા બંધુઓ તથા મારા પિતા વગેરેનું રહેવાનું સ્થાન હું તમોને કહું છું. (૩) ધર્મદેવ મારા પિતા તથા ભક્તિ નામનાં મારા માતુશ્રી હતાં. રામપ્રતાપભાઈ

મારા વડિલ ભાઈ છે. (૪)

સુવાસિની નામના પતિવ્રતા તેમનાં પત્ની છે. શાન્ત પ્રકૃતિવાળા ઇચ્છારામ મારા નાના ભાઈ છે (૫) વિશ્રામ, મોતી, હીરો, સુબોધ, ગ્લહ એ પાંચ મારા મામા છે. આવી રીતે હે મુને ! તમે જાણો. (૬) વિશ્રામની પત્ની સુંદરી, સુબોધની પત્ની મૂર્તા, ગ્લહની પત્ની માલતી, મોતીની પત્ની લક્ષ્મણા તથા હીરની પત્ની મંડા એ પાંચ મારી મામીઓ છે. (૭) ચંદનવતી તથા વસંતા એ બે મારી માસીઓ છે. (૮) એમ મારા ઘણા સંબંધિઓ છે. હે મુને ! આવી રીતે મારું કુટુંબ મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૯)

છપૈયા ગામમાં પહેલાં મારા પિતાનો વાસ હતો, પછી હે મુને ! અયોધ્યાપુરના તે સુંદર શાખાપુરમાં મારા પિતાનો વાસ હતો. (૧૦) હે મુનિવર્ય ! મારે બંધુજનોમાં લગારેય પણ પ્રીતિ નથી. પરંતુ મને તો તમારા જેવા એકાંતિકોમાં જ અત્યંત પ્રીતિ છે. (૧૧) તોપણ જો તમારો આવો આગ્રહ હોય તો ધર્મવંશને બોલાવવાનું હું તત્કાળ વિચારું. (૧૨) શ્રીહરિનું આવું વચન સાંભળીને મુક્તાનંદમુનિએ શ્રીહરિને નમસ્કાર કરીને, હે હરે ! આપ ધર્મના વંશને બોલાવો એમ હર્ષપૂર્વક કહ્યું. તે જ પ્રમાણે અન્ય સાધુ વગેરે પણ 'એમ થાવ' એમ કહેવા લાગ્યા. (૧૩)

સર્વ સાધુ તથા ભક્તોની ધર્મવંશને બોલાવવાની અત્યંત ઇચ્છા જાણીને, શ્રીહરિ પોતાના બાળ ચરિત્રોથી યુક્ત પોતાના ચિહ્નથી યુક્ત પત્ર તેમને લખાવતા હતા. (૧૪) શ્રીહરિ સ્વયં દયા કરીને ધર્મવંશીને બોલાવવા માટે અયોધ્યામાં મુનિઓને મોકલવા ઇચ્છતા સર્વ સભા પ્રત્યે જોતા હતા. (૧૫)

તેટલામાં સભામાં બેઠેલા માયાજીતાનંદ મુનિ પોતના મંડળે સહિત ઊભા થઈને શ્રીહરિને અતિ પ્રસન્ન કરવાની ઇચ્છાથી, બંને હાથ જોડીને વિનયપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૬)

હે જીવબંધો ! જો આપની આજ્ઞા હોય તો હું તત્કાળ ઉત્તમવૃત્તાન્તવાળા, નિર્દોષ ધર્મના વંશને લાવવા માટે, આપને પ્રસન્ન કરવા માટે જાઉં. (૧૭)

માયાજીતાનંદ સાધુનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા સ્વયમ્ ધર્મપુત્ર શ્રીહરિએ પોતાના કંઠમાં ધારણ કરેલા પુષ્પના હાર ઉતારીને તે મુનિને તથા તેમના સંત મંડળને આપ્યા. (૧૮)

પછી શ્રીહરિ માયાજીતાનંદ મુનિની સાથે ઊભા થયેલા નમ્રતાયુક્ત રત્નજીત આદિક પોતાના પાર્ષદોને જોઈને તેમને પણ શ્રેષ્ઠ પુષ્પોના રમણીય હાર તથા તોરા આપવા લાગ્યા. (૧૯) પછી શ્રીહરિ તે સર્વેને ભેટ્યા અને પત્ર આપ્યો. પછી યથાર્થ રીતે હિતકારી ઉપદેશ આપીને શીઘ્રગતિવાળા પ્રવીણ તે સાધુઓને જવા માટે પ્રેરણા કરી. (૨૦) ઉતાવળી ગતિએ ચાલનારા તે સાધુઓ શ્રીહરિની આજ્ઞા શિરોમાન્ય કરીને સદાનંદ સ્વરૂપ શ્રીહરિના ચરણારવિંદને હર્ષપૂર્વક પ્રણામ કરીને, ઉર્ધ્વરેતસવાળા સર્વે મુનિઓને પણ પ્રણામ કરીને ચાલવા લાગ્યા. (૨૧)

શ્રીહરિ ભાગવતના રમણીય પંચમસ્કંધની કથા હંમેશા કરાવતા, હે રાજન્ ! ભક્તોના કલ્યાણ માટે દુર્ગપત્તનમાં રહેતા હતા. (૨૨)

સર્વે આશ્રિતોને શાંતિ આપનારા શ્રીહરિ દુર્ગપત્તનમાં પોતાના દર્શનાદિથી, પોતાના સમગ્ર ભક્તોને હંમેશા અત્યંત સુખ આપતા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંબંધી વાર્તાઓ કરતા હતા. (૨૩)

ઈન્દ્રાદિ દેવતાઓને પણ દુર્લભ, સમગ્ર તાપને શમાવનાર અતિ રમણીય વચનામૃતોથી સંસારરૂપી દાવાનળથી જનોના તાપનો શ્રીહરિએ ચારેય તરફથી નાશ કર્યો. (૨૪)

તે સમયે હે રાજન્ ! પોતાના રાજ્યનો અનાદર કરીને શ્રીહરિના પાર્ષદ બનેલા રાજવી સુરા ખાચર પોતાના ગામથી દુર્ગપત્તનમાં આવ્યા. (૨૫) પછી રાજવી સુરા ભક્ત અતિપ્રિય શ્રીહરિના દર્શન કરીને આંખમાં અશ્રુ સહિત શ્રીહરિના ચરણકમળમાં પોતાનું મસ્તક મુકીને તેમને પ્રણામ કરતા હતા. (૨૬) પછી શ્રીહરિ પોતાને વિષે અનુરાગવાળા સુરા ભક્તને મધુરવાણીથી પ્રસન્ન કરતા દયાપૂર્વક તેમના પ્રત્યે દૃષ્ટિ કરતા, હસતા તેમની સંભાવના કરતા હતા. (૨૭)

પછી બંને હાથ જોડીને સુરા ભક્તે 'હે સત્પતે ! સમગ્ર સાધુઓની સાથે મારા લોયા ગામમાં પધારી આપ વસંતપંચમીનો ઉત્સવ કરો.' એમ શ્રીહરિને કહ્યું. (૨૮) હે વિભો ! મેં લોયા ગામમાં ઉત્સવની સામગ્રીઓ તૈયાર કરી છે. માટે આપે કૃપા કરીને આપના આશ્રિતોની સાથે લોયા ગામમાં પધારવું. (૨૯) હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! મારો તથા ત્યાંના સર્વ ભક્તોનો, મહોત્સવ કરાવવા માટે, અતિશય ઉત્સાહ છે. (૩૦) માટે હે દયાનિધે ! આપના દાસ એવા મારી આ પ્રાર્થના, આશ્રિતોનું અભિષ્ટ કરનારા, અમારા એક જ સ્વામી, આપ પધારો. (૩૧)

સુરવર્માનું આવું વચન સાંભળીને ધર્મપુત્ર શ્રીહરિએ 'હે ભક્તવર્ય ! મને પ્રિય એવા તમારા ગામમાં હું વસંતનો ઉત્તમ ઉત્સવ કરીશ' એમ કહ્યું. (૩૨) પછી શ્રીહરિએ લોયા ગામ જવા માટે પોતાના આત્મીય જનોને જણાવ્યું. તે સમયે સાધુઓ - વર્ણીઓ વગેરે તૈયાર થયા. (૩૩)

પછી તૈયાર થયેલા શ્રીહરિ પોતાના પાર્ષદે શણગારેલી ઘોડી ઉપર બિરાજ્યા અને દુર્ગપત્તનથી નિકળ્યા. (૩૪) શ્રીહરિની સાથે સંતો-વર્ણીઓ-બ્રહ્મચારીઓ પાર્ષદો ઘોડેસવારો તથા વાહનોમાં બેઠેલા અભય રાજા તથા ઉત્તમકુમાર વગેરે હર્ષપૂર્વક ચાલ્યા. (૩૫) ઘોડેસવારોની વચમાં ઘોડી ઉપર બિરાજેલા શ્રીહરિને વીજળીના સમાન વસ્ત્રોવાળા, દર્શનીય, અહો ! આ કોણ જાય છે એમ કહેતા સ્નેહથી કોમળ ચિત્તવાળા પુરના જન સમુદાય અતૃપ્ત નયને શ્રીહરિના દર્શન કરતા હતા. (૩૬) શ્રીહરિ તેમના મનને હરણ કરતા, પોતાની પાછળ આવતા સમગ્ર પૌરજનોને પાછા વળી, માર્ગમાં સુધાથી પણ અતિ મધુર વિવિધ વાર્તા કરતા, પોતાના ભક્તોને અત્યંત સુખ આપતા ચાલતા હતા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્રશ્રી રઘુવીરાચાર્યજી વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં પંચમ સ્કંધમાં મુનિઓને શ્રીહરિએ પોતાના કુટુંબી એવા ધર્મવંશને બોલાવવા મોકલ્યા તેનું નિરૂપણ કર્યું એ નામે બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! સુરસિંહ રાજા કેટલાક સેવકોની સાથે હર્ષપૂર્વક લોયા ગામમાં આગળથી ગયા. (૧)

હે રાજન્ ! ઘોડેસવારોથી વીંટાઈને પોતાની ઘોડી ઉપર બિરાજમાન, મુનિઓ વગેરે જેમની સદા સેવા કરે છે તે શ્રીહરિ લોયા પધાર્યા. (૨) સુરસિંહ રાજા પોતાની સેના લઈને વિવિધ પ્રકારના વાદ્યોના ધ્વનિયો સાથે માંગલિક ગીતો ગાતા ગાતા ગામના ભક્તોથી વીંટાયેલા ઈષ્ટદેવ શ્રીહરિની સન્મુખ ગયા. (૩) ઝડપથી ચાલતી ઘોડીના અતિવેગથી ઉછળતી તોરાઓની પંક્તિથી રમણીય, ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિના, સુરાદિભક્તો દૂરથી દર્શન કરીને અતિ હર્ષપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૪) પછી રાજા પ્રીતિપૂર્વક પુષ્પોના હાર તથા તોરાઓ શ્રીહરિને અર્પણ કરતા હતા. તેમજ સમગ્ર ભક્તો પણ સુંદર પુષ્પોની માળાઓ હર્ષપૂર્વક સમર્પણ કરતા હતા. (૫)

પછી સુરાદિ ભક્તજનોએ ઘણા સ્નેહથી ધર્મપુત્ર શ્રીહરિની પ્રાર્થના કરીને ઘણા વાજિંત્રોના ધ્વનિ તથા સુંદર ગીતના મહાધ્વનિની સાથે શ્રીહરિને પુરમાં પ્રવેશ કરાવ્યો. (૬) ત્યાંના ભક્તજન સમૂહો બીજા કાર્યોનો ત્યાગ કરીને શ્રીહરિના અતૃપ્ત નયને દર્શન કરીને ચંદ્રને જોઈને જેમ ચકોરો શાંતિ પામે તેમ શાંતિ પામ્યા.(૭) અત્યંત પ્રેમથી શ્રીહરિનાં દર્શન કરતા, ચિત્રની આકૃતિઓ જેવા નિશ્ચલ તે સર્વે ભક્તો, તથા સ્ત્રીભક્તો ભગવાન શ્રીહરિની સ્તુતિ કરતા હતા અને સુંદર પુષ્પો તથા ધાણીથી શ્રીહરિને વધાવતા હતા. (૮) ગ્રામ નિવાસી જનોએ શ્રીહરિનો આવી રીતે સત્કાર કર્યો, અને પછી સુરસિંહ રાજાએ પોતાના ભુવનમાં ઉતારો કરાવ્યો. (૯)

શ્રીહરિના આગમનથી જેમને ઘણો જ આનંદ થયો છે અને શ્રીહરિમાં જેમને અત્યંત આસક્તિ છે તે સુરસિંહ રાજા પોતાના બંધુવર્ગની સાથે શ્રીહરિની તથા તેમના આશ્રિતોની નમ્રતાપૂર્વક દાસની માફક હંમેશા સેવા કરતા હતા. (૧૦)

લોયા ગામમાં નારાયણ વગેરે બ્રાહ્મણ ભક્તો તથા સિંહ, લક્ષ્મણ, પૂજા, રૂપો, રવજી વગેરે વૈશ્ય ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૧૧) ગાંડાભાઈ તથા હરજીત વગેરે શુદ્ર ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. તેમજ હરિદાસ વૈરાગી પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૧૨) શ્રીહરિના ચરણકમળના આશ્રિત સ્ત્રીભક્તો રામાદિ તથા બીજા ઘણા ભક્તજનો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૧૩) સુરસિંહ રાજાના દરબારમાં નિવાસ કરનારા નરનાટ્યધારી શ્રીહરિ સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૧૪)

તેટલીવારમાં મુકુંદાનંદ વર્ણીરાજ દૂધમાં જુદા જુદા ભોજનો તથા મીઠાં વિનાનાં શાક તૈયાર કરતા હતા. (૧૫) પછી શ્રીહરિએ દાળ ભાત કરીને શાકમાં મીઠું નાખ્યું. પછી તે સ્વાદિષ્ટ ભોજન વિષ્ણુને નિવેદન કર્યું. (૧૬) ત્યારબાદ ભક્ત વત્સલ શ્રીહરિ સુંદર પાટલા ઉપર બિરાજી વારંવાર જળ

પીતા પીતા વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા (૧૭)

હે મહીપતે ! શ્રીહરિ બંને હાથ તથા સુંદર મુખ જળથી મુખ ધોઈને વર્ણીએ આપેલો મુખવાસ જમતા હતા. (૧૮) શ્રીહરિ દર્શનીય વેશને ધારણ કરી સભામાં આવીને કોમળ ગાદલાએ યુક્ત સુંદર સિંહાસનમાં બિરાજમાન થયા (૧૯) તેટલામાં વર્ણીઓ, સાધુઓ, પાર્ષદો તથા ઘોડેસવારો આવીને સભામાં યથાયોગ્ય બેઠા. (૨૦) પછી સુરાદિભક્તોએ ચંદન, અક્ષત, કુમકુમ તથા ઉત્તમ પુષ્પના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૨૧)

પછી શ્રીહરિ ધર્મ, જ્ઞાનાદિ યુક્ત અમૃતથી પણ અતિ મધુર સત્પુરુષોના સમુદાયોને રંજન કરનારી વાર્તા કરવા લાગ્યા. (૨૨) સોનેરી કસુંબી રંગના વસ્ત્રોથી અત્યંત શોભતા, વચનામૃતો વર્ષાવતા, શ્રીહરિનાં, તેમના આશ્રિતો હર્ષપૂર્વક દર્શન કરતા હતા. (૨૩) ઈષ્ટદેવ શ્રીહરિના દર્શનનો અત્યંત આનંદ પ્રિય ચંદ્રના દર્શનથી જેમ ચકોરને થાય છે તેમ ભક્તોના મનમાં થયો. (૨૪)

પોતાના દર્શનથી તથા મનોહર ઉપદેશ વાતોથી પોતાના આશ્રિત ભક્તોને શ્રીહરિએ સંતોષ પમાડીને પછી સૌને પોતપોતાના નિવાસસ્થાનમાં જવા માટે આજ્ઞા આપી. (૨૫)

ઉતાવળી ગતિએ ચાલનારા, પોતાના પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ ચટ્ ચટ્ ધ્વનિ કરતી ચાંદીની ચાંખડીઓ પહેરી પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૬) પછી હે મહીપતે ! ધર્મનંદન શ્રીહરિ દૂધના ફીણ જેવી કોમળ રમણીય શય્યામાં પોઢી ગયા. (૨૭) હે રાજન્ ! પોતાના શ્રેષ્ઠ પાર્ષદો તે સમયે શ્રીહરિની સેવા કરતા હતા. વળી સેવાની રાહ જોઈને રહેલી, શ્રીહરિમાં અતિભાવ યુક્ત, યોગનિદ્રાને પરમકૃપાથી શ્રીહરિ અંગીકાર કરતા હતા. (૨૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિનું લોયા ગામમાં આગમનાદિ નિરૂપણ નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પ્રાતઃકાળમાં સત્પતિ શ્રીહરિ પોતાનો નિત્યવિધિ કરીને સુંદર ભોજનો વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૧) પછી શ્રીહરિ શ્વેત વસ્ત્રો ધારણ કરીને પાર્ષદોએ સહીત સભામાં આવીને સુંદર ગાદી તકિયા યુક્ત ઉંચી પાટ ઉપર બિરાજમાન થયા. (૨) સભામાં સમગ્ર ત્યાગી સાધુઓ તથા ગૃહસ્થો યથાયોગ્ય બેસીને સ્થિર નેત્રે શ્રીહરિના દર્શન કરતા હતા. (૩) પછી ઘણી નમ્રતા પૂર્વક અતિ હર્ષ પામેલા સુરસિંહ રાજા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૪)

હે સ્વામિન્ ! જીવોના કલ્યાણ માટે દેશાન્તરમાં આપે મોકલેલા આ પૃથ્વીમાં વિચરણ કરતા મુનિઓને આપ અહીં બોલાવો. (૫) વળી હે ભગવન્ ! જુદા જુદા દેશમાં રહેનારા ગૃહસ્થ ભક્તોને

પણ આપ આ મહોત્સવના દર્શન માટે અહીં તેડાવો. (૬)

આવું તેમનું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા દયાસાગર શ્રીહરિએ પોતાના એકાંતિક ભક્ત સુરસિંહ રાજાને કહ્યું. (૭) હે રાજન્ ! સમગ્ર ભક્તોને મંગલ પત્રિકાઓ મોકલીને બોલાવો. શ્રીહરિની આ પ્રકારની આજ્ઞાથી સુરસિંહ રાજા તત્કાળ તેવી રીતે કરતા હતા. (૮)

શ્રીહરિએ બોલાવેલા, શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા સાધુઓ, શ્રેષ્ઠ માનસ સરોવર પ્રત્યે જેમ હંસો જાય તેમ લોયા ગામમાં તત્કાળ આવ્યા. (૯) સાધુઓ પ્રાણ પ્રિય શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. શ્રીહરિ ઊઠીને બંને હાથથી મુનિઓને અત્યંત ભેટ્યા. (૧૦) પછી શ્રીહરિ તેમની સાથે સંભાષણ કરીને, તેમને દર્શન આપીને તેમજ ઉતારો અપાવી, ભોજન વગેરેની વ્યવસ્થા કરી, પોતાની અનુવર્તિમાં રહેનારા તે સર્વ સાધુઓની આદરપૂર્વક સંભાવના કરતા હતા. (૧૧)

સાધુઓની માફક જ બાળકો, યુવાનો, વૃદ્ધો તથા સ્ત્રીઓ વગેરે હજારો હજાર ભક્તો લોયા ગામમાં જુદા જુદા દેશોમાંથી આવ્યા હતા. (૧૨) પછી ભક્ત સમૂહો સાષ્ટાંગ પ્રણામ કરતા, નિર્ધનો જેમ નિધિ પામીને આનંદ પામે તેમ, શ્રીહરિના દર્શન કરીને પરમાનંદ પામ્યા. (૧૩)

હે રાજન્ ! શ્રીહરિ સર્વે ભક્તો તરફ દૃષ્ટિ કરી તેમની સાથે સંભાષણ કરી, મંદહાસ્ય કરી, તેમને ઉતારા અપાવવા વગેરેથી તેમની સંભાવના કરતા હતા. (૧૪) સુંદર ચંદન, કસ્તૂરી, કુમકુમ, અક્ષત, પુષ્પના હાર વગેરે ઉપચારોથી, ભક્તો શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૫)

માધસુદી ચતુર્થીને દિવસે શ્રીહરિના એકાંતિક ભક્ત સુરસિંહ રાજા બંને હાથ જોડીને વિનયપૂર્વક શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૬) હે શ્રીહરે ! આવતી કાલે વસંતપંચમી છે, તો તે આપ રંગથી તેમજ ગુલાલથી રમીને આપના આશ્રિત સમૂહોને અત્યંત સુખી કરો. (૧૭)

હે રાજન્ ! પછી પ્રસન્ન મનવાળા શ્રીહરિએ પોતાની અનુવૃત્તિ પાળનાર સુરસિંહ રાજાને 'હું રમીશ' એવું મધુર વચન કહ્યું. (૧૮)

તેથી પ્રસન્ન થયેલા તે રાજાએ, કેસુડાનો રંગ, પંચાંગ રંગ તથા કેસરીયો રંગ તૈયાર કરાવ્યો. (૧૯) સુરસિંહ રાજાએ રંગના જળથી મોટી ગોળીઓ, હોજો તથા મોટા તાંબાના કઢાયા ભરાવ્યા. (૨૦) આગળથી ગાડામાં લાવેલ નવો ગુલાલ પણ રાજા સુરસિંહના ભુવનમાં ઘણો હતો. (૨૧)

એવી રીતે રાજા સામગ્રીઓ તૈયાર કરીને સુંદર સભામંડપને નવપલ્લવો તથા કેસુડાના ફૂલોથી તથા કેળના સ્તંભોથી શણગારવા લાગ્યા. (૨૨) હે રાજન્ ! ધર્મપુત્ર શ્રીહરિને વસંતપંચમીને દિવસે પ્રાતઃકાળમાં વર્ણીવર્યે સ્નાન કરાવ્યું. પછી તેમણે પોતાનો નિત્યવિધિ કર્યો. (૨૩)

તેટલામાં સર્વે સાધુઓ હજારો ગૃહસ્થ ભક્તો, સભાસ્થાનમાં આવીને શ્રીહરિના આગમનની રાહ જોતાં અત્યંત આનંદમાં આવીને સભામાં બેઠા. (૨૪)

પછી સર્વજનોને પ્રિય છે દર્શન જેમના એવા શ્રીહરિ વસંતને યોગ્ય ઉત્તમ વસ્ત્રો ધારણ કરીને

પોતાના પાર્ષદોથી વીંટાયેલા દિવ્ય સભામાં પધાર્યા. (૨૫)

શ્રીહરિના દર્શનમાં ઉત્સાહિત ચિત્તવાળા સભામાં બેઠેલા ભક્તો, શ્રીહરિને દૂરથી આવતા જોઈને તત્કાળ ઊભા થઈને હર્ષપૂર્વક ઉંચા સ્વરથી 'જય' શબ્દ ઉચ્ચારણ કરી શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૨૬) પછી શ્રીહરિ સભામાં કોમળ તથા શોભાયમાન ગાદલા તથા તકિયા ઓછાડ વગેરેથી યુક્ત અતિ સુંદર બેસવાના ઊંચા સિંહાસનમાં પોતાના સર્વ ભક્તજનોને આનંદ આપતા બિરાજમાન થયા. (૨૭)

પછી સંગીત વિશારદ પ્રેમાનંદ મૃદંગના ધ્વનિ સાથે ઝાંઝ વગેરે વાદ્યો વગાડી, શ્રીહરિની આગળ મનોહર વસંતોત્સવને યોગ્ય પદો ગાતા હતા. (૨૮)

પછી સુરસિંહ રાજાએ પ્રેરણા કરેલા નારાયણ બ્રાહ્મણ સુવર્ણ કુંભના મુખમાં શ્રીફળ, આંબાનો મોર તથા લીલા ઘઉંની ઉંબીઓ (કુંડીઓ) મૂકતા હતા. (૨૯)

બ્રાહ્મણ સુવર્ણકુંભના મુખમાં અશોક તથા આંબાના વૃક્ષના પાંચ પાન મૂકીને સુવર્ણ કુંભના કંઠમાં નાડા છડી રૂપ મંગળ સૂત્ર વીંટતા હતા. (૩૦) પછી સુરસિંહ પોતાના મસ્તક ઉપર સુવર્ણમય કુંભ મુકીને જનસમુદાયો સાથે શ્રીહરિની સમીપે ગયા (૩૧) તે સમયે હે રાજન્ ! આનંદમગ્ન બંધૂકધારીઓ વારંવાર બંધૂકોના અવાજ કરતા સર્વની આગળ ચાલતા હતા. (૩૨)

તેવી રીતે હર્ષપૂર્વક માંગલિક વાદ્યો વગાડતા તથા ઉત્સવ જોવામાં ઉત્સાહવાળા સર્વે હે રાજન્! રાજાની આગળ ચાલતા હતા. (૩૩)

ભક્તજનો આદરપૂર્વક મૃદંગ તથા ઝાંઝે સહિત શ્રીહરિના પદો ગાતા શ્રીહરિની સમીપે હર્ષપૂર્વક ગયા. (૩૪) તે સમયે ગામ લોયાના નિવાસી જનો ટોળે ટોળાં મળીને પોતાના બીજા કાર્યોનો ત્યાગ કરીને પ્રસન્ન થઈ મહોત્સવ જોવા માટે તત્કાળ ત્યાં આવ્યા. (૩૫) આવી રીતે સભામાં બેઠેલા શ્રીહરિની સમીપે હર્ષપૂર્વક જઈને, વિપ્રેન્દ્ર નારાયણજી સુરસિંહના મસ્તક ઉપરથી સુવર્ણ કળશ ઉતારતા હતા. (૩૬)

ત્યાં જુદા જુદા રંગથી જુદા જુદા પ્રકારના રચેલા સુંદર મંડળોથી રમણીય બનેલી ભૂમિ ઉપર ઘડાની સ્થાપના કરતા હતા. (૩૭) પછી નારાયણજી બ્રાહ્મણે સુરસિંહ રાજા પાસે શાસ્ત્ર પ્રમાણે આદરપૂર્વક રમણીય ઉપચારોથી ઘડાનું પૂજન કરાવ્યું. (૩૮)

ત્યારબાદ પ્રસન્ન થયેલા રાજાએ સેવકોની પાસે રંગ ભરેલા ઘડા તથા પાત્રો તત્કાળ મંગાવ્યા. (૩૯) મહોત્સવના ઉત્સવમાં જેમનો અત્યંત ઉત્સાહ છે તે ભૂપતિએ શ્રીહરિ જુએ તે પ્રમાણે પોતાના કિંકરો પાસે ગુલાબના કોથળા મંગાવ્યા. (૪૦)

પછી પરિહાસ કરતા રાજાએ હરિકૃષ્ણ ઉપર રંગનું જળ છાંટ્યું તેમજ અત્યંત આનંદમાં આવીને અતિશય સુંદર ગુલાલ શ્રીહરિ ઉપર નાંખીને, શ્રીહરિને લાલ શરીરવાળા કર્યા. (૪૧)

તેથી હે રાજન્ ! હસતા હસતા શ્રીહરિએ રંગના જળથી સૂરસિંહ રાજાને પલાળી દીધા, તેમના વિશાળ મુખ ઉપર ગુલાલ ચોપડ્યો તથા વિશાળ શરીર ઉપર પણ ગુલાલ નાખ્યો. (૪૨) હે રાજન્!

તેથી જાણે ધાતુઓથી રંગાયેલો પર્વત ઉપરથી પડેલો મોટો પથ્થર હોય ને શું ? એવા શોભતા તે રાજા સુરસિંહ ત્યાં બેસી ગયા. શ્રીહરિ રાજાના લાલ મુખને જોઈ હસતા હતા અને બીજા સભાજનો પણ હસતા હતા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં પંચમ સ્કંધમાં શ્રીહરિકૃત વાસંતિકોત્સવ લીલાનું નિરૂપણ કર્યું એ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પોતાના હાથમાં રમણીય, સુવર્ણ પીચકારી ધારણ કરતા, અત્યંત હર્ષથી ભક્તો ઉપર રંગનું જળ પીચકારીથી નાંખતા પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણની અતિવેગથી રંગ ફેંકવાની ચતુરાઈ જોઈને અત્યંત હસતા મુખ વડે ભક્તોએ દર્શન કરેલા ધર્મપુત્ર શ્રીહરિ ભક્તોની સાથે રંગ ક્રીડા કરતા હતા. (૧)

વીજળીની માફક ચમકતી સુંદર પીચકારીમાં ભરેલા રંગથી વેગપૂર્વક સિંચન કરતા ને હસતા, કૂદતા, ચંચળમૂર્તિ, ભુવન પતિ પોતાના ચરણોમાં પ્રીતિવાળા સર્વે મુનિંદ્રોને તથા દૂર રહેલા અસંખ્ય ગૃહસ્થોને પણ રંગથી ભીના કરી તેમને આશ્ચર્ય પમાડતા હતા. આ રીતે ધર્મપુત્ર શ્રીહરિ સમગ્ર જન સમુદાયને હસાવતા હતા. (૨)

સંસૃતિને હરનારી શ્રીહરિની સુંદર લીલાનાં દર્શન માટે આકાશમાં આવેલા દેવસમુહ શ્રીહરિને પુષ્પોથી વધાવતા હતા. તે પુષ્પની સુગંધના લોભથી ભ્રમરો તેમની પાછળ ભમતા હતા. વળી શ્રીહરિની લીલાના દર્શન કરવા આવેલા જુદા જુદા ધામના મુકતો પણ, અવતારી સહજાનંદ શ્રીહરિ આવી રીતે દિવ્ય ક્રીડા કરતા હતા તેનાં આદરપૂર્વક દર્શન કરતા હતા. (૩)

ભગવાનની મૂર્તિમાં આકૃષ્ટ ચિત્તવાળા અને તેથીજ દેહના ભાનથી રહિત અસંખ્ય જનો તો દિવ્યાનંદના સમુદ્રરૂપ રસમય શ્રીહરિના મેષોન્મેષ નેત્રોથી દર્શન કરતા હતા અને શાંતિ પામીને આનંદિત હૃદય જેમનું થયું છે એવા ચિત્રની માફક સ્થિર ઊભા રહ્યા હતા. શ્રીહરિ પણ મનુષ્યોની અત્યંત ભીડ જોઈને અતિ પ્રસન્ન થઈ રમતા હતા. (૪) મુનિપતિ, ભક્ત ભર્તા, શ્રીહરિ આવી રીતે પોતાના અસંખ્ય ભક્તજનોના પણ વસ્ત્રો રંગના જળથી ભીના કરી તે ભક્તો ઉપર પ્રીતિપૂર્વક ખોબા ભરીને ગુલાલ ચોતરફ અતિ શીઘ્રતાથી ઉછાળતા પોતાના ભક્તજનોને લાલ પર્વતના શિખરો જેવા શરીરવાળા કરતા હતા. સમગ્ર ગામ પણ ઉડતા ગુલાલથી વ્યાપ્ત થઈ ગયું હતું. (૫)

તે સમયે પૃથ્વી અને આકાશના મધ્ય ભાગમાં ફરતાં સુંદર ગુલાલના ગોટાથી સમગ્ર આકાશ પણ લાલ થઈ ગયું હતું તેથી સૂર્યના રથના અશ્વોની ગતિ સ્થંભી ગઈ. વળી ગુલાલથી જેમનાં નેત્રો

અવરાઈ ગયા હતા તેવા પક્ષીઓ પણ મોહ પામી આકાશમાં ઊડવા શક્તિમાન થયા નહીં. સૂર્ય તથા સમગ્ર શ્રેષ્ઠ દેવતાઓના ચિત્ત પણ આ મહાશ્ચર્યથી વ્યાકુળ થઈ ગયા. (૬)

ધર્મના પુત્ર શ્રીહરિ આવી રીતે મંગળરૂપ રંગલીલા કરીને પોતાના સમગ્રજનોને આનંદ આપી, પોતાના ઉત્તમ અશ્વ ઉપર બિરાજી પ્રસન્ન ચિત્તથી મુનિગણો સહિત ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાઈને શ્રીહરિના પદો ગાતા ગાતા ગૃહસ્થ ભક્તોની સેવા ગ્રહણ કરતા સ્નાન કરવાની ઈચ્છાથી ભદ્રાવતી નદી પ્રત્યે ગયા. (૭)

વાયુના સ્પર્શથી જળમાં ઊઠતા ચપળ તરંગો જાણે તે ભદ્રાવતી નદીના હાથ હોય અને તેની ચેષ્ટાથી તથા શોભાયમાન પક્ષીગણોના શબ્દોથી અતિ આનંદપૂર્વક શ્રીહરિને જાણે તે બોલાવતી હોય ને શું ? નદીનું જળ પથ્થરોમાં અથડાવાથી અને તેથી ઉત્પન્ન થયેલા ધ્વનિ ગંભીર વાદ્યોના જેવા શબ્દોથી તે નદી શોભતી હતી તથા વિવિધ પ્રકારના કમળોની પંક્તિથી તેનું જળ અત્યંત શોભતું હતું. (૮)

શ્રીહરિ તે નદીના કાંઠે જઈ અશ્વ ઉપરથી ઉતરીને એક વસ્ત્ર પહેરીને તથા બીજું ઓઢીને પોતાના ભક્તો પ્રત્યે જોતા હતા. (૯) પછી અચ્યુત શ્રીહરિએ પોતેજ પોતાનામાં પ્રીતિવાળા ભક્ત સુરસિંહ રાજાને રંગથી ભીના થયેલા પોતાના (પ્રસાદી ભૂત) વસ્ત્રો આપ્યા. (૧૦)

પોતાના દર્શનમાં પ્રીતિવાળા, પોતાના આશ્રિત સમુદાયથી વીંટાયેલા, અચ્યુત શ્રીહરિ ભદ્રાવતી નદીમાં સ્નાન કરવા માટે પ્રવેશ કરતા હતા. (૧૧) હે મહીપતે ! ભદ્રાવતી નદીના જળમાં પોતાના બંને હાથ ઘુમાવતા પોષો ભરીને ભક્તો ઉપર પ્રીતિથી જળ નાખતા, ભગવાન શ્રીહરિ તેમાં સ્નાન કરતા હતા. (૧૨) હે રાજન્ ! શ્રીહરિ તેમાં અતિ સુંદર વિચિત્ર જળલીલા કરીને તથા સ્નાન કરીને પોતાના આત્મજનોની સાથે કાંઠા પ્રત્યે આવ્યા. (૧૩)

તીર્થરૂપી યશ જેમને છે એવા શ્રીહરિ તેમજ મુનિઓ તથા ગૃહસ્થોએ તે નદીમાં સ્નાન કર્યું, તેથી તેમના અંગ ઉપરનો ગુલાલ ધોવાઈ ગયો. તેથી તે નદી રક્તવર્ણી બની શોભવા લાગી. (૧૪)

પછી હરિએ શ્વેત વસ્ત્રો ધારણ કર્યા અને મોળીયાના અગ્રભાગથી શોભતા મધ્ય ભાગમાં રહેલો તોરો જેમાં છે એવું શ્વેત મોળીયું ધારણ કર્યું. (૧૫) પછી ભક્ત નારાયણ બ્રાહ્મણે શ્રીહરિના ભાલમાં કેસરયુક્ત ચંદનથી રમ્ય પત્રાવલી તુલ્ય અર્ચા કરી. (૧૬) તેના મધ્ય ભાગમાં ગોળ, દર્શનીય, અતિરમ્ય કુમકુમનો ચાંદલો કર્યો (૧૭) પછી બ્રાહ્મણોને વિષે પ્રીતિવાળા શ્રીહરિ તે બ્રાહ્મણને પુષ્કળ દક્ષિણા આપતા હતા. તેમજ અન્ય બ્રાહ્મણોને ઈચ્છા પ્રમાણે ઘણી દક્ષિણા પણ આપતા હતા. (૧૮) પછી શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બીરાજીને હર્ષયુક્ત પોતાના આશ્રિતો સાથે ગીત વાજિંત્રોના ધ્વનિ સાંભળતા ગામમાં પધાર્યા. (૧૯) ગામના મનુષ્યો આશ્ચર્યપૂર્વક દર્શન કરતા અને શ્રીહરિ પણ તેમના ચિત્તને હરિ લેતા પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૦)

પછી શ્રીહરિ પોતાના સાધુઓ પાર્ષદો તથા ઘોડેસવારો સુરાદિ વગેરેને લાડુ પીરસીને જમાડતા હતા. (૨૧) ત્યારબાદ શ્રીહરિ જળથી પોતાના ચરણકમળ તથા હાથ ધોઈ પોતાને વિષે પ્રેમવાળા

બ્રહ્મચારીઓની પાકશાળામાં પધાર્યા (૨૨) શ્રીહરિ બ્રહ્મચારીઓના ભોજનનું નિરીક્ષણ કરી, તેને પ્રસાદીભૂત કરી, પોતાના આશ્રિતો સાથે પોતાના નિવાસમાં પધાર્યા. ત્યારબાદ સર્વે વર્ણીઓ જમતા હતા. (૨૩)

હે રાજન્ ! શ્રીહરિ સ્નાન કરીને વિવિધ પ્રકારના ભોજન વિષ્ણુને નિવેદન કરી, રમણીય આસનમાં બિરાજી જમતા હતા. (૨૪) જમી રહ્યા પછી જળથી બંને હાથ તથા મુખ ધોઈને વર્ણીએ આપેલો સુંદર મુખવાસ શ્રીહરિ ગ્રહણ કરતા હતા. (૨૫)

ભગવાન શ્રીહરિ પૂર્ણકામ છે. છતાં પણ આવી રીતે પોતાના ભક્તોના સુખ માટે જમતા હતા તથા પોતાના હજારો ભક્તોને જમાડતા હતા અને સૌને અત્યંત આનંદ આપતા હતા. (૨૬)

આવી રીતે લોયા ગામમાં વસંતપંચમીને દિવસે મોટો ઉત્સવ કરીને દયાસાગર શ્રીહરિ પોતાના ભક્તોને મહા આનંદ આપતા હતા. (૨૭) વસંતોત્સવમાં દેશાન્તરથી આવેલા હજારો ભક્તો ઉત્સવ પૂરો થયો એટલે શ્રીહરિની આજ્ઞાથી તેમને નમસ્કાર કરીને પોતપોતાના ગામ પ્રત્યે ગયા. (૨૮)

હે રાજન્ ! શ્રીહરિને જ જેમણે પોતાનું સમગ્ર રાજ્ય અર્પણ કર્યું છે એવા સુરસિંહ રાજાની ભક્તિથી શ્રીહરિ વશ થઈને પોતાના આશ્રિતો સાથે ત્યાં નિવાસ કરીને રહ્યા. (૨૯)

શ્રીમદ્ રામાનુંજાચાર્યે રચેલું, આત્મા પરમાત્માના સ્વરૂપને પ્રકાશ કરનારું, ભગવદ્ગીતાના ઉત્તમ ભાષ્યની કથા લોયા ગામમાં સ્પષ્ટ વક્તા નિત્યાનંદ મુનીંદ્રની પાસે ધર્મ પુત્ર શ્રીહરિ રસ પૂર્વક કરાવતા હતા. (૩૦-૩૧) દરરોજ કથા કરાવતા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ પરાયણ શ્રીહરિ વિવિધ પ્રકારની અત્યંત મધુર, ભવરોગને હણનારી, ઉપદેશ વાતો કરતા પોતાના ભક્તોને સુખ આપતા લોયા ગામમાં વસતા હતા. (૩૨)

સુધા સમાન શુકાનંદમુનિની આવી વાણી સાંભળીને માનસિંહ રાજા, જેમનું ચિત્ત અત્યંત હર્ષરૂપી સમુદ્રમાં મગ્ન છે તે, વિનય અને નમ્રતાપૂર્વક શુકાનંદમુનિને આ પ્રમાણે પૂછતા હતા. (૩૩)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં પંચમ સ્કંધમાં શ્રીહરિની રંગક્રીડાનું વર્ણન કર્યું એ નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

માનસિંહ રાજા કહે છે : - હે મુને ! શ્રીહરિએ પોતાના બંધુવર્ગને બોલાવવાની ઈચ્છાથી જે મુનિઓ તથા પાર્ષદોને મોકલ્યા હતા તેમનું વૃતાન્ત મને કહો. (૧) જિજ્ઞાસુ રાજાએ આ પ્રકારે પૂછ્યું તેથી મહાબુદ્ધિશાળી શુકાનંદ મુનીંદ્ર રાજાને કહેવા લાગ્યા. (૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જગતનું મંગળ કરનારી, ધર્મ વંશના આશ્રયવાળી,

સુશ્રાવ્ય અને પાપનો નાશ કરનારી આ કથા, તમોને હું કહું છું તે તમો સ્વસ્થ ચિત્તથી સાંભળો. (૩)

હે રાજન્ ! શ્રીહરિએ પોતાના બંધુ વર્ગને બોલાવવા માટે જે સાધુઓ તથા પાર્ષદોને મોકલ્યા હતા. તે માર્ગમાં પોતાના ઈષ્ટદેવને સંભારતા અતિ વેગથી ચાલવા લાગ્યા. (૪) અવતારી પ્રત્યક્ષ શ્રીહરિની આજ્ઞાથી જેમને અત્યંત બળ પ્રાપ્ત થયું છે એવા સાધુઓ ગરુડના જેવા વેગથી ચાલતા હતા. (૫)

તે મુનિઓ પોતાની દષ્ટિ આગળ શ્રીહરિની મનોહર મૂર્તિનાં દર્શન કરતા તથા શ્રીહરિની પ્રસન્નતા મેળવવી તેવો જ એક સંકલ્પ રાખી માર્ગના પરિશ્રમને ગણતા નહીં. (૬) યુદ્ધમાં જેમ રામનું બાણ ગતિ કરે તેવી રીતે માર્ગમાં અહર્નિશ તેવી ગતિથી ચાલતા સાધુઓ કેટલાક દિવસે અયોધ્યાપુરી પહોંચ્યા. (૭)

અતિ ઊંચા ભુવનો તથા હાટડીઓની પંક્તિઓ તથા અતિરમ્ય સુવર્ણ કળશોવાળા દેવમંદિરોથી શોભાયમાન, વિવિધ પ્રકારની શાળાઓ, વાસણનાં સ્થાનો, તૃણની શાળા, તેલના ઘાણા, પાકશાળાઓ, ઘોડશાળાઓ, ગૌશાળાઓ, ચિત્રશાળા, કુંભકારના ગૃહો, તંતુશાળા, વાળંદના ગૃહો, શિલ્પીશાળા, શસ્ત્રશાળા વગેરે રમણીય સભાસ્થાનો, બગીચાઓ, શેરીઓ, બજારો, રાજમાર્ગો વગેરેથી શોભાયમાન (૮-૯)

નાના પ્રકારના દરવાજાઓ, શોભાયમાન ઊંચા કિલ્લાઓથી મનોહર, ચાર વર્ણોના જનોએ યુક્ત, બ્રાહ્મણોએ કરેલા વેદાધ્યયનના શબ્દોથી ગુંજતી, શોભાયમાન અયોધ્યા નગરીમાં પૌરજનોને 'હે પૌરજનો! ધર્મદેવનું ભુવન ક્યાં છે ?' એમ પૂછતા સાધુઓ ધર્મદેવના ભુવન આગળ પહોંચ્યા. (૧૦, ૧૧)

તેવામાં રામપ્રતાપ તથા ઈચ્છારામ વગેરે શ્રીહરિના સંબંધિજનોના જમણા નેત્રો તથા બાહુઓ ફરકવા લાગ્યા. (૧૨) રામપ્રતાપના ધર્મપત્ની વગેરે સ્ત્રીઓની ડાબી આંખો તથા બાહુ વગેરે અંગો ફરકવા લાગ્યા. (૧૩) ભગવાનને વિષે સ્નેહયુક્ત નગરવાસીઓ તથા બીજા જનોને પણ રામપ્રતાપાદિકની માફક જ શુભ શકુનો થયાં. (૧૪) સર્વેશ્વર શ્રીહરિમાં સ્નેહથી જેમનાં મન બંધાયેલાં છે એવી પુરની સ્ત્રીઓને પણ તે સમયે રામપ્રતાપની સ્ત્રીના જેમજ શુભ શકુનો થતા હતા. (૧૫)

નરનાટ્યધારી શ્રીહરિમાં રામપ્રતાપ વગેરે તેમના સંબંધીઓ અત્યંત પ્રેમથી બંધાયેલા હતા. (૧૬) પ્રિય ભાષણ કરનારા રામપ્રતાપ વગેરે આવા શુભ શકુનો પોતાના પ્રાણથી પણ પ્રિય શ્રીહરિના સંદેશાની તેમની અતિ પ્રિય પ્રાપ્તિની આગાહી સૂચવે છે એ સત્ય સૌને જણાવતા હતા. (૧૭-૧૮)

જેમના દર્શનથી ત્રિવિધ તાપ ટળી જાય છે, એવા અમારા સુહૃદ, મનોહર, ગુણના સમુદ્ર, શ્રીહરિ અમારો ત્યાગ કરીને વનમાં પધાર્યા. (૧૯)

કોટી કામદેવના મનને હરણ કરનારું જેમનું રૂપ છે, તે માધુર્યના સાગરરૂપ શ્રીહરિના દર્શન કરતા, શ્રીહરિ તે પૌરજનોના મનને હરિ લેતા હતા. (૨૦)

બાલ્યાવસ્થામાં પણ અનુપમ શ્રીહરિ, પોતાને હણવાની ઈચ્છાથી આવેલા મહા, સમર્થ દૈત્યોને કેવળ દર્શન માત્રથી જ તત્કાળ, પરાભવ પમાડતા હતા. (૨૧)

સ્પૃહારહિત શ્રીહરિ અમોને - શ્રોતા વક્તાઓને - મંગળકારી, સુંદર, વિચિત્ર લીલાઓ કરી

સુખ આપી. અમારા મન હરણ કરી ગયા છે. (૨૨)

અમોને તેમના સમાચાર ક્યારેય પણ મળ્યા નથી. શુભ શકુનોથી સર્વને શાંતિ આપનારા તેમનાં દર્શન અમોને શું હમણાં થશે ? (૨૩) આવી રીતે રામપ્રતાપ વગેરે શ્રીહરિના ગુણ, ઐશ્વર્ય વગેરેનું સંસ્મરણ કરીને, વારંવાર આંખોમાંથી અશ્રુ સારતા હતા. (૨૪) શ્રીહરિના ભાભી પવિત્ર પતિવ્રતા સુવાસિની તથા બીજી અન્ય સ્ત્રીઓ પણ ભેગી થઈ શુભ શકુનો પરસ્પર કહેવા લાગી. (૨૫)

અહો ! હે બહેનો ! કમળપત્રના જેવા નેત્રોવાળા, રૂપ, શીલ, ગુણોના સ્થાનભૂત, નીલકંઠ ગૃહનો ત્યાગ કરીને ક્યાં ગયા ? અદ્યાપી પર્યન્ત આવ્યા જ નહીં. (૨૬)

જેનાં દર્શન માટે દેવેન્દ્રો પણ પ્રાર્થના કરે છે. એવા શ્રીહરિનું પવિત્ર દર્શન મંદભાગ્યવાળા અમોને હવે કેવી રીતે થાય ? (૨૭) અરે હે અબળાઓ ! આ શુભ શકુનોથી હાલમાં જ તેમના સમાચાર અહીં આવે એમ અમોને પ્રતિ ભાસ થાય છે. (૨૮)

હે રાજન્ ! આ પ્રમાણે પોતાને પ્રાણથી પણ અતિ પ્રિય શ્રીહરિનું સ્મરણ કરતી, શ્રીહરિના દર્શનમાં ઉત્કંઠિત ચિત્તવાળી સ્ત્રીઓ, આંખોમાંથી અશ્રુ સારતી હતી. (૨૯)

છપૈયાગામ તથા તરગામથી અયોધ્યામાં સરયૂનદીમાં માઘ સ્નાન કરવા માટે શ્રીહરિના મામા તથા મામીઓ આવ્યા હતા. (૩૦) તેઓને પણ શુભ શકુનો થયાં. હે રાજન્ ! પછી મામા તથા મામીઓ શ્રીહરિનો સંદેશો આવવો જોઈએ એમ તર્ક કરવા લાગ્યાં. (૩૧)

તે સમયમાં શ્રીહરિના બંધુવર્ગને તેડવા આવેલા સંતો તથા પાર્ષદો રામ ઘાટની સમીપે બરહટ્ટા નામના અયોધ્યાના શાખા નગરમાં આવી પહોંચ્યા. (૩૨)

ત્યાં ચાલતાં અને જનોને ધર્મદેવનું ભુવન પૂછતા પ્રિય છે દર્શન જેમનાં એવા તે સંતો કોઈકે બતાવેલ ધર્મનું ભુવન દૂરથી જોતા હતા. (૩૩) મણીજડિત સુવર્ણના સ્તંભોની પંક્તિઓથી સમલંકૃત સાતમાળવાળાં સ્ફુરાયમાન સુવર્ણના જાળીયાથી મનોહર; (૩૪)

શ્રેષ્ઠ મરતક મણીઓથી જડેલા, શોભાયમાન સુંદર ફાંસડાઓથી શોભતું સ્ફટિક મણીઓથી રચેલી સ્વચ્છ ભીંતોમાં જડેલી સુવર્ણની પટ્ટીઓની પ્રકાશિત કાંતિ જેમાં છે એવું. (૩૫)

શોભાયમાન વિશાળ ઓરડાઓ, અગાસી તથા ઓટલીઓ વગેરેથી શોભતું, મનોહર બારણા તથા શોભાયમાન તોરણોથી શોભતું; (૩૬) મનોહર રૂપાના તથા સુવર્ણ કળશોથી સમલંકૃત, વિચિત્ર રંગોવાળી શોભતી ધ્વજાઓથી શણગારેલું, (૩૭)

શોભાયમાન છે સભાસ્થાનો જેમાં એવું સુંદર ગૃહોની પંક્તિઓથી મનોહર, સાક્ષાત્ શ્રીહરિના ચરણ કમળોના સંચરણથી પવિત્ર, દેવોને પણ મોહ કરનારું; (૩૮)

આવી રીતે અતિશય શોભાયુક્ત, સવોત્કૃષ્ટ સમગ્ર સમૃદ્ધિઓથી અલંકૃત, દેવેન્દ્રોને પણ અતિશય વિસ્મય પમાડનારું ધર્મનું ભુવન તેની સમીપે તે સાધુઓ આવ્યા (૩૯)

ઈતિશ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમસ્કંધમાં શ્રીહરિના બંધુઓને શુભશકુનોનો આવિર્ભાવ નિરૂપણ નામે સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! રામ પ્રતાપ વગેરે શુભ શકુનોથી શ્રીહરિનો સંદેશો આવશે તેવું ચિંતન કરતા હતા. (૧) તેટલામાં તે સાધુઓ ધર્મદેવના ભુવનની બહાર ઓટલી આગળ આવ્યા અને તેના સભામંડપમાં આવેલા બ્રાહ્મણને જોઈને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨)

હે મહાબુદ્ધે ! તમો રામ પ્રતાપની સમીપે જઈને એમ કહો કે દૂરદેશથી અહીં આપને માટે હિતકારી સંદેશો લાવનારા અમો આવ્યા છીએ. (૩) પછી તે બ્રાહ્મણ સભા મંડપમાં જઈને આસન ઉપર બેઠેલા પોતાના મિત્ર રામપ્રતાપને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૪)

હે મહા બુદ્ધે ! અહીં બહાર ઓટલી સમીપે ઊભેલા સાધુઓ સંદેશો કહેવા તમોને ખોળે છે. (૫) મહામતિ રામપ્રતાપ તેમનું આવું વચન સાંભળીને પહેલાં થયેલા શુભ શકુનોથી ભાઈનો સંદેશો આવ્યો હશે ? એમ વિચાર કરવા લાગ્યા. (૬) પછી હે રાજન્ ! ઈચ્છારામ સહિત સભામાંથી તત્કાળ ઊભા થઈને રામપ્રતાપ એકદમ બહાર ઓટલા આગળ આવ્યા. (૭)

પછી ઈચ્છારામ સાથે રામપ્રતાપ શ્રીહરિના પ્રતાપથી અતિશય પ્રકાશમાન તથા શાંત વિષ્ણુના પાર્ષદો સમાન શોભાવાળા, પૂર્વે ક્યારેય પણ નહીં જોયેલા, સૌમ્ય વેશધારી, ચાર હાથ દૂર દૃષ્ટિ રાખનારા, મનોહર, એવા સાધુઓને જોઈને આશ્ચર્ય પામી તેમને હર્ષથી વંદન કરવા લાગ્યા. (૮-૯)

પછી રામપ્રતાપે સાધુઓને આ પ્રમાણે કહ્યું, ‘હે સાધો ! તમો કયા સંપ્રદાયના સાધુ છો ? અમારે ઘેર શા માટે આવ્યા છો ? એ કહો. (૧૦) પછી માયા જીતાનંદ મુનીંદ્ર રામપ્રતાપને કહેવા લાગ્યા, ‘હે વિપ્ર ! આ પૃથ્વી ઉપર ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવતા સ્વામિનારાયણ નામના અમારા ગુરુ છે. પશ્ચિમ પાંચાલ દેશમાં આવેલા દુર્ગપત્તનમાં તેઓ વસે છે. (૧૧-૧૨) જેમનો યશ પ્રસિદ્ધ છે. એવા, વિવિધ પ્રકારની યોગ કળાઓના સમુદ્ર, ધર્મની રક્ષા કરવામાં પ્રવીણ, તે સ્વામિનારાયણના અમે સાધુઓ છીએ. (૧૩) હે સન્મતે! સ્વામિનારાયણના મોટાભાઈ રામપ્રતાપ છે. અને નાનાભાઈ ઈચ્છારામ છે. (૧૪) તેમના પિતાનું નામ હરિપ્રસાદ હતું - તથા માતાનું નામ ભક્તિદેવી હતું અમોએ તેમનો આશ્રય કર્યો છે અને તેમના મુખથી તેમની હકીકત સાંભળેલી છે. (૧૫) હે વિપ્ર ! હે મહામતે ! સ્વામિનારાયણ અમારા ગુરુ છે. રામપ્રતાપ વગેરે પોતાના બંધુઓને બોલાવવા માટે અમોને અહીં મોકલ્યા છે. (૧૬)

માટે અમો પશ્ચિમ દેશથી રામપ્રતાપને અમારા ગુરુનો સંદેશો કહેવા અહીં આવ્યા છીએ. (૧૭) આ અયોધ્યામાં બંધુઓ સાથે રહેલા રામપ્રતાપને જ અમો ખોળીએ છીએ. માટે તમો અમોને રામપ્રતાપ બતાવો. (૧૮)

વિચક્ષણ રામપ્રતાપ તેમનું આવું વચન સાંભળીને તે સાધુને આવી રીતે કહેવા લાગ્યા. 'હે મુને ! તમોએ હરિપ્રસાદ નામના શ્રીહરિના પિતા કહ્યા તથા હે મહામતે ! જેમની માન કરવા યોગ્ય ભક્તિ માતા કહ્યાં, જેમના રામપ્રતાપ નામના પ્રખ્યાત વડીલ સહોદર કહ્યાં. (૧૯-૨૦) જેમના નાનાભાઈ શ્રીહરિમાં અતિ પ્રીતિવાળા ઈચ્છારામ તમોએ કહ્યા એ ત્રણમાં હે મુને ! મારું નામ રામપ્રતાપ છે, (૨૧) હે સાધો ! આ ઈચ્છારામ મારા નાનાભાઈ છે. એટલું કહીને રામપ્રતાપ તેઓને આદરપૂર્વક સભામંડપમાં લઈ ગયા. (૨૨)

પછી રામપ્રતાપે, પાદ્ય-અર્ધ્યાદિ વગેરેથી માયા જીતાનંદાદિ સાધુઓનો આતિથ્ય સત્કાર કરાવીને, તે સર્વને આસન ઉપર બેસાડ્યા. (૨૩) આવી રીતે તેમને સ્વસ્થ બેસાડીને તેમના પ્રત્યે પોતાના બંધુ વર્ગ સાંભળે તે પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિવાળા વક્તાઓમાં શ્રેષ્ઠ રામપ્રતાપ બોલ્યા. (૨૪)

હે મુને ! તમોએ ભક્તિ તથા હરિપ્રસાદના પુત્ર કહ્યા તે સુશીલ, મધુરાકૃતિ મારા ભાઈ છે. (૨૫) હે મહામતે ! તેમના ચિહ્ન અને ચરિત્રો વગેરે કેવાં છે ? એ તમો મને યથાર્થ રહો. (૨૬)

આવી રીતે અતિ સૂક્ષ્મ બુદ્ધિવાળા રામપ્રતાપે માયા જીતાનંદજીને પૂછ્યું, તેથી તે મુનિ મધુર વાણીથી રામપ્રતાપને પ્રસન્ન કરતા કહેવા લાગ્યા. (૨૭) હે ધીમન્ ! તમારા ભાઈ જે પરમાત્મા છે તેમના જમણા પગના તળીયામાં સ્વસ્તિ, અષ્ટકોણ, જવ, જાંબુ, વજ, ઉર્ધ્વરેખા, અંકુશ, કમળ, ધ્વજ, એ નવ ચિહ્ન છે. (૨૮) નવ પલ્લવ કરતાં પણ અતિ લાલ બંને ચરણ કમળો છે. તેમાં ડાબા ચરણનાં તળીયામાં ધ્યાન કરનાર જનોને અવિચ્છિન્ન, લલિત, સજ્જન સમુદાયે ચિંતવન કરેલી વચ્ચે ઉર્ધ્વરેખા દેખાય છે. (૩૦) પદ્મ કોશથી અતિ કોમળ શુભ શ્રીહરિના બંને ચરણો અત્યંત શોભતા નખરૂપી મણિઓની પંક્તિથી શોભાયમાન છે. (૩૧) તેમના અવયવો અનુપમ શોભાની સંપત્તિથી સેવાયેલા, સત્ ચિહ્નોથી યુક્ત છે. કોટિ કામદેવને પણ આશ્ચર્ય પમાડનારા છે. (૩૨) ધ્યાન માત્રથી પાપ તથા ત્રિવિધ તાપને નિવારણ કરનારું શ્રીહરિનું મુખ સર્વ જનોને આલ્હાદકારી છે અને કમળ તથા ચંદ્રથી પણ શ્રેષ્ઠ છે. (૩૩)

તલના પુષ્પથી અધિક શોભાવાળી શ્રીહરિની નાસિકાની સમીપે જમણા ગંડસ્થળમાં સુંદર શ્યામ તલનું કાળું ચિહ્ન છે. (૩૪) શ્રીહરિના ડાબા કાનમાં ઉત્તમ નીલમણિ સમાન કાંતિવાળું, શ્યામ વર્ણનું, પવિત્ર મહામુક્તોએ પૂજેલું, મોટા બિન્દુનું ચિહ્ન છે. (૩૫) એ આદિક અતિ કલ્યાણકારી સુંદર ચિહ્નોથી યુક્ત, નવીન મેઘના સરખી નીલ વર્ણવાળી, અનુપમ શ્રીહરિની મૂર્તિ છે. (૩૬)

આઠ અંગોએ સહિત બ્રહ્મચર્યનું પાલન કરતા, સદ્‌ગુણોના આધારભૂત, મારા જેવા હજારો સંતો શ્રીહરિના આશ્રિતો છે. (૩૭) કરોડો ગૃહસ્થાશ્રમી ભક્તજનો તેમના ચરણ કમળના આશ્રિત છે અને પોતપોતાના ધર્મમાં રહીને પ્રત્યક્ષ શ્રી પુરુષોત્તમ શ્રીહરિને ભજે છે. (૩૮) શ્રીહરિ તો પોતાની દૃષ્ટિથી જ કેવળ હજારો જનોને સાધન વિના પણ તત્કાળ સમાધિ કરાવે છે (૩૯)

તમારા તે ભાઈ સ્વયં ભગવાન સમાધિસ્થ જનોને સમાધિમાં પોતાના ગોલોકાદિ ધામ તથા તે ધામની દિવ્ય મૂર્તિઓ તથા દિવ્ય ઐશ્વર્યો, દિવ્ય પાર્ષદો વગેરે બતાવે છે. આ પ્રકારનું તેમનું આશ્ચર્ય

જોઈને મનુષ્યો શ્રીહરિનો આશ્રય કરે છે. (૪૦-૪૧) જેમના પ્રતાપથી યોગ્ય સિદ્ધિને પામેલા હજારો જનો ઘણાં મનુષ્યને સમાધિ કરાવે છે. (૪૨)

અગણિત જીવોનું નિયમન કરવારૂપ શ્રીહરિનું ઐશ્વર્ય અનાદિ કાળથી માયાથી બંધાયેલા જીવોને, સંસ્કૃતિના બંધનમાંથી મુક્તિ અપાવનારું છે તેમજ શ્રીહરિની વત્સલતા, નિર્દોષપણું, સુંદર સ્વભાવ, સૌજન્ય, લાવણ્ય તથા સત્ય, શૌચાદિ વગેરે ગુણોને યથાર્થપણે કહેવા માટે શેષ શારદાદિ શક્તિમાન થયા નથી તો હું ક્યાંથી થાઉં ? (૪૩) તેથી તમારા બંધુ અવતારી શ્રીહરિનું ઐશ્વર્ય મેં બુદ્ધિ પ્રમાણે સંક્ષિપ્તથી તમોને કહ્યું છે. (૪૪) તેમના વિયોગથી અત્યંત કૃશ થયેલા રામપ્રતાપ તથા બીજા જનો પણ આવી વાત સાંભળીને આનંદ પામ્યા અને તેમને જાણે ફરી પ્રાણ પ્રાપ્ત થયા હોય એવા થયા. (૪૫)

હે રાજન્ ! બુદ્ધિમાન માયાજીતાનંદ મુનિએ બીડેલો પત્ર રામપ્રતાપને આપ્યો. પછી રામપ્રતાપે સ્નેહથી નમ્રતાપૂર્વક તે પત્રને ગ્રહણ કર્યો. (૪૬) રામપ્રતાપજી શ્રીહરિનો બીડેલો પત્ર ખુલ્લો કરીને પોતાના હૃદયમાં ચાંપીને આંખોમાંથી અશ્રુ સારતા હે ભૂપતે ! વાંચવા લાગ્યા. (૪૭) રામપ્રતાપે વાંચવા માંડેલો તે પત્ર સાંભળતા શ્રીહરિના નાના ભાઈ શ્રીહરિમાં અત્યંત આસક્ત મનવાળા ઈચ્છારામ શ્રીહરિનું સ્મરણ કરતા અત્યંત રુદન કરવા લાગ્યા. (૪૮)

તેવી રીતે શ્રીહરિના સર્વ મામાઓ તથા શ્રીહરિ છે પ્રિય જેમને એવા બીજા જનો પણ વિરહની વ્યથા વાળા, દિવ્ય શ્રીહરિના ગુણો સંભારતા રડવા લાગ્યા. (૪૯) શ્રીહરિના ભાઈ રામપ્રતાપ તથા ઈચ્છારામની સ્ત્રીઓ, શ્રીહરિના માતુશ્રીની બહેના ચંદન તથા વસંત તેમજ શ્રીહરિની મામીઓ વિશ્રામ, સુબોધ, ગ્લહ, હીર તથા મોતી એ પાંચ મામાની પત્નીઓ સુંદરી, મૂર્તિ માલતી, લક્ષ્મણમંડાએ પણ દૂરથી વૃત્તાન્ત સાંભળીને શ્રીહરિનું સ્મરણ કરીને રડતી હતી. (૫૦)

શ્રીહરિમાં સ્નેહથી બંધાયેલું છે, હૃદય જેમનું અને ભક્તિમાતાની અનુવૃત્તિ પ્રમાણે રહેનારી તેમની સખી વલ્લભા પણ શ્રીહરિને સંભારતી રડતી હતી.. તેવી રીતે બીજી સ્ત્રીઓ પણ રડતી હતી. (૫૧) આવી રીતે સર્વેશ્વર શ્રીહરિનું વૃત્તાન્ત સાંભળીને શ્રીહરિના ગુણોથી આકૃષ્ટ ચિત્તવાળા તે સર્વે આંખમાંથી અશ્રુ સારતા હતા. રામપ્રતાપ વારંવાર માયાજીતાનંદ મુનિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં માયાજીતાનંદ મુનિ તથા રામપ્રતાપ આદિનો સમાગમ થયો તેનું નિરૂપણ નામે સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

રામપ્રતાપ કહે છે :- હે મુનીંદ્ર ! તમોએ મને મારા ભાઈ સ્વરૂપ ભગવાનનું વૃત્તાન્ત કહ્યું, તેથી તો પ્રાણ દાનથી પણ અધિક અમારા ઉપર તમોએ ઉપકાર કર્યો છે. ચિંતામણી સ્વરૂપ મારા ભાઈ ક્યાં અને તુચ્છ સમગ્ર આ વસ્તુ ક્યાં ? તેથી શ્રીહરિના સમાચાર કહેનારા તમોને પારિતોષિક આપવા યોગ્ય જગતમાં કોઈ વસ્તુ હું જોતો નથી. (૧)

દ્રવ્યાદિનો ત્યાગ કરનારા તમોને સુવર્ણ, રૂપું વગેરે સમય વસ્તુ ભોગવવી યોગ્ય નથી. માટે તમોને જે આપીને હું ઋણ રહિત થાઉં, તેવી કોઈ વસ્તુ હું જોતો નથી. માટે હે સાધો ! અમોને પરમ કરુણાથી તેમના સંદેશારૂપી અમૃતનું પાન કરાવીને જીવાડનાર તમોને તમારા પ્રત્યુપકારમાં અમો કેવળ નમસ્કાર કરીએ છીએ. (૨)

આ પ્રમાણે બુદ્ધિમાન રામપ્રતાપ કહીને મુનિને પ્રણામ કરવા માટે આવે છે તેટલામાં માયાજીતાનંદ ઊઠીને શ્રીહરિમાં અત્યંત આસક્ત મનવાળા રામપ્રતાપને બંને હાથથી પકડીને તેમને તેમના આસને બેસાડે છે અને તેમને સાષ્ટાંગ નમસ્કાર કરીને, હે રામપ્રતાપભાઈ ! તમોએ તમારા ભાઈ શ્રીહરિ પ્રભુ સર્વેશ્વર છે એમ કયા હેતુથી જાણ્યું ? તે મને કહો. પછી રામપ્રતાપ માયાજીતાનંદ મુનિને કહેવા લાગ્યા. (૩) હે મુનિવર્ય ! મારા ભાઈના જન્મ સમયે જ અમારા માતુશ્રીના શરીરમાંથી નીકળેલું સર્વોત્તમ શાંત તેજ સમગ્ર આવરણોથી યુક્ત બ્રહ્માંડને ઢાંકી દેતું અક્ષરધામ સુધી વિસ્તારવાળું અમોએ જોયું (૪) સમાધિના સામર્થ્યથી બ્રહ્માદિક દેવો તે સમયે, મારા માતુશ્રી તેજના નિમિત્તભૂત છે તેમ જાણીને, મારા માતુશ્રીના પ્રસૂતિ ગૃહની સમીપે આવ્યા. તેટલામાં શ્રીહરિ તેજના મધ્યમાંથી પ્રગટ થયા. (૫) હે સર્વોત્તમ સાધુ ! પછી બ્રહ્માદિ દેવો સંસારરૂપી અગ્નિને નિવૃત્તિ કરનાર શ્રીહરિના દર્શન કરવા માટે શ્રીહરિની સ્તુતિ કરતા હતા. શ્રીહરિએ દેવોએ કરેલી સ્તુતિ સાંભળીને દેવોને દર્શન આપવાનો સંકલ્પ કર્યો. કારણ કે શ્રીહરિ તો દયાસાગર છે. (૬)

પછી હે સાધો ! અમોએ તથા દેવેન્દ્રોએ પણ અમારાભાઈ પુરુષોત્તમ ભગવાન, દિવ્ય કાન્તિવાળા અવયવોથી અભિરામ લાવણ્ય, રૂપના પરમ અવધિ સ્વરૂપ છે તેમની તેવી મૂર્તિ તે તેજમાં પ્રત્યક્ષ જોઈ. (૭) શ્રીહરિની દિવ્યમૂર્તિ જોઈને શ્રીહરિની સમીપે આવેલાં બ્રહ્માદિ સુરેન્દ્રોએ અમારા નાનાભાઈ શ્રીહરિને નમસ્કાર કર્યા. પછી વેદમાં કહેલા દિવ્યમૂર્તિ શ્રીહરિ તત્કાળ તેજ અંતર્હિત કરીને બાલભાવ જણાવ્યો (હે સુને ! પ્રથમ તો આ લક્ષણથી શ્રીહરિ ભગવાન છે એમ અમોએ જાણ્યું.) (૮)

હે મુને ! શ્રીહરિના જન્મથી છઠ્ઠા દિવસે જ આ બાલ પ્રભુને હણવાની ઈચ્છાથી આવેલા, દેવતાઓથી પણ પરાભવ ન પામે તેવો, પ્રાણનો નાશ કરનારો, કોટરાદિ કૃત્યાગણનો, પોતાના અતિમહાન ઐશ્વર્યથી આ બાલ શ્રીહરિએ તત્કાળ પરાભવ કર્યો તેમના (ભગવાનપણાના જ્ઞાનનું આ બીજું લક્ષણ અમોએ જાણ્યું.) (૯)

હે મુને ! એક સમયે અહીં મારા ભુવનમાં આવેલા અતિશ્રેષ્ઠ વિદ્વાનો મારા પિતાના ખોળામાં બેઠેલા, મહાપુરુષના ચિહ્નોએ યુક્ત અને તેથી દિવ્ય મારા નાનાભાઈને જોઈને, તેમને સર્વોત્તમ ભગવાન જાણીને, મહા આનંદ પામ્યા. (૧૦)

પછી વેદ-શાસ્ત્ર પુરાણને જાણનારા બ્રાહ્મણોએ અતિમહાન શ્રીહરિનું સર્વોપરિ પરમેશ્વરપણાને જણાવનારું મહત્વ કહ્યું તથા સ્તુતિ કરવા યોગ્ય તેમના દિવ્ય ગુણગણો પણ કહ્યા અને તેમનો સમગ્રપણે મહિમા કહ્યો. (તેમના ભગવાનપણાના જ્ઞાનનું આ ત્રીજું લક્ષણ અમોએ જાણ્યું.) (૧૧)

જે શ્રીહરિ પોતાની કુમારાવસ્થામાં પોતામાં આસક્તિવાળા સમાન વયના પુરના અસંખ્ય બાળકોને પણ અતિકૃપાથી સમાધિ કરાવીને સિદ્ધદશા પ્રાપ્ત કરાવતા હતા અને તેથી જ યોગી સમાન હતા અને દેવતાઓને પણ વંદનીય હતા. (તેમના ભગવાનપણાના જ્ઞાનનું આ ચોથું લક્ષણ અમોએ જાણ્યું.) (૧૨)

હે મુનિરાજ ! મારા ચિત્તમાં એ સર્વ જ્યારે સ્ફુરાયમાન થાય છે ત્યારે જ પ્રિય એવા અમારા બંધુ આ ભગવાનના -વિરહરૂપ અગ્નિથી મારું મન અત્યંત બળે છે અને ખેદ પામે છે. શ્રીહરિ વિના મને સમગ્રલોક શૂન્ય ભાસે છે.(૧૩)

હે સાધો ! મારા ભાઈ શ્રીહરિના એ અલૌકિક શુભ ચરિત્રોનું જ્યારે સ્મરણ થઈ આવે છે ત્યારે શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠાવાળું મારું ચિત્ત અત્યંત દ્રવી જાય છે. (૧૪) હે સન્મતે ! શ્રીહરિનાં ચરિત્રો, સુંદર ચંચળ નેત્રો તથા તેમના હાસ્ય સહિત સંભાષણનું મધુર સ્મરણ કરનારો હું તે મારી ક્રિયાઓને સ્મૃતિથી તત્કાળ શિથિલ થઈ જાય છે. (૧૫) હે મુને ! તેમના શુભ ચરણકમળથી અંકિત નગર, બગીચો વગેરે બેસવાનાં સ્થાનો જોઈને પણ મારું મન આ શ્રીહરિમાં અત્યંત ગાઢાનુરાગી થાય છે. (૧૬) હે મુને ! શ્રીહરિનાં ઉત્તમ મંદ હાસ્યથી જેમની કાન્તિ મનોહર છે એવા શુભ વાક્યામૃત વર્ષાવતું શોભાયમાન વદન મારી દૃષ્ટિ પથમાં ક્યારે આવશે ? (૧૭)

કલહંસ તથા ગજરાજને લજ્જા પમાડનારી, સમગ્ર ચાતુર્ય યુક્ત મારાભાઈ શ્રીહરિની ગતિ તથા મંગળકારી સ્વભાવ તેનું સ્મરણ કરનાર મારું મન અત્યંત પીડા પામે છે. (૧૮) હે મુને ! દેવતાઓને દુર્લભ એવી સંપત્તિથી પૂર્ણ એવા આ મનોહર ભુવનમાં પણ તેમના વિરહથી પીડાવાળા મને શયન, ભોજન, પાન, અલંકારો વગેરેથી પણ સુખ થતું નથી. (૧૯)

હે મુને ! જે મનુષ્યો ઘણાં ભુવનોના પતિ હોય તેમને તેમની સંપત્તિ સુખ આપે છે અને ભગવાનનું વિસ્મરણ કરાવે છે. મને તો આ સંપત્તિ બાળ પ્રભુનું વિસ્મરણ કરાવવા માટે સમર્થ નથી. કારણ કે મારી સર્વ સમૃદ્ધિ તેમના વિરહથી પીડાવાળા મને વિપત્તિરૂપ ભાસે છે. (૨૦) જે દિવસથી પ્રિય શ્રીહરિ અમારો ત્યાગ કરીને ગયા છે તેજ દિવસથી તેમના સર્વ સંબંધીજનો જે અમો તે જળે રહિત માછલાઓ તરફડે તેમ અમો અતિ દુઃખી થયા છીએ. (૨૧) અહો! હે મુને ! શ્રીહરિનો સંદેશો મળશે એવી ઈચ્છાવાળા અમને તે સંદેશો ક્યારેય પણ મળ્યો નહિ. હમણાં તમોએ તેમના સંદેશરૂપી સુધારસથી અમોને આલોકમાં જીવન આપ્યું. (૨૨)

મહાબુદ્ધિશાળી પોતાના બંધુરૂપ પ્રભુમાં આસક્ત મનવાળા રામપ્રતાપ, મુનિને આ પ્રમાણે કહીને, પોતાના આત્મામાં સ્ફુરાયમાન થયેલા શ્રીહરિના દર્શન કરતા અશ્રુ સારતા આશ્ચર્ય મુગ્ધ બની વિરામ પામ્યા. (૨૩) પછી હે રાજન્ ! છપૈયા ગામના નિવાસી શ્રીહરિના મામાઓ વિશરામ તથા સુબોધ પણ આંખમાં અશ્રુ સાથે મુનિ પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૪) હે મુને ! અમારા છપૈયા ગામમાં પહેલાં ભક્તિ, ધર્મ તથા રામપ્રતાપ વગેરે વસતા હતા. (૨૫)

હે સાધો ! અમને બંનેને પ્રિય એવા અમારા ભાણેજ શ્રીહરિનો અતિમંગળકારી પ્રાદુર્ભાવ છપૈયા ગામમાં જ થયો હતો. (૨૬) હે મુને ! અમો બંનેએ તો શ્રીહરિની સુંદર બાળ લીલાઓ જોઈ છે. તેમનું મનોહર દિવ્ય જોવું, ચાલવું, મંદહાસ્ય વગેરે જોયું છે. (૨૭) હે મુને ! આ લોકમાં દૈત્યોનો પરાભવ કરનારા, મનુષ્યોથી ન થઈ શકે તેવાં, શ્રીહરિના ચરિત્રો વારંવાર અમે જોયાં છે. (૨૮)

હે મુને ! શ્રીહરિએ જ્યાં જ્યાં જે જે ચરિત્રો કર્યાં છે તેને જોઈને જ અમારા બંનેનું ચિત્ત તેમની મૂર્તિમાં આસક્ત થઈ જતું હતું. (૨૯)

હે મહામુને ! એક સમયે બાળકો આનંદિત થઈ શ્રીહરિને રમાડતા રમાડતા સાયંકાળે શ્રીહરિની સાથે આંબાવાડીમાં ગયા. (૩૦) પછી સર્વે બાળકો મોટા આંબાના થડ પાસે શ્રીહરિને બેસાડીને વૃક્ષોની પંક્તિને જોતા અને આંબાના પાકાં ફળો ખાતા ખાતા રમતા હતા. (૩૧)

તેટલામાં શ્રીહરિને હણવાની ઈચ્છાથી દેવતાઓ તથા દૈત્યોને પણ ભયંકર લાગે તેવો માયાવી આચાર્ય મહા અસુર કાલીદત્ત આંબાના વનમાં આવ્યો. (૩૨) પછી તે આકાશમાં માયાથી મેઘ ઉત્પન્ન કરતો હતો. તેથી ત્યાં વિજળી તથા વાયુના ગડગડાટ સાથે અત્યંત વૃષ્ટિ થઈ. (૩૩) રાત્રીનાં અંધકારમાં વાયુ અને વરસાદથી પીડા પામેલા બાળકો અત્યંત પ્રિય શ્રીહરિને નહિ જોતાં મનમાં ત્રાસ પામી રુદન કરવા લાગ્યા. (૩૪) તે સમયે કાલીદત્ત અસુરે ઉત્પન્ન કરેલા વાયુ અને વરસાદથી ભાંગી ગયેલા આંબાના વૃક્ષની નીચે શ્રીહરિ, જેમને કાંઈજ વાગ્યું ન હતું તેવા નિર્ભય બની, બેઠા હતા. (૩૫) દેવતાઓથી પણ ન જીતી શકાય તેવો કાલીદત્ત તે સમયે શ્રીહરિને હણવા માટે આવ્યો હતો. પણ શ્રીહરિએ તેના પ્રત્યે તીવ્ર દૃષ્ટિથી જોયું તેથી તેના સર્વ અંગો બળવા લાગ્યા અને એ રીતે બીક તથા પીડા પામીને તે તત્કાળ ત્યાંથી દોડી ગયો. (૩૬) પછી હે મુને! મોહ પામેલા તે દુષ્ટ કાલીદત્તના અંગો વૃક્ષ સાથે અથડાવાથી ભાંગી ગયા અને એ રીતે પોતાના પાપે જ તે મૃત્યુ પામ્યો. (૩૭)

પછી અતિ વૃષ્ટિ અને વાયુ વિરામ પામ્યા, અમો બંને ભાઈઓ તથા ધર્મ, પ્રેમવતી વગેરે સ્ત્રીઓ તથા તેના સંબંધિઓ (૩૮) ઘોર અંધારી રાત્રિમાં કાંઈક વિઘ્ન થયું હશે એવી શંકાથી મોટા દિવા લઈને શ્રીહરિને ખોળવા માટે નીકળ્યા. (૩૯) પછી આંબાવાડીમાં જઈને ભાંગેલા મોટા આંબાના વૃક્ષની નીચે શ્રીહરિને સુખપૂર્વક બેઠેલા લઈને અમોને ઘણું આશ્ચર્ય થયું. (૪૦)

હે મુને ! પછી પ્રસન્ન થયેલા ભક્તિ તથા ધર્મ તથા અમો સર્વે શ્રીહરિને ઘેર લાવ્યા. એવાં એવાં શ્રીહરિનાં ઘણાં ચરિત્રો હતાં. (૪૧)

દિવ્ય ઐશ્વર્ય તથા ગુણોના સાગર શ્રીહરિનો વિયોગ થયો તો પણ અમારા બંનેનું હૃદય ભેદાઈ જતું નથી. માટે બ્રહ્માએ વજ્રથી જાણે તેવું નિર્માણ કર્યું હોયને શું ? (૪૨) હે રાજન્ ! આ પ્રકાર અતિપ્રિય શ્રીહરિનું સ્મરણ કરનારા શ્રીહરિના મામા પ્રેમથી અશ્રુ સારતા આગળ બોલવા સમર્થ થયા નહિ. (૪૩) ત્યારબાદ પ્રેમાધિન થયેલા અને અત્યંત રુદન કરતા શ્રીહરિના નાના ભાઈ ઇચ્છારામ મુનિ પ્રત્યે બોલ્યા. (૪૪)

હે મુનિરાજ ! બંને નેત્રોનું રક્ષણ જેમ પાંપણો કરે છે તેમ સર્વોત્તમ સ્નેહથી મારું ચિત્ત એમની સાથે બંધાયું હતું અને એમની અનુવૃત્તિ પ્રમાણે સદા વર્તતા એવા મારું કરુણાસાગર શ્રીહરિ હંમેશા રક્ષણ કરતા હતા. (૪૫) બાલ્યાવસ્થામાં મારો ત્યાગ કરીને પરલોકમાં ગયેલા મારા માતા-પિતાના વિરહના શોકથી અત્યંત પીડા પામેલા મને શ્રીહરિ સાંતવન આપતા અને સુખ આપતા હતા. (૪૬) તે તો શરણાગત વત્સલ હતા છતાં પણ મારો ત્યાગ કરતા મારા ભાઈ શ્રીહરિનો અચળ દયાળુપણારૂપ ગુણ ક્યાં ગયો તેનો હું અત્યંત વિચાર કરું છું. (૪૭) મારા પ્રાણ પણ તેમનાં દર્શનની આશાથી અત્યંત દુઃખી થયા છે છતાં પણ તે શરીરમાં રહે છે હે મુને ! તે જ એક આશ્ચર્ય છે. મેઘ વિના ચાતક જેમ તરફડે તેમ તેમના વિના હંમેશાં હું દુઃખી છું. (૪૮) હે મુને ! હમણાં તમોએ શ્રીહરિના સંદેશરૂપી સુધા અમને અર્પી તેથી હું જીવી રહ્યો છું. આવું વચન બોલીને સ્નેહાશ્રુથી ઢંકાઈ ગયાં છે નેત્રો જેમને એવા ઇચ્છારામ પણ બોલવા માટે સમર્થ થયા નહિ. (૪૯)

આ પ્રકારની વાતો દૂરથી સાંભળતી તેમના કુટુંબની સમગ્ર સ્ત્રીઓ તેમના દિવ્ય ગુણોને સંભારતી તથા પ્રેમ વિહ્વળ થઈને રુદન કરવા લાગી. (૫૦) પછી શ્રીહરિના સમાચાર જાણીને અને અહીં સાધુઓ આવ્યા એવું સાંભળીને પુરના જનો પણ ત્યાં આવ્યા. (૫૧)

બાળકો, વૃદ્ધો, જુવાનો વગેરે પુરના ઘણાં જનો ત્યાં આવ્યા. તે સમયે ત્યાં લોકોની અતિ મહાન ભીડ થઈ. (૫૨) પછી મુનિઓ પ્રત્યે સત્પતિના સમાચારો પૂછતા તેમના રમણીય ગુણોને ગાતા જનો, અત્યંત પ્રેમાવેશમાં આવી રુદન કરતા હતા. (૫૩) ત્યારબાદ ભવાનીસિંહ તથા દીનસિંહ રાજા ત્યાં આવ્યા. શ્રીહરિના સમાચાર પૂછીને તેમની આંખોમાંથી પણ અશ્રુ ટપકવા લાગ્યા. (૫૪)

પછી શ્રીહરિમાં પ્રીતિવાળા શ્રીહરિના સંબંધિઓ અને પુરના નિવાસીઓ, રાજા વગેરે સર્વે જનો, દેહના ભાનથી રહિત થયા. (૫૫) સ્નેહાશ્રુથી વ્યાપ્ત નેત્રોવાળા તે સર્વે શ્રીહરિની કૃપાથી યોગીઓને પણ દુર્લભ જેમનું દર્શન છે તે શ્રીહરિને પોતાના નેત્રના અગ્રભાગમાં પ્રત્યક્ષ જોવા લાગ્યા. (૫૬)

તે અવસ્થામાં કેટલાક શ્રીહરિને કુમારાવસ્થાવાળા જોતા હતા, કેટલાક પૌગંડાવસ્થાવાળા આશ્ચર્યપૂર્વક જોતા હતા. (૫૭) કુટુંબીની સ્ત્રીઓ તથા વલ્લભા તથા બીજી સ્ત્રીઓ અવતારી સર્વેશ્વર શ્રીહરિની ઇચ્છાથી જાગ્રત થઈ દેહભાવમાં આવી. (૫૮)

પછી હે ધરણીપતે ! શ્રીહરિના શુભ સંદેશથી આનંદ પામેલા રામપ્રતાપ સર્વે જનોને સાકર અપાવતા હતા. (૫૯) હે રાજન્ ! પછી દીનસિંહ રાજા, પૌરજનો વગેરેએ જેવા શ્રીહરિને જોયા હતા

તેવા કહેતા કહેતા તે સુધા સમાન સમાચારથી અતિતૃપ્ત થઈ સૌ પોતપોતાના સ્થાનમાં ગયા. (૬૦)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિની સ્મૃતિથી રામપ્રતાપ વગેરેએ રુદન કર્યું તેના વર્ણનનો અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! શ્રીહરિમાં પુરના વાસિઓનો પ્રેમ જોઈને સંતો તથા પાર્ષદો અત્યંત વિસ્મય પામ્યા. (૧) વળી તે સંતો રામપ્રતાપ, ઈચ્છારામ વગેરેની શ્રીહરિમાં અત્યંત પ્રીતિ જોઈને મહા આનંદ પામ્યા. (૨) પછી શ્રીહરિના સંબંધી રામપ્રતાપ વગેરે પ્રત્યે સાધુઓ બંને હાથ જોડીને નમ્રતાયુક્ત હર્ષપૂર્વક કહેવા લાગ્યા (૩)

હે શ્રીહરિના બંધુઓ ! તમો, સમગ્ર મોટા મનુષ્યો, અમરગણો તથા મહામુનીંદ્રોને પણ અત્યંત વંદનીય છો, કારણ કે તમોને અખિલ ગુરુ સર્વોપરિ નારાયણરૂપ તમારા બંધુમાં અત્યંત દૃઢ પ્રેમ છે. (૪) અસંખ્ય ભુવનોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ એવા અને સ્વભાવ સુંદર અવતારી, મહાજનોએ ખોળવા યોગ્ય છે માર્ગ જેમનો એવા શ્રીહરિ સિવાય બીજે અધિક પ્રીતિ નથી. તેવી પ્રીતિવાળા તમોને હર્ષની વાત છે કે હવે કોઈ પણ સુંદર શુભ કાર્ય બાકી નથી રહ્યું. (૫)

હે રામપ્રતાપ ! ધર્મના વંશમાં ઉત્પન્ન થયેલા તમારું તુલના ન થઈ શકે એવું ભાગ્ય છે. અમો શું વર્ણન કરીએ ? જે ભગવાન હરિકૃષ્ણ જેમના અતિ પવિત્ર શ્રેષ્ઠ કુળમાં પ્રાદુર્ભાવ પામ્યા છે. (૬)

વૃક્ષોમાં કલ્પવૃક્ષ જેમ શ્રેષ્ઠ છે, દ્રવ્યોમાં ચિંતામણી, ગાયોમાં નિર્દોષ કામધેનુ, તેમ તમારું સુંદર કુળ સર્વોત્તમ છે. આશ્રય માત્રથી કળિમળને નાશ કરનારું મંગળરૂપ તમારા કુળને અહો ! અમો અનુપમ પ્રીતિથી હંમેશાં વારંવાર વંદન કરીએ છીએ. (૭)

હે શ્રીહરિના બંધુઓ ! તમો ધન્ય છો, ઈશ્વરોના ઈશ્વર, શુભ ગુણો તથા શુભ ઐશ્વર્યાદિના સમુદ્ર, સર્વજ્ઞ, સુખનિધિ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ, તેમનામાં, એકાંતિક સાધુઓએ પણ ઈચ્છેલો અત્યંત સ્નેહ તે તમોને છે. માટે આવો તમારો સ્નેહ જોઈને તમોને બોલાવવા માટે ભગવાને અમોને મોકલ્યા છે. (૮)

તમારા બંધુ શ્રીહરિના વિયોગથી તમોને જે કલેશ થયો છે તેનો હવે અંત આવ્યો છે, એમ તમારે જાણવું, આવી રીતે કહીને આનંદ પામેલા સાધુઓ મૌન રહ્યા. પછી હે નૃપતે ! રામપ્રતાપ હર્ષપૂર્વક સાધુઓની ચંદન, પુષ્પના હાર, વસ્ત્રો વગેરેથી પૂજા કરતા હતા. તેટલામાં રસોઈ પણ તૈયાર થઈ. (૯)

પછી સાધુઓના ધર્મ રક્ષણમાં વિચક્ષણ રામપ્રતાપે સાધુઓ તથા પાર્ષદોને રહેવા માટે યોગ્ય

ભુવનમાં નિવાસ કરાવ્યો. (૧૦) પછી રામપ્રતાપ વગેરે સ્નાન તથા પોતાનો નિત્ય વિધિ કરીને હર્ષપૂર્વક સાધુઓને તથા પાર્ષદોને જમવા માટે બોલાવતા હતા. (૧૧)

પછી સંતો તથા પાર્ષદો, હાથ, પગ ધોઈને ત્યાં આવ્યા. સ્ત્રીઓના સંચારથી રહિત સ્થાનમાં હે રાજન્ ! ઈચ્છારામ તે સર્વને નાના પ્રકારના રંગોના મંડળવાળી ભૂમિ ઉપર સુંદર આસન પાથરી પ્રીતિથી બેસાડ્યા. (૧૨-૧૩)

હે ભૂપતે ! પછી રામપ્રતાપે રમણીય પત્રાવલાં તથા પડીયા તેમની આગળ મૂક્યા. (૧૪) પછી ઈચ્છારામ તેમના જળપાત્રોમાં ગાળેલું જળ અપાવીને અતિ સુંદર ભોજન પીરસીને મુનિઓને અત્યંત જમાડતા હતા. (૧૫) મુનિ વગેરે જ્યારે અમૃતના જેવા સ્વાદ યુક્ત વિવિધ પ્રકારના ભોજન મિશ્ર કરીને તેમાં જળ નાખવા માટે આરંભ કરતા હતા, ત્યારે રામપ્રતાપ મુનિઓને અત્યંત નિષેધ કરતા હતા તો પણ મુનિઓ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ભોજન કરતા હતા. (૧૬-૧૭)

આવી રીતે સાધુઓને રસાસ્વાદ રહિત જમતા જોઈને રામપ્રતાપ વગેરે પ્રસન્ન થઈને પરમ વિસ્મય પામ્યા. (૧૮) આવી રીતે મુનિઓ વગેરે જમીને હાથ, મુખ ધોઈને તેમના મામા વગેરે બ્રાહ્મણોની સાથે પોતાના નિવાસસ્થાનમાં આવ્યા. (૧૯)

પછી રામપ્રતાપ તથા ઈચ્છારામ, મામા તથા બીજાઓની સાથે હર્ષપૂર્વક ભોજન કરીને મુનિઓના નિવાસસ્થાનમાં આવ્યા. (૨૦) પછી રામપ્રતાપ વગેરેના દર્શન થતાં જ મુનિઓ તથા પાર્ષદો તત્કાળ ઉભા થઈને યથાયોગ્ય આસનોમાં બેસીને વિનયપૂર્વક તેમને પ્રણામ કરતા હતા. (૨૧) પછી ધીર મુનિઓ હરિલીલારૂપી અમૃતના આશ્રયવાળી, ત્રિવિધ તાપને શમાવનારી, કર્ણને પ્રિય, એવી વાતો કરતા હતા. (૨૨) રામપ્રતાપે જાણેલું અને બીજા કોઈ સંબંધીજનોએ નહિ જાણેલું રહસ્ય, પોતાનું ચરિત્ર, શ્રીહરિએ પોતાના આશ્રિત માયાજીતાનંદાદિ સાધુઓને પહેલાં કહ્યું હતું તે સર્વે વૃત્તાંત મુનિઓ હર્ષપૂર્વક યથાર્થ રામપ્રતાપ વગેરેને કહેતા હતા. રામપ્રતાપ તે સાંભળીને અત્યંત આનંદ પામ્યા. (૨૩-૨૪)

પછી સાધુઓ, રામપ્રતાપ વગેરે સંબંધીઓએ કહેલું શ્રીહરિનું બાલ્ય ચરિત્ર, સાંભળતા હતા. પછી સાધુઓએ કહેલી શ્રીહરિની તરુણાવસ્થાની લીલાઓ રામપ્રતાપ વગેરે સાંભળતા હતા. (૨૫) હે નૃપ ! સાધુઓ રામપ્રતાપ વગેરેને શ્રીહરિની બાળલીલાની વાર્તાઓ પૂછીને શ્રીહરિને સંભારતા તથા આનંદ પામતા હતા. રામપ્રતાપ પણ સાધુઓને તે વાતો કરીને શ્રીહરિને સંભારતા તથા સુખ અનુભવતા હતા. એમ બંને પરસ્પર શ્રીહરિને સંભારતા અયોધ્યામાં વસતા હતા (૨૬)

અયોધ્યામાં સાધુઓ વગેરે શ્રીહરિના સંબંધીને સાથે જ્યારે સરયૂ નદીમાં સ્નાન કરતા હતા ત્યારે શ્રીહરિના ચરણથી અંકિત થઈ પવિત્ર થયેલા આજુબાજુના પ્રદેશો જોતા હતા. (૨૭) સાધુઓ અયોધ્યામાં જેટલા દિવસો રહ્યા તેટલા દિવસોએ શ્રીહરિના સમાચારો પૂછવા માટે દરરોજ પૌરજનો ભેગા થઈને આવતા હતા. (૨૮)

ભક્તપ્રિય સાધુઓ આવીરીતે કેટલાક દિવસો ત્યાં રહીને શ્રીહરિની સમીપે જવા માટે રામપ્રતાપાદિને વિનયપૂર્વક પ્રાર્થના કરતા હતા. (૨૯) તેથી રામપ્રતાપ, જ્યોતિષ શાસ્ત્રના જાણનારાઓમાં શ્રેષ્ઠ વિપ્રવર્ય ત્રિવેણીરામને બોલાવીને શુભમુહૂર્ત પૂછતા હતા. (૩૦) પંચાંગ જોઈને બ્રાહ્મણે કહેલા શુભમુહૂર્તમાં રામપ્રતાપ શ્રીહરિના દર્શનની ઉત્કંઠાવાળા પ્રયાણ માટે આરંભ કરતા હતા. (૩૧)

તે સમયે પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિના મહાબળવાળા બંને ભાઈઓના પુત્રો તથા અન્ય સંબંધીઓને પણ સાથે જવા માટે તૈયાર થયા (૩૨) તેમજ સ્ત્રીઓમાં મુખ્ય પતિવ્રતા સુવાસિની તથા કુટુંબની સ્ત્રીઓ પણ ઉતાવળપૂર્વક શ્રીહરિની સમીપે જવા માટે તૈયાર થઈ. (૩૩)

તેથી મહાબુદ્ધિશાળી રામપ્રતાપ તે પુરુષોને તથા સ્ત્રીઓને મધુર વચનોથી શાન્તિ પમાડી કહેવા લાગ્યા. (૩૪) અમો બન્ને ભાઈઓ પ્રથમ સત્પતિ બન્ધુરૂપ શ્રીહરિની સમીપે જઈને શ્રીહરિના દર્શન કરીને સર્વ પ્રકારે તેમનું વૃત્તાન્ત જાણીને (૩૫) અમો બંને તત્કાળ અહીં આવીને તમોને તેમની સમીપે લઈ જઈશું. માટે હાલમાં તમો અહીં જ રહો. (૩૬)

આથી શોકાતુર થયેલા, આંખોમાં અશ્રુ ભરેલા, સમગ્ર બંધુવર્ગને શાન્તિ પમાડી રામપ્રતાપ તથા ઈચ્છારામ જવા માટે તૈયાર થયા. (૩૭)

તે સમયે દીનસિંહ રાજા તે બંને ભાઈઓ શ્રીહરિની સમીપે જઈ રહ્યા છે તે સાંભળીને તેમને બેસવા માટે સુંદર બે શિબિકાઓ મોકલતા હતા. (૩૮) હે મહિપતે ! બુદ્ધિમાન રાજા મુનિઓ વગેરેને માટે ગાડી તથા રથ વગેરે વાહનો પણ મોકલતા હતા. (૩૯) પછી બંને ભાઈઓ શ્રીહરિની આજ્ઞાથી બોલાવવા આવેલા મુનિઓ તથા પાર્ષદોને સવારમાં જમાડીને અને પોતે જમીને તૈયાર થયા તેટલામાં રાજા સેનાને તૈયાર કરાવતા હતા. (૪૦) પોતાની સેનાની સાથે રાજા તત્કાળ રામપ્રતાપના મહેલમાં ગયા. સેના બહાર રાખીને પોતાના સેવકજનોની સાથે રાજા સભાસ્થાનમાં આવ્યા. (૪૧) રામપ્રતાપ તથા ઈચ્છારામે રાજાનો સત્કાર કર્યો. જવા માટે તૈયાર થયેલા શ્રીહરિના બંને ભાઈઓને જોઈને, નમસ્કાર કરીને, આંખોમાં અશ્રુવાળા તે રાજાએ પ્રણામ કરી ઘણી પ્રકારે પ્રાર્થના કરી. (૪૨)

પછી રામપ્રતાપે રાજાને યથાયોગ્ય શાન્તિ પમાડીને રમણીય આસનમાં બેસાડીને પોતાના આસનમાં બેઠા. (૪૩) પછી રાજા, બંને ભાઈઓની મહા અમૂલ્ય વસ્ત્રો, ભૂષણો તથા વિવિધ ઉપચારોથી પ્રેમ વિહ્વલ થઈ પૂજા કરતા હતા. (૪૪) વિધિ જાણનારા રાજા તેમના સર્વે સંબંધીઓને તથા મુનિઓ વગેરેની વિધિ પ્રમાણે યથાયોગ્ય પૂજા કરતા હતા. (૪૫) હે ભૂપતે ! પછી રાજાએ શ્રીહરિ માટે સોનેરી રેશમી વસ્ત્રો તથા મહાઅમૂલ્ય ભૂષણો આપ્યાં. (૪૬)

તે સમયે હજારો પૌરજનો પુષ્પોની માળાઓ તથા વિવિધ પ્રકારના ઉપહાર લઈને ત્યાં આવ્યા હતા. (૪૭) હર્ષ પામેલાં પૌરજનો બંને બંધુઓની પૂજા માટે અન્યોઅન્ય એક બીજાની ઉપર પડતા મહાપ્રતાપી બંને ભાઈઓનું પૂજન કરતા હતા. (૪૮) રામપ્રતાપના ભુવનમાં પુરજનોની ઘણી ભીડ થઈ. મુનિઓ તથા પાર્ષદો તે જોઈને પરમ આશ્ચર્ય પામ્યા. (૪૯)

પુરવાસિઓ જેમની આંખોમાં અશ્રુઓ છે તેવા ઘણી પ્રીતિપૂર્વક અમૂલ્ય વસ્ત્ર, ભૂષણો વગેરે પદાર્થો શ્રીહરિ માટે મોકલતા હતા. (૫૦)

પછી કમનીય કાન્તિવાળા તે બંને બંધુઓ રમણીય વાહનોમાં બેઠા. સાધુઓ તથા પાર્ષદો તેમની આજ્ઞાથી વાહનોમાં બેઠા. (૫૧) હે રાજન્ ! પછી સૈન્ય સાથે રાજા તથા પોતાના જનો તથા હજારો હજાર નાગરિક જનોએ બંને ભાઈઓને વળાવ્યા. (૫૨)

હે રાજન્ ! બ્રાહ્મણોએ ઉચ્ચાર કરેલા મનોહર વેદ ધ્વનિ તેમજ મહામાંગલિક વાદ્યોના ધ્વનિ સાથે બંને ભાઈઓ પુરથી બહાર નીકળ્યા. (૫૩)

તે સમયે જળથી ભરેલા પાત્રો ધારણ કરેલી તથા પુત્રવાળી તેમજ સધવા સ્ત્રી તે બંને બંધુઓની સન્મુખ આવી. (૫૪) વળી ભાલમાં ઉર્ધ્વ તિલક અંકિત ચાર બ્રાહ્મણોએ પણ તે બેની સન્મુખ આવી તે બંને ભાઈઓને ભાલમાં કુમકુમના ચાંદલા કર્યા. (૫૫) આગળ ચાલતા વાછરડી સાથે ગાય બંનેની સન્મુખ આવી. એવા શુભશકુનો જોતા તે સર્વ હર્ષ પામતા હતા. (૫૬) હે ભૂપતે ! આવી રીતે હજારો પુરજનોએ તથા ઘણા શિષ્યોએ, તેમજ સેનાએ સહિત રાજાએ, વિરહ કલેશથી વ્યાકુળ થયેલા બંધુજનોએ મહા આદરપૂર્વક વળાવેલા બંને ભાઈઓ માંગલિક સારા વાદ્યોના ધ્વનિ સાથે શુભ શકુનો જોઈ પ્રયાણ કરતા હતા. (૫૭)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં માયાજીતાનંદ મુનિએ કરેલી રામપ્રતાપાદિ પ્રશંસાદિ નિરૂપણ નામે ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી રામપ્રતાપ તથા ઈચ્છારામ નગરથી બહાર બે ગાઉ દૂર આવીને પોતાની પાછળ આવેલા પોતાને વિષે સ્નેહવાળા રાજા વગેરે જનોના સમુદાયને સાંતવન આપીને પાછા વળતા હતા. (૧) વિનય યુક્ત તથા સ્નેહના અશ્રુ જેમનાં નેત્રમાં છે એવા તે સમગ્રજનો રામપ્રતાપ તથા ઈચ્છારામને પ્રણામ કરીને આ પ્રમાણે કહેતા હતા. હે બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ ! ભગવાનના વિયોગની અમને કોઈ રીતે ટળી ન શકે એવી અત્યંત વ્યથા છે. (૨)

તે પીડા તમારા દર્શનથી કાંઈક શાંત થઈ હતી. તોપણ જ્યારે તમો બંને જાઓ છો તેથી, જેમ સૂર્ય તથા ચંદ્ર રહિત રાત્રિનો અંધકાર જનોને જેમ દુઃખરૂપ બને છે તેમ, અમોને આ વિરહની પીડા અત્યંત દુઃખ કરશે. (૩)

માટે હરિ તેમજ તમારે બંનેએ અમારી તત્કાળ સંભાવના કરવી. તમારા આશ્રિત બંધુઓને

તથા અમોને છોડીને તમારે ત્યાં બહુવાર રહેવું નહિ. (૪)

સ્નેહના અશ્રુ અત્યંત ઉભરાવાથી જેમનો કંઠ રોકાયો છે એવા તે રાજા તથા અન્યજનો બંને ભાઈઓને આ પ્રમાણે કહીને તેમને વિષે અનુરાગવાળા હોવાથી દૂર પર્યન્ત તેમની પાછળ જઈને તેમના વિયોગની પીડાને સંભાળતા નગર પ્રત્યે જતા હતા. (૫)

હે રાજન્ ! પછી પોતાની પાછળ આવેલા તે બંને જણે પોતાના પુત્ર, મુખ્ય મામા અને પરિવારને શાંતિ પમાડી એક રાત્રિ સાથે રાખી પાછા વળ્યા (૬) પછી જેમની આંખોમાંથી અશ્રુધારાઓ સેવે છે એવા અત્યંત આસક્તિવાળા સંબંધીઓ તે બંને ભાઈઓને કહેવા લાગ્યા. હે આર્યો ! પાંખ વિનાના પક્ષીઓની માતા જેમ સંભાવના કરે તેમ અમારી તમારે સંભાવના કરવી. (૭)

શ્રીહરિનું સમગ્ર વૃત્તાન્ત જાણીને તમારે અહીં આવવામાં વિલંબ કરવો નહીં. આપત્તિઓની નિવૃત્તિ કરનારા શ્રીહરિની સમીપે પછી અમોને તમારે કૃપા કરીને લઈ જવા. (૮)

આ પ્રમાણે સ્નેહપૂર્વક કહીને અને જેમના ચિત્તમાં પુષ્કળ પરિતાપ છે. એવા સંબંધીઓને તે બંને બંધુઓએ શાંતિ પમાડી. પરંતુ જાણે તેમના પ્રાણ ચાલ્યા ગયા હોય તેવા બની હે નરેન્દ્ર ! ધીમે ધીમે તેઓ પોતપોતા઼ા ઘર પ્રત્યે પાછા આવ્યા. (૯)

પછી શ્રીહરિના દર્શનમાં અતિશય ઉત્કંઠાવાળા ઉતાવળથી ચાલતા તે બંને બંધુઓ ગંગા પ્રત્યે આવ્યા. અહીંથી પોતાને વિષે પ્રીતિવાળા રાજાએ મોકલેલા સૈન્યને તેમણે પાછું વાળ્યું. (૧૦) પછી હે રાજન્ ! મુનીંદ્ર તથા પાર્ષદો સહિત રામપ્રતાપ તથા ઈચ્છારામ નૌકામાં બેસી ગંગા ઉતરીને સામા કિનારે પહોંચ્યા. પોતાના વાહનો પણ તે રીતે તેમણે નદી પાર ઉતાર્યા. (૧૧)

હે રાજન્ ! વાહનો ઉતારવામાં લાંબો સમય થયો. તેથી ત્યાં સાયંકાળ થઈ ગયો. તેથી બંને ભાઈઓ ગંગા તીરે રહ્યા. પારિતોષીક, ધન વગેરે નાવિકોને આપી તેમને પ્રસન્ન કર્યા. (૧૨)

હે રાજન્ ! તે સમયે રાત્રિએ પૂજાના ઉપચારોના પાત્રો હાથમાં લઈને મૂર્તિમાન ગંગાએ ત્યાં આવીને તે બંને બંધુઓનું પૂજન કરી તેમના કંઠમાં મણીંદ્રની માળાઓ પહેરાવી. (૧૩)

પછી ગંગા બંને હાથ જોડીને તેમના પ્રત્યે કહેવા લાગ્યા. હે શ્રીહરિના બંધુઓ ! સર્વ અવતારના કારણભૂત, સ્વતંત્ર મૂર્તિ, શ્રી પુરુષોત્તમના સહોદરા ! તમો બંનેને હું નમસ્કાર કરું છું. (૧૪) આ લોકમાં લોકોના ભૂષણરૂપ તમારી તુલ્ય હું કોઈને જોતી નથી. માટે તમારા બંનેનાં ભાગ્યનું હું શું વર્ણન કરું ? તમારા ભાગ્યનું શેષાદિ પણ વર્ણવી શકતા નથી. (૧૫) તમારે બંનેએ મેં આપેલી માળા શ્રીહરિને અર્પણ કરવી. (શ્રી હરિના કંઠમાં ધારણ કરાવવી) આવી રીતે કહીને અમૂલ્ય મોતીની માળા તે બંનેને આપીને તે ત્યાં અંતર્ધાન થયા. (૧૬)

પછી ગંગાતીરે રાત્રીએ બંને ભાઈઓ પરસ્પર વિચાર કરતા હતા. હે બંધુ ! આપણો માર્ગ નદીઓ, પર્વતો, વૃક્ષોથી વ્યાપ્ત છે, તેથી દુર્ગમ છે. (૧૭)

માર્ગમાં ચાલવા માટે કેમ શક્તિમાન થઈશું ? શ્રીહરિની પ્રાપ્તિ કેવી રીતે થશે ? માર્ગમાં કેટલો સમય જશે ? વાહન વગેરેની શી ગતિ થશે ? (૧૮) આવો વિચાર કરતા બંને બંધુઓ તત્કાળ નિદ્રાવશ થયા. પછી શ્રીહરિએ તેમના વાહનો સાથે તે સર્વેને પોતાની યોગશક્તિથી ઈંદોરપત્તનમાં મૂકી દીધા. (૧૯)

ઈંદોરમાં સત્સંગિઓએ આ બે શ્રીહરિના બંધુઓ છે એમ જાણીને હર્ષપૂર્વક આદરથી તેમનો સત્કાર કર્યો તથા ત્યાંના રાજાએ પણ તેમનો સત્કાર કર્યો. (૨૦)

રામપ્રતાપ તથા ઈચ્છારામ, ભગવાનના ચરિત્રોની વાર્તા કરી ભક્તોને સુખ આપીને સૂઈ ગયા. શ્રીહરિએ ફરીથી તેમને પોતાની યોગશક્તિથી વડોદરામાં મૂકી દીધા. (૨૧)

ત્યાં પણ શ્રીહરિના ભક્તો, તે બંને બંધુઓને શ્રીહરિના બંધુઓ જાણી, અત્યંત હર્ષ તેમજ આદરપૂર્વક તેમને નિવાસ કરાવતા હતા. (૨૨) પછી બંને બંધુઓનું ત્યાંના રાજાએ તથા ભક્તોએ સન્માન કર્યું, અને મહા અમૂલ્ય વસ્ત્રો, અલંકારો તથા ઉપચારો, ચંદન પુષ્પાદિ વગેરેથી તેમનું પૂજન કર્યું. (૨૩) ભક્તોએ તેમને વિવિધ પ્રકારના ભોજનો જમાડ્યા અને આગ્રહથી ત્યાં રાખ્યા. પરંતુ શ્રીહરિના દર્શનમાં ત્વરાવાળા હોઈ ત્યાં ફક્ત બે દિવસ જ તેઓ રહ્યા. (૨૪)

વડોદરામાં ભક્તોએ તેમને શ્રીહરિ લોયા ગામમાં બિરાજે છે તેવું કહ્યું. તે સાંભળીને પ્રસન્ન મનવાળા તે બંને બંધુઓ ત્યાંથી જવા માટે તૈયાર થયા. (૨૫) તેમના દર્શન કરવા આવેલા આશ્ચર્યમગ્ન પૌરજનોએ તે બંને બંધુઓને વળાવવા તૈયારી કરી અને મુનિ વગેરે સાથે તેઓ તૈયાર થયા. (૨૬)

માર્ગમાં ચાલતા, ગાડી તથા રથ ઉપર બેઠેલા તે બંને ભાઈઓ, મુનિઓ વગેરે સાથે, આકાશમાં ચાલતા પુનર્વસુ, તારાઓની સાથે જેમ શોભે તેમ શોભતા હતા. (૨૭) રસ્તામાં ભક્તો, જનસમુદાયને પ્રિય, શ્રીહરિના તે બંને બંધુઓ છે એમ જાણીને, દરેક ગામમાં તેમનું સન્માન તથા પૂજન કરતા હતા. (૨૮) આવી રીતે ઉતાવળથી ચાલતા બંને જણ થોડા દિવસમાં પંચાલ દેશમાં આવેલા મનોહર રાણપુર પ્રત્યે આવ્યા. (૨૯) જ્યારે બંને બંધુઓ લોયા ગામથી બે ગાઉ દૂર હતા તે સમયે પીપલાણાના સદાશિવ બ્રાહ્મણ આગળ ગયા. (૩૦) હે ભૂપ ! સદાશિવ લોયા ગામમાં જઈને સાધુઓ તથા ગૃહસ્થોની સભામાં બિરાજેલા શ્રીહરિને, રામપ્રતાપ તથા ઈચ્છારામનું આગમન હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૩૧) સભામાં બેઠેલા મુનિઓ તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિના સ્વજનોનું આગમન સાંભળીને, મેઘનો ધ્વનિ સાંભળીને જેમ મયૂરો હર્ષ પામે તેમ, મહા હર્ષ પામ્યા. (૩૨)

પછી શ્રીહરિનો અભિપ્રાય જાણનારા મુક્તાનંદ મુનિએ સુરસિંહ રાજાને પ્રેરણા કરી શ્રીહરિના બંધુજનોનો સત્કાર કરવા નિર્ણય કર્યો. (૩૩) સુરસિંહ રાજાએ શ્રીહરિના ભાઈઓનું આગમન કહેનારા બ્રાહ્મણ સદાશિવને હર્ષપૂર્વક તત્કાળ સોનાની માળા આપી. (૩૪)

હે રાજન્ ! તેટલામાં શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ મહામુનિ સૈન્ય, સુંદર વાહનો, નાના પ્રકારના વાદ્યો તથા સંતો, ગૃહસ્થ ભક્તો, તેમજ ઉત્તમ રાજા વગેરેને લઈને શ્રીહરિના ભાઈઓની સન્મુખ જવા માટે યથાયોગ્ય પ્રેરણા કરતા હતા. (૩૫, ૩૬) પછી હે રાજન્ ! ગીત તથા વાદ્યોના ધ્વનિ સાથે સૈન્ય

સહિત ઉત્તમ રાજા તથા ગૃહસ્થ ભક્તો તથા મુનિઓ હર્ષપૂર્વક સન્મુખ ગયા. (૩૭)

બુદ્ધિમાન ઉત્તમ રાજા શ્રીહરિના બંને બંધુઓની સમીપે જઈને માયાજીતાનંદ મુનિએ જણાવેલા શ્રીહરિના સહોદરોને પૃથ્વી ઉપર પડીને હર્ષથી અનુક્રમે સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. તેમજ તેમને સુંદર પુષ્પોના હાર અર્પણ કરતા હતા (૩૮, ૩૯) તેવી રીતે સંતો તથા ગૃહસ્થો પણ તે બંનેને સાષ્ટાંગ વંદના કરતા હતા. પછી ઉત્તમ રાજા બંને ભાઈઓને સુવર્ણ રથમાં બેસાડતા હતા. (૪૦)

પછી અનેક વાદ્યોના ધ્વનિ સાથે મહાજય ધ્વનિનું ઉચ્ચારણ કરતા, પ્રસન્ન થયેલા સર્વેજનોએ રામપ્રતાપ તથા ઈચ્છારામની સાથે લોયા ગામમાં પ્રવેશ કર્યો. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં લોયા ગામમાં રામપ્રતાપાદિનું આગમન નિરૂપણ નામે વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ સભાની સમીપે આવેલા પોતાના બંને બંધુઓને જોઈને આસન ઉપરથી ઊભા થઈને મોટાભાઈની સન્મુખ ગયા. (૧) પછી શ્રીહરિમાં અત્યંત પ્રેમવાળા, શ્રીહરિના વિયોગથી કૃશ શરીરવાળા, રામપ્રતાપ તથા ઈચ્છારામ શ્રીહરિને જોઈને, સુખ આપનારા ચંદ્રને જોઈ જેમ બન્ને ચકોર પક્ષીઓ હર્ષ પામે તેમ અત્યંત શાંતિ પામ્યા. (૨) સ્વાતિ નક્ષત્રમાં વર્ષતા મેઘના જળમાં ચાતકોને જેમ પ્રીતિ છે તથા મીન સમુદાયને જળમાં જેમ પ્રીતિ છે, ચક્રવાકોને સૂર્યમાં જેમ પ્રીતિ છે તથા મયૂરોને જેમ મેઘમાં પ્રીતિ છે. (૩)

તેવી રીતે શ્રીહરિમાં સ્નેહથી બંધાયેલા, નેત્રોમાં અશ્રુવાળા, રોમાંચિત્ર, ગાત્રવાળા, રામપ્રતાપ તથા ઈચ્છારામ બંને શ્રીહરિને મળીને દાવાનળથી તપાયમાન હાથીઓ ગંગાના જળમાં પડીને જેમ તાપની શાંતિ કરે છે તેમ શાંતિ પામ્યા. (૪)

પછી પોતાના વડીલબંધુ રામપ્રતાપને ભગવાન શ્રીહરિ મનુષ્ય નાટ્ય શોભાડવા માટે જ્યાં પોતે પ્રણામ કરવા આરંભ કરે છે ત્યાં રામપ્રતાપ જ પોતાના બંને હાથ વડે શ્રીહરિના બંને હાથ પકડીને પ્રણામ કરવા નિષેધ કરતા હતા. પછી અખિલેશ શ્રીહરિ અશ્રુઓથી જેમના નેત્રો ઢંકાઈ ગયા છે એવા રામપ્રતાપને આલિંગન કરીને હે રાજન્ ! યોગ્ય આસનમાં બેસાડતા હતા. (૫-૬)

ગુણોમાં સંકર્ષણ સમાન, દ્રઢ અનુરાગથી થયેલો રોમાંચિત ગાત્રથી સુંદર શરીરવાળા રામપ્રતાપને શ્રીહરિના અંગના સંગથી, તેમના વિરહથી પીડાની નિવૃત્તિ થઈ. (૭)

હે રાજન્ ! પછી શ્રીહરિના નાનાભાઈ ઈચ્છારામ હર્ષથી રોમાંચિત ગાત્રવાળા શ્રીહરિના બંને ચરણ યુગલ પોતાના મસ્તક ઉપર મૂકીને બંને હાથથી તેમના ચરણ યુગલ પકડીને સ્નેહાશ્રુથી તે ચરણકમળને

ધોતા તેને છોડતા ન હતા. (૮)

સર્વ ગુણોથી, પ્રદ્યુમ્ન તુલ્ય, પ્રશાંત, શ્રીહરિના વિરહથી શુષ્ક થયેલા, શ્રીહરિ સમાન સ્વરૂપવાળા, શ્રીહરિના નાનાભાઈ ઇચ્છારામને ભગવાન શ્રીહરિ, પોતાના બંને હાથથી ઉઠાડી તથા આલિંગન કરી, શાંતિ પમાડી સુંદર આસન ઉપર બેસાડતા હતા. (૯)

સાધુ તથા હજારો ભક્તો, અત્યંત હર્ષપૂર્વક નેત્રમાં અશ્રુવાળા શ્રીહરિના બંને બંધુઓ જેઓ શ્રીહરિના દર્શન કરતા હતા, તે તરફ જોતા હતા, એટલામાં શ્રીહરિ પોતાના આસન ઉપર બિરાજ્યા. તે સમયે ભક્તો જય જય શબ્દોનું ઉચ્ચાસ્વરે ઉચ્ચાણ કરતા હતા. (૧૦) લાવણ્ય, રૂપ, માધુર્ય તથા ગુણોના સમુદ્ર, નિષ્કારણ અપાર કરુણારૂપી અમૃતથી પૂર્ણ દૃષ્ટિવાળા શ્રીહરિની સમીપે રામપ્રતાપ તથા ઇચ્છારામ શ્રીવામનના સમીપે જેમ ચંદ્ર તથા સૂર્ય શોભે તેમ શોભતા હતા. (૧૧)

શરદ ઋતુના પૂર્ણિમાના ચંદ્રના યોગથી આકાશમાં રહેલા અતિસુંદર બૃહસ્પતિ અને શુક્ર જેમ શોભે તેમ રામપ્રતાપ તથા ઇચ્છારામ શોભતા હતા. અને શ્રીહરિના સમાગમ માટે આવેલા ભક્તજનો અતિ હર્ષપૂર્વક શાંતિ પામી તેમના દર્શન કરતા હતા. (૧૨)

અત્યંત સુંદર, મૂર્તિમાન વૈરાગ્ય તથા જ્ઞાનના દિવ્ય અંગવાળા, મૂર્તિમાન મોક્ષ પામીને જેમ શોભે તેમ તે બંને બંધુઓ શ્રીહરિના દર્શનથી ભક્તોને દર્શનીય એવી સુંદર શોભા પામ્યા હતા. (૧૩) શોભાયમાન અને ચળકતી ચાંદીની કાંતિથી વિશેષ પ્રકાશતા દિવ્ય ઇન્દ્ર નીલમણીના પર્વતની બાજુમાં રહેલા બે પર્વતો જેમ શોભે તેમ શ્રીહરિની સમીપે દેવેન્દ્રોને પણ દર્શનીય તે બંને બંધુઓ અત્યંત શોભતા હતા. (૧૪) શ્રીહરિની મૂર્તિમાંથી નિકળેલું શોભાયમાન મહામરકત મણિના સમુદાયની સમાન તેજના સમુદાયથી ગૌર, મનોહર, શરીરવાળા, રામપ્રતાપ તથા ઇચ્છારામ બંને બંધુઓ ગંગા તથા યમુનાના જળના સંગમના સુયોગની શોભા પામ્યા હતા. (૧૫)

ફુલેલા મોગરાની માફક શ્વેત શરીરના કિરણોના સમુદાયમાં મેઘ સમાન શોભાવાળું વાદળી રંગના પુષ્પની ઉપમાવાળું શ્રીહરિનું શરીર ચંદ્ર કિરણોથી વ્યાપ્ત શ્યામ કમળનો સમુદાય જેણે શોભે તેમ શોભતું હતું. (૧૬)

પરસ્પરના સમાગમમાં એક બીજા સાથે મળેલા કિરણોના યોગથી ત્રણેય જાણે એક વર્ણના હોયને શું ? એમ અત્યં શોભતા હતા. તે ત્રણ બંધુઓની તે સમયની સમગ્ર શોભાનું વર્ણન કરવા માટે તો અતિ બુદ્ધિશાળી શેષાદિ પણ શક્તિમાન થાય નહીં તો બીજાની શી વાત કહેવી ? (૧૭)

ત્રણે બંધુઓના દર્શન કરવા ત્યાં આવેલા તે ગામના નિવાસી હજારો દેહધારીઓ, ઉત્સાહિત ચિત્તવાળા સાધુઓ તથા દેશાન્તરથી આવેલા હરિભક્તો અનન્ય ભાવથી ચિત્રમાં ચિતરેલી આકૃતિવાળા હોયને શું ? એમ બની ગયા હતા. (૧૮)

તે સમયને તે ત્રણે સહોદરની શોભા જોવા આકાશમાં આવેલો દેવોનો સમુહ, જન સમુદાયના મન તથા નેત્રને સુંદર લાગતા તે ત્રણે સહોદરોને જોઈને પ્રસન્ન થઈ તેમની ઉપર ચંદન તથા પુષ્પની

વૃષ્ટિ કરતા હતા. (૧૯)

દર્શનીય તે સ્વરૂપોના દર્શન કરતા મનુષ્યોને તે સમયે તેમની આંખોની પાંપણો બંધ થતી તે ગમતું ન હતું. ચંદ્રોદય થવાથી જેમ સમુદ્રનું જળ હિલોળા લે તેમ મનુષ્યોના મનમાં આનંદ સમાયો નહીં. (૨૦) કરુણારૂપી અમૃતથી પૂર્ણ નેત્રવાળા સ્વામી શ્રીહરિએ પોતાના દર્શનથી આનંદ પામેલા, સ્નેહાર્દ્ર હૃદયવાળા, વિશુદ્ધ પ્રેમવાળા બંને ભાઈઓને મધુર વાણીથી કુશળ સમાચાર પૂછી અત્યંત સુખી કર્યા. (૨૧) પોતાની પ્રસન્નતા માટે અયોધ્યા ગયેલા અને કાર્ય કરીને પોતાની સમીપે આવેલા માયાજીતાનંદ વગેરે મુનિઓને તથા રત્નજીત વગેરે પાર્ષદોને પણ શ્રીહરિ પ્રીતિથી અત્યંત આલિંગન કરતા હતા. તેમજ તેમને પોતાની પ્રસાદીના મનોહર હાર તથા તોરાઓ પણ આપતા હતા. (૨૨, ૨૩)

પછી તે સર્વેને શ્રીહરિ કરુણામૃત વર્ષાવનારી દૃષ્ટિથી જોતા પ્રેમથી તેમના સ્વાગત સંબંધિ પૂછીને અત્યંત આનંદ પમાડતા હતા. (૨૪) તે સમયે પોતાના પ્રત્યે બંધુભાવ બતાવતા શ્રીહરિને તેમનામાં આસક્ત હૃદયવાળા રામપ્રતાપ ગદ્‌ગદ્ વાણીથી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૫)

હે બંધુ ! તમોએ બાલ્યાવસ્થામાં બાળલીલારૂપી અમૃતનું વારંવાર અમોને પાન કરાવીને અત્યંત શાંતિ પમાડી હતી. (૨૬) હે ભગવાન ! હું બાલ્યાવસ્થામાં દરરોજ ખભા ઉપર તમોને બેસાડીને ફરતો હતો. હે ધીર ! હે નિર્મોહી ! તમે તે કેમ ભૂલી ગયા ? ૯૨૭)

હે હરે ! બાલ્યાવસ્થામાં પણ દિવ્ય ગુણો તથા મધુર ભાષણથી, હૃદયને સ્પર્શ કરનારી ગતિથી, શોભાયમાન મંદહાસ્યથી તથા દૃષ્ટિથી, અન્યમાં નહીં દેખાતા એવા તમારા અનુપમ ઐશ્વર્યથી, તમોએ અમારા તથા પુરના નિવાસીઓનાં ચિત્ત હરિને અમોને સર્વને અત્યંત સ્નેહથી પરાધીન કરી તમો દયારહિત બની અમારો ત્યાગ કરીને છાનામાના ગૃહત્યાગ કરી ગયા. (૨૮, ૨૯, ૩૦) તમોએ ક્યારેય પણ પત્ર તથા સંદેશો મોકલ્યો નહીં. અમે તો જળ વિના માછલાં જેમ તરફડે તેમ તમારા વિના દીનપણું અનુભવતા હતા. (૩૧) તમારા વિયોગની વ્યથાથી દુઃખ રૂપી સમુદ્રમાં ડુબેલું સમગ્ર કુળ હે પ્રભો! તમારા વિયોગરૂપી સમુદ્રમાંથી તમારા દર્શનરૂપી નૌકા વિના પાર કેમ ઉતરે ? (૩૨) હે શ્રીહરે ! તમારા વિયોગરૂપી અગ્નિની જ્વાળાથી બળીને મારી પૂર્વ અવસ્થા તો વીતી ગઈ. હે હરે ! હે દયાળો! હવે ઉત્તરાવસ્થા થઈ. આવી નિષ્ઠુરતા બતાવવી તે તમોને યોગ્ય નથી. (૩૩) નિરપેક્ષ એવા ભગવાન તમોએ અમને પ્રેમ પાશથી બાંધીને સર્વ પ્રકારે પરવશ પમાડ્યા હતા. (૩૪)

હે ભગવન્ ! સર્વદા તમારે વિષે પ્રીતિવાળા અમારા ઉપર પરમાત્મા તમારે કપટ તથા દયાહીન પણું રાખવું તે યોગ્ય નથી. (૩૫)

આવી રીતે શ્રીહરિને કહીને રામપ્રતાપે અયોધ્યાના રાજા વગેરે જન સમુદાયે આપેલાં મનોહર ભૂષણો તથા વસ્ત્રો હર્ષથી શ્રીહરિને આપ્યાં. (૩૬)

પછી શ્રીહરિમાં અત્યંત આસકિતવાળા ઇચ્છારામ શ્રીહરિને બંને હાથ જોડીને આંખમાં અશ્રુ સાથે ગદ્‌ગદ્ કંઠે કહેવા લાગ્યા. (૩૭)

બાલ્યાવસ્થામાં જ માતાપિતા મારો ત્યાગ કરીને પરલોકમાં ગયા, તેથી શોકાર્ત થયેલા મને તમો હે ભગવન્ ! કૃપાથી શાંતિ આપતા હતા. (૩૮) હે શ્રીહરે ! બાલ્યાવસ્થામાં પિતાથી પણ અધિક સ્નેહથી તમોએ મારું પાલન કર્યું હતું. તમારો જ એક વિશ્વાસ મને છે એવા તમારે આધીન, તમારે, વિષે સ્નિગ્ધ મનવાળા, સર્પ કાંચળીનો જેમ ત્યાગ કરે તેમ મારો ત્યાગ કરતા હે દયાનિધે ! હે પ્રભો! તમારે આશ્રયે રહેલી તમારી નિરંતર અનુકંપા ક્યાં ગઈ ? (૩૯-૪૦)

પાંખ આવી નથી અને તે સમયે જ માતાએ ત્યાગ કરેલા અને તેથી પીડા પામેલા પક્ષીને જેમ દુઃખ થા તેમ અપરાધ વિના મારો ત્યાગ કરી તમારા વિના બીજો કોણ લાંબા સમય સુધી ઉપેક્ષા કરે? (અર્થાત્ તમેજ આવી ઉપેક્ષા કરી શકો અથવા કરી છે.) (૪૧) અથવા હે શ્રીહરે ! મારા પ્રતિકુળ દૈવના કારણથી તમોએ મારી ઉપેક્ષા કરી. મારું દૈવ પ્રતિકુળ ન હોત તો દયાવાળા તમો મારી ઉપેક્ષા કેમ કરો. (૪૨) હે બંધુ ! દયાળુ તમોએ હમણાં જે તમારા સંદેશામૃત રસ મોકલીને અમો બંધુજનોને જીવાડ્યા છે. (૪૩)

જેમના નેત્રમાં સ્નેહાશ્રુ છે એવા ઈચ્છારામે અત્યંતપ્રિય શ્રીહરિને આવી રીતે કહીને ગંગાએ આપેલી અમૂલ્ય મોતીઓની માળા તેમના કંઠમાં અર્પણ કરી. (૪૪)

હે રાજન્ ! કોમળ હૃદયવાળા શ્રીસ્વામિનારાયણ પોતાને વિષે પોતાના બંધુઓને અનન્ય પ્રેમ તથા નિર્દોષપણું છે તેવું જાણીને તેમના ઉપર પ્રસન્ન થયા. (૪૫) પછી ભગવાન સ્વયં શ્રીહરિ એકાંતિકમાં શ્રેષ્ઠ પોતાના બંધુ વર્ગને વિવિધ પ્રકારના મહામૂલ્યવાળા ભૂષણો તથા વસ્ત્રો હર્ષથી આપતા હતા. (૪૬)

પછી સૂરસિંહ રાજા શ્રીહરિ તથા તેમના બંને બંધુઓનું મહા અમૂલ્ય વસ્ત્રાલંકારાદિ ઉપચારોથી પૂજન કરતા હતા. (૪૭) ઉત્તમ રાજાએ પણ ત્રણેય સહોદરોનું અમૂલ્ય વસ્ત્રાલંકારોથી પૂજન કર્યું, તેમજ અન્ય ભક્તોએ પણ પુષ્પથી તેમની પૂજા કરી. (૪૮)

પછી ઈચ્છારામ, મુક્તાનંદમુનિ, સુરા ભક્ત તથા ઉત્તમ રાજા સાથે હર્ષપૂર્વક શ્રીહરિને આવી રીતે કહેતા હતા. (૪૯) હે બંધુ ! આજથી હવે મારી કરેલી રસોઈ કૃપા કરીને તમો જમો હે પ્રભો! મારી એ સેવા અંગીકાર કરો. (૫૦)

તેમની આવી પ્રાર્થના સાંભળીને મુક્તાનંદ મુનિ તથા બંને રાજાનો પણ તેવો મત જાણીને પ્રભુ શ્રી હરિ "જેમ તમે કહો છો તેમ કરીશું" એમ બોલ્યા. (૫૧)

પછી શ્રી હરિ તે બંનેને નિવાસસ્થાન અપાવીને તેમની સેવામાં વૈકુંઠાનંદ સાથે જયાનંદ વર્ણીને મૂક્યા. (૫૨) તે બંને ભાઈઓ સુરસિંહ રાજાના ભુવનમાં નિવાસ કરતા હતા. પછી ઈચ્છારામ સ્નાન કરીને રસોઈ કરવા લાગ્યા. (૫૩)

તે સમયે આનંદાનંદ વર્ણી સાથે વાસુદેવાનંદ વર્ણી ઈચ્છારામને રસોઈની સમગ્ર વસ્તુઓ લાવીને આપતા હતા. (૫૪) ગોપાળાનંદ વર્ણી સાથે મુકુંદાનંદ વર્ણીરાજ ઈચ્છારામને જુદા જુદા પાક બનાવવાની

રીત શીખવાડતા હતા. (૫૫)

પછી મુકુંદાનંદ વર્ણીએ ભક્તિપૂર્વક શ્રીહરિને સ્નાન કરાવ્યું. ત્યારબાદ શ્રીહરિ પોતાનો નિત્ય વિધિ કરતા હતા. મુકુંદાનંદ વર્ણીએ તેમના મોટાભાઈ રામપ્રતાપને પણ સ્નાન કરાવ્યું. પછી તેઓ પણ પોતાનો નિત્ય વિધિ કરતા હતા. (૫૬)

હે ભૂપતે ! તેટલામાં પાક તૈયાર થયો. ઈચ્છારામ ચાંદીના મોટા થાળમાં વિવિધ પ્રકારનાં ભોજનો પૂરતા હતા. (૫૭) નારાયણાનંદ વર્ણી પવાલા સહિત જળપાત્ર લાવ્યા. પછી ઈચ્છારામે વિષ્ણુને ભોજન નિવેદન કર્યા. (૫૮) ઈચ્છારામે પવાલાએ સહિત જળનાં પાત્રો ગોઠવીને ત્રણ આસનો મૂક્યાં. ઈચ્છારામની પ્રેરણાથી મુકુંદાનંદ બ્રહ્મચારી રામપ્રતાપ તથા હરિકૃષ્ણ બંનેને બોલાવવા ગયા. (૫૯)

પછી વર્ણીરાજે શ્રીહરિ નિત્યવિધિ સમાપ્ત કરી રહ્યા ત્યારે તેમને કહ્યું, હે કૃપાનાથ ! હે મહાપ્રભો! ભાઈની સાથે જમવા પધારો. (૬૦) શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને તત્કાળ ચાખડીઓ પહેરીને મોટાભાઈ તથા મુકુંદાનંદ બ્રહ્મચારી સાથે પાકશાળામાં પધાર્યા. (૬૧)

પછી અખિલેશ્વર ભગવાન વચલા આસન ઉપર બિરાજમાન થયા. તેમની સમીપે બીજા આસન ઉપર મોટાભાઈ રામપ્રતાપ બેઠા. (૬૨) ઈચ્છારામે વિવિધ પ્રકારનાં ભોજનો તથા શાક દાળની વાડકીઓ સહિત ચાંદીના બે થાળ બંનેની સમીપે મૂક્યાં. (૬૩) ઈચ્છારામ તેવો ત્રીજો થાળ શ્રીહરિની સમીપે મૂકીને પોતે જમવા બેઠા. તે પ્રમાણે તે ત્રણે ભાઈઓ ભોજન કરતા હતા. (૬૪)

અગ્નિહોત્રિની શાળામાં અગ્નિકુંડોમાં રહેલા અને આહુતિઓ ગ્રહણ કરતા મૂર્તિમાન દક્ષિણા, આહ્વનીય અને ગાર્હપત્ય નામના અગ્નિની માફક રામપ્રતાપ, હરિકૃષ્ણ તથા ઈચ્છારામ એ ત્રણે સહોદરો શોભતા હતા. (૬૫) અતિપવિત્ર, અતિશય આનંદ આપનાર છે દર્શન જેમનાં એવા, અને અત્યંત પ્રેમ રૂપી સુધારસથી જેમના નેત્રો આર્દ્ર થયાં છે એવા, સર્વ જનોના મનને હરનારી તથા પવિત્ર કરનારી શોભાયુક્ત ત્રણ સહોદરને ભોજન કરતા મુનિઓ તથા ગૃહસ્થ ભક્તો અતૃપ્ત નેત્રોથી જોઈ દરિદ્રજનો જેમ ધનના નિધિને જોઈને આનંદ પામે તેમ, પરમાનંદ પામતા હતા. (૬૬)

આ પ્રકારે ત્રણે બંધુઓ જમીને તૃપ્ત થયા પછી પોતાના હાથ મુખ ધોઈને વર્ણીએ આપેલો મુખવાસ ગ્રહણ કરતા હતા. (૬૭)

પછી શ્રીહરિ હર્ષથી માયાજીતાનંદ વગેરે સંતોને પોતાના પ્રસાદી ભૂત વિવિધ પ્રકારના ભોજન મુકુંદાનંદ વર્ણી પાસે અપાવતા હતા. (૬૮) તેવી રીતે દયાસાગર શ્રીહરિએ રત્નજીતાદિ પાર્ષદોને પણ પોતાના પ્રસાદી ભૂત ભોજન પ્રીતિપૂર્વક અપાવ્યા. (૬૯)

પછી શ્રીહરિ સુરસિંહ રાજાને કહેવા લાગ્યા. હે રાજન ! અમારે સવારમાં ગઢપુર જવાનું છે. (૭૦) માટે તમો પ્રયાણમાં ઉપયોગી ગાડા વગેરે વાહનો તત્કાળ તૈયાર કરો. શ્રીહરિનું આવું વચન સાંભળીને વિચક્ષણ સુરસિંહ નૃપતિએ શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિના પ્રયાણમાં ઉપયોગી ગાડા વગેરે

વાહનો તૈયાર કર્યાં. (૭૧)

હે મહીપતે ! પોતે શ્રીહરિ પોતાના બંધુઓ તથા પોતાના આશ્રિતો સાથે લોયા ગામમાં સુખપૂર્વક રાત્રિ રહ્યા. (૭૨) પછી સવારમાં ભગવાન શ્રીહરિ જવા માટે તૈયાર થયા. તેમના ભાઈઓ તથા મુનિઓ પણ તત્કાળ તૈયાર થયા. (૭૩) પછી સુરસિંહ રાજાએ શ્રીહરિના બંને બંધુઓએ હર્ષપૂર્વક બંને રથમાં બેસાડ્યા. તેવી રીતે બીજા મુનિઓ વગેરેને યથા યોગ્ય વાહનોમાં બેસાડ્યા. (૭૪) તેટલામાં પોતપોતાના ઘોડા ઉપર બેસીને ઘોડેસવાર શ્રીહરિની આગળ આવીને ઉભા રહ્યા. તેમજ શ્રીહરિને અનુસરનારા પાર્ષદો શસ્ત્રો બાંધીને શ્રીહરિની આગળ આવીને ઉભા રહ્યા. (૭૫)

અભય,ઉત્તમ, અલૈયો, સોમ વગેરે પોતપોતાના ઘોડા ઉપર બેસીને આવ્યા. શ્રીહરિ સુવર્ણની પાલખીમાં બિરાજ્યા. (૭૬)

પછી લોયા ગામના સમગ્ર નિવાસીઓ તથા સુરસિંહ રાજાએ દિશાઓને ગજાવતા વિવિધ પ્રકારના માંગલિક વાદ્યોના તથા ગીતોના મધુર ધ્વનિ સાથે પોતાના ઘણાં જનોની સાથે શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ પણ પોતાનાં દર્શન કરનાર જન સમૂહને વિસ્મય પમાડતા લોયા ગામ થકી નીકળ્યા. (૭૭)

ઘણે દૂર સુધી પોતાની પાછળ આવેલા સર્વે ભક્ત સમૂહોને શ્રીહરિએ પાછા વાળ્યા અને પછી આશ્રિતોએ સહિત માર્ગમાં ચાલતા, તેમને સર્વને અત્યંત આનંદ આપતા, માર્ગમાં જુદા જુદા ગામના ભક્તો ભેગા થઈને શ્રીહરિ સન્મુખ આવતા ભક્તોના સમૂહોને દર્શન આપતા શ્રીહરિ આનંદપૂર્વક આશ્રિતજનો સાથે રમણીય ગઢપુરમાં પધાર્યા. (૭૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમસ્કંધમાં શ્રીહરિની બંને બંધુઓના મેળાપની શોભાનું વર્ણન નિરૂપણ નામે એકવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બંને બંધુઓ સાથે શ્રીહરિ પધારે છે તેવું સાંભળીને પ્રસન્ન થઈ, સંતો, વર્ણીઓ મુખ્ય છે એવા ભક્તજનોએ, તેમજ ગાલવ તથા નાગમાલ વગેરે સૈન્ય તથા વાજિંત્રોના ઘોષ સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા. (૧) પૌરના ઘણા ભક્તો તથા અન્ય જનો, ચારેય તરફ પ્રસરતા સમુદ્રના ઉછળતા તરંગો રાત્રિના સ્વામી ચંદ્રમાને મળવા જેમ ઉછળે તેમ, તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા. (૨)

વર્ણીઓ, મુનીંદ્રો, પાર્ષદો તથા ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિના દૂરથી દર્શન કરી પછી ગાલવ તથા નાગમાલ અશ્વ ઉપરથી ઉતરી ગયા અને અત્યંત આનંદપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૩) પુરના સમગ્ર ભક્તો તથા બીજા જનો, અધીશ્વર, ઈશ્વરોના ઈશ્વર, શ્રીહરિને ભૂમિ ઉપર પડીને સ્નેહાશ્રુયુક્ત

નેત્રોવાળા થઈ સાષ્ટાંગ વંદના કરતા હતા. (૪)

પછી હે રાજન્ ! ગાલવ તથા નાગમેલ શિબિકામાં બિરાજેલા શ્રીહરિની સમીપે આવીને તેમને નમસ્કાર કરીને શ્રીહરિને તથા તેમના બંને બંધુઓને હર્ષથી સુંદર પુષ્પોના હારો અર્પણ કરતા હતા. (૫) શ્રીહરિમાં અત્યંત પ્રીતિવાળા ભક્તો શ્રીહરિને તથા શોભાયમાન તેમના બંધુઓને, નમસ્કાર કરીને શ્રેષ્ઠ પુષ્પના હારો તથા પુષ્પોના તોરાઓ અર્પણ કરતા હતા. (૬)

પોતાના ભક્તો પ્રત્યે વાત્સલ્યના મહાસાગરરૂપ શ્રીહરિ અત્યંત નમ્ર તે સમગ્ર ભક્તો સાથે સંભાષણ કરીને, તેમના પ્રત્યે દૃષ્ટિ કરીને, તેમના પ્રત્યે હાસ્ય કરીને, તેમની યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૭) પછી પોતાના બંધુઓ સહિત શ્રીહરિ પોતાના આશ્રિત અભય વગેરે તેમજ જેમને આનંદ પ્રાપ્ત થયો છે એવા પુરવાસી ભક્તજનો તથા મુનિઓ વગેરે સાથે વાજિંત્ર તથા સુંદર ગીતોના ધ્વનિ સાંભળતા ગઢપુરમાં પધાર્યા. (૮)

આવી રીતે નગરમાં આવેલ છત્ર તથા સુંદર ચામરોથી વિરાજમાન, સુવર્ણ છડીઓએ સહિત ઉચ્ચાર કર્યો છે છડીનો શબ્દ જેમણે એવા, કુબેરજીત વગેરે દ્વારપાલોએ સહિત શ્રી હરિનાં દર્શન કરવા માટે પોતાના કામકાજનો ત્યાગ કરીને પુરના જનો-પુરુષો તથા સ્ત્રીઓ - ઉતાવળથી આવતા હતા. જેમ ચોરાઈ ગયેલું ધન ફરી મળે અને જેવો આનંદ થાય તેવી રીતે પુરનાજનો શ્રીહરિનાં દર્શનથી અતિહર્ષ પામ્યા. (૯, ૧૦) સ્ત્રીઓ તથા પુરુષોએ અતિ સુંદર પુષ્પોથી ધર્મપુત્ર શ્રીહરિને વધાવ્યા. શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિથી તથા મંદહાસ્યની ચેષ્ટાથી પુરજનોની સંભાવના કરતા હતા. (૧૧) હેમરાજ આદિક વણિકોના સમૂહોએ નાના પ્રકારની ભેટોથી શ્રીહરિનું સન્માન કર્યું. વેદપાઠી વૈદિક બ્રાહ્મણોએ વેદના ઉચ્ચારણોથી શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિ પોતાના બંધુઓ સાથે અભય રાજાના શ્રેષ્ઠ દરબારમાં પોતાના ભુવનમાં નિવાસ કરતા હતા. (૧૨) અહીં શ્રીહરિના સમગ્ર વર્ણીઓ મુનીંદ્રો, પાર્ષદો તથા ઘોડેસવારો પૂર્વની જેમ શાન્તિથી સુખપૂર્વક પોતપોતાના સ્થાનમાં રહેતા હતા. (૧૩)

પછી ધર્મપુત્ર શ્રીહરિ સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરતા હતા. તેમના બંને ભાઈઓ પણ સ્નાન કરીને નિત્યવિધિ કરતા હતા. (૧૪) પછી શ્રીહરિ ઈચ્છારામે કરેલા સ્વાદિષ્ટ ભોજનો વિષ્ણુને નિવેદન કરીને રામપ્રતાપ તથા ઈચ્છારામની સાથે જમતા હતા. (૧૫) સર્વે વર્ણીઓ, મુનીઓ તથા ઘોડેસવારો તેમજ સર્વે પાર્ષદો પણ યથાયોગ્ય જુદા જુદા જમતા હતા. (૧૬)

શ્વેત વસ્ત્ર ધારણ કરી અને બંધુઓની સાથે આગળ અને પાછળ ચાલતા પાર્ષદોએ યુક્ત, શ્રીહરિ સભામાં પધાર્યા. (૧૭) શ્રીહરિ કોમળ ગાદલા યુક્ત પોતાના આસનમાં બિરાજ્યા. શ્રીહરિના બંને બંધુઓ યોગ્ય આસનમાં બેઠા. (૧૮) હજારો હજાર ત્યાગઓ તથા ગૃહસ્થ ભક્તો તે રમણીય સભામાં યથા યોગ્ય બેઠા. (૧૯)

જયા-લલિતા વગેરે સ્ત્રીઓ પુરુષોથી દૂર સભા કરીને શ્રીહરિના દર્શનની ઈચ્છાથી બેઠી. (૨૦) શ્રીહરિના ભક્ત પુરુષો તથા સ્ત્રીઓ બંને બંધુઓની સાથે શ્રીહરિને જોઈને ચકોરો ચંદ્રને જોઈને જેમ

આનંદ પામે તેમ અત્યંત આનંદ પામ્યા. (૨૧)

પછી સમગ્ર ભક્તોએ ચંદન, કુમકુમ, મહામૂલ્યવાન વસ્ત્રાલંકારોથી શ્રીહરિની તથા તેમના બંધુઓની પૂજા કરી. (૨૨) શ્રીહરિ સુધાથી પણ અતિ મધુર ધર્મ-જ્ઞાનાદિ યુક્ત વાતો કરીને પોતાના ભક્તોને અત્યંત સુખ આપતા હતા. (૨૩) આવી રીતે હંમેશા પોતાના ભક્તોને આનંદ આપતા શ્રીહરિ પોતાના બંધુઓની તથા પોતાના આશ્રિતોની સાથે ત્યાં રહ્યા. (૨૪)

હે નૃપ ! ભક્તપતિ શ્રીહરિ એવી રીતે ત્યાં નિવાસ કરતા હતા. તેવામાં મહાપુષ્પદોલોત્સવનો સમય આવ્યો. (૨૫) હે ભૂપતે ! તે સમયે અભય રાજા ઉત્સવની સામગ્રીઓ લાવવા માટે પ્રેમપૂર્વક આરંભ કરતા હતા. (૨૬) નીતિશાસ્ત્રને જાણનારાઓમાં શ્રેષ્ઠ અભય રાજાના કાકાના પુત્ર જીવા ખાચરે અભય રાજાએ ઉત્સવનો આરંભ કર્યો છે તેવું જાણીને તે ઉત્સવ પોતાના સ્થાનમાં થાય એવી ઈચ્છા પ્રદર્શિત કરી. (૨૭)

દાનમાં કર્ણ સમાન શૌર્યમાં સહસ્રાર્જુન સમાન તથા શત્રુ રૂપી મદોન્મત્ત હાથીઓનો નાશ કરવા રૂપી પરાક્રમમાં સિંહ સમાન, શ્રીહરિની ભક્તિમાં ભીષ્મ સમાન, સર્વદા સેવાની યોગ્યતામાં હિમાચળ સમાન, ધર્મનિષ્ઠામાં યયાતિ રાજા સમાન, સર્વ કાર્યોની કલામાં નિપુણ, અનુગ્રહ પ્રાપ્ત કરવામાં શંકર સમાન જીવા ખાચર હતા. હે રાજન્ ! કુમારિકા નામની મહા યશવાળી જીવા ખાચરની સ્ત્રી હતી. દેહો ખાચર તથા મોકા ખાચર તેમના પુત્રો હતા. (૨૮, ૨૯, ૩૦)

જીવા ખાચરની બે કન્યાઓ હતી. શ્રીહરિની પ્રસન્નતામાં કારણભૂત શુભગુણ યુક્ત અમરી તથા પોતાની હિતમાં આસક્તિવાળી અમલા (૩૧) તે બંને કન્યાઓ પૂર્વજન્મના સંસ્કારથી બાલ્યાવસ્થાથી હંમેશાં, પતિવ્રતા ભાવથી ભગવત્સેવામાં આસક્ત, સ્ત્રીઓના પ્રસંગમાં પ્રીતિવાળી હોવાથી, ધર્મમાં નિષ્ઠાવાળી હતી. (૩૨) પ્રત્યક્ષ શ્રીહરિની સેવામાં લક્ષ્મીની માફક પ્રેમયુક્ત, શ્રીહરિના ધ્યાનમાં અતિ આસક્ત તથા શ્રીહરિની કથા શ્રવણમાં પ્રીતિયુક્ત, અતિ સંપત્તિવાળા પિતાના ઘરમાં આસક્તિએ રહિત, શ્રીહરિની પ્રસન્નતા માટે નિરંતર પ્રયત્ન કરતા મન, વાણી તથા દેહથી શ્રદ્ધાપૂર્વક નિષ્કપટ ભાવે હર્ષપૂર્વક શ્રીહરિની આજ્ઞાનું પાલન કરતી બંને બહેનો, શ્રીહરિની એકાન્તિકી ભક્તિ કરતી સ્ત્રીઓની સેવામાં તથા અનુવૃત્તિમાં પ્રીતિપૂર્વક તત્પર હતી. (૩૩, ૩૪, ૩૫, ૩૬)

ધર્મ જ્ઞાનાદિ યુક્ત પ્રત્યક્ષ ભગવાનની નિષ્કામ ભક્તિથી ભગવાનના સ્ત્રીભક્તોને તે બંને બહેનો પ્રસન્ન કરતી હતી. હે રાજન્ ! તેમના પિતા જીવા ખાચર અભય રાજાને ઘેર જઈને સભામાં બેઠેલા આનંદપૂર્ણ શ્રીહરિને હર્ષપૂર્વક વંદના કરતા હતા. (૩૭, ૩૮)

પછી સ્વામિનારાયણે તેમનું સન્માન કર્યું અને હર્ષપૂર્વક જીવા ખાચર સાધુઓને નમસ્કાર કરીને શ્રીહરિની સમીપે બેઠા. (૩૯) જીવા ખાચર વિનયપૂર્વક બંને હાથ જોડીને અચ્યુત શ્રી સહજાનંદને અતિ પ્રસન્ન જોઈને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૦)

હે સ્વામિન્ ! આપના ભક્તોનું ઈચ્છિત પૂર્ણ કરનારા આપ મારા ભુવનમાં ફુલદોલનો ઉત્સવ

કરો. (૪૧) હે પ્રભો ! આપ આપને આધીન કરેલા અભય રાજાના દરબારમાં વસીને મનોહર ઘણા મહોત્સવો કરો છો. સર્વ ભક્તોમાં મુખ્ય અભય રાજા તથા ઉત્તમકુમાર ભક્તિવાળાઓમાં શ્રેષ્ઠ છે. તેથી તેમની સેવાને અંગીકાર કરવા માટે આ ભુવનમાં સમગ્ર ઉત્સવો ભલે થાવ. (૪૨-૪૩)

તેમની માફક હું પણ તમારો જેવો તેવો ભક્ત છું. માટે મારા ભુવનમાં એક મહોત્સવ તો આપે કરવો. (૪૪) ભક્તવત્સલ પ્રભુ તેમનું આવું વચન સાંભળીને જીવવર્મા પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. હે બુદ્ધિમાન ! આ અભય રાજાએ ઉત્સવની સામગ્રી તૈયાર કરી છે. (૪૫) તેથી એમને 'ના' કહેવા માટે હું નિરુત્સાહી છું. આવી રીતે જીવા ખાચરને કહીને શ્રીહરિએ પોતાની પાસે બેઠેલા અભય રાજા તરફ જોયું. (૪૬) પછી બુદ્ધિમાન અભય રાજા શ્રીહરિનો અભિપ્રાય જાણીને શુભાશયથી, બંને હાથ જોડીને ધર્મનંદન પ્રત્યે કહેવા લાગ્યા. (૪૭)

હે સ્વામિન્ ! મારા સંબંધી જીવા ખાચરનું જે ઘર છે તે મારુ જ ઘર છે એમાં સંશય નથી. (૪૮) માટે હે હરે ! એમના ભુવનમાં જ પુષ્પદોલોત્સવ આપ સુખેથી કરો. તેમના ભુવનમાં ઉત્સવ થાય તેમાં હું પ્રસન્ન છું. (૪૯) આ પ્રકારનું અભય રાજાનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા દયાસાગર શ્રીહરિ, હે જીવવર્મા ! હું તમારા ભુવનમાં પુષ્પદોલોત્સવ કરીશ, આવી રીતે જીવા ખાચર પ્રત્યે બોલ્યા. (૫૦)

રાજા જીવ વર્મા શ્રીહરિનું આ વચન સાંભળીને પ્રસન્ન થઈ શ્રી સહજાનંદ સ્વામીને નમસ્કાર કરીને પોતાના ભુવનમાં આવ્યા. (૫૧)

પછી જીવા ખાચર જુદા જુદા દેશમાં વસતા સર્વે ભક્તોને પુષ્પદોલના ઉત્સવમાં બોલાવવા માટે મંગલ પત્રિકાઓ મોકલીને ઉત્સવને યોગ્ય સર્વે સામગ્રીઓ કરવા લાગ્યા. (૫૨) પછી હે રાજન્! અત્યંત ઉત્સાહવાળા જીવા ખાચર શ્રીહરિના પુરાણી અને પોતાના મિત્ર વિપ્રેન્દ્ર પ્રયાગજીત ભક્તને બોલાવીને પુષ્પદોલના ઉત્સવનો વિધિ પૂછતા હતા. (૫૩)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં જીવવર્માના દરબારમાં પુષ્પદોલના મહોત્સવની આજ્ઞા નિરૂપણ નામે બાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જીવા ખાચરે પ્રયાગજીત બ્રાહ્મણને પૂછ્યું એટલે તેમણે ઉત્સવનો સમગ્ર વિધિ જીવા ખાચરને યથાશાસ્ત્ર કહ્યો. (૧) તેમણે કહેલો વિધિ સાંભળીને જીવા ખાચરે ઉત્તમ સુથારો પાસે રંગબેરંગી શોભાયમાન સુંદર ચાર બારણાવાળો મંડપ કરાવ્યો. (૨) સુંદર ઉલ્લોચોથી શોભાયમાન, કેળના સ્તંભો તથા શેરડીના સાંઠાઓથી શણગારેલો, નાળિયેરોથી યુક્ત, રમણીય ઘડાઓથી શોભાયમાન. (૩)

અશોકના નવપલ્લવોના તોરણોથી શણગારેલો, સુંદર ધ્વજાઓ તથા પતાકાઓથી મનોહર (૪) કેસુડાના પુષ્પો તથા નાનાં પ્રકારના પુષ્પો તથા વિવિધ પ્રકારના ફળો, આંબાના મોર વગેરેથી શણગારેલો (૫) એવા મંડપના મધ્યમાં સુથારોએ બનાવેલા વિમાનની ઉપમા આપવા યોગ્ય શોભાયમાન હીંડોળો જીવા ખાચર બાંધતા હતા. (૬) કિંશુકના પુષ્પો તથા અશોકના નવ પલ્લવોએ યુક્ત તથા વિચિત્ર વર્ણોથી રચેલાં તોરણોથી શણગારેલ તે મંડપ ઉત્તમ રીતે શોભતો હતો. (૭)

પછી જીવા ખાચરે કેસરીયો રંગ તથા પંચાંગ રંગ તથા ખાખરાના પુષ્પોનો રંગ બનાવડાવ્યો. (૮) જીવા ખાચર તાંબાના કઢાયામાં તે રંગ ભરાવતા હતા તેમજ માણો, ગોળીઓ તથા મોટા પાત્રોમાં પણ તે રંગ ભરાવતા હતા. (૯) તે પછી હજારો હજાર વાંસડાઓની પીચકારીઓ તૈયાર કરાવી તથા સુંદર ગુલાલનો પર્વત સમાન ઢગલો તૈયાર કરાવ્યો. (૧૦)

જુદા જુદા દેશોમાંથી શ્રીહરિના હજારો ભક્તો હર્ષ પામીને પૂર્ણિમાને દિવસે ગઢપુરમાં આવ્યા. (૧૧) શ્રીહરિ સંજ્ઞક ભગવાન તથા તેમના ભાઈ રામપ્રતાપ તથા ઈચ્છારામના દર્શન માટે આવેલા હરિભક્તોના સમૂહો, ચંદ્ર ઉદય પામવાથી જેમ સમુદ્રના જળના તરંગો ઉછળે તેમ, ગઢપુરમાં સમાઈ શક્યા નહિ. (૧૨) પછી દેશાન્તરથી આવેલા ભક્તો, શોભાયમાન સભાના મધ્ય ભાગમાં બેઠેલા ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તોના સમુદાયોથી વીંટાયેલા, બંને બંધુઓ સહિત, સ્વામિનારાયણ શ્રીહરિ પોતાના ઈષ્ટદેવના દર્શન કરીને, પ્રફુલ્લિત છે મુખ તથા નેત્રો જેમનાં એવા જેમ ચંદ્રને જોઈને ચકોર હર્ષ પામે તેમ સર્વોત્તમ શાંતિ પામ્યા. (૧૩-૧૪) હે ભૂપતે ! જીવા ખાચરે તેમને યથાયોગ્ય ઉતારા અપાવી તેમની યોગ્ય સંભાવના કરી. (૧૫) સભામાં બેઠેલા શ્રીહરિની સમીપે જઈ તેમને જીવા ખાચર નમસ્કાર કરી કહેવા લાગ્યા હે સ્વામિન્ ! આવતી કાલે આપના આશ્રિત જનોની સાથે આપે મારા ભુવનમાં જમવું. (૧૬) બહારગામથી આવેલા સમગ્ર ભક્તો તથા પુરના નિવાસી ભક્તો તેમજ ત્યાગીઓ, વર્ણીઓ, સાધુઓ તથા પાર્ષદો સર્વના ભોજન માટે બ્રાહ્મણો પાસે હું રસોઈ કરાવું છું. (૧૭)

સહજાનંદ સ્વામી તેમનું આવું વચન સાંભળીને મંદહાસ્ય યુક્ત જીવવર્માને કહેવા લાગ્યા, હે સન્મતે! મારા ભક્તો ઘણા હોવાથી તમારે ઘણો ખર્ચ થશે. (૧૮) માટે તમો બ્રાહ્મણો તથા મુનિઓ વગેરેને યથા યોગ્ય ભોજન કરાવો. શ્રીહરિનું આવું વચન સાંભળીને જીવવર્મા હર્ષથી આ પ્રમાણે બોલ્યા. (૧૯)

હે સત્પતે ! તમામ ખર્ચ કરવા માટે આપના પ્રતાપથી હું ઉત્સાહવાળો છું. આપના ભક્તોને શું દુષ્કર છે ? (૨૦) હે શ્રીહરે ! આવો અવસર મને ફરી ક્યારે આવે ? માટે હે દયાનિધે! આપ મારી આ પ્રાર્થના સ્વીકારો. (૨૧)

જીવવર્માનું આ વચન સાંભળીને જેવી તમારી ઈચ્છા હોય તેમ કરો એમ શ્રીહરિએ કહ્યું પછી પ્રસન્ન થયેલા જીવવર્મા શ્રીહરિને નમસ્કાર કરીને પોતાના સ્થાનમાં ગયા. (૨૨)

પછી જીવવર્મા પાકક્રિયામાં નિપુણ બ્રાહ્મણોને બોલાવીને તેમની પાસે વિવિધ પ્રકારના શ્રેષ્ઠ પુષ્કળ પાકો કરાવતા હતા. (૨૩)

પુષ્પદોલોત્સવને દિવસે સવારના પહોરમાં વર્ણીવર્ય મુકુંદાનંદે શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી નર નાટ્યધારી શ્રીહરિ પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૨૪) તેવી રીતે સવારમાં જયાનંદ તથા વૈકુંઠાનંદે ધર્મિનિષ્ઠ શ્રીહરિના બંને ભાઈઓને સ્નાન કરાવ્યું. તે પણ ત્યારબાદ તેમનો સર્વ નિત્યવિધિ કરતા હતા. (૨૫) શ્રીહરિએ નિત્યવિધિ કર્યા પછી સુંદર કેસરીયા રંગના બિંદુઓથી શોભાયમાન વસ્ત્રો ધારણ કર્યા. (૨૬) શ્રીહરિએ મહામૂલ્યવાળી કેસરીયા રંગથી રંગેલી અગ્રભાગના મધ્યમાં તોરાવાળી વામભ્રકુટિ તરફ નમતી પાઘડી મસ્તક ઉપર ધારણ કરી. (૨૭) પછી વિચિત્ર પુષ્પોના તારો તથા સુવર્ણમય તોરા રત્નજીત પાર્ષદે શ્રીહરિની રમણીય પાઘમાં ખોસ્યા. (૨૮) બંને હાથમાં સુવર્ણના કંકણો, સુવર્ણના હાર તથા બાજુબંધો વગેરે વિવિધ અલંકારો પાર્ષદોએ શ્રીહરિને ધારણ કરાવ્યો. (૨૯)

પછી જીવવર્માના દરબારમાં જવા માટે પોતાના પાર્ષદ નાજા ભક્તે લાવેલા શણગારેલા રોઝા ઘોડા ઉપર શ્રીહરિ બિરાજ્યા. (૩૦) તે સમયે શ્રીહરિના મસ્તક ઉપર પાર્ષદ ભૃગુજીતે હર્ષથી સુવર્ણકલશાવાળું, સાચા મોતીના હારથી પ્રકાશિત, છત્ર ધારણ કર્યું. (૩૧) શ્રીહરિની બંને પડખે રહેલા સોમ તથા સુરભક્તો ચામરોથી શ્રીહરિને વીંજણો નાંખતા હતા. (૩૨) શ્રીહરિના બંને બંધુઓ વસ્ત્રાલંકારોથી અલંકૃત થઈ બંને સુંદર અશ્વ ઉપર બેસીને હર્ષપૂર્વક શ્રીહરિની સમીપે આવ્યા. (૩૩)

તેટલામાં ત્યાગીઓ (વર્ણી-મુનિ અને પાર્ષદો) નિત્યવિધિ કરીને ત્યાં આવ્યા. તેમજ ઉત્તમકુમાર, અભય રાજા વગેરે પણ ત્યાં આવ્યા અને શ્રીહરિની સમીપે ઊભા રહ્યા. (૩૪) મુનિઓ શ્રીહરિના દર્શન કરતા હર્ષથી મૃદંગ-ઝાંઝથી યુક્ત આદર પૂર્વક હોળીના પદો ગાતા હતા. (૩૫)

પછી પોતાના બંને બંધુઓ તથા ત્યાગીઓ તથા ગૃહસ્થોની સાથે શ્રીહરિ ગીતવાદ્યોના ધ્વનિ સાંભળતા જીવવર્માના ભુવન પ્રત્યે ચાલ્યા. (૩૬) છત્ર, ચામરથી અત્યંત શોભાયમાન, અશ્વ ઉપર બિરાજેલા ચારેય તરફ આશ્રિતોના સમૂહોથી વીંટાયેલા, શ્રેષ્ઠ રાજમાર્ગમાં ચાલતા, વ્યાધિને શમાવનારા, શ્રીહરિના દર્શન કરવા પૌરજનો આવતા હતા. (૩૭)

પોતાનાં દર્શન કરતા ભક્તોના મનને શ્રીહરિ હરણ કરતા, કૃપારૂપી અમૃત રસાર્દ્ર દૃષ્ટિથી ચારેય બાજુ પોતાનાં દર્શન કરનારા ભક્તો પ્રત્યે જોતા, આશ્ચર્યપૂર્વક આશ્રિતજનો જેમનાં દર્શન કરે છે તે પ્રકારે શ્રીહરિ પોતાના આશ્રિત ભક્તોની સાથે જીવવર્માના ભુવનમાં પધાર્યા. (૩૮) હે ભૂપતે ! પછી અતિ શોભાયમાન ગતિવાળા સત્પતિ શ્રીહરિ પોતાના શ્રેષ્ઠ અશ્વ ઉપરથી એકદમ ઉતરીને બંને ભાઈઓ તેમજ ત્યાગીઓ ગૃહસ્થો તથા ભક્ત સમૂહોથી યુક્ત, જીવવર્માના ઘરના ચોકના મધ્ય ભાગમાં પધાર્યા પછી જીવવર્મા શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિને સુંદર મંડપ પ્રત્યે લઈ ગયા. (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં દોલોત્સવની સામગ્રી વિધાપનાદિ નિરૂપણ નામે ત્રેવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! પછી જીવવર્માએ શ્રીહરિની પ્રાર્થના કરીને અત્યંત શોભાવાળા વિસ્તૃત મંડપમાં મનોહર હીંડોળા ઉપર શ્રીહરિને બેસાડ્યા. (૧) જીવવર્માએ તેમના બંને બંધુઓને પણ આદરપૂર્વક યથાયોગ્ય આસને બેસાડ્યા. (૨) અત્યંત ઉત્સાહી જીવવર્માએ શ્રીહરિની પૂજા માટે વિવિધ પ્રકારના મનોહર ઉપચારો મંગાવ્યા. (૩)

જીવવર્માએ આદરપૂર્વક પ્રેરણા કરેલા પ્રયાગજીત બ્રાહ્મણે વેદમંત્રો ભણીને જીવવર્મા પાસે શ્રીહરિની પૂજા કરાવી. (૪) પ્રયાગજીત બ્રાહ્મણે બતાવ્યા પ્રમાણે જીવવર્માએ ષોડશોપચારથી તથા મહા અમૂલ્ય આભૂષણો તથા વસ્ત્રાદિથી શ્રીહરિની પૂજા કરી. (૫)

તે સમયે મુનિ સમુદાય આદરપૂર્વક મૃદંગ, કાંસા વગાડતા હોળીના પદો ગાતા હતા. (૬)

વિવિધ પ્રકારના વાદ્યોનો મેઘ ગર્જના જેવો ગંભીર ધ્વનિ, જય શબ્દોની સાથે મિશ્ર થઈ, સમગ્ર દિશાઓમાં વ્યાપી ગયો. (૭) જીવવર્માએ શ્રીહરિના બંને ભાઈઓનું પૂજન કરીને વિવિધ વાદ્યોના ધ્વનિ સાથે શ્રીહરિની મહા આરતી કરી. (૮) પછી જીવવર્મા અત્યંત આનંદથી શ્રીહરિને હીંચોળવા લાગ્યા. ચંચળદોલામાં ચલાયમાન આકૃતિવાળા શ્રીહરિ અત્યંત શોભતા હતા. (૯)

પછી રાજા જીવવર્માએ સુંદર રંગથી ભરેલા પાત્રો પોતાના સેવક વર્ગ પાસે તથા ભક્તજનો પાસે મંગાવ્યા. (૧૦) તથા તેમણે મોટા પાત્રોમાં ભરેલો ઉત્તમ ગુલાલ પણ પ્રેમપૂર્વક મંગાવ્યો. (૧૧)

ત્યારબાદ જીવવર્માએ રંગથી ભરેલી ગાગર લઈને પોતાને પ્રિય શ્રીહરિ ઉપર તે રંગનું સિંચન કર્યું. (૧૨) પછી રંગના જળથી ભીનાં થયાં છે વસ્ત્રો જેમનાં એવા, સાધુજનોના એકનાથ એવા, શ્રીહરિ ઉપર મહાપાત્રમાં ભરેલો મનોહર ગુલાલ પણ ખૂબ નાંખ્યો. (૧૩)

તે સમયે પદ્મરાગમણીનો પ્રભા સમાન શ્રીહરિની મૂર્તિ ઉદય પામેલા અરુણના કિરણોથી વ્યાપ્ત, સુંદર નીલમણીનું સ્થળ જેમ શોભે તેમ શોભતી હતી. (૧૪)

પછી જીવવર્માએ શ્રીહરિના બંને સહોદરો ઉપર પ્રેમપૂર્વક રંગના જળનો અભિષેક કર્યો, તેમજ ઉત્તમ ગુલાલ ફેંક્યો. (૧૫) ત્યારબાદ શ્રીહરિએ રંગના જળથી પૂર્ણ ગાગર પકડીને જીવવર્માના મસ્તક ઉપર સુંદર કેસુડાનું જળ નાંખ્યું. (૧૬)

તે સમયે શ્રીહરિ હસતા હસતા જીવવર્માના મસ્તક ઉપર ગુલાલ નાંખતા હતા. જીવવર્મા ગેરુ રંગથી લાલ જાણે નાનો પર્વત હોયને શું ? એમ શોભતા હતા. (૧૭) શ્રીહરિએ તેમના પુત્ર મોકો તથા દેહજીત ઉપર તેમજ ઉત્તમ રાજા તથા અભય રાજા ઉપર પણ રંગનું જળ નાંખ્યું અને પુષ્કળ ગુલાલ હર્ષથી તેમના ઉપર ફેંક્યો. (૧૮)

ત્યારબાદ શ્રીહરિએ તત્કાળ કેડ્ય બાંધીને સુવર્ણની પીચકારી ધારણ કરી. (૧૯) હસ્તકમળમાં સુવર્ણની પીચકારી ધારણ કરતા અચ્યુત શ્રીહરિએ અર્ધો રંગ તથા ગુલાલ સાધુઓને આપ્યો. (૨૦)

ભક્તોને સુખ આપનારા પરમેશ્વરે અર્ધો રંગ તથા ગુલાલ લઈને પોતાના સમગ્ર પાર્ષદોને પોતાના પક્ષમાં રાખ્યા. (૨૧) શ્રીહરિ મંડપથી બહાર આવીને વિસ્તારવાળી ઊંચી ઓટલી ઉપર ભક્ત સમૂહ દર્શન કરે તેમ ચઢી ગયા. (૨૨) હાથમાં સુંદર રૂપાની પીચકારીઓ ધારણ કરતા શ્રીહરિના બંને બંધુઓ, શ્રીહરિ સાથે ઓટલા ઉપર ચઢીને શ્રીહરિના બંને પડખે ઊભા રહ્યા. (૨૩)

પછી પોતાની પાસે હર્ષપૂર્વક ઊભા રહેલા પોતાના પાર્ષદોએ પકડેલા રંગના પાત્રમાંથી મુનિવત્સલ શ્રીહરિ આનંદપૂર્વક પીચકારીથી રંગ લઈ મુનિઓ ઉપર છાંટતા હતા. (૨૪-૨૫)

રંગક્રીડા કરવામાં ઉત્સાહવાળા તેમના બંને બંધુઓ પણ રમવાની ઈચ્છાવાળા સાધુઓ ઉપર અતિ હર્ષપૂર્વક પીચકારીઓ વડે રંગ નાંખતા હતા.(૨૬)

શોભાયમાન શ્રીહરિના પાર્ષદો પોતાને અત્યંત પ્રિય શ્રીહરિને જોઈને મહા આનંદ પામી પીચકારીઓથી રંગનું જળ સાધુઓ ઉપર નાખતા હતા. (૨૭) તે સંતો શ્રીહરિ તથા તેમના બંધુઓ તેમજ પાર્ષદો ઉપર અત્યંત હર્ષપૂર્વક પીચકારીઓથી રંગજળ છાંટતા હતા. (૨૮)

તે સમયે ત્યાં ઘણાં માંગલિક વાદ્યો વાગતા હતા. મયૂરો વાદ્યોના ધ્વનિ સાંભળીને મેઘધ્વનિની ભ્રાંતિથી નૃત્ય કરતા હતા. (૨૯) શ્રીહરિ હસતા હસતા સાધુઓના સમૂહમાં પીચકારીથી જેમ મેઘની જળધારાઓ શીઘ્રપણે વર્ષે તેમ રંગનું જળ વારંવાર ફેંકતા હતા. (૩૦)

અતિ સુંદર ખેલ કરતા અતિ ચપળ શ્રીહરિના દર્શન કરીને ભક્ત સમુદાય, સૂર્યને જોઈને ચક્રવાક જેમ આનંદ પામે તેમ, પરમ આનંદ પામ્યો.(૩૧)

તે સમયે ભુવનની મેડી ઉપર ચડેલી અમરી, અમલા, લલિતા, જયા, રામ વગેરે સમગ્ર સ્ત્રીઓ દિવ્ય સૌંદર્યના સમુદ્રરૂપ, અતિ ચંચળ શરીરવાળા, રંગ રમવાથી અતિ શોભાયમાન, શ્રીહરિના દર્શન કરી આનંદ પામી જાણે ચિત્રમાં ચિતરેલી સ્થિર હોય ને શું ? તેમ નિશ્ચલ બની ગઈ ! (૩૨, ૩૩) લાલ કમળ જેવા રક્ત સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા રેખાત્મક શુભ ચિહ્નોથી યુક્ત, હસ્ત તળમાં સુવર્ણની પીચકારી ગ્રહણ કરતા, પીચકારીથી સાધુઓ ઉપર રંગ છાંટતા, લાલ અને પીળા જળથી જેમનાં વસ્ત્રો ભીનાં થઈ ગયા છે એવા, કામદેવના મદને નાશ કરનારું શોભાયમાન શરીર જેમનું છે એવા, પરમેશ્વર શ્રીહરિ સંધ્યા રંગવાળા લાલ વર્ણના આકાશમાં વીજળીએ સહિત અત્યંત હર્ષથી જેમ મેઘ જળ વર્ષાવે તેમ શોભતા હતા. (૩૪)

શોભાયમાન સુંદર ચિહ્નો તથા લાલીમાદિની શોભાથી યુક્ત, પદ્મની કાંતિ સમાન બંને હાથવાળા, ખંજન પક્ષીના જેવા ચંચળ નેત્રવાળા, રંગ ક્રીડાની કુશળતાથી જોનારા જનોને મહાઆનંદ આપનારા, ઈશ્વરોના પણ ઈશ્વર શ્રીહરિ પોતાનાં દર્શન કરનારા સર્વે દેહધારીઓના મન લોહચુંબક પર્વત જેમ લોખંડને ખેંચે તેમ ખેંચતા હતા. (૩૫) દુર્ગ નગરના નિવાસીજનો તથા દેશાન્તરથી આવેલા ભક્તોના સમૂહની અત્યંત ભીડ જોઈને, પ્રસન્ન ચિત્તવાળા, ભક્તોને અભીષ્ટ સુખ આપનારા, ભગવાન શ્રી સ્વામિનારાયણ અગણિત મુનિઓ તથા ગૃહસ્થ ભક્તો ઉપર પ્રીતિપૂર્વક સુંદર રંગ વારંવાર નાંખતા તેમને ભીના કરતા

શોભતા હતા. (૩૬) સાધુઓનો સમુદાય પણ ઘણી પીચકારીઓ વડે શ્રીહરિ ઉપર રંગ નાંખતા હતા. તેને રોકવા માટે શ્રીહરિની સેવામાં કુશળ પાર્ષદો શ્રીહરિની આગળ તત્કાળ પહોળી અને મોટી ગોળ ઢાલો રાખતા હતા, તેમને જોઈને શ્રીહરિ તથા તેમના બંધુઓ હસતા હતા અને સાધુઓના મંડળમાં અત્યંત રંગ છાંટતા હતા. (૩૭)

આવી રીતે ઈશ્વરના ઈશ્વર શ્રીહરિ સાધુઓને તથા ગૃહસ્થ જનોને રંગના જળથી પલાળીને, પોતાના પાર્ષદોએ ઉંચકેલા વાસણોમાંથી ખોબા ભરીને ગુલાલ લઈ પ્રીતિપૂર્વક સાધુઓ તથા ગૃહસ્થો ઉપર ચારે તરફ ફેંકતા હતા. શ્રીહરિના બંને બંધુઓ રામપ્રતાપ તથા ઈચ્છારામ સાધુઓ તથા ગૃહસ્થો ઉપર મુઠીઓ ભરી ભરી ગુલાલ ફેંકતા હતા. (૩૮)

સંતો તથા ગૃહસ્થ જનો શ્રીહરિ ઉપર ચારેય તરફ ગુલાલ ફેંકતા હતા. ધર્મપુત્ર શ્રીહરિ ગુલાલ ફેંકતા ફેંકતાં સર્વ ત્યાગી તથા ગૃહસ્થોને અત્યંત લાલ કરતા હતા. તામ્રવર્ણવાળા તે સર્વે ઉત્તમ મણિંદ્રોની કાંતિવાળા પર્વતની સમીપે ગેરુથી રંગેલા બાજુના પર્વતો જેમ શોભે તેમ શોભતા હતા. (૩૯) તે સમયે શ્રીહરિએ ઉડાડેલા ગુલાલથી જીવવર્માના સુંદર આંગણાઓ અત્યંત રક્ત વર્ણવાળા થયા. તેમના ઘર પણ અત્યંત લાલ વર્ણવાળા થયા. ગઢપુરમાં સર્વે વૃક્ષો પણ લાલ થઈ ગયા. તે સમયે અરૂણની લાલીમા જેવું તેપુર લાલ મણિંદ્રોથી જાણે નિર્માણ કરેલું હોય ને શું ? એમ શોભતું હતું. (૪૦)

મંગળરૂપ શ્રી પુરુષોત્તમ શ્રીહરિની આવી લીલા જોવા માટે દેવોના વિમાનોથી તે સમયે સમગ્ર આકાશ અત્યંત વ્યાપ્ત થઈ ગયું. શ્રીહરિની રંગ ક્રીડા જોઈ પ્રસન્ન થયેલા સમગ્ર દેવો અવતારી શ્રીહરિના દર્શન કરી શ્રીહરિ ઉપર પુષ્પની વૃષ્ટિ કરતા હતા. (૪૧)

હે ભૂપતે ! અવતારી વિભુ ભગવાન સ્વયં શ્રીહરિ આ પ્રમાણે રંગ ક્રીડા કરીને પોતાના હજારો હરિભક્તોને સુખ આપતા હતા. (૪૨) પછી શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બિરાજીને પોતાના શુભ ચરિત્રો ગાતા અસંખ્ય સાધુઓ તથા ગૃહસ્થ ભક્તો સાથે હે મહીપતે ! ઘોડાઓ ઉપર બેઠેલા બંધુઓ સાથે વાદ્યોના ધ્વનિ સાંભળતા, ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા માટે ગયાં. (૪૩, ૪૪)

રક્તવર્ણવાળા જન સમૂહથી વીંટાયેલા, માર્ગમાં ચાલતા રંગથી ભીના વસ્ત્રોવાળા, લાલ વર્ણવાળા, શોભાયમાન છે છત્ર, ચામરો જેમને એવા શ્રીહરિ, ફુલેલા મનોહર ગુલાબના ફુલોથી વીંટાયેલા, ફુલેલા પુષ્પો જેમને છે એવા જાબા કુસુમના વૃક્ષની માફક શોભતા હતા. (૪૫, ૪૬)

હે રાજન્ ! પૌરજનોના સમૂહ આશ્ચર્યપૂર્વક શ્રીહરિના દર્શન કરતા હતા. તે શ્રીહરિ માણસોની અત્યંત ભીડ હોવાથી ધીમે ધીમે ચાલતા હતા. (૪૭) સર્વેશ્વરેશ્વર શ્રીહરિના દર્શન કરતા પ્રેમથી ઉઘડેલાં છે નેત્રો જેમનાં એવા, શ્રીહરિના પદો ગાતા ગાતા ભક્તજનના સમૂહ ચાલતા હતા. (૪૮)

પ્રાણીઓના ચિત્તને હરતા, સૌંદર્ય નિધિ ભગવાન શ્રીહરિ આશ્રિતોની સાથે ઉન્મત્ત ગંગાના તીર પ્રત્યે પહોંચ્યા (૪૯) રત્નજીત પાર્ષદ શ્રીહરિને હાથ આપે છે તેટલામાં શ્રીહરિ પોતાના અશ્વ ઉપરથી તત્કાળ ઉતરી ગયા. (૫૦) પછી શ્રીહરિ એક વસ્ત્ર પહેરીને (અને એક ઓઢીને) રંગથી ભીંજાયેલા

વસ્ત્રો ઉતારીને તે પ્રસાદી વસ્ત્રો જીવવર્માને આપ્યાં. (૫૧) પછી હે રાજન્ ! શ્રીહરિએ પોતાના હાથથી પોતાના પાર્ષદ રત્નજીતનો હાથ પકડીને આશ્રિતોના સમૂહ તેમજ પોતાના બંને ભાઈઓ રામપ્રતાપ તથા ઈચ્છારામ સાથે સ્નાન કરવા ઉન્મત્ત ગંગામાં પ્રવેશ કર્યો. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિકૃત રંગક્રીડા નિરૂપણ નામે ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ભક્તોના સ્વામી શ્રીહરિ જેમના મુખ પ્રત્યે સર્વના નેત્રો કેન્દ્રિત થયા છે એવા હજારો ભક્તજનો ઉપર અંજલીઓથી અત્યંત જળ છાંટતા, અનન્ય ભક્તજનો સાથે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરતા હતા. (૧)

તે પોતાના બંને હાથને જળમાં ઘુમરી ખવડાવતા, મૃદંગના શબ્દની માફક ધીર અને ગંભીર જળનો શબ્દ સાંભળી, અતિ પ્રસન્ન થઈ હસતા હસતા શ્રીહરિ પોતામાં આસક્તિવાળા ભક્ત જનોને દયાર્દ્ર દૃષ્ટિથી જોતા ત્યાં ભક્તજનો સાથે ક્રીડા કરતા હતા (૨)

મોતીઓની માફક ઉજ્જવળ અને ચંચળ તરંગોથી રમણીય ઉન્મત્ત ગંગાના જળની પ્રશંસા કરતા ભક્ત વૃંદો જેમના દર્શન કરે છે એવા શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં દર્શનીય જળલીલા કરતા હતા. (૩)

શ્રીહરિની જળક્રીડા જોતા તીર ઉપર બેઠેલા પૌરજનો શ્રીહરિમાં ચિત્તની તથા ઈન્દ્રિયોની વૃત્તિ શ્રીહરિમાં આસક્ત થઈ હતી. તેવા સ્થિર બની દેહનું ભાન ભૂલી ગયા હતા. (૪)

તે સમયે અમલા તથા અમરી તથા જીવવર્માની ધર્મપત્ની કુમારિકા વગેરે સ્ત્રીઓ જીવવર્માએ ગંગાના કિનારા ઉપર કરાવેલા ભુવન ઉપર બેસીને જળમાં વિહાર કરવામાં નિપુણ શ્રીહરિના દર્શન કરતા હતા. તેમજ લલિતા જયા વગેરે પૌરની સ્ત્રીઓ પણ શ્રીહરિના દર્શન કરતી હતી. (૫)

શ્રીહરિના દર્શનથી જેમના ચિત્ત આનંદિત થયા છે, એવી તે સ્ત્રીઓ પોતાના સમગ્ર દેહનું ભાન ભૂલી ગઈ હતી. અને નિર્નિમેષ દૃષ્ટિથી શ્રીહરિનાં દર્શન કરતી હતી. એ રીતે જાણે ચિત્રોમાં ચીતરેલી હોય એમ સ્થિર થઈ ગઈ હતી. (૬)

તેમની શુભ જળલીલાના દર્શન કરવા આકાશમાં આવેલા દેવતાના સમુદાય શ્રીહરિના દર્શન કરી અત્યંત હર્ષ પામ્યા, અને ચંદન તથા પુષ્પથી શ્રીહરિને વધાવવા લાગ્યા. (૭)

શ્રીહરિ અને તેમના ભક્તોએ સ્નાન કર્યું તેથી તેમના શરીર ઉપરનો સમગ્ર ગુલાલ ધોવાઈ ગયો અને ઉન્મત્ત ગંગા લાલ થઈ ગઈ. તે સમયે અરુણના કિરણોથી આચ્છાદિત અતિશુભ્ર આકાશ જેમ શોભે તેમ ઉન્મત્ત ગંગા શોભતી હતી. (૮)

હે રાજન્ ! આ પ્રકારે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીને પોતાની સમીપે રહેલા રત્નજીત પાર્ષદનો હાથ પકડીને શ્રીહરિ કાંઠે પધાર્યા અને વસ્ત્રો ધારણ કરી પોતાના અશ્વરાજ ઉપર બિરાજમાન થયા. (૯) પછી ઘોડાઓ ઉપર બેઠેલા રામપ્રતાપ તથા ઈચ્છારામ પદો ગાતા ભક્તજનો સાથે, રાજચિહ્ન છત્ર તથા બંને ચામરો સહિત શ્રીહરિ વાદ્યોના ધ્વનિ સાંભળતા જીવવર્માના શોભાયમાન ભુવન પ્રત્યે પધાર્યા (૧૦)

પછી શ્રીહરિ પોતાના હાથે પોતાના પાર્ષદ ભૃગુજીતનો હાથ પકડીને શોભાયમાન પોતાના અશ્વ ઉપરથી તત્કાળ ઉતર્યા. (૧૧) પછી ઊંચા ઓટલા ઉપર પાથરેલા અતિ સુંદર અત્યંત કોમળ ગાદલા વગેરેથી યુક્ત સિંહાસનમાં શ્રીહરિ બિરાજમાન થયા. (૧૨, ૧૩)

તે સમયે બુદ્ધિમાન જીવવર્માએ પ્રયાગજીત બ્રાહ્મણને પૂછીને પોતાના સેવકો પાસે પૂજાના ઉપચારો મંગાવ્યા (૧૪) કુમકુમ, કસ્તુરી, સુંદર કેસર, ચંદન તથા સુવર્ણના પ્રકાશિત તારવાળા મહા અમૂલ્ય કસુંબી વસ્ત્રો, વિવિધ પ્રકારના સુગંધિ પુષ્પોના હાર, કેયૂર, કંકણ, તોરા, ગુચ્છો તથા ધૂપ, દીપ આદિકથી હે રાજન્ ! જીવવર્માએ પ્રયાગજીત વિપેન્દ્રે શાસ્ત્ર વિધિથી પ્રીતિપૂર્વક પૂજન કરાવ્યું તે પ્રમાણે શ્રીહરિનું પૂજન કર્યું. (૧૫, ૧૬, ૧૭)

ત્યારબાદ જીવવર્માએ અત્યંત સ્નેહથી શ્રીહરિના કરયુગલમાં સુવર્ણના કંકણો તથા સુંદર રત્નજડિત સુવર્ણના બાજુબંધો ધારણ કરાવ્યા. (૧૮)

જીવવર્માએ મહા મૂલ્યવાળી સુંદર મોતીઓથી પ્રકાશતી માળા શ્રીહરિના સુંદર કંઠમાં ધારણ કરાવી. (૧૯) પછી વાજિંત્રોના મંગળ ધ્વનિ સાથે પ્રેમાર્દ્ર હૃદયવાળા જીવવર્માએ શ્રીહરિની મહા આરતી કરી. (૨૦) આરતી બાદ અમૂલ્ય વસ્ત્રો તથા વિવિધ પ્રકારના વિભૂષણો તેમજ વિવિધ પ્રકારના ઉપચારોથી જીવવર્માએ શ્રીહરિના બંને ભાઈઓનું યથાયોગ્ય પૂજન કર્યું. (૨૧)

પછી હર્ષથી ભક્તિપૂર્વક સાધુઓનું તથા બ્રહ્મચારીઓનું ઉત્તમ ઉપચારોથી તેમણે પૂજન કર્યું. તથા બ્રહ્મણાદિકોનું પણ યથાયોગ્ પૂજન કર્યું. (૨૨)

આવી રીતે જીવવર્માએ શ્રીહરિની તથા શ્રીહરિના બંધુવર્ગની તેમજ સાધુ, બ્રહ્મચારીઓની પૂજા કરી. તે જોઈને ભક્તો અત્યંત વિસ્મય પામ્યા. (૨૩) પછી તેમની પ્રાર્થનાથી શ્રીહરિ સાધુ વગેરેને જમાડવા માટે જીવવર્માના ભુવનની ઓસરીમાં પંક્તિઓ કરાવતા હતા. (૨૪)

પછી બ્રાહ્મણો તેમજ પંક્તિમાં બેઠેલા સાધુઓના જળપાત્રોમાં પ્રથમ જળ આપ્યું, ત્યારબાદ સાધુઓને પડિયા તથા પતરાળા શ્રીહરિની આજ્ઞાથી આપ્યા. (૨૫)

પછી પ્રભુ શ્રીહરિએ મહામૂલ્યવાળાં ભૂષણો તથા વસ્ત્રો ઉતાર્યા અને એક વસ્ત્ર પહેરીને, બીજા વસ્ત્રથી કેડ્ય બાંધીને, બંને ચરણ કમળમાં શોભતી ચટ્ ચટ્ ધ્વનિ કરતી પાદુકાઓ પહેરી, પાર્ષદોથી વીંટાયેલા સાધુઓની પંક્તિમાં પધાર્યા. (૨૬-૨૭) સાધુઓની પંક્તિના મધ્યમાં ઊભેલા, જેમના મુખ

ઉપર મંદ સ્મિત છે એવા, સત્પતિ શ્રીહરિ, કૃપામૃત વર્ષાવતી કોમળ દૃષ્ટિથી સાધુઓની પંક્તિઓનું નિરીક્ષણ કરતા હતા. (૨૮)

તેટલામાં મોતીયા લાડુઓથી ભરેલા થાળ પોતાના હાથમાં લઈને સાધુઓ હર્ષથી તત્કાળ ત્યાં આવ્યા. (૨૯) પછી સ્વયં શ્રીહરિ પોતાની આગળ પાછા પગે ચાલતા સાધુઓએ હાથમાં પકડેલા થાળમાંથી બંને હાથે લાડુ લઈ હસતા હસતા મુનિઓના પાત્રોમાં પીરસતા હતા. (૩૦)

નાના પ્રકારનાં શાક, દાળ, અથાણાં, રાયતાં, પાપડ વગેરે બ્રાહ્મણો પીરસતા હતા. (૩૧)

ભોજનમાં પીરસવા યોગ્ય સામગ્રીઓમાં જ્યારે કાંઈ બાકી રહ્યું નહીં, ત્યારે સાધુઓને જમવા માટે શ્રીહરિએ આજ્ઞા આપી. (૩૨) હે રાજન્ ! પછી શ્રીહરિ જમનારા સમગ્ર સાધુઓને પીરસીને વારંવાર તેમની પંક્તિમાં ફરતા તેમને સારી રીતે જમાડતા હતા. (૩૩)

હે ભુપતે ! પોતાના સમગ્ર પાર્ષદો તથા બીજા ભક્તોને પણ પ્રીતિથી મોતીયા લાડુ પીરસીને શ્રીહરિ જમાડતા હતા. (૩૪) હે રાજન્ ! પોતે શ્રીહરિ આવી રીતે પોતાના આશ્રિતોને જમાડીને પાર્ષદે લાવેલા જળથી હાથ પગ ધોતા હતા. (૩૫) પછી શ્રીહરિ પાર્ષદો સાથે વર્ણીઓની પાકશાળામાં આવીને દયાર્દ્ર દૃષ્ટિથી તેમની રસોઈ પ્રસાદીની કરતા હતા. (૩૬) શ્રીહરિમાં ચિત્તવાળા સર્વ વર્ણીઓ ધર્મના પુત્રની દોલોત્સવ લીલા વર્ણવતા જમતા હતા. (૩૭) હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞાથી પુરના સમગ્ર બ્રાહ્મણો તથા દોલોત્સવમાં પરદેશથી આવેલા સમગ્ર બ્રાહ્મણો શ્રીહરિનું સ્મરણ કરતા જમતા હતા. (૩૮)

પોતાના પાર્ષદોથી વીંટાયેલા માનવ નાટ્યધારી સત્પતિ શ્રીહરિ અતિ શોભાયમાન ભુવનમાં આવીને સ્નાન કરી, નિત્ય વિધિ કરતા હતા. (૩૯) તેટલામાં બુદ્ધિમાન ઈચ્છારામે સ્નાન કરીને મુકુંદાનંદ બ્રહ્મચારીએ આપેલી સામગ્રીથી વિવિધ પ્રકારની ઉત્તમ રસોઈ કરી. (૪૦)

પછી બ્રહ્મચારીએ શ્રીહરિને તથા મોટા ભાઈને બોલાવ્યા. તેથી શ્રીહરિ તેમની સાથે પાકશાળામાં આવીને વચલા આસન ઉપર બિરાજ્યા. (૪૧) શ્રીહરિની બાજુમાં મોટાભાઈ બેઠા. પછી બુદ્ધિમાન ઈચ્છારામે વિષ્ણુને અર્પણ કરેલા નાના પ્રકારના ભોજનો બંને સુંદર પાત્રોમાં વિધિ પ્રમાણે પીરસીને બંને પાત્રો રામપ્રતાપ તથા હરિકૃષ્ણની આગળ મૂક્યાં. (૪૨, ૪૩)

પછી ઈચ્છારામે ત્રીજા પાત્રમાં વિષ્ણુને નિવેદન કરેલાં ભોજન યથાયોગ્ય પીરસીને ત્રીજા આસનની પાસે તે પાત્ર મૂક્યું. (૪૪)

પછી બુદ્ધિમાન ઈચ્છારામ શ્રીહરિની બાજુમાં રહેલા પોતાના આસને બેઠા. પછી સુંદર અને શુભ ગુણે યુક્ત તે ત્રણે ભાઈઓ જમવા લાગ્યા. (૪૫) સુંદર ભજનો જમતા અને સુવર્ણમય પવાલાઓથી પાણીપીતા તેમને જોઈને, ભક્તો તૃપ્તિ પામતા નહિ. (૪૬)

સુંદર ભોજન જમતા મહાપ્રતાપવાળા તે ત્રણ ભાઈઓ ચંદ્ર સૂર્ય અને શોભાયમાન યજ્ઞનારાયણની માફક શોભતા હતા. (૪૭) તે ત્રણે બંધુઓ આ પ્રમાણે જમીને પવિત્ર જળથી સુંદર ચંદનપંકથી હાથ

ધોતા હતા. (૪૮) હે રાજન્ ! પછી મુખ શુદ્ધ કરીને તે ત્રણે ભાઈઓ વર્ણીએ આપેલો સુંદર મુખવાસ હર્ષથી લેતા હતા. (૪૯) ત્યારબાદ શ્રીહરિએ પ્રીતિથી મુકુંદાનંદ વર્ણી પાસે પોતાની પ્રસાદીના ભોજનનો થાળ જીવવર્માને અપાવ્યો. (૫૦) પછી તે ત્રણ સહોદરો વસ્ત્ર ધારણ કરીને તથા મનોહર પાઘડી પહેરી બહાર ઓસરીમાં પોતાના આસનોમાં યથાયોગ્ય બેઠા. (૫૧)

પછી જીવવર્માનાં ધર્મપત્ની કુમારિકા તથા અમરી, અમલા એ બે પવિત્ર વ્રતવાળી જીવવર્માની કન્યાઓ એ ત્રણેયે મળી જળ ચંદન પુષ્પના હાર, બાજુબંધ તેમજ બીજા શ્રેષ્ઠ ઉપચારો મહામૂલ્યવાળા ભૂષણો, અલંકારોથી અતિ પ્રીતિપૂર્વક પૂજનીય છે. ચરણ કમળો જેમના એવા ભક્ત વત્સલ ભગવાન શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ કૃપા કરી તેનો સ્વીકાર કર્યો. (૫૨, ૫૩, ૫૪) પછી શ્રીહરિ પોતાના શ્રેષ્ઠ અશ્વ ઉપર બિરાજીને ઘોડા ઉપર બેઠેલા ભાઈઓની સાથે તથા ભક્તવૃંદો સાથે છત્ર તથા ચામરોથી શોભતા શ્રેષ્ઠ વાદ્યોના ધ્વનિ સાથે અભય રાજાના મનોહર ભુવનમાં પધાર્યા. (૫૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિકૃત ઉન્મત્ત ગંગામાં જળક્રીડાદિ નિરૂપણ નામે પચ્ચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરીને સભામાં કોમળ ગાદલા ઉપર બિછાવેલ સુંદર ઓછાડ યુક્ત શ્રેષ્ઠ આસનમાં બિરાજમાન થયા. (૧) શ્રીહરિના બંને બંધુઓ શ્રીહરિની આગળ આસન ઉપર બેઠા. સર્વે ત્યાગીઓ તથા બીજા ભક્તો પણ યથાયોગ્ય બેસતા હતા. (૨) પોતાના મુખ પ્રત્યે આસકત નેત્રોવાળા, હર્ષતિ છે મુખો જેમનાં એવા સર્વે જનોને, શ્રીહરિ કૃપારૂપી અમૃત રસથી કોમલ, કલ્યાણકારી દૃષ્ટિથી જોતા હતા. (૩)

પછી શ્રીહરિ ધર્માદિ ઉપદેશ વાતો સુધાથી અત્યંત મધુર, સર્વ તાપને શાન્ત કરનારી કરતા હતા. (૪) ધર્મનંદન શ્રીહરિ આવી ઉપદેશ વાતોથી તથા પોતાના દર્શનથી પોતાના આશ્રિતજનોને અત્યંત સુખ આપતા હતા. (૫) પછી બંને બંધુઓની સાથે શ્રીહરિ આગળ તથા પાછળ ચાલતા પોતાના પાર્ષદો સહિત પોતાના નિવાસસ્થાનમાં આવ્યા. (૬)

પછી શ્રીપ્રભુહરિ દૂધના ફીણ જેવી કોમળ શય્યામાં પોઢ્યા. તે સમયે શ્રીહરિના પાર્ષદો શયન કરેલા શ્રીહરિની સેવા કરતા હતા. (૭) એ રીતે સદ્‌ગુણ, સમુદ્ર, શરણ્ય, શ્રીહરિ, પોતાની સેવાની વાટ જોતી યોગનિદ્રાનો કૃપાથી સ્વીકાર કરતા હતા. (૮)

હે રાજન્ ! નર નાટકધારી પ્રભુ શ્રીહરિ બ્રાહ્મ મુહૂર્ત થતા જાગ્રત થઈ પોતાના ભક્તોના શિક્ષણ માટે ઉપદેશ કરવા લાગ્યા. (૯) ક્ષર અને અક્ષરથી પર પોતે સ્વયં અવતારી પુરુષોત્તમ છે છતાં પણ પોતાના જનોને બોધ આપતા આપતા પોતાના શાન્ત, દિવ્યરૂપનું શ્રીહરિ ચિંતવન કરતા હતા. (૧૦)

ત્યાગ કરવા યોગ્ય માયાના ગુણોથી રહિત, મુનિઓએ સદા ધ્યાન કરવા યોગ્ય, સનાતન દિવ્ય, અતિ સૌન્દર્ય કાન્તિ, સુખ વગેરે જેમને છે એવા, સત્ય, શૌચાદિના આશ્રયરૂપ, અક્ષર મુક્તો, ઉપનિષદો તથા શેષ, બ્રહ્માદિ પણ જેમના માહાત્મ્યનો પાર પામી શક્યા નથી એવા. (૧૧-૧૨) શ્રીહરિના આનંદરૂપી મહા સમુદ્રના એક બિંદુમાં જે સુખ છે તેવું સુખ અસંખ્ય બ્રહ્માંડોમાં પણ નિશ્ચય જ નથી. (૧૩) પોતાના આત્માનું એવું ધ્યાન કરીને હે ભૂપતે ! સત્પતિ શ્રીહરિ શૌચ વિધિ કરીને દંતધાવન કરતા હતા. (૧૪)

પછી અતિ ધવલ વસ્ત્રો જેમણે ધારણ કર્યાં છે એવા શ્રી હરિ, સ્નાન કરવા માટે રમણીય બાજોઠ ઉપર પોતાના ભક્તોને દર્શન દેતા બિરાજમાન થયા. (૧૫) પછી બુદ્ધિમાન વર્ણીરાજ નાજો, સોમવર્ય, રત્નજીત આદિ પાર્ષદો સાથે સુંદર ચંદનના તેલથી, શ્રીહરિને મર્દન કરતા હતા. (૧૬) પછી વર્ણીરાજ સુગંધિવાળા ઉષ્ણ વિશુદ્ધ જળથી પ્રીતિપૂર્વક શ્રીહરિના અંગો ચોળીને સ્નાન કરાવતા હતા. (૧૭)

શ્રીહરિ વર્ણીએ આપેલો સુવર્ણનો જળે સહિત કળશ પોતાના હાથમાં લઈને તે કળશથી પોતાના અંગ ઉપર વારંવાર જળ નાખતા હતા. (૧૮) એવી રીતે ભગવાન સ્વયં શ્રીહરિ પુષ્કળ જળથી સ્નાન કરીને ધોયેલા વસ્ત્રથી કેડ્યના ઉપલા અંગો લૂછતા હતા. (૧૯) પછી સ્નાનથી ભીના થયેલા છેડાના ભાગને બંને સાથળ વચ્ચે નીચોવીને મસ્તક તથા છાતી-સાથળ વગેરેનું તેનાથી માર્જન કરતા હતા (૨૦)

હે રાજન્ ! પછી શ્રીહરિએ વર્ણીએ આપેલું લાલ રેશમી વસ્ત્ર ધારણ કર્યું. તેવું બીજું વસ્ત્ર ઓઢ્યું. (૨૧) પછી પોતાની પાસે રહેનારા શિવરામ ભટ્ટે આણેલા મુક્તો તથા દેવેન્દ્રોએ વંદના કરેલી સુવર્ણની ઘુઘરીઓવાળી પાદુકાઓ બંને ચરણમાં ધારણ કરી. (૨૨) પાદુકાઓના ચટ્ચટ્ ધ્વનિ તથા સુંદર ગતિથી શોભતા, ભક્તોના ચિત્તને હરતા શ્રીહરિ પૂજા સ્થાનમાં પધાર્યા. (૨૩)

હે ભૂપતે ! શ્રીહરિ પોતાના સુંદર આસનમાં પૂર્વમુખે બેસીને આચમન કરી, શિખા બંધન કરતા હતા. (૨૪) પછી શ્રીહરિ કેસરનું ઉર્ધ્વપુંડ્ર તિલક કરીને કુમકુમનો ચાંદલો તિલકના મધ્યભાગમાં કરી, મનુષ્ય નાટ્ય શોભાડતા સંધ્યા વિધિ કરતા હતા. (૨૫)

વેદજ્ઞોમાં શ્રેષ્ઠ ભગવાન શ્રીહરિ અગ્નિમાં હોમ કરી પછી સામવેદની આવૃત્તિથી સ્વાધ્યાય કરતા હતા. (૨૬) પછી હે ભૂપતે ! શ્રીહરિ પિતૃતર્પણ, સાલગ્રામ સમર્ચન, નૈવેદ્ય, વૈશ્વદેવ વગેરે વિધિ પ્રમાણે પોતે કરતા હતા. (૨૭) ત્યારબાદ અચ્યુત શ્રીહરિ જમવા માટે આસન ઉપર બિરાજ્યા અને તેમની બાજુમાં મોટાભાઈ બેઠા. (૨૮)

પછી બુદ્ધિમાન ઈચ્છારામ વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો યથાયોગ્ય ત્રણ પાત્રોમાં પીરસતા હતા. (૨૯) ઈચ્છારામે જમવાના પાત્રો બંને ભાઈઓની આગળ મૂકીને ત્રીજું પાત્ર પોતાના આસન આગળ મૂક્યું. (૩૦) પછી ઈચ્છારામ પોતાના આસનમાં બેઠા એટલે શ્રીહરિ અપોશન વિધિ કરીને બંને ભાઈઓની સાથે જમતા હતા. (૩૧)

પવિત્ર છે દર્શન જેમના એવા ત્રણેય સહોદરો નાના પ્રકારના ભોજનો જમીને તૃપ્ત થઈ, હે રાજન્ ! શુદ્ધ જળથી હાથ તથા મુખ ધોતા હતા. (૩૨)

પછી ત્રણેય ભાઈઓએ, વર્ણીએ આપેલા શ્રેષ્ઠ મુખવાસ લઈને વસ્ત્રો તથા મનોહર પાઘડીઓ ધારણ કરી. (૩૩) અક્ષર સ્વરૂપ મહાન નિંબતરુની નીચે ઓટલા ઉપર અત્યંત કોમળ ગાદી તકિયાથી યુક્ત શ્રેષ્ઠ આસન શ્રીહરિને બેસવા માટે, હંમેશાં શ્રીહરિની સેવામાં તત્પર રત્નજીત હર્ષથી સ્થાપના કરતા હતા. તેટલામાં ત્યાગીઓ તથા ગૃહસ્થજનો ભોજન કરીને સભામાં આવ્યા. (૩૪-૩૫)

પછી ત્યાગી તથા ગૃહીજનો સમગ્ર, પોતપોતાની મર્યાદા પ્રમાણે, શ્રીહરિનાં દર્શન માટે અત્યંત ઉત્સાહિત મનથી સભામાં બેઠા. (૩૬) હે પ્રભો ! આપનાં દર્શન માટે મુનિઓ તથા ગૃહસ્થો સભામાં બેઠા છે, એ પ્રમાણે પાર્ષદ રત્નજીત શ્રીહરિની સમીપે આવીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૭) તેથી આગળ પાછળ દોડતા, સ્નેહવાળા પાર્ષદોની સાથે ભગવાન શ્રીહરિ બંધુઓની સાથે સભામાં પધાર્યા. (૩૮)

પોતાના બંને પડખે સોમવર્ય તથા સૂરવર્ય પાર્ષદો હતા. તેઓ શ્રીહરિને ચામર વીંજતા હતા. સુંદર પાદુકાઓના ચટ્ચટ્ ધ્વનિ કરતા. (૩૯) ભુગુજીત પાર્ષદે પોતાના મસ્તક ઉપર ધરી રાખેલ સફેદ, સુંદર મોટા છત્રથી શોભાયમાન, હાથમાં શ્વેત રૂમાલ પકડી તે મનોહર હાથને હલાવતા, બીજો હાથ કેડ્ય ઉપર ધારણ કરતા, ઉત્સવરૂપ છે દર્શન જેમનાં એવા અને ચંચળ ગતિથી હાથી તથા કંસને લજ્જિત કરતા, ચાલવાની ઉતાવળી ગતિથી જેમણે પહેરેલા હાર તથા તોરાઓ ઉછળતા હતા, કેસરના તિલકમાં કુમકુમનો ચાંદલો ધારણ કરતા, વિવિધ અલંકારોથી સુંદર તથા અત્યંત શ્વેત વસ્ત્રો જેમણે ધારણ કર્યાં છે, ઉદર ઉપરની ત્રિવળીના હલનથી જાણે નાભિરૂપ સરોવરમાં સુંદર તરંગો ઉઠ્યા છે એવી શોભાયુક્ત, મુખકમળના સુંદર મંદહાસ્યથી જેમણે ચંદ્ર તથા પદ્મને પણ લિજ્જત કર્યા છે એવા, પોતાના દર્શન માટે ભેગા થઈને ઊભા રહેલા ઉત્સાહવાળા, ભક્તોને ચારેય તરફ દયા પૂર્વક મનોહર દૃષ્ટિથી જોતા, કોટિ કામદેવને મોહ પમાડનારી સર્વોત્તમ શોભા ધારણ કરતા, શ્રીહરિ ચુમ્બકમણિ લોઢાને જેમ આકર્ષે તેમ દર્શન કરનારાઓના ચિત્ત હરતા હતા. (૪૦-૪૬)

તે સભામાં બેઠેલા ભક્તો દૂરથી શ્રીહરિને આવતા જોઈને પ્રાણના સંચારથી દેહ જેમ ઊભા થાય તેમ તત્કાળ ઊભા થયા અને આનંદ પામી શ્રીહરિને પ્રેમથી વંદના કરવા લાગ્યા. (૪૭) તેટલામાં શ્રીહરિ આવીને લીંબવૃક્ષની નીચે વેદી ઉપર પોતાના સિંહાસનમાં ઉત્તરમુખે બિરાજમાન થયા. (૪૮)

પછી હે ભૂપતે ! શ્રીહરિના બંને બંધુઓ હર્ષપૂર્વક શ્રીહરિની આગળ સભામાં યથાયોગ્ય આસનમાં બેઠા. (૪૯) સમગ્ર વર્ણીઓ તથા સાધુઓ શ્રીહરિની સન્મુખ બેઠા. ગૃહસ્થ ભક્તો પાછળ વર્ણ વ્યવસ્થાપૂર્વક યથાયોગ્ય બેઠા. (૫૦) શ્રીહરિના આસનની પાછળ તથા બંને પડખે સુંદર શસ્ત્રો ધારણ કરનારા શ્વેતવસ્ત્રધારી ભૃગુજીત, મયજીત, ભીમ વગેરે પાર્ષદો ઊભા રહ્યા. (૫૧) શ્રીહરિનું પૂજન કરવા માટે શ્રીહરિની સમીપે ભક્તોને આવવા દેવા ભગવાનના પાર્ષદો હર્ષપૂર્વક માર્ગ કરાવતા હતા. (૫૨) જયા, લલિતા, રમા વગેરે સમગ્ર સ્ત્રીઓ સુંદર ભુવનની બહારની વેદીમાં બેસીને હર્ષથી શ્રીહરિનાં દર્શન કરતી હતી. (૫૩) શ્રીહરિને બંને પડખે રહેલા સોમ તથા સૂર નામના પાર્ષદો અતિ પ્રીતિથી શ્રીહરિને ચામરોથી વીંજણો વીંજતા હતા. (૫૪)

અભય રાજાના પુત્ર ઉત્તમ શ્રેષ્ઠ રત્નદંડવાળો વીંજણો હાથમાં લઈને હર્ષથી શ્રીહરિને પવન નાખતા હતા. (૫૫) શ્રીહરિની સમીપે ઊભા રહેલા, સુવર્ણની છડી હાથમાં જેમને છે એવા કુબેર દ્વારપાલ, તે સમયે હર્ષપૂર્વક ઉંચેથી છડી પોકારતા હતા. (૫૬)

હે રાજન્ ! ઉપચારો ભરેલા પાત્રો જેમના હાથમાં છે એવા જુદા જુદા દેશમાંથી આવેલા શ્રીહરિના આશ્રિત હજારોહજાર ભક્તજનો હર્ષથી શ્રીહરિની પૂજા કરવા માટે ત્યાં આવ્યા. (૫૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિનો સભા પ્રવેશ તેના વર્ણનનો છવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી દેશાન્તરીય ભક્તજનો મનોહર કુમકુમ, કસ્તૂરી, કેસર તથા પુષ્પોના હાર બાજુબંધ, કર્ણપૂર, તોરાઓ, મહામૂલ્યવાળા અલંકારો, શ્રેષ્ઠ રેશમી વસ્ત્રો તેમજ બીજા ઉપચારોથી ભક્તિપૂર્વક શ્રીહરિનું સમર્ચન કરતા હતા. (૧, ૨) તે ભક્તો વિવિધ પ્રકારના વાદ્યોના ધ્વનિ સાથે શ્રીહરિની મહા આરતી કરતા હતા. તેમજ તેમના ભાઈઓ તથા બ્રહ્મચારીઓ તથા સાધુઓની પણ પૂજા કરતા હતા (૩)

તે સમયે શ્રીહરિના ખભાથી તે હાથના પોંચા સુધી એમ બંને હાથમાં તથા કંઠમાં પુષ્પના હારો તથા મસ્તકના ફેંટા ઉપર પુષ્પના હારો વીંટેલા હતા. (૪) તેમજ ચરણ કમળથી આરંભીને કંઠ પર્યન્ત મસ્તક સુધી શ્રીહરિની મૂર્તિ પુષ્પોના હારથી ઢંકાઈ ગઈ હતી. (૫) વિવિધ વર્ણનાં પુષ્પોના હારોના સમૂહોથી ઢંકાઈ ગઈ છે આકૃતિ જેમની એવા, શ્રીહરિ નાના પ્રાકરના કમળોથી યમુનાનો ધરો જાણે હોય ને શું ? એમ શોભતા હતા. (૬) શ્રીહરિએ કંઠમાંથી ઉતારીને બધા હારો પોતાની બંને બાજુએ મૂક્યા. મોતીઓની ભૂમિ ઉપર તે સમયે જાણે ધારણ કરેલા પુષ્પોના હારોના પર્વત સમાન બે ઢગલા હોય ને શું ! એવા શોભતા હતા. (૭) હે રાજન્ ! કરુણાસાગર શ્રીહરિ સભામાં પુષ્પોના હારો પોતાના બંને હાથે વારંવાર ઉંચે ફેંકતા હતા. (૮)

ભ્રમરાઓ, પુષ્પોના હારના સમુદાયોથી વ્યાપ્ત સભા જોઈને, ફૂલેલા બગીચાની ભ્રાંતિથી, ગુંજારવ કરતા ચોતરફ ભમતા હતા. (૯) શ્રીહરિની ચારેય તરફ અતિ ગુંજારવ કરતા ભ્રમરાઓ શ્રીહરિના શ્વાસથી સ્વાભાવિક સુગંધ યુક્ત પુષ્પોના સમુહમાં આસક્ત હતા. (૧૦)

લાવણ્યરૂપ, મધુરતાના મહાસાગર, પ્રીતિપૂર્વક મંદહાસ્યથી યુક્ત, કૃપારૂપી અમૃતપૂર્ણ દૃષ્ટિ જેમને છે એવા, શાંતિના કારણભૂત, શ્રીહરિનાં દર્શન કરીને ભક્ત સમૂહો ચંદ્રને જોઈને ચકોરો જેમ હર્ષ પામે તેમ તૃપ્તિ પામતી નહિ. (૧૧)

અનેક પ્રકારના પાપની નિવૃત્તિ કરનાર છે દર્શન જેમનું એવા, પોતાના ચરણને આશ્રેલા જનોનો સર્વ શોક જેમણે હણ્યો છે એવા, પોતાના બંને ચરણ કમળમાં રાજાઓનો સમૂહ જેમને નમે છે એવા, પોતાના અતિ પ્રતાપ રૂપી સૂર્યનારાયણથી હર્ષ પમાડ્યા છે ભક્તરૂપી ચક્રવાકો જેમણે એવા, તાપથી વિશુદ્ધ કરેલા સુવર્ણના મણિજડિત ભૂષણોનું ભૂષણરૂપ છે અંગ જેમનું એવા, બંને ભ્રકુટિઓરૂપી ચપળ ભ્રમરાઓથી વિલાસ પામી છે મુખની શોભા અને તેથી જાણે ભ્રમરાઓના સમૂહથી વિલાસયુક્ત નૂતન પ્રફુલ્લિત અતિ સુંદર કમળને સંતર્જન કરતું હોય ને શું ? (૧૨-૧૩) દિવ્યમુખરૂપી ચંદ્રમાંથી નિકળતી શુભ વાણીરૂપી સુધાના સુશોભિત પ્રવાહરૂપી ગંગા નદીએ ધોઈ નાખ્યા છે ભક્ત સમૂહોના મળ જેમણે એવા, અને નાના પ્રકારના વિભૂષણોમાં ચળકતા મણિઓરૂપી સૂર્યની કાન્તિથી પ્રફુલ્લિત અને અતિ વિસ્તારવાળું તથા ઉંચું હૃદયકમળ જેમનું છે એવા. (૧૪) ગંભીર નાભિરૂપ શોભાયમાન સરોવરને કાંઠે રહેલા શોભાયમાન ત્રિવળીરૂપી તરંગોથી વિરાજમાન, વિવિધ પ્રકારના ઉત્તમ મણિમય એકાવલી હારોથી શોભાયમાન છે કંઠ જેમનો એવા, કંદોરારૂપી કલાપના ભૂષણથી સંવેષ્ટિત છે ઉત્તમ ગોળ મધ્ય ભાગ જેમનો એવા. (૧૫)

વિશુદ્ધ મોતીઓની બનાવેલી ચળકતી માળા શ્રીહરિના ઉરમાં જોઈને શ્રીહરિના ભક્તો તેમના મનમાં જાણે આકાશમાં ફરતી અતિ મોટી ચંદ્રની પંક્તિ ફરતી હોય તેમ માનતા હતા. (૧૬)

અનુપમ શ્રીહરિના નિર્મળમુખરૂપી ચંદ્રામૃતનું પ્રફુલ્લિત નેત્રોથી સમ્યક્ પ્રકારે પાન કરતા જનસમૂહો શ્રીહરિની દૃષ્ટિથી જ મંત્રયોગથી જેમ મોહ પામે તેમ અત્યંત મોહ પામ્યા. (૧૭) જે મનુષ્ય સ્મૃતિ માત્રથી વિવિધ તાપોને હરે છે એવું અવિતકર્ય શોભાવાળું જે શ્રીહરિનું અંગ જોતો હતો, તે તો તે અંગમાં આસક્તિ પામી અનુપમ સર્વોત્તમ શાન્તિ પામતો હતો. (૧૮)

હે રાજન્ ! શ્રીહરિની અતિ ચળકતી નખ પંક્તિમાં અતિલાલ મણીંદ્રોની માફક કાન્તિ જેમાં છે એવી ચરણોની આંગળીઓ જોઈને અને તે આંગળીઓમાં નેત્રની વૃત્તિ અત્યંત બાંધેલી હોવાથી કેટલાક જનો સ્તંભની માફક સ્થિર થઈ જતા હતા. (૧૯) કેટલાક શ્રીહરિની મનોહર ઘૂંટીઓ જોઈને, કેટલાક સુંદર પાની જોઈને, કેટલાક તેમના શોભાયમાન બંને ચરણો જોઈને, આસક્તિવાળા છે નેત્રો જેમના એવા બની તે તે અંગ નીરખતા સ્થિર થઈ ગયા હતા. (૨૦)

સમગ્ર તીર્થોના સ્થાનભૂત, જેમના સમાન મોક્ષનું સાધન બીજું નથી માટે અદ્વિતીય અને ગુંજારવ કરતા અને ભ્રમણ કરતા ભમરાઓ (પરમહંસો) જેમાં છે (નામ મંત્રનો જપ કરતા અને ભમરાઓ જેમ રસ ગ્રહણ કરે તેમ સારને ગ્રહણ કરનારા પરમહંસો જેમાં છે) કામદેવને મોહ પમાડનારા શ્રીહરિના પાદપદ્મને જોઈને, કેટલાક જાણે નેત્રની વૃત્તિ રોકાઈ ગઈ હોય અને સ્થિર થઈ ગયા હોય એવા બની ગયા હતા. (૨૧) કેટલાક શ્રીહરિની કોમળ અને અતિ ગોળ જાંઘ જોઈને, કેટલાક તેમના સાથળ યુગ્મને જોઈને, કેટલાક તેમની કેડ્ય જોઈને, પોતાના દેહની સ્મૃતિ રહિત થઈ ગયા. (૨૨)

કેટલાક ગંભીર અને ગોળ નાભિકુપને તથા ત્રિવળીના ઉલ્લાસથી સમ્યક દર્શનીય શ્રીહરિનું ઉદર

જોઈને, તે બંને મનોહર ચિહ્નોમાં અત્યંત બદ્ધચિત્ત બની ગયા. (૨૩)

શોભાયમાન પુષ્પોની માળા જેમાં છે એવું, કોમળ અને વિશાળ, (જમણી તરફ રોમનો ગોળ આવર્ત્ત, એવા ચિહ્નને શ્રીવત્સ ચિહ્ન કહેવામાં આવે છે) અને શ્રીવત્સના ચિહ્નવાળું, સુંદર ભૂષણોની શોભા જેમાં છે એવું શ્રીહરિનું વૃક્ષઃસ્થળ કેટલાક જોઈને, તેમાં મનની સ્થિરતા કરતા હતા. (૨૪)

કેટલાક શ્રીહરિના ઢીંચણ પર્યન્ત લાંબા અને ઉત્તમ બાહુ યુગલ જોઈને, કેટલાક નખના કિરણોથી રમણીય શ્રીહરિના હાથની આંગળીઓ જોઈને અત્યંત સ્થિર મનવાળા થઈ ગયા હતા. (૨૫)

કેટલાક પ્રવાલની માફક લાલ ઓષ્ઠથી શોભાયમાન અને મનોહર નાસિકા જેમાં છે એવું તથા જીત્યા છે કમળ અને ચંદ્ર જેમણે એવું મંદ હાસ્યથી અત્યંત શોભતું શ્રીહરિનું મુખારવિંદ જોઈને તેમાં અત્યંત સંલગ્ન થઈ ગયા હતા. (૨૬) કેટલાક ચંચળપણાથી ખંજન અને મત્સ્યને જીતનારાં એવા સ્વચ્છ કમળના પત્રોના સમાન અતિ સુંદર, દયારૂપી અમૃતથી કોમળ શ્રીહરિના બંને નેત્રો જોઈને તેમાં અત્યંત આસક્ત મનવાળા થઈ ગયા. (૨૭)

કેટલાક શ્રીહરિના બંને સુંદર કપોલો જોઈને, કેટલાક ઉત્તમ શ્રવણ યુગલ જોઈને, કેટલાક સારી રીતે શોભતી ચંદનની અર્ચા જેમાં છે એવા ભાલને જોઈને, તેમાં (કપોલ કર્ણ-ભાલમાં) સ્થિર થઈ ગયા હતા. (૨૮) કેટલાક જેની સ્મૃતિ માત્રથી નસાડી મૂક્યા છે. કામ અને દૈત્યો જેમણે એવી વાંકી છતાં પણ પોતાના ભક્તોના અન્તઃશત્રુઓને ભય કરનારી, પોતાના ભક્તોને રમણીય એવી શ્રીહરિની ભ્રુકુટિ જોઈને ત્યાંજ વિલિન ચિત્તવાળા થઈ ગયા. (૨૯) કેટલાક મોગરા વગેરેના પુષ્પોના સુંદર તોરાઓની પંક્તિઓથી શોભાયમાન મસ્તકનું મોળીયું અને તેની અત્યંત કાન્તિથી અતિ શોભાયમાન શ્રીહરિનું મસ્તક જોઈને તેમાં આંખની વૃત્તિની એકાગ્રતા પામી ગયા. (૩૦)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિ પણ ધ્યાનપૂર્વક પોતાના એક એક અવયવના ધ્યાનમાં લગ્ન થયેલા જનોને પોતાની મૂર્તિમાં સૌંદર્ય તથા અનન્ય ઐશ્વર્ય તથા આશ્ચર્યકારી દિવ્યપણું બતાવતા હતા. (૩૧)

તેથી સમગ્ર ભક્તજનો પોતે જોયેલા તે તે અંગોમાં પોતાનાં ઈન્દ્રિયો, પ્રાણ અને મનનો નિરોધ યોગિવર્યોની માફક પામતા હતા. (૩૨) જે ભક્તો શ્રીહરિના જે જે અંગ જોતા હતા. તે સિવાયના બીજા અંગ જોવા માટે અસમર્થ બની ગયા હતા. કારણ કે તે ભક્તો અતિશય સ્થિર બની ચિત્રમાં ચિતરેલાની માફક સ્થિર થઈ ગયા હતા. (૩૩)

કેટલાક તે સમયે નિર્વિકલ્પ સમાધિ પામી પૃથ્વી ઉપર પડી ગયા તથા કેટલાક બેસી ગયા. અહો, હે નરેન્દ્ર ! કેટલાક થાંભલાની માફક ઊભા રહ્યા. (૩૪)

એ પ્રકારે ત્યાં મોટું આશ્ચર્ય થયું. આકાશમાં રહીને જોતા અત્યંત વિસ્મય પામેલા દેવસમૂહ અત્યંત પ્રસન્ન થઈ, શ્રીહરિ ઉપર ચંદન તથા પુષ્પની વૃષ્ટિ કરતા હતા. (૩૫)

પછી ભક્ત સ્ત્રીઓ તથા પુરુષો પોતાના હૃદયમાં સ્ફુરાયમાન કોટાનકોટિ સૂર્ય ચંદ્રમાનું જે તેજ

તેનાથી પણ અધિક તેજના પુંજ જેમને છે એવા મનને આનંદ આપનારા શ્રીહરિને જોતા હતા. (૩૬) હે રાજન્ ! તે ભક્તો હૃદયમાં પરિસ્ફુરાયમાન રમણીય રૂપવાળા ઈષ્ટદેવને જોઈને, તેમને ગાઢ આલિંગન કરીને, સર્વોત્તમ અતુલ શાંતિ પામ્યા. (૩૭)

પછી સમગ્રજનો શ્રીહરિની ઈચ્છાથી ફરી બહાર દૃષ્ટિ પામ્યા, અનન્ય ભાવવાળા તે ભક્તો શ્રીહરિને પૂર્વની માફક પોતાની સમીપે બિરાજેલા જોતા હતા. (૩૮)

પોતાના નેત્રની અંજલિથી શ્રીહરિના સૌંદર્યરૂપી અમૃતનું પાન કરતા તે ભક્તો પ્રત્યે શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિ ચોતરફ જોતા હતા. (૩૯) પછી હાથની ચેષ્ટાથી ભક્ત જનોના મનને હરતા, મંદ સ્મિતથી સુંદર મુખવાળા શ્રીહરિ ધર્માદિ યુક્ત સુધાથી પણ ઉત્તમ સાર જેનો છે એવી વિવિધ પ્રકારની વાર્તા કરતા હતા.(૪૦)

અતિ મહા ભાગ્યવાળા ભક્તો, વેદ, શાસ્ત્રાદિ બહુ પ્રમાણવાળી શ્રીહરિએ સ્વાશ્રિતોનું હિત કરવા માટે કરેલી રમણીય વાર્તા સાંભળીને તથા તેને ચિત્તમાં ધારીને આનંદ પામ્યા. (૪૧)

હે નૃપ ! સ્વાશ્રિત જનોને જ્ઞાન આપવામાં અતિ નિપુણ ઈશ્વરોના ઈશ્વર, શ્રી સ્વામિનારાયણની આવી રીતે પોતાના આશ્રિતજનોને ઉપદેશ આપીને દેશાન્તરથી આવેલા સર્વે ભક્તજનોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપતા હતા. (૪૨)

હે ભૂમિપતે ! આ પ્રમાણે શ્રીહરિએ આજ્ઞા આપી તેથી પ્રેમાશ્રુ નેત્રવાળા તે ભક્તો તે સમયે જ શ્રીહરિને તથા તેમના બંધુઓને સાષ્ટાંગ પ્રણામ કરી તથા સમગ્ર સાધુઓ તથા વર્ણીઓને પ્રણામ કરીને પોતાના ઈષ્ટ શ્રીહરિને સંભારતા પોતપોતાના દેશ પ્રત્યે ગયા. શ્રીહરિ પોતાના બંધુઓની સાથે તથા મુનિઓની સાથે ગઢપુરમાં રહ્યા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિની મૂર્તિના એક એક અવયવમાં ભક્તોના પ્રાણનો નિરોધ વર્ણન નામે સત્તાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં ચૈત્રસુદી નવમીને દિવસે શ્રીહરિએ મહોત્સવ કર્યો. તે મહોત્સવ સંક્ષિપ્તથી હું તમોને કહું છું. (૧)

શ્રીહરિએ મંગળ આમંત્રણ પત્રિકા મોકલી તેથી ઘણા દેશોમાંથી પુરુષો તથા સ્ત્રીઓ ગઢપુરમાં તે મહોત્સવ પ્રસંગે આવ્યા. (૨) તે ભક્તો પોતાના બંધુ સહિત સભામાં બિરાજેલા શ્રીહરિના દર્શન કરીને ચંદ્રને જોઈ ચકોરોને જેમ આનંદ થાય તેમ શાંતિ પામ્યા. (૩)

પ્રસન્ન મુખવાળા, ધારણ કર્યા છે શ્વેત વસ્ત્રો જેમણે, તેમજ વર્ણીઓ તથા મુનીંદ્રોથી વીંટાયેલા

શ્રીહરિને તે ભક્તો સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૪) જુદા જુદા દેશોમાંથી આવેલી ભક્ત સ્ત્રીઓ પણ શ્રીહરિના દર્શન કરી તેમજ તેમને નમસ્કાર કરી શરદ્ઋતુના સૂર્યથી તપ્ત થયેલી વેલીઓ ચંદ્રના દર્શનથી જેમ શાંતિ પામે તેમ શાંતિ પામતી હતી. (૫)

ભક્તવત્સલ પ્રભુ શ્રીહરિ આવેલા હજારો ભક્તો સાથે સંભાષણ કરીને, તેમજ મંદ સ્મિતથી, વાતોથી, સુખાકારીના પ્રશ્નોથી તેમજ દૃષ્ટિથી, તેમની યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૬) બુદ્ધિમાન અભય રાજા પરદેશથી આવેલા હજારો ભક્તજનોને ઉતારો અપાવવા વગેરેથી યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૭) ચૈત્રસુદી નવમીને દિવસે શ્રીહરિનો જન્મદિવસ હતો તે તિથિએ મુનિઓ વગેરે તેમજ ભક્તો ઉપવાસ કરતા હતા. (૮) હે રાજન્ ! તે દિવસે શ્રીહરિ પ્રાતઃકાળમાં પોતાનો નિત્યવિધિ કરીને સભા મધ્યે સુવર્ણનો શ્રેષ્ઠ પોતાના આસન ઉપર બિરાજ્યાં. (૯) વીજળીની માફક શોભાયમાન, મહામૂલ્યવાળા અંબરોથી દેદીપ્યમાન, વિવિધ પ્રકારનાં વિભૂષણો જેમણે ધારણ કર્યા છે તે પ્રભુ શ્રીહરિ, ભક્તોના ચિત્ત હરણ કરતા હતા. (૧૦)

શ્રીહરિના મુખારવિંદ પ્રત્યે જ જેમના નેત્રો કેન્દ્રિત થયા છે એવા ભક્તો પ્રત્યે શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિથી જોઈને તે ભક્તજનોને સર્વથા હિત કરનારી ધર્મ સંબંધી ઉપદેશ વાતો કરતા હતા. (૧૧) શ્રીહરિની વાણીરૂપ સુધાના પાનથી સર્વોત્તમ સુખ પામેલા ભકતો જેમનું મન શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળું છે તે સર્વને અર્ધક્ષણની માફક દિવસ વીતી ગયો. (૧૨)

આ તિથિની રાત્રે સાધુ તથા ભક્તો શ્રીહરિની આગળ શ્રીહરિનાં કીર્તન ગાતા ગાતા જાગરણ કરતા હતા. (૧૩) રાત્રિની દશ ઘડી વીતી ત્યારે શ્રીહરિના જન્મનો સમય જાણનારા, શ્રીહરિમાં ભક્તિવાળા અભય રાજા સુંદર કુમકુમ, કસ્તુરી, કેસર, શ્રેષ્ઠ અક્ષત, મહા અમૂલ્ય વસ્ત્ર, અલંકારો તથા પુષ્પના હાર વગેરે તથા ધૂપ, દીપ, નૈવેદ્યો તથા મહા નિરાજનાદિથી શ્રીહરિનું પ્રીતિપૂર્વક પૂજન કરતા હતા. તેમજ તેમના પુત્ર ઉત્તમ કુમાર પણ શ્રીહરિને પૂજતા હતા. (૧૪, ૧૫, ૧૬)

જુદા જુદા દેશમાંથી આવેલા ભક્તો તથા પૌર નિવાસીભક્તો પણ વિવિધ પ્રકારના વસ્ત્રાલંકારો, ચંદન તથા પુષ્પના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૭)

ભક્તિભાવવાળા લલિતા, જયા વગેરે સ્ત્રીભક્તો પણ પુરુષોની માફક વિવિધ પ્રકારના ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા. (૧૮) દેશાંતરથી આવેલી સ્ત્રીઓ તથા પૌરની સમગ્ર સ્ત્રીઓ પણ ઘણાં પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતી હતી. (૧૯)

પછી મુનિઓ તથા ભક્તો શ્રી સ્વામિનારાયણ શ્રીહરિનાં દર્શન કરતા કરતા આદરપૂર્વક શ્રીહરિના પદો ગાતા હતા. (૨૦) હે મહામતે ! આવી રીતે શ્રીહરિનાં દર્શનથી આનંદ પામેલા તે ભક્તોને મહોત્સવથી રાત્રિ ક્ષણની માફક વીતી ગઈ. (૨૧) પછી માનવ નાટ્યધારી, ધર્મનું સ્થાપન કરવામાં તત્પર, ભગવાન શ્રીહરિ પ્રાતઃકાળમાં સ્નાન કરીને નિત્યવિધ કરતા હતા. (૨૨) પછી શ્રીહરિ હર્ષપૂર્વક નાના પ્રકારના ભોજનો સંતોને તેમજ પોતાના આશ્રિત સમગ્ર ભક્તોને સારી રીતે જમાડતા હતા. (૨૩) પછી પ્રભુ

શ્રીસ્વામિનારાયણ વર્ણીઓના ભોજનને દૃષ્ટિપ્રસાદીના કરતા હતા. પછી સમગ્ર વર્ણીઓ શ્રીહરિને સંભારતા ભોજન કરતા હતા. (૨૪) તે સમયે શ્રીહરિ પુરના તથા બીજા હજારો બ્રાહ્મણોને પુષ્કળ ઘી વાળાં ભોજનોથી તૃપ્ત કરતા હતા. તેમજ તેમને દક્ષિણા પણ આપતા હતા. (૨૫) પછી પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિ સ્નાન કરીને વિષ્ણુને અર્પણ કરેલાં સુંદર ભોજન પોતાના સહોદરો સાથે જમતા હતા. (૨૬) હે ભૂપતે ! તે દિવસે અભય રાજા દેશાંતરથી આવેલા હજારો ભક્તોને પ્રીતિથી જમાડતા હતા. (૨૭)

પછી સ્વસ્થ બેઠેલા શ્રીહરિની સમીપે પોતાના બંને ભાઈઓ આવીને બેઠા. તેમાં મોટા હોવાથી બુદ્ધિમાન રામપ્રતાપ શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૮, ૨૯)

હે મહામતે ! હે વિભો ! હે બંધુ ! તમોએ મોકલેલા મુનીંદ્રાદિની સાથે અહીં તમારી પાસે આવવા અમો બંને જ્યારે તૈયાર થયા ત્યારે તમારા વિયોગરૂપી અગ્નિથી તપાયમાન, તમારા દર્શનમાં ઉત્કંઠાવાળું સમગ્ર ધર્મનું કુળ અહીં તમારી પાસે આવવા માટે તૈયાર થયું હતું. (૩૦)

તે સમયે હે સન્મતે ! ધર્મકુળને ઉદ્દેશીને અમો બંનેએ તેમને આ પ્રમાણે કહ્યું હતું કે, અમો બંને પહેલા જઈને બંધુના સર્વ સમાચાર જાણી તમોને તેમની પાસે તત્કાળ લેવા માટે જરૂર આવીશું. માટે તમારે કોઈ પ્રકારે ચિન્તા કરવી નહીં. (૩૧, ૩૨) અમો બંનેએ આ પ્રમાણે તેમને સાંતવન આપીને બળાત્કારે ધર્મકુળને ત્યાં રોકી રાખ્યું છે. તમારા વિના તેઓ અતિશય દુઃખી થઈ નિરંતર અશ્રુપાત કર્યા કરે છે. (૩૩) તમારા વિયોગની આપત્તિરૂપ સમુદ્રમાં ડૂબેલાં ધર્મકુળને તમો તમારા દર્શનરૂપી નૌકાથી હે મતિમન્! તત્કાળ ઉદ્ધાર કરો. (૩૪) તેથી જો આપની આજ્ઞા હોય તો તે ધર્મકુળને અહીં બોલાવવા, તેમના દુઃખની સ્મૃતિથી દુઃખી થયેલા અમો બંને ત્યાં જઈએ (૩૫)

શ્રીહરિ તેમનું વચન સાંભળીને વિશુદ્ધ આશયવાળા ધર્મવંશને બોલાવવા માટે પોતાના બંને બંધુઓને જવા માટે આજ્ઞા આપી. (૩૬) રામપ્રતાપ તથા ઈચ્છારામ બંને આવી રીતે શ્રીહરિની આજ્ઞા લઈ અત્યંત હર્ષ પામ્યા. હે રાજન્ ! શ્રીહરિ તેમના પ્રસ્થાન સમયને યોગ્ય સામગ્રી તૈયાર કરાવતા હતા. (૩૭)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં રામનવમી ઉત્સવ નિરૂપણ નામે અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી અભય રાજા શ્રીહરિના બંને બંધુઓ-મહાત્માઓના પ્રયાણની તૈયારી જોઈને બંને હાથ જોડી શ્રીહરિ પ્રત્યે બોલ્યા. (૧)

હે સ્વામિન્ ! હે અતિ દયાના સાગર ! પ્રિયદર્શન ! આપના બંધુઓ જવા માટે તૈયાર થયા છે. પરંતુ તે બંનેને આપ પ્રતિપદાની તિથિ (ચૈત્ર વદી-૧) સુધી અહીં રોકો. (૨) આ ઉત્સવની સમાપ્તિ

સુધી આપના બંધુઓ સાથે આપનાં દર્શન કરવાની મારી તથા બીજા ત્યાગીઓ તથા પુરવાસી ગૃહસ્થોની ઈચ્છા છે. (૩) હે પ્રભો ! જુદા જુદા દેશોથી આવેલા આપના હજારો ભક્તોની અનુમતિથી આપને હું આ પ્રમાણે પ્રાર્થના કરું છુ. (૪)

માટે હે હરે ! મારી આ પ્રાર્થના આપ કૃપા કરી સ્વીકારો. તેમનું આવું વચન સાંભળીને ભક્ત વત્સલ શ્રીહરિએ ત્યાગી, ગૃહીભક્તોની તથા રાજાની પ્રસન્નતા માટે જવા માટે તૈયાર થયેલા રૂડીબુદ્ધિવાળા પોતાના બંને બંધુઓને પૂર્ણિમા સુધી રાખ્યા. (૫, ૬)

પછી મહાસભા મધ્યે સુંદર આસન ઉપર વિરાજમાન પોતાના બંધુઓ સહિત શ્રીહરિના દર્શન કરી ભક્તો આનંદ પામ્યા (૭) શ્રીહરિ પોતાના અસંખ્ય ભક્તોને પોતાના દર્શનથી તથા દૃષ્ટિથી, તેમજ મંદ હાસ્યથી, તેમની સાથે વાતો કરવી વગેરે અનેક પ્રકારથી, અત્યંત આનંદ આપતા હતા. (૮)

ભક્તો પ્રત્યક્ષ શ્રીહરિને તથા શ્રીહરિના બંને બંધુઓ તથા મુનિઓ વગેરેની અનુક્રમે હર્ષપૂર્વક ઉપચારોથી દરરોજ પૂજા કરતા હતા. (૯) શ્રીહરિના બંધુઓ સાથેના દર્શનાદિથી ઉત્સવના દિવસો તથા રાત્રિઓ ભક્તોને ક્ષણની માફક વીતી ગયા. (૧૦)

પછી હે રાજન્ ! બીજને દિવસે શ્રીહરિના બંને બંધુઓ અતિમંગળ મુહૂર્તમાં જવા માટે તૈયાર થયા. (૧૧) તે સમયે અભય રાજાએ હર્ષપૂર્વક શ્રીહરિના બંને બંધુઓને મહાઅમૂલ્ય વસ્ત્રો તથા અલંકારો આપ્યા. (૧૨) અભય રાજાએ બંનેને હજારો રૂપિયા આપ્યા તેમજ શ્રીહરિના તે બંધુઓને બેસવા માટે બે રથ તૈયાર કરાવ્યા. (૧૩)

અભય રાજા, રામપ્રતાપ તથા ઈચ્છરામની સાથે જવા માટે પોતાના ઘોડેસવારોને તથા પાર્ષદોને તત્કાળ તૈયાર કરાવતા હતા. (૧૪) પછી બંને બંધુઓ પ્રીતિપૂર્વક પોતાના બંધુ શ્રીહરિને આલિંગન કરીને, પ્રેમાશ્રુથી રુંધાયેલા કંઠથી પ્રયાણ સમયે કાંઈપણ બોલી શક્યા નહીં. (૧૫)

પછી હે મહીપતે ! રામપ્રતાપ તથા ઈચ્છારામ સર્વે મુનિઓને તથા અભય વગેરેને તથા બીજા ભક્તોને યથાયોગ્ય પ્રીતિથી ભેટતા હતા (૧૬) તે બંનેના પ્રયાણ સમયે ઘણાં ભક્તો મહા અમૂલ્ય વસ્ત્રાલંકારોથી તથા ચંદન, કુમકુમ, પુષ્પનાહાર વગેરેથી હર્ષપૂર્વક તેમનું પૂજન કરતા હતા. (૧૭) પછી હે રાજન્ ! રામપ્રતાપ તથા ઈચ્છારામ મંગળ મુહૂર્તમાં બંને રથમાં બેઠા. શ્રીહરિના બંને બંધુઓને વળાવવા માટે અભય રાજા સૈન્ય સહિત તૈયાર થયા. (૧૮)

નરનાટ્યધારી શ્રીહરિ, મોટાભાઈનું મહત્વ વધારતા તેમના પ્રયાણ સમયે પોતાના અશ્વ ઉપર બિરાજમાન થયા. (૧૯) પછી સૈન્ય સહિત અભય રાજા તથા શ્રીહરિએ નાના પ્રકારના શુભ વાદ્યોના મહાઘોષ સાથે બંધુઓને વળાવ્યા. (૨૦)

સાધુ વગેરે ત્યાગીજનોએ તથા ભક્ત સમૂહે વળાવેલા રામપ્રતાપ તથા ઈચ્છારામ બંને એ પ્રકારે ગઢપુરથી નીકળ્યા. (૨૧) પછી હે રાજન્ ! પુરની સીમમાં પહોંચ્યા ત્યારે મહાપ્રતાપી રામપ્રતાપ તથા

ઈચ્છારામ બંને પુરુષોત્તમ શ્રીહરિને પાછા વાળતા હતા. (૨૨) પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ મધુર વચનોથી પોતાને વિષે અનુરાગવાળા બંને ભાઈઓને સાંતવન આપીને પાર્ષદથી વીંટાઈને પુરમાં પધાર્યા. (૨૩) પછી સૈન્યે સહિત અભય રાજા, ત્યાગીઓ તથા ગૃહસ્થો રથ ઉપર બેસીને જતા શ્રીહરિના બંધુઓની પાછળ જતા હતા. (૨૪) દૂર સુધી પોતાની પાછળ આવેલા અભય રાજા વગેરેને પણ તે બંને બંધુઓએ પાછા વાળ્યા. શ્રીહરિના બંધુઓને નમસ્કાર કરીને તે સર્વે પુરમાં પાછા આવ્યા. (૨૫)

પછી થોડા ઘોડેસવારો તથા પાર્ષદો સાથે બંને જણ શ્રીહરિનું સ્મરણ કરતાં આંખોમાં અશ્રુસહિત જતા હતા. (૨૬) અભયાદિ ભક્તો તથા મુનિઓ વગેરે સભામાં બિરાજેલા શ્રીહરિની સમીપે આવીને તથા તેમને નમસ્કાર કરીને સભામાં બેસીને રામપ્રતાપ તથા ઈચ્છારામના શ્રીહરિ વિષેના અત્યંત સ્નેહની પ્રશંસા કરતા હતા. (૨૭) ત્યારબાદ દેશાંતરથી આવેલા પોતાના ભક્તજનોને પોતપોતાના દેશમાં જવા માટે શ્રીહરિ આજ્ઞા આપતા હતા. પછી સર્વે ભક્તો શ્રીહરિને ભક્તિપૂર્વક પ્રણામ કરીને પોતાના હૃદયમાં શ્રીહરિને સંભારતા ચાલ્યા. (૨૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમસ્કંધમાં રામપ્રતાપ તથા ઈચ્છારામે પોતાના દેશ પ્રત્યે જવા પ્રયાણ કર્યું એ નામે ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૯)



અધ્યાય ૩૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજર્ષે ! રાત્રિએ પોતાના જનોની સભામાં સુંદર આસન ઉપર બિરાજેલા શ્રીહરિ શુભ વાર્તા કરતા હતા (૧) પછી શ્રીહરિ સંસારમાં પોતાના કર્મથી ભમતા અને તેથી અત્યંત કલેશ પામેલા મુમુક્ષુઓને પોતાના સ્વરૂપના ઉપદેશ માટે અને તેમનું આત્યંતિક કલ્યાણ કરવા માટે જુદા જુદા દેશોમાં જવા માટે મુનીન્દ્રોને આજ્ઞા આપતા હતા. (૨,૩) પછી શ્રીહરિએ, પાર્ષદોથી વીંટાઈને પોતાના નિવાસમાં જઈને કોમળ શય્યામાં સૂઈને, યોગનિદ્રાને ગ્રહણ કરી. (૪)

ત્યારબાદ હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વર્તનારા મુનિઓ ત્યાં રાત્રિ વીતાવીને સવારે જવા માટે તૈયાર થયા. (૫) જીવોનું હિત કરનારા સર્વસંતો મળીને પરમાત્મા શ્રીહરિના નિવાસસ્થાનમાં ગયા. (૬) પછી સંતો ભુવનની બહારની વેદીમાં શ્રેષ્ઠ આસનમાં બિરાજેલા ભક્તોથી વીંટાયેલા શ્રીહરિને નમસ્કાર કરીને, શ્રીહરિની આગળ હર્ષથી બેઠા. (૭)

પછી તે સમગ્ર મુનિઓ પ્રસન્ન મુખવાળા શ્રીહરિના દર્શન કરીને અતિ વિનયથી બંને હાથ જોડી ભક્તિપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૮)

મુનિઓ કહે છે :- હે સ્વામિન્ ! સર્વ ઈશ્વરોના ઈશ્વર, વેદોએ કહેલા પરબ્રહ્મ, દિવ્ય ઐશ્વર્યના સમુદ્ર, સર્વથી પર એવા અક્ષરબ્રહ્મથી પણ સ્વરૂપ, સ્વભાવાદિથી અત્યંત વિલક્ષણ અંતર્યામી, સ્વતંત્ર,

માટે જ સમગ્ર દેહધારીઓને અત્યંત અતકર્ય, એવી ઘણી શક્તિઓ જેમની છે એવા, અલૌકિક, શોભાયમાન ચિહ્નો યુક્ત, અવયવોમાં સર્વોત્તમ આનંદથી ભરપૂર મૂર્તિવાળા આપ છો. (૯)

હે ભૂમન્ ! આપની પાસેથી અનેક બ્રહ્માંડને સર્જવાની શક્તિ પામેલા મૂળપ્રકૃતિ તથા મૂળપુરુષ બંને અને તેમના દ્વારા જેમનો ઉદય થયો છે. એવી પ્રધાન નામની માયા તથા પુરુષોના અગણિત જોડલાં થયાં. તેમના દ્વારા હે અખિલેશ ! સર્વજ્ઞ, આત્મતંત્ર, આપ અગણિત બ્રહ્માંડોની ઉત્પત્તિ કરો છો. (૧૦)

હે ભૂમન્ ! હે મુનિ પતે ! પૂર્ણકામ, અવતારી, અક્ષર સંજ્ઞાવાળા, વિશુદ્ધ મુક્તોએ નિરંતર અત્યંત આનંદથી સર્વદા ચિંતવન કરાયેલા આપ સદા ધર્મપ્રિય છો. તેથી દરેક યુગમાં નાના પ્રકારના અવતારો દ્વારા ચારેય તરફ ધર્મ તથા સાધુઓ મુખ્ય જેમાં છે એવા દૈવી સમૂહનું રક્ષણ કરી, ધર્મનો દ્રોહ કરનારા બળવાળા દૈત્યોનો નાશ કરો છો. (૧૧)

આલોકમાં શરીર ધારીઓને દુર્ભેદ્ય, અનાદિ અવિદ્યામય, અતિગાઢ અજ્ઞાનને મૂળમાંથી નાશ કરતી પ્રકૃતિના ગુણો જે સત્વાદિથી ઉત્પન્ન થયેલો જે સમગ્ર ચોવીશ તત્વનો સર્ગ તેથી રહિત, સૌંદર્ય, લાવણ્ય, માધુર્યાદિથી સર્વદા યુક્ત, તેમજ પરમ ઐશ્વર્ય, ગાંભીર્ય વગેરે ગુણોને ધારણ કરનારી, સંસારના ભયનો નાશ કરનારી, અમારા નેત્રને દર્શનીય સદા આપની મૂર્તિ અહીં સર્વોપરી વર્તે છે. (૧૨)

સત્ય, શૌચ, તિતિક્ષા, શમ, દમ, કરુણા, જ્ઞાન, વિજ્ઞાન, વિદ્યા, સામ્ય, તુષ્ટિ, વિરક્તિ, ધૃતિ, વિનય, તપ, દાક્ષ્ય, મૈત્રિ, શીલ, ત્યાગ, પ્રાગલ્ભ્ય, લજ્જા, સ્મૃતિ, ઉપરતિ, સ્થૈર્ય, ગાંભીર્ય, યોગ, સ્વાતંત્ર્ય, માર્દવ વગેરે ગુણો જે બીજામાં જોવામાં આવતા નથી તે સર્વોત્તમ ગુણો આપની આ મૂર્તિમાં છે. (૧૩)

અનુપમ, નિર્લોભીપણું, બીજાઓથી સિદ્ધ ન થઈ શકે તેવું નિષ્કામપણું, નિસ્વાદપણું, અત્યંત નિઃસ્નેહપણું, અતિ શુભજ્ઞાન તથા નિર્માનપણું ઈત્યાદિ શક્તિઓ આપની આ દિવ્ય મૂર્તિના પ્રતાપે જ સર્વથા સંપૂર્ણપણે શક્તિમાન બની છે. માટે આપના અન્ય અવતારો તેમજ અક્ષર તથા અક્ષર મુક્તોને ઉપાસના કરવા યોગ્ય આપની આ મૂર્તિ અતિ શ્રેષ્ઠ છે. (૧૪) હે વિભો ! હમણાં આ લોકમાં કામથી અત્યંત પીડા પામેલા, કળિયુગથી વાનરો સમાન થયેલા દુર્મદ પક્ષરાક્ષસો સમાન મનુષ્યો એકબીજાના વસ્ત્ર, ધન, પુત્ર, તથા સ્ત્રીઓ વગેરે પડાવી લઈ અને તેમનો અત્યંત ઉપભોગ કરવાની ઈચ્છાવાળા પંચ વિષયોમાં આસક્ત દૈત્યાંશ ગુરુઓથી અત્યંત ઠગાયેલા છે. (૧૫)

પોતાના જેવા જ સ્વભાવવાળા ગુરુઓ સહિત તે દુરાચારીઓ તિમિંગલ સમાન લોભાદિ દોષથી સંસાર સમુદ્રમાં પીડા પામેલા, અંદર ડૂબવાથી અકળાઈ ગયેલા, દુષ્કર્મોરૂપી પાશથી અત્યંત બંધાયેલા દુષ્ટજનોને, અત્યંત દયાથી સંસાર રૂપી સમુદ્રમાંથી રક્ષણ કરવા અપૂર્વ ઐશ્વર્યવાળા અવતારી સ્વયં આપ જ સમર્થ છો. (૧૬)

વળી આ પૃથ્વી ઉપર જે સ્ત્રીઓ છે. તે પણ કામાદિક આંતર શત્રુઓથી યુક્ત હોઈ લગભગ રાક્ષસિણી જેવી જ થઈ ગઈ છે, અને સ્વેચ્છા ચારિણી વેશ્યાઓ જેવી અતિશય નિર્લજ્જ બની ગઈ છે. કેમકે તે સર્વ સ્ત્રીઓનાં મન પાપના સમુદાયથી દુષ્ટ બની ગયા છે. તેમનો આ સંસારરૂપ સમુદ્રમાંથી

તત્કાળ ઉદ્ધાર કરવા આપ વિના બીજો કોણ સમર્થ છે ? (૧૭)

હે હરે ! આ લોકમાં દુષ્ટાત્મા પુરુષોના ચિત્તનો નિરોધ આપની મૂર્તિમાં કેવળ આપ આપની દૃષ્ટિથી જ કરી શકો છો. જે આપનું અસાધારણ ઐશ્વર્ય છે. વળી દૈત્યોને હણવા કરતાં પણ અત્યંત દુષ્કર એવા લોભ, કામ, ક્રોધ આદિક દૈત્યોનો ક્ષય કરવા આપના વિના બીજો કયો પુરુષ સમર્થ થાય? (૧૮) શ્રીકૃષ્ણ વગેરે આપના અવતારોએ પૂતના, જયદ્રથ વગેરે દેવતાઓના દુશ્મનોનો વિનાશ કર્યો, પરંતુ અસંખ્ય બ્રહ્માંડોમાં રહેતા દેહધારીઓ તથા બ્રહ્માદિક ઈશ્વરો પણ કામાદિક અંતઃશત્રુરૂપ દૈત્યોને હણવા સમર્થ ન થયા. અસુરભાવ ઉત્પન્ન કરનારા આ અંતઃશત્રુરૂપ અસુરોનો નાશ તો હે પ્રભો ! આપનાથી જ સાધ્ય છે. (૧૯) હે વિભો ! આ પૃથ્વી ઉપર પહેલાં કામાદિ કસુરરૂપ અંતઃશત્રુઓએ બળવાન હયગ્રીવાદિ દૈત્યોને જીત્યાં છે. તેથી અત્યંત દુર્દશા પામેલા હયગ્રીવાદિ અસુરોનો તમારા મત્સ્યાદિ વિવિધ અવતારોએ તેમના દેહને હણી તેમનો નાશ કર્યો. પરંતુ હયગ્રીવ વગેરે અસુરોને પણ અસુરપણું પમાડનારા કામાદિ અંતઃશત્રુઓ જે છે તેનો આપના આશ્રિતોના અંતઃકરણમાંથી નાશ કરો છો તેવા આપ સર્વોપરી વર્તો છો. (૨૦)

હે હરે ! આપે, વિવિધ પ્રકારના મતનો આશ્રય કરનારા વાદ કરવામાં અતિ પ્રવીણ, ઘણા જનોને આપના પ્રતાપથી વેદ તથા સત્શાસ્ત્રોમાં કહેલા વચનોથી પરાભવ પમાડીને, સર્વે મતવાદીઓના સંકલ્પને જાણનારા તેમના અભીષ્ટ દેવોના સમૂહોને જાણીને તે તે ઈષ્ટદેવ સમાન સ્વરૂપ ધારણ કરી તેમના ઈષ્ટદેવ સ્વરૂપે તેમને દર્શન આપીને, સંસારરૂપી સમુદ્રમાંથી તેમનો ઉદ્ધાર કર્યો છે. (૨૧)

હે પ્રભો ! હે શ્રીહરે ! મૃત્યુ સમયે જુદા જુદા દેશમાં રહેતા આપના ભક્તોને આપના ધામમાં લઈ જવા માટે દિવ્ય વિમાનો તથા પાર્ષદો સહિત આપ પધારો છો. અને આપના ભક્તજનોને તે વિમાનોમાં જ બેસાડીને આપના અક્ષરધામમાં લઈ જાઓ છો, આપનું આવું ઐશ્વર્ય અક્ષરધામમાં જતા ભક્તજનોના ગામમાં રહેતા આશ્રિત જનોએ તથા બીજા જનોએ જોયેલું છે. (૨૨)

હે શ્રીહરે ! આપના બીજા મત્સ્યાદિ અવતારોમાં આશ્ચર્યરૂપવાળું આવું ઐશ્વર્ય સાંભળ્યું નથી. આપે આ સર્વોત્તમ રીત તો આ સમયે નવીજ પ્રગટ કરી છે. ગુણસાગર, ઈશ્વરોના ઈશ્વર, અવતારી આપને શું દુષ્કર છે ? કાંઈ નથી. માટે અમોએ આપને અનુપમ, સર્વજ્ઞ, અવતારી જ જાણ્યા છે. (૨૩)

આપ આપના આશ્રિત થયેલા અસંખ્ય મંદબુદ્ધિ પ્રાણીઓનું પણ પૃથ્વી ઉપર પ્રવર્તેલા અધર્મ કુળથી કામ, ક્રોધ વગેરે અંતઃશત્રુઓના સમુદાયથી રક્ષણ કરીને, ધર્મ વગેરે અત્યંત રમણીય ગુણોથી યુક્ત કરી અક્ષર ભાવને પમાડો છો માટે આપ જેવો બીજો કયો અવતાર હોઈ શકે ? (૨૪)

હે સ્વામિન્ ! હે હરે ! આપ કૃપા કરીને આપના ભક્તોને સાધન સંપત્તિ વિના, યોગીન્દ્રોને પણ દુર્લભ યોગ સિદ્ધ પમાડવા માટે, આપના અત્યંત પ્રતાપથી અહીં સમાધિ સ્થિતિ પમાડી આઠ આવરણોથી રહિત આપના અક્ષરધામમાં જવા માટે હંમેશાં સ્વતંત્ર કરો છો. (૨૫)

હે પ્રભો ! આપના જનો આપની આજ્ઞાથી તત્કાળ ઘણાં જનોને સમાધિ કરાવી વિવિધ પ્રકારનાં

આપના ધામ પ્રત્યે લઈ જઈને હે ભગવન્ ! આપના દિવ્ય પ્રતાપથી તે તે ધામમાં રહેલી આપની જ મૂર્તિઓ આપના આશ્રિતોને બતાવે છે (૨૬)

આપના આશ્રિતજનો આપની કૃપાથી બ્રહ્મસ્થિતિ પામી આપના ચરણ કમળના ચિંતવનમાં એકાગ્ર થઈ, ક્યારેય કોઈપણ બીજા સુખમાં આસક્ત થતા નથી. તેમજ લૌકિક સુખી પર સ્વર્ગાદિ સુખમાં પણ આસક્ત થતા નથી. વિશેષ શું કહેવું ? આપની મૂર્તિ વિના કેવળ અક્ષર બ્રહ્મના સુખમાં પણ આસક્ત થતા નથી. અહો ! હે ભગવન્ ! અતુલનીય આ આપનું દિવ્ય ઐશ્વર્ય કહેવા માટે કોણ સમર્થ છે ? (૨૭)

કરોડો સૂર્ય તથા ચંદ્રની માફક અતિશય સ્ફુરાયમાન, તેજના સમુદાયથી વિરાજમાન, સ્વતઃ સિદ્ધ, અક્ષરધામમાં આપની જે મૂર્તિ સર્વોત્કર્ષપણે વર્તે છે તે મૂર્તિ અક્ષરમુક્તોથી ચારેય તરફ વીંટાયેલી, રમણીય, દિવ્ય અવયવવાળી, દિવ્ય સુવર્ણના વિવિધ ચિત્રોથી યુક્ત અને સુંદર શોભતા વિવિધ પ્રકારના મણીઓથી જડેલા શોભાયમાન સિંહાસનમાં રહી છે. (૨૮)

હે ભગવન્ ! હે હરે ! આ આપની મૂર્તિ અક્ષરધામમાં રહેલી મૂર્તિથી અણુમાત્ર પણ ભિન્ન નથી. માટે અમારા નયન ગોચર થયેલી મૂર્તિને જ સમાધિવાળા આશ્રિતજનો તેજોમય દેખે છે. આપ માયાના વિષયમાં આસક્ત થયેલા જનોમાં નિરંતર રહો છો, છતાં પણ માયાથી બદ્ધ થયેલા જનોના સંપર્કથી કદી લોપાયમાન થતા નથી. જેમ પૃથ્વી આદિ ચારભૂતોમાં રહેલો આકાશ સમગ્ર પૃથ્વી આદિમાં રહેલા મળોથી નિર્લેપ છે, તેમ આપ નિર્લેપ છો. (૨૯) હે પરાત્મન્ ! સુવર્ણના અનેક પ્રકારના અલંકારો, મહાઅમૂલ્ય વસ્ત્રો, સ્ત્રીઓ, ભુવનો નગરો વગેરે માયાએ રચેલા સુંદર પદાર્થોનો આપને હંમેશાં યોગ છે. છતાં પણ આપના ચરણ કમળમાંથી પડવાની બીકથી આપના આશ્રિત મુક્ત જનોએ જેમણે સુવર્ણ ભૂષણોએ યુક્ત વસ્તુઓનો ત્યાગ કર્યો છે, તે વસ્તુઓથી આપ ક્યારેય લેપાતા નથી. જેમ સમુદ્રમાં રહેતો વૃદ્ધિ પામેલો, ઉર્વ મુનિના ક્રોધથી ઉત્પન્ન થયેલો વડવાનળ અગ્નિ સમુદ્રના જળથી જેમ લેપાતો નથી તેમ આપ લેપાતા નથી. (૩૦, ૩૧)

હે શ્રી હરે ! પરમાત્મા આપ આપના દિવ્ય સર્વોપરિ સુખના સમુદાયથી સર્વદા સુખી છો. પૃથ્વી ઉપર આપના સુખથી જે ભક્તો સુખી છે તે ભક્તો વિષયોને અતિ તુચ્છ જાણે છે (૩૨) હે શ્રીહરે ! આપ લોભ, કામ, મદ, મત્સર મુખ્ય જેમાં છે એવા અધર્મ વંશથી આપના જનોનું રક્ષણ કરો છો આ લોકમાં આપના આશ્રિતોએ કરેલી અલ્પ પણ આપની સેવાને આપ અત્યંત માનો છો. (૩૩)

આ પૃથ્વી ઉપર જીહ્વા તથા ઉપસ્થ ઈન્દ્રિયના પોષણમાં આસક્તિવાળા શિષ્યોને છેતરવાની યુક્તિવાળા અસુર ગુરુઓ છે, તે આપના પ્રતાપથી સૂર્યના તેજથી અંધકાર જેમ નાશ પામે તેમ નાશ પામે છે. (૩૪) ક્ષર અને અક્ષર સમુદાયના એક નિયંતા, દિવ્ય સદ્‌ગુણોના સમુદ્ર, આપ વિનાશ પામેલા ભાગવત પરમહંસોનો પ્રિય ધર્મ આપના પ્રતાપથી પ્રવર્તાવો છો. (૩૫)

હે શ્રીહરે ! આ લોકમાં જે જનો સંસૃતિનો નાશ કરનારું આપનું ધ્યાન નિરંતર કરે છે તેઓનું અતિવિઘ્ન કરનારા લોભ, કામ, રસ વગેરે શત્રુઓથી આપ રક્ષણ કરો. (૩૬) હે ભક્ત વત્સલ !

આપ આપના આશ્રિત ભક્તનું વિપત્તિઓથી રાત્રિ દિવસ રક્ષણ કરો છો. હે સત્પતે ! પોતાના પુત્રોનું માતા-પિતા જેમ રક્ષણ કરે તેમ, તેમનું રક્ષણ કરી તેમને હિતકારી કાર્યમાં જોડો છો. (૩૭)

અનાદિ સિદ્ધ, આપના આશ્રિત જનસમૂહનું પરિપાલન કરવાના સ્વભાવવાળા, અવતારી, ઈશ એવા આપને જે ભજે છે તેમના ભાગ્યનું વર્ણન કરવા આ પૃથ્વી ઉપર અમો સમર્થ નથી. (૩૮) કળીયુગમાં પાપયુક્તજનો આ લોકમાં આપનો આશ્રય પામી સદ્‌ગુણવાળા થાય છે. તેથી તેઓને ધન્ય છે. (૩૯) હે મુનિપતે ! અપાર મહિમાવાળા, આપના આશ્રિતોનું હિત કરવામાં નિપુણ, જીવોને સંસાર સાગરથી પાર કરનારા, આપના ભક્તોના ચિત્તને ચોરનારા, આપના આ લોકમાં દર્શન કરતા અમો કૃતાર્થ છીએ. (૪૦)

અક્ષરમુક્તોએ ગાવા યોગ્ય આપના યશનું, મંગળનું પ્રતિપાદન કરનારા ઉપનિષદોએ નિરંતર ગાન કર્યું છે એવા અતિ દિવ્ય સુખ તથા સદ્‌ગુણોના એકઆધાર શ્રી ભક્તિધર્મના પુત્ર આપને અમો નમસ્કાર કરીએ છીએ. (૪૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- અવતારી, શુભગણોના અલંકારો જેમને છે એવી દિવ્યાકૃતિાળા અને સત્પુરુષોને પ્રિય, ધર્મના પુત્ર, પુરુષોત્તમ, સહજાનંદ શ્રીહરિની તે સંતોએ આ પ્રમાણે સ્તુતિ કરીને તેમજ તેમને આલિંગન કરીને, પ્રેમાશ્રથી અત્યંત રોમાંચિત ગાત્રવાળા થઈ, પ્રીતિપૂર્વક વારંવાર શ્રીહરિને નમસ્કાર કરીને પછી હે રાજન્ ! ત્યાંથી તેઓએ પ્રયાણ કર્યું. (૪૨) પછી હે સન્મતે ! તે સાધુઓ જુદા જુદા દેશમાં જઈને દૈવી સંપત્તિવાળા જનોને પ્રત્યક્ષ ભગવાનનો સર્વોત્તમ નિશ્ચય કરાવીને, શ્રીહરિને ધર્મે સહિત ભક્તિનો બોધ આપી સચ્છાસ્ત્રમાં કહેલા શ્રેષ્ઠ મુક્તિમાર્ગમાં તેમને પ્રવર્તાવતા હતા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં મુનિ વિહિત શ્રીહરિ સ્તુતિ નિરૂપણ નામે ત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૦)



અધ્યાય ૩૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સ્વાશ્રિત જનોની પીડાનો નાશ કરનારા, પોતાના ભક્તોને આનંદ આપતા ભક્તિ-ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ, ગઢપુરમાં નિવાસ કરતા હતા. (૧) હે રાજન્ ! સ્વામિનારાયણ ભગવાનમાં અભય રાજાને તથા તેમના કુટુંબને અત્યંત પ્રીતિ હતી. (૨)

અભય રાજાને તથા તેમના પુત્ર અને પુત્રીઓની પોતાને વિષે અત્યંત પ્રીતિ તેમજ તેમની એકાન્તિકી ભક્તિ જોઈને શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા હતા. (૩)

હે રાજન્ ! પોતાના પરિવાર સાથે અભય રાજા પ્રીતિથી શ્રીહરિનું ભજન કરતા પોતાનું મોટું રાજ્ય, ઘર, પૃથ્વી, ધન, પોતાના પુત્રાદિક વગેરે પોતાનું સર્વસ્વ હર્ષપૂર્વક શ્રીહરિને આધીન કરતા હતા. (૪) પોતાના ભક્તોની પીડાને હરનારા શ્રીહરિએ પોતાની આજ્ઞામાં વર્તતા રાજા તથા તેમના પરિવારમાં

પરમ પ્રેમ થયો. (૫) અભય રાજા તથા તેમના પુત્ર અને પુત્રીઓની હંમેશાં નિર્દંભ ભક્તિ જોઈને શ્રીહરિ તેમને વશ થઈ તેમના ભુવન વગેરેને પોતાનું જ માનતા હતા. (૬) અન્ય રાજાઓ શ્રીહરિને પોતાના પુરમાં લઈ જવા માટે તેમજ ભક્તો પણ ગામમાં લઈ જવા પ્રાર્થના કરતા હતા છતાં પણ અભય રાજાની ભક્તિ જોઈને તેમને વશ થયેલા ભક્તો પ્રત્યે વત્સલતાના સમુદ્રરૂપે સ્વયં શ્રીહરિ પોતાના ભક્તોને આનંદ આપતા ગઢપુરમાં રહ્યા. (૭, ૮)

યશોદા તથા પોતાને વિષે પ્રીતિવાળા ગોવાળીયાઓ તથા ગોપીઓની પ્રીતિ માટે હર્ષપૂર્વક જેમ શ્રીકૃષ્ણ વ્રજમાં રહેતા હતા. (૯) તેવી જ રીતે દયાસાગર ભગવાન શ્રીહરિ પોતાની સાથે અત્યંત સ્નેહથી બંધાયેલા ભક્તોની પ્રસન્નતા માટે અભય રાજાના ભુવનમાં રહેતા હતા. (૧૦)

હે રાજન્ ! અભય રાજાના ભુવનમાં રહેતા ભગવાન શ્રીહરિ અતિ મંગળ દિવ્ય મનુષ્ય ચરિત્રોથી પોતાના ભક્તોને આનંદ આપતા હતા. (૧૧) જ્ઞાન ગંભીર શારીરિક સુત્રોનું રામાનુજાચાર્યે કરેલું જે મનોહર શ્રીભાષ્ય છે. (૧૨) પ્રભુ શ્રીહરિ તે શ્રીભાષ્યની કથા શાસ્ત્રજ્ઞોમાં શ્રેષ્ઠ નિત્યાનંદ મુનિ પાસે દરરોજ ગઢપુરમાં કરાવતા હતા. (૧૩) શ્રીહરિ કથામાં, કથા પ્રસંગ પ્રમાણે, અધ્યાત્મ વિષયક દુર્બોધ વાતો પણ પોતાના જનોને આનંદ આપતા સ્પષ્ટ પણે કહેતા હતા. (૧૪)

રાત્રી દિવસ ત્યાં વસતા શ્રીહરિએ પોતાના આશ્રિતોને સુખ આપવા પૃથ્વી ઉપર અદ્‌ભુત ગણાય તેવા મહોત્સવો કર્યા. (૧૫) હે રાજન્ ! શ્રીહરિએ ત્યાં ભક્તોને શાંતિ આપવાની ઈચ્છાથી આશ્ચર્યજનક મોટો અન્નકોટનો ઉત્સવ કર્યો. (૧૬) પોતાના ચરણના આશ્રિતજનોને ઘણો આનંદ આપનારા શ્રીહરિએ ગઢપુરમાં અતિશય આશ્ચર્યકારી પ્રબોધિનીનો ઉત્સવ કર્યો. (૧૭)

પૂર્ણ મનોરથવાળા અભય રાજા શ્રીહરિને ગાઢાનુરાગથી ભજતા હતા. તેમની હવે આકૃતિ જીર્ણ થઈ. (૧૮) પછી જરા અવસ્થાથી જેમની આકૃતિ જીર્ણ થઈ છે તે અભય રાજાએ, કાર્તિકમાં પોતાના પંચ ભૌતિક દેહનો ત્યાગ કરી, દિવ્યતનું પામી શ્રીહરિના બ્રહ્મધામને પામ્યા. (૧૯)

હે રાજન્ ! સમગ્ર શાસ્ત્રીય કર્મમાં નિષ્ણાંત અભય રાજાના પુત્ર ઉત્તમકુમારે યથાવિધિ અભય રાજાની ઔર્ધ્વ દૈહિક સર્વ ક્રિયાઓ કરી. (૨૦) પછી ઉત્તમ રાજા સર્વે મુનિઓ, બ્રાહ્મણો તથા સત્સંગિઓને અતિ શ્રેષ્ઠ સ્વાદિષ્ઠ ભોજનોથી તૃપ્ત કરતા હતા. (૨૧)

અભય રાજાની ભગવત્ ધામ પ્રાપ્તિ પછી વિનયયુક્ત ઉત્તમ રાજા રાજ્યાસન ઉપર આવ્યા. છતાં પણ શ્રીહરિનું તથા સત્પુરુષોનું દાસપણું હર્ષપૂર્વક હંમેશા તેઓ કરતા હતા. (૨૨) ઉત્તમ રાજા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત પ્રત્યક્ષ ભગવાનની નવધા ભક્તિ કરતા હતા. બુદ્ધિ, કીર્તિ, યશ, મુનિઓની સેવા વગેરે ગુણોમાં પિતા કરતા પણ તે અધિક હતા. (૨૩) હે મહિપતે ! શ્રીહરિકૃષ્ણની પ્રસન્નતાની ઉત્તમ રાજાને ધનધાન્યાદિની વૃદ્ધિ સર્વ રાજાઓથી અધિક થઈ. (૨૪)

હે ભૂપતે ! ઉત્તમ રાજાની બહેનો જયા, લલિતા, પાંચાલી, નાની તથા માતાઓ સુરપ્રભા, સુરદેવી, તેમજ તેમની બે પત્નીઓ જસુબા તથા કુમુદા દરરોજ પ્રત્યક્ષ શ્રીહરિનું ભજન કરતા હતા. (૨૫)

જયા વગેરે શ્રીહરિ માટે હંમેશાં ડાંગર ખાંડવી, ઘઉં દળવા, ઉન્મત્ત ગંગામાંથી જળ લાવવું, વસ્ત્રો ધોવા, ભુવન વાળવું, લીપવું તથા રસોડાની શુદ્ધિ કરવી વગેરે સેવા પોતાના જન્મને સફળ માનીને આદર પૂર્વક કરતા હતા. (૨૬)

હે નરેન્દ્ર ! એ પ્રકારે સર્વોપરી ઈશ શ્રીહરિકૃષ્ણને શરણે આવેલા, પોતાના ધર્મમાં પ્રીતિવાળા, વિમળ અંતઃકરણવાળ, જયા લલિતા વગેરે સ્ત્રીઓ સો સો દાસીઓ હોવા છતાં પણ સદા આનંદપૂર્વક તેમજ અત્યંત ઉદાર વૃત્તિથી શ્રીહરિને દાસત્વ ભક્તિથી સેવતી હતી. (૨૭)

હે રાજન્ ! આ પ્રકારે મહાબુદ્ધિશાળી ઉત્તમ રાજા તથા તેમના બંધુજનો જયા વગેરેને શ્રદ્ધા તથા શ્રીહરિના મહિમાના જ્ઞાનયુક્ત ભક્તિ તથા ધર્મ પરાયણતા, ઔદાર્ય વગેરે ગુણોથી અલંકૃત તેમજ કામ, માન, મત્સર, મદ, ક્રોધ તથા ઈર્ષા વગેરે દોષોથી રહિત જોઈને, સહજાનંદ શ્રીહરિ ઉત્તમાદિ ઉપર અતિશય પ્રસન્ન થયા. (૨૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં અભયાદિની ભક્તિના ઉત્કર્ષનું નિરૂપણકર્યું એ નામે એકત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૧)



અધ્યાય ૩૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં દયાળુ શ્રીહરિએ પોતાના જનોને જે પોતાનુ ઐશ્વર્ય બતાવ્યુ તે હું તમોને કહું છું તે સાંભળો. (૧)

એક સમયે પોતાના ભુવનની બહારની વેદી ઉપર સુંદર આસનમાં બિરાજેલા પોતાના આશ્રિતજનોથી વીંટાયેલા શ્રીહરિની સમીપે જઈને ઉત્તમ રાજા નમસ્કાર કરતા હતા. (૨) પોતાના ભક્તોને સદા આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણની આજ્ઞાથી ઉત્તમ રાજા વિનયપૂર્વક શ્રીહરિની સમીપે બેઠા. (૩) પછી શ્રીહરિ કારુણ્યામૃતથી પૂર્ણ દૃષ્ટિથી ઉત્તમ રાજા તરફ જોઈ અંતર્યામી પણે તેમનું હૃદય જાણી આ પ્રમાણે કહેતા હતા. (૪) હે ભક્ત વર્ય ! તમે મને કંઈક કહેવા આવ્યા છો. માટે જે તમારા મનમાં હોય તે તમો મન કહો. (૫) શ્રીહરિનું આવું વચન સાંભળીને ઉત્તમ રાજા શ્રીહરિની પોતાના પ્રત્યે અતિ પ્રસન્નતા જાણીને બંને હાથ જોડીને નમ્રતાપૂર્વક કમળનયન શ્રીહરિ પ્રત્યે હર્ષ પૂર્વક બોલ્યા. (૬)

ઉત્તમ રાજા કહે છે :- હે હરે ! સર્વદા, સર્વોત્તમ, દિવ્ય બ્રહ્મપુરમાં શોભાયમાન સર્વથી પર અક્ષરબ્રહ્મ તેનાથી પણ પર સાક્ષાત્પરબ્રહ્મ, અવતારી આપ કરોડો શરીરધારીઓના આત્યંતિક કલ્યાણ માટે તથા આપના એકાંતિક ભક્તોને અનુપમ સુખ આપવા માટે, આ લોકમાં ધર્મથકી ભક્તિમાં આવિર્ભાવ પામીને, કૃપાથી આપના દાસ જે અમો તે અમારા ઘરમાં અમોને સુખ આપવા પધાર્યા છો. (૭, ૮, ૯)

આપ પૂર્ણકામ છો, છતાં પણ સાક્ષાત્ આપ અમોને કૃતાર્થ કરવા માટે જ દયાથી, ભક્ત ઉપર

વાત્સલ્ય ભાવથી, અમારી સેવા અંગીકાર કરો છો. (૧૦)

હે શ્રી હરે ! આપ અમોને આપની ભક્તિમાં આસક્ત મનવાળા આપ પરાયણ જાણીને કરુણાથી અમોને વર આપી અમારા ભુવનમાં રહ્યા છો. (૧૧)

વેદોએ ઓળખવા યોગ્ય છે માર્ગ જેમનો એવા, યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય છે ચરણ કમળ જેમના એવા, તપસ્વીઓને પણ દુર્લભ આપને, આપની કૃપાથી જ અમો પામ્યા છીએ. (૧૨)

હે દયાનિધે ! હે ભગવન્ ! અવતારી, આપના વિના અમો કોણ છીએ ? અહીં પ્રાણીઓના પ્રાણરહિત દેહ જેમ નિરર્થક છે તેમ અમો ફક્ત નામ માત્ર છીએ. (૧૩)

હે પ્રભો ! આપના ભક્તોની માનસ વ્યથાનો નાશ કરનારા, આપ આપના દર્શન આપી તથા આશ્ચર્યકારી મહોત્સવો કરી, અમોને અત્યંત સુખ આપો છો. (૧૪) તો પણ આપ કેવળ બ્રાહ્મણના પુત્ર એક નૈષ્ઠિક બ્રહ્મચારી હો, તેવી રીતે મનુષ્ય નાટ્ય કરતા સદા વર્તો છો. માટે હે હરે ! અમો અનંત સુખ પામ્યા છીએ પરંતુ એક સુખ હજુ નથી પામ્યા. (૧૫)

હે સ્વામિન્ ! વર્ણાશ્રમના આચારનો સ્વીકાર જેમને છે એવા ધર્મના કવચરૂપ એવા, આપની આગળ વિચાર કરતા તે સુખ કહેવા માટે હું શક્તિમાન નથી. (૧૬)

આપ અત્યંત ગુણ, ઐશ્વર્ય સહિત છો તે હું જાણું છું. તો પણ હું કહેવા માટે શક્તિમાન નથી. ભક્તને જે વાંછિત છે તે પૂર્ણ કરવામાં આપ શક્તિમાન છો. આપને કાંઈ અસાધ્ય નથી. માટે મારા હૃદયમાં જે સુખ પામવાની ઈચ્છા છે તે સુખ આપને કહું છું. (૧૭)

હે સ્વામિન્ ! હે હરે ! જયા, લલિતા, શુદ્ધચિત્તવાળી મારી બહેનો જુદા જુદા પાક બનાવવામાં અતિશય ચતુર છે. (૧૮) માટે હંમેશાં આ સ્વયં શ્રીહરિ અમારો કરેલો પાક કેવી રીતે જમે, એવો મારી બંને બહેનોનો મનોરથ છે. (૧૯)

વર્ણાશ્રમને યોગ્ય ધર્મ દૃઢ જેમ હોય તેમ પાલન કરનારા તથા લોક શીક્ષા માટે મનુષ્ય નાટ્યનું અનુકરણ કરનારા શ્રીહરિ એવા આપ દરરોજ અમોએ બનાવેલો પાક (રસોઈ) જમો. અમો બંને આપને એ કહેવા માટે કેમ શક્તિમાન થઈએ ? એવો વિચાર હે પ્રભો ! આપને વિષે આત્મબુદ્ધિવાળી મારી બંને બહેનોને સર્વકાળ રહે છે. (૨૦-૨૧)

હે દયા સિંધો ! મારી બંને માતાઓ તથા બંધુવર્ગ તેમજ અન્ય સંબંધિજનોનો પણ હંમેશાં આવો મનોરથ છે તેને પૂર્ણ કરવા આપ સમર્થ છો. (૨૨)

ધર્મધુરંધર શ્રીહરિ તેમનું આવું યુક્તિભર્યું મનોરમ્ય વચન સાંભળીને ઉત્તમ નૃપતિ પ્રત્યે મંદ હાસ્ય કરી કહેવા લાગ્યા. (૨૩)

શ્રીહરિ કહે છે :- હે નૃપ ! તમારી બંને બહેનોને રસોઈ બનાવી મને જમાડવાની અભિલાષા છે. (૨૪) હે ધીમન્ ! આ પ્રમાણે તમોએ જે કહ્યું તેમ કરવા હું ઈચ્છતો નથી. કારણ કે લોક તથા

શાસ્ત્રથી તે વિરુદ્ધ છે. તે તમારે હૃદયમાં જાણવું. (૨૫)

ધર્મમાર્ગનો ઉપદેશક તથા તેનું રક્ષણ કરવામાં તત્પર એવો હું જ્યારે ધર્મ રહિત બીજું નિદ્ય આચરણ કરું તો આ લોકમાં પ્રાણીઓ અમારા માર્ગને અનુસરીને વર્તે ત્યારે વર્ણ સંકરતા થાય. તે વર્ણસંકરતા આપત્તિનું કારણ બને. (૨૬, ૨૭) શ્રેષ્ઠ પુરુષના આચરણનું લોકો અનુવર્તન કરે છે. તેથી લોકોનું હિત ઈચ્છનારા શ્રેષ્ઠ પુરુષો સદા સદાચારમાં રહે છે. (૨૮) તેથી હે રાજન્ ! ધર્મથી પ્રાદુર્ભાવને પામેલા, ધર્મજ પ્રિય છે. જેને એવા ધર્મના બખ્તર સ્વરૂપ મને, સદ્ધર્માચરણ જ અતિ ઈષ્ટ છે. (૨૯) હે સન્મતે ! મને ધર્મવાળા માણસ જ અત્યંત પ્રિય છે. માટે મારી ઉપાસનાવાળાઓએ દેશ-કાળને યોગ્ય બાંધેલી મારી મર્યાદાનું સદા પાલન કરવું. (૩૦)

હે રાજન્ ! નાસિકાનો અગ્રભાગ જેમ કપાઈ ગયો હોય અને મનુષ્ય જેવા દેખાય તેમ ધર્મહીન મનુષ્ય પ્રાણ ધારણ કરી શ્વાસ લેતો હોય તોપણ તે શોભતો નથી. (૩૧)

જે મનુષ્યે ધર્મની મર્યાદા ભેદી છે તેનો આર્યપુરુષો, તેમાં મનુષ્યના સમગ્ર સદ્‌ગુણો હોય તોપણ, ત્યાગ કરે છે, જેમ સુકાઈ ગયેલા સરોવરનો હંસો ત્યાગ કરે છે તેમ. (૩૨)

ધર્મહીન માણસો ક્યારેય પ્રતિષ્ઠા પામતા નથી. આ લોકમાં તથા પરલોકમાં સુખ, ઉત્તમગતિ તથા સિદ્ધિ પણ પામતા નથી. (૩૩) અધર્મથી બુદ્ધિ હરાય છે તથા બળ, તેજ, યશ વગેરે અન્યગુણો પણ હરાય છે. શ્વેત કોઢ ઉત્તમરૂપને જેમ હરે છે તેમ. (૩૪)

સુખ ઈચ્છતા મનુષ્યોએ આલોકમાં ધર્મ પાલન કરવું કારણ કે ધર્મથી જ સંસાર સમુદ્રમાં નૌકારૂપ ભક્તિની સિદ્ધિ થાય છે. (૩૫) તેથી હું સર્વેશ્વર છું છતાં પણ જીવોના હિત માટે નિરંતર ધર્મમાં વર્તું છું. તેમજ મારા આશ્રિતોને પણ ધર્મમાં પ્રવર્તાવું છું. (૩૬)

માટે બ્રાહ્મણપણાનું અનુકરણ જેમને છે એવા અને ધર્મ સ્થાપન કરનારા એવા મને અયોગ્ય પકવાન્ન જમવાનું યોગ્ય કેવી રીતે થાય ? (૩૭) માટે તમારી બહેનોને આ મનોરથ હે સદ્‌બુદ્ધે ! મારી મૂર્તિને પકવાન્નો ધરાવીને સિદ્ધ થશે અને મારી પ્રસન્નતા પણ થશે. (૩૮)

હે રાજન્ ! ઉત્તમ રાજા પ્રત્યે આ પ્રમાણે કહીને પછી જયા-લલિતાનો મનોરથ પૂર્ણ કરવા ઈચ્છતા શ્રીહરિએ પ્રીતિથી પોતાની સમીપે જયા લલિતાને બોલાવ્યા. (૩૯)

પછી હર્ષપૂર્વક જયા તથા લલિતા બંને પોતાની સાસુઓ સાથે શ્રીહરિની સમીપે આવી, શ્રીહરિને નમસ્કાર કર્યા અને શ્રીહરિની મૂર્તિમાં પોતાના નેત્રો સંલગ્ન કરી ત્યાં ઊભા રહ્યા. (૪૦)

શ્રીહરિ તેમને કહે છે :- હે ભદ્રે ! હે જયે ! હે લલિતે ! તમારા બંનેનો મનોરથ મેં સારી રીતે જાણ્યો છે. પરંતુ તે મનોરથ મારી પ્રસન્નતાથી મારી મૂર્તિ દ્વારા જ સિદ્ધ થશે. (૪૧)

શ્રીહરિએ આવી રીતે કહીને જયા લલિતાને પોતાના વરહદસ્તે રાધાકૃષ્ણની પ્રતિમા નિરંતર પૂજા કરવા માટે આપી. (૪૨) તેમની બહેનો પાંચાલી, નાની તથા માતાઓમાં દેવી સુરપ્રભા વગેરેને

પણ એક એક રાધા કૃષ્ણની પ્રતિમા શ્રીહરિએ આપી, તે સર્વે શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિએ હર્ષથી આપેલી મૂર્તિઓને લેતા હતા. (૪૩)

શ્રીહરિએ આપેલી રાધાકૃષ્ણની પ્રતિમાઓનું નિરીક્ષણ કરતી જયા વગેરે સ્ત્રીઓના ચિત્ત શ્રીહરિની જ મૂર્તિમાં આસક્ત હોવાથી પૂર્ણકામ થયા નહિ. (૪૪)

હે રાજન્ ! સર્વવિત્ શ્રીહરિ પણ પોતાને વિષે અનન્ય ભક્તિવાળા જયા વગેરેને રાધાકૃષ્ણની પ્રતિમાઓ કરતા પણ પોતાની મૂર્તિમાં અત્યંત પ્રીતિ છે તે જાણતા હતા. (૪૫)

એટલે ભગવાન શ્રીહરિએ મંદહાસ્ય સહિત જયા, લલિતા આદિકને પોતાની એક એક મૂર્તિ જુદી જુદી પોતાના શુભહસ્તે પ્રીતિપૂર્વક આપી. (૪૬) પછી સ્વયં શ્રીહરિ લલિતા તથા જયા પ્રત્યે બોલ્યા. હે ભકતે ! આ દિવ્ય મૂર્તિઓને સુંદર સિંહાસનમાં સ્થાપન કરવી. (૪૭) તમોએ ભક્તિપૂર્વક સર્વદા વિવિધ પ્રકારના ઉપચારો વડે આ મૂર્તિઓનું પૂજન સમય સમય પ્રમાણે કરવું. (૪૮)

ભક્તિયુક્ત, પ્રીતિપૂર્વક ચાર પ્રકારનું શુદ્ધ અન્ન શ્રદ્ધાપૂર્વક બનાવ્યું હશે તે ભોજન ત્રિકાળમૂર્તિની સમીપે તમો નિવેદન કરશો. તો તે અન્ન હંમેશાં હું મારી મૂર્તિમાં આવિર્ભાવ પામીને તમને, તમારા સંબંધીને તથા રમા વગેરે સ્ત્રીઓને, પ્રત્યક્ષ દર્શન આપી જમીશ. (૪૯-૫૦)

આથી પ્રસન્ન થયેલા જયા વગેરે શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાના સ્થાનમાં જઈને શ્રીહરિએ આપેલી મૂર્તિઓની શ્રીહરિની આજ્ઞા પ્રમાણે પૂજા કરતા હતા. (૫૧)

હે રાજન્ ! સર્વ સ્ત્રીઓમાં જયા-લલિતા અત્યંત એકાંતિક ભક્તિથી સર્વથી અધિક હતા. ભગવાનના સ્વરૂપનું યથાર્થપણે જ્ઞાન, ભગવાન વિના બીજા પદાર્થમાં પ્રીતિ નહિ એવો વૈરાગ્ય, તે પ્રકારના જયા, લલિતાના ગુણોથી પ્રત્યક્ષ પરમેશ્વર હરિકૃષ્ણ પ્રસન્ન થયા. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં જયા-લલિતાને વરપ્રદાન નિરૂપણ નામે બત્રિશમો અધ્યાય સંપૂર્ણ. (૩૨)



અધ્યાય ૩૩ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જયા, લલિતા, દરરોજ ભક્તિપૂર્વક શ્રીહરિની પ્રતિમાનું પૂજન ઉપચારો વડે કરતા હતા. (૧) જયા, લલિતા શોભાયમાન સુવર્ણના પાત્રોમાં ભરેલા ચાર પ્રકારના ભોજન પોતપોતાની પૂજનીય મૂર્તિની સમીપે હર્ષપૂર્વક મૂકતા હતા. (૨)

પ્રિય પ્રત્યક્ષ શ્રીહરિને જમાડવા માટે ઉત્સાહપૂર્વક જયા લલિતા બંને હાથ જોડીને સ્નેહાશ્રુ છે. આંખોમાં જેમને એવા સ્વભાવપૂર્વક પ્રાર્થના કરતા હતા. (૩)

જયા, લલિતા સ્તુતિ કરે છે : હે દયાળો ! પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા લોકોના ભોગ સુખનો

ત્યાગ કરીને આપના અમૂલ્ય દાસ્ય ભાવને પામીને, આપની પ્રસન્નતા માટે જ અમો બંને હંમેશા તપ કરતી આપની સેવામાં અત્યંત આસક્ત છીએ. (૪) હે પ્રભો ! સુધાની ઉપમા આપવા યોગ્ય જુદા જુદા ભોજનો સ્નેહપૂર્વક આપને અમો અર્પણ કરીએ છીએ. આપના ચરણકમળના આશ્રિતજનોના મનોરથ પૂર્ણ કરનારા, ઉત્સવ કરનારા છે દર્શન જેમના એવા, આપ પ્રત્યક્ષ પ્રમાણ જમો. (૫) હે દીન બંધો! હે ધર્માત્મજ ! હે શ્રી હરે ! આપ અમોએ અર્પણ કરેલું અન્ન જમતા અમોને આપના મુખચંદ્રના દર્શન આપી અમારા નેત્રરૂપી ચકોરને હર્ષ પમાડી, અમોને અત્યંત સુખ આપો. (૬)

સર્વ ઈશ્વરોના ઈશ્વર, આપ અમારા બંનેનો આ મનોરથ પૂર્ણ કરો. આત્મારામ અને મુનીંદ્રોએ ચિંતવન કરવા યોગ્ય છે ચરણો જેમના એવા આપ, આપના સ્વરૂપના આનંદથી પૂર્ણ, આપના સ્વરૂપમાં અનન્ય પ્રેમથી જોડાયેલા આપને આધીન થયેલા ભક્તોના કલ્યાણ કરવા માટે અત્યંત દયાથી ધર્મથકી ભક્તિ દ્વારા પ્રાર્દુભાવ પામી આપના ભક્તોને આનંદ આપો છો. (૭)

આપના માહાત્મ્યથી તથા ધર્મ-વૈરાગ્ય-જ્ઞાનથી યુક્ત આપની ભક્તિથી એકાગ્ર થયેલું મન નિત્ય સુખથી પૂર્ણ, આપને વિષે અમોએ જોડ્યું છે. હે પ્રભો ! આપના દર્શન માટે અત્યંત આકુળ થયેલા અમારા બંનેનાં નેત્રો પણ આપને વિષે જોડાયેલા છે. (૮)

હે શ્રી હરે ! મીનને જળ જેમ જીવન છે તેમ આપની મૂર્તિ આ લોકમાં અમારા બંનેનું જીવન છે. તેથી જ અમો બંનેને પ્રાકૃત વિષયો અપ્રિય છે. પરંતુ અમારા બંનેને આપના ચરણ કમળની સેવાનો જ, એક સંકલ્પ છે. માટે સ્નેહથી આપને નિવેદન કરેલાં ઘણાં પ્રકારના ભોજનો આપ જમો. (૯) હે આત્મવિદોની ગતિરૂપ ! હે જગતપતે ! હે પ્રભો ! હે ઈશ ! આપનું સ્મરણ કરનારા દેહધારીઓનું સમગ્ર ઈચ્છીત પૂર્ણ કરનાર આપ આ ભોજન અંગીકાર કરો. (૧૦)

હે કૃપાસાગર ! સંસારનો ભય નાશ કરનારી આપના ચરણ કમળની સેવા આપને વિષે પ્રીતિવાળા અમો બંને ઈચ્છીએ છીએ. અમારો મનોરથ આપ આ ભોજન જમી પૂર્ણ કરો. (૧૧) આપના શરણાગત ભક્તોનું રક્ષણ કરનારા, ધર્મનું પાલન કરાવનારા, મંદહાસ્ય યુક્ત વદનવાળા, પંક્તિને પાવન કરનારા, આપના આશ્રય પામેલા ભક્તોને અત્યંત સુખ પમાડનારા આપ, આ ભોજનો જમો. (૧૨) સર્વધામથી પર અક્ષરધામમાં વિરાજમાન, ભક્તોના સુખ માટે અતિમાન સત્પુરુષોને અતિ મનોહર લાગે તેવું આ પૃથ્વી ઉપર નરનાટ્ય ધારણ કરતા આપ, આ ભોજ્ય પદાર્થો જમો. (૧૩) અતિ શ્રેષ્ઠ, સનાતન અને આશ્ચર્ય કારી આપ સ્વસુખમાં પ્રીતિવાળા છો. શાંતિના સમુદ્ર છો. છતાં પણ અમો બંનેને અત્યંત સુખ આપવા માટે આપ આ ભોજ્ય પદાર્થો અંગીકાર કરો. (૧૪)

હે પ્રભો ! અહર્નિશ આપને લક્ષ્મી તથા રાધા મધુર ભોજ્ય પદાર્થોનું ભોજન કરાવે છે. તો પણ અમારી સેવા અંગીકાર કરવા આપ આ ભોજ્ય પદાર્થો કૃપા કરી જમો. (૧૫)

સર્વ ઈશ્વરોને તથા દેહધારી જીવોને આપ જ આજીવિકા આપનારા છો, છતાં પણ પીડાનો નાશ કરનારા અમારા ઉપર કૃપા કરી આપ આ ભોજન જમો. (૧૬) હે શ્રીહરે ! અનુપમ દયાકરી

આપે પહેલેથી જ અમોને વચન આપેલું છે. તેને સત્ય કરવા માટે સફળ વચનવાળા આ ભોજનનો અંગીકાર કરો. (૧૭) પછી (શ્રીહરિની મૂર્તિ આગળ સ્થાપન કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનનો નિર્દેશ કરી બંને બહેનો શ્રીહરિને પ્રાર્થના કરતી હતી.) સુંદર લેહ્ય, રસાદાર, વાનગીઓ ભરેલી સુવર્ણની વાડકીઓની પંક્તિની શોભાથી મનોહર સુવર્ણ થાળમાં પીરસેલું ઘણાં પ્રકારનું ભોજન આપ જમો. (૧૮)

રમણીય, બરફી, સુંદર સુતરફેણી, મોતીયા વગેરે વિવિધ પ્રકારના લાડુ તથા ઉત્તમ પ્રકારનાં પેંડા, ઘી સાકરે સહિત દૂધપાક, જલેબી આપ જમો. (૧૯) ઘેબર, મોટા મોંડા તથા વિવિધ પ્રકારના ગુંદરપાક, ઘારી, ઘુઘરા, કોમળ રોટલીઓ તથા રમણીય પૂરીઓ જમો. (૨૦) ઘી-સાકર સાથે કેળાં, સેવ, માલપૂઆ, દાળ તથા વિવિધ પ્રકારનાં વધારેલાં શાક તથા સુંદરવડા, પાપડ, ઈચ્છા પ્રમાણે આપ જમો. (૨૧)

વિવિધ પ્રકારના રાયતાં, સુંદર ભજિયા, અથાણાં સાથે હે પ્રભો ! આપ જમો સાકર સહિત દહીં તથા સાકર સહિત દૂધ આપ જમો. (૨૨) હે હરે ! હે સત્પતે ! મરચાં, ધાણાં વગેરે યુક્ત શ્રેષ્ઠ ચટણી આપ જમો. શ્વેત અને નવીન ઘીથી યુક્ત મનને આનંદ આપનારો સુગંધિમાન ભાત જમો. (૨૩)

શ્રીહરિ પ્રત્યે અનન્ય ભક્તિ પરાયણ જયા તથા લલિતા બંનેએ આ પ્રકારે પ્રાર્થના કરી તેથી ભક્તજનોની પીડાને હરણ કરનારા પ્રભુ, પોતાના ભક્તોને સુખ આપનારા પરમેશ્વર હરિકૃષ્ણ શ્રીહરિ પોતાની તે સુંદર મૂર્તિ દ્વારા તત્કાળ પ્રગટ થયા. (૨૪)

હે રાજન્ ! અચ્યુત શ્રીહરિ જયા તથા લલિતાના જુદા જુદા ભુવનમાં આ પ્રમાણે બે સ્વરૂપે પ્રગટ થઈને તેમણે અર્પણ કરેલાં અમૃત જેવાં સુંદર વિવિધ પ્રકારના ભોજનો તેમના સ્નેહને વશ થઈને સારી રીતે બંનેના ભુવનમાં જમતા હતા. (૨૫) અતિ સુંદર મંદ હાસ્ય યુક્ત મુખારવિંદવાળા શ્રીહરિ સુંદર જમવા યોગ્ય ભાતના ગ્રાસ લઈ પ્રીતિપૂર્વક જમતા, તેમજ જયા તથા લલિતાની વિવિધ પાક કરવાની ચતુરાઈની પ્રશંસા કરતા તેમને અત્યંત આનંદ આપતા હતા. (૨૬)

હે રાજન્ ! આ પ્રકારે જમીને શ્રીહરિ તૃપ્ત થયા છે તે જાણીને જયા અને લલિતા અત્યંત ભક્તિપૂર્વક શ્રીહરિના હાથ તથા મુખની શુદ્ધિ કરાવીને, તેમને ઉત્તમ મુખવાસ આપતા હતા. પછી શ્રીહરિની શુભ મહા આરતી કરતા હતા. (૨૭) પછી શ્રીહરિ પોતાની સુંદર બંને મૂર્તિઓમાં અંતર્ધાન થયા. હે રાજન્ ! જયા, લલિતા તેમજ તેમના સમગ્ર સંબંધિઓ, પુરુષો તથા સ્ત્રીઓએ વિવિધ પ્રકારના ભોજનો વિભૂ શ્રીહરિ અર્ધું જમી ગયા છે તે જોઈને અત્યંત આનંદ પામ્યા. (૨૮)

આ પ્રકારે રમા પણ હંમેશાં પરમ પ્રીતિથી હરિકૃષ્ણની મૂર્તિ વિવિધ પ્રકારના ઉપચારોથી પૂજતા હતા. રમાએ નિવેદન કરેલાં વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ ભોજનો પણ જયા, લલિતાની માફક શ્રીહરિ હર્ષપૂર્વક જમતા હતા. (૨૯) આ પ્રમાણે શ્રીહરિ દરરોજ ત્રણ વખત તેમણે નિવેદન કરેલાં ભોજનો મૂર્તિ સ્વરૂપે જમતા હતા. તેમણે અર્પણ કરેલાં શ્રેષ્ઠ ઉપચારો પણ પોતે બંને હાથે ગ્રહણ કરતા હતા. (૩૦)

હે રાજન્ ! બુદ્ધિવાળાઓમાં શ્રેષ્ઠ ઉત્તમ રાજા આ આશ્ચર્ય જોઈને અત્યંત આનંદ પામ્યા. બાહ્ય તથા આભ્યંતર શુદ્ધિવાળા ઉત્તમ રાજાના સંબંધિ સમગ્ર બંધુવર્ગ પણ અત્યંત આનંદ પામ્યો (૩૧)

તે વૃતાંત જોઈને તથા સંભાળીને કેટલાક પુરનાજનો વિસ્મય પામ્યા. મેના વગેરે સ્ત્રીઓ પણ તે જોઈને અતિ હર્ષ પામી. (૩૨) ઈશ્વરના ઈશ્વર, સ્વતંત્ર, શ્રી સ્વામિનારાયણ આ પ્રમાણે ભક્તિથી તેમને વશ થયા છે. તે જાણીને પુરુષો તથા સ્ત્રીઓ પણ તેમની ભક્તિની અત્યંત પ્રશંસા કરતા હતા. (૩૩) જયા વગેરેની જેવી ભક્તિ હર્ષપૂર્વક કરવાને ઈચ્છતા અનન્ય ભાવવાળા ઉત્તમ તેમજ અન્ય મનુષ્યો તથા સ્ત્રીઓ પોતાના મનનિર્વાસનિક કરવા માટે અત્યંત પ્રયત્ન કરતા હતા. (૩૪)

ઉત્તમ રાજા તથા અન્યજનો, શ્રીહરિની દાસત્વ ભક્તિમાં આસક્ત જયા વગેરેની માફક પ્રત્યક્ષ શ્રીહરિના સ્વરૂપમાં થોડા જ સમયમાં અનન્ય ભક્તિભાવ પામ્યા. તેમના ભાગ્ય હું શું કહું ? અર્થાત્ અવર્ણનીય છે. (૩૫)

હે રાજન્ ! શ્રીહરિ પોતાના ભક્તોના આનંદ માટે ભક્તોએ આપેલા પૂજાના ઉપચારોને કૃપાથી પોતાની મૂર્તિ દ્વારા પ્રત્યક્ષ પ્રગટ થઈ ક્યારેક ક્યારેક ગ્રહણ કરતા હતા. (૩૬) ઉત્તમ રાજા પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિને સર્વોપરી જાણનારા, સત્પુરુષોએ ઈચ્છેલું શ્રીહરિનું દાસપણું પોતાના કુટુંબ સાથે કરતા હતા અને અવતારી શ્રીસ્વામિનારાયણ શ્રીહરિમાં ગાઢ સ્નેહથી જોડાઈ, શ્રીહરિની સેવાથી પોતાનો જન્મ સફળ માનતા સર્વદા શ્રીહરિનું ભજન કરતા હતા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં મૂર્તિ દ્વારા શ્રીહરિએ ભોજન કર્યું એ લીલા નિરૂપણને તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૩)



અધ્યાય ૩૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં સદા નિવાસ કરતા પોતાના જનોને આનંદ આપતા સ્વયં શ્રીહરિ વસંતપંચમીનો મહોત્સવ કરતા હતા. (૧) હે રાજન્ ! આ પ્રમાણે ગઢપુરમાં ભક્તની પીડાને હરનારા પ્રત્યક્ષ શ્રીહરિએ ઘણાં મહોત્સવો કર્યાં. (૨) તે સર્વે ઉત્સવો વિસ્તારથી સર્વ પ્રકારે કહેવા માટે હું શક્તિમાન નથી. હે રાજન્ ! માટે મેં એ મહોત્સવો નામ માત્રથીજ કહ્યાં છે. (૩)

હે રાજન્ ! ગઢપુરમાં જેમ શ્રીહરિએ મહોત્સવો કર્યાં તેમ બીજા ગામ તથા પુરોમાં પણ શ્રીહરિએ પોતાના ભક્તોના સુખ માટે, પોતાના જનોની આત્યંતિક મુક્તિ માટે, ઘણાં મહોત્સવો કર્યાં. (૪)

હે ભૂપ ! શ્રીહરિએ વૃત્તાલયમાં, શ્રીનગરમાં તથા જૂનાગઢ વગેરે સ્થળોમાં મહોત્સવો કર્યાં. (૫) ભક્તજનો જેમની સદા પ્રાર્થના કરે છે તે શ્રીહરિએ વડતાલ, જૂનાગઢ વગેરે પુરોમાં બીજે ત્રીજે વર્ષ ઉત્સવો કર્યાં તથા શ્રીનગરમાં પણ દરેક વર્ષે કર્યાં. (૬)

ધર્મનંદન શ્રીહરિ વડતાલમાં દરેક વર્ષે ક્યારેક બેવાર, ક્યારેક ત્રણવાર, ક્યારેક ચારવાર પોતે પધારતા અને ઉત્સવો કરતા. (૭)

શ્રીહરિ વૃત્તાલય પુરમાં એકાદશી, જન્માષ્ટમી તથા શિવરાત્રી આદિમાં મહોત્સવો કરતા હતા. (૮) હે રાજન્ ! શ્રીહરિ વડતાલમાં ક્યારેક વિષ્ણુયાગ કરતા હતા. ક્યારેક અહીં બ્રાહ્મણો પાસે વિષ્ણુ મંત્રના જપ કરાવતા હતા. (૯) શ્રીહરિ ક્યારેક વડતાલમાં વિષ્ણુ સહસ્ર નામના સ્તોત્રનું બ્રાહ્મણો પાસે પુરશ્ચરણ કરાવતા હતા. ક્યારેક લાખ હોમ કરાવતા હતા. ક્યારેક કોટિ હોમ કરાવતા હતા. (૧૦)

નરનાટ્યને અનુસરનારા શ્રીહરિ અહીં ક્યારેક હજારો બ્રાહ્મણોને ભોજન કરાવતા હતા. ક્યારેક તે બ્રાહ્મણોને ઘણા દાન આપતા હતા. (૧૧)

ઘણું દ્રવ્ય આપતા અચ્યુત સ્વયં શ્રીહરિ ક્યારેક આ વૃત્તપુરીમાં બ્રાહ્મણના પુત્રોને તેમજ ડભાણમાં દયારામ, પ્રભુરામ વગેરે બ્રાહ્મણના પુત્રોનું મૌજી બંધન કરાવતા હતા. (૧૨)

શ્રીહરિ ક્યારેક જીવના મોક્ષ માટે હર્ષપૂર્વક ભગવાનની નરનારાયણ તથા લક્ષ્મીનારાયણાદિ-મૂર્તિઓના સ્થાપન સમયે રમણીય મહોત્સવો કરતા હતા. (૧૩)

વળી હે રાજન્ ! શ્રીહરિ વૃત્તાલય પુરમાં ક્યારેક પૂર્ત્ત મહોત્સવ કરતા હતા. એમ પૃથ્વીમાં કાળથી નષ્ટ થયેલા ધર્મનું સ્થાપન કરાવતા હતા. (૧૪) હે રાજન્ ! શ્રીહરિ જે જે ગામોમાં, શહેરોમાં તથા વનોમાં રહેતા હતા, તે તે ગામો વગેરેમાં હજારો મનુષ્યો આવતા હતા. લોહમણીને જોઈને જેમ લોખંડ ખેંચાય તેમ ખેંચાઈને આવતા હતા. (૧૫) શ્રીહરિ પોતાની સમીપે આવેલા હજારો મનુષ્યોને અધર્મ વંશીઓના પાશથી મૂકાવીને સત્સંગમાં પ્રર્વતાવતા અને તેમની અત્યંતિકી ગતિ કરાવતા હતા. (૧૬) તેમના પ્રતાપથી પૃથ્વીમાં અધર્મ વિલીન થઈ ગયો. કળિયુગ નિર્બળ થયો અને ધર્મ ઘણો વૃદ્ધિને પામ્યો. (૧૭) હે રાજન્ ! વરતાલમાં શ્રીહરિએ ઘણાં મહોત્સવો કર્યાં. તેમાં જે પુષ્પદોલનો ઉત્સવ કર્યો; (૧૮) હે ભૂમિપાલ ! તે મહોત્સવતો અભૂત પૂર્વ હતો. શ્રીહરિએ ઘણાં ઉત્સવો કર્યા તેમાં આ સમાન કોઈ મહોત્સવ ન હતો. અતિ મહાન તે પુષ્પદોલોત્સવ જોઈને બ્રહ્માદિ દેવો પણ અત્યંત વિસ્મય પામ્યા હતા. (૧૯) તેમનું આવું વચન સાંભળીને રાજા માનસિંહ ફરીથી હરિલીલારૂપી અમૃતનું પાન કરવા ઈચ્છતા હોવાથી બંને હાથ જોડીને ઉત્તમ સાધુ શ્રીશુકાનંદમુનિને પ્રીતિથી કહેવા લાગ્યા. (૨૦)

માનસિંહ રાજા કહે છે :- હે બ્રહ્મન્ ! હરિલીલા કથારૂપી સુધાનું પાન કરતાં મને તૃપ્તિ થતી નથી. માટે હે મુને ! ફરીથી શ્રીહરિ સંબંધિ કથારૂપી સુધાનું તમો મને પાન કરાવો. (૨૧) હે મુનિરાજ ! વરતાલમાં ધર્મપુત્ર સ્વયં શ્રીહરિએ મહાન જે પુષ્પ દોલોત્સવ કર્યો એમ તમોએ કહ્યું. (૨૨)

હે મુને ! તે મહોત્સવ અંગે હું તમારા થકી સાંભળવા ઈચ્છું છું. માટે તમોએ દયાપૂર્વક પ્રશંસા કરેલા પુષ્પ દોલોત્સવ સંબંધિ હકીકત મને કહો. (૨૩)

હે મુને ! હે સર્વવિત્ ! આ વૃત્તાલયમાં તથા બીજે શ્રીહરિએ કરેલા બીજા ઉત્સવો જાણવાની પણ મારી ઈચ્છા છે તો તે કૃપાથી તમે કહો. (૨૪)

મહોત્સવોના પ્રસંગો સાંભળવા ઈચ્છતા તે રાજા માનસિંહે આવી રીતે પૂછ્યું તેથી મહામુનિ શુકાનંદ શ્રીહરિના ધ્યાનથી મહા આનંદ પામી રાજા પ્રત્યે આ પ્રકારે સુધા સમાન વચન બોલ્યા. (૨૫)

હે રાજન્ ! તમોએ ઠીક પૂછ્યું. તમારી બુદ્ધિ અત્યંત સ્વચ્છ છે માટે પ્રત્યક્ષ શ્રીહરિની કથા શ્રવણમાં તમારી નવીન શ્રદ્ધા છે. (૨૬)

હે રાજન્ ! આ વૃત્તાલયમાં શ્રીહરિએ અતિ મોટો જે પુષ્પદોલોત્સવ કર્યો હતો, અતિરમણીય તે મહોત્સવને સાંભળવા ઈચ્છતા તમોને હું યથા બુદ્ધિ તે કહું છું તે તમો સાંભળો. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં રાજાએ પુષ્પદોલોત્સવ સંબંધિ પ્રશ્ન પૂછ્યો તે નિરૂપણનો ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૪)



અધ્યાય ૩૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વડતાલમાં અવતારી શ્રીહરિનો દૃઢ આશ્રય પામેલા ઘણા ભક્તો હતા. (૧) શ્રીહરિના ચરણકમળમાં આસકત, પોતપોતાના ધર્મને અનુસરનારા, ઉત્સાહવાળા, નિષ્કપટ, શ્રીહરિના શ્રેષ્ઠ સંતોનો તે સૌ સમાગમ કરતા હતા. (૨) સાધુઓના સમાગમથી શ્રીહરિનું માહાત્મ્ય અતિશય જાણતા અને તેમના આશ્રિત ભક્તજનોમાં સૌહાર્દવાળા, પ્રગટ શ્રીહરિની જ વાર્તા સાંભળવામાં તથા કરવામાં આસકિતવાળા. (૩) શ્રીહરિના એકાંતિક ભક્ત સાધુઓની તથા ગૃહસ્થોની સેવામાં, તથા અનુવૃત્તિમાં તત્પર, વિનયયુક્ત પ્રત્યક્ષ શ્રીહરિની નવધાભક્તિમાં આસકિતવાળા તથા દેહ, ગેહ વગેરેને તે સર્વે તુચ્છ જાણતા હતા. (૪-૫)

હે રાજન્ ! તે ભક્તોમાં કુબેર ભક્ત તથા જોબન એ બંને મુખ્ય ભક્તો હતા. તે બંને ભક્તો, ભક્તજનો છે પ્રિય જેમને એવા હતા. (૬) આ વડતાલમાં કુબેર તથા જોબન ભક્તો હતા. તે ગઢપુરથી શ્રીહરિને વડતાલમાં બોલાવીને સુંદર ફુલદોલનો મહોત્સવ કરવા માટે ઈચ્છતા હતા. (૭) પછી જોબન પોતાના ભાઈ સુંદરજીને ગઢપુર મોકલ્યા. સુંદર ભક્ત માઘમાસની પૂર્ણિમા તિથિને દિવસે ગઢપુર પહોંચ્યા અને શ્રીહરિને મળ્યા. (૮)

સભામાં બેઠેલા, ભક્તોના ગણથી વીંટાયેલા શ્રીહરિને નમસ્કાર કરીને સુંદર ભક્તે હે શ્રીહરે ! વડતાલપુરમાં પુષ્પદોલનો ઉત્સવ કરવા આપ પધારો અને આપના ચરણકમળની રજથી તેને પવિત્ર કરો. આવી રીતે હર્ષપૂર્વક ઘણી પ્રાર્થના તેઓ કરતા હતા. (૯)

હે રાજન્ ! પછી સુંદર ભક્તના વિનયપૂર્વક વચન સાંભળી પ્રસન્ન થયેલા ભક્તવત્સલ દયાળુ શ્રીહરિ કૃપાથી વૃત્તાલયમાં તત્કાળ આવવા માટે ઈચ્છા કરતા હતા. (૧૦)

શ્રીહરિ સુંદર ભક્ત પ્રત્યે કહે છે :- હે ભક્ત ! હમણા તમો આગળ જાવ. હું ત્યાં ઉત્સવ કરવા ફાગણમાસમાં આવીશ. (૧૧) શ્રીહરિએ આવી રીતે કહ્યું તેથી પ્રસન્ન થયેલા સુંદરભક્ત વડતાલપુરમાં તત્કાળ આવ્યા અને હર્ષપૂર્વક શ્રીહરિના આવવાની વાત ભક્તોને કહેતા હતા. (૧૨)

પછી જોબન, કુબેર વગેરે સમગ્ર ભક્તો આ તિથિએ ઉત્સવ થશે એમ ઉત્સવનો નિરધાર કરીને, ઉત્સવ કરવામાં ઉત્સાહથી ઉત્સવને યોગ્ય ઘણી સામગ્રીઓ તૈયાર કરતા હતા. (૧૩) અતિ ઉત્તમ મહોત્સવ કરવામાં અત્યંત હર્ષયુક્ત ભક્તો મંગળપત્રિકાઓ લખી દેશાન્તરોમાં મોકલીને જુદા જુદા દેશોમાં રહેલા ભક્તોને બોલાવતા હતા. (૧૪) ઉત્સવ કરવામાં ઉત્સાહિ છે મન જેમના એવા, શ્રીહરિના દર્શનમાં લાલસાવાળા, વડતાલનિવાસી સર્વે ભક્તો શ્રીહરિના આગમનની પ્રતિક્ષા કરતા હતા. (૧૫)

હે રાજન્ ! તેટલામાં પ્રત્યક્ષ સ્વામિનારાયણ વડતાલમાં, ફૂલદોલનો ઉત્સવ કરવા માટે આવશે. એવો મોટો ઉદ્‌ઘોષ પૃથ્વી ઉપર સર્વે ઠેકાણે થયો. (૧૬)

શ્રીહરિ પણ મંગળ પત્રિકાઓ મોકલી દેશાંતરમાં રહેલા સાધુ વગેરે પોતાના ભક્તોને હર્ષપૂર્વક આ વૃતાન્ત જણાવતા હતા. (૧૭) પછી સૌરાષ્ટ્ર વગેરે પશ્ચિમ દેશના નિવાસી સાધુઓ તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિની સાથે વૃત્તાલયપુર જવા માટે ગઢપુરમાં આવ્યા. (૧૮)

હે રાજન્ ! ફાગણ માસની શુકલ પક્ષની છઠ્ઠને દિવસે પ્રાતઃકાળમાં શ્રીહરિ સ્નાન કરી, સર્વ નિત્યવિધિ શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૧૯) તેટલામાં સર્વ ક્રિયામાં નિપુણ મુકુંદાનંદ વર્ણીરાજ શ્રીહરિ માટે વિવિધ પ્રકારની રમણીય રસોઈ દૂધમાં બનાવતા હતા તથા મીઠા વિનાના શાક વગેરે તૈયાર કરતા હતા. (૨૦)

પછી શ્રીહરિ વિષ્ણુને નિવેદન કરેલાં વિવિધ પ્રકારનાં ભોજન પાટલા ઉપર બિરાજી, વારંવાર ગંગાનું જળ પીતા પીતા, જમતા હતા. (૨૧) ભોજન કરી તૃપ્ત થઈ શ્રીહરિ હાથ તથા મુખની શુદ્ધિ કરતા હતા. ત્યારબાદ બ્રહ્મચારીએ આપેલો ઉત્તમ મુખવાસ લઈ જમતા હતા. (૨૨)

પછી ભગવાન શ્રીહરિ સંતો તથા વર્ણીઓ વગેરેને કહેવા લાગ્યા કે તમો વડતાલ જવા માટે તત્કાળ તૈયાર થાઓ. (૨૩) તેથી તે સર્વ મહા આનંદ પામી તમો જેમ કહો છો તેમ કરીશું, એમ કહી તત્કાળ જવાની તૈયારી કરી જવા માટે તૈયાર થઈ ગયા. (૨૪)

પછી શ્રીહરિએ ઉત્તમ રાજાને કહ્યું, અમો હવે વડતાલ. આ દેશમાં અમારા આગમન પર્યંત અમારા આશ્રિતજનોના ધર્મના રક્ષણ માટે તમો અહીં જ રહો, એવી ઉત્તમ રાજાને શ્રીહરિએ આજ્ઞા કરી. (૨૫) પછી મહામૂલ્વાળું કસુંબી રંગથી રંગેલું તથા સુવર્ણ સૂત્રોથી રચેલું મોળીયું શ્રીહરિએ મસ્તક ઉપર ધારણ કર્યું. તે મોળીયાનો આગલો ભાગ અત્યંત ચળકતો, શોભાયમાન, મધ્યમાં તોરાઓથી પ્રકાશમાન એવો શોભતો હતો. (૨૬) ઈશ શ્રીહરિ ઉલ્લાસ પામી કેસરના બિંદુઓથી રમણીય હંસ પક્ષીની પાંખો જેવો શ્વેત, સૂક્ષ્મ, મહા મૂલ્યવાળો દર્શનીય પોતાના પાર્ષદ મયારામ ભટ્ટે આપેલો ડગલો ધારણ કરતા હતા. (૨૭) પછી અતિ રમણીય કસુંબી રંગથી રંગેલો અને પોતાના પાર્ષદે આણેલો સુંદર સોનેરી બુટ્ટાદાર શોભાયમાન રેશમી નાડી જેમાં છે એવો સુરવાળ શ્રીહરિએ ધારણ કર્યો. (૨૮) પછી શ્રીહરિ કટિતટમાં સોનેરી પાલવવાળો લાલ પટકો મજબૂત બાંધીને પોતાના ખભા ઉપર ઓઢવાનું વસ્ત્ર ધારણ કરતા હતા. (૨૯) પછી શ્રીહરિ મણીઓ, રત્નો તથા મોતીવાળા મનોહર તોરાઓ જે

પોતાના પાર્ષદ રત્નજી લાવ્યા હતા તે મોળીઆ ઉપર ધારણ કરતા હતા. (૩૦)

પછી શ્રીહરિ માણિક્ય વર્ણવાળી તથા મનોહર સ્વભાવવાળી સુવર્ણના પલાણયુક્ત, અનેક ભૂષણોથી ભૂષિત કરેલી ઘોડી ઉપર બિરાજમાન થયા. (૩૧) તે સમયે ભગુજી શ્રીહરિ ઉપર મહામૂલ્યવાળું સોનેરી છત્ર ધારણ કરતા હતા. પછી ઘોડા ઉપર બેઠેલા સોમ, સૂર બંને પાર્ષદો શ્રીહરિને ચામરોથી ભક્તિભાવ પૂર્વક પવન વીંજતા હતા. (૩૨)

પછી શ્રીહરિ પોતાના અગણિત આશ્રિત ઘોડેસવારો, પાર્ષદો, સાધુઓ તથા વર્ણીજનોથી વીંટાઈને મંગળ વાદ્યોના ધ્વનિ સાંભળતા ચાલતા હતા. (૩૩) પુરના હજારો ભક્ત જનો અત્યંત પ્રસન્ન થઈ ઘોડી ઉપર બિરાજેલા, મનોહર વેશથી શોભાયુક્ત એવા, છત્ર તથા ચામરોથી વિશેષ શોભતા, શ્રીહરિની પાછળ જતા હતા. (૩૪) સૌરાષ્ટ્રના બીજા હજારો ભક્તો પણ પાછળ ચાલતા હતા. તેમજ વાહનો ઉપર બેઠેલા લલિતા તથા જયા વગેરે સો, સો સ્ત્રીઓ પણ તત્કાળ શ્રીહરિની પાછળ જતા હતા. (૩૫)

હે નૃપ ! હાથમાં સુવર્ણની લગામ જેમને છે અને સૂર્યના કિરણોથી ચળકતા સુંદરભાલાઓ જેમના હાથમાં છે એવા ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ અત્યંત ચંચળ છે ગતિ જેમની એવી પોતાની ઘોડીને વિવિધ પ્રકારની ગતિઓથી ચલાવતા જતા હતા. (૩૬) અતિ વિલાસવાળા ઘોડેસવારોના વેશની શોભાથી હરિલીધી છે જનસમૂહોની ચિત્ત તથા નેત્રની વૃત્તિઓ જેમણે એવા, ચપળ ઘોડાની અતિ ચંચળ ચાલથી જેમણે ધારણ કરેલા હાર તથા તોરાઓ ઉછળે એવા. (૩૭)

જેમણે વિશાળ શુભ અને સુંદર પોતાના લલાટમાં અતિ સુંદર કેસરનું તિલક કર્યું હતું અને તેના મધ્ય ભાગમાં સર્વોત્તમ કુંકુમનો ભક્તજનોના નેત્રોને લોભ પમાડનારો સુંદર ચાંદલો કર્યો હતો. (૩૮) યાત્રા ગમન સમયે મંગળ સૂચક સુંદર અક્ષત ચોંટાડેલો શ્રેષ્ઠ કુંકુમનો ચાંદલો પૃથ્વીના દેવતા જે મયારામ ભટ્ટ વગેરે બ્રાહ્મણોએ કરેલો શોભાયમાન ભાલમાં શોભતો હતો. (૩૯) બંદિજનોએ ઉચ્ચારેલા પોતાના ગુણગણોનું વર્ણન જેમાં છે એવી અતિ શ્રેષ્ઠ વાણીનો નાદ શ્રેષ્ઠ વાદ્યોથી મિશ્ર થયેલા સાંભળતા, સૂર્યનારાયણના કિરણોથી જેમના ચળકતા વસ્ત્રોની શોભા અત્યંત દેખાય છે એવા. (૪૦)

પોતાના ચરણકમળમાં પ્રીતિવાળા, પોતાના ભક્તસમૂહોએ પગલે પગલે મહાઆનંદથી પુષ્પોના હારો વગેરેથી પૂજેલા તથા જય જય શબ્દ ઉચ્ચારણ કરતા, તેમજ પ્રણામ કરતા આશ્રિત જનસમૂહો શ્રીહરિની અનુપમ શોભાનું વર્ણન કરતા હતા એવા (૪૧) શ્રીહરિની શોભાના દર્શનથી જેમના ચિત્ત આશ્ચર્ય વત્ બની ગયા છે એવા, આકાશમાં રહેલા દેવસમૂહો લોકોત્તર ઘણી શોભાયુક્ત શ્રીહરિના દર્શન કરીને અત્યંત સુગંધિવાળા પુષ્પોથી શ્રીહરિને અનુપમ હર્ષથી વધાવતા હતા. (૪૨)

મહાશોભાથી પોતાની મૂર્તિમાં જનસમૂહોના અંતઃકરણને આકર્ષતા, કૃપારૂપી અમૃતરસથી અત્યંત કોમળ દૃષ્ટિથી ભક્તજનોને જોતા, તેમની અત્યંત ભીડમાં માણકી ઘોડી ધીમે ધીમે ચલાવતા, ઘોડેસવારોના ગણોથી તેમજ પાર્ષદોના સમૂદાય તથા મુનિઓ વગેરેથી વીંટાયેલા શ્રીહરિ નિકળ્યા. (૪૩)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિ દુર્ગપત્તનથી નીકળ્યા તેનું વર્ણન નીચે પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૫)



અધ્યાય ૩૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આવી રીતે આશ્ચર્યકારી અલૌકિક શોભા ધારણ કરતા શ્રીહરિ, ભક્તજનોથી વીંટાઈને નગરથી નિકળી પ્રયાણ કરતા હતા. (૧) પછી દૂર સુધી પાછળ આવેલા ઉત્તમ રાજા વગેરે સર્વે પુરના ભક્તજનોને પાછા જવા માટે શ્રીહરિએ આજ્ઞા આપી. (૨) તે સમયે પ્રિયત્તમ શ્રીહરિને પ્રણામ કરતા આંખમાં અશ્રુવાળા શ્રીહરિનો વિયોગ સહન કરવા અસમર્થ ઉત્તમ રાજા બંને હાથ જોડીને બોલ્યા. (૩) હે હરે ! વૃત્તાલયપુરમાં તમારા એકાંતિકજનો ઘણો આગ્રહ કરીને તમોને જરૂર રાખશે. (૪) ત્યારે હે કરુણાસાગર ! હે પ્રભો ! આપના દીર્ઘ વિયોગથી અમારા દિવસ તથા રાત્રિ કેવી રીતે વીતશે ? (૫) હે સ્વામિન્ ! માટે આપે આપનો દાસ એવા મારે વિષે કૃપા કરીને તત્કાળ આવવું હે દયાસાગર ! તેમાં વિલંબ કરશો નહિ. (૬)

તેથી શરણાગતવત્સલ શ્રીહરિ ઉત્તમ રાજા પ્રત્યે કહેવા લાગ્યા. હે રાજન્ ! હું અહીં તત્કાળ આવીશ. તમો કંઈ પણ ચિંતા કરશો નહિ. (૭) એવી રીતે તાપને નાશ કરનારા મધુર વચનોથી પોતાને વિષે આસક્ત મનવાળા ઉત્તમ રાજાને શ્રીહરિ સાન્તવન આપતા હતા. (૮)

ત્યારબાદ હે રાજન્ ! ઉત્તમ રાજા તથા બીજા ભક્તો પ્રાણપ્રિય શ્રીહરિને નમસ્કાર કરીને અધીશ્વર શ્રીહરિનું જ સ્મરણ કરતા પુરમાં પાછા આવ્યા. (૯) શ્રીહરિ સાથે જનારા ઘોડેસવારો, સોમ, સૂર, નાજો, માત્રો અલૈયા વગેરે જેમના ઘોડાઓ હૃષ્ટપુષ્ટ છે તે સર્વે શ્રીહરિની આગળ પોતાના ઘોડાને ચલાવતા પોતપોતાના અશ્વોના વારંવાર વખાણ કરતા હતા. (૧૦)

શ્રીહરિ ઘોડેસવારોએ વારંવાર કરેલી પોતપોતાના ઘોડાઓની પ્રસંશા સાંભળતા પોતે હસતા હતા તથા ઘોડેસવારોને પણ હસાવતા હતા. એ પ્રમાણે તે સર્વે ઉગામેડી ગામ નજીક પહોંચ્યા. (૧૧)

તે ગામની પૂર્વદિશાને સીમાડે પહોંચીને શ્રીહરિ ઘોડેસવારો સોમ સૂરાદિને કહેવા લાગ્યા. હે ઘોડેસવારો ! તમારા ઘોડાઓની મારે પરીક્ષા કરવી છે. (૧૨)

હે રાજન્ ! શ્રીહરિ સોમ-સૂરાદિને એમ કહીને સર્વાંગ રમણીય, ગુણ, શીલ, યુક્ત, વાયુ તથા મનના વેગનો પોતાની ગતિથી તિરસ્કાર કરતી માણકી ઘોડીને પોતાની પાની લગારેક સ્પર્શ કરતા હતા. (૧૩) અતિ તીવ્ર વેગવાળી ઘોડી પાનીનો લગાર પણ સ્પર્શ સહન કરવા માટે અસમર્થ હોવાથી વેગથી ગરુડને પણ વિસ્મય પમાડતી ઉઠવા લાગી. (૧૪) આ લોકમાં શ્રીહરિના સ્પર્શથી પશુની પણ આવી રીતે ઉર્ધ્વ ગતિ થાય એમ જાણે સૂચન કરતી હોય ને શું ? એમ દેવતાને લોકને પણ ઉલ્લંઘન કરવાની

ઈચ્છાવાળી માણકી ઉર્ધ્વ ગમન કરવા લાગી. (૧૫)

ગંગાના પ્રવાહની માફક અતિવેગથી યુક્ત, ઘોડીના પગનો સ્પર્શ જાણે પૃથ્વી ઉપર થતો જ નથી એવું જોતાં જનો આથી અત્યંત આશ્ચર્ય પામ્યા. (૧૬) આકાશમાં રહેલા દેવસમુદાયો અવતારી શ્રીહરિના યોગથી અનન્ય શોભા પામેલી માણકીને જોઈને અતિ પ્રસન્ન થઈ, માણકીને ધન્ય છે ધન્ય છે એમ કહેવા લાગ્યા. (૧૭)

મહાબળથી ફેંકેલી ગુલાલની મુષ્ટિની માફક અતિશય વેગથી શોભતી સમગ્ર ભુવનોના એક આધાર રૂપ શ્રીહરિને સમ્યક્ પ્રકારે વહન કરતી ઘોડીના ભાગ્યનું હું શું વર્ણન કરું ? જે ભાગ્યનું વર્ણન કરવા માટે સહસ્ર વદન શેષનારાયણ પણ સમર્થ નથી. (૧૮)

હે દેવો ! તમો સંસારના પાશો છેદનારા આ પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન કરો. એમ તે સમયે અત્યંત ઉર્ધ્વ મુખવાળી ઘોડી દેવોના સમુદાયોને જાણે કહેતી હોય ને શું ? એમ શોભતી હતી. (૧૯)

હે રાજન્ ! આ પ્રકારે ઘોડી દોડાવીને તત્કાળ આગળ ચાલતા શ્રીહરિને જોઈને પાછળ આવતા હજારો ઘોડેસવારો પોતાના ઘોડાઓને એકદમ દોડાવતા હતા. (૨૦)

અતિચપળ, મનોહર રોમના આવર્તોથી જાણે તે ઘોડાઓના શરીર ભમરાઓથી શોભાયમાન બન્યા છે તેવા તે ઘોડાઓ અત્યંત વેગથી ચલાવવાથી સમ્યક પ્રકારે ઉછળતા તરંગોના સમૂહોથી સમુદ્ર જેમ પાણીને ઢાંકી દે છે તેમ, પૃથ્વીને ઢાંકી દેતા હતા. (૨૧)

શ્રીહરિની પાછળ પોતપોતાના ઘોડાઓ જેમણે દોડાવ્યા છે એવા તે ઘોડેસવારોને તે સમયે દેવતાઓ જાણે તેમને થાકી ગયેલા જાણી ચામરો વડે વાયરો નાંખતા હોયને શું ? એવા તે સર્વે મોટી અને ઉજળી પાઘડીના અગ્ર ભાગથી શોભતા હતા. (૨૨)

હે રાજન્ ! જેમણે પોતાના દાંતોની નીચે ઓષ્ઠો દબાવેલા છે એવા ઘોડેસવારો, વેગથી ચાલવાથી જેમને અત્યંત પસીનો થયો છે, અને જેના મુખમાંથી ફીણ નીકળે છે એવા તે ઘોડાઓને પાની તથા ચાબૂકોના તાડન કરવા છતાં પણ કોઈ તે શ્રીહરિને પહોંચી શક્યા નહિ. (૨૩)

જેમના પલાણ શિથિલ થઈ ગયચા છે એવા ઘોડાઓ ઉપર બેઠેલા શિથિલ થયેલા અતિ મહાન ઉંચા મસ્તકના ફેંટાઓ જેમને છે એવા સમગ્ર ઘોડેસવારોને પાછળ રહેલા જોઈને, મંદહાસ્ય કરતા શ્રીહરિ, અતિ ઉતાવળી સુંદર ગતિવાળી ઘોડી દોડાવીને દૂર ગયા. (૨૪)

પછી શ્રીહરિએ ઝીંઝાવદર ગામની પૂર્વદિશામાં પાડલિયા નદીને કાંઠે, આંબાના વૃક્ષ નીચે જઈને, ઘોડેસવારોને થાકી ગયેલા જાણી પોતાની ઘોડીને રોકી દીધી. વસંતઋતુમાં થયેલા નૂતન પલ્લવની શોભા યુક્ત અને કોકીલાના શબ્દોથી અતિ રમણીય તે આંબામાં વૃક્ષની અતિશય શોભતી નાના નાના ફળવાળી-પુષ્પોવાળી ડાળીને પોતાના હાથે પકડીને પોતાના ઘોડેસવારોની પ્રતિક્ષા કરતાં શ્રીહરિ ત્યાં ઊભા રહ્યા. (૨૫-૨૬) હે રાજન્ ! એક હાથે સોનેરી તારવાળી અતિ ચળકતી સુંદર લગામ પકડીને તેમજ બીજા

હાથે આંબાની ડાળને પકડીને શ્રીહરિ દેવતાઓના રાજા ઈન્દ્રના ધનુષ્ય યુક્ત ઘાટા નવીન મેઘની જેમ શોભતા હતા. (૨૭)

આવી રીતે પૃથ્વીના તળ ઉપર ઘોડાઓની ગતિથી ઉડેલી રજથી જેમના વસ્ત્રો ઝાંખા થયાં છે એવા, અતિપ્રિય, દર્શનીય, અતિશય શ્રમથી થયેલા પરસેવાથી જેમના શરીર ભીનાં થયા છે એવા ઘોડેસવારોને દૂરથી જોઈને ચંચળ નેત્રવાળા શ્રીહરિ હસતા હતા. (૨૮) પછી શ્રીહરિના દર્શનના સુખથી જેમનો શ્રમ નાશ પામ્યો છે એવા, શ્રીહરિની સાથે જ હંમેશા રહેનારા અને માટે જ અતિ ભાગ્યવાળા ઘોડેસવારોના સમુદાયો ઘોડી ઉપર બિરાજેલા શ્રીહરિને મળીને અત્યંત હર્ષ પામ્યા. (૨૯)

અતિ દયાળુ શ્રીહરિ પોતાની સમીપે આવેલા, શ્રમથી પરસેવાવાળા, ફૂંફાડા મારતા અને ફીણવાળા છે મુખ જેમનાં એવા, ઘોડાઓ ઉપર બેઠેલા ઘોડેસવારોને જોઈને હસતા હસતા બોલ્યા. ઉત્પન્ન થયો છે શ્રમ જેમને એવા હે ઘોડેસવારો ! અહીં હવે વિશ્રામ કરો. (૩૦)

આંબાની છાયામાં શ્રીહરિએ વિશ્રામ કર્યો પછી ઘોડેસવારોને શાંતવન આપીને પોતાના ચરણમાં આસક્ત ઘોડેસવારોની સાથે માર્ગમાં ચાલતા સુધાથી પણ અતિ મધુર વચનોથી તેમને અતિ હસાવતા પ્રીતિપૂર્વક પોતે હસતા તેમને સર્વ સુખ આપતા હતા. (૩૧)

તેમાંના સૂરસિંહ રાજા શ્રીહરિને કહેવા લાગ્યા. હે ભગવન્ ! આપની આગળ અમોએ અમારા ઘોડાઓને અભિમાન કરી વખાણ્યા તેનું ફળ આજે આ માર્ગમાં અમને મળ્યું. માટે ફરીથી આવી રીતે આપની પાસે ગર્વયુક્ત સંભાષણ અમે કરીશું નહિ. આપે પણ ફરીથી આવું ન કરવું. (૩૨)

હે નૃપતે ! આવી રીતે માર્ગમાં ચાલતા દયાયુક્ત દૃષ્ટિથી પોતાના જનોને જોતા શ્રીહરિ પોતાને વિષે આસક્ત, પોતાના જનોના સમૂહો સહિત બરવાળા ગામમાં પધાર્યા. (૩૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત સ્શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિએ માણકી ઘોડીને દોડાવીએ લીલાનું વર્ણન કર્યું એ નામે છત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૬)



અધ્યાય ૩૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું તેમજ સાથે આવેલા મુનિઓનું સન્માન કર્યું. એવી રીતે બરવાળા નગરમાં શ્રીહરિએ પ્રવેશ કરી પોતાને યોગ્ય ઉતારામાં નિવાસ કર્યો. (૧) ત્યાં બ્રાહ્મણ ભક્તોમાં મુખ્ય વાઘજીત, તથા વૈશ્યભક્ત વીરાભાઈ તથા દ્વારકાદાસ વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. (૨)

બરવાળા ગામમાં વાઘજીત, વીરજી, દ્વારકાદાસ આદિક ભક્તોએ વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું અને પછી પોતાના મુનિઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલા ભોજન જમીને શ્રીહરિ

ત્યાં રાત્રિ રહ્યા. (૩)

શ્રીહરિ સવારમાં પોતાની ઘોડી ઉપર બેસીને સાધુ સાથે બરવાળા ગામથી નીકળ્યા. તે વખતે ત્યાંના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. (૪) પછી ભગવાન શ્રીહરિ પોતાના મુનિઓની સાથે માર્ગમાં આવેલા મહા રમણીય ધોળેરા પુર પહોંચ્યા. (૫)

શ્રીહરિમાં અત્યંત પ્રીતિવાળા અંબરીષ રાજાની માફક આત્મનિવેદી ભક્તોમાં મુખ્ય ભક્ત તે પુરના પુંજજીત રાજા શ્રીહરિ પોતાના પુરમાં પધારે છે તે સાંભળીને (૬)

ક્ષત્રિય કાયાજીત, વર્ષજીત, ભોજો, વ્યાપજીત, રત્નજીત, કાનજીત, ડોસાભાઈ તથા બીજા ગંગજીત વૈશ્ય તથા કલ્યાણજી, ત્રિવિક્રમ, ક્ષેમજીત, રત્નજીત, તથા માનો, દામો, કાળો, વનમાળી, વગેરે તેમજ પુરના અન્યભક્તો મળીને વિવિધ વાજિંત્રોના ઘોષથી સર્વે દિશાઓ ગજાવતા તત્કાળ શ્રીહરિની સન્મુખ હર્ષપૂર્વક ગયા. (૭-૮-૯) પછી પુંજજીત નૃપતિ ઘોડી ઉપર બિરાજેલા ઘોડેસવારોથી વીંટાયેલા, શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને હર્ષપૂર્વક તેમને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૧૦) તેવી રીતે પુરના ભક્તો પણ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. પછી રાજા તથા સર્વ ભક્તો પ્રેમાશ્રુથી જેમના નેત્રો પૂર્ણ થયા છે એવા શ્રીહરિની સમીપે ગયા. (૧૧)

શ્રીહરિ પ્રીતિપૂર્વક રાજા તથા ભક્ત પ્રત્યે યથાયોગ્ય સુંદર મંદહાસ્યથી દૃષ્ટિ કરી, તેમની સાથે સંભાષણ કરી તમો સુખી છોને વગેરે પ્રશ્નો પુછી તેમની સંભાવના કરતા હતા (૧૨) પછી પુંજજીત રાજા શ્રીહરિને પુષ્પના હારો તથા તોરાઓ અર્પણ કરતા હતા. અન્ય ભક્તો પણ ઉત્સાહપૂર્વક શ્રીહરિને પુષ્પોના હારો સમર્પણ કરતા હતા. (૧૩)

પુંજજીત રાજા, મુનિઓ તથા શ્રીહરિની પ્રાર્થના કરીને વાદ્યોના મહાધ્વનિ સાથે પોતાના પુરમાં શ્રીહરિને પ્રવેશ કરાવતા હતા. (૧૪)

પુરના જનસમુદાયો પણ પુરમાં પ્રવેશ કરતા શ્રીહરિનાં દર્શન કરીને વિસ્મય પામી સત્પતિ શ્રીહરિનું સન્માન કરતા હતા. (૧૫) પછી રાજા તથા બીજા ભક્તો શ્રીહરિને તથા તેમના આશ્રિતોને યોગ્ય નિવાસમાં નિવાસ કરાવીને શ્રીહરિની સેવા કરતા હતા. (૧૬)

હે રાજન્ ! શ્રીહરિએ સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કર્યો. પછી પોતે રસોઈ કરી વિષ્ણુને વિવિધ પ્રકારના ભોજન નિવેદન કરી જમતા હતા. (૧૭)

તેટલામાં સમગ્ર ત્યાગીઓ તથા બીજા ગૃહસ્થો યથાયોગ્ય જુદો જુદો પાક કરીને ભોજન કરતા હતા. (૧૮) પછી શ્વેત વસ્ત્ર ધારણ કરનારા શ્રીહરિ પાર્ષદોથી વીંટાઈને સભામાં આવી શ્રેષ્ઠ આસનમાં બિરાજમાન થયા. (૧૯) સભામાં સમગ્ર ત્યાગીઓ તથા ગૃહસ્થો શ્રીહરિના દર્શનમાં ઉત્સાહિત મન જેમનું છે એવા યથાયોગ્ય બેઠા. (૨૦) પછી સેવામાં વિચક્ષણ પુંજજીત રાજા મહા મૂલ્યવાળાં વસ્ત્રાલંકારોથી તથા કુમકુમ, અગરચંદન, કસ્તુરી, પુષ્પોના હાર વગેરે વિવિધ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી વાદ્યોના

મહાધ્વનિ સાથે શ્રીહરિની મહા આરતી કરતા હતા. (૨૧, ૨૨)

પછી બાલ્યાવસ્થી જ તપ કરતા શ્રીહરિની કૃપાથી સમાધિ સ્થિતિ પામેલા, વૈરાગ્યવાળા, રાજાની બહેન અજવા; (૨૩) સુંદર ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરીને લાડુ વગેરે ભોજન શ્રીહરિને નિવેદન કરી, શ્રીહરિના કંઠમાં સત્તાવીસ મોતીઓથી કરેલી ઉત્તમ માળા અર્પણ કરતા હતા. (૨૪)

તેમજ ભક્તિવાળી ફુલ્લા વગેરે સ્ત્રીઓ પણ હર્ષપૂર્વક શ્રીહરિની મનોહર ઉપચારોથી પૂજા કરતી હતી (૨૫) ધોળેરાના શ્રીહરિના આશ્રિત સર્વે હરિભક્તો વિવિધ પ્રકારના રમણીય ઉપચારોથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૬) પછી શ્રીહરિ પોતાના ભક્તોને આનંદ આપતા, ધર્માદિ સંબંધવાળી અમૃતથી વધારે સ્વાદિષ્ટ અતિ સુંદર વાર્તા કરતા હતા. (૨૭)

તેટલામાં વડોદરાથી કાશીનાથ બ્રાહ્મણ ત્યાં આવ્યા. તે બ્રાહ્મણ સભા જોઈને વિસ્મય પામી દૂર ઊભા રહ્યા. (૨૮) અયોધ્યાથી પરિવાર સહિત શ્રીહરિના બંને ભાઈઓ વડોદરામાં આવ્યા હતા તેમણે પત્ર આપીને મોકલેલા દોરા ગામના વાસી શ્રીહરિના ભક્તવર, ધર્મમાં નિષ્ઠાવાળા, સુશીલ, હંમેશાં શ્રીહરિને પ્રિય, તે મોટી સભામાં આવ્યા. મહાપ્રયાસ પૂર્વક પાર્ષદોએ તે કાશીરામ બ્રાહ્મણને સભામાં પ્રવેશ કરાવ્યો. તેઓ શ્રીહરિને નમસ્કાર કરીને હર્ષયુક્ત થઈ શ્રીહરિને પત્ર આપતા હતા. (૨૯, ૩૦, ૩૧)

પછી શ્રીહરિએ કાશીનાથ બ્રાહ્મણને કાચું અન્ન, ઘી, સાકર વગેરે રસોઈની પુષ્કળ સામગ્રી અપાવીને તેના પર પ્રસન્ન થઈ પોતાના કંઠમાંથી પુષ્પના હાર ઉતારીને તેમને આપ્યા. (૩૨)

પછી પ્રભુ શ્રીહરિ તે પત્ર વંચાવીને તેમાં લખેલું સર્વે વૃતાન્ત જાણીને મુક્તાનંદાદિ સાધુઓની સાથે વિચાર કરતા હતા. (૩૩) શ્રીહરિ બંને ભાઈઓને લાવવા માટે રથ, મેના વગેરે વાહનો સાથે થોડા પાર્ષદો તથા ઘોડેસવારોને મોકલતા હતા. (૩૪)

શ્રીહરિ ત્યાં રાત્રિ રહીને સવારમાં ઘોડી ઉપર બિરાજમાન થયા. રાજા તથા આશ્રિતોએ શ્રીહરિને વળાવ્યા. અને એ રીતે ધોળેરા નગરથી શ્રીહરિ નીકળ્યા.(૩૫) શ્રીહરિ પોતાના સહચારીઓ સાથે મહી નદી ઉતરીને પોતાના ભક્તોને આનંદ આપતા માર્ગમાં પ્રયાણ કરતા પિપ્પલી ગામમાં પધાર્યા. (૩૬)

પછી પિપ્પલી ગામના ભક્તજનો શ્રીહરિ પોતાના ગામમાં આવે છે તે સાંભળીને ગામના અધિપતિ બુદ્ધિમાન, ક્ષત્રિય દાદુભાઈ તથા બીજા ભક્તો સાથે હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ ગયા. (૩૭) પછી દાદુભાઈ ભક્તે નમસ્કાર કરીને શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી ભક્ત વત્સલ શ્રીહરિ પિપ્પલી ગામમાં દાદુભાઈએ આપેલા પોતાના યોગ્ય ઉતારામાં આશ્રિતો સાથે નિવાસ કરતા હતા. (૩૮)

પછી ભગવાન ધર્મપુત્ર શ્રીહરિએ સ્નાન કરીને પોતાનો નિત્ય વિધિ કર્યો. ત્યારબાદ વિવિધ પ્રકારનાં ભોજનો વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૩૯) ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ યથા યોગ્ય જમતા હતા. પછી દાદુભાઈ વગેરે ભક્તો શ્રીહરિને નાના પ્રકારના ઉપહારોથી પૂજતા હતા. (૪૦)

પછી જવા માટે તત્પર થયેલા પ્રત્યક્ષ શ્રીહરિ પોતાને વિષે પ્રેમવાળા ભક્ત દાદુભાઈએ પ્રાર્થના કરી તેથી ત્યાં એક રાત્રિ રહ્યા. (૪૧)

હે રાજન્ ! પછી સવારમાં માણકી ઘોડી ઉપર બિરાજીને આવેલા શ્રીહરિ ભોગવતી (ભોગાવો) નદીને તરીને સાબરમતી નદી પ્રત્યે પહોંચ્યા. (૪૨) પછી આશ્રિતો સાથે શ્રીહરિ સત્યયુગમાં પ્રગટ થયેલી અને ત્યારથી અસ્તિત્વ ધરાવતી સાબરમતી નદી તરીને માર્ગમાં ચાલતા પોતાના ભક્તોના નિવાસ ભૂત ગૂડેલ ગામમાં પધાર્યા. (પાદ્યોત્તર ખંડમાં સાબરમતીના માહાત્મ્યમાં ''**कृते चर्मण्वती नाम त्रेतायां मणिकर्णिका । द्वापरे चन्द्रभागा च कलौ साभ्रमती स्मृता**''(૪૩)

સન્મુખ આવેલા ગુડેલ ગામના ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી અને સમગ્ર મુનિઓ સાથે શ્રીહરિએ ત્યાં વિશ્રામ કર્યો. (૪૪) શૂરવીર મોડજીત, જીજીભાઈ વગેરે શ્રીહરિના ચરણકમળના આશ્રિત ક્ષત્રિય ભક્તો તેમજ બીજા અન્ય ભક્તો વિવિધ પ્રકારના ઉપચારો તથા ભેટોથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪૫, ૪૬) પછી શ્રીહરિ સ્નાન કરીને પોતાનો સર્વે નિત્ય વિધિ કરી ત્યાંના હરિભક્તોએ અર્પણ કરેલા સુંદર બરફી પેંડા વગેરે વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૪૭)

ત્યાગીઓ તથા ગૃહસ્થો સુખડી જમતા હતા. એ રીતે શ્રીહરિ ગૂડેલ ગામના ભક્તોને પોતાનાં દર્શન આપીને સુખ આપતા હતા. (૪૮) પછી ઘોડા ઉપર બિરાજેલા ત્યાંના ભક્તોએ ઈશ્વર શ્રીહરિને વળાવ્યા અને શ્રીહરિ પોતાના સહચારીઓ સાથે બુધેજ ગામમાં પધાર્યા. (૪૯)

શ્રીહરિ પધારે છે તેવું જાણીને જેમને આનંદ થયો છે એવા સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી. ભક્તિ પૂર્વક સન્માનિત કરેલા શ્રીહરિ આશ્રિતો સાથે તે ગામમાં પધાર્યા. (૫૦) બુધેજ ગામમાં ક્ષત્રિય હઠીભાઈ, તેજોભાઈ, ખોડાભાઈ તથા કળીભાઈ વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. (૫૧) તેમજ શ્રીહરિના ચરણ કમળના આશ્રિત હરિસિંહ વગેરે બીજા ભક્તો શ્રીહરિમાં ગાઢ સ્નેહવાળા હોઈ હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૫૨) તે ભક્તો વિવિધ ઉપચારોથી ભક્તિપૂર્વક પૂજન કરતા હતા. પછી શ્રીહરિ ભોજનો જમતા હતા, તેમજ ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ જમતા હતા (૫૩)

પછી શ્રીહરિ સભાના મધ્ય ભાગમાં રમણીય સિંહાસનમાં બિરાજીને ધર્મ, જ્ઞાનાદિ યુક્ત વાર્તા કરીને, પોતાના ભક્તોને સુખ આપતા, પોતાના સહવાસીઓ સાથે ત્યાં રાત્રિ રહ્યા. (૫૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિનું બરવાળા પુર વગેરેમાં આગમન તેના નિરૂપણનો સાડત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૭)



અધ્યાય ૩૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી પ્રાતઃકાળમાં પોતાની માણકી ઘોડી ઉપર બિરાજેલા, મુનિઓ વગેરેથી યુક્ત, ગામના ભક્ત સમુદાય જેમની પાછળ આવે છે અને પીડા નાશ કરનારા છે દર્શન જેમનાં એવા શ્રીહરિ બુધેજ ગામથી નીકળ્યા. (૧) પછી શ્રીહરિ પોતાની પાછળ આવેલા પોતાના

જનોને પાછાવાળીને માર્ગમાં અનુયાયી ભક્તજનો સાથે ચાલતાં નજીક આવેલા પૃથ્વીમાં સમગ્ર દેશોમાં શ્રેષ્ઠ ચારુતર દેશ જોતા હતા. (૨)

હે રાજન્ ! ચારુતર દેશની સમગ્ર પૃથ્વી નાના પ્રાકરના રસવાળી, સમગ્ર ઋતુઓમાં ખેડૂતોને આનંદ આપનારી સ્વાભાવિક, મનોહર, ત્યાંના વાસીજનોને સુખ આપનારી છે. (૩) ગામ તથા શહેરો તથા વનમાં પગલે પગલે અવિકારી, અતિનિર્મળ જળવાળા કૂવાઓ, સરોવરો, નદીઓ તથા વાવ્યો જેમાં છે એવી તે ભૂમિ (૪) જ્યાં રાયણો તથા આંબાના વૃક્ષો અસંખ્ય છે, જ્યાં શરીર ધારીઓને સુખ આપનારા બીજા ઘણાં વૃક્ષો છે (૫)

આમલીઓ, પીલુડાઓ, ખજૂરીઓ, નાળિયેરીઓ, ફણસો, કેળો, દાડમો, કોઠીઓ, મહુડાઓ, ગુંદા, બીલીઓ, ઉમરડા, જાંબુડા, કોકમ, બોરડીઓ, લીંબોળીઓ, નારંગીઓ, લીંમડાઓ, રોહિડા, વંજુલ, સરગવા, ભોજપત્ર, કરમદાં, ખદિર, સોપારી, કરેણ, કદંબ, બોરસલ્લી, કેસર, નાગકેસર, કરંટક તથા જુઈ, માલતી વગેરે ઘણાં વૃક્ષો જ્યાં છે. (૬, ૭, ૮)

સોનેરી ચંપો, કુરબક, આંબલીઓ તથા મોગરો વગેરે પુષ્પની લત્તાઓથી કેવડાના વૃક્ષો તથા બીજા પુષ્પતરુઓ જ્યાં શોભે છે, પીપળા તથા વડ છે મુખ્ય જેમાં એવા વૃક્ષોની છાયાથી મનુષ્યોને સુખ આપનારા, ઘર જેવી આકૃતિવાળા, વિવિધ પ્રકારના વૃક્ષોથી યુક્ત જે દેશ છે. (૯-૧૦)

ઘરના જેવા જ વૃક્ષોથી યુક્ત, જે દેશમાં વટે માર્ગુઓને વનમાં પણ છાયાથી જળફળાદિની પ્રાપ્તિ થાય છે. તેથી ગામની કાંઈ જરૂર રહેતી નથી. (૧૧)

જ્યાં હરિભક્તો પોતાના ધર્મમાં પ્રીતિવાળા છે તથા મનુષ્યો શુભ ગુણોવાળા છે. ભગવાનની કથાના રસને જાણવામાં કુશળ છે માટે જ મુખ્યપણે તે દેશને ચારુતર કહે છે. (૧૨)

જે દેશમાં મનુષ્યો નીતિકુશળ તથા શાસ્ત્રજ્ઞ, કુળવાન, વિવેકી, રૂપવાન અને ભોગથી મુક્ત છે તેમજ પરમાત્માની ભક્તિવાળા છે. (૧૩)

શાસ્ત્ર પ્રમાણે ષોડશોપચારથી દેવસેવા કરે છે, તેમજ સ્ત્રી પુરુષો પરસ્પર સંસર્ગે રહિત થઈ દેવદર્શન તીર્થયાત્રા તથા ક્ષેત્રની યાત્રા શાસ્ત્રવિધિ પ્રમાણે તથા અધિકાર પ્રમાણે કરે છે શાસ્ત્રાધ્યાનાદિની રીત જેવી સુંદર ચારુતર દેશમાં છે તેવી બીજા દેશમાં નથી. (૧૪)

ખેડૂતોના ગ્રામો તથા ખળાં, વાડીઓ વગેરેથી શોભાયમાન નગરો વગેરેના નિવાસથી અતિ રમણીય છે. તેથી દેવતાઓને પણ આશ્ચર્ય પમાડનારો છે માટે સ્વર્ગની ઉપમા આપવા યોગ્ય તે દેશ છે. (૧૫)

નિરંતર શ્રીહરિના ચરિત્રના પદો ગાવામાં કુશળ મનુષ્યોના મનોહર મધુર સ્વરથી જે દેશ ભક્તવત્સલ વૈકુંઠનાથના લોકની પેઠે શોભે છે. (૧૬) જે દેશમાં વેદ શાસ્ત્રો પુરાણોને જાણનારા ઘણા વિપ્રો છે, જ્યાં મનુષ્યો પોતાના વર્ણાશ્રમ ધર્મ પાળે છે. (૧૭) આવા ગુણોથી જે દેશમાં સર્વોપરી શ્રીહરિકૃષ્ણ ભગવાનના સાધુઓ નિરંતર ભજન કરતા વિચરે છે માટે આ લોકમાં ચારુતર દેશ શ્રેષ્ઠ છે. (૧૮)

જે દેશમાં પ્રત્યક્ષ નારાયણની ધર્મે સહિત ભક્તિવાળા અગણિત મનુષ્યો રહે છે તથા જ્યાં શ્રીકૃષ્ણના મંદિરોવાળી, અતિપવિત્ર ભૂમિ છે માટે જ વૃન્દાવનથી પણ તે અતિ શ્રેષ્ઠ છે. (૧૯)

હે રાજન્ ! આવા ચારુતર દેશમાં અત્યંત શોભાયમાન આ વૃત્તાલય પુરમાં શ્રીહરિ પધારે છે. આવી રીતે પૃથ્વી ઉપરના સમગ્ર ગામો, નગરો, દિશાઓમાં તે સમયે અત્યંત ઉદ્‌ઘોષ થયો. (૨૦)

હે નરેશ્વર ! પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન માટે મોટો ઉત્સાહ જેમને છે એવા અસંખ્યજનો વિવિધ પ્રકારના દેશમાંથી હર્ષપૂર્વક તત્કાળ અત્યંત શોભાયમાન આ વૃત્તાલય નગરમાં આવ્યા. (૨૧) હે રાજન્! કોશળદેશ નિવાસી, તેમજ, કાશી દેશ નિવાસી, મૈથિલ નિવાસી, કિલકિલવાસી, ગૌડ દેશના નિવાસી, જગન્નાથપુરીના નિવાસીઓ બંગદેશના નિવાસી ગયા નગરના તથા પ્રયાગદેશના નિવાસી ઘણા ભક્તજનો આ વૃત્તાલય પુરમાં આવ્યા. (૨૨)

શોણ ભદ્રા નદીને તીરે રહેનારા તથા વૃંદાવનવાસીઓ, મથુરા તથા શૂરસેન દેશના નિવાસિઓ, અવંતિદેશના નિવાસીઓ, કૌશલ દેશ તેમજ તેની પાસેના અન્ય પૂર્વ દિશામાં રહેનારા હજારો ભક્તો વૃત્તાલયમાં આવ્યા. તેમજ ઉત્તર પ્રદેશ કાશ્મીર-હરદ્વાર વગેરેના વાસી પણ આવ્યા. (૨૩)

કુરૂક્ષેત્ર પુષ્કર પ્રાંત, મરુદેશ, ધન્વદેશ તેમજ અર્બુદ પર્વત પ્રદેશમાં રહેનારા હજારો હજાર અને સિદ્ધપદ તેમજ ઉત્તર દેશમાં રહેનારા હજારો જનો આ વૃત્તાલય પુરમાં આવ્યા. વળી પશ્ચિમ દેશ, સિંધુ દેશ, કચ્છ દેશ તેમજ પશ્ચિમ દિશા તરફના દેશોમાંથી પણ ભક્તો અહીં આવ્યા. (૨૪-૨૫)

સૌરાષ્ટ્ર, પંચાલ દેશ, સૌવીર દેશ અને તેના અવાન્તર દેશના ઘણા ભક્તો અહીં આવ્યા. તેમજ દક્ષિણ દેશ એટલે કે સેતુબંધ સમીપના નિવાસી જનસમુદાયો પણ અહીં આવ્યા. (૨૬) વૈકંટાદ્રિ, કાંચીપુર, દંડકારણ્ય વન, મલયાચલ તથા વિંધ્યાચલ પર્વતનો પ્રદેશ તથા તાપી તટના પ્રદેશમાં તથા નર્મદાને કાંઠે રહેનારા ગુજરાત દેશના નિવાસિ તત્કાળ આ વૃત્તાલયપુરમાં દક્ષિણ દિશાથી આવ્યા. (૨૭, ૨૮)

તે સર્વેજનો - સ્ત્રી-બાલ-વૃદ્ધાની સાથે આસક્ત ચિત્તથી નારાયણના દર્શન કરવા ગાડાઓમાં સરસામાન લઈ આ વૃત્તાલયમાં આવ્યા. (૨૯) જો માર્ગમાં ચાલવાની શક્તિ હોય તો અમારી સાથે આવો. આવી રીતે ઘેરથી નીકળવાના સમયે પોતાના પુત્રોએ વૃદ્ધોને કહ્યું હતું. તો પણ પ્રત્યક્ષ ભગવાનના દર્શનમાં ઉત્કંઠાવાળા વૃદ્ધો હાથમાં લાકડીઓ લઈને જુવાન માણસોની સાથે ચાલતા, ચાલવાના પ્રયાસથી જેમને અત્યંત શ્વાસ ચઢી ગયો છે અને મુખ પહોળાં થઈ ગયાં છે, જે દાંતે રહિત છે એવા છતાં સુખથી ઉચ્ચ સ્વરે શ્રીહરિના નામનું ઉચ્ચારણ કરતા આ વૃત્તપુરીમાં આવ્યા. (૩૦)

શ્રીહરિના પહેલાં દર્શન હું કરીશ બીજો કહે હું પહેલાં દર્શન કરીશ, એમ અતિ હર્ષપૂર્વક અન્યોન્ય કહેતા બાળકો આગળ ચાલતા, ચંચળ સ્વભાવવાળા, માર્ગમાં અતિ ઉતાવળથી દોડતા, શ્રીહરિના ચરણકમળના દર્શનમાં ઉત્કંઠાવાળા, પોતાના જનોને વિસ્મય પમાડતા અહીં આવ્યા. (૩૧)

હે રાજન્ ! સ્ત્રીઓ પણ પોતાના પ્રત્યક્ષ ઈષ્ટદેવે બાંધેલી મર્યાદાનું પાલન કરતી માર્ગમાં ક્યારેય પણ પુરુષોનો સ્પર્શ નહીં કરતી અને સમુદાયથી છેટે ચાલતી વૃત્તાલયપુરમાં આવી. (૩૨)

જુદાજુદા દેશથી આવેલા પૂર્વે કહેલા જનોના સમુદાયોમાં, મહી નદી, વેત્રવતી (વાત્રક) તથા વિખ્યાત સાભ્રમતી નદીના મધ્ય પ્રદેશમાં હે ભૂપ ! અતિ ભીડ થઈ. (૩૩)

હે રાજન્ ! જનોના સમુદાયો સમગ્ર પૂરોમાં અતિ શ્રેષ્ઠ ચારુતર દેશના આ વૃત્તાલય પુરની ચારેય બાજુ શ્રીહરિના દર્શનના ઉત્સાહથી ઉતારાઓ કરતા હતા. (૩૪)

કેટલાક જનો મોટા તળાવોના કાંઠા ઉપર ઉતારો કરતા હતા. કેટલાક જનો નદીના તીર ઉપર નિવાસ કરતા હતા, કેટલાક જનોએ ગામના સમીપ ભાગમાં નિવાસ કર્યો. કેટલાક જનોએ ગામની અંદર નિવાસ કર્યો. તે જનો આવી રીતે ઉતારાની યોગ્ય ગોઠવણ કરીને અમોને ક્યારે શ્રીહરિના દર્શન થશે એમ વિચારો કરતા હતા. (૩૫, ૩૬)

પ્રસન્ન ચિત્તવાળા તે જનો દશમને દિવસે તત્કાળ ભોજન કરીને, ભેગા થઈને સુખપૂર્વક બેઠા બેઠા હે અવનિપતે ! પ્રિય શ્રી હરિકૃષ્ણ ભગવાનના શુભ આગમનની રાહ જોતા હતા (૩૭)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં પંચમ સ્કંધમાં ચારુતર દેશવર્ણન અને વૃત્તાલયમાં અનેક દેશના ભક્તોના આગમનનું વર્ણન કર્યું એ નામે આડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૮)



અધ્યાય ૩૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ફાગણ શુદી દશમને દિવસે પોતાના ભક્તોની સાથે ચાલતા અને દૃષ્ટિથી દેશને પવિત્ર કરતા શ્રીહરિ પીપલાવ ગામમાં પધાર્યા. (૧) સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું અને પ્રાર્થના કરી. શ્રીહરિ ભક્તો ઉપર વાત્સલ્ય હોવાથી આશ્રિતોની સાથે ત્યાં રહ્યા. (૨)

પીપલાવ ગામમાં બુદ્ધિમાન, પ્રભાશંકર, દાજીભાઈ દયારામ વગેરે બ્રાહ્મણો શ્રીહરિની ભક્તિપૂર્વક અત્યંત સેવા કરતા હતા. (૩) બહેચર, લક્ષ્મીરામ વગેરે બ્રાહ્મણો પણ પોતાને અતિપ્રિય શ્રીહરિની ભક્તિપૂર્વક અત્યંત સેવા કરતા હતા. (૪)

હે રાજર્ષે ! ભગવાન શ્રીહરિ પીપલાવ ગામમાં સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરીને, વિવિધ પ્રકારના ભોજન બનાવી વિષ્ણુને નિવેદન કરીને જમતા હતા. (૫) સમગ્ર બ્રહ્મચારીઓ, મુનિઓ, ઘોડેસવારો તથા પાર્ષદો મનને આનંદ આપનારા મોદકો જમતા હતા. (૬)

પછી સર્વે ભક્તજનો તેમજ પીપલાવ ગામના નિવાસિ હરિજનો મનોહર ઉપચારોથી પ્રિય શ્રીહરિનું આદરપૂર્વક પૂજન કરતા હતા. (૭) હે ભૂપતે ! પછી પોતાની ઘોડી ઉપર બિરાજેલા શ્રીહરિને અત્યંત સ્નેહવાળા હરિભક્તોએ વળાવ્યા. શ્રીહરિએ સ્વાશ્રિતોથી વીંટાઈને ત્યાંથી પ્રયાણ કર્યું. (૮) હે રાજન્!

પછી શ્રીહરિ વળાવા આવેલા ભક્તજનોને પાછા વાળીને પોતાના આશ્રિતોની સાથે ચાલતા દશમીને દિવસે સાયંકાળે મનોહર વૃત્તાલયપુરમાં પધાર્યા. (૯)

દેશાંતરથી વૃત્તાલયપુરમાં આવેલા ત્યાગીજનો જેમણે સમીપના ગામોમાં (જોળ, નરસંડા, સંજાયા, બામરોલી વગેરે ગામોમાં) ઉતારો કર્યો હતો. તે સર્વે તે સમયે શ્રીહરિ પધાર્યા છે તે સાંભળીને તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા. (૧૦) મોતીઓરૂપી સદ્‌ગુણોના સ્થાનભૂત પોતાના નિવાસના સ્થાનભૂત શુદ્ધ જળવાળા માનસ સરોવર પ્રત્યે લક્ષ્ય રાખીને અંતરિક્ષમાં ગતિવાળા હંસો જેમ જાય છે તેમ, સર્વ સંતો કલેશનો નાશ કરનાર છે દર્શન જેમના એવા અને ભક્તોને આનંદ આપનારા, અત્યંત સ્નેહના સ્થાનભૂત શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને હર્ષપૂર્વક તેમની સન્મુખ દોડતા હતા. (૧૧)

પછી હે રાજન્ ! વિનય અને નમ્રતાવાળા સર્વ મુનિઓ સર્વેશ્વર પૂર્ણકામ ઈષ્ટદેવ શ્રીહરિને મળીને વારંવાર તેમના દર્શન કરીને હર્ષપૂર્વક તેમને દંડવત્ પ્રણામ કરતા હતા. (૧૨)

પોતાના આશ્રિત ભક્તોનું રક્ષણ કરનારા શ્રીહરિ, પોતાની સન્મુખ આવેલા, પોતાના સ્વરૂપમાં જ નેત્રની દૃષ્ટિ સ્થિર થઈ છે એવા વંદન કરતા સમગ્ર સાધુઓને આનંદ પમાડતા તેમની યથા યોગ્ય સંભાવના કરતા હતા. (૧૩) દયાથી કોમળ શ્રીહરિ પોતાના કેટલાક સાધુઓને હાથથી સ્પર્શ કરી, કેટલાકને મધુરવાણીથી બોલાવી, કેટલાકને અભય દાનથી, કેટલાક પ્રત્યે મધુર સ્મિત ભરી દૃષ્ટિથી જોઈ, તેમની સર્વની સંભાવના કરતા હતા. (૧૪)

પછી વડતાલપુર સમીપે આવેલા મહાઆનંદમાં નિમગ્ન ચિત્તવાળા મુનીન્દ્રો શ્રીહરિની સાથે આવેલા સર્વે મુનિઓને જોઈને તેમને આલિંગન કરતા હતા. (૧૫) શ્રીહરિમાં દર્શન કરવા દેશાંતરથી આવેલા ઘણા ભક્તો પણ પૂર્વદિશા તરફ સ્થિર દૃષ્ટિ કરતા શ્રીહરિનું આગમન સાંભળીને, તત્કાળ જેમ પ્રાણના સંચારથી દેહ ઊભો થયા તેમ હર્ષથી ઊભા થયા. (૧૬)

પછી લાખો ભક્તો દાવાગ્નિથી બળેલા વનના હાથીઓ શીતળ અને પવિત્ર જળવાળા ગંગાના ધરા પ્રત્યે જેમ તત્કાળ જાય તેમ શ્રીહરિકૃષ્ણ સન્મુખ ગયા. (૧૭) હે રાજન્ ! તે સમયે હર્ષથી જેમણે સર્વ કામકાજનો ત્યાગ કર્યો છે તેવા વૃત્તાલયપુરના નિવાસી ચારેય વર્ણના જનો, ભૂખ્યા માણસો અમૃતનું પાન કરવા માટે જેમ દોડે તેમ શ્રીહરિની સન્મુખ ગયા. (૧૮)

હે નૃપતે ! શ્રીહરિનાં દર્શન કરવા માટે અત્યંત ઉત્સાહવાળા વૃત્તાલયપુરના નિવાસી સમગ્ર જનો, આર્થિજનો દાતાર પાસે જેમ જાય તેમ ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિની સન્મુખ તત્કાળ ગયા. (૧૯)

નાના પ્રકારના વાજિંત્રોના ધ્વનિ સહિત શ્રીહરિની સન્મુખ જતા પુરજનો જેમનું ચિત્ત અત્યંત આનંદથી વ્યાપ્ત થયું છે તેઓ સર્વે હર્ષપૂર્વક શ્રીહરિના કલ્યાણકારી પદો ગાતા હતા. (૨૦) શ્રીહરિની સન્મુખ જતા પુર નિવાસી ભક્તો તથા અન્ય મનુષ્યો શ્રીહરિની આગળ વાગતા વાદ્યોનો ઘોષ દૂરથી સાંભળીને, શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા હોઈ તેમની સન્મુખ દોડતા હતા. (૨૧)

હજારો હજાર ભક્તો શ્રીહરિની આગળ ચાલનારા શોભાયમાન મુનિઓને જોઈને તથા તેમને નમસ્કાર કરીને પછી શ્રીહરિના દર્શન કરતા તત્કાળ પૃથ્વી ઉપર સાષ્ટાંગ દંડવત્ કરતા હતા. (૨૨) આંખમાં અશ્રુથી રોમાંચિત ગાત્રવાળા કુબેર વગેરે પુરના ભક્તો તથા બીજા દેશાન્તરથી આવેલા હરિજનો શ્રીહરિની સમીપ જઈને, શ્રીહરિના દર્શન કરીને ચન્દ્રમાને જોઈને જેમ ચકોરો હર્ષ પામે તેમ હર્ષ પામ્યા. (૨૩)

ઘોડી ઉપર બિરાજમાન થયેલા અતિ ચપળ, સુવર્ણની સુંદર લગામ ધારણ કરતા, ઘોડેસવારોથી વીંટાયેલા, દર્શનીય, જેમની આગળ શસ્ત્રધારી પાર્ષદ વૃન્દ ચાલે છે એવા (૨૪) મંદહાસ્યની કાન્તિથી અતિ શોભાયમાન, પોતાના મુખની શોભાથી લજ્જિત કર્યા છે અનેક કમળ તથા ચંદ્ર જેમણે એવા, અપાર કરુણારૂપી સુધારસના પ્રવાહથી કોમળ, અરવિંદના પત્રની કોમળતાનો તિરસ્કાર જેમના નેત્રો કરે છે એવા (૨૫) અસંખ્ય કામદેવની સુંદરતા જેવા સ્વરૂપવાન, ધીમેધીમે ઘોડી ચલાવતા,સારી રીતે ઉછળતા તોરાની સુંદર શોભાથી દર્શનીય એવા. (૨૬)

સોનેરી પાલવવાળા તથા અતિ મૂલ્યવાળા, શ્વેતવસ્ત્રથી જેમણે પોતાની કેડ બાંધી છે એવા, જેમને શ્વેત વસ્ત્ર શોભે છે એવા, પુષ્પોના ઉત્તમ હાર ધારણ કરનારા. (૨૭) પોતાની સન્મુખ દોડતા પોતાના ભક્તોને દર્શનીય, કૃપાકટાક્ષોથી ચારેય તરફ જોઈને મારે વિષે આ આવા પ્રકારના પ્રીતિવાળા છે એવા આશ્ચર્યથી હસતા, મુખ આગળ રૂમાલ રાખીને મંદહાસ્ય કરતા, અક્ષરાદિના પણ નિયંતા, ડાબા હાથથી પોતાના ભક્તોને અભયદાન આપતા. (૨૮)

દયાળુ શ્રીહરિ પોતાના ભક્તોને બંને હાથના સ્પર્શથી, કેટલાકને પોતાના નયન કટાક્ષોથી, કેટલાકને મધુર વાણીથી, કેટલાકને દયાર્દ્ર દૃષ્ટિથી, કેટલાકને મંદ હાસ્યથી એ રીતે સર્વની સંભાવના કરતા હતા. (૨૯) સર્વ શ્રેષ્ઠ જય શ્રીસ્વામિનારાયણ આ પ્રકારની વાણીને ઊંચા સ્વરથી બોલતા, વૃત્તાલયપુરના સર્વે નિવાસી હરિભક્તો તથા બીજા દેશાન્તરીય હરિભક્તો શ્રીહરિની સાથે આવેલા તે હરિજનોને ભેટતા હતા. (૩૦) તે સમયે હે રાજન્ ! શ્રીહરિનું આગમન સાંભળીને જેમને અત્યંત આનંદ થયો છે એવી વૃત્તાલય પુર નિવાસી સ્ત્રીઓ તો ભ્રાંતિથી પોતાના ભૂષણો તથા વસ્ત્રો પણ યથાવત્ ધારણ કરવા શક્તિમાન થઈ શકી નહીં. (૩૧) વસ્ત્રો તથા અલંકારો જેમણે અસ્તવ્યસ્ત ધારણ કર્યાં છે એવી સ્ત્રીઓ, જેમના ચિત્ત શ્રીહરિના દર્શનમાં ઉત્કંઠાવાળા છે તે સર્વે શ્રીહરિનાં દર્શન માટે પોત પોતાના ભુવનમાંથી નીકળીને તત્કાળ શ્રીહરિ પ્રત્યે દોડતી હતી. (૩૨)

હે રાજન્ ! તેમાં વીજળીની માફક કેટલીક ચંચળ સ્ત્રીઓ પોતાના ઘરને વાળતી, સાફ કરતી તે કાર્યનો ત્યાગ કરીને પીડાનાશ કરનારા શ્રીહરિના દર્શન માટે પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવતી હતી. (૩૩) કેટલીક સ્ત્રીઓ ગાયો દોહવાના કામનો ત્યાગ કરીને શ્રીહરિની સન્મુખ જતી હતી. કેટલીક સ્ત્રીઓ કરવા માંડેલી રસોઈનો ત્યાગ કરીને શ્રીહરિની સન્મુખ જતી હતી. (૩૪) કેટલીક સ્ત્રીઓ હે રાજન્ ! ભોજન કરતી, ભોજનનો ત્યાગ કરીને, કેટલીક સ્ત્રીઓ સ્નાન કરતી, સ્નાનનો ત્યાગ કરીને, કેટલીક ચૂલા ઉપર ગરમ કરવા મૂકેલા દૂધને પણ ઉતાર્યા વિના શ્રીહરિની સન્મુખ જતા હતા. (૩૫)

કેટલીક સ્ત્રીઓ પુત્રોને સ્તનપાન કરાવતી હતી તે છોડાવીને પિતા પુત્રોનો પણ ત્યાગ કરીને તત્કાળ શ્રીહરિની સન્મુખ જતી હતી. કેટલીક ઘર લીંપતી તથા કેટલીક તેલ મર્દન કરતી, તે સર્વ કાર્યનો ત્યાગ કરીને શ્રીહરિની સન્મુખ જતી હતી. (૩૬) કેટલીક પોતાના નેત્રોમાં અંજન આંજતી તે અંજન ક્રિયાનો ત્યાગ કરીને શ્રીહરિની સન્મુખ જતી હતી. કેટલીક બંને હાથમાં ધારણ કરવા યોગ્ય કંકણ, કુંડળ વગેરે આભૂષણો એક હાથમાં પહેરીને તત્કાળ શ્રીહરિની સન્મુખ જતી હતી. (૩૭)

કેટલીક પ્રત્યક્ષ શ્રીહરિનું જ ચિંતવન કરતી તથા કેટલીક માનસિક ઉપચારોથી પોતાના ઈષ્ટ શ્રીહરિનું પૂજન કરતી તે ચિંતવનનો ત્યાગ કરીને જેનું ચિંતવન કરાય છે તે પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન માટે શ્રીહરિની સન્મુખ જતી હતી. (૩૮) કેટલીક પ્રત્યક્ષ શ્રીહરિના સમાધિમાં દર્શન કરતી, શ્રીહરિને તત્કાળ અંતર્ધાન થયેલા અને ત્યાં આવેલા સાંભળીને ભયથી ઊઠીને અત્યંત સ્નેહ પૂર્વક તત્કાળ શ્રીહરિની સન્મુખ જતી હતી. (૩૯) શ્રીહરિના દર્શનથી અતિ ઉત્સાહિત છે મન જેમનાં એવી, વૃત્તાલય પુરની સ્ત્રીઓ તથા દેશાન્તરથી આવેલી અન્ય ભક્ત સ્ત્રીઓ ભક્તના નેત્રોને મંગળકારી, દર્શનીય, શ્રીહરિનાં દર્શન કરીને અત્યંત સ્નેહથી જેમનાં નેત્રમાં અશ્રુ ઉભરાય છે એવી બની પૃથ્વી ઉપર મસ્તક મૂકીને શ્રીહરિને નમસ્કાર કરતી હતી. (૪૦)

અતિપ્રિય શ્રીહરિનાં દર્શન કરીને, તેમને હૃદયમાં પધરાવીને, પોતાના મનથી શ્રીહરિને ગાઢ આલિંગન કરીને મહાઆનંદ પામતી સ્ત્રીઓ તે સમયે રોમાંચિત ગાત્રવાળી બની ગઈ. (૪૧) વૃત્તાલય પુરની તથા દેશાન્તરની સર્વે સ્ત્રીઓ જય શ્રીસ્વામિનારાયણ એમ બોલતી શ્રી સ્વામિનારાયણની સાથે આવેલી હરિભક્ત સ્ત્રીઓને જોઈને હર્ષપૂર્વક દોડીને તેમને ગાઢ આલિંગ કરતી હતી. (૪૨)

પછી કુબેરભક્ત તથા જોબનભક્ત સુંદર ચામરો લઈને શ્રીહરિને બંને પડખે ચાલતા ઈષ્ટદેવ શ્રીહરિને ચમ્મર ઢોળતા હતા. (૪૩) કુબેર તથા જોબન બંને તે સમયે હજારો હજાર મોટી દીવીઓ તત્કાળ કરાવતા હતા, જે દીવાઓના મહા પ્રકાશમાં ચંદ્રનું તેજ પણ લીન થઈ ગયું.(૪૪)

દીવાઓના મહા તેજથી સર્વ દીશાઓનો અંધકાર તત્કાળ વિલીન થઈ ગયો. તે સમયે તેજનો સમુદાય જોઈને લોકોને રાત્રિમાં પણ દિવસની ભ્રાંતિ થઈ. (૪૫)

બંધૂકોને ધારણ કરનારા હજારો પાર્ષદો પ્રસન્ન થઈ બંધૂકોના અવાજો કરતા હતાં. જે બંધૂકોનાં ભડાકાઓથી ચારેય તરફ સર્વ વન ગાજતું હતું. (૪૬) નગારાનો મહાધ્વનિ તથા મૃદંગ, મુરજ, ભેરી, દુંદુભિ, શંખ, કાંસીજોડા વગેરેનો મોટો ધ્વનિ તે વખતે થયો. (૪૭)

મોટા વાદ્યોના નાદ થવાથી તે સમયે કોઈ કાંઈક બોલતું તો તે શબ્દો કોઈપણ માણસ સાંભળી શકતો નહોતો. તે સમયે હાથની સંજ્ઞાથી સૌ કામકાજ બતાવતા હતા. (૪૮) તે સમયે શ્રીહરિના દર્શન કરતા બંદિજનો, પવિત્ર કીર્તિવાળા શ્રીહરિ, જગતને પવિત્ર કરવામાં સમર્થ, મહામુક્તોએ પણ જેમના અતિ કલ્યાણકારી યશનું અતિ હર્ષપૂર્વક ગાન કર્યું છે તેમનું ગાન કરતા હતા. (૪૯)

આકાશમાં રહેલા દેવ સમૂહો અતિ હર્ષપૂર્વક આશ્ચર્યવત્ દર્શન કરતા, તે સમયે મનોહર નંદન

નામના સુંદર બગીચામાં ઉત્પન્ન થયેલા પુષ્પોથી વધાવેલાં વાદ્યોનો મહાધ્વનિ સાંભળતા, લાખોજન સમૂહથી વીંટાયેલા, સુંદર છત્ર તથા ચામરોથી અત્યંત શોભતા શ્રીહરિએ વૃત્તાલયપુર જોયું. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં જુદા જુદા દેશથી આવેલા ભક્તો તથા પુરના ભક્તો શ્રીહરિ સન્મુખ ગયા. તે નિરૂપણ નામે ઓગણચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૯)



અધ્યાય ૪૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શોભાયમાન અનેક વર્ણવાળા સુંદર તોરણો, મનોહર શેરડીના દંડો સહિત કમળ તથા સોપારી અને કેળના સ્તંભોથી દરેક ભુવનના દ્વાર શોભતા હતા. (૧) દરેક આંગણાં, આંબા તથા અશોકના નવીન પત્રો તથા રેશમી વસ્ત્રોથી શોભાયમાન તથા પુષ્પની માળાઓ, ચારેય તરફ કરેલા દીવાઓની પંક્તિથી યુક્ત, મનોહર કુમકુમ તથા અક્ષતથી કરેલા સ્વસ્તિકના મધ્યભાગમાં મૂકેલા મીઠા પાણીથી ભરેલા કળશોથી શોભાયમાન; (૨)

સરખી બાંધણીવાળા, સુંદર ઉલ્લોચોવાળા, નાના પ્રકારની સામગ્રીઓ સહિત અનાજ ભરવાની અતિ સુંદર કોઠીઓવાળાં, વિવિધ પ્રકારના ઊંચા ઘરોથી શોભાયમાન;(૩)

સુંદર કિલ્લાઓવાળું, સરખી બાંધણીથી શોભાયમાન, શ્રેષ્ઠ દુકાનો તથા વેચવાની વસ્તુઓના સમુદાયથી શોભાયમાન, વેદ ભણતા બ્રાહ્મણોના ઉંચા મધુર અને મનોહર સ્વરથી વિશેષ શોભતું. (૪) સાફ કરેલા ચંદનના જળથી છંટાયેલા માર્ગો તથા આંગણાઓ, શેરીઓ તથા મંદિરોવાળું, વેરાયેલા ડાંગરની ધાણીરૂપી પુષ્પોથી શોભાયમાન, માટે જ સ્વર્ગ જેવું મનોહર; (૫)

દુકાનોની પંક્તિઓમાં પ્રકાશતા દીવાઓની પંક્તિઓથી શોભાયમાન, સભામંડપથી શોભતું, તેમજ વિવિધ પ્રકારના કમળવાળા સરોવરોથી ચારેય તરફ શોભાયમાન; (૬) ફળો તથા પુષ્પોના ભારથી નમેલા, વિવિધ પ્રકારના પોપટ તથા કોયલ, સારસ વગેરે પક્ષીઓના ગુંજનથી તેમજ શ્રેષ્ઠ વૃક્ષોથી ચારેય તરફ વીંટાયેલું અને તેથી જ જાણે કિલ્લાની શોભા યુક્ત હોય એમ શોભતું; (૭)

પુષ્પો, પલ્લવો તથા ફળોથી નમેલાં વૃક્ષોથી યુક્ત, ગુંજારવ કરતા મદોન્મત્ત ભમરાઓના સમૂહોથી સેવાયેલા મધુર શબ્દ કરતા વિહંગોના જોડલાવાળા, અધિક શોભાવાળા બગીચાઓથી ચારેય તરફ અત્યંત શોભતું; (૮) ફાંસડાઓ, ઓટલીઓ તથા ચોખંડીઓમાં રહેલા મધુર સ્વરવાળા પક્ષીઓના ગુંજારવથી ગાજતું, અતિ સુંદર ભુવનોના જાળીયામાંથી નીકળેલા અગર ચંદનના ધૂમાડાઓથી અતિ શોભાયમાન; (૯)

પુરુષોત્તમ એવા શ્રીહરિના આગમનના આનંદથી રાજમાર્ગમાં આવેલા જનોએ ધારણ કરેલા સુંદર વિભૂષણો તથા પ્રકાશાન વસ્ત્રોવાળાં દેવોથી પણ રમણીય જાણે અમરાવતીને પણ જીતતું હોય

ને શું ? એવું શોભાયમાન. (૧૦)

પુરુષોત્તમ શ્રીહરિના આગમનથી મહાન ઉત્સવવાળું વૃત્તાલયપુર ભગવાનના કલ્યાણકારી સમ્બન્ધથી રહિત સ્વર્ગને જાણે, શોભાયમાન ગૃહો તથા બગીચામાં ફુલેલાં મોગરાના પુષ્પોના બહાનાથી હસતું હોય ને શું ? (૧૧) સુંદર વિવિધ પ્રકારના વાદ્યોથી શોભાયમાન જે પુર, સુગંધિવાળા પુષ્પોના રસના લોભથી સંભ્રમણ કરતા ભમરાઓના અતિ હર્ષપૂર્વક ગુંજારવથી શ્રીહરિનું જાણે ગાન કરતા હોયને શું ? (૧૨) આવી રીતે અતિ શોભાયમાન વૃત્તાલયપુરમાં પ્રવેશ પામેલા સ્પૃહણીય, સદ્‌ગુણના સમુદ્ર, શ્રીહરિના દર્શન માટે પોતાના સમગ્ર કાર્યનો ત્યાગ કરીને, ભેગા થઈને લોકો દરેક માર્ગમાં આવ્યા. (૧૩)

ધર્મપુત્ર, સાધુઓના પતિ, શ્રીહરિનાં દર્શન માટે એક બીજાની ઉપર પડતા જનસમુદાયોથી, સીમા ઉલ્લંઘન કરનારાં સમુદ્રના પાણીથી પૃથ્વી જેમ ઉભરાય તેમ વૃત્તાલયપુર લોકોની ભીડથી અત્યંત ઉભરાવવા લાગ્યું. (૧૪) ત્યાં રાયજીત વગેરે વણિકજનો, વાસણ સુથાર વગેરે ભક્તોના સમુદાયો ઉત્તમ કુમકુમ, અક્ષત, સુંદર પુષ્પો, ચંદન વગેરેથી દેવેન્દ્રોએ પૂજેલા શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૫)

પોતાના નેત્ર તથા મનને આનંદ આપનારા, રૂપ, શીલ, માધુર્યના સમુદ્રરૂપ એવા શ્રીહરિના દર્શન કરીને, સૂર્યનારાયણના દર્શનથી કમળો જેમ હર્ષ પામે તેમ મહાઆનંદ પામ્યા. (૧૬) દરેક રસ્તામાં દયાળ, વનમાળી વગેરે બ્રાહ્મણોના સમૂહો સમગ્ર ઉપચારોથી શ્રીહરિનું સમર્ચન કરીને અતિ મધુર સ્વરોથી ભગવાનના યશને જણાવનારી શ્રુતિઓ બોલતા હતા અને એ રીતે પરમેશ્વર શ્રીહરિને શુભ આશીર્વાદ આપતા હતા. (स्वति न इन्द्रो वृद्धश्रवाः । शतं जीवेम शरदः ઈત્યાદિ ઋચાઓ બોલીને આશીર્વાદ આપતા હતા.) (૧૭) કેટલાક લોકો કાંસી તથા મંજિરા વગાડતા મૃદંગના શબ્દોની સાથે શ્રીહરિનું ગાન કરતા હતા. કેટલાક તાળી વગાડવા પૂર્વક શ્રીહરિના ગુણગાન ઊંચા સ્વરથી ગાતા હતા. કેટલાક જનો હર્ષથી જય જય શબ્દ કરતા હતા. (૧૮)

હે રાજન્ ! જ્યારે દુંદુભીઓના મેઘ સમાન ધ્વનિમાં સર્વ શબ્દો રૂંધાઈ ગયા હતા તે સમયે મધુર શબ્દવાળા મયૂરો જાણે મેઘનો શબ્દ થાય છે એવી ભ્રાંતિથી અત્યંત આનંદિત થઈ નૃત્ય કરતા હતા. (૧૯) સ્વર્ગમાં અતિ મહાન દેવદુંદુભિના ધ્વનિથી સ્વચ્છ દિશાઓમાં અત્યંત પડઘા પડતા હતા અને તેથી શ્રીહરિના પ્રતાપથી અસુર ગુરુઓના સમુદાયો પલાયન થતા હતા તે જોઈને દીશાઓ જાણે અટ્ટ હાસ્ય કરતી હોયને શું ? એવું લાગતું હતું. (૨૦)

સત્ય, શૌચાદિક ગુણો તથા નિરવધિકાતિશય સુખના સમુદ્ર, સકલેશ્વર પુરુષોત્તમના દર્શનની તીવ્ર ઈચ્છાથી જેમના મન આકર્ષાયા છે તેવા દેવોના વિમાનોથી સમગ્ર આકાશમાં પણ અત્યંત ભીડ થઈ. (૨૧) આકાશમાં ભેગા થયેલા દેવ ગાયકો મધુર સ્વર તથા મૂર્છનાઓથી નાના પ્રકારના શ્રેષ્ઠ વાદ્યો વગાડતા શ્રીહરિનું ઉચ્ચ સ્વરથી ગાન કરતા હતા. અપ્સરાના ગણો નૃત્ય કરતા હતા. તે સમયે ગાંધર્વો પણ ગાન કરતા હતા. (૨૨)

કરોડો કામદેવોનો ગર્વ હણનારા, ધર્મવંશના ઉત્તમ આભૂષણ રૂપ, શ્રીહરિનાં દર્શન માટે પુરની હજારો સ્ત્રીઓ જેમના કામ અધૂરા રહ્યા છે એવી તત્કાળ રસ્તાઓ ઉપર આવી. (૨૩) તે સમયે ત્યાગ કર્યા છે ગૃહ કાર્યો જેમણે એવી સ્ત્રીઓ શ્રીહરિના દર્શન માટે હર્ષપૂર્વક અતિ ઉંચી ઘરની અગાસીઓ ઉપર બેઠી હતી. કેટલીક સ્ત્રીઓ સર્વ કાર્યનો ત્યાગ કરી ગૃહની મેડીઓ ઉપર બેઠી હતી. (૨૪)

પછી અવતારી પુરુષોત્તમ શ્રીહરિના દર્શન કરી પરમાનંદ પામેલી તેમને પ્રણામ કરતી સ્ત્રીઓ, શ્રીહરિને પુષ્પો તથા ધાણીથી વારંવાર વધાવતી હતી. (૨૫) સંસારનો ભય નાશ કરનારા પુરુષોત્તમ શ્રીહરિના દર્શનથી મહા આનંદ પામેલી પુરની સ્ત્રીઓએ તે સમયે પરસ્પર ઉચ્ચારણ કરેલી વાણી ઉપનિષદોથી પણ અતિ મનોહર હતી. (૨૬)

પુરની સ્ત્રીઓ કહે છે :- હે અબળાઓ ! જે આત્યંતિક પ્રલયમાં પણ મૂળમાયાથી પણ પર, અતિ રમણીય, પોતાના અક્ષર બ્રહ્મધામમાં અક્ષર સંજ્ઞક પાર્ષદોથી જે વીંટાયેલા વિરાજે છે તે આજ છે, માટે સંદર્શનીય છે જ. (૨૭)

આ શ્રીહરિ જ સૃષ્ટિ સમયમાં અક્ષરાત્મક મૂળપુરૂષ દ્વારા મૂળ માયા તરફ દૃષ્ટિ કરે છે. મૂળ પ્રકૃતિ તથા મૂળ પુરુષ દ્વારા અસંખ્ય પ્રધાન પુરુષનાં જોડકાં ઉત્પન્ન થાય છે. અગણિત પ્રધાનપુરુષના જોડકાંઓથી અગણિત મહાદાદિ તત્વનો પ્રાદુર્ભાવ થાય છે. (૨૮) તે તત્વોથી જ શોભાયમાન વૈરાજપુરુષ ઉત્પન્ન થાય છે. વૈરાજપુરુષથી બ્રહ્મા વિષ્ણુ અને શંકર ઉત્પન્ન થાય છે. તેમાં બ્રહ્મા જગત સર્જે છે, વિષ્ણુ આ જગતનું પોષણ કરે છે, શંકર સંહાર કરે છે. (૨૯) હે સખી ! વેદોમાં જેનો આવો મહિમા કહ્યો છે સર્વનો નાશ કરનાર કાળને પણ કુટિલ દૃષ્ટિથી ભય પમાડનાર એવા નેત્રોના વિલાસવાળા, આ સ્વયં ધર્મના પુત્ર શ્રીહરિ અમોને દૃષ્ટિથી પાવન કરતા જાય છે. (૩૦) આ લોકમાં નાથેલા બલીર્વદો ખેડૂતને જેમ વશ વર્તે છે તેમ સમગ્ર બ્રહ્માદિક દેવતાઓ જેમને અત્યંત વશ વર્તે છે, જેનાથી ભયભીત થઈને રાત્રિ દિવસ શ્રીહરિએ કરેલી આજ્ઞાનું જ પરિપાલન કરે છે. (૩૧)

હે વનિતા ! જેમને પુરાતન મુનિઓ સર્વથી પર અક્ષરબ્રહ્મ તેનાથી પણ સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ ઐશ્વર્યાદિથી વિલક્ષણ સર્વોત્તમ પુરાણપુરૂષ કહે છે. ઈન્દ્રિયો તથા મનને અત્યંત અગોચર કહે છે, તે પ્રભુ અહીં પધાર્યા છે. માટે આપણે તેમનાં દર્શન કરવા, અત્યંત પ્રયત્નથી પણ વશ કરવા માટે અશક્ય, વિષયોના ભોગની વાસનાવાળું મન કોઈપણ સ્થાનમાં શાંતિ પામતું નથી આ પ્રકારનું મન હમણાં એમના દર્શનમાત્રથી જ શાંતિ પામ્યું છે, માટે આ શ્રીહરિ નિશ્ચય પુરુષોત્તમ જ છે. (૩૨, ૩૩)

નમસ્કાર કરતા દેવતાઓના પતિ જે બ્રહ્માદિક દેવતાઓ તેમના સ્ફુરાયમાન સુંદર મણિવાળા મુકુટોના અગ્ર ભાગોથી જેમનું આસન ઘસાય છે, મુનિઓના મનરૂપી ભ્રમરાઓથી શોભાયમાન એવું અને જેમના ચરણકમળનો ચંચળ એવી લક્ષ્મી પણ ત્યાગ કરતી નથી. (૩૪)

હે સખીઓ ! આ લોકમાં વેદવ્યાસ આદિ કવિવરોએ રાત્રિ દિવસ શ્રીહરિનું અત્યંત વર્ણન કર્યું છે. બ્રહ્મા, શંભુ, શેષ નારદાદિ તથા માર્કંડેય વગેરે પુરાણિઓ તથા સનકાદિકોએ પણ ઘણા આદરથી

શ્રીહરિનું વર્ણન કર્યું છે. (૩૫)

બાદરાયણ વગેરેએ પણ અતિ મહાન શ્રીહરિના ગુણ, જન્મ અને કર્મો તથા રમણીયતા, સુંદર યશ તથા તેમના તેજનો પાર, જેમ આકાશનો પાર ગરુડાદિ પક્ષિઓ પામી શકતા નથી, સમુદ્રનો પાર તિમિંગિલાદિ જેમ પામી શકતા નથી, તેમ પામતા નથી. (તે જ આ પોતે શ્રીહરિ અમોને પોતાના દર્શનથી પવિત્ર કરતા જાય છે માટે એમના દર્શન કરો.) (૩૬)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિ પૌર સ્ત્રીઓની આવી વાણીની પ્રશંસા કરતા અને પોતે કરેલા નિરીક્ષણથી લોકોને સંસારથી ઉદ્ધાર કરતા, પોતાના પ્રતાપથી સમગ્ર સ્થાવર જીવોનો પણ ઉદ્ધાર કરવા માટે પધારેલા શ્રીહરિ ભક્ત સમૂહોની સાથે પુરથી ઉત્તર દિશામાં આંબાના વનમાં પોતાના ભક્તોએ રચેલા નિવાસસ્થાન પ્રત્યે નાના પ્રકારના વાજિંત્રોના ઘોષ સાંભળતા જતા હતા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં ભક્તોને શ્રીહરિના દર્શનથી ઉત્સવ થાય છે તે નિરૂપણ નામે ચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૦)



અધ્યાય ૪૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પવિત્ર, અત્યંત મનોહર, વિસ્તારવાળું, નિવાસસ્થાન, ઘરના જેવા આકારવાળા, આંબાના સમુદાયોથી યુક્ત અત્યંત શોભતું હતું. (૧) પૂર્વ દ્વારના ચોકમાં મૂકેલા વિવિધ પ્રકારના વસ્ત્રોથી સજેલા પટભુવનોની સુંદર પૂર્ણ કુંભોવાળી પંક્તિથી વિરાજમાન. (૨) શ્રીહરિનો નિવાસ પટભુવનોની મધ્યભાગમાં પોતાના ભક્તોએ રચેલા ચાર દ્વારયુક્ત લાલ શોભાયમાન કરેલો શોભતો હતો. (૩)

દરેક દ્વાર પલ્લવોના તોરણોથી અતિ શોભાયમાન હતું. વળી સફેદ, લાલ, પીળો, કાળો, લીલો એ પાંચ રંગના કાચના દીવાઓના પાત્રો (હાંડીયો જુમ્મરો વગેરે) થી યુક્ત હતું. (૪) કોમળ ઓછાડો સહિત શોભાયમાન, કોમળ શય્યાથી અત્યંત શોભાયમાન, પટભુવનની આગળ પટમંડપ શોભતો હતો. (૫) પાંચ રંગના વસ્ત્રોથી રચેલો અતિ વિસ્તારવાળો, વિચિત્ર સ્તંભોની શોભાવાળો, કાચના વિવિધ વર્ણવાળાં પાત્રોથી અલંકૃત કરેલો, સુવર્ણની અંદર જડેલા સદ્‌રત્નોથી શોભાયમાન શ્રીહરિના સિંહાસનથી શોભતો. (૬, ૭)

શ્રીહરિ પધાર્યા છે તે જાણીને કંદોઈયાઓએ સરખી રીતે નાના પ્રકારની વેચવાની વસ્તુઓ ગોઠવી રાખેલી. તેની શોભાથી યુક્ત શ્રીહરિના આગમનથી જ જાણે લક્ષ્મીનો નિવાસ થયો હોય અને તેથી જ તે મનોહર સ્થાન અત્યંત શોભતું હતું. (૮-૯) તે સ્થાન ચારેય તરફથી ભગવદ્‌ ભક્તોએ નિર્માણ કરેલા રમણીય નિવાસોથી યુક્ત તથા ચાર રાજમાર્ગોથી શોભાયમાન, દેવોને પણ મોહ પમાડનારું, શાખા

નગરની શોભાને ધારણ કરતું હતું. (૧૦)

શ્રીહરિ આ પ્રકારના પોતાના નિવાસસ્થાને પહોંચીને પોતાના ભીમ પાર્ષદનો હાથ પકડી પોતાની ઘોડી ઉપરથી તત્કાળ ઉતર્યા. (૧૧) શ્રીહરિ પોતાના અસંખ્ય ભક્તજનોને પોતાના દર્શન આપવા માટે મનોહર ચાર સ્થંભોના ઊંચા મંચ ઉપર તત્કાળ બિરાજમાન થયા. (૧૨)

હે રાજન્ ! તે સમયે મોટી ઘણી દીવીઓથી, તથા વિવિધ પ્રકારના રમણીય ફાનસોથી ઘણું પ્રકાશિત થયેલું તે સ્થાન શ્રીહરિથી વિશેષ શોભાયમાન અને તેથી જ આશ્ચર્યકારી દિવ્ય અક્ષરધામની માફક શોભતું હતું. (૧૩-૧૪) પછી પોતાની સાથે આવેલા લોકોને નિવાસસ્થાનો અપાવીને પ્રિયદર્શન શ્રીહરિ પોતાના આસન ઉપર બિરાજ્યા. (૧૫)

શ્રીહરિ ત્યાં થોડો વિશ્રામ કરી નારાયણાનંદ બ્રહ્મચારીએ આપેલું સ્વચ્છ જળ પીને પછી જુદા જુદા દેશથી આવેલા જનસમુદાયોને ચારેય તરફ જોતા હતા. (૧૬)

તેમાં કેટલાક તો ઘણું ખરું પોતાના આશ્રિત ભક્તો હતા, કેટલાક આ મહોત્સવ જોવા આવેલા હતા, કેટલાક વૃત્તાલયમાં અથવા શ્રીહરિની પાસે જ પોતાના સંબંધીઓ રહી જશે એવી બીકથી પોતાના સગા સંબંધિજનોને બોલાવવા માટે આવ્યા હતા. (૧૭)

જે જે દિશામાં શ્રીહરિ જોતા હતા તે તે દિશામાં પોતાના સ્વરૂપમાં આસક્ત નેત્રવાળા ભેગા થયેલા જનોને જ શ્રીહરિ જોતા હતા. (૧૮) જેટલો જનસમુદાય આગળ હતો તેટલો જ પોતાની બંને બાજુએ પણ હતો. પોતાની પાછળ પણ તેટલો જ જનસમુદાય શ્રીહરિએ જોયો. (૧૯)

પ્રભુ શ્રીહરિ સમગ્ર ખેતરોમાં કૂવાની પાસેના તથા સરોવરની પાસેના ભાગમાં ઉતરેલા તથા ગાડા, રથો, ડમણીયા વગેરે વાહનોમાં રહેતા જનોને જોતા હતા. (૨૦) વળી દરેક વૃક્ષોની શાખાઓ ઉપર પણ લોકો રહ્યા હતા. તેમને શ્રીહરિ જોતા હતા. એ પ્રમાણે પુરમાં સર્વ ઠેકાણે જોતા હતા. (૨૧) ભગવાન શ્રીહરિ ઊભા થઈને દિશાઓમાં તથા વિદિશાઓમાં જનસમુદાયોને જોઈને પ્રસન્ન થઈને હસતા હતા. (૨૨) શ્રીહરિ આશ્ચર્યવત્ પોતાનું મસ્તક હલાવતા અહો! અહો ! આમ બોલતા ફરીને પોતાના આસન ઉપર બિરાજમાન થયા. (૨૩) પછી શ્રીહરિ પોતાની બંને ભુજા ઊંચી કરીને હે રાજન્ ! ઊભેલા સર્વે જનોને બેસી જવાની સંજ્ઞા હાથની મુદ્રાથી કરી બેસાડતા હતા. (૨૪)

શ્રીહરિની આજ્ઞાપરાયણ લાખો માણસો શ્રીહરિના હાથની સંજ્ઞાથી સમજી જઈને એકાગ્ર ચિત્ત થઈ બેસી ગયા. (૨૫) બેઠેલા સર્વેજનોને ફરીથી શ્રીહરિએ તાળી વગાડીને મૌન મુદ્રાથી મૌન કર્યા. (૨૬) પછી ભક્તવત્સલ શ્રીહરિએ મૌન થયેલા સર્વજનોને સુખેથી આવ્યા ? તથા નિવાસનું સુખ છે કે કેમ ? એ પ્રકારે પૂછ્યું. (૨૭) પછી દયાર્દ્ર દૃષ્ટિથી ભક્તોને જોતા શ્રીહરિએ એક એક દેશના મુખ્ય બે ત્રણ ભક્તજનોને પોતાની સમીપે બોલાવ્યા. (૨૮)

શ્રીહરિની સમીપે જઈને તેમને નમસ્કાર કરીને ઊભા રહેલા તે ભક્તજનોને શ્રીહરિએ હર્ષપૂર્વક

તે તે દેશમાં થયેલું વૃત્તાન્ત અનુક્રમે પૂછ્યું. (૨૯) પછી શ્રીહરિએ ચોરો પ્રવેશ પામે નહિ તેટલા માટે અજાણ્યા માણસને પોતાના ઉતારામાંથી કાઢી મૂકવા એમ તેમને સર્વેને શિક્ષા આપતા હતા. (૩૦) પછી હે ભૂપતે ! શ્રીહરિએ પોતપોતાના ઉતારામાં જવા માટે આજ્ઞા આપેલા જનો શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાના ઉતારામાં ગયા. (૩૧) હે રાજન્ ! સર્વે જનો પોતપોતાના નિવાસોમાં પોતાનો એક એક માણસને રાખીને તત્કાળ શ્રીહરિની સમીપે ગયા. (૩૨) હે રાજન્ ! પૂર્ણકામ શ્રીહરિને નમસ્કાર કરીને ઉભા રહેલા જનો પોતાનું અત્યંત ભાગ્ય માનતા અતિ હર્ષપૂર્વક નિર્નિમેષ દૃષ્ટિથી ચકોરના સમુદાયો જેમ ચંદ્રમાને જુવે તેમ શ્રીહરિના દર્શન કરતા હતા. (૩૩)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિના નિવાસની શોભા તથા શ્રીહરિએ ભક્તોની કરેલી સંભાવના વગેરેનું નિરૂપણ કર્યું એ નામે એકતાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૪૧)



અધ્યાય ૪૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એટલી વારમાં શ્રીહરિના બંને ભાઈઓના સમાચાર લઈને બે પાર્ષદો ત્યાં આગળ આવ્યા. (૧) બંને પાર્ષદો લાખો માણસોથી વીંટાયેલા શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિને બંને બંધુઓ હવે નજીક આવી ગયા છે તેમ કહેતા હતા. (૨) શ્રીહરિએ સુંદર વાહનો સાથે પોતાના પાર્ષદોને તથા ઘોડેસવારોને પોતાના બંને બંધુઓની સન્મુખ જવા માટે આજ્ઞા કરી. (૩)

હે ભૂપતે ! પછી ઘણાં હર્ષપૂર્વક વાહનો સહિત પાર્ષદો અન્ય ભક્તજનો તથા પુરના ભક્તજનો વાજિંત્રોના ઘોષ સાથે ઘણાં દીવાઓ લઈ નિર્મળ બુદ્ધિવાળા તથા નિષ્પાપ શ્રીહરિના બંને બંધુઓની સન્મુખ ગયા. (૪, ૫) પોતાના બંધુ શ્રીહરિમાં અત્યંત આસક્ત ચિત્તવાળા, હંમેશાં શ્રીહરિના ચિંતવનમાં આસક્તિવાળા, શ્રીહરિનાં દર્શનમાં ઉત્કંઠાવાળા તે બંને બંધુઓનો નિર્દોષ પરિવાર, શ્રીહરિના વિયોગથી પીડા પામેલો, શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળો બંનેની સાથે આવ્યો. (૬, ૭)

શ્રીહરિના વડિલ બંધુ રામપ્રતાપની પતિવ્રતા ધર્મપરાયણ ધર્મપત્ની સુવાસિની તથા રામપ્રતાપના સદ્‌બુદ્ધિવાળા ત્રણ પુત્રો નંદરામ, ઠાકુરરામ તથા અયોધ્યાપ્રસાદ તથા સિદ્ધિ નામની પુત્રી હતી. (૮, ૯, ૧૦) નંદરામની સ્ત્રી દિનમાના તથા તેમના બે પુત્રો રામશરણ તથા નારાયણ તેમજ સુંદર લક્ષણોથી યુક્ત પુત્રી મેઘા, તેમજ ઠાકુરરામના પત્ની સદાચારવાળાં શિવકુમારિકા વગેરે હતાં. હે રાજન્ ! ઠાકુરરામને ગોવિંદા તથા કુંતિ નામની બે પુત્રીઓ હતી. અયોધ્યાપ્રસાદના શુભગુણ યુક્ત ધર્મપત્ની સુનંદા હતા અને તેમના ઉત્તમોત્તમ ગુણવાળાં પુત્રી યમુના હતા. ઈચ્છારામના પતિવ્રતા પત્ની વરીયાળી હતાં. તેમને શ્રેષ્ઠ ગુણવાળાં પાંચ પુત્રો તથા બે કન્યાઓ હતી. બુદ્ધિશાળી ગોપાળ, રઘુવીર, વૃંદાવન, સીતારામ તથા

બદરીનાથ એ પાંચેય પુત્રો રૂપ, શીલ અને ગુણોથી યુક્ત હતા. (૧૧-૧૬)

તેમજ તેમને ફુલસરી તથા ફુલઝરી બે કન્યાઓ હતી. હે રાજન્ ! ગોપાળના પતિવ્રતા પત્ની મંડા હતા. હે ભૂપતે ! રઘુવીરના ધર્મપત્ની વીરજા હતા. ઈચ્છારામના બુદ્ધિશાળી સાળા સુફળ પણ સાથે હતા. (૧૭-૧૮) વૃંદાવનના પત્ની ઈન્દ્રવાસિની હતાં. સીતારામની પત્ની ઈન્દ્રવાસિની હતા. (૧૯) બદરીનાથના પત્ની કમલા હતા. તેમના પુત્ર ભગવતપ્રસાદને પાછળથી રઘુવીરજીએ દત્તક પુત્ર તરીકે સ્વીકાર્યા હતા. (૨૦) શુદ્ધબુદ્ધિવાળા શ્રીહરિમાં અત્યંત પ્રેમવાળા, મંછારામ, ઈચ્છારામના મામા તથા બીજા બંધુઓ કનૈયા, શિવરામ, દીનરામ, ભાગવત વગેરે સાથે શ્રીહરિના બંને બંધુઓની સન્મુખ ગયેલા સર્વેજનો શ્રીહરિના બંધુઓને દૂરથી જોઈને તેમને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૨૧, ૨૨)

પછી સર્વેજનો વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની સમીપે જઈને નમસ્કાર કરીને યથાયોગ્ય હર્ષથી બંને બાંધવોનું સન્માન કરતા હતા. (૨૩) પછી સર્વ પરિવાર સાથે શ્રીહરિના બંધુઓને યથાયોગ્ય વાહનોમાં બેસાડીને વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની સમીપે લાવ્યા. (૨૪)

હે રાજન્ ! પછી રામપ્રતાપ તથા ઈચ્છારામ પોતાના બંધુ પરમાત્મા શ્રીહરિનાં દર્શન કરીને, નિર્ધન ચિંતામણી જોઈને જેમ આનંદ પામે તેમ આનંદ પામતા. (૨૫) પછી રામપ્રતાપ તથા ઈચ્છારામ તત્કાળ વાહન ઉપરથી ઉતરીને પ્રેમાશ્રુથી ભરેલા નેત્રોથી પ્રિયદર્શન શ્રીહરિને આલિંગન કરવા અત્યંત આનંદથી દોડ્યા. (૨૬)

પોતાને વિષે અતિશય પ્રીતિ જાણનારા શ્રીહરિ લૌકિક ભાઈપણાના સ્નેહ રહિત છે. છતાં પણ ભક્તવત્સલ હોવાથી મંદહાસ્ય સહિત તત્કાળ પોતાના આસન ઉપરથી ઉતર્યા. (૨૭) રામપ્રતાપ તથા ઈચ્છારામ તત્કાળ પોતાને અતિવહાલા શ્રીહરિને અનુક્રમથી ભેટ્યા અને સર્વોત્તમ આનંદ પામ્યા. (૨૮) શ્રીહરિએ નિષ્પાપ, પ્રેમાધીન, પોતાને વિષે અત્યંત આસક્ત મનવાળા, અશ્રુઓની ધારા વહેવડાવતા બંને ભાઈઓનું સન્માન કર્યું. (૨૯) રામપ્રતાપ તથા ઈચ્છારામ સાથે આવેલાં નેત્રોમાં અશ્રુવાળાં પોતાના બાળમિત્ર મંછારામ વગેરે બંધુઓની શ્રીહરિએ યથાયોગ્ય સંભાવના કરી. અને સર્વેને અત્યંત આનંદ આપ્યો. (૩૦) પછી હે રાજન્ ! નરનાટ્યધારી શ્રીહરિએ પોતાના ભાઈ રામપ્રતાપને તેઓ મોટા હોવાથી આદરપૂર્વક પ્રણામ કર્યા. (૩૧)

પછી બુદ્ધિશાળી ઈચ્છારામે નાના હોવાથી પ્રાણવલ્લભ નારાયણમુનિને પ્રેમથી આદરપૂર્વક પ્રણામ કર્યા. (૩૨) શ્રીહરિએ આવી રીતે બીજા કેટલાક પોતાના બંધુઓને યથાયોગ્ય નમસ્કાર કર્યા. કેટલાક શ્રીહરિને અત્યંત સ્નેહથી વંદન કરતા હતા. (૩૩)

હે ભૂપ ! પોતાના પ્રાણ પ્યારા શ્રીસહજાનંદને ઘણા સમયે પ્રાપ્ત કરી, સમગ્ર વિશ્વનું મંગળ કરનારા, સ્વભાવ સુંદર, ધર્મનો પરિવાર દાવાગ્નિથી તપાયમાન થયેલો હાથીઓનો સમુદાય યમુનાના જળના પ્રવાહમાં આવી શાંતિ પામે તેમ શ્રીહરિના વિરહાગ્નિથી ઉત્પન્ન થયેલા તાપથી નિવૃત્ત થયા. (૩૪)

હે મહીપતે ! આત્મારામ ત્યાગીઓએ દરરોજ પામવા માટે લાંબા સમયથી ઇચ્છેલું વિપત્તિઓને નાશ કરનારું અત્યંત સુખ આપનારું પવિત્ર શ્રીહરિનું દર્શન કરીને અત્યંત નિર્મળ ધર્મ સર્ગને ચંદ્રના દર્શનથી જળનિધિને જેમ આનંદ થાય તેમ અત્યંત આનંદ ને સુખ થયા. (૩૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમસ્કંધમાં શ્રીહરિના બંધુઓ વગેરેને શ્રીહરિના સમાગમથી થયેલો આનંદ તે નિરૂપણ નામે બેતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૨)



અધ્યાય ૪૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! પછી શ્રીહરિ તે સર્વે અયોધ્યાવાસીજનોને યોગ્ય આસને બેસાડી પોતે પોતાના આસન ઉપર બિરાજ્યા. પછી તેમનું આગમન તથા કુશળતા પૂછતા હતા. (૧) પછી સભામાં બેઠેલા સમગ્ર સાધુઓ, અન્યજનો, પાર્ષદો તથા સ્ત્રીઓ આ રામપ્રતાપ તથા ઇચ્છારામ બંને શ્રીહરિના બંધુઓ છે એમ જાણીને શ્રીહરિને જેમ પ્રણામ કરે તેમ હર્ષથી તેમને પ્રણામ કરતા હતા. (૨)

પછી શ્રીહરિએ તેમને રહેવા માટે મકાન અપાવ્યું, તેમજ મુકુંદાનંદ વર્ણી તથા જોબન પગીને તેમની સેવામાં રાખ્યા. (૩) સર્વે અયોધ્યાવાસીઓ શ્રીહરિનું ઐશ્વર્ય સાંભળીને જોઈને અત્યંત વિસ્મય પામ્યા. શ્રીહરિને મનુષ્ય શરીરધારી ભગવાન માનતા હતા. (૪) તે સર્વે ત્યાં ભુવનમાં સુખપૂર્વક રહેતા હતા. શ્રીહરિના આશ્રિતો ખાનપાન તથા ભેટ વગેરેથી તેમની સેવા કરતા હતા. (૫)

શ્રીહરિના દર્શનથી અત્યંત સુખી થયેલા દેશાન્તરના આવેલા ભક્તજનોને માર્ગમાં થયેલો પરિશ્રમ, નિવૃત્ત થયો. (૬) આ વૃત્તાલયપુરમાં દયાશંકરભાઈ, વનમાળી, હિરાલાલ, હરિશંકર વગેરે બ્રાહ્મણો શ્રીહરિની તથા તેમના આશ્રિત ભક્તોની ભક્તિપૂર્વક યથાયોગ્ય હંમેશાં સેવા કરતા હતા. (દયાશંકર નાગર જ્ઞાતિના બ્રાહ્મણ હતા. હિરાલાલ તેમનો પુત્ર હતો. વનમાળી એકાસન મોઢ જ્ઞાતિના બ્રાહ્મણ હતા. હરિશંકર તેમની પુત્રીનો પુત્ર હતો.) (૭)

જોબન તથા તેમના ભાઈ સુંદર, જુઠો, સુથાર, બાદર, ક્ષત્રિય, ખોડાભાઈ વગેરે વૈશ્ય કુબેર, રણછોડ, મૂળજીત, ભાઈજી, બેચર, કહાનદાસ, રાયજી, દાજીભાઈ તથા દાદાભાઈ, જયસિંહ, જોરાભાઈ, નરોત્તમ, વાસણ તથા બીજા વૈશ્ય ભક્તો આદરપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૮-૯-૧૦-૧૧) વળી શ્રીહરિના ઉપાસક, ગોસ્વામી, નારાયણગિરિ, પ્રત્યક્ષ સ્વામિનારાયણની પરમ પ્રીતિથી સેવા કરતા હતા. (૧૨)

રળિયાતબા, જીતાબા, માની, રામા વગેરે શ્રીહરિ પ્રત્યે ભક્તિવાળી સ્ત્રીઓ શ્રીહરિની સેવા પરાયણ થઈને હંમેશાં શ્રીહરિની સેવા કરતી હતી. (૧૩)

પ્રસન્ન થયેલા શ્રીહરિ પોતાના પાર્ષદો સોમાદિજનોને એમ કહેતા હતા, હે ભક્તો ! આવતી કાલે એકાદશીનો ઉપવાસ છે. માટે હે સોમ ! સુર, ખટવાંગ, માંત્રિક, અલર્ક, મૂળજીત જો તમારે જમવાની ઈચ્છા હોય તો કહો. (૧૪, ૧૫) કાલે મોટી આમલકી શુભ એકાદશી છે. તેથી ભગવાનના ભક્તોએ ઉપવાસ કરવો જોઈએ. શ્રીહરિનું આવું વચન સાંભળીને ઉપવાસની આવશ્યકતા જાણતા તેઓ પરસ્પર બોલ્યા. (૧૬, ૧૭)

પીપળાવમાં અમે મોદક વગેરે જમ્યા છીએ માટે અમોને અત્યારે ભૂખ લાગી નથી, તોપણ સેવકોએ સ્વામીનું વાક્ય માનવું, માટે હે ભગવન્ ! અમો બધા કાંઈક ભોજન જમીશું. (૧૮)

આપના પ્રસાદનું માહાત્મ્ય તો અમે એકાદશીથી પણ વધુ જાણીએ છીએ. તોપણ હે હરે ! આપની પ્રસન્નતા માટે એકાદશીને દિવસે ભોજન નહીં કરીએ. (૧૯, ૨૦)

તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિ તેમનો અભિપ્રાય જાણીને ઊભા થઈને અહીં પુરના કોઈ માણસ છે ? એમ હસતા હસતા પૂછતા હતા. (૨૧)

તેટલામાં બંને હાથ જોડીને કુબેરજી શ્રીહરિને કહેવા લાગ્યા. હે શ્રીહરે આપનો દાસ અહીં જ ઊભો છે. માટે જેવી આપની રુચિ હોય તેવી આજ્ઞા કરો. (૨૨)

પછી શ્રીહરિએ કુબેરજીતને કહ્યું : હે ભક્ત ! અહીં રસોઈ કરાવેલી છે કે નહીં ? પછી કુબેર ભક્તે શ્રીહરિને કહ્યું કે હે શ્રીહરે ! રાયણની નીચે રસોઈ તૈયાર છે. (૨૩)

પુષ્કળ ઘીવાળા મોદકો રસોઈ કરનારા ગણેશ, જયરામ આદિક બ્રાહ્મણો પાસે કરાવી મૂક્યા છે. (૨૪) વિવિધ પ્રકારના શાક પણ કરાવેલા છે. વડી નાંખેલી કઢી, દાળ, ભાત વગેરે પણ કરાવેલા છે. (૨૫)

શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને પાકશાળામાં પધાર્યા. શોભાયમાન ચટ્ ચટ્ શબ્દવાળી પાદુકાવાળા, આગળ તથા પાછળ શસ્ત્રો ધારણ કરી ચાલતા પાર્ષદોએ યુક્ત, ઉતાવળી ગતિવાળા, હાથમાં જેમણે રુમાલ ધારણ કર્યો છે એવા હાથ હલાવતા, પાર્ષદ સહિત શ્રીહરિ પાકશાળામાં પધાર્યા. અને ત્યાં સમગ્ર રસોઈ જોઈને પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યા. (૨૬-૨૮)

પ્રસાદનો ઘણો મહિમા જાણનારા પાર્ષદો તથા મુનિઓને આટલી રસોઈ પૂરી થશે નહીં. (૨૯) પછી શ્રીહરિએ જોબનના કાનમાં કહ્યું, પેંડા તથા બીજી વસ્તુઓ હમણાં તત્કાળ મંગાવો. (૩૦) પછી હે રાજન્ ! જોબને પ્રેરણા કરેલા માણસો બજારમાં જઈને ભોજન પદાર્થો પાત્રોમાં તત્કાળ ભરીને પોતાના મસ્તક ઉપર મૂકીને શ્રીહરિની સમીપે આવ્યા. (૩૧)

તેટલામાં શ્રીહરિની પ્રસન્નતા માટે બરફી પેંડાથી ભરેલા પાત્રો લઈને સુરત શહેરમાંથી આવેલા ભક્તો ત્યાં આવ્યા. (૩૨) અવસરને ઉચિત સેવા જોઈ અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ હસતા હસતા પોતાના આશ્રિત ભાલચંદ્ર વગેરેની પ્રશંસા કરવા લાગ્યા. (૩૩)

તેટલામાં મથુરા નિવાસી ભક્તોએ આવીને શ્રીહરિના ચરણ કમળની સમીપે અપચરિત હોયને શું ? એમ ભય પામતા પેંડા વગેરેના થાળ મૂક્યા. (૩૪)

આથી પ્રસન્ન થયેલા શ્રીહરિ મનોહર વાણીથી પાર્ષદોને બોલાવીને કહેવા લાગ્યા. હે પાર્ષદો! તમો બધા જેમ ઘટે તે પ્રમાણે પંક્તિ કરીને ભોજન કરવા માટે તત્કાળ અહીં બેસો. (૩૫)

હે નૃપતે ! આ પ્રમાણે શ્રીહરિની આજ્ઞાથી હાથ પગ ધોઈને પંક્તિ બદ્ધ સમગ્રપાર્ષદો તત્કાળ હર્ષથી બેઠા. તેટલામાં હે રાજન્ ! શ્રીહરિએ વિચાર કરીને અત્યંત આનંદથી સર્વે મુનિઓને પણ ભોજન કરવા માટે પોતાના સેવક અર્જુન પાર્ષદને મોકલીને બોલાવ્યા (૩૬)

શ્રીહરિના બોલાવાથી અત્યંત આનંદવાળા, ત્યાગ કર્યા છે ગોદડી વગેરે જેમણે એવા, અને પોતાના હાથમાં કમંડળો લઈને સમગ્ર મુનિઓ હાથ, પગ, મુખ ધોઈને શ્રીહરિનું મુખારવિંદ જોવામાં તત્પર, પ્રફુલ્લિત છે કમળ સમાન મુખ જેમનાં એવા, પાત્રો સહિત સંતો જમવા માટે અતિ ઉતાવળથી પંક્તિમાં આવ્યા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિએ સંતો, પાર્ષદો, ભક્તોની પંક્તિ કરાવી તે નિરૂપણ નામે ત્રેતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૩)



અધ્યાય ૪૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિને નમસ્કાર કરતા મુનિઓને વર્ણી મુકુંદાનંદે શ્રીહરિની આજ્ઞાથી ત્યાં યથાયોગ્ય બેસાડ્યા. (૧) પછી હે રાજન્ ! ગવૈયાઓ, ભાટ, ચારણો, સ્તુતિ કરનારા બંદિજનો તથા વાદ્યો વગાડનારા ત્યાં આવીને જમવા બેઠા. (૨)

જમનારાઓની ચારેય તરફ હજારો દિવાઓની પંક્તિઓ હતી. તે સમયે જોનારા મનુષ્યોના સમુદાય ત્યાં જાણે કિલ્લાઓ હોય તેમ દેખાતા હતા. (૩)

સાધુઓ મર્યાદાથી બેઠા પછી શ્રીહરિએ તેમના પાત્રોમાં પીરસવા માટે પ્રવીણ રસોઈયાઓને પ્રેરણા કરી. (૪) તેથી શ્રીહરિની પ્રસન્નતા માટે મજબુત કચ્છ બાંધીને સોએસો બ્રાહ્મણો હર્ષપૂર્વક પીરસવા લાગ્યા. (૫) પીરસ્યા પહેલાં બ્રાહ્મણોએ જળની ગાગરો લઈ મુનિઓના કમંડળોમાં જળ આપ્યું અને પત્રાવાળાં આપ્યાં. (૬)

પછી પ્રવીણ બ્રાહ્મણો પંક્તિ પ્રમાણે તત્કાળ એક બીજાને અડકે નહીં તેમ તમામ શાક વગેરે પીરસતા હતા. (૭) પછી પીરસવાની ગુજરાતી રસોઈયાઓની ચતુરાઈ જોઈને કેટલાક પશ્ચિમ દેશના હસતા હતા. જ્યારે દક્ષિણ દેશના જનો પ્રશંસા કરતા હતા. (૮) પેંડા, બરફી, લાડવા તથા વિવિધ પ્રકારના શાક એક બીજાને ભેગા ન થાય તેમ તેમણે પીરસી દીધાં. (૯)

શ્રીહરિએ સર્વના પાત્રોમાં બધી વસ્તુ પીરસેલી જોઈને સમગ્ર મુનિજનોને જમવા માટે હાથની સંજ્ઞાથી આજ્ઞા આપી. (૧૦) પછી શ્રીહરિ સ્વાદિષ્ટ ભોજન જમનારાઓને હર્ષપૂર્વક વારંવાર પેંડા, બરફી, લાડુ વગેરે અપાવતા હતા. (૧૧) તૃપ્ત થયેલાં હોવા છતાં પણ પોતાની હાથની પ્રસાદી ઇચ્છે છે એમ જાણીને શ્રીહરિ તે સર્વેને પોતે પીરસતા હતા. (૧૨) શ્રીહરિના હાથથી પ્રાપ્ત થયેલી બરફી વગેરે તૃપ્ત થયેલાં સર્વે મુનિઓને લેશમાત્ર પણ અરુચિકર થયા નહીં. (૧૩)

હે રાજન્ ! બંને હાથમાં લાડુ લઈ અતિ ત્વરિત ગતિવાળા ગોપાળાનંદ સ્વામીની સમીપે આવેલા મંદ હાસ્ય યુક્ત શ્રીહરિ પ્રત્યે શ્રેષ્ઠ વાણી બોલનારા, વિચક્ષણ બ્રહ્માનંદ મુનિ બોલ્યા, હે શ્રીહરે ! આ મુનિરાજ યોગાભ્યાસથી કૃશ થયેલા છે. માટે બહુ જમવા સમર્થ નથી. માટે હે ભગવન્ ! હે સત્પતે ! મારા આ ખાલી ભોજન પાત્રમાં આપ મૂકો. (૧૪, ૧૫, ૧૬) બ્રહ્માનંદ મુનિનું આવું વચન સાંભળીને મંદમંદ હસતા શ્રીહરિએ અત્યંત સ્નેહયુક્ત બ્રહ્માનંદ મુનિને પ્રીતિપૂર્વક એક લાડુ આપ્યો. (૧૭)

પછી પીરસનારા બ્રાહ્મણો જમનારાઓનો સ્પર્શ ન થાય તેમ યથાયોગ્ય તેઓને ભાત પીરસતા હતા. (૧૮) શ્રીહરિ તેમના પાત્રોમાં ધારથી ઘી આપતા હતા. આવી રીતે ભોજન જમનારાઓની સર્વ રુચિ શ્રીહરિએ હર્ષથી પૂર્ણ કરી. (૧૯) પછી 'ભોજનાન્તે તક્ર' એમ પરસ્પર બોલતા સોમ, સૂર વગેરે પાર્ષદોનું અંતર જાણતા શ્રીહરિએ દૂધ સાકરનું પાન કરાવ્યું. (૨૦)

શ્રીહરિએ પાર્ષદોના પાત્રમાં ધાર કરી રેડેલું દૂધ પાત્રમાંથી પૃથ્વી ઉપર પ્રવાહ રૂપથી ઢોળાવા લાગ્યું. (૨૧) તે સમયે અલૈયા ભક્ત જેમનું દૂધ પીવાથી મોં ધોળું થયું છે તે પોતાની સન્મુખ બેઠેલા સોમવર્માને જોઈને ફરીથી દૂધ પીતા અત્યંત હાસ્ય કરતા હતા. (૨૨) અટ્ટહાસ્ય કરતા અલૈયા ભક્તના હાથમાંથી દૂધનું પાત્ર પૃથ્વી ઉપર પડી ગયું. તેથી જમનારા સર્વને હસાવતા શ્રીહરિ અત્યંત હસવા લાગ્યા. (૨૩)

શ્રીહરિ આ પ્રમાણે પોતાના ભક્તોને આનંદ આપતા તેમને જમાડતા હતા અને સર્વેને તૃપ્ત થયેલા જાણી પોતે હાથ, પગ ધોતા હતા. (૨૪) ભક્તજનો પણ પોતાના ચરણ-કમળના સ્પર્શની ઇચ્છાથી પરસ્પર એકબીજા ઉપર પડશે એમ જાણીને શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં જવા ઇચ્છતા હતા. (૨૫)

પછી શ્રીહરિએ મારાં દર્શન કરનારા હે જનો ! હે મુનિઓ ! હાલમાં તો તમો તમારા નિવાસસ્થાનમાં જાઓ. આવતી કાલે અહીં આવજો. એમ ઊંચા સ્વરથી સર્વજનોને કહ્યું. (૨૬) હે રસોઈયાઓ ! બાકી રહ્યા હોય તેમને પણ સારી રીતે ભોજન કરાવો. આવી રીતે શ્રીહરિએ સર્વ રસોઈયા બ્રાહ્મણોને આજ્ઞા કરી. (૨૭)

પછી ભક્તોને કલ્પવૃક્ષ સમાન ધર્મના પુત્ર શ્રીહરિ જય સચ્ચિદાનંદ કહીને પોતાના આસનમાં પધાર્યા. (૨૮) પોતાના આશ્રિતોએ સારી રીતે ભોજન કર્યું છે તેથી અત્યંત આનંદ પામેલા શ્રીહરિ પોતાને નમસ્કાર કરતા સ્ત્રી પુરુષોના જનસમુદાયને કરુણાદૃષ્ટિથી જોતા, પોતાની કેડ્ય ઉપર હાથ મૂકતા અને પોતાના જમણા હાથમાં નેતરની સોટી ધારણ કરતા, પોતાની વિષે પ્રીતિવાળા, પાર્ષદોની સાથે ઉતાવળા ચાલતા આસનમાં જઈને બિરાજ્યા. (૨૯)

તે સર્વે સાધુઓ જમીને હાથ, મુખ ધોઈને શ્રીહરિના પ્રીતિપૂર્વક દર્શન કરતા ભોજન સ્થાનથી પોત પોતાના નિવાસસ્થાનમાં ગયા. (૩૦)

પછી શ્રીહરિની સમીપે ભરૂચથી ભક્તજનોનો સંઘ આવ્યો. હે રાજન્ ! શ્રીહરિએ તે સંઘનું સન્માન કર્યું તે સંઘના ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૩૧) પછી તે જનસંઘ વિવિધ પ્રકારની મનોહર ઘણી ભેટો જે લાવ્યા હતા તે શ્રીહરિને અર્પણ કરતા હતા. (૩૨) શ્રીહરિ સંઘમાં આવેલા પોતાના આશ્રિતોને આવવામાં કેમ મોડું થયું ? એમ પૂછતા હતા; પછી તે જનોએ મહી નદીમાં ગાડું ભાંગી ગયું તેથી મોડું થયું એમ કહ્યું. (૩૩)

શ્રીહરિના દર્શનથી આનંદિત થયેલા સંઘના સમગ્ર જનો ફરીથી શ્રીહરિને નમસ્કાર કરીને, હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞાથી ઉતારો કરવા માટે ગયા. (૩૪) શ્રીહરિ તેમણે અર્પણ કરેલાં સોનેરી કેળાં, પાકાં જામફળ તથા શેરડીના સાંઠા પોતાની આગળ જોયા. (૩૫)

પછી કેડ્ય બાંધીને પોતાની આગળ બેઠેલા પુરાણી પ્રયાગજીત તથા નીચો નમી ગયો છે ખભો જેમનો એવા મયારામ તથા નાચિકેત નામના બ્રાહ્મણો પ્રત્યે શ્રીહરિ જોવા લાગ્યા. (૩૬)

શ્રીહરિ હાસ્યપૂર્વક પ્રયાગજીતને કહેવા લાગ્યા હે વિપ્ર ! તમારે હાલમાં ભોજન કરવાની ઈચ્છા છે કે નથી ? (૩૭) પછી પ્રયાગજીતે શ્રીહરિને કહ્યું, હે શ્રીહરે ! ભૂખ તો લાગી છે પણ માર્ગના પરિશ્રમથી થાકી ગયા છીએ. માટે હાલમાં રસોઈ બનાવીશું નહીં. કેવળ જળ પીને સૂઈ જઈશું. (૩૮)

પછી હસતા શ્રીહરિ બ્રાહ્મણોને કહેવા લાગ્યા, હે બ્રાહ્મણો ! આ કેળાં, ઘી અને સાકર તમો ઈચ્છા પ્રમાણે જમો. કારણ કે આવતી કાલે વ્રત કરવાનું છે. (૩૯)

આવી રીતે શ્રીહરિએ કહ્યું એટલે પ્રયાગજીત શ્રીહરિને હસતા હસતા કહેવા લાગ્યા, હે કૃપાનાથ! સત્ય સંકલ્પ એવા આપનો આ સંકલ્પ સફળ થાઓ. (૪૦) પછી મંદ મંદ હસતા શ્રીહરિએ તે ત્રણે બ્રાહ્મણોને પાકાં કેળાં તથા સફેદ ઉત્તમ સાકર આપી. (૪૧)

હે શ્રીહરે ! આટલું બસ એમ ના, ના, કહેતાં તે ત્રણે બ્રાહ્મણોને શ્રીહરિએ કેળાં બરફી વારંવાર આપ્યાં. (૪૨) પછી બ્રાહ્મણપ્રિય શ્રીહરિએ પ્રયાગજીત વગેરે બ્રાહ્મણોને છ શેર ઘી તથા દૂધથી ભરેલો લોટો હર્ષપૂર્વક અપાવ્યો. (૪૩)

પછી તે ત્રણે બ્રાહ્મણે શ્રીહરિએ આપેલાં કેળાં વગેરે લઈને અત્યંત ભારથી નમેલાં છે ખભા જેમના એવા હર્ષપૂર્વક પોતાના સ્થાનમાં આવ્યા. (૪૪) તે ત્રણે બ્રાહ્મણોએ તેમણે આપેલા ફળો અત્યંત મધુર છે એમ વારંવાર વખાણતા પોતાને પ્રિય એવો ફળાહાર પોતાના ઉતારામાં કર્યો. (૪૫)

પ્રયાગજીત વગેરે બ્રાહ્મણો પછી તૃપ્ત થઈને પોતપોતાના પેટ ઉપર હાથ ફેરવતા-ફેરવતા હે શ્રીહરે ! અમો હંમેશાં ફળાહાર જ કરીએ કે જેથી રસોઈ કરવાનો શ્રમ પડે નહીં, એમ બોલ્યા. (૪૬)

આવી રીતે વૃત્તાલયપુરમાં આવેલા પોતપોતાના સમગ્ર આશ્રિતોને તૃપ્ત કરીને ભગવાન શ્રીહરિ

પણ સાયં વિધિ કરવાની ઇચ્છા કરતા હતા. (૪૭)

પછી પ્રભુ શ્રીહરિ પોતાના સિંહાસન ઉપરથી ઉતરીને હાથની સંજ્ઞાથી જનોના સમુદાયોને દૂર કરતા આગળ પાછળ ચાલતા પોતાના પાર્ષદોએ સહિત પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૮) હે રાજન્ ! અખિલેશ્વર શ્રીહરિ પછી સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો ધારણ કરી, પ્રવાસ ધર્મને અનુસરીને સંધ્યાદિ કર્મ આલોકમાં વેદોક્ત ધર્મનું શિક્ષણ આપવા માટે કરતા હતા. (૪૯)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિએ કરેલી સત્પુરુષોને પીરસવાની લીલા વર્ણન નામે ચુંવાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૪)



અધ્યાય - ૪૫ મો

શ્રીહરિ સુંદર ભક્ત પ્રત્યે કહે છે :- હે રાજન્ ! વૃત્તાલય નગરમાં કુબેરાદિક ભક્તજનો તથા માની વગેરે સ્ત્રીઓ શ્રીહરિને માટે ફળાહારની સામગ્રી તૈયાર કરતા હતા. (૧) હે રાજન્ ! અહીં શ્રીહરિના દર્શન માટે આવેલા વિશુદ્ધબુદ્ધિવાળા રસોઈ કરવામાં અતિ ચતુર, અમદાવાદના નિવાસી ગંગાબા, કુબેર જોબન વગેરે મુખ્ય ભક્તજનોને કહેવા લાગ્યા, હે ભક્તો ! તમો અહીં શ્રીહરિને તત્કાળ બોલાવી લાવો. (૨, ૩, ૪, ૫)

પછી જોબન વગેરે શ્રીહરિના સમીપે જઈને ફળાહાર માટે પુરમાં પધારો એમ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ જોબન વગેરેનું કહ્યું, આ લોકોની આટલી ભીડમાં મને પુરમાં આવવાનું કેવી રીતે ફાવશે ? માટે લગારેક ફળાહાર અથવા કેવળ દૂધ માત્ર અહીં લાવો. (૬-૭)

તેથી જોબને મોકલેલા માણસે, માની વગેરેની સમીપે જઈને કહ્યું, શ્રીહરિ અહીં નહીં પધારે માટે ફળાહાર શ્રીહરિની સમીપે લઈ જાવ. (૮) આજ્ઞા પાળવામાં તત્પર માની વગેરે સ્ત્રીઓએ તેનું વચન સાંભળીને ગંગાબાની સમીપે આવીને આવેલો સંદેશો કહી સંભળાવ્યો. (૯)

હે ગંગે ! શ્રીહરિ અહીં નહીં આવે, માટે જમવાનો થાળ લઈને તમો શ્રીહરિની સમીપે આવો. અમો તમારી આગળ જઈએ છીએ. (૧૦)

હે મહીપતે ! માર્ગમાં સ્પર્શ્યા સ્પર્શ્યની શંકાથી ગંગાબા ચાંદીના થાળમાં ઘીમાં પકવેલા ભોજનો ભરતા હતાં. (૧૧) પછી તે થાળ ઉપર બીજો થાળ ઢાંકીને, રેશમી વસ્ત્રમાં બાંધીને, ગંગાબાએ એક હાથમાં પકડીને બીજા હાથમાં જળની ઝારી લીધી. (૧૨)

તે ભક્ત સ્ત્રીઓ હર્ષપૂર્વક પુરથી જ્યાં બહાર નીકળે છે તેટલામાં લોકોની ત્યાં ઘણી ભીડ થઈ. (૧૩) પછી ધર્મવાળી તે સ્ત્રીઓ તે સ્થાનથી પાછી વળે છે. તેટલામાં માર્ગમાં જનોને દૂર કરવા માટે

કુબેરજીએ મોકલેલા 'દૂર રહો' 'દૂર રહો' એમ જનસમૂહને કહેતા, છડી ધારણ કરનારા રાજાના શૂરવીર સિપાઈઓ (જન સમુદાયનું રક્ષણ કરવા માટે યોજના કરેલા) જવાના માર્ગની આગળ તત્કાળ આવ્યા. (૧૪-૧૫) પછી આગળ ચાલનારા ઉંચા હાથવાળા સોએસો પાર્ષદોએ માર્ગ કર્યો એટલે ગંગા વગેરે સ્ત્રીઓએ દૂરથી શ્રીહરિને જોયા. (૧૬)

શ્રીહરિ પોતાના આસનથી દક્ષિણ દિશા તરફ દૂરથી સ્ત્રીઓને તથા રાજભક્તોને આવતા જોઈને ભોજન લાવ્યા છે એમ જાણી હસતા હતા. (૧૭) અત્યંત ભક્તિભાવવાળી તે સ્ત્રીઓ શ્રીહરિ પાસે જઈને તેમને અભિવંદન કરીને દૂર ઉભી રહી. પછી ગંગાબાએ ભોજનનો થાળ બાજોઠ ઉપર મૂકી પોતાને નમસ્કાર કરનાર જનોને સંસૃતિથી મુક્ત કરનારા શ્રીહરિને પ્રણામ કર્યા. (૧૮)

હે રાજન્ ! પછી ધર્મનંદન સાયંતન વિધિ કરીને સુરણના શાકમાં લવણ નાંખી તે સર્વે વિષ્ણુને નિવેદન કરી, પોતાના ભક્તોની પ્રીતિ માટે પૂર્વમુખે જમવા માટે પાટલા ઉપર બિરાજમાન થયા. (૧૯)

હે રાજન્ ! ખભા ઉપર વસ્ત્ર ધારણ કરનારા, કુમકુમના ચાંદલા યુક્ત સુંદર તિલક જેમને છે એવા, પીતાંબર ધારી, મધુરતાયુક્ત, પ્રફુલ્લિત મંદહાસ્ય મુખારવિંદવાળા, શ્રીહરિ સુંદર સુરણ વગેરે શાકને પોતાની આંગળીથી સ્પર્શ કરીને ગંગાબાને તેના નામો પૂછીને વારંવાર જળ પીતા પીતા ફળાહાર કરતા હતા. (૨૦) તે સમયે પોતાના પ્રાણથી પણ અતિપ્રિય, સંસારના બંધનોને નાશ કરનારા સર્વોપરિ શ્રીહરિના દૂર ઊભેલા મંદ મંદ હસતા મુખવાળા સ્ત્રીપુરુષોના સમૂહો દર્શન કરતા હતા. આકાશમાં આવેલા દેવોએ અત્યંત હર્ષપૂર્વક જેમના દર્શન કર્યા છે તે વ્યાપક શ્રીહરિ કારુણ્યરૂપી અમૃત દૃષ્ટિથી આશ્રિતજનો પ્રત્યે જોતા ફળાહાર કરતા હતા. (૨૧)

હે રાજન્ ! સ્વસુખમાં જ કેવળ પ્રીતિવાળા શ્રીહરિએ, અત્યંત મધુર પદાર્થો બરફી પેંડા વગેરે સ્વાદિષ્ટ વસ્તુઓને કેવળ સ્પર્શ કર્યો અને બીજા મધુર પદાર્થો પૂરીઓ વગેરે લગારેક જમ્યા. પછી તૃપ્ત થયો છું એમ કહી ગુરુવર્ય શ્રીહરિએ ભોજનની સામગ્રીવાળો તે સુંદર થાળ અતિ હર્ષપૂર્વક પોતાના સેવકોને અપાવ્યો. (૨૨)

પછી સત્પતિ સ્વયં શ્રીહરિ બંને હાથ તથા મુખ ધોઈને પોતાના પાર્ષદો સાથે પોતાના રમણીય તંબુમાં પધાર્યા. તે વખતે શ્રીહરિના દર્શનમાં તત્પર સર્વ ભક્તજનો પોતપોતાના નિવાસસ્થાનમાં ગયા. પછી હે રાજન્ ! શ્રીહરિ મનોહર શય્યામાં ક્ષણવાર પોઢી ગયા. (૨૩)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિએ ફળાહાર કર્યું તે નિરૂપણનો પીસ્તાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૫)



અધ્યાય ૪૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે રાજન્ ! પોતાના ધર્મમાં દૃઢ સ્થિતિવાળા ગંગાબા વગેરે સ્ત્રીઓએ શીંગોડાના લોટનો શીરો, પૂરીઓ તથા અતિ સુંદર ખારેક, ખીર, ઘીમાં પકવેલાં બીજા સુરણ વગેરે શાક, બરફી, પેંડા વગેરે ભોજન નાના પ્રકારના પાત્રોમાં ભરીને પોતાના પરિવારે સહિત શ્રીહરિના બંને ભાઈઓને જમવા માટે બ્રાહ્મણો પાસે મોકલાવ્યાં. (૧-૨-૩)

પછી હે રાજન્ ! રામપ્રતાપ તથા ઈચ્છારામ પોતાના પરિવારની સાથે સુરણના શાક વગેરેમાં ઉજ્જવળ લવણ નાંખીને મનઃપ્રિય, સુધાસમાન, સ્વાદિષ્ટ વિવિધ પ્રકારના ભોજનો વિષ્ણુને નિવેદન કરીને આશ્ચર્યવત્ બની જમતા હતા. (૪-૫) કુબેરજી તથા જોબન વગેરે ભક્તો જેમની યથાયોગ્ય ઉત્તમ વસ્તુઓથી સેવા કરી રહ્યા છે એવા તે બંને ભાઈઓ સુખપૂર્વક સૂઈ ગયા. (૬, ૭)

પોતાના ભક્તોને ઈષ્ટ સુખ આપનારા દયાળુ, ભક્તવત્સલ, ભગવાન શ્રીહરિ પણ ક્ષણ પોઢી પછી જાગીને ચિંતવન કરવા લાગ્યા. મારાં દર્શન કરવા આ જનના સમુદાયો દૂર દેશથી આવેલા છે. માટે આ સર્વ જનસમૂહોને ઉતારા વગેરેની ક્યારેય પણ અગવડ પડે નહિ. (૮)

હું તેમના નિવાસસ્થાનોમાં જઈને તેમને ઈચ્છિત વસ્તુ તથા મારા દર્શન આપીને, સારી રીતે તેમની સંભાવના કરી તે જનોને આનંદ આપું. (૯)

આવો વિચાર કરીને પોતાના ભક્તોની સંભાવના કરવા માટે ઈચ્છતા શ્રીહરિએ મારો ઘોડો લાવો એમ પોતાના સેવક નાજા ભક્તને કહ્યું. (૧૦) હે રાજન્ ! નાજા ભક્ત પલાણ વગેરે વિવિધ પ્રકારના ભૂષણોથી ભૂષિત, ઉત્તમ ગતિવાળા સુંદર સ્વભાવવાળા અશ્વેન્દ્રને તત્કાળ લાવ્યા. (૧૧)

પછી શ્રીહરિ અશ્વ ઉપર બેસીને પોતાના પાર્ષદો સોમ, સૂર, ભગુજી, મયજીત, રત્નજીત, ભીમો, કમો, વિરો, અર્જુન, દેવો, લાખો તથા હમ્મિરજી વગેરેની સાથે પોતાના સમગ્ર ભક્તોના નિવાસસ્થાનો જોવાની ઈચ્છાથી પોતાના નિવાસથી ચાલ્યા. (૧૨) શ્રીહરિ સુવર્ણમય સુંદર ચંચળ લગામ પોતાના હસ્તમાં ધારણ કરીને, જનસમુદાયોને દર્શન આપતા માર્ગમાં ચાલતા શોભતા હતા. (૧૩)

વિઠ્ઠલદાસ આદિ નાપિતોએ હાથમાં લીધેલી મોટી મશાલોના અત્યંત તેજથી જનના સમુદાયોએ શ્રીહરિના દિવ્ય શરીરના યથાર્થ દર્શન કર્યા છે એવા (૧૪)

અતિ શ્રેષ્ઠ વસ્ત્ર ધારણ કરનારા, અતિ ઉજ્જવળ મોળીયુ મસ્તકે ધારણ કરનારા, શોભાયમાન પુષ્પોના શોભતા સુંદર હારો, ગુચ્છો બાજુબંધો તથા તોરાઓ ધારણ કરનારા (૧૫)

પ્રવાળની માફક લાલ ઓષ્ઠ ઉપર પડેલી મંદહાસ્યની કાન્તિથી અતિ શોભાયમાન, મુખની શોભા જોઈ લજ્જા પામેલા ચંદ્રમાને આશ્ચર્ય પમાડનારા. (૧૬)

તે સમયે ચંદ્ર પણ તેમના કંઠમાં મોતીઓની માળા જોઈને શરદ ઋતુઓના તારાઓની ભ્રાંતિથી મહા આશ્ચર્ય પામ્યો. (૧૭) કોટિ કામદેવોના ગર્વને નાશ કરનારી આવી શોભા ધારણ કરનારા શ્રીહરિ

પોતાના સમગ્ર ભક્તોના નિવાસોમાં પધાર્યા. (૧૮)

દરેકના નિવાસસ્થાનોમાં જુદા જુદા ફરી પોતાના દર્શનથી પોતાના આશ્રિત સર્વ જનોને સુખ આપતા શ્રીહરિ, કેમ સુખી છોને ? વગેરે સમાચાર તેમને પૂછતા હતા. (૧૯)

શ્રીહરિ તે ભક્તોને જે જે વસ્તુઓની જરૂર હતી તે તે વસ્તુઓ તેમને કુબેર વગેરે ભક્તો પાસેથી અપાવતા હતા. (૨૦) જનસમૂહોએ આશ્ચર્યપૂર્વક સ્તુતિ તથા વંદના કરેલ શ્રીહરિ, સર્વે જનસંઘોની આ રીતે સંભાવના કરતા હતા. (૨૧) દેશાંતરના તથા પુરના જનોની નિષ્કપટ ભક્તિની શ્રીહરિ સોમવર્મા વગેરે પોતાના જનોની પાસે વારંવાર પ્રશંસા કરતા હતા. (૨૨) હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ આવી રીતે પોતાના આશ્રિતોની સંભાવના કરીને, પોતાના પાર્ષદ સમૂહોની સાથે પોતાના સ્થાનમાં આવીને અત્યંત કોમળ મહાઅમૂલ્ય શય્યામાં પોઢીને યોગનિદ્રાને અંગીકાર કરી. (૨૩)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિએ ભક્તોની સંભાવના કરી એ નિરૂપણનો છેતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૬)



અધ્યાય ૪૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપ ! પછી આ ઉત્સવમાં શ્રી સ્વામિનારાયણ શ્રીહરિએ અસંખ્ય ભક્તોને જે ઐશ્વર્ય બતાવ્યું તે તમોને હું કહું છું. (૧)

હે રાજન્ ! વૃત્તપુરીથી દૂર જેમણે નિવાસ કર્યો હતો તેવા અસંખ્ય જનસમૂહોના હૃદયમાં વિચાર થતો હતો. (૨) શ્રીહરિના દર્શન કરવા અત્યંત દૂરદેશથી આવેલા આપણે અહીં આપણો નિવાસ અત્યંત દૂર હોવાથી પ્રાણપ્રિય શ્રીહરિના કેવી રીતે દર્શન કરીશું ? (૩) કરોડો જનોના સમુદાયવાળા આ મહા ઉત્સવમાં આપણને સ્વામિનારાયણનાં દર્શન તો દુર્લભ છે. (૪)

આવી રીતે વિચાર કરતા લોકો જળવિના માછલાં તથા મેઘ વિના ચાતકો જેમ તરફડે તેમ, આકુળ વ્યાકુળ થયા. (૫) ચક્વાકો સૂર્યને તથા ચકોરો ચંદ્રમાને જોવા જેમ ઇચ્છે તેમ શ્રી સહજાનંદ સ્વામીનાં દર્શન સર્વજનો અત્યંત ઇચ્છતા હતા. (૬) શ્રીહરિનાં દર્શન નહિ થાય એમ જાણીને ખિન્ન હૃદયવાળા જનોને દાવાનળથી તપાયમાન થયેલા હાથીઓની માફક પરિતાપ થયો. (૭)

અતિ દૂર દેશથી આવેલા જનોને સ્વામિનારાયણનાં દર્શન માટે જેમ ભૂખ્યાજનોને ભોજનમાં આસક્તિ થાય અને તરસ્યા જનોને પાણીની ઇચ્છા થાય તેમ તીવ્ર આસકિત થઈ. (૮) વળી સમગ્રજનો પાંખ વિનાના પક્ષીઓના બચ્ચાં પોતાની માતાની અત્યંત વાટ જુએ તેમ પોતાના અંતરમાં શ્રીહરિના દર્શનનું સ્મરણ કરતા હતા. (૯)

સર્વજ્ઞ ભગવાને આવી રીતે જનોનો ભાવ જાણીને અનેક રૂપો ધારણ કરીને તેમને પોતાના દર્શન

આપ્યા. (૧૦, ૧૧) સર્વોત્તમ અશ્વ ઉપર બિરાજેલા, શોભાયમાન વસ્ત્રો ધારણ કરનારા એવા, શ્રીહરિ સંકલ્પથી અનેક રૂપ ધારણ કરી અનેક દીવાઓના તેજથી શોભતા, આગળ અને પાછળ ચાલતા દિવ્ય નંદસુનંદાદિ તથા સોમવર્મા, સૂરવર્મા, ભૃગુજીત, રત્નજીત, મયજીત વગેરે પોતાના પાર્ષદોએ સહિત, શ્રીહરિએ અતિદૂર જનોના નિવાસસ્થાનોમાં જુદા જુદા જઈને તેમને પોતાનાં દર્શન આપ્યા. (૧૨, ૧૩)

દયાનિધિ શ્રીહરિએ એકી સાથે તેમને પોતાનાં દર્શન આપીને તથા સર્વ કુશળ સમાચાર પૂછીને તેમને અત્યંત સુખી કર્યા. (૧૪) પછી ભક્તપ્રિય પ્રભુ, યોગેશ્વરોના ઈશ્વર, શ્રીહરિએ અનેક રૂપો અંતર્ધાન કર્યાં. (૧૫) હે રાજન્ ! શ્રીહરિનાં દર્શન કરનારા સમગ્ર ભક્તો પોતપોતાના નિવાસસ્થાનોમાં પરસ્પર ભેગા થઈને સર્વ ઠેકાણે આશ્ચર્યપૂર્વક શ્રીહરિના આગમનની વાર્તા કરતા હતા. (૧૬) તે ભક્તો શ્રીહરિનું સર્વજનોના નિવાસસ્થાનોમાં એકીસાથે આગમન થયું છે તેવું જાણીને આશ્ચર્યચકિત થઈને આ પ્રમાણે નિશ્ચય કરતા હતા. (૧૭) અહો ! સર્વજ્ઞ, દીનવત્સલ, અવતારી, સ્વયં શ્રી સહજાનંદે જ તેમનાં દર્શનથી આપણી ઉત્કંઠા જાણીને આપણા ઉપર દયા કરી અનેક રૂપો એકી સાથે ધારણ કરી, આપણને બધાને ઈચ્છત, પોતાના દર્શન આપ્યા. (૧૮-૧૯) એવી રીતે ભક્તો ધર્મપુત્ર શ્રી સ્વામિનારાયણનું અપાર દિવ્ય ઐશ્વર્ય જોઈને સર્વોત્તમ આનંદ પામ્યા. (૨૦)

પોતાના ભક્ત સમૂહોને મહાઆનંદ આપનારા, પાપ તાપનો નાશ કરનાર છે દર્શન જેમના એવા, ધર્મ નંદન આવો વિચાર કરવા લાગ્યા. (૨૧) વૃત્તાલયની ચારે બાજુએ અતિ દૂર શાખા નગરોમાં રહેનારા જન સમુદાયોને પણ મારા દર્શન થશે નહિ. (૨૨) માટે તેમને મારે દિવ્ય દૃષ્ટિ આપવી. મારી આપેલ દિવ્ય દૃષ્ટિથી સમગ્ર દિવ્ય દૃષ્ટિવાળા તે ભક્તો અહીં હોય ત્યાં સુધી હું જાણે તેમની સમીપે જ હોઉં તેમ જુવે. (૨૩) આવો વિચાર કરીને દયાનિધિ, સત્ય સંકલ્પ શ્રીહરિએ દૂર રહેલા જનસમૂહોને, દિવ્ય દૃષ્ટિ આપી. (૨૪) દિવ્ય દૃષ્ટિ પામેલા તે ભક્તો અતિ દૂર રહેવા છતાં પણ સમીપે રહેલા ભક્તોની જેમ શ્રી સહજાનંદ શ્રીહરિના સર્વદા દર્શન કરતા હતા. (૨૫) આવી રીતે પોતાના કરોડો ભક્તોને આનંદ આપતા શ્રીહરિ પોતાનું ઐશ્વર્ય પોતાના ભક્તોને બતાવતા હતા. (૨૬)

હે ભૂપતે ! સ્વતંત્ર, અવતારી, સમગ્ર ઈશ્વરોના પણ ઈશ્વર, અસંખ્ય બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, લય કરવા રૂપ લીલાવાળા, પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણમાં આ પ્રકારના ઐશ્વર્યોનું દર્શન એ આશ્ચર્યકારી નથી. (૨૭) હે રાજન્ ! આ લોકમાં લેશમાત્ર ઐશ્વર્ય પામેલા યોગિવરોના યોગપ્રભાવનો અંત પામવા પણ સૂક્ષ્મ બુદ્ધિવાળા કોઈ વિદ્વાન સમર્થ નથી. (૨૮) તો અનેક પ્રકારની દિવ્ય લીલાઓ જેમની છે એવા, મહાગુણ ઐશ્વર્ય અને સુખના સમુદ્રરૂપ શ્રીહરિના ઐશ્વર્યનો પાર કોઈપણ ન પામે તેમાં શું આશ્ચર્ય કહેવાય ? (૨૯)

હે રાજન્ ! માટે આ મહા પરમ પવિત્ર ઐશ્વર્ય મેં તમોને મારી બુદ્ધિ પ્રમાણે સંક્ષિપ્તથી કહ્યું છે. યથાર્થ ઐશ્વર્ય કહેવા માટે અને તે અનંત હોવાથી હું શક્તિમાન નથી. (૩૦) પુરૂષોત્તમશ્રી સહજાનંદ શ્રીહરિનું અતિ મંગળ આ ઐશ્વર્ય જે મનુષ્યો પૃથ્વી ઉપર સાંભળશે અથવા શ્રદ્ધાથી કહેશે તે જનો

સત્પતિ શ્રીહરિનો સર્વોત્તમ અતિદૃઢ નિશ્ચય પામશે. શ્રીહરિના સ્વરૂપનું સુખ આપનાર માહાત્મ્ય જ્ઞાને સહિત સ્નેહ પણ તેને પ્રાપ્ત થશે. (૩૧)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું તે નિરુપણ નામે સુડતાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૪૭)



અધ્યાય ૪૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નરપતે ! રાત્રિના છેલ્લા પ્રહરમાં વાજિંત્રો લઈ ઉત્તમ ગાન કળામાં પ્રવીણ નાગાર્જુન વગેરે સમગ્ર બંદિજનો બધા ભેગા થઈને શ્રીહરિના નિવાસના દ્વારમાં આવીને ઊભા રહ્યા. (૧) હે રાજન્ ! પછી શ્રીહરિના દર્શનમાં તૃષ્ણાયુક્ત મનવાળા, શ્રીહરિમાં અત્યંત પ્રેમવાળા તથા મધુર સ્વરવાળા તેઓ શ્રીહરિને જગાડતા હતા. (૨)

યોગિપુરુષોના જ્ઞાન વિષય, અતિ પવિત્ર કીર્તિવાળા, આપ જાગો. અત્યંત કૃપારૂપી અમૃતથી પૂર્ણ અતિ પવિત્ર અને ચંચળતાથી અત્યંત શોભાયમાન એવા, દર્શનથી જ પીડાનો નાશ કરનાર આપ આ જગતને સુખી કરો. (૩)

હે શ્રી હરે ! આપની સમીપે આપનાં દર્શન કરવા આવેલા સમગ્ર લોકોના મળનો નાશ કરનાર સુંદર સ્વરથી અલંકૃત, વીણા વગાડતા નારદ, આપના યશનું ગાન કરે છે. (૪)

હે શ્રી હરે ! આપના મુખારવિંદના દર્શન કરવા માટે બ્રહ્મા વગેરે દેવેશ્વરોએ સહિત આવેલા ચંદ્રમાના સમાન ઉજ્જવળ કાંતિવાળા શંભુ ડમરૂ વગાડતા તાંડવ નૃત્ય કરે છે. (૫)

સદાચારનું પ્રતિપાદન કરતો શ્રુતિગણ પણ, શ્રવણ વર્ણન સંસ્મરણોથી શ્રવણ કરનારાઓની પીડા હરનારી નવરસમય મૂર્તિ ધારણ કરી હે પુરૂષોત્તમ ! આપનાં દર્શન માટે શરણે આવ્યો છે. (૬)

હે શ્રીહરે ! શુકદેવજી મુખ્ય છે જેમાં એવા સનકાદિકો તથા સર્વધામોના મુક્તગણો, સમગ્ર પ્રાણીઓની રચના કરનારા પરમ કરુણાથી મનુષ્ય લોકમાં પધારેલા એવા આપનાં દર્શન માટે અહીં આવ્યા છે. (૭) હે શ્રીહરે ! આશ્રિતોની સંસૃતિનો નાશ કરનારા; સર્વોપરિ, ધર્મનંદન એવા આપને વિષે અતિ પ્રીતિવાળા કમળા, રાધાની સાથે આપને પૂજવા અહીં આવ્યા છે. (૮)

હે હરે ! સર્વ ભક્તોમાં ઉત્તમ રમાએ આદરપૂર્વક પૂજેલા, અતિસુંદર, દર્શન માત્રથી જ પાપનો નાશ કરનારા, તથા અનાદિ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારા એવા, આપના ચરણકમળના દર્શન કરાવો. (૯) હે કમળ લોચન ! શોક નિવૃત્તિ કરનારું મંદહાસ્યના વિલાસવાળું, પવિત્ર રસવાળું આપનું મુખારવિંદ ઘણા સમયથી આપનો પરિચય કરાવનાર એવા આપના દર્શનને ઇચ્છનાર મુનિગણને બતાવો. (૧૦)

હે સંચાર નિવર્તક ! હે સત્પતે ! વિવિધ પ્રકારના અત્યંત સ્ફૂટ અક્ષરોરૂપી અલંકારોવાળાં, દુષણોનો નાશ કરનારા આપ, સત્ય અને અમૃત જેવા સુંદર વચનોથી સર્વોત્તમ સાધુ સમૂહને પરિતૃપ્ત કરો. (૧૧) હે મનુષ્યેશ્વર ! સર્વાધિપતિ નારાયણ શ્રીહરિએ આવી મંગળકારી અત્યંતમધુર, શ્રેષ્ઠ બંદિજનોએ કરેલી પ્રશસ્તિ સાંભળીને પોતાની આજ્ઞા પાલન કરનારી યોગ નિદ્રાનો તત્કાળ ત્યાગ કર્યો. (૧૨) સર્વ થકી પર અક્ષર તેનાથી પણ પર શ્રીહરિ, પોતાનાં મનુષ્ય નાટ્યને શોભાડતા પોતાના આશ્રિતોને ઉપદેશ આપતા સુદ્રઢાસન બાંધીને આસનમાં બિરાજી વિશુદ્ધ, અવિચળ, પોતાના પુરૂષોત્તમ સ્વરૂપનું ચિંતવન કરતા હતા. (૧૩) દિવ્ય, અવધિ વિનાના, અત્યંત શુદ્ધ, પોતાના આનંદરૂપી સદ્‌ગુણોના નિધિ રૂપ, અપાર બોધવાળા, અક્ષરનામના મુક્ત સમુહોએ સારી રીતે ચિંતવન કરાયેલા, ઉપનિષદો, અક્ષર, મૂળપુરુષ, મૂળમાયા વગેરે પણ જેમના અંતને પામ્યા નથી એવા. (૧૪) શ્રીહરિએ ધ્યાન કર્યા પછી શૌચવિધિ કરીને તત્કાળ પોતાના પાર્ષદોએ લાવેલા જળથી સ્નાન કર્યું. પછી પવિત્ર પીતાંબર ધારણ કરીને બીજું રમણીય - રેશમી વસ્ત્ર ધારણ કર્યું. (૧૫)

પછી શ્રીહરિએ બંને ચરણકમળમાં સુંદર પાદુકાઓ પહેરી, પૂજાસ્થાનમાં જઈ, બાજોઠ ઉપર બેસીને કુમકુમના રમણીય ગોળ ચાંદલાએ સહિત કેસર યુક્ત ચંદનનું ઉર્ધ્વપુંડ્ર તિલક, વિશાળ અને સુંદર ભાલમાં કર્યું. (૧૬) હે રાજન્ ! પછી જનસમુદાયના કલ્યાણમાં આસક્તિવાળા, સમગ્ર જગતના ગુરુ, અક્ષરાદિના નિયંતા, ધર્મનું રક્ષણ કરનારા, શ્રીહરિએ વેદવિહિત પોતાનો નિત્યવિધિ કર્યો. (૧૭)

હે રાજન્ ! શ્રીહરિએ સર્વે એકાદશીઓમાં શ્રીકૃષ્ણની મહાપૂજા કરાય છે તે શ્રીકૃષ્ણની મહાપૂજા ફાગણ સુદી એકાદશીને દિવસે વિધિ પ્રમાણે કરવી. (૧૮)

તે ઉત્સવમાં આવેલી હરિભક્તોની સ્ત્રીઓએ ઉચ્ચારણ કરેલાં મનોહર, મંગળ ગીતોના ધ્વનિ તથા ઉત્સવમાં આવેલા વેદ વિદ્યામાં વિશારદ હરિભક્ત બ્રાહ્મણોએ ઉચ્ચારણ કરેલા સુંદર સ્વર યુક્ત મધુર વેદ ધ્વનિની સાથે, વિવિધ પ્રકારના વાદ્યોના અતિમહાન ઘોષ સાથે, મનોહર ષોડશોપચારથી શ્રીહરિ મહાપૂજા કરતા હતા. (૧૯-૨૦) વર્ણાશ્રમ ધર્મનું પોષણ કરનારા શ્રીસ્વામિનારાયણે કરેલો મહાપૂજા મહોત્સવ જોઈને, જનો વિસ્મય પામ્યા. (૨૧)

પછી હે રાજન્ ! શ્રીહરિએ નિત્યદાન કરી, ઉત્સવમાં આવેલા વિપ્રોનું, આ લોકમાં સર્વજનોને પોતાના આચરણની શિક્ષાને અર્થે પૂજન કર્યું. (૨૨) હે રાજન્ ! શ્રીહરિએ સો ગાયો તથા સુવર્ણ, તલ, રૂપિયા હજારો બ્રાહ્મણોને આપ્યા. (૨૩) બ્રાહ્મણોનું હિત ઇચ્છનારા ઉદારતાના સમુદ્ર, શ્રીહરિએ બ્રાહ્મણોને સુવર્ણના શ્રેષ્ઠ અલંકારો તથા વસ્ત્રો આપ્યા. (૨૪)

શ્રીહરિએ આગલા ભાગમાં તોરાઓ ધારણ કરેલી પીળી પાઘડી તથા તમામ કેસરીઆ રંગના વસ્ત્રો ધારણ કર્યા. (૨૫) પછી મુકુંદાનંદ વર્ણીન્દ્રે શ્રીહરિના બંને હાથના કડાઓમાં સુવર્ણના કંકણો તથા રત્નજડિત બાજુબંધો વગેરે ધારણ કરાવ્યા (૨૬) મુંકુંદાનંદે મણિમય સુવર્ણના હારો તથા મોતીઓની માળા, શ્રીહરિના કંઠમાં ધારણ કરાવી. તેમના બંને કર્ણોમાં મોતીઓના તારાઓ ધારણ કરાવ્યા. (૨૭) વળી સુવર્ણના સુંદર

મણિવાળા તોરાઓ તથા મનોહર પુષ્પના હાર તથા તોરાઓ પાઘમાં ધારણ કરાવ્યા. (૨૮)

સોનાની ઘુઘરીઓએ યુક્ત મોળીયામાં રત્નોની પંક્તિરૂપી દીવાઓથી શોભતી, દેવેંદ્રોએ પૂજાયેલી પાદુકાઓ શ્રીહરિએ પહેરી અને હાથમાં સોનાની સોટી ધારણ કરી. વર્ણીઓ તથા પાર્ષદોથી વીંટાયેલા, સુંદર, ચંચળ ચાલવાળા શ્રીહરિ પોતાના નિવાસસ્થાનથી સભાસ્થાનમાં પધાર્યા. (૨૯-૩૦)

તે સમયે શ્રીહરિની બંને પડખે સોમવર્મા તથા સૂરવર્મા પાર્ષદો શોભતા હતા. અને હંસની માફક ઉજ્જવલ ચામરોથી શ્રીહરિને ચામર વીંજતા હતા. (૩૧)

ભૃગુજીત પાર્ષદે મોતીઓની જાળીઓથી યુક્ત શોભાયમાન સુવર્ણ કળશવાળું પીળું છત્ર શ્રીહરિની ઉપર હર્ષથી ધારણ કર્યું. (૩૨) શ્રીહરિની આગળ ચાલતા સોનાની છડી ધારણ કરેલા કુબેરજીત અતિ મંગળમય છડીના શબ્દો ઉંચા સ્વરથી પ્રીતિપૂર્વક બોલતા હતા. (૩૩)

હે ક્ષિતિપતે ! મનોહર, રાજાધિરાજ, લક્ષ્મી ધારણ કરતા, પોતાનાં દર્શન કરનાર ભક્ત સમૂહોના ચિત્તને હરતા, પાદુકાના ચટ્ચટ્ ધ્વનિ યુક્ત ચાલતા, શ્રીહરિ કોમળ ગાદલાથી સુંદર ઉન્નત સુવર્ણ સિંહાસન પ્રત્યે આવીને તત્કાળ તે ઉપર બિરાજમાન થયા. (૩૪)

શ્રીહરિના દર્શનથી થયેલા મહા આનંદવાળા જનસમૂહોએ જય જયનો મહાન ધ્વનિ કર્યો અને તેનો સર્વ ઠેકાણે ઉદ્‌ઘોષ થયો. તે સમયે જનસમુદાયો અત્યંત પ્રિય શ્રી ધર્મના પુત્રના આદરપૂર્વક, નિર્નિમેષ દૃષ્ટિથી દર્શન કરી તેમને પ્રેમપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૩૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં સવારમાં બંદિજનોએ કરેલી શ્રીહરિની પ્રાર્થના નિરૂપણ નામે અડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૮)



અધ્યાય ૪૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિએ બે ઘડી તેમને પોતાના દર્શન આપીને, સર્વજનોને પોતાના હાથની મુદ્રાથી બેસાડ્યા. (૧) પછી સભામાં સાધુઓ તથા સમગ્રજનો શ્રીહરિના મુખારવિંદના દર્શન કરતા યથાયોગ્ય બેઠા. સ્ત્રીઓ પણ શ્રીહરિના મુખારવિંદના દર્શન કરતી યથાયોગ્ય બેઠી. (૨) તપોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ સંતો શ્રીહરિની આગળ બેઠા. બીજા મુનિઓ તેમની પાછળ જેમ ઘટે તેમ બેઠા. (૩)

હે રાજન્ ! કરોડો ગૃહસ્થ ભક્તો સાધુઓને અર્ધચંદ્રની માફક વીંટાઈને શ્રીહરિની સન્મુખ જમણે પડખે બેઠા. (૪) ગૃહસ્થ જનોમાં પણ આગળ બ્રાહ્મણો પછી ક્ષત્રિયો, પછી વૈશ્યો અને તેનમી પાછળ સમગ્ર શૂદ્રો બેઠા. (૫)

તેમાં પણ આગળ વૃદ્ધો, પછી મધ્યમ ઉંમરવાળા, પછી કિશોર અવસ્થાવાળા એમ મર્યાદા પ્રમાણે બેઠા. (૬) શ્રીહરિની ડાબે પડખે પુરુષોનો સ્પર્શ ન થાય તેમ પાંચ હાથ દૂર હજારો સ્ત્રીઓ મર્યાદાથી અર્ધચંદ્રાકારે બેઠી. (૭) સોમવર્મા, સૂરવર્માદિ સર્વે પાર્ષદો સત્પતિ શ્રીહરિના બંને પડખે હર્ષપૂર્વક યથા યોગ્ય બેઠા. (૮)

પુરુષો તથા સ્ત્રીઓના મધ્ય ભાગમાં પૂજા કરનારા જનોને આવવા માટે શ્રીહરિએ ધનુષ્યના પ્રમાણવાળો પહોળો માર્ગ કરાવ્યો. (૯)

પછી પોતાના પુત્રોની સાથે સભામાં આવેલા રામપ્રતાપ તથા ઈચ્છારામ સર્વજનોએ વંદના કરાયેલા તથા સન્માન કરાયેલા, હર્ષપૂર્વક શ્રીહરિની આગળ યથા યોગ્ય આસને બેસીને સભાના તથા શ્રીહરિના દર્શન કરીને અત્યંત વિસ્મય પામ્યા. (૧૦, ૧૧) જોનારા જનોને અતિમહાન આનંદ ઉપજાવતી, દર્શનમાત્રથી પાપ તથા તાપનો નાશ કરનારી સભા, દેવતાઓને આશ્ચર્ય કરનારી શોભતી હતી. (૧૨)

ગૃહસ્થ ભક્તોએ મસ્તક ઉપર પહેરેલા ચિત્ર વિચિત્ર ફેંટાઓથી શોભતી સભા જાણે વિવિધ પ્રકારના પુષ્પોવાળા વૃક્ષોથી શોભાયમાન ઉત્તમ બગીચાની શોભા ધારણ કરતી હતી. (૧૩)

તે સમયે ત્યાં સભારૂપી સમુદ્ર શોભતો હતો. તે સમુદ્રરૂપી સભા તે સમયે ત્યાં સભારૂપી સમુદ્ર શોભતો હતો. દિવ્યમૂર્તિ શ્રી નારાયણ રૂપી સુંદર ચુંબક મણીપર્વત, સભામાં જતા આવતા જન સમુદાયરૂપી અતિચંચળ તરંગોની માળાઓથી યુક્ત, મુનિઓરૂપી રાજહંસોના સમૂહથી શોભાયમાન ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ભગવાનના મહાત્મ્યની કથારૂપ રત્નોના આધારરૂપ, શ્રીહરિના યશરૂપી મોતીઓના પુંજ સહિત અને તેથી જ અતિ ઉજ્જવળ એવી તે મહાસભામાં બિરાજેલા ભક્તજનોને, દર્શનીય, શ્રીસ્વામિનારાયણના દર્શન કરતા દેહધારીઓના સમગ્ર શરીર ધર્મો, ભૂખ, તરસ વગેરે નિવૃત્ત થઈ ગયા હતા. (૧૪, ૧૫) અક્ષરધામમાં અક્ષર સંજ્ઞાવાળા મુક્તોને જેમ સુખ છે તેવી જ રીતે આ સભામાં શ્રીહરિના દર્શન કરનારા મનુષ્યો અત્યંત સુખ પામ્યા. (૧૬) બ્રહ્મા, વિષ્ણુ, શિવ, વૈરાજ, તત્વો, પ્રકૃતિ તથા તેમના પતિ વગેરે સર્વે ઈશ્વરો જેમને આભાનાં દર્શન કરવાની ઈચ્છા હતી. પરંતુ મનુષ્યો તેમને ન જુએ તેવી રીતે, પ્રસન્ન થઈને નિરંતર આવતા હતા. (૧૭)

બદરીકાશ્રમમાં રહેનારા સર્વે મુક્તો તથા શ્વેતદ્વીપમાં રહેતા મુક્તો તથા ગોલોક વગેરે સમગ્ર ધામના મુક્તો ઉત્કંઠા સહિત તે સભાના દર્શન કરવા આવતા હતા. (૧૮) શ્રીસ્વામિનારાયણના સંબંધી પ્રાપ્ત થયેલી અનુપમ શોભા ધારણ કરતા, અનેક લોકોના ઈશ્વરો જે સભાની સ્તુતિ કરે છે તેવી આ સભા સુધર્માની સભાને પણ લજ્જા પમાડતી હતી. (૧૯)

આવી શોભાયમાન સભામાં પોતાના સિંહાસન ઉપર બિરાજેલા પરમેશ્વર શ્રીહરિકૃષ્ણને વાયુથી હલતા શાખાવાળા વૃક્ષો તેમના રંગબેરંગી પુષ્પોથી જાણે વધાવતા હતા. (૨૦)

જે પાપથી વૃક્ષનો દેહ આવ્યો છે તે પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણની પ્રાપ્તિથી નષ્ટ થયા અને તેથી અતિપ્રસન્ન થયેલા અને મુક્તિનો અધિકાર પામેલા તે વૃક્ષો, તે સમયે પોતાના ખીલેલા પુષ્પોથી જાણે શ્રીહરિના

સંબંધ વિનાના વૃક્ષોને હસતા હોય ને શું ? એણું જણાતા હતા. (૨૧)

તે સમયે વૃક્ષો, પુષ્પો તથા ફળો રૂપી ભેટો પોતાની શાખાઓ રૂપી હાથમાં લઈને, પોતાના સ્વામી શ્રીહરિને પ્રણામ કરતા હતા. તેમજ કોકિલાના મધુર શબ્દોથી શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૨૨) મદના સવથી જાણે અશ્રુઓની ધારા વહેવડાવતા અને પુષ્પોથી રોમાંચિત શરીરવાળા તે વૃક્ષો શ્રીહરિના દર્શન કરીને જંગમ ભાવ પામ્યા. (૨૩)

વાયુના કંપથી, ભમરાઓ રૂપી ગંધર્વોના સુંદર ગાન કરતી વૃક્ષોની લતાઓ શ્રીહરિના દર્શન કરીને નવપલ્લવો રૂપી હાથના અભિનય કરી હર્ષપૂર્વક જાણે નૃત્ય કરતી હતી. (૨૪)

ત્યાં સુંદર પુષ્પો તથા ફળોથી નમતી ડાળીઓવાળા વૃક્ષો શ્રીહરિ ઉપર છત્રની માફક જાણે ઊભા હોય અને પોતાના વૃક્ષના જન્મમાં કારણભૂત પાપના સમુદાયના નાશ માટે શુભ દર્શનવાળા, ધર્મના પુત્ર શ્રીસહજાનંદ ઉપર છાયા કરી જાણે સેવા કરતા હતા. માટે જ ધન્યતા પ્રાપ્ત કરેલા તે વૃક્ષો સંસારના અતિ દુસ્તર ભયથી મુકત થઈ ગયા. (૨૫)

તે સમયે વાયુ, સંસારરૂપી સમુદ્રમાંથી તારનારી નૌકારૂપી મહા કીર્તિવાળા, પુણ્ય ગુણોના સમુદ્ર, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ શ્રીહરિના દર્શન કરીને અત્યંત આનંદ પામી, વૃક્ષોને નૃત્ય કરાવતો અતિ સુંદર ખેલ કરાવતો હોય ને શું ? એમ ચારેય તરફ પુષ્પોના ગોટેગોટા ફેંકતો જાણે સેવા કરતો હતો. (૨૬)

ઘણાં વિવિધ પક્ષીઓ વૃક્ષોની લતા ઉપર બેસીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. તે જાણે સામગાનમાં પ્રવીણ ઋષિ પુત્રો હોય ને શું ? એમ મધુર સ્વરોથી ઉદાર શ્રીહરિના યશનું ગાન કરતા હતા. (૨૭)

ધારણ કરેલાં શ્રેષ્ઠ કેસરીયા વસ્ત્રોની શોભાવાળા, સ્વચ્છ નીલમણી સમાન વર્ણનવાળા, શ્રીહરિ પોતાના દર્શન કરનારા જનસમૂહના મન અત્યંત હરિલેતા હતા. (૨૮)

નખરૂપી મણિઓના કિરણોના સમૂહથી અતિ શોભાયમાન, કોમળ અને સુંદર આંગળીઓથી શોભતાં ચરણકમળવાળાં, શુભ, પુષ્ટ, ગોળ જંઘાઓથી શોભાયમાન; (૨૯)

હાથીના શ્રેષ્ઠ સુંઢદંડની માફક ગોળ સાથળોથી શોભતા, પીપળાના પાંદડા સમાન ઉદરવાળા, ત્રીવળીએ યુક્ત શીતળ ઉદરમાં ઊંડી નાભીરૂપ કૂપવાળા. (૩૦)

સિંહની કેડ્યનો તિરસ્કાર કરનારી અત્યંત શોભાયમાન કેડ્યમાં સોનાનો કંદોરો જેમણે ધારણ કર્યો છે એવા, ચારેય તરફથી સમાન, વિશાળ અને ઉત્તમ જે વક્ષઃસ્થળમાં શોભાયમાન કલ્યાણકારી શ્રીવત્સના ચિહ્નથી શોભતા; (૩૧)

સુવર્ણનાં કડાં, સાંકળા, વીંટીઓ વગેરે તથા સ્ફુરાયમાન નખરૂપી ચંદ્રમાના કિરણોથી અત્યંત શોભાયમાન બંને હાથવાળા, શ્યામ, રમણીય કર્પૂરથી અતિ શોભતા બંને હાથથી તિરસ્કૃત કર્યું છે શેષનું શરીર જેમણે એવા; (૩૨)

શ્રેષ્ઠ મણિઓવાળા, સુવર્ણ ભૂષણોને પણ શોભા કરનારા શંખથી પણ અતિ સુંદર કંઠવાળા,

દેદીપ્યમાન, શુભ, પુષ્ટ અને કોમળ ખભાવાળા, મનોહર દાઢીની શોભાથી અતિ રમણીય. (૩૩) બંને ઓષ્ઠોથી તિરસ્કૃત કર્યા છે નવ પલ્લવો જેમણે એવાં, ઉત્તમ અને નાના મોગરાની કળીઓ જેવા દાંતની પંક્તિથી શોભતા, સુમધુર હાસ્યથી પ્રસરતી દાંતની કાંતિથી પ્રકાશિત એવા કપોળની શોભાવાળા, (૩૪)

તલના પુષ્પ તથા પોપટની ચાંચ, દીપ વગેરેના સમાન નાસિકાવાળા, કમળના પત્ર સમાન શોભાયમાન નેત્રોવાળા, કામદેવના મદને હરનારી અતિ વાંકી બંને ભ્રકુટીવાળા, જેમના મુખારવિંદની શોભાથી પૂર્ણચંદ્ર પણ નિંદીત થયો છે એવા, (૩૫)

વિશાળ મેઘના સમાન સુંદર લલાટમાં રમણીય કેસરે યુક્ત ચંદનનું ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરતા અને તેના મધ્યમાં અતિ મનોહર કુમકુમનો ગોળ ચાંદલો જેમને શોભે છે એવા, (૩૬)

સુગંધ ગ્રહણ કરવાના લોભથી ભમતા અને અતિ ગુંજારવથી અતિ રમણીય ભમરાઓના સમુદાયથી ચારેયતરફ વીંટાયેલા પુષ્પોના શ્રેષ્ઠ તોરાઓથી અત્યંત શોભતા. (૩૭)

પુષ્પોના રમણીય ગુચ્છ કર્ણમાં ધારણ કરનારા, હાથમાં સુંદર પુષ્પોની કલગીવાળા, મણીમય સુવર્ણના અલંકારો ધારણ કરતા, અતિ ઉજ્જવળ નૂતન મોતીઓની માળા ધારણ કરતા; (૩૮)

મણીજડિત સુવર્ણના ચળકતા મકરાકાર સમાન કુંડળોથી શોભાયમાન કપોળવાળા, ધારણ કરેલા વિવિધ પ્રકારના અલંકારોમાં સર્વોત્તમ પોતાની મૂર્તિની શોભાથી લક્ષ્મીને ધારણ કરતા. (૩૯)

અપરિમિત દયારૂપી અમૃતરસથી કોમળ, સ્નેહના આધિકયથી અનુપમ દૃષ્ટિથી પોતાના મુખકમળ સામું જોઈ રહેલા. જનસમુદાયને સર્વોત્તમ સુખ આપનારા. (૪૦)

અગણિત કામદેવોના ગર્વનું મર્દન કરનાર, નટવરવેશવાળા, સર્વોપરી અવતારી, પોતાના ચરણકમળમાં આસકિતવાળા ભક્તોને શાંતિ પમાડનારા, શરણે આવેલા જનોના અંતઃશત્રુઓનો જેમણે નાશ કર્યો છે એવા, (૪૧) પોતાના સ્વરૂપમાં ખેંચી છે પ્રેક્ષક જનસમુદાયની ચિત્તવૃત્તિ જેમણે એવા, શ્રીહરિની સર્વ અંગમાં રહેલી વેદોએ ગાન કરેલી શરીરની સુંદરતા રૂપી લક્ષ્મી, વક્ષઃસ્થળમાં રહેલી લક્ષ્મી ઉપર અત્યંત થયેલી ઈર્ષાથી જનસમુદાયને હર્ષ પમાડતી હતી. (૪૨)

આવી રીતે ભક્તોના નેત્રોને આનંદ આપનારી, કોટિ કામદેવને મોહ પમાડનારી, શેષાદિ તથા ઉપનિષદો પણ જેમનો પાર નથી પામી શક્યા એવી લક્ષ્મીને ધારણ કરતા શ્રીસ્વામિનારાયણ શ્રીહરિના દર્શન કરતાં અસંખ્યજનો પોતાની આંખોની પાપણો બનાવનાર બ્રહ્માની નિંદા કરતા હતા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં સભામાં શ્રીહરિનો પ્રવેશ તેનું નિરૂપણ નામે ઓગણપચાશમો અધ્યાય સંપૂર્ણ. (૪૯)



અધ્યાય ૫૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે સભામાં બેઠેલા ઘણાં સ્ત્રી પુરુષો વ્યાપક શ્રીહરિની ઈચ્છાથી એક આશ્ચર્ય જોતા હતા. (૧) આ સ્વયં શ્રીહરિ મને જુએ છે તથા મને સમાચાર પૂછે છે. આવી રીતે સર્વે પુરુષો તથા સ્ત્રીઓ સમજતા હતા. (૨)

હે ભૂપતે ! ગાન કળામાં કુશળ પ્રેમાનંદ વગેરે મુનિઓ તથા સાધુઓ, આદરપૂર્વક વીણા તેમજ પોતપોતાના બીજા વાદ્યો તૈયાર કરતા હતા. (૩) પ્રેમાનંદ તથા ગવૈયા સાધુઓ દુક્કડ, સારંગી, મંજીરા વગેરેના સ્વરો મેળવીને, સ્વરનો આલાપ કરીને, મુક્તાનંદ મુનિએ રચેલા મનોહર પદનું ગાન કરતા હતા. (૪) પ્રેમાનંદાદિ ગવૈયાઓએ બેઘડી ગાન કર્યા પછી સર્વજ્ઞ શ્રીહરિ દેશાંતરથી આવેલા, વાજિંત્રો તૈયાર કરીને રહેલા ગવૈયાઓને જોઈને, પ્રેમાનંદ વગેરે મુનિઓને હે મુનિઓ ! મુહૂર્તવાર વિશ્રામ કરો, એમ કહેતા હતા. પછી દેશાન્તરથી આવેલા સદાનંદ ગંધર્વાદિ ગવૈયાઓને ગાવા માટે શ્રીહરિએ આજ્ઞા કરી. (૫-૬) સંગીત રસના અભિજ્ઞ તેમણે કરેલા ગાનનું શ્રવણ કરતા શ્રીહરિ તેમની ગાન કળાની નીપુણતા જાણીને તેમનું અત્યંત સન્માન કરતા હતા. (૭)

પછી શ્રીહરિ સજ્જ કર્યાં છે વાજિંત્રો જેમણે એવા કાસમ વગેરે ગવૈયાઓને જોઈને પ્રથમના ગવૈયાઓને વિરામ પમાડીને હસીને, સંજ્ઞાથી તેમને વાજિંત્રો વગાડવા માટે પ્રેરણા કરતા હતા. (૮) પછી કાસમ, કમાલ વગેરે સર્વે પોતપોતાના વાદ્યો હર્ષપૂર્વક વગાડતા હતા. શ્રીહરિ તેમની વાદ્ય વગાડવાની ચતુરાઈની પ્રશંસા કરતા હતા. (૯)

પછી તેમના ઉપર પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેમને સુવર્ણની બનાવેલી બાજુબંધની માળા આપતા હતા. (પોતાના અંગ ઉપર ધારણ કરેલા મહાવસ્ત્રો ઉપલક્ષણ વિધિથી આપ્યાં એમ જાણવું) તે સમયે પૃથ્વી ઉપર માણસ સર્વત્ર વ્યાપ્ત થઈ ગયું હતું. તે શ્રીહરિ જોતા હતા. (૧૦)

શ્રીહરિએ પૂજાના ઉપચારના પાત્રો હાથમાં લઈને ઊભેલા, પોતાની પૂજા કરવામાં ઉત્સાહવાળા જનસમુદાય જોયા. (૧૧) દયાસાગર, પોતાના ભક્તોને પ્રિય શ્રીહરિ, તેમનો મનોરથ પૂર્ણ કરવા માટે તેમના પ્રત્યે મેઘના જેવી ગંભીર વાણીથી બોલ્યા. (૧૨)

હે ભક્તો ! એક એક ગામના નિવાસી ભક્તો સર્વે પરસ્પર મળીને જુદા જુદા તત્કાળ અહીં મારી પાસે પૂજા કરવા આવો. (૧૩) હે ભક્તો ! કોઈપણ ભક્તે મારી પૂજા કરવામાં વાર કરવી નહીં. એક ગામના માણસો જાય ત્યારે બીજા ગામના સમૂહે આવવું. (૧૪) એ પ્રમાણે શ્રીહરિની આજ્ઞા શિરસા વંદ્ય કરીને તે ભકતો ભગવાનની પૂજા ભક્તિ પૂર્વક અનુક્રમથી કરતા હતા. (૧૫)

તેમાં પહેલાં થોડા બળવાળા ગુજરાત દેશના નિવાસીજનો અત્યંત કોલાહલ કરતા ભેગા મળીને જુદા જુદા આવ્યા. (૧૬) તે ગુજરાતના સર્વેજનો કુમકુમ, સુગંધિ ચંદન તથા વિવિધ પ્રકારના સુંદર પુષ્પોના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૭) પછી તે ભક્તો સોનેરી બુટ્ટાદાર

મહાઅમૂલ્ય વસ્ત્રો તથા સોનેરી તારવાળું મોળીયું શ્રીહરિને અર્પણ કરતા હતા. (૧૮)

તે ભક્તો અમૂલ્ય રત્નોથી જડેલા સુવર્ણના અલંકારો શ્રીસ્વામિનારાયણને અનુપમ પ્રેમથી અર્પણ કરતા હતા. (૧૯) પછી ભક્તોએ સાકરના કરેલાં ઘણાં રમકડાં તથા પેંડા વગેરેથી ભરેલા ચાંદીના પાત્રો શ્રીહરિની સમીપે મૂક્યા. (૨૦) તે ભક્તોએ સોપારી, લવીંગ, એલચી, જાયફળ વગેરેથી યુક્ત તાંબુલ મહા હર્ષપૂર્વક શ્રીહરિને અર્પણ કર્યા. (૨૧) તે ભકતો પછી શ્રીહરિની આગળ કેળાં વગેરે ઉપહારો મૂકીને આનંદથી પૂર્ણ થઈ પ્રભુની મહા આરતી કરતા હતા. (૨૨)

અચ્યુત શ્રીહરિ ત્યાં ઘણો ઘોંઘાટ કરતા ભક્તોને શાંત કરવા પોતાની નાસિકા ઉપર તર્જની આંગળી તત્કાળ મૂકતા હતા. તેટલામાં સુવર્ણ છડી ધારણ કરનારા કુબેરજીત ચોપદાર હે ભક્તો ! કોલાહલ કરશો નહીં. એમ કહીને સર્વને બોલતા બંધ કર્યા, પછી તે ભક્તો શ્રીહરિની પૂજા કરીને ગયા. (૨૩-૨૪) ત્યારબાદ તે ભક્તોની સ્ત્રીઓ પ્રીતિથી શ્રીહરિના કંઠમાં જુદી જુદી સુંદર સત્તાવીશ મોતીઓની નક્ષત્ર માળાઓ પહેરાવી શ્રીહરિને નમસ્કાર કરીને પછી ગઈ. (૨૫) શ્રીહરિએ તેમને પ્રસાદીના પુષ્પોના હાર આપ્યા. તેમજ સાકર, સુંદર પેંડા તથા સુંદર કેળાં વગેરે આપ્યા. (૨૬)

ગુજરાતના હરિભક્તોએ કરેલા પેંડા, પતાસા તથા ફળના ઢગલા પર્વતના શિખરોની માફક શોભતા હતા. (૨૭) પછી શ્રીહરિનો આશ્રિત શ્રીહરિની સેવામાં પ્રીતિવાળો ચતુર, ધર્મનિષ્ઠાવાન દરજી નિહારચંદ્ર, શ્રીહરિના આશ્રિતોએ શ્રીહરિને અર્પણ કરેલા મોટા ડગલા વગેરે શ્રીહરિને ધારણ કરવા યોગ્ય બનાવીને પ્રીતિપૂર્વક ધારણ કરાવતા હતા. (૨૮, ૨૯)

સૂર્યની માફક તેજસ્વી વસ્ત્રો તથા ઉત્તમ ભૂષણોની ઉત્તમ શોભાવાળા, શોભાયમાન શરદઋતુમાં ઉદય પામેલા પૂર્ણિમાના ચંદ્રને જીતનારા, મંદ સ્મિતથી અતિ શોભાયમાન મુખારવિંદવાળા, વિવિધ પ્રકારના અલંકારોના અલંકારરૂપ અંગોથી રમણીય, શ્રીસ્વામિનારાયણના નિર્નિમેષ દૃષ્ટિથી દર્શન કરીને જનસમુદાય તૃપ્તિ પામ્યા નહીં. (૩૦)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિ પૂજા ઉત્સવ નિરૂપણ નામે પચાસમો અધ્યાય સંપૂર્ણ. (૫૦)



અધ્યાય ૫૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિની પૂજા કરવા માટે લાંબા હાથવાળા તથા અતિશય બળવાન શરીરવાળા, દીર્ઘ નેત્રવાળા, અતિ પ્રગલ્ભ શરીરોવાળા, પૂર્વ દેશના હરિભક્તો આવ્યા. (૧) તે ભક્તો સુંદર કુમકુમ, કસ્તુરી, કેસર, અક્ષત, વિવિધ પ્રકારના પુષ્પના હાર વગેરેથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨)

હે રાજન્ ! પૂર્વદેશના તે જનો કોમળ મહામૂલ્યવાળા વિચિત્ર વર્ણનાં ચીનાઈ વસ્ત્રો શ્રીહરિને અર્પણ કરતાં હતા. (૩) પૂર્વદેશના સમગ્ર ભક્તો અતિહર્ષપૂર્વક નાના પ્રકારાં અમૂલ્ય રેશમી વસ્ત્ર તથા મોતીઓની ઘણી માળાઓ શ્રીહરિને અર્પણ કરતા હતા. (૪) તે ભક્તોએ વિવિધ પ્રકારના મોતીઓના તોરાઓ, તેમજ સુવર્ણ તથા મણિઓના મહામૂલ્યવાળા વિવિધ પ્રકારનાં ભૂષણો, હર્ષપૂર્વક શ્રીહરિને અર્પણ કર્યા. (૫) વિવિધ પ્રકારના ચાંદીના ઘણાં સુંદર પાત્રો તથા સુવર્ણનાં રમણીય પાત્રો, પ્રીતિપૂર્વક શ્રીહરિને અર્પણ કરતા હતા. (૬)

તે ભક્તજનોએ માણ્ય, ઘડાઓ, સોનારૂપાની વિચિત્ર વાડકીઓ, પ્યાલા, ઝારીઓ તથા ગાગરો શ્રીહરિને અર્પણ કરી. (૮) સુવર્ણના દંડથી શોભાયમાન રમણીય પંખાઓ, વિચિત્ર અને મનોહર તેમજ કોમળ આસનો, તે ભક્તો શ્રીહરિને અર્પણ કરતા હતા. (૮) પછી તે ભક્તોએ, સુવર્ણ મુદ્રાઓ તથા સાકર વગેરેથી ભરેલાં ચાંદીનાં પાત્રો ભક્તિપૂર્વક શ્રીહરિની આગળ મૂક્યાં. (૯) તે ભક્તોએ પાકાં સ્વાદિષ્ટ નાનાં પ્રકારનાં ફળો શ્રીહરિને અર્પણ કરીને શ્રીહરિની મહાઆરતી કરી. (૧૦)

શ્રીહરિ, પુષ્કળ ભેટો આપીને જતા તે જનોને, પોતાના કંઠમાંથી ઉતારીને પુષ્પના હારો હર્ષપૂર્વક આપતા હતા. (૧૧) તે ભક્તોની માફક તેમની સ્ત્રીઓ, સાકર વગેરેથી ભરેલા પાત્રો લઈને, હર્ષપૂર્વક શ્રીહરિ પાસે આવીને શ્રીહરિને પૂજતી હતી. (૧૨) સભામાં સાકર તથા વિવિધ પ્રકારના ફળોના ઢગલાઓ, શ્રીહરિની આગળ, નાના પર્વતોની માફક ઊંચા શોભતા હતા. (૧૩)

ત્યારબાદ પ્રૌઢ શરીરવાળા, મહાભૂજાઓવાળા, બળવાન, દીર્ઘનેત્રવાળા, ઉત્તરદિશાના ભક્તો શ્રીહરિના પૂજન માટે શ્રીહરિની સમીપે આવ્યા. (૧૪) તે ભક્તો સુગંધિમાન ચંદન, કુમકુમ, અક્ષત, પ્રફુલ્લિત કમળની માળાઓ તથા વિચિત્ર ઉપચારોથી અચ્યુત સહજાનંદની વિધિ પ્રમાણે પૂજા કરીને અવતારી શ્રીહરિને વિચિત્ર ભેટા અર્પણ કરતા હતા. (૧૫-૧૬) તે ભક્તોએ કોમળ લીલારંગના તથા લાલરંગના ચિત્ર વિચિત્ર સુંદર અમૂલ્ય વસ્ત્રો શ્રીહરિને સમર્પણ કર્યાં. (૧૭)

તેમણે અમૂલ્ય શ્વેત-સૂક્ષ્મ અને ઘટ્ટ એવી શાલ દુશાલા તથા પહેરવાનાં અમૂલ્ય વસ્ત્રો તથા અમૂલ્ય અંગરખા, મહામૂલ્યવાળાં વિવિધ વર્ણના છત્રો, તથા સુંદર રત્નજડિત સુવર્ણનાં દંડવાળાં ચામરો, શ્રીહરિને સમર્પણ કર્યા. (૧૮-૧૯) પદ્મરાગ તથા ઈન્દ્રનીલ મણિઓના પ્રકર્ષથી શોભતા સુવર્ણના અલંકારો તે ભક્તોએ શ્રીહરિને સમર્પણ કર્યાં. (૨૦)

તે ભક્તોએ નાના પ્રકારના રત્નોથી જડેલી સુવર્ણની વીંટીઓ તથા ચાંદીના થાળોમાં સુવર્ણમહોરો ભરીને શ્રીહરિને સમર્પણ કરી. (૨૧) સુવર્ણની ઘુઘરીઓએ સહિત રત્નોથી શોભાયમાન પાદુકાઓ તથા રમણીય ચિત્રવિચિત્ર મોજડીઓ હર્ષપૂર્વક ભક્તોએ શ્રીહરિને સમર્પણ કરી. (૨૨) ઉત્તર દેશમાં થયેલા અલંકારે સહિત ટંકણ ઘોડાઓ થતા મણિઓની કાંતિથી ચળકતી સુવર્ણની છડીઓ તે ભક્તોએ અર્પણ કરી. (૨૩) કસ્તુરીથી ભરેલી શ્રેષ્ઠ સુવર્ણની ડાબળીઓ, મરકત મણિઓ, અતિસુંદર પદ્મરાગ મણિઓ, ગોમેદ મણિઓ તેમજ સ્ફટિક, નીલ, મહાનીલ, વિદ્રુમ વગેરે મણિઓ તથા સૂર્યની માફક તેજસ્વી

હીરા તે ભક્તોએ શ્રીહરિને સમર્પણ કર્યા. (૨૪-૨૫)

ઉત્તમ કેસર તથા કુમકુમના ભરેલા રૂપાના દાબળાઓ, અતિ મનોહર ચિત્રવિચિત્ર કોમળ આસનો તથા પાથરવાના કોમળ ગાલિચાઓ તે ભક્તોએ શ્રીહરિને અર્પણ કર્યા. તેમજ અનેક જાતનાં ફળોના ઢગલાઓ શ્રીહરિની આગળ સમર્પણ કર્યા. (૨૬-૨૭) પછી ભક્તપ્રિય શ્રીહરિએ પોતાની પ્રસાદીના પુષ્પના હારો, તોરાઓ તથા ફળો તેમને હર્ષપૂર્વક આપ્યા. (૨૮) તેમની સ્ત્રીઓ પણ તેમની માફક જ વિવિધ ઉપચારોથી શ્રીહરિને પૂજીને હર્ષપૂર્વક સાકર વગેરે શ્રીહરિને અર્પણ કરતી હતી. (૨૯)

પછી હે રાજન્ ! માથે મોટાં ફાળિયાંવાળા શ્રીહરિ છે પ્રિય જેમને એવા પશ્ચિમ દેશના જનો, શ્રીહરિની પૂજા માટે તત્કાળ આવ્યા. (૩૦) હે રાજન્ ! બાર ગુણોથી યુક્ત એવા બ્રાહ્મણો શ્રીહરિની પૂજા શાસ્ત્ર પ્રમાણે ષોડશોપચારથી કરીને તત્કાળ ત્યાંથી ગયા. (૩૧)

પછી ધર્નુવિદ્યા જાણનારા શૂરવીરો શ્રીહરિના આશ્રિત ક્ષત્રિયો શ્રીહરિની સમીપે આવીને શ્રીહરિનું પૂજન કરતા હતા. તે પૂજાને શ્રીહરિએ હર્ષપૂર્વક અંગીકાર કરી. (૩૨) પૂજાવિધિને ન જાણવા છતાં પણ જાણે જાણતા હોય તે પ્રમાણે પૂજાવિધિ કરતા ભક્તોને જોઈને શ્રીહરિ સાધુઓને હસાવતા પોતે હસતા હતા. (૩૩) પછી પીળાં, કસુંબી શ્વેત, લીલા વર્ણના બહુ મૂલ્યવાળાં મનોહર વસ્ત્રો, સોનેરી બુટ્ટાદાર લાલ તથા શ્યામ ડગલાઓ તથા ઉનના ઘાટા અને સૂક્ષ્મ મહામૂલ્યવાળા ગાલીચાઓ, મણિ જડેલા શ્રેષ્ઠ સુવર્ણના વિવિધ પ્રકારનાં અલંકારો તથા ચંદન, અક્ષત, કુમકુમ, પુષ્પના હાર વગેરે ઉપચારોથી તે ભક્તોએ શ્રીહરિનું પૂજન કરીને મહાપાત્રોમાં ભરીને ભેટો સત્પતિ શ્રીહરિની આગળ મૂકી. (૩૪-૩૭)

તે ભક્તો સાકર-ખોરાક, ઉજળાં પતાસાં તથા ઘણા રૂપિયા ભરેલા પાત્રો શ્રીહરિને સમર્પણ કરતા હતા. (૩૮) તેવી રીતે સોપારીથી ભરેલાં પાત્રો તથા નાળિયેરો, પ્રફુલ્લિત મુખ તથા નેત્રોવાળા તે ભક્તોએ ભક્તિપૂર્વક શ્રીહરિની આગળ મૂક્યા. (૩૯) તે ભક્તોએ ઓશીકા, દૂધના ફીણ જેવી કોમળ શય્યા, વિવિધ પ્રકારની રજાઈઓ તથા પીત્તળની દીવીઓ શ્રીહરિને અર્પણ કરી. (૪૦)

હે રાજન્ ! શ્રીહરિના આશ્રિત કચ્છદેશના હરિભક્તોએ, સોનાથી શોભાયમાન ઢાલો શ્રીહરિને અર્પણ કરી. (૪૧) પછી શ્રીહરિએ હર્ષથી પોતાની પ્રસાદીનાં ફળો તથા સાકર તેમને આપ્યા તેઓ હર્ષપૂર્વક તે લઈને ગયા. (૪૨)

પ્રિય મધુર વચનોથી શ્રીહરિની સ્તુતિ કરતી તે દેશની હજારો સ્ત્રીઓ શ્રીહરિની પૂજા માટે આવી. (૪૩) તપ તથા વ્રતથી અતિકૃશ શરીરવાળી, શ્રીહરિમાં અત્યંત આસક્તિવાળી, જીતેન્દ્રિય, ભગવાનના ભક્તજનોના આતિથ્ય સત્કારમાં અતિચતુર, નાળિયેર, સોપારી, ખજુર, ખારેકો વગેરે પાત્રોમાં ભરી તે પાત્રો લઈને તે સ્ત્રીઓ ત્યાં આવીને શ્રીહરિનું પૂજન કરતી હતી. (૪૪-૪૫)

હે રાજન્ ! કેટલીક સ્ત્રીઓ પતાસાથી ભરેલા મોટા થાળો લઈ તથા કેટલીક સ્ત્રીઓ પેંડાથી ભરેલા મોટા થાળો લઈ, કેટલીક સ્ત્રીઓ ઘણી રૂપ્યમુદ્રાઓથી ભરેલા મોટા થાળો લઈ, કેટલીક સ્ત્રીઓ બરફીના પાત્રો હાથોમાં લઈ, કેટલીક સ્ત્રીઓ સાકરના પાત્રો લઈ શ્રીહરિનું પૂજન કરીને શ્રીહરિની આગળ

ભેટો મૂકતી હતી. (૪૬-૪૭) શ્રીહરિના પુજનમાં અતિચતુર, અત્યંત સ્નેહવાળા, ગોળ પાઘડીવાળા દક્ષિણ દેશના જન સમુદાયો શ્રીહરિનું પૂજન કરવા આવ્યા (૪૮) તે દક્ષિણી ભક્તો સુંદર કર્પૂર કેસર યુક્ત અગુરુ ચંદન, કુમકુમ, રમણીય અક્ષત, વિવિધ પ્રકારના પુષ્પોની માળાઓ તથા બીજા ઉપચારોથી વિધિ પ્રમાણે શ્રીહરિનું પૂજન કરતા હતા. શ્રીહરિ તે દક્ષિણ દેશના ભક્તોની પૂજા કરવાની ચતુરાઈ જોઈને અત્યંત પ્રસન્ન થયા. (૪૯-૫૦)

તે ભક્તોએ સોનેરી બુટ્ટાદાર પીળાં તથા લાલ અમૂલ્ય રેશમી વસ્ત્રો પ્રીતિપૂર્વક શ્રીહરિને ધારણ કરાવ્યા. (૫૧) તે ભક્તોએ શ્રીહરિના મસ્તક ઉપર અનેક પ્રકારના ઉત્તમ મણિજડિત શુદ્ધ સુવર્ણનો, સૂર્યના સમાન કાંતિવાળો, અમૂલ્ય સુંદર મુગટ ધારણ કરાવ્યો. (૫૨)

તે ભક્તોએ ઉત્તમ રત્નજડિત બહુ મૂલ્યવાળા સુવર્ણના અલંકારો આદરપૂર્વક શ્રીહરિના અંગ ઉપર યથાસ્થાનમાં ધારણ કરાવ્યા. (૫૩) તે ભક્તોએ શ્રીહરિના બંને હાથમાં સાંકળાં, અત્યંત દેદીપ્યમાન કડાં તથા આંગળીઓમાં વિવિધ પ્રકારના રત્નોથી શોભાયમાન મનોહર વીંટીઓ વગેરે શ્રીહરિને ધારણ કરાવ્યા. (૫૪) શ્રીહરિના બંને બાહુઓમાં બાજુબંધો તથા શ્રીહરિના કંઠમાં મોતીઓની માળાઓ, વિચિત્ર ગળાબંધ, બત્રીસ સેરોનો હાર, ચોવીસ સેરોનો હાર, ચોવીસ ગુચ્છાઓનો હાર, ગોસ્તનો હાર, એકાવલી હાર, દેવછંદ હાર, નાભિપર્યન્ત લાંબી સોનાની કંઠી તથા અતિ તેજસ્વી મનોહર એકવીશ સેરોના હારો શ્રીહરિને તે ભક્તોએ ધારણ કરાવ્યા. (૫૫-૫૬)

શ્રેષ્ઠ મણિઓની પંક્તિથી દેદીપ્યમાન સુવર્ણના મકરાકર કુંડળો, હર્ષપૂર્વક તે ભક્તોએ શ્રીહરિના બંને કર્ણમાં ધારણ કરાવ્યા. (૫૭) તે ભક્તોએ રત્નજડિત સુંદર સોનાનો કંદોરો શ્રીહરિની કેડ્યમાં ધારણ કરાવ્યો તથા શ્રીહરિના બંને ચરણ કમળમાં ઝાંઝર આદિ ભૂષણો પહેરાવ્યા. (૫૮)

તે ભક્તોએ બરફી, સાકર, આદુ, દ્રાક્ષ, લવિંગ, એલાયચી વગેરેથી ભરેલાં મોટા પાત્રો, શેરડીના સાંઠા, પાકાં કેળાં તથા બીજા વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ ફળો શ્રીહરિની આગળ મૂક્યા. (૫૯-૬૦) પછી તે ભક્તો ગીત વાજીંત્ર વગાડીને શ્રીહરિની મહાઆરતી કરી અને પુષ્પાંજલિ અર્પણ કરીને અચ્યુત શ્રીહરિને નમસ્કાર કરી બેઠા. (૬૧) ત્યારબાદ બાંધ્યા છે કચ્છ જેમણે એવી, વીજળીની માફક ચંચળ, શ્રીહરિમાં અત્યંત ભક્તિવાળી તેમની સ્ત્રીઓએ વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૬૨) શ્રીહરિએ તે સ્ત્રીભક્તોએ પ્રસાદીના ફળો વગેરે આપ્યા. પુષ્પના હારો વગેરેના ઢગલા શ્રીહરિએ પ્રીતિપૂર્વક મુનિઓને વહેંચી આપ્યા. (૬૩)

હે રાજન્ ! આવી રીતે ચારેય દિશાઓના સમગ્ર ભક્તજનોએ, શ્રદ્ધા તથા પ્રેમપૂર્વક હર્ષથી શક્તિ પ્રમાણે, કલ્યાણકારી શ્રીહરિનું પૂજન કર્યું. (૬૪) હે રાજન્ ! ભગવાન શ્રીહરિ ભક્તોના ઉપર પ્રેમાતિશયતાથી દરિદ્રજનોએ જે ડોડીની ભાજી તથા પુષ્પ, બોર વગેરે અર્પણ કર્યા હતા તે પણ તે સમયે તત્કાળ કૃપાપૂર્વક સ્વીકાર કરતા હતા. (ભગવાન પ્રેમને આધીન છે પણ પદાર્થને આધીન નથી.) (૬૫)

હે રાજન્ ! પોતાના ભક્તો ઉપર પ્રીતિવાળા શ્રીહરિને તો આ લોકમાં રાજા તથા રંક, નિર્ધન

તથા ધનવાનો તે સર્વે તુલ્ય છે. (૬૬) માટે ભક્તિગમ્ય ભગવાન એવા પ્રસિદ્ધ હરિકૃષ્ણ પોતાના ભક્તોએ પ્રેમપૂર્વક અર્પણ કરેલું જળ-બોર વગેરે ફળ તુલસી વગેર પત્ર અંગીકાર કરે છે. (૬૭)

હે નરપતે ! ભક્ત કલ્પદ્રુમ, પોતાના આશ્રિતોનું પોષણ કરનારા, અનવધિકાતિશય મહિમાશાળી, શ્રીહરિએ આવી રીતે ભક્તોના ઘણા મનોરથો કૃપાથી વૃત્તાલયમાં પૂર્ણ કર્યા. (૬૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિ પૂજોત્સવ નિરૂપણ નામે એકાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૧)



અધ્યાય ૫૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! શ્રીહરિ અસંખ્ય જનોને પોતાનાં દર્શન આપવા ઊભા થઈને શ્રેષ્ઠ આસનમાં બિરાજમાન થયા તે સમયે ત્રિભુવનમાં મંગળ સ્વરૂપ જય શબ્દ ઉંચેથી થયો. (૧) જડ્યા છે શ્રેષ્ઠ મણિઓ જેમાં એવો સુવર્ણ મુગટ પોતાના અતિસુંદર મસ્તક ઉપર ધારણ કરતા, કેડની પાછળના ભાગ ઉપર જેમણે પોતાના બે હસ્તકમળ રાખ્યા છે એવા, ધર્મના પુત્ર શ્રીહરિ જનસમુદાય પ્રત્યે જોતા હતા. (૨) સૂર્યની માફક તેજસ્વી વસ્ત્રો ધારણ કરનારા, મંદહાસ્યી ભક્તોના મનને હરણ કરનારા, પુષ્પોની માળાઓ, મણિજડિત સુવર્ણના હારો તથા મોતીઓના હારોથી મનોહર, કોટિ કામદેવનો ગર્વ વિદારણ કરનારા. (૩)

વિચિત્ર વર્ણવાળા, મણિઓથી જડેલા સુવર્ણના અલંકારોને અલંકારરૂપ જેમના અવયવો તેવા સુંદર શરીરવાળા, કમળના પત્રોથી પણ શ્રેષ્ઠ ચંચળ નેત્રોવાળા, ભક્તોના નેત્રરૂપી કમળોને સૂર્ય સમાન. (૪) કરોડો પૂર્ણ ચંદ્રમાઓને લજ્જા પમાડનાર છે મુખ કમળ જેમનું એવા, ઘાટા મેઘની માફક સુંદર મૂર્તિવાળા, કૃપા રૂપી ઉત્તમ અમૃતરસ યુક્ત કોમળ દૃષ્ટિથી આનંદિત કર્યાં છે આશ્રિતજનો જેમણે એવા, સ્વાભાવિક રમણીય. (૫) હે નૃપ ! પોતાનાં દર્શન કરનારા અસંખ્ય જનોના મન પોતાની મૂર્તિમાં ખેંચતા, અવતારી, અક્ષરધામના મુક્તોએ ચિંતનીય ચરણકમળવાળા. (૬) આકાશમાં રહેલા પુષ્પોના સમૂહોને ફેંકતા, અત્યંત વિસ્મય પામેલા બ્રહ્માદિ દેવેન્દ્રો વૃન્દોએ દર્શન કરેલા, નેત્રોને આનંદ રૂપવાળા. (૭) ભક્તોએ અર્પણ કરેલી શ્રેષ્ઠ ભેટો, અલંકારો, વસ્ત્રો તેમજ ફળોના મોટા ઢગલાઓથી વીંટાયેલા શ્રીહરિ હર્ષ પામેલા પોતાના ભક્ત સમૂહોએ આશ્ચર્યપૂર્વક દર્શન કરેલા. (૮)

નાના પર્વતની માફક ભેટના ઢગલાઓમાં શોભાયમાન, પોતાના સિંહાસનમાં ઉંચે બિરાજેલા જાણે કુરરાદિ કેસર પર્વતોથી વીંટાયેલા મેરૂ પર્વત ઉપર સર્વજનોને મનોહર ચંદ્રમા તેની માફક શોભતા. (૯)

હે રાજન્ ! શ્રીહરિના અતિસુંદર રૂપથી આકર્ષાયેલા ઈન્દ્રિયો, પ્રાણ અને મન જેમના છે એવા તે ભક્તો યોગિઓને દુર્લભ એવી સુખકર સમાધિ પામ્યા. (૧૦)

સમાધિવાળા ભક્તોમાં કેટલાક ભક્તો શ્રીહરિને રામસ્વરૂપે જોતા હતા, કેટલાક ભક્તો ઓષ્ઠમાં અર્પણ કરેલી વાંસળી વગાડતા અતિ સુંદર અંગવાળા કૃષ્ણ સ્વરૂપે જોતા હતા. (૧૧)

કેટલાક શ્રીહરિને શંખ, ચક્ર, ગદા ને પદ્મ ધારણ કરનારા ચર્તુભુજ સહિત જોતા હતા તથા બીજા કરોડો કરોડો સૂર્યનારાયણને પ્રકાશમય જોતા હતા. (૧૨)

હે નરપતે ! આવી રીતે દુઃખને નાશ કરનારી સમાધિ અવસ્થા પામીને અવતારી, સુખ આપનારા, સહજાનંદ, ધર્મના પુત્ર શ્રીહરિના દર્શન કરનારા તે જનો અત્યંત આનંદ પામેલા, સમાધિમાંથી જાગ્રત થઈ શ્રીહરિની ઈચ્છાથી આશ્ચર્યકારી ઈશ્વરોના ઈશ્વર અચ્યુત હરિને પૂર્વની જેમ (મનુષ્ય સ્વરૂપે) જોતા હતા. (૧૩) સમગ્ર ભક્તોના હૃદયને જાણનારા, સત્પુરુષના અત્યંત સ્નેહના સમુદ્રરૂપ, ભગવાન શ્રીહરિએ પૂજાના શુભ ઉપચારો મેળવીને તે સમયે પોતાની આજ્ઞામાં રાહ જોતા પોતાના પૂજન માટે અત્યંત ઉત્સાહવાળા મુનીંદ્રોને જોઈને તેમનો મનોરથ પૂર્ણ કરવા અતિ પ્રેમથી પોતે મુનિઓને પોતાની પૂજા કરવા આજ્ઞા આપી. (૧૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમસ્કંધમાં શ્રીહરિ પૂજોત્સવ નિરૂપણ નામે બાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૨)



અધ્યાય ૫૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સર્વે સંતો શ્રીહરિ શ્રી સ્વામિનારાયણનું હર્ષથી વિચિત્ર ઉપચારોથી જુદા જુદા પૂજન કરતા હતા. (૧)

તેમાં કેટલાક સંતો ગોરોચના નામના સુંદર ચંદન, મોગરા વગેરેના શ્વેત પુષ્પોના હાર, કુમકુમ, અક્ષત વગેરેથી પ્રીતિપૂર્વક શ્રીહરિનું પૂજન કરીને શ્રીહરિને આગળ પાકાં દાડમો મૂકીને સત્પુરુષોના સ્વામી શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૨, ૩) કેટલાક સાધુઓ ગુલાબના પુષ્પોના હાર, બાજુબંધ, તોરાઓ તથા ચંદનાદિથી અતિ આદરપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪)

તે મુનિઓ પાકાં સ્વાદિષ્ટ કેળાં આનંદપૂર્વક શ્રીહરિની આગળ મૂકીને અચ્યુત શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૫)

કેટલાક સાધુઓ અગર, ચંદન, કુમકુમ હજારીના પુષ્પોના હાર વગેરેથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૬) કેટલાક સાધુઓ શ્રીહરિની આગળ ભક્તિપૂર્વક પાકાં મનોહર કાશી બોર મૂકીને શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૭) કેટલાક સાધુઓ કેસરી ચંદન, અક્ષત, લીલા રંગના પુષ્પોના હાર વગેરેથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૮) કેટલાક સંતો પાકેલી રાયણો શ્રીસ્વામિનારાયણની આગળ મૂકીને શ્રી સ્વામિનારાયણને પ્રણામ કરતા હતા. (૯)

કેટલાક સાધુઓ ભદ્ર નામનું ચંદન, વાદળી રંગના પુષ્પોની માળાઓ વગેરેથી શ્રીહરિની પૂજા કરી શ્રીહરિની આગળ ઘઉંનો પોંક મૂકતા હતા. (૧૦)

કેટલાક સાધુઓ ચંદન, ચંપાના પુષ્પોના હાર વગેરેથી હર્ષથી શ્રીહરિનું પૂજન કરીને ચણાના ઓળા શ્રીહરિની સમીપે અર્પણ કરતા હતા. (૧૧)

કેટલાક સાધુઓ ચંદનની તથા પુષ્પની માળાઓથી જનાર્દન શ્રીહરિનું પૂજન કરીને હર્ષ પામેલા તે સંતો શ્રીહરિની આગળ પાકી નારંગીઓ વગેરે મૂકતા હતા. (૧૨) કેટલાક સાધુઓ કપૂરના હાર વગેરેથી શ્રીહરિનું પૂજન કરીને, પાકાં લીંબુઓ તથા મીઠીં મોસંબીઓ શ્રીહરિની આગળ હર્ષથી મૂકતા હતા. (૧૩) કેટલાક સાધુઓએ ચણોઠીઓના હાર વગેરેથી શ્રીહરિનું પૂજન કરીને ધર્મપુત્ર શ્રીહરિની આગળ પાકાં જામફળ મૂક્યાં. (૧૪) કેટલાક સાધુઓ કમળની માળાઓ તથા ઉત્તમ તુળસીના હારથી શ્રીહરિનું પૂજન કરીને શ્રીહરિની સમીપમાં શકરીઆં વગેરે મૂકતા હતા. (૧૫)

કેટલાક સાધુઓ શ્રીહરિની પૂજા કરીને મોગરા, જાઈ તથા જુઈ પુષ્પોના હાર, કેવડાની ટોપી શ્રીહરિના મસ્તક ઉપર ધારણ કરાવતા હતા. (૧૬)

કેટલાક સંતો અત્યંત વિચિત્ર વસ્તુઓ બાજરી, ઘઉં, તલ વગેરેના લીલા કણ સલાના હાર, વિવિધ પ્રકારના ફળો તથા ઉપચારોથી ભક્તિપૂર્વક જુદા જુદા શ્રીહરિની પૂજા કરતા હતા. (૧૭)

આવી રીતે સમગ્ર મુનીન્દ્રોએ શ્રીહરિની પૂજા કરીને અત્યંત પ્રસન્ન થયેલા પૂર્ણકામ અવતારી શ્રીસ્વામિનારાયણની સ્તુતિ કરી. (૧૮)

મુનિઓ કહે છે :- કોટાન કોટિ સૂર્ય સમાન અતિ તેજસ્વી, સકળ ધામોથી પર પોતાના અક્ષરધામમાં ક્રીડા કરતા, અક્ષરમુક્તોએ જેમનાં ચરણ કમળ સેવેલાં છે એવા, દિવ્ય ઐશ્વર્ય તથા ગુણ વગેરેનો મહાસાગર, અનન્યૈશ્વર્યવાળા અવતારી, અક્ષરધામના અધિપતિ અક્ષર પર, આપ પ્રત્યક્ષ સ્વામિનારાયણ સર્વોપરી વર્તો છો. (૧૯) આપના ચરણકમળથી અંકિત આ પૃથ્વી ધન્ય છે. કારણ કે આ પૃથ્વી ઉપર આપ આવા દિવ્ય મહોત્સવો કરીને આશ્રિતોને અતિ આનંદ પમાડો છો. વળી કામાદિ અંત શત્રુઓથી આપના ભક્તજનોનું આપના પ્રતાપથી રક્ષણ કરો છો અને આપનાં દર્શન કરતા પ્રાણીઓનું આત્યંતિક કલ્યાણ કરો છો. એવા આપ જયકારી વર્તો છો. (૨૦)

હે પ્રભો ! હે ભગવન્ ! આલોકમાં બુદ્ધિમાન પુરુષ ઘણાં સમયે પૃથ્વીનાં રજકણો ગણી શકે, પરંતુ તે આપની દિવ્યલીલા, શક્તિ, વિભૂતિ, સદ્‌ગુણગણો તથા ઐશ્વર્યાદિની સંખ્યા ગણવા માટે ક્યારેય કોઈપણ પ્રકારે સમર્થ થતા નથી. (૨૧) હે પ્રભો ! જો લાખનો રસ સમુદ્રના જળ જેવો થાય, કાજળ સમગ્ર પર્વત સમાન થાય, પચાસ કરોડ માપવાળું પૃથ્વીનું તળ કાગળ બને અને કલ્પતરુની શ્રેષ્ઠ શાખાઓની લેખિની હાથમાં લઈને સર્વદા અતિ શુભ સરસ્વતીદેવી આપના ગુણ લખવા બેસે તોપણ આપના ગુણ, સુખ, ઐશ્વર્યો વગેરેનો પાર પામે જ નહીં. (૨૨)

હે પ્રભો ! આપના દર્શન માત્રથી તત્કાળ સમાધિ પામેલા જનસમૂહોને આપ અપારદયાથી ગોલોક વગેરે ધામ બતાવો છો. તથા તે તે ધામમાં આપની દિવ્ય મૂર્તિઓ, દિવ્ય પાર્ષદ ગણ તથા ઐશ્વર્ય બતાવી આપનું અનુપમ સર્વોપરી ઐશ્વર્ય વિસ્તારતા શોભો છો. (૨૩)

હે સ્વામિન્ ! આપના દર્શનમાત્રથી અસંખ્ય દેહધારીઓના મન તથા પ્રાણનો આપની મૂર્તિમાં નિરોધ થાય છે. એવું આપનું અસાધારણ ઐશ્વર્ય છે. કારણ આપના અન્ય અવતારોમાં એવું ઐશ્વર્ય સાંભળ્યું નથી. માટે મુનિપતિ તથા અવતારી સ્વયં આપ સર્વોપરિ વર્તો છો (૨૪)

ત્રિવિધ તાપથી અત્યંત તપેલા અન્તઃકરણવાળા, પોતે કરેલા કર્મથી સંસારમાં ભમતા પ્રાણીઓને, આપના દર્શન માત્રથી સંસારરૂપી વનમાં ફરીથી ભ્રમણ કરવાનું થશે નહિ. (૨૫)

હે પ્રભો ! કલ્યાણકારી સુંદર સ્વભાવથી શોભતા, પરમહંસોની પ્રાપ્તિ સ્વરૂપ, અવતારી, આપના ચરણકમળને જે સંભાળે છે તે જન જગતમાં અત્યંત ધન્ય છે. (૨૬)

શમદમાદિ સાધનોથી વશ કર્યા છે ઈન્દ્રિયોરૂપી અશ્વો જેણે એવા; આપના ચિંતવનમાં અધિક પ્રેમવાળા મુનિગણો, આપના આશ્રિતોનું રક્ષણ કરનારા, આપના મનોહર ગુણ સમુહોનું સદા ગાન કરે છે. (૨૭) હે પ્રભો ! આપની આજ્ઞાથી જ બ્રહ્મા આ જગત સર્જે છે; વિષ્ણુ આપની આજ્ઞાથી તેનું રક્ષણ કરે છે, શિવ આપની આજ્ઞાથી જ તેનો પ્રલય કરે છે. માટે આપ સર્વના સ્વામી પુરુષોત્તમ છો. (૨૮) હે હરે ! આપને વિષે પ્રકૃતિના ગુણો નથી. આપનું શરીર માયિક નથી. મનુષ્યોના અનુગ્રહ માટે જ મનુષ્ય સમાન શરીર ધારી આપ પ્રગટ થયા છો, માટે આપ અનુપમ છો (મનુષ્યની માફક જણાઓ છો છતાં આપ અક્ષરાધિપતિ છો.) (૨૯)

હે પ્રભો ! આ લોકમાં સર્વદા શુદ્ધ વર્તતું, શુભ અવયવોવાળું, અમારી ઈન્દ્રિયો તથા મનને પ્રત્યક્ષ થતું આ આપનું દિવ્ય શરીર શ્રુતિઓ પણ વિનયપૂર્વક સદા સનાતન આકૃતિવાળું વર્ણવે છે. (શ્વેતા શ્વેતરોપનિષદમાં ''वेदाहमेतं पुरुषं महांतमादित्यवर्णं तमसः परस्तात्'' ઈત્યાદિથી આરંભ કરીને अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स श्रृणोत्यकर्णः स वेत्ति वेद्यं न च तस्याऽसि वेत्ता । तमाहुराज्यं । पुरुषं महांतं'' ત્યાં સુધી શ્રુતિ છે. બીજી શ્રુતિઓ પણ ''परात्परं पुरुषमुपैति दिव्यम्'' ઈત્યાદિ છે.) (૩૦)

મણિઓની પંક્તિઓથી યુક્ત સુવર્ણના મુગટવાળા, સોનેરી સૂત્રોથી બનાવેલા વસ્ત્રોવાળા, મંદહાસ્યથી શોભાયમાન મુખારવિંદવાળા, આપને વિષે અમારું મન રમણ કરો (૩૧) હે સર્વ લોકોના એક સ્વામી! હે અનન્ય ઐશ્વર્યવાળા ! આપના ભજનથી નિવૃત્તિ પામનારા સમગ્ર માયિક વિષયોથી આપજ અમારું રક્ષણ કરો. જે વિષયો આપને વિષે અતિપ્રીતિવાળા મુક્તોને પણ દુર્દશા પમાડે છે. (૩૨)

હે નરપતે ! આવી રીતે અવતારી, સ્વતંત્ર, ધર્મના પુત્ર, પુરાણ પુરુષ, સ્તુતિ કરવા યોગ્ય હરિકૃષ્ણની સાધુઓએ સ્તુતિ કરીને પછી તે સર્વે મૌન રહી સ્નેહના આધિકયથી શ્રીહરિના સ્વરૂપમાં નિમગ્ન ચિત્તવાળા નિર્નિમેષ દૃષ્ટિથી શ્રીહરિના દર્શન કરતા હતા. (૩૩)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં સાધુઓએ શ્રીહરિની પૂજા તથા ઉત્સવ કર્યો તેના નિરૂપણનો ત્રેપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૩)



અધ્યાય ૫૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે નરેન્દ્ર ! શ્રીહરિની મૂર્તિના દર્શનથી ઘણો હર્ષ પામેલા સત્સંગીઓ વિનયપૂર્વક બે હાથ જોડીને ભક્તોનું હિત કરવામાં નિપુણ, સમર્થ શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૧)

ભક્તો સ્તુતિ કરે છે :- હે દયાસાગર ! પૃથ્વીનો ભાર હરવા માટે તેમજ સજ્જનો તથા ધર્મનું રક્ષણ કરવા માટે, અવતારી પુરુષોત્તમ, આપ આ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામ્યા છો. (૨)

હે અનન્ય ઐશ્વર્યવાળા ! અનાદિ અવિદ્યામય કામ, કર્મ, કલેશથી આકુળ વ્યાકુળ દેહધારીઓની આત્યંતિક મુક્તિ માટે આ પૃથ્વી ઉપર આપ કલ્યાણકારી ચરિત્રો કરો છો. (૩)

હે હરે ! જે જનો આપના મનોહર કર્મો સાંભળે છે, સ્મરણ કરે છે ને ગાય છે. તે જનો તત્કાળ પવિત્ર થઈ સંસારના તાપથી શાંતિ કરનારા આપના ચરણ કમળને પામે છે. (૪) હે હરે ! આપના વિના બીજામાં નહી જણાતાં એવા સ્વસ્તિક ઉર્ધ્વરેખાદિ ચિહ્નોથી યુક્ત આપના ચરણારવિંદના ચિહ્નોથી અતિપવિત્ર માટે જ અતિ ધન્ય બનેલી આ ધરણી સુરેન્દ્રોને પણ વંદના કરવા યોગ્ય બની સ્વર્ગની શોભાનો તિરસ્કાર કરતી શોભે છે. (શ્રીહરિના ચરણ કમળના ચિહ્નો "સ્વસ્તિ, અષ્ટકોણ, જવ, જાંબુ, વજ્ર, ધ્વજ, ઉર્ધ્વરેખા, અંકુશ, કમળ" એ નવ ચિહ્ન જમણા ચરણમાં છે. "મત્સ્ય ત્રિકોણ, કળશ, ઈન્દ્રધનુષ, આકાશ, ગોપદ, અર્ધચંદ્ર" એ સાત ચિહ્ન ડાબા ચરણમાં છે. એમ બધા મળી સોળ ચિહ્નોથી યુક્ત શ્રીહરિના ચરણ કમળ છે.) (૫) હે દયાળો ! સમગ્ર દુઃખના સ્થાનભૂત દેહ, ઘર, પુત્ર, ધન, સ્ત્રી વગેરેમાં અતિપ્રીતિરૂપ અત્યંત દુસ્તર પાશને આપ જ છેદો છો. આવી રીતે પ્રાર્થના કરવા યોગ્ય આપની અમો પ્રાર્થના કરીએ છીએ. (૬)

હે શ્રીહરે ! અમારાં મન વિઘ્નરૂપ દેહ તથા દેહના સંબંધિઓને વિષે આસક્ત છે. છતાં તે અંતરાયને દૂર કરી પરમેશ્વર આપને વિષે ગાઢાનુંરાગને પામો જેમ ગંગા માર્ગમાં આવેલા પર્વતો વગેરે અંતરાયોને નથી ગણતી અને મહાસાગરને જ પામે છે તેમ. (૭)

હે નારાયણ ! હે પ્રણતજનોના પ્રતિપાલક ! હે પવિત્ર કીર્તે ! અધર્મવંશના પરિવારનો વિનાશ કરવામાં ઘણી શક્તિવાળા, સદ્ધર્મરૂપી કમળ વનનો વિકાસ કરવામાં સૂર્ય સમાન, હે સમગ્ર જગતના ગુરુ પુરુષોત્તમ ! આપને નમસ્કાર છે. (૮)

હે શ્રીહરે ! ચારુતર દેશમાં આશ્રિતોની સાથે આપનું વિચરણ થયું તેથી ચારુતર દેશ ધન્ય છે. જે દેશમાં ભગવાનના સર્વે ભક્તોએ પુજેલું આ વૃત્તાલયપુર છે તેને પણ ધન્ય છે. તેમાં પણ જે સ્થાનકમાં અક્ષરપતિ અવતારી આપ વિરાજો છો તે વિમુક્તિને આપનારું આ સ્થાન તેને પણ ધન્ય છે. અહો ! આપનાં દર્શનથી અમો અત્યંત કૃતાર્થ થયા છીએ. (૯)

હે શ્રી હરે ! અમારા હાથ નિરંતર આપની તથા આપના સાધુઓની સેવામાં તત્પર થાય અમારા નેત્રો આપના તથા આપના એકાંતિક સંતોના દર્શનમાં પ્રીતિયુક્ત થાય અમારા કાન આપની સુંદર કથાના શ્રવણમાં પ્રેમયુક્ત થાવ. અમારું મસ્તક આપને તથા આપના એકાંતિક ભક્તોને નમસ્કાર કરવામાં તત્પર થાવ. અમારી વાણી આપના યશ ગાવામાં પ્રીતિ યુક્ત બનો. (૧૦)

હે સ્વામિન્ ! ક્યારેય પણ મનથી આપ તથા આપનું સેવન કરનારા સાધુઓનો દ્રોહ અમારાથી ન થાય, આપનો નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચય અમને દઢ થાવ. અમોને માહાત્મ્ય જ્ઞાને સહિત તથા ધર્મ જ્ઞાને સહિત આપની ભક્તિ આપો. મોહ, અહંકાર, મત્સર, કામ વગેરે અધર્મના વંશથી અમારું આપ રક્ષણ કરો. (૧૧)

હે રાજન્ ! અવતારી; પીડાનાશ કરનારા, ઉદાર દર્શનવાળા, પુરુષોત્તમ સહજાનંદ શ્રીહરિની ભક્તોએ સ્તુતિ કરીને અને પછી વિરામ પામ્યા. (૧૨)

પછી હે પૃથ્વીપતે ! શ્રીહરિએ, ભક્તજનોએ અર્પણ કરેલાં આભૂષણો તથા મહામુલ્યવાળા વિચિત્ર વસ્ત્રો બ્રાહ્મણોને તત્કાળ આપી દીધા. (૧૩) તે સમયે મુકુદાનંદ વર્ણીરાજે શ્રીહરિના સહોદરોને તથા તેમના પરિવારને સુંદર ભૂષણ, વસ્ત્રો વગેરે આપ્યા. (ભગવાનને ભક્તોએ અર્પણ કરેલા વસ્ત્ર તથા અલંકારોના ઢગલામાંથી) (૧૪) ભગવાન વિભુ શ્રીહરિએ પોતાના મુખારવિંદના દર્શન કરતા પાર્ષદોને વિચિત્ર પ્રકારનાં અતિ મનોહર ક્ષત્રિયજનોએ અર્પણ કરેલાં આયુધો આપ્યાં. (૧૫) હે રાજન્ ! તે સમયે શ્રીહરિએ દરિદ્ર અર્થિજનોને અત્યંત ધન આપ્યું તથા બહુ કુટુમ્બવાળા નિર્ધનજનોને પણ વિશેષપણે ધન આપ્યું. (૧૬) પ્રસન્ન થયેલા શ્રીહરિ આવી રીતે બ્રાહ્મણાદિજનોને વર્ષાઋતુમાં મેઘ જેમ સર્વે ઠેકાણે વર્ષે છે તેવી રીતે સર્વને ઘણું ધન આપતા હતા. (૧૭) શ્રીહરિએ સમગ્ર વિપ્રાદિને ધન આપી દીધું. છતાં તે સંબંધી અલ્પમાત્ર પણ ગર્વ પામ્યા નહિ. એમ લોકો આશ્ચર્ય પામે તેવું દિવ્ય ચરિત્ર શ્રીહરિએ કર્યું. (૧૮) હે મહીપતે ! તે સમયે ઉદારતાના સાગર શ્રીહરિ પાસે પોતે ધારણ કરેલા વસ્ત્રો વિના બીજી કોઈ પણ વસ્તુ આપવા યોગ્ય ન રહી. (૧૯)

પછી મુકુંદાનંદ વર્ણીરાજે શ્રીહરિને કસુંબી રંગની ટીપકીવાળી પાઘડી તથા રમણીય અંગરખું ધારણ કરાવ્યું. (૨૦) આ રીતે દિવસના ચોથા મુહૂર્તમાં આરંભ કરેલો પૂજનોત્સવ દિવસ બેઘડી બાકી રહ્યો ત્યારે સમાપ્ત થયો. (૨૧)

તે સમયે હે રાજન્ ! બ્રહ્માદિક ઈશ્વરો આકાશમાં રહી શ્રીહરિનો પૂજન મહોત્સવ જોઈ વિસ્મય પામ્યા. (૨૨) હે મહીપતે ! મંગળકારી શ્રીહરિનું પૂજન કરવા માટે ઈચ્છતા બ્રહ્માદિ તે સમયે રમણીય

શરીર ધારણ કરતા હતા. (૨૩) પછી બ્રહ્માદિક દેવો ભગવાનની સમીપે આવીને જુદા જુદા, શ્રીહરિની વિચિત્ર ઉપચારો વડે પૂજા કરતા હતા. (૨૪) સર્વજ્ઞ શ્રીહરિ પોતાનું પૂજન કરતા ઈશ્વરોને જોઈને તેમનો અભિપ્રાય જાણનારા મુક્તાનંદ વગેરે ઉત્તમ સંતોને જોઈ હસતા હતા. (૨૫)

હે મહીપતે ! પછી શ્રીહરિએ, સંધ્યા સમયે પણ પોતાના દર્શનના લોભથી સભામાં બેઠેલા બ્રાહ્મણોને જોઈને સંધ્યા વિધિ કરવા માટે તમો તત્કાળ જાવ એમ આજ્ઞા કરી. (૨૬) શ્રીહરિની આજ્ઞાથી સર્વે બ્રાહ્મણો અત્યંત પ્રસન્ન થઈને નિત્યકર્મ કરવાની ઈચ્છાથી સરોવરને કાંઠે ગયા. (૨૭)

પ્રભુ શ્રીહરિએ કહ્યું, સર્વે જનો હવે મુહૂર્ત વાર વિશ્રામ કરો, એમ કહી પોતાના આસનથી ઉતરીને પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૮) હે મહીપતે ! પછી સર્વેજનો તથા સંતો પોતપોતાના નિવાસસ્થાનમાં જઈ થોડું જળપાન કરીને વિશ્રામ કરતા હતા. (૨૯)

બ્રાહ્મણો પણ સંધ્યાવિધિ કરીને સભામાં આવ્યા. અન્ય ભક્તો પણ ત્યાં સભામાં આવી યથા યોગ્ય બેઠા. (૩૦) તેટલામાં પ્રભુ શ્રીહરિ સંધ્યા વિધિ કરી, લગારેક વિશ્રામ કરીને પાર્ષદે સહિત સભામાં પધાર્યા અને પોતાના ઊંચા આસન ઉપર બિરાજમાન થયા. (૩૧) પછી શ્રીહરિએ પોતાની ચારે તરફ બેઠેલા જનસમુદાયોને જોઈ કેડ્ય ઉપરનું મનોહર વસ્ત્ર અતિ દૃઢ બાધ્યું. (૩૨) પછી મનુષ્ય નાટ્ય ધારણ કરનારા શ્રીહરિ દેહધારીઓને ભક્તિ શિખવાડતા તાળી વગાડતા ઉંચા સ્વરથી પોતાના નામ તથા પોતાના અવતારોનાં નામો બોલતા હતા. (રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ, હરિ રામ ગોવિંદ જય જય ગોવિંદ વગેરે) (૩૩)

તે સમયે સમગ્ર મુનિઓ તથા હરિભક્તો તાળીઓ વગાડતા હતા. તેમજ સ્ત્રીઓ પણ તાળીઓ વગાડીને ઉંચા સ્વરથી શ્રીહરિનાં નામ ઉચ્ચારણ કરતી હતી. (૩૪)

હે ભૂપતે ! તે સમયે ઉત્પન્ન થયેલા તાળીઓનાં લાખો શબ્દોથી મિશ્રિત થયેલો સ્વામિનારાયણનો ધ્વનિ ત્રિલોકમાં વ્યાપિ ગયો. (૩૫)

ચંચળ જનોના હસ્તરૂપી કમળોથી ત્યાંની પૃથ્વી, પ્રફુલ્લિત પવનથી હલાવેલા પૃથ્વી ઉપરના કમળોથી જેમ શોભે તેમ, શોભતી હતી. (૩૬) તિરસ્કૃત કર્યાં છે અતિ ચપળ લાલ કમળો જેમણે એવા મનોહર શ્રીહરિના હાથના તળિયાં અસંખ્ય ભક્તજનોના નેત્રની વૃત્તિને પોતા પ્રત્યે ખેંચતા હતાં. (૩૭) હે પાર્થિવ ! શ્રીહરિની બંને હથેળીઓ તાળી વગાડતા જે રીતે અતિ શીઘ્રતાની નિપુણતાથી ભેગી થતી અને જુદી પડતી હતી. તે ગતિ જુદી જોવા માટે કોઈ સમર્થ ન થયા. (૩૮) અત્યંત મધુર, મેઘની જેવો ગંભીર, મહાસુંદર શ્રીહરિનો સ્વર સાંભળીને સર્વે જનો મેઘનો શબ્દ સાંભળીને સમગ્ર મયૂરો જેમ હર્ષ પામે છે તેમ હર્ષ પામ્યા. (૩૯)

હે રાજન્ ! ત્યાં સુંદર હજારો દીવાઓના મહા પ્રકાશથી તથા ચંદ્રની કાન્તિથી દિવસના તુલ્ય બનેલી રાત્રિ વિશેષ શોભતી હતી. (૪૦)

હે રાજન્ ! તે સમયે કૃષ્ણદાસ તથા વિઠ્ઠલદાસ એ બે નાપિતો અતિહર્ષથી પોતાના ઉંચા હાથથી દીવાઓ ધારણ કરતા ભગવાનની બંને પડખે ઊભા હતા. (૪૧)

સ્વામિનારાયણનામનો ધ્વનિ તથા નવીનજીમૂત સમાનવર્ણમ્ એ કૃષ્ણાટક બોલ્યા. પછી મુનિઓ તથા સંતો નમસ્કાર કરે છે. તેટલામાં શ્રીહરિ તત્કાળ પોતાના સિંહાસનમાં બિરાજીને તે મુનિઓ વગેરેને નમસ્કાર કરતા હતા. તે મુનિઓ શ્રીહરિને પોતાના આસનમાં બેસવાની શીઘ્રતા જોઈ મહા આશ્ચર્ય પામતા હતા. (૪૨) હે રાજન્ ! પછી તે સંતો તથા સમગ્ર ભક્તજનો શ્રીહરિને નમસ્કાર કરીને અત્યંત પ્રિય, નિયન્તા, શ્રીહરિકૃષ્ણની સ્તુતિ કરીને, ફરી ફરી પ્રણામ કરીને તથા ભક્તિપૂર્વક સંપ્રાર્થના કરીને હર્ષપૂર્વક યથાયોગ્ય બેઠા. (૪૩)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં સત્સંગિજનોએ શ્રીહરિની સ્તુતિ કરી તે નિરુપણ નામે ચોપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૪)



અધ્યાય ૫૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! પછી શ્રીહરિ કાંઈક વાતો કરવાની ઈચ્છાથી સર્વેને હાથની સંજ્ઞાથી મૌન કરતા હતા. (૧) પોતાના મુખારવિંદ તરફ જોતા તે ભક્તો મૌન બેઠા ત્યારે પ્રભુ શ્રીહરિ મેઘની માફક ગંભીર અને મધુર કલ્યાણકારી વાણીથી તેમને કહેવા લાગ્યા. (૨)

મારા આશ્રિત ભક્તો, સાધુઓ તથા પુરુષો તેમજ સ્રીઓ સર્વે એકાગ્ર મનથી મારું કલ્યાણકારી વચન સાભળો. (૩) હે ભક્તો ! સર્વ વ્રતોને અંતે જાગરણ કરવાથી નિશ્ચય તે પૂર્ણફળને આપનારું થાય છે. માટે હમણાં શ્રીકૃષ્ણના સદ્‌ગુણો ગાઈને સર્વેએ જાગરણ કરવું. (૪)

પછી નિયંતા શ્રીહરિ સંસ્કૃત ગીતગોવિંદ તથા અન્ય પ્રાકૃત ભાષામાં મુક્તાનંદ વગેરે સાધુઓની સાથે તેમની સાથે સ્વયં તાળીઓ વગાડતા અતિ સુંદર ગાતા હતા. (૫-૬)

હરિભક્તો પણ તેવી રીતે પોતપોતાના નિવાસસ્થાનમાં તાળીઓ વગાડતા હર્ષપૂર્વક હરિનાં કીર્તન ગાતા જાગરણ કરતા હતા. (૭)

પ્રભુ શ્રીહરિએ જેટલા ભક્તોના નિવાસો હતા. તેટલા રૂપ ધારણ કરીને સમગ્ર ભક્તોને એકી સાથે પોતાના દર્શન આપ્યાં. (૮) કેટલાક ભક્તોના નિવાસમાં ગોળાકાર ફરીને કૃષ્ણના કીર્તન ગાતા પોતાના ભક્તોના મંડળમાં પ્રવેશ કરીને તે ભક્તોને અત્યંત હર્ષ પમાડતા તાળીઓ વગાડતા શ્રીહરિ તેમની સાથે મધુર ગાન ગાતા હતા. (૯, ૧૦)

કેટલાકના નિવાસોમાં તાળીઓ વગાડીને ગાન કરતા પોતાના ભક્તોની સાથે શ્રીહરિ બિરાજેલા તાળીઓ વગાડતા ગાતા હતા. (૧૧) કેટલાક સ્થાનોમાં આદરપૂર્વક મૃદંગ તથા ઝાંઝ સહિત શ્રીહરિનું

કીર્તન ગાતા તે ભક્તોના મંડળોમાં શ્રીહરિ ગાન કરતા હતા. (૧૨) કોઈ સ્થાનમાં પોતાના ભક્તોના મંડળમાં બેસીને શ્રીહરિ શુભ કૃષ્ણ વાર્તા કરતા હતા. (૧૩)

આવી રીતે યોગેશ્વરોના ઈશ્વર શ્રીહરિ સર્વે ભક્તોના નિવાસમાં જઈને ભક્તોને એકી સાથે પોતાના દર્શન આપતા હતા. (૧૪) તે લીલાના દર્શન માટે આકાશમાં આવેલા, પોતપોતાના વિમાનમાં બેઠેલા બ્રહ્માદિ ઈશ્વરો, તેમજ બીજા ધામના નિવાસી મુકતો, સર્વે ભક્તોના નિવાસમાં અવતારી શ્રીહરિના દર્શન કરીને અત્યંત આશ્ચર્ય પામ્યા, તેમજ તેમને પુષ્પોથી વધાવવા લાગ્યા. (૧૫, ૧૬) એવી રીતે શ્રીહરિએ બ્રાહ્મમુહૂર્ત પર્યન્ત પોતાના સર્વે ભક્તોને યોગ પ્રભાવથી પોતાના દર્શનનું સુખ આપ્યું. (૧૭) શ્રીહરિએ પછી તે રૂપોને અન્તર્ધાન કર્યા. અસંખ્ય ભક્તો તે ઐશ્વર્ય જોઈને વિસ્મય પામ્યા. (૧૮) હે રાજન્ ! આ પ્રકારે ભક્તોના મનોરથો પૂર્ણ કરતા શ્રીહરિએ જે ઐશ્વર્ય બતાવ્યું. તે મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૧૯)

એવી રીતે ભક્તોને જાગરણ કરાવતા તથા આનંદ આપતા શ્રીહરિએ રાત્રિના છેલ્લા પ્રહરમાં કુકડાનો શબ્દ સાંભળ્યો. (૨૦) પછી શ્રીહરિ, સર્વ મુનિઓ તથા સર્વેજનોને પોતપોતાના સ્થાનમાં જવા આજ્ઞા આપીને પોતાના આત્મીયજનો સાથે પટમંડપમાં પધાર્યા. (૨૧)

હે મહીપતે ! ધર્મપ્રિય શ્રીહરિ પોતાનું નરનાટક શોભાડતા સ્નાન કરીને પ્રીતિપૂર્વક સંધ્યા વંદનાદિ ષટ કર્મ કરતા હતા. (स्नानं संध्या जपो होमः स्वाध्यायः पितृतर्पणम् । देवताराधनं चेति षट्कर्माणि दिने दिने'') (૨૨)

પછી શ્રીહરિ વિધિ પ્રમાણે શ્રીકૃષ્ણનું ઉત્તર પૂજન કરીને ઉત્તમ બ્રાહ્મણ હરિ શર્માને સુવર્ણની મૂર્તિ આપતા હતા. (૨૩) પછી શ્રીહરિ ઘણાં ખાંડ, ઘીથી યુક્ત ભોજન તથા પકવાનો હજારો બ્રાહ્મણોને જમાડતા હતા. (૨૪) શ્રીહરિએ સાધુઓને તથા પાર્ષદો વગેરેને પણ ભોજન કરાવ્યું. પછી પોતાના નિવાસમાં પહેલાની માફક રસોઈ કરવાનો આરંભ કરતા હતા. તેટલામાં વિનયવાળા રામપ્રતાપ તથા ઈચ્છારામ પોતાના પરિવાર સાથે સમીપે આવીને શ્રીહરિની ઘણા પ્રકારે પ્રાર્થના કરતા હતા. (૨૫-૨૬) હે બંધુ ! આપની જ્ઞાતિના બ્રાહ્મણના અભાવથી આપે લાંબાકાળ પર્યંત રસોઈ કરેલી છે. ધર્મનું રક્ષણ કરનારા આપને માટે તે યોગ્ય છે. (૨૭) હમણાં અમો બંને મન, વાણી અને શરીરથી શરણ્ય એવા આપને જ પામ્યા છીએ. (૨૮) હે દયાનિધિ ! માટે અમે બંનેએ કરેલી રસોઈ આપ નિરંતર દયાપૂર્વક જમવા યોગ્ય છો. આપે પાક કરવાનો શ્રમ ન લેવો. (૨૯)

હે શ્રીહરે ! અમો બંને આ રીતે ઘણાં સમયથી આપની સેવા ઈચ્છીએ છીએ, તો આપ અમને તથા અમારા પરિવારને કૃપા કરીને અત્યંત કૃતાર્થ કરો. (૩૦) આપની સેવામાં અમો તથા અમારો પરિવાર આસક્ત ચિત્તવાળા છીએ. તેથી અમો બંનેની આટલી સેવા સ્વીકાર કરવા આપ યોગ્ય છો. (૩૧) શ્રીહરિ તેમના બંને બંધુઓનું તથા સંબંધી જનોનું વચન સાંભળીને પોતાને વિષે તે બંનેનો શુદ્ધ પરમભાવ જાણીને તેમને કહેવા લાગ્યા. (૩૨)

તમારા બંનેનો તથા તમારા પરિવારનો મારે વિષે નિષ્કપટ ભાવ છે, તે હું જાણું છું. માટે તમો

બંને માનનીય છો. માટે હું એમ જ કરીશ. (૩૩) હે રુડીબુદ્ધિવાળા ! તમારા બંનેના એક એકના નિવાસમાં એક એક દિવસે ભોજન કરવા હું આવીશ. (૩૪) હે બંધુઓ ! હંમેશાં સમગ્ર ભોજન, પહેલાં શ્રીકૃષ્ણને નિવેદન કરીને પછી તમારે જમવા માટે મને બોલાવવો. (૩૫)

હે બંધુઓ ! મારા આશ્રિતો મારા માટે જે કાચું અન્ન વગેરે આપે તે તમો બંનેએ લેવું અને હંમેશાં રસોઈ અન્નની શુદ્ધિ કરીને કરવી. (૩૬) હે રાજન્ ! આવી રીતે શ્રીહરિએ પોતાના બંને બંધુઓને તથા તેમના પરિવારને કહ્યું, તેથી તેઓ પ્રસન્ન થયા. તે સમયે સર્વે ભક્તો પણ આનંદ પામ્યા. (૩૭) પછી શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપના નિવાસમાં નિષ્પાપ રામપ્રતાપના ધર્મપત્ની સુવાસિની શ્રીહરિને જમાડવા માટે અત્યંત પ્રેમથી વિવિધ પ્રકારની રસોઈ કરતાં હતાં. (૩૮)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં બંધુઓના ઘરે શ્રીહરિએ અનુક્રમથી ભોજન કરવા જવાની ઇચ્છા કરી એ નિરૂપણ નામે પંચાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૫)



અધ્યાય ૫૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજર્ષે ! રસોઈ તૈયાર થઈ ત્યારે તેમના મોટાભાઈ રામપ્રતાપ શ્રીહરિને જમવા માટે બોલાવવા આવ્યા. (૧) તંબુના મધ્ય ભાગમાં સુવર્ણ સિંહાસન ઉપર બિરાજેલા શ્રીહરિને હે દયાનિધિ ! જમવા પધારો, એમ રામપ્રતાપજીએ કહ્યું. (૨)

પછી શ્વેતવસ્ત્રધારી શ્રીહરિ શણગારેલા અશ્વ ઉપર બિરાજી, ઘોડા ઉપર બેઠેલા બંને ભાઈઓ તથા પાર્ષદો સાથે ભક્તોના સમૂહે જેમનાં દર્શન કર્યાં છે તે છત્ર, ચામરથી શોભાયમાન, જમવા માટે રામપ્રતાપના નિવાસમાં પધાર્યા. (૩, ૪)

પછી શ્રીહરિએ, અશ્વ ઉપરથી ઉતરીને બાજોઠ ઉપર બેસીને ભાઈના પુત્ર નંદરામે લાવેલા, પવિત્ર જળથી સ્નાન કર્યું. (૫) પછી શ્રીહરિ કપીશ વર્ણનું રેશમી વસ્ત્ર ધારણ કરીને બીજું તેવું રેશમી વસ્ત્ર ઓઢીને ચરણકમળમાં પાદુકા પહેરીને ભોજન સ્થાનમાં પધાર્યા. (૬)

ત્યાં શ્રીહરિ રમણીય બાજોઠ ઉપર બિરાજ્યા. તેટલામાં શ્રીહરિના બંને ભાઈઓ સ્નાન કરીને લાલ રેશમી વસ્ત્રો ધારણ કરીને ત્યાં આવ્યા. (૭) પછી બંને જણ શ્રીહરિના પડખે પાટલા ઉપર બેઠા. તેવી રીતે સ્નાન કરીને રેશમી વસ્ત્રો ધારણ કરીને રામપ્રતાપ તથા ઇચ્છારામના પુત્રો નંદરામ, ગોપાળ વગેરે ત્યાં આવીને યથા યોગ્ય બેઠા. (૮)

પછી શ્રીકૃષ્ણને અર્પણ કરેલા મારા રસવાળા, શ્રેષ્ઠ, વિવિધ પ્રકારના ભોજનોથી પૂરેલો તથા દાળ વગેરેથી ભરેલી વાડકીઓવાળો મોટો થાળ સુવાસિનીએ નંદરામની પાસે શ્રીહરિની આગળ પાટલા

ઉપર મૂકાવ્યો તથા ભોજન ભરેલા થાળ રામપ્રતાપ આદિકની આગળ પણ મૂકાવ્યા. (૯, ૧૦)

હે રાજન્ ! સત્પતિ શ્રીહરિ વિધિ પ્રમાણે અપોશન વિધિ કરીને ભાઈઓ તથા તેમના પુત્રો સાથે જમતા હતા. (૧૧) આનંદપૂર્વક ભાઈઓએ જેમનાં દર્શન કર્યાં છે તે શ્રીહરિ વારંવાર જળ પીતા નવીન ઘી તથા સાકરનો કરેલો શીરો, તેવા મોદકો, પુરીઓ સાકર, એલાયચી, બદામ, ચારોળી, પિસ્તા વગેરેથી બનાવેલો મસાલાદાર દૂધપાક, વિવિધ પ્રકારના શાક, રાયતાં, દહીંમાં પલાળેલા વડા, ભજિયા, ઉત્તમ પાપડ, વિવિધ પ્રકારનાં અથાણાં વગેરે જમતા હતા. (૧૨, ૧૩, ૧૪)

પછી શ્રીહરિ દાળ સહિત ભાત જમ્યા. પછી સાકરે સહિત દૂધ સાથે ભાત જમતા હતા. શ્રીહરિની માફક જ ભાઈઓ પણ જમતા હતા. (૧૫) પછી તૃપ્ત થયેલા શ્રીહરિએ જળથી મુખ તથા હાથની શુદ્ધિ કરી, તેવી રીતે રામપ્રતાપ વગેરેએ પણ મુખ તથા હાથની શુદ્ધિ કરી. (૧૬) પછી શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપે શ્રીહરિને મુખવાસ આપ્યો. શ્રીહરિ મુખવાસ જમ્યા. રામપ્રતાપ વગેરે પણ યથાયોગ્ય મુખવાસ જમતા હતા. (૧૭)

પછી શ્રીહરિ વસ્ત્રો ધારણ કરીને અશ્વ ઉપર બિરાજી પાર્ષદોથી વીંટાયેલા તથા જન સમુદાયે જેમનાં દર્શન કર્યા છે એવા, પોતાના નિવાસમાં પધાર્યા. (૧૮) શ્રીહરિ પોતાના અસંખ્ય ભક્તોને પોતાના દર્શન આપવાની ઇચ્છાથી ઉંચા આસન પ્રત્યે જઈને તેના ઉપર બેઘડીવાર બિરાજમાન થયા. (૧૯) જેમણે નિત્યકર્મ કર્યાં છે એવા ભક્તો શ્રીહરિનાં દર્શન કરવા શ્રીહરિની સમીપે આવ્યા કેટલાક ભક્તો શ્રીહરિનાં દર્શન કરી ત્યાંથી ગયા. (૨૦)

હે નૃપ ! નૈષ્ઠિક વ્રતધારી શ્રીહરિ બીજાં નૈષ્ઠિક બ્રહ્મચારીઓની શિક્ષા માટે દિવસે નિદ્રા કરતા નહીં. ભક્તો વિશ્રામ કરે તે માટે શ્રીહરિ તંબુમાં પધાર્યા. (**दिवानिद्राख्यदोषेण स्वप्नेषु ब्रह्मचारिणाम् क्वचित् क्वचिद् भवत्येव वीर्यस्त्रावोन संशयः**) (૨૧) તંબુમાં સોમ સુરાદિ પાર્ષદો તથા મુકુંદાદિ વર્ણીઓએ ભક્તિથી જેમની સેવા કરી છે. તે શ્રીહરિ પોતાના આસનમાં બિરાજ્યા. (૨૨)

પછી ભગવાન શ્રીહરિ સાંજના પહોરે ઉંચા સિંહાસન આગળ આવીને પોતાનામાં અત્યંત સ્નેહવાળા પાર્ષદોથી વીંટાયેલા સિંહાસન ઉપર બિરાજ્યા. (૨૩) તેટલામાં સમગ્ર ભક્તજનો, પ્રસિદ્ધ સાધુઓ, ગવૈયા સાધુઓ તથા સ્ત્રીઓ વગેરે આવીને સભામાં યથાયોગ્ય બેઠા. (૨૪)

પોતાના આસને બિરાજેલા, દયાર્દ્ર દૃષ્ટિથી પોતાના ભક્તોને પ્રસન્ન કરતા, શ્રીહરિને નમસ્કાર કરીને કુબેરાદિ પાર્ષદો શ્રીહરિને પૂછતા હતા. (૨૫)

હે સ્વામિન્ ! કઈ તિથિએ પુષ્પદોલ મહોત્સવ અમારે કરવો તે આપ કહો. જેથી અમો સામગ્રીઓ એકઠી કરીએ. (૨૬)

કુબેર વગેરે પાર્ષદોનું વચન સાંભળીને આ ઉત્સવ પડવાને દિવસે કરવાનો છે એમ શ્રીહરિએ તેમને કહ્યું. શ્રીહરિનું વચન સાંભળીને ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને હર્ષથી પુરમાં ગયા. (૨૭)

પછી કુબેરાદિ ભક્તો કેસરી તથા કસુંબી રંગ તથા પત્રાંગથી બનાવેલો રંગ તથા કેસુડાના ફુલનો રંગ બનાવતા હતા. (૨૮) પછી ભક્તો તે રંગમાં વિવિધ પ્રકારના કપૂરાદિની સુગંધ છાંટીને, મોટાં કઢાયાં તથા ગોળીઓ તે રંગથી ભરતા હતા. (૨૯) હે મહીપતે ! ભક્તોએ અતિ મોટા કરેલાં હોજોમાં ઘણાં પ્રકારના રમણીય રંગો ભરતા હતા. (૩૦) હજારો ગાડામાં લાવેલા હિંગળોક જેવા લાલ તથા ગુલાબના જેવો સૂક્ષ્મ અતિ સુંદર ગુલાલ, વિવિધ પ્રકારના શ્રેષ્ઠ સુગંધવાળા અતિ સુંદર પદાર્થો કપૂર કાચલી વગેરેથી પ્રસન્ન મનવાળા કુબેર વગેરે સમગ્ર ભક્તો સુગંધીમાન કરતા હતા. (૩૧-૩૨)

હે રાજન્ ! ભક્તોએ મનોહર રમણીય વિચિત્ર ફુલદોલ મહોત્સવને યોગ્ય સર્વ સામગ્રીઓ એકઠી કરી. પછી હર્ષપૂર્વક વાંસડાની હજારો પીચકારીઓ પણ તૈયાર કરાવતા હતા. (૩૩)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમસ્કંધમાં પોતાના બંધુઓ સહિત શ્રીહરિકૃત ભોજન લીલાનું વર્ણન નામે છપ્પનમો અધ્યાય સંપૂર્ણ. (૫૬)



અધ્યાય ૫૭ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- અનેક દેશોમાંથી આવેલા હજારો ભક્તો ભેગા થઈને વિવિધ પ્રકારના પકવાન્નો કરાવતા હતા. પછી શ્રીહરિને ભક્તિપૂર્વક જમાડવા માટે તેઓ જુદા જુદા મળી શ્રીહરિની પ્રાર્થના કરતા હતા. (૧)

હે શ્રીહરે ! આપે અમારા નિવાસમાં સમગ્ર સાધુઓ, પાર્ષદો તથા આપની સાથે સદા ફરનારા બ્રાહ્મણોને લઈને આવતી કાલે, પરમ દિવસે અથવા ચોથે દિવસે જમવા માટે પધારવું. (૨)

હે રાજન્ ! આવી રીતે જુદી જુદી પ્રાર્થના કરતા સમગ્ર ભક્તજનોને જોઈને શ્રીહરિ હસતા હસતા મધુર વાક્ય કહેવા લાગ્યા. (૩)

હે ભક્તો ! હું સંતોએ સહિત તમારી ભક્તિથી નિશ્ચય જ પ્રસન્ન થયો છું. માટે જુદા જુદા ભોજન માટે તમારે આગ્રહ કરવો નહીં. (૪)

કારણ કે સો વર્ષના છત્રીસ હજાર દિવસો છે. ભક્તજનો તો લાખો છે. માટે સો વર્ષ સુધી પણ એક એકના સ્થાનમાં એક એક દિવસે જુદું જુદું ભોજન કેવી રીતે પૂર્ણ થાય ? (૫, ૬) તેથી હે ભક્તો ! એક એક દેશના ભક્તોએ સાથે મળીને, એક એક દિવસે, જુદા જુદા મુનિઓને ભોજન કરાવવું. (૭)

સારા રસવાળા અનેક પ્રકારના ભોજન (જલેબી વગેરે ભક્ષ્ય, શીરો વગેરે ભોજ્ય, કેરી વગેરે ચોષ્ય તથા કેરીનો રસ, દૂધપાક વગેરે લેહ્ય) એમ ભક્ષ્ય, ભોજ્ય, ચોષ્ય અને લેહ્ય પદાર્થોથી સંતો

તૃપ્ત થશે અને તેથી હું તૃપ્ત થઈશ. (૮)

હે જનો ! જો તમારે મને પ્રત્યક્ષ જમાડવાની ઈચ્છા હોય તો તમારે મારા બંધુઓના નિવાસમાં કાચું અન્ન શુદ્ધ કરીને મોકલવું. (૯) મારા કહ્યા પ્રમાણે કરશો તો તમારા સર્વ મનોરથો સંપૂર્ણ થશે. શ્રીહરિનું આવું વચન સાંભળીને ભક્તો પણ આનંદ પામ્યા. (૧૦)

પછી હે મહીપતે ! સમગ્ર ભક્તો પ્રીતિપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરીને પોતપોતાને સ્થાને ગયા. શ્રીહરિની આજ્ઞા પ્રમાણે તેઓ કરતા હતા. (૧૧)

શ્રીહરિ પોતે સાયંકાળે ભગવાનનાં નામ કીર્તન કરવા લાગ્યા તથા ગાન કળામાં પ્રવીણ મુનીંદ્રો શ્રીકૃષ્ણનાં ચરિત્રો ગાવા લાગ્યા. (૧૨)

શ્રીહરિ આગલે દિવસે (એકાદશીના દિવસે) જેમણે જાગરણ કર્યું હતું તે પોતાના સમગ્ર ભક્તોને પોતપોતાના નિવાસ સ્થાનમાં જવા માટે આજ્ઞા આપીને પોતાના સ્થાનમાં પધાર્યા. (૧૩)

શ્રીહરિએ, સંધ્યાવિધિ કરીને અતિ કોમળ શય્યામાં પોઢી પોતાના પાર્ષદ રત્નજીત વગેરેની સેવા ગ્રહણ કરતા યોગ નિદ્રાને ગ્રહણ કરી. (૧૪) નર નાટ્યધારી ધર્મનંદન શ્રીહરિ, બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પોતાનો સર્વે નિત્યવિધિ કરતા હતા. (૧૫)

તે દિવસે (તેરસને દિવસે) ઈચ્છારામનાં ધર્મપત્ની પતિવ્રતા વળીયારીએ શ્રીહરિ માટે વિવિધ પ્રકારના શ્રેષ્ઠ પાક તૈયાર કર્યા. (૧૬) સમગ્ર રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિના નાનાભાઈ ઈચ્છારામ શ્રીહરિની સમીપે આવીને હે બંધુ ! જમવા પધારો, એમ પ્રેમાસ્પદથી શ્રીહરિને કહેતા હતા. (૧૭)

પોતાના ભાઈ ઈચ્છારામનું વચન સાંભળીને શોભાયમાન કેસરીયાં વસ્ત્ર ધારી, શ્રીહરિએ અશ્વ ઉપર બિરાજી, છત્ર, ચામર વગેરે રાજ ચિહ્નો સહિત પાર્ષદો સાથે ભાઈના નિવાસસ્થાનમાં જવા માટે પ્રયાણ કર્યું. (૧૮)

ઘોડા ઉપર બેઠેલા મોટા તથા નાનાભાઈએ સહિત ધર્મનંદન શ્રીહરિ માર્ગમાં ચાલતા અત્યંત શોભતા હતા. (૧૯) પછી ઈચ્છારામના નિવાસે પહોંચી અશ્વ ઉતરથી ઉતરીને ભાઈઓ વગેરેએ સન્માન કરેલા શ્રીહરિ મનોહર આસન ઉપર બિરાજ્યા. (૨૦) ઈચ્છારામે શ્રીહરિને સુંદર બાજોઠ ઉપર બેસાડીને પોતાના પુત્ર ગોપાળ વગેરેએ લાવેલા પવિત્ર જળવડે સારી રીતે સ્નાન કરાવ્યું. (૨૧) પછી સ્વયં શ્રીહરિએ તેમણે આપેલું લાલ વર્ણનું રેશમી વસ્ત્ર ધારણ કર્યું તથા બીજું તેવું વસ્ત્ર ઓઢ્યું. પછી પોતાના ચરણ કમળમાં પાદુકા ધારણ કરીને ભોજનસ્થાનમાં પધાર્યા (૨૨)

પછી શ્રીહરિ પાટલા ઉપર બિરાજ્યા, તેટલામાં સ્નાન કરી પીતાંબર ધારણ કરીને બંને ભાઈઓ આવીને શ્રીહરિની સમીપે પાટલા ઉપર બેઠા. (૨૩) તેમની પેઠે તેમના પુત્રો નંદરામ તથા ગોપાળ વગેરે પણ સ્નાન કરી પીતાંબર પહેરીને તત્કાળ આવીને ત્યાં યથાયોગ્ય બેઠા. (૨૪)

ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ઓષ્ટ એ ચાર પ્રકારના સ્વાદિષ્ટ રસવાળા વિષ્ણુને નિવેદન કરેલાં

ભોજનથી ભરેલો મનોહર સુવર્ણનો મોટો થાળ ઈચ્છારામના પુત્ર ગોપાળજીએ હર્ષપૂર્વક લાવીને શ્રીહરિની આગળ બાજોઠ ઉપર મૂક્યો. (૨૫, ૨૬)

પછી શ્રીહરિની સાથે બેઠેલા રામપ્રતાપ વગેરેને સન્માન પૂર્વક બાજોઠ ઉપર મૂકેલા ઉત્તમ થાળમાં સુંદર ભોજન ગોપાળજી યથાયોગ્ય પીરસતા હતા. (૨૭) પછી પ્રભુ અપોશન વિધિ કરીને પોતાને વિષે પ્રીતિવાળા બંધુઓને પ્રસન્ન કરતા સુંદર ભોજન જમતા હતા. (૨૮)

શ્રીહરિ સાકર તથા ઘી સહિત સોનેરી કેળાં, ચંદ્રના બિંબ સમાન ગોળ અને ઉજ્જવળ પૂરીઓ તથા તેવી રોટલીઓ જમતા હતા. (૨૯)

ખાંડ તથા ઘૃત સહિત દૂધપાક, શીરો તથા બિરંજ, હરિસો, સાકરના લાડુ, માલપુઆ, પૂરણપોળી, ઘારી, શ્રેષ્ઠ સફેદ પેંડા, બરફી, એ સર્વે સર્વાન્તરાત્મા વિભુ શ્રીહરિ વારંવાર જળ પીતા જમતા હતા. (૩૦, ૩૧) વિવિધ પ્રકારના અથાણાં, પાપડ, ચટણી, વિવિધ પ્રકારનાં શાક, રાયતા, ભજિયાં, ફુલવડીઓ, કઢી, દહીંવડાં, તુવેરની દાળને ભાત, શ્રીહરિ જમતા હતા. (૩૨, ૩૩)

સાકર સહિત ઉકાળેલા દૂધ સાથે ભાત તથા સાકર સહિત દહીં સાથે ભાત શ્રીહરિ જમતા હતા. (૩૪) પછી તૃપ્ત થયેલા શ્રીહરિ હાથ તથા મુખ શુદ્ધ કરતા હતા. રામપ્રતાપ વગેરે પણ હાથ તથા મુખ ધોતા હતા. (૩૫) પછી શ્રીહરિએ ઈચ્છારામે આપેલો એલાયચી, લવિંગાદિ મુખવાસ લીધો. પછી રામપ્રતાપાદિ હર્ષપૂર્વક મુખવાસ જમ્યા. (૩૬) હે ભૂપતે ! આવી રીતે બંને ભાઈઓના શુદ્ધ પ્રેમથી અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિ બંને ભાઈઓના નિવાસમાં અનુક્રમથી હંમેશાં જમતા હતા. (૩૭)

હે રાજન્ ! શ્રીહરિમાં અત્યંત સ્નેહવાળાં બંને ભાઈ તથા તેમના પરિવારના સર્વોત્તમ ભાગ્ય હું શું કહું ? યથાર્થ કહેવા માટે સમર્થ નથી. (૩૮) જે શ્રીહરિના બંને ભાઈઓ પોતાની જ્ઞાતિ, દેશ, ધામ, ધનાદિકનો ત્યાગ કરીને અત્યંત અનુવૃત્તિથી શ્રીહરિ પ્રસન્નતા પ્રાપ્ત કરતા હતા. (૩૯)

પછી પાર્ષદોથી વીંટાયેલા, અશ્વ ઉપર બિરાજેલા, જનસમુદાય હર્ષથી ચારેય તરફ જેમનાં દર્શન કરે છે તે શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૦)

પછી શ્રીહરિ પોતાના ભક્તોની મહાસભામાં પોતાના આસન ઉપર બિરાજીને વિવિધ પ્રકારની ધર્મજ્ઞાનાદિ વાતો કરતા હતા. (૪૧)

શ્રીહરિ સાયંકાળે આરતી થયા પછી પોતાના જનો સાથે તાળીઓ વગાડતા હર્ષથી કૃષ્ણનાં નામ કીર્તન કરતા હતા. (૪૨) ત્યારબાદ 'જય સ્વામિનારાયણ' વાણી બોલતા ભક્ત સમૂહે જેમને વંદન કર્યું છે તે શ્રીહરિ પોતાના ઉત્તમ આસને બિરાજમાન થયા. (૪૩)

શ્રીહરિએ પોતાના આશ્રિતો પ્રત્યે સત્સંગના માહાત્મ્યની વાર્તા કરીને પોતાના અનેક ભક્તજનોને પોતપોતાના નિવાસ સ્થાનમાં જવા માટે આજ્ઞા આપી. (૪૪)

હે રાજન્ ! શ્રીહરિ પણ પોતાના અશ્વ ઉપર બિરાજીને પોતાનામાં અત્યંત પ્રીતિવાળા પોતાના

પાર્ષદોથી વીંટાયેલા પોતાના નિવાસમાં આવી મનોહર શય્યામાં પોતાના ઉત્તમ પાર્ષદો રત્નજીત તથા મયાજીત વગેરેની સેવા ગ્રહણ કરતા પોઢી ગયા અને યોગ નિદ્રાને ધારણ કરી. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં ઈચ્છારામના ઘરે શ્રીહરિએ ભોજનલીલા કરી તે નિરૂપણનો સત્તાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૭)



અધ્યાય ૫૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ચતુર્દશીને દિવસે સવારમાં શ્રીહરિ પોતાનો નિત્યવિધિ તથા ભોજન કરી પાર્ષદોથી વીંટાયેલા સભામાં પધાર્યા. (૧) પછી ભક્તસમૂહે બંને હાથ જોડીને ભક્તિપૂર્વક શ્વેતવસ્ત્રધારી શ્રીહરિને નમસ્કાર કર્યા પછી શ્રીહરિ ઉંચા મનોહર આસન ઉપર બિરાજમાન થયા. (૨)

શ્રીહરિ પોતાના અસંખ્ય ભક્તો પ્રત્યે કૃપાર્દ્રદષ્ટિથી જોઈ પોતાના ભક્તોને હિતકારી વાર્તા કરતા હતા. (૩) હે ! ભક્તો મારા જે ઉપાસકો છે તેમણે હોળીના દિવસોમાં ક્યારેય પણ કુસંગી જનોની માફક ગુહ્યાંગ શબ્દો બોલવાં નહીં. (૪) હે જનો ! લોકમાં મૂર્ખજનો આ દિવસોમાં ગધેડા ઉપર બેસે છે. તેવું મારા આશ્રિતોએ કરવું નહીં, એ રીતે શ્રીહરિ પોતાના ભક્તજનોને શિક્ષણ આપતા હતા. (૫)

પૂર્ણિમાને દિવસે પ્રાતઃકાળનું સમગ્ર કાર્ય કરી સૂક્ષ્મ ઘાટાં સફેદ વસ્ત્ર ધારણ કરી શ્રીહરિ સભામાં ઉંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૬)

તે સમયે શ્રીહરિનું પૂજન કરવા શ્રીહરિની આશ્રિત ધર્મનિષ્ઠ મહાભક્તિવાળી જેમના હાથમાં પૂજાની સામગ્રી ભરેલા પાત્રો છે એવી હજારો પુરની સ્ત્રીઓ શ્રીહરિની સમીપે ગઈ. (૭) અચ્યુત શ્રીહરિએ તેમનો નિશ્ચળ ભાવ જાણીને રાગ, વિષાદ વગેરે ભાવથી રહિત, સ્વધર્મમાં રહેલી તે સ્ત્રીઓને પોતાની પૂજા કરવા માટે આજ્ઞા આપી. (૮) પછી ભક્તિભાવવાળી તે સ્ત્રીઓ મહા આનંદપૂર્વક અને નમ્રતાથી પુરુષોનો સ્પર્શ ન થાય એ રીતે, ભગવાન શ્રીહરિની સમીપે આવી. (૯) તે સ્ત્રીઓએ સુંદર કેસર, કસ્તૂરી, અક્ષત, કુમકુમ, (ભાલમાં કેસર, અક્ષત, કુમકુમથી, કંઠમાં કસ્તૂરીના બિંદુથી) તથા વિવિધ પ્રકારના સુગંધિમાન પુષ્પોના હાર, કેયૂર, તોરાઓ. (૧૦)

મહા અમૂલ્ય વસ્ત્રો, ભૂષણો વગેરે ઉપહારોથી સાક્ષાત્ અવતારી શ્રીહરિનું પ્રેમથી પૂજન કર્યું. (૧૧) પછી વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ ફળો તથા સાકર, પેંડા વગેરેથી ભરેલાં પાત્રો શ્રીહરિની આગળ અર્પણ કર્યાં. (૧૨)

પછી હે રાજન્ ! શ્રીહરિમાં અત્યંત સ્નેહ વાળી અને તેથી જ પ્રેમનાં અશ્રુ જેમનાં નેત્રોમાં છે તેવી તે સ્ત્રીઓ શ્રીહરિને પ્રણામ કરીને ધીરે ધીરે દૂર ગઈ. (૧૩)

પુરની સ્ત્રીઓએ પૂર્ણિમા તિથિએ કરેલી સેવા શ્રીહરિએ અંગીકાર કરી અને પછી રાત્રિએ શ્રીહરિએ થોડી યોગ નિદ્રા ગ્રહણ કરી. (૧૪)

સદા જાગ્રત રહેવાના સ્વભાવવાળા શ્રીહરિ, દોઢ પહોર રાત્રિ બાકી રહી ત્યારે જાગ્યા. પછી સેવકોમાં મુખ્ય મુકુંદાનંદ આદિ પોતાના સેવકોને જગાડતા હતા. (૧૫)

પછી શ્રીહરિ મુકુંદાનંદ વગેરે પોતાના સેવકો પાસે નરનારાયણની મહા પૂજા કરાવવા માટે વિવિધ પ્રકારના મહા ઉપચારો એકઠા કરાવતા હતા. (૧૬) હે રાજન્ ! મનુષ્ય નાટ્ય શોભાડતા શ્રીહરિ પછી સ્નાન કરીને પોતાનો સર્વે નિત્યવિધિ શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૧૭)

હે ભૂપતે ! શ્રીહરિએ પોતે શિલ્પીઓ પાસે કરાવેલો, વિસ્તારવાળો, ચાર દ્વાર યુક્ત, વિવિધ પ્રકારનાં સુંદરફળો, લીંબુ, પુષ્પો તથા પુષ્પોની માળાઓથી અત્યંત શોભાયમાન; (૧૮) પંચ પલ્લવોથી યુક્ત, કેળના સ્તંભોથી અતિ શોભાયમાન, વિવિધ પ્રકારના ઉલ્લોચોથી મનોહર, અનેક તોરણોવાળા મંડપમાં નાના પ્રકારના મણીઓની પંક્તિથી શોભાયમાન, લીંબુ કેળાં વગેરે ફળો, નૂતન પલ્લવો તથા સુગંધિમાન, જુઈ, મોગરો વગેરે પુષ્પોથી દેદીપ્યમાન હીંડોળો બંધાવતા હતા. (૧૯, ૨૦)

ત્યારબાદ શ્રીહરિ વેદ જાણનારા વિધિમાં નિપુણ વિપ્રોને, પ્રીતિપૂર્વક નરનારાયણની મૂર્તિની પૂજા કરવા માટે પોતાના સેવકો દ્વારા શ્રીહરિએ બોલાવ્યા. (૨૧) હે ભૂપતે ! નરનારાયણના અવતારનો જન્મ મહોત્સવ પણ તે તિથિએ જ હતો. (૨૨) તેથી શ્રીહરિએ નરનારાયણની સુવર્ણની મૂર્તિ સોની પાસે કરાવીને વેદોક્ત વિધિથી હીંડોળામાં તેનું સ્થાપન કર્યું. (૨૩)

મનુષ્ય નાટ્યધારી શ્રીહરિએ મનુષ્યોને ધર્મ સહિત ભક્તિનું યથાર્થ શિક્ષણ આપવા માટે બ્રાહ્મણોની સૂચના પ્રમાણે પોતે જાતે જ પૂજાના ક્રમથી ભગવાન નરનારાયણની સોનાની મૂર્તિનું પૂજન કરતા હતા. (૨૪) શ્રીહરિ આવાહન, તેમજ અન્ય સર્વ મહોપચારોથી તે મૂર્તિનું પૂજન કરી તથા તેને હિંડોળામાં ઝુલાવી ઘણી દીવેટો સળગાવીને પ્રીતિપૂર્વક આરતી કરતા હતા. (૨૫)

તે સમયે ઘણાં વાદ્યો વગાડતા હતા. જે વાજિંત્રોનો મહાન ધ્વનિ સમગ્ર દિશાઓમાં વ્યાપી ગયો. (૨૬) તે સમયે અનેક દેશથી આવેલા જનો જેમણે પોતાનો નિત્યવિધિ પૂરો કર્યો છે તે સર્વે તે વાદ્યોનો ધ્વનિ સાંભળીને તત્કાળ ત્યાં હર્ષપૂર્વક આવ્યા. (૨૭)

સુગંધિમાન ચંદન, પુષ્પો આદિક ઉપહારોથી ભરેલાં પાત્રો હર્ષથી હાથમાં જુદા જુદા ધારણ કરતા, તેમજ ભેટો ધારણ કરતા, એક એક નગરવાસી જનો પરસ્પર મળીને શ્રીહરિ પ્રત્યે ભાવ, ભક્તિ, સ્નેહ યુક્ત એવા તે હોળીના મહોત્સવમાં આરતી સમયે વાદ્યો વગાડતા તથા શ્રીહરિનાં કીર્તનો ગાતાં તથા ઊંચા સ્વરથી જય જય શબ્દ કરતા હતા. (૨૮-૩૧)

હે મહીપતે ! તે સમયે તાળીઓના ધ્વનિથી મિશ્રિત લાખો હરિભક્તોએ વાજિંત્રો સાથે ઉચ્ચારણ કરેલો જય જય ધ્વનિ સર્વ દિશાઓમાં વ્યાપી ગયો. (૩૨)

તે સમયે હિંડોળાની સમીપે રહેલા પાર્ષદો તથા મુકુંદાનંદ વર્ણીઓ વગેરે ચાંદીના પાત્રોમાંથી પોશો ભરી ભરી ગુલાલ લઈને ઉછાળવા લાગ્યા. (૩૩) હે ભૂપતે ! શ્રીહરિ એવી રીતે નરનારાયણનું પૂજન કરીને વિપ્રોનું પ્રીતિ પૂર્વક પૂજન કરતા હતા. (૩૪) શ્રીહરિએ મહાઅમૂલ્ય વસ્ત્રાલંકારો, સુવર્ણ, ગાય, મહી, હાથી તથા રત્નો વગેરેથી તેમને પ્રસન્ન કરીને પૂજાની સમાપ્તિ કરી. (૩૫)

પછી શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ સોમવર્મા, સૂરવર્મા, મુકુંદાનંદાદિ વર્ણીઓ તથા પાર્ષદોથી વીંટાઈને સભામાં આવીને ઉંચા આસન ઉપર બિરાજમાન થયા. (૩૬) તે સમયે જનોએ જય જય આ પ્રકારનો મહાન ધ્વનિ કર્યો. તેમજ વિવિધ પ્રકારના માંગલિક વાદ્યોનો પણ મહાન ધ્વનિ થયો. (૩૭)

પોતાના મુખ કમળ ઉપર જેમના નેત્રની દૃષ્ટિ છે તે શ્રીહરિ પોતાના ભક્તો પ્રત્યે કરુણામૃત વર્ષાવનારી દૃષ્ટિથી જોઈ તેમને તૃપ્ત કરતા હતા. (૩૮) તે સમયે કુબેરજીત, જોબન, તખાજી વગેરે ક્ષત્રિયો તથા વાસણ સુથાર, તેમજ શ્રીહરિની પૂજામાં આદરવાળા રાઈજી વણિક વગેરે મહાઅમૂલ્ય વસ્ત્રો તથા આભૂષણો, ચંદન, અક્ષત, કુમકુમ તથા વિવિધ પ્રકારના સુગંધિમાન પુષ્પોના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૯-૪૦)

તથા બીજા દેશોથી આવેલા ભક્તો શ્રેષ્ઠ વિવિધ ષોડષોપચાર, સુવર્ણમય ભૂષણો, વિવિધ પ્રકારના અમૂલ્ય વસ્ત્રો તથા રાજાને યોગ્ય છત્રાદિથી શ્રીહરિનું પૂર્વની માફક પૂજન કરીને શ્રીહરિને પ્રેમ પૂર્વક સ્તુતિ કરતા હતા. (૪૧-૪૨)

તેટલામાં વૃત્તાલય પુરના ભક્તો કેસરી રંગથી ભરેલા હજારો મોટા કઢાયાં શ્રીહરિની સમીપે લાવ્યા. (૪૩) સુંદર લાલ રંગથી ભરેલી ગાગર તથા પલાશના પુષ્પોના રંગથી ભરેલાં તાંબા પીત્તળનાં વાસણો પણ તે ભક્તો લાવ્યા. (૪૪)

ઉત્સવમાં આસક્ત મનવાળા ભક્તો પ્રેમ પૂર્વક રંગ લાવીને તેને હોજમાં ભરતા હતા. (૪૫) તે સમયે ભક્તો ત્યાં ગુલાલના મોટા ઢગલા કરતા હતા. ગુલાલના મોટા ઢગલાઓ લાલ પર્વત સમાન શોભતા હતા. (૪૬)

દેશાંતરથી આવેલાં જનો પણ તે સમયે ગુલાલથી ભરેલા હજારો કોથળા ત્યાં લાવ્યા. (૪૭) વડતાલ નિવાસી જનો તેમજ દેશાન્તરના જનો પ્રીતિથી વાંસડાની હજારો પીચકારીઓ તથા પીત્તળની પીચકારીઓ હોળી રમવાની ઈચ્છાથી ત્યાં લાવ્યા. (૪૮) દેશાન્તરના તથા પુરના ભક્તો, કપૂર કાચલી વગેરે સુગંધિ દ્રવ્યથી સુગંધીમાન કરેલો, ઘણો અબીલ લાવ્યા. (૪૯)

પછી કટિબદ્ધ થઈને રમવાની ઈચ્છાવાળા તે ભક્તજનોને જોઈને ભગવાન શ્રીહરિ તેમના મનોરથો પૂર્ણ કરવા ઈચ્છતા હતા. (૫૦) પોતાના ભક્તોએ પોતાનું પૂજન કરી અર્પણ કરેલા વસ્ત્રો તથા ભૂષણો શ્રીહરિએ બ્રાહ્મણોને આપી દીધાં અને પછી કેડ્ય ઉપર પીળું પીતાંબર મજબુત બાંધ્યું. (૫૧)

પછી રમવાની ઈચ્છાવાળા અસંખ્ય ભક્તોને હસાવતા, પોતે હસતા, શ્રીહરિ પોતાના હાથમાં

સુવર્ણની પીચકારી ગ્રહણ કરતા હતા. (૫૨) પછી શ્રીહરિએ એક સાધુઓનો તથા બીજો પોતાનો એમ બે પક્ષો કર્યા. શ્રીહરિના પક્ષમાં સોમ, સુર, રતનજી વગેરે પાર્ષદો તથા મુકુંદાદિ વર્ણીઓ હતા. (૫૩) રામપ્રતાપના પુત્રો નંદરામ વગેરે તથા ઈચ્છારામના પુત્રો ગોપાળ વગેરે; (૫૪) હથમાં સુવર્ણની પીચકારીઓ લઈ કેડ્યો બાંધી પ્રસન્ન થયેલા પ્રભુ શ્રીહરિના પક્ષમાં હતા. (૫૫)

અત્યંત હર્ષ પામેલા, કેડ્ય બાંધીને તૈયાર થયેલા, બંને હાથમાં સુવર્ણની પીચકારીઓ ધારણ કરનારા રામપ્રતાપ તથા ઈચ્છારામ બંને સાધુઓના પક્ષમાં રહ્યા. (૫૬)

પછી શ્રીહરિએ સાધુઓને, પાર્ષદોને તથા બીજા ગૃહસ્થોને યથાયોગ્ય વાંસડાની પીચકારીઓ આપી. (૫૭) શ્રીહરિએ સાધુ આદિ સર્વને સુંદર ગુલાલ તથા અબીલ તથા રંગ અર્ધો વહેંચી આપ્યો અને પોતે અર્ધો ગુલાલ, અબીલ, રંગ રાખ્યો. (૫૮) સત્પુરુષોને પ્રિય શ્રીહરિ ક્રીડામાં ઉત્સાહવાળા, તે સર્વેને ઘણી પીચકારીઓ પ્રીતિપૂર્વક આપતા હતા. (૫૯)

પછી હે રાજન્ ! દયાળુ સહજાનંદ શ્રીહરિએ ક્રીડા કરવા માટે અત્યંત ઉત્સાહિત ચિત્તવાળા, પોતાની આજ્ઞાની વાટ જોતા ભક્ત સમૂહ તરફ ચારેય તરફ દૃષ્ટિ કરીને સુંદર હાથની સંજ્ઞાથી સ્ત્રીઓના સમૂહને તત્કાળ દૂર કરી હર્ષ પૂર્વક ક્રીડા કરવા માટે આજ્ઞા આપી. (૬૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં પુરની સ્ત્રીઓએ કરેલી શ્રીહરિની પૂજાનો ઉત્સવ તેનું વર્ણન તે નામે અઠ્ઠાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૮)



અધ્યાય ૫૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી ધર્મના પુત્ર શ્રીહરિએ સુવર્ણની પીચકારીથી છોડેલા રંગથી મુનિ વગેરે પોતાના ભક્તોને ભીંજવી નાંખ્યા. તેમજ દૂર રહેલા તથા સમીપે રહેલા ભક્તો ઉપર અબીલ તથા ગુલાલ પોશ ભરીને નાંખ્યા. (૧)

તે ભક્તજનો ઉપર અત્યંત પ્રેમથી અત્યંત ગુલાલ ફેંકતા નંદરામ, ગોપાળ વગેરે સુંદર પીચકારીઓથી રંગ નાંખતા હતા. પાર્ષદગણો તથા વર્ણીઓ પણ સુંદર પીચકારીઓથી તેમની ઉપર રંગ છાંટતા હતા તથા ગુલાલ નાખતા હતા. (૨)

શ્રીહરિના બંધુ રામપ્રતાપ તથા ઈચ્છારામ મધુર નાદ કરતા શ્રીહરિની ઉપર તથા તેમના પાર્ષદો ઉપર હાથમાં રહેલી સુવર્ણની પીચકારીઓથી રંગ છાંટતા હતા, તેમજ ગુલાલ ફેંકતા હતા. પોતાના બંધુ શ્રીહરિ પોતે ફેંકેલો રંગ તથા ગુલાલથી ભીના થયા તે જોઈને તે સર્વે અત્યંત આનંદ પામ્યા. (૩)

રંગ રમવામાં પ્રવીણ મુનિઓ વગેરે પણ પીચકારીઓથી છોડેલો વિચિત્ર રંગ સમગ્ર પાર્ષદો,

વર્ણીઓ તેમજ શ્રીહરિ ઉપર છાંટતા હતા. પ્રસન્ન થયેલા સંતો પણ વારંવાર સુંદર ગુલાલ તથા અબીલ ફેંકતા હતા. (૪)

તે વખતે ઉત્સવમાં વાદ્યો વાગતા હતા. અતિ કલ્યાણકારી શ્રીહરિની લીલાનાં દર્શન, દેવીઓની સાથે બ્રહ્માદિ શ્રેષ્ઠ દેવતાઓ, તત્કાળ ત્યાં આવીને આકાશમાં રહીને કરતા હતા. (૫)

ક્રીડા કરતા શ્રીહરિનાં દર્શનથી ઉત્પન્ન થયો છે ઘણો હર્ષ જેમને એવા બ્રહ્માદિ દેવો, મનોહર સુવર્ણની પીચકારીથી ચારે તરફ રંગ ફેંકતા તથા ગુલાલ ફેંકતા અતિરમણીય શ્રીહરિને સુગંધિવાળા પુષ્પ સમૂહથી વધાવતા હતા. (૬) સ્વાશ્રિતજનોએ ફેંકેલા ગુલાલ, અબીલ તથા રંગોથી વિચિત્ર વર્ણવાળા શ્રીહરિ તે સમયે ગુલાલ, અબીલ વગેરે વિવિધ પ્રકારના રંગ પડવાથી ઘનશ્યામના અંગની શોભા, સ્ફુરાયમાન કાંતિવાળા નાના પ્રકારના નીલ, પીત્ત, લાલ, લીલા, શ્વેત વગેરે મણીંદ્રો સાથે મહાનીલ મણીઓનો સમુદાય જેમ શોભે તેમ, શોભતી હતી. (૭)

અતિ ગંભીર વાણી બોલતા ધારણ કરી છે સુવર્ણની પીચકારી જેમણે એવા, ગુલાલ ફેંકતા, સુંદર રંગની ધારાઓ વર્ષાવતા શ્રીહરિ, અતિ ગંભીર નાદથી ગર્જના કરતો ચંચળ વીજળી સાથે ઝરમર ઝરમર જળ વર્ષાવતા મેઘની શોભાની જેમ, શોભતા હતા. (૮)

દેવતાઓ તથા મનુષ્યોના સમૂહે દર્શન કરેલા, અતિ રમણીય ક્રીડા કરવાથી અત્યંત શોભતા, સુવર્ણની પીચકારીથી છાંટ્યું છે જળ જેમણે એવા શ્રીહરિ, પ્રેક્ષકોના મન ખેંચી લેતા હતા. (૯)

જેમણે કટિતટમાં પીતાંબર બાંધ્યું છે. મનોહર રંગના જળથી ભીંજાઈ ગયેલા વસ્ત્રોની શોભાવાળા, પોશો ભરીને ચારેય તરફ મહાસુગંધ યુક્ત મનોહર અબીલ તથા ગુલાલ ફેંકતા; (૧૦) મુનિજન સમુદાયે ફેંકેલા મનોહર ગુલાલથી રક્તવર્ણા, મંદહાસ્યની શોભાયમાન કાંતિથી લાલ મણીવાળી પૃથ્વી ઉપર પડતા ચંદ્ર કીરણની શોભાની જેમ શ્રીહરિ પોતાના શરીર ઉપર પડેલા, પીળા, લાલ, કપીશ, એવા મિશ્રિત રંગના જળથી-કપીશ, પીશંગ તથા લાલ ધાતુઓના રંગવાળો કાળા મણીવાળો, પર્વત તેના ઉપરથી પડતા પાણીના ઝરણાઓથી જેમ શોભે તેમ શોભતા હતા. (૧૧-૧૨)

આવી રીતે દર્શનીય, ભુવનોના સ્વામી, ક્રીડા કરતા અવતારી શ્રીહરિનાં દર્શન કરતી દેવતાની સ્ત્રીઓ સહિત આકાશમાં રહેલા દેવતા ગણો પોતાના શરીરનું ભાન ગુમાવી બેઠા. (૧૩) હે રાજન્! હર્ષિત મનવાળા દેવસમૂહ તે સમયે આકાશમાં દુંદુભી વગાડતા હતા તથા જયધ્વનિ કરતા હતા. તેમજ આકાશમાં અપ્સરાઓ હર્ષપૂર્વક નૃત્ય કરતી હતી. (૧૪)

નારદાદિ મુનિ સમૂહ પણ રંગ ક્રીડા કરતા શ્રીહરિકૃષ્ણ ભગવાનના દર્શન માટે તત્કાળ ત્યાં આવીને પરમેશ્વર ધર્મનંદનની સ્તુતિ કરતા હતા. ગંધર્વાદિ વાજિંત્ર સહિત ગાન કરતા હતા. (૧૫)

તે સમયે સમગ્ર ધામના મુક્તો હર્ષથી શ્રીહરિનાં દર્શન માટે ત્યાં આવ્યા. તે મુક્તો શ્રીહરિની અનુપમ, અતિ સુંદર રંગ ક્રીડાની લીલા જોઈને આશ્ચર્ય પામ્યા. (૧૬)

પછી દેવર્ષિ વગેરે અતિ શીઘ્રતાથી મનુષ્યો ન જાણે તેમ, સત્પુરુષોના સમૂહમાં પ્રવેશ કરીને ધર્મકુળના તિલક રૂપ, અક્ષરાદિના સ્વામી શ્રીહરિ સાથે ખેલ કરવા લાગ્યા. (૧૭)

તે સમયે પીચકારીઓથી આકાશમાં ઉછળતી રંગધારાઓ આકાશગંગાને ઈર્ષા થાય તેમ ગગનમાં રહેલા આશ્ચર્ય યુક્ત ચિત્તવાળા દેવતાઓને ભીંજવી નાખતી હતી. (૧૮)

તે સમયે પૃથ્વી ઉપર પ્રસરતા લાલ, પીળા વર્ણવાળા રંગના પ્રવાહ તરફ પૃથ્વીને વર્ષાઋતુમાં મેઘનું જળ જેમ ભીંજવી નાંખે તેમ ભીંજવી મનુષ્યોને મહા આશ્ચર્ય પમાડતા હતા. (૧૯) વડતાલની ચારે તરફના ગામ તથા નડિયાદ વગેરે નગરોમાં વસતા લોકો સુગંધિવાળા તે રંગના જળથી વિશેષ પણે સ્નાન કરી નિષ્પાપ બની અપાર સુખ પામ્યા. (૨૦) વાયુથી ચારે તરફ ફેલાયેલા ઉછળતા સુંદર ગુલાલથી લાલ થયેલા સર્વે વૃક્ષો પણ એક વર્ણવાળા બની અત્યંત શોભતા હતા. (૨૧)

હે રાજન્ ! તેવી રીતે ગાય, ભેંસ, બળદો તથા શુક, સારિકા વગેરે પક્ષીઓ પણ ગુલાલથી લાલ વર્ણવાળા થયા. તે સમયે સર્વ પુરુષો તથા સ્ત્રીઓના રંગ પણ લાલ બની ગયાં. (૨૨) વળી હે રાજન્ ! તે સમયે સ્થાવર, જંગમ યુક્ત સમગ્ર આ પૃથ્વી પણ રક્ત વર્ણવાળી બની ગઈ. તેથી જાણે બ્રહ્માએ લાલ મણીંદ્રોથી રચેલી હોય ને શું ? એમ મનોહર શોભતી હતી. (૨૩)

તે સમયે ગુલાલથી રક્ત વર્ણવાળા થયેલા શ્રીહરિ લાલ મણીંદ્રોનો પર્વત જેમ શોભે તેમ અત્યંત શોભતા હતા. સમગ્ર ભક્તો પણ ગેરુથી રક્ત દેખાતા પર્વતોની માફક શોભતા હતા. (૨૪)

હે રાજન્ ! તે સમયે આ વડતાલપુરની શોભા અત્યંત હતી. પહેલાં નહીં જોયેલી એવી શોભા જોઈને દેવોને સ્વર્ગનું પણ વિસ્મરણ થઈ ગયું. (૨૫)

તે સમયે દશ દિશાઓ પણ ગુલાલથી અત્યંત રક્ત થઈ ગઈ. આકાશ લાલ થયું તથા ગુલાલથી ઢંકાઈ ગયેલા સૂર્યના રથના ઘોડાઓ આકાશમાં ચાલવા માટે સમર્થ થયા નહીં. (૨૬)

તે સમયે વાયુથી અતિ ઉર્ધ્વ ગતિ પામેલા ગુલાલે સૂર્યને પણ તત્કાળ લાલ કર્યો. (૨૭)

જ્યાં શ્રીહરિ ક્રીડા કરે છે તે દિશાથી જુદી બીજી દિશા કે જ્યાં રાત્રિ છે તે દિશામાં રહેલો ચંદ્રમા પણ શ્રીહરિએ ઉડાડેલા ગુલાલથી લાલ બની ગયો. આ અન્ય દિશામાં હું આવો કેમ થયો છું ? એમ તે સમયે તે ચિંતવન કરતો હતો. છતાં તેનું કારણ જાણી શક્યો નહીં. (૨૮)

અવતારી પ્રગટ ભગવાન તથા અસંખ્ય ભક્તજનોએ ફેંકેલા અત્યંત સુગંધીવાળા રંગ તથા ગુલાલથી સમગ્ર પૃથ્વી ઉપર કાદવ વ્યાપી ગયો. (૨૯) દેવતા ગણોની સ્ત્રીઓ, પાપ હરનારો, સંસારના ભયની નિવૃત્તિ પમાડનારો સુંદર ગુલાલ તથા રંગનો કાદવ અત્યંત સ્નેહથી પોતપોતાના મસ્તકો ઉપર ધારણ કરતા હતા તેમજ પોતાના શરીર ઉપર પણ ચોપડતા હતા. (૩૦)

ફુલ દોલના ઉત્સવમાં દેશાન્તરથી આવેલા અસંખ્ય હરિભક્તો, દેવતાઓ તેમના મસ્તક તથા શરીર ઉપર આ રંગનો કાદવ ચોપડતા હતા તે ચરિત્ર જોઈને તે રંગનો કાદવ લઈ પોતાના અંગમાં

ચોપડવા જતા હતા. પરંતુ ત્યાં લેશમાત્ર રંગનો કાદવ રહ્યો નહીં. તેથી તે રંગનો કાદવ લેવાની ઈચ્છા તેમણે છોડી દીધી. (૩૧) તે સમયે રંગ તથા ગુલાલ ફેંકતા શ્રીહરિની સમીપે આવતા સંતો હવે અમો આપને તત્કાળ જીતીશું એમ હર્ષપૂર્વક પાર્ષદો પ્રત્યે બોલ્યા. (૩૨) તેથી શ્રીહરિ હસીને હે સંતો ! સંગ્રામમાં ઘણા શૌર્યવાળા, અતિ ધીરચિત્તવાળા દુઃખથી પણ પરાભવ ન કરી શકાય એવા આ શ્રેષ્ઠ ક્ષત્રિઓનો તમો કેવી રીતે પરાભવ કરશો ? એમ મુનિઓ પ્રત્યે બોલ્યા. (૩૩)

આવી રીતે શ્રીહરિએ કહ્યું છતાં પણ સાધુઓ જીતવાની ઈચ્છાથી શ્રીહરિના પાર્ષદો સન્મુખ તત્કાળ ગયા. તેમણે કરેલા રંગ તથા ગુલાલના પ્રહારો ન ગણતા, તેમને સર્વને તેમણે ભીંજવી નાંખ્યા. તે સમયે શ્રીહરિ પોતાના પાર્ષદોને મોટા શબ્દોથી પ્રોત્સાહન આપતા તેમનું શૌર્ય જોતા હતા. (૩૪)

મુનિઓના સમુદાયમાં સુવર્ણ પીચકારીઓથી રંગ ફેંકતા તથા પોશો ભરીને ગુલાલ ફેંકતા શ્રીહરિ, સાધુઓનું અત્યંત બળ જોઈને, પોતાના પક્ષમાં રહેલા પાર્ષદોને જ જય મળે એમ ઈચ્છા કરી. (૩૫)

તે સમયે શ્રીહરિ યોગબળથી હજાર હાથ ધારણ કરીને એકી સાથે પાંચસો સુવર્ણની પીચકારીઓથી મુનીંદ્રો ઉપર રંગ ફેંકતા હતા. (૩૬)

પાંચસો પીચકારીઓથી ફેંકેલા રંગના જળથી જેમની આંખો ઢંકાઈ ગઈ છે એવા અને પાછે પગલે ચાલતા મુનીંદ્રો તત્કાળ દૂર જઈને રંગ નાખતા પહેલાની માફક રમતા હતા. (૩૭)

હે ભૂમિપતે ! તે દિવ્ય ઐશ્વર્ય જોઈને પ્રસન્ન થયેલા સંતો તથા હરિભક્તો જેમણે ઘણાં પુણ્ય કર્યાં છે તે સર્વ અવતારી ધર્મના પુત્ર શ્રીહરિની સાથે આવી રીતે વિહાર કરતા હતા. (૩૮)

હે ભૂપતે ! પછી ઈશ્વર શ્રીહરિએ પ્રસન્ન થઈને પોતાના બંધુજનોને સાધુઓ, વર્ણીઓ, પાર્ષદો તથા મયારામ ભટ્ટ વગેરે ગૃહસ્થોને દ્વંદ્વક્રીડા કરવા માટે આજ્ઞા આપી. આવી રીતે આજ્ઞાથી યૂથ ક્રીડાનો ત્યાગ કરીને પ્રસન્ન થઈ, શ્રીહરિની શુભ પ્રસન્નતા ઈચ્છતા સમગ્ર ભક્તો તત્કાળ બબ્બે ભેગા થઈ ક્રીડા કરવા લાગ્યા. (૩૯)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિકૃત અનુપમ રંગક્રીડા નિરુપણ નામે ઓગણસાઠમો અધ્યાય સંપૂર્ણ. (૫૯)



અધ્યાય ૬૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ઉંચા સ્વરથી પોતાના દેશને અનુસારે વાણી બોલતા રામપ્રતાપ તથા ઈચ્છારામ હર્ષથી ક્રીડા કરતા હતા. (૧) નંદરામની સાથે ગોપાળજી ક્રીડા કરતા હતા. રઘુવીરજી અયોધ્યાપ્રસાદની સાથે આનંદપૂર્વક ક્રીડા કરતા હતા. (૨) બુદ્ધિમાન વૃંદાવન, ઠાકોરરામની સાથે રમતા હતા. રામશરણ, સીતારામની સાથે ખેલતા હતા. (૩)

નારાયણ દત્ત, બદરીનાથની સાથે ક્રીડા કરતા હતા. સુફળ તથા મનસારામ એ બંને ખેલતા હતા. (૪) ભગવાન પોતાના દેશની રીત પ્રમાણે રામપ્રતાપ તથા ઈચ્છારામ વગેરેની રંગક્રીડા જોઈને હસતા હતા. બીજા જનો પણ હસતા હતા. (૫) મુક્તાનંદ તથા ગોપાળાનંદ રમતા હતા. હે રાજન્ ! બ્રહ્માનંદ તથા નિત્યાનંદ પણ રમતા હતા. (૬) શતાનંદ અને સચ્ચિદાનંદ એ બંને રમતા હતા. ભૂધરાનંદ તથા હું જે શુકાનંદ તે મારી સાથે રમતા હતા. (૭)

વ્યાપકાનંદ અને સ્વરૂપાનંદ સાથે ખેલતા હતા. નિરંજનાનંદ, કૃપાનંદ સાધુની સાથે હર્ષપૂર્વક રમતા હતા. (૮) અખંડાનંદ મુનિની સાથે કૈવલ્યાનંદ રમતા હતા. તેવી રીતે સાંખ્યાયનાનંદ કૃષ્ણાનંદ સાધુની સાથે રમતા હતા. (૯) અક્ષરાનંદ નૃસિંહાનંદ સાધુ સાથે રમતા હતા. સુખાનંદ કૌશિકાનંદ સાધુ સાથે ખેલ કરતા હતા. (૧૦) ગુણાતીતાનંદ મુનિ તથા આનંદાનંદ એ બંને રમતા હતા. તેવી રીતે નિષ્કુળાનંદ તથા દયાનંદ એ બંને રમતા હતા. (૧૧)

તથા પ્રેમાનંદ મુનિ મહાનુભાવાનંદ સાધુ સાથે રમતા હતા. પૂર્ણાનંદ ચૈતન્યાનંદ મુનિ સાથે રમતા હતા. (૧૨) ભજનાનંદ તથા પરમાનંદ એ બંને મુનિઓ ક્રીડા કરતા હતા. સ્વયં પ્રકાશાનંદને વૃદ્ધાત્માનંદ એ બંને ક્રીડા કરતા હતા. (૧૩) રાઘવાનંદ, જ્ઞાનાનંદ સાધુ સાથે ક્રીડા કરતા હતા. અદ્‌ભુતાનંદ, સર્વજ્ઞાનંદ સાધુ સાથે વિહાર કરતા હતા. (૧૪) ભગવદાનંદ, આત્માનંદ સાધુ સાથે રમતા હતા. તથા શિવાનંદમુનિ, યોગાનંદમુનિ સાથે રમતા હતા. (૧૫)

હે રાજન્ ! સહજાનંદના દર્શન કરતા બીજા મુનિઓ પણ જોડલાં બાંધીને યથાયોગ્ય હર્ષપૂર્વક રમતા હતા. (૧૬) મુકુંદાનંદ વર્ણીંદ્ર જયાનંદ વર્ણી સાથે રમતા હતા. વાસુદેવાનંદવર્ણી અખંડાનંદ વર્ણી સાથે રમતા હતા. (૧૭) નારાયણાનંદ, ગોપાળાનંદવર્ણી સાથે રમતા હતા, રાઘવાનંદ તો આનંદાનંદ વર્ણી સાથે ખેલતા હતા. (૧૮) વૈષ્ણવાનંદ, વૈકુંઠાનંદ વર્ણી સાથે ખેલતા હતા. બીજા બ્રહ્મચારીઓ યથાયોગ્ય બબ્બે જણાની જોડ કરીને રમતા હતા. (૧૯)

તેવી રીતે રત્નજીત પાર્ષદ, મયજીત સાથે ખેલ કરતા હતા. ઉમાભય, નાથજીતની સાથે ખેલ કરતા હતા. (૨૦) સૂરવર્મા, સોમવર્મા સાથે રમતા હતા. અલૈયો, ભગુજી સાથે ખેલ કરતા હતા. તેમજ રાજા વસ્તાખાચર, હેમંતસિંહ રાજા સાથે રમતા હતા. (૨૧) નાગ્ન ભક્ત શ્રીહરિને હસાવતા અલર્કની સાથે ક્રીડા કરતા હતા. માંત્રિક, રાષ્ટ્રોઢ સાથે હર્ષપૂર્વક ક્રીડા કરતા હતા. મૂળજીત રાજા, જીવવર્મા રાજા સાથે વિહાર કરતા હતા. (૨૨, ૨૩)

પ્રયાગજીત બ્રાહ્મણ, મયારામ વિપ્ર સાથે રમતા હતા. કાશીરામ બ્રાહ્મણ, નરભેરામ સાથે રમતા (૨૪) તથા નંદુભાઈ, પ્રભાશંકર બ્રાહ્મણની સાથે ક્રીડા કરતા હતા. ગંગાદત્ત, નાચિકેત સાથે ક્રીડા કરતા હતા. (૨૫) જોબનપગી, કુબેરજીની સાથે ક્રીડા કરતા હતા. એમ બીજા પણ બબ્બે જણ જોડ કરીને યથાયોગ્ય વિહાર કરતા હતા. (૨૬)

પીચકારીથી રંગ રમવાની ક્રીડા ન જાણતા સોમવર્મા, તત્કાળ રંગનો ભરેલો ઘડો લઈને હસતા

હસતા સૂરવર્માના મસ્તક ઉપર રેડતા હતા. (૨૭)

તે સમયે સૂરવર્મા હસતા હસતા બળવાન હોવાથી સોમવર્માને પૃથ્વી ઉપર પાડીને સોમવર્માના મુખ તથા બંને નેત્રો ગુલાલની પોશથી અત્યંત ભરી દેતા હતા. (૨૮)

બ્રહ્માનંદ, સૂરવર્માએ પાડેલા સોમવર્માને જોઈને, નિત્યાનંદ મુનિને છોડી, તત્કાળ સૂરવર્માને પકડતા હતા. (૨૯) પછી બ્રહ્માનંદ મુનિ રંગથી ભીંજાઈ ગયેલું સૂરવર્માનું મુખ તત્કાળ ગુલાલથી લેપાયમાન કરતા હતા. તે સમયમાં સૂરવર્માએ પણ પોતાના હાથથી બ્રહ્માનંદ મુનિને તત્કાળ ચોટલીથી પકડી લીધા. (૩૦) તે વખતે સૂરવર્મા બ્રહ્માનંદ મુનિના નેત્રોમાં મોટી મૂઠીથી પુષ્કળ ગુલાલ નાખી બ્રહ્માનંદ મુનિને આકુળ વ્યાકુળ કરતા હતા. (૩૧)

તે વખતે બ્રહ્માનંદના ગુલાલથી પૂરાયેલા નેત્રો હોવાથી, નેત્રની દૃષ્ટિ બંધ થવાથી ભ્રાંતિવાળા બ્રહ્માનંદ મુનિ સૂરવર્માનું ટાલીયાપણું ભૂલી ગયા. તેથી તેમની ચોટલી પકડવા માટે સૂરવર્માના મસ્તક ઉપર વારંવાર હાથ ફેરવવા લાગ્યા.

તે સમયે શ્રીહરિ હસતા હસતા તત્કાળ પોતાના આસન ઉપરથી ઊઠીને સૂરવર્માના મસ્તક ઉપર રંગની ભરેલી ગાગરનો અભિષેક કરતા હતા. (૩૨) ભગવાન શ્રીહરિએ સૂરવર્માના માથા ઉપર તથા મુખમાં ગુલાલની અંજલીઓ નાંખીને ભક્તોને લાલ સ્ફુરાયમાન બનાવી, પદ્મરાગના પર્વતની ભ્રાંતિ ઉત્પન્ન કરી, તેટલામાં મયારામે ફેંકેલા ગુલાલથી રોકાઈ ગયેલી દૃષ્ટિવાળા પ્રયાગજી બ્રાહ્મણ પોતે તત્કાળ રંગનો ઘડો મયારામની ઉપર અભિષેક કરવા માટે લેતા હતા. હે રાજન્ ! પોતાના બ્રાહ્મણ ધર્મમાં પ્રીતિવાળા મયારામ, પ્રયાગજીતના હાથમાં રંગનો ભરેલો ઘડો જોઈને, તે રંગનું ટીપું પોતાના મુખમાં પડશે તેવી બીકથી, સંકુચિત છે પાછલો ભાગ અને તેથી જ અતિ વિપરીત દેખાતા, તત્કાળ ત્યાંથી નાસી ગયા. શ્રીહરિ તેમને જોઈને અત્યંત હસતા હતા. (૩૩, ૩૪)

આવી દ્વંદ્વ ક્રીડા કરતા જનોને થાકી ગયેલા જાણી શ્રીહરિએ દયાથી ક્રીડાની સમાપ્તિ કરાવી. (૩૫) પછી ભક્ત વત્સલ શ્રીહરિ પોતાના અસંખ્ય ભક્તોને પોતાની રંગભીની મનોહર મૂર્તિ પ્રીતિથી બતાવવા માટે ઇચ્છતા હતા. (૩૬) સ્વયં શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બિરાજીને જનસમૂહે જેમનું કીર્તિગાન કર્યું છે તેવા, સર્વજનસંઘોની પ્રદક્ષિણા કરતા હતા. (૩૭) પુષ્કળ રંગ તથા ગુલાલ ઉડાડતા સાધુઓ તથા ભક્ત સમૂહ અચ્યુતની પાછળ દોડતા હતા. (૩૮) હે ભૂપતે ! તે સમયે ધર્મપુત્ર શ્રીહરિ પોતાના યોગ પ્રભાવથી અનેક રૂપ ધારણ કરીને વૃત્તાલયની ચારે તરફ દૂરના ગામ વગેરેમાં વસતા અસંખ્ય ભક્તોને એકી સાથે પોતાના દર્શન આપતા હતા. (૩૯, ૪૦)

રંગથી ભીના થયેલા અને અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ જેમની પાછળ ભક્તસમૂહ દોડે છે, છતાં પણ શ્રીહરિ પોતાની ઉપર રંગ તથા ગુલાલ ફેંકે છે તે જોઈને પોતાના નિવાસમાં રહેલા લાખો ભક્તો વિસ્મય પામ્યા. શ્રીહરિએ કૃપાપૂર્વક અમોને પોતાનાં દર્શન આપ્યાં, એમ તેઓ માનતા હતા. (૪૧, ૪૨)

આવા પ્રકારનું શ્રીહરિનું ઐશ્વર્ય જોઈને પ્રસન્ન થયેલા ભક્તો પોતાનું પરમ ભાગ્ય માનતા હતા, તથા પોતાને કૃતાર્થ માનતા હતા. (૪૩)

આવી રીતે પરિભ્રમણ કરતા, સમગ્ર આશ્રિતોની પીડા નાશ કરનારા શ્રીહરિ પોતાના દર્શન સૌને આપીને મહાનૈવેદ્યનો સમય થયો છે એવું જાણીને ધના તળાવમાં સ્નાન કરવા પધાર્યા. (૪૪)

વિવિધ પ્રકારના વૃક્ષોથી શોભાયમાન તળાવ, જળમાં રહેનારા તથા પૃથ્વી ઉપર રહેનારા જળકુકડા, બતકો, મયૂર વગેરે પક્ષીઓના મધુર ધ્વનિથી તે સમયે અવતારી શ્રીહરિને બોલાવતું હોય તેમ શોભતું હતું. (૪૫)

તીર ઉપરના વૃક્ષો ઉપર બેઠેલા પક્ષીઓના નાદના પ્રતિધ્વનિઓથી ત્યાંનું વાતાવરણ અત્યંત મનો અભિરામ બની ગયું. મોતીઓ જેવા ઉજ્જવળ જળથી પ્રપૂર્ણ, વિવિધ પ્રકારના નીલ, પીતાદિ અનેક વર્ણોવાળાં શોભતા જળમાં ઉત્પન્ન થયેલા કમળોની પંક્તિઓવાળું; (૪૬) એવા તળાવમાં સમગ્ર ભક્તો સાથે સ્નાન તથા જળક્રીડા કરીને અતિ અદ્‌ભૂત ઐશ્વર્ય જેમણે પ્રદર્શિત કર્યું છે. તે શ્રીહરિએ જનસમૂહને પોતપોતાના સ્થાનમાં જવા માટે આજ્ઞા આપી. (૪૭)

હે રાજન્ ! સર્વેશ્વર શ્રીહરિએ, કુબેર તથા જોબન ભક્તોને પોતાના રંગથી ભીંજાયેલા (પ્રસાદીરૂપ) વસ્ત્રો સ્વહસ્તે તત્કાળ વહેંચી આપ્યા. (૪૮) પછી શોભાયમાન સુંદરશ્વેત વસ્ત્રો ધારણ કરી, અશ્વ ઉપર બિરાજી, પોતાની પાછળ અને આગળ દોડતા પોતાના ઉત્તમ પાર્ષદો સાથે શ્રીહરિ પોતાના નિવાસમાં પધાર્યા. (૪૯) શ્રીહરિ ત્યાં સ્નાન કરીને નરનારાયણને છપ્પન પ્રકારના ભોજન વિધિ પ્રમાણે પોતે અર્પણ કરતા હતા. (૫૦) પછી આરતી કરીને નરનારાયણને હિંડોળાથી નીચે ઉતારીને ફરીથી ઉત્તર પૂજન કરીને શ્રીહરિએ તે મૂર્તિ હરિશર્મા બ્રાહ્મણને આપી. (૫૧)

હે રાજન્ ! આ પ્રકારની શ્રીહરિની લીલા શ્રીહરિના અનુગ્રહથી જ પ્રાપ્ત થયેલી દિવ્ય દૃષ્ટિથી દૂર રહેલા ભક્તો જેમ દેખે તેમ જોતા હતા. (૫૨) હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પોતાના વિષે પ્રેમવાળા મુનિઓ વગેરેને પ્રીતિપૂર્વક પોતે વિવિધ પ્રકારના ભોજન પીરસીને જમાડતા હતા. (૫૩)

હે રાજન્ ! શોભાયમાન કેડ્યમાં બાંધેલા વસ્ત્રવાળા, અતિચંચળ ગતિવાળા, શ્રીહરિ પોતાના મુનિઓ વગેરેને પીરસતા, સંતોની મોટી પંક્તિઓમાં ફરતા, શોભતા હતા. (૫૪)

શ્રીહરિએ વિવિધ પ્રકારના અત્યંત મધુર, પુષ્કળ ઘી સાકરવાળા, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય ભોજનો વારંવાર પીરસીને મુનિઓને તૃપ્ત કર્યા. (૫૫) પછી શ્રીહરિએ પોતાના બંધુઓના નિવાસમાં ભોજન કરીને પોતાના સ્થાનમાં આવીને બે મુહૂર્ત સુધી વિશ્રામ કર્યો. (૫૬)

શ્રીહરિ ત્યારબાદ સભામાં પધારીને સભાના મધ્યભાગમાં રહેલા સિંહાસન ઉપર બિરાજ્યા. પછી સૂર્યનારાયણ અસ્ત થયા અને દીવાઓ અત્યંત પ્રકાશિત થયા. (૫૭)

શ્રીહરિએ તે સમયે આવેલા ભક્તોની સાથે ભગવાનના નામ સંકીર્તન કરીને પછી હાથની સંજ્ઞાથી

સર્વેને બેસાડી દીધાં. (૫૮)

હે ભૂપતે ! પોતાના ભક્તોને પ્રિય સહજાનંદ અવતારી શ્રીહરિ સુંદર સભામાં બિરાજેલા પોતાના વદન કમળમાં જેમના નેત્રો જડાયા છે એવા, જેમની વાણી સંયમમાં છે તે સર્વે ભક્ત સમૂહને તત્કાળ કરુણા અમૃતથી પૂર્ણ કલ્યાણકારી દૃષ્ટિથી જોતા અત્યંત હર્ષ પામ્યા. (૫૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમસ્કંધમાં રાજાઓ તથા બંધુ વગેરે સાથે શ્રીહરિની રંગ ખેલનાદિ ક્રીડાનું નિરૂપણ નામે સાંઈઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૦)



અધ્યાય ૬૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! પછી ભક્તનું હિત કરવામાં ઉદ્યમવાળા શ્રીહરિ શ્રીસહજાનંદ પોતાના ભક્તોને કલ્યાણકારી જન શિક્ષાનો ઉપદેશ કરતા હતા. (૧)

હે ભક્તો ! મારા આશ્રિત સર્વજનોએ શાસ્ત્રોમાં કહેલી ધર્મ મર્યાદાનું ક્યારેય પણ ઉલ્લંઘન કરવું નહીં. (૨) મારા આશ્રિત પુરુષો, સ્ત્રીઓ તેમજ ત્યાગીઓ, બ્રહ્મચારીઓ તથા પાર્ષદો સર્વેએ હંમેશાં પોતપોતાના ધર્મમાં રહેવું અને સંતોનો સમાગમ કરવો. (૩, ૪) સ્ત્રી, ધન વગેરે પદાર્થોમાં આસક્ત ઉપરથી સત્પુરુષના જેવો વેશ ધારણ કરી ભક્તોને ઠગતા અસત્પુરુષોનાં લક્ષણો પણ શ્રીહરિ કહેતા હતા. (૫) મોક્ષના માર્ગમાં આંધળા થયેલા સ્ત્રી લંપટ તથા દેહને જ આત્મા માનનારા અસત્પુરુષનો પ્રસંગ ક્યારેય પણ ન કરવો, એવી રીતે સત્પતિ શ્રીહરિએ કહ્યું. (૬)

શ્રીહરિનાં ઉપદેશ વચનો સાંભળી સમાધિ સ્થિતિ પામેલા તત્વદર્શી મુક્તોને સ્ત્રીનો યોગ બાધ કરનારો કેમ થાય ? એ પ્રશ્નનો ઉત્તર કરતા શ્રીહરિ કહે છે. (૭)

શ્રીહરિ કહે છે :- હે ભક્તો ! સમાધિથી સિદ્ધ થયેલા તથા તત્વદર્શનથી મુક્તભાવ પામેલા મુનિઓને પણ સ્ત્રીઓનો પ્રસંગ બંધન કરનારો છે. (૮)

ભગવાન જે હું તે એક મારા વિના બ્રહ્મનિષ્ઠ યોગીઓનું પણ, સ્ત્રીઓના અંગ જોવાથી, ધર્મમાંથી પતન થાય છે જ. (૯) માટે મુક્તોએ પણ હંમેશાં સ્ત્રીઓથી બીવું. ક્યારેય પણ સ્ત્રીઓનો પ્રસંગ રાખવો અહીં. એમ નહીં વર્તે તો મુક્તો પણ ભ્રષ્ટ થશે. (૧૦) મુક્તોએ પણ પોતાની ઈચ્છા પ્રમાણે ક્યારેય આચરણ ન કરવું. કારણ કે મુક્તો આ લોકમાં સર્વપ્રકારે ધર્મનું રક્ષણ કરનારા છે. (૧૧)

મુક્તભાવને પામેલી સ્ત્રી પણ પુરુષના પ્રસંગથી ભ્રષ્ટ થાય છે. માટે સ્ત્રીએ ક્યારેય પણ પુરુષનો પ્રસંગ કરવો જ નહીં. (૧૨) પૂર્વે ઘણાં મુક્તપુરુષો તથા સ્ત્રીઓ પરસ્પર સંબંધથી ધર્મભ્રષ્ટ થયા છે અને અધોગતિ પામ્યા છે. (૧૩)

વળી સ્ત્રીઓ પુરુષોને મોહનું કારણ છે તથા સ્ત્રીઓને પુરુષો મોહનું કારણ છે. (૧૪) તેથી સ્ત્રી પુરુષો પરસ્પરને વિમોહમાં કારણ હોવાથી, સિદ્ધ દશા પામેલા પુરુષોએ તથા સ્ત્રીઓએ ક્યારેય પણ એકબીજાને બંધન કરનારો પ્રસંગ તો ન જ કરવો. (૧૫)

આત્મનિષ્ઠાવાળા મુક્તોને પણ સ્ત્રીના શરીરનું અવલોકન પોતાની બ્રહ્મસ્થિતિમાંથી ભ્રષ્ટ કરનારું છે. માટે મુક્તજનોએ તો સ્ત્રીના અંગના અવલોકનનો સર્વપ્રકારે ત્યાગ કરવો. અર્થાત્ સ્ત્રીઓ પ્રત્યે જોવું જ નહીં. (૧૬) આવી રીતે કહીને શ્રીહરિએ ઋષ્ય શૃંગ મુનિ, સૌભરી તથા નારદ, પર્વત વગેરેનો ઈતિહાસ સવિસ્તર કહ્યો. (૧૭)

બ્રહ્મનિષ્ઠ સ્ત્રીઓને પણ પુરુષોનાં દર્શન પોતાના ધર્મમાંથી પડવામાં કારણ રૂપ છે. માટે પુરુષોનાં દર્શનાદિકનો સ્ત્રીઓએ સર્વપ્રકારે ત્યાગ કરવો. (૧૮) પ્રભુશ્રીહરિ આવી રીતે કહીને તેમાં દેવયાની અને કચનું દૃષ્ટાંત તથા રેણુકા અને ચિત્રરથનું દૃષ્ટાંત કહેતા હતા. (૧૯)

ધર્મનું રક્ષણ કરવામાં તત્પર શ્રીહરિ, ત્યારબાદ ગૃહસ્થોના તથા સ્ત્રીઓનાં ધર્મો શાસ્ત્રો પ્રમાણે કહેતા હતા. (૨૦) વેદમાં કહેલા પોતપોતાના વર્ણાશ્રમને યોગ્ય ધર્મ સાવધાનીપૂર્વક મારા આશ્રિતોએ હંમેશાં પાળવા. (૨૧) ક્યારેક ધર્મનો ભંગ થાય તથા પાતક કર્મ થઈ જાય ત્યારે તત્કાળ શાસ્ત્ર પ્રમાણે તેનું પ્રાયશ્ચિત કરવું. (૨૨) એમ કહીને સર્વજ્ઞ ધર્મપુત્ર શ્રીહરિએ પૂર્વ થયેલા મનુઆદિ મુનિઓએ જેવો પ્રાયશ્ચિતનો વિધિ કહ્યો છે તેવી રીતે શુદ્ધિનો વિધિ કહ્યો. (૨૩)

આ લોકમાં માયિક તુચ્છ સુખમાં આસક્તિનો ત્યાગ કરીને, મારા ભક્તોએ સર્વાન્તરાત્મારૂપ મારા વિષે સ્થિર પ્રીતિ કરવી. (૨૪) તેવી રીતે હંમેશાં શ્રદ્ધાપૂર્વક આચરણ કરવું. આત્મા, પરમાત્માના સ્વરૂપ સ્વભાવાદિનો અતિદૃઢ વિચાર કરવો તથા તત્વની જિજ્ઞાસા રાખવી, ધન અને સ્ત્રીમાં આસક્તિવાળા, વિવિધ પ્રકારના રસાસ્વાદોમાં પ્રીતિવાળા, પ્રાણીઓનો પ્રસંગ સર્વદા ત્યાગ કરવો તથા શરીર, વાણી અને મનથી કોઈપણ પ્રાણીને પીડા ન કરવી. મારા ગુણના ગાનમાં સંતોષ ન રાખવો. હંમેશાં મારા નામનું ઉચ્ચારણ કરવું. યમ અને નિયમોનું પાલન કરવું તથા કોઈની નિંદા ન કરવી. હંમેશાં મારી મૂર્તિની સ્મૃતિ રાખવી. મારા ચરિત્રામૃતનું પાન કરવું. મારું માહાત્મ્ય યથાર્થ જાણવું. (૨૫, ૨૬, ૨૭, ૨૮) મને પ્રિય એવા મારા એકાંતિક ભક્તો તથા સાધુઓનો નિષ્કપટભાવે નિત્ય પ્રસંગ કરવો. તથા હંમેશાં સુખ દુઃખાદિ દ્વંદોને સહન કરવા. (૨૯) મેં કહેલા એ સોળ ઉપયોગી તથા શ્રદ્ધા વગેરે સાધનોથી મારે વિષે નિશ્ચય પ્રીતિ થશે. મારી ભક્તિથી તો મારે વિષે વિશેષ પ્રીતિ થાય અને તેનાથી સંસારનો નાશ થાય. (૩૦) ભક્તિથી દૃઢ જ્ઞાન તથા વૈરાગ્ય થાય. તેથી તમારે સર્વેએ સદા નિષ્કપટભાવે ફળનું સંધાન રહિત ભક્તિ કરવી. (૩૧) પોતપોતાના ધર્મે સહિત ભક્તિથી જેમ હું પ્રસન્ન થાઉં છું તેવો બીજા કોઈ ઉપાયથી પ્રસન્ન થતો નથી એમ તમે જાણો. (૩૨)

આવી રીતે શ્રીહરિ પોતાના જનોને ઉપદેશ આપીને અત્યંત પ્રસન્ન થયા. શ્રીહરિએ કહેલી શુભ શિક્ષા હર્ષપૂર્વક ભક્તો ધારણ કરતા હતા. (૩૩) હે રાજન્ ! જનોને શિક્ષારૂપી આ વાર્તા સત્સંગિ

જીવનગ્રંથમાં વિસ્તારથી કહેલી છે માટે અહીં સંક્ષિપ્તથી કહી છે. (૩૪)

પછી હે રાજન્ ! પોતાના ભક્તો ઉપર દયાળુ, ઈશ્વરોના ઈશ્વર, કરુણાસાગર, શ્રીસ્વામિનારાયણ મુનિઓ તરફ જોતા તેમને કીર્તન ગાવા માટે પ્રેરણા કરતા હતા. (૩૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિએ કહેલી જન શિક્ષા નિરૂપણ નામે એકસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૧)



અધ્યાય ૬૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સતાર વગાડતા, મધુર સ્વરવાળા, ગાન કળામાં પ્રવીણ મુક્તાનંદ, શ્રીહરિના ગુણાદિ યુક્ત સંસ્કૃત સુંદર પદો "रमतां सततं सततमखे त्वयि मानसं मम सखे" ઈત્યાદિ તથા પ્રાકૃત ભાષાના વિવિધ પ્રકારના તાલવાળાં પદો સ્વર ગ્રામાદિ યુક્ત ગાતા હતા. (૧, ૨) વિવિધ પ્રકારની ગાન કળામાં નિપુણ દેવાનંદ મુનિ તથા મતિમાન્ બ્રહ્માનંદ મુનિ તથા પ્રેમાનંદ મુનિ; (૩) જ્ઞાનાનંદ સાધુ તથા યોગાનંદાદિ બીજા શ્રીહરિને પ્રસન્ન કરવામાં આસક્તિવાળા, ગાનકળામાં નિપુણ મુનિઓ, વીણાં તથા નરઘાં વગેરે વાદ્યો આદરપૂર્વક પ્રીતિથી વગાડતા, સત્પુરુષોમાં શ્રેષ્ઠ મુક્તાનંદ ગાઈ રહ્યા તે પછી, ગાતા હતા. (૪, ૫)

તે સમયે શ્રીહરિનાં દર્શન કરવા માટે આકાશમાં બ્રહ્માદિ ઈશ્વરો તથા ગાનકળામાં નિષ્ણાત ગંધર્વો, મનોહર અને મધુર, જુદા જુદા સ્વર, ગ્રામ મૂર્છના તાલ વગેરેથી યુક્ત ગાન આશ્ચર્યપૂર્વક સાંભળીને તેમની પ્રશંસા કરતા હતા. (૬, ૭)

ત્યાં આવેલા નારદ તથા ગોલોકાદિ ધામમાં રહેલા મુક્તો તે ગાન સાંભળીને વિસ્મય પામ્યા. (૮) દિવ્ય સભામાં ઉંચા આસને બિરાજેલા, મત્સ્યાદિ સર્વે અવતારોના કારણ, વ્યાપક, શ્રીહરિની આગળ ગાન કરનારા મુક્તાનંદાદિ સાધુઓની શોભા, સુખ તથા અતિ મહાભાગ્યનું અહો ! હું શું વર્ણન કરું ? (૯, ૧૦) જેમ ત્રેતાયુગમાં મધુર સ્વરવાળા કુશ તથા લવ શ્રીરામચંદ્રની શ્રેષ્ઠ સભામાં ગાન કરી પિતા રામચંદ્રજીને અત્યંત સંતોષ પમાડતા હતા. (૧૧)

તેવી રીતે સતાર તથા નરઘાં વગેરે વાજિંત્રોના ધ્વનિ સાથે અત્યંત મધુરતા યુક્ત ગાન કરતાં મુક્તાનંદાદિ સાધુઓ શ્રીહરિને પ્રસન્ન કરતા હતા. (૧૨)

પૂર્વે જેમ તંબરુ તથા નારદના ગાનથી વૈકુંઠાધિપતિ શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા હતા. તેવી રીતે ગાન કરનારા મુક્તાનંદાદિ સાધુઓ ઉપર સાધુઓને પ્રિય, અવતારી, પ્રત્યક્ષ સ્વયં સ્વામિનારાયણ શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. (૧૩, ૧૪)

સુંદર સંગીત રસ જાણવામાં નિપુણ લાખો ભક્તોના નેત્રોને જ દર્શનીય, પોતાના હાથથી તાલ

આપતા શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિથી સભામાં બેઠેલા ભક્તોને જોતા હતા. (૧૫)

તાલ આપવાની ચતુરાઈથી પોતાના ભક્તજનોના અંતઃકરણ ચોરનારા, મેઘની માફક ગંભીર ધ્વનિવાળા, ચંચળ નેત્રોની દૃષ્ટિથી પોતાના ભક્તો પ્રત્યે જોતા અને તેથી શોભતા શ્રીહરિકૃષ્ણ, મુક્તાનંદાદિ સાધુઓ સાથે ગાતા હતા. (૧૬)

સફેદ અને ઘાટાં સુંદર વસ્ત્રો ધારણ કરનારા, સાધુઓ તથા ભક્તજનોના સમૂહમાં વિહાર કરનારા, શોભાયમાન વિચિત્ર પુષ્પોના હારવાળા, શોભાયમાન પુષ્પોના શ્રેષ્ઠ તોરાઓથી મનોહર. (૧૭) પુષ્પોના ગુચ્છોને ધારણ કરનારા કર્ણની ઉત્તમ શોભાવાળા, પુષ્પના કંકણો, કડાં, બાજુબંધોથી યુક્ત, મનોહર કંઠમાં ઉત્તમ મોતીઓના હારવાળા, કોટિ કામદેવને પણ મોહ કરનાર છે શરીર જેમનું એવા. (૧૮)

તે સમયે ગગનમાં રહેલા બ્રહ્મા, વિષ્ણુ, શંકર વગેરે ઈશ્વરો શ્રીહરિએ કરેલું શ્રેષ્ઠગાન સાંભળીને અત્યંત વિસ્મય પામ્યા. (૧૯)

આકાશમાં દેવોના શ્રેષ્ઠ ગાયકો પણ શ્રીહરિએ કરેલું ગાન સાંભળીને આશ્ચર્ય પામ્યા. ભગવાનના અનેક દિવ્યધામનાં મુક્તો શ્રીહરિએ કરેલા ગાનનું શ્રવણ કરીને અત્યંત આનંદ પામ્યા. (૨૦)

શ્રીહરિનું ગાન સાંભળીને સમગ્ર સ્થાવર જંગલ પ્રાણીઓ સર્વોપરી શાંતિ પામ્યા. મનુષ્યો તો પોતાના સમગ્ર કાર્યો ભૂલી બીજે જવા પણ શક્તિમાન થયા નહીં. (૨૧) સુંદર સ્વરરૂપી અમૃતવાળું, અનુપમ, શ્રીહરિનું મધુર ગાન સાંભળનારા લાખો પુરુષો તથા સ્ત્રીઓ શ્રીહરિને ગાતા જોઈને જાણે ચિત્રેલાં હોયને શું ? એમ સ્થિર થઈ ગયા જણાતા હતા. (૨૨)

તે જનો શ્રીહરિની અતિ શોભાયમાન સુંદર કરની ચેષ્ટા, મંદહાસ્ય, દયાસહિત દર્શન તથા રમણીય મૂર્તિ જોઈને, અનુપમ આનંદ પામ્યા. (૨૩) શ્રીહરિના પાવનકારી ગુણચરિત્રોનું કથન, શ્રવણ તથા ચિંતન કરવાથી અતિ શાંતિ થાય તો સર્વોપરી શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન માત્રથી અતિસુખ થાય એમાં શું આશ્ચર્ય છે ? નથી જ. (૨૪)

શ્રીહરિનાં દર્શન કરનારા અસંખ્ય પુરુષો તથા સ્ત્રીઓ શ્રીહરિની કૃપાથી સમાધી પામીને બ્રહ્મધામમાં કોટિ કોટિ સૂર્યસમાન તેજસ્વી પરમાત્મા શ્રીહરિને જોતા હતા. (૨૫) દિવ્ય મણીજડિત સુવર્ણ સિંહાસનમાં બિરાજેલા, અસંખ્ય અક્ષર મુક્તોએ સેવેલા; દિવ્ય સુંદર વસ્ત્રો તથા ઘણાં અલંકારોથી શોભાયમાન, દિવ્યરૂપ વૈભવાદિના મહાસાગર (૨૬)

કેટલાક ભક્તો ગોલોક ધામમાં શ્રીહરિની મૂર્તિ બંને ભુજથી યુક્ત તથા પીતાંબર ધારણ કરનારી મનોહર, રાધાદિ શક્તિઓ તથા અણિમાદિ સમૃદ્ધિ, ઐશ્વર્ય તથા શ્રીદામાદિ પાર્ષદોથી સેવાયેલી, બંસી વગાડતા, શોભાયમાન મુગુટથી અલંકૃત એવી મૂર્તિ જોતા હતા. (૨૭)

હે રાજન્ ! કેટલાક ભક્તો વૈકુંઠધામમાં શોભાયમાન ચાર ભુજાએ યુક્ત, રમણીયરૂપવાળી, અણિમાદિ ઐશ્વર્ય, લક્ષ્મી આદિ શક્તિ તથા ઘણા પાર્ષદોએ સેવેલી શ્રેષ્ઠ ભૂષણોથી અલંકૃત શ્રીહરિની

મૂર્તિ જોતા હતા. (૨૮) કેટલાક ભક્તો અવ્યાકૃત ધામમાં અષ્ટ બાહુવાળા પાર્ષદો સહિત લક્ષ્મીએ સેવેલાં છે બંને ચરણકમળ જેમના એવા ભૂમા પુરુષને જોતા હતા. બીજા ભક્તો પણ એવી રીતે શ્રીહરિની મૂર્તિઓ જોતા હતા. (૨૯)

પછી સમાધિવાળા ભક્તો સમાધિથી બહાર આવીને જે જે અલૌકિક ઐશ્વર્ય સમાધિમાં તેમણે જોયું હતું તે તે આશ્ચર્ય શ્રીહરિના બંધુઓએ પૂછ્યું તેથી સભામાં જ કહેતા હતા. તેમના બંધુઓ પોતાના સંબંધિઓએ કહેલું ઐશ્વર્ય સાંભળીને અતિ આશ્ચર્ય પામ્યા. (૩૦) તેમાં કેટલાકને શ્રીહરિના પરમેશ્વર સ્વરૂપમાં સંશય હતો. તે પણ આ આશ્ચર્ય જોઈને તથા સાંભળીને શ્રીહરિને ભગવાન જ જાણવા લાગ્યા. (૩૧) હે રાજન્ ! પછી તે સર્વે સંશય રહિત થઈ, શ્રીહરિનો દૃઢતર સમાશ્રય કરતા હતા. બીજા ઘણાં જનો પણ શ્રીહરિનો અતુલ પ્રતાપ જોઈને ભગવાન શ્રીહરિનો આશ્રય કરતા હતા. (૩૨)

પૂર્વ જન્મમાં કરેલા પાપથી વિનષ્ટ બુદ્ધિવાળા મૂઢજનો, પોતાના બંધુજનોને શ્રીહરિ પાસેથી લઈ જવા માટે આવેલા તે પણ શ્રીહરિનો મોટો પ્રતાપ જોઈને આશ્રિતોની સંસાર ભીતિને નાશ કરનારા શ્રીહરિનો દૃઢ આશ્રય કરતા હતા.

આ પ્રકારે શ્રીહરિ પોતાના આશ્રિતોને અનુપમ સુખ આપીને, પોતપોતાના નિવાસમાં જવા માટે પોતાના આશ્રિતજનોને આજ્ઞા કરતા હતા. પછી પાર્ષદ ગણો સાથે પટ મંડપમાં જઈને ત્યાં રમણીય આસન ઉપર શ્રીહરિ બિરાજ્યા. (૩૪) હે નરપતે ! આવી રીતે હંમેશાં શ્રીહરિના ઐશ્વર્ય જોવાથી અત્યંત આશ્ચર્ય યુક્ત મનવાળા શ્રીહરિના દર્શન માટે આવેલા પોતાના ભક્તગણોને સુખપ્રદ શ્રીહરિ આનંદ પમાડતા હતા અને આ પૃથ્વી ઉપર પોતાનો કલ્યાણકારી આશ્ચર્ય યુક્ત યશ વિસ્તારતા આ વૃત્તાલય પુરમાં નિવાસ કરતા હતા. (૩૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં મુનિઓ સાથે શ્રીહરિએ ગાનલીલા કરી તેના વર્ણન નામે બાસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૨)



અધ્યાય ૬૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રી હરિના દર્શન માટે વિવિધ દેશથી આવેલા હજારો જનસમૂહ તથા પુરના જનો વિવિધ પ્રકારની ભેટો, મનોહર વસ્ત્રો, આભૂષણો, સુગંધિમાન સુંદર ચંદન, કુમકુમ આદિક પુષ્પના હાર, બાજુબંધો, તોરા વગેરે વિવિધ પ્રકારના ઉપહારોથી પરમેશ્વર શ્રીહરિનું નિરંતર પૂજન કરતા હતા. (૧, ૨) તે જનો શ્રી હરિની જેમ જ શ્રીહરિના બંધુઓ રામપ્રતાપ તથા ઈચ્છારામ તથા તેમના પુત્રો તેમજ મુકુદાનંદ વર્ણીઓ તથા મુક્તાનંદાદિ મુનિઓનું પણ હર્ષપૂર્વક યોગ્યતા પ્રમાણે પૂજન કરતા હતા. (૩)

દેશાન્તરથી આવેલી સ્રીઓ તથા પુરની સ્રીઓ અતિ સ્નેહથી અતિસુંદર ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરી, શ્રીહરિના ભાઈઓની સુવાસિની, વલિયારી વગેરે સ્રીઓનું પણ પૂજન કરતી હતી. (૪)

હે રાજન્ ! શ્રીહરિના ચરણ કમળના આશ્રયવાળા મહાભાગ્યશાળી જનોને તો આ પુરમાં શ્રીહરિની પૂજાનો મહોત્સવ નિરંતર હતો. (૫) હે રાજન્ ! ધર્મના પુત્ર શ્રીહરિ જેટલા દિવસે આ પુરમાં રહ્યા, તેટલા દિવસ શ્રીહરિ પ્રત્યે લોકોને અત્યંત પ્રીતિ વૃદ્ધિ પામતી હતી. (૬)

શ્રીહરિના દર્શનમાં આનંદવાળા, શ્રીહરિની પૂજાવિધિમાં અત્યંત આદરવાળા, ભક્તજનોને દિવસ તથા રાત્રિ ક્ષણની માફક વીતવા લાગી. (૭)

હે નરેન્દ્ર ! આ પુરમાં અનેક દેશના મનુષ્યો મુનિઓ વગેરેને જમાડવા માટે રસોઈઓ હંમેશાં એક એકથી અધિક રસયુક્ત થતી હતી. (૮) શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ કોઈ દિવસે મહાસભામાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું જ્ઞાન કહેતા હતા. (૯) કોઈ દિવસ વૈરાગ્યનું રૂપ કહેતા હતા, કોઈ દિવસ લક્ષણ સહિત ભક્તિનું સ્વરૂપ કહેતા હતા. (૧૦)

હે નરેન્દ્ર ! શ્રીહરિ ક્યારેક વિદૂરે કહેલી નીતિ સભામાં કહેતા, ક્યારેક દાનધર્મના પ્રકાર કહેતા હતા, ક્યારેક સુંદર મોક્ષધર્મ, ક્યારેક સુબોધ તથા મનુષ્યોના સમગ્ર ધર્મ કહેતા હતા. (૧૧) શ્રીહરિ ક્યારેક સાંખ્યજ્ઞાન, ક્યારેક યોગશાસ્રનું જ્ઞાન, ક્યારેક પંચરાત્રની વાર્તા પણ કરતા હતા, ક્યારેક સ્પષ્ટપણે પરમહંસોના ધર્મ અને આપત્કાળના ધર્મોપણ કહેતા હતા. (૧૨)

હે રાજન્ ! સર્વજ્ઞ શ્રીહરિ ક્યારેક તો પોતાના આશ્રિતોની પાપ નિવૃત્તિ માટે પ્રાયશ્ચિતનો સર્વ વિધિ પોતાના ભક્તોને પ્રહર્ષિત કરતા શાસ્ર પ્રમાણે કહેતા હતા. (૧૩)

અવતારી શ્રીહરિ મનુષ્ય નાટ્ય કરતા આલોકમાં જનોને શિક્ષા આપતા વર્ણાશ્રમને યોગ્ય ધર્મનું પોતે જ પાલન કરતા હતા. (૧૪) ઈશ્વરોના ઈશ્વર શ્રી સ્વામિનારાયણ પૃથ્વી ઉપર સ્વતંત્ર છે તો પણ મનુષ્યોની શિક્ષા માટે સમય પ્રમાણે ઉપવાસાદિ વ્રતો, શૌચાદિ નિયમો, બ્રહ્મચર્યાદિ યમો તથા માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિની વાર્તા કરતા હતા. (૧૫)

વરતાલમાં નિવાસ કરતા, હંમેશાં પોતાના અસંખ્ય ભક્તોને આ રીતે આનંદ આપતા, શ્રીહરિએ સમગ્ર ફાગણ માસનો કૃષ્ણ પક્ષ ક્ષણની માફક વીતાવ્યો. (૧૬)

પછી ઈશ્વર, શ્રીહરિ ચૈત્ર સુદી પ્રતિપદા નૂતન વર્ષના આરંભને દિવસે બ્રહ્માત્મક વિરંગીરૂપ વાસુદેવની પૂજા શ્રેષ્ઠ ઉપચારોથી કરતા હતા. (૧૭) શ્રીહરિ મન્વાદિ તિથિઓમાં તૃતીયા તિથિને દિવસે ધેનુનું દાન તથા સુવર્ણ ધન તથા બ્રાહ્મણ તર્પણ કરાવતા હતા.(૧૮)

હે ભૂપતે ! શ્રીહરિ તે તિથિએ મત્સ્યાકાર ભગવાનની પૂજાનો મહોત્સવ શાસ્રમાં કહેલી વિધિથી પોતે કરાવીને, પોતાનાં દર્શન કરનારા જનોને આશ્ચર્ય ઉપજાવતા, પોતાના ભાઈ ઈચ્છારામના ભુવનમાં ભોજન કરીને ગઢપુરમાં જવા માટે તત્કાળ તૈયાર થયા. (૧૯)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં દેશાંતરીય ભક્તોને શ્રીહરિએ ધર્માદિ ઉપદેશ આપ્યો તે નામે ત્રેસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૩)



અધ્યાય ૬૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે અવસરમાં શ્રીહરિમાં ઘણાં સ્નેહવાળા, નારાયણગિરિ ગોસ્વામી પોતાના ધર્મમાં પ્રીતિવાળા, શ્રીહરિની સમીપે આવ્યા. (૧) પ્રેમાધીન નારાયણગિરિ, ગઢપુર જવા માટે શ્રીહરિ તૈયાર થયા છે તે જાણીને, બંને હાથ જોડી પ્રણામ કરીને ભક્તિપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. (૨)

હે પ્રભો ! આવતી કાલે હું આપના સર્વ મુનિમંડળ સહિત આપનું આતિથ્ય કરવા ઈચ્છું છું. માટે આપ આ મારો મનોરથ પૂર્ણ કરવા યોગ્ય છો. (૩)

હે પ્રભો ! આપ ભકતોના કલ્પદ્રુમ સમાન તથા આપના આશ્રિતો પ્રત્યે દયાવાળા છો. હું તો આપનો દાસ છું માટે મારું વાંછિત પૂર્ણ કરો. (૪)

નારાયણગિરિ ગોસ્વામીએ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ હર્ષપૂર્વક નારાયણગિરિને કહ્યું તમે કહેશો તેમ કરીશું. તેટલામાં પુરના બીજા ભક્તો શ્રીહરિની સમીપે તત્કાળ આવ્યા. (૫)

કુબેર, જોબન, જૂષો, મૂળજીત વગેરે હરિભક્તો શ્રીહરિને નમસ્કાર કરતા હતા. તેમાં કુબેરજીત હાથ જોડીને શ્રીહરિની સમીપે આવીને બોલ્યા. (૬)

હે સત્પતે ! અહીં આપને આવ્યા તેને ત્રેવીસ દિવસ થયા. તે દિવસોમાં પહેલે દિવસે ફાગણ સુદી ૧૦ દશમને દિવસે જોબનનો સંકલ્પ હે પ્રભો ! આપે રસોઈ સ્વીકાર કરીને પૂર્ણ કર્યો છે પછી દેશાન્તરથી આવેલા ઘણાં જનોને સંતોષ્યા છે. (૭, ૮)

અમો પણ આપના દૃઢ આશ્રિત અને આપના દાસ છીએ. માટે અમારા ઉપર અનુગ્રહ કર્યા વિના પ્રયાણ કરવું એ આપને યોગ્ય નથી. (૯)

હે ભગવન્ ! આપના જન્મોત્સવની તિથિ સમીપમાં આવે છે તે તિથિએ આપની પૂજા કરવાનો અમારો મનોરથ છે. (૧૦)

હે સ્વામિન્ ! આપના ભક્તો આપને વિષે જ આસક્ત મનવાળા છે. માટે અમારો આ મનોરથ પણ ભક્તોને સુખ આપનારા આપે પૂર્ણ કરવો. (૧૧)

તેથી ચૈત્ર સુદી વિમળા એકાદશીના ઉત્સવ પર્યંત આપ અહીં રહો. એમ તેમણે પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ હસતા હસતા જેમ તમો કહો છો તેમ કરીશું, એમ બોલ્યા. (૧૨)

એવું શ્રીહરિનું વચન સાંભળીને ભક્તો મહાઆનંદ પામ્યા. એવી રીતે શ્રીહરિ પોતાના ભક્તોને આનંદ પમાડતા હર્ષપૂર્વક ત્યાં રહ્યા. (૧૩) હે ભૂપતે ! પછી ગોસ્વામી નારાયણગિરિ શ્રીહરિને આશ્રિતો સહિત સુંદર રસયુક્ત વિવિધ પ્રકારના ભોજનથી તૃપ્ત કરતા હતા. (૧૪)

પછી નારાયણગિરિ અમૂલ્ય સુંદર વસ્ત્રો, મણીજડિત સુવર્ણના અલંકારો તથા સર્વ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું તથા તેમના આશ્રિતોનું પૂજન કરતા હતા. (૧૫)

પછી કુબેર વગેરે પૌરજનોએ પણ સમગ્ર મુનિઓ વગેરે તથા શ્રીહરિને ભોજનથી તૃપ્ત કર્યા. તેમજ ઉપચારોથી પૂજન કર્યું. (૧૬)

ભગવાન શ્રીહરિ આવી રીતે નારાયણગિરિ તથા કુબેરાદિ ભક્તોની રસોઈઓ તથા પૂજાઓ દયાધીન થઈને અંગીકાર કરતા સર્વે ભક્તોને અત્યંત સુધી કરતા હતા. (૧૭)

પછી નરનાટ્યધારી શ્રીહરિ ચૈત્રસુદી નવમીની તિથિએ મધ્યાહ્ન સમયે ભક્તોને ભક્તિમાં પ્રવર્તાવવાના હેતુથી શ્રી રામચંદ્રનું પૂજન કરતા હતા. (૧૮) વૃત્તાલયપુરના નિવાસી કુબેરાદિ ભક્તો શ્રીહરિનો જન્મ દિવસ જાણીને તેમની પૂજા માટે વિવિધ પ્રકારના ઉપચારો હર્ષથી લાવ્યા. (૧૯)

પછી ભક્તો નવમીની દશઘડી રાત્રિ વ્યતીત થઈ ત્યારે સુવર્ણના સિંહાસનમાં બિરાજેલા સમગ્ર શ્વેતવસ્ત્ર ધારણ કરનારા શ્રીહરિનું ચોસઠ પ્રકારના ઉપચારોથી પૂજન કરતા હતા. (૨૦)

વિવિધ પ્રકારના મણી જડિત મહામૂલ્યવાળા સુવર્ણના અલંકારો, સુવર્ણના સૂત્રવાળાં નાના વર્ણોના રમણીય વસ્ત્રો તથા કેસર, અગર ચંદન, કસ્તૂરી, કુમકુમ તથા અક્ષત, સુંદર પુષ્પોથી કરેલા હાર, તોરાઓ, બાજુબંધો તથા સુગંધિમાન ધૂપ, દીપ વગેરેથી ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. પછી બરફી, રમણીય પેંડા, નવી ઉત્તમ દ્રાક્ષ તથા ગુલાબ પાક વગેરે પાકો તથા મનોહર ખારેક, સાકર, પતાસા, પ્રિયાલુ વગેરે મહાપાત્રોમાં ભરીને શ્રીહરિની આગળ મૂકતા હતા. તેમજ નાળીયેરોના પર્વતના સમાન ઢગલાઓ કરતા હતા. (૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫) ભક્તો રમણીય આંબાના ફળો, કેળનાં પાકાં ફળો, નાના પ્રકારનાં બીજાં ફળો શ્રીહરિને હર્ષપૂર્વક અર્પણ કરતા હતા. (૨૬)

તે ભક્તો પાત્રોમાં હજારો રૂપિયા તથા સુવર્ણ મુદ્રાઓ ભરીને ભક્તિપૂર્વક શ્રીહરિની આગળ મૂકતા હતા (૨૭) પછી આદરપૂર્વક વિવિધ પ્રકારના વાદ્યો વગડાવીને અવતારી શ્રીહરિની મહાઆરતી તે સર્વે કરતા હતા (૨૮) દેશના ભક્તોએ, મહામૂલ્યવાળાં વસ્ત્રો, ભૂષણો, ચંદન, અક્ષત, કુમકુમાદિ સમગ્ર ઉપચારોથી તથા રાજોપચારથી તથા સુવર્ણ મુદ્રાદિથી શાસ્ત્રવિધિ પ્રમાણે હર્ષથી શ્રીપુરુષોત્તમનું પૂજન કર્યું. (૨૯, ૩૦) તે સમયે વાદ્યો વગડાવી શ્રીહરિનાં પદો ગાતા સાધુઓ તથા બીજા ભક્તો ભક્તિપૂર્વક મહોત્સવ કરતા હતા. (૩૧)

તે સમયે માંગલિક વાદ્યોના ધ્વનિ, જયશબ્દો સાથે મિશ્રિત થઈ સર્વ દિશાઓના અમંગળને નાશ કરતો હતો. (૩૨) તે સમયે આકાશમાં દેવતાઓ દુંદુભીઓના નાદ કરતા હતા. ગંધર્વપતિઓ

ગાન કરતા હતા. અપ્સરાના ગણો નૃત્ય કતા હતા. (૩૩)

શ્રીહરિની લીલાનાં દર્શન માટે આવેલા અને આકાશમાં રહેલા બ્રહ્માદિક દેવો સ્વામિનારાયણની શોભા જોઈને મહાશ્ચર્ય પામ્યા. (૩૪) તે મહોત્સવમાં વિવિધ પ્રકારના ધામના મુક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે અહીં આવ્યા હતા. શ્રીહરિનાં દર્શન કરીને તે સર્વે મહા આનંદ પામ્યા. (૩૫)

મુક્તો સુગંધ યુક્ત ચંદન તથા વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ પુષ્પોથી ધર્મનંદન શ્રીહરિને ભક્તિપૂર્વક વધાવતા હતા. (૩૬) અતિ ઉદાર સ્વભાવવાળા શ્રીહરિ પોતાની પૂજામાં આવેલી સમગ્ર વસ્ત્ર ભૂષણાદિક વસ્તુઓ ભૂદેવોને આપતા હતા, દરિદ્ર બ્રાહ્મણોને વિશેષ આપતા હતા. (૩૭)

દયાસાગર, ઉદારતાના સમુદ્ર, શ્રીહરિની દાનની શૂરવીરતા જોઈને દેવેન્દ્રો તથા લોકો આશ્ચર્ય પામ્યા. (૩૮) તે સમયે શ્રીહરિના સર્વે આશ્રિતજનો ફળાહાર રહિત વ્રત કરતા હતા. જન સમુદાય શ્રીહરિનાં દર્શન કરતા રાત્રિયે જાગરણ કરતા હતા. (૩૯) હે નરેન્દ્ર ! શ્રી સ્વામિનારાયણના પવિત્ર દર્શનથી ઉત્પન્ન થયેલા હર્ષિત મનવાળા ભક્તજનોની સમગ્ર રાત્રિ ક્ષણની માફક વીતી ગઈ. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના પંચમ સ્કંધમાં ભક્ત પ્રાર્થના અંગીકારપૂર્વક શ્રીહરિકૃત રામનવમી ઉત્સવ નિરૂપણ નામે ચોસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૪)



અધ્યાય ૬૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી દશમીની પ્રાતઃકાળે મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. નર નાટ્યધારી શ્રીહરિએ પછી સર્વે નિત્યવિધિ કર્યો. (૧) પછી ભગવાન શ્રીહરિ કેટલાક બ્રાહ્મણોને તથા કેટલાક મુનિઓ વગેરેને જમાડીને પોતાના બંધુઓ સહિત પારણાં કરતા હતા (૨)

સર્વે ભક્તો દશમી તિથિમાં શ્રીહરિની પ્રસન્નતા માટે ભોજનથી હજારો બ્રાહ્મણોને તથા મુનિઓ વગેરેને તૃપ્તિ પમાડતા હતા. (૩)

તે ભક્તો શ્રીહરિના બંધુ વગેરેને ઘણાં વસ્ત્ર તથા આભૂષણો આપતા હતા. પોતાની સંપત્તિ અનુસારે બ્રાહ્મણોને પણ દક્ષિણાઓ આપતા હતા. (૪)

સ્ત્રીઓ શ્રીહરિના ભાઈઓની પત્નીઓને મહા મૂલ્યવાળાં ભૂષણો તથા વસ્ત્રો હર્ષપૂર્વક આપતી હતી. તેમજ બ્રાહ્મણોની સ્ત્રીઓને પણ દાન આપતી હતી. (૫)

હે રાજન્ ! પછી સ્વાભાવિક આનંદવાળા શ્રીહરિએ ચૈત્રસુદી વિમળા એકાદશીને દિવસે પોતાના ભક્તોને આનંદ આપતા મહોત્સવ કર્યો. (૬)

શ્રીહરિએ લક્ષ્મીએ યુક્ત મનોહર સુવર્ણ નિર્મિત વાસુદેવનું વિધિ પ્રમાણે સર્વતોભદ્ર મંડળમાં સ્થાપન કર્યું. (૭) હે રાજન્ ! શ્રીહરિએ અતિશ્રેષ્ઠ વિપ્રો પાસે શ્રેષ્ઠોપચારોથી, વેદોક્ત વિધિથી સારી રીતે વાસુદેવનું પૂજન કરાવ્યું. (૮)

પછી શ્રીહરિ વાસુદેવને હિંડોળામાં પધરાવીને ફરીથી સંપૂજન કરીને તેમની મહાઆરતી કરી પ્રીતિપૂર્વક તેમને ઝુલાવતા હતા. (૯)

પ્રભુ શ્રીહરિએ મુહૂર્ત પર્યન્ત વાસુદેવને ઝુલાવીને વાસુદેવનો પૂજન વિધિ સમાપ્ત કરીને, બ્રાહ્મણોને પૂજીને ઉપવાસી ભક્તો સાથે રાત્રિએ જાગરણ કર્યું. (૧૦)

તે સમયે વિવિધ દેશોથી આવેલા સમગ્ર ભક્તો તથા પુરના ભક્તો હર્ષપૂર્વક વિવિધોપચારથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૧)

વાદ્યો સાથે કીર્તનો ગાતા શ્રી હરિનાં આશ્રિતો શ્રીહરિના દર્શન કરતા એકાદશીની રાત્રિ ક્ષણની માફક વીતાવી. (૧૨) પછી શ્રીહરિએ દ્વાદશીના દિવસે વિપ્રો તથા મુનિઓ વગેરેને ભોજન કરાવીને ભાઈઓ સાથે પારણાં કર્યા. (૧૩)

પછી શ્રીહરિ ગઢપુર જવા માટે પાર્ષદો તથા ઘોડેસવારોને જણાવતા હતા. કેટલાક સાધુના મંડળોને, લોકોને ઉપદેશ આપવા માટે દેશાન્તરમાં જવા માટે આજ્ઞા કરતા હતા (૧૪) એકાન્તિક મુનિઓને પ્રિય શ્રીહરિ સાધુઓના મંડળમાંથી કેટલાક મંડળોને પોતાની સાથે ગઢપુર આવવા માટે આજ્ઞા કરતા હતા (૧૫)

હે મહીપતે ! પોતાની સાથે આવવા માટે પોતાના પાર્ષદોને આજ્ઞા કરીને પ્રભુ શ્રીહરિ ઉંચા શ્રેષ્ઠ સુવર્ણ સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૧૬)

નેત્રોમાં અશ્રુ સાથે ભક્ત સમૂહે અતિ પ્રેમથી શ્રીહરિનું પૂજન કર્યું. એવા શ્રીહરિ તેમને સૌને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપતા હતા. (૧૭)

ત્યારબાદ સ્વયં શ્રીહરિએ 'જય સચ્ચિદાનંદ પ્રભો' એમ કહીને સરળ સ્વભાવના પોતાના પાર્ષદ નાજા ભક્તે આણેલા પોતાના અશ્વરાજ ઉપર આરોહણ કર્યું. (૧૮) અતિસુંદર સુવર્ણની લગામ હાથમાં ધારણ કરતા, અક્ષતે સહિત ગોળ શોભાયમાન કુમકુમના ચાંદલાથી યુક્ત ઉર્ધ્વપુંડ્ર તિલક દર્શનીય વિશાળ તથા શ્યામ ભાલ પ્રદેશમાં અલંકારરૂપે ધારણ કરતા અતિ ચંચળ શોભાયમાન ઘોડાવાળા પશ્ચિમદેશ નિવાસી ઘોડે સવારોથી વીંટાયેલા, શ્રીહરિએ પ્રયાણ કર્યું. (૧૯)

શ્વેત પાઘમાં ચલાયમાન વિચિત્ર પુષ્પોના તોરાઓથી અત્યંત શોભાયમાન સુંદર કંઠમાં વિવિધ પ્રકારના પુષ્પોના હાર ધારણ કરતા, ધારણ કર્યાં છે શ્વેત વસ્ત્રો જેમણે એવા, નેત્રોમાં અશ્રુવાળા, પોતાના લાખો જનો જેમનાં દર્શન કરી રહ્યા છે તે શ્રીહરિ હે રાજન્ ! કીર્તનો તથા વિવિધ વાદ્યોના ધ્વનિ સાંભળતા તે સમયે શોભતા હતા. (૨૦)

સુવર્ણની શોભાયમાન છડીઓ હાથમાં ધારણ કરનારા શ્રીહરિની સમીપે આવીને પ્રીતિપૂર્વક ઊંચા સ્વરથી માંગલિક વાણી ઉચ્ચારતા કુબેર વગેરે દ્વારપાળો શોભાયમાન છત્ર ચામરોવાળા દિવ્યાકૃતિ સત્પતિ ભગવાન સહજાનંદની આગળ ચાલતા હતા. (૨૧) અતિ સુંદર, મંદ હાસ્યથી શોભાયમાન, અતિ શ્રેષ્ઠ, શ્યામ અને અતિ ચંચળ ભ્રુકુટિવાળી કરુણામૃત રસ ભરપુર ભીની દૃષ્ટિથી અસંખ્ય આશ્રિતજનોને જોતાં, શોભાથી યુક્ત, ચંચળ, મંગળ સ્વરૂપ મૂર્તિવાળા, અસંખ્ય જનોના ચિત્તને હરતા, ભક્તોને અભીષ્ટ આપનારા, શ્રીહરિ ભક્ત સમૂહથી છૂટા પડીને નીકળ્યા. (૨૨)

તે સમયે દેશાન્તરથી આવેલા તથા પુરના નિવાસી હજારો ભક્તજનો શ્રીહરિનો વિરહ સહન કરવા માટે અશક્ત બની નેત્રમાંથી સ્નેહાશ્રુ વર્ષાવતા શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૨૩) ભક્ત જનોએ અર્પણ કરેલા ઉપહારાદિનો સ્વીકાર કરતા શ્રીહરિએ તેમને આપેલું સુખ તથા તેમનું ઐશ્વર્ય, ગુણો વગેરે સંભાળતા ભક્તજનો, શ્રીહરિના વિયોગથી અત્યંત પીડાવાળા થયા. (૨૪)

ભક્ત સમૂહ માર્ગમાં પ્રાણ પ્રિય, પવિત્ર ગુણવાળા, શરણ્ય, દર્શનીય, કરુણાસાગર, શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરતા પાછળ ચાલ્યા. (૨૫, ૨૬)

ધર્મપુત્ર શ્રીહરિ પોતાની પાછળ ચાલતા, અશ્રુસારતા, આકુળ વ્યાકુળ નેત્રવાળા, પોતાના આશ્રિત જનોને ચારે તરફ જોઈને પોતાને વિષે પ્રીતિવાળા તથા પોતાની પાછળ ચાલતા પુરુષો તથા સ્ત્રીઓને હાથની ચેષ્ટાથી પાછા વાળતા હતા. તોપણ તે સમગ્ર ભક્તો પાછા જવા માટે સમર્થ થયા નહીં. (૨૭)

પછી હે રાજન્ ! શ્રીહરિએ પોતાના અશ્વરાજને પોતાની પહેનીથી સ્પર્શ કર્યો અને તેને તત્કાળ દોડાવીને પોતે એકલા જ ભક્તોજનોના નેત્રો પાસેથી અદૃશ્ય થઈ ગયા. (૨૮) તે સમયે શ્રીહરિના અશ્વના ખુરશી આકાશમાં ઉડેલી રજ જ્યાં સુધી દેખાતી હતી, ત્યાં સુધી સર્વે ભક્તો તથા સંતો વિરહથી પીડા પામી, ચિત્રની માફક ત્યાં જ સ્થિર ઊભા રહ્યા. (૨૯) માતાએ ત્યાગ કરેલા અને જેને હજુ પાંખો પણ ઊગી નથી એવા પક્ષીઓ જેમ તરફડે, માતાથી રહિત નાનાં બાળકો તથા ગાયોથી રહિત નાના વાછરડા જેમ દુઃખી થાય તેમ, તે ભક્તો શ્રીહરિના વિરહથી અત્યંત દુઃખી થયા. (૩૦)

શ્રીહરિએ કરેલા મહોત્સવને તથા શ્રીહરિની અનુપમ શોભાને પોતાના મનમાં સંભારી સંભારી પુરના જનો રડતા, પોતાના નગરમાં પાછા ફર્યા. દેશાન્તરથી આવેલા જનો તો રડતા પોતપોતાના દેશમાં જતા હતા. (૩૧) તે સમયે અયોધ્યા નિવાસી રામપ્રતાપ વગેરે સમગ્રજનો શ્રેષ્ઠ વાહન ઉપર બેસીને શ્રીહરિની આજ્ઞાથી માર્ગમાં લગારેક આગળ ચાલતા હતા. (૩૨)

અશ્વ ઉપર બિરાજેલા, પોતાના ચરણમાં પ્રીતિવાળા ઘોડેસવારોથી યુક્ત, અખિલ પતિ, સર્વેશ્વર શ્રીહરિ, માર્ગમાં પોતાની સન્મુખ આવેલા, પોતાના દર્શનમાં ઉત્સાહવાળા ભક્તોને હર્ષ પમાડતા, પોતાને વિષે અત્યંત પ્રીતિવાળા, પોતાના પાર્ષદો ભગુજી વગેરેને અમૃતની માફક અતિમિષ્ટ હાસ્ય વચનોથી હસાવતા, આશ્રિત જનોના સમુદાયની સાથે શ્રીજીવાડા ગામે પધાર્યા. (૩૩)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિકૃત વિમળા એકાદશીના ઉત્સવનું નિરૂપણ નામે પાંસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૫)



અધ્યાય ૬૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીજીવાડાના નિવાસી ભક્તો શ્રીહરિ આવે છે તે સાંભળીને ગીત તથા વાદ્યોના ધ્વનિ સાથે હર્ષપૂર્વક તત્કાળ શ્રીહરિ સન્મુખ ગયા. (૧) તે ભક્તો અશ્વ ઉપર બિરાજેલા, મુનિઓએ સહિત, ઘોડે સવારોથી વીંટાયેલા, શ્રીહરિનાં દૂરથી દર્શન કરી, પ્રીતિ પૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૨) દર્શન વગેરેથી શ્રીહરિએ યથાયોગ્ય તેમની સંભાવના કરી. પછી તે ભક્તો પોતાના ગામમાં શ્રીહરિને નિવાસ કરાવવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૩) પછી શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તોને ગીતવાજિંત્રોના ધ્વનિ સાથે શ્રીહરિના ગુણો ગાતા ગાતા તે ગામમાં પ્રવેશ કરાવ્યો. (૪)

ત્યાંના લોકો, શોભાના મહાસાગર રૂપ શ્રીહરિના દર્શન કરીને, દાવાગ્નિથી દગ્ધ થયેલા શીતળ જળમાં જેમ શાંતિ પામે તેમ, શાંતિ પામ્યા. (૫) શ્રીહરિએ તે ગામમાં ભાટ જ્ઞાતિના પોતાના ભક્ત જગુભાટની હવેલીમાં નિવાસ કર્યો. (૬)

અયોધ્યાવાસી રામપ્રતાપ વગેરેના નિવાસ માટે હર્ષપૂર્વક ભક્તોએ હવેલી આપી. સમગ્ર અયોધ્યા વાસીઓ ત્યાં રહ્યા. (૭) સર્વે મુનિઓ વગેરેના નિવાસ માટે ભક્તોએ યથાયોગ્ય ઉતારાઓ આપ્યા. ઉતારામાં સમગ્ર મુનિઓ પ્રીતિપૂર્વક રહેતા હતા. (૮)

તે ભક્તોમાં વૈશ્યજાતિના બાપુજી, ગિરિધરભક્ત, રાખોભાઈ વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. (૯) ભાટ જગુભાઈના પુત્ર પ્રભુદાસ શ્રીહરિની સેવા કરતા હતા. તેમના માતાપિતાની પ્રસન્નતા માટે તે પ્રભુદાસનું સમીપમાં આવેલા મૃત્યુથી શ્રીહરિએ રક્ષણ કર્યું હતું. (૧૦, ૧૧) પ્રત્યક્ષ શ્રીહરિમાં પ્રીતિવાળી જગુની સ્ત્રી સજ્જુ પોતાની પુત્રીઓ સહિત ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૧૨) શ્રીજીવાડામાં બીજા ઘણાં પુરૂષો તથા સ્ત્રીઓ આદરપૂર્વક શ્રીહરિની અત્યંત સેવા કરતા હતા (૧૩)

પછી જગુભાઈ વગેરે ભક્તો રસોઈ કરાવવા માટે શ્રીહરિની પ્રાર્થના કરતા હતા. તેથી શ્રીહરિ ભક્તોને કહેવા લાગ્યા. (૧૪) હે ભક્તો ! અમો સર્વે વૃત્તાલયમાં જમીને આવ્યા છીએ. માટે તમારે રસોઈ માટે આગ્રહ કરવો નહીં. (૧૫) મહા બુદ્ધિશાળી એકાંતિક ભક્ત જગુ બારોટ શ્રીહરિનું આવું વચન સાંભળીને બંને હાથ જોડી શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૬)

હે સ્વામિન્ ! હે કરૂણા સિંધો ! આપના મુનિઓ તથા આપના બંધુઓ વગેરે સૌ ફરીથી અહીં ક્યારે પધારશો ? (૧૭)

માટે હે સ્વામિન્ ! હું આવતી કાલે આપના જનો સાથે આપને જમાડવા ઇચ્છું છું. માટે આપ મને આજ્ઞા આપો. તેથી રસોઈની સામગ્રી કરાવું. (૧૮)

હે પ્રભો ! આપના દાસ મને તથા અહીંના સમગ્ર ભક્તોને આપ રસોઈ અંગીકાર કરી, અનુગ્રહ કરી, કૃતાર્થ કરો. (૧૯) ગદ્‌ગદ્ વાણીવાળા, આનંદથી સજળ નેત્રવાળા, જગુ બારોટની આવી પ્રાર્થના સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ 'બહુ સારું' એમ તેમને કહ્યું. (૨૦)

ત્યાંના જગાભાઈ વગેરે પોતાના ભક્તો જેમની સેવા કરી રહ્યા છે. તે શ્રીહરિએ ધર્માદિ વાર્તા કરીને પોતાના ભક્તજનોને આનંદ આપતા ત્યાં રાત્રિ વીતાવી. (૨૧)

શ્રીહરિ તથા તેમની સાથે આવેલા સર્વેના ભોજન માટે જગુભાઈ વિવિધ પ્રકારના જુદા જુદા પાક કરાવતા હતા. (૨૨) પ્રાતઃકાળમાં મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી શ્રીહરિ પોતાના મનુષ્ય નાટ્યને શોભડતા સર્વ નિત્યવિધિ કરતા હતા. (૨૩)

પછી શ્વેતવસ્ત્ર ધારણ કરનારા, ચટ્ચટ્ ધ્વનિયુક્ત પાદુકાવાળા શ્રીહરિ પોતાના પાર્ષદોથી વીંટાયેલા સભાસ્થાનમાં પધાર્યા. (૨૪) શ્રીહરિ જગુભાઈના વિશાળ આંગણામાં કોમળ પાથરણાએ સહિત ઉંચા સિંહાસન ઉપર બિરાજ્યા. (૨૫) શ્રીહરિના બંને ભાઈઓ તથા તેમના પુત્રો વગેરે હર્ષપૂર્વક સભામાં આવીને યથાયોગ્ય આસને બેઠા. (૨૬) સર્વે ત્યાગીઓ બીજા સર્વ ગૃહસ્થો સભામાં યથાયોગ્ય બેસીને પ્રિયદર્શન પરમેશ્વર શ્રીહરિના દર્શન કરતા હતા. (૨૭) પછી ત્યાંના ભક્તો ચંદન, અક્ષત, કુમકુમ તથા વિવિધ પ્રકારના ઉપચારોથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૮)

તેટલામાં ત્યાં કેટલાક ગવૈયાઓ આવ્યા, શ્રીહરિને તથા દિવ્ય સભા જોઈને તેઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૯) પછી દૂર રહેલા તે ગવૈયાઓએ અમો શ્રીહરિને સંગીતથી અત્યંત પ્રસન્ન કરીએ એમ પોતાની ઇચ્છા દર્શાવી. (૩૦) સર્વજ્ઞ શ્રીહરિ તેમનો આવો સંકલ્પ જાણીને તે ગવૈયાઓને ગાન કરવા માટે પ્રીતિપૂર્વક હાથની સંજ્ઞાથી આજ્ઞા આપી. (૩૧) તેથી સભામાં શ્રીહરિની સન્મુખ ગવૈયાઓ પ્રસન્ન થઈને વિવિધ પ્રકારના વાદ્યોના સાજ સારી રીતે તૈયાર કરવા લાગ્યા. (૩૨) મધુર સ્વરવાળા તે ગવૈયાઓ પ્રીતિપૂર્વક વિવિધ પ્રકારના તાલ સાથે સતાર વગેરે વાદ્યો વગાડતા સપ્ત સ્વરો તથા ત્રણ ગ્રામ, એકવીસ મૂર્છનાઓ સહિત પ્રીતિપૂર્વક ગાન કરવા લાગ્યા. (૩૩)

હે રાજન્ ! શ્રીહરિ સ્વામિનારાયણ તેમની સંગીત વિદ્યામાં નિપુણતા જોઈને તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા. (૩૪) શ્રીહરિએ તેમને ઉત્તમ વસ્ત્ર તથા ઘણા રૂપિયા આપ્યા. પછી તે ગવૈયાઓએ પ્રસન્ન થઈને શ્રીહરિનો આશ્રય કર્યો અને શ્રીહરિને નમસ્કાર કરીને ગયા. (૩૫)

પછી રસોઈ તૈયાર થઈ ત્યારે મુકુંદાનંદ વર્ણીંદ્ર શ્રીહરિને તથા તેમના બંધુઓને ભોજન માટે હર્ષથી બોલાવતા હતા. (૩૬) સભામાં ઊંચા સિંહાસન ઉપર બિરાજેલા શ્રીહરિ ઊઠીને, ચરણ કમળમાં ચાખડીઓ પહેરી, પાર્ષદો તેમજ પોતાના ભાઈઓ સાથે ભાઈઓના નિવાસસ્થાને પધાર્યા. (૩૭) ત્યાં

ભગવાન શ્રીહરિ તથા તેમના બંધુઓએ સ્નાન કર્યું પછી હર્ષયુક્ત આસન ઉપર યથાયોગ્ય બેઠા. (૩૮) વિવિધ પ્રકારના પાત્રોમાં પૂરેલા, શ્રીકૃષ્ણને અર્પણ કરેલાં, જુદાજુદા સ્વાદિષ્ટ ભોજન સર્વે જમતા હતા.(૩૯) પછી જમીને તૃપ્ત થયેલા તે સર્વે જળથી હાથ તથા મુખ ધોતા હતા. પછી રામપ્રતાપ વગેરે સર્વે શ્રીહરિને મુખવાસ આપીને પોતે મુખવાસ જમતા હતા. (૪૦)

પછી શ્રીહરિ પોતાની પ્રસાદીના ઉત્તમ ભોજનનો થાળ બ્રહ્મચારીની પાસે જગુભાઈને ઘેર મોકલાવતા હતા. (૪૧) પછી શ્રીહરિ પાર્ષદોથી વીંટાયેલા, ચરણમાં પાદુકાવાળા, હાથમાં પકડેલા સુંદર રૂમાલ હલાવતા, પોતાના સ્થાનમાં પધાર્યા. (૪૨) તે સમયે સર્વે વર્ણીઓ, સંતો તથા પાર્ષદો, સુંદર ભોજનો જમતા હતા. સાથે ફરનારા બીજા ભક્તો પણ જમતા હતા. (૪૩)

ત્યારબાદ પોતાના ભાઈઓ તથા પાર્ષદો સાથે સભાસ્થાનમાં પધાર્યા. સંતો, વર્ણીઓ તથા શ્રીહરિના આશ્રિત અન્ય ભક્તો પણ સભામાં આવ્યા. (૪૪) પછી જગુભાઈ તથા તેમના પુત્ર ઉપચારો લઈને શ્રીહરિનું પ્રીતિપૂર્વક પૂજન કરવા માટે શ્રીહરિની સમીપે આવ્યા. (૪૫) જગુભક્ત તથા તેના પુત્ર પ્રભુદાસ, કેસર, કસ્તુરી, અક્ષત, કુમકુમ, અમૂલ્ય વસ્ત્રાભરણો, પુષ્પના હાર, મનોહર ધૂપ, દીપ તથા અન્ય ઉપચારોથી હર્ષપૂર્વક પોતાના ઇષ્ટ શ્રીહરિનું વિધિ પ્રમાણે પૂજન કરતા હતા. (૪૬, ૪૭) પછી જગુ બારોટે શ્રીહરિની આગળ રૂપીયાનો ભરેલો થાળ મૂકીને હર્ષયુક્ત શ્રીહરિની મહાઆરતી કરી. (૪૮)

શ્રીહરિએ પોતાની પ્રસાદીના શ્રેષ્ઠ પુષ્પોના હાર કંઠમાંથી ઉતારીને જગુબારોટને તથા તેમના પુત્ર પ્રભુદાસને આપ્યા (૪૯) જગુ ભક્તે શ્રીહરિના બંધુઓની પૂજા શ્રીહરિની માફક શ્રેષ્ઠ વસ્ત્રાદિ ઉપચારો વડે હર્ષથી કરી. (૫૦)

બ્રહ્મચારી, સાધુ તથા શ્રીહરિના સમગ્ર ભક્તોનું વિવિધ પ્રકારના ઉપચારોથી ભક્તિપૂર્વક જગુએ પૂજન કર્યું. (૫૧) પછી જગુભક્તની સ્ત્રીએ પોતાની પુત્રીઓ સાથે નાના પ્રકારના રમણીય ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૫૨) હે મહીપતે ! પછી અતિસુખ આપનારા શ્રીહરિએ પુષ્પોના પ્રસાદીના હાર જગુભક્તની સ્ત્રીને આપ્યા. (૫૩) જગુભક્તના પત્ની, શ્રીહરિના ભાઈઓની પત્નીઓની પૂજા રમણીય વસ્ત્રો તથા અલંકાર તથા બીજા ઉપચારોથી જગુભક્તે જેમ શ્રીહરિની સેવા કરી તેમ કરતા હતા. (૫૪)

આવી રીતે પોતાના આશ્રિતજનો સાથે જગુભક્તે પૂજેલા ભગવાન શ્રીહરિ મહાસભામાં સિંહાસન ઉપર બિરાજીને મનોહર ધર્માદિ વાર્તા કરતા બીજી રાત્રિ વીતાવતા હતા. (૫૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીજીવાડા ગામમાં રહેલા ભક્તજનોએ કરેલી શ્રીહરિની સેવા વગેરેનું વર્ણન નામે છાસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૬)



અધ્યાય ૬૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, વાહનોમાં બેઠેલા ભાઈઓ તથા સાધુઓ, તેમજ ઘોડેસવારોથી વીંટાયેલા ચાલતા હતા. (૧) તેટલામાં શ્રીજીવાડાના બાપુજી વગેરે ભક્તો શ્રીહરિની સમીપે આવી શ્રીહરિને નમસ્કાર કરીને, શ્રીહરિના અશ્વની લગામ પકડીને, પ્રાર્થના કરતા હતા. (૨)

હે સ્વામિન્ ! આપે ગઈકાલે જગુભક્તને ઘેર ભોજન કર્યું. આજે જમવા માટે અમારું નિમંત્રણ આપ સ્વીકારો. (૩) હે અપાર ઐશ્વર્યવાન ! હે દયાનિધે ! અમો સર્વ પણ આપના દાસ છીએ. માટે હે પ્રભો ! તૈયાર કરેલી અમારી રસોઈની સામગ્રીનો આપ સ્વીકાર કરો. (૪) હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ! આપના ચરણકમળના આશ્રિત અમારા બધાના ઉપર અનુગ્રહ કર્યા વિના આપ જાઓ તે યોગ્ય નથી. (૫)

બાપુજી વગેરે ભક્તોએ આ પ્રમાણે સારી રીતે શ્રીહરિને પ્રાર્થના કરી તેથી ભક્તોનું હિત કરનારા, અચ્યુત, શ્રીહરિ દયાર્દ્ર પોતાના ભક્તોના ભાવનો અનાદર કરીને જવા શક્તિમાન ન થયા. (૬) ધર્મના પુત્ર, સર્વજ્ઞ, ભક્તજનોના પ્રિય, શ્રીહરિ તેમનો અનન્ય ભાવ જોઈને પોતાના સહચરો સાથે ત્યાં રહ્યા. (૭) શ્રીહરિ તેમની પ્રસન્નતા માટે પોતાના સમગ્ર સહચરો સાથે અમૃત સમાન સ્વાદિષ્ટ વિવિધ પ્રકારના ભોજન જમ્યા. (૮) સુખ આપનારા શ્વેતવસ્ત્રધારી ભગવાન, સભામાં ઉંચા શ્રેષ્ઠ આસને બિરાજ્યા. (૯) હે રાજન્ ! શ્રીહરિ પ્રત્યે અત્યંત પ્રેમ યુક્ત શ્રીહરિના બંધુઓ પોતાના પુત્રો સાથે સભામાં યથાયોગ્ય આસને બેઠા. (૧૦) શ્રીહરિનાં દર્શન કરવામાં આકાંક્ષાવાળા ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ સભામાં યથાયોગ્ય બેઠા. (૧૧) પછી બાપુજી વગેરે ભક્તો શ્રેષ્ઠચંદન, પુષ્પના બાજુબંધ, હાર, મહામૂલ્યવાળાં આભૂષણો, વસ્ત્રો તથા નાના પ્રકારના અન્ય શ્રેષ્ઠ ઉપહારોથી ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણનું ઉદાર ભક્તિથી પૂજન કરતા હતા. પછી શ્રીહરિ તે ભક્તોને પોતાના કંઠમાંથી ઉતારીને પ્રસાદીના પુષ્પોના હાર ગુચ્છો બાજુબંધો તથા તોરાઓ વગેરે આપતા હતા. (૧૨, ૧૩)

પછી ભક્તોએ વિવિધ પ્રકારના શ્રેષ્ઠ મહામૂલ્યવાળાં અલંકારો, વસ્ત્રો તથા વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિના બંધુઓનું તથા મુનિઓ વગેરેનું યથાયોગ્ય પૂજન કર્યું. (૧૪)

ભક્તોની સ્ત્રીઓ પણ પૂજનીય શ્રીહરિને વિવિધ ઉપચારોથી પૂજતી હતી. તે સ્ત્રીઓએ શ્રીહરિના અયોધ્યાવાસી ભાઈઓની સ્ત્રીઓનું પણ પૂજન કર્યું. (૧૫)

શ્રીજીવાડા ગામમાં પોતાના સમગ્ર ભકતોને આનંદ આપતા ધર્મ, જ્ઞાનાદિ વિવિધ પ્રકારની વાર્તા કરતા શ્રીહરિ પોતાના સહચરોની સાથે ત્યાં ત્રીજી રાત્રિ રહ્યા. (૧૬)

પ્રાતઃકાળમાં શ્રીહરિ અશ્વેન્દ્ર ઉપર બિરાજીને પોતાને વિષે સ્નેહવાળા સમગ્ર ભક્તજનોએ વળાવેલા, પોતાની સાથે ફરતા પોતાના હંમેશના સહચરો, સાધુ આદિક સ્વાશ્રિતોની સાથે, શ્રીજીવાડાથી નીકળ્યા. (૧૭) શ્રીહરિ પોતાના સમગ્રજનો સાથે વરસડા ગામમાં પધાર્યા. શ્રીહરિની સન્મુખ આવેલા ત્યાંના

ભક્તો પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનું સન્માન કરતા હતા. (૧૮)

પછી શ્રીહરિ ગામની સમીપે પોતાના ભક્તજનોની પ્રસન્નતા માટે પોતાના સમગ્ર સહચરો સાથે નિવાસ કરીને રહ્યા. ગામમાં કલાભાઈ તથા બેચરભાઈ વગેરે ભક્તો શ્રીહરિની તથા તેમના આશ્રિત ભક્તોની સેવા કરતા હતા. (૧૯)

પછી શ્રીહરિ સ્નાન તથા પોતાનો નિત્યવિધિ તત્કાળ કરીને પોતાના ભક્તજનોએ અર્પણ કરેલા વિવિધ પ્રકારના પેંડા, બરફી વગેરે વિષ્ણુને નિવેદન કરીને પોતાના ભાઈઓની સાથે જમતા હતા. (૨૦) હે રાજન્ ! તેવી રીતે સાધુ, બ્રહ્મચારી વગેરે શ્રીહરિની સાથેના સમગ્રજનો શાસ્ત્રપ્રમાણે પોતાનો નિત્યવિધિ કરીને વરસડા ગામના ભક્તોએ આપેલી સુખડી જમતા હતા. (૨૧) પછી ભક્તોએ ચંદન, પુષ્પના હાર તથા વિવિધ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. તે ગામમાં વિશ્રામ કરીને પોતાના અશ્વ ઉપર બિરાજી પોતાના સહચરો સાથે શ્રી હરિએ ત્યાંથી પ્રયાણ કર્યું. (૨૨)

માર્ગમાં ચાલતા શ્રીહરિ, સાથે ચાલનારા પોતાના ભક્તોને આનંદ આપતા, પોતાના જનો સાથે ગલિયાણા ગામમાં પધાર્યા. (૨૩) શ્રીહરિની સન્મુખ આવેલા ત્યાંના ભક્તોએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી પોતાના સહચરો સાથે શ્રીહરિ તે ગામમાં પોતાને યોગ્ય નિવાસમાં રહ્યા. (૨૪) ગલિયાણા ગામમાં ક્ષત્રિય જ્ઞાતિના હઠીસીંગ તથા કાનભા વગેરે ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. બીજા જયા આદિ પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૨૫) દાજી વગેરે બીજા પણ ઘણાં વૈશ્ય ભક્તો શ્રીહરિની તથા તેમના આશ્રિતોની પરિચર્યા હર્ષપૂર્વક કરતા હતા. (૨૬) તે ગામના ભક્તો શ્રી હરિને તથા તેમની સાથેના ભક્તોને સુંદર રસયુક્ત વિવિધ પ્રકારના ભોજન જમાડી તેમને તૃપ્તિ પમાડતા હતા. અને વળી અતિ સુંદર સમગ્ર ઉપચારોથી પૂજતા પણ હતા. (૨૭)

સર્વ નિયામક શ્રીહરિએ ત્યાં ધર્માદિ સંબંધિ મનોહર વાર્તા કરી એ રીતે પોતાના ભક્તોને અત્યંત સુખ પમાડતા શ્રીહરિએ તે રાત્રિ ત્યાં નિર્ગમન કરી. (૨૮)

હે ભૂપતે ! પ્રભાવશાળી શ્રીહરિ પ્રાતઃકાળમાં અશ્વરાજ ઉપર બિરાજીને પોતાના ભક્ત સમૂહે વળાવેલા પોતાના સંતો સાથે ગલિયાણા ગામથી નીકળ્યા. સાબરમતી મહાનદી તરીને પોતાના બંધુઓ તથા આશ્રિત જનો સાથે ભાલ દેશમાં ફરતા બોરુ ગામમાં પધાર્યા. (૨૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં બાપુજીભાઈ નામના ભક્તે કરેલી પ્રાર્થનાદિ નિરૂપણ નામે સડસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૭)



અધ્યાય ૬૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિની સન્મુખ આવેલા બોરુ ગામના ભક્તોએ શ્રીહરિની અત્યંત પ્રાર્થના કરી તેથી આશ્રિતોને પ્રિય શ્રીહરિ પોતાના આશ્રિત ભક્તો સહિત તે ગામમાં રહ્યા. (૧) હે નૃપ ! તે ગામમાં કાનજી આદિક બ્રાહ્મણો, રાઘવ, દેવચંદ્ર વગેરે વણિકો, હર્ષપૂર્વક શ્રીહરિનું સેવન કરતા હતા. (૨) તેમજ ભગો, હીરો વગેરે શ્રીહરિના સોની ભક્તો પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણની પ્રેમપૂર્વક સેવા કરતા હતા. (૩)

ભક્તોએ પરમેશ્વર શ્રીહરિની સુંદર ભૂષણો, વસ્ત્રો તથા વિવિધો ઉપચારોથી પ્રીતિપૂર્વક પૂજા કરી. (૪) તેમજ તે ભક્તોએ તેમના રામપ્રતાપાદિ બંધુઓ, વર્ણીઓ તથા સંતો વગેરેની અતિ શ્રેષ્ઠ ઉપચારોથી યથાયોગ્ય પૂજા કરી. (૫)

તે ભક્તોની સ્ત્રીઓ હર્ષપૂર્વક શ્રીહરિનું ઉપચારોવડે પૂજન કરીને શ્રીહરિના બંધુઓની સ્ત્રીઓનું પણ તેવી જ રીતે પૂજન કરતી હતી. (૬) શ્રીહરિ પોતાના આશ્રિત ભક્તો સાથે ગામમાં સુંદર ભોજન જમીને ધર્મજ્ઞાનાદિ વાર્તા કરીને ભક્તોને સુખ આપતા રાત્રિ ત્યાં રહ્યા. (૭) પછી સવારમાં અશ્વ ઉપર બિરાજેલા પોતાના સમગ્ર સહચરો સાથે શ્રીહરિ પોતાના જનોએ વળાવેલા ત્યાંથી નીકળ્યા. (૮)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિ માર્ગ રોકીને ઊભા રહેલા, બંને હાથ જોડેલા પોતાના અનેક ભક્તજનો પ્રત્યે આશ્રિતજનોની પીડાને નાશ કરનારી દયાર્દ્રદષ્ટિથી હસતા હસતા જોતા હતા. (૯)

પછી હજારો ભક્તો શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિના અશ્વની લગામ પકડીને શ્રીહરિને પોતાના પુરમાં લઈ જવા માટે અભીષ્ટદેવ શ્રીહરિની પ્રાર્થના કરતા હતા. (૧૦)

હે રાજન્ ! ભક્તો પ્રત્યે વાત્સલ્યના મહાસાગર શ્રીહરિ પોતાના ભક્તોની ઉપેક્ષા કરીને જવા માટે સમર્થ થયા નહીં. તેમનું પ્રિય કરવાની ઈચ્છાથી જ તેમના પુર, ગામ, નગરો પ્રત્યે પધાર્યા. (૧૧)

સ્વાશ્રિતોને મહાસુખ આપનારા, ધર્મપુત્ર શ્રીહરિ કોઈ ગામમાં એક દિવસ, કોઈ ગામમાં અર્ધો દિવસ, કોઈ ગામમાં બે દિવસ, કોઈ ગામમાં ત્રણ દિવસ ભક્તોના શ્રેય માટે રહેતા હતા. (૧૨)

આ પ્રમાણે પોતાના આશ્રિત જનોના ગામમાં રહેતા શ્રીહરિ તેમને આનંદ આપતા પોતાના સહચરો સાથે માર્ગમાં ચાલતા પશ્ચિમગામ (પછેગામ) પધાર્યા. (૧૩)

સન્મુખ આવેલા અત્યંત હર્ષવાળા, ભેગા થયેલા, ત્યાંના સમગ્ર ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી શ્રીહરિએ તે ગામમાં પોતાના ભક્તો સાથે નિવાસ કર્યો. (૧૪)

તે ગામમાં હરિભાઈ તથા ઉદ્ધવભાઈ વગેરે બ્રાહ્મણો શ્રીહરિની તેમજ સર્વ સંત ભક્તોની સેવા કરતા હતા. જયરામ ભક્ત દેવજીત તથા અન્ય વૈશ્ય ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૧૫)

ભક્તોએ મહાઅમૂલ્ય વસ્ત્ર, અલંકારો તથા બીજા વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિના ભાઈઓનું પણ યથાયોગ્ય પૂજન કર્યું. તેમજ સર્વે વર્ણી તથા મુનિઓનું પણ પૂજન કર્યું. (૧૬) તે ભક્તોની સ્ત્રીઓએ શ્રીહરિનું અતિપ્રેમથી વિવિધ પ્રકારના ઉપચારોથી પૂજન કરીને તેમના ભાઈઓની સ્ત્રીઓનું વસ્ત્રો તથા ભૂષણોથી હર્ષપૂર્વક પૂજન કર્યું. (૧૭)

પછી ભક્તજનોએ નાનાપ્રકારના અમૃત જેવા સ્વાદિષ્ટ, અતિસુંદર ભોજનથી દુઃખ હરનારા શ્રી સ્વામિનારાયણને પોતાના અનુયાયીઓની સાથે તૃપ્ત કર્યા. (૧૮)

શ્રીહરિએ તે ગામમાં જમીને મહાસભામાં શ્રેષ્ઠ આસન ઉપર બિરાજીને ધર્મ, જ્ઞાનાદિ સંબંધ વાળી વાર્તા કરીને પોતાના સમગ્ર ભક્તોને આનંદ પમાડ્યા. (૧૯)

હે રાજન્ ! તેટલામાં ગાંફના રાજાએ શ્રીહરિને આમંત્રણ આપવા માટે જ મોકલેલા મંત્રી ગગાબ્રાહ્મણ ત્યાં થોડા સેવકો સાથે આવ્યા. (૨૦) તે મંત્રીએ સભામાં બિરાજેલા શ્રીહરિ તથા મુનિઓને પ્રેમથી નમસ્કાર કરીને હે ભગવન્ ! ગાંફ પુરના રાજાએ આપને બોલાવવા માટે મને આપની સમીપે મોકલ્યો છે. (૨૧) આપના દર્શનની ઉત્કંઠાવાળા રાજા ઉપર દયા કરીને આપના આશ્રિતો સાથે આપ પધારો. રાજાના મંત્રીનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિ રાજાના વિનયી અમાત્યને હે મંત્રી ! હું ત્યાં આવીશ એમ કહ્યું. (૨૨)

હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાના અશ્વરાજ ઉપર બિરાજીને પોતાના સહચરો સાથે પ્રયાણ કર્યું. તે સમયે પોતાના ઈષ્ટ શ્રીહરિની પાછળ ભક્તો અશ્રુસારતા ચાલતા હતા. (૨૩) ઉત્તમ ગતિવાળા પોતાના અશ્વને માર્ગમાં ચલાવતા, લગામના હલાવવાથી ચંચળ હાથવાળા પોતાની સન્મુખ આવેલા અસંખ્ય ભક્તોને અતિશય આનંદ આપતા, અશ્વની ગતિનાં વેગથી ઉછળતા સુંદર તોરાઓવાળા, શોભાયમાન, શ્વેતવસ્ત્રો ધારણકરનારા ભગવાન શ્રીહરિ પોતાનો સુંદર યશ ગાતા પોતાની પાછળ ચાલનારા ભક્તો સાથે ગાંફ નગરમાં પધાર્યા. (૨૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીચારાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં પશ્ચેગામ, ગાંફગામ પ્રત્યે શ્રીહરિ પધાર્યા એ નિરૂપણ નામે અડસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૮)



અધ્યાય ૬૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! પછી મંત્રીએ મોકલેલા માનભા રાજાના સેવકોએ રાજા પાસે જઈને તત્કાળ શ્રીહરિનું આગમન માનભા રાજાને કહ્યું. પછી માનભા રાજા શ્રીહરિની સન્મુખ જવા માટે હર્ષથી પોતાની ચતુરંગિણી સેના તત્કાળ તૈયાર કરતા હતા. (૧) પ્રસન્ન થયેલા ભાલદેશના અધિપતિ નરેન્દ્ર, વિવિધ વાદ્યોના ઘોષથી દિશાઓ ગજાવતા, પોતાનું સૈન્ય તથા પુરના ભક્તો સાથે તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા. (૨)

પછી માનભા રાજા ઘોડેસવારોના સમુદાયથી વીંટાયેલા અશ્વ ઉપર બિરાજેલા, શ્રીહરિના દૂરથી દર્શન કરીને ઘોડા ઉપરથી ઉતરીને પૃથ્વી ઉપર પડીને આંખમાં અશ્રુ સાથે શ્રીહરિને વંદન કરતા હતા. (૩) પૂરના નિવાસીઓ, સત્સંગી ભક્તજનો, અશ્રુઓથી આકુળ વ્યાકુળ નેત્રવાળા સ્વતંત્ર, અભીષ્ટદેવ, શ્રીસ્વામિનારાયણને હર્ષપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૪)

પછી માનભારાજા શ્રીહરિની સમીપે જઈને, શ્રીહરિના ચરણ કમળમાં મસ્તક મૂકીને, રોમાંચગાત્ર યુક્ત, આંખમાં પ્રેમાશ્રુ સહિત, ધર્મના પુત્ર શ્રીહરિની ફરી વંદના કરતા હતા. (૫)

રાજાના મસ્તક ઉપર હાથ મૂકતા શ્રીહરિએ તેમના તરફ સ્મિતભરી દૃષ્ટિ કરી અને અમૃત સમાન સુંદર વચનોથી પોતાને વિષે પ્રેમવાળા રાજાની યથાયોગ્ય સંભાવના કરી. (૬) શ્રીહરિએ તે સમયે સ્તુતિ કરતા બીજા મંત્રી આદિક જનો તથા પુરના ભક્તો પ્રત્યે પણ દૃષ્ટિ કરી જોવું તથા તેમની સાથે સંભાષણ કરવું વગેરેથી તેમની યથાયોગ્ય સંભાવના કરી (૭) પછી રાજા વગેરેએ શ્રીહરિને હર્ષપૂર્વક સુંદર પુષ્પોના હાર સમર્પણ કર્યા. પછી શ્રીહરિના બંધુઓ તથા શ્રીહરિની સાથે આવેલા સમગ્ર સાધુ વગેરેને પણ પ્રણામ કરતા હતા. (૮) અર્થ ગંભીર શબ્દોથી શ્રીહરિની વિનય પૂર્વક પ્રાર્થના કરી, તે નરેન્દ્રે શ્રીહરિને હિરણ્યમય શિબિકામાં અત્યંત ભક્તિપૂર્વક બેસાડ્યા. (૯)

વિચિક્ષણ રાજાએ શ્રીહરિના બંધુજનોને તથા શ્રીહરિની સાથે ફરનારા સમગ્ર મુનિમંડળને પણ પ્રિતીપૂર્વક યોગ્યતા પ્રમાણે રથ વગેરે વાહનોમાં બેસાડ્યા. (૧૦)

પછી સમગ્ર ઘોડે સવારો તથા પાર્ષદોથી યુક્ત, પોતાના બંધુજનો મુનિઓ વગેરે સાથે સુંદર છત્રચામરોથી શોભાયમાન, શ્રીહરિ પુરપ્રત્યે ચાલ્યા. (૧૧)

તે સમયે પોતાના હાથમાં સુવર્ણની છડી ધારણ કરતા પ્રસન્ન થયેલા કુબેરજીત દ્વારપાળ ઉંચાસ્વરથી માંગલિક શબ્દો ઉચ્ચારતા શ્રીહરિની આગળ ચાલતા હતા. (૧૨) તેવી રીતે નરેન્દ્રના દ્વારપાળો હર્ષપૂર્વક કલ્યાણકારી વાણી ઉચ્ચારતા શ્રીહરિની આગળ ચાલતા હતા. તે સમયે વિવિધ પ્રકારના વાદ્યો વાગતા હતાં. (૧૩) તે સમયે અશ્વ ઉપર બેઠેલા રાજા શિબિકા ઉપર બેઠેલા શ્રીહરિના દર્શન કરતા પાછળ ચાલતા હતા. તે સમયે રાજાનું સૈન્ય શ્રીહરિની આગળ અને પાછળ ચાલતું હતું. (૧૪)

તે સમયે શ્રીહરિ બંદીજનોના સમુદાયે ઉચ્ચારણ કરેલો પોતાનો અતિશુભયશ તથા મધુર વાજીંત્રોના

શબ્દો સાંભળતા અતિશોભાયમાન ગાંફપુર જોતા હતા. (૧૫)

સમાન પંક્તિવાળી સુંદર દુકાનોથી જોવા યોગ્ય, મનોહર હવેલીની પંક્તિઓથી અભિરામ, સ્વચ્છ અને જળથી છંટાયેલા રાજમાર્ગો વાળું, વિવિધ પ્રકારના તોરણોની પંક્તિઓથી શોભાયમાન; (૧૬)

ઊંચા શોભાયમાન રાજભુવનોથી વિશેષ પ્રકાશમાન, વિલાસ કરતી પતાકાઓવાળું, ધર્મશાળાઓ તથા સભાસ્થાનોથી અત્યંત શોભાયમાન, ઘરને યોગ્ય બગીચાઓથી વિશેષ દેદીપ્યમાન, (૧૭, ૧૮) આ પ્રકારના પુરમાં પીડાહરનારા શ્રીસ્વામીનારાયણનાં દર્શન માટે તે સમયે, તત્કાળ સમસ્ત કાર્યો જેમણે ત્યાગ કર્યાં છે તે પુરજનો નેત્રોને સુંદર લાગતા શ્રીહરિનાં દર્શન કરીને સર્વોત્તમ શાંતિ પામ્યા. કોની પેઠે ? તો મહાદાવાગ્નિથી તપાયમાન થયેલા હાથી અતીશીતળ જળવાળી નદીના ધરામાં જઈને શાંતિ પામે તેમ; (૧૯)

કોટિ કામદેવોને પણ મોહ પમાડનાર સૌન્દર્યવાળા, પોતાના ઐશ્વર્યથી દાસભાવને પમાડ્યા છે. રાજાઓ જેમણે એવા, શ્રીસ્વામિનારાયણના દર્શન કરીને અતિ પ્રસન્ન થયેલી સ્ત્રીઓ સુંદર પુષ્પોથી શ્રીહરિને વધાવતી હતી. (૨૦) આવી રીતે શ્રીહરિનું સમગ્ર પૌરજનોએ સન્માન કર્યું અને પછી રાજાના દરબારમાં રાજાએ બતાવેલા મહેલમાં પોતાનાજનો સાથે શ્રીહરિએ નિવાસ કર્યો. (૨૧)

શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા, નિષ્પાપ, ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળા, અયોધ્યા પુરના નિવાસીઓ-શ્રીહરિના સ્વજનો-રાજાએ આપેલા ઉત્તમ મહેલમાં નિવાસ કરતા હતા. (૨૨) રાજાએ શ્રીહરિની સાથે આવેલા સમગ્ર મુનીંદ્રો તથા વર્ણીંદ્રો વગેરેના નિવાસ માટે જુદા જુદા ઘરો આપ્યા. (૨૩)

ત્યારબાદ માનભા રાજા પોતાના સેવકો સાથે શ્રીહરિની એવી સેવા કરતા હતા જેથી લોકો શ્રીહરિને જ ઘરના ધણી જાણતા હતા અને તે રાજાને બહારથી આવેલા કેવળ મહેમાન જ જાણતા હતા. (૨૪)

માનભા રાજા શ્રીહરિને તથા તેમના ભક્તોને રાત્રિ દિવસ વિવિધ પ્રકારના અતિ સ્વાદિષ્ટ ભોજનથી તૃપ્તિ પમાડતા હતા. તે રાજાની ભક્તિથી પ્રસન્ન થઈને ધર્મપુત્ર ઘણા દિવસ ત્યાં રહ્યા. (૨૫)

તેમના પુત્ર અર્જુનસિંહ પણ સન્માનપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. કુટુંબે સહિત તેમના માતૃશ્રી હંમેશાં ભક્તિ પૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૨૬)

ગાંફપુરમાં બ્રાહ્મણ ભક્તો દેવ, વસ્તુરામ, પૂજારામ તથા જુગલરામ વગેરે હર્ષપૂર્વક શ્રીહરિની યથાયોગ્ય શુભ સેવા કરતા હતા. (૨૭) હઠીભાઈ તથા હરિભાઈ વગેરે ક્ષત્રિય ભક્તો હંમેશાં વ્યાપક શ્રીહરિની યથાયોગ્ય શુભ સેવા કરતા હતા. (૨૮) લવજી વગેરે બીજા શ્રીહરિના આશ્રિત વૈશ્ય ભક્તો દરરોજ ભક્તિપૂર્વક શ્રીહરિનું સેવન કરતા હતા. (૨૯) માણેક તથા રળિયાત, અમરી, અંબા, કુમારિકા વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતી હતી. (૩૦)

આવી રીતે ભક્તજનોએ સેવા કરેલા શ્રીહરિ ધર્મ, જ્ઞાનાદિ વાર્તા કરતા સૌને આનંદ પમાડતા પોતાના સાધુઓ વગેરે ભક્તો સાથે ગાંફપુરમાં રહ્યા. (૩૧) હે રાજન્ ! શ્રીહરિ વૃત્તાલયથી નીકળીને માર્ગમાં ભક્તોના ગામોમાં રહેતા ગાંફ પુર આવીને રહ્યા. (૩૨) પોતાના ભક્તોનું પ્રિય કરનારા ધર્મપુત્ર

પરમાત્મા શ્રીહરિનું આ પ્રકારે એક માસ ક્ષણની માફક વીતી ગયો. (૩૩)

તેથી ગઢપુરના નિવાસી ઉત્તમ રાજા તો શ્રીહરિના આવવામાં વિલંબ થવાથી અતિશય આકુળ વ્યાકુળ થયા. (૩૪) શ્રીહરિના આગમનની અત્યંત રાહ જોતા શ્રીહરિના વિરહની પીડા ઉત્તમ રાજાએ તે એક માસ અત્યંત કષ્ટપૂર્વક વીતાવ્યો. (૩૫)

સ્વયં શ્રીહરિ હમણાં આવશે, કાલે આવશે પરમદિવસે આવશે, ચોથે દિવસે આવશે, સાયંકાળે આવશે, સવારે આવશે આવા પ્રકારના ચિંતવનથી ઉત્તમ રાજાએ બીજો મહિનો પણ વીતાવ્યો. (૩૬) ત્રીજો માસ આવ્યો ત્યારે તો ઉત્તમ રાજા શ્રીહરિના વિરહથી આતુર થઈને ક્ષણવાર પણ શ્રીહરિનો વિયોગ સહન કરવા માટે સમર્થ થયા નહીં. (૩૭) રાત્રિઓ નિદ્રારહિત પસાર કરવા લાગ્યા. તેમજ અન્ન, જળપાન વગેરેનો પણ ત્યાગ કરી દીધો. શ્રીહરિના વિયોગરૂપી અગ્નિથી જેમનું શરીર બળે છે એવા ઉત્તમ રાજા ચિંતાતુર બની ગયા. (૩૮)

એવી રીતે શ્રીહરિના વિયોગજન્ય પીડારૂપી મહાસાગરમાં બૂડેલા ઉત્તમ રાજા એકાગ્ર મનથી શ્રીહરિને પત્ર લખતા હતા. હે રાજન્ ! તે પત્રમાં પોતાના પ્રણામ વગેરે લખી શ્રીહરિની સંપ્રાર્થના વિશેષ લખતા હતા. (૩૯)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચમ સ્કંધમાં શ્રીહરિનું ગાંફપુરાગમન વગેરેનું નિરૂપણ નામે ઓગણોસીત્તેરમો અધ્યાય સંપૂર્ણ. (૬૯)



અધ્યાય ૭૦ મો

ઉત્તમ રાજા લખે છે :- હે હરે ! આપે જે એકમાસની મર્યાદા કહી તે તો ચાલી ગઈ. તેમજ બીજો મહિનો પણ ગયો, માટે અહીં તત્કાળ પધારો. (૧) હે સત્પતે ! આટલા સમય સુધી મારા શરીરમાં પ્રાણ મહાકષ્ટથી રહ્યા છે. હવે પછી આ મારા પ્રાણ રહેશે નહીં. એમ મારા મનમાં પ્રતિભાસ થાય છે. (૨) હે સ્વામિન્ ! હું આપના વિયોગની મહા પીડા સહન કરવા માટે શક્તિમાન નથી. માટે તત્કાળ અહીં પધારો, અથવા હે પીડા હરનારા ! મને ત્યાં બોલાવો. (૩) પોતાના ભક્તોને સુખ આપનારા હે પ્રભો ! હે સહજાનંદ ! હે દયા મહોદધિ ! આપના વિયોગરૂપી અગ્નિને શાંત કરવામાં અમૃતની ઉપમા આપવા યોગ્ય આપના દર્શન મને તત્કાળ આપો. (૪) હે ભગવન્ ! ન સહન થઈ શકે એવો વિરહાગ્નિ મને રાત્રિદિવસ અત્યંત બાળે છે. બહુ શોકથી, ઉદ્વિગ્ન ચિત્તથી, મારું શરીર પણ કુશ થયું છે. (૫) હે પ્રભો ! આપના વિના મારે દિવસો તથા રાત્રિઓ યુગ તુલ્ય જાય છે. રાત્રિમાં ક્યારેય મને નિદ્રા સુખ લગાર પણ નથી. (૬) હે દયાનિધે ! દુઃખહારી ! આપના વિરહથી અતિ સુંદર માખણની માફક કોમળ શય્યા પણ મને બળતા અગ્નિ સમાન લાગે છે. (૭)

હે અનવધિકાતિશય ઐશ્વર્યવાળા ! હે પ્રિયકારી ! આપના વિરહની વ્યથાવાળા મને સમગ્ર સમૃદ્ધિ સહિત મનોહર મહેલ પણ વન સમાન લાગે છે. (૮) હે વિભો ! આપના વિના મને સુંદર ભોજનો વિષ સમાન લાગે છે. સમગ્ર મનોહર વિષયો પણ મને અત્યંત દુઃખ આપનારા થાય છે. (૯) હે હરે ! આપના દર્શનમાં તૃષ્ણાવાળા મનને આપના ચરિત્ર, ગુણ, ઐશ્વર્ય વગેરેની વાતો સાંભળી તથા આપના કીર્તનોથી શાંતિ પમાડું છું. તોપણ મન આપના દર્શનની ત્વરા કરે છે માટે હું શું કરું ? (૧૦)

હમણાં મારા મનમાં સર્વે સંપત્તિઓ તે વિપત્તિઓ રૂપ જ જણાય છે. આપના વિરહથી પીડાવાળા મને રાજ્ય, સુખ આપનારું થતું નથી. (૧૧) પ્રાણથી પણ અધિક પ્રેમના સ્થાનભૂત હે નાથ ! હે સ્વામિન્ ! કામ, લોભ, મદ, માન, મત્સર, ઈર્ષા, અસૂયા, રસાસ્વાદ રૂપી અગ્નિથી ચારે તરફ અત્યંત દાહ પામેલા આ સમગ્ર લોકને આપના વિના હું શૂન્ય જાણું છું. (૧૨)

આપના પ્રત્યક્ષ દર્શન વિના આપના ચરણમાં પ્રીતિવાળા મારા પ્રાણ પણ અત્યંત વ્યાકુળ થઈને મારા શરીરમાંથી નીકળવા માટે અતિશય ઉતાવળ કરે છે. (૧૩)

હે પ્રભો ! હે ભગવન્ ! ચોરાશી લાખ યોનિઓમાં પરિભ્રમણ રૂપ દુઃખ તથા તેના કારણભૂત પાપ તેને છેદનારા જે આપ તે આપનાથી દૂર વસતા આ આપનો સેવક એવો હું તેમને અમૃત વર્ષાવનારો ચંદ્ર પણ અત્યંત દાહ કરે છે. (૧૪)

જળથી માછલાઓનો સમૂહ જેમ જીવે તથા મેઘ વિના ચાતક પક્ષીઓની જે સ્થિતિ થાય, એમ અતિ શાંતિ આપનારા આપના દર્શન વિના હાલમાં હું અત્યંત વ્યથા પામેલો છું. (૧૫)

મનની પીડાને હરનારા હે ભગવન્ ! વિરહરૂપી રોગનો નાશ કરવામાં ઔષધરૂપ આપનું દર્શન તત્કાળ આપીને આપને આધીન જીવનવાળા આપના દાસને જીવાડો. (૧૬)

હે પરમાત્મન્ ! હે હરે! અતિમંદ બુદ્ધિવાળો હું અવતારી, ઈશ્વરોના ઈશ્વર, સર્વજ્ઞ, સર્વોપરી આપને અધિક શું સૂચન કરું. (૧૭)

હે દયાસાગર ! હે આશ્રિત વત્સલ ! માટે જ મારા ઉપર દયા કરીને આપના દર્શનની લાલસાવાળા મને આપ આપના દર્શન તત્કાળ આપો. (૧૮)

શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! બુદ્ધિમાન ઉત્તમ રાજા એવી રીતે પત્ર લખીને તે પત્ર શીઘ્રગતિવાળા સેવક દ્વારાએ તત્કાળ મોકલ્યો. (૧૯) હે રાજન્ ! ઉત્તમ રાજાની આજ્ઞાથી સેવક હર્ષપૂર્વક ગાંફ નગરમાં તે દિવસે જ આવ્યો. (૨૦) ઉત્તમ રાજાએ મોકલેલા દૂતે માનભા રાજાના દરબારમાં મહેલની બહાર આસન ઉપર બિરાજેલા, પોતાના આશ્રિતભક્તોથી વીંટાયેલા, ઘાટાં અને શ્વેત શ્રેષ્ઠ વસ્ત્રો વાળાં, મદ હાસ્ય છે મુખમાં જેમને એવા, રમણીય, શ્રીહરિને પ્રેમથી પ્રણામ કરીને તેમને તે સુંદર પત્ર આપ્યો. (૨૧, ૨૨) નિર્નિમેષ દૃષ્ટિથી પોતાના ભક્તોએ હર્ષથી જેમનાં દર્શન કર્યાં છે તેવા અચ્યુત શ્રીહરિએ તે પત્ર લઈને તે પત્રને મારી પાસે વંચાવતા હતા. (૨૩)

કરુણાસાગર શ્રીહરિએ સમગ્ર પત્ર વંચાવીને રાજાને પોતાનો અસહ્ય વિયોગ છે એમ જાણ્યું. (૨૪) પછી શ્રીહરિએ પોતાના દર્શન માટે આવેલા ભાલ દેશના નિવાસી સર્વે ભક્તોને પોતપોતાને ગામ જવા માટે આજ્ઞા આપી. (૨૫) પછી તે દિવસની જ રાત્રિએ કેટલાક ઘોડેસવારો તથા વાહનોમાં બેઠેલા બંધુજનો વગેરે સાથે શ્રીહરિ અશ્વ ઉપર બિરાજીને ગાંફનગરથી ચાલ્યા. (૨૬)

તે સમયે શ્રીહરિમાં સ્નેહાધીન ગાંફપુરના અધિપતિ માનભા રાજા સૈન્યસહિત પ્રાણપ્રિય શ્રીહરિને વળાવવા માટે તત્કાળ પાછળ ચાલ્યા. (૨૭) પુરના સમગ્ર ભક્તો પણ શ્રીહરિની પાછળ ચાલતા હતા. શ્રીહરિએ દૂર સુધી આવેલા પોતાના આશ્રિત જનોને બળપૂર્વક પાછા વળ્યા. (૨૮)

પછી શ્રીહરિએ અતિ દૂર સુધી પોતાની પાછળ આવતા, નમસ્કાર કરતા, આંખમાં અશ્રુવાળા રાજા માનભાને પણ બળપૂર્વક પાછા વાળ્યા. (૨૯) પછી શીઘ્ર ગતિવાળા ઘોડાને માર્ગમાં તત્કાળ ચલાવતા શ્રીહરિ પોતાના અનુચરો સાથે અરુણોદય સમયે દુર્ગપત્તનમાં પધાર્યા. (૩૦)

તે સમયે બહાર ઓટલી ઉપર બેઠેલા ઉત્તમ રાજા તો શ્રીહરિને આવેલા સાંભળીને જ અત્યંત પ્રસન્ન થઈ પગરખાં પહેર્યા વિના અત્યંત શ્વાસવાળું છે મુખ જેમનું એવા શ્રીહરિની સન્મુખ દોડ્યા. (૩૧) ઉત્તમ રાજાની પાછળ સૈન્ય પણ ગયું. તેમજ પુરવાસી ભક્તો પણ ઉંચા ધ્વનિથી હર્ષપૂર્વક જયશબ્દ બોલતા વાજિંત્ર તથા ગીતોના ધ્વનિ યુક્ત ઘોષ કરતા પાછળ જતા હતા. (૩૨)

ઉદય પામેલા ચંદ્રને જોઈને પયોનિધિ જેમ ગર્જે તેમ પોતાના ઈષ્ટ શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને અત્યંત આનંદ પામેલા ઉત્તમ રાજાએ ભક્તિથી તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. (૩૩)

શ્રીહરિ તત્કાળ અશ્વ ઉપરથી ઉતરીને પોતાને વિષે અનુરાગવાળા રાજાને બંને હાથથી ઊંચા કરીને તેને પ્રીતિથી બાથમાં લઈને રાજાનું શરીર અતિકૃશ થયું જોઈને વિસ્મય પામ્યા. (૩૪)

ઉત્તમ રાજા રોમાંચ શરીરવાળા, દાવાગ્નિથી તપાયમાન હાથી ગંગા પ્રવાહને પામીને જેમ શાંત થાય તેમ શ્રીહરિની મૂર્તિનાં દર્શનથી અત્યંત શાંતિ પામ્યા. (૩૫)

પછી પુરના ભક્તજનો ઈષ્ટદેવ શ્રીહરિના દર્શન કરીને અતિ પ્રસન્ન થઈને શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરતા હતા. શ્રીહરિ તે સર્વેની યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૩૬)

પછી શ્રીહરિએ ગાન તથા સુંદર વાદ્યોના નાદ સાંભળતા ઉત્તમ રાજા તથા પુરના ભક્તો સાથે પોતાના પાર્ષદો સાથે મનોહર દુર્ગપત્તનમાં પ્રવેશ કર્યો. (૩૭)

સમગ્ર પુરજનોએ પ્રીતિથી જેમના દર્શન કર્યા છે તથા શ્રેષ્ઠ પુષ્પોથી વધાવ્યા છે. તે શ્રીહરિ કૃપાવલોકનથી ભક્તોને હર્ષ પમાડતા રાજાના દરબારમાં પધાર્યા. (૩૮)

પછી શ્રીહરિ પોતાના નિવાસસ્થાનના મહેલમાં ઉત્તમ રાજાની સેવાગ્રહણ કરતા રહ્યા. તેમના સર્વે બંધુઓએ પણ ઉત્તમ રાજાએ આપેલો શ્રેષ્ઠ હવેલીમાં નિવાસ કર્યો. (૩૯)

પછી ઉત્તમ રાજા શ્રીહરિના બંધુઓ તથા પાર્ષદો સહિત શ્રીહરિને સુંદર ભાતભાતના ભોજનથી

તૃપ્તિ પમાડતા હતા. તેમના બંધુઓ રામપ્રતાપ વગેરેની પણ શ્રીહરિની માફક સંભાવના કરતા હતા. (૪૦) રાજા તથા તેમનાં બે પત્ની જેમને ભગવાનને વિષે વિશુદ્ધ પ્રીતિ હતી તથા લલિતા, જયા, રમા એ સ્ત્રીઓ શ્રીહરિના ભાઈઓની પત્નીઓ સુવાસિની તથા વલીયારીની પણ અત્યંત સંભાવના કરતી હતી. (૪૧)

રાજાની બંને પત્નીઓ તથા જયા, લલિતા વગેરે ઉદારભાવવાળી સ્ત્રીઓ, વિનય પૂર્વક સતિ સુવાસિની તથા વલીયારીને પંચાંગ પ્રણામ કરીને આ પ્રમાણે કહેવા લાગી. હે સતીઓ ! તમારા વંશમાં આ શ્રીહરિ આવિર્ભાવ પામ્યા છે માટે જ તમો અતિ ધન્ય છો તથા માનનીય છો. (૪૨) માટે અમો તમારા છીએ. તેથી જે કાંઈ વસ્તુની જરૂર પડે તે અમારા ઘેરથી તમારે લઈ જવી. (૪૩)

આ પ્રમાણે કહીને હર્ષ પામેલી લલિતા વગેરે સ્ત્રીઓ તેમને યોગ્ય વિવિધ પ્રકારની સુંદર વસ્તુઓથી પ્રસન્ન કરતી સ્નેહાર્દ્ર ચિત્તવાળી, હંમેશાં સુવાસિની તથા વલિયારીની યથાયોગ્ય સેવા કરતી હતી. (૪૪)

ઉત્તમ રાજાની નિર્દોષ ભક્તિથી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ ઉત્તમ રાજા તથા પોતાના ભક્તોને સુખ પમાડતા રામપ્રતાપાદિ પોતાના જનોએ સહિત ત્યાં નિવાસ કરીને રહેતા હતા. (૪૫)


ઈશ્વરોના ઈશ્વર શ્રી સ્વામિનારાયણ શ્રીહરિએ અતિરમણીય વૃત્તાલય નગરમાં આવી રીતે મહોત્સવ તથા બીજા તેવા જ મહોત્સવ કર્યા. (૪૬)

હે નરપતે ! જે આ પવિત્ર મહોત્સવ ભક્તિથી સાંભળશે અથવા પાઠ કરશે તે બંને તત્કાળ પોતાની ઈષ્ટાર્થ સિદ્ધિ પામશે તથા સહજાનંદની પ્રસન્નતાથી દેહના અંતે સર્વોપરી અક્ષરધામને પામશે. માટે પૃથ્વી ઉપર પોતાનું હિત ઈચ્છનારા ભક્તોએ આ જ ઉત્સવ સાંભળવો. (૪૭)

ઈતિશ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્રશ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પંચક સ્કંધમાં પ્રાચીન ન્યાયાચાર્ય - વેદાન્ત તીર્થ-સાંખ્ય-યોગરત્ન-પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસ શાસ્ત્રીકૃત ગુજરાતી ભાષાંતરમાં શુકાનંદમુનિ માનસિંહનૃપ સંવાદે શ્રીહરિનું દુર્ગપત્તનમાં આગમન નિરૂપણ નામે સીત્તેરમો અધ્યાય સંપૂર્ણ. (૭૦)



પંચમ સ્કંધ સમાપ્ત



પાચમા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૨૬	૨૫-૫૫	૪૮-૪૩
૨-૬૩	૨૬-૫૭	૪૯-૩૦
૩-૨૫	૨૭-૪૩	૫૦-૬૮
૪-૪૭	૨૮-૩૭	૫૧-૧૪
૫-૨૩	૨૯-૨૮	૫૨-૩૩
૬-૫૫	૩૦-૪૩	૫૩-૪૩
૭-૩૪	૩૧-૨૮	૫૪-૩૮
૮-૪૫	૩૨-૫૨	૫૫-૩૩
૯-૨૪	૩૩-૩૭	૫૬-૪૫
૧૦-૩૭	૩૪-૨૭	૫૭-૬૦
૧૧-૫૮	૩૫-૪૩	૫૮-૩૯
૧૨-૩૭	૩૬-૩૩	૫૯-૫૯
૧૩-૨૮	૩૭-૫૪	૬૦-૩૫
૧૪-૪૩	૩૮-૫૦	૬૧-૩૫
૧૫-૩૩	૩૯-૩૭	૬૨-૧૯
૧૬-૩૯	૪૦-૩૩	૬૩-૪૦
૧૭-૫૨	૪૧-૩૫	૬૪-૩૩
૧૮-૬૧	૪૨-૩૭	૬૫-૫૫
૧૯-૫૭	૪૩-૪૯	૬૬-૨૯
૨૦-૪૧	૪૪-૨૩	૬૭-૨૪
૨૧-૭૮	૪૫-૨૩	૬૮-૩૯
૨૨-૫૩	૪૬-૩૧	૬૯-૪૭
૨૩-૩૯	૪૭-૩૫	કુલ શ્લોક : ૨૮૩૮
૨૪-૫૨		

